કૃષ્ટ સાહિત્યનું
ચિત્ર માસિક

નવચેતન

નવજીવન

ના જન્મ પ્રસંગે ભાઇ રામુને અભિનંદન !

અને એનું આ માસિક લોકપ્રિયતામાં, વાંચનસાહિત્યમાં અને પ્રચારમાં દિવસે દિવસે ખૂબ અભિવૃદ્ધિ કરતું જાય એવી અનેક શુભેચ્છાઓ !



બાબુરાવ પટેલ — તંત્રી: ફિલ્મઇંડીઆ

અનુક્રમણિ માટે જુઓ પાનું છેલ્લું


પ્રાપ્તિસ્થાનો અને લવાજમ ભરવા માટેનાં સ્થળો

(૧) નવજીવન દફતર, ૩૫, બાપુભાઈ વશી રોડ, વિલેપારલે, મુંબઇ નં. ૨૪.
(૨) "ગુજરાતી" પ્રિંટીંગ પ્રેસ, સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ કોટ, મુંબઇ, ૧.
(૩) ગ્રંથાગાર, ૪–એ, બાબુલનાથ ફર્સ્ટ ક્રોસ લેન, ચોપાટી, મુંબઇ, ૭.

મુંબઇના તથા અન્ય શહેરોના જાણીતા
ન્યુસ એજંટો પાસેથી પણ મળી શકશે.

પૂર્વ આફ્રિકાના એજંટ
Mrs. Rama D. Thakkar
c/o Dr. D. R. Thakkar, M. D.,
P. O. Box No. 147,
JINJA (Uganda)
એ સરનામે લવાજમ ભરીને ગ્રાહક થઈ શકાશે.

એજન્સી માટે પત્રવ્યવહાર કરવાનું સરનામું
"નવજીવન" દફતર
૩૫, બાપુભાઇ વશી રોડ,
વિલેપારલે મુંબઇ નં. ૨૪




પુસ્તક ૧ લું] નવેમ્બર ૧૯૫૪ [અંક પહેલો

॥ ॐ ॥ भद्रं कर्णेभिः शृणुयाम देवाः ।
भद्रं पश्येमाक्षभिर्यजत्राः ॥
स्थिरैरंगैस्तुष्टुवान्सस्तनूभिः ।
व्यशेम देवहितं यदायुः ॥
॥ ॐ ॥ शान्तिः शान्तिः शान्तिः ॥

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ।
स्वस्ति नः पूषा विश्ववेदाः ॥
स्वस्ति नस्ताक्ष्यों अरिष्टनेमिः ।
स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

આકાંક્ષા





માગુ હુ ના-પ્રભુ, કદિ થવા ગર્વવતો પહાડ,
શૃંગો જેના ગગન ચૂમતાં આંખ નીચી કરે ના
હુ તો ઇચ્છુ પદદલિત આ ભૂમિનુ ક્ષેત્ર થાવા,
જેના પાકે ભરચક બને અગ ભૂખ્યા જનોનાં।


ને ના ઇચ્છુ કદિય બનવા ગર્વવતો સમુદ્ર,
ખારાં વારિ જગત ફરતા ફેરવી ઘુમતો જે
ઇચ્છુ હુ તો ઝરણુ બનવા યાત્રીઓના સુપથે
થાકેલાની તરસ હરીને તૃપ્ત જે નિત્ય રે' છે।

ને ઇચ્છુ ના કદિય બનવા શસ્ત્ર હુ સૈનિકોનુ,
જેની ધારે મનુજ હરતા પ્રાણ નિર્દોષ કેરા
હુ તો ઇચ્છુ કાદક બનવા વૃદ્ધની લાકડી કો',
જેને ટેકે જીવન કપરુ કૈંક સહેલુ બને એ।

ભદ્રો કેરા ઝળહળીત પ્રાસાદની દીપમાલા,
હુ ના થાઉં, પણ બની રહુ નિર્જન પથ માથે–
એકાકી કો' દીપક તિમિરે શુભ્ર રેલાવી પ્રભા
ભૂલેલા કો શ્રમિતજનને માર્ગ સાચો બતાવુ।

ને ના થાઉં જનગણ તણા અગ્રણિ કો'ની કીર્તિ,
પાયા જેના જનમન તણા શોષણે ટેક્યા છે.
એથી તો હુ પીડિતજનના સ્વપ્નદેશે વહતુ
ઝાખુ' તો યે સુખદ નવલુ સોણલુ કાં બનુ ના?

શાહબાઝ





ગુર્જરિ! જય જય તવ ચિરકાલ!

કવિવર ન્હાનાલાલનું
એક અમર કાવ્ય

ધન્ય હો! ધન્ય જ પુણ્યપ્રદેશ,
અમારો ગુણિયલ ગુર્જર દેશ.

કૃષ્ણચંદ્રની કૌમુદી ઉજળો કીધ પ્રભુએ ય સ્વદેશ
અમારો ગુણિયલ ગુર્જર દેશ,

ધન્ય હો! ધન્ય જ પુણ્ય પ્રદેશ,
અમારો ગુણિયલ ગુર્જર દેશ.

(૧)

આર્યનું સાગરતીર્થ પુરાણ,
તપોવન ભૃગુઋષિકનાં ભાણ;
ગીતાના ગાનારા મહારાજ
પ્રાર્થના સારથિના જ્યાં રાજ.

ગ્રીસ–રોમથી ય જુનાં, કુરુ–પાંડવથી યે પ્રાચીન,
સોમનાથ, ગિરિનગર, દ્વારિકા યુગયુગ ધ્યાન વિલીન,

ઉભીને કાલસિંધુને તીર
બજાવે બંસરી ભવ્ય સુધીર!

ધન્ય હો!

(૨)

પૂર્વથી પશ્ચિમ વહે પ્રકાશ,
વહાણ ભરી વહેતો તેમ નિકાશ;
ગોહી આંગણુ ઉતર્યો યૂરોપ,
વીણવા વાડીના ફૂલરોપ

વીણી ન વણસે, પુણ્ય પાંગરે એમ રસભૂમિની છાબ
જગમોહન મુંબઇનગરી જુઓ શું પાથર્યો કિનખાબ

નિત્ય નવ ફુલે ફૂલે અભિરામ,
લક્ષ્મીમ્હોંયાં લક્ષ્મીનાં ધામ!

ધન્ય હો!

(૮)

સુરતના રસિક રંગીલા રાજ,
બુદ્ધિધન ભર્યો શ્રીનગર સમાજ,
શૂરવીર સૌરાષ્ટ્રી યશવાન,
કચ્છના સાહસિક સંતાન;

ખંડ ખંડ વિસ્તરતો હિંદી મહાસાગર મહારેલ,
તીર તીર જઇ સ્થાપી ગુર્જરી સંસ્થાનોની વેલ,

મહાસાગર શાં પૃથિવીવિશાળ,
સરોવર કીધાં ગુર્જરી બાલ!

ધન્ય હો!

(૯)

વનેવન લીલો ધર્યો સોહાગ,
જગતનો દીપે શું અમુલખ બાગ,
સજાવ્યા જેને રસ-શણગાર,
કલામંડપ સમ ધર્માગાર.

ભારતીએ કૈં ફૂલ ફુવારો અંજલિમાં શું લીધ,
દિશદિશમાં ફૂલધાર ઉડાવી દિલનાં પરિમલ દીધ,

હિંદ માતાની લાડીલી બાલ!
ગુર્જરિ, જય જય તવ ચિરકાલ!
ધન્ય હો! ધન્ય જ પુણ્યપ્રદેશ,
અમારો ગુણિયલ ગુર્જર દેશ!

—મધમાખીને જ્યારે બચ્ચું જન્મે છે ત્યારે તે તરતનાં જન્મેલાં બચ્ચાંને મધપુડાના એક જ ખુણીયાં ખાનાંમાં પૂરી દેવામાં આવે છે. તેના ખોરાક માટે એ ખાનામાં બચ્ચું મોટું થતાં સુધી તેને પોષણ મળે એટલું મધ ભરી રાખવામાં આવે છે અને પછી એ ખાનામાં દાખલ થવાનો માર્ગ મીણ વડે ચોંટી દેવામાં આવે છે બચ્ચું એ બધું મધ ખાઈને મોટું થાય ત્યારે તેને માટે ખુલ્લી હવામાં ફરવા નીકળવાનો સમય પાકી ગયેલો હોય છે. પણ બહાર નીકળવા માટે તેણે મીણનું પેલું આવરણ તોડવું જોઈએ એ આવરણ તોડવા માટે તેને ભારે જહેમત ઉઠાવવી પડે છે. પોતાનું નાનું શરીર એ જહેમતમાં ચોતરફથી ઘસાઇ જાય છે પણ એ ઘસારાને લઇને તેને એક લાભ થાય છે. એની પાંખો શરીરના અંદરના ભાગમાં રહેલી હોય છે તે શરીર ઘસાવાથી બહાર ફુટવા લાગે છે. જ્યારે મીણનું આવરણ તોડીને મોટું થયેલું બચ્ચું બહાર નીકળે છે ત્યારે તેની પાંખો પણ તૈયાર થઈ ગઇ હોય છે અને એ પાંખોની મદદથી એ ખુશીથી ઉડવા લાગે છે.

એકવાર એક મધપુડામાં થોડી ઉધાઈઓ પેસી ગઇ અને ઉધાઇઓએ મધપુડાના ખાનાંઓ પર ચોરેલું મીણ કોરી ખાધું પરિણામે અંદરનાં બચ્ચાંઓ પોતાના શરીરને જરા જેટલું પણ કષ્ટ કે ઘસારો આપ્યા વિના ખાનાંમાંથી બહાર નીકળી ગયાં. પણ એમને પાંખો ફુટેલી નહોતી એટલે તે ઉડી શક્યા નહીં અને મધપુડાની બીજી માખીઓ આવીને તેમને બધાને મારી નાખ્યા!

જીંદગીમાં કશું કષ્ટ વેઠવું ન પડે, કશી જહેમત ઉઠાવવી ન પડે, શરીરને કશો ઘસારો સહેવો ન પડે, મનને કશી વેદના ભોગવવી ન પડે એવી સુખમય, ગુલાબની પથારી જેવી જીંદગી ભોગવવાનું જે માણસોને સ્વાભાવિક રીતે મન થતુ હોય તેમણે આ વાત યાદ રાખવા જેવી છે કે બચપણથી એવી જીંદગી જીવવાને ટેવાયલા માણસોને "પાંખો ફુટતી" નથી અને દુઃખનો પહેલો જ ઝપાટો આવતાં તેનો સામનો કરવાની અશક્તિને લઇને તેઓ નિરાશ, નાહિંમત અને લાચાર બનીને બરબાદ થઇ જાય છે.



ભારતના પંત પ્રધાન, ૩૬ કરોડ ભારતવાસીઓના પ્યારા અને લાડીલા નરવીર પંડિત જવાહરલાલ નહેરૂ આજે આખા એશિયા ખંડના આગેવાન રાજપુરુષ બની રહ્યા છે. પંડિત મોતીલાલ નહેરૂ જેવા એક અમીર અને સજ્જન પિતાના એકના એક પુત્ર જવાહરલાલે જીવનની શરૂઆત જ રાજકારણથી કરેલી છે. ગાંધીજીના વ્યક્તિત્વનો પ્રભાવ જવાહરલાલ ઉપર એટલો પ્રબલ પડેલો કે તેમના પરિચયમાં આવ્યા ત્યારથી જ જવાહરલાલે ભારતની સ્વતંત્રતાના યુદ્ધમાં ઝંપલાવ્યું. ગાંધીજીના હાથ નીચે તાલીમ પામીને ઉગ્ર અને અધીરા સ્વભાવના યુવાન જવાહરલાલ ધીરજ, સહિષ્ણુતા અને અહિંસાના અમૂલ્ય પાઠ શીખ્યા. ગાંધીજીએ પ્રતિપાદન કરેલા સિદ્ધાંતોના એક પ્રખર

પ્રચારક તરીકે આજે જવાહરલાલ જગતભરમાં શાંતિ અને સુમેળ સ્થાપનાર મુત્સદ્દી તરીકે પંકાઈ રહ્યા છે.

સ્વભાવે પંડિતજી જરા ઉગ્ર અને થોડી વારમાં ચીડાઈ જાય એવા છે. ઘણા ઉર્મિશીલ પણ છે. એટલે પોતાના મહાન હોદ્દાની જવાબદારીઓ અને ચિંતાઓને કારણે કોઈ કોઈવાર એમના જ્ઞાનતંતુઓ બહુ ઉશ્કેરાઈ જતા હોય એ તદ્દન સ્વાભાવિક છે. પણ તેમનો મનોસંયમ પણ જબરદસ્ત છે અને પોતાના અધીરા, ઉતાવળીઆ અને અસત્ય કે અણગમતી વાતોને જરા પણ ન સાંખી શકે એવા સ્વભાવ પર તેમણે ઘણો કાબુ મેળવી લીધો છે. કોઈ કારીગરે સાચવી સંભાળીને ઘડેલી મૂર્તિના જેવા તેમના ચહેરા ઉપર હમેશાં સ્મિત જ રમતું હોય છે. ક્રોધ, ઉકળાટ કે અધીરતા એ સુંદર વદન ઉપર જવલ્લે જ નજરે પડે છે. રાજરમત આખરે ઘણા કાવાદાવા, અસત્યો અને ખટપટથી ભરેલી મેલી રમત છે. એવી મેલી રમતમાં રચ્યા પચ્યા રહેનારા પોતાના સાથીઓ, શાગિર્દો, તાબાના માણસો અને અનુયાયીઓનાં વર્તનથી શુદ્ધ, સાત્વિક અને નિષ્પાપ પ્રકૃતિવાળા જવાહરલાલને ઘણીવાર અવશ્ય દુઃખ થતું હશે, અવશ્ય ક્રોધ ઉપજતો હશે, છતાં તેઓએ પોતાનાં જીવનની ક્ષણેક્ષણ ભારતની સેવાને જ અર્પણ કરી દીધી છે એ વાતનો ખ્યાલ રાખીને તેઓ એવા ઘણા કડવા ઘૂંટડા રોજેરોજ ગળી જાય છે.

નવરાસની વેળા ગાળવા માટે જવાહરલાલજીને કોઈ રમતગમત કે બીજો શોખ હશે કે કેમ એ સવાલ ઉત્પન્ન થતો નથી તેનું એક કારણ એ છે કે એમનાં જીવનમાં નવરાસની વેળા જેવું કશું હોતું જ નથી. એમને પાણીમાં તરવાનો અને ઘોડેસ્વારીનો ઘણો શોખ છે, પણ તે માટે એ વખત ક્યાંથી કાઢે? રોજના ભરચક કામકાજમાંથી થોડી ફુરસદ ફક્ત જ્યારે પોતે પ્રવાસે નીકળે ત્યારે એમને મળતી હશે અને પંડિતજી એક જબરદસ્ત પ્રવાસી છે એટલે જરૂરજોગો આરામ અને વ્યવસાયની ફેરબદલી તેઓ પ્રવાસ દ્વારા જ મેળવી લે છે.

એમને પરદેશીઓના ચિત્ર વિચિત્ર પોષાકો બહુ ગમે છે. ૧૯૪૭માં પંડિતજી "એશિયન રીલેશન્સ" પરિષદમાં ગયેલા તે વખતે માદામ ચાંગ–કાઈ–શેકે તેમને ચીનાઓ પહેરે છે તેવો એક મોટો અંચળો અને રશિયાના તાઝીકીસ્તાનના લોકો પહેરે છે તેવો એક તાઝીકી ઝભ્ભો ભેટ આપેલો તે પંડિતજી ઘણીવાર પહેરે છે. હમણાં થોડા જ વખત ઉપર અજમેરમાં તેઓ ખ્વાજા મોહીયુદ્દીન ચીસ્તીની પ્રખ્યાત દરગાહ જોવા ગયા હતા તે વખતે દરગાહના દીવાને પંડિતજીને એક સાફો અને એક તલવારની ભેટ આપેલી, એ સાફો પહેરીને હાથમાં તલવાર રાખીને ઉભેલા જવાહરલાલની તસ્વીર ખરે જ બહુ મનોહર લાગે તેવી છે.

ગાંધીજીએ શીખવેલી પ્રણાલિકા અનુસાર પંડિતજીનું જીવન સાદું છે–એટલું સાદું છે કે લગભગ તપસ્વીના જેવું કહી શકાય. બાદશાહી ઠાઠમાઠથી રહેનારા પંડિત મોતીલાલ નહેરના એકના એક લાડકવાયા પુત્ર તરીકે જવાહરલાલ જ્યારે કેમ્બ્રિજમાં અભ્યાસ કરતા હતા ત્યારે પોતે પણ રાજકુમારના જેવી વૈભવી જીંદગી ગાળતા હતા. તે વખતે પણ તેઓ યુરોપભરમાં ઠેર ઠેર પ્રવાસ કરતા, બારિસ્ટરોને મોટી મોટી મહેફિલો આપતા અને ઉંચામાં ઉંચી અને મોંઘામાં મોંઘી હોટેલોમાં રહેતા. એ વખતે કદાચ એમનાં મનમાં એવો ખ્યાલ પણ નહીં હોય કે એમના ભાવિમાં ભારત જેવા

એક વિશાળ દેશનું સુકાન સંભાળવાની ભારે મુશ્કેલ અને પરિશ્રમભરી જવાબદારી સંભાળેલી છે.

સામાન્ય માણસો જોઈએ તે કરતા વધારે નિદ્રા ભોગવતા હોય છે અને કેટલાક તો જાગતા પણ બીછાનામાં પડી રહેતા હોય છે પણ પંડિત જવાહરલાલ નહેરૂને નિદ્રા સાથે બહુ પ્યાર નથી. પોતાની કાંડા ઘડીઆળમાં ગોઠવેલ "એલાર્મ"ની ઘંટડી વાગતાંની સાથે જ બહુ વહેલી પ્રભાતે પંડિતજી નિદ્રામાંથી જાગી જાય છે અને તે પછી થોડા યોગના આસનો કરી, સ્નાન કરીને નાસ્તા માટે તૈયાર થઈ જાય ત્યારે બીજી ઋતુઓમાં ૭ા અને શિયાળામાં ૮ા વાગેલા હોય છે. *નાસ્તા* વખતે પંડિતજી પોતાના કુટુંબ પરિવાર સાથે નાસ્તાના મેજ ઉપર બેસે છે. એમના પૌત્રો એ વખતે પોતાના "નાના"ને પ્યારથી પ્રણામ કરે છે અને પુત્રી ઇન્દિરા પિતાને નાસ્તો કરાવે છે. ઉંચા પ્રકારનો ખોરાક એમને પસંદ છે અને રસોઈ ફક્કડ બને તેવો તેમનો આગ્રહ હોય છે છતાં નાસ્તો હમેશાં ઘણો સાદો જ લે છે. ફળો, ઈંડા, પાઉંનો ટોસ્ટ અને માખણ અને સાથે કોફીના ત્રણ ચાર પ્યાલામાં નાસ્તો આવી જાય છે. નાસ્તો પતાવીને તરત જ જવાહરલાલ પોતાનાં કામે વળગી જાય છે.

અને એમનું કામ એટલે શું? સેંકડો તાર કાગળોનું વાંચન અને જવાબો લખાવવા, મહેમાનોને મળવું, રોજે રોજ કોઈને કોઈ સમારંભમાં ભાષણ આપવા જવું, ક્યારેક તો દિવસમાં બે કે ત્રણ ભાષણો આપવા, દફતરમાં બેસીને કેટલાયે કેસો તપાસવા, કેટલાયે મુલાકાતીઓને મળવું, દુનિયાભરના રાજ્યદ્વારી આગેવાનો સાથે તાર અને ટેલિફોન મારફતે સંસર્ગમાં રહેવું, લોકસભાની બેઠક ચાલતી હોય ત્યારે તેમાં નિયમિત હાજરી આપવી: ટૂંકામાં ગણતરી ન થઇ શકે એટલા બધાં કામોથી એમના દિવસની અને મોડી રાત સુધીની પળેપળ રોકાઇ જાય છે.

આટલાં બધાં કામમાંથી પણ પંડિતજી ક્યારે ક્યારેક પોતાના પૌત્રો—રાજીવ અને સંજીવની સાથે રમત કરવાનો સમય કાઢી લે છે. એમને એ બચ્ચાઓ તરફ અતિશય પ્યાર છે. પોતાનાં મકાનની પાછળ આવેલા બગીચામાં


વિચારમગ્ન


વાર્તામગ્ન


અચિંત

જવાહરલાલજી એ બચ્ચાંઓ સાથે બાલક જેવાં બનીને બાલીશ રમતોમાં પણ અટલાજ ઉત્સાહથી શામિલ થઇ જાય છે.

પંડિતજીનું એકનું એક સંતાન તેમની લાડકવાઇ પુત્રી ઇન્દિરા. ઇન્દિરા પંડિતજીનું ઘર સંભાળે છે અને પિતાની તમામ તક તેવડ સાચવે છે. ગૈર રોજેરોજ આવનારા મહેમાનોની સરભરા કરવાનો બોજો પણ એને માથે છે. મોતીલાલ નહેરૂના અમીરી ખાનદાનને શોભે એ રીતે ઇન્દિરા એ બોજો ઉઠાવે છે. પંડિતજીના પરદેશના પ્રવાસોમા ઇન્દિરા હમેશા તેમની સાથે હોય છે- અને પંડિતજીની અંગત સગવડોના એ પૂરી કાળજી રાખે છે.

અંહી પંડિતજીની જે તસવીરો પ્રસિધ્ધ થાય છે તે ઉપરથી પંડિતજીની રોજે-રોજની દિનચર્યાનો થોડો ખ્યાલ આવી શકશે. પોતાના એકાંત દફતરમા પંડિતજી રાજ્યને લગતા મુશ્કેલ પ્રશ્નો ઉપર મગજ કસ છે, અનેક પ્રધાનો, એલચીઓ, રાજપુરુષો અને અંગત મિત્રોને મુલાકાત આપે છ અને પ્રજાજનાની ફરીઆદો સાભળે છે. પોતાના ભાષણો અન રેડીઓ પરના વાર્તાલાપો પોતે ત્યાંજ બેઠા તપાસી જઇને એમા જરૂરી સુધારા વધારા કરે છે. પત્રોના જવાબો અને લખો લખાવે છ અને કોઇ નવા પુસ્તક માટે મુદ્દાઓ સુઝે તે પણ ટપકાવતા જતા હોય છ. દુનિયાભરના સમાચારથી વાકેફ રહેવા માટે પંડિતજી રોજીંદા અખબારો બરાબર વાચે છ, પરદેશોમા બનતા ભારતને લગતા બનાવો એમાથી વાચે છ અન સરકારના વહીવટ વિશે થતા ટીકાઓ પણ વાચી જાય છે. આની સાથે સાથ વખતો વખત છાપાના પ્રતિનિધિઓની સાથેની મુલાકાતો પણ ગોઠવતા જાય છ.

લગભગ સવારના ૯ વાગેથી પંડિતજી કામમા પરોવાઇ જાય છે. ઘેરથી નીકળીને દફતર જતા પહેલાં જેમને ખાસ મુલાકાતો માટે ગૈર બોલાવેલા હોય તેવા માણસોને તેઓ મળી લે છે. આવા માણસોમાં ઘણીવાર તરેહ તરેહની મદદ માગનારાઓ પણ હોય છે. દુખી, દરિદ્ર અને નિર્વાસિતો પ્રત્યે તેમને અત્યંત દિલસોઝી રહે છે. આવા માણસોને કપડાં, અનાજ અને નાણાંની મદદ આપવાની સૂચનાઓ આપ્યા પછી જ પંડિતજી દફતર તરફ રવાના થાય છે.

દફતરનું કામ એટલે એકચિત્તે કલાકો સુધી ચાલે તેવું ભરચક કામ. એમાં તમને કેટલીક બાબતો ઉપર તત્ક્ષણ નિર્ણયો લેવાના હોય છે. છતાં અગત્યની ફાઇલોનો તેઓ બારીકીથી અભ્યાસ કરે છ, મુલાકાતીઓની વાતો વિગતથી સાભળે છે અને બપોરના ખાણાનો વખત થતા સુધીમા આવુ ઘણુ કામ તેઓ પતાવી નાખે છે. ખાણા વખતે જે સાથીઓ હાજર હોય તેમની જોડેની વાતચિતમા તમનો થાક ઉતરી જાય છે. જવલ્લેજ કોઇ વાર બપોરના ભોજન પછી પંડિતજી થોડી નિદ્રા લેતા માલૂમ પડે છે.

અને પછી પણ એમને આરામ તો હોતો જ નથી. બીજા કોઇ પ્રધાનના કરતા તેઓ પોતાના દફતરમા વધુ સમય વીતાડે છે. સાંઝે એમને કોઇ મિજલસમા જવાનુ હોય, રાતના ખાણાં ઉપર કોઇ ઠેકાણે જમવા જવાનું હોય ક કોઇ સભામા હાજરી આપવાની હોય. પંત પ્રધાન તરીકે આવા સમારંભોમા એમને અવશ્ય હાજરી આપવી જ પડે છે, ઉપરાંત સૌજન્ય અને સ્નેહના અવતાર સમા પંડિતજી બન ત્યા સુધી કોઇના નિમંત્રણનો અસ્વીકાર કરીને નિમંત્રણ આપનાર માણસને નારાજ કરવા કરતા પોતે કષ્ટ અને પરિશ્રમ વ્હોરીને પણ તેને ખુશ કરવાની ખાસ કાળજી રાખે છે.

છેક મોડી રાતે મોડે રોડ ખાતેના પોતાના નિવાસ સ્થાને પહોંચે ત્યારે પણ એ સીધા બીછાનામાં નથી પડતા. રાતના એક વાગતાં સુધી પંડિતજી કાં તો પુસ્તક વાંચતા હોય છે, કાં તો પોતાના સ્ટેનોગ્રાફરને અગત્યના કાગળો લખાવતા હોય છે અથવા તો કોઈ અમલદારની સાથે રાજ્યવહીવટને લગતી ગંભીર મંત્રણાઓ કરતા હોય છે.

આમ દિવસના ૧૮ કલાક સુધી સતત કાર્યપરાયણ રહેતા આપણા પંત પ્રધાન બહુ મોડેથી આરામ લેનારા છતાં બીજી પ્રભાતે હંમેશના નિયમ પ્રમાણે વ્હેલા ઉઠી જાય છે અને પાછો એમનો બીજો દિવસ પણ એવો ને એવો કામથી ભરચક ભરેલો ઉગે છે અને આથમે છે.

૩૬ કરોડ ભારતવાસીઓના ભાગ્યવિધાતા અને તેમનાં યોગક્ષેમનું યથાસ્થિત વહન કરનાર પંડિત જવાહરલાલ નહેરૂ સ્વતંત્ર ભારતના સુભાગ્યે સાંપડેલા એક વિરલ પુરુષોત્તમ છે. પાસઠ વર્ષ પુરા કરવા આવેલા છતાં આજે એ સ્ફુર્તિમાં, શક્તિમાં, આરોગ્યમાં અને ચાંચલ્યમાં ભરયુવાવસ્થાનું દર્શન કરાવી રહેલા છે. એમણે જીંદગીમાં કરી બતાવ્યું છે તેટલું અને તેવું કામ કરનારો માણસ જગતના ઇતિહાસમાં કોઇ જવલ્લે જ થઇ ગયો હશે. એમનું જ્ઞાન અગાધ છે, એમનો અનુભવ વિશાળ છે, એમની કાર્યશક્તિ અમાપ છે.

પણ એ બધામાં સહુથી વિશેષ તરી આવે એવું તો એમનું સૌજન્ય છે. ઉત્તમોત્તમ સદ્ગુણોના ભંડાર જેવા આ યુગપુરુષમાં એક પણ દુષણ નથી, એક પણ ક્ષતિ નથી. આપણી પ્રાચીન વાર્તાઓમાં જે પાત્રોને બત્રીસલક્ષણા પુરુષો તરીકે કલ્પવામાં આવેલા માલમ પડે છે તેવા જવાહરલાલજી બત્રીસલક્ષણા છે.

એમનાં અનેક આકર્ષણોમાં કોઇ સાચા કલાભિજ્ઞ શીલ્પીએ કંડારેલી મનોહર મૂર્તિ સમા એમનાં વદન પર સદા રમતું સ્મિત મોટામાં મોટું આકર્ષણ છે. પંડિતજીનું એ અનુપમ સ્મિત એમના કટ્ટરમાં કટ્ટર વિરોધીઓના ગુસ્સાને મહાત કરી દેનારૂં અને એમના અગણિત પ્રશંસકોની આંખોમાં અમી સીંચનારૂં છે.

એ સ્મિત દીર્ઘકાળ સુધી ભારતવાસીઓને જોતા રાખવા માટે પ્રભુ પંડિત જવાહરલાલ નહેરૂને દીર્ઘ આયુષ આપો અને સંપૂર્ણ તંદુરસ્તી આપો!


—કુતરાની પેઠે શિયાળના શરીર ઉપર પણ બગાઓ બેસે છે. અને ટાળવાની શિયાળની રીત જાણવા જેવી છે. મ્હોંમાં એક લાકડી જેવો ટુકડો રાખીને શિયાળ ધીમે ધીમે પાણીમાં પેસવા લાગે છે. એ ડૂબતું જાય તેમ તેમ તેના શરીર પરની બગાઓ તેના માથા તરફ આવતી જાય છે. આખરે જ્યારે એનું માથું પણ પાણીમાં ગરક થઇ જાય ત્યારે બગાઓ શિયાળને છોડીને પેલી લાકડી ઉપર ચોંટે છે. એ પછી શિયાળ લાકડી પોતાના મ્હોંમાથી કાઢી નાખીને બગાઓને તેમના કિસ્મત ઉપર છોડી દે છે!

હાન, ઔરંગઝેબ, નાદીરશાહ, અહમદશાહ અબ્દલ્લી, શાહ આલમ અને બહાદુરશાહ—આ બધા નામોએ દિલ્હીના હિંદુઓના હૃદય સૈકાઓ સુધી કંપતા રાખ્યા હતા.

નવો માલિક

છેક ઇસ્વી સન ૧૭૭૧ મા મહાન મરાઠા વીર માધવરાવ સિંધીઆએ દિલ્હી પર પોતાનો અમલ સ્થાપ્યો પણ તે અમલ લાંબો ટક્યો નહીં અને સને ૧૮૦૩ મા જનરલ લેક નામનાં એક બ્રિટિશ યોદ્ધાએ દિલ્હી ઉપર બ્રિટિશ હકુમતના પહેલાં પગરણ માંડયાં. એ જનરલ લેકના વારસદારોએ ઇસ્વી સન ૧૯૪૭ના ઓગસ્ટની ૧૪મી તારીખ સુધી દિલ્હી ઉપરની પોતાની હકુમત જમાવી રાખી આજે હવે દિલ્લી ઉપર ખાદીની સફેદ ટોપી ધારણ કરનારા કોંગ્રેસીઓની હકુમત ચાલે છે.

દિલ્હી ઉપરની ઇસ્લામીઓની હકુમતનો તો લગભગ ૨૫૦ વરસ પહેલા અંત આવી ગયો છે છતા હજુ એમની નજર દિલ્લી ઉપરથી સદાને માટે હટી નથી આજે પણ પાકીસ્તાનના અગણિત મુસલમાનો પોતાના દેશના પાટનગરથી ૩૦૦ માઇલ દૂર આવેલાં દિલ્હી ઉપર જ આંખ માંડીને બેઠેલા અને "જેહાદ"નો સતત પોકાર ઉઠાવતા માલમ પડે છે. અનેક માલિકોની હકુમત ભોગવવાને




નવી દિલ્હીનો વિશાળ રાજમાર્ગ—કીંગ્ઝવે. સને ૧૯૧૧ ના ડીસેમ્બરમા એક ચક્રવર્તી રાજા નામે પાંચમો જ્યોર્જ આ રસ્તેથી પસાર થયો હતો બાદશાહનાં વાહનો જેના ઉપરથી ચાલે એ રસ્તાઓને બાદશાહનુ નામ આપવાની એ જમાનામા રસમ હતી. આજે કરોડો હૈયા ઉપર પોતાનુ આસન જમાવી રહેના મુકુટ વિનાના રાજા પંડિત જવાહરલાલ નહેરૂ આ રસ્તેથી રોજ પોતાની મોટરમાં પસાર થાય છે તેથીજ હજુ એ રાજમાર્ગનું "કીંગ્ઝવે" (રાજાનો માર્ગ) નામ ચાલુ રહ્યુ હશે. ફક્ત આજે રાજા બદલાયો છે!

રેવાઇ ગયેલી આ અજોડ નગરી ઉપર એકવાર સત્તા ભોગવી ચુકેલા ઇસ્લામીઓના આજના વારસોનાં દિલમાં ફરી સત્તા ભોગવવાની વાંછના જાગે એમાં કશું જ આશ્ચર્ય નથી!

સ્મરણ ચિહ્નો

એક હજાર વરસ સુધીમાં સમયની સરી ગયેલી રેતી ઉપર દિલ્હીમાં પડેલાં પગલાંની અસંખ્ય અને વિવિધ છાપોથી આજે દિલ્હી સ્મરણ ચિહ્નોનાં એક પ્રદર્શન જેવું બની રહેલું છે. હિંદુ રાજવીઓએ પોતાનાં વિજયોના ગાથાને અમર કરવા માટે લોહના સ્તંભો ખડા કર્યા અને ઇસ્લામીઓએ પોતાની કીર્તિનાં અવશેષ રૂપે ભવ્ય મહાલયો અને એનાથીયે ભવ્ય કબરો ખડી કરી. આ સ્તંભો અને કબરો, મંદિરો અને મસ્જીદો અને મીનારાઓને ઘેરી વળીને પ્રાચીન દિલ્હી પથરાયલું પડયું છે. એમાં પોતાની હયાતિમાં જ પોતે બંધાવેલી મહાન મેગલ પાદશાહોની કબરો આજે પણ મોજૂદ છે.

આ સ્મરણ ચિહ્નોની સંખ્યા ઘણી છે. એની શરૂઆત અનંગપાલ તુંવારે ખડા કરેલા ૨૨ ફુટની ઉંચાઇના લોહસ્તંભથી થઇ અને એનો અંત છેલ્લા મોગલ પાદશાહ બહાદુરશાહ ઝફરના એક વંશજમાં આવ્યો. ૮૦ વરસની ઉમરનો મોગલ પાદશાહી ખાનદાનનો એ નબીરો આજે



દિલ્હીનો પ્રખ્યાત લાલ કિલ્લો: શાહાનશાહ શાહજહાને આ કિલ્લો ૧૬૩૯ થી ૧૬૪૮ અરસામાં બંધાવ્યો. ધોલપુરના પ્રખ્યાત લાલ પથ્થર વડે આ ઇમારત ચણાયલી છે. આઠ વરસ સુધી જે હજારો ગુલામોએ એ ઇમારત બાંધવામાં મજૂરી કરી હશે; તેમણે કદાચ પરસેવાને બદલે પોતાનાં લોહીથી એ પત્થરો ભીંજાવીને વધારે લાલ બનાવ્યા હશે!

દિલ્હીમા હયાત છે અને ભારત સરકાર તરફથી મળતી માસિક પંદર રૂપીઆની મામુલી જીવાઇ ઉપર દહાડા ગુજારે છે. સ્મરણ ચિહ્નોના આ બે છેડાઓની વચ્ચે કુતુબ મિનાર, અલી દરવાઝા, નિઝામુદ્દીનની મસ્જીદ, કલાન મસ્જીદ, પુરાણા કિલ્લા, જમાલી મસ્જીદ, હુમાયુની કબર, દિલ્હીનો કિલ્લો, જુમ્મા મસ્જીદ, સફદર જંગની કબર, અને બીજી સેંકડો નાની મોટી મસ્જીદો ખડી છે જયાં એક વાર બાદશાહો અને બેગારીઓ ખુદાની બંદગી સાથે મળીને કરતા પણ મૃત્યુ પછી એક બીજાથી સેંકડો માઇલના અંતર પર પોઢતા. બાદશાહો ભવ્ય કબરોમાં પોઢી ગયા અને બેગારીઓ ધરતી માતાના પેટમાં સમાઇ ગયા.

દિલ્હીમા હિંદુ મંદિરો પણ પુષ્કળ છે. મુસલમાન હકુમતના અરસામાં એ મંદિરો પર અનેક અત્યાચારો ગુજરવાને પરિણામે આજે એમાંના ઘણા ખંડેરની હાલતમાં જર્જરિત બનીને ઉભેલા છે. એ પ્રાચીન દેવમંદિરોની વચ્ચે મહાન ધનપતિ શ્રી. જુગલ કિશોર બીરલાએ બંધાવેલું લક્ષ્મી–નારાયણનું પ્રસિદ્ધ મંદિર આજે સમસ્ત દેશમા નામાંકિત બની રહ્યુ છે. વિશાળ જગ્યા, કલામય બાંધણી, પુષ્કળ હવા અને પ્રકાશની સગવડ વચ્ચે અનેક ધર્મોના દેવ દેવીઓની પ્રતિમાઓ આજે એ મંદિરમાં મૂર્તિભંજક મોગલોના આક્રમણના ભય વિના શોભી રહી છે. દિલ્હીની અનેક પ્રાચીન અને અર્વાચીન ઇમારતોમા આ મંદિર એક ભવ્ય ઉમેરો કરી રહ્યું છે.

બ્રિટીશ અવશેષો

બ્રિટિશ શાહનશાહતના સ્મરણ ચિહ્નોની પણ દિલ્હીમાં કશી ખોટ નથી. નવી દિલ્હીમાં બ્રિટિશ સામ્રાજ્યના લાલ પત્થરથી ચણેલી અને વિશાળ ઘુમટવાળી અનેક ઇમારતો એક વેળાની એ સત્તાની સ્મૃતિ તાજી કરાવી રહી છે. એ પત્થરનો રંગ ભારતની પ્રજાના ચુસાયલા લોહીની યાદ આપે છે અને એ ઘુમટોનો વ્યાસ ભારતના ભુખે મુએલા, અગણિત કંગાળોના શબોના ગંજની યાદ આપે છે. દિલ્હીમા આવેલા વાઇસરોયના મહેલ (આજનાં રાષ્ટ્રપતિ ભવન) ના ઉપર એક વેળા બ્રિટિશ સામ્રાજ્યનો યુનિયન જેક ૩૬ કરોડની વિરાટ પ્રજાને પોતાની ગુલામીની બેડીઓ તોડવાનુ આહ્વાન આપતો અખંડ ફર-ફરતો હતો.

• દિલ્હીમાં બીજુ તો ઘણું ઘણું જોવાનુ છે પણ તે બધાંમા સહુથી વિશેષ મહત્ત્વનું સ્થાન આજે રાજઘાટનું બની રહ્યું છે. દુનિયાભરના જે જે મહાન રાજ્યદ્વારીઓ, મુસદ્દીઓ અને મુસાફરો દિલ્હીમાં આવે છે તે બધા રાજઘાટ પરની ગાંધીજીની સમાધિ પર પહેલાં ફુલની અંજલિ આપે છે અને જાન્યુઆરી મહીનાની ૩૦ મી તારીખે સફેદ ટોપીવાળા કોંગ્રેસીઓ ત્યાં એકત્ર થઇને રેંટીયા ઉપર સુતર કાંતવાનો તમાશો ભજવે છે.

૧૯૪૮ ના જાન્યુઆરીની ૩૦ મી તારીખના ભારતના ઇતિહાસના એ કરૂણતમ દિવસે પંડિત નહેરૂએ ભવિષ્યવાણી જેવા આ શબ્દો ઉચ્ચાર્યા હતા. "આપણા જીવનમાંથી પ્રકાશ આથમી ગયો છે...પણ એમ કહેવામા કદાચ મારી ભૂલ થતી હશે, કેમકે આ દેશમાં જે જ્યોત ઝળહળતી હતી તે કોઇ સામાન્ય જ્યોત નહોતી...અને આજથી એક હજાર વરસ પછી પણ એ જ્યોતનું દેશમાં દર્શન થતું રહેશે અને સારી દુનિયા પણ એને જોઇ શકશે... કારણ કે એ જ્યોત અવિચલ સત્યની જ્યોત હતી." (ફિલ્મીંડીયામાંથી)



દિલનો એકરાર

કરનાર

દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,
એમ. એ. એલ એલ. બી.,
નિવૃત્ત વરિષ્ઠ ન્યાયાધિકારી
કોર્ટ ઑવ્ સ્મોલ કૉઝીઝ,
મુંબઈ.

૧. પુરુષમાં વખાણવા લાયક સદ્ગુણ કયો? — સત્ય

૨ સ્ત્રીમાં વખાણવા લાયક સદ્ગુણ કયો? — સહાનુભૂતિ

૩ જીંદગીની ખરેખરી સફળતા શામાં? — સેવામાં

૪. આપનો પ્રિય વિનોદ કયો? — હાસ્યનાં પુસ્તકો.

૫. આપનું મનગમતું ફૂલ કયું? — ગુલાબ

૬. આપનો પ્રિય લેખક કયો? — મુનશી

૭ આપનું પ્રિય પુસ્તક કયું? — ગીતાજી

૮ આપનો મુદ્રાલેખ — ધીરજમાં

સહી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

ભૂતકાળના પડછાયા

આશરે ૨૦૦ જેટલી નાની મોટી રિયાસતોનાં મોટા ઝુમખા જેવું કાઠિયાવાડ "સૌરાષ્ટ્ર"નાં નવાં નામે "સંપૂર્ણ પ્રભુત્વ સંપન્ન લોકતંત્રાત્મક ગણરાજ્ય" ભારતનું એક રાજ્ય બન્યુ તે, પહેલાં એ પ્રદેશમાં અમરનગર નામની એક કાઠી રિયાસત હતી. ધોળા જંકશનથી જેતલસર તરફ જતાં વડીઆ–દેવડી નામનું એક રેલ્વેનું સ્ટેશન આવે છે. એ સ્ટેશનથી ત્રણેક માઇલના અંતર ઉપર અમરનગર આવેલું છે. એનું બીજું નામ થાણા દેવડી છે. આ કાઠી રિયાસતના વર્તમાન દરબાર શ્રી. નેક નામદાર અમરાવાળા સાહેબના પ્રપિતામહ દરબાર શ્રી. હરસુરવાળા, એમના યુગના એક વિદ્યાપ્રેમી અને જિજ્ઞાસુ રાજવી હતા એમ જણાય છે. હાલના દરબાર શ્રી અમરાવાળાના પિતા શ્રી. લક્ષ્મણવાળા, તેમના પિતા શ્રી મેરામવાળા અને તેમના પિતા તે શ્રી હરસુરવાળા. એમનો જન્મ વિક્રમ સંવત ૧૮૬૦ માં (ઇ. સ. ૧૮૦૪) અને સ્વર્ગવાસ સંવત ૧૯૨૮ માં (ઇ. સ. ૧૮૭૧) માં થયેલા, એટલે આશરે ૬૭–૬૮ વર્ષનું અમણુ આયુષ્ ભોગવેલું.

એ યુગમાં જ્યારે કાઠિયાવાડમાં શિક્ષણ પ્રચાર અતિ અલ્પ હતો અને કાઠીજવા પછાત ગણાતી કોમમાં તો શિક્ષણ લેનારાઓ બહુ જુજ હતા ત્યારે કાઠી દરબારોમાં તો મોટા ભાગના રાજવીઓ લગભગ નિરક્ષર અથવા તો મુશ્કેલીએ પોતાની સહી કરી શકે તેટલું માંડ ભણેલા હતા. એવા સમયમાં એક વિદ્યારસિક અને સુશિક્ષિત કાઠી દરબાર જરૂર વિરલ ગણાય.

આજે જેમ કેટલાક સુશિક્ષિત અને સંસ્કારી માણસો પોતાની ખેલ્લમ્થી કે ડાયરી લખે છે તેવી રીતે આ દરબાર શ્રી. હરસુરવાળા એક જાતની રોજનિશી રાખતા. પણ એ રોજનિશીમાં એમની દિનચર્યાની વાતો લખાતી નહીં.

આપણા વેપારીઓ નામું લખવા માટે હાથની બનાવટના 'અમદાવાદી'ને નામે ઓળખાતા કાગળના અને ચામડાના પુંઠાવાળા જેવા ચોપડાઓ વાપરે છે તેવા ચોપડાઓમાં આ રોજનિશી કે નોંધપોથી લખાતી. અલબત્ત, એ લખાણ દરબારશ્રીના પોતાના હસ્તાક્ષરથી થતું કે કેમ એ નક્કી કરવું મુશ્કેલ છે, પણ સંભવ છે કે લખનારા લહીઆઓ જુદા હશે અને તેઓ દરબારશ્રીની સૂચના મુજબ ચોપડામાં નોંધ કરતા હશે, કેમકે આવા જે ચોપડાઓ અત્યારે મોજૂદ છે તેમાં જુદા જુદા હાથના અક્ષરો માલૂમ પડે છે.

આવા ચાર પાંચ ચોપડાઓ દરબાર શ્રી. અમરાવાળા સાહેબ પાસે અત્યારે મોજૂદ છે, જેમાંના એક ચોપડામાંની કેટલીક નોંધ અહીં રજુ કરવામાં આવે છે. એ નોંધ ઉપરથી કેટલીક જાણવા જેવી વાતો પ્રકાશમાં આવે છે. એમ જણાય છે કે દરબાર એ યુગના સાક્ષરો અને વિદ્વાનો મિત્ર–કદાચ આશ્રયદાતા–હોવા જોઇએ, યુગની જ્ઞાનવર્ધક મંડળીમાં પોતે હતા અને તેના કાર્યવાહીમાં સક્રિય રસ

ઉપરાંત, એ સમયમાં મુંબઇ, અને સુરત જેવા સ્થળોમાં ગુજરાતી ભાષા જ પ્રચાર ગણ્યાગાંઠ્યાં વર્તમાનપત્રો થતા તેના તેઓ અભ્યાસ કરતા, એટલું નહીં પણ વખતો વખત એવા વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થતા સમાચારોની ચોપડામાં વ્યવસ્થિત નોંધ - પણ

१

श्रीगणेशाजेनमः श्रीलालजीसत्य छे ः।।

आचोपडीमांश्रीनुंजघनांसीजमहायाद

नांत्यासुरतनांच्युसपेपरोमांथोडीथोडीज

गतनीजजरोलखीछे तेनीयमुंनज:

आचोपडीवारकाइररीरवारकाठीनीछेने

आयालामअरसालीनारूपेआ।।१२

जारआपीनेसोराष्ट्र विद्याविवर्द्धकमं

डलीमांराजेश्रीमणीशंकरन्टाशंकरशेठ

टारीमारफतमंडलीमांदाखलपत्राछे

ઈ.સ. ૧૮૫૫ ની સાલના એવા બનાવોની નોંધ જે ચોપડામાં કરવામાં આવેલી છે તેમાંથી અંહી થોડા ઉતારાઓ રજુ કરવામાં આવેલા છે.

એ સમયના ગુજરાતી અખબારો બહુ પ્રાથમિક દશામાં હતા. ગુજરાતી ભાષામાં મુદ્રણકલા એ વખતે બચપણમાં હતી અને લેખનકલા પણ આજના કરતાં ઘણી જુદી પડતી હતી. છાપેલા અખબારોમાં દરેકે દરેક શબ્દ પછી પૂર્ણવિરામનું ચિહ્ન મૂકવામાં આવતુ. મૂળાક્ષરોમાં કેટલાક સ્વરો અને વ્યંજનો આજે આપણે જે રીતે લખીએ છીએ તે કરતા જુદી રીતે લખાતા અને છપાતા લેખનમાં જોડણી, વ્યાકરણ અને વિરામચિહ્નોનું કોઈ નિશ્ચિત ધોરણ હતું ,નહીં. લેખનકાર્ય માટે બરુનો કિત્તો અને કાળી શાહી (રૂશનાઈ)નો ઉપયોગ થતો. એ શાહી અને લખવા માટે વપરાતા એ કાગળોનાં ટકાઉ-પણાંનો જીવતો જાગતો પુરાવો આ ચોપડા પૂરો પાડે છે. જે ચોપડામાથી અંહી ઉતારાઓ આપવામાં આવ્યા છે તેમાં ૧૯ ઇંચની લંબાઇ અને ૬। ઇંચની પહોળાઇના કાગળના ૭૦ પાનાં છે. પાનાંની બન્ને બાજુએ લખાણ કરવામાં આવ્યુ છે છતાં શાહી ફુરેલી નથી. આજે ૧૦૦ વરસે પણ અક્ષર કાલેજ લખ્યા હોય તેવા તાજા લાગે છે અને કાગળ કોઈ ઠેકાણેથી ફાટયો નથી કે રંગે ઝાંખો પણ થયો નથી. ફક્ત બે ત્રણ જગ્યાએ કોઈ કારણે અક્ષરો ફપાઈ ગયેલા દેખાય છે.

લખાણ આખું ગુજરાતી લીપિમાં છે પણ અક્ષરોનું માથું એક સળંગ લીટી દોરીને બાંધવામાં આવ્યું છે (જુઓ સાથેનાં ચિત્રો). લખનારાએ વિરામ ચિહ્નોના ઉપયોગમાં કશો વિવેક રાખેલો નથી. અલ્પ વિરામ, પ્રશ્નાર્થ, આશ્ચર્યચિહ્ન વગેરે કોઈ ચિહ્ન તેમાં કયાંયે નથી. ફક્ત એક પૂર્ણ વિરામનો ઉપયોગ થયેલો જોવામાં આવે છે,અને તે દરેક પૂરાં થતાં વાકયને છેડે તેમજ વચમાં અમે ત્યાં મુકેલા છે.

વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારોની નકલ કરવામાં જે જે વિગતો લખાયલી છે તે દરેકને ૧, ૨, ૩, ૪ એમ આંક આપીને જુદા પાડવામા આવેલી છે અને દરેક વિગતની શરૂઆતમાં નવો પારાગ્રાફ પાડવામાં આવેલો છે. પણ બે જુદા જુદા શબ્દો વચ્ચે ખાલી જગા રાખવાનો નિયમ સાચવવામાં આવ્યો નથી. અંહી આપેલી નકલમાં વાંચકની સગવડ માટે કેટલાક અશુદ્ધ શબ્દોના શુદ્ધ સ્વરૂપો કૌંસમાં આપેલા છે.

આશરે ૧૦૦ વરસ પહેલાંના એક કાઠી રાજવીએ લખાવી રાખેલી આ તવારીખ વાંચનારાઓને રસમય વાચન પૂરું પાડે તેવી છે. આ મૂલ્યવાન સાહિત્ય મને સુપર્દ કરીને તેની આ સ્વરૂપે પ્રસિદ્ધિ કરવાની રજા આપવા માટે નેક નામદાર દરબારશ્રી અમરાવાળા સાહેબનો હુ ઉપકાર માનું છું.

કપિલ પરમાનન્દ ઠક્કર

તા. ૨૩ મી અગસ્ટ અને ૧૮૫૫ ના મુંબઇ ચાબુકની ખબરો ની કલમબંધી

૧. નામદાર ગવરનર જેનરલ ૦ કલકત્તે પાછા આવનાર છે. કેમકે તેના હાથ હઠેલના અમલદારો. સુલેહ સંપથી ચાલતા નથી તેથી સાંથાલ લોકોના બલવાનું વખતત (આ શબ્દ સમજાતો નથી) ઘટતુ દીસતુ નથી. માટે લર્ડ ડાલહઉસી. (લૉર્ડ ડેલહાઉસી—એ સમયના ગવર્નર જનરલ) તે અમલદારોને. કાએદા (કાયદા) ત્યા અદબમાં રાખવાનું ધારે છે.

૨. તાં. ૧૩ અગસ્ટ કલકત્તે. લેફટેનેટ (લેફટેનંટ) ટાલમીનની લાશ મલી છે. ને સાંથાલ લોકો બંગાળીઓ ઉપર. પોતાનું

ઘાતકીપણું ચલાવ્યે જાય છે. તેણે એક ઓરતને મારી નાખીને તેનું લોહી પીધું.

૩. લાહોર. ક્રોનીકલવાલાનો (ક્રોનિકલ વાળાનો) એક લખનાર જણાવે છે કે ગોમડી પેદલની નવમી રીજમીટ (રેજીમેંટ) ને. શ્રી કોહાવાડની દંશા (દિશા) તરફ કુચ કરવા તૈયાર રહેવું. ને એક રીજંમીટ હજારા તરફ રવાના થાસે. જોહાસી (ઝાંસી) ટાના (હાણા) ના તાઅફાના (તાયફા) જહનુની (ઝનૂની) લોકોએ જહનૂનમાં પાહાડો પાશે મોહોટી શંખ્યામા એકટા (એકઠા) થઆ છે. અને બરીટીસોની (બ્રિટિશોની) હકુમતની સાંમણે થવાની ધાસ્તી આપે છે.

૪. નાગપોરની રાંણીયો (ના) વકીલ શઇયદ ઇબરાંમ સાહેબ. ઇગલંડ (ઈંગ્લેંડ) પોહતો છે ને એ રાણીયો વીશે ઇગલંડમાં મોટી ચરચા ઉઠે એવું લાગે છે.

૫. ટીપૂ સુલતાનના પુતર ત્થા છોકરાએ હીદુસ્તંન (હિંદુસ્તાન) આવવા સારૂ તાં. ૯ જુલાઇને દીને નાંમદાર રાંણીની રજા લીધી હતી.

૬. બેલજીઅનનો પાદશાહ ઇગલંડથી પોતાને મુલક તાં ૨૩ જુલાઇને રવાને થઓ હતો.

૭. આ ચાલ્લુ લડાઇમાં જરમનની સરકારને એકસંપી રાજવાલાઓની (એક-સંપી=મિત્ર રાજ્યો) મદને ખેંચવાને માટે. જોહાન સરાંનજ. (જોહન સરાંઝ) નાંમનો એક જરમન પોતાના દેશી ભાઇઓને ઘણુ (ઘણા) ઉસ્કેરે છે નેં રૂશીઆનને (રશિયન) ઘણા ઘાતકી ઠરાવે છે ને તેનો નાશ કરવા પોતાના દેશીઓને મજબુત ભલામણ કરે છે આએ ભલામણ ઘણી વાજબી ને દુરસ્ત છે પણ એ ભલામણ જરમનીના રાજ ચલાવનારાઓ કબુલ રાખે તેમ નથી કારણ કે એ રાજકારભારીઓ રૂશીઆનની સરકાર આગલ ગોએઆ (ગોયા=જાણે કે) ગુલામની મીશાલે સીર નમાવે છે.

૮. યુરોપના રાજસંબંધી કારોબારમ બે અગત સરીખા બનાવ બની (ગયા) છે. ફ્રેન્સ (ફ્રેંચ) મીલેટરી કમીસનરને. વાએના (વિયેના) માંથી બુલાવી લીધામાં આવો છે. અને આસ્ત્રેલીઆનો કમીસનર. પારીસમાંથી... (અંહી અક્ષરો ખવાઇ ગયા છે). આસ્ત્રેલીઆની સરકારનો વીચાર એકસંપીવાલાઓથી જુદો પરેલો માલુમ પડે છે.

૯. રૂશીઆન. ઇજનર. જેનરલ ટાટનહામ. જે સીબાસતાપોલના (સેબેસ્ટપોલ) બંચાવ કરવામાં આગેવાંન હતો તે મરણ પાંમો છે ને તેની જગાએ. જેનરલ. આશનટની (આશંટની) સરદારી હેઠલ સઘલું કામ સારી પઠે ચાલે છે.

૧૦. રૂશીઆનોનું કુવત (કૌવત) લડાઇના મકાન ઉપર અમણું થએલું કેહેવાય છે. તોઆં (તેવા—કે તેના) ૪૦૦૦૦ માણુસની ફોજ બાહેર તરફ કુચ કરી ગઇ છે.

૧૧. રૂશીઆનનાં. બાલટીક સમુદ્રમાં ૨૦૦૦૦ ટનનાં બારકશોનો નાસ કીધો છે.

૧૨. તુર્કીની ૨૦૦૦૦ પેહેલ ત્થા ૩૨ ટુકડી આરટીલરીની દોબરસ્થા (દોબ્રુશા) તરફ ગઇ છે.

૧૩. આસ્ત્રીઆનું ઘણું ખરૂં લશકર ગાલીસીયા તરફ પાછું બોલાવી લીધું છે.

૧૪. લડાઇના માંમલા સંબંધી ઇંગલંડના લોકો નારાજી થયાં છે. તેઓનો પરધાનો પર વીશ્વાશ નથી. સરવે કોઇ બોલે છે કે રૂશીઆંનનિ ખાતર ઇગલંડની ખરાબી કરવામાં આવે છે. મુખ્ય કરીને બરમીગાંમ (બરમીંગહામ) ના લોકોએ એક મોહોટી જાહેર શભા ભરી હતી. તેમાં ૭૦૦૦ અથવા ૮૦૦૦ માણુશો એકટા (એકઠા) મલ્યા હતા તે વખતે સરવે કોઇએ એકમતથી હાંઉશ આવ કામનસની (હાઉસ ઓફ કામન્સ) સભાને હેવી અરજ કરી હતી કે...

२४ श्रीकापुरनी जनरमां रुणाएछेके घोड्स्यानीजे टुकडीथ्या
पेहलनी जेकम्पनी भेटलीन्रेकतो भोसापी कोलापुरथी २५ मैलने
नीधेगरकाई छे जे पेरागभ्राते ग्यालेलेलांताकां ननेजेसाडीनाजया
मारेकाई छे

२५ अमदानगरना परजाराकागालमां जनर आपे छेके नीमंम
कोहिमायनारठीलामां प्रभासरे २०° थीा ३०° रोलीलासीजरहा
मामनुं जेकगामने अमदानगरथी ३० कोसछे तीहांउतरीन्मारे
कुरम्होरनेलारेभूनरेमीक रेछे तेनें सीक्षाकरपाजीठीलीधर
मोमलया पाछे

૨૩. આ લડાઇ સંબંધી તાં / ૨૬ જુલાઇ સુધીના સમાચારમાં લખે છે જે રેડનના કીલા ઉપર એકસરીએ (મિત્ર રાજ્યોએ) દારૂ ગોલાનો મારો ચાલુ કર્યો હતો. પણ તેથી કાઇ સારો ફાએદો મલો નઈ

૨૪. સોલાપુરની ખબરમાં જણાવે છે કે ઘોડેસ્વા (૨) ની બે ટુકડી ત્યા પેદલની બે કંપની કેટલીએક તોપો સાથે સોલાપુરથી ૨૫ મૈલની વેગલાઇએ વૈરાગ (?) ખાતે ચાલેલાં તોફાનને બેસાડી નાખવા માટે ગઇ છે.

૨૫. અમદાનગરના (અહમદનગર) પગભારા કાગલમા ખબર આપે છે કે નીજામના હેદરાબાદ જીલામાંથી આસરે ૭૦૦ ત્યા ૩૦૦ રોહીલા સીબરદા નામનું એક ગાંમ જે અમદાનગરથી ૩૦ કોસ છે તીહા ઉતરી ભારે લુટફટ ને ભારે ખુનરેજી કરે છે. તેને સીક્ષા કરવા બીજુ લશકર મોકલવા ધારે છે.

સુરત વર્તમાન દર્પણના સને ૧૮૫૫ અગષ્ટ તારીખ ૨૭ મીના ખબરમાં લખે છે તે નીચે મુજબ

૨૬. કલકત્તા હરકારૂ (?) વાલો મોનઘીર (મોંઘીર)ના કાગલ ઉપરથી જણાવે છે કે સુરસીદાબાદથી તે પટના સુધીનો તમામ દેસ આએફતમાં (આફતમાં) આવી પડો છે ને સરકારી માણસોએ પણ ભાગલપોર ત્યા મોનઘીર (મોંઘીર) છોડું છે સઘલી આફીશો ત્યા ઘરો ખાલી પડા છે ને કોઇ રહ્યુ નથી ફક્ત ઘણી જ કગાલ રહીયત પાછલ રહી ગઇ છે. બાકી શઘલાઓ નદી અગી (ઓળગી) નીકલી ગ્યાઠા છે. પટનાના પોસ્ત માસ્તરને મોનઘીર ત્યા ભાગલપોર તરફ રવાને કરેલો. ડાકનો અટકાવ થએલો છે તેની ખબર થવાથી ગીયા ગયો છે (ગયા' હશે?) ને ફલગુ નદીમાં તારીખ ૧લી આગષ્ટે રેલ આવી હતી તેથી ગયામાં સઘલી જગોયેં પાણી ફરી વલુ હતું તેથી ઓછામાં ઓછાં ૨૦૦૦ ઘરોને નુકસાન પોચું છે.

૨૭. પંજાબનો મલક હમણાં ભયંકાર અવસ્થામા છે કારણ કે જંગલી હેવાન વન્દ્રેઓએ ૫૭૭ બાલકો જીવથી મારી નાખાં છે.

૨૮. હેરાતના કાગલમાં જણાવે છે કે ઇરાનની દરબારમા ઇગ્રેજી એલચીયેં ઇરાનના પાહાદશાહાને'. જો તે રૂશીઆન લોકોને મલી જાએ નહી તો વરશ દાહાડે ૧૦૦૦૦૦૦૦ રૂપઇઆ આપવાનો કરાર લખી આપ્યો છે તેથી ઇરાનવાલો. એકશરી (મિત્ર રાજ્યો) ત્યા રૂશ બેહુમા કોઇની તરફ ન થાતાં ઉભો એઠો છે.

તા / ૨૬ અગષ્ટ ૧૮૫૫ ના રાસ્ત ગોફ્તારના શમાચાર

૨૯. લખનૌર નો નવાબ અને તે શહેરની આખી વસ્તી ભેગી થવાના ઢોગમા પડી છે તેને નવાબની તેની પાશના માણશો કેશર બાગમા જોગીના લુગડાં પેરી સઉ રહે છે પોતાની શેનાને બીજા લુગડા પેરવા હુકમ નથી.

૩૦. રૂશીઆનના મુલકમાં એક દેવલમાં ૨૦૦૦૦ મણનો એક ઘટ છે તે નીકાલેસ સહાનસાહને ગુજરા પછી માણસો લાગા તે વખતે તુટી પડો તેને પા ટીગાડતાં ૩ માશ લાગા. એવુ માહે સપટે (૧૮૫૫) ના બુધીપ્રકાશ ચોપાનીઅ લખે છે. (અપૂર્ણ)

જગતનો અનુપમ ઠગ રાસ્પુટીન



રાસ્પુટીન

૧૯૧૪–૧૮ ના પહેલાં વિશ્વયુદ્ધ દરમીઆન રશિયામાં ભયંકર બળવો થયો. એ બળવામાં રશિયાના પાદશાહ(ઝાર)ની અને રાજકુટુંબના અનેક સ્ત્રી–પુરુષોની કતલ થઇ, અનેક મોટા ઉમરાવો જીવ બચાવવા માટે રશિયા છોડીને આશ્રયની શોધમા અંહી તંહી નાસી છૂટયા.

તે અગાઉ રશિયામાં એક "સાધુ" રાસ્પુટીનનુ નામ જગબત્રીસીએ ચડી ચુક્યું હતું રાસ્પુટીને રશિયાના પાદશાહ અને રાણી ઉપર પોતાની સત્તા એટલી હદ સુધી જમાવી દીધી હતી કે રાજા–રાણી એનો પડયો બોલ ઉપાડતા અને રાસ્પુટીનનો શબ્દ દેશને માટે કાયદો બની જતો. હકીકતમાં રશિયાનો સાચો પાદશાહ રાસ્પુટીન જ બની બેઠો હતો.

આજથી આશરે પચીસેક વરસ પહેલા અમેરિકાની મેટ્રો–ગોલ્ડવિન–માયર્સને નામે ઓળખાતી જગપ્રસિદ્ધ ફિલ્મ કંપનીએ રાસ્પુટીન નામની એક સિનેમા ફિલ્મ બનાવી જગતમાં તેનું પ્રદર્શન કર્યું હતુ. એ ફિલ્મમા રાસ્પુટીનની ભયંકર જીવનલીલા અને તેનાં જીવનનો આવેલો કરપીણ અંત બતાવવામાં આવેલા.

એ ફિલ્મના કરોડો પ્રેક્ષકોમાં રશિયાના રાજકુટુંબની એક શાહજાદી નામે ઇરીના એલેક્ઝાંડ્રોવના પણ હતી. એણે એ ફિલ્મ જોઇ ત્યારે એ કંપી ઉઠી. કારણ કે એ ચિત્રમાં તેને જે સ્વરૂપે રજુ કરવામાં આવી હતી તેનાથી તેની ભયંકર બદનામી થતી હતી. એ ચિત્રનું વિશેષ પ્રદર્શન બંધ કરાવવા માટે શાહજાદીએ ઘણી ઘણી મહેનત કરી, પણ તેમાં તે ફાવી નહીં ત્યારે પોતાનાં જીવનને લગતા જે દૃશ્યો તેમાં આવતાં હતા તે કપાવી નાખવા માટે તેણે કોશિશ કરી જોઇ. પણ તેમાંયે એ ફાવી નહીં. આખરે એ શાહજાદીએ પોતાની બદનામી અટકાવવા માટે મેટ્રો–ગોલ્ડવિન–માર્યસની કંપની સામે અદાલતમા દાવો દાખલ કર્યો. એ મુકદમો ઇંગ્લેંડની સહુથી મોટામાં મોટી અદાલતમાં, ન્યાયમૂર્તિ જસ્ટીસ એવરી સમક્ષ ચાલ્યો હતો.

એ શાહઝાદી પ્રિન્સ યુસુફોવ નામના એક રાજવંશી ઉમરાવની સાથે પરણી હતી. આ રાજકુમાર તાર્તર પ્રદેશના છેલ્લા શાહાનશાહનો વંશજ હતો એમ મનાય છે. ''ભયંકર આઇવાન''ના બિરુદથી ઓળખાતા રશિયાના એક આગલા ઝાર (પાદશાહ)ના

અમલમાં રશિયન લશ્કરીઓએ તાર્તાર ઉપર જબરદસ્ત આક્રમણ કર્યું અને તેને જીતી લીધું. પરાસ્ત થયેલા પોતાના દુશ્મનના વારસને આશ્રવાને પોતાના પુત્ર તરીકે દત્તક લીધો અને તેને યુસુફોવનુ નામ આપ્યુ. પોતાનાં મરણ વખતે આશ્રયાને પોતાના આ દત્તક પુત્રને અમાપ જમીનની બક્ષેસ કરી.

૧૯૧૫ની સાલમાં આ યુસુફોવ ખાનદાનનો એક નબીરો પ્રિન્સ ફેલિક્સ યુસુફોવ પોતાના વડવાઓ તરફથી વારસામા મળેલી અખૂટ દોલતના સ્વામી તરીકે રશિયામાં પ્રખ્યાત હતો. દેખાવે એ ઘણો ખૂબસૂરત અને રીતભાતમાં સર્વને પ્રિય થઇ પડે તેવો હતો.

રશિયાના રાજવંશીઓની દોલત એ યુગમાં અમાપ મનાતી, પણ તેમાંયે પ્રિન્સ યુસુફોવની લક્ષ્મી તો બીજા રાજવંશીઓને પણ ઇર્ષ્યા ઉપજાવે તેટલી વિશાલ હતી. તેને પૈસાની કીંમત કાકરા કરતા યે ઓછી હતી. એની જે ઇચ્છા થાય તે હમેશાં પાર પડતી, તેને જે વસ્તુ જોઇએ તે તેની પાસે હાજર થતી. દંતકથાઓમા જે મોટા મોટા ધનભંડારની વાતો સાભળીએ છીએ તેટલો મોટો તેનો ધનભંડાર હતો.

૧૯૧૪ની સાલમા પ્રિન્સ ફેલિક્સે તે સમયના ઝાર નિકોલાસની ભત્રીજી ઇરીના સાથે લગ્ન કર્યું. આ શાહજાદી પણ અનુપમ રૂપવતી હતી અને આ યુવાન દંપતીના સુખ, સંદર્ય ને સમૃદ્ધિની તેમના બધા જ સમોવડીઆઓને ઇર્ષ્યા થતી. રશિયાના પાટનગર સેંટ પિટર્સબર્ગમા "મોઇકા પેલેસ"ના નામે ઓળખાતા ભવ્ય મહાલયમા આ જોડું રહેવા લાગ્યુ.

તે પછી ટુંક વખતમા જ રશિયામા જે ભયંકર બળવો ફાટી નીકળ્યો તેમા સમસ્ત ઉમરાવોનુ નિકંદન નીકળી ગયુ. એ યુવાન યુસુફોવ દંપતી પણ બળવામા સપડાઇ ગયાં અને જીવ બચાવવા માટે તેમને રશિયાનો ત્યાગ કરવો પડયો.

હવે રાસ્પુટીનની કથા જોઇએ. એનું નામ તો હવે ઇતિહાસ પ્રસિદ્ધ બની ચુકયું છે. એ એક સાધુ હતો એમ કહેવાય છે, જો કે એ વિશેના કોઇ પુરાવા મળી શકયા નથી અને રાસ્પુટીનના પૂર્વ જીવન વિશેની માહિતી આજ સુધી અંધકારમા જ રહી ગઇ છે.

પ્રથમ વિશ્વયુધ્ધના અરસામાં રાસ્પુટીન રશિયાનાં પાટનગરમાં એકાએક કોણ જાણે કયાંથી યે ફૂટી નીકળ્યો અને જોતજોતામાં લોકોમાં વિવિધ ચર્ચાઓનું કેન્દ્ર બની ગયો. કેટલાક માણસો એને દેવ-કે ઇશ્વર જેવો માનવા લાગ્યા જ્યારે કેટલાક તેને એક ભયંકર અને ધિક્કારપાત્ર દુષ્ટ માનવી માનવા લાગ્યા.

દેખાવે રાસ્પુટીન ગંદો અને અસ્તવ્યસ્ત આદમી હતો અને એની રીતભાત સજ્જન માણસને તિરસ્કાર ઉપજાવે એવી હતી. હમેશા શરાબના નશામા ચકચૂર રહીને વિખરાયલા વાળ, ઢંગધડા વિનાનાં વસ્ત્રો અને કદરૂપ લાગે તેવી મુખમુદ્રા સાથે અશ્લીલ શબ્દો બોલતો અને અણગમતી ચેષ્ટાઓ કરતો દેખાતો. એનામાં એક પણ સારૂં તત્વ, સારું વર્તન કે સારી આદત કદી જોવામાં આવતી નહી.

પણ એનો એવો દાવો હતો કે પોતે ગમે તેવા દરદો મિટાવવાની જાદુઇ શક્તિ ધરાવે છે. એનો દેખાવ એવો વિશિષ્ટ અને સાથે એવો વિચિત્ર હતો કે એનો આ દાવો સાચો માની લેતાં લોકોને વાર લાગતી નહીં

રશિયાનો ગાદી વારસ, ઝારનો પાટવી કુમાર, માંદો પડી ગયો અને જીંદગી અને મોત વચ્ચે ઝોલા ખાતો હતો એ અરસામા રાસ્પુટીન પાટનગરમા આવી પહોંચ્યો.

શાહજાદાની સારવાર માટે આખા યુરોપમાંથી નામાંકિત તબીબોને બોલાવવામાં આવ્યા હતા પણ તેમાંથી કોઇની કારી ફાવતી નહોતી. માંદગી મિટાવવાની વ

તો બાજુ ઉપર રહી પણ દર્દ પારખવાનું પણ કોઈ તબીબથી બની શક્યું નહોતું. શાહજાદો એ માંદગીમાંથી બચે એવી આશા છોડી દેવામાં આવી હતી.

એ વખતે રાણીની તહેનાતમાં રહેતી અનેક દાસીઓમાંની એક રાણી પાસે રાસ્પુટીનની વાત લઈ આવી. એની ખ્યાતિ અને તાકાતનું રાણી પાસે વર્ણન કરીને તેણે કહ્યું કે રાસ્પુટીનથી ન મીટાવી શકાય તેવો કોઈ રોગ દુનિયામાં નથી.

ડૂબતો માણસ તણખલાને બાઝે એ ન્યાયે નિરાશા અને દુઃખ વચ્ચે ઝોલાં ખાતી રાણીએ રાસ્પુટીનને રાજમહેલમાં બોલાવ્યો અને તેને મરણપથારીએ પડેલા રાજકુમારના ખાટલા પાસે લઈ જવામાં આવ્યો.

રાસ્પુટીને શો ઉપચાર કર્યો હશે તે આજ સુધી કોઈએ જાણ્યું નથી ને ભવિષ્યમાં કોઈ જાણશે નહીં પણ રાજમહેલમાં એણે પગ મૂક્યો તે દિવસથી જ શાહજાદાની તબીઅતમાં સુધારો શરૂ થયો. થોડા જ દિવસમાં તેનું દર્દ નાબુદ થયું અને શાહજાદો સાજો થઈ ગયો.

રાજા અને રાણી રાસ્પુટીન પ્રત્યેના ઉપકારના ભારથી દબાઈ ગયાં. પોતાના વારસની જીંદગી બચાવનારને જે ભેટ આપવામાં આવે તે ઓછી હતી અને જે ઓદ્ધો આપવામાં આવે તે ન્હાનો હતો એમ તેમણે ખુલ્લેખુલ્લું સ્વીકાર્યું. અને એક જ દિવસમાં રાસ્પુટીન શહેરના રસ્તાઓમાં રખડતો એક જાદુગર મટીને શાહી દરબારનો માનીતો મુરબ્બી બની ગયો.

રાસ્પુટીનની મહત્ત્વાકાંક્ષાઓ જો ફક્ત ધનથી સંતોષી શકાય તેવી હોત તો તો તે કોઈને કશું નુકસાન કરી શકે તેમ નહોતો. પણ તેને તો સત્તા જોઈતી હતી. થોડી સત્તા મળી એટલે વધુ જોઈતી હતી. આફતથી ઘેરાયલો બાદશાહ અને ઉપકારના ભાર નીચે દબાયલી રાણી રાસ્પુટીનની એકેએક માગણી પૂરી પાડવાને તૈયાર હતાં. પરિણામે જોતજોતામાં રાસ્પુટીન રશિયાનો સાચો રાજા બની બેઠો. એના હુકમથી મોટમોટા સેનાપતિઓને ઓદ્ધા પરથી ઉતારી પાડવામાં આવતા અને ઉંચામાં ઉંચા અમલદારોને રુખસદ આપવામાં આવતી. રશિયાના રાજદરબારમાં કોઈને પોતાની સલામતીની ખાતરી રહી નહીં. અનેક મહત્ત્વના ફેરફારો થવા લાગ્યા અને બધો વખત રાસ્પુટીન તો હમેશની જેવો જ ગંદો બનીને શરાબખોરી અને વ્યભિચારમાં ડૂબાડૂબ પડેલો રહેતો.

રાજદરબારની બહાર તો રાસ્પુટીન પ્રત્યે સહુને તિરસ્કાર રહેતો પણ એની હાજરીમાં લોકો તેનાથી એટલા બધા થરથરતા કે તેના તરફ ગમે તેવો તિરસ્કાર સેવવા છતાં પણ રાસ્પુટીનનો વાળ કોઈ વાંકો કરી શકે તેમ નહોતું. પણ એવામાં એક એવી અફવા ઉડી કે રાસ્પુટીન રશિયાનો વફાદાર પ્રજાજન નહીં પણ જરમન શહેનશાહનો જાસુસ છે. એ જરમનીનો પગારદાર આદમી છે અને રશિયાને દુશ્મનોના હાથમાં સોંપી દેવાની તેની નેમ છે, ઝારને પદભ્રષ્ટ કરીને તેની ગાદી પર પોતે બેસવા માગે છે વગેરે વાતો લોકો એક બીજાને કાનમાં કહેવા લાગ્યા.

ભય અને તિરસ્કારથી જે કામ થઈ શકે તેમ નહોતું તે કામ દેશાભિમાનથી થઈ શક્યું. રાસ્પુટીન જીવે ત્યાં સુધી રશિયાને માથે ભય છે એ જ્ઞાન થતાં સ્વદેશાભિમાની રશિયન ઉમરાવોએ રાસ્પુટીનની જીંદગી ખતમ કરવાનો નિશ્ચય કર્યો.

પણ રાસ્પુટીનની હત્યા કરવાને કોણ તૈયાર થાય? કોનામાં એ હીમ્મત હતી!

એ કાર્ય શાહજાદા ફેલિક્સ યુસુફોવે માથે લીધું. તેને લાગ્યું કે રાસ્પુટીનનું કાસળ કાઢવું એ માતૃભૂમિ પ્રત્યેની પોતાની ફરજ હતી.

પણ રાસ્પુટીનની હત્યા કરવી એ કંઇ આસાન કામ નહોતું. લોકવાયકા એવી હતી કે તેના શરીર ઉપર ગમે તેવા કાતિલ ઝેરની પણ અસર થાય તેમ નથી. બંદૂકની ગોળી રાસ્પુટીનના શરીરને વીંધી શકે તેમ નથી વસ્તુત: એણે અમરત્વ મેળવ્યું હતુ એમ મનાતું હતુ.

છતાં શાહજાદાએ એ માટે એક તરકીબ રચી અને તેને પાર પાડવામા ઉંચામાં ઉંચા દરજ્જાના કેટલાક યુવાન ઉમરાવોએ તેને રાજીખુશીથી મદદ આપવાની તૈયારી બતાવી. યોજના એવી કરવામાં આવી કે એક રાતે રાસ્પુટીનને શરાબની એક મોટી મહેફીલ માટે મોઇકા પેલેસમા આવવાનું નિમંત્રણ આપવું. (એવી મહેફીલોનો તેને ભારે શોખ હતો) એ વખતે એને પીરસવાની વાનીઓમા ઝેર ભેળવી રાખવું અને ઝેરથી એ ન મરે તો છેવટે ગોળીઓથી વીંધીને એનો ઘાત કરવો. પણ મિજલસમાંથી એ જીવતો પાછો જાય એવી કોઇ પણ બારી રાખવામાં આવી નહી.

રાસ્પુટીને એ નિમંત્રણ સ્વીકાર્યું અને શાહજાદાએ એનો ઘટતો સત્કાર કર્યો. તેના સત્કાર માટે સંગીતકારોની એક મોટી મંડળીને હાજર રાખવામાં આવી હતી અને જરૂર પડે તો સંગીતના શોરમાં બીજા અવાજોને દબાવી દેવાની એ મંડળીને સૂચના આપવામાં આવી હતી.

મહેલના ભોંયતળીએ આવેલાં શાહજાદાના ભોજનાલયમા રાસ્પુટીનને પૂરા દમામ અને વૈભવ વચ્ચે આસન આપીને તેને ભાવતી હતી તે ખાસ વાનીઓ (કેક) પીરસવામાં આવી એ કેકમા એટલું બધુ ઝેર ભેળવવામાં આવેલું હતું કે તે ખાવાથી બાર માણસો મરી જાય. રાસ્પુટીન એક પછી એક કેક વરુના જેવો ખાઉધરો બનીને ખાતો ગયો અને શાહજાદો તેની પાસે ઉભો ઉભો આશ્ચર્યચકિત બની રહેલા એમાંના ઝેરની રાસ્પુટીન ઉપર મુદ્દલ અસર થઇ નહી એ જોઇને શાહજાદો દોડતો જઇ બાજુના ઓરડામાંથી પોતાના એક સાથી પાસેથી રિવોલ્વર લઇ આવ્યો મેજ પર આરામથી બેસીને શરાબનો પ્યાલો પી રહેલા રાસ્પુટીન ઉપર શાહજાદાએ ગોળી પર ગોળી છોડવા માડી અને રાસ્પુટીન ઘવાયલા આખલાની પેઠે ચીસો પાડતો ઓરડામા આમ તેમ દોડવા લાગ્યો.

આખરે એ જમીન પર પટકાઇ પડયો અને તેનામાં રહી સહી જીંદગી ખતમ કરવા માટે શાહજાદાએ એક મજબુત લાકડીથી તેના શરીર ઉપર ફટકા લગાવ્યા. એ પછી પોતાના સાથીઓની મદદ વડે રાસ્પુટીનના શબને શાહજાદાએ બરફ જેવા ઠંડા નદીના નીરમાં ફેંકાવી દીધુ.

આવા માણસનું મોત છુપું તો રહી શકે એમ હતુ જ નહીં. તરત એની તપાસ થઇ અને એના ખૂન માટે પ્રિન્સ ફેલિક્સ યુસુફોવ શકદાર ગણાયો. ઝારે એને દેશ-નિકાલની સજા કરી રશિયાની સરહદ ઉપર આવેલી તેની પોતાની માલિકીની એક જાગીરમાં તેને દેશવટો આપવામાં આવ્યો. એ પછી રશિયામાં બળવો થયો અને શાહજાદો યુસુફોવ પોતાની જમીન જાગીર અને અનગળ દ્રવ્ય છોડીને આશરો શોધવા માટે પરદેશમાં જઇ વસ્યો. અલબત તેની પત્ની ઇરીના પણ તેની સાથે જ હતી.

તે પછી કેટલેક વરસે મેટ્રો-ગોલ્ડવીન માયર્સે રાસ્પુટીનની ફીલ્મ બનાવી. ઝાર, તેની રાણી, તેમનો શાહજાદો અને રાસ્પુટીન બધા મરી પરવાર્યા હતા, એટલે કોઇ પણ પાત્રો એમની ભૂમિકા ભજવી શકે તેમાં વાંધો નહોતો. પણ પ્રિન્સ યુસુફોવ હયાત હતો. હયાત માણસને તેની પરવાનગી વિના બીજા પાત્ર વડે ફિલ્મમાં રજુ કરી શકાય નહીં. એટલે ફિલ્મ બનાવનારાઓએ એક

બીજો રસ્તો લીધો. રાસ્પુટીનની હત્યા કરનાર પ્રિન્સ શેક્રોડીફ નામનું એક નવું કલ્પિત પાત્ર મૂકવામાં આવ્યું. તેની પ્રિયતમા તરીકે એક કલ્પિત શાહજાદીનું પાત્ર પણ મૂકવામાં આવ્યું.

ફિલ્મને આકર્ષક બનાવવા માટે ઐતિહાસિક કથામાં થોડા રંગ પણ પૂરવા જોઈએ. એથી એમાં એક એવો પ્રસંગ મૂકવામાં આવ્યો કે રાસ્પુટીને પ્રિન્સ શેક્રોડીફની એ પ્રેયસી શાહજાદીની લાજ લુંટી હતી અને તેનું વેર લેવા માટે શેક્રોડીફે રાસ્પુટીનની હત્યા કરી હતી.

આ દૃશ્યો સામે શાહજાદી ઈરીનાએ વાંધો ઉઠાવ્યો. "રાસ્પુટીનનો સાચો ઘાતક તેનો પતિ હતો એટલે પ્રિન્સ શેક્રોડીફનું પાત્ર તે તેના પતિનું પાત્ર હતું અને તેની પ્રિયતમા એટલે શાહજાદી પોતેજ; એને વિશે ચિત્રમાં આવી કલ્પના કરવામાં આવે એથી યુરોપભરમાં તેની કેટલી બધી બદનામી થાય? એના અસંખ્ય મિત્રો અને પ્રશંસકો એને વિશે કેવો મત બાંધે? ફિલ્મ બનાવનારાઓએ એની એ કોઈ વાત સાંભળી નહી. એમણે કહ્યું કે રાસ્પુટીનનું ખૂન ખરેખાત કોણે કર્યું એ પૂરવાર થઈ શક્યું નથી એટલે ગમે તે કલ્પિત પાત્રને ખુની તરીકે રજુ કરવામાં આવે તેમાં કોઈ વાંધો લેવાય નહીં અને એ કલ્પિત પાત્રો રજુ કરવાથી પોતાની બદનામી થાય છે એમ શાહજાદીને માની લેવાની કશી જરૂર નથી.

અદાલતમાં જ્યારે એને લગતો મુકદમો ચાલ્યો ત્યારે એક નવોજ પ્રશ્ન ઉભો થયો. શેક્રોડિફનું પાત્ર પોતાના ઉપરથી લીધેલું છે એમ પુરવાર કરવા માટે પ્રિન્સ યુસુફોવે અદાલત સમક્ષ રાસ્પુટીનના ખુની તરીકેનો એકરાર કરવો જોઈએ. એના ઉપર એ આરોપ પુરવાર થયો નહોતો. ફક્ત શક ઉપરથી જ ઝારે એને દેશવટાની સજા કરેલી.

પણ જ્યારે સાક્ષીના પીંજરામાં પ્રિન્સ યુસુફોવને ખડો કરવામાં આવ્યો ત્યારે તેણે એ છુપી વાત પ્રકટ કરી દીધી. એણે કહ્યું "રાસ્પુટીનની હત્યા મેં કરી છે, મને લાગ્યું કે એનો ઘાત કરવો એ દેશ પ્રત્યેની મારી ફરજ હતી એને માટે મેં એ કૃત્ય કર્યું. એ પહેલાં કદિ મેં કોઈ માનવીનો ઘાત કર્યો નહોતો, પણ રાસ્પુટીનનો ઘાત કરવો એ દેશ પ્રત્યેનો મારો ધર્મ હતો."

ફિલ્મ કંપનીના તરફથી પ્રતિવાદીઓએ બચાવની દલીલો રજુ કરી કે પ્રિન્સ યુસુફોવ અને પ્રિન્સ શેક્રોડિફ વચ્ચે કશું સામ્ય નહોતું. પણ અદાલતે એ બચાવ સ્વીકાર્યો નહીં. રાસ્પુટીનનો ખરો ખુની હયાત હતો અને તેણે જ પોતાનાં એ કૃત્યનો એકરાર કર્યો હતો. એટલે ચિત્રમાં ભલે કોઈ પણ કલ્પિત પાત્ર મૂકવામાં આવ્યું હોય પણ પ્રેક્ષકો તો એ પ્રિન્સ શેક્રોડીફને પ્રિન્સ યુસુફોવ જ સમજવાના અને શેક્રોડીફની પ્રિયતમાની લાજ લુટાયાની વાત યુસુફોવની પત્ની શાહજાદી ઈરીનાને જ લાગુ પાડવાના. એ શાહજાદીની એથી બદનામી થઈ હતી એમ અદાલતે સ્વીકાર કર્યો અને તે માટે ફિલ્મ કંપનીએ તેને નુકસાની પેટે ૨૫૦૦૦ પાઉંડ (રૂપીઆ ૩,૩૦૦૦૦) આપવાં એવો હુકમ ફરમાવ્યો.

ધનનો ઢગલો છોડીને સામાન્ય માણસોની જેવું જીવન જીવતા એ યુસુફોવ દંપતીને એટલી રકમ પણ એ હાલતમાં ઘણી મોટી લાગી હશે. પણ એથી વધારે મહત્ત્વની વાત એ છે કે રાસ્પુટીનના મૃત્યુને લગતી જે વાત ત્યાં સુધી અંધકારમાં છુપાવલી હતી તે આ ફિલ્મ બનવાથી પ્રકાશમાં આવી અને રાસ્પુટીનની હત્યા કેવી રીતે થઈ ને કોને હાથે થઈ એ સત્ય જગતે આખરે જાણ્યું.

અને તે પછી એ ફિલ્મ દુનિયાના કોઈ પણ શહેરમાં પરદા પર બતાવવામાં આવી નથી.

પાત્રો :

ધનજી : હૃદયરોગથી પીડાતો એક ધનાઢ્ય કંજૂસ.

મનહરલાલ : તેનો પુત્ર.

મોનજી : એક હરીફ પડોશી.

સુંદરજી, વજેગોર, ધરમશી, હરખબા વકીલ, ફોજદાર, વગેરે.



[ધનજી માંકાને ઓછાને સુતો છે, પાસે મનહરલાલ બેઠો જ છે. એક ખાટલો, બે ત્રણ ખુરસાઓ, દવાની બે ચાર શીશીઓ, દીવો, સુંઢાની વગેરે વસ્તુઓ અસ્તવ્યસ્ત પડેલી છે કંગાલીઅતનુ દશ્ય દેખાય છે. મનહરલાલ પલંગની પાંગતે ફરકીની સામે જ બેઠો છે.]

મનહર : બાપા, તમે આખરે વીલ ન કર્યું તે ન જ કર્યું. ન કરે નારાયણ ને તમને કંઈ થઈ જાય તો મારે બારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે એવું છે તેનો ખ્યાલ તમારાં મનમાં આવ્યોજ નહીં. હવે જો હા કહેતા હો તો બેતાણી વકીલને હમણાં જ બોલાવું. દસ્તાવેજનો કાગળ મેં તેને તૈયાર રાખવાનું કહ્યું છે. કહો તો અત્યારે જ બોલાવીને મારા લાભમાં વીલ કરી નાખીએ. કુંદનને તો તમે કૈંજ આપવા માગતા નથી એમ તમે અનેક વાર મને કહ્યું છે. તો હવે શો વિચાર છે?

ધનજી : જો, મનુ, તું વળી નકામી ચિંતા કરવા લાગ્યો. તને ખોટો વહેમ ભરાયો છે. મને તો કંઈ જ થાય તેમ નથી. મારી મેળે, મારી સ્વસ્થતાએ, મારી રીતે મારી યોજના પ્રમાણે, ધીને ધડે થઈ રહેશે. જરા મને હરતો ફરતો થવા દે આ વખતે વાયદો નહીં જ ચૂકું ખાતરી રાખજે.

મનહર : તો પછી અત્યાર સુધી વાયદા કર્યા આવે છે એ જ સમજતો નથી.

ધનજી : અત્યારે મારું મન જરા ચકડોળે ચડેલું છે. એક તે મોનજી સાથે આપણી જમીનની તકરાર નો છેવટનો નિવેડો આવ્યો નથી. આવશે તો આપણા જ લાભમાં (ધીમેથી) ખરી રીતે એ જમીન ઉપર આપણો જરા પણ હક્ક-દાવો નથી. પણ મારી યુક્તિઓથી છેવટનો ચુકાદો આપણા જ લાભમાં આવવાનો છે. પણ માળો મોનજી! ચાલતી તકરારે પણ સંબંધ બારે મીઠો રાખી રહ્યો છે. ઘણીવાર મને એમાં ભારે શંકા થાય છે, મન મુંઝાય છે. પણ હવે ચાર છ દિવસમાં જ જે હશે તે જણાઈ આવશે. આવી પરિસ્થિતિમાં મને બીજો વિચાર જ સૂઝતો નથી.

મનહર : પણ બાપા કદાચ......

ધનજી: કદાચ મને હરતો ફરતો થતાં બે ચાર દિવસ વધારે લાગે એટલું જ ને? તો શું બગડી જશે? બોલ.

મનહર: બાપા, મને બ્હીક લાગે છે કે......

ધનજી: મારું વલણ ફરી જાય, એમ ને? તું તો તારી માના જેવો જ વહેમી રહ્યો. મારી ગણતરી ઉપર તમને કોઇને વિશ્વાસ જ નહીં. હજુ તો અઠવાડિયાં પહેલાં જ બેંસો વેચવામાં પણ તેં મને નાહકની ઉતાવળ કરાવી. જરા કસીને કામ લેવા દીધું હોત તો ઘોઠાં નાણાં પાકત, પણ તેં મને મારી રીતે કામ કરવા ન દીધું. મારી મતિ મુઝવી દઇને મારી પાસે નમતું જોખાવ્યું. આજ સુધી ખમી ગયો હોત તો? (દરદનું જોર વધવાથી ઉશ્કેરાય છે.) એવો કાળ ચડે છે તારી ઉપર (દાંત કચકચાવે છે) મારવાનું મન થઇ જાય છે.

મનહર: બાપા, મારી ભૂલ થઇ. ઉશ્કેરાઓ નહીં, દરદ વધશે. હૃદય ઉપર માઠી અસર થશે.

ધનજી: અને વીલ કર્યા વગર મરી જશો એમ પણ ભસને! ભૂલ થઇ, ભૂલ થઇ, કીધે શું વળે? કેવું ફળ હાથથી ગયું? તેં આકરમીએ ભમરો ઘુસાવ્યો. મારી પાછળ આદુ ખાઇને લાગ્યો. "બાપા કાઢી નાખો," (ચાળા પાડીને) "બાપા કાઢી નાખો" કહીને મારું મન મુઝવી દીધું. મને પણ અધીરાઇનો ચેપ લગાડયો. મારી ગણતરી ફેરવી નખાવી.

મનહર: બાપા, ડાક્ટરની સૂચના ભૂલી ન જાઓ. ઉશ્કેરાટ ન કરો. ગઇ ગુજરી ભૂલી જાઓ.

ધનજી: જહન્નમમાં ગયો ડાક્ટર. મારે મારી ગણત્રી મૂકી દેવી એમ ક્યો ડાક્ટર કહે છે? મારે કામ નથી એવા ડાક્ટરનું. શાંતિ તે આમાં શી રીતે રહે?

મનહર: બાપા, બીજી વાત ઉપર આવી જાઓ. વાતનો વિષય ફેરવી નાખો.

ધનજી: વીલની વાત કરવી છે, કેમ? વિષય નથી ફેરવવો. ચાલ, એકવાર મને જવાબ દઇ દે. શા માટે બેંસો સસ્તી કીંમતે કઢાવી? ખુલાસો કરી દે.

મનહર: અત્યારે એ વાત મૂકી દેવાય તો જ ઠીક છે. તમે જરા શાંત પડો.

ધનજી: અરે શાંતની પૂછડી! હું શાંત જ છું. મેદાનમાં આવી જા. ડાચામાંથી જવાબ ફાટને! ખુલાસો કર.

મનહર: શો ખુલાસો કરું, બાપા! અત્યારે હવે આ વાત બંધ કરીએ.

ધનજી: નથી બોલવું એમ? (ગુસ્સામાં રાતોપીળો થઇ, અરધો બેઠો થઇ જાય છે) જા, નીકળ અહીંથી, ઉભો થા, બહાર નીકળ.

મનહર: (દૂર જઇને એક ખુરસી પર બેસે છે) ઠીક લ્યો, હવે તમે શાંત પડો.

ધનજી: શાંત તે કેમ કરીને પડું! મને કંઇનું કંઇ થઇ જાય છે. શા માટે મને જવાબ આપતો નથી? કેંક તો ભસ.

(મનહર દવા તૈયાર કરવા લાગે છે.)

હું દવા પીવાનો નથી. તું અહીંથી નીકળ. જા, મારે તારું કામ નથી. (અર્ધો ઉભો થઇ ચાદર ફગાવવા જાય છે પણ પાછો પડી જાય છે.)

[મનહર તેની પાસે જઇ શરીરને હાથ લગાડે છે, મનહર ગભરાય છે. ધનજીનું હૃદય બંધ પડી ગયેલું જણાય છે. મનહર ઘડીક નાડી, ઘડીક હાથ અને પગ અને ઘડીક માથું અને છાતી તપાસે છે.]

(મોનજી આવે છે)

મોનજી: કેમ મનહર, શું ચાલે છે? કેમ છે?

મનહર : આવો, મોનજીકાકા, જરા જુઓ તો ખરા, તમને શું લાગે છે?

મોનજી : (બરાબર તપાસીને) ભાઇ મનહર, મને તો આમાં કૈં જ લાગતું નથી. (આંખ તપાસે છે) બેટા, તું નોધારો થઇ ગયો. આનું તો હાર્ટ ફેલ થયું લાગે છે. છતાં ડાક્ટરને બોલાવીએ. કેમ, શું વિચારમાં પડયો?

મનહર : વિચાર તો ઘણા આવે છે, મોનજીકાકા. અત્યારે તો મન કઠણ કરીને કામ લેવાનુ છે.

મોનજી : ખરી વાત છે. અત્યારે તો હૈયું પત્થર જેવું બનાવીને માથે પડી એ ઉપાડી લેવાની હિમ્મત રાખવી જોઇએ. ખરી વાત છે, બેટા મનહર, તારા બોલ સાચા મરદના છે.

મનહર : (ગંભીર બનીને, મોનજીની નજીક જઇ, ધીમે અવાજે) મોનજીકાકા, મારું એક કામ ન કરો?

મોનજી :– કહે ને બાપા, શા માટે ન કરું? આટલી લાંબી તકરારમા પણ મેં તો તમારી સાથે મીઠો જ સંબંધ જાળવ્યો છે. અસલ કાઠિયાવાડી છું. આવે વખતે શુ હું તારું કામ કરવાની ના પાડીશ? બોલ, શું છે?

મનહર : જુઓ, કાકા, તમારું મ્હોં, કદ, રૂપરંગ, બધુ મારા બાપાને મળતુ આવે છે તે વાત તો જાણીતી છે. ઘણી-વાર તમને દૂરથી જોઇને હુ પણ ભૂલ થાપ ખાઇ ગયો છુ.

મોનજી : ખરું છે.

મનહર : હવે વાત એમ છે કે મારા બાપા વીલ કર્યા વગર જ ગુજરી ગયા છે. મારો ઓરમાન ભાઇ કુંદન, તમે જાણો છો ને, દારૂડીઓ અને જુગારી છે. હવે વીલ નથી એટલે એ કૈંક નવાજૂની કર્યા વિના નહીં રહે. મારા બાપા તો બધી જ મિલ્કત મને જ આપવાના હતા. કુંદનને એક રાતી પાઇ પણ આપવાની તેમની મુદ્દલ મરજી નહોતી.

મોનજી : ખબર છે મને, પણ હવે શુ થાય?

મનહર : એક રસ્તો સૂઝે છે, બાપા તો ગયા, પણ તમે છો ને? મારું જીવન હવે તમારા હાથમાં છે.

મોનજી : શી રીતે?

મનહર : સાંભળો. મન કઠણ કરીને સાંભળો. ધારો કે મારા બાપાનું શબ આપણે થોડીવાર અંદરના ઓરડામાં મૂકી તેનાં બારણાં વાસી દઇએ.

મોનજી : શા માટે?

મનહર : સાંભળો તો ખરા! પછી તમે ઓઢીપોઢીને મારા બાપની જગ્યાએ સુઇ જાઓ.

મોનજી : શું કામ?

મનહર : પછી આપણે, સગાંવ્હાલા ને પાંચ પાડોશીને ભેગાં કરીએ. તમે મારા લાભનુ વીલ બનાવો. વકીલને બોલાવીએ. તમે વીલ પર થરથરતે હાથે સહી કરો. હાજર હશે એટલા સાક્ષી કરશે. કામ પતે એટલે મારી સાથે એકાંતમાં વાત કરવી છે એમ કહીને સહુને બહાર કાઢજો, પછી આપણે પાછું બધું હતુ તેમ કરી નાખશું. તમે પાછલે બારણેથી નીકળી જજો. પછી સહુને બોલાવીને હુ પ્રાણપોક મેલીશ.

મોનજી : (વિચાર કરીને) વાહ મારો બેટા, ભારે બાલીસ્ટર નીકળ્યો.

મનહર : કબુલ છે કાકા!

મોનજી:– કબૂલ. ચાલ, વાર નથી કરવી. થા. તૈયાર.

[બન્ને મળી, ચખને ઉપાડી અંદર મૂકી આવે છે. મોનજી ઓઢીને સુઈ જાય છે, મનહર ઝાંખી બત્તીને વધારે ઝાંખી કરે છે.]

મનહર: હવે સુતા રહેજો—હું હમણાં જ બધાને ભેગાં કરવાની વ્યવસ્થા કરીને આવું છું. જોજો, ભૂલ ન કરતા, ઉભા ન થજો.

મોનજી: જરા ઉભો રહીં જા, બેટા! તારા બાપા પેલી બાટલીઓ રાખતા ને? એમાંથી એકાદ અહીં મૂકી રાખ. વાત કરતો કરતો દવા માગું ત્યારે ત્રણ ચાર ચમચી પાતો રહેજે. જો ભૂલીશ તો હું પણ ભૂલીશ.

[મનહર કબાટમાંથી એક બાટલી કાઢી તેમાંનો દારૂ દવાની એક શીશી ખાલી કરીને તેમાં ભરે છે. પછી જાય છે. મોનજી ઉભો થઈને એ શીશીમાંથી પહેલાં થોડો દારૂ નિરાંતે પી લે છે. આજુબાજુ નજર કરીને પછી પાછો સુઈ જાય છે અને મ્હોં અરધું ઢાંકી દે છે. થોડીવાર પછી મનહરલાલ બે ત્રણ આધેડ વયના પુરુષો સાથે અંદર આવે છે.]

કાનજી: કેમ, ધનજી બા! કેમ છે?

મોનજી: (ક્ષીણ અવાજે) કોણ કોણ છે, મનહર!

કાનજી: એ તો હું કાનજી, આ ધરમશી અને વજો ગોર.

મોનજી: આવો. મનહર, વકીલને બોલાવવાનું શું કર્યું?

મનહર: હમણાં જ આવે, બાપા. અરે, એર બાપા, એક કામ કરો ને. જરા હડી કાઢો ને. ખેતાણી વકીલ ઘેર જ હશે. બાપાનું નામ લેજો. પેલો કાગળ લઈને આવે એમ કહેજો. આજ બપોર દિ'ના વકીલ વકીલ કર્યા કરે છે. કહેજો કે ઉભા થઈને તરત આવે. વખત ખોવો પાલવે તેમ નથી.

(વજો ગોર જાય છે.)

ધરમશી: પણ ડાક્ટરને તો કહેવરાવો.

મનહર: ડાક્ટર હજી હમણાં જ ગયા. આ દવા ચાલુ રાખવાનું કહી ગયા છે, બે એક કલાક પછી પાછા આવવાના છે.

[ચમચે ચમચે મોનજીના મોઢામાં દારૂ રેડે છે. હરખબા અને સુંદરજી આવે છે.]

સુંદરજી: હમણાં જ ખબર પડી, મનહરભાઈ!

હરખબા: ધનજીબા લાખ રૂપીઆનું માણસ. અચાનક શેં વધારો થઈ ગયો?

મનહર: અચાનક તો જરા યે નહીં. ડાક્ટરે તો મને ચેતવ્યો'જ હતો. દરદ જ એ જાતનું છે.

[રસૂલમિયાં ફોજદાર આવે છે.]

આવો, રસૂલ ચાચા, આ ખુરસી લો. બાપા તમને બપોરના સંભારતા હતા, પણ તમે તો સરતાનપુર ગયેલા.

રસૂલમિયાં: ત્યાંથી સીધો જ આવું છું. વધારો સાંભળ્યો એટલે કપડાંય ન બદલ્યાં.

મોનજી: વકીલનું શું કર્યું, મનુ!

રસૂલમિયાં: કેમ, વળી વકીલનું શું કામ પડ્યું?

મનહર: ત્રણ કલાકથી હઠ લીધી છે. કંઈક આખરી કરવું છે એમ કહે છે, પણ ચોકખી વાત કરતા નથી. વચ્ચે વચ્ચે વળી શાંત પડી જાય છે. આમાં પૂછવું પણ શી

રીતે? મોનજીભા આવ્યા હતા તેણે ને મેં ઘણું કર્યું પણ કંઇ ચોકખી વાત કરતા નથી.

મોનજી: કોણ રસૂલભાઇ? રસૂલભાઇ, વકીલને બોલાવો, બાપા!

[વજ્રે ગોર તથા ખેતાણી વકીલ આવે છે.]

વકીલ: કેમ મનહરભાઇ, વડિલને કેં ઓચિંતું?

મોનજી: વકીલ સાહેબ આવ્યા?

વકીલ: હાજર છું વડિલ.

મોનજી: ભલા પહોંચાડયા. કોણ કોણ છે બીજું?

વકીલ: બધા છે. કાનજીભાઇ, ધરમશી, વજ્રે ગોર, રસૂલચાચા...અમે બધા છીએ.

મોનજી: મારા પેટમા દવા રેડ, બાપા મનહર! તું ભૂલી જા, પણ મને તો લાહ્ય લાગે છે.

[મનહર બે ત્રણ ચમચા પાય છે.]

મોનજી: મને સુઝી ગયું છે ભાઇઓ, બે ઘડીનો મહેમાન છુ.

[હરખબા હુસ્કું ભરે છે.]

મારી વાત ઝટ સાંભળી લો, પહેલાં. વકીલ સાહેબ, રસૂલ ચાચા, લાંબુ બોલવાની શક્તિ નથી. મન ગોટે ચડે છે. પણ મારા એક માંહેના ને શેરનાં નાણાં, જમીન, ઢોર અને બીજી જે સ્થાવર-જંગમ મિલકત છે તે તમામનું વીલ મનહરના એકલાના જ લાભમાં કરવુ છે. કાયદેસર જેમ થાતું હોય તેમ ઝટ કરી નાખો. હાજર હો એટલા સહુ શાખ પૂરજો. તમે લખો એટલે હુ મતું મારું. જે કરો તે પાકું જ કરજો.

[મનહર હુસ્કા ભરવા લાગે છે. રોતો રોતો મોનજીના ગળામાં વળી ત્રણ ચાર ચમચા દારૂ રેડે છે.]

વકીલ: રસૂલ ચાચા, આ ટેબલ પર આવોને! આપણે જરા નોંધ કરી લઇએ. બીજા લખાણની ગેરહાજરીમાં અને સંયોગો જોતાં આ જાતની નોંધ ચાલશે. જો કે આ બરાબર પાકું તો ન જ ગણાય.

રસૂલમિયાં:—અરે, હું બેઠો છુ ને. લખો તમે તમારે. આમાં ક્યાં દગો કરવો છે?

[વકીલ અને રસૂલમિયાં મેજ પર ગોઠવાય છે. ગુસપુસ વાતો કરતા જાય છે અને વકીલ ગજવામાંથી મોટો કાગળ કાઢી ચટપ ચટપ અક્ષરો પાડવા માંડે છે]

હરખબા: લાખ રૂપીઆનું માણુસ છે. અંત ઘડીએ છોરૂ માટે કેવી ગોઠવણ કરી મેલે છે!

વજ્રે ગોર: ધનજીભા એક પણ વાત ભૂલે નહીં, બધું યાદ રાખે એવા છે. ભારે સુકૃતિ આત્મા છે.

મોનજી:—મનમાં એક જ ઘટમાળ ચાલે છે, ગોર બાપા, જરા ઓરા આવો.

[ગોર તેની નજીક જાય છે. પેરસ્પર ધીમી વાતો થાય છે.]

વકીલ સાહેબને જરા ઓરા બોલાવો ને.

[વકીલ મેજ પરથી ઉઠી બીછાના પાસે જાય છે.]

આ વજ્રા ગોરની દેખરેખ નીચે ગૌશાળા ચાલે છે તેમા એક હજાર રોકડા લખજો.

[મનહરના હાથમાંથી દવાનો ચમચો પડી જાય છે]

હરખબા: લાખ રૂપીઆનું માણસ.

કાનજી: ભારે પુન્યશાલી જીવ છે,

ધરમશી: ઠેઠ સુધી મગજશક્તિ તરવારની ધાર જેવી છે,

મોનજી: દવા રેડયે જા, બેટા મનહર, દવા રેડયે જા.

[મનહર બે ત્રણ ચમચા પાય છે.]

હજી થોડી વધારે. નીકર વળી હું વાતનો દોર ભૂલી જઇશ.

[મનહર વળી બેત્રણ ચમચા વધુ રેડે છે.]

અને વકીલ સાહેબ, રસૂલ ચાચા, સહુ ભાઇઓ એક ખાસ વાત સાંભળી લો. વળી પાછો હું ભૂલી જઇશ.

[સૌ નજીક જઇ કાન માંડે છે.]

મોનજીભા અહીં છે?

મનહર: ના, બાપા, એ તો સાંઝ પહેલાં ઘેરથી બહાર નીકળી ગયા છે.

મોનજી: મોનજી ભારે મીઠો માણસ, હો! આટલી આટલી જમીનની તકરાર ચાલતી હતી પણ મારી સાથે સંબંધ જાળવી રહ્યો. અસલ ખમીર. ખાનદાની ન સુકાયો. કોરટનો કજીઓ એણે ઘરમાં ન ઘાલ્યો. મેં એક ભારે પાપ કર્યું છે, ભાઇઓ! બેટા થોડીક દવા.

[મનહર બે ચાર ચમચા પાય છે.]

મોનજી સામે મેં ખોટા પુરાવા કર્યા, દગો કર્યો, ચુકાદો મારા લાભમાં આવે એવી વેતરણ કરી. કાળાંધોળાં કરી મારો



"મનહર, બેટા દવા પાતો જા!"

કેસ મજબૂત કર્યો. ચુકાદો તો હવે મારો જ છે, પણ મારે એ પાપની જમીન ન જોઇએ, વકીલ સાહેબ, મારી કબૂલાતની નોંધ કરજો, રસૂલચાચા, સાંભળજો. મારી વતી મોનજીભાની માફી માગજો. બેટા મનહર, બહુ થાક લાગ્યો. દવા રેડયે જા બાપલા!

[મનહર જરા જોરથી તેના મ્હોંમાં ચમચો ખોસે છે.]

ઝટ કરો, વકીલ સાહેબ!

[વકીલ ઝડપથી લખતો જાય છે.]

રસૂલચાચા જોજો હો કે! તમે હાજર છો. પછી કાયદો મારા મનહરને નડે નહીં નહીંતો મારી સદ્ગતિ નહીં થાય.

રસૂલ મિયા:- ફિકર ન કરો, ધનજીભા, હવે આખરીવખત સુધારી લો. બધું બરાબર થઇ રહેશે. ખાતરી રાખજો.

મોનજી: અને અત્યાર સુધીની નુકસાનીના અઢી હજાર મોનજીને લખજો. બસ, હવે ભગવાનને યાદ કરું. બીજું તો હવે કંઇ સંભારવાનું રહેવું નથી. બેટા મનહર!......

[મનહર પૂતળાંની માફક દવા પાય છે.]

શાંતિ રાખજે, બેટા. ઇશ્વર માથે નાખે તે ઉપાડયા વિના છૂટકો નથી, હવે મને શાંતિ થઇ. હે રામ! હે પ્રભુ!

મારું મોત તારી પહેલાં આવી જાય તો તે પછી તને ગરીબી કે બેકારી વેઠવી ન પડે એ માટે પણ મેં જોગવાઇ કરી છે..."

"આપની બધી વાત સાચી છે, જનાબ!" અબ્દુલ હમીદે કહ્યું, "પણ મને માફ કરો, અત્યારે તો મારી પાસે વાત કરવા કે સાંભળવાનો પણ વખત નથી. આપની ખિદમત આટલાં વરસો પછી છોડી જતાં મારાં દિલમાં કેટલો ગમ થતો હશે તેનો ખ્યાલ હું આપને શબ્દોથી આપી શકું તેમ નથી. ખુદા મને મારાં એ કૃત્ય માટે માફ કરે એટલું જ ચાહું છું. આપના મારા ઉપર અગણિત અહેસાનો છે એ હું કદિ નહીં ભૂલું. પણ અત્યારે તો મને મહેરબાની કરીને ન રોકો."

"હું તને રોકવા માગતો જ નથી," અમીરે કહ્યું, "પણ તને એમ પૂછું ખરો કે મને છોડીને આમ એકાએક ચાલ્યા જવાની તને જરૂર શા માટે જણાઇ? તને મારા ઘરમાં કંઇ ઓછું તો નથી પડયું ને?"

"ના, રે ના, સરકાર! એ શું બોલ્યા? આપના ઘરમાં હું પણ અમીરના જેવા ચેનથી રહ્યો છું અને એવી રીતે હું મારા વતનમાં રહી શકીશ નહીં એ પણ જાણું છું. પણ મોતનો ફિરસ્તો ઇઝરાઇલ મારી પાછળ પડયો છે. હમણાં જ એ મને બજારમાં મળ્યો હતો અને મારી સામે જોઇને એણે જે નિશાની કરી તે ઉપરથી મારી ખાતરી થાય છે કે જે વખત જાય છે તેમાં એ મને પકડવા આવી રહ્યો છે. એ અંહી આવી પહોંચે તે પહેલાં આપના ઘોડા ઉપર સ્વાર થઇને હું ચાલ્યો જવા માગું છું. એ ઘોડો મને આવતી કાલ સુધીમાં શીરાઝ પહોંચાડી દેશે."

અમીર હસી રહ્યો. "તને મોતનો એટલો બધો ડર લાગે છે?"

"જી, સરકાર! મારી મરવાની મુદ્દલ તૈયારી નથી."

"અને તને ખાતરી છે કે અહીંથી નાસી જવાથી તું મોતથી બચી જઇશ?"

"જરૂર. હું અંહી રહીશ તો ઇઝરાઇલ મારો પીછો નહીં છોડે. અંહીથી ચાલ્યો જઇશ તો એ મારી પાસે નહીં આવે."

"તું જા," અમીરે કહ્યું, "ખુશીથી જા! તને જે ઘોડો જોઇએ તે તબેલામાંથી લઇ લે. અને એક થોડી વાર ઉભો રહે. મારા મરણ પછી તને એક હજાર અશરફી આપવાનું મેં મારા વસીહતનામામાં લખેલું છે, પણ તું જાય છે એટલે એ હજાર અશરફી હમણાં જ સાથે લેતો જા. તને એની જરૂર પડશે."

અમીરે તીજોરી ઉઘાડીને એક હજાર સોનામહોરની ભરેલી એક થેલી કાઢી અબ્દુલ હમીદના હાથમાં મૂકી. અબ્દુલ હમીદે અમીરના પગ સુધી નમીને કુરનશ કીધી અને પછી એ ત્યાંથી નાઠો.

બીજે દહાડે સવારે અમીર વ્હેલો ઉઠીને મશરેકની નમાઝ પઢતો હતો તેવામાં એક અજાણ્યો આદમી તેને મળવા આવી ચડયો. એ આદમી આ દુનિયાનો નહીં પણ કોઇ બીજી દુનિયાનો હોય એવો ભવ્ય લાગતો હતો. એના મ્હોં ઉપર રોશની ઝળકતી હતી અને એની આંખોમાંથી અમી ઝરતું હતું. અમીરે એને ઘટતો આવકાર આપી તેનું નામ અને મુલાકાતનું કારણ પૂછ્યું. આવનારે કહ્યું, "અમીર, મારું નામ ઇઝરાઇલ. હું મોતનો ફિરસ્તો છું. તારો વખત ભરાઇ ગયો છે. હું તને બીજી દુનિયામાં લઇ જવા માટે આવ્યો છું."

"હું તો તૈયાર જ છું" અમીરે કહ્યું, "આપની મુલાકાત માટે અહેસાન. પણ હું આપને એક વાત પૂછું? આપ જો મને જ

લઇ જવા આવ્યા છો તો ગઇ કાલે મારા પેલા બીચારા બુઢ્ઢા નોકર અબ્દુલ હમીદને શા માટે આપે એટલો બધો ગભરાવ્યો? એ બીચારો આપનાથી ડરીને કાલ ને કાલ અહીંથી શિરાઝ નાસી ગયો."

"એ તારો નોકર અબ્દુલ હમીદ મને ગઇ કાલે બજારમાં નજરે પડયો હતો" ઇઝરાઇલે કહ્યું, "અને તેને જોઇને મને નવાઇ એ લાગી કે આ માણસ હજુ સુધી અહીં ઇસ્ફહાનમાં કેમ બેઠો હશે? આવતી કાલે મારી એની સાથેની મુલાકાત છે, પણ તે મુલાકાત તો શિરાઝમાં એના બાપીકા ઘરમાં ઠરેલી છે. અટલે જ હું વિમાસણમાં પડી ગયો કે એ આદમી શિરાઝને બદલે અહીં કેમ ફરતો હશે?"

"ઓહ! હું સમજ્યો" અમીરે કહ્યું, "કાલે ને કાલેજ એ મારો ઘોડો લઇને શિરાઝ તરફ ઉપડી ગયો ને આજ તો ત્યાં પહોંચી પણ ગયો હશે."

"ત્યારે હવે બધું બરાબર છે. કાલે સવારે હું તેને શિરાઝમાં મળી શકીશ." ઇઝરાઇલે કહ્યું અને અમીરના રૂહને સાથે લઇને એ ત્યાંથી ચાલતો થયો.

દુનિયાભરની પ્રજાઓમાં અનાદિકાલથી એ માન્યતા સર્વત્ર એકસરખી સ્વીકારાતી આવી છે કે માણસના જન્મની સાથે જ એના મોતનો દિવસ, કલાક અને ઘડી-પલ નક્કી થઇ ચુકેલી હોય છે અને મરણનું સ્થળ પણ નક્કી થઇ ચુકેલું હોય છે. એ સમય કે એ સ્થળની માહિતી તેને ભલે હોતી નથી છતાં જ્યારે એ સમય પાકે ત્યારે માણસ તેના મોતના નિશ્ચિત સ્થળથી ગમે તેટલો દૂર હોય છતાં એ ત્યાંથી ચાલીને મૃત્યુની સાથે, તેની મુલાકાત માટેના નક્કી થયેલા સ્થલ પર વખતસર પહોંચી જાય છે.

મોતનો મેળાપ

૧૯૪૨ની સાલમાં જાપાને બ્રહ્મદેશ ઉપર આક્રમણ કર્યું. એ વખતે કેવલ પોતાનો જીવ બચાવવા ખાતર જ ત્યાં વસતા અનેક હિંદી નરનારીઓ પોતાની તમામ માલમત્તાનો મોહ છોડીને માતૃભૂમિ ભારત તરફ નાસી છૂટયા.

એમની એ સફર બહુ કપરી હતી. વાહનો મેળવવાની મુશ્કેલી તો એટલી મોટી હતી કે વાહનની રાહ જોતાં જોતાંમાં જીવન પૂરું થઇ જાય એમ હતું. અગણિત માણસોએ પગે ચાલીને પ્રવાસ કરવા માંડયો. પ્રવાસ ઘણો લાંબો હતો અને રસ્તે ભય ઘણો હતો-જોખમ ઘણાં હતાં.

એ પ્રવાસીઓમાંથી ઘણા યે રસ્તામાં રોગથી મરી ગયા, ઘણા પાણીમાં તણાઇ ગયા, કોઇ કોઇ સર્પદંશથી કે હિંસક પ્રાણીઓએ ફાડી ખાવાથી પણ મોતને શરણે થયા. કેટલાક વેરાનમાં માર્ગ ભૂલીને ભૂખ તરસથી તરફડીને પણ મુવા. એ બધાં વીતક બહુ દુઃખદ હતાં. છતાં એ પ્રવાસીઓમાંથી ઘણાઓ ઘણી આફતોમાંથી પાર ઉતરીને પણ હિન્દુસ્તાન ભેળા તો થયા અને પોતપોતાને વતનને ગામે પણ પહોંચ્યા.

ગુજરાતનાં એક નાનકડાં ગામના વતનીઓનું આઠ દસ માણસોનું એક ટોળું એ રીતે મોતનો સામનો કરતું કરતું આખરે હેમખેમ મુંબઇ પહોંચ્યું. મુંબઇથી રેલ્વે માર્ગે એ સહુ નવસારી ગયા. નવસારીથી થોડા ગાઉ દૂર આવેલાં એમનાં નાનાં ગામડાંમાં એમને જવાનું હતું. ત્યાં જવા માટે તેમને બેલગાડીની મુસાફરી કરવાની હતી. એ બધા બેલગાડીમાં બેઠા. બેલગાડીને માર્ગમાં એક નાનકડી નદી ઉતરવાની હતી. નદી આમ તો છીછરી હતી પણ જોગાનુજોગ

એ જ અરસામાં ચોમાસું ચાલતુ હોવાથી એકાએક ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો. અને નદીનાં પાણીમાં એકાએક ભારે પૂર ચડી આવ્યું.

અને એ પૂરમા એ બેલગાડી બેઉ બળદ, ગાડીવાળો અને અંદરના દસેક મુસાફરો સાથે પાણીમાં ગડપ થઇ ગઇ. તેમાથી કોઇનો કદી પત્તો લાગ્યો જ નહીં.

છેક રંગુનથી એ બધા હીજરતીઓ કલ્પી ન શકાય તેવી મુસ્કેલીઓ વેઠના વેઠના, ડગલે પગલે મોતનો સામનો કરતા, માંડ માંડ જીંદગી બચાવીને વતન ભેગા થયા હતા. રસ્તામાં એમને મૃત્યુ કયાંયે મળ્યું નહીં, કેમકે મૃત્યુ સાથેની તેમની મુલાકાત નવસારી પાસેની એ નદીમાં થવાની ઠરેલી હતી. મૃત્યુ પોતાની મુલાકાતના સ્થલ અને સમયમાં કદિ ફેરફાર કરતુ નથી.

આગબોટ, રેલ્વે અને હવાઇ વિમાનને નડતા અકસ્માતોમા એકી સાથે સેંકડો મુસાફરોના મરણ થયાના ઘણા બનાવો બને છે. એમાં એ સહુ મુસાફરોની મુલાકાત મૃત્યુ સાથે એક જ સ્થલે ને એક જ સમયે થવાનું નિર્માણ હોય છે એ વાત ગળે ઉતરતી જરા મુશ્કેલ લાગે છે, પણ એ ખરી વાત છે. એના પુરાવા રૂપે એક વાત યાદ આવે છે.

૧૯૫૩ ના મે મહીનાની આઠમી તારીખના શુક્ર-શનિવારે મધરાત પછી ૧૧ા વાગે દિલ્લીથી એક 'ડેકોટા' વિમાન ૧૩ મુસાફરોને પોતાની ગોદમાં લઇને મુંબઇ જવા ઉપડ્યું. દિલ્લીના વિમાની મથક પલામ પરથી એ ઉડ્યું તે પછી બે જ મિનિટે એમાં એકદમ આગ લાગી અને એ મુસાફરોને વળાવવા આવેલા તેમનાં સગાં-સ્નેહીઓ હજુ તો વિમાન તરફ મીટ માંડી રહ્યા હતા તેવામાં જ એ સળગતું વિમાન જમીન ઉપર પટકાઇ પડ્યું. થોડી ક્ષણોમાં જ એમાંના ૧૩ મુસાફરો અને વિમાનના ચાર કર્મચારીઓ મળીને ૧૭ માણસોનાં જીવનદીપ હોલવાઇ ગયા.

નિશ્ચિત સમય

એ ૧૩ મુસાફરોમાં શ્રી. એન. સી. મહેતા નામના મુંબઇના એક સોલીસીટર હતા. દિલ્લીની વરિષ્ટ અદાલતમાં એક મુકદમાના કામે એ મુંબઇથી દિલ્લી ગયેલા અને ત્યાંથી તારીખ ૭ મીના શુક્રવારના વિમાનમાં મુંબઇ પાછા આવવા માટે એમણે ટીકીટ લઇ લીધી હતી. પણ ગુરૂવારે રાત્રે એમનું કંઇ થોડું કામ બાકી રહી ગયેલું હોવાથી એ ટિકીટ રદ કરાવીને તેણે શનિવારે એ કમનસીબ વિમાન માટેની ટિકીટ કઢાવી.

એમાં શ્રી આર. વાટુમલ કરીને એક કરોડપતિ પિતાનો ૪૦ વરસની વયનો યુવાન નબીરો પણ હતો. એણે પણ પહેલા તારીખ ૬ ઠીના ગુરૂવારે રાત્રે દિલ્લીથી ઉપડતા વિમાનની કઢાવેલી ટિકીટ રદ કરાવીને આ કમનસીબ વિમાનની ટિકીટ લીધી હતી. એક ત્રીજા મુસાફર દિલ્લીના શ્રી. વી. એસ. આયર કરીને હતા. દિલ્લીમાં એમને શનિ-રવિવારે કેટલુંક અગત્યનું કામ હતું તે મુલતવી રાખીને શુક્રવારે રાતે એણે મુંબઇ જવાનું નક્કી કર્યું અને એજ વિમાનમા એ પણ બેઠા.

એ ત્રણે મુસાફરોની તે જ રાતે ૧૧ા વાગ્યા ઉપર બે મિનિટે મુલાકાત કરવાનું મૃત્યુએ નક્કી કરેલું હતું એટલે એ મુલાકાત તેઓ કેમ ચુકાવી શકે?

પણ છોટા ઉદેપુરનાં રાણીની મુલાકાત તે દહાડે ગોઠવાઇ નહોતી. એણે પણ એ જ વિમાનમાં દિલ્લીથી મુંબઇ જવા માટે ટિકીટ લઇ રાખી હતી પણ વિમાન ઉપડતાં પહેલાં અરધા કલાકે એ ટિકીટ રદ કરીને જે પ્રવાસ છેલ્લો બનત તે મોકૂફ રાખ્યો હતો! અને એ રાણીની

ખાલી પડેલી ટિકીટ સોલીસીટર એન. સી. મહેતાને મહામુશ્કેલીએ મળી શકી હતી.

તે દહાડે જ મુલાકાત હતી!

એનાથી વધુ આશ્ચર્ય અને ખેદ ઉપજાવનારૂં મૃત્યુ તો મિસ પોલીન લેહમેન નામની એક અમેરિકન યુવતીનું થયું. એ બાઇએ આગલે અઠવાડિયે ઉપડતાં એક 'કોમેટ' વિમાનની ટિકીટ લીધેલી હતી, પણ છેલ્લી ઘડીએ કોઇ કારણસર એ ટિકીટ તેણે રદ કરાવી. જે વિમાનમાં એ જનાર હતી તે 'કોમેટ' વિમાન કલકત્તા નજીક અકસ્માત થતાં તેમાંના બધા મુસાફરો સહિત નાશ પામ્યું હતું.

પછી એ યુવતીએ આ કમનસીબ વિમાનની ટિકીટ લીધી, પણ વિમાન-મથકે જતાં પહેલાં તેને માલમ પડયું કે તેનો પાસપોર્ટ ગુમ થઇ ગયો હતો (મુંબઇથી એ અમેરિકા પોતાને વતન મિનેસોટા જનાર હતી) અને જડતો નહોતો એટલે એ સફર રદ કરવાની એ તૈયારીમાં હતી. પણ શોધ કરતાં છેલ્લી ઘડીએ ખોવાયલો પાસપોર્ટ જડી આવ્યો અને એ યુવતી મૃત્યુની મુલાકાતનો સમય સાચવવા માટે એ જ વિમાનમાં બેઠી!

મૃત્યુનો દેવ પોતાનાં કામમાં ઘણો જ સાવધ છે. સ્થલ અને સમય એ બરાબર ક્ષણેક્ષણની ચોકસાઇથી સાચવે છે. ઉપર આપ્યા તેવા તો અસંખ્ય દૃષ્ટાંતો ઇતિહાસ, પુરાણ, વાર્તાઓ અને વાસ્તવિક જીવનમાંથી મળી આવે છે. આપણા દરેકની તેની સાથેની મુલાકાતનો સમય અને સ્થલ ક્યારનાયે નક્કી થઇ ગયેલાં છે. એના ચોપડામાં એની પાકી નોંધ થઇ ચુકેલી છે. એ જગ્યા, એ દિવસ, એ ક્ષણ યમ કે ઇઝરાઇલ ભૂલવાનો નથી.

એમ સમજવા છતાં આપણે મૃત્યુથી શા માટે ડરીએ છીએ? મરવાનો આપણને ભય શા માટે લાગતો હશે? અને મોતથી રક્ષણ મેળવવા માટે અહીંતહીં નાસવાનો મિથ્યા પ્રયત્ન આપણે શા માટે કરીએ છીએ?

એક કારણ એ છે કે ધર્મ અને નીતિના પ્રચારકોએ મૃત્યુને ભયંકર બનાવી મુકયું છે. અને મૃત્યુ પછીની માનવીની હાલતની કલ્પના એનાથી પણ વધારે ભયંકર બનાવી મૂકી છે. હિંદુઓના કેટલાક પુરાણોમાં મૃત્યુ પછી ભોગવવા પડતાં કષ્ટોની ત્રાસદાયક વાતો લખવામાં આવી છે. વૈતરણી નદી, ધખધખતા લોહની પાટ, સાપ-વીંછીના ટોળાં, ગોખરૂ અને બાવળના કાંટા, એ બધાની વેદના ભોગવતાં અનંતકાલ વિવિધ નરકોમાં વીતાડવાની વાતો લખીને માનવીને માટે મૃત્યુ પછીની હાલતની કલ્પનાથી આપણને ભડકાવી મૂકવામાં આવે છે.

પણ એ ભયંકર વાતો કરનારાઓ અને સાંભળીને સાચી માનનારાઓ એક જ મહત્ત્વની વાત ભૂલી જાય છે કે મૃત્યુથી શરીરનો તો સદાને માટે નાશ થાય છે. તો પછી જે સજાઓ-વેદનાઓની વાતો કરવામાં આવે છે તેને ભોગવનાર શરીર જ નથી ત્યાં એ સજા અને વેદના શી રીતે હોઇ શકે? શકય છે કે માનવીને પાપ અને અપરાધો કરતો અટકાવવાના આશયથી આવી વાતો જોડી કાઢવામાં આવી હોય. પણ એમ કરવામાં એ કલ્પના કરનારાઓએ દયાસાગર ઇશ્વરની જ હાંસી કરેલી છે.

મૃત્યુ પછી માનવીના જીવાત્માની હાલત વિશે કોઇ કશું ચોક્કસ કહી શકતું નથી. અભ્યાસીઓ એ વિષયમાં યુગાન્તરોથી શોધખોળ કરી રહેલા છે પણ હજુ બધા માણસોને ગળે ઉતરે તેવી એક નક્કી વાત ઉપર કોઇ આવી શકયું નથી. એટલે જ મૃત્યુ પછી પોતાનું (જીવાત્માનું) શું થવાનું

છે એ વિશે માણસના મનમા જુદી જુદી માન્યતાઓ ઘર ઘાલીને બેઠી છે. એમ જેઓ મૃત્યુને માત્ર સનાતન આરામ કે અનંત નિદ્રા રૂપ સમજે છે તેઓ જ મૃત્યુથી ડરતા નથી અને ધર્મગુરૂઓના કે નીતિશિક્ષકોના પ્રચારકાર્ય મુજબ નરક, જહન્નમ, દોજખ, વૈતરણી નદી કે ચીનવદ પુલની બીહામણી વાતોથી ગભરાતા નથી. જેઓ એ બધી વાતો માને છે તેમને જ મૃત્યુનો વધુમાં વધુ ડર લાગે છે.

એ જ ધર્માચાર્યો ઇશ્વરને સર્વશક્તિમાન, સર્જક, પાલક અને દયાનો સાગર કહીને વર્ણવે છે. અને એ જ ઇશ્વરને પોતાના જ બાળકો સમા માનવીઓને મરણ પછી કલ્પના કરતા પણ ત્રાસ થાય એવી નિર્દય અને ક્રૂર સજાઓ કરતો વર્ણવે ત્યારે એમની વાતો શી રીતે ગળે ઉતરે?

આવી બધી વાતોએ જેમ મૃત્યુને બીહામણુ બનાવી મુક્યુ છે તેમ મૃત્યુને સુખદ, શાંતિદાયક અને મધુર કલ્પનારી વાતો કરનારા મહાનુભાવો પણ જગતે જોયા છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે મૃત્યુની એવી કલ્પના કરી છે કે જેમ માતા પોતાના ધાવતાં બાળકને એક સ્તન પરથી અળગુ કરીને બીજા સ્તન પર મૂકે છે એવી જ રીતે મૃત્યુ માનવીને એટલા જ પ્રેમથી એક સ્થાનેથી અળગુ કરીને બીજા સ્થાને લઇ જાય છે. હિંદુઓના સર્વમાન્ય ધર્મપુસ્તક શ્રીમદ્ભગવદ્ગીતામા શ્રીકૃષ્ણે મૃત્યુની એથી પણ સરસ વ્યાખ્યા આપી છે જૂનાં વસ્ત્રો તજીને માનવી નવાં વસ્ત્રો ધારણ કરે એવી જ રીતે આત્મા જુનું શરીર તજીને નવુ શરીર ધારણ કરે એનુ નામ મૃત્યુ.

અને છતા આપણે મોતથી ડરીએ છીએ. જે મૃત્યુ એ એક જ આપણા જીવનમાં સહુથી નિશ્ચિત પ્રસંગ છે, જે પ્રસંગને ટાળવાનુ આપણાથી બની જ શકે તેમ નથી તેનાથી આપણે ડરીએ છીએ!

એ ડર છોડીને આપણે એને આવકાર આપતા કેમ ન શીખીએ? યમ કે યમના દૂતનુ જે ભયંકર સ્વરૂપ આપણી પાસે ચીતારવામાં આવે છે તેને બદલે યમરાજનું સૌમ્ય, મધુર, સુખદ સ્વરૂપ કલ્પીને એની મુલાકાત માટે હમેશા આતુર રહેતાં આપણે કા ન શીખીએ?

ઘરમાં જેટલાં માણસો હોય તેટલા આટા યમરાજને અવશ્ય થવાના જ એ હકીકત બરાબર સમજવા છતા આપણે એકવાર ઘેર આવી ગયેલા યમરાજને ફરી આવવાનું નિમંત્રણ આપતા નથી. કવિ ન્હાનાલાલે "યમરાજને વિદાય" નામના પોતાના એક અતિ સુંદર, અતિ મધુર કાવ્યમા એ દેવને એવુ નિમંત્રણ આપ્યુ છેઃ

"આવજો, ધર્મપુરીના પાટવી રે!
આવજો ને રોપજો ધ્વજ અમ આંગણે, રે!"

ઘરમાં કે અન્યત્ર કોઇ સ્વજન કે સ્નેહી જનનુ મૃત્યુ થાય ત્યારે ધર્મપુરીના પાટવીને આવી વિદાય અને ફરી નિમંત્રણ આપવાની તાકાત કેળવવા માટે મૃત્યુને વિશેના સઘળા ખોટા અને કલ્પિત ખ્યાલો અને ભયંકર ચિત્રો ભૂલી જઇએ.

—ઘરના દરવાજાના પીત્તળના સાંકળ નકુચા અને હેંડલો વગેરેને ચકચકીત કરવા માટે ઝીણી ચાળેલી રાખ (છાણાંની હોય તો વધારે સારી) અને પલાળેલી આમલી બહુ જ સરસ કામ આપે છે જો પીત્તળનો રંગ ખરાબ થઇ ગયો હોય તો ગરમ કરેલા સરકામા થોડુ પાણી મેળવી તેનાથી ધોઇ નાખજો. એથી અસલ રંગ પાછો આવી જશે

મોત માગ્યું ન મળે!

[રોમાંચક નવલિકા]

દીનાનાથ દર શનિવારે બપોરે રોજના નિયમ કરતાં વહેલો ઘેર આવે ત્યારે એની પત્ની તેમજ દીકરા-દીકરીઓએ તેને માટે શનિવારની સાંઝનો અને રવિવારના આખા દિવસનો કાર્યક્રમ ગોઠવી જ રાખેલો હોય. દર શનિવારે બરાબર પાંચ વાગે કોટથી ૧૬ માઇલ દૂર આવેલા પરામાં એ પોતાને ઘેર આવી પહોંચતો. શનિવારની મોડી રાત સુધી અને રવિવારનો આખો દિવસ એનો એ બંગલો કિલ્લોલ કરતા પંખીઓના માળા જેવો બની જતો.

એક સોમવારે દીનાનાથ ઓફીસે જવા નીકળ્યો ત્યારે જ એનો પગ ભારે પડતો હતો. રવિવારે રાત્રે એક છાપામાં રાશિવાર ભવિષ્ય વાંચતો એ બેઠો હતો ત્યારે જ એનું મન ઉદ્વેગમાં હતું. રાહત માટે જ્યારે કોઇ માણસ રાશિવાર અઠવાડિક ભવિષ્ય તરફ વળે ત્યારે સમજી લેવું કે એની બાજી બગડી રહી છે. જગત પરના અગણિત અને અનેકવિધ માનવીઓને માત્ર બાર જ સાદા વિભાગોમાં વહેંચી તેઓમાંના પ્રત્યેકના સંયોગો એકસરખા જ હોઇ શકે એવી એક માન્યતા ઉપર મક્કમ બની કોઇ પંડિતે એ રાશિવાર ભવિષ્યમાં લખેલું હતું, "દયારામભાઇ! દામોદરદાસ! સ્પષ્ટ છે કે પ્રતાપી ગ્રહો અનિષ્ટ સ્થાનમાં ફસાઇ પડેલા છે. મંગળ અને શનિ બુદ્ધિની ભ્રમણામાં વધારો કરી રહેલા છે એટલે માથે ન વીતે એટલું ઓછું. ગ્રહમાન જ લોખંડી હોવાથી આવકમાં ગાબડું પડે. જુની ઓળખાણ નવી મુંઝવણ લાવે..."

રવિવારે રાત્રે તો એ છાપું દીનાનાથે ફેંકી દીધું પણ સોમવારે ઓફીસમાં જવા માટે એ પોતાની મોટરમાં બેસવાની તૈયારી કરતો હતો અને એનો મનોવ્યાપાર પક્ષીના કલરવના ઉચ્ચભવન પરથી વેપારના બખડજંડ અને ભૂલભૂલામણીવાળા ભવન તરફ અધોગતિ કરતો ગયો ત્યારે એને એ ભવિષ્ય યાદ આવ્યું.

મોટર હાંકવાની એ તૈયારી કરતો હતો તેવામાં દરવાજા પાસે લાલ રંગની બાઇસીકલ ઉપરથી એક તારવાળો ઉતર્યો. એણે જે તાર દીનાનાથને આપ્યો તે વાંચીને દીનાનાથનો ચહેરો રૂની પુણી જેવો સફેદ થઇ ગયો. એ તાર એના ભાગીદાર રામપાલનો હતો. એ વાંચીને એના મનમાં ખાતરી થઇ ગઇ કે પોતાની પાયમાલી પૂરી થઇ ચૂકી હતી.

બે દિવસ પછી એક સાંઝે દીનાનાથ ઓફીસમાં મોડે સુધી બેઠો હતો. હંમેશના સમય કરતાં ઘણું મોડું થઇ ગયું હતું ને રોજના જમવાના વખતે હવે ઘેર પહોંચાય તેમ રહ્યું નહોતું. તેણે મનમાં વિચાર કર્યો, "વનમાલા બીચારી આજે બહુ ચિંતા કરતી હશે. આ બધી પાયમાલીની વાત તેને હવે માંડીને કહેવી પડશે—અત્યાર સુધી એને મેં

આ વાતની કશી ખબર પડવા દીધી નથી." સોળ વરસથી દીનાનાથ કામ કરતો હતો તેમાં એ જવલ્લેજ કોઇ દિવસ મોડો ઘેર પહોંચ્યો હશે, અને તે પણ અગાઉથી મોડું થવાનું છે એમ કહીને જ. પણ આજે તો એ કોઇ ભયાનક ધુમ્મસમાં અટવાઇ ગયો હતો.

એ ધુમ્મસ એની આંખોને રૂંધી રહ્યું હતું, વાસ્તવિકતાનો વિચાર કરવાની એની શક્તિ જ જાણે કે હરાઇ ગઇ હતી. એના હેડક્લાર્ક કલ્યાણમલ્લે એને થોડા દિલાસોના શબ્દો કહ્યા. પણ એ શબ્દો તો એનાં દિલ પર ઝેરી કાંટાની માફક ભોંકાયા. દિલાસાના એ શબ્દો વાસ્તવિકતાને તેનાં નગ્ન સ્વરૂપમાં રજુ કરનારા હતા.

પોતાના ભાગીદાર રામપાલ પર એણે બધો જ વિશ્વાસ મૂકી દીધો હતો. પણ આજે તો એ રામપાલનું ભીષણ સ્વરૂપ એનાં રેશમી કપડાંની આરપાર તેને ડારતું ખડું હતું. રામપાલ હજુ બાજી સુધારી શકાશે એમ કહેતો હતો પણ એ તો અર્થ વગરના ખાલી જ શબ્દો હતા.

રામપાલે એને સારી કમાણી કરાવી હતી એ ખરી વાત પણ એ કમાણીનો મોટો ભાગ ધીમે ધીમે રામપાલ એંડ ઠાકુરના સંયુક્ત નામ પરથી સરકતો ગયો હતો. પોતે નવેસરથી, નવે જ નામે, ધંધો શરૂ કરવાનો છે એવી વાત તેણે રામપાલને મ્હોંયેથી સરકી પડતી સાંભળી હતી. સોમવારે સવારે બધી મુશ્કેલીનો બરાબર ઉકેલ આવી જશે એવી રામપાલે તેને ખાતરી પણ આપી હતી. અને એના બોલવા ઉપર વિશ્વાસ રાખી આવેલી મુશ્કેલીમાંથી માર્ગ કરવા પુરતી કુલ મુખ્ત્યારી દીનાનાથે રામપાલને સોંપી દીધી હતી.

કલ્યાણમલ્લે એની પાસે મુકેલા ચોપડાનાં પાનાં ફેરવતો મોડી રાતે દીનાનાથ એકલો જ ઓફીસમાં બેઠો હતો કોઇ રીસીવર જોતો હોય એવી કાળજીથી એણે ચોપડા જોઇ લીધા પછી જ્યારે એણે વિચાર કર્યો ત્યારે સાચી પરિસ્થિતિનું તેને પૂરેપૂરૂં ભાન થયું. એ પરિસ્થિતિ ભયંકર હતી.

દીનાનાથના ભોગે રામપાલે પોતાની સ્થિતિ તદ્દન સલામત રાખી હતી. બાજી હવે દીનાનાથના હાથમાંથી પૂરેપૂરી ચાલી ગઇ હતી. રામપાલ એકલો જ હવે નવે નામે ધંધો કરી શકે એવી સ્થિતિમાં હતો. બધો ગોટાળો માત્ર દીનાનાથને એકલાને જ સ્પર્શતો હતો.

દીનાનાથનાં મગજમાંથી થોડી વારે રામપાલ તો ખસી ગયો પણ એને પોતાની પત્ની વનમાલાનો વિચાર આવ્યો. કોલેજના પહેલાં વર્ષમાં અભ્યાસ કરતા પોતાના મોટા પુત્ર રમેશનું શું થશે એ વિચારે એનું મગજ ફરી ગયું. સુરેખા અને ચંદ્રા કોઈ છોકરીઓની નિશાળમાં પચાસ સાઠ રૂપીઆના માસિક પગારે નોકરી કરશે કે કોઇ ગરીબ વરનું ઘર માંડશે એવી વિચારણામાંથી ઉપજતા ચિત્રો એની રહી સહી સાનને મુંઝવી નાખતાં એની સમક્ષ તરવરવા લાગ્યાં. પોતાના સંતાનોનાં ભાવિ માટે એણે બહુ મોટી અને ચોક્કસ યોજનાઓ ઘડી રાખી હતી. એ બધી અત્યારે બળીને રાખ થઇ આ ઝંઝાવાતને જોરે આમ તેમ ઉડતી હતી. અને એમાંથી સર્જાતાં અસ્પષ્ટ પણ ભયાનક ચિત્રો એને સતાવતાં હતાં. નિરાશાના તીવ્ર આવેશમાં એણે પોતાનાં મેજનું નીચેનું ખાનું ઉઘાડયું. પોતાના અંગત કાગળો એ આ ખાનાંમાં રાખતો હતો, એમાંથી એના હાથમાં પોતે કરેલું પોતાનું વસીઅતનામું આવ્યું. અત્યારે તો એની કીંમત જે કાગળ ઉપર તે લખેલું હતું તે કાગળ જેટલી પણ નહોતી. પાગલ માણ-



"પ્યારૂં તજીને પ્યાર કોઇ આવરે છેલ્લી સફર
પીવાય પાણી ત્યાં રડાવે છે જૂદાઇ આપની"

—કલાપી

સની પેઠે એ જોઇને એ ખડખડાટ હસી પડયો. વસીહતનામાંની નીચે જ એક લાંબા ચામડાના "કેસ"માં એની વિમાની પોલીસી હતી. એ બહાર કાઢી એણે વાચવા માંડી પોતે અત્યાર સુધીમા ભરેલા બધા જ પ્રિમીઅમની પહોંચો પણ સાથે અકબંધ હતી.

લાખ રૂપીઆનો એનો વીમો હતો! લાખ રૂપીઆ હજુ વનમાળા, રમેશ, સુરેખા અને ચંદ્રાને બચાવી લેવા માટે પુરતા હતા!

પણ તે ક્યારે બને? દીનાનાથની જગતમાં હયાતિ ન હોય ત્યારે જ! પોલીસીના નાણાં તેના મરણ પછી જ મળે એ રીતનો એ વીમો હતો.

ઉકેલ મળી ગયો. લાખ રૂપીઆ છ ટકાનું વ્યાજ આપનારી કોઇ સદ્ધર જામીનગીરીમાં રોકી શકાય તો? તો બગડેલી બાજી ઘણી ખરી સુધરી જાય તેમ હતુ. બધી ઝડપી ગણતરી એણે ક્ષણવારમાં કરી લીધી. માસિક પાંચસો રૂપીઆમાં તો બધા ખુશી મઝામાં રહી શકે અને છોકરાઓ ભણી ગણીને તૈયાર થઇ જાય એમ હતું.

ચાવીના ઝુમખામાંથી એક નાની ચાવી લઇ એણે એક નાનકડું ખાનું ખોલ્યું. એમાં એક રિવોલ્વર પડી હતી. આ રિવોલ્વર માટેનો પરવાનો એણે એકવાર કલ્યાણમલની સૂચનાથી લઇ રાખ્યો હતો. કલ્યાણમલ તેને એ વખતે બહુ દીર્ઘદૃષ્ટિવાળો માણસ લાગ્યો.

લાંબો વિચાર કર્યા વિના એણે છ કાર્તુસ રિવોલ્વરમાં મૂકયા. રિવોલ્વર વીમાની પોલીસી ઉપર મૂકી. પછી એ જરા શ્વાસ લેવા થંભ્યો.

પણ રિવોલ્વરની નળી જાણે કે આંગળી ચીંધતી હોય એમ તેણે પોલીસી ઉપર છાપેલી એક કલમ તેને બતાવી દીધી:

આ પોલીસી ધરાવનાર શખ્સ જો આપઘાત કરીને જીવનનો અંત આણશે તો તેના વારસોને ભરાયલા પ્રિમિયમ જેટલાં જ નાણાં મળી શકશે–વીમાની પુરતી રકમ નહીં.

વનમાલા અને સંતાનોના સુખ માટેના માસિક પાંચસો રૂપીઆ આ પચીસ શબ્દોએ ઝૂંટવી લીધા.

દીનાનાથને કપાળે પરસેવો વળી ગયો. ખુરસીના એ હાથાને પીસી નાખવા મથતો હોય એમ જકડીને તેણે શરીર ટટ્ટાર કર્યું. વળી એક બીજો ઉકેલ સુઝી આવ્યો.

એકવાર નિરાંતે એણે પોલીસી ઉપર છાપેલી બધી શરતો સાદ્યંત વાંચી લીધી વાંચન પૂરૂ થતાં જ એણે પોતાના ભાગીદાર રામપાલને ટેલીફોન કર્યો.

"કોણ, રામપાલ શેઠ? હલ્લો, હું દીનાનાથ, ઓફીસમાંથી...આ બધી મુશ્કેલી ટળી જાય એવો આબાદ રસ્તો મેં શોધી કાઢયો છે...ફોન ઉપર વાત નહીં કરૂં...તમે સીધા જ હમણાં ને હમણાં અંહી આવો... હું તમારીજ રાહ જોઉં છું."

દસ જ મિનિટ પછી ઓફીસનાં બારણામાં પ્રવેશ કરતા રામપાલની પહોળી છાતીમાંથી દીનાનાથની રીવોલ્વરની ગોળી આરપાર નીકળી ગઇ. તરફડતા મારવાડીને એમ જ પડયો રહેવા દઇ દીનાનાથે પોલીસ ચોકી ઉપર ટેલિફોન કર્યો. અરધા કલાકમાં તો એ આપમેળે કબજે થઇ પોલીસ સ્ટેશનની કાચી કેદમાં પુરાઇ ગયો.

બસ! હવે પોતાની યોજનાની નૌકાને કિનારા પરથી ભર દરિયે લાવ્યા પછી તો અનુકૂળ પવન જ એને આગળ ધકેલવાનો છે એવી ખાતરી સાથે દીનાનાથે બાકીની બાજી સંયોગોને જ સોંપી દીધી. હવે તો

નિષ્ક્રિય બેસી રહેવામાં જ ખરું કર્તવ્ય હતું. શહેરમાં ચાલતી ચકચાર અને જેલમાં મળતાં અખબારોમાં તેના પડતા પડઘા તેમજ વનમાલા અને સંતાનોની મુલાકાતો અને તેમના વલોપાત વચ્ચે પણ દીનાનાથ અદ્ભુત ધીરજ રાખી શક્યો.

અદાલતમાં એણે વકીલ રાખવાની પણ ના પાડી. પોતે જ પોતાના ગુન્હાનો એકરાર કર્યા પછી વકીલની શી જરૂર? આમ છતાં, વનમાલાના આગ્રહથી દીનાનાથનો એક જુનો દોસ્ત અને પ્રતિષ્ઠિત વકીલ એના બચાવ માટે ઉભો થયો.

ભરચક મેદનીથી ભરેલી અદાલત વચ્ચે એ વકીલે ભારે જોરદાર દલીલોથી દીનાનાથનો બચાવ કર્યો: "મારો અસીલ ગુન્હો તો કબુલ કરે છે. અને તે માટે પોતાને આકરામાં આકરી એટલે કે મોતની સજા થવી જોઇએ એમ પણ કહે છે, પણ હું જ્યુરીના ગૃહસ્થોનાં લક્ષ ઉપર એક વાત ખાસ મૂકવા માગું છું. આરોપી પોતે ભલે પોતાના બચાવમાં કંઇ ન કહે છતાં વકીલને એવી વાતો કહેવાનો કાયદો હક્ક આપે છે, કારણ કે આરોપી નૈતિક રીતે પોતાને ગુનેહગાર માને છે અને હશે જ, પણ તેથી તે કાનૂનની નજરે એટલો ગુનેહગાર ઠરતો નથી. એ પોતે કહે તો પણ નહીં.

"મારો અસીલ પોતાના બદમાશ ભાગીદારની ચાલબાજી અને વિશ્વાસઘાતનો શિકાર બન્યો હતો અને પાયમાલીને કાંઠે આવતાં છેક મોડે મોડે અચાનક એને એ વાતની ખાતરી થતાં એ ઉશ્કેરાઇ ગયો હતો. રામપાલનું વર્તન એને એવી ઉશ્કેરણી પેદા કરાવવા માટે પૂરતું હતું."

આ મુદ્દા ઉપર દીનાનાથના વકીલે બહુજ વિદ્વત્તાપૂર્વક ચર્ચા કરી. પોતાનો "કેસ" એણે બહુ જ સબળ રીતે રજુ કર્યો.

છતાં છેવટે તો દીનાનાથને ફાંસીની જ સજા થઇ અને તે સજા સાંભળીને તેને ઊંડી નિરાંત થઇ.

અપીલ નોંધાવવાની તેની મુદ્દલ મરજી નહોતી. ફાંસી થતાં પહેલાંના જે થોડા દિવસો તુરંગમાં કાઢવાના હતા તે દીનાનાથ શાંતિથી પસાર કરતો હતો. એ દરમ્યાન વનમાલા, રમેશ, સુરેખા અને ચંદ્રા તેને અવારનવાર મળવા આવતાં હતાં અને તેની શાંતિ જોઇને અજબ થતાં હતાં.

ઘણીવાર એ પહેરેગીરો સાથે વાતે ચડતો અને પૂછતો, "તમે કેટલીક ફાંસી દેવાયલી જોઇ હશે!"

"અનેક, ગણાય નહીં એટલી."

"કોઇ વાર ફાંસીની રસી તૂટી જાય તો ગુનેહગારને સજા માફ કરી છોડી દેવામાં આવે છે એવું મેં સાંભળ્યું છે. એ વાત ખરી હશે? તમને એવો કોઇ અનુભવ થયો છે?"

"અમારા જાણવામાં એવું કદી બન્યું નથી. દોરી બહુ જ મજબૂત હોય છે— એ તુટતી નથી."

"તો તો ઠીક."

આ શબ્દો સાંભળી પહેરેગીરો પણ વિમાસણમાં પડી જતા.

ફાંસીને આગલે દિવસે પત્ની અને સંતાનો આવીને દીનાનાથને મળી ગયાં. શાંત ચિત્તે એણે સર્વેની વિદાય લીધી. સાંજે પણ એ તદ્દન સ્વસ્થ અને શાંત હતો. અનેકવાર એને પૂછવામાં આવ્યું છતાં તેણે મરતાં પહેલાંની છેલ્લી કોઇ ખાસ માગણી કરી જ નહીં. આ કેદીના સમય વર્તાવથી પહેરેગીરા-વૉર્ડરો-માં તેની ઝ્યાતિ ખૂબ થઇ ગઇ હતી. એ બધા

કહેતા કે આના જેવો કેદી તેઓએ અગાઉ કદી જોયો નહોતો.

રાત્રે તે શાંતિથી પથારીમાં પડેલો હતો. તેને જરા ઉંઘ પણ આવવા લાગી અને એ ખરેખાત ઉંઘમા પડયો. એ ભર ઉંઘમાં હતો તે વખતે એની ખોલીનો દરવાજો ખુલ્યો.

"કોણ?" કહીને દીનાનાથ બેઠો થયો.

"મિ. દીનાનાથ! જાગો છો કે? હુ ચૌહાણ, જેલનો સુપરિટેંડેંટ છુ."

"પધારો, સાહેબ! કેમ, ફાંસીનો સમય થઇ ગયો?"

"ના, ના, મિ. દીનાનાથ, સાભળો તો ખરા, હુ તો તમને એક ખુશીની વાત કહેવા આવ્યો છું."

દીનાનાથ ગભરાયો. "શુ?" એણે આશ્ચર્યથી પૂછ્યું.

"સરકારના ગૃહમંત્રી તરફથી આજે થોડી વાર પહેલાં જ સંદેશો આવ્યો છે કે, લોકોએ કરેલી અરજી ઉપરથી તમારી આજ સુધીની પ્રતિષ્ઠા, ઇજ્જત, પ્રમાણિકપણું અને તમારી અનેક જાહેર સેવાઓ અને સખાવતો વગેરે ધ્યાનમાં લઇને નામદાર સરકારે રહેમ બતાવી તમારી ફાંસીની સજાને હળવી બનાવી તેને બદલે જન્મટીપની સજા કાયમ કરી છે. તમને આ સમાચાર તરત આપવા માટે આટલી મોડી રાતે પણ ઉંઘમાંથી જગાડવા પડયા."

બત્તીના ઝાંખા પ્રકાશમાં સુપરિંટેંડેંટ એ જોઇ ન શકયો કે પોતે જે સમાચાર દીનાનાથને સંભળાવ્યા હતા, તે ફાંસીની સજાના સમાચાર કરતાં ઘણા વધારે દુઃખદ થઇ પડયા હતા.

"જન્મટીપ એટલે ફકત ૧૪ વરસ. પણ સારું વર્તન, છુટ્ટીના દિવસો અને સજા ઓછી થવાના બીજા સંજોગો જોતાં તમારી કેદની મુદ્દત કદાચ બાર જ વરસમાં પણ પૂરી થઇ જાય."

દીનાનાથ એ સાંભળીને એક ચીસ પાડીને જમીન પર ફસડાઇ પડયો!

—અમેરિકાના પ્રખ્યાત ધનપતિ એંડ્રુ કાર્નેગીને મળવા માટે એક વાર કોઈ વર્તમાનપત્રનો પ્રતિનિધિ ખાસ મુલાકાત નક્કી કરીને કાર્નેગીને ઘેર પહોંચ્યો. મુલાકાતનું કારણ અગાઉથી એ ધન-પતિને જણાવવામાં આવ્યું હતું

રાતનો વખત હતો. બન્નેએ ખુરશીઓ પર બેઠક લીધા પછી કાર્નેગીએ પેલા પ્રતિનિધિને પૂછ્યું, "કહો, મહ શય, આપ મને શું પૂછવા માગો છો?"

"આપે આટલી વિપુલ સંપત્તિ શી રીતે પ્રાપ્ત કરી તે વિશે હુ કેટલીક વિગતો જાણવા માગું છુ."

"મતલબ કે આપણે કેવળ વાતો જ કરવાની છે ને? બીજું તો કશું કામ કરવાનું નથી ને?"

"જી, ના ફક્ત વાતો જ."

"તો પછી આ ઓરડામાં આટલી બધી બત્તીઓની જરૂર નહીં રહે. ફક્ત એક જ બત્તી રાખીને બીજી બધી બુઝાવી નાખું તો આપને કશો વાંધો નથી ને?" કાર્નેગીએ પૂછ્યું

"જી, ના. અને હવે મારે આપને કોઇ સવાલો પૂછવાની પણ જરૂર રહેતી નથી. આપની આ સૂચનાથી જ હું સમજી ગયો છું કે આટલી બધી સંપત્તિ આપે શી રીતે એકઠી કરી હશે."

અને એ મુલાકાત સંપૂર્ણ થઈ ગઈ.

માનવતા પરવારી ગઇ છે?

['ભાવનગર સમાચાર' નામનું એક નાનકડું અઠવાડિક પત્ર ભાવનગરમાંથી છેલ્લાં બારેક વરસથી પ્રસિદ્ધ થાય છે. એમાં છેલ્લાં ત્રણેક વરસથી શ્રી કપિલ ઠક્કર "પાછળ નજર" નામની એક ચાલુ લેખમાળા લખે છે, જેમાં તેમનાં જીવનની છેલ્લી અરધી સદી દરમ્યાન ભાવનગર શહેર અને રાજ્યમાં બની ગયેલા મહત્ત્વના બનાવોની નોંધ રજુ કરવામાં આવે છે.

એ લેખમાળાની શરૂઆત કરતાં જે પહેલો લેખ તેમણે લખેલો તેમાંનો થોડો ભાગ પુનરુક્તિ અને પુનઃપ્રકાશન સહી શકે તેવો છે એમ સમજી અહીં રજુ કરવામાં આવે છે. શ્રી. કપિલ ઠક્કર મારા વડિલ ભાઇ છે. મુંબઇ અને કલકત્તા વિદ્યાપીઠોના એ પદ્વિધર છે અને જીવનનાં ચાળીસેક વર્ષ એમણે શિક્ષણકાર્ય પાછળ ગાળતાં અંગ્રેજી, ફારસી અને ગુજરાતી સાહિત્યનો વિશાળ અભ્યાસ કર્યો છે. તેઓ એક ચુસ્ત થિઓસોફિસ્ટ છે ઉત્તમ પ્રતિની અંગ્રેજી અને ગુજરાતી કવિતા રચે છે, અને ક્યારેક ગુજરાતી સામયિકોમ તેમની કલમ ઝબકી જાય છે. સ્વભાવે અતિશય શાંત, એકાંતપ્રિય, અભ્યાસમગ્ન, પ્રસિદ્ધિથી દૂર નાસનાર, મુગી સેવામાં માનનાર અને શરીરસુખ વૈભવના કરતાં આત્માની ઉન્નતિ પાછળ વિશેષ લક્ષ આપતા હોઇને ઘણો ખરો સમય અભ્યાસપરાયણ જ રહે છે, 'નવજીવન'ન આ અંકમાં એમનાં તરફથી મળેલું કેટલુંક સુવાચ્ય અને સરસ સાહિત્ય પ્રસિદ્ધ થયું છે

—તંત્રી.]

વર્તમાનકાળ ગમે તેવો હો. એની સમીક્ષા કરવાનું મ્હારૂં અહિં કાર્ય નથી. ભૂતકાળ કરતાં ભાવી વધારે ઉજ્જ્વલ થવા સરજાયેલું છે એવું હું શ્રદ્ધાપૂર્વક માનનારો આશાવાદી છું. 'માનવીમાંથી માનવતા પરવારી છે' એવા ઉદ્ગાર આપણા દેશના એક પ્રખર વિચારકે તાજેતરમાં કાઢેલા છે. હું આને એક સંપૂર્ણ સત્યરૂપે સ્વીકારી લેવા તત્પર નથી.

છતાં એ માનવતા આપણા બહુ જુના નહિ એવા ભૂતકાળમાં કેવી હતી અને કેવે સ્વરૂપે પ્રકટતી એના એક બે પ્રસંગોથી આ માળાની શરૂઆત કરૂં છું. કાઠીઆવાડના એક વૃદ્ધ અને સંસ્કારમૂર્તિસમા, ન્હાનકડા રાજના રાજવી, અને મ્હારા પુજ્ય એવા હડાળા—બગસરાના દરબારશ્રી વાજસુરવાળા સાહેબ સાથે મને પાંત્રીશ વરસનો જુનો પરિચય છે. એમની પાસેથી સોરઠી જીવનની અનેક કથાઓ અને ઘટનાઓ મેં આ વરસો દરમ્યાન સાંભળી છે. એમની કહેલી એક બે વાતો એમના જ શબ્દોમાં ઉતારીને એ જુનવાણી માનવતા રજુ કરવા પ્રયત્ન કરીશ.

*"મ્હારી ઉમ્મર એ સમયે સાતેક વરસની હશે: (અત્યારે એમનું વય અઠોતેર વરસનું છે). મ્હારા બાપુ હયાત નહિ. બધો વહિવટ મા સંભાળતાં.

"બગસરામાં ગઢની જે ઓશરી પર આપણે જમવા બેસીએ છીએ એમાં ઉભેલી થાંભલીને ટેકે મા સાંજને સમયે ચાકળા પર બેઠાં હોય, હું પાસે રમતો હોઉં, જેસો વાળંદ પીત્તળની દીવી પરની પાંચ વાટો તેલ પૂરીને પ્રકટાવે. પીત્તળનાં કોડીયાં પણ જુદે જુદે ઠેકાણે પ્રકટતા

*આ લખાણ સને ૧૯૫૧ ના જાન્યુઆરીમાં લખાયલું. ત્યાર પછી સને ૧૯૫૩ ના માર્ચ માસમાં દરબારશ્રી વાજસુરવાળા ૮૦ વર્ષની વૃદ્ધ વયે વિદેહ થઇ ગયા છે.

જતાં હોય. એ દિવસોમાં કેરોસીનના દીવાઓ હજી આપણે ત્યાં નહોતા આવ્યા. ત્રીકમજી કામદાર મા પાસે બેસી તે દિવસના વહીવટનો હિસાબ આપતો હોય, મા વળતા દિનસ માટે સુચનાઓ આપતાં હોય: આ સામાન્ય રીતે સાંજનો નિત્યક્રમ હોય.

એવી એક સાંજે દરવાન ચાઉસ અબુબકર મા પાસે રજુ થયો અને બોલ્યો, 'મા, કોઇ શેઠીઆ મળવા આયા હે. દરબાર હરસુરવાળા કી પાટીમેં રહેતે હૈ.'

બગસરામાં એ વખતે ત્રણ પાટી હતી–આપણી, દરબાર સુળુવાળાની અને દરબાર હરસુરવાળાની. એ પછી ચાર થયેલી.

"માએ ફરમાવ્યું 'એને અંદર આવવા દે.' શેઠ આવ્યા.

'તુ કોણ ભાઇ?' માએ પુછ્યું.

'મા, મ્હારૂં નામ જેચંદ પ્રેમજી મેઘાણી. દરબાર હરસુરવાળાની પાટીમા રહુ છુ.'

"મેઘાણી કુટુંબો બધા હરસુરવાળાની પાટીમાં જ રહેતાં.

'હં. તે કેમ આવ્યો છો?' માએ પુછ્યું.

'મા, એક કામ પડયુ છે, આપની પાસે.'

'શું કામ પડયુ છે?'

'મા, એક પાંચ હજાર રૂપીઆ જોઇએ છે.'

'પાંચ હજાર રૂપીઆ? મ્હારી પાસેથી? આ સંધ્યાટાણે? સવારે આવવું હતું.' માએ કહ્યું.

'ના મા, અત્યારે જ જરૂર છે. મ્હારી લાજ રહી જાય એવું છે.' જેચંદ મેઘાણીએ ખુલાસો કર્યો.

"માએ ઘડીએક વિચાર કરી નિર્ણય કરી લીધો. ત્રીકમજી કામદારને ફરમાવ્યું, 'તીકુ, લે આ કુંચી. સામા ઓરડાના વચલા પટારામાંથી આ જેચંદ મેઘાણીને પાંચ કોથળી કાઢી આપ."

ત્રીકમજીએ પટારો ઉઘાડી પાંચ કોથળી હાજર કરી.

'આ લઇ જા જેચંદ! ઉપાડવા માણસ સાથે મોકલુ?' માએ કહ્યું. 'ના. મા, મ્હારા દિકરાઓ બ્હાર બેઠા છે. ઉપાડી લેશે. માણસની જરૂર નથી. લ્યો મા, રજા લઉં. મ્હારી લાજ રહી ગઇ.'

જેચંદ મેઘાણી ગયા. રૂપીયાની કશી પહોંચ સુદ્ધાં લખવા–લખાવવાની જરૂર ન લાગી.

ચોથે દહાડે એવી જ સંધ્યાએ જેચંદ મેઘાણી પાછા આવ્યા.

'કેમ જેચંદ?' માએ પૂછ્યું.

'મા, બોલ્યા રૂપીયા લઇ આવ્યો છું. સંભાળી લ્યો.' મેઘાણી શેઠે કહ્યું.

'એવી શું ઉતાવળ હતી?' માએ કહ્યું.

'બસ મા, મ્હારૂં કામ પતી ગયું. મ્હારી લાજ રહી ગઇ. બહુ આભાર કર્યો મા.'

"ત્રીકમજી કામદારે પટારો ઉઘાડી પાંચ કોથળીઓ પાછી મુકી.

'લ્યો, મા. રજા લઉં છું. ભારે આભાર થયો.' જેચંદ શેઠે કહ્યું.

"આવજો હો જેચંદ." માએ વિદાય આપી.

"કોથળીઓ લઇ જતાં કે પાછી લાવતાં કોઇને એ તપાસવાની કે રૂપીયા ગણી લેવાની જરૂર ન લાગી. કાગળ પર કશુંય નહિ, બધી મોઢાની જ વાત."

દરબારશ્રીએ કહેલી વાતોમાંથી એક બીજી પણ એમના જ શબ્દોમાં ઉતારું છું.

"આ વાત તમારા ભાવનગરવાળા શેઠ નરોત્તમદાસ ભાણજીને લગતી છે. નરોત્તમદાસભાઇનાં પત્ની શ્રી. સુરજ બ્હેનનું મોસાળ બગસરામાં. એટલે સુરજબ્હેનને અને નરોત્તમભાઇને પણ પ્રસંગોપાત્ત બગસરાં

આવવાનું થતું. અને જતાં આવતાં વચમાં હડાળામાં એકાદ બે દિવસ મ્હારાં મહેમાન પણ બની જતાં. મ્હારે એમની સાથે સારો સંબંધ બંધાયેલો. નરોત્તમ શેઠના સ્વર્ગવાસ પછી સુરજબ્હેને હડાળામાં આ વાત કહેલી.

"પહેલી લડાઇ દરમ્યાન નરોત્તમદાસ શેઠે બહુ સારી કમાણી કરેલી અને ખૂબ ખ્યાતિ મેળવેલી. એ અરસામાં પુનામાં એક મુસલમાન રંગરેજ મોટા પાયા ઉપર રંગાટના કાપડનો વેપાર કરે.

"એક દિવસ એ વેપારીને મુંબઇ ખાતે દસ હજાર રૂપીયાની હુંડી લખવાની જરૂર પડી. જરા મુશ્કેલીનો પ્રસંગ હતો. કોના પર લખવી એમ વિચારતાં શેઠ નરોત્તમદાસ ભાણુજીનું નામ યાદ આવ્યું. શેઠ સાથે કશો જ પરિચય નહિ. જોયેલા પણ નહિ. છતાં શ્રદ્ધા અને હિંમતથી એમના પર હુંડી લખી આપી.

"સ્વાભાવિક રીતે મનમાં વસવસો રહે એટલે હુંડી સ્વીકારાઇ હશે કે નહિ તે જાણવા સાંજની ગાડીમાં એ વેપારી પુનાથી મુંબઇ આવ્યો. બોરીબંદરના સ્ટેશને, કોઇ ઉપડતી ગાડીમાં વદાય થતાં મહેમાનને વળાવવા આવેલું મુંબઇના મોટા વેપારીઓનું મંડળ જોયું. પુછગાછ કરતાં જાણ્યું કે નરોત્તમ શેઠ પણ એમાં હતા. કોઇએ દૂરથી ઓળખાવ્યા, 'પેલા ઉભા તે નરોત્તમદાસ ભાણુજી'.

"શેઠની પાસે એ આવ્યો. નરોત્તમભાઇ એને જોતાંજ સમજી ગયા. એટલા જ શબ્દો કહ્યા, 'તમારી હુંડી સ્વીકારાઇ ગઇ છે. તમે આ ગાડીમાં પુના પાછા જાઓ.'

"એ પછી તો એમની વચ્ચે વહેવાર બંધાયો. હુંડીનાં નાણાં એણે ભરપાઇ કર્યાં. રંગાટનો માલ નરોત્તમ શેઠ એની પાસેથી મંગાવવા લાગ્યા. એનાં નાણાં નરોત્તમ શેઠના ચોપડામાં જમે રહેવા લાગ્યાં. આ રકમ ત્રીશેક હજાર પર પહોંચી.

"નરોત્તમભાઇએ પણ વેપારના અનેક રંગો જોયા-અનુભવ્યા હતા. ગુમાવ્યા, દેવામાં આવ્યા, પાછા કમાઇ લીધા, નફો કર્યો, એવાં સાહસો કરતાં નરોત્તમભાઇનો સ્વર્ગવાસ થયો. લેણદેણ તપાસવાનું કામ સુરજબ્હેને સંભાળ્યું. ચોપડા તપાસતાં પુનાના એ રંગરેજના રૂપીયા ત્રીશ હજાર જમે માલુમ પડ્યા.

"પુનાથી એ વેપારીને ચોપડાઓ લઇ હિસાબ સમજી જવા બોલાવ્યો. સુરજબ્હેને કહ્યું. 'ભાઇ, તમારા નાણાં હું રોકડાં નહિ આપી શકું. મ્હારા આટલા દાગીના છે, એની કિંમત ત્રીશ હજાર ઉપર થવા જાય છે. એ લ્યો અને મને તમારા રૂપીયાની પહોંચ લખી આપો.'

"એક પણ શબ્દ બોલ્યા વિના વેપારીએ નરોત્તમ શેઠના ચોપડામાં પહોંચ લખી આપી. પોતાના ચોપડામાં એ નાણાં જમે કર્યાં. પછી સુરજબ્હેને દાગીના સંભાળી લેવા કહ્યું ત્યારે બોલ્યો. 'માફ કરો બ્હેન, બ્હેનનાં ઘરેણાં ભાઇ ન ઉતરાવે. આપ મ્હારાં બ્હેન છો. આપને ખબર છે વરસો પહેલાં એક મુશ્કેલીમાંથી પસાર થયો, અહિં રૂપીયા જમે રખાવી શક્યો, વેપાર ખીલવી શક્યો, એ કોના પ્રતાપે!' એમ બોલતાં એ ગળગળો થઇ ગયો. પછી પેલી હુંડીવાળી વાત સુરજબ્હેનને તેણે કહી સંભળાવી."

માનવતાના દીપકો જેમાં જળહળતા દેખાય એવી આ વાતો પર કશા વિવેચનની જરૂર લાગતી નથી. હવે એ માનવતાનો સદંતર અભાવ જણાય એવો ગયે વરસે બનેલો કિસ્સો પણ નોંધું. એ પણ

સાંભળ્યો [છે એવો] મ્હારા શબ્દોમાં લખું છું.

મ્હારા એક સ્નેહીનો પુત્ર ભાવનગરની એક બેન્કમાં કેશીયર તરીકે કામ કરે છે. એક દિવસ એના પિતાના એક મિત્ર, જે બેન્કો સાથે લાગવગ ધરાવતા એક ખ્યાતિવાળા વેપારી છે, તે બેન્કમાં આવ્યા અને મેનેજરની ઓફીસમાં બેસીને કેટલીક ૧૦૦૦-૧૦૦૦ની નોટોના ૧૦૦-૧૦૦ના કટકા લઇ આવવાનું પોતાના મિત્રના પુત્રને સૂચવ્યું. એનો અમલ થયો.

"હવે સોના પાંચ કટકાની એક એક રૂપીયાવાળી નોટો લઇ આવ.- એનું પણ કામ પડે છે." એમ કહી એ મેનેજર સાથે વાતે વળગ્યા. કેશીયરે એક એક રૂપીયાવાળી સો-સો નોટોનાં પાંચ બંડલ રજુ કર્યાં. શેઠ વિદાય થયા. કેશીયરે હિસાબ મેળવ્યો ત્યારે માલમ પડયું કે વાતો દરમ્યાન શેઠ પાંચસોની નોટો આપતા ભુલી ગયા હતા. મેનેજરે કહ્યું, "મને આપી નથી, અને એ તો સાંજની ગાડીમાં બહારગામ જવાના છે."

કેશીયર બિચારો એની પાછળ ઘુમ્યો. છેવટે સ્ટેશને જ એ મળ્યા. "મેં તો તને સો સોના પાંચ કટકા બરાબર આપેલા. મ્હારો હિસાબ બરાબર મળી રહે છે" એમણે ખુલાસો કર્યો. ભાર દઇને એક વાત કહેતાં રૂપીયા પાંચસો મળી જતા હોય તો એ સોદો એમને કરવા જેવો લાગ્યો.

બિચારા કેશીયરને ત્રણેક માસનો પગાર જતો કરી એ નાણાં બેન્કમાં ભરપાઇ કરવા પડ્યા.

—યહુદીઓનાં ધર્મ પુસ્તકોમાં એક એવી પુરાણી વાર્તા છે કે અકીબા નામના એક યહુદી રાબી (ધર્મગુરૂ)ને ઘણો જુલમ સહન કરવો પડતો હોવાથી એ જંગલમાં રખડતો થઈ ગયો હતો. એની પાસે એક બત્તી હતી તેના અજવાળામાં એ રાતે ધર્મશાસ્ત્ર વાંચતો, એક મરઘો હતો તે તેને સવારે ઉંઘમાંથી વહેલો જગાડતો અને એક ગધેડો હતો જેના ઉપર રાબી સ્વારી કરતો.

એક વાર આખા દિવસના થાકથી કંટાળેલો તે પવિત્ર માણસ એક ગામડાંમાં જઈ પહોંચ્યો અને રાતની રાત પડી રહેવા માટે આશરો શોધવા લાગ્યો પણ એ જ્યાં ગયો ત્યાંથી લોકોએ તેને હાંકી કઢયો આખરે ગામડાંના એક છેડે એક એકાંત જગ્યામાં એક કુવો હતો ત્યાં જઈને એ બેઠો અને તેણે પોતાનો દીવો સળગાવ્યો. પણ એવામાં પવનનો એક જબરદસ્ત ઝપાટો લાગવાથી એનો દીવો બુઝાઇ ગયો. એથી ઉંઘી જવાનો નિશ્ચય કરીને એ કુવાના થાળા પર આડો પડયો. એટલામાં એક વરૂ આવીને તેના મરઘાને ઉઠાવી ગયું અને તે પછી થોડીવારે એક સિંહ આવીને તેના ગધેડાને ઉઠાવી ગયો. પોતાને માથે ઘણું દુઃખ પડયું એ જોઇને રાબી ફરી પાછો ગામમાં ગયો અને કૈંક મદદ મેળવવાની તજવીજ કરવા લાગ્યો તે વખતે તેને માલમ પડયું કે ગામડામાં રાતે લુટારાઓ પેઠા હતા અને તેમણે એ નાનાં ગામડાંની તમામ વસતિની કતલ કરી નાખી હતી.

રાબીએ એ જોઇને ઇશ્વરનો આભાર માન્યો. એણે વિચાર કર્યો કે રાતે જો મને કોઇએ પોતાના ઘરમાં આશરો આપ્યો હોત તો બીજાઓની પેઠે મારી પણ કતલ થઇ જાત. જો એની બત્તી પવનથી બુઝાઈ ગઇ ન હોત તો લુટારૂઓ એની પાસે પણ આવી પહોચત મરઘાનું ને ગધેડાનું જો મોત આવ્યું ન હોત તો તેમના અવાજથી પણ લુટારૂઓને રાબીનો પત્તો લગી જાત રાબીએ ઇશ્વરનો ફરીથી અહેસાન માનીને કહ્યું, "જેઓ ઈશ્વર ઉપર પ્યાર અને વિશ્વાસ રાખે છે તેમના ભલા માટે બધી જ ઈશ્વરી શક્તિઓ એકઠી મળીને કામ કરવા લાગી જાય છે"

દેશદર્શન

આપણો દેશ ભારત કેવડો છે, કેવો છે, એની વિશિષ્ટતાઓ શી છે, એનો રાજ્યકારોભાર કેમ ચાલે છે, એના પ્રજાજનો કેવા છે વગેરે વિષયોની રસમય લેખમાળાનો પહેલો હફતો.

આપણો દેશ કેવડો છે?

આપણો દેશ ભારતવર્ષનું ક્ષેત્રફલ ૧૨, ૬૯, ૬૪૦ ચોરસ માઇલ જેટલું છે. આ વિસ્તારમાં જમ્મુ અને કાશ્મિર અને આન્દામાન નિકોબારના ટાપુઓનો સમાવેશ થઇ જાય છે. ધરતીની સરહદની લંબાઇ ૮૨૦૦ માઇલની અને સમુદ્ર કાંઠાનો વિસ્તાર ૩૫૦૦ માઇલનો છે. આખા યુરોપમાંથી એક રશિયાને બાદ કરતાં બાકીના બધા દેશોને એકઠા કરીએ તો તેના વિસ્તારના ૨/૩ ભાગ જેટલો ભારતનો વિસ્તાર છે. ગ્રેટબ્રિટન કરતાં ભારત દેશ ૧૩ ગણો મોટો છે. આખી દુનિયાના સહુથી મોટા દેશોમાં ભારતનો દરજ્જો સાતમો આવે છે. તેની લંબાઇ ઉત્તર-દક્ષિણ ૨૦૦૦ માઇલ જેટલી અને પહોળાઇ પૂર્વ-પશ્ચિમ ૧૭૦૦ માઇલની છે

એની વસતિ

૧૯૫૧ માં થયેલાં છેલ્લાં વસતિ પત્રક મુજબ ભારતની વસતિ ૩૫, ૬૨. ૮૯, ૪૮૫ માણસોની છે. દર હજાર પુરુષ દીઠ સ્ત્રીઓની સંખ્યા ૯૪૬ જેટલી છે. ઓરીસા, મણીપુર, મદ્રાસ, ત્રાવણકોર-કોચીન અને કચ્છ: એટલાં રાજ્યો બાદ કરતાં બાકીનાં બધાં રાજ્યોમાં સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા મોટી છે. કુલ પુરુષોની સંખ્યા ૧૮, ૩૩, ૦૫, ૬૫૪ ની અને સ્ત્રીઓની ૧૭, ૩૫, ૨૩, ૮૩૧ ની છે. રાજ્યવાર વસતિમાં સહુથી મોટી સંખ્યા ઉત્તર પ્રદેશમાં સાડા છ કરોડની, મદ્રાસમાં ૫ કરોડ ૭૦ લાખની અને બિહારમાં ૪ કરોડની છે.

એક ચોરસ માઇલ દીઠ સરેરાશ ૩૧૨ માણસોને હીસાબે વસતિ દેશમાં પથરાયલી છે.

કુલ વસતિમાંથી ફક્ત ૧૭.૯ ટકા જેટલા માણસો મોટાં શહેરોમાં વસે છે. બાકીના ૮૨.૭ ટકા માણસો ગામડાંઓમાં વસે છે.

૧ લાખ અને તેનાથી વધારે વસતિવાળાં શહેરોની સંખ્યા ફક્ત ૭૫ ની છે.

કુલ વસતિના ૭૦ ટકા જેટલા માણસોની આજીવિકા કેવલ ખેતી ઉપર આધાર રાખે છે. બાકીના ૩૦ ટકા બીજા ધંધાઓમાંથી આજીવિકા મેળવી લે છે.

દર ૧૦૦ હિંદીઓ દીઠ ૪૭ માણસો પોતાની માલિકીની જમીનમાં ખેતી કરનાર છે, ૯ જમીન ભાડે રાખીને ખેતી કરે છે, ૧૩ જમીન વગરના મજૂર-ખેડૂતો છે, ૧ જમીનદાર છે, ૧૦ માણસો હુન્નર ઉદ્યોગોમાં, ૬ માણસો વેપાર વણજમાં, ૨ મુસાફરીને લગતાં વાહન વ્યવહારમાં અને ૧૨ નોકરી અને બીજા પરચુરણ ધંધામાં રોકાયલા છે.

ચોરસ માઇલ દીઠ વસતિના હીસાબે દિલ્હી આખા દેશમાં સહુથી વધારે ગીચ વસતિવાળું રાજ્ય છે જ્યાં દર ચોરસ માઇલ દીઠ ૩૦૧૭ માણસોની વસતિ છે, ત્રાવણકોર-કોચીનમાં વસતિ ચોરસ માઇલ દીઠ ૧૦૧૫ માણસોની અને પશ્ચિમ બંગાળમાં ૮૦૬ માણસોની છે.

દુનિયાભરના દેશોમાં સહુથી મોટી વસતિવાળો દેશ ચીન છે, જેની વસતિ ૪૬ કરોડ ૩૫ લાખની છે. એના પછી આપણો દેશ આવે છે. આખી દુનિયાની કુલ વસતિના ચીનમાં ૧૯.૪ ટકા અને ભારતમાં ૧૫.૧ ટકા જેટલી વસતિ છે.

દેશનું ખનિજ દ્રવ્ય

દેશમાં સહુથી વધુ ઉપયોગી ખનિજોની ખાણો છોટા નાગપુર વિસ્તારમાં આવેલી છે. આ પ્રદેશમાં દક્ષિણ બિહાર, પશ્ચિમ બંગાલ અને ઉત્તર ઓરીસાનો સમાવેશ થાય છે. દેશમાં ઉત્પન્ન થતો કોલસો, લોખંડ, અભ્રક અને ત્રાંબાનો ઘણોખરો જથ્થો અંહીથી નીકળે છે. દેશની કોલસાની ખાણો મુખ્યત્વે પશ્ચિમ બંગાલ અને બિહારના રાણીગંજ અને ઝરીઆમાં આવેલી છે. કેટલીક ખાણો હૈદરાબાદ, મધ્ય પ્રદેશ અને આસામમાં પણ છે. રાણીગંજ અને ઝરીઆની ખાણોમાંથી દેશમાં કુલ ઉત્પન્ન થતાં કોલસાના ૮૦ ટકા જેટલો કોલસો મળી રહે છે. દેશમાં કોલસાની પુરાંત સાડા ૭ અબજ ટન જેટલી ગણવામાં આવે છે જેમાં ૫ અબજ ટન સારો માલ છે. લોખંડ ઓરીસામાં આવેલા સીંગભૂમ, કેઑંઝાર અને મયુરભંજમાં તેમ જ મધ્યપ્રદેશ અને મહીસુરમાં મળી આવે છે. દર વરસે આશરે ૩૦ લાખ ટન જેટલું લોખંડ અહિની ખાણોમાંથી નીકળે છે. અભ્રક હઝારીબાગ (બિહાર), અજમેર, ત્રાવણકોર અને મહીસુરમાંથી મળે છે. દુનિયાભરમાં ઉત્પન્ન થતા કુલ અભ્રકની પેદાશમાં ભારતનો હીસ્સો ૭૫ ટકા જેટલો છે. નિમક રાજસ્થાનમા આવેલા સંભાર સરોવરનાં અને મુંબઇ અને મદ્રાસના સમુદ્રના પાણીને ઉકાળીને બનાવવામાં આવે છે. ઇલ્મેનાઇટ અને મોનાઝાઇટ ખનિજો ત્રાવણકોર કાંઠાની રેતીમાંથી મળી આવે છે. મદ્રાસની ચાકની ટેકરીઓમાંથી મેગ્નેસાઇટ મળી આવે છે, મહીસુરના કોલારની ખાણોમાં સોનું ઉત્પન્ન થાય છે.

ધરતી માતા

ભારત ખેતી પ્રધાન દેશ છે છતાં તેની પ્રજા હમેશાં ભુખમરાના ફીનારા ઉપર જીંદગી ટકાવી રાખનારી છે. કુલ વસતિના ૮૭ ટકા લોકો ગામડાંમાં વસનારા અને ૭૦ ટકા ખેતી કરનારા છે. જુદા જુદા પ્રદેશોની જમીનની જુદી જુદી ખાસીયતોને કારણે ખેતીની કોઇ સર્વમાન્ય પદ્ધતિ દેશમાં આજસુધી હસ્તિમાં આવી શકી નથી. એક એકર દીઠ દુનિયાના બીજા દેશોમાં પાકતાં અનાજને મુકાબલે આપણા દેશના પાકનું પ્રમાણ કંગાલ છે. દેશમાં તરેહ તરેહનાં ખાદ્ય અને અન્ય પદાર્થોનો પાક થાય છે. ખાદ્ય પદાર્થોમાં મુખ્યત્વે ચોખા, ઘંઉ, ચણા, જુવાર, બાજરીનું પ્રમાણ કુલ પાકના ૮૦ ટકા જેટલું છે.

ચોખાનો પાક ગંગાના પ્રદેશમાં, પંજાબના કેટલાંક વિસ્તારોમાં, ઉત્તર પ્રદેશ, બીહાર, પશ્ચિમ બંગાલ, આસામ, પશ્ચિમ ઘાટ અને ઓરીસા અને મદ્રાસના કાંઠાળ વિસ્તારમાં થાય છે. ઘંઉ પંજાબ, પેપ્સુ, ઉત્તર પ્રદેશ, અને મધ્ય પ્રદેશમાં અને શેરડી પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, મદ્રાસ, મહીસુર, ઓરીસા અને હૈદરાબાદમાં વિપુલ પાકે છે. તેલી બીયાઓનો પાક મદ્રાસમાં, રૂનો પંજાબમાં અને દક્ષિણ પ્રદેશમાં અને ચ્હાનો પાક મુખ્યત્વે પશ્ચિમ બંગાલ, આસામ અને નીલગિરિ વિસ્તારમાં વિપુલ થાય છે. નાલીયેર અને કાજુનો પાક મલબારમાં ભરચક ઉતરે છે.

ભારતની ખેતી ઉપર પૃથ્વી ઉપરની કુલ માનવ જાતિની સંખ્યાના ૭ મા ભાગના ગુજરાનો આધાર છે. શણ, લાખ, ચ્હા, ભોંયશીંગ અને શેરડીની પેદાશમાં ભારત દુનિયાભરના દેશોમાં મોખરે છે. દેશની ધરતીના પાકમાં ઉત્પન્ન થતી મુખ્ય ચીજોમાં ચોખા, ઘંઉ, બાજરી, જુવાર, જાતજાતની દાળ, ચણા, રૂ, શેરડી, ગળી, ભોંયશીંગ, અળશી, એરંડા, તલ અને બીજાં તેલ બીયાં, શણ, તમાકુ, ચ્હા અને કોફી મુખ્ય છે.

પ્રજાની ૭૦ ટકા જેટલી વસતિનો ગુજારો કેવળ ખેતી ઉપર હોવા છતાં ખેતી ફક્ત મોસમી ધંધો છે—આખા વરસ માટેનો ઉદ્યમ નથી. પાકની ફક્ત બે જ મોસમ છે—ખરીફ અને રવિ. ચોમાસાના વરસાદની સાથે ખરીફ પાક માટેનું વાવેતર થાય છે અને શિયાળામાં રવિ પાકનું વાવેતર થાય છે.

જાનવરો

ભારતમાં હિંસક અને અહિંસક જાનવરોની વિવિધ જાતો વસે છે, એમાં સિંહ હવે ફક્ત સૌરાષ્ટ્રના ગિરના જંગલ સિવાય બીજે કોઇ ઠેકાણે નજરે પડતા નથી. વાઘ દેશમાં બધા જ પ્રદેશોમાં જોવામાં આવે છે, દીપડા અને ચીત્તા ટેકરીયાળ પ્રદેશોમાં પુષ્કળ હોય છે, હાથી હિમાલયની નીચેની ખાણોમાં, બ્રહ્મપુત્ર નદીના કાંઠાના વિસ્તારમાં અને નીલગિરિ પર્વતની ખીણોમાં વસે છે. રીંછ ટેકરીઓવાળા બધા જ પ્રદેશોમાં અને સાબર અને હરણ મેદાનોમાં બધે જ જોવા મળે છે. યાક નામનું ગાયને મળતું એક પ્રાણી કેવલ હિમાલયના ઉંચેરા વિસ્તારોમાં જ થાય છે. ગેંડાં આસામના કાંપમાં, ઉત્તર બંગાલમાં અને નેપાલમાં છે. વાંદરા, શાહુડી અને સુવર ઠેર ઠેર વસેલાં છે.

બકરાં, ઘેટાં, ઘોડાં, ટટ્ટુ, ગધેડાં, ખચ્ચર, બળદ, ગાય અને ભેંસ જેવા અહિંસક પ્રાણીઓ સર્વત્ર વસેલાં છે. ઉંટ રાજસ્થાન અને પૂર્વ પંજાબના અરણ્યોમાંથી મળી આવે છે.

પક્ષીઓ

ગીધ, સમડી, બાજ, જંગલી બતક, જંગલી હંસ, કબુતર, પોપટ, બગલાં, મોર, ચકલી, કાબર કોયલ, કાગડા વગેરે પંખીઓ દેશમાં સર્વત્ર જોવા મળે છે.

ભારતમાં જેમ માણસોની વિરાટ વસતિ છે તેમ પશુઓની વસતિ પણ ઘણી મોટી છે.

રશિયાને બાદ કરતાં બાકીની દુનિયામાં પશુઓની કુલ સંખ્યાના ૭ મા ભાગના પશુઓ ભારતમાં છે. માનવીની સંખ્યાની બરાબરીમાં અને ખેડાતી જમીનના એક એક એકરના પ્રમાણમાં દુનિયાના અન્ય કોઇ પણ દેશના કરતાં ભારતમાં પશુઓની સંખ્યા ઘણી મોટી છે. પશુઓનો ઉછેર મોટે ભાગે વાયવ્ય પ્રદેશમાં થાય છે. સૌરાષ્ટ્રથી માંડીને રાજસ્થાનમાં થઇને પંજાબથી કાશ્મિર સુધીની એક લીટી દોરવામાં આવે તો તે પ્રદેશમાં સહુથી વધુ પ્રમાણમાં પશુઓનો ઉછેર થાય છે. ભારતમાં ગાયોની સંખ્યા મોટી છે પણ તેમની હાલત કંગાલ છે. પંજાબ અને ગીર (સૌરાષ્ટ્ર)ની સહીવાલ ગાયો એમાં સર્વોત્તમ ગણાય છે. હાંસી (પંજાબ), નેલોર (મદ્રાસ), એરીગઢ (ઉત્તર પ્રદેશ) ડાંગ અને નીમર (મુંબઇ) અને હારીના (પંજાબ)માં હીસ્સારને નામે ઓળખાતો બળદ પેદા થાય છે. (અપૂર્ણ)



અ લ ફ તા ઉ

આપણા પય-ગમ્બેર હ. મુહમ્મદ (સ.) સફાની ટેકરી પર સુતા હતા. ઉંટની રૂંવાટીનો જામો એમણે પહેર્યો હતો. પવિત્ર મક્કા શહેર બાજુમાં વિસ્તરાયેલું પડયું હતુ. ખુદાની રહમરૂપી એ રાત્રિ અંધારી હતી અને શાન્ત હતી અને ખુદાની કૃપાથી સાતે આસમાનો એમની નજર પાસે ખુલ્લા દેખાયા—ભવ્ય અને દેદિપ્યમાન.

જીબ્રાઈલ ધીમેથી ઝમીન પર ઉતરી આવ્યા અને આપણા નબી હઝરત મુહમ્મદ (સ.) ને સ્પર્શ કરીને બોલ્યા: 'ખુદાઈ નૂરના દિદાર માટે 'સજ્જ બનેના ઓ રસુલ! ઉભા થાઓ. આ ધરતીની મર્યાદાની પર આવેલી વસ્તુઓને નિહાળો. તમારે માટે વીજળીની ગતિ ધરાવતો બુરાક નામનો અશ્વ હું લાવ્યો છું. એના પર સવાર થઈ જાઓ.'

દુધના જેવો સફેદ એ ઘોડો હતો. એની લાંબી કેશવાળીમાં મોતી અને માણેક પરોવેલા હતા. અચ્ચરના જેવી એની ખરીઓ હતી. માનવીના જેવું એનું વદન હતું. એના કમળને ઢાંકતી વાળની લટમાંથી એની આંખો સિતારાની માફક ચમકતી હતી.

સોનાના તારથી ગુંથેલું એનું પલાણ હતું. એના પર બેનમુન કારીગરી કરવામાં આવી હતી. એની બે પાંખોની ગતિ પાસે વીજળીની ઝડપ પણ નાકામિયાબ નિવડે.

એક એડી એણે સફાની ટેકરી પર મારી અને બીજી સિનાઈ પર. આજે પણ એનું નિશાન ત્યાં દેખી શકાય છે. એ પછી એનો હણહણવાનો અવાઝ જેરૂસલામમાં સંભળાયો. આપણા નબી (સ.) એ જમાએ ફિરસ્તાની સાથે નીચે ઉતર્યા અને મધરાતની નમાઝ ગુઝારી. એ પછી એમણે બુરાકને એ મસ્જિદના દ્વાર પર દોરડાથી બાંધ્યો.

ફિરસ્તાએ ફરમાવ્યું: 'ઉપર ચાલો.' એ શબ્દો બોલાયા અને એક તેજોમય અને વિશાળ સીડી આસમાનમાંથી નીચે ઉતરી. આસાનીથી કદમ મુકતાં, એ પ્રકાશ ફેલાવતી નિસરણી પર તેઓ ઉપર જવા લાગ્યા. આપણી પૃથ્વી, દોઝખ અને બેહિસ્ત તેઓ વટાવી ગયા અને પહેલા આસમાનમાં પહોંચ્યા. એના દરવાજા પર આદમ (અ.) ઉભેલા હતા. એ દરવાજો રૂપેરી ચોકઠાઓ અને પ્રવાહી સોનાનો બનેલો હતો.

ન્હાના ન્હાના ફિરસ્તાઓ ત્યાં એકઠા મળેલા હતા. કેટલાકો ખાલી થતાં વાદળાઓમાં વરસાદ ભરતા હતા અને પછી તેને ઝડપથી વહેતા મુકતા હતા. કેટલાકો જીવન્ત માનવીઓની સારવાર કરતા હતા. આ પૃથ્વી પર જેઓ જન્મે છે એમને એમના જ સ્વરૂપવાળો રક્ષક એ સ્થળમાં હોય છે. એક મોટી કાયાવાળો સુંદર સફેદ કુકડો ત્યાં સવારની બંદગી માટે કુકરેકુક બોલ્યો. એ અવાઝ સાંભળીને હઝારો ગૃહોની અંદર કુકડાઓએ બામદાદની બાંગ પુકારી.

એ જ મેઅ્રાજ પર તેઓ બીજા આસમાનમાં ચડી ગયા. એની કુંચી હ. નુહ (અ.) ના હાથમાં હતી. ફિરસ્તાઓનો સમૂહ ત્યાં બે પ્રકારનો હતો, પણ એમના વસ્ત્રોમાંથી એક આંખને આંજી નાંખે એવી રોશની ચોતરફ કિરણો ફેંકતી હતી કે ત્યાંના વસનારાઓ કેવા હશે એ હ. મુહમ્મદ (સ.) સ્પષ્ટ દેખી શક્યા નહિ.

પછી તેઓ ત્રીજા આસમાન તરફ જવા નીકળ્યા. આફતાબનું કિરણ જે ઝડપથી મુસાફરી કરે છે એ રીતે જો સફર કરે તો હઝાર વરસે ત્યાં પહોંચાય એટલું એ દૂર હતું, પણ એક ફાતેહા પઢાય એટલા સમયમાં તેઓ ત્યાં આવી પહોંચ્યા. હ. દાઉદ (અ.) અને હ. સુલયમાન (અ.)ની જોડી એના પ્રવેશદ્વારનું સામ્રાજ્ય સાચવતી હતી. એ સ્થળે સંપૂર્ણ

આનંદ હતો. આખી ભૂમિ માણેકથી જડેલી હતી. એવા રંગના જવાહીરો આ દુનિયાના કોઇ ઝવેરીએ દીઠા નથી હોતા. અહિં એક મહાકાય સર-ફિરસ્તાના તેમને દર્શન થયા. 'અલ્લાહનો વફાદાર ખાદિમ' એવું એનું નામ હતું. એના મસ્તક પરના તાજમાં સિતારાઓ હતા. એ સિતારાઓમાં માનવીઓની વસતિ હતી. નિરંતર એ માનવીઓ ખુદાના ગુણગાન કરતા હતા અને વાતાવરણને સુંદર સંગીતથી તરબોળ કરતા હતા. કોઇ ગુલાબનો બગીચો આસપાસની ભૂમિને ગુલાબની સુવાસથી તરબતર કરે તેમ એની પાંખોના પીંછાઓમાં ન્હાના ન્હાના સિતારાઓ એકઠા મળતા હતા અને કાફલાઓ જેમ ખલાસીઓ અને ખઝાનાઓ સાથે વિદાય લ્યે અને લાંબી સફર પર નીકળી પડે એમ ત્યાંથી ફરી વિદાય થતા.

અને પછી તેઓ ચોથા આસમાનમાં પહોંચ્યા. ત્યાં હ. યુનસ (અ.)નું આસન હતું, જેણે કદી મૃત્યુને જોયું નહતું. એની પાછળના દિવાનમાં કાળદૂત ઇઝરાઇલ સદા પોતાનો હિસાબ લખે છે. એના કરૂણા નીતરતા લલાટમાંથી પ્રસરતી છાયા પ્રલયાંડમાં અંધકાર ફેલાવે છે.

આપણા રસુલ (સ.)ને એના દિદારથી ભય ઉત્પન્ન થયો. એની નિષ્ઠુર આંખો એમણે નિહાળી. મૃત્યુનો ઘા જે હંમેશા મારે છે એ હાથો એમણે જોયા. હંમેશા ઇઝરાઇલ નવા જન્મેલા બાળકોના નામ એના દફતરમાં લખે છે અને મૃત્યુ માટે નિર્માયેલાના નામો ભુંસી નાંખે છે. એ વખતે એની આંખોમાંથી પવિત્ર આંસુઓ વહે છે. માનવજાતિની શરમ, પાપો અને એમને લાયક નસીહતોનો હિસાબ કરતાં એ રડી રહે છે. દરેક આત્મા મારેના લેણા દેણાનો હિસાબ મુનકિર અને નકીર નામના ફિરસ્તાઓ ત્યાં તૈયાર કરે છે.

પાંચમાં આસમાનનું પ્રવેશદ્વાર નીલમણીનું ઘડવામાં આવ્યું હતું અને જ્વલંત આતશના હરફો વડે લાઇલાહા ઇલલ્લાહ (ખુદા સિવાય બીજો કોઇ ખુદા નથી) એ કલમો લખેલો હતો. ત્યાં એઅરોનનું આસન હતું અને ખુદાના ખૌફનાં એ પ્રદેશનું તે રક્ષણ કરતો હતો. એની પાછળ ઇસરાફીલ પોતાનું રણશીંગુ ઝાલીને ઉભા હતા.

રણશીંગુ જે કબરમાં સુતેલાઓને જગાડશે અને જીવતાઓનો સંહાર કરશે, એ એણે ઝાલ્યું હતું. એના ગાલ ફુલેલા હતા. જાણે એ શીંગડું વગાડવાને એ દરેક ક્ષણે તૈયાર હોય! પણ ખુદાએ નિયત કરેલી ઘડીની કોઇને ખબર નથી. કયામતનો દિવસ કયારે ઉગશે એ કોઇ જાણતું નથી. એની આજુબાજુ તીરો, બળતી સાંકળો અને અધમ ગુનાહોને યોગ્ય સઝા આપી શકે એવા સાધનો વિખરાયેલા પડ્યા હતા.

છઠ્ઠા આસમાનમાંથી તેઓ હવે પસાર થયા. એના દરવાજા પર અફીણના રંગ જેવા સળીયાઓનું બારણું હતું. હ. મુસા (અ.) એ બારણું ખોલીને બ્હાર આવ્યા અને આપણા પયગમ્બર (સ.) ને ચુમ્બન કર્યું. અને મધુર વાણીથી કહ્યુંઃ 'યા રસુલિલ્લાહ! ઇશાકના વંશમાંથી મેં જેટલા આત્માઓને ખુદાના રાહ પર દોર્યા છે તેના કરતાં વધારે ઇસ્માઇલની ઓલાદના માનવીઓના આપ રાહબર બનેલ છો.' અહિંયા મિકાઇલની શમશીરમાંથી નીકળતા એક પ્રકાશ વડે તેઓ આગળ ચાલ્યા.

સાતમાં આસમાનમાં એક નૂર ફેલાયેલું હતું, જેનું વર્ણન કરવા માટે માનવીના દુનિયામાં શબ્દ નથી. કોઇ પણ ઝબાન એનું બયાન ન કરી શકે. એની ભવ્યતાનું બયાન કોઇ માનવીનો કાન ઝીલી શકે નહિ. ફક્ત આપણા પયગમ્બર, (સ.) એ એનું દર્શન કર્યું અને ખુદાને પ્યારા એવા હ. ઇસા (અ.), હ. ઇબ્રાહીમ (અ.)

અને એવા ઉન્નત, કુલીન આત્માઓ ત્યાં કેવા અનંત આનંદમાં વસે છે એની ફક્ત એમને જ માહિતી છે.

એ આસમાનના તેજોમય, દેદિપ્યમાન રક્ષકને સિત્તેર હજાર માથા હતા. દરેક માથામાં સિત્તેર હજાર ચેહરાઓ હતા. દરેક ચેહરાને સિત્તેર હજાર મુખ હતા અને દરેક મુખમાં સિત્તેર હજાર ઝબાન હતી. દરેક ઝબાન નિરંતર ઉચ્ચારતી હતી: 'અલહમ્દુલિલ્લાહ.'

અહિંયાની સરહદ પર, સિદ્દ નામનું કમળનું વૃક્ષ આવેલુ છે. એ હદ વટાવીને આગળ જવાનું કોઇ પણ ફિરસ્તા માટે શક્ય નથી. ખુદ જીબ્રાઇલ પણ એને ઓળંગીને આગળ ન જઇ શક્યા, પણ જેનો પ્રકાશ ઝીલવા માટે આંખો અશક્ત છે, જેના નામનો ઉચ્ચાર કરવો એ આદમી માટે અશક્ય છે, એવા આત્માઓના સાંનિધ્ય વડે બીલોર જેવા એ રાહ પર આપણા નબી (સ.) એ આગળ ગતિ કરી.

એકલા, તનહા અસંખ્ય ફિરસ્તાઓનો સંઘ જ્યાં અનંત બ્રહ્માંડમાં ખુદાના ગુણગાન કરતો સદૈવ ખડો રહે છે, એને વટાવીને અવર્ણનીય ભવ્યતા પાછી ભવ્યતા પસાર કરતા તેઓ આગળ ચાલ્યા. એમના અદૃશ્ય રાહબરોએ એમને શોકનું સરોવર ઓળંગાવ્યું અને ઉજ્જવલતાના સાગરમાં એમણે ઝુકાવ્યું. મર્ત્ય માનવીની તાકાત નથી કે એ અજીબ દૃશ્યોને પોતાના અંતરમાં સંઘરી શકે.

અને પછી એ ગુપ્ત પ્રદેશમાં તેમણે પગ મૂક્યો. અહિંયા અનંતતા સદા વહે છે. સમયની અહિં ગણતરી નથી. માનવીના ખ્યાલો અહિં પહોંચી ન શકે. આ પ્રદેશમાં હજારો બલ્કે લાખો સ્થંભો ઉભા છે. પ્રેમના પ્રકાશની દેદિપ્યમાન દિવાલો અખંડ છે અને આસમાનની ટોચ સુધી ઉંચી ઉભી છે.

આપણા પયગમ્બર હ. મુહમ્મદ (સ.) એ ત્યાં ખુદાના દર્શન કર્યાં. એનું સિંહાસન એમણે નઝરે નિહાળ્યું. ઓ ખુદા! તારા નિવાસસ્થાનનું વર્ણન કરવાની આ નાતવાન કલમ હુજ્જત કરે છે એને તું દરગુઝર કરજે. તું કરોડો બ્રહ્માંડોનો રાજાધિરાજ અને તેં પયગમ્બર સાથે ગુફતગો કરી. તું હજારો ગુપ્ત ભેદોને ખુલ્લા કરનાર, તું અનંત સ્વામી, તારૂં ભવ્ય સિંહાસન એમણે નિહાળ્યું એને એમના સિવાય કોઇ માનવીની, કોઇ મખલૂકની નઝરે નિહાળ્યું નથી. એમણે તારા શબ્દો સાંભળ્યાં. વીજળીના ચમકારા ઝીલતું ગરૂડ પક્ષી જેમ આકાશમાં પાંખો સ્થિર કરીને સમતોલપણુ સાચવી ઝમીન તરફ આવે છે એમ એ શબ્દો નીચે સર્યાં.

અને પછી હ. મુહમ્મદ (સ.) પાછા ફર્યાં. કમળ વૃક્ષ પાસે જીબ્રાઇલ એમની રાહ નિહાળતા ઉભા હતા અને જેરૂસલામનાં મસ્જિદના દ્વાર પર બુરાક હજી બાંધેલો હતો. એને છુટો કરવામાં આવ્યો. એની પાંખોની વચ્ચે એમણે ફરી રાંગ વાળી.

ઝાયનની પવિત્ર ભૂમિ પર એણે એક એડી મારી. બીજો પગ એણે સિનાઇની ટેકરી પર મૂક્યો. મુસાફરી પૂરી થઇ ત્યારે સૂર્ય હજી આથમ્યો નહોતો.

[સર એડવીન આર્નોલ્ડના
Pearls of Faithમાંથી]

—હાથમાં અમર્યાદ સત્તા હોવા છતાં બીજા કોઇને જરા પણ નુકસાન થાય એ રીતે તેનો કદિ ઉપયોગ ન કરવો એ માનવીનો ગોરામાં મોટો સદ્‌ગુણ છે.

—સોક્રેટીસ

અમારા મેઘાણીભાઈ

ભાઈ ઝવેરચંદ મેઘાણીને ગુજરાતે એક લેખક, કવિ, વિવેચક, લોકસાહિત્યના સંશોધક અને કલાકો સુધી હજારોની મેદનીને કથાઓ, કાવ્યો અને લોકગીતોથી મુગ્ધ કરી થંભાવી દેનાર પ્રખર વાણીસ્વામી તરીકે ઓળખવા માંડ્યા પછી એમને એક વ્યક્તિ તરીકે ઓળખવાની, એમની જીવનકથા સમજવાની ઇચ્છા કરી. એમનાં નામ સાથે સંકળાયલી જાદુગરી હજુ પણ એવી ને એવી ચમત્કારી છે. પચીસ વરસ પછી આપણી કોલેજોમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પૂછશે: "ઝવેરચન્દ મેઘાણી કેવા હતા? કેવા હશે!" એમને વિશે વાતો સાંભળવાની એ વિદ્યાર્થીઓને જિજ્ઞાસા થશે અને એમને વિશે લખાયલાં પુસ્તકો, નોંધો અને એમની સાથે નિકટના પરિચયમાં આવેલાઓએ એમનાં સંઘરેલાં અને પ્રસિદ્ધ કરેલાં સ્મરણોમાંથી એમને ઘણી સામગ્રી મળી રહેશે. પચાસ વરસની આયુષ્ વટાવીને વનમાં પ્રવેશ કરવાને ટાણે એમનું ગામતરું થયું. અને એ પોતાની પાછળ પોતાનાં રચેલાં નાનાં મોટાં ૮૬ પુસ્તકો મૂકતા ગયા. એમાંના કેટલાંક આપણી વિદ્યાપીઠોના અભ્યાસક્રમમાં પાઠ્ય પુસ્તકો બન્યાં છે અને બીજાં હજુ હવે બનશે.



સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણી

ગુજરાતના વિશાળ વાચકવર્ગને એમનાં પુસ્તકો વાંચતાં હજુ તૃપ્તિ થતી નથી. હિંદી વાંચકો અને લેખકોના સમૂહમાં પણ એક એવો વર્ગ છે કે જેને પરપ્રાંતીય સાહિત્યની માહિતી મેળવવાની ઉત્કંઠા રહે છે. એઓ ગુજરાતી સાહિત્ય વિશે વાત કરે ત્યારે બીજા કોઈ પણ કવિ કે લેખકનાં કરતાં મેઘાણીને વિશે જાણવાની વધુ જિજ્ઞાસા અને ચીવટ બતાવે છે. એમાંથી જેઓ તેમને એકાદ વાર પણ મળી શક્યા હશે તેઓ એમનું સ્મરણ કરીને રાચે છે અને લોકગીતોના અનુપમ અભ્યાસી દેવેન્દ્ર સત્યાર્થી જેવા જેમને એટલું પણ સુભાગ્ય સાંપડ્યું નહીં હોય તેઓ જીવનનો એક લ્હાવો ચૂકી ગયા હોય એમ સમજીને વિમાસે છે. આવી વ્યક્તિઓની જીવનકથાના નાના નાના પ્રસંગો પણ તવારીખનવેશને સંઘરી રાખવા જેવા લાગે છે.

ભાઈ મેઘાણીનાં જીવનના કેટલાક હળવાં, રમૂજી, ગંભીર અને ઘરગથ્થુ પ્રસંગો અમારા કુટુંબની તવારીખમાં જળવાઈ રહેલા છે. એમાંથી થોડાએક અહીં ઉતારવાનો પ્રયત્ન કરું તો "નવજીવન"ના વાચકોને એ રસપ્રદ થઈ પડશે એમાં મને શંકા નથી. એ એમના અક્ષરદેહને લગતા નથી—અંગત છે.

મારો અને મારા કુટુંબીઓનો એમની સાથેનો સંબંધ અને ૧૯૧૩ માં શરૂ થયો. એ વરસે અમરેલીની હાઇસ્કૂલમાંથી (૧૯૧૨માં) મેટ્રીક પાસ કરીને એ સામળદાસ કૉલેજમાં દાખલ થયા. હું એ વરસે ઇંટર આર્ટસમાં ભણતો હતો.

સામલદાસ કૉલેજ મુંબઇ યુનિવરસીટીની એ સમયની બધી કૉલેજોમાં પ્રમાણમાં નાની કૉલેજ—અને સહુથી સોંઘી પણ ખરી. એ સમયે આખી ટર્મની તેની ફી ફક્ત ૨૪ રૂપીઆ. હોસ્ટેલમાં રહેનારા વિદ્યાર્થીઓનો ભોજન ખર્ચ દર મહીને દસ રૂપીઆથી યે ઓછો આવે. દસ ઉપર પહોંચે તો હોસ્ટેલવાસીઓમાં જરા બેચેની પેદા થાય. હોસ્ટેલની ઓરડીનું ભાડું ટર્મના ફક્ત ત્રણ રૂપીઆ. હોસ્ટેલવાસીઓ પોતાનાં કપડાં હાથે ધોઇ લે. પંદર રૂપીઆમાં મહીનો ઉકલી જાય તેમાં કૉલેજની ફી પણ આવી જતી. અને મહિનામાં એકાદ બેવાર મિષ્ટાન્નની ઉજાણીઓ પણ એમાં સમાઇ જાય.

અને કૉલેજનું શિક્ષણ ઉચ્ચ કક્ષાનું. પ્રોફેસરોની સંખ્યા પ્રમાણમાં ઓછી પણ પ્રત્યેક પોતપોતાના વિષયમાં નિપૂણ. પ્રિન્સીપલ સંજાણા જેવા પ્રખર વિદ્વાનની એક મહાન ગણિતશાસ્ત્રી તરીકે આખા ઇલાકામાં ભારે ખ્યાતિ હતી.

આવી ગરીબ પણ ગરવી કૉલેજમાં ગરીબીમાં ગૌરવ લેતા મેઘાણી દાખલ થયા. અજાણ્યા ને પરગામના વિદ્યાર્થીને કૉલેજનાં નવા વાતાવરણ સાથે જલદી મેળ ન જામે મારો એવો ખ્યાલ છે કે ૧૮૮૫ માં સ્થપાયલી એ કૉલેજમાં એક જ વરસના વિદ્યાર્થીઓની સમગ્ર સંખ્યા ૧૯૧૩ માં પહેલી જ વાર ૧૦૦ નો આંકડો વટાવી ગઇ હતી એ પહેલાં ૭૫–૮૦ ની સંખ્યા બહુ મોટી ગણાતી.

બગસરાની હાથશાળનો કાળી ચોકડીની ભાતવાળો સાફો, સફેદ લાંબો ડગલો, ધોતીયું અને દેશી ઢબના જોડા, કોઇક વાર સાફાને બદલે ઉંચી દીવાલની ગુંથેલા વાળની કાળી ટોપી: આ એમનો એ વખતનો એકધારો પોષાક. દર બે "પિરિયડ"ની વચ્ચે કેટલાક વિદ્યાર્થીઓને વર્ગની બહારની ઓસરીમાં આવીને ઉભા રહેવાની આદત હતી. એમાંના એક મેઘાણી હતા. મારા વર્ગમાં એક એવો હું હતો. દૂર ઉભા ઉભા ગંભીરપણે શાંત, વિચારમગ્ન એ વિદ્યાર્થીને હું જોઉં અને જાણે પૂર્વ જન્મની કાંઇ ઓળખાણ હોય એમ એના તરફ મીટ માંડી રહું. એ પણ કોઇ વાર મારા તરફ જોઇ રહે.

એમના વર્ગમાં ભણતા એક બે મિત્રોને મેં એકવાર પૂછ્યું, "આ ભાઇ કોણ છે? ક્યાંથી આવેલા છે?"

એકે જવાબ આપ્યો, "એ છે જનકરાજા. અમે એને એ નામથી ઓળખીએ છીએ."

પછી એક દિવસે એમને પિછાનતા મારા એક મિત્રે કહ્યું, "એનું નામ ઝવેરચંદ કાલિદાસ મેઘાણી. બગસરાના એ વતની છે. એના બાપુ એજન્સી પોલીસખાતામાં જમાદાર છે."

એ મિત્રે અમારો પરસ્પર પરિચય કરાવ્યો. આમ મારી એમની સાથેની ઓળખાણ શરૂ થઇ.

એ પછી એકવાર હું એમને મારે ઘેર જમવા લઇ આવ્યો. એ વખતે એ સામલદાસ કૉલેજની નવી હોસ્ટેલમાં રહેતા હતા અને એમની ઓરડીના સાથી હતા સ્વ. પરમાનંદ પુરુષોત્તમ જોશી. શ્રી જોશીના પિતા બગસરાની ગુજરાતી નિશાળના હેડમાસ્તર હતા. મેં જોશીને પણ સાથે જમવા નોતર્યા. તે દિવસથી અમારા કુટુંબ

સાથે એમનો પરિચય શરૂ થયો. મારા સ્વર્ગસ્થ માતાપિતા, બ્હેનો, ભાઈઓ, અને પત્ની મેઘાણીને તે દિવસથી ઓળખતા થયા. મારો નાનો ભાઈ રામુ એ વખતે હાઈ-સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં હતો. એ પહેલી જ મુલાકાતે મેઘાણીએ પોતાના વ્યક્તિત્વની એમના સહુના ઉપર જે છાપ મૂકી એ ચિરંજીવ બની અને આજ સુધી ભુસાઈ નથી.

હું કોલેજમાં ભણતો એ વરસોમાં ભાવ-નગરમાં સ્થપાયલી એક અંત્યજ શાળાની વ્યવસ્થા અને દેખરેખ રાખવાનું કામ મારે માથે આવેલું. એ હતો ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા તે પહેલાનો કાળ અને અસ્પર્શ્યતાની નાગચૂડ એ વખતે સમાજમાં આજે આપણને કલ્પના ન આવે એટલી મજબૂત હતી. શહેરના વસતિવાળા વિસ્તારથી ઘણે દૂર, વગડાઉ સ્થાનમાં, રૂવાપરી માતાના મંદિરને ઉજ્જડ રસ્તે અંત્યજ શાળાનું મકાન હતું. એક વાર એ શાળાનાં બાલકોને મનોરંજન આપવા માટે રાતને વખતે "મેજીક-લેંટર્ન"નો ખેલ ગોઠવ્યો હતો. સાથે કેંક વાર્તા-વિનોદનો કાર્યક્રમ રાખેલો. એમાં હાજરી આપવાનું કોલેજની હોસ્ટેલમાં રહેનારા કેટલાક વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું હતું. "અંત્યજ શાળા" એમાંના ઘણાને માટે એ સમયે એક કુતૂહલ હતું. મેઘાણી, જોશી અને સાથે બીજા પંદર વીસ હોસ્ટેલવાસીઓ આવી ચડ્યા. વિદાય વખતે એ અંત્યજ બાલકોને હાથે મહેમાનોને પાનસોપારી વ્હેંચવામાં આવ્યાં. સૌએ એ લીધાં ખરાં, પણ એમાંથી ખાધાં ફક્ત બે જણાએ—મેઘાણી અને જોશીએ.

૨. મોડી રાતે કોલેજની હોસ્ટેલમાં એક "કોર્ટ માર્શલ" બેઠું. મિ. મેઘાણી અને મિ. જોશીએ ઢેઢના હાથના આપેલાં પાનબીડાં ખાધાં છે એ અપરાધ માટે એમના પાટલા હરેથી બીજાથી દૂર, છેક છેવાડે નાખવા એવો ચુકાદો જાહેર થયો. બન્ને જણાએ કશી ફરીઆદ વગર એ ચુકાદો સાંભળી લીધો. કોલેજની હોસ્ટેલમાં રહ્યા ત્યાં સુધી એમની થાળીઓ છેલ્લી અને બીજાઓથી દૂર મૂકાતી. વચમાં એકાદ ટર્મ મેઘાણી જુનાગઢની બહાઉદ્દીન કોલેજમાં ભણવા ગયેલા; ત્યાંથી પાછા ભાવનગર આવ્યા ત્યારે પણ એ શિરસ્તો ચાલુ રહેલો. એની સામે એમણે કદી વિરોધ કે ફરીઆદનો એક હરફ ઉચ્ચાર્યો નહોતો.

શ્રી. પરમાનન્દ જોશી એ પછી એમ. એ. થઈને મુંબઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયલા. એકાદ વેકેશનમાં એ જેતપુર ગયેલા ત્યાં ભાદર નદીમાં ન્હાવા જતાં અકસ્માતથી ડૂબી ગયા. એ એક દુઃખદ સ્મરણ છે.

કોલેજનાં વરસો દરમીઆન મેઘાણીનું જીવન બહુ સાદું અને તપશ્ચર્યાવાળું. પોતાનાં કપડાં હાથે જ ધોવામાં એમને એક જાતનું ગૌરવ લાગતું અને એ ધોવાની કલા એમણે સરસ રીતે સાધી હતી. એ આદત તો એમણે છેક જીવનભર ચાલુ રાખેલી. ચ્હા પીવાની શરૂઆત એમણે સને ૧૯૧૯માં પોતે કલકત્તા નોકરી અર્થે ગયા તે અરસામાં પાડેલી. તે પહેલાં ચ્હાના સ્વાદથી એ સર્વથા અજ્ઞ હતા. લગ્ન કરવાની એમની ઇચ્છા નહોતી. પોતાનો એકલાનો ઘણી જ કરકસરથી નિર્વાહ થાય અને માતાપિતાને ખર્ચ માટે દર મહીને થોડી રકમ મોકલી શકાય એથી વધારે કમાવાની એમની વૃત્તિ નહોતી. કોલેજનો અભ્યાસ પૂરો કરીને ભાવનગરમાં જ સ્થિર થવા માટે મેઘાણી મારી સાથે જ સનાતન ધર્મ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. એમને એમ. એ.ની પરીક્ષા માટે 'વાંચવું' હતું એટલે નિશાળમાં અરધો જ વખત કામ કરતા અને પ્રમાણમાં પગાર

ઓછો લેતા. શરૂઆતમાં તે દોઢ-બે માસ અમારે ઘેર જ રહેલા.

સત્યાગ્રહ આશ્રમમાં મહેમાન થનારાઓ પાસે ગાંધીજી દળણું દળવાનું, પાણી ભરવાનું વગેરે કામ લે છે એવી વાતો એ સમયમાં બહુ કુતૂહલપૂર્વક સંભળાતી. કવિશ્રી ન્હાનાલાલે એકવાર સાબરમતી આશ્રમમાં જઈ ત્યાંથી અમારે ત્યાં આવીને કહ્યું, "હું ઘંટી ચલાવી આવ્યો." અમારાં ઘરમાં ઘંટી હતી અને અનાજ બધું ઘરમાં જ દળાતું. મેઘાણીએ એક રાતે કહ્યું. "મારે આવતી કાલથી દળવું છે." એ પછી સવારે અંધારામાં ઊઠીને એ મારી પત્ની કે બ્હેનની સાથે ઘંટીએ બેસતા. કોઈ વાર એકલા પણ દળતા. ત્રણ ચાર પાલી ઘઉં બાજરી દળી-દળાવી કાઢે. કોઈ વાર મને પણ એમની સાથે બેસવાનું મન થતુ પણ ઘણીવાર નહીં.

એ અરસામાં એકવાર રાતને વખતે મેઘાણી, રામુ અને હું આરામથી બેઠા હતા. મેં એમને કહ્યું, "ભાઈ, તમે હવે કૈંક લખો. કોલેજ મેગેઝીનમાં પ્રસિદ્ધ થયેલી તમારી બન્ને વાર્તાઓ બહુ વખણાઈ છે. તમે લખી શકો છો. લખવા માંડો."

અરધી સદીની આવરદામાં ૮૬ પુસ્તકો અને છુટાછવાયા લેખોનો ઢગલો ગુજરાતને આપી જવાનું જેને માટે નિર્માયું હતું એવા એ બાવીસ વરસના ઉઘરતા યુવાન મિત્રને હું સલાહ આપતો હતો, "કંઈક લખો."

એમણે જવાબ આપ્યો, "હું શું લખું! કંઈ સુઝતું નથી."

મેં કહ્યુ "હું શું લખું? કંઈ સુઝતું સુજને નથી" એ તો એક ગઝલની પંક્તિ થઈ. હવે બીજી પંક્તિ કહો.

મેઘાણીએ કહ્યું, "મારી હકીકત કોઈ સાંભળતું નથી."

અને મેં કહ્યું, "તારી હકીકત સાંભળીને શું કરે?"

રામુએ ચોથી પંક્તિ આપી, "તારી હકીકત સાંભળીને, શું, મરે?"


એ ચારે પંક્તિઓ રામુએ કાગળ ઉપર ઉતારી. પછી અમારી સર્જન પ્રવૃત્તિ આગળ વધી. આવી "રૂબાઈ"ઓ એક પછી એક બોલાતી ગઈ અને લખાતી ગઈ. ત્રણે જણાનો એમાં ફાળો આવવા લાગ્યો. એક રૂબાઈ આ પ્રમાણે હતી:

તારીખ ચોથી વાર મંગલ આજ છે
ને ઘોર રાત્રિનું હૃદયમાં રાજ છે
આ સૃષ્ટિકર્તા મૂર્ખનો સરતાજ છે

અને પછી છેલ્લી પંક્તિ અંગ્રેજીમાં જેને "સ્પેન્સેરીઅન" કહે છે તે માપની હોવી જોઈએ એમ નક્કી કરીને રચવામાં આવી "દુનિયા તણો રિવાજ કે સમડી પછાડી બાજ છે."

આમ અમે "કવિતા કરવાનું કારખાનું" ઉઘાડયું.

બીજી રાત્રે કલાપીનું "સાકીને ટપકો" એ સુંદર કાવ્યનું એક પ્રતિકાવ્ય (પેરોડી) અમે એ જ રીતે તૈયાર કર્યું. ઘણાં વરસો સુધી કલાપી મેઘાણીના પ્રિય કવિ હતા. કલાપીનાં અનેક કાવ્યો મેઘાણીએ જે રીતે ગાયાં છે એવાં બીજા કોઈને મ્હોંયે સાંભળ્યા નથી. "હું જોઉં છું," "સૈયારી અશ્રુની ધારા." "અરે તું વૈદ કાં તેડે?" "હરણી અને મૃગ" વગેરે એમની હલકમાંથી સર્યાં છે એવાં અન્યત્ર સાંભળવા મળ્યા નથી. એમાં સહુથી વધારે સ્મરણીય એમનું ગાન "સાકી જે શરાબ મને દીધો દિલદારને દીધો નહિ" એ ગઝલ હતી. ઘરમાં એ ગાતા હોય તો રસ્તા પર એને સાંભળવા લોકોની મેદની મળે. વીસેક મિનિટ સુધી એ એક જ કાવ્યનું ગાન ચાલે. કલાપીનું દર્દ મેઘાણીની ઘેરી હલક-



"જોઉં આંહા ત્યાં આવતી, દરિયાવની મીઠી લહર
તેના ઉપર ચાલી રહી નાજુક સ્વારી આપની"

—કલાપિ.

માંથી નીતરે ત્યારે વાતાવરણમા એના પડધા પડતા લાગે. એ સાંભળવાનો જેને લ્હાવો મળ્યો હશે તેનાથી એ ગાન કદી નહીં ભુલાય.

એ સુંદર ગઝલની યે અમે 'પેરોડી' (પ્રતિકાવ્ય) કરી નાખી. એનું મથાળું કર્યું, "ભટને ઠપકો." એની પ્રથમ પંક્તિ હતી, "ભટ જે રસોઇ મને દીધી તે તેં વખ્તસર દીધી નહીં." કલાપીની આખરી ચાર લીટીઓ–

"જો આવશે કો' દિ સનમ,
તો લાવશે આંહી કદમ
તું રાખજે ભાઇ રહમ
ગફલત ધટે થાવી નહીં."

અમ પ્રાતકાવ્યમા રચ્યુ—

"જો કોઇનું થાશે કુમરણ,
તો આવશે આંહી જમણ,
તું નાખજે ભાઇ ખમણ,
બનાવટ ધટે થાવી નહીં."

એ બે રાતનાં અમારાં "કર્તુંકો" કાગળ પર ઉતારી લઇને રામુએ "કવિતા કરવાનું કારખાનું" નામે એક લેખ તૈયાર કરીને એ વખતે પ્રસિદ્ધ થતા સ્વ. હાજીમહમ્મદ અલ્લારખીઆ શિવજીનાં લોકપ્રિય, વિખ્યાત માસિક "વીસમી સદી"માં છાપવા મોકલી આપેલો—અને હાજીમહમ્મદે એ છાપેલો પણ ખરો! [અપૂર્ણ]

કપિલ પરમાનંદ ઠક્કર.

—દુનિયામાં પહેલવહેલાં જે પુસ્તકો છપાયાં તેમાં એક ચીનાઇ ભાષાનો શબ્દકોષ હતો. ઈસ્વી સન ૯૯૭મા એ છપાયેલો. ચીનાઇ ભાષામાં લખવા માટે જે નિશાનીઓ અને આકૃતિઓ વપરાય છે તેવી ૨૬૪૩૦ આકૃતિઓના અર્થો એમાં આપવામાં આવ્યા હતા.

—અરબસ્તાનના રેતીના રણમાં મુસાફરી કરનાર બેદુઈન કોમનો આરબ રણમાં પાણીનું ઝરણ કઇ દિશામા ને કેટલુ દૂર છે તે હવાની ગંધ ઉપરથી જાણી શકે છે.

—આપણને ગરમી અને પ્રકાશ આપનાર સૂર્ય સૃષ્ટિમાં સહુથી વધુ તેજસ્વી ગ્રહ છે એમ રખે માનતા! તેનાથી દૂર આવેલો M. 13 (એમ. ૧૩) નામનો એક તારો છે તેનું તેજ સૂર્યના પ્રકાશ કરતા બે કરોડ અને એક લાખ ગણું વધારે છે!

—દોડવામાં સહુથી ઝડપી જાનવર ચીતો છે. એની ઝડપ કલાકના ૭૦ માઇલની હોય છે અને સહુથી ઓછી ઝડપ કોની છે તે જાણો છો? ગોકળગાય કલાકમાં ફક્ત ૨૩ ફૂટ ચાલે છે.

—ચીનાઇ માટીના વાસણોને ચકચકતા રાખવા માટે ધોવાના પાણીમાં થોડુ એમોનીઆ નાખી જોજો. બહુ કીંમતી ચીનાઇ માટીના વાસણોને સાફ કરવા માટે ગરમ પાણીમા બોળેલી વાદળી અને સાબુનો ઉપયોગ કરજો. જો વાસણો ઉપર ચિત્રામણ કે ગીલ્ટ લગાડેલ હોય તો તેને સાફ કરવામા સોડા કદિ વાપરતા નહીં.

—ધરની જાજમો, શેતરંજીઓ અને બાઇથીઓમા ધુળના રજકણો ભરાઇ જાય છે તે કાઢવા માટે તેવી ચીજોને વારંવાર ઝાપટી નાખવી પડે છે. બગીચામાં પાણી પાવા માટે રબ્બરની હોઝ પાઇપનો ટુકડો આ કામ માટે બહુ સારો થઇ પડે છે, કેમકે લાકડીના કરતા એ વધારે સહેલાઇથી જેમ વાળવો હોય તેમ વાળી શકાય છે.

અકબરના સમયનું ભારત

ઇસ્વી સન ૧૫૫૬ થી ૧૬૦૫ સુધી એ વખતનો દુનિયાનો મોટામાં મોટો બાદશાહ અકબર દિલ્હીના તખ્ત ઉપર હતો. ૧૪ વરસની કાચી ગણાતી ઉમરે અકબર સને ૧૫૫૬માં ગાદી ઉપર બેઠો ત્યારે તેની હકુમતમાં કશો જ મુલ્ક નહોતો એમ કહીએ તો ચાલે. ૧૬૦૫માં અકબર મરણ પામ્યો ત્યારે કાબુલ અને કાશ્મીરથી અહમદનગર સુધી અને બલુચીસ્તાનથી બ્રહ્મપુત્ર નદી સુધીનો પ્રદેશ એના તાબામાં હતો. પોતાની પહેલાંના મુસલમાન રાજાઓની પેઠે અકબરે મુલ્કો જીતવામાં જ કૃતકૃત્યતા ન માનતાં જીતેલા મુલ્કોની વ્યવસ્થા સરખી કરવાનો ખાસ પ્રયત્ન કર્યો હતો અને પોતાની અસાધારણ બુદ્ધિથી એ વખતના પ્રમાણમાં એ વ્યવસ્થા તેણે ઉત્તમ રીતે કરી હતી. પોતાની શાંત અને ધાર્મિક વિરોધ વગરની રાજનીતિથી દેશજનોની તેમ જ પરદેશીઓની તેણે પ્રીતિ મેળવી હતી. અકબરના છેલ્લાં વર્ષોમાં ધર્માંધ મુસલમાનો એનાથી નારાજ રહેતા ખરા, પણ સાધારણ રીતે અકબરના રાજ્યમાં હિંદુ, મુસલમાન, પારસી, જૈન અને ફીરંગી સર્વે લોકો પ્રસન્ન હતા. અકબરનું જીવનચરિત લખનાર વિન્સેંટ સ્મીથના શબ્દોમાં કહીએ તો ઇતિહાસમાં પ્રસિદ્ધ થઇ ગયેલા દુનિયાભરના મોટામાં મોટા શહાનશાહોમાંનો અકબર એક હતો. એની એ મહત્તા સંજોગોને લઇને નહીં પણ એના અસામાન્ય ગુણો, અપૂર્વ વિચારો, ઉદાર દિલ અને અસાધારણ પરાક્રમોને લઇને પ્રાપ્ત થયેલી હતી.



શહાનશાહ જલાલુદ્દીન અકબર—ગાદીએ બેઠા તે વખતનું ચિત્ર

આ મહાન મોગલ શાહાનશાહના સમયમાં આ દેશની સ્થિતિ કેવી હતી એ ટુંકામાં જોવાથી છેલ્લાં ૩૦૦–૩૫૦ વરસમાં આપણી સ્થિતિમાં શો ફેરફાર થયો છે એ સહજ સમજાશે. સાધારણ રીતે એ જમાનાના કોઇ પણ ચોક્કસ આંકડાઓ મળવા મુશ્કેલ છે, તેમજ મુસલમાની સમયના જે ઇતિહાસો અત્યારે મળે છે તેમાં રાજાઓ, રાજાઓના કુટુંબીઓ, પાસબાનો, અમીરો, યુદ્ધો વગેરે રાજાના વ્યક્તિત્વ સાથે સંબંધ ધરાવનારી વાતો જ મુખ્યત્વે લખેલી હોય છે. લોકોની સ્થિતિ, પ્રવૃત્તિ કે પ્રગતિ વિશે એ ઇતિહાસોમાં કશું જ હોતું નથી. પણ અકબરના મિત્ર અને મંત્રી અબુલ ફઝલે "આઇને અકબરી" નામનાં પોતાના પ્રખ્યાત પુસ્તકમાં એવી ઘણી હકીકતો લખી છે. અકબરે કરેલી રાજ્યવ્યવસ્થા તથા મહેસુલી વ્યવસ્થા સાથે એ વખતના જુદી જુદી ચીજોના ભાવતાલ તેમજ મજુરીના દર પણ એમાં નોંધાયલા છે. એણે કરેલી નોંધો બહુ વિસ્તારવાળી હોવા છતાં એવી ગુંચવણ વાળી છે કે એમાંથી આજના જમાના સાથે સરખામણી લાયક તારણ કરવું મુશ્કેલ છે. વળી અબુલ-ફઝલે અકબરના સમયની જો

પહેલાંના સમય સાથે સરખામણી કરી નથી. આમ છતાં એણે ઘણી ઉપયોગી વિગતો પૂરી પાડી છે. અહીં અબુલ ફઝલ ઉપરથી પ્રખ્યાત અંગ્રેજ ઇતિહાસકાર વિન્સેંટ સ્મિથે જે તારણ કર્યું છે તેનો આધાર લેવામાં આવ્યો છે.

વિદ્યાકલાનો વિકાસ

સાધારણ રીતે રાજ્યદ્વારી શાંતિના સમયમાં જ દેશમાં વિદ્યાઓ અને કલાઓનો વિકાસ થાય છે. અકબરે ઘણે અંશે પોતાનાં રાજ્યમાં શાંતિ સ્થાપી હતી. વળી અકબરની સૂર્તિના સંસ્કારો પણ પ્રજામાં ફેલાયા હશે. એટલે જ અકબરના રાજ્યઅમલમાં આ દેશમાં વિદ્યાઓનો અને કલાઓનો અસાધારણ વિકાસ થયેલો જોવામાં આવે છે. અકબરના સમયમાં ફારસી (પરસ્યન) સાહિત્યનો ઝાઝો વિકાસ થયો નહોતો એમ જાણકારો કહે છે. એટલે એના વિશે વિચાર કરવાની જરૂર નથી. માત્ર અબુલફઝલ એમાં અપવાદરૂપ છે. એ એક મહાન લેખક હતો અને "આઇને અકબરી" તથા "અકબરનામાં" જેવાં પુસ્તકો લખીને તેણે પોતાના બાદશાહનું નામ અમર કર્યું છે અને તેનો ઉંડો પારચય દુનિયાને માટે એ મૂકતો ગયો છે. પણ એ રાજભાષાનાં સાહિત્ય કરતાં ઘણું વિશેષ પોષણ એ જમાનામાં દેશની અન્ય ભાષાઓના સાહિત્યનું થયેલું હતું.

આપણા દેશના પ્રાચીન રાજાઓની પેઠે અકબરને પણ પોતાની આસપાસ પંડિતો, ધર્માચાર્યો, કવિઓ, કલાભિજ્ઞો વગેરે મનુષ્ય રત્નોને એકઠા કરવાનો શોખ હતો. દૂરદૂરથી ખાસ નિમંત્રણ આપીને પણ ઘણીવાર ધર્માચાર્યોને અકબર પોતાની રાજ્યસભામાં બોલાવતો હતો. રાજા બીરબલ અને રાજા ટોડરમલ જેવા રાજધાનીથી દૂરના પ્રદેશમાં જન્મેલા અને ગરીબ સ્થિતિના માણસો રાજ્યમાં ઉંચી પાયરીએ ચડીને અકબરના વિશ્વાસ સાથે એની મિત્રતા મેળવી શક્યા એ કેવલ પોતાનાં બુદ્ધિબળથી જ. અકબરની રાજનીતિમાં કોમવાદને સ્થાન નહોતું. મુસલમાનો તરફ અકબરને પક્ષપાત નહોતો કે હિંદુઓ તરફ દ્વેષ નહોતો. વળી અકબરે જે મહેસુલી વ્યવસ્થા દાખલ કરી હતી એનાથી છેક દૂરમાં દૂરનાં ગામડાંઓ સાથે રાજ્યનો સંબંધ રહેતો અને મહાલોના કાનુનગોને વઝીરો સાથે સતત સંબંધ રહેતો.

સર્વધર્મોનો અભ્યાસ

અકબરને સર્વે ધર્મોનો અભ્યાસ કરવાનો શોખ હતો. એ પોષવા માટે વિવિધ ધર્માચાર્યોને પોતાની પાસે બોલાવીને એમની સાથે ધર્મચર્ચા કરવા ઉપરાંત અનેક વિદ્વાનોને જુદા જુદા ધર્મગ્રંથોના ભાષાંતરો કરવાનું કામ તેણે સોંપેલું. મહાભારત અને રામાયણના ફારસી ભાષાંતરો અકબરની આજ્ઞાથી થયાં હતાં. આ ભાષાંતરોનાં કામમાં તથા તેને માટે ચિત્રો તૈયાર કરવામાં અનેક વિદ્વાનો તથા કલાભિજ્ઞો રોકાયા હશે. જે પાદશાહને વિવિધ વિદ્યાઓનો આટલો શોખ હતો એના અમીરોને પણ એ શોખનો ચેપ લાગ્યો હશે જ.

વિદ્યા કરતાં પણ વધારે ઉત્તેજન અકબરે કલાને આપેલું. અબુલફઝલનાં કહેવા પ્રમાણે બાદશાહની પોતાની પાસે ૧૭ સારા ચિત્રકારો હતા. જેને ચિત્રકલાભિજ્ઞો ચિત્રકલાની હિંદી-ઇરાની (Indo-Persian) પદ્ધતિ કહે છે એની શરૂઆત અકબરના સમયમાં થઇ છે. ઇસ્લામમાં માનવીનું ચિત્ર કરવાની મના ફરમાવેલી છે તેને અવગણીને પણ અકબરે એ કલાને ઘણું ઉત્તેજન આપેલું. અનેક હિંદુ અને મુસલમાન ચિત્રકારોએ એ વખતના પાદશાહ,

પાદશાહી કુટુંબ, અમીરો, યુધ્ધો અને એ જમાનાના વિલાસો વગેરે વિષયોનાં હજારો ચિત્રો તૈયાર કર્યા છે. ચિત્રકલાનો આ વિકાસ ૧૮મા સૈકા સુધી ચાલુ રહ્યો હતો. મોગલ સમયનાં આવાં ચિત્રોના અનેક સંગ્રહો હજુ મળી આવે છે પણ બીજા ઘણા નાશ પામ્યા હશે. અકબરનું આખું ચરિત, એના અમીરો, એનો દરબાર, એનાં યુદ્ધો વગેરેનાં ચિત્રો સાથે ચિત્ર સ્વરૂપમાં યુરોપનાં પુસ્તકાલયો તથા પદાર્થ-સંગ્રહોમાં મોજૂદ છે. એ સમયમાં પ્રસિદ્ધ માણસોનાં ચિત્રો ઉપરાંત ગ્રંથોને પણ સચિત્ર બનાવવામાં આવતા. વળી દિવાલો ઉપર મોટાં મોટાં ચિત્રો કાઢવાની પ્રાચીન શૈલિને પણ અકબરે વિસારી નથી. ફત્તેહપુર-સિક્રીમાં પાદશાહે બંધાવેલાં ભવ્ય મકાનોમાં અંદરની દિવાલો ચીતરેલી હતી, જેમાંના કેટલાક ચિત્રો આજે પણ ટકી રહેલાં છે.

સ્થાપત્ય કલા

સ્થાપત્ય કલાને પણ અકબરે ઘણું ઉત્તેજન આપેલું. આગ્રાનો કિલ્લો અને ફત્તેહપુર-સિક્રીના બુલંદ દરવાઝા વગેરે મકાનો એની સાક્ષી આપે છે. પોતાના નિવાસ માટે પણ અકબરે અનેક મહાલયો ચણાવેલાં જે પાછળથી શાહજહાને તોડાવી નાખેલા એટલે આજે મોજૂદ નથી. અકબરની પેઠે એના સુબાઓએ પ્રાંતિક રાજધાનીઓમાં પોતપોતાને માટે મહાલયો બંધાવ્યાં હશે. સાથે મોગલ પાદશાહોના શોખ પ્રમાણે ફુવારાઓવાળા સુંદર બગીચાઓ પણ હોવા જોઈએ. મોગલ બગીચાઓ પણ સ્થાપત્ય કલાનું એક સુંદર અંગ છે. એ બગીચા વિનાનું કોઈ મહાલય મોગલાઈના કાલમાં બંધાતું જ નહીં.

રાજ્યના સાક્ષાત્ પોષણ કે ઉત્તેજનથી વિદ્યાકલાનો અકબરના સમયમાં પુષ્કલ વિકાસ થયેલો, ઉપરાંત દેશમાં શાંતિ, સમૃદ્ધિ અને સ્વસ્થતા હોવાથી અને એ યુગનાં બીજાં ગૂઢ બલોની અસરથી પણ વિદ્યાકલાનો ઘણો વિકાસ થયેલો. પંદરમા સૈકામાં જ દેશમાં બે મોટા ધર્માચાર્યો, વલ્લભાચાર્ય અને ચૈતન્યદેવ, પ્રકટ થયા હતા. એ બેઉ આચાર્યોએ ચલાવેલ પ્રેમભક્તિમય વૈષ્ણવ સંપ્રદાયની છાયામાં ૧૬ મા સૈકામાં સંસ્કૃતમાં, હિંદીમાં અને બંગાલીમાં પુષ્કલ સાહિત્ય રચાયું છે. ભક્તો સ્થલે સ્થલે ભજનો વડે લોકહૃદયમાં શાંતિ અને ભક્તિ રેડતા હતા. ૧૬ મા સૈકાના મોટામાં મોટા કવિ ભક્ત તુલસીદાસ હતા. તુલસીદાસનું નામ આઇને-અકબરીમાં નથી; છતાં એ યુગના એ મોટામાં મોટા કવિ થઈ ગયા એ નિઃસંશય વાત છે. અકબરે મુલકો પર મેળવેલા અનેક વિજયોના કરતાં તુલસીદાસજીએ કરોડો સ્ત્રી-પુરુષોનાં હૃદય ઉપર જે વિજય મેળવ્યો તે વધારે સ્થાયી અને દીર્ઘજીવી બન્યો છે. આ મહા કવિના મિત્રો અને ભક્તોમાં અંબરના મહારાજા માનસિંહ અને ખાનખાનાન (મીરઝાં અબ્દુર રહીમ) જેવા અકબરના સહુથી નિકટના અને સહુથી વિશેષ સત્તાધારી ઉમરાવો પણ હતા, છતાં અકબર કે અબુલ ફઝલ તુલસીદાસજીના પરિચયમાં આવેલા નહીં એ આશ્ચર્યની વાત લાગે છે. કદાચ એમ પણ બન્યું હોય કે રાજા માનસિંહ અને ખાનખાનાને તુલસીદાસજીને અકબરના મરણ પછી જ ઓળખ્યા હોય.

ભક્ત તુલસીદાસજી

તુલસીદાસ જીવનનાં છેલ્લાં વરસોમાં કાશીમાં રહેતા હતા, અને ત્યાં જ ઈસ્વી સન ૧૫૭૪થી ૧૬૧૪ના અરસામાં એમણે રામચરિત માનસ (રામાયણ) રચવાની સાહિત્ય પ્રવૃત્તિ કરી હતી એમ જણાય છે. ઈસ્વી સન ૧૬૨૩માં તેમનું અવસાન

૯૦ વરસની ઉમરે ગંગા કાંઠે જ થયેલું. તુલસીદાસ રામચંદ્રજીના પરમ ભક્ત તરીકે આજે પણ સુવિખ્યાત છે. પોતાની ભક્તિ દર્શાવવા એમણે એ મહાકાવ્ય રચ્યું, છતાં એ કાવ્યમાં સહજ એવા કાવ્ય ગુણો આવી ગયા છે. તેઓ મધ્યકાલીન હિંદી સાહિત્યના મોટામાં મોટા કવિ મનાય છે. તુલસીકૃત રામાયણની લોકપ્રિયતા અસાધારણ છે. ગરીબમાં ગરીબ અને માત્ર હિંદી અક્ષરો જ વાંચતા આવડે એવા માણસો પણ તુલસીકૃત રામાયણ વાંચતા હોય છે. વિશેષે કરીને ઉત્તર ભારતમાં એ ગ્રંથ જેટલો લોકપ્રિય છે તેટલો લોકપ્રિય બીજો કોઇ પણ ગ્રંથ દુનિયાની કોઈ પણ પ્રજામાં ભાગ્યે જ થયો હશે.

તુલસીદાસના જેવા હિંદી સાહિત્યના બીજા એક મહાકવિ સુરદાસ પણ એ કાળમાં જ થઇ ગયા. એ પ્રજ્ઞાચક્ષુ ભક્ત–કવિ આગ્રામાં જ રહેતા અને અબુલફઝલ અકબરના દરબારના ૩૬ ગાયકોમાં શ્રેષ્ઠ ગાયક તાનસેનની હરોળમાં સુરદાસને અને તેના પિતા રામદાસને પણ ગણાવે છે. જો કે અબુલ-ફઝલે સુરદાસની કવિતા વિશે કશો ઉલ્લેખ કર્યો નથી પણ હિંદી સાહિત્યનો છેક સાધારણ પરિચય ધરાવનાર માણસો યે સુરદાસની એક મહાન કવિ તરીકેની કીર્તિ જાણે છે.

આ બે મુખ્ય કવિઓ ઉપરાંત હિંદી, બંગાળી, મરાઠી અને ગુજરાતી વગેરે ભાષાઓની સાહિત્ય સમૃદ્ધિ વધારનારા અનેક બીજા કવિઓ એ સમયમાં થઇ ગયા છે.

સાહિત્યની પેઠે કલામાં પણ રાજ્યના સાક્ષાત્ ઉત્તેજન વિનાયે ઘણો વિકાસ થયેલો. કુમારસ્વામી જેને રાજપૂત ચિત્રકલા કહે છે તેનો જબરો વિકાસ અકબરના સમયમાં જ થવા માંડેલો, મેવાડ સિવાયના રાજપુતાનાના લગભગ બધા જ રાજાઓએ અકબર સાથે સુલેહ કરી હતી. એ રાજાઓએ પોતાના શોખથી કે બાદશાહનું અનુકરણ કરીને અનેક મહેલો, સરોવરો અને મંદિરો ઉભાં કરેલાં. રાજાઓ અને ઉમરાવો ઉપરાંત ધનાઢ્ય લોકો પણ શાંતિના સમયમાં પોતાના મોજ-શોખ કે ભક્તિભાવને પોષવા માટે કલાઓને અનેક પ્રકારનું ઉત્તેજન આપે છે. જૈન ધનાઢ્યોના એવાં દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે. વૃંદાવનમાં ગોવિંદદેવ, (ઇ. સ. ૧૫૯૦) મદનમોહન, ગોપીનાથ અને જુગલકિશોર (ઇ. સ. ૧૬૨૭) નાં મંદિરો આ વખતમાંજ (અને કદાચ પાદશાહી દ્રવ્યની મદદથી) બંધાયા છે. આમાં ગોવિંદદેવનું મંદિર કલાની દૃષ્ટિએ અતિ સુંદર છે. રાજા માનસિંહે મોકલેલા દિલ્લીના સ્થપતિ ગોવિંદદાસે આ મંદિર બાંધ્યું છે. અકબર પાદશાહ જ્યારે ઇ. સ. ૧૫૭૩ માં મથુરાં–વૃંદાવન ગયા ત્યારે સાથેના રાજાઓએ એને આ મંદિર બંધાવવાની પ્રેરણા કરેલી એમ કહેવાય છે. અકબરને પ્રેરણા કરનારા રાજાઓએ પોતે પોતાનાં પ્રિય તીર્થસ્થલોને મંદિરો, ઘાટો અને સુન્દર મૂર્તિઓથી નહીં શોભાવ્યા હોય એવું કહેવાનો આશય નથી. આ સમયથી વિદ્યાકલાના સ્વતંત્ર વિકાસની સ્થિતિ જોવા માટે રાજપુતાનાનાં પુસ્તકાલયો, ચિત્રો, સરોવરો અને મહેલો જોવાની તેમ જ વૃંદાવન અને કાશીની યાત્રા કરવાની જરૂર છે. અન્ય સ્થલે વિદ્યાકલા ઓછી ફુલીફાલી હશે એમ માનવાનું નથી પણ રાજપુતાનામાં તેને મળ્યું એવું રક્ષણ ન મળવાથી તેના નમુનાઓ હયાત ઓછા રહ્યા છે.

સાહિત્ય, સંગીત, ચિત્ર, શીલ્પ, સ્થાપત્ય વગેરે કલાઓની ખીલાવટ દેશની સારી સ્થિતિની સૂચક છે. અકબરના વખતમાં એટલે આજથી બરાબર ૩૫૦–૪૦૦ વરસ પર સાહિત્યાદિની પ્રફુલ્લતા ઉપર ટૂંકામાં

દર્શાવી છે. હવે એ સમયની આર્થિક સ્થિતિ જોઈએઃ

લોકોની આર્થિક સ્થિતિ

અકબરના સમયમાં ત્રણ જાતના સિક્કાઓ ચાલતા હતા. દામ, પૈસા કે ફુલુસ નામનો મોટો ત્રાંબાનો સિક્કો ૩૨૫ ૧/૫ ગ્રેનના વજનનો હતો. અરધો પૈસો, પા પૈસો અને ૧/૮ પૈસો પણ ચાલતો. બે પૈસાનો પણ એક સિક્કો હતો. એ વખતનો પૈસો આજના આપણા પૈસા કરતાં ઘણો મોટો ને ઘણો જાડો હશે કારણ કે વજનમાં હાલના પૈસા કરતાં એ ચારગણો ભારે હતો. ત્રાંબા અને રૂપાની કીમતનું પ્રમાણ ૭૨ ૪/૧૦ અને ૧ નું હતું પણ વ્યવહારમાં ૪૦ પૈસાનો એક રૂપીઓ ગણાતો જે વજનમાં ૧૭૨ ૧/૫ ગ્રેન થતો. રૂપીઆની અંદરનું રૂપું લગભગ સંપૂર્ણ શુદ્ધ રાખવામાં આવતું. સોનાનો સિક્કો પણ લગભગ શુદ્ધ સોનામાંથી જ પાડવામાં આવતો. રૂપીઆનો સિક્કો લગભગ હાલના રૂપીઆ જેવડો જ હશે, પણ સોનાનો સિક્કો ઘણો મોટો હતો. અકબરે ટંકશાળની વ્યવસ્થા ઘણી સરસ કરી હતી. ઇ. સ. ૧૫૭૭ પછી સોનાના સિક્કાઓ આગ્રા, અમદાવાદ, કાબુલ અને બંગાળની રાજધાનીમાં જ પાડવામાં આવતા જ્યારે રૂપાનાં અને ત્રાંબાના સિક્કાઓ ઘણે સ્થળે પાડવામાં આવતા હતા. પોતાના અત્યંત વિવિધ સિક્કાઓની ધાતુની શુદ્ધતા, વજનની સંપૂર્ણતા અને કલાની સુંદરતાની બાબતમાં અકબરની ચીવટ પ્રશંસાપાત્ર હતી.

એ જમાનામાં યુરોપમાં જે સિક્કાઓ ચાલતા હતા તેની સરખામણીમાં અકબરના સિક્કાઓ ઘણાં ચડીઆતા હતા એ હકીકત આજે પણ એ પુરાતન સિક્કાઓ જોનારને સહેજે માલમ પડી આવે એવી છે. અકબર કે તેના વારસ પાદશાહોએ સિક્કાઓની ધાતુની શુદ્ધિ કે વજનનું પ્રમાણ ઘટાડવાની લાલચ કદી કરી નથી.

એ સમયમાં સોનાં રૂપાંના સિક્કા ચલણમાં હોવા છતાં ગરીબ વર્ગમાં તો ત્રાંબાના પૈસાનું જ ચલણ ચાલતું હતું. એટલું જ નહીં, પણ મહેસુલી હીસાબ પણ ૪૦ પૈસાનો રૂપીઓ લેખીને પૈસાના આંકડામાં જ કરવામાં આવતા. ઉત્તમ પ્રકારના સોનાંના અને રૂપાંના સિક્કા બજારમાં છૂટથી મળી શકતા હતા.

એ વખતમાં મજુરોને કેટલી રોજી મળતી તેનો ઉલ્લેખ અબુલ ફઝલે "આઇને અકબરી"માં કરેલો છે. રોજીના એ દર દેશના કયા પ્રદેશના છે તે સાફ જણાવેલું નથી છતાં આજના દર સાથે સરખામણી કરવા માટે એ જાણવા જેવા છે.

સામાન્ય મજુરને (જેનાં કામમાં કારીગરી –Skill ના ઉપયોગની જરૂર ન પડે તેવાને) રોજના બે પૈસા એટલે રૂપીઆનો વીસમો ભાગ મળતો. આજના ચલણના હીસાબે એ બે પૈસા ૪/૫ આના જેટલા થાય. સારા સુતારને રોજના ૭ પૈસા એટલે આજના ચલણમાં લગભગ ત્રણ આના મળતા. બાકીના મજુરોને આ બેની વચ્ચે મજુરી મળતી. આટલી મજુરીમાંથી કેટલું અનાજ મળતું એ જોઈએ એટલે મજુરોની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવી શકશે. અબુલ-ફઝલે અનાજના જે ભાવ આપેલા છે તે મણના ભાવ છે. એ વખતનો મણ ૫૬ રતલનો થતો હતો એમ નક્કી થયેલું છે. ખોરાકની મુખ્ય મુખ્ય ચીજોના ભાવ અને સાધારણ મજુરને એની બે પૈસાની રોજીમાંથી કેટલો દાણો મળી શકે એ નીચેના કોઠામાં બતાવવામાં આવ્યું છે. એ વખતનો રૂપીઓ ૪૦ પૈસાનો થતો એ ધ્યાનમાં રાખવાનું છે.

વસ્તુ	૪૦ પૈસાના એક રૂપીઆમાં કેટલું મળી શકે	મજુરની ૨ પૈસાની રોજીમાં કેટલું મળે	કારીગરની ૭ પૈસાની રોજીમાં કેટલું મળે
ઘઉં	૧ રૂપીઆના ૧૯⅟ રતલ	૯। રતલ	૩૨ાાં રતલ
જવ	૧ રૂપીઆના ૨૭૭.। રતલ	૧૩$\frac{૬}{૭}$ રતલ	૪૮ાા રતલ
ઉત્તમ ચોખા	,, ,, ૨૦ાાા રતલ	૧ રતલ	૩ાા રતલ
હલકા ચોખા	,, ,, ૧૧૧ રતલ	૫$\frac{૩}{૪}$ રતલ	૧૯ાા રતલ
મગ	,, ,, ૧૩૭ રતલ	૬। રતલ	૨૧$\frac{૫}{૮}$ રતલ
અડદ	,, ,, ૧૩૮ાાા રતલ	૭ રતલ	૨૪। રતલ
મઠ	,, ,, ૧૯૪। રતલ	૯। રતલ	૩૨.ાા રતલ
જુવાર	,, ,, ૨૨૨ રતલ	૧૧$\frac{૧}{૭}$ રતલ	૩૯ રતલ
ધોળી સાકર	,, ,, ૧૭$\frac{૩}{૪}$ રતલ	૩૫ તોલા	૩ રતલ
લાલ સાકર	,, ,, ૩૯ાા રતલ	૨ રતલ	૭ રતલ
ઘી	,, ,, ૧૪$\frac{૩}{૪}$ રતલ	૧ રતલ, ૨ાા તોલા	૩ાા રતલ
તેલ	,, ,, ૨૭ાા રતલ	૧ રતલ, ૧૫ તોલા	૪ાા રતલ
મીઠું	,, ,, ૧૩૮ાાા રતલ	૭ રતલ	૨૪। રતલ

આ બધી ચીજોમાં ચોખા ઘણા મોંઘા હતા એમ માલમ પડે છે એ ઉપરથી આ ગણતરી ઉત્તર હિંદુસ્તાનના કોઈ પ્રદેશની હોય એવું જણાય છે.

અત્યારની મોંઘવારી તો દેશના ઇતિહાસમાં અપૂર્વ બની ચુકેલી છે, પણ આજથી ૫૦ વરસ પહેલાં જ્યારે આપણે ત્યાં સોંઘવારી હતી એમ કહેવાય છે તે વખતના અનાજના ભાવ (સને ૧૯૦૩ની સાલના) સને ૧૯૦૭ની સાલના ઇમ્પીરીઅલ ગેઝેટીયરમાં નીચે પ્રમાણે આપેલા છે તે ઉપરના ભાવ સાથે સરખાવી જોવા જેવા છે.

એક રૂપીઆના રતલ

અનાજ	અકબરના સમયમાં	૧૯૦૧-૦૩માં
ઘઉ	૧૯૪। રતલ	૨૯ રતલ
જવ	૨૭૭ાા રતલ	૪૩ાા રતલ
ચણા	૧૩૪। રતલ	૩૩ રતલ
જુવાર	૨૨૨ રતલ	૪૧ રતલ

એ સમયમાં અનાજ અને બીજી ખાધા-ખોરાકીની ચીજો જ એટલી બધી સસ્તી હતી એવું નથી. બીજી બધી વસ્તુઓ પણ ઘણી સસ્તી મળતી. દાખલા તરીકે એક ઘેટું લગભગ સવા કે દોઢ રૂપીએ મળતું. એક રૂપીઆનું ૮૯ રતલ દૂધ મળતું. સર ટોમસ રો, ટેરી, અને ટોમ વગેરે જે યુરોપીઅન મુસાફરો એ સમયમાં હિંદુસ્તાનની મુસાફરીએ આવેલા તેઓ પણ અબુલ-ફઝલ સાથે મળતા થઈને પોતપોતાના વૃત્તાંતોમાં લખે છે કે દેશમાં તમામ ચીજો પુષ્કલ પ્રમાણમાં અને ખૂબ સસ્તી મળતી. ઉપર જે ભાવ આપ્યા છે તે જોતાં તો સહેલાઈથી જણાય છે કે એક સામાન્ય મજૂર પોતાની બે પૈસાની રોજીમાંથી ઘંઉ, ચોખા, દાળ, ઘી, સાકર અને દૂધ પણ પેટ ભરીને ખાઈ શકે અને ઉપરાંત કપડાંલત્તા માટે થોડું બચાવી પણ શકે. બે રતલ ઘંઉ, ૦। રતલ ચોખા (હલકા) ૦। રતલ દાળ, અઢીભાર ઘી,

અઢી ભાર તેલ, રૂપીઆ ભાર મીઠું એ હીસાબે રોજનો એક માણસનો સાધારણ ખોરાક ગણતાં ૧૩ પૈસાના ઘઉં, અઢી પૈસાની દાળ, ત્રણ પૈસાના ચોખા, ચાર પૈસાનું ઘી, સાડાત્રણ પૈસાનું તેલ અને અરધા પૈસાનું મીઠું એક માણસને આખો મહીનો ખોરાક માટે ચાલે. રોજના બે પૈસા લેખે (મહીનામાં બે અણોજા બાદ કરતાં) ૨૮ દિવસની કમાણી ૫૬ પૈસા થાય. તેમાંથી ખોરાકના ઉપર પ્રમાણે ૨૬-૨૬॥ પૈસા થાય. એટલે એક મજુર બે માણસોનો ગુજારો સારી રીતે કરી શકે. મહીને છ સાત પૈસા વધે તો તેમાંથી શાક, દૂધ, સાકર અને કપડાં પણ લઇ શકે. મજુરની આ સ્થિતિ કંઈ ખરાબ ન કહેવાય.

અકબરના સમયમાં ત્રણ કે ચાર દુકાળ પડયાની નોંધ ઇતિહાસોમાં છે. અકબર ગાદીએ બેઠો તેજ વર્ષમાં (ઇ. સ. ૧૫૫૫–૫૬) સખત દુકાળ પડયો હતો. પાટનગર દિલ્હી તેથી ઉજ્જડ થઇ ગયું હતું. ઇતિહાસનવેશ બદૌની લખે છે કે ભૂખનો માર્યો માણસ માણસને ખાઇ જતો એવું દ્રશ્ય તેણે નજરે જોયેલું. દુકાળીઆઓનો દેખાવ બીભત્સ લાગતો હતો. આખો દેશ વેરાન બની ગયેલો અને ખેતી કરવા કોઇ ખેડુ પણ રહ્યો નહોતો.

ઇસ્વી સન ૧૫૭૩–૭૪ માં ગુજરાતમાં દુકાળ પડયો હતો. દુકાળ પછી રોગચાળો ફાટી નીકળવાથી વસતિ આસપાસના પ્રદેશોમાં નાસી ગઇ હતી.

ઇસ્વી સન ૧૫૮૩–૮૪ માં બરાબર વરસાદ ન થવાથી ભાવ ઉંચા ગયા હતા એમ અબુલ-ફઝલ લખે છે. એણે વધારે વિગતો આપી નથી પણ એ વરસે દુકાળ હશે એવું અનુમાન થાય છે.

ઇસ્વી સન ૧૫૯૫ માં વરસાદ ન થયો અને દુકાળ પડયો તે ત્રણ ચાર વરસ ચાલેલો. એ વખતનો એક તવારીખનવેશ લખે છે કે "માણસ માણસને ખાઇ જાય છે, રસ્તાઓ મુડદાંથી રોકાઇ રહ્યા છે અને તેને ઉપાડવાવાળાં પણ મળતા નથી."

આવા ભયંકર દુકાળોમાં લોકોની કેવી સ્થિતિ થતી હશે એ કલ્પવું મુશ્કેલ છે. રાજ્ય તરફથી દુકાળમાં રાહત કાર્યો ચાલુ કરવાનો એ વખતે રિવાજ નહોતો. ૧૫૯૫ ના દુકાળ વખતે લોકોને રાહત આપવા માટે અકબરે શેખ ફરીદ નામના એક ઉદાર દિલના બોખારાવાસી ઇરાની અમલદારની નિમણૂંક કરી હતી એવો ઉલ્લેખ છે, પણ તેણે કોઈ રાહત કાર્યો શરૂ કર્યા હોય કે માણસોને ભૂખમરામાંથી બચાવ્યા હોય તે વિશેની કોઇ નોંધ મળતી નથી. રાજ્ય તરફથી આજના જેવાં રાહતકાર્યો નહીં થતાં હોય એ વાત ખરી, પણ જીવદયાવાળા અને ઉદાર શ્રીમંત હિન્દુઓ મનુષ્યો અને પશુઓના પ્રાણ બચાવવા માટે અવશ્ય યત્ન કરતા હશે.


દુકાળની પાછળ રોગ ચાળો ફાટી નીકળતો હશે તેમ જ જ્યારે વરસાદ પડે ત્યારે નદીઓમાં રેલ પણ આવતી હશે ને ગામડાંઓ તણાઇ જતાં હશે. અકબરના સમયમાં પણ ભારે વરસાદથી ઘણા માનવીઓ અને પશુઓ તણાઇ ગયાની નોંધ થયેલી છે. મુસાફરી માટે મોટા-રસ્તાઓ સહી સલામત ગણાતા, પણ આજના જેટલા તો નહીં જ. મોટે ભાગે મોટા સંઘ વિના એકલ દોકલ માણસ મુસાફરી કરી શકતો નહીં. જંગલો આજના કરતાં ઘણાં વધારે હતાં અને જંગલવાળા રસ્તાઓ પરથી પસાર થતાં જંગલી પશુઓનો તથા જંગલી માણસોનો ભય ઘણો રહેતો, પણ લોકો આજના જેટલા નિર્બલ, બીકણ કે નિઃશસ્ત્ર નહોતા. સહુને પોતાનું રક્ષણ કરતાં આવડતું અને સહુ શસ્ત્રો રાખી શકતાં. બ્રાહ્મણો, જૈનો અને ખેડુઓ પણ હથીઆરો રાખતા અને જરૂર પડયે તેનો ઉપયોગ કરતા.

રસ્તાઓ આજના જેવા સારા અને સહીસલામત ન હોવા છતા વેપાર ઘણો ચાલતો. આખા એશિયાના વેપારીઓ હિંદુસ્તાનનાં મોટાં શહેરોમાં નજરે પડતા હતા. યુરોપના વેપારીઓમાં પોર્ચુંગીઝો એ વખતે અહીં આવી પહોંચ્યા હતા અને ગોવામાં થાણુ જમાવી બહોળો વેપાર ખેડતા હતા પશ્ચિમ સમુદ્ર ઉપર તો એ લોકોએ એવો કબજો જમાવ્યો હતો કે ખુદ બાદશાહના કુટુંબને પણ દરીઆ રસ્તે મુસાફરી કરવા માટે પોર્ચુગીઝોનો પરવાનો મેળવવો પડતો. અંગ્રેજ વેપારીઓ અકબરના રાજ્યના અંત ભાગમાં આવવા લાગ્યા હતા.

બટાટા અને તમાકુ આ દેશમા અકબરના સમયમા દાખલ થયેલા છે. વેપાર બહોળો ચાલતો હોવાથી અને કેટલાક વેપારના નવા બજારો તાજા ઉઘડેલાં હોવાથી વેપારીઓ પાસે પૈસો પણું વિપુલ હતો. અકબર બાદશાહ પોતે તો એ સમયના આખી દુનિયાના રાજાઓમા સૌથી વધારે શ્રીમંત હતો. અકબરના મરણ સમયે એની આગ્રાની તીજોરીમા રોકડ બે કરોડ પાઉન્ડ સિક્કાઓ હતા અને પ્રાંતિક તીજોરીઓમાં રોકડ હશે તે જૂદી. એકંદરે ૪ કરોડ પાઉન્ડ એની પાસે છેલ્લી ઘડીએ રોકડા હતા એમ માનવામાં ખોટુ નથી. એ નાણાંની ખરીદ શક્તિનો વિચાર કરતાં આજને હીસાબે એ અનગળ દ્રવ્ય ગણાય. આ ઉપરાંત સોનું, હીરા, મોતી વગેરે હશે તે તો જુદું. એના અમીરો પણ બહુ જ શ્રીમંત હતા અને પોતાના ધનનો ઉપયોગ તેઓ મોજશોખની ચીજો ખરીદવામા કરતા. અને એ સમયના લોકોને કળાનો ખૂબ શોખ હોવાથી સારા કળાકારો અને કારીગરોને સારી કમાણી થતી.

અકબરના સમયમાં આપણા દેશની સ્થિતિ કેવી હતી તેનું એક ઉડતુ વિહંગાવલોકન ઉપર કરવામા આવ્યુ છે. આવુ વિહંગાવલોકન સંપૂર્ણ કરવા માટે જોઇએ તેટલા સાધનો અને સાહિત્ય લભ્ય નથી. છતા મુસલમાની ઇતિહાસના બીજા કાળ સાથે સરખાવતા અકબરના સમયના ઇતિહાસમાંથી વધુમાં વધુ સાધનો મળી શકે છે એટલે એ સમયની આટલી વિગતો આપી શકાઇ છે.

અકબરની રાજ્યપદ્ધતિ, એણે સ્થાપેલી શાંતિ, તેમજ અન્ય પ્રવાહો અને બળોની અસરથી એવો વખત આવ્યો કે અકબરથી માંડીને શાહજહાન સુધીના સમયમા ભારતવર્ષની સંપૂર્ણ જાહોજલાલી હતી. આજથી ૩૫૦ વરસ પહેલાં અને ખાસ કરીને ઇસ્વી સન ૧૫૭૫ થી લગભગ ૧૭૦૭ (ઔરંગઝેબનો મરણકાળ) સુધી બધી બાબતોમાં દુનિયાના બીજા બધા દેશો કરતાં આપણે ઉંચે સ્થાને હતા એ ૧૨૫ વરસની મોગલાઇ સમૃદ્ધિનું મૂળ અકબર પાદશાહે નાખ્યુ હતુ.



અકબરે બંધાવેલો ફતેહપુર-સીક્રીનો કિલ્લો

અસત્યનો શાસ્ત્રીય પ્રચાર

"૧૫ માણસો અથવા ૪૦ છોકરાઓ એક કામ દરરોજના આઠ કલાકના હીસાબે ૩૬ દિવસમાં પૂરું કરી શકે છે તો ૧૨ માણસો અને ૨૦ છોકરાઓ એનાં કરતાં અઢી ગણું કામ રોજના નવ કલાકને હીસાબે કેટલા દિવસમાં પૂરું કરી શકે?"

આ એક ગણિતનો દાખલો છે. ગણિતની પરિભાષામાં તેને પંચરાશિ કે ત્રિરાશિનો દાખલો કહેવામાં આવે છે. એમાં આપેલા આંકડાઓના અમુક રીતે ઉપર નીચે લખીને પદ માંડવાના હોય છે, એ પછી એ પદને ઉલટાંસુલટાં ગોઠવી તેનો છેદ ઉડાડવાનો હોય છે અને પછી માગેલો જવાબ શોધી કાઢવાનો હોય છે.

જે વિદ્યાર્થી સાચો જવાબ આપે તે હુશીઆર ગણાય છે અને જેનો જવાબ સાચો ન હોય તે ઠોઠ મનાય છે. એને એ તો એ દાખલો ફરી ગણવાનું કહેવામાં આવે છે અને ફરી ફરીને ગણવા છતાં સાચો જવાબ ન આપી શકે તો તેને તે માટે શિક્ષા પણ થાય છે.

પરંતુ આટલા જમાનાઓ થયાં ગણિત ગણનાર, ગણિત શીખનાર અને ગણિત શીખવનાર એ સર્વને એક સત્ય કદી સમજાયું નથી કે આ પ્રશ્નનો જેનો ખરેખર સાચો કહી શકાય તેવો જવાબ કદી મળે જ નહીં.

દલીલને ખાતર એકવાર આપણે એમ માની લઈએ કે પંદર માણસોએ દરરોજ આઠ કલાક પ્રમાણે કામ કરીને એક મોટું કામ (ધારો કે એક મોટી ઈમારતની દીવાલોને ધોળ કરવાનું કામ) ખરેખાત ૩૬ દિવસમાં પૂરું કર્યું. પણ પછી એનાથી અઢીગણું કામ કરવા માટે એ ના એ જ પંદર માણસો અને ૨૦ છોકરાઓ ફરીવાર મળી શકે, પહેલાંના જેટલા જ ઉમંગથી અને ચીવટથી અને મહેનતથી એ અઢીગણું કામ તેઓ કદાચ કરે પણ ખરા, છતાં એ કામ દરમીઆન એમાંથી એક પણ માણસ એક પણ દિવસ માંદો ન પડે, અથવા બીજા કોઈ કારણે ગેરહાજર ન રહે, ધોળવા માટેનો ચુનો અચાનક ખુટી જતાં કામ અટકી ન પડે, કામ ચાલુ હોય તે દરમીઆન રોજી માટે ઝગડો થવાથી કે બીજા કોઈપણ અણધાર્યા કારણે તેમાં વિક્ષેપ ન પડે એ બધું બનવું અશક્ય છે. એટલે જે હીસાબે એક કામ થયું હોય તે જ હીસાબે એવું બીજું કામ થાય જ એવો કોઈ નિયમ વ્યવહારમાં સંભવિત છે જ નહીં.

ધારો કે એક માણસ કોઈ ઠેકાણે ઉતાવળે પહોંચવા માટે દોડવા લાગે છે ને દોડીને એક કલાકમાં ચાર ગાઉ જેટલું અંતર કાપી શકે છે તો બીજા કલાકમાં એ બીજા ચાર ગાઉ દોડી નહીં જ શકે. એક માણસ તાપમાં ચાલીને લાંબે અંતરે પહોંચ્યો હોય અને બહુ તરસ્યો થવાથી એકી સાથે પાંચ લોટા પાણી પી જાય તો તે ઉપરથી એવો દાખલો કોઈ પૂછી ન શકે કે "એક માણસને તરસ લાગે ત્યારે એ પાંચ લોટા પાણી પી જાય છે અને જો તેને દિવસમાં પાંચ વાર તરસ લાગતી હોય તો તે કુલ કેટલા લોટા પાણી પી જાય?" આવો પ્રશ્ન પૂછનારને આપણે બેવકૂફ જ કહીએ, પણ હકીકતમાં આ પ્રશ્ન અને ઉપરના દાખલાની વચ્ચે બહુ તફાવત નથી. ને છતાં એવા દાખલાઓ ઈશ્વર જાણે ક્યારથી, માણસ જાત શિક્ષણ લેતી થઈ હશે ત્યારથી, કુમળી

વયનાં બાળકોને શીખવાતા જ આવ્યા છે અને એની મારફત બચપણથી જ એમને તદ્દન ખોટા અને કલ્પિત જવાબો ઘડી કાઢવાની પુરી આદત પાડવામાં આવે છે.

જો ગણિતના દાખલાઓ આમ જ રચી શકાતા હોય તો તો એવો પણ દાખલો હોઈ શકે કે "એક વૈદે ૭ મહિનામાં ૭૬૦ દરદીઓની સારવાર કરી, તેમાંથી ૬૫૨ દરદીઓ મરી ગયા તો બાર વૈદો અઢાર વરસમાં કેટલા દરદીઓની સારવાર કરે અને એમાંથી કેટલા મરી જાય?" અથવા, "એક બ્રાહ્મણ એક દિવસે એક યજમાનને ઘેર જમવા જાય છે ને દસ લાડુ ખાય છે તો ત્રીસ વરસ લગી રોજ બે યજમાનોને ઘેર જમવા જાય તો એકંદરે તેણે ખાધેલા બધા લાડુઓની સંખ્યા કેટલી થાય?'

જે પર્વે ચાલનાર અને બુદ્ધિનો જેનામાં જરા પણ છાંટો હશે તેવો હરકોઈ માણસ કહી શકશે કે આવા દાખલાઓ હોઈ જ શકે નહીં. અને છતાં અજબ જેવી વાત એ છે કે અંકગણિત કે બીજગણિતને નામે દુનિયાભરના વિદ્યાર્થીઓને જે શિક્ષણ આપવામાં આવે છે તેમાં ઘણાખરા દાખલાઓ આ જાતના જ હોય છે.

આવા દાખલાઓ તદ્દન જુદા જ હોય છે એમ તર્કશાસ્ત્રથી સાબીત થઈ શકે છે. ધારો કે એક માણસ અને એક કાચબો ચાલવાની હરીફાઈ કરે છે. કાચબા કરતાં માણસની ચાલવાની ગતિ દસ ગણી છે. કાચબો એક માઈલ જેટલું ચાલી ગયા પછી માણસ ચાલવાની શરૂઆત કરે છે, બંનેને દસ માઈલ ચાલવાનું છે તો મુકામ પર પહેલો કાચબો પહોંચે કે માણસ? કશો વિચાર કર્યા વગર જ હરકોઈ અક્કલમંદ માણસ જવાબ આપી શકશે કે પહેલો માણસ જ મુકામ પર પહોંચી જાય. પણ ગણિતશાસ્ત્રના નિયમો મુજબ એમ પણ સાબીત કરી શકાય કે માણસ ત્યાં કાચબાની પહેલાં કદિ પહોંચે જ નહીં. કાચબો એક માઈલ ચાલેલો છે, એટલે માણસ એ માઈલ ચાલી લે તેટલામાં કાચબો બીજા માઈલના દસમા ભાગ જેટલું ચાલી ચુક્યો હોય. માણસ એ દસમો ભાગ કાપે તેટલામાં કાચબો તેણે કાપેલા અંતરના દસમા ભાગ જેટલો આગળ નીકળી જ ગયો હોય. આમ કાચબો માઈલના સોમા, હજારમા, લાખમા કે કરોડમા ભાગ જેટલો પણ માણસથી આગળ ને આગળ જ રહેવો જોઈએ. પણ હકીકતમાં એમ બનતું નથી, એથી નક્કી થાય છે કે ગણિતશાસ્ત્ર નક્કર હકીકતને વિકૃત સ્વરૂપે રજુ કરવાનું અને માણસની બુદ્ધિને સીધા માર્ગને બદલે ઉલટા માર્ગે દોરવાનું જ કામ કરે છે.

આમ છતાં ગણિતશાસ્ત્રને માટે હમેશા એવો દાવો કરવામાં આવ્યો છે કે એ શાસ્ત્ર કેવળ વિશુદ્ધ સત્ય ઉપર રચાયલું શાસ્ત્ર છે, એમાં જરા જેટલું પણ અસત્ય ચાલી શકતું નથી, નાની સરખી ભૂલ પણ પકડાઈ ગયા વિના રહેતી નથી. પણ આ બધી કેવળ ભ્રમણા જ છે. ગણિતશાસ્ત્રને સત્ય સાથે વસ્તુતઃ કશો જ સંબંધ નથી અને એ માત્ર કલ્પનામાં રાચનારું શાસ્ત્ર છે. ગણિતમાં જે ગણતરીઓ કરવામાં આવે છે તે વાસ્તવિક જીવનમાં બીલકુલ જરૂરની હોતી નથી અને જરૂરી હોય તો પણ તે સદા સાચી હોતી નથી. ટૂંકમાં ગણિતમાં જેને વિશુદ્ધ સત્ય કહેવામાં આવે છે તે વાસ્તવિક જીવનમાં હડહડતું જુઠાણું માલમ પડે છે.

આપણને એમ કહેવામાં આવે છે કે ગણિતનો અભ્યાસ માણસની બુદ્ધિને તીવ્ર બનાવે છે, એના ચિત્તને એકાગ્ર બનાવે છે અને વ્યવહારમાં તેને કાબેલ બનાવે છે. અનુભવે આથી ઉલટી જ વાતો માલમ

પડે છે ગણિતના અભ્યાસથી માણસની બુદ્ધિ બુઠ્ઠી બને છે, ચિત્ત વ્યગ્ર બને છે અને વ્યવહારમાં માણસ મૂર્ખ બને છે, કેમકે ગણિતશાસ્ત્રમાં સામાન્ય રીતે વ્યવહારથી વિરોધી જ વાતો ભરેલી હોય છે. જીવનમાં જેનો મુદ્દલ ઉપયોગ થતો હોય નહીં એવા જ સિધ્ધાંતો તેમાં જોવામાં આવે છે અને મનને આકુલવ્યાકુલ કરી મૂકે એવાં જ ઉદાહરણો આપવામાં આવેલાં હોય છે.

"પંદર રૂપીઆનું સોળ શેર તો એક રૂપીઆનું કેટલું?" એ એક ગણિતનો દાખલો છે. આ સવાલનો જવાબ સ્લેટ પેન કે કાગળ પેન્સીલ વિના ફક્ત મનમાંજ ગણીને આપનાર માણસ ગણિતમાં હુશિઆર ગણાય છે. પણ એ જ્ઞાન તેને જીવનમાં શા ખપમાં આવવાનું છે? તમે કોઇ પણ દેશમાં, કોઇ પણ ગામમાં, કોઇ પણ વેપારી પાસે કોઇ પણ ચીજ ખરીદવા જાઓ ને તેનો ભાવ પૂછો તો જવાબમાં તમને કોઇ એમ નહીં કહે કે આ ચીજનો ૧૬ શેરનો ભાવ પંદર રૂપીઆ છે. એવો જવાબ આપનારો વેપારી વેપાર કરી જ શકે નહીં. કારણ કે ચીજ વસ્તુઓના ભાવ શેર, મણ, હંડ્રેડવેટ, ટન, પા વાર, નંગ, ડઝન, ગ્રુસ વગેરેના નિશ્ચિત તોલ માપ પ્રમાણે ઠરાવવાનો દેશેદેશમાં સર્વમાન્ય નિયમ છે. "એક રૂપીઆનું ત્રણ વાર કાપડ મળે તો ૧૧ વાર બે ફુટ અને ૧૧ ઇંચ કાપડની કેટલી કીમત થાય?" એવા દાખલાનો સાચો જવાબ ગણતરી ગણવાથી જરૂર મળી શકે, પણ એ જવાબ વ્યવહારમાં કોઇ કામમાં આવતો નથી. કોઇ માણસ કાપડ ખરીદવા જાય ત્યારે ૨ બે ફુટને ૧૧ ઇંચ જેવા વિચિત્ર માપના ટુકડાની ખરીદી કરતો નથી. અને કરે તો પણ કાપડીઓ તેને એ માપે કાપડ વેચતો નથી. એ કાં તો એક ઇંચ કાપડ વધારે આપીને ત્રણ ફુટ પુરા કરે છે અને બહુ બહુ તો એ એક ઇંચના પૈસા પણ ઘરાક પાસેથી જતા કરે છે. પણ એટલાં માટે આણુપાણુ અને અપુર્ણાંકના હીસાબ કરવાની માથાફોડમાં તો નથી જ પડતો. અને છતાં આવા તદ્દન નિરર્થક, નિરૂપયોગી, અને કુમળી વયનાં બાળકોનાં મગજને બોજારૂપ થઇ પડે તેવા હીસાબો તેમની પાસે ગણાવીને તેમની બુદ્ધિને બુઠ્ઠી કરી નાખવામાં ગણિત વિદ્યાર્થીઓને માથે એક નર્યા જુલમની જ ગરજ સારે છે. આવા તદ્દન નકામા હીસાબો ન આવડવાના અપરાધ બદલ અનેક વિદ્યાર્થીઓને પરીક્ષાઓમાં નાપાસ કરીને તેમની પ્રગતિ રૂંધવામાં આવે છે ને પછી આપણે બૂમ બરાડા પાડીએ છીએ કે આપણા દેશમાં વિદ્યાનો પ્રચાર વધતો નથી!

આનાથી પણ વધારે વિચિત્રતાઓ ગણિત વિદ્યામાં જોવામાં આવે છે. એક વાર હું મારા એક ઓળખીતા શિક્ષકને મળવા માટે તેની નિશાળમાં ગયો હતો, એ વખતે એ શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને એક દાખલો ગણવા આપ્યો કે એક મકાનની અગાસીમાં પાણીની બે ટાંકીઓ છે જેમાંની એકમાં હજાર ગેલન પાણી સમાય છે ને બીજીમાં આઠસો ગેલન સમાય છે, બેઉ ટાંકીઓમાં નળમાંથી મીનીટના પોણાબે ગેલનને હીસાબે પાણી પડે છે પરંતુ મોટી ટાંકીમાં એક કાણું છે તેમાંથી દર કલાકે ચાર ગેલન પાણી બહાર વહી જાય છે. તો દરેક ટાંકીને પૂરી ભરાતાં કેટલો વખત લાગે?

વિદ્યાર્થીઓ ચડપોચડપ સ્લેટ પર આંકડાઓ પાડવા મંડી ગયા અને મેં બાઘા જેવા બનીને મારા એ શિક્ષક મિત્રને પૂછ્યું, "આ વાત તમે કયા મકાનની ટાંકીઓની કરો છો?" એમણે કહ્યું, "આ તો માત્ર

એક દાખલો છે–કોઇ ચોક્કસ મકાનની વાત નથી." મેં પૂછ્યું, "એ ટાંકી કેટલા વખતથી કાણી થઇ છે?" એમણે પાછો જવાબ આપ્યો, "નહીં, નહીં, આ તો માત્ર ધારી લેવાની વાત છે–એવી કોઇ ખરેખરી ટાંકી છે નહીં."

ખરી વાત તો એ છે કે જે ટાંકીમાંથી કલાકે ચાર ગેલન પાણી વહી જતું હોય તેવી ટાંકી કોઇ મકાનમાલિક સંધાવ્યા વિના રહે જ નહીં. ન સંધાવે તો મ્યુનિસીપાલીટી એને દંડની સજા કરે. સંધાવી ન શકાય એવી કાણી ટાંકી હોય તો તેમાં કોઇ પાણી ભરે નહીં. એટલે, જે વાત વ્યવહારમાં બનતી નથી અને જે ઇચ્છવા જોગ નથી એવી વાત નાની ઉમરનાં બાળકોનાં મનમાં ઠસાવવી એમાં નીતિને બદલે અનીતિનું શિક્ષણ આપવાનો હેતુ વધારે છે એમ સાફ જણાઇ આવે છે. ગણિતશાસ્ત્રનો ઉપયોગ આવી અનીતિ શીખવવામાં થતો હોય તો એ વિદ્યા શીખવવાની કશી જ જરૂર નથી.

એટલે ફરીથી એક વાત સિદ્ધ થાય છે કે ગણિતશાસ્ત્ર વાસ્તવિક જીવનથી, વ્યવહારથી, સત્યથી અને અનુભવથી ઉલટે માર્ગે લઇ જનારું શાસ્ત્ર છે. છેક એક સાદો દાખલો લઇએ તો પણ જણાશે કે દર વરસે દર સેંકડે ચાર ટકા લેખે દસ હજાર રૂપીઆનું વીસ વરસનું વ્યાજ ગણવાની વાત કરવી એમાં પણ એક જાતની છેતરપીંડી છે. વીસ વરસ સુધી વ્યાજનો એક સરખો દર દુનિયાના કોઇ દેશમાં ટકી રહે જ નહીં. બજારમાં નાણાંની છત અને અછતના પ્રમાણમાં એમાં વધઘટ થયાં જ કરે છે. એમ છતાં વિદ્યાર્થીઓને આ નક્કર સત્યનું શિક્ષણ આપવાને બદલે જુઠ્ઠા અનુમાનોના પ્રદેશમાં દોરી જનારું ગણિત શીખવવું એમાં શો ફાયદો છે? જીવનમાં ક્યારેક પણ કામ લાગે એવું સાચું શિક્ષણ આપવાને બદલે વિદ્યાર્થીઓને કેવલ કલ્પિત અને ક્યારેક તો તદ્દન જુઠ્ઠી જ વાતો શીખવનાર ગણિતશાસ્ત્ર આપણા અભ્યાસ ક્રમમાંથી જ્દન રદ થવું જોઇએ.

એક શેર ઘીના સવા બાર આના પડે તો વીસ મણ ઘીના કેટલા પૈસા થાય એ સવાલનો જવાબ આંકડા માંડીને ગણી આપવો સહેલો છે, પણ તમે બજારમાં વીસ મણ ઘી ખરીદવા જાઓ ત્યારે માલમ પડે છે કે એ જવાબ મુજબ જ રકમ ચુકવવાથી કામ પતી નથી જતું. એક જ વેપારીને ત્યાં એક જ ભાવનું અને એક જ જાતનું વીસ મણ ઘી ન મળે તો તમારે જૂદા જૂદા વેપારીઓ પાસે જવું પડે છે અને બધા વેપારીઓને ત્યાં ભાવ એકસરખો ન પણ હોય. પરિણામે દાખલાના જવાબમાં આવેલી રકમનાં કરતાં કાં તો ઓછી અથવા વધારે રકમ ખરચવી પડે છે. દલીલને ખાતર એમ કહેવામાં આવે કે એક જ વેપારીને ત્યાંથી વીસે વીસ મણ ઘી મળે છે એમ સમજીને જ આ દાખલો રચવામાં આવ્યો છે તો પણ જે વાત વ્યવહારમાં બનતી નથી તેને દલીલ ખાતર માની લઇને તેના ઉપર બુદ્ધિ, શક્તિ અને સમય ખરચવાથી કોઇ જ ફાયદો થતો નથી.

આવાં અનેક દૃષ્ટાંતો આપીને ખુશીથી એમ સાબીત કરી શકાય કે ગણિતશાસ્ત્ર એ એક કેવલ કલ્પના ઉપર રચાયલું શાસ્ત્ર છે. પરંતુ કલ્પના પર રચાતી અન્ય લલિત કૃતિઓ જેવી કે વાર્તા, નાટક, સિનેમાની ફિલ્મ, ચિત્ર વગેરેથી માણસનાં મનનો વિકાસ થાય છે અને હૃદયને ઉલ્લાસ મળે છે તેથી વિરુદ્ધ ગણિત વિદ્યાનો અભ્યાસ એ બધાનો હ્રાસ કરનારો છે. માણસનું મન એનાથી ઉદ્વેગમાં રહે છે, હૃદય નિરાશા અનુભવે છે અને બુદ્ધિ કુંઠિત થઇ જાય છે.

આટલે સુધી તો આપણે ફક્ત અંક-ગણિતનો જ વિચાર કર્યો પણ ગણિતના પંડિતો કેવલ અંકગણિત રચીને જ અટકી નથી ગયા. એ શાસ્ત્રમાં વિવિધતા આણીને એને સરલ કે મનોરંજક બનાવવાને બદલે એમણે અક્ષરગણિત કે બીજગણિતને નામે ઓળખાતાં એક બીજા સ્વરૂપની પણ રચના કરી છે. એક, બે, ત્રણ, ચાર વગેરે આંકડાને બદલે અ, ક, ડ, ક્ષ, વગેરે કક્કાના અક્ષરો વાપરીને આ બીજગણિતનાં સ્વરૂપ વડે એક તદ્દન નવો જ ભ્રમ ફેલાવવાનો પ્રયાસ પણ દુનિયામાં હજારો વરસથી થતો આવ્યો છે.

અને એનાથી પણ વધારે અઘરા અને વિવિધ અંગો પણ તેમણે રચ્યાં છે જેમાં એક અંગ ભૂમિતિનાં નામે ઓળખાય છે. આ ભૂમિતિ કોઈ અજબ વિદ્યા છે. ત્રિકોણ, ચોરસ, સમચોરસ, ગોલાકાર, પંચકોણ, ષટ્કોણ, અષ્ટકોણ વગેરે તરેહ તરેહની આકૃતિઓ દોરીને એની લંબાઈ, પહોળાઈ, ક્ષેત્રફલ, વ્યાસ, પરીઘ, ખુણાઓનું માપ વગેરે નક્કી કરવામાં જમાનાઓ પહેલાં કેટલાક પંડિતોએ પોતાનાં મગજને કસી કસીને વરસોનાં પરિશ્રમને પરિણામે કેટલાક અચલ સિદ્ધાંતો નક્કી કર્યા છે. દાખલા તરીકે. એક એવો સિદ્ધાંત નક્કી થયો છે કે એક ત્રિકોણની કોઈપણ બે બાજુની લીટીઓની લંબાઈનો સરવાળો ત્રીજી બાજુની લીટીની લંબાઈ કરતાં મોટો જ થાય. આ એક નક્કી થઈ ચુકેલો સિદ્ધાંત છે, એ નક્કી થયાંને હજારો વરસ વીતી ગયા છે, છતાં આજે પણ શિક્ષક જ્યારે વિદ્યાર્થીઓને ભૂમિતિ શીખવે છે ત્યારે કહે છે કે "કોઈ પણ ત્રિકોણની બે લીટીઓની લંબાઈનો સરવાળો ત્રીજી લીટીની લંબાઈ કરતાં વધારે થાય છે એમ સાબીત કરી આપો." કેમ જાણે કે એ દીવા જેવી સાફ વાત રખે બદલાઈ જાય એવો માણસના મનમાં સંદેહ પેદા થતો હોય! એકવાર હું એક શ્રીમંતના છોકરાના ખાનગી શિક્ષક તરીકે કામ કરતો હતો તે વખતે મેં એ છોકરાને એ સિદ્ધાંત સાબીત કરવાનો દાખલો ગણવા આપ્યો. એ છોકરાએ મને ચોકખો જવાબ આપ્યો કે "બે લીટીઓની લંબાઈનો સરવાળો ત્રીજી લીટીની લંબાઈ કરતાં મોટો છે એવું મેં તમને કદી કહ્યું જ નથી તો પછી મારે એ સાબીત કરી આપવાની શી જરૂર છે? એ જવાબદારી મારી નથી." મેં તેને સમજાવ્યું કે "એ તો સાબીત થઈ ચુકેલી હકીકત છે. એ એક અવિચલ સત્ય છે, પણ તે સાબીત કેમ થયું તે આપણે જોવાનું છે." તેણે કહ્યું કે "જો એ સાબીત થઈ ચુકેલી હકીકત હોય અને અવિચલ સત્ય હોય તો તેની સામે મારો કશો જ વિરોધ નથી. હું એ સ્વીકારી લેવાને તૈયાર છું. મારે એ માથાફોડમાં પડવાને બદલે મને બીજું કશુંક નવું શીખવો."

અલબત્ત એની વાત ખોટી નહોતી. ભૂમિતિના આવા અસંખ્ય સિદ્ધાંતો ભાસ્કરાચાર્ય, યુકલીડ, પિથાગોરાસ, ટોલેમી વગેરે આર્ય અને ગ્રીક પંડિતોએ મહેનત કરીને સ્થાપિત કરેલા છે. હજારો વરસોથી ગણિતવેત્તાઓએ એને ચકાસી જોયા છે અને દરેક કસોટીમાં એ અવિચલ સત્ય સ્વરૂપે સાબીત થયા છે. તો પછી હવે એ સિદ્ધાંતોને એમના એમ સ્વીકારી લેવામાં શો વાંધો છે? કાટખુણાવાળા ત્રિકોણમાં કાટખુણાવાળી બે લીટીઓ ઉપર બે સમચોરસ દોરીએ અને કાટખુણાની સામેની લીટી ઉપર એક સમચોરસ દોરીએ તો પેલા બે સમચોરસનાં ક્ષેત્રફળનો સરવાળો છેલ્લાં ત્રીજા સમચોરસનાં ક્ષેત્રફલ જેટલો જ થાય-એ શોધ પિથાગોરાસ નામના એક ગ્રીક પંડિતે આજે ત્રણેક હજાર વરસ પહેલાં કરી ત્યારથી એમાં જરા

પણ ફેરફાર થયો નથી. એ હકીકતજ વિદ્યાર્થીઓને એમની એમ શીખવી દેવાને બદલે એમને પહેલાં એ સાચી છે કે ખોટી એવી શંકામાં નાખવા અને પછી એની સત્યતા સાબીત કરવા માટે મહેનત કરાવવી એની શી જરૂર છે?

મુમબઇથી અમદાવાદ ૩૦૦ માઇલ દૂર આવેલુ છે એમ વેસ્ટર્ન રેલ્વેના અધિકારીઓએ માપ લઇને નક્કી કર્યુ છે. આપણે એ વાત હમેશાં વગર તકરારે સ્વીકારી લઇએ છીએ. એટલુ જ નહીં પણ મુમબઇથી અમદાવાદ જવુ હોય તો ૩૦૦ માઇલનું રેલ્વેએ ઠરાવેલુ ટિકીટ ભાડુ પણ ચુકવી આપીએ છીએ. કોઇએ આજ સુધી એવો વિચાર નથી કર્યો કે એ અંતર ખરેખાત ૩૦૦ માઇલનું છે એમ સાબીત કરવું અને તે માટે હાથમાં માપવાની પટ્ટી કે રસી લઇને મુમબઇથી અમદાવાદ સુધી રેલને પાટે પાટે ચાલીને એ અંતરની ખાતરી કરવી. કોઇ શિક્ષકે પોતાના કોઇ વિદ્યાર્થીને એવો દાખલો નથી શીખવાડયો કે મુમબઇથી અમદાવાદ રેલ રસ્તે ૩૦૦ માઇલ દૂર છે એ હકીકત અંકગણિત, અક્ષરગણિત, ભૂમિતિ કે ત્રિકોણમિતિથી સાબીત કરી આપો. કુતુબ મિનારની ઉંચાઈ ૨૩૮ ફુટની છે એવુ બધા જ શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને શીખવે છે પણ એ સાબીત કરવાનું વિદ્યાર્થીને કહેવામાં આવતુ નથી અથવા એ સાબીત કરવા માટે કોઇ શિક્ષક વિદ્યાર્થીઓની ટુકડી લઇને હાથમાં ફુટપટ્ટીઓ સાથે કુતુબ મિનાર ચડયો હોય એવુ જાણવામા આવ્યુ નથી. તો પછી ત્રિકોણમા કાટખુણાની સામેની લીટી ત્રણે લીટીઓમા સહુથી મોટામાં મોટી છે એ નરી આંખે દેખાતી નિર્વિવાદ સત્ય વાત સાબીત કરવા માટે શિક્ષકોને પગારો શા માટે અપાય છે અને વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલ કરવા ઉપરાંત એમના સમય અને શક્તિની નાહક બરબાદી શા માટે કરવામાં આવે છે તેનો ભેદ કાઇ રીતે ઉકેલી શકાય ખરો?

ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સાહિત્ય, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે અનેક વિષયો આપણી શાલા-પાઠશાલાઓમાં શીખવવામાં આવે છે તેમાં વિદ્યાર્થીઓના સમય અને શક્તિનો આવો નિરર્થક વ્યય કરવામાં આવતો નથી. અકબરનો જન્મ ઇસ્વી સન ૧૫૪૨માં અમરકોટમાં થયો હતો એ ઐતિહાસિક ખીના આપણે બધાજ વગર તકરારે સ્વીકારી લઇએ છીએ. એ સાબીત કરવા માટે કોઇ પ્રોફેસરે અમરકોટનો પ્રવાસ કરી ત્યાંના ચારસો વરસ પહેલાંના દફતરો શોધાવી, કોટવાલીમાં અકબરનો જન્મ થયાની કોઇ નોંધ થયેલી છે કે કેમ તે શોધી કાઢવાનું પોતાના વિદ્યાર્થીઓને કહેલું કોઇના જાણવામાં નથી. ઇતિહાસમાં એ વાત લખેલી છે એટલે આપણે એ માની લઇએ છીએ, કારણ કે ઇતિહાસ લખનારે તેની સત્યતા પૂરવાર કરીનેજ એ લખી હશે તેવો આપણને તેના ઉપર વિશ્વાસ છે. તો પછી ભૂમિતિના સિદ્ધાંતો રચનાર પંડિતો ઉપર પણ આપણે એવો જ વિશ્વાસ શા માટે ન રાખવો? એમણે પણ પૂરી મહેનત કરીનેજ એ સિદ્ધાંતો સ્થાપેલા છે એમ જાણવા છતાં તેને ફરી ફરીને સાબીત કરવાની માથાકુટમા આપણે શા માટે પડીએ છીએ?

આ સવાલનો ફક્ત એક જ જવાબ હોઇ શકે કે ગણિત એ કોઇ નક્કર સત્ય ઉપર રચાયલુ શાસ્ત્ર નથી. એની રચના ફક્ત કલ્પના અને સંશયો ઉપરજ થયેલી છે. સિદ્ધાંતો હજારો વખત પુરવાર થઇ ગયેલા હોવા છતા તેની સત્યતા વિશે હજુ પૂરી ખાતરી થયેલી નથી તેથી ફરી ફરીને એ સિદ્ધાંતો રોજેરોજ સાબીત કરવા પડે છે.

જીવનમાં જે વસ્તુ: કદી બનતું જ નથી અથવા જવલ્લેજ બને છે તેવું ગણિતશાસ્ત્રમાં કલ્પવામાં આવે છે. અને તેથી જ એ વિદ્યા શીખનારાઓનાં મન પર તેની ઘણી જ ખરાબ અસર થાય છે.

બાલકોને જે દાખલાઓ શીખવવામાં આવે છે તેમાં એવા દાખલાઓ પણ આવે છે કે એક દૂધવાળો દસ શેર દૂધમાં ચાર શેર પાણી ભેળવીને ચાર આના શેરને હીસાબે વેચે છે તો તેને દૂધની કીંમત કેટલી ઉપજે છે ને પાણીની કેટલી ઉપજે છે? આવા દાખલાઓ શીખવવાથી આડકતરી રીતે કુમળી વયના બાળકોને દૂધમાં પાણીનો ભેળ કરવાની અનીતિનું પણ શિક્ષણ મળે છે એ આપણે ભૂલી જઇએ છીએ. હકીકતમાં આવા દૂધવાળાને મ્યુનિસીપાલીટીનો પોલીસ પકડી જાય તો તેને કેટલી સજા થવી જોઇએ એવો સવાલ પૂછાવો જોઇએ. ગણિત શીખવનારનું કામ નાની ઉમરનાં બાળકોને આવી ચાલબાજી શીખવવાનું નથી. ખાધ-ખોરાકીમાં સેળભેળ કરવી તેને આજે ભારત સરકાર એક ગંભીર ગુન્હો ગણવા લાગી છે છતાં એવી સેળભેળથી થતા લાભ બતાવનારા સેંકડો દાખલાઓ ગણિતના જે જે પુસ્તકોમાં આવે છે તે પુસ્તકો સરકાર જપ્ત કેમ નહીં કરતી હોય એ જ આશ્ચર્યની વાત છે.

ગણિતમાં વિદ્યાર્થીઓને કાબેલ બનાવવા માટે કોયડાઓ રચવાની પણ કેટલાક દોઢ ડાહ્યા માણસોએ અક્કલ ચલાવી છે. જેમ કે, એક વાંદરો એક કુવામાં પડેલો છે, એ કુવામાં તળીએથી થાળે પહોંચે એવડો એક લાંબો વાંસ ખોડેલો છે. વાંસ ઉપરથી વાંદરો ઉપર ચડે છે ને એક કુદકે ત્રણ ફુટ ઉંચે ચડતાં પાછો એક ફુટ નીચે સરી જાય છે. આવા તીસ કુદકા મારીને વાંદરો આખરે થાળા ઉપર પહોંચે છે તો વાંસની લંબાઇ કેટલી? આવા કોયડાઓ ગણવામાં જે માણસો પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરે છે તેનો વિચાર કરો. વાંદરો કંઇ પોતાના હાથમાં ફુટપટ્ટી રાખીને માપ લઇને કુદકા મારતો નથી કે દર કુદકે બરાબર ત્રણ જ ફુટ ઉપર ચડે ને પાછો એક જ ફુટ નીચે સરકી જાય. એમાં બે પાંચ ઇંચનો ફેર પણ પડી જાય એનો કોઇ વિચાર કરતું નથી.

આવી તો અસંખ્ય અશકયતાઓ અને કઢંગાઇ ગણિતશાસ્ત્રમાં જોવામાં આવે છે. અને છતાં એ અટપટું શાસ્ત્ર શીખીને તેમાં પારંગત થયેલા માણસોએ એ શાસ્ત્રના ઉપયોગથી માનવજાતનું કે માતૃભૂમિનું જરા પણ ભલું કર્યું હોય એવું જાણવામાં આવ્યું નથી. ગણિતના અઠંગ અભ્યાસીઓ દિવસ રાત આંકડા અક્ષરો અને આકૃતિઓમાં રચ્યા પચ્યા રહે છે અને આસપાસની દુનિયાનું ને પોતાના ઘર કુટુંબનું, સૈરી બચ્ચાંઓનું સુદ્ધાં ભાન ભુલી જાય છે, છતાં તેમનાં એ શાસ્ત્રમાંથી તેઓ એવું કશું જ નીપજાવી શકતા નથી કે જે પોતાનાં કુટુંબનું, આપ્તજનોનું, દેશનું કે દુનિયાનું ભલું કરવામાં જરા પણ ઉપયોગી થાય. ગણિતના અભ્યાસથી દેશની ગરીબી ફીટતી નથી, દેશમાં અનાજનો પાક વધતો નથી, બેકારીનાં સવાલનો ઉકેલ થતો નથી, ભાષાવાર પ્રાંતો પાડવાના વિકટ પ્રશ્નનું નિરાકરણ થતું નથી, હિંદીને રાષ્ટ્રભાષા બનાવવાના પ્રયાસને વેગ મળતો નથી, દારૂબંધીની પવિત્ર હિલચાલને ફત્તેહ મળતી નથી કે હરિજનોની અસ્પૃશ્યતા દૂર થતી નથી.

ઉલટું ગણિતશાસ્ત્ર માણસના મગજને અને હ્રદયને સંકુચિત કરે છે. શુન્ય જેવા એક અર્થ વગરના આંક પાછળ, એકડાના લાખમાં કે કરોડમાં ભાગની શોધ પાછળ, અને

સોયની અણી જેટલાં એક ટપકાનું માપ કાઢવા, પાછળ ગણિતશાસ્ત્રીઓ જીંદગીના વરસોના વરસો બરબાદ કરે છે.

આટલી દલીલો પરથી વાંચનારાઓ મારી સાથે એક નિર્ણયમાં અવશ્ય સંમત થશે કે ગણિતશાસ્ત્રનું શિક્ષણ માનવ સ્વભાવને પ્રતિકૂલ, માનવીની પ્રગતિને રૂંધનારું અને માણસને અસત્યને પંથે દોરી જનારું ને અનીતિ, લુચ્ચાઇ વગેરે દુર્ગુણો શીખવનારું છે. એનો અભ્યાસ આપણા આ "સંપૂર્ણ લોકતંત્રાત્મક ગણ–રાજ્ય"માં એક ક્ષણ પણ હવે ચાલુ રહેવા દેવો એ આપણી સ્વતંત્રતાને જોખમમાં મૂકવા જેવું કામ છે એમ ગણીને પહેલી તકે આપણી ભાવિ પ્રજાના શિક્ષણ ક્રમમાંથી સર્વ પ્રકારના ગણિતનું શિક્ષણ રદ કરવામાં આવે તે માટે એક પ્રચંડ ચળવળ ઉપાડવામાં આવવી જોઇએ.

રા.

—બંગાલના સુપ્રસિદ્ધ મહાન કવિ, સાહિત્યકાર અને સ્વદેશાભિમાની મહાપુરુષ બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય એકવાર યુરોપની મુસાફરીએ જતા હતા. સાથે તેમનાં સુંદર અને યુવાન પત્ની પણ હતાં. જે આગબોટમાં આ દંપતી મુસાફરી કરતાં હતાં તેમાં ઇંગ્લેંડમાં અભ્યાસ માટે જઇ રહેલા થોડા હિંદી વિદ્યાર્થીઓ પણ હતા.

બંકીમ બાબુનાં યુવાન અને સુંદર પત્ની જ્યારે આગબોટના તૂતક પર ફરવા નીકળતાં ત્યારે આ હિંદી વિદ્યાર્થીઓ તેમની આસપાસ વીંટળાઇ વળતા, તેમનું મનોહર વદન જોવામાં તલ્લીન થઇ જતા અને કોઈ તો કોઇ અંદર અંદર ધીમી ધીમી. વાતો કરતા અને ક્યારેક જરા તરા અયોગ્ય કહી શકાય તેવી ચેષ્ટાઓ પણ કરી લેતા.

પોતાની પત્ની તરફ એ બધા યુવાન વિદ્યાર્થીઓ વધારે પડતું ધ્યાન આપે છે એ હકીકત ચાર પાંચ દિવસની મુસાફરીમાં બંકીમબાબુના ખ્યાલમાં આવી ગઈ. એ પછી એક દહાડો સાંજને વખતે તૂતક પર ફરતાં ફરતાં તેમણે પોતાનાં પત્નીની સામે ટીકી રહેલા એ વિદ્યાર્થીઓની ટોળી પાસે જઇને તેમને કહ્યું, "મિત્રો, મારે તમને એક વાત કહેવાની છે. આ જે સ્ત્રીની તરફ તમે સહુ આટલા બધા ભાવથી જોઇ રહ્યા છો અને તેની હીલચાલ અને ચેષ્ટાઓ આટલી બધી બારીકીથી નિહાળો છો, તે સ્ત્રી મારી પત્ની છે. હું એને છેલ્લાં દસ વરસથી પરણ્યો છું. એ દસ વરસમાં એને હરેક રીતે પ્રસન્ન રાખવા અને એનાં દિલ પર મારો સંપૂર્ણ કબજો મેળવવા માટે એક પણ પ્રયત્ન બાકી રાખ્યો નથી અને છતાં હું કબુલ કરું છું કે એ સ્ત્રીને હું સર્વથા-સંપૂર્ણપણે પ્રસન્ન કરી શક્યો નથી. ઘણીવાર એ મારા દિલના સાચા ઉમળકાને પણ તુચ્છકારી કાઢે છે અને મારા પ્રેમનાં શબ્દો અને ચેષ્ટાઓના બદલામાં મારી સામે મ્હોં મચકોડી મને નિરાશ કરી નાખે છે.

"જો તમારામાંથી કોઈ યુવાન આ પંદર દહાડાની મુસાફરી દરમ્યાન તમારા સઘળા પ્રયત્નો વડે એ મગરૂર અને બાજરમાન સ્ત્રીને ખરેખર વશ કરી શકો ને તેનાં દિલ પર કાબુ મેળવી શકો તો મહેરબાની કરીને એ ઇલાજ મને પણ બતાવજો એટલી માગણી કરું છું જેથી હું એ અજમાવીને એ સ્ત્રીને વશ કરી શકું."

બંકીમબાબુની આ વાત સાંભળીને એ બધા જ યુવાનો નીચી મુંડીએ તેમની પાસેથી ચુપચાપ સરકી ગયા અને તે પછી કદી એમનાં પત્નીની હાજરીમાં દેખાયા પણ નહીં!

પરદેશવાસી ગુજરાતીઓ

"ખંડ ખંડ વિસ્તરતો હિંદી મહાસાગર મહારેલ,
તીર તીર જઇ સ્થાપી ગુર્જરી સંસ્થાનોની વેલ"

"નવજીવન"ના આ અંકમાં પ્રસિદ્ધ થયેલ કવિ ન્હાનાલાલનાં એક અમર કાવ્યની ઉપરની બે પંક્તિઓમાં કહેવામાં આવ્યું છે તેમ ગુજરાતીઓ જમાનાઓ થયા દેશેદેશના દરીઆ ખેડવા માટે પ્રસિદ્ધ છે. ગુજરાતીઓએ દુનિયાભરના દેશોમાં વસવાટ કર્યો છે અને કેટલાક દેશોમાં તો તેમણે ભારે સાહસો ખેડીને પોતાના વેપારઉદ્યોગ એટલા બધા વિસ્તારી દીધા છે કે તેને પ્રતાપે તેઓ પોતે સમૃદ્ધ થયા છે એટલું જ નહીં પણ તે તે દેશોની આખી પ્રજાને તેમણે સમૃદ્ધ બનાવી છે.

આપણા-૫૦ લાખ ભાંડુઓ

માતૃભૂમિ છોડીને પરદેશમાં વસનારા હિંદીઓની સંખ્યા કેટલી હશે તેનો પાકો ખ્યાલ આપણામાંના ઘણા ખરાઓને નથી. જાણીને નવાઇ લાગે તેવું છે, પણ હકીકત એ છે કે સ્વદેશમાં વસનાર દર ૧૦૦ હિંદીઓ દીઠ ઓછામાં ઓછા એક એક હિંદી પરદેશવાસી હોય છે. આજે આટલાંટિક સમુદ્રના ઉત્તર કિનારાથી માંડીને હિંદી મહાસાગર થઇને પેસિફિકના સમુદ્ર પ્રદેશ સુધીના દુનિયાના દેશદેશમાં આપણા કુલ ૫૦ લાખ ભારતીય ભાંડુઓ વસી રહેલા છે.

આ આપણા ભાઇઓ ભ્હેનો દુનિયાના હરકોઇ પ્રદેશમાં વસતા હોય અને ત્યાં તેમને ગમે તેવી મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છતાં જ્યાં જ્યાં તેમનો વસવાટ છે ત્યાં ત્યાં તેમણે નાના નાના ભારત ખડા કરી દીધા છે. તેઓ જ્યાં ગયા છે ત્યાં પોતાનો ધર્મ અને પોતાની સંસ્કૃતિ સાથે લઇ ગયા છે અને એને તેઓ ટકાવી રહ્યા છે. તેઓ હમેશાં પોતાના સ્વદેશની પ્રણાલિકાઓ અને રહેણીકરણીને વળગી રહેનારા છે. સૈકાઓ વીતી જવા છતાં અને કોઇ કોઇ કિસ્સાઓમાં ભૂતકાલ સાથેનો સંબંધ સર્વથા તૂટી જવા છતાં પણ તેઓ પોતાની માતૃભૂમિ-ભવ્ય ભારત વર્ષ-ને ભૂલ્યા નથી.

આપણા આ ભાંડુઓની મોટી સંખ્યા મુખ્યત્વે દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકામાં, ઝાંઝીબારમાં, માડાગાસ્કર, ફીજી ટાપુઓ, લંકા, ઇંડોનેસીઆ, મલાયા, સીંગાપોર, બ્રહ્મદેશ, સિયામ, ઑસ્ટ્રેલિઆ અને કેનેડા વગેરે પ્રદેશોમાં વસેલી છે.

ભારત જ્યાં સુધી અંગ્રેજોની હકુમત નીચેનો પરાધીન દેશ હતો ત્યાંસુધી આપણા આ ભાંડુઓનું જે જે દેશમાં તેઓ વસતા ત્યાં કશું માન કે મહત્વનું સ્થાન નહોતું. શહેરીઓ તરીકેના પોતાના વિશિષ્ટ હક્ક-અધિકારો અને વેપાર વણજ તેમ જ વસવાટ માટેની સગવડો અને અનુકૂલતાઓ માટે તેમને જુદા જુદા દેશોની સરકારો સાથે લડત ચલાવવી પડતી હતી અને તેમાં તેઓ હમેશાં હિંદી રાષ્ટ્રીય મહાસભાની મદદની અપેક્ષા રાખ્યા કરતા હતા. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની જે બુરી હાલત હતી તે મીટાવવા માટે ગાંધીજીએ આદરેલા સત્યાગ્રહનો ઇતિહાસ હવે તો જગત્પ્રસિદ્ધ બની ચૂક્યો છે. અન્ય દેશોમાં પણ હિંદીઓનું મસ્તક પરાધીન દેશના પ્રજાજનો તરીકે નીચું નમેલું રહેતું હતું.

સ્વતંત્રતા પછીની હાલત

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી પરદેશવાસી હિંદીઓની હાલતમાં શો ફેરફાર થયો છે એ પ્રશ્ન હરકોઇ હિંદના મનમાં ઉદ્ભવે એવો છે. એમની હાલત એક રીતે સારી થઇ છે

પણ બીજી રીતે કફોડી પણ બની છે. સ્વતંત્ર ભારતના સંતાનો તરીકે પરદેશવાસી હિંદીઓ આજે ઉન્નત મસ્તકે જીવી શકે છે. યુરોપ અને અમેરિકા જેવા ખંડોના પ્રજાજનોની માફક હવે આપણા દેશબંધુઓ પણ પરદેશોમાં સ્વદેશનું ગૌરવ દાખવી શકે છે અને સ્વતંત્ર દેશના વતનીઓ તરીકે ગળામાંથી મક્કમ અને સ્વમાનભર્યો અવાજ કાઢી શકે છે. આજે તેઓને પોતાના વસવાટ પર હકુમત ભોગવતી સરકાર પાસે કોઇ માગણી કરતી વખતે યાચકની જેવી નમ્રતા કે વિનય બતાવવાની જરૂર રહી નથી. આજે હવે તેઓ એક સ્વતંત્ર પ્રજાસત્તાકના શહેરીઓ તરીકે અન્ય સ્વતંત્ર દેશોના શહેરીઓના જેવા અધિકારો માટે ઉન્નત મસ્તકે પોતાનો હક્ક દાવો રજૂ કરી શકે છે. જે પ્રજા પોતાના વતનમાં સ્વતંત્ર છે તેના તરફ અન્ય દેશમાં અપમાન કે તિરસ્કાર જેવી વૃત્તિ કોઇથી બતાવી શકાતી નથી.


પરંતુ આ સ્વતંત્રતાથી અમુક અંશે આપણા પરદેશવાસી ભાંડુઓને માટે મુશ્કેલીઓ પણ થવા લાગી છે. જ્યાં સુધી ભારત ઉપર બ્રિટનની હકુમત હતી ત્યાં સુધી બ્રિટિશ સામ્રાજ્યના વિશાળ વિસ્તારમાં આવેલા જે જે અન્ય દેશોમા આપણા દેશબંધુઓનો વસવાટ હતો ત્યાં ત્યાં તેમની હાલત બહેતર બનાવવા માટે આપણે બ્રિટિશ શહાનશાહતની સાથે વાટાઘાટો કરી શકતા હતા અને તેના ઉપર જરૂર પડયે દબાણ પણ લાવી શકતા હતા. એને પરિણામે બ્રિટિશ હકુમત તળેની વસાહતોમાં વસનારા હિંદીઓના હિતમાં બ્રિટિશ સામ્રાજ્યને કંઇ ને કંઇ પગલાં અવશ્ય ભરવા પડતાં હતાં.

હવે આપણા ઉપરથી બ્રિટિશ હકુમત ઉઠી ગઇ હોવાથી આપણે તેના ઉપર એ જાતનું દબાણ લાવી શકતા નથી.

પરિણામે હવે દુનિયાના ઘણાખરા દેશોમાં ભારતવાસીઓને માટે પ્રવેશ મળવો મુશ્કેલ બની ગયો છે, એટલું જ નહીં પણ કેટલાક દેશોમાં તો વરસો કે દસકાઓ થયાં સ્થિર થયેલા ભારતવાસીઓને પણ ત્યાંથી હાંકી કાઢવાની હીલચાલો શરૂ થઇ ચુકી છે. અન્ય દેશો કરતાં હિંદીઓને માટે હમેશાં વધુમાં વધુ મુશ્કેલીઓ દક્ષિણ આફ્રિકામાં ઉભી થતી જાય છે. ત્યાંની સરકારની અને ત્યાંના ગોરા વસાહતીઓની હિંદીઓ પ્રત્યેની સૂગ જગપ્રખ્યાત બની ચૂકેલી છે.

ગીરમીટીઆ મજૂરો

શરૂઆતમાં તો આપણા ભાઇઓ દક્ષિણ આફ્રિકામાં ફક્ત મજૂરો તરીકે જવા લાગેલા. ત્યાંના ગોરા વસાહતીઓને પોતાની જમીનમાં ખેતી કરવા માટે અને ઉદ્યોગોમાં મજૂરી કરવા માટે એ દેશના કાળા માનવીઓના કરતાં હિન્દી મજૂરો વધારે ફાવતા હતા. એટલે હિંદમાંથી મજૂરો મેળવવા માટે એ ગોરાઓ પોતાના ખાસ એજંટો રોકતા. એ એજંટો આપણા દેશના ગરીબ માણસોને મોટી રોજીની લાલચ આપીને તેમની સાથે પાંચ કે દસ વરસની મુદ્દતનું એક "એગ્રીમેંટ" (કરાર) કરી લેતા. એ ઉપરથી એ મજુરો "ગીરમીટીઆ" (એગ્રીમેંટવાળા) મજૂરો તરીકે ઓળખાવા લાગેલા. એ બીચારા અભણ માણસો કરારમાં શું લખેલું છે તે વાંચી પણ શકતા નહીં. કામ ઉપર ગયા પછી તેમને ગુલામી હાલતમાં જીંદગી ગાળવી પડતી. તેમને માનવી તરીકેના હક્કો પણ મળતા નહીં. આમ છતાં તેમાંના કેટલાક કરારની મુદ્દત પૂરી કરી, પોતે રળેલી રોજીમાંથી પૈસા બચાવી, તે વડે જમીન ખરીદ કરી પોતાની સ્વતંત્ર ખેતી કરતા થયા અને એ જ દેશમાં સ્થિર થયા. મજૂરોની પાછળ પાછળ ધીમે ધીમે આપણા દેશમાંથી કારીગરો, વેપારીઓ, શરાફો વગેરે



ફોટોગ્રાફરઃ] વિશ્રાંતિની વેળા [દિલીપ બક્ષી

દક્ષિણ આફ્રિકામાં જવા લાગ્યા અને ખૂબ પરિશ્રમ ઉઠાવીને તેમાંના ઘણા ધન કમાતા થયા. તેમણે એ દેશને આબાદ કરવામાં ઘણો મોટો ફાળો આપેલો હોવા છતાં તેમને શહેરીઓ તરીકેના હક્કો મળતા નહોતા. આપણા દેશમાં પહેલાં અસ્પર્શ્યોની જેવી હાલત હતી તેવી બુરી હાલતમાં તેઓ ત્યાં જીંદગી ગાળતા.

એમની એ હાલત સુધારવા માટે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં આદરેલ સત્યાગ્રહ હવે ઇતિહાસને પાને ચડી ચૂકેલી બીના બની ગઈ છે. અને છતાં હજુ આજે પણ દક્ષિણ આફ્રિકામાં ભારતવાસીઓની હાલત સારી કહી શકાય તેવું તો નથી જ.

હિંદીઓએ રેલ્વે બાંધી

આપણા હિંદીઓની ઘણી મોટી સંખ્યા પૂર્વ આફ્રિકામાં પણ વસેલી છે. પૂર્વ આફ્રિકાનો તેમના વસવાટવાળો ઘણોખરો પ્રદેશ હજુ બ્રિટિશ હકુમતમાં છે. આમાં કિનીયા, યુગાંડા અને ટાંગાનીકા એ ત્રણ વિસ્તારોમાં હિંદીઓએ ખેતી, વેપાર અને ઉદ્યોગમાં ઘણો વિકાસ અને ઘણી પ્રગતિ કરેલી છે. છેલ્લાં વસતિપત્રક પ્રમાણે આ ત્રણ પ્રદેશોમાં મળીને એકંદરે હિંદીઓની વસતિ પોણા બે લાખ માણસોની છે. આ ઉપરાંત જંગબાર (ઝાંઝીબાર)માં પણ આશરે ૧૭૦૦૦ જેટલા હિંદીઓની વસતિ છે.

આ પ્રદેશોમાં વસતા ગોરાઓ હિંદીઓ પ્રત્યે દક્ષિણ આફ્રિકાના ગોરાઓ જેટલી સૂગ રાખતા નથી. હિંદીઓને અંહી ઘણા હક્ક–અધિકારો આપવામાં આવેલા છે. સ્થાનિક મ્યુનિસીપાલીટીઓમા, પ્રાંતિક ધારાસભાઓમાં અને ખુદ ગવર્નરની કારોબારી સભાઓમાં પણ હિંદી સભાસદોની ચુંટણી કે નિમણુંકો થાય છે. આમ છતાં વ્યવહારમાં રાજ્યદ્વારી વિષયોમાં સર્વત્ર ગોરાઓનું વર્ચસ્વ વધારે છે. આ ત્રણે દેશોના વિકાસમાં હિંદી મજુરો, કારીગરો અને વેપારીઓનો જબરદસ્ત ફાળો છે. મોંબાસાથી કીસુમુ સુધીની લાંબી રેલ્વે બાંધવામાં અનેક હિંદી મજુરો, કારીગરો અને ઇજનેરોએ કામ કરેલું. [ભારતના પ્રસિદ્ધ લોકસેવક શ્રી. ઠક્કર બાપાએ એ રેલ્વેના બાંધકામમાં એક એંજીનીયર તરીકે ત્રણ વરસ સુધી કામ કરેલું.] હિંદીઓએ પૂર્વ આફ્રિકાના વિકાસમાં આપેલ મોટા ફાળાની કદર બુઝીને એ પ્રદેશમાં તેમને શહેરીઓ તરીકેના ઘણો હક્કો આપવામાં આવ્યા અને તેમને સરકારી નોકરીઓમાં દાખલ કરવામાં આવ્યા. વેપાર–ઉદ્યોગ માટે તેમને સગવડો અને સરલતા આપવામાં આવી. પરિણામે આજે દુનિયાના અન્ય કોઇ પણ દેશ કરતાં પૂર્વ આફ્રિકામાં વસતા હિંદીઓની હાલત એકંદરે વધારે સુખી છે. ભારતના જુદા જુદા સઘળા પ્રદેશોમાંથી લોકો ત્યાં જઇને વસેલા છે. તેમાં ગુજરાતીઓની સંખ્યા અન્ય પ્રાંતવાસીઓના મુકાબલે સહુથી મોટી છે અને તેમાં પણ સૌરાષ્ટ્રવાસીઓની સંખ્યા વિશેષ છે.

પૂર્વ આફ્રિકામાં

આશરે ૭૫ વરસ પહેલાં સૌરાષ્ટ્રના સાહસિક યુવાનોએ પૂર્વ આફ્રિકામાં ભાગ્ય અજમાવવાની શરૂઆત કરી. જંગલો ઘૂમીને તેમણે તે પ્રદેશમાં ખેતી અને વેપારનો વિકાસ કરવા માંડયો. ધીમે ધીમે તેઓ ધન કમાતા થયા અને તેમનો વેપાર વિસ્તરતો ગયો. તેમાંના ઘણા પૂર્વ આફ્રિકામાં કાયમી વસવાટ કરી બેઠા. તેમના કુટુંબોની ત્યાંજ વૃદ્ધિ થવા લાગી અને તેમના બાળબચ્ચાંનાં શિક્ષણ માટે ત્યાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, હોસ્ટેલો અને છાત્રાલયો સ્થપાયા.

સંસ્કાર અને શિક્ષણની દૃષ્ટિએ પૂર્વ આફ્રિકાના હિંદીઓ (અને વિશેષે કરીને

ગુજરાતીઓ) દક્ષિણ આફ્રિકાવાસી હિંદીઓનાં કરતાં ઘણા આગળ વધેલા છે. તેઓનું જીવનધોરણ આપણા કરતાં પણ અનેક રીતે ઉચ્ચતર છે અને ત્યાંના લાંબા વસવાટ દરમીઆન તેઓ બધો વખત આપણી ભારતીય પ્રણાલિકાઓ અને રીતરિવાજો પાળતા રહ્યા છે. આજે તો પૂર્વ આફ્રિકાનાં હિંદીઓ ત્યાં પોતાની માલિકીના દૈનિક, સાપ્તાહિક અને માસિક પત્રો પણ ચલાવી રહ્યા છે.

લવિંગનો બહિષ્કાર

આમ છતાં હજુ પૂર્વ આફ્રિકામાં પણ આપણા દેશબંધુઓ સામે ગોરી પ્રજાનો ઓછો વધતો-છતો અછતો–વિરોધ તદ્દન શમ્યો નથી. આજે તો હવે તેમની સમૃદ્ધિ અને લાગવગ ગોરી પ્રજાની આંખમાં ખૂંચવા લાગ્યા છે. પરિણામે છેલ્લાં થોડાં વરસ થયાં હવે નવા હિંદીઓને માટે એ પ્રદેશમાં પ્રવેશ કરવાના દરવાજાઓ એક પછી એક બંધ થતા જાય છે. એટલું જ નહીં, પણ જે હિંદીઓ ત્યાં જાથુકનો વસવાટ કરી બેઠા છે તેમને ત્યાંથી શી રીતે ખસેડી શકાય તે વિશેની વિચારણાઓ પણ થવા લાગી છે, પરંતુ આ કામ સહેલું નથી. પૂર્વ આફ્રિકામાં આજે ઘણો ખરો વેપાર અને મોટા મોટા ઉદ્યોગો હિંદીઓના હાથમાં છે. યુગાંડા–કિનિયામાં પાકતાં 'સાઇસલ'ના ચોથા ભાગનું ઉત્પાદન હિંદીઓની માલિકીની જમીનમાં થાય છે; કપાસની મોટા ભાગની જીનરીઓ ગુજરાતીઓની માલિકીની છે; એ સિવાય ખાંડના મોટાં મોટાં કારખાનાંઓ, શેરડીના વિશાળ વાવેતરો, ચોખાની મિલો; નાળીયેરીનાં વન, ચ્હાના બગીચાઓ, કોફીના વાવેતરો અને એવા બીજા અનેક ઉદ્યોગો પર હિંદીઓની (અને મુખ્યત્વે ગુજરાતીઓની) માલિકી છે. ઝાંઝીબારમાં લવિંગનો મોટો વેપાર ગુજરાતીઓને હસ્તક છે. તે તેમના હાથમાંથી ઝૂંટવી લેવાનો એક પ્રયાસ સને ૧૯૩૭ ની સાલમાં "લવિંગનો કાયદો" પસાર કરીને કરવામાં આવેલો. એ વખતે તેમણે આપણા દેશવાસીઓને ઝાંઝીબારના લવિંગનો બહિષ્કાર કરવાની વિનંતિ કરેલી, કેમકે ત્યાંની લવિંગની કુલ પેદાશનો ૪૦ ટકા જેટલો પાક ભારતમાં આયાત થાય છે. હિંદી રાષ્ટ્રીય મહાસભાએ તેમની એ વિનંતિનો અમલ કરીને એ બહિષ્કાર શરૂ કર્યો. એનાથી ઝાંઝીબારના હિંદી વેપારીઓને ઘણું સોસવું પડેલું પણ તેથી દેશના હાકેમોની સાન આખરે ઠેકાણે આવી. ઇતિહાસમાં એ વખતે પહેલી જ વાર ભારતવાસીઓએ પોતાના પરદેશવાસી ભાંડુઓની ધા સાંભળીને બહિષ્કારનાં પગલાં લીધાં. આ પ્રસંગ આપણા દેશના ઇતિહાસનું એક ઉજળું પ્રકરણ પુરૂં પાડનારો બની ગયો છે. ઝાંઝીબારવાસી હિંદીઓ પણ પોતાની માલિકીના અખબારો ચલાવે છે.•

નવી સમસ્યા

ભારત સ્વતંત્ર થયા પછી હવે દુનિયાના બીજા સ્વતંત્ર દેશોમાં હિંદીઓની મોટી સંખ્યાનો વસવાટ છે ત્યાં ત્યાં તેમની પરિસ્થિતિમાં રોજ રોજ ફેરફાર થતો રહ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આવા દેશોમાં હવે હિંદીઓએ બેમાંથી એક માર્ગની પસંદગી કરી લેવાની રહે છે. તેઓ કાંતો પોતાને હિંદીઓ તરીકે ઓળખાવી શકે, અથવા તો જે જે દેશમાં પોતે વસતા હોય તે તે દેશના શહેરીઓ બની જાય. આ બન્ને વિકલ્પોમાં કેટલાક ફાયદા પણ છે ને કેટલાક ગેરફાયદા પણ છે. પોતે જ્યાં સ્થાયી વસવાટ કર્યો હોય તે દેશના તેઓ શહેરીઓ બની જાય તો પછી તેમના ભાવિને લગતી બાબતોમાં ભારત સરકારનો કોઇ પ્રકારનો અવાજ રહી શકે નહીં. અને જો તેઓ હિંદીઓ તરીકે ઓળખાવાનો નિશ્ચય કરે તો તે તે દેશો તેમને પરદેશીઓ ગણશે–

ગણવા લાગ્યા પણ છે. અને પરદેશીઓ તરીકે તેઓ તે દેશના મૂળ વતનીઓ અથવા હાકેમો એ બેમાંથી એકના જેટલા અધિકારો ભોગવવાના હકદાર બની શકે નહીં. એટલું જ નહીં પણ તેમના વસવાટની સ્થિરતા પણ જોખમમાં મુકાઇ જાય. અત્યારે લંકા, બ્રહ્મદેશ અને એવા બીજા સ્વતંત્ર દેશોમાં વસતા હિંદીઓની સામે આ વિકટ સમસ્યા આવીને ઊભેલી છે.

પરંતુ જે દેશો પોતે સ્વતંત્ર નથી (જેવા કે કિનીયા, યુગાંડા, ટાંકાનિકા) ત્યાંના હિંદીઓની હાલતમાં હજુ ઘણો સુધારો થવાની શક્યતા છે. હવે નવા હિંદીઓ ત્યાં ફક્ત જૂજ સંખ્યામાં જ જઇ શકે તેમ છે, પણ જેમણે ત્યાં વસવાટ કર્યો છે તેઓ એકસંપીથી રહે અને પોતાના હિત–સ્વાર્થની કાળજી માટે એકત્ર બની પ્રયાસ ચાલુ રાખે તો તેઓ વિશેષ સત્તા, વિશેષ સગવડો, વિશેષ હક્કો અને અધિકારો અવશ્ય પ્રાપ્ત કરી શકે.

દેશવાર વસતિ

પરદેશોમાં હાલ વસતા હિંદીઓની મોટી વસતિ નીચેના દેશોમાં છે.

કીનિયા–૧ લાખ, યુગાંડા–૪૦ હજાર, ટાંગાનીકા–૫૦ હજાર, ઝાંઝીબાર–૧૭ હજાર, દક્ષિણ આફ્રિકા–૨ લાખ, લંકા–સાડાસાત લાખ, બ્રિટિશ મલાયા અને સીંગાપોર–૬ લાખ ૫ હજાર, મોરેશ્યસ ૨ લાખ ૭૫ હજાર, ત્રિનિદાદ અને ટોબેગો–૧ લાખ ૯૬ હજાર, બ્રિટિશ ગિયાના–૧ લાખ ૭૦ હજાર, ફીજી ટાપુઓ–૧ લાખ ૨૬ હજાર, જેમેઇકા ૨૭ હજાર અને એડન ૧૦ હજાર. આટલા દેશો બ્રિટિશ કોમનવેલ્થમાં આવી જાય છે. કોમનવેલ્થમાં આવી જતા ૨૨ બીજા પ્રદેશોમાં પણ હિંદીઓની વસતિ ૧૦૦૦ થી માંડીને ૫૦૦૦ જેટલી છે. કોમનવેલ્થથી સ્વતંત્ર એવા દેશોમાં બ્રહ્મદેશમાં ૧૦ લાખ, ઇંડોનેશિયામાં ૩૦ હજાર, સુરીનામમાં ૫૧ હજાર અને માડાગાસ્કરમાં ૯ હજાર હિંદીઓની વસતિ છે, અન્ય દેશોમાં પણ ૫૦૦ થી માંડીને ૨૫૦૦ સુધીની વસતિ ફેલાયલી છે. આપણા આ પરદેશવાસી ભાંડુઓ માતૃભૂમિથી ઘણે ઘણે દૂર વસીને પણ પોતાનું હિંદીપણું જાળવી રહેલા છે. પરદેશોમાં તેમની આર્થિક, સામાજિક, રાજ્યદ્વારી અને વેપાર–ઉદ્યોગ વિષયક સ્થિતિ કેવી છે તે વિશે સ્વદેશવાસી હિંદીઓમાં બહુ થોડા માણસોને માહિતી હોય છે અને જે માહિતી છે તે પણ અધૂરી હોય છે.

ગુજરાતીઓ સ્વદેશ છોડીને દુનિયાભરના દેશોમાં અન્યત્ર જ્યાં જ્યાં ગયા છે ત્યાં બધેજ તેમણે શરૂઆતમાં ભારે સંકટો સહન કર્યાં છે. અગાઉ કહેવાઇ ગયું તેમ મોટે ભાગે તો અહીંથી તેઓ મજૂરી કરવા માટે જ જતા. એવા માણસો બહુધા તદ્દન નિરક્ષર હતા. તેમની પાછળ જે કારીગરો, વેપારીઓ, શરાફો વગેરે જવા લાગ્યા તે પણ બહુ ઓછું ભણેલા હતા. "સ્વદેશમાં અરધો રોટલો મળી રહેતો હોય તો પરદેશના આખા રોટલા માટે ન દોડવું" એ આપણા લોકોના એક મોટા ભાગનો નિયમ છે. માટે જ ભણેલા ગણેલા માણસોમાં પરદેશ જવાનું સાહસ ખેડનારાઓ જૂજ નીકળતા અને હજુયે તેમની સંખ્યા પ્રમાણમાં ઓછી જ હોય છે. પણ જેમને સ્વદેશમાં અરધો રોટલો મેળવવાની પણ મુશ્કેલી પડતી હતી તેમને માટે ઘર આંગણે રહીને કંગાળ દશામાં જીવન વીતાડવા કરતાં પરદેશ જઇને ભાગ્યની સાથે લડી લેવાની વૃત્તિ પ્રબળ બનવા લાગી. જે યુગમાં આજની જેવા મુસાફરીના ઝડપી અને સલામત સાધનો નહોતા તેવા યુગમાં જિંદગીનું જોખમ ખેડીને પ્રવાસ કરનારાઓ અને તદ્દન અજાણ્યા પ્રદેશમાં, અજાણ્યા માનવીઓ સાથે વસીને જાત મહેનત અને બુદ્ધિબળથી પોતાનો માર્ગ કરનારા એ

સાહસિક ગુજરાતીઓએ પરદેશોમાં ગોરા હાકેમો અને જમીનદારોને હાથે હડધૂત થઈને, જે મળે તેનાથી ચલાવી લઈને, કષ્ટ ભરેલાં વર્ષો વીતાડીને આખરે એ પરદેશો માટે અન્ય ગુજરાતીઓ અને હિંદીઓનાં દિલમાં આકર્ષણ ઉભું કર્યું. એમણે ત્યાં જઈને પોતાની સંસ્થાઓ સ્થાપી, જીવન સારી રીતે જીવી શકાય તેવી સગવડો ઉભી કરી, પોતે સુખી થયા તેની સાથે ત્યાંના અન્ય વતનીઓને પણ તેમણે સુખી કર્યા તે પછી શિક્ષિત વર્ગના માણસોએ પરદેશ તરફ પગલાં માંડવાની શરૂઆત કરી.

આજે કેટલાક દેશોમાં આપણા અનેક ગુજરાતી કુટુંબોનો વસવાટ એટલો લાંબો બની ગયો છે કે તેમના છોકરાંઓમાંથી ઘણાઓએ ભારતભૂમિનું દર્શન પણ કર્યું ન હોય એવા મળી આવે; પૈસે ટકે સુખી થયેલા ગુજરાતીઓ બે, ત્રણ, પાંચ કે સાત વરસે સ્વદેશમાં આંટો મારી જતા થયા. નોકરી અર્થે જનારાઓ દર ત્રણ કે ચાર વરસની નોકરી પછી મળતી છ માસની હકની રજા સ્વદેશમાં ભોગવવા લાગ્યા. અને હવે તો હવાઈ સફરની સગવડ થયા પછી શ્રીમંત ગુજરાતીઓને હરકોઈ વખતે સ્વદેશની મુલાકાતે આવવાનું તદ્દન સહેલું થઈ પડયું છે, અને એમ છતાં હજુ અનેક ગુજરાતીઓ એવા પણ મળી આવે છે કે જેમણે સ્વદેશ છોડયા પછી ફરી વાત ભારતની ભૂમિ ઉપર પગ મુકયો નથી.

પરદેશના લાંબા વસવાટથી આ હિંદીઓની દૃષ્ટિ વિશાલ બની છે. અનેક જુદા જુદા દેશોની પ્રજાઓ સાથેના સતત સંપર્કમાં આવવાથી તેમનું જ્ઞાન વધ્યું છે. અને તેમનો આત્મવિશ્વાસ મજબૂત બન્યો છે. તેમની રહેણીકરણીમાં પણ અન્ય સંસ્કારી અને સુશિક્ષિત ગણાતી પ્રજાઓના કેટલાક સારા ગુણોની સાથે સાથે થોડા દુર્ગુણો પણ દાખલ થયા છે.

આ વસાહતીઓમાં ઘણી મોટી સંખ્યા ગુજરાતીઓની છે. એ ગુજરાતીઓ પરદેશોમાં શું કરે છે, કેવી રીતે રહે છે, તેમનો ધંધો રોજગાર કેવો હોય છે, જુદા જુદા દેશોમાં તેમનો માનમરતબો કેવો છે તે વિશેની માહિતી રસપ્રદ અને અને જાણવા જેવી થઈ પડે તેવી છે. "નવજીવન"ના હવે પછીના અંકોમાં જુદા જુદા પરદેશોમા વસવાટ કરતા આપણા હિંદી અને વિશેષે કરીને ગુજરાતી દેશભાઈઓને લગતી એ પ્રકારની વિગતવાર માહિતી આપવામા આવશે.



અનુક્રમણિ

ઉત્કૃષ્ટ સાહિત્યનું
સચિત્ર માસિક

તંત્રી
રામુ પરમાનંદ ઠક્કર

ચિત્રકારો
શ્રી યજ્ઞેશ હ. શુકલ
શ્રી દિલીપ બક્ષી
કુ. કોકિલા માવાણી

વર્ષ ૧ લું
અંક ૧ લો

નવેમ્બર ૧૯૫૪

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૧૦
પરદેશોમાં શી. ૨૦
છુટક નકલની
કીંમત રૂ. ૧

આ અંકનું મુખપૃષ્ટ છાપનાર
કોઠારી પ્રિન્ટીંગ પ્રેસ
સંભવ ચેમ્બર્સ,
સર ફીરોઝશાહ મહેતા રોડ,
કોટ, મુંબઈ ૧

❋

મુદ્રક અને પ્રકાશક: રામુ પરમાનંદ ઠક્કર.
મુદ્રણ અને પ્રકાશનસ્થાન: "ગુજરાતી" પ્રિંટીંગ પ્રેસ,
સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ.

नवयुवक



નવજીવન

અમારો આવતો અંક—જાન્યુઆરી ૧૯૫૫

મુખપૃષ્ઠ: વિખ્યાત ચિત્રકારની પીંછીનું આકર્ષક રંગીન ચિત્ર.

ભૂતકાલના પડછાયા: ૧૦૦ વર્ષ પહેલાંની એક રોજનિશીમાંની રસપ્રદ નોંધ.

ભીસ્તી અમીર:— બચા-એ-સાકા નામના ભીસ્તી-બાદશાહની રોમાંચક જીવનકથા.

ઇન્સાફ: ત્રિઅંકી સામાજીક નાટકનો બીજો અંક.

એક અજોડ પત્ર: એક દંભી "નેતા"ની બનાવટની રસિક કહાણી.

અમારા મેઘાણીભાઇ: સ્વ. ઝવેરચંદ મેઘાણીનાં અંગત જીવનના વિશેષ યાદગાર પ્રસંગો.

પરદેશવાસી ગુજરાતીઓ: પૂર્વ આફ્રિકામાં વસતા ગુજરાતીઓનાં જીવન અને વ્યવસાય વિશે રસપ્રદ માહિતી.

દિલનો એકરાર: સુપ્રસિદ્ધ ગુજરાતી સર્જકના હસ્તાક્ષરમાં.

જગન્નાથ: હિંદુઓના પુરાતન અને પવિત્ર તીર્થસ્થલનો રોમાંચક ઇતિહાસ.

શાહી રૂક્કાની કહાણી: મોગલ યુગની એક દિલચસ્પ ઐતિહાસિક વાર્તા.

દારા શિકોહ: મોગલ ખાનદાનના બદનસીબ શાહજાદાના જીવનની કરૂણ કથા.

દેશદર્શન: ભારતવર્ષ વિશેની ઉપયોગી અને જાણવાજોગ માહિતી.

એને હું કદિ નહીં ભૂલું: એક પ્રતિભાશાળી વ્યક્તિનો પરિચય.

યુરોપનું પાટનગર: રોમ: જગતના એક સહુથી પ્રાચીન નગરનો સચિત્ર પરિચય.

વાંદરાનો પંજો: અલૌકિક અને ભેદી તત્વોની એક સનસનાટી ભરેલી વાર્તા.

ઉપરાંત: નવાં કાવ્યો, વીણેલાં મોતી, ટુચકાઓ, અસામાન્ય પ્રસંગો ઇત્યાદિથી ભરપૂર મનોરંજક વાંચન અને પુષ્કલ ચિત્રો.

તારીખ ૧૫ મી જાન્યુઆરીના રોજ પ્રસિદ્ધ થશે

પુસ્તક ૧ લું]　　ડીસેમ્બર ૧૯૫૪　　[અંક બીજો

॥ ॐ ॥

भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवान्सस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

સદા વિજયની જ આશા રાખો

મહાન ગણાતા માનવીઓની મોટાઇ એમનાં શરીરનાં કદમાં, સામર્થ્યમાં કે તીજોરીની તાકાતમાં નહીં, પણ એમના આશાવાદનાં પ્રમાણ અને તાકાતમાં રહેલી છે. સાચી શ્રદ્ધામાંથી એ પોતાનું ભાગ્ય સરજી શકે છે. પોતાનું ભાવિ અને તેની સાથે સાથે પોતાની દુનિયા રોજે રોજ બહેતર બને તેની એ કાળજી રાખે છે. હાનિ થાય તો તેમાંથી પણ લાભ મેળવવાનો યત્ન કરે છે. ગમે તે સંજોગામાં પણ એમનાં હોઠ પર હાસ્ય રમતું રહે છે.

એ જાણતા હોય છે કે વિશ્વાસ–શ્રદ્ધા–માનવીના મગજને સ્વચ્છ બનાવે છે, મિજાજને શાંત રાખે છે અને જ્ઞાનતંતુઓને સ્વસ્થ રાખે છે; સારી નિદ્રા આપે છે, પાચનશક્તિ સુધારે છે, શ્વાસોચ્છ્વાસ ઉંડા બનાવે છે, જીવન લાંબુ બનાવે છે, મુશ્કેલીઓ ઉકેલે છે, ચિંતાઓ ઓછી કરે છે અને મુંઝવણો દૂર કરે છે; સ્ફૂર્તિને વેગ આપે છે, ઉત્પાદન વધારે છે, કામને આનંદમય બનાવે છે અને કામનો બદલો નિશ્ચિત બનાવે છે.

જગતને સાચા–વ્યવહારૂ–આશાવાદીઓની હુમેશાં જરૂર રહે છે. મોટાં કામ બીજાઓનાં કરતાં, વધારે સારી રીતે કરવાની માણસને તાકાત આપનાર આશાવાદનો બદલો જગત તરફથી ઘણો મોટો મળે છે. નવા વિશ્વાસ, નવી મહત્ત્વાકાંક્ષા અને નિશ્ચય સાથે નવજીવન માણવા તૈયાર થઇ જાઓ!

તમારા પોતાનામાં, તમારામાં રહેલી મહાન શક્તિઓમાં, તમારી સામે પડેલી સરસ શક્યતાઓ અને સંભાવનાઓમાં વિશ્વાસ રાખો.

તમારાં કામમાં વિશ્વાસ રાખો, તમે જે ચીજ બનાવતા હો તેમાં વિશ્વાસ રાખો, કેમકે તમે એ ચીજ તમારાથી બની શકે તેટલી સારી બનાવી રહ્યા છો.

તમારી સાથે વ્યવહાર રાખનારા વેપારીઓ અને ગ્રાહકોમાં વિશ્વાસ રાખો; તમારા ઉપરીઓમાં તેમજ તમારા હાથ નીચેના નોકરોમાં વિશ્વાસ રાખો; અને સાથે સાથે એટલો પણ વિશ્વાસ રાખો કે તમારા એમનામાંના વિશ્વાસથી એમનો તમારામાં વિશ્વાસ પેદા થશે અને તમારા પરસ્પરના સંબંધો વધારે ગાઢ અને વધારે મીઠા બનશે.

તમારા કુટુંબીઓની ભલમનસાઇમાં વિશ્વાસ રાખો; તમારા સુખ અને તમારા આરામ માટે તેઓ જે જહેમત ઉઠાવે તેની તમે કદર કરો છો એવું તેમને સાફ જાણવા દેજો

તમારા પેડોશીઓની શુભનિષ્ઠામાં વિશ્વાસ રાખો અને એ નિષ્ઠા હમેશાં ટકી રહે એવું વર્તન રાખવાનો પ્રયત્ન કરો.

દેશના રાજ્યશાસકોની કાર્યશક્તિમાં, તેમના હેતુઓમા, અને માતૃભુમિ પ્રત્યેની તેમની ભક્તિમાં વિશ્વાસ રાખો અને તેમને બલ આપવા માટે વધુમાં વધુ અનુકંપા અને અનુમોદન તેમને આપતાં રહો.

આખરે તો ઇશ્વર બધું સારું જ કરશે એવી પાકી અને શાશ્વત ખાતરી મનમાં રાખો અને એ માન્યતા ખરી જ પડે એને માટે મહેનત કરો. તમારી તમામ શક્તિ તમે એ મહેનતમાં ખરચી નાખો અને તમને અનુભવ થશે કે આશાવાદ એક એવી મુડી છે કે જેનું વ્યાજ ઘણું સારું ઉપજે છે.

નિરાશાવાદી પોતાની જે શક્તિ વિનાશ કરવામાં ખરચી નાખે છે તેજ શક્તિ આશાવાદી સર્જન માટે ખરચે છે. આ બેમાંથી તમે કયા વર્ગમાં આવો છો તે જાણવા માટે તમે એક નોંધપોથી રાખતા જાઓ. આખા દિવસમાં તમે કઇ કઇ વ્યક્તિઓની, કયા કયા કામની અને કઇ કઇ ચીજોની તારીફ કરો છો તે તેમાં લખો અને સાથે સાથે એ બધામાંથી કોની ટીકા કરો છો, નિંદા કરો છો, વિરોધ કરો છો એ પણ લખતા જાઓ. પછી રોજ રાતે એમાંથી ફરીઆદનું એક પાત્ર ઓછું કરો અને પ્રશંસાનું એક પાત્ર ઉમેરો.

બધો જ આશાવાદ હમેશાં વાજબી હોય છે એમ માની લેવાની જરૂર નથી. એવું પણ બને કે જેનામાં તમે વિશ્વાસ રાખતા હો તે બધામાંથી કોઇક તમને દગો પણ દે. જેનામાં તમને શ્રદ્ધા હોય એ પરિસ્થિતિ તમને નિરાશ કરનારી પણ નિવડે

પણ લાંબે ગાળે વિજય આશાવાદનો છે. નિરાશાવાદીનો પરાજય નિશ્ચિત અને અનિવાર્ય છે.



કેવી રીતે ભૂલું?

મુખમ્મસ

તમારાં ગીતનું ગુંજન; કહો; કેવી રીતે ભૂલું?
તમારી આંખનું અંજન, કહો, કેવી રીતે ભૂલું?
તમારાં હાસ્યનાં ખંજન; કહો; કેવી રીતે ભૂલું?
હૃદયસંગે જડયું સ્પંદન; કહો, કેવી રીતે ભૂલું?
પછી મુજ આંખનું ક્રંદન; કહો, કેવી રીતે ભૂલું?

(૨)

તમારી આંખમાં દેખી હતી છુપી શરારત[1] મેં,
અને હર વાતમાં પેખી હતી ભેદી ઇશારત મેં,
અને દિનરાતભર સેવી હતી છાની ઇબાદત[2] મેં,
વળી મંઝીલપર કલ્પી હતી મારી વૂસાહત મેં.
હવે એ વાતનું ચિંતન; કહો, કેવી રીતે ભૂલું?

(૩)

તમારી વાતના સૂરપળ હજુ ભણકાર લાગે છે,
પળેપળ આગમન કેરા નુપૂરઝંકાર વાગે છે;
તમારી દેહવીણાના સજાતા તાર લાગે છે,
અને એ ગુંજતા ઇન્કાર[3]માં ઇકરાર[4] લાગે છે;
સુરીલા સાજનું કૂજન, કહો, કેવી રીતે ભૂલું?

(૪)

તમારા ખ્યાલની કો હૂબહૂ પ્રતિમા બનાવું છું,
અને એ માંહી મારાં અશ્રુનું ચેતન વહાવું છું;
કરીને સ્થાપના મંદિર મંહી એને પૂજાવું છું,
અને મંદિરને દ્વારે એક પંક્તિ કોતરાવું છું,
"અનાદિથી કર્યાં વંદન, કહો કેવી રીતે ભૂલું?"

(૫)

તમારી યાદના બંધન મંહી તો મારી મુક્તિ છે,
હજુ જાગી રહ્યો છું હું; બીજાંને જ્યાં સુષુપ્તિ છે;
સુરાહી,[5]જામ[6]છે; મય[7]છે અને ઘેરી અતૃપ્તિ છે,
હજુ શાહબાઝની પાંખો મંહી ભરપૂર શક્તિ છે;
પછી હું સ્વર્ગનાં ઉપવન, કહો, કેવી રીતે ભૂલું?

શાહબાઝ

---

૧ ફરિયાદ. ૨ પ્રાર્થના. ૩ નકાર. ૪ કબુલાત. ૫ સિરોઇ. ૬ પ્યાલું. ૭ શરાબ. (અંહી દિવ્ય ...માં સમજવાનો છે–પ્રેમનું અમૃતપાન).



દિલનો એકરાર

કરનાર

દસ્તુરજી ખુરશેદ શાપુરજી દાબુ,
એમ. એ.; એફ. ટી. એસ.

સુરત ઓર્ફનેજ તથા હાઇસ્કૂલના
નિવૃત્ત પ્રિન્સીપલ; હાલ મુંબઇના
શ્રી વાડીયાજીના આતશબહેરામના
વડા ધર્મગુરુ

૧. પુરુષમાં વખાણવા લાયક સદ્‌ગુણ કયો? હીંમત–પુરૂષાર્થ.

૨. સ્ત્રીમાં વખાણવા લાયક સદ્‌ગુણ કયો? કોમલ ધૈર્ય.

૩. જીંદગીની ખરેખરી સફળતા શામાં ખંત સાથે શરણાગતિ.

૪. આપનો પ્રિય વિનોદ કયો? બાળવાર્તા અને કાર્ટુન.

૫. આપનું મનગમતું ફૂલ કયું? ચંમેલી

૬. આપનો પ્રિય લેખક કયો? Emerson + અખો ભક્ત.

૭. આપનું પ્રિય પુસ્તક કયું? Dictionary of Quotations.

૮. આપનો મુદ્રાલેખ:

મહત્તાનાં બંધન

ચાલુ મહીનામાં મુંબઇના એક અંગ્રેજી ચિત્રો બતાવતાં છબિઘરમાં "રોમન હોલીડે" નામનું એક અમેરિકન ચિત્રપટ રજુ કરવામાં આવ્યું હતું. એ ચિત્ર કઇ કંપનીએ બનાવ્યું હતું અને તેમાં ભૂમિકા ભજવનારાં પાત્રો કોણ કોણ હતાં તે જાણવાની જરૂર નથી. જે પાત્રો હતાં તેમણે પોતાની ભૂમિકાઓ ઘણી જ સરસ ભજવી હતી. ચિત્રો તૈયાર કરવામાં અમેરિકન કલાકારો અને કારીગરો જે ચોકસાઇ અને ચીવટ રાખે છે તે બધી જ આ ચિત્રમાં ભરપૂર તરી આવતી હતી. અંહી એ વિશે ચર્ચા કરવાનો આશય નથી. ફક્ત ચિત્રની વાર્તાની જ વાત કરવા માગું છું કેમકે આ વાર્તા માનવ સ્વભાવનું એક મહત્વનું સ્વરૂપ રજુ કરનારી હતી. એ વાર્તા આવી હતી :—

કોઇ મોટાં સામ્રાજ્યની એક યુવાન શાહજાદી જગતનાં પ્રખ્યાત ઐતિહાસિક નગર રોમની મુલાકાતે જાય છે. રોમ અનેક રીતે જોવા લાયક નગર છે, પણ ત્યાં જનારા બીજા મુસાફરો જે રીતે રોમ જુએ છે તે રીતે જોવાનું એ શાહજાદીનાં ભાગ્યમાં નથી હોતું. શાહજાદીની આસપાસ રાજ્યના મોટા અને વૃદ્ધ ઉમરાવો, ઉમરાવબાનુઓ અને પરિચારકોનો મોટો રસાલો હમેશા વીટળાયલો રહે છે. શાહજાદીને માટે કોઇ સંસ્થાની મુલાકાતે જવાનું, કોઇ ઇમારતનો પાયો નાખવાનું, કોઇ પરિષદમાં, કોઇ દરબારમાં, કોઇ ઉદ્ઘાટનમા, બપોરના કે રાતના ખાણામા અને ચ્હા–પાણીના મેળાવડામાં હાજરી આપવાનુ રોજેરોજનુ ભરચક કામ એના સાથેના ઉમરાવો તૈયાર રાખે છે. આવા પ્રત્યેક સમારંભમાં તેણે પોતાના મોભાને અને પ્રસંગને અનુરૂપ પોષાક પહેરવો જોઇએ. એ સમારભમાં તેણે બરાબર વખતસર હાજર થઇ જવું જોઇએ. સમારંભ ચાલે તેટલો વખત મોભાને છાજે એવું ગંભીર મુખ રાખી બેસવું જોઇએ; સેંકડો માણસો સાથે ઓળખાણ કરાવવામાં આવે તે બધાની સાથે હાથ મિલાવવો જોઇએ; તેમાંના ઘણાંખરાની સાથે મ્હોં ઉપર સ્મિત લાવીને, જરા માથું નમાવીને, શિષ્ટાચારના બે શબ્દો બોલવા જોઇએ; જરૂર પડે ત્યારે અગાઉથી લખીને તૈયાર રાખેલું કે ગોખી રાખેલું ભાષણ કરવું જોઇએ અને એ બધો વખત પોતાની મહત્તા અને પોતાના મોભાનો ખ્યાલ રાખીને એક પ્રકારની કૃત્રિમ અક્કડતા ધારણ કરી રાખવી જોઇએ.

તરૂણ વયની શાહજાદી આ બધાં મહત્તાનાં બંધનથી અકળાઇ જાય છે. રોમમાં પ્રવેશ કર્યાને પહેલે જ દિવસે તેને એક સમારંભમાં હાજર રહેવું પડે છે. દુનિયા આખીમાંથી એ વખતે રોમમાં આવી ચડેલા મહાન ગણાતા સ્ત્રીપુરુષોને તેની પાસે રજુ કરવામાં આવે છે. એ બધા સાથે હાથ મીલાવી, કોઇને "ગુડ આફ્ટર નુન" કોઇને "હાઉ ડુ યુ ડુ?" કોઇને "સો પ્લીઝડ ટુ સી યુ" વગેરે અંતરના કશા ઉમળકા વિનાના, કેવલ ઓઠ પરથી આવતા શિષ્ટાચારના ખાલી શબ્દો વડે સત્કારવા પડે છે અને મ્હોં ઉપર મુસ્કેરાટ બતાવવો પડે છે.

એ બધો કૃત્રિમ ભભકો ચાલતો હોય છે તેવામાં શાહજાદીના એક પગના તળીયામાં ખજવાળ આવે છે. એનાથી એ બેચેન બને છે, પરંતુ એ બેચેની મ્હોં ઉપર બતાવવાની તેને છૂટ નથી! ખુરસી પર બેઠી બેઠી એ એક પગનું પગરખું ધીમેથી કાઢી નાખે છે ને બીજા પગના પગરખાં વડે પગના તળીયાની ખજવાળ મટાડતી જાય છે, બેચેન બનતી જાય છે અને છતાં પોતાનું કામ ચાલુ રાખે છે. પગમાં થતી પીડાનું એકે ચિહ્ન એ મ્હોં ઉપર દેખાવા દેતી નથી! પણ એવામાં એનું એ કાઢેલું પગરખું પગની ઠેસ લાગવાથી

વૉર્ડન



વૉર્ડને બાલ્યવયથી જ સારા કામકાજની નિરંતર ચીવટ રાખી છે. ફક્ત કામકાજના મોટા આંકડા તરફ તેણે પોતાની દૃષ્ટિ કદાપી રાખી નથી. છતાંએ પરિણામ તો આજે એ આવ્યું છે કે ભારતની મહાન વીમા સંસ્થાઓમાં તેણે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે ચાલુ કામકાજ ઘણું જ ઉચ્ચગામી બન્યું છે.

મેળવેલી આ મહાનતા માટે અમે અભિમાન લઈએ છીએ પણ વીમાની સિદ્ધાંતોનું શ્રદ્ધાપૂર્વક ચુસ્ત પાલન કર્યાથી અમને મોટાઇ કરતાં પણ મહાન અને અનુપમ ગૌરવ માન્ય થયું છે. આ આદર્શોએ વૉર્ડનને ઘણી જ સુદૃઢ અને સંગીન બનાવી છે.

અસકયામત	રૂ.	**૧,૬૦,૦૦,૦૦૦**
ચૂકવેલા દાવા	રૂ.	**૫૫,૦૦,૦૦૦**
આવક	રૂ.	**૪૦,૦૦,૦૦૦**

વૉર્ડન અને તેની ફ્રેન્ડલી ગ્રુપ ઓફ ઇન્સ્યુરન્સ કંપનીઓએ જે હિન્દુસ્તાનમાં કામ કરતો એક મોટો અને સધ્ધર ઇન્સ્યુરન્સ ગ્રુપ છે—તેણે હવે ૧૯૫૩ થી તેનું દરેક જાતનું વીમાનું કામકાજ—લાઈફ-ફાયર—આકસ્માત અને મરીન, આખા હિંદુસ્તાનમાં વિકસાવવાની યોજના કરી છે. ઇન્સ્યુરન્સમાં અનુભવી માણસોને—તેમાં નવા ડીસ્ટ્રીકટ મેનેજરો—સુપરીન્ટેન્ડન્ટો અને ચીફ એજન્ટોની ઘણી જ લાભદાયી જગ્યાઓ વિશે તપાસ કરવામાં ઘણો જ લાભ થયો છે.

હેડ આફિસ : વૉર્ડન હાઉસ, સર ફિરોજશાહ મહેતા રોડ,
કોટ, મુંબઇ
શાખાઓ : ત્રણ દરવાજા, અમદાવાદ
લાલગેટ, સુરત
યુરોપીઅન જીમખાના સામે, રાજકોટ

જરા આઘે ચાલ્યું જાય છે. એના ઉપર એના ઉમરાવોની નજર પડે છે. ઉમરાવો એ જોઈને ચોંકી ઉઠે છે. એમાં એમને સામ્રાજ્યના મોભા ઉપર મોટો પ્રહાર થયેલો દેખાય છે. ઝટપટ સમારંભ પૂરો કરવામાં આવે છે.

યંત્રની માફક ઘડીઆળના ટકોરે કામ કરતી બીચારી એ તરૂણ શાહજાદી આખા દિવસના પરિશ્રમથી થાકીને રાતનો આરામ લેવા બિછાનામાં પડે છે ત્યારે પણ એક પાકટ વયની ઉમરાવબાનુ તેની પાસે ઉભેલી હોય છે. શાહજાદીને બીજે દિવસે શું શું કામ કરવાનું છે તેની યાદી એ ઉમરાવબાનુ તેને વાંચી સંભળાવે છે. "આઠ વાગે દરબાર, સવા નવ વાગે ઉદ્ઘાટન, અગીઆર વાગે પ્રદર્શન ખુલ્લું મુકવાની ક્રિયા, એક વાગે અમુક ઠેકાણે બપોરનું ખાણું, સવા બે વાગે અમુક પાદશાહની મુલાકાત, પોણાત્રણ વાગે અમુક સંસ્થાની મુલાકાત, ચાર વાગે અમુક મિજલસમાં ચ્હા પીવા જવાનું, પોણા પાંચ વાગે અમુક મેળાવડામાં હાજર થવાનું, સવા છ વાગે નાટકમાં જવાનું, સાડા આઠ વાગે રાતનાં ભોજનમાં અમુક કલબમાં જવાનું, પોણા દસ વાગે"......એ બધું સાંભળતાં શાહજાદી ગભરાઈ ઉઠે છે. ઉમરાવબાનુ ઉપર એ ગુસ્સે થઈ જાય છે. એના મનમાં વિચાર આવે છે: "હું આવડા મોટાં સામ્રાજ્યની શાહજાદી છતાં મારે બીજાઓના દોરી સંચાર મુજબ ફક્ત એક પુતળીની પેઠે જ્યાં લઈ જવામાં આવે ત્યાં જવું, જેમ શીખવવામાં આવે તેમ વર્તવું અને પઢાવવામાં આવે તેટલું જ બોલવું એવી ઝિન્દિગી શું ખરેખાત જીવવા લાયક છે! એ વિચારે શાહઝાદી બેચેન બની જાય છે. તેને ઉંઘ આવતી નથી ને તેની પરિચારિકા ગભરાય છે. ઉંઘવાને સમયે તેણે ઉંઘી જ જવું જોઈએ—નહીં તો પાછી સવારે વખતસર જાગીને પોતાનાં ભરચક "પ્રોગ્રામ"ને એ શી રીતે પહોંચી શકે? એટલે તરત જ ડાક્ટરને બોલાવવામાં આવે છે. ડાક્ટર એને તપાસીને એક ઇન્જેક્શન આપે છે–ઉંઘ લાવવાનું.

એનાથી શાહજાદીને ઉંઘ નથી આવતી પણ એક જાતની-તંદ્રા ઉત્પન્ન થાય છે. અર્ધ જાગ્રત–અર્ધ ઉંઘતી એવી દશામાં એ બત્તી સળગાવી ઓરડામાં આંટા મારે છે. એજ દશામાં એ ઓરડામાંથી બહાર નીકળે છે, મહેલમાંથી બહાર નીકળે છે, જાહેર રસ્તા પર આવે છે અને ઉંઘવાના વસ્ત્રોમાં જ રસ્તા પર ઉભેલી એક માલ લઇ જવાની મોટર લારીમાં ચડી જાય છે. થોડું અંતર કાપ્યા પછી એ મોટરલારી શહેરના એક નિર્જન રસ્તા પર અટકે છે ને શાહજાદી એમાંથી ઉતરી જાય છે. રસ્તાની કીનારી પર એક પુલ બાંધેલો છે, એના પથ્થર ઉપર એવી જ નિદ્રાવશ દશામાં એ રાજકુમારી લાંબી થઈને પડે છે.

મોડી રાત્રે શહેરની એક કલબમાં કેટલાક માણસો ગંજીફાથી જુગાર રમી રહ્યા છે. એમાં એક મોટા રોજીંદા અખબારના બે રીપોર્ટરો છે, જેમાંનો એક જુગારમાં સારી પેઠે હારી ગયા પછી થોડા બચેલા પૈસા ખીસામાં મારી ત્યાંથી નીકળી જાય છે. એ ફરતો ફરતો પેલા પુલ પાસે પહોંચે છે. પડખું ફરે તો નીચે પડી જાય એવી અસ્થિર દશામાં સુતેલી એક ગભરૂ કુમારિકાને જોઈને એ ચમકે છે. એ તેને જગાડે છે શાહજાદી તંદ્રાવશ દશામાં અરધી જાગ્રત–અરધી ઉંઘમાં એ રીપોર્ટરના ખભા પર ઝૂકી પડે છે. રીપોર્ટર ગભરાય છે. એને વિમાસણ થાય છે કે આ તરૂણી કોણ હશે. એ સવાલ પૂછે છે તેના પેલી સરખા જવાબ આપતી નથી. એની એ હાલતમાં રાતની રાત એને ત્યાં મૂકી જતાં એનું મન માનતું નથી. એક ટેક્સી રોકીને એમાં એ અર્ધ-

ઉંઘરાટી શાહઝાદીને ઉંચકીને નાખે છે ને પોતાને ઘેર લઇ જાય છે.

અપરિચિત અખબારનવેશનું એ ઘર–એક ઓરડો. સુવા માટે એક ખાટલો. રાજકુમારી ઘેનમાં. પૂછેલા સવાલનો સરખો જવાબ આપે નહીં–પૂરી આંખો પણ ખોલે નહીં. એને એ પોતાના ખાટલા પર સુવાડે છે. પોતે એક આરામ ખુરસી પર રાત ગાળે છે.

સવારે એ ઉઠે છે ત્યારે શાહજાદી તો ઉંઘતી જ હોય છે. એ પોતાના છાપખાનામાં જાય છે ત્યારે સવારનું તાજું બહાર પડેલું છાપું જુએ છે. તેમાં પહેલે જ પાને શાહજાદીની મોટી તસ્વીર છે અને મોટા હરફમાં સમાચાર છાપેલા છે કે રાતે એકાએક શાહજાદીની તબીઅત બગડી આવતાં તેના તમામ જાહેર કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યા છે. એ તસ્વીર જોઇને રીપોર્ટર ચમકે છે! રાતે એના ઘરમાં સુઇ રહેલી એ તરૂણી શાહજાદી જ હતી એ ખ્યાલ આવતાં એ ઘેર દોડે છે. શાહજાદી એ વખતે ઉંઘમાંથી જાગે છે ને દવાનું ઘેન ઉતરી જતાં સ્વસ્થ થાય છે. સ્નાન કરીને એ પેલા અખબારનવેશે આપેલાં કપડાં પહેરે છે. એનો આભાર માનીને તેની પાસેથી હતા તેમાંના અરધા પૈસા ઉધાર લઇ તે ચાલી જાય છે.

અને પછી એ રોમ શહેરમાં એક સાધારણ શહેરી યુવતીની માફક રખડે છે. બજારોમાં ફરીને દુકાનોમાં ગોઠવેલી ચીજ વસ્તુઓ નીહાળે છે, કોઇના ભાવ પૂછે છે, પણ ખરીદવાના પૈસા પાસે નથી હોતા એટલે ભાવ પૂછીને જ રહી જાય છે. એક દુકાનમાંથી આઇસક્રીમ ખરીદીને રસ્તે ચાલતી ચાલતી ખાતી જાય છે. એની ખુબસુરતી, ચહેરા ઉપરનો એક વિશિષ્ટ પ્રભાવ, વિચિત્ર પોષાક અને માથાના વાળની વિશિષ્ટ શોભા જોઇને લોકો એની તરફ તાકી રહે છે.

શાહજાદી એથી ગભરાઇને એક હજામની દુકાનમાં ઘુસે છે. હજામને કહે છે કે "મારા વાળના પાછળના બધા ગુચ્છા કાપી નાખ."

હજામ એ ગુચ્છા કાપી નાખી, વાળ સરખા કરી, શાહજાદીને ઇજ્જન આપે છે, "આજે રાતના અમારી ક્લબમાં નૃત્યની એક ફક્કડ મિજલસ છે એમાં તું જરૂર આવજે. બહુ મોજ પડશે."

અને પછી તો એ શાહજાદી રોમમાં પગપાળી અંહી તંહી મોજ કરતી ફરે છે. એવામાં એને રાતનો પોતાનો યજમાન પેલો અખબારનવેશ અને તેનો બીજો એક સાથી મળી જાય છે. એ બધા રોમના પ્રાચીન ખંડેરો જોવા જાય છે, આમવર્ગને માટેની હોટલમાં જઇને બધા ચ્હા–નાસ્તો કરે છે અને રાતે ત્રણે જણા પેલી જ ક્લબમાં જઇ ચડે છે જ્યાં આવવા માટે પેલા હજામે ઇજ્જન આપ્યું હતું. ક્લબમાં આમ વર્ગના યુવાન સ્ત્રી પુરુષો સંગીત, નૃત્ય, શરાબ અને ભોજનમાં મસ્ત બની જીવનની મોજ માણે છે–એ બધાની સાથે શાહજાદી પણ ભળી જાય છે. એને મહત્તાના બંધન વિનાનાં એ મુક્ત જીવનમાં આમવર્ગના માનવીઓની નિર્દોષ મોજ બહુ ગમી જાય છે.

પણ શાહજાદીની શોધમાં રાજ્યની એક મોટી પોલીસ ફોજ નીકળી પડે છે અને તે ફોજ આખરે તેનો પતો મેળવે છે. તેના પંજામાંથી છટકીને શાહજાદી પોતાના પેલા અખબારનવેશ સાથીઓની સાથે નાસે છે. પેટ ભરીને એ મુક્ત જીવનની મોજ માણી લીધા પછી છેક મધરાતે શાહજાદી પોતાના એ ગઇ રાતના યજમાનની સાથે પોતાના મહેલના દરવાજા પર આવી પહોંચે છે, યજમાનને કહે છે, "તું હવે મને અંહી છોડી દે. હું ક્યાં જઉં છું તે જોવાની પરવા કરતો નહીં. હું કોણ છું તે જાણવાની જિજ્ઞાસા

રાખીશ નહીં. તારી મોટર તું સીધી હંકારી મૂકજે-હું 'જઉં છું' તે દિશા તરફ નજર કરીશ નહીં." એ સજ્જન યુવાન શાહજાદીની આજ્ઞા માની તે પ્રમાણે વર્તે છે, નિરાશ હૈયે એ તેનાથી છૂટા પડે છે.

ભાંગતી રાતે શાહજાદી મહેલમાં પ્રવેશ કરે છે-ત્યારે સચિંત અને હાંફળા ફાંફળા બની ગયેલા તેના ઉમરાવોની મંડળી ચોંકી ઉઠે છે. વિનયપૂર્વક એ શાહજાદીને કહે છે, "સામ્રાજ્યની આબરૂનું અને તમારા આટલા ઊંચા મોભાનું તમને કંઈ ભાન છે કે નહીં?" સ્વસ્થતાથી શાહજાદી જવાબ આપે છે, "સામ્રાજ્યની આબરૂનું ને મારા મોભાનું મને ભાન ન હોત તો અત્યારે હું આ મહેલમાં પાછી આવત જ નહીં. તમે ચુપ રહો, અને અંહીથી ખસો." જમીન સુધી નીચા નમીને એ ઉમરાવો ચાલ્યા જાય છે ને શાહજાદી નિદ્રામાં પડે છે.

અને બીજે દહાડે અખબારનવેશોની એક પરિષદમાં શાહજાદીને હાજરી આપવાની હોય છે. એ સમારંભમાં આગલા દિવસ અને રાત્રે તેની સાથે ફરેલા પેલા બે યુવાન રીપોર્ટરો પણ હાજર છે. શાહજાદીને સવાલો પૂછવામાં આવે છે તેના તે ગંભીરતાથી જવાબો આપે છે. એ પછી પત્રોના પ્રતિનિધિઓની તેની સાથે ઓળખાણ કરાવવામાં આવે છે. ફરી પાછી એ જ અક્કડાઈ, એ જ શિષ્ટાચારના શબ્દો: "ગુડ આફ્ટરનુન" અને "હાઉ ડુ યુ ડુ": મ્હોં ઉપર એ જ કૃત્રિમ મુસ્કેરાટ: પેલા બે અખબારનવેશો પૂરા સજ્જન છે. આગલા દિવસની વાત જેમ શાહજાદી મનમાં જ દાબી રાખે છે તેમ તેઓ પણ મનમાં જ દાબી રાખે છે. પણ મુલાકાત પુરી થયે જતાં જતાં તેમાંના એક આગલા દિવસે શાહજાદીની જુદી જુદી અનેક તસ્વીરો કેમેરામા ઝડપી લીધેલી હતી તેનું એક પેકેટ એ શાહજાદીને સુપર્દ કરે છે. શાહજાદી એમાંની એક તસ્વીર જરા જોઈને કવર ઝડપથી બંધ કરી દે છે. મુલાકાત પુરી થાય છે તે સાથે ચિત્ર પણ પુરૂં-થાય છે.

વાત સાવ સાદી છે છતા માનવ સમાજના એક સુખી અને મહાન ગણાતા વર્ગના જીવનની કરૂણતાથી છલોછલ ભરેલી છે.

સત્તા, લક્ષ્મી, અધિકાર કે કીર્તિના જોરે વડે જગતની આમ જનતા કરતાં અતિ ઉચ્ચતર સ્થાન પર વસનારી, આમ જનતાને માટે અસ્પર્શ્ય અને તેનાથી અતડા રહેવાને ટેવાયલી "મહાન" ને નામે ઓળખાતી વ્યક્તિઓની દુનિયાના કરોડો ગરીબ, મહેનતુ, શ્રમજીવી અને મધ્યમ વર્ગના માણસોને ઈર્ષ્યા ઉપજતી હશે. કરોડો માણસો એમની મહત્તાથી અંજાઈ પણ જતા હશે. એમના ભભકાથી, એમને મળતા આદરમાનથી, હજારો કે લાખોની મેદનીમાં પણ એમને માટે લેવામાં આવતી વિશિષ્ટ કાળજીથી કરોડો માણસો ચકિત થઈ જતા હશે. પણ એ બધાં "મહત્તાનાં બંધનો" માં એ વ્યક્તિઓની પોતાની મનોવેદના કેટલી તીવ્ર બની રહેતી હશે તેનો ખ્યાલ જવલ્લે જ કોઈને આવતો હશે.

એ કૃત્રિમ જીવનમાં એ મહાન વ્યક્તિઓ ખરેખાત સુખી હશે?

ના. એમને એ જીવન ગમતું નથી હોતું. આખરે તો એ પણ આપણા જેવા જ માનવીઓ છે. એમને માનવીઓના સહવાસની ભૂખ હોય છે. બીજા માનવીઓ સાથે હળવા મળવાની, તેમની પેઠે કોઈના ચોકી પહેરા વિના, મુક્ત મનથી સર્વત્ર હરવા ફરવાની, આમજનતાના આનંદ વિનોદમાં ભાગ લેવાની ભારે ઉત્કંઠા હોય છે. એ ઉત્કંઠાને તૃપ્ત કરવા માટે તો પૂર્વકાલમાં ચક્રવર્તિ રાજાઓ પણ રાતને વખતે વેશપલટો કરીને નગરચર્યા નિહાળવા નીકળતા. એ નગરચર્યા નિહાળવામાં તેમનો

આશય પ્રજાના સુખદુઃખ જાણવાનો હતો એમ મનાય છે, પણ એનાં કરતાં વિશેષ તો આમ પ્રજાની પેઠે, સામાન્ય માનવીઓની પેઠે જીવનની મોજ માણવાનો આશય બલવત્તર હતો એ હકીકત છે.

એમને એ મહત્તાનાં બંધનો દુઃખકર લાગે છે. તુરંગમાં પુરાઈ રહેનાર કેદીને માનવીઓના મેળાથી દૂર રહેવામાં જે મનોવેદના થાય છે તેવી જ મનોવેદના એ મહાન વ્યક્તિઓને થાય છે. તુરંગના કેદીને કોઈ ગુનાહની સજા રૂપે પોતાની એ સ્વતંત્રતા ગુમાવવી પડે છે. "મહાન" ગણાતા માનવીઓને પોતાના ધન, સત્તા, અધિકાર કે કીર્તિની સજા રૂપે પોતાની એ સ્વતંત્રતાનો ભોગ આપવો પડે છે.

સમ્રાટ સિકંદર દુનિયા પર વિજય મેળવીને પોતાના પાટનગરમાં પાછો આવ્યો ત્યારે ગ્રીસની પ્રજાએ તેનું શાનદાર સ્વાગત કર્યું. હયદળ, પાયદળ તોપો અને રથોની લાંબી લાંબી કતારોના જલુસમાં પોતાના આઠ ઘોડાના રથમાં બેઠેલા સિકંદરને નિરખવા આબાલવૃદ્ધ હજારો પ્રજાજનો રસ્તાની બન્ને બાજુએ કીડીયારાંની પેઠે ઉભરાતા હતા. માર્ગમાં સિકંદરની નજર બાજુની એક ગલ્લીમાં પડી. એ ગલ્લીમાં પૃથ્વીની પથારી અને લાકડાના એક પીપનું ઓશિકું કરીને એક વૃદ્ધ પુરુષ મસ્ત થઈને પડેલો હતો. સિકંદરે પોતાના પરિચારકોને એનું નામ પૂછ્યું. જવાબ મળ્યો, "એ ડાયોજીનીસ નામનો એક ફિલ્સુફ છે. આખો દહાડો એ એક લાકડાનું પીપ ખભે ઉચકીને શહેરમાં ફરે છે ને રાતે એ પીપમાં સુઈ રહે છે."

રથમાંથી ઉતરીને સિકંદર એ ફિલ્સુફની પાસે ગયો. તેની સામે જઈને ઉભો રહ્યો. તંદ્રામાં પડેલા પેલા દાઢીવાળા ફિલ્સુફે આંખો અરધી ખોલીને સિકંદરની સામે નજર કરી. સિકંદરે તેને કહ્યું, "ફિલ્સુફ ડાયોજીનીસ! હું ગ્રીસનો બાદશાહ, વિશ્વવિજેતા સિકંદર. તને મળવા હું સામે ચાલીને આવ્યો છું. તારી જે ઇચ્છા હોય તે તું મારી પાસે માગી લે. ધન, સત્તા, અધિકાર, વૈભવ જે જોઈએ તે હું તને આપી શકું તેમ છું."

ડાયોજીનીસે પોતાની આંખો જરા વધારે ખોલી અને પડખું ફેરવીને સિકંદરની સામે જોઈને કહ્યું, "હું અંહી થોડી વાર સૂર્યની ઉષ્માનું સ્નાન કરવા પડ્યો છું. તારી પાસે મારી એક જ માગણી છે કે તું મારી ને તડકાની વચ્ચે ઉભો છે ત્યાંથી ખસીને જરા બાજુએ ઉભો રહે તો મારી મોજમાંથી વિક્ષેપ ટળી જાય."

અને સિકંદર ત્યાંથી ખસી ગયો. ખસતાં ખસતાં બોલ્યો, "હું જો સિકંદર ન હોત તો ડાયોજીનીસ બનવાનું પસંદ કરત."

સિકંદરના આ ઉદ્‌ગારો દુનિયાભરના 'મહાન' ગણાતા કેટલા માનવીઓએ કેટલીવાર મનમાં ઉચ્ચાર્યા હશે! આજે પણ એવા કેટલા માનવીઓ રોજે રોજ એ જ અર્થના ઉદ્‌ગારો કાઢતા હશે એ તો જેને એવા કોઈ 'મહાન' માનવીનાં મનની વાત જાણવાનો મોકો મળે તેને જ માલમ પડે!

જનતાથી અળગા અને અસ્પર્શ્ય રહેનારા, સતત પરિચારકોથી વિટળાઈને ફરનારા અને આમજનતાના મુક્ત વિહારથી વંચિત એવા મહત્તાના બંધનોની જંજીરોમાં જકડાઈ રહેનારા માણસો સામાન્ય જનવર્ગની ઈર્ષ્યાને નહીં પણ કરુણાના અધિકારી છે. તેઓ એ જંજીરોમાં સુખી નથી હોતા—સુખાતા હો છે. એમની કોઈ ઈર્ષ્યા ન કરતા—દયા ખાજો

રામુ પરમાનંદ ઠક્કર

આલમના ઇતિહાસનો

અદ્વિતીય સ્ત્રીસંહારક

હેનરી લાંદ્રુ



પહેલું વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૯૧૮) પુરું થયું તે પછી ફ્રાન્સમાં "બ્લુ બિયર્ડ"નાં ઉપનામે ઓળખાતા લાંદ્રુ નામના એક ભયંકર ખુનીનું નામ દુનિયાના એકથી બીજે છેડે જાણીતું થઇ ગયું હતું. ૫૦ વરસની ઉમરે વધસ્તંભ ઉપર મરણ પામેલો આ મહાન ગુનેહગાર કોઇ વિચિત્ર ખાસીહતો ધરાવનાર કુદરતની એક અજબ કૃતિ સમો હતો. એણે અનેક સ્ત્રીઓ સાથે પ્રણયલીલા ખેલી હતી અને તેમાંથી દસની હત્યા કરીને તેમના શબના ટુકડા કરી, એ ટુકડા ઘરનાં રસોડાની ભઠ્ઠીમાં સળગાવી દીધા હતા. આવાં કરપીણ કૃત્યો કરનાર એ માનવ-રાક્ષસની ભયંકર જીવનકથા અંહી રજુ કરવામાં આવે છે.

કદે ઠીંગણો અને દેખાવે અતિશય વરણાગીઓ એવો આ નાનકડો આદમી આજના યુગનો સહુથી મોટો અને બેશરમ ગુનેહગાર હતો એ વિશે કોઇ મતભેદ છે જ નહીં. જ્યારે એના ઉપર અદાલતમાં મુકદમો ચાલ્યો ત્યારે દુનિયાભરના દેશોની પ્રજાઓ એ ખટલાની વિગતોમાં ભારે રસ લઇ રહી હતી.

કારણ કે એ આદમીને દસ ઓરતો અને એક તરૂણ છોકરાના ખુની તરીકે અદાલતમાં ખડો કરવામાં આવ્યો હતો. નવાઇની વાત તો એ હતી કે એણે એ બધાં ખુનો ક્યારે કર્યાં અને કેવી રીતે કર્યાં તે વિશેની ગવાહી આપનાર એક પણ સાક્ષી મળી શક્યો નહોતો. અદાલતમાં એના ઉપરનો ખટલો બહુ લાંબો સમય ચાલતો રહ્યો હતો પણ તેટલો બધો વખત એ આદમીની ઢબછબ અને રીતભાતથી સર્વેનાં દિલ પર ઘણી જ ફક્કડ છાપ પડી હતી. એ બધો વખત એ શાંત, નિર્ભય અને જરાયે ઉશ્કેરાટ કે ગભરાટ વિનાનો દેખાતો હતો. અને આખરે જ્યારે એનો વધ કરવાની ઘડી આવી, ત્યારે વધસ્તંભ ઉપર પણ એ જે શાંતિથી અને જે ગતિથી પહોંચી ગયો એ જોઇને ઘણા માણસોનાં મનમાં એવું થઇ આવ્યું કે રખેને આ આદમીને ગુનેહગાર

ઠરાવીને મોતની સજા કરવામાં ઇન્સાફની ક્યાંક ભૂલ થઇ ગઇ હોય!

સાડા ચાર વરસના પોતાના ઉન્મત્ત અને સ્વચ્છંદ વ્યભિચારમય જીવનમાં એ માણસે બસો ને તોંતેર સ્ત્રીઓની સાથે પ્રણયલીલા ખેલી હતી. અને છતાં એટલી બધી સ્ત્રીઓમાંથી એક પણ તેની વિરુદ્ધ ગવાહી આપવા માટે અદાલતમા હાજર થઇ નહોતી એ વાત ખાસ ધ્યાન ખેંચે એવી છે.

એમાંની એકાદ બે સ્ત્રીઓએ ફક્ત એટલો એકરાર કરેલો કે એ પુરુષે તેમની સાથે છેતરપીંડી કરી હતી, પણ એની જે કેટલીક પહેલાની પ્રેયસીઓએ અદાલતમાં જુબાની આપેલી તે બધીએ એમ જ કહેલુ કે આરોપી ઘણો માયાળુ, વિચારવંત, અને સ્નેહાળ માણસ હતો. એકે સ્ત્રીએ એની સામે કામ ચલાવવા માટે દબાણુ કર્યું નહોતુ.

ર૭૩ સ્ત્રીઓનો પ્રેમી

એને ફક્ત કાયદાની ભાષામા જેને "સંયોગિક પુરાવા" કહે છે તેવા પુરાવાઓ ઉપરથી સજા ફરમાવવામા આવી હતી અને એ સંયોગિક પુરાવાઓ મળ્યા ક્યાંથી? એને પોતાની રોજેરોજની દિનચર્યાનો સંપૂર્ણ વિગતવાર અહેવાલ પોતાની રોજનિશીમાં લખી રાખવાની આદત હતી. એમા એણે દગા ફટકા અને પાપ કરીને મેળવેલા પૈસાનો હીસાબ પણ એ કાળજીથી લખી રાખતો એ તેની રોજનિશીઓ જ તેના ગુન્હાની ગવાહી રૂપે કામ લાગી ગઇ.

એ આદમીનુ નામ હતું લાંડુ શરીરે એ ઠીંગણો, પચાસ વરસ વટાવી ગયેલો, લાંબી, કાળી ભમર દાઢીવાળો અને એક પણ વાળ વિનાના મરઘીના ઇંડા જેવા સાફ ટાલીયા માથાનો હતો. તેનો પોષાક અને દીદાર પારીસ નગરના રસ્તાઓમાં રોજે રોજ જે હજારો મધ્યમ વર્ગના માણસો ફરતા દેખાય છે તેમના જેવા હતા. એને બહુ કેળવણી મળેલી હતી નહીં અને તેની રીતભાત અને બોલી છેક સામાન્ય માણસોના જેવી હતી!

આટલા શબ્દોમાં દુનિયાના ઇતિહાસમાં થઇ ગયેલા એ સહુથી મોટા ભયંકર ખુનીના બાહ્ય લક્ષણો આવી જાય છે. ફક્ત પાંચ વર્ષથી યે ઓછી મુદતમા એણે જેટલી સ્ત્રીઓનાં શીલની બરબાદી કરી હતી તેમની સંખ્યા ૨૭૩ ની હતી!

જે જે સ્ત્રીઓને લાંડુએ પોતાની જાળમાં ફસાવેલી તેમાની ઘણી ખરી તો પોતાની રાજીખુશીથી એ જાળમાં ખેંચાઇ આવેલી હતી. એ બધી સ્ત્રીઓ ઘણે ભાગે રૂપમા સાધારણ, આધેડ વય વટાવી ગયેલી, અને છડી (છૈયાં છોકરાં વિનાની વિધવાઓ કે સગાં વ્હાલાં વિનાની કુમારિકાઓ) હતી. લાંડુ તેમના ઉપર પોતાની જાળ પાથરતી વખતે એવો દંભ કરતો કે પોતે શ્રીમંત માણસ છે અને એ સ્ત્રીઓના રૂપ–ગુણુની ખૂબ તારીફ કરતો એટલે સ્વાભાવિક રીતે તેથી એ ખુશ થતી. પોતે એક ભલી અને વફાદાર સ્ત્રી સાથે લગ્ન કરીને કૌટુંબિક જીવનમા સ્થિર થવા માગે છે એમ કહીને લાંડુ આવી સ્ત્રીઓનો વિશ્વાસ સહેજે સંપાદન કરી લેતો.

લાંડુ ઉપરના મુકદમાની વિગતો તૈયાર કરતાં કરતા બે વરસ લાગી ગયા હતાં. પોલીસના માણસોને લાંડુની એ ભયંકર રોજનિશીમાથી મળી આવેલા નામવાળાં બધા માણસો વિશે જોઇતી માહિતી મળે નહીં ત્યા સુધી તેના ઉપર પ્રાથમિક આરોપ મુકી શકાય એવુ હતું નહીં. તપાસ શરૂ થઇ ત્યારે પોલીસને એવો ખ્યાલ હતો અથવા એવી માહિતી મળી હતી કે લાંડુને હાથે દસ કે અગીઆર માણસો આ દુનિયામાંથી ખતમ થઇ ગયા છે. પણ ચોક્કસ સંખ્યાની કોઇને ખબર નહોતી, પોતાના શિકારો પાસેથી મળેલ ચીજ–વસ્તુઓ છુપાવી રાખવા માટે લાંડુએ કેટલીક ઓરડીઓ ભાડે રાખેલી

હતી તેમાં શોધ કરતાં તેને હાથે મરેલી સ્ત્રીઓની માલિકીની ઘણી ચીજ વસ્તુઓ પોલીસને હાથ લાગેલી.

બીજી જે બસોને તેતેર સ્ત્રીઓનાં નામ પોલીસની પાસે આવેલાં તેમાંથી ઘણા ઘણા પ્રયત્ન કરવા છતાં પોલીસને ફકત સો સ્ત્રીઓનો જ પતો મળી શક્યો હતો. એ સોમાંથી ઘણીખરી સ્ત્રીઓ પોતાની મેળે જ આરોપી જોડેના પોતાના સંબંધની વિગતો પોલીસને જણાવવા માટે આવી લાગી હતી. એમાંની ઘણીખરી દેખીતી રીતે જ જુદે જુદે વખતે લાંદુની રખાતો તરીકે કે ટુંક સમયની પ્રેયસીઓ તરીકે એની સાથે રહેલી હતી અને તે બધું કેવલ ચાર વરસ અને થોડા મહીનાના ટુંકા ગાળામાં જ બની ગયું હતું. કદાચ બીજી વધારે સ્ત્રીઓ પણ લાંદુની મોહજાળમાં ફસાઇ હશે, પણ તેમ હોય તો તેમને વિશે કશી માહિતી મળી શકી નથી.

ભક્તિમય બચપણ

હેનરી દેસીરે લાંદુનો જન્મ પારિસમાં સને ૧૮૬૯ ની સાલમાં થયેલો. એના માબાપ સજ્જન અને મહેનતુ માણસો હતા. લાંદુએ મોટા પાયા ઉપર ખુનો કરવાની શરૂઆત કરી તે અગાઉ તેણે નાના મોટા ગુન્હાઓ કરવા માંડેલા તેની વિગતો સાંભળીને તેના માબાપ ભારે ગમગીન થયા હતા. એ ધણીધણીઆણી સામાન્ય વર્ગના અને સામાન્ય સ્થિતિનાં હોવા છતાં ઘણાં બુદ્ધિશાળી હતાં.

લાંદુ ૨૯ વરસનો થયો ત્યાં સુધી તેનું જીવન તદ્દન નિષ્કલંક હતું. બાલ્યાવસ્થામાં એ ધર્મનું શિક્ષણ આપનારી શાળામાં જતો અને એમાં તેણે પ્રાથમિક શિક્ષણ કરતાં ઘણું વધારે શિક્ષણ લીધેલું. એ વખતે એનું મન પણ ધર્મ તરફ વળેલું દેખાતું હતું કેમકે ઘણીવાર એ દેવળોમાં થતી પ્રાર્થનાઓ ગાવામાં શામિલ થતો એટલું જ નહીં પણ પારિસના



લાંદુની રોજનિશીમાં નોંધ થાય અને સંવનનનો અંત આવી જતો.

પ્રખ્યાત નોત્ર-દામના દેવળથી થોડે જ દૂર આવેલા લુઇ-એન-લેલીના દેવળમાં ધાર્મિક ક્રિયા વિધિઓ થતી ત્યારે તેમાં પણ એ આગળ પડતો ભાગ લેતો.

પહેલો પ્યાર

સોળ વરસની ઉમરે એકવાર લાંદુ દેવળમાં જતો હતો ત્યારે રસ્તામાં તેને મળેલી એક કન્યા સાથે એ પ્યારમાં પડી ગયો. એ કન્યાનું નામ મેરી રેમી કરીને હતું. એની મા લુઈ-એન-લેલીના દેવળની બાજુમાં કપડાં ધોવાની એક નાની દુકાન (લોંડ્રી) ચલાવતી હતી. થોડા વખતમાં મેરી રેમીને પેટે લાંદુના સહવાસથી એક બાળક જન્મ્યું અને તે પછી એ બંને જણાં લગ્નથી જોડાયાં ત્યાર બાદ પોતાનું એ બાળક હરામનું નહીં પણ રીતસર થયેલાં લગ્ન વડે પતિપત્ની બનેલા દંપતીનું છે એવું પ્રમાણપત્ર પણ લાંદુએ મહેનત કરીને મેળવ્યું હતું.

સત્તરથી વીસ વરસની ઉમરમાં લાંદુએ મકાનો બાંધનારાઓ (આર્કીટેક્ટસ) ની એક પેઢીમાં નકશા દોરનારની નોકરી કરી અને

એ નોકરી છોડીને પછી એ કાયદા પ્રમાણેની ફરજીઆત લશ્કરી નોકરીમાં જોડાયો. લશ્કરમાં એણે ઉમદા કામગીરી બજાવી અને સામાન્ય રીતે નાગરિક–સીપાહીઓને માટે મેળવવી અતિ મુશ્કેલ એવી લેફ્ટેનંટની પદ્વી પ્રાપ્ત કરી. લાંદુમાં શોધક બુદ્ધિના ચમકારા પણ હતા. લશ્કરી નોકરી છોડીને ફરી પાછી થોડો વખત મકાન બાંધનારાઓની સાથે નોકરી કર્યો બાદ તેણે બાઇસીકલ બનાવવાનું એક નાનકડું કારખાનું ખોલ્યું હતું અને એક મોટરસાઇકલની આખી રૂપરેખા પણ તૈયાર કરી હતી.

તેનું આ છેલ્લું સાહસ ૧૯૦૦ ની સાલમાં પડી ભાંગ્યું તે પછી તેને નાની નાની ચોરીઓ અને છેતરપીંડીઓ કરવાનો નાદ લાગ્યો. તે પહેલાં લાંદુ એક સીધો સાદો, સજ્જન, અને મહેનતુ માણસ હતો અને દુનિયામાં પોતાનો માર્ગ સીધી રીતે કરી લેવા માટે તેનામા જોઇએ તેટલી બુદ્ધિ અને કાર્યશક્તિ હતી.

પહેલો ગુન્હો

લાંદુનો પહેલો અપરાધ એક બાઇસીકલની ચોરીનો હતો. પારિસ શહેરમાં અહીં તંહી ફરીને કામ કરનાર એક માણસ માટે તેણે છાપામાં જાહેરખબર આપી અને અરજદારે પોતાનું વાહન લાવવું એવી શરત મુકી. એક અરજદાર પોતાની બાઇસીકલ લઇને આવ્યો તેને લાંદુએ નોકરીમાં રોકી લીધો અને પગે ચાલતાં જવાતું એક કામ સોંપ્યું. એ ગયો એટલે તેની બાઇસીકલ ઉડાવીને લાંદુ ચાલતો થઇ ગયો. ભવિષ્યમાં જે માણસ એક ભયંકર ખુની નિવડવાનો હતો તેને માટે આ ચોરી ઘણી મામુલી ગણાય, છતાં એ એની ભાવિ કારકીર્દિનું મંગલાચરણ હતું.

૧૯૦૦ થી ૧૯૧૪ નાં વરસો દરમિયાન લાંદુ ઘણી વાર તુરંગમાં જઇ આવ્યો. એણે એ દરમિયાન અનેક જુદાં જુદાં નામ ધારણ કર્યાં હતાં. એનાં મા બાપ બન્ને ૧૯૧૨ ની સાલમાં મરણ પામ્યાં. પોતાના ગરીબ પણ આબરૂદાર ખાનદાન ઉપર હેનરી દેસીરે નામના એ કપુતે જે કલંક લગાડયા હતાં તેનાથી શરમાઇને તેના પિતાએ ગળે ફાંસો ખાઇને આત્મહત્યા કરી અને એ બનાવથી તેની માતાનું દિલ ભાંગી જતાં એ પણ અચાનક જ મરણ પામી.

એ પછી બે વરસે લાંદુએ પોતાની પત્ની અને બાળકોનો ત્યાગ કર્યો, પણ તેમ કરતાં પહેલાં તેણે તેમને માટે રહેવાના મકાનની સગવડ કરી આપી હતી અને દર મહિને નિયમિત રીતે એ તેમને ખર્ચ માટે પૈસા મોકલતો હતો. એ કુટુંબ કલીશીની આસપાસના વિસ્તારમાં એક મકાનના એક ફ્લેટમાં રહેતું હતું. આ હકીકત તદ્દન ખરી માનવાનું કારણ એ છે કે એ બધી લાંદુની રોજનિશીમાં નોંધાયલી હતી અને રોજનિશી લખવાની બાબતમાં લાંદુ કદિ આળસ કે ભૂલ કરતો નહીં.

લાંદુ હીસાબ કીતાબમાં પણ બહુજ ચોકસાઇવાળો હતો. ખર્ચની નાનામાં નાની વિગત પણ એ હીસાબમાં લખવાનું ચૂકતો નહીં. અરધા પેન્સનું છાપુ ખરીદ કર્યું હોય તો તે વિગત પણ હીસાબમા લખાતી એક વાર દેવળમાં થતાં ઉઘરાણામાં તેણે દસ સેંટ નાખેલા તે પણ હીસાબમાં લખાયલા હતા.

એકમાં બે વ્યક્તિઓ

લાંદુએ ઉચ્ચ શિક્ષણ લીધેલું નહોતું છતાં એ અભણ માણસો કરતાં ઘણો વધારે આગળ વધેલો હતો. એની યાદદાસ્ત જબરદસ્ત અને ચીવટ અને ચોકસાઇ અજબ હતી. એક તરફ નમુનેદાર કહી શકાય તેવા ગુણો અને બીજી તરફ અધમ કહી શકાય તેવી ગુન્હાખોરીવાળા આ આદમીમાં એકી સાથે બે વ્યક્તિઓ વસતી હોય એવું લાગતું હતું.

૫૦ વરસ વટાવીને વનમાં વિચરતો એ કદરૂપો આદમી જે અનેક સ્ત્રીઓના સંસર્ગમાં



એ એકાંત ઘરના દરવાજામાં તેનો સત્કાર કરનાર ફક્ત તેનો ગુન્હાખોર પ્રેમી એક્લો જ હતો.

આવ્યો તેમના ઉપર પોતાનો કાબુ શી રીતે જમાવી શક્યો હશે તેનું રહસ્ય મુશ્કેલ છે. એ સ્ત્રીઓની વિષયવાસના સંતોષવા માટે અદ્‌ભૂત પુરુષાતન જોઈએ અને એ તો લાંદુમાં હશે જ. એના ઉપરનો મુકદમો ચાલતો હતો ત્યારે છાપાંઓમાં એની જે તસ્વીરો પ્રકટ થતી એમાં એની આંખોના આકર્ષણમાં કરવામાં આવતી અતિશયોક્તિ બાદ કરતાં પણ એ આંખોમાં એક પ્રકારનું વિશિષ્ટ આકર્ષણ હતું એ નક્કી વાત છે.

એની તમામ પ્રેયસીઓએ એમ જ કહેલું કે લાંદુ ઘણો માયાળુ અને સમજદાર માણસ હતો પણ તેનું આવક ખર્ચનું નામું જોતાં એમ માલમ પડે છે કે એ ખર્ચ કરવામાં ઘણો કંજુસ હતો અને પોતે મારી નાખેલી સ્ત્રીઓ પાસેથી મળેલી નાની નાની નાણાંની રકમો ખર્ચવામાં પણ એ કંજુસાઈ છોડતો નહીં.

લાંદુએ પહેલું ખૂન ૧૯૧૫ની સાલમાં કર્યું હશે એવું અનુમાન થઈ શકે છે. એ વિશ્વયુદ્ધનું બીજું વરસ હતું અને તે વરસમાં ફ્રાન્સની સામાન્ય પરિસ્થિતિ એવી અસ્તવ્યસ્ત બની ગઈ હતી કે ઘણા ગુન્હેગારો ઇન્સાફના પંજામાંથી સહેલાઈથી અળગા રહી શકતા હતા. પકડાય તો ઓછામાં ઓછા પાંચ વરસ માટે દેશનિકાલ થાય એવો એક આરોપ તો લાંદુને માથે તે પહેલાંનો પણ ઉભેલો હતો. પણ એ પોલીસના હાથમાં આવતો નહોતો, એટલું જ નહીં, પણ દેશના કાયદા પ્રમાણે એની ઉમરના માણસને માથે લડાઈને અંગેની કોઈ ને કોઈ કામગીરી બજાવવાની ફરજ આવી પડતી હતી એમાંથી પણ કોઈ ને કોઈ રીતે હમેશાં છટકી જતો હતો.

અને એ બધો વખત લાંદુ છડેચોક પારિસ નગરના રસ્તાઓ ઉપર બીજા કોઈ પણ શહેરીની પેઠે ખુશીથી હરતો ફરતો હતો. એની દાઢી એવી વિચિત્ર હતી કે એ વડે એ સહેલાઈથી ઓળખાઈ જાય. હમેશાં પકડાઈ જવાનો ભય માથે રાખીને પણ આવી રીતે વર્તનાર માણસની હીમ્મત ઘણી કહી શકાય.

એનું રહસ્ય કેવી રીતે ખુલ્યું તે જોઈએ. ૧૯૧૪ ની સાલમાં એક ખુશનુમા સવારે પોતે ધારણ કરેલા રેમંડ દીઆર્દના નામે ઓળખાતો લાંદુ પારિસના પ્રખ્યાત લક્ષેંબર્ગ

નથી. લાંદુને આવી જાહેરખબરોના ઘણા જવાબો મળતા એ કહેવાની જરૂર નથી અને એ બધાની નોંધ એ પોતાની રોજનિશીમાં રાખતો.

દરેક નામની સામે એ દરેક ઉમેદવારની કીમત અને લાયકાત બતાવનારી નિશાનીઓ કરી રાખતો. દાખલા તરીકે જે બાઇની પાસે ખાનગી મુડી હોય તેનાં નામ સામે એ R અક્ષર લખતો. ST એટલે નોકરી કરનારી બાઇ, SS એટલે પૈસા વગરની. F એટલે બચ્ચાં છોકરાંવાળી અને SF એટલે છડી (છોકરાં છૈયાં વિનાની) એવો એ નિશાનીઓનો અર્થ થતો.

આવી અરજીઓમાંથી જેની પસંદગી કરવામાં આવે તેવી સ્ત્રીઓને એ સામાન્ય રીતે એવો જવાબ લખી મોકલતો કે "આજ સુધી મારી જીંદગી મેં મારી માતાની સેવા ચાકરીમાં ગાળી છે. માતાનું મરણ થવાથી હવે હું કોઇ એવી પત્નીની શોધમાં છું કે જે મારા તરફ નરમાશ અને પ્યાર બતાવે અને જેને હું મારૂં હૃદય સમર્પણ કરી શકું."

એને ઉતાવળ પસંદ નહોતી. પોતાના શિકાર ઉપર એ ધીમે ધીમે જાળ પાથરતો. પહેલાં તો જેને જાળમાં લેવાનું નક્કી કર્યું હોય તેવી સ્ત્રીઓને એ ફરનીચર ખરીદી એકઠું કરવાનું કહેતો. એમની પાસે જે કંઇ બચત રકમ હોય તે પડાવી લેતો અને પછી પારિસ શહેરમાં પોતે પસંદ કરેલા પોતાના ઘરમા એક પછી એક સ્ત્રીને લઇ આવતો. અહીં પૈસા ટકાની લેણદેણની બધી ચોખવટ કરી લેવામાં આવતી અને પછી ગેમ્બે નામના એક લત્તામાં આવેલા પોતાના ઘરમાં તેમને રહેવા લઇ જતો.

ગુન્હાખોરીના ભયંકર ઇતિહાસની એકેએક વિગત લાદુની રોજનિશીમાં નોંધાઇ જતી હતી. એ પોતાની માશૂકાને કયા, ક્યારે અને કેવી રીતે મળતો, કયા કયા અખબારોમાં એ જાહેરખબરો આપતો, તે સ્ત્રીઓને માટે એ કેવાં ખાણાં અને કઇ જાતના શરાબો વગેરે ખરીદતો અને તેમને બીજી શી શી ભેટસોગાદ આપતો તેની તમામ ઝીણી ઝીણી વિગતો એ રોજનિશી મારફતે પોલીસના જાણવામાં આવેલી.

આ કમનસીબ સ્ત્રીઓનો જીવ એ કેવી રીતે લેતો તે પણ તેણે નોંધપોથીઓમાં લખ્યું હોત તો પોલીસખાતાને ઘણો સંતોષ થાત. પણ એ વિષયમાં તેણે મુદ્દલ ઇશારો પણ કર્યો યે કરેલો નથી. ફક્ત કયે દિવસે અને કેટલા વાગે કઇ સ્ત્રીનો ઘાત કરવાનો છે તે વિશે એક ટુંકી નોંધ કરવામાં આવતી જે રોજનિશીમાંથી મળી આવી છે.

વરતુલે ખાતે લાંદુએ પોતાના પહેલાં બે ખૂન કર્યાં તે પછી એ સ્થલ તેને પ્રતિકુલ લાગવાથી બીજાં ખુનોની હારમાલા માટે તેણે ગેંબે નામનું સ્થલ પસંદ કર્યું હતુ. આ ગેંબે રેલ્વેના સ્ટેશનથી ચાર માઇલના અંતર પર આવેલું નાનકડું એવુ ગામડું છે અને ફ્રાન્સના પ્રખ્યાત શહેર વર્સેલથી ૨૦ માઇલ દૂર છે.

લાંદુનું કતલખાનું

જે ઘરમાં લાંદુએ એટલાં બધા ખૂન કર્યાં તે ઘર હજુ પણ મોજૂદ છે. ગામડાની વસતિથી પણ તે અરધા માઇલ જેટલે દૂર એકાંત સ્થળમા આવેલુ છે. એના બગીચાની દીવાલ પાછળ સ્મશાનભૂમિ છે. અંગ્રેજીમા જેને "વિલા" કહે છે એવુ એ એક સ્વતંત્ર, નાનકડું ઘર છે. એ દિવસોમાં ત્યાં પહોંચવા માટે રેલ્વેના સ્ટેશનથી ઘોડાના ટાંગામાં બેસીને ચાર માઇલનો પ્રવાસ કરવો પડતો.

જે જે સ્ત્રીઓ આ ઘરમાં પહેલીવાર (અને સાથે સાથે જ છેલ્લીવાર) આવી હશે તેમને ત્યાં આવતાં કેવી લાગણીઓ થઇ હશે તેનો ખ્યાલ કરી જોજો. શિયાળાની કોઇ ઠંડી રાતે મોડેથી જ્યારે એ ત્યા

આવતી હશે ત્યારે લાંદુએ વર્ણવી બતાવેલાં સુન્દર, સુસજ્જિત ઘરને ઠેકાણે સામાન્ય ગરીબ આદમીના રહેઠાણ જેવું અને જૂજ રાચ-રચીલાંવાળું એ ઘર એમને ખાવા ધાયું હશે. એમાં પ્રવેશ કરતી વખતે એમને આવકાર આપનાર ઘરમાં એક પણ બીજું માણસ નહીં! ફક્ત એક જ સાથી અને તે તેમનો દાઢીવાળો દુષ્ટ અને ઘાતકી આશક કે પ્રિયતમ!

પોલીસે જ્યારે આ ઘરની ઝડતી લીધી ત્યારે પહેલ વહેલાં તો તેઓ એ શોધવા લાગ્યા કે લાંદુને હાથે મરેલી સ્ત્રીઓનાં શરીરોનું શું થયું હશે. લાંદુએ પોતે તો પોતાની તપાસ દરમીઆન હંમેશાં એમ જ કહ્યા કરેલું કે એ બધી સ્ત્રીઓ આપમેળે તેને છોડીને પોતપોતાને મન ફાવે ત્યાં ચાલી ગઇ હતી. પરંતુ આજુબાજુ વસતાં કેટલાક ગામડીઆઓને પૂછતાં એવી માહિતી મળી હતી કે લાંદુના મકાનમાં જે ઉંચી ચીમની હતી (યુરોપમાં રસોડાંના ચુલાઓ ઉપર ઉંચી ચીમનીઓ હોય છે) તેમાંથી ઘણી વાર તેઓએ દુર્ગંધ મારતા ધુમાડાના ગોટેગોટા નીકળતા જોયેલા. આટલા ઉપરથી એ ચીમનીની નીચે આવેલી ભઠ્ઠીની રાખ, કોલસા અને કચરો પોલીસે ફેંદી જોયા તો તેમાંથી માણસના હાડકાની નાની નાની કરચો કે મ્હોંમાંના દાંતના ટુકડાઓ મળી આવ્યા હતા.

એવા જ અવશેષો ત્યાંની એક ઘાસની ગંજી ફેંદતાં એમાંથી પણ મળી આવ્યા હતા. એ ગંજીમાં ત્રણ નાનાં કુરકુરીયાનાં હાડપિંજરો છુપાવલાં હતાં. એ ત્રણમાંથી બે કુરકુરીયાં લાંદુની એક પ્રેયસીનાં હતાં અને ત્રીજું એ પ્રેયસીને તેના એક મિત્રે ગામડાંમાં હવાફેર માટે લઇ જવા સારુ સોંપેલું હતું.

બનવાજોગ છે કે લાંદુ પહેલાં પોતાના શિકારને પાતળા તારનો એક ગાળીઓ ગળામાં નાખીને ગુંગળાવીને મારી નાખતો હશે. એના પંજામાં આવેલી ઘણીખરી સ્ત્રીઓ જાતમહેનત કરનારી હોવાથી શરીરે તંદુરસ્ત હતી એટલે ગુંગળાવતાં પહેલાં કોઇ ઘેનની દવા પાઇને એ તેમને બેભાન કરી નાખતો હશે. લાંદુના ઘરમાંથી ઝેરના ઉપયોગ અને ઝેરની અસરને લગતી એક ચોપડી પોલીસને મળી આવી હતી. આ ચોપડી વિશે જ્યારે તેને અદાલતમાં સવાલ પૂછવામાં આવેલો ત્યારે તેણે એનો જવાબ આપ્યો હતો કે "પુસ્તક વાંચવું એ કોઇ અપરાધ તો નથી જ ને!"

પોલીસની મુંઝવણ

શબોનો નાશ શી રીતે થતો તે શોધી કાઢવા માટે પોલીસ ખાતાંએ ઘણી જહેમત ઉઠાવી. બગીચામાં પાણીનો એક હોજ હતો તે આખો ખાલી કરાવવામાં આવેલો અને આસપાસના જંગલમાં ઘણું ખોદકામ કરાવવામાં આવેલું પણ એ જંગલ એટલું મોટું છે કે એમાં સેંકડો મુરદાં ખુશીથી દાટી શકાય, અને તેનો પત્તો મેળવતાં વરસો નીકળી જાય. પોલીસને આખરે એક ચાવી હાથ લાગી ગઇ. લાંદુએ એકી સાથે કેટલીક કરવત ખરીદ કરી હતી એમ માલમ પડયું. એ વિશે જ્યારે તેને પૂછવામાં આવ્યું ત્યારે એ સરખો જવાબ આપી શકયો નહોતો. પછી પોલીસખાતાના એક અમલદારને એકાએક ખ્યાલ આવ્યો કે ગેંબે ખાતેનાં લાંદુના મકાનમાં જે ભોંયરું હતું તેમાં પુરા ૭ ફુટની લંબાઇની એક પથ્થરની શિલા ગોઠવેલી હતી અને એ શિલા માણસના શરીરના ટુકડા કરવા માટે બરાબર કામ લાગે તેવી હતી.

આ પથ્થર ઉપર શબોના ટુકડા થતા હશે એમ માની લઇએ તો પણ પછી એ ટુકડાઓનો સંપૂર્ણ નાશ શી રીતે કરવામાં આવતો એ કળવું કઠણ હતું. આઠ આઠ તંદુરસ્ત અને માંસલ શરીરવાળી આધેડ સ્ત્રીઓની રસોડાના ચુલામાં બાળીને રાખ કરવામાં આવી હોય એ મનાવું મુશ્કેલ હતું. છતાં પોલીસે એ વિશે એક પ્રયોગ કરી જોયો.

ચુલા ઉપર જે ચીમની હતી તેમાંથી ખુબ જોરમા હવા આવતી. લાંડ્રુની રોજનિશી પરથી અને ટાંગો હાંકનારની જુબાની ઉપરથી એવી પણ માહિતી મળી આવી કે જ્યારે જ્યારે લાંડ્રુ પોતાની સાથે કોઇ સ્ત્રીને લઇને ગેંબેમા આવતો ત્યારે સાથે હંમેશાં પુષ્કળ કોલસા લઇ આવતો. આ સ્ત્રીઓ બીચારી એ કોલસાની ગુણીઓ ટાંગામાથી ઉતારીને ઘરમાં લઇ જવાના કામમાં લાંડ્રુને મદદ પણ કરતી!

આખરે વધસ્તંભ

આ બધી ચાવીઓ બહુ ઓછી અને કાચી હતી પણ પોલીસને તો જે માહિતી મળે તેનો ઉપયોગ કરવાનો હતો. પોલીસે રસોડાની સગડીમાં કોલસો ભર્યો, ચુલો સળગાવ્યો અને એની આગમાં એક ઘેટાનું કાપેલું માથું મુકી દીધું. પંદર મિનિટમાં એ માથામાથી ફક્ત દાંત સિવાયનો બાજો બધો ભાગ બળીને રાખ થઇ ગયો અને દાંત પણ કાળા કોલસા જેવા બની ગયા હતા. ફરીથી પોલીસના માણસોએ ઘેટાનો એક પગ આગમાં મુક્યો અને તેને બળતા જરા વાર લાગી પણ તેની યે સવા કલાકમાં રાખ થઇ ગઇ. આથી પોલીસ એવા નિર્ણય ઉપર આવી કે હવાનું સખત જોર લઇ આવતી એ ઉંચી ચીમનીમાંજ પોલીસની મુંઝવણનો ઉકેલ હતો. લાંડ્રુ પોતાની પ્રેયસીઓના શબોના કરવત વડે ટુકડા કરતો અને એ ટુકડા એક પછી એક એ ચુલામાંજ સળગાવી દેતો હતો એ અનુમાન સાચું ઠર્યું.

અને લાંડ્રુ ઉપર અગીઆર માનવીઓ (દસ સ્ત્રીઓ અને એક પુરુષ-માદામ કુશેનો પુત્ર આન્દ્રે) ના ખૂન કરવાનો આરોપ ઘડી કાઢવામા આવ્યો.

એની જુબાની લેવામા આવી ત્યારે વખતે વખતે જવાબ આપવામાં લાંડ્રુ ચોયવાઇ જતો, પણ એકંદરે એ શાંત અને સ્વસ્થ રહેતો અને જાણે કે કોઇ લેવડદેવડના હીસાબનો સાધારણ મુકદમો ચાલતો હોય એવી બેપરવાઇથી હાથમાંના કાગળીયાંમાં નજર કરતો.

તેમ છતાં જ્યારે અગીઆર માનવીઓનો જીવ લેવાના આરોપસર તેને મોતની સઝા ફરમાવવામાં આવી ત્યારે પણ લાંડ્રુ તુટી પડ્યો નહોતો. ન્યાયાધીશના મુખેથી એણે સઝાનો હુકમ સ્વસ્થતાથી સાંભળી લીધો અને અદાલતમાંથી વિદાય થતી વખતે એક બેરીસ્ટરે તેને અપીલ કરવાની સલાહ આપી ત્યારે તેણે જવાબ આપ્યો, "મારા જેવા માણસને રહમ કે માફી માગવાનો કોઇ હક્ક નથી."

લાંડ્રુનો વધ જોવાને માટે પારિસથી હજારો માણસો વર્સેલ્સ ગયા હતા. વર્સેલ્સની શેરીઓમાં લોકો થંડી અને અંધારાની પરવા કર્યા વિના કલાકો સુધી ઉભેલા દેખાતા હતા. કાતિલ (વધ કરનાર) અને તેના શાગીર્દો એક મોટા પટારામાં બેસીને આવી પહોંચ્યા. ફ્રાન્સમાં ખુનીઓનો વધ કરવા માટે "ગીલોટીન" નામના એક યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે જેની રચના એવી હોય છે કે અપરાધીની ગરદન એક મજબુત કુહાડી વડે પડતા માથુ ધડથી જુદું થઇ જાય છે. થોડી વારે તુરંગના દરવાજા ખુલ્યા અને લાંડ્રુને તેના પહેરેગીરો વધસ્તંભ ઉપર લઇ આવ્યા. મળસ્કાના ઝાંખા પ્રકાશમા પણ તેનો ચહેરો એકઠા થયેલા અનેક પ્રેક્ષકો સાફ જોઇ શકતા હતા.

એક મિનિટથી યે ઓછા સમયમા અપરાધીને તેના પીંજરામા પુરવામાં આવ્યો અને તાત્કાળ તેની ગરદન ઉપર પેલી વજનદાર કુહાડી પડી. પ્રેક્ષકો શાંતિથી વિખરાઇ ગયા અને જગતના ઇતિહાસમા જેની જોડી ન મળે તેવા એક ભીષણ ખૂનીનાં જીવનનો અંત આવી ગયો.

સઘળી દેહવાસનાઓને તૃપ્તિ આપનારી મહાનગરી

પારિસ

ઇસ્વી સન પહેલાના પર માં વર્ષમાં એટલે કે આજથી ૨૦૦૬ વર્ષ ઉપર રોમન લોકોએ પારિસ શોધી કાઢીને તેનો કબજો લીધો તે વખતે એ માત્ર એક માછીમારોનો નાનકડો બેટ હતો. આજે પણ પારિસ દુનિયાભરનો મોટામાં મોટો માછીમારોનો બેટ જ છે. ફેર એટલો પડયો છે કે માછલીઓ અને માછીમારો બન્ને બદલાઇ ગયા છે.

ચાર સદી સુધી આ બેટ "લુટેશિયા"નાં નામે ઓળખાતો હતો પણ "પારીસી"નાં નામે ઓળખાતી ઉત્તર પ્રદેશની એક કોમ ત્યાં આવીને વસી ત્યારથી એનું નામ પારિસ પડયું (ફ્રેંચ ભાષામાં આ શબ્દનો ઉચ્ચાર "પારિ" કરવામાં આવે છે). ત્યારથી એ પારિસ કે પેરિસનાં નામે ઓળખાય છે. પારિસમાં પેલે દ શેઇલો નામની એક પ્રસિદ્ધ ઇમારત છે. એના એક પ્રવેશદ્વાર ઉપર ફ્રેંચ કવિ પોલ વેલેરીની લખેલી નીચેની પંક્તિ કોતરવામાં આવી છેઃ "હે મિત્ર! તારાં દિલમાં કોઇ વાસના ન હોય તો તું આ દ્વારમાં પ્રવેશ કરતો નહીં." આ શબ્દોમાં આખાં પારિસ નગરનું વર્ણન સમાઇ જાય છે. પારિસ ઇચ્છાઓની—વાસનાઓની—નગરી છે.

૪૧ ચોરસ માઇલના પારિસના વિસ્તારમાં ૨૮,૫૩૭૦૦૦ માનવીઓ, સીન નામની એક મોટી નદી, ૩૩ પુલો, ૨૦ માઇલના વિસ્તારની ગોદીઓ, ૯૯૯ ફુટની ઉંચાઇનો વિશ્વ-વિખ્યાત એફીલ ટાવર, અસંખ્ય મહેલો, દેવળો, બગીચાઓ અને સેંકડો સ્મારકો સમાઇ રહેલાં છે. એ સ્મારકો પારિસના રંગીલા ઇતિહાસનાં પાનાંઓ સમાં ઉભાં છે. બીજાં ત્રીસ લાખ માનવીઓ પારિસની આસપાસ આવેલાં ઉપનગરોમાં વસે છે અને જેમાં દેવળો અને પાઠશાળાઓની સંખ્યા કરતાં વેશ્યાગૃહો અને રાત્રિસ્થાનો (નાઇટ ક્લબ)ની સંખ્યા વધારે છે એવી આ ગણિકા નગરીમાંથી પ્રેરણા અને ઉષ્મા મેળવે છે.

પારિસ પ્રત્યે અગણિત મનુષ્યોનાં મનમાં ઉત્પન્ન થતાં આકર્ષણની પાછળ એ નગરીની વિકૃત વાસનાવૃત્તિ અને રંગીલા જીવન માટેની ખ્યાતિ મુખ્ય ભાગ ભજવે છે. સ્ત્રી-પુરુષ વચ્ચેના દૈહિક સંબંધના નવાં નવાં સ્વરૂપો અને નવા અર્થો પારિસમાં પેદા થાય છે અને પોતાની વાસનાઓને વિવિધ રીતે સંતોષવાને આતુર એવા માનવીઓ—સ્ત્રીઓ તેમ જ પુરુષો—દુનિયાભરના દેશેદેશમાંથી એ કારણે પારિસ તરફ ધસી જાય છે.


"લેટિન ક્વાર્ટર્સ"નાં નામે ઓળખાતો પારિસનો એક લત્તો માનવીની જાતીય જીવનની વિકૃતિઓનાં પ્રદર્શન અને આવિર્ભાવ માટે મશહૂર છે. એ લત્તામાં આવેલા સેંકડો ગુપ્ત આવાસોમાં દેહવિલાસના "બજાણીઆ" કહી શકાય તેવા સ્ત્રી-પુરુષો કામસૂત્રના વિખ્યાત લેખક વાત્સ્યાયને સ્વપ્ને પણ નહીં કલ્પ્યાં હોય તેવા સ્વરૂપો પોતાની દેહવાસનાની તૃપ્તિમાં ખડાં કરી રહ્યાં છે.

મોંટમાર્ટ્રેનાં નામે ઓળખાતા વિસ્તારમાં જમીનની નીચે બાંધવામાં આવેલા આકઝમાળ ભોંયરાઓમાં તરુણ વયની વિદ્યાભ્યાસ કરતી કુમારિકાઓ ન્હાનાં મેજ ઉપર ખંડી થઇને શરીર પરનાં સંસ્કૃતિએ આપેલાં વસ્ત્ર રૂપી આવરણો દૂર કરીને પોતાનાં નગ્ન દેહના

સૌન્દર્ય વડે વિષયલોલુપ પુરુષોને મુગ્ધ કરે છે. એ કુમારિકાઓ આવાં અશ્લીલ કામમાંથી કમાણી કરનારી હોય એવો નિયમ નથી મો. જીન પોલ સારટ્રે નામનો એક ફિલસૂફ પારિસમાં પાક્યો છે. તેણે "આબરૂદાર ગણિકા" અને "ઉબકો" એવાં નામનાં બે પુસ્તકો લખી પ્રસિદ્ધ કર્યા છે. એ પુસ્તકોમાં તેણે એવું પ્રતિપાદન કર્યું છે કે જીવન એક કઢંગો વ્યવસાય છે અને ગમે તે જાતનો ઉશ્કેરાટ એ જ જીવનની ખરી મોજ–ખરો હેતુ છે. એ ઉશ્કેરાટ–એ કંપારી–જો દેહ-વાસનાના ઉપભોગથી પણ મળતી હોય તો તે જતી કરવા જેવી નથી. આ ફિલસૂફનાં શિક્ષણ મુજબ ચાલનારી એ કુમારિકાઓ માત્ર "જીવન જીવવા" ખાતર જ દેહનાં પ્રદર્શનો કરે છે.

સેંટ જર્મેન-દ-પ્રેસ નામના પારિસના એક વિભાગમાં "ટેબો"ના નામે ઓળખાતું એક સ્થળ છે ત્યાં આ ફિલસૂફ સારટ્રે અગાઉ વારંવાર જતો. હવે એ પોતે ત્યાં જતો નથી પણ તેના ચેલાઓ એ સ્થળની આસપાસ હમેશાં આંટા મારતા દેખાય છે. આ સ્થળમાં જનાર પુરુષોને વિચિત્ર અનુભવો થાય છે. કોઈ યુવતી એકાએક આવીને તેના ખોળામાં બેસી જાય અને શરીર પરના વસ્ત્રો દૂર કરવા માંડે ત્યારે એ યુવતી એમ નથી માનતી કે પોતે વ્યભિચાર આચરી રહી છે. એ તો એમ જ સમજે છે કે પોતે જીવનનું તત્ત્વજ્ઞાન જીવનમાં ઉતારી રહી છે!

સારટ્રેનાં આ નવા તત્ત્વજ્ઞાનમાં મૃત્યુનો પણ નવો જ અર્થ શોધી કાઢવામાં આવ્યો છે. એનાં કહેવા પ્રમાણે મૃત્યુ માનવીની



પારિસના રોમાંચ અને વાસનાઓનું મેઘધનુષ્ય રોજ રાતના ઉગે છે. જે નગરમાં પ્રકાશ કરતાં પડછાયા વધારે નજરે પડે છે તેમાં આવેલાં આ પ્રખ્યાત હવ-રેસ્ટોરે (શરાબખાનું અને નૃત્યાગાર)માં માનવીની આંખો માનવીના દેહની નગ્નતા નિહાળવા તલપી રહેલી હોય છે.

જીંદગીનો અંત છે અને એ અંત પછી બીજું કંઈ જ બાકી રહેતું નથી. આ તત્ત્વજ્ઞાન શીખ્યા પછી એક આદમીએ મોંટમાર્ટ્ર વિસ્તારમાં એક શરાબખાનું ખોલ્યું અને તેનું નામ આપ્યું "શુન્યનું શરાબખાનું. (કાબારે-દ-નિયાંત).

કુમારિકાનો પશ્ચાત્તાપ

આ શરાબખાનું ગમગીનીથી ભરેલાં એક ભોંયરા જેવું છે અને તેની એક દિવાલ ઉપર કબર ઉપર મુકવામાં આવે છે તેવો એક પત્થર જડેલો છે. એક હાડપીંજરને ત્યાં ચાદર ઓઢાડીને રાખવામા આવેલું છે અને તેના ઉપર લખાણ લખ્યું છે, "આ સ્ત્રી જીંદગીભર કુમારિકા રહી તેનો હવે મરણ પછી પશ્ચાત્તાપ કરે છે." અંદરના મેજ અને શરાબ પીવાનું "કાઉન્ટર" જુના કોફિન (શબ લઈ જવાની પેટીઓ)ના બનાવેલાં છે. એ શરાબખાનામાં કામ કરનારા માણસો શોક દર્શાવતાં કાળો રંગનાં વસ્ત્રો પહેરે છે અને હાથમાં માણસના હાડકાંના ટુકડાઓ રાખે છે. મુખ્ય વ્યવસ્થાપક પોતાનાં શરીર ઉપર કફન વીંટાળી રાખે છે.

આ શરાબખાનામાં શરમાળ યુવતીઓ જીવનનો પુરેપુરો રસ લૂટવા માટે આવે છે, કેમકે તેમની માન્યતા પ્રમાણે મૃત્યુ પછી કશુંજ બાકી રહેતું નથી—બધુંજ શૂન્ય છે. શરીર પર વસ્ત્રોને નામે શૂન્ય અને ખીસામાં પૈસાને નામે શૂન્ય રાખીને તેઓ જીવનની પોતે માની લીધેલી મોજ લૂંટે છે. એ શરાબખાનામાં નોએલ હર્વ નામની એક કુટડી ગાયિકા પણ હોય છે. ગીત ગાતી ગાતી એ ગીતના તાલસૂરની સાથે સાથે દેહ પરનાં



"કાફે"ની મુલાકાતે જનારાઓ રસ્તા પરની ફુટપાથ ઉપર પણ જામી જાય છે. આ સ્થળમાં આવાં બે કાફે, કાફે દ ફ્લોર અને કાફે દ દેયુ આવેલાં છે. કલાકારો અને ફિલસુફોનું આ માનીતું મિલનસ્થાન છે.

વસ્ત્રો એક પછી એક દૂર ફેંકતી જાય છે. પણ આ કામ એ શુન્ય માટે નથી કરતી—એના એ પ્રેક્ષકો પાસેથી સારા પૈસા પડાવે છે.

પિગાલ અને લેટીન ક્વૉર્ટર્સના ભૂગર્ભ ભોજનાલયો અને શરાબખાનાંઓમાં છોકરાઓ એકબીજાને તેમનાં શરીરની ખુશ્બુ પરથી અને છોકરીઓ એક બીજીને પરસ્પરના સ્તનના સ્પર્શથી ઓળખી કાઢે છે અને સજાતીય દેહવિલાસની બિભત્સ લુત્ફમાં પરોવાઇ જાય છે।

પારિસમાં સેંકડો એવી કલબો છે કે જ્યાં "નગ્ન રાત્રિઓ"ની ઉજવણીઓ થાય છે. અંહી પ્રેક્ષકો પણ તમાશગીરોની સાથે શામેલ થઇ શકે છે અને કુદરતે તેમને આપેલા દેહના જે અંગો દરજીની કરામતથી ઢંકાયલા રહે છે તે એ એવી કલબોમાં ખુલ્લા કરી નાખે છે.

એ પારિસ જોવાને માટે દુનિયાભરમાંથી લાખો માણસો દોડતા જાય છે. આપણા અનેક હિંદીઓ પણ ત્યાં જઇને ઘણીવાર મૂર્ખ બને છે. પારિસ એવું નગર છે કે જ્યાં પાપ ચોળીઆ ઉગાડીને વિચરે છે અને દૂષણ નગરશેઠનું સ્થાન ધરાવે છે.

૧૯૩૯ ની સાલમાં ભારતમાંથી ૫૦ વર્ષની આધેડ વયનો એક ઇજનેર પોતાની વરવા રૂપવાળી પત્નીને સાથે લઇને પહેલીવાર પારિસ ગયો હતો. એકવાર પોતાની પત્નીથી કોઇ બ્હાનું કાઢીને છુટો પડીને એ પારિસમાં ભજવાતો એક ખેલ જોવા ઉપડી ગયો. એ ખેલમાં કાચનાં બનાવેલાં અને આસ્માની રંગના પાણીથી ભરેલાં એક મોટાં હોજમાં જલકન્યાઓ તરતી હતી. હિંદી ઇજનેરને પણ એ હોજમાં પડવાનું ઇજ્જન આપવામાં આવ્યું અને વસ્ત્રો ઉતારીને એણે પાણીમાં ઝંપલાવ્યું. એ રાતે જ્યારે બહુ મોડેથી એ




લા શાતો દ વરસેલ્સ. (વરસેલ્સનો મહેલ). જો એની દીવાલોને વાચા હોય તો લડાઇ અને શાંતિના કાળની અનેક વાતો એ લોહીના આંસુ પાડીને કહી શકે.

પોતાની હોટેલમાં પહોંચ્યો ત્યારે એનાં શરીર પર કેવલ એક ટુવાલ હતો અને બે હજાર રૂપીઆની રોકડ રકમ અને મુસાફરીનો પાસપોર્ટ એ ગુમાવી બેઠો હતો!

પણ ડનિહામના ચુલા પર ઉકળતા ચરના જેવું પારિસ ફક્ત પાપનું જ નગર છે એમ માની લેવાની જરૂર નથી. એનાં અન્ય સ્વરૂપો પણ છે, જેમાંનાં કેટલાંક અતિશય સુન્દર અને પ્રેરણાદાયી છે. પ્રખ્યાત ફ્રેંચ નવલકથાકાર એલેક્ઝાંડર ડયુમાએ પોતાની પ્રસિદ્ધ નવલકથા "થ્રી મસ્કેટીયર્સ"માં વર્ણવેલી આ નગરીમાં સેંટ ટોમસ એક્વીના નામના એક મહાન ધર્મવેત્તાએ "સુમા" નામનું પોતાનું અમર પુસ્તક લખ્યું હતું. પ્યાર અને કુમાશથી ભરેલી આ નગરીમાં જ જગતના એક મોટામાં મોટા પ્રેમી પિટર એબેલર્ડે હેલોઇ નામની સુંદરી સાથે પ્યાર કર્યો હતો અને એની કથા વિખ્યાત છે. ફ્રાંકો વિલન જેવો વિખ્યાત કવિ; અને ફ્રાન્સનો ભાગ્યવિધાતા રિશેલ્યુ જેવો વિખ્યાત મુસદ્દી પણ પારિસમાં જ થઇ ગયા. રૂસો, વોલ્ટેર, મોલિયર અને રેસીન જેવા ક્રાંતિકારી સાહિત્યના લેખકો પણ પારિસમાં જ થઇ ગયા છે અને ડેંટન, મેરેટ અને રોબ્સપાયર જેવા બળવાખોરો પણ પારિસે જ પેદા કર્યા હતા.

બાસ્તીલની તુરંગ

સને ૧૭૮૯ ના જુલાઇની ૧૪ મી તારીખે પારિસના શહેરીઓનાં એક ઉશ્કેરાયલા ટોળાંએ બળવો કરીને "સ્વતંત્રતા, સમાનતા અને બંધુભાવ"નાં પોકારો કરતાં કરતાં પારિસની પ્રખ્યાત તુરંગ "બાસ્તીલ" પર હલ્લો કર્યો અને તેમાંથી ફક્ત સાત વૃદ્ધ કેદીઓને મુક્તિ અપાવી. રાજા ૧૬ મા લુઇ અને રાણી મેરી



"ધી ઇનવેલીડ્ઝ"-(અપંગોનું સ્મારક) રાતને વખતે. યુદ્ધમાં ઘવાયલા સૈનિકોની યાદગીરીમાં રાજા ૧૪મા લુઇએ આ ઇમારત બંધાવી હતી. નેપોલીઅન બોનાપાર્ટનાં અવશેષો અંહી રાખવામાં આવેલા છે.

એ તોઇનેતને પકડીને વધસ્તંભ પર પણ આ જ નગરીમા ચડાવવામા આવેલા અને બીજું થાય પણ શુ? એ રાણી એકવાર એમ બોલી હતી કે જો લોકોને ખાવા માટે રોટી મળતી નથી તો પછી તેઓ કેક (માનપુડા) શા માટે નથી ખાતા? આ શબ્દો બોલનાર રાણીનુ મોત વધસ્તંભ ઉપર આવે એમા કશી નવાઇ નથી.


"ક્રાંતિ" અને "પ્રતિક્રાંતિ" જેવા શબ્દોનો જન્મ પણ પારિસમા જ થયો છે અને પ્લેસ દ લા કોકોર્દ નામના સ્થળમા રાજા અને રાણીનો શિરચ્છેદ કરવા માટે જે



આર્ક દ ત્રાયોફ—એક વિજેતાએ બાંધેલ ભારતના કુતુબ મિનાર જેવુ વિજયનુ સ્મારક. નેપોલિયન બોનાપાર્ટે એ બધાવેલુ આજે એમાં એક "અજ્ઞાત સિપાહી"ની કબર છે આ ઇમારત આજે મૃત્યુનો વિજય બતાવે છે

વધસ્તંભ ખડો કરવામાં આવ્યો હતો તેના ઉપર જ પાછળથી ડેન્ટન અને રોબ્સપાયરનો શિરચ્છેદ કરવામાં આવેલો. અને જ્યારે "કોર્સિકાના ટાપુનો વતની સિપાહી" નેપોલીઅન બોનાપાર્ટ ૧૮૦૫ની સાલમાં ફ્રાન્સનો શહેનશાહ બન્યો ત્યારે ગુલામો અને ક્રાંતિકારીઓથી ભરેલી આ નગરીમાં જ એક બાસ્તીલની સુરંગના નાશમાંથી બીજી અનેક બાસ્તીલની સુરંગો ફૂટી નીકળી હતી.

પારિસે જગતમાં અમર બની ચૂકેલા ઘણા મહાપુરુષોને પણ પોતાનાં પારણાંમાં ઝુલાવ્યા છે. વિખ્યાત નવલકથાકાર એમિલ



નોત્ર દામનું જગતવિખ્યાત દેવળ—ફ્રાન્સના ઇતિહાસનો સીમાસ્તંભ—નોરમન યુગના આ અવશેષનું બાંધકામ "ગોથીક" કારીગરીનું છે.



અંગ્રેજી ભાષામાં એક કહેવત છે કે "ઉંટની પીઠ પર લાદેલા બેજામાં એક છેલ્લાં તરણાંનો વધારો થવાની સાથે જ ઉંટની પીઠ ભાંગી જાય છે." ઇંગ્લેંડમાં ઉંટ થતાં નથી એટલે એમ અનુમાન થાય છે કે આ કહેવત અંગ્રેજો આરબો પાસેથી શીખ્યા હશે. અને પછીથી સ્વદેશાભિમાનની તંગીને કારણે જાણે કે એ કહેવત પોતાની જ હોય એમ તેમણે અત્યાર સુધી તેનો ઉપયોગ કર્યે રાખ્યો હશે. ગમે તેમ હોય, પણ આ કહેવતમાં ડહાપણ ભરેલું છે એ વાત નક્કી છે.

નરહરશંકર આ કહેવત જાણતો ન હતો એ પણ એટલું જ નક્કી છે. ગુલામીના જમાનામાં એ ભણ્યો હતો છતાં પણ કોઇ ગૂઢ આર્ય દૃષ્ટિને કારણે નરહરશંકર અંગ્રેજી ભાષાના સંપર્કથી અલિપ્ત રહ્યો હતો.

તો પણ તેથી એ કહેવતના મહાત્મ્યમાં લેશ માત્ર ઉણપ આવી નથી. ખુદ નરહરશંકર જ એનો સજીવ દાખલો છે.

કાઠિયાવાડથી એ મુંબઇ આવ્યો તે પહેલાંનો નરહરશંકર પોતાનાં ગામ દેવપરમા "બારાડી" અથવા "બરેડી"નો ઇલ્કાબ પામી ચૂક્યો હતો. એ જમાનામાં બ્રિટિશ સરકારે આપેલા ખિતાબો પાછા વાળવાની રસમ હયાતિમાં હતી પરંતુ લોકદત્ત ઇલ્કાબોનું વિશેષ ચલણ હતું. આવતી આઝાદીનું એ સહુથી વધુ ચોક્કસ નિશાન હતું. નરહર "બારાડી" માટે દેવપરનું મેદાન ઘણું જ સાંકડુ હતું. એની સક્રિય કારકીર્દિનાં પહેલાં ત્રણ વરસ તો દેવપરમાં માંડ માંડ પસાર થયાં. એ દરમીઆન એ નાનાં અને શાંત ગામના ઇતિહાસમાં ઘણો જબરો પલટો આવી ગયેલો. એને પરિણામે નરહરશંકરે પોતાનું વહાલું વતન છોડયું અને ગામના માણસો તથા પોતાની વિધવા માતા જમના ગોરાણીને નરહરશંકરે જ્યારે પોતાના મુંબઇ જવાના ઇરાદાની જાણ કરી ત્યારે સહુએ ઘણી રાહતની લાગણી અનુભવી.

"મુંબઇ જઇને શું કરવાનો વિચાર છે?" એવા ગામલોકોના અવારનવાર થતા પ્રશ્નોના જવાબમાં નરહરશંકર કહેતો, "રસોઇ આવડે છે–બ્રાહ્મણનો દીકરો છું. વળી શુકલ છું–ઘણા *શેઠીઆ મળી રહેશે.*"

નરહરશંકરના શબ્દે શબ્દને ગામલોકોએ વધાવી લીધો હતો. એટલું જ નહીં, પણ રખે એ પોતાનો મુંબઇ-પ્રયાણનો વિચાર ફેરવી નાખે એ બ્હીકે એને એ માટે ઉત્તેજન મળ્યા કરે એવી જ વાતો કર્યે રાખી હતી. માત્ર તેની પીઠ પાછળ "ઘો મરવાની હોય ત્યારે વાઘરીવાડે જાય," "ફાંસીને દોરડે લટકવાનો છે," "કાં તો સીધો નેતર જેવો થઇ જશે ને કાં પછી દેવપરનું નામ છાપે ચડાવશે" એવાં એવાં વાક્યો બોલાતાં હતાં.

અંતે એક દિવસે નરહરશંકરે મુંબઇનો રસ્તો લીધો.

પ્રથમના ૭ માસ એણે મુંબઈમાં કેવી રીતે વીતાવ્યા તેનો તાગ લેવાના સાધનો ઉપલબ્ધ નથી. કલ્પના કરી શકાય છે કે એ ફૂટપાથ પર કે રેલ્વેના સ્ટેશનમાં સુઈ રહ્યો હશે, કે પછી કાઠિયાવાડથી આવી વસેલા કોઈ મિત્રો ભેગો રહ્યો હશે. કદાચ કોઈ વીશી, "લૉજ" કે હોટેલમાં કામ કરતો હશે. પણ એટલા ટુંકા ગાળામાં મુંબઈની જોરૂરી રીતરસમોથી પુરેપુરા વાકેફ થઈ જવા જેટલો એ જરૂર અટક્યો હશે અને અફળાયો કુટાયો હશે.

પણ એ શરૂઆતના ગાળા પછીનો નરહરશંકરનો ઈતિહાસ કડીબંધ મળે છે. લક્ષ્મીનારાયણ શેઠના બંગલામાં એ રસોયા તરીકે કામે લાગ્યો ત્યાર પછીનાં ત્રણ વર્ષની એની કારકીર્દિ એક સારા પાકશાસ્ત્રીને છાજે એવી જ રહી હતી. લક્ષ્મીનારાયણ શેઠ, એમનાં પત્ની, શેઠનો પુત્ર દેવનારાયણ અને એની યુવાન પત્ની–એ બધાં તો ઠીક, પણ શેઠના પાટીઓ, શોફરો અને બીજા નોકરો પણ નરહરશંકરના કામથી ખુશ હતા. દરેકની અંગત આદતો અને ખાસીયતોનો નરહરશંકરે સારી રીતે અભ્યાસ કર્યો હોવાથી દરેકને ખુશ રાખવાનું કામ એને માટે સહેલું થઈ પડયું. વળી શેઠનાં જ સાધનો વડે શેઠનાં ઘરનું શ્રેય કરવામાં નરહરશંકરને ખાસ તકલીફ પણ પડતી નહીં. લગભગ ચોવીસે કલાક એ શેઠના બંગલામાં જ રહેતો. હા, અવારનવાર સગવડ હોય ત્યારે મલાડમાં રહેતા પોતાના એક સગાને મળવા જતો. આ "સગો" જાતનો મુસલમાન હતો અને તાળાચાવીના ઉદ્યોગ વિશે વૈજ્ઞાનિક આવડત ધરાવનારો હતો. પાંચ સાત વાર એ નરહરશંકરને મળવા માટે લક્ષ્મીનારાયણ શેઠને બંગલે પણ આવેલો, પણ એને મુસલમાન તરીકે ઓળખી શકાય એવું એક પણ લક્ષણ તેનામાં જોવામાં આવેલું નહીં. અને આખરે તો હિંદુ અને મુસલમાન એ તો પરદેશી રાજકર્તાઓએ ઉભો કરેલો એક કૃત્રિમ ભેદભાવ જ હતો ને ! છતાં એ ભેદ દેશનાં ગામડાંઓ લગી તો પહોંચ્યો જ નહોતો એ વાત તો જાહેર હતી. આ ઉપરથી લાગે છે કે નરહરશંકર અને એના એ મિત્રની ઓળખાણ કાઠિયાવાડની જ હશે. છતાં મુંબઈના વસવાટના પહેલા ૭ માસ દરમીઆન બેઉ વચ્ચે ઓળખાણ થઈ હોય તો પણ ના ન કહેવાય.

આટલા ધટસ્ફોટ પછી વાંચનારને એટલી ખાતરી તો થઈ હશે માસિક ચાલીસ રૂપીઆના પગારમાં રસોયા તરીકે કામ કરી જિન્દગી વેડફી નાખવાનો નરહરશંકરનો લેશ માત્ર ઈરાદો નહોતો જ. લક્ષ્મીનારાયણ શેઠની ત્રણ વરસની નોકરી નરહર "ભારાડી" માટે ઉગ્ર તપશ્ચર્યા સમી હતી. એ ત્રણ વરસ સુધી એણે ચુલો નહોતો સળગાવ્યો પણ યજ્ઞ જ કર્યો હતો એમ કહેવામાં કશું ખોટું નથી.

શેઠની પુત્રવધુના સીમંતનો પ્રસંગ આવ્યો ત્યારે પોતે હવે યજ્ઞનું ફળ મેળવી જ લેવું જોઈએ એમ નરહરશંકરને લાગ્યું. સીમંતના ઉત્સવની રાતે બારેક વાગે ગરબાનો કાર્યક્રમ પૂરો થયો અને સહુ પરવાર્યાં અને સુતાં કે તરત જ નરહરશંકરે પોતાના મલાડવાળા "સગા"ને બંગલામાં દાખલ કર્યો. આ "સગો" જો પકડાઈ જાય તો તેની હાજરી સંબંધે શો ખુલાસો કરવો એ બાબત નરહરશંકર અને એ "સગા" વચ્ચે ઘણા વખત પહેલાં જ સ્પષ્ટતા થઈ ગઈ હતી. પણ એવો પ્રસંગ જ આવ્યો નહીં. સીમંતને પ્રસંગે બેંકની "સેફ ડીપોઝીટ વોલ્ટ"માંથી પહેરવા આણેલા તમામ આભૂષણો એક 'હેંડ બૅગ'માં મુકી નરહરશંકર અને તેના કારીગર સગાએ મલાડ જતી એક મોડી લોકલ ગાડીમાં બેઠક લીધી અને તેજ ઘડીથી નરહરશંકરે શેઠની નોકરી છોડી.

લોકલ ગાડી મલાડ પહોંચતાં જ બન્ને મિત્રો એકદમ સ્ટેશન બહાર નીકળી ગયા. રાતોરાત નિરાંતે સુઈ રહી, સવારે કાણે,

કઈ રીતે શું શું કરવું એવી વાતો કરતાં કરતાં થોડે દૂર ગયા પછી જ નરહરશંકરને ખ્યાલ આવ્યો કે પોતાના સગાના હાથમાં હેંડબેગ નહોતી. એ જ ક્ષણે એના સગાએ પણ જોયું કે નરહરશંકરના હાથ ખાલી હતા.

"બેગ ક્યાં છે?" નરહરશંકરે પૂછ્યું

"હું એ જ પૂછું છું," સગાએ કહ્યું.

"મારી સાથે બનાવટ? અહીં ને અહીં કબર થશે, મિંયા! ખબર છે હું કોણ છું?"

"ઈમાનથી કહું છું કે બેગ મેં લીધી નથી."

ઘણી ચર્ચા અને શિષ્ટજનો માટે શ્રાવ્ય નહીં એવા શબ્દોના વિપુલ ઉપયોગ પછી બન્ને વચ્ચે કામી એકતાનું વાતાવરણ સ્થપાયું અને બન્ને સમજ્યા કે હેંડબેગ ગાડીમાં જ રહી ગઈ હતી.

નરહરશંકરને ક્ષણભર તો દોડીને બોરીવલી સુધી પહોંચી જવાનો વિચાર આવ્યો પરંતુ એનું રુદ્ર સ્વરૂપ ધીમે ધીમે શાંત પડ્યું. અત્યારે તો મલાડવાળી ખોલી ઉપર જઈને ચુપચાપ સુઈ રહેવા સિવાય બીજો ઉપાય જ નહોતો. ગમે તેટલા ઉપાયો કરવા છતાં એ બેગ એ રાતમાં તો હાથ આવે એવો સંભવ નહોતો અને એ વેળા સુઝતા ઉપાયો અજમાવવામાં પણ સોએ સો ટકાનું જોખમ હતું.

સવારે બન્ને મિત્રો એવા નિર્ણય ઉપર આવ્યા કે એ હેંડબેગ રેલ્વે ટ્રેનોમાંથી મળી આવેલી ચીજો જ્યાં રાખવામાં આવે છે એ સ્થળે જ પહોંચવી જોઈએ.

સ્ટેશન ઉપર ઉતરતી વેળાની પોતાની બેદરકારીથી બન્ને મિત્રોને કેટલું મોટું આર્થિક નુકસાન ભોગવવું પડેલું તેનો ખ્યાલ આવતાં બન્નેએ એક બીજાને માથે દોષારોપણ કર્યું. અને આખરે બન્નેનો રોષ શમ્યા પછી *"લોસ્ટ પ્રોપર્ટી ઓફીસ"ની મુલાકાત લેવાનો નિરધાર લેવાયો.

ચારેક દિવસ પછી એક ઠસ્સાદાર યુવતી લોસ્ટ પ્રોપર્ટી ઓફીસમાં પહોંચી. તેની પાછળ નરહરશંકર અને તેનો મિત્ર પણ દાખલ થયા. બન્નેના પોષાક અને દેખાવમાં થયેલા પરિવર્તનને પરિણામે એમના નિત્યના પરિચિતો માટે પણ એમને ઓળખવા મુશ્કેલ પડે એવું હતું. બાઈએ ઓફીસમાં દાખલ થઈને તરત જ બેબાકળી બેગ માટે પૂછપરછ કરી.

"બેગ કેવી હતી?" ઓફીસના કારકૂને પૂછ્યું.

"સાધારણ જાતની" બાઈએ જવાબ આપ્યો.

"એમાં શું ખબર પડે? તમારે તમારી ગુમ થયેલી ચીજનું બરાબર વર્ણન આપવું જોઈએ. તેમાં શું હતું તેનું 'સ્ટેટમેંટ' કરવું જોઈએ. તેની ચાવી તમારી પાસે હોવી જોઈએ."

"વાત એમ છે," બાઈએ કહ્યું, "કે મેં એ બેગ નવી જ ખરીદ કરી હતી. તમે મને તમારી પાસે આવેલી બધી ચીજો જોવાની જો તક આપો તો હું એમાંથી મારી બેગ..."

"માફ કરજો, એમ બની ન શકે."

વાત ત્યાં જ અટકી, પણ એ દરમીઆન નરહરશંકરની ચપળ નજર ચારે તરફ ફરતી હતી. બાઈની પાછળ બન્ને મિત્રો ધીમે પગલે બહાર નીકળ્યા.

"એ લોકોને બધો સામાન દેખાડવામાં શો વાંધો હશે?" મિત્રે નરહરશંકરને પૂછ્યું.

"કાડો છે, કેડો. એકવાર આપણે સામાન જોઈ શકીએ તો પછી બીજીવાર કોઈને મોકલીને એમાંની એકાદ ચીજનું વર્ણન પણ આપી શકીએ. એમ જો થઈ શકતું હોત તો તો એ જ ધંધો ઉપાડત ને?"

* ગાડીઓમાંથી મળી આવેલ ધણીઆતી ચીજો રાખવાનું સ્થળ.

"હવે શું કરીશું?"

"ચોરી."

"ક્યાં?"

"એ ઓફીસમાં જ. થઈ શકે તેમ છે—મેં બધું બરાબર જોઈ લીધું છે."

ત્રીજે દિવસે રાતને વખતે નરહરશંકરે પોતાના મિત્રની મદદથી લૉસ્ટ પ્રોપર્ટી ઓફીસમાં ચોરી કરી દાગીનાવાળી હૅંડબૅગ ફરીથી પોતાની કરી. જાણે કે સિનેમાનો ખેલ જોઈને પાછા ફરતા હોય એવી સહજ અદાથી બન્ને મિત્રો મલાડ તરફ ગયા. લૉસ્ટ પ્રોપર્ટી ઓફીસના વહીવટની ખામી અને તદ્દન કાચા બંદોબસ્તની ટીકા કરતાં નરહરશંકર બોલ્યો, "કેવો સડેલો વહીવટ છે? આમાં સામાનની સલામતી ક્યાં રહી? મારા વાલીડા પગાર ખાવામાં જ સમજ્યાં છે."

થોડા દિવસ નરહરશંકર અને તેનો સગો બન્ને મલાડની એ ખોલીમાં જ રહ્યા. બન્નેએ દાઢી વધવા દીધી. ચોરીના માલને કેમ ઠેકાણે પાડવો અને મળેલ નાણાંનાં કેમ ભાગ પાડવા એ બાબતની યોજનામાં અને છાપાંઓમાં આવતા એ ચોરી વિશેના રસમય વૃત્તાંતો વાંચવામાં બન્નેના દિવસો જલદી પસાર થતા ગયા.

નરહરશંકરની કારકીર્દિમાં એ સમય પરાકાષ્ઠા સમાન હતો. છાપાં વાંચીને એ હરખાતો. દેવપરની જુની જુની વાતો એ યાદ કરતો. ક્યારેક ગીતો પણ ગાતો. બન્ને મિત્રો રોજ પાનાં રમતા. બન્નેનાં ચિત્તમાં પરમ શાંતિ હતી.

પણ એક દિવસ નરહરશંકરમાં રહેલી સુષુપ્ત વૃત્તિઓએ જોર કર્યું. જમ્યા પછી એ એકાએક બોલી ઊઠ્યો, "આજે મારે પેલી ઓફીસે જવું છે."

"કઈ ઓફીસે?" મિત્રે પૂછ્યું.

"લૉસ્ટ પ્રોપર્ટીવાળી ઓફીસે."

"શું જખ મારવા?"

"પૂછવા."

"શું પૂછવા?"

"એમ કે મારી બૅગ મળી છે કે કેમ?"

જવાબમાં એને પોતાના મિત્ર તરફથી પુષ્કળ ગાળો મળી. મિત્રે એને ઘણો વાર્યો, કાલાવાલા કર્યા, ધમકીઓ આપી, પણ નરહરશંકર એકનો બે ન થયો. અચકન, ઇજાર અને માથે 'ફેઝ કૅપ' પહેરી એ લૉસ્ટ પ્રોપર્ટી ઓફીસમાં પહોંચ્યો.

"મારી એક હૅંડબૅગ ખોવાઈ છે. અંહી આવી છે?" તેણે કારકૂનને પૂછ્યું.

"કઈ જાતની?" કારકુને પૂછ્યું.

"ચામડાની, બદામી રંગની, દસ ઇંચની સાઇઝની, તદ્દન નવી જ હતી."

"ચાવી તમારી પાસે છે?"

"હા જી, આ રહી. તે વગર હું મારો માલિકી–દાવો શી રીતે સાબીત કરી શકું?"

"અંદર શું હતું તે કહી શકશો?"

"કાગળો—અગત્યના દસ્તાવેજો, એક ઘડીઆળ અને એક અત્તરની શીશી."

"જરા થોભશો? હું હમણાં જ આવું છું."

કારકૂન અંદર ગયો. અંદરથી વાતચીતનો અવાજ પાંચેક મિનિટ સુધી સંભળાયો. કારકુન પાછો આવ્યો અને બોલ્યો, "માફ કરજો, આપને થોડીવાર રાહ જોવી પડશે."

"થોડીવાર શું કામ?" નરહરશંકર મનમાં બોલ્યો, "આખો દિવસ બેસવા તૈયાર છું. તમારો રકાસ જોવામાં મને બહુ મઝા પડશે. જોઉં છું કે કેવીક બૅગ લાવો છો!"

હરખાતો અને મરકતો લક્ષ્મીનારાયણ શેઠનો નિવૃત્ત રસોયો નિરાંતે બેઠો રહ્યો. પોતે સહુને બરાબર ઠગી રહ્યો છે, એ વિચારે એનાં હૃદયમાં આત્મસંતોષની લાગણી વહેતી હતી.

શીતલતા અવર્ણનીય હતી.

આ શીતલતાના ઝરામાં નરહરશંકર ન્હાતો હતો ત્યાં પાછળથી અવાજ આવ્યો.

નરહરશંકર, ઉભો થઇ જા."

પાછળ નજર કરતાં એક પોલીસ અમલદાર ને ત્રણ હવાલદારો નરહરશંકરની નજરે પડયા. એ ઉભો થયો કે તરતજ એના હાથમાં હાથકડી સરી ગઇ.

"શા માટે મને.. મૈં..." એટલું તો એ માંડ બોલી શક્યો.

"તારી જ રાહ જોવાતી હતી. અંતે તું અંહી આવ્યો ખરો."

નરહરશંકરની હાલત ચકડોળમાંથી તરતના ઉતરેલા અને ચક્કર આવવાથી ગભરાયલા માણસ જેવી હતી.

એક વાત કહેવાની રહી ગઇ છે. જ્યારે દાગીનાની બેગ બોરીવલી જતી લોકલમાંથી એ ઓફીસમાં આવેલી ત્યારે તેની કળ ખુલ્લી જ હતી. ઉતાવળમાં નરહરશંકર એને ચાવી લગાડવી જ ભૂલી ગયેલો. અંદરની ચીજો રેલ્વેના અમલદારોએ જોઇ હતી અને પોલીસને તેથી વાકેફ પણ કરી હતી. કોઇનો ભાગેલો રસાયો નરહરશંકર કે બીજું કોઇ પણ એ લેવા આવશે એવી પોલીસની માન્યતા હતી એથી એ બેગ જ્યારે કોઇ લેવા આવે ત્યારે તેને પકડી લેવાની પોલીસની તૈયારી જ હતી. દરમીઆન બેગ ત્યાંથી પણ ચોરાઇ હતી તેની ખબર તો રેલ્વેની એ ઓફીસને નરહરશંકર પોતાની એ બેગ માગવા આવ્યો ત્યારેજ પડી. તાબડતોબ પોલીસને ખબર અપાઇ. પોલીસે આવીને નરહરશંકરનું નામ લેતાં જ નરહરશંકરથી પાછું વાળીને જોવાઇ ગયું હતું. વળી એના ગજવામાંથી મલાડની રીટર્ન ટિકીટ નીકળી તે પરથી તેનો ચામીદં પણ થોડી પૂછપરછને અંતે પકડાયો.



"નરહરશંકર! ઉભો થઇ જા."

નરહરશંકરે લોસ્ટ પ્રોપર્ટી ઓફીસની લીધેલી મુલાકાત ભાળનાબોજાથી લાદેલા ઉંટ પરના વધારાના છેલ્લા તરણાં જેવી હતી. એ એક જ તરણાંના વધારાના ભારથી ઉંટની પીઠ ભાંગી ગઇ.

એ ઉંટ વિશેની કહેવત જાણ્યા વિના પણ એમાં રહેલું ડહાપણ નરહરશંકરને સમજાયું, પણ બહુ મોડું સમજાયું!

'તમારું રાજ્ય દીર્ઘકાળ તપો'

"ગુજરાત હવે એમ જ સમજે છે કે દિલ્લીની સત્તા ગઈ."

"હેં! ખોટી વાત."

"આ તો મારી અદના સમજણ છે, ગરીબપરવર! લોકો ચોરે ને ચૌટે, કાવાખાનાંઓમાં અને ઘરને ઓટલે, આજે જે બોલતા હોય તે કાલે સાચું પડે છે. આપના શાહી રૂક્કાઓ કદાચ જૂદી વાત કરતા હશે. જઝિયા વેરાથી હિન્દુઓ અત્યંત નારાજ છે. બીજાપુર અને ગોવલકોંડા આપે ખાલસા ન કર્યાં હોત તો મરાઠાઓનું જોર વધત નહીં અને આપને શિવાજીની સ્વતંત્રતા કબુલ રાખવાનો પ્રસંગ આવત નહીં એમ મુસલમાનો માને છે."

"પણ બીજાપુર–ગોવલકોંડાને હું સામ્રાજ્યમાં ન ભેળવત તો મરાઠાઓ જ એને ખાલસા કરત તેનું શું?"

"ગમે તેમ હો, નામવર, પણ દિલ્લી છોડી આજ નવ વરસથી આપને દક્ષિણમાં ઠેરઠેર લશ્કર ફેરવવું પડે છે, આપને ખુદને લશ્કરની સરદારી સંભાળવી પડે છે અને તારાબાઈ જેવી એક ઓરતની સરદારી નીચે લડી રહેલા મરાઠાઓ મચક આપતા નથી એ હકીકત હવે છાની નથી રહી. આ જ કારણે લોકો મનમાં આવે એમ બોલે છે."

ઔરંગઝેબ પોતાની જિન્દગીનાં આખરી વર્ષો દક્ષિણમાં વસી મરાઠાઓને નમાવવાના વૃથા પ્રયત્નમાં ગાળી રહ્યો હતો ત્યારે મીર બખ્તાવરખાન લાંબા વખત પછી મક્કાની હજ કરી પાછો ફરી ઝમઝમનાં પવિત્ર જલ સાથે પાદશાહ સલામતની હજૂરમાં આવ્યો હતો. એ વખતે ઔરંગઝેબનો નિવાસ અહમદનગરની છાવણીમાં હતો. બખ્તાવરખાન મક્કાથી ખંભાત ઉતરીને ફરતો ફરતો આવેલો અને જે વાતો તેણે સાંભળેલી તે ખુલ્લે દિલે ઔરંગઝેબને કહેતો હતો.

પોતાની જિન્દગીના આખરી દિવસોમાં ઔરંગઝેબ ઘણો જ વિચારમગ્ન રહેતો. લોકો પોતાને માટે સારું બોલતા નથી એવા ખબર એક વાર ત્રીસ વરસ અગાઉ પોતાના શાહઝાદા અકબર પાસેથી તેને મળેલા. પણ એ શાહઝાદો તો રાજપુતો સાથે મળી ગયેલો હતો એટલે ઔરંગઝેબે તેને જરા પણ મહત્ત્વ આપેલું નહીં. ફરી એકવાર થોડા વખત પહેલાંજ શાહઝાદા અકબરે તેને સ્પષ્ટ શબ્દોમાં લખેલું હતું કે "જે જમાનામાં ગધેડો અરબ્બી ઘોડાને લાત મારતો જોવામાં આવે છે તે જમાનાથી ખુદા અમને બચાવે...બળવાનો જે માર્ગ મેં લીધો છે તેમાં મારા ગુરૂ અને શિક્ષક આપ પોતે જ છો...આપે પિતાની સામે બળવો કરેલો અને તે બાબતમાં હું આપને પગલે પગલે જ ચાલું છું...આપનાં રાજ્યમાં અત્યારે અમલદારો અને કારકૂનો વેપાર કરી રહ્યા છે. તેઓ લાંચ લઈને સારી સારી જગ્યાઓના લીલામ કરે છે. સલ્તનત ભાંગી પડવાનો દિવસ તદ્દન નજીક જ છે...એંસી ઉપર વરસ વટાવી ગયા છતાં આપ હજી નિદ્રામાં જ છો."

મીર બખ્તાવરખાને મક્કાથી પાછા ફર્યા પછી પોતે સાંભળેલી વાતોનો અહેવાલ સંભળાવ્યો ત્યારે ઔરંગઝેબને શાહઝાદા અકબરનો એ પત્ર યાદ આવ્યો. બખ્તાવરખાનની સાથેની વાતચીતથી જે કેટલીક બાબતો વિશે પાદશાહને હજુ સુધી ખબર નહોતી તેની તેને પહેલી જ વાર ઝાંખી થઇ. તેજ રાત્રે સુતાં પહેલાં એણે આખા દેશના જુદા જુદા પ્રદેશોમાં પોતાને માટે થતી ખાનગી વાતોનો અહેવાલ જાણવા માટે સૂચના આપતા રૂક્કાઓ તૈયાર કરાવ્યા. બીજે દિવસે સવારે કાસદો એ રૂક્કાઓ લઈને પ્રાંતે પ્રાંત તરફ રવાના થઇ ગયા.

ગુજરાત, માળવા, ખાનદેશ, બંગાળ વગેરેના સુબાઓમાંથી જેના જેના જવાબો આવવા લાગ્યા તેમાં મીર બખ્તાવરખાને આપેલા ચિતારનો પ્રતિઘોષ હતો. બીજે તો ઠીક, પણ ખુદ દિલ્લીનાં બજારોમાં પણ એ જ ગીતો ગવાતાં હતાં. શાહઝાદા અકબરે ઔરંગઝેબ પરના પત્રમાં જે કાવ્ય લખ્યું હતું તેની એક કડી આવી હતી. "જે જમાનામાં અરબ્બી ઘોડો ગધેડાની લાત ખાતો હોય છે તે જમાનાથી ખુદા અમને બચાવે." આ કડી તો દિલ્લીમાં ઘણી જગ્યાએ ગવાતી પણ હતી એવી માહિતી યે ઔરંગઝેબને મળેલી.

"શહેનશાહે આલમ, જોયું ને?" મગરીબની નમાઝ પછી પાદશાહની સાથે બેઠેલો વૃદ્ધ મીર બોલ્યો "આ નમ્ર સેવકના અહેવાલો સાચા છે."

"એમ માનવું પડે છે, મીર સાહેબ. અત્યારે મારી સામે વિરોધનો વંટોળ છે. પણ તેનાં કારણો છે. દક્ષિણમાં સાત આઠ વરસ મરકી ચાલી. એ કુદરતનો કોપ હતો છતાં લોકો એને માટે મને જવાબદાર ગણે છે. એ હિંદુ માનસની એક ઘેલછા છે. દક્ષિણમાં શાંતિ સ્થપાશે અને સારા દિવસો આવશે એટલે બધુ બરાબર થઇ રહેશે. લોકો તો આજે આમ બોલે ને કાલે એથી ઉલટું જ બોલે. મારૂ સારૂં બોલનારા પણ કોઇક તો હશે ને?"

"છે, નામવર, કાલે જ મેં એક બુઢ્ઢા ઇરાનીને આપનું રાજ્ય ઘણી લાંબી મુદ્દત સુધી ચાલે એવી દુઆ ગુજારતો સાંભળ્યો હતો."

"એમ? મને એ ઇરાનીને મળવાની ઇચ્છા થાય છે, બખ્તાવરખાન! તમે એને મારી પાસે લાવી શકશો ખરા?"

બીજે દિવસે લગભગ સો વર્ષ વટાવી ગયેલા વૃદ્ધ સાદીકઅલી શિરાઝીને આલમગીર પાદશાહની હજુરમાં લાવવામાં આવ્યો. એણે કુરનિશ બજાવી પાદશાહના પગ પાસેની જમીન પર ચૂમી કરી. પાદશાહે એને સન્માનથી બેસાડ્યો. પલંગ પર અઢેલીને બેઠા બેઠા પાદશાહે આ વૃદ્ધને થોડી વાર નિરખી લીધો. હાથમાં તસ્બી ફેરવતાં ફેરવતાં સહેજ આંખ ઉંચી કરી પાદશાહે પહેલો પ્રશ્ન પૂછ્યો;

"અહીં અહમદનગરમાં જ રહો છો?"

"હા, પનાહે આલમ! હાલ અહીંજ છુ."

"ઇરાનના છો? હિન્દમાં ક્યારે આવ્યા?"

"ઇરાનથી અહીં આવ્યે સો વરસ થયાં હશે. પાંચ વરસની ઉંમરે મારા મરહૂમ દાદા સાથે આવેલો. એ વેળા શહાનશાહ જહાંગીરનું રાજ્ય ચાલતુ હતું. વચ્ચે પાછો ઇરાન જઇ આવ્યો. મારૂં મૂળ વતન ઇરાન–કવિઓની જન્મભૂમિ..."

"એ બધી મને ખબર છે. તમે હિન્દમાં શું કરો છો? ગુજરાન કેમ ચાલે છે?"

"બચ્ચાંઓને પઢાવું છું, નામવર."

"તમે ઇરાની અને વિધર્મી શિયાપંથી હોવા છતા મારા રાજ્યના અને મારા દીર્ઘાયુ માટે દુઆ ગુજારો છો એ શું સાચું છે?"

"હા, પનાહે આલમ! સાવ સાચી વાત છે. 'ઇરાની હોવા છતાં' એમ નહીં, પણ ઇરાની છુ માટે જ એવી દુઆ ગુજારૂં છું."

"એમ શી રીતે?"

"ઇરાનની અદબ સર્વત્ર પંકાય છે ને!"

"એવી દુઆ ગુજારવાનું તમને શા માટે સુઝયું? મારા કયા કાર્યથી તમે પ્રસન્ન છો?"

"પ્રસન્નતાનો સવાલ નથી, હજુરેવાલા, હું શેખ સાદી અને ખ્વાજા હાફિઝની ભૂમિનો પુત્ર છું. ફિલસુફ છું."

"સમજાવો. તમારી વાતથી મને તાજ્જુબી મળે છે."

"ગુસ્તાખી માફ કરશો, જહાંપનાહ! મારી વાત સમજાવવા માટે મારે છેક પહેલેથી શરૂઆત કરવી પડશે."

"પહેલેથી એટલે?"

"ઇબ્રાહીમ લોદીને હરાવી, આપના પૂર્વજ પાદશાહ બાબરે આ દેશ પર મોગલ હકુમત સ્થાપી ત્યારથી."

"સુખેથી કહો–શું કહેવું છે પાદશાહ બાબર વિશે?"

"હજૂરેવાલા, હું તવારીખનો એક અદના અભ્યાસી છું. બાબરશાહની રોજનિશી મેં વાંચી છે. એની એક નકલ પણ મેં કરી છે. મરહૂમ અબ્દુરરહીમ ખાનખાનાને એનો તુર્કીમાંથી ફારસીમાં તરજુમો કર્યો હતો. શહેનશાહ જહાંગીરના વખતમાં એની નકલો થતી ત્યારે લહીઆ તરીકે મને કામ મળ્યું હતું. ઘણા વૃદ્ધો પાસેથી મેં બાબરશાહના જમાના વિશે વાતો સાંભળી છે. એમની જિન્દગીમાં એમણે શરીઅતથી વિરુધ્ધ ઘણાં કામ કરેલાં. શરાબનો તો એ નામદારને ઘણો જ શોખ હતો. એમની રોજનિશીમાં એવાં વર્ણનો આવે છે કે જે કહેતાં મારી જીભ ઉપડતી નથી..."

"બેઅદબી માફ છે, આકા, ચલાવો, મનમાં હોય તે કહો."

"શરાબના નશામાં એમણે રાતોની રાતો પસાર કરી હતી. માત્ર નજીવા ગુનાહો માટે કેટલાક કુટુંબોના બધા જ મર્દોની એમણે કતલ કરાવી હતી–જેમ કે ગખ્ખરોની કતલ. એ રીતે કતલ થયેલાઓના શબોનો એમણે મીનારો બાંધેલો અને એ કતલ થયેલા મર્દોની બીવી ઓરતો...સમજો છો ને હજૂરેવાલા?"

ઔરંગઝેબના હાથમાં સફેદ મોતીની તસ્બી ફરી રહી હતી તે જરા વાર અટકી. હિન્દના શહેનશાહે પોતાનું માથું જરા નીચું નમાવ્યું.

"બાબરના રાજ્યને હું ધિક્કારતો."

"કેમકે તેણે તમારા શિયા મુસ્લીમોની ઉમ્મિદોને ધૂળમાં મેળવી હતી. એ જ કારણ છે ને?"

"...નામવર, અલ્લાહ બહેતર દાનદ (ખુદા જાણે છે તે વધારે સાચું છે), પણ શહેનશાહ હુમાયુનું રાજ્ય મને બાબરશાહનાં રાજ્ય કરતાં પણ વધારે ખરાબ લાગ્યું. એમનાથી રાજ્ય થઇ જ શક્યું નહીં. ગયેલું રાજ્ય પાછું મેળવવામાં જ એમણે ઘણી ખરી ઉમર વીતાવી. પરિણામે પ્રજાને ઘણી જ અવ્યવસ્થા ભોગવવી પડેલી.

"એ તો ઠીક," શિરાઝીએ પોતાનું કથન આગળ ચલાવ્યું, પણ જ્યારે મેં શહેનશાહ અકબરની અજબ રાજ્યવ્યવસ્થા જોઇ ત્યારે મને મરહૂમ શહેનશાહ હુમાયુંનો વખત ઘણો સારો લાગ્યો."

"એમ કેમ?" આલમગીરે પૂછ્યું, "હું તમારા મતને મળતો છું. કહો તો ખરા કે અકબરશાહમાં તમને શા દોષ દેખાયા?"

"બા મુસલ્માં અલ્લા અલ્લા,

બા હનૂદા રામ રામ"

શિરાઝીએ કાવ્યની બે પંક્તિઓમાં જવાબ આપ્યો.

"મુસલ્માનો સાથે અલ્લા અલ્લા અને હિંદુઓ સાથે રામ રામ બોલવું એ તો અકબર શાહનો મોટામાં મોટો ગુણ ગણાયો હતો. ને?" આલમગીરે પૂછ્યું.

"જી, ના, નામવર. એ ઢોંગ હતો. એમણે સ્થાપેલો દીને ઇલાહી નામનો મજહબ..."

"લાહોલ વલ્લા કુવ્વત ઇલ્લા બિલ્લાહ" ઔરંગઝેબે માથું નીચું ઢાળી, દીને ઇલાહી સ્થાપવાનાં પાપ તરફ કુરાને શરીફની આયાત પઢી પોતાની નફરત જાહેર કરી અને માત્ર અલ્લાહ જ સર્વ શક્તિમાન છે એ અમર સૂત્ર પોકારી અકબરની નાદાનીઅતનું યત્કિંચિત પ્રાયશ્ચિત્ત કર્યું.

"એમનો એ ધર્મ, પારસીઓ, જૈનો ખ્રિસ્તીઓ, હિંદુઓ–બધા જ સાથે એમણે જુદો જુદો વર્તાવ રાખી કરેલો ઢોંગ,

"હશે. અને બુઢ્ઢા પિતા સાથે સ્વેચ્છાએ કેદમાં રહેલી આપની સહોદર બહેન જહાનઆરા પર આપના મૂકેલા જાસુસોએ કેવા આક્ષેપો કરેલા? નઉઝ બિલ્લાહ...મારી જીભ ઉપડતી નથી."

"અને મારા કાન પણ હવે થાકયા છે. બસ કરો, શિરાઝી આલીમ! આટલી બધી ગાળો મને દઇ શકયા છતાં મારાં રાજ્યના દીર્ઘાયુષ માટે પ્રાર્થના કરો છો? કઇ જીભે? શાં કારણે?" આલમગીરની આંખો લાલ થવા લાગી.

"મને લાગે છે કે આપની હયાતી નહીં હોય તો આપની પછી આપનાં કરતાં પણ વધારે જુલ્મી, બેહયા કે સ્વાર્થી રાજા આવશે. વર્ષોથી હું એ જ હકીકત વાંચતો, સમજતો અને જોતો આવ્યો છું. આપના પછી વધારે ખરાબ સમય આવે ત્યારે આપની ભલાઇ શોધી [illegible] કરવા કરતાં અત્યારે [illegible] સમય આપને માગવી [illegible] હાવ તો તે બરાબર છે. અંકબરે [illegible] મસ્જીદો તોડવાનું કામ પણ કરેલું. એવો બીજો મુસલમાન ધરતીના પટ પર પાકયો નથી અને, ઇન્શાઅલ્લાહ, કયામત સુધી પાકશે પણ નહીં."

"આમીન!" કહી શિરાઝીએ માથું ઢાળ્યું. "હવે જહાંગીર અને શાહેનશાહબાનુ નૂરજહાનની વાત પર આવું. શહેનશાહ જહાંગીરની શરાબની લત...."

"માલુમ છે મને. અમદાવાદના સુબેદાર પર મોકલેલા એક ફરમાનમાં પોતે સવારથી સાંઝ સુધીમાં કેટલા પ્યાલા પીતા તેનો અંદાજ વિગતવાર આપેલ છે."

"અને નૂરજહાન બેગમનો ભરત–ગુંથણનો શોખ! તોબાહ! તોબાહ! રાણીનું રાજ્ય: શરાબી અને અફીણી શહેનશાહ: મને લાગતુ હતું કે મોગલાઇ ડગમગી જશે. એ વેળા મને ઘણીવાર એમ થતું કે અકબરશાહે શહેનશાહતને મજબૂત કરી અને જહાંગીરશાહ કદાચ એને ડગમગાવશે. ઘણીવાર મને જહાંગીરના જમાના

[આ લેખમાં આવતા અઘરા ઉર્દુ–ફારસી શબ્દોની સમજણ–શબ્દો આવતા જાય છે તે ક્રમમાં]

અદના – અલ્પ. ગરીબપરવર – ગરીબોની સંભાળ રાખનાર. રૂક્કો–કાગળ (સરકારી કાગળ) ઝમઝમ–મક્કા શરીફમાં એક કુવો છે જેનું પાણી મુસલમાનો પવિત્ર માને છે. કાસદ–દૂત (ટપાલી). મધરીબની નમાઝ–સાંઝની નમાઝ. (મધરીબ એટલે પશ્ચિમ. સાંઝની નમાઝ મુસલમાનો પશ્ચિમ દિશા તરફ મ્હોં રાખીને પઢે છે) કુર્નિશ–નમન (સલામ). તસ્બી–માળા. પનાહે આલમ–આલમ (દુનિયા) ની નજર રાખનાર. ગુસ્તાખી–અવિનય. જહાંપનાહ–[illegible]રણુ:

[illegible] ખોલીને બોલું ને, પનાહે આલમ?"

"બોલો."

"દારા શિકોહ સાથે આપે કેવું ઘાતકી વર્તન ચલાવ્યુ? એ બીચારો નાસીને ગુજરાત તરફ ગયો, ત્યાં એને આશરો મળ્યો નહીં. એ કચ્છ ગયો, કોળીઓને આશરે ટકતો ટકતો સિંધ ગયો અને ત્યાંથી ઇનામની લાલચે જીહનખાં પઠાણે એને પકડી આપની સમક્ષ રજુ કર્યો. આપે એને એક માંદલી હાથણી પર બેસાડી દીલ્લીની શેરીએ શેરીએ ફેરવ્યો. એ દૃશ્ય મેં ચાંદની ચોકમાં ઉભા રહીને જોયેલું. હજારો માણસો છાતી કૂટતાં હતાં, પણ સહુ લાચાર હતાં. એ વખતે એક ભીખારી દારાની હાથણી પાસે આવ્યો અને બોલ્યો, 'દારાબાબા, આપ પાસેથી હું કદી ખાલી હાથે પાછો ફર્યો નથી. આજે પણ મને કૈંક આપો. અલ્લાહ આપણો નિગેહબાન છે.' દારાએ મ્હો પર મુસ્કેરાટ આણી પોતાને ઓઢવા મળેલી ફાટેલી શાલ તે યાચક તરફ ફેંકી. પણ હજુ તો યાચક એ દાન સ્વીકારે તે પહેલાં આપના વફાદાર સેવક જીહનખાં પઠાણે એ શાલ આંચકી લીધી. એ યાચકને તમાચો મારતાં

અમારા મેઘાણીભાઈ



"સોરઠ તારાં વહેતાં પાણી"નો યુવાન નાયક પિનાકી પોલીસ અમલદાર પિતાને ઘેર પચાસ માણસોની પંગતમાં દૂધપાક પુરીનું જમણ જમવા બેસે છે અને દૂધપાકના વાટકામાં આંગળી યે બોળતો નથી; દૂધ ઉઘરાવવા જનાર પગીએ પોતાના ઉપરી પાસે એવી બડાઇ મારેલી કે ઘરેઘરથી દૂધ ઉઘરાવી લાવ્યો છું અને કોઇ ઘરમાં છોકરાંને પીવા માટે ય ટીપું દૂધ રહેવા દીધું નથી.

આ પ્રસંગ મૂળ એમની બાલ્યાવસ્થામાં એમને ઘેર જ બનેલો. પચાસ માણસોની પંગત નહોતી. ફક્ત ઘરનાં માણસો જ હતાં. જમણ દૂધપાકનું નહીં, ખીરનું હતું. પણ દૂધ લઇ આવનાર પસાયતાએ એવી બડાઇ મારેલી અને તારુણ્યમાં પ્રવેશ કરતા ઝવેરચંદે એ ખીર ચાખી યે નહોતી.

ભાવનગરમાં બી. એ. ની પરીક્ષા પસાર કર્યા પછી એક વરસ રહ્યા ત્યાં સુધી આવું જ આર્દ્ર હૈયું મોજૂદ હતું. અમારા ઘરમાં કોઇ સારી ખાવાની ચીજ બનાવી હોય અને મેઘાણીને ધરીએ ત્યારે એ કહેતા, "ભાઇ, અત્યારે બંગાળના બાંકુરા જીલ્લામાં એવો દુકાળ ચાલે છે કે બીચારા માણસો રાહત-કામમાં મજુરી કરી રોજના બાંડ બે–ત્રણ પૈસા રળી મીઠાંવાળી ઘેંશ દિવસમાં ફક્ત એક ટંક માંડ ખાઇ શકે છે. તેવા વખતમાં આપણાથી આ કેમ ખવાય?" અને ખરેખર એ એવી ચીજો ન ખાતા. પછીના વરસોમાં અમને આ વાતમાંથી એમની રમૂજ કરવાનું સાધન મળી ગયું હતું. એ વખતે એવી કોઇ વાની એમની પાસે ધરીને કહીએ, "તમારે ખાવું હોય તો ખાજો. પણ બાંકુરા જીલ્લામાં..." એટલે એ ખાવાની શરૂઆત કરીને કહે, "હા, મને ખબર છે. બાંકુરા જીલ્લામાં દુકાળીઆઓ ભૂખે મરતા હશે, પણ હું દુકાળીઓ નથી."

સ્વદેશી વસ્તુઓના પ્રચારની પણ એમને એ દિવસોમાં રઢ લાગેલી. ઘરે ઘરે ફરીને વેચી શકાય એવી કેટલીક ચીજો, પેન્સીલ, હોલ્ડર, શાહીની ટીકડીઓ, સાબુ વગેરે એક થેલીમાં ભરીને એ બજારની દુકાનોમાં અને બની શકે તેટલે ઘેર ભમતા, દુકાનદારોને એવી વસ્તુઓ વેચવા માટે મંગાવવાનું સમજાવતા અને કુટુંબોમાં સ્વદેશીનું મહત્ત્વ સમજાવતા. ભાવનગરની હાળ બજારને નામે ઓળખાતી એક મુખ્ય બજારમાં એકવાર થેલીમાંથી શાહીની ટીકડીઓ વેરાઇ ગયેલી એ વીણવા માટે મેઘાણી રસ્તા ઉપર બેસી ગયેલા. આસપાસથી એમને "ગુરુજી"ના નામે સંબોધન કરનાર મિત્રો અને શિષ્યોની એક ટુકડી એમની મદદે દોડી આવેલી અને એ સહાય માટે એમણે બહુ કોમલ હૈયે સહુનો અતિ આભાર માનેલો અને બધી ટીકડીઓ વીણાઇ ગઇ એ માટે સંતોષ બતાવેલો એ પ્રસંગ પણ મને યાદ છે.

એવી એક પ્રચાર ફેરીમાં હું તેમની સાથે થઈ ગયેલો. આ દીવાણજીની શેરીને નાકે એક ધોબીની દુકાન હતી. ધોબી કપડાંને ઇસ્ત્રી કરવાના કામમાં મશગુલ હતો. મેઘાણી દુકાનમાં દાખલ થયા ને ભદ્રંભદ્રની પાછળ અંબારામની માફક હું પણ ગયો. ધોબીને પહેલી નજરે ખાતરી થઈ કે અમે એના ઘરાકો નહોતા.

સ્વદેશીનો ઉપદેશ મેઘાણી ધોબીને કેવી રીતે કરશે એનું મને પણ કુતૂહલ હતું. એમનો અવાજ એ વખતે બહુ કોમલ અને શરીર એકવડિયું. સાથે કાળી ચોકડીની ભાતવાળો ફેંટો અને આંખમાં ગતાશ. એમણે ધીમે સ્વરે વાત શરૂ કરી.

"હેં ભાઈ, આ કપડાં ધોવામાં તમે કેવો સાબુ વાપરો છો?"

"કેવો કેમ વળી? બજારમાં મળે છે એવો. ફુલ છાપના લાટા," ધોબીએ ઉત્તર વાળ્યો, "કેમ પૂછવું પડયું?"

"એ લાટા તો પરદેશી હોય છે. આપણને પરદેશી સાબુ વાપરવો કેમ પરવડે? આપણો દેશ..."

ધોબીને આ વાતમાં, સ્વાભાવિક રીતે જ, કશો રસ નહોતો. એણે કહ્યું, "અમને એ કંઈ ખબર ન પડે. સોંઘો પડે એ વાપરીએ."

"પણ ભાઈ, આપણા દેશમાંથી દર વરસે કેટલા રૂપીઆ આમ પરદેશ ઘસડાઈ જાય છે એની તમને ખબર છે? આજે બાંકુરા જીલ્લામાં આપણા દેશભાઈઓ બેનરયું પૈસા ઉપર પેટગુજારો કરી દુકાળના ભોગ બની રહ્યા છે એ તમે જાણો છો?"

"And the barber went on shaving."

ધોબીને આ બધી વાતમાં જરાય રસ નહોતો. એણે ઇસ્ત્રી કરવાનું ચાલુ રાખ્યું. મેઘાણીએ દર્દભરી વાણીમાં પોતાનો બોધ ચાલુ રાખ્યો, પછી થેલીમાંથી સાબુનો એક લાટો કાઢયો.

"આ આપણા દેશમાં બનેલો સાબુ છે. તમે એ વાપરી જુઓ. હમણાં ફક્ત એક લાટો ખરીદો" એમ કહી ભાવતાલ કહી સંભળાવ્યા.

"દેશી સાબુ અમારે ન ચાલે. કપડાં બગડે ને અમારી ઘરાકી તૂટી જાય." ધોબીએ સાબુ ખરીદવાની વૃત્તિ સુદ્ધાં દાખવી નહીં. છેવટે એક પૈસાની એક ચગદી ખરીદવાનો મેઘાણીએ એને આગ્રહ કર્યો. ધોબીનું દિલ પીગળ્યું નહીં.

ત્યારે હવે આ અરધા પૈસાની ચગદી હું તમને કાપી આપું છું. મારે એ અરધો પૈસો નથી જોઈતો. મારા તરફથી ભેટ આપું છું. એક કપડાં પર એને વાપરી જોજો અને ફરીથી હું આવીને પૂછીશ. સારો લાગે તો લાટો વેચાતો લેજો."

એ અરધા પૈસાનો હીસાબ કેમ માંડવો એ ચિંતાની વાત હતી. ધોબીએ પોતાનાં કામમાં પડતો વિક્ષેપ દૂર કરવાની ખાતર અમને રજા આપી. પછી મેં એમને પૂછ્યું,

"ભાઈ! આ અરધા પૈસાવાળી એક ચગદી એક કપડા પર જૂદી વાપરીને એનું પરિણામ ધોબી તમને કેમ બતાવી શકશે? ધોબી લોકો એવી રીતે કપડા ધોતા નથી."

"મને પણ એમ તો લાગે છે, પણ આવતે અઠવાડિયે એને પૂછી જોઈશું." ભાઈએ સાંત્વન લીધું.

એક દિવસ પોતાનો થેલો લઈને દીવાનપરામાં "મોટાભાણુ સાહેબ"ના ઉપનામથી ઓળખાતા સ્વ. યશવંતપ્રસાદ દેસાઈ નામના ગૃહસ્થને ઘેર પહોંચ્યા. એ દિવસોમાં ભાવનગરમાં કોઈ ઉત્સવ-સમારંભ ચાલતું હતું.

હરિપ્રસાદ દેસાઈનું કુટુંબ ભાવનગરમાં પ્રખ્યાત છે. મોટા બાપુ સાહેબ લશ્કરી મિજાજના માણસ હતા—કડક અને ઉદાર. ટિલક સ્વરાજ્ય ફંડ માટે ફાળો લેવા ગાંધીજી પોતાને ઘેર પધારે તો પંદર હજાર રૂપીઆ એમની થેલીમાં ભરવાનું એમણે વચન આપ્યું હતું અને એ શરતનો અમલ પણ થયો હતો. ૧૯૨૦ ની સાલમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર ભાવનગરમાં પધાર્યા ત્યારે એમના "હાર-ભવન"માં દસ મિનિટની પધરામણીની તૈયારી પાછળ એમણે ત્રણ હજાર રૂપીઆ ખરચી રાતોરાત ઘરને ફૂલોથી શણગાર્યું હતું અને કવિવર એ સ્થળે પોણા બે કલાક રોકાઈ એવું બોલીને ગયા હતા કે "આવું સ્વાગત હજુ સુધી હું કોઈ સ્થલે પામ્યો નથી."

મોટાબાપુએ મેઘાણીનો સત્કાર કર્યો. એમના વ્યક્તિત્વ તરફ મોટાબાપુને ખેંચાણ થયું. પણ લાંબી વાતો કરવાની એમને ટેવ નહોતી. સ્વદેશી વસ્તુઓ વેચવા માટે મેઘાણી આવેલા છે એમ એ સમજ્યા.

"હા, તે તમારા થેલામાં શી શી ચીજો છે? કેટલી કીમતની છે?"

મેઘાણીએ વસ્તુઓનું ધ્યાન કર્યું અને જણાવ્યું કે બધી મળીને આશરે પચાસેક રૂપીઆની કીમતની હશે.

"તો એ થેલી હમણાં મૂકી જાઓ અને પચાસ રૂપીઆ મહેતાજી પાસેથી લઈ લ્યો. થેલા પછી લઈ જજો." બાપુ સાહેબે સહજ સૂચના કરી.

આ અણધાર્યા સ્વાગતથી મેઘાણી ભાઈ ખૂબ ડઘાઈ ગયા હતા એવું આ વાત તેમણે મને કહેલી ત્યારે લાગેલું.

૧૯૧૮ માં ભાવનગરની જનતાએ "રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ" બહુ ઠાઠમાઠથી અને ઉમંગથી ઉજવ્યું એ પ્રસંગે એના એક અંગ તરીકે કેટલીક છુટીછવાઈ નાની નાની નાટિકાઓ અને ગીતોનો એક કાર્યક્રમ યુવાન વિદ્યાર્થીઓના એક મંડલ તરફથી "ચિત્ર વિચિત્ર"નાં નામે ભજવાયો હતો. એમાં મેઘાણીનો બહુ મહત્ત્વનો હીસ્સો હતો. નાટ્યકલા અને અભિનય વિશેની એમની માહિતી અને કુશલતાનો ભાવનગરની જનતાને એમણે સારો ખ્યાલ આપ્યો હતો. ન્હાનાલાલ એ વરસોમાં એમના આદરપાત્ર કવિ હતા. અને "જયા અને જયંત" નાટક ઉપર મેઘાણી મુગ્ધ હતા. એ નાટકમાંથી ત્રણેક પ્રવેશો એ પ્રસંગે ભજવાયા હતા જેમાં જયન્તની ભૂમિકા એમણે ભજવી હતી. જયન્તનો આશ્રમ, બ્રહ્મચારીઓનું મંડળ અને સરિતામાં તણાતી આવતી જયા એ ત્રણ દૃશ્યો ભજવાયા હતા, જેમાં કવિશ્રીનું ભવ્ય ગાન "એક જવાલ જલે તુજ નૈનનમાં" સમાઈ જતું હતું.

એ ભૂમિકા ભજવતાં ન્હાનાલાલની કલ્પનાનો જયંત સાચેસાચ કેવો હોઈ શકે એનો મેઘાણીએ પ્રેક્ષકોને ખ્યાલ આપ્યો હતો અને પોતે જે પ્રકારનું જીવન જીવવા માગતા હતા એની એમાં છાપ હતી. હું ખાતરીથી કહી શકું કે ગુજરાત–કાઠિયાવાડના ધંધાદારી કે અવેતન કલાકારોમાંથી "જયંત"ને એ રીતે કોઈ રજૂ કરી શકશે નહીં.

અને "એક જ્વાલ જલે" એ ગીત જે રાગે મેઘાણી ગાતા એ રાગ કવિની કલ્પનાની બહારનો હતો. લલિતજી પણ એ ગીત ગાતા, પણ જુદી રીતે. એનો ખ્યાલ સાંભળ્યા વગર ન આવે. નાટકશાલાની છતમાંથી એના પડઘા પડતા. એ અભિનય પણ સંપૂર્ણ કલાત્મક હતો. આ પ્રસંગે મેઘાણીને સમગ્ર ભાવનગરમાં મશહૂર કર્યા. (અપૂર્ણ)

કપિલ ઠક્કર

— જરા મગજ કસી જુઓ —

શેઠ શાપુરજીએ એક મોટી દુકાનમાં જઈને ઉંચી કીંમતના શરાબની એક બાટલી ખરીદ કરી અને તેની કીંમત પૂછી. કીંમત કહેવામા આવી–૪૫ રૂપીઆ. બાટલીને કાગળમાં વીંટાળીને શેઠના હાથમા મુકતાં દુકાનદારે કહ્યુ, "સાહેબ, જો શરાબ પી લીધા પછી બાટલી આપને કાંઈ ઉપયોગની ન હોય અને અમને પાછી મોકલી આપશો તો અમે એને દુકાનના કબાટમાં મુકી અમારા માલની જાહેરાત કરી શકીએ. ખાલી બાટલીના અમે પૈસા પણ આપશુ. "કેટલા?" શાપુરજીએ પૂછ્યું.

"જુઓને સાહેબ, વાત એમ છે કે ભરેલી બાટલીના ૪૫ રૂપીઆ પડે છે અને અંદરના શરાબની કીંમત ખાલી બાટલીની કીંમત કરતાં ૪૦ રૂપીઆ જેટલી વધારે થાય છે. એટલે ખાલી બાટલીના થયા..."

"પાંચ રૂપીઆ" શાપુરજી વચ્ચે બોલી ઉઠયા. એમણે ઘણા પૈસા એકઠા કરેલા એટલે હીસાબ કીતાબમાં શાપુરજી પોતાને એક્કો માનતા હતા.

"માફ કરજો, મહેરબાન, આપને હીસાબ ગણતા આવડતું નથી." દુકાનદારે કહ્યુ.

દુકાનદારની વાત સાચી હતી. શી રીતે તે તમે કહી શકશો?

* * *

૨. જુની મોટર ગાડીઓ વેચનાર એક વેપારી પોતાના મિત્રની પાસે એક દિવસ ફરીઆદ કરવા લાગ્યો કે આજ દિવસ બહુ ખરાબ ગયો. આજે બે જુની ગાડીઓ હજાર હજાર રૂપીઆની કીંમતે વેચી તેમાં એકનાં વેચાણમાં મને ૨૫ ટકા નફો થયો પણ બીજાના વેચાણમા ૨૫ ટકાનું નુકસાન ખમવુ પડયુ.

એ સાંભળીને તેનો મિત્ર હસી પડ્યો ને કહેવા લાગ્યો, "એમા અફસોસ શુ કામ કરે છે? તને નુકસાન તો કશુજ થયું નથી."

"ના, જી, નુકસાન ઘણું મોટું થયું છે." વેપારીએ કહ્યુ. અને તેની વાત સાચી હતી શી રીતે તે તમે કહી શકશો?

* * *

૩. નિશાળમાં ભણતા એક છોકરાએ બીજા છોકરાને કહ્યું, "મારે જેટલા ભાઈઓ છે તેટલીજ બ્હેનો છે." એ છોકરાની બ્હેને બીજી એક છોકરીને કહ્યુ, "મારે જેટલી બ્હેનો છે તેનાથી બમણા ભાઈઓ છે" કુલ મળીને એ કેટલાં ભાઈબ્હેન હતાં તે કહી શકશો?

* * *

૪. ફોનોગ્રાફની એક રેકાર્ડનો વ્યાસ (ડાયામિટર) ૧૨ ઈંચનો છે. રેકર્ડની ફરતો ૧ ઈંચનો ખાલી ગાળો છે રેકર્ડના વચ્ચેના લેબલવાળા ભાગનો વ્યાસ (ડાયામીટર) ચાર ઇંચનો છે. એક ઇંચમાં સરેરાશ ૯૦ આંકા છે. જ્યારે એ રેકર્ડ વાગે ત્યારે સાઉન્ડ બોકસની પીન (નીડલ) કેટલો પ્રવાસ કરે છે?

* * *

૫. જોડાના વેપારીની એક દુકાનમાં આવીને એક ઘરાકે ચાર પાંચ જોડી બુટ, ચંપલ, સ્લીપર વગેરે ખરીદ કર્યા અને તેની કીંમતનો આકડો ૮૦ રૂપીઆ થતા ઘરાકે ખીસામાંથી ૧૦૦ રૂપીઆની નોટ કાઢીને વેપારીને આપી. વેપારી પાસે છુટા રૂપીઆ હતા નહીં એટલે બાજુની ઈરાનીની હોટેલમાં જઈને એ નોટ વટાવી લાવ્યો અને ઘરાકને તેણે વીશ રૂપીઆ પાછા આપ્યા. થોડી વારે ઈરાની દોડતો બુટવાળાના દુકાને આવીને કહેવા લાગ્યો "મલ્લાજી, આ તે આપી તે નોટ બનાવટી છે. મારા સો રૂપીઆ પાછા લાવ."

મલ્લાજી મનથી વિચાર કરવા લાગ્યા કે સો રૂપીઆ રૂસ્તમ ઈરાની લઈ ગયો અને વીસ રૂપીઆ પેલા ઉઠાઉગીર ઘરાકને આપ્યા એટલે કુલ ૧૨૦ નો ધુમાડો થઇ ગયો. પણ એમાં એની ભૂલ થતી હતી. શી રીતે એ ગણી બતાવશો?

[ઉકેલ માટે છેલ્લુ પાનું જુઓ]

સ્ફૂર્તિના ભરતી-ઓટ

સવારે બિછાનું છોડતાં તમને કંઈ કષ્ટ કે મુશ્કેલી પડે છે? ઉંઘ આવતી ન હોય છતાં બિછાનામાં પડી રહેવાનું તમને મન થયાં કરે છે?

જો એમ હોય તો તમે સુસ્ત અથવા એદી છો એમ ગણાય. પણ તમે એમ માની લેતા નહીં. રાતની ઉંઘ પૂરી થયા પછી કેટલાક માણસો છલંગ મારીને બિછાનામાંથી ઉભા થઈ જાય છે અને તરત સ્ફૂર્તિમાં આવી જાય છે, પણ એવા યે ઘણા માણસો હોય છે કે જેમને સવારમાં બિછાનું છોડતાં ફક્ત શારીરિક કષ્ટ થાય છે એટલું જ નહીં પણ મન પણ બેચેન રહે છે.

એનું કારણ એ છે કે દરેકે દરેક માનવીની શારીરિક અને માનસિક સ્ફૂર્તિ દિવસ અને રાતના જુદા જુદા સમયે વહેનારી હોય છે. જેને કશું કામ કરવું જ ગમતું નથી અને સુસ્ત થઈને પડી રહેવામાં કે બેસી રહેવામાં જ મોજ આવે છે એવા એદીઓની વાત આપણે નથી કરતા પણ જેઓ સખત કામ કરનારા માણસો છે એમનાં રોજીંદા જીવનમાં પણ દિવસ રાતના ચોવીસ કલાક દરમીઆન થોડા કલાકો એવા આવી જાય છે કે જ્યારે તેમની સ્ફૂર્તિની ઓટ દેખાય છે.

એવા માણસો જ્યારે પોતાના કામ ઉપર વળગે છે ત્યારે ભૂખ, તરસ, થાક વગેરે બધું ભૂલી જઈને ઓધારું કામ કરતા દેખાય છે. એ વખતે તેમની સ્ફૂર્તિનું વહેણ ધમધમાટ વહેતું હોય છે.

દુનિયાની અરધી ઉપરાંત વસતિમાં અને તેમાં પણ પુરુષોનાં કરતાં વિશેષે કરીને સ્ત્રીઓમાં સ્ફૂર્તિનો આ ઉભરો સામાન્ય રીતે સવારના ભાગમાં-મધ્યાહ્ન પહેલાંના સમયમાં-વધારે પ્રમાણમાં દેખાય છે. બાકીના માણસોમાં એ ઉભરો મધ્યાહ્ન પછી અથવા સાંઝને વખતે કે રાતને વખતે પણ જોર કરે છે. આમ થવાનું કારણ શું છે એ હજુ કોઈએ શોધી કાઢયું નથી; છતાં પ્રત્યેક માનવીની કામ કરવાની શક્તિ અને ઉલટમાં જુદે જુદે વખતે ભરતી અને ઓટ આવે છે એ સત્યના અજ્ઞાનને લઈને ઘણીવાર આપણે આવા શબ્દો સાંભળીએ છીએ: "ઉઠને ભાઈ બાપુ, વળી પાછો તું નોકરી ઉપર મોડો પહોંચીશ."

બાપુને વારંવાર સાંભળવા પડતા આ શબ્દોની પાછળનું રહસ્ય એ છે કે એની શરીર અને મનમાં સ્ફૂર્તિનો ઉભરો સાંઝને વખતે જોર કરતો હોય છે. બધા જ માણસોને નિશ્ચિત વખતે જ કામ કરવાનું અને નિશ્ચિત વખતે જ આરામ લેવાનું અનુકૂલ પડવું જોઈએ એવો કુદરતનો કોઈ અટલ નિયમ નથી અને કુટુંબના દરેકે દરેક સભ્યને સ્ફૂર્તિનો ભરતી-ઓટ આવવાનો જુદો જુદો સમય હોય છે એ સત્ય જો બધા દંપતી સમજી જાય તો કુટુંબમાં રોજનો બની જતો ઘણો લોહીઉકાળો આપમેળે નાબુદ થઈ જાય.

તમને પોતાને કામ કરવાની ખરેખરી મઝા દિવસમાં કયે વખતે આવે છે તે થોડા દિવસના નિરીક્ષણથી તમે સહેલાઈથી નક્કી કરી શકશો. એક અઠવાડિયાં સુધી તમે આ નિરીક્ષણ કરી જોજો. તમને માલુમ પડશે કે હમેશ લગભગ એક જ નિશ્ચિત સમયે તમને સ્ફૂર્તિની ભરતી આવતી હશે અને એથી ઉલટું નિશ્ચિત સમયે જ તેની ઓટ આવતી હશે.

આ ભરતી-ઓટના સમયમાં ફેરફાર કરવાનું તમારાથી બની શકશે નહીં, પણ તમારૂં કામ તમે એવી રીતે ગોઠવી શકશો કે જેથી

હાવે છે. સવારે નાસ્તો, બપોરે ખાણું અને રાત્રે વાળુ, એ સામાન્ય નિયમ ગણાય છે, પણ એ નિયમ બધા જ માણસોને એક સરખો ફાવી જાય એવી કોઈ કુદરતની રચના નથી. ઘણા માણસો બપોરનું ખાણું લીધા પછી સુસ્ત બની જાય છે અને તેમને કામ કરવામાં બેચેની લાગે છે, પણ રાતનું ભોજન લીધા પછી તેઓ ખુશીથી જાગી શકે છે અને કામ પણ કરી શકે છે. આવા માણસોને દિવસના ભાગમાં જ જરૂરી કામ કરવું પડતું હોય તો તેમણે બપોરનું ખાણું જતું કરતાં અને સ્ફૂર્તિ ટકી રહે તેવા હળવા ખોરાક, ફળ કે પ્રવાહી વડે ચલાવી લેતાં શીખવું જોઈએ. ભોજનનાં સમયની બાબતમાં ઘડીઆળના કાંટા કરતાં પેટની ભૂખ અને રૂચિ તરફ વધારે લક્ષ આપવાની જરૂર છે.

સ્ફૂર્તિના ભરતી–ઓટ માણસમાં બચપણથી જ રહેલા હોય છે. પણ બચપણમાં તેમાં ફેરફાર કરવાનું સહેલું થઈ પડે છે. સમજદાર માબાપ પોતાનાં બાલકોના હિતનો વિચાર કરીને તેમની સ્ફૂર્તિને અનુકુલ સમયે જ ગતિમાં આવતી કરી શકે છે. મોટી ઉમર થઈ ગયા પછી માણસને પડેલી આદતો છોડવાનું મુશ્કેલ બની જાય છે.

શરીર અને મનમાં સ્ફૂર્તિની ભરતી ન હોય તેવે વખતે પરાણે કામ કરવાથી માણસ ચીડીયો બની જાય છે એટલું જ નહીં પણ તેનું કામ પણ સારૂં અને સરખું થતું નથી. પોતાની સ્ફૂર્તિની ભરતી હોય તેવે વખતે જ કામ કરવાનું મળે એવા નસીબદાર માણસો બહુ જવલ્લે જ નજરે પડે છે. ઘણા ખરા માણસોને તો જ્યારે કામ કરવું પડે ત્યારે સ્ફૂર્તિમાં રહેવું જ પડે છે. નોકરની પસંદગી કરવામાં આપણે તેની લાયકાત, ચારિત્ર્ય, અનુભવ વગેરે ગુણોની કસોટી કરીએ છીએ તેવી જ રીતે એની કામ કરવાની સ્ફૂર્તિ ખરેખરી કયે વખતે ખીલી ઉઠે છે તે પણ જોતાં શીખીએ તો એવા નોકર પાસેથી સારામાં સારૂં કામ લઈ શકાય. પણ આપણે આખી દુનિયાની સાથે સાથે ચાલવાનું છે અને આપણાં સેંકડો કામ બીજાઓનાં કામ સાથે સંકળાયલા હોય છે માટે આપણે કામ કરવાના કલાકો ઘણે ભાગે દિવસના વખતમાં જ રાખવા પડે છે. બેંકના કેશિયર તરીકે કામ કરનારા માણસની સ્ફૂર્તિમાં સવારના દસથી બપોરના બે વાગ્યા સુધી ઓટ રહેતી હોય તો પણ તેને એ કામ કરવું જ પડે છે. પણ તેને બદલે જો એની સ્ફૂર્તિ રાતને વખતે જોરમાં રહેતી હોય અને તેને રેલ્વેના બુકીંગ કલાર્કની રાતની નોકરી મળે તો તે જરૂર વધારે ઉલ્લાસથી અને વધારે સારી રીતે કામ કરી શકે. પરંતુ નોકરોની પસંદગી કરવામાં સ્ફૂર્તિના ભરતી–ઓટનો સમય જોવાની વાતનો હજુ કોઈ વિચાર કરતાં શીખ્યું નથી. એટલે, આપણે બીજાઓની અનુકૂલતા અનુસાર આપણા કુદરતી ભરતી–ઓટના સમયમાં ફેરફાર કરવો જ પડે છે.

છતાં, એક વાત ધ્યાનમાં રાખજો કે તમે પ્રભાતે વહેલા ઉઠનારા હો તો જેઓ સવારે મોડે ઉઠે છે તેમને સુસ્ત કે એદી ગણી એમની હાંસી કરતા નહીં. કામ કરવાની શક્તિ અને આવડત કદાચ તમારા કરતાં તેનામાં વધારે હોય, પણ એ શક્તિ અને આવડતનો આવિર્ભાવ થવાનો તેનો સમય તમારા કરતાં જુદો હોય છે. સમી સાંઝમાં તમે જ્યારે થાકીને હુસ જઈતા હશો ને બગાસાં ખાવા લાગતા હશો ત્યારે એ માણસ પોતાની સ્ફૂર્તિની પૂર ભરતીમાં હશે અને અરધી રાત સુધી આનંદ અને ઉલ્લાસથી કામ કરવાને તૈયાર હશે.

મુંબઇનું ગુલ્મર્ગ—ચેઉર

“પોતાનાં નાકની નીચે જ હોય તે માણસને ભાગ્યે જ દેખાય છે” એ ન્યાયે “ચેઉર” ઉપર આજ લગી મુંબઇવાસીઓનું ધ્યાન ખેંચાયું નથી.

ચેઉર નામની ટેકરીઓ અને એ જ નામનું ગામડું મુંબઇથી ૨૬ માઇલ અને થાણાથી પશ્ચિમે ૩ માઇલનાં અંતર પર આવેલાં છે. થાણાને ફરતા આગ્રા રોડથી ૨ માઇલ દૂર ટેકરીની તળેટી છે. આ તળેટીમાં જ થાણાની વસતિને પાણી પુરૂં પાડતું પોખરાણ નામનું નાનું પણ સુન્દર તળાવ આવેલું છે.

ટેકરીનું ચઢાણ આ તળેટીથી શરૂ થાય છે. પંદર મિનિટમાં ટેકરીને મથાળે પહોંચી શકાય છે. ટોચ લગભગ આઠસોથી નવસો ફુટ ઉંચી છે. ચેઉર નામની કોઇ એક જ ટેકરી નથી પણ ટેકરીઓની હારમાલા છે. એ ટેકરીઓની વિશેષતા એ છે કે એ બધી જ ગાઢ જંગલોથી છવાયલી છે, જો કે હાલમાં સરકારના જંગલ ખાતાએ તેનો કેટલોક વિસ્તાર બોડો કરી મૂક્યો છે.

કાશ્મીરના ગુલ્મર્ગ સાથે ચેઉર ઘણી રીતે મળતું આવે છે. ચેઉર મુંબઇનું ગુલ્મર્ગ છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી. શ્રીનગરથી જેટલું ગુલ્મર્ગ દૂર છે, તેટલું જ મુંબઇથી ચેઉર છેટું છે. તળેટીથી ટેકરી પર પહોંચવા માટે ગુલ્મર્ગ પંદરસો ફુટ ચઢવું પડે છે અને ચેઉર નવસો ફુટ ચઢવું પડે છે.




ચેઉરના વારલીનું ઝૂંપડું

ચારે બાજુએ ઉંચી ઉંચી ટેકરીઓથી ઘેરાઇને જેમ ગુલ્મર્ગ કટોરામાં પડેલું છે તેમ જ ચેઉર પણ કટોરામાં આવી રહેલું છે.

ગુલ્મર્ગની આસપાસનાં જંગલમાં મોટો ભાગ દેવદારના વૃક્ષોનો જ છે, પણ ચેઉરના જંગલો લગભગ સવાસો જેટલી જાતના મોટાં વૃક્ષો, બસોથી ઉપરાંત નાનાં વૃક્ષો (bushes) અને પચાસ જાતની વેલોથી છવાયલાં છે. આ વૃક્ષો અને વેલીઓનાં મળી શક્યાં તેટલાં નામો મેળવીને લેખને છેડે આપેલાં છે.

ગુલ્મર્ગનો અર્થ થાય છે ફૂલોનો પહાડ પણ અત્યારે તો ગુલ્મર્ગમાં ફૂલો શોધવાં પડે છે, જ્યારે ચેઉરમાં શ્રાવણથી આસો સુધી તો ખરેખરો ગુલ્મર્ગ—ફૂલોનો પહાડ—બની જાય છે. નાના છોડ અને વેલાઓ ઉપર થતાં જૂદી જૂદી ૪૦ જાતનાં ફૂલો સહેજે નજરે પડે છે અને વરસાદની ઋતુમાં અનેક જાતનાં મોટાં વૃક્ષો રંગબેરંગી ફૂલોથી ભરાઇ જાય છે.

ગુલ્મર્ગ જેમ શ્રીનગર કરતાં વધારે શીતલ છે તેમ ચેઉરનું હવામાન મુંબઇનાં કરતાં પાંચથી દસ ડીગ્રી જેટલું ઠંડું રહે છે. વળી ચેઉરની હવા તદ્દન સુકી છે. ચેઉર આટલી ઉંચાઇએ આવેલું હોવા છતાં ભર ઉન્હાળામાં પણ દસથી બાર ફૂટ જેટલું ખોદતાં જમીનમાંથી ભરપૂર પાણી નીકળે



પોબરાણુ સરોવર

છે. ગુલમર્ગની શોભામાં જેમ તેની આસપાસનાં ઝરણાંઓ ઉમેરો કરે છે તેવી જ રીતે ચેઉરની આસપાસ પણ ચોમાસાના ચાર માસ તો અનેક ઝરણાં વહેતાં રહે છે.

હવે ચેઉરની સરખામણી માથેરાન સાથે પણ કરી લઈએ. મુંબઈથી માથેરાન જતાં અરધો દિવસ લાગે છે. મોટરમાં જઈએ તો મુંબઈથી ચેઉર જતાં દોઢ કલાક લાગે છે. મુશ્કેલી માત્ર ત્રણ માઈલ જેટલા રસ્તામાં આવે છે. થાણાથી ચેઉર સુધીનો એ ત્રણ માઈલનો રસ્તો પાકો બાંધેલો નથી. માથેરાનની ઝાડીઓમાં ચેઉરની ઝાડીઓ જેટલી વિવિધતા નથી. માથેરાનની પેઠે ચેઉર પણ શ્રાવણથી આસોમાં ફૂલોથી ઢંકાઈ જાય છે. હવામાં એ માથેરાનથી જરા પણ ઉતરે એવું નથી અને માથેરાનમાં જ્યારે ભરી રાખેલું પાણી બારે માસ પીવું પડે છે ત્યારે ચેઉરમાં તાજા પાણીની ખૂબ છત છે. ચેઉરની વસ્તી ઘણી તંદુરસ્ત છે.


માથેરાનમાં જંગલી પશુઓ કે પક્ષીઓની જેટલી વિવિધતા છે તેનાં કરતાં ઘણી વધારે ચેઉરમાં જોવા મળે છે. લગભગ ત્રીસ જાતનાં વિવિધ રંગનાં અને વિવિધ સ્વરવાળાં પક્ષીઓ ચેઉરમાં જોવા મળે છે. તેમનું સંગીત અને તેમનો કલરવ લગભગ આખો દિવસ ચાલુ જ રહે છે. વાંદરાઓ, જેમ માથેરાનમાં છે તેમ અહીં પણ છે. વધારામાં ચેઉરમાં કોયલ અને મોર પણ છે.

મુંબઈવાસી સામાન્ય સ્થિતના માણસો અને વિદ્યાર્થીઓને ગુલમર્ગ જોવાનાં તો સ્વપ્નો જ રહી જાય છે અને માથેરાન જવાનું પણ મુશ્કેલ અને ખર્ચાળ બને છે. જ્યારે ચેઉર સહેલાઈથી અને સસ્તામાં જઈ શકાય છે. એક દિવસની વનયાત્રા કે 'પિકનીક' માટે ચેઉર એક આદર્શ સ્થળ છે. જો સરકાર તેના ઉપર ઘટતું લક્ષ આપે તો બહુ જ થોડા ખર્ચે ચેઉરને એક સરસ "હીલ સ્ટેશન"નું સ્વરૂપ આપી શકાય તેમ છે.

હવે મુંબઈના આ ગુલમર્ગમાં પહોંચવું શી રીતે તે બતાવું: પહેલાં તો મોટરથી, ટ્રેનથી કે બીજા કોઈ પણ વાહનથી થાણા પહોંચવું. આગ્રા રોડ પરથી ચેઉરની તળેટી તરફ જવાના બે રસ્તા છે—એક રેમંડ મિલનો રસ્તો, જે ૨ માઈલ જેટલો છે અને બીજો રસ્તો એ જ આગ્રા રોડ ઉપર પોણો માઈલ આગળ વધતાં ડાબી બાજુએ ફંટાય છે. આ બીજો રસ્તો થોડાં વરસો પહેલાં ડામરથી બનાવેલો સરસ પાક્કો રસ્તો હતો. હવે તો આ બન્ને રસ્તાઓ નામના જ રસ્તા રહ્યા છે, એટલે એ સારા ન થાય ત્યાં સુધી એટલું અંતર ચાલીને કાપવું એ જ સહુથી સારું છે.

તળેટીથી કહેવાતો "રસ્તો" ઉપર ચઢે છે. આ રસ્તો ગુલ્મર્ગના "સરક્યુલર રોડ"ની બરાબર યાદ આપે છે. આ રસ્તો જંગલમાંથી પસાર થાય છે અને તેના ઉપર ચઢતાં મુંબઈ, થાણા, કલ્યાણ વગેરે સ્થળો સાફ દેખાય છે.

ઉપર પહોંચતાં પેઉર ગામ આખું કટોરામાં દેખાય છે. ત્યાં પાણીના કુવા અને ઝરણો છે. આસપાસની ટેકરીઓમાં કાપેલા લાકડા લઈ જવા માટે રસ્તાઓ કરેલા છે જે ગાઢ જંગલોમાંથી પસાર થાય છે. રસ્તાઓ તો નામના જ રહ્યા છે પણ એ રસ્તાઓ પર ચાલવાથી ભૂલા પડવાનો ભય રહેતો નથી. ગુલ્મર્ગ ઉપર જવા માટે ટટુઓ પર કે ડોળીમાં જવું પડે છે, પણ અંહી તો ચોમાસા સિવાય બધો વખત બેલગાડીઓ ચાલે છે. એટલે બેલગાડીમાં કે પગે-ચાલીને જઈ શકાય છે.



પેઉરનું જંગલ

આ રમણીય સ્થલની કીંમત અસલના વખતમાં રાજા ગોકળદાસે કરેલી. ત્યાં એમણે બંગલો બંધાવ્યો હતો અને પોતાના રેસના ઘોડાઓ એ ત્યાં રાખતા. આજે તો ત્યાં માત્ર ખંડેરો પડયા છે. મોટી વાડી પણ નામની જ રહી છે. અજાયબીની વાત તો એ છે કે એમની જમીનમાં ગુલ્મર્ગના "ચશ્મે શાહી" (શાહી ઝરણું) નાં જેવું જ એક ઝરણું છે જે બારે માસ ત્રણ ઈંચની પહોળાઈના પ્રવાહમાં સતત વહેતું રહે છે. એ ઝરણાનું પાણી પર્વતના પેટાળમાંથી નીકળતું હોઈને તદ્દન શુદ્ધ, ઠંડું અને પાચક છે. ચશ્મે શાહીની પેઠે અંહી પણ એકવાર ઝરણાના મુખ ઉપર ટાંકી બાંધેલી હતી, પણ અત્યારે તે તૂટી ગઇ છે, એટલે એનું પાણી માત્ર ઢોરને પીવા કે કીચડ બનાવવાના ઉપયોગમાં જ આવે છે. નિશાત કે શાલીમાર જેવો કોઈ વિશાલ અને સુંદર બાગ પેઉરમાં બનાવવો હોય તો તે માટે આ ઝરણું બહુ જ કામ લાગી શકે તેવું છે.

પેઉરથી સીધા ચાલીને જતાં ત્રણ કલાકે મુંબઈના ઉપનગર બોરીવલીમાં પહોંચી જવાય છે. અંહીનાં "નૅશનલ પાર્ક"ને નામે ઓળખાતાં નવા ઉપવનથી બોરીવલીના જંગલની શરૂઆત થાય છે. આ જંગલનો હવે કટકે કટકે નાશ થતો આવે છે એ હકીકત ખેદ ઉપજાવનારી છે, કેમકે જંગલનો નાશ એટલે તેમાં રહેલી તમામ સમૃદ્ધિનો, અનગળ વૃક્ષોનો, રોપાનો, વેલાઓનો અને પશુ-પક્ષીઓની અનેક વિવિધ જાતોનો નાશ. ખરી રીતે તો આખા જંગલનો "નેશનલ પાર્ક" બનાવી તેમાંના પશુ પક્ષીઓને સલામત રાખી સંરક્ષણ આપવાની જરૂર છે, એટલુંજ નહી પણ નવાં નવાં પશુ-પક્ષીઓ લાવીને ત્યાં વસાવવાં જોઈએ.

પણ એ તો બધું કોઇ સત્તાધારીઓ ખાસ લક્ષમાં લે તો જ બની શકે.

ચેઉરમાં જોવા મળતાં વૃક્ષો, પશુઓ, વેલાઓ સર્પો અને ત્યાં પાકતા ચોખાની વિવિધ જાતોનાં નામ જાણવામાં વાંચનારને રસ પડશે એમ સમજી મળી શક્યાં તેટલાં નામો અંહી આપું છું.

વૃક્ષો :–પન્ગારા અથવા પારંગા, લીંબડો, નડુગલી, દીવા, વરસ, મોખા, ખરાડી, આહરૂન, ધોટી, કોશીંબ, જાસુગી, કરવેલ, કાંડોલ, કીરમીરા, વાવલા, કડવઇ, ડાડોશી, આસી, ગોડાલી, બોડારા, બોર, અંબાડા, નીવરી, ધામણ, ગોલ, ચહુરીચીચ, વારંગી, ચાંદીવા, સેટાલી, કૌવસ, પેટારી, આગીસ્તા, આવલી, નીલોશી, ભોભેરી, ધાત્રી, ગાંડાઉમર, આસાન, રબડ, સાગ, દેકામારી, ખેર–શેનખેટ, કુંભા, સીસમ, બીબલા, ખજુરી, તાડ, આબલી, વડ, અબો, જાંબુ, પલાશ, પીપળ, બાવળ, ઉમરો, અર્જન, કીન્હઇ, કોહરેલ, સીદ, કુડી–સફેદ અને કાળી, બેડા, સાવર, ધાવડા, સીવન, ચામલ, પાયરા, બાંબુ, રાજન, ભીંડી, હેદ, કલંબ, કાકડ, સેમટ, કુંબ, કાકુંબ, ગાલ, અલુ, ટીંબરૂ, પેન્ડરી, કુડી, બાહવા, બરસીંગ, લોખંડી, એલર, ખરવત, કરંજ, મહુડા.

વેલ :–ગારબી, કાટસ, ઝોબલ, ચીલ્હારી, વાઘોટી, કોલાન, કપંડલ, કાંગણી, નેવાલી, સાપલી, ચમેલી, કોહલ, ભુઇસીસ, નાગદવન, ઉગશી, પસાંગરી, કરમદી, કરજવેલ, ઓઢયા, ખોબર, ગાંધારી, તોરણ, બોકડ, ઝુલમુલી.

પશુઓ :–સુર, વાઘ, સાબર, ભેખર, સસલાં, આહેડા, મંગુસ (નોળીયો) વલેન, કાલા માંજર, તરસ, ઘોરપડ, કાચબા, માંકડા, વાંદરા.

પક્ષીઓ :–પોપટ મેના (સારો), બુલબુલ (ફેસા), કોશેટ (ગોરયા), બપૈયા (પાયપીડા), કોયલ, નીલહોલા, તાબહોલા, હોલા, રાન કોબડી, કોકત્રી, મોર, તેતર, લાવરી, લક્કડખોદ, બાજ, સમડી, ભીંગરાજ, હલદકુડા, શ્રીસોટ, ખાપર્યા ચોર, ભોરડી, ધાર, ગીધ, ભોટીયા, ચુહી, સતાના, પીહુંગડી, ચાવલકાઠી, હરૂડ, પાતેરી, દુડા, વેવડ, મગલા, કોકો, કાકેરી, ચીકાયા, પોપટી, પરેટ, ફુગલફુની(હુપુ), પોટારે.

સર્પો :–કોબ્રા, તેલ્યા, પાંચપાવલ્યા, આંધળવટ, ધામણી, કીમ્બલ્યા, પરડ, ફેરસા, ચુડ, મણીઆર, રૂખઇ, હરણટોળા, ધોલીંગરા, નાનેટા, વાલા, દો તોડયા, દીવડ, પાનશીલા, ભુસાડા (મુડુલ્યા), અજગર.

ચોખા :– કોલંબા (ચાર જાતના), કરબાઇ, પટણી, કાસા, વારગોલ, એલચી, તોરણ, ગરવેલ, કદ્રુક, દોડકા, સહાડી, નાચણીવરી, ઉડીદ, ચૌબા, ખાસણી અને તુર.

[આમાંના ઘણાખરા નામો મરાઠી ભાષાનાં હોય એ સ્વાભાવિક છે.]

ચુનીલાલ આણંદજી કાપડીઆ

—સ્ત્રી જેના ઉપર પ્રેમ કરતી હોય તે પુરુષના પ્રત્યે જેવો વર્તાવ રાખે છે તેવો વર્તાવ આપણે આપણા દેશ પ્રત્યે રાખવો ઘટે. પ્રેમાલ પત્ની પોતાના પતિને ખાતર બધો જ ત્યાગ કરવા તૈયાર થશે પરંતુ ફક્ત તેની ટીકા કરવાની અને તેને સુધારવાનો પ્રયત્ન કરવાની વૃત્તિનો કદી ત્યાગ કરી શકશે નહીં. આપણે પણ આપણા દેશ પ્રત્યે એવી જ કડક છતાં પ્રેમાલ નજર રાખવી ઘટે. આપણને દેશ પ્રત્યે પ્યાર હોવો જોઇએ છતાં તેમાં રહેલા દોષો જરૂર આપણે બતાવીએ. ટીકાકાર દેશને માટે ભયંકર નથી, પરંતુ ખાલી વાતો કરનાર અને ખાલી મગજવાળો "સ્વદેશ સેવક" જ ભયંકર છે.

ઇન્સાફ

ભજવી શકાય તેવું સામાજિક નાટક

પાત્રપરિચય

ઠાકોરરાવ દેસાઇ— —	સોલીસીટર } ઠાકોરરાવ એન્ડ કું૦ સોલી-
દિનકરરાવ દેસાઇ— —	સોલીસીટર } સીટર્સની પેઢીના ભાગીદારો તેનો પુત્ર
મગનલાલ— — —	મજકુર પેઢીનો મેનેજર
રઘુનાથ — — —	મજકુર પેઢીનો કારકુન
ટપુ— — —	ઓફીસનો નોકર
કાવસજી — — —	છુપી પોલીસનો અમલદાર
ગોપાળરાવ — —	બેંકનો કેશિયર
સુંદરભાઇ કામદાર— —	એક સ્ત્રી

ઉપરાંત — ન્યાયાધીશ, વકીલો, કેદખાનાનાં અમલદારો, સીપાહીઓ, કેદીઓ, ડાક્ટર વગેરે વગેરે.

અંક ૧ લો

[ઠાકોરરાવ એંડ કું. સોલીસીટર્સની ઓફીસમાં મેનેજર મગનલાલનો ઓરડો. ઓરડામાં જુનું દેખાતું પણ સારી હાલતમાં રાખવામાં આવેલું જરૂરી ફરનીચર છે. ઓરડાને ત્રણ બારણાં છે. એકમાંથી બહાર જવાનો રસ્તો છે, બીજું બારણું પેઢીના માલિકોના ઓરડામાં પડે છે અને તેની સામેનું ત્રીજું બારણું કારકુનની ઓફીસમાં ઉઘડે છે.

મેનેજર મગનલાલ ૫૫ અને ૬૦ ની વચ્ચેની ઉમરનો છે. દક્ષિણી ઢબની ચકરી પાઘડી, લાંબો કોટ અને ધોતીયું એનો પોષાક છે. એના માથાના અને મુછના વાળ સફેદ છે. નાક ઉપર ચશ્મા છે. એની મુખાકૃતિ વફાદારી અને કાર્યપરાયણતાની સાક્ષી આપે છે.

પરદો ઉઘડે છે ત્યારે મગનલાલ એક મોટો ચોપડો ટેબલ ઉપર રાખી હીસાબના આંકડા ગણવામાં મશગુલ હોય છે. અને જરા મોટે અવાજે સરવાળા ગણે છે.]

મગનલાલ—પાંચ ને ચારે નવ ને ત્રણ બાર ને અગીઆર ત્રેવીસ. ઓગણત્રીસ ને દસ ઓગણચાલીસ ને સાત છેતાલીસ. બાર તેરી છત્રીસ ને દસ વધ્યા (પેન્સીલથી ચોપડામાં નિશાની કરે છે). ત્રણ ને સાત દસ ને તેર ત્રેવીસ ને સાત ત્રીસ. ત્રીસ ને નવ ઓગણચાલીસ. સોળ દુ બતરીસ ને સાત... (ફરી નિશાની કરી પાનું ફેરવે છે.)

[ઓફીસનો નોકર ટપુ બારણું ઉઘાડી અંદર દાખલ થાય છે. સોળ સત્તર વરસનો એ જરા ચબરાક દેખાતો છોકરો છે.]

બે ને તેર પંદર...

ટપુ—મગનલાલભાઇ સાહેબ! રઘુનાથરાવને કોઇ મળવા આવેલ છે.

મગનલાલ—પંદર ને સાત બાવીસ ને દસ બત્રીસ. એને બેંકમાં જવાનું કહે—શું નામ છે?

ટપુ—સુંદર કામદાર.

મગનલાલ—કેમ આવ્યો છે?

ટપુ—બાઇ માણુસ છે.

મગનલાલ—કેવુંક કુલ લાગે છે?

ટપુ—સાધારણ.

મગનલાલ—એને અંદર આવવાનું કહે. આ ચોપડો મોટા સાહેબ પાસે લઇ જા. (ચોપડો બંધ કરીને તેને આપે છે.)

ટપુ—(બારણું અરધું ઉઘાડી) અંદર આવો બાઇ!

[સુંદરબાઇ કામદાર ઓરડામાં આવે છે. એ ૨૫–૨૭ વરસની ઉમરની છે એનું શરીર ઉંચું અને પાતળું છે અને મ્હોં ઉપર શાંત ગૌરવની છાપ છે. એનો પોષાક સાદો અને ગુજરાતી ઢબનો છે. માથાના કાળા વાળ વચ્ચે સેંથો પાડીને હોળેલા અને અંબોડો વાળેલો છે. કપાળમાં ચાંદલો છે. ટપુ ચોપડો લઇને બીજે બારણેથી સાહેબના ઓરડામાં જાય છે]

મગનલાલ—રઘુનાથ બહાર ગયેલ છે. (જરા તાકી રહીને) તમારૂં કામ જણાવો.

સુંદરબાઇ—(જરા મક્કમ અવાજે) એ કામ અંગત છે, સાહેબ!

મગનલાલ—અંગત કામ માટે ઓફીસમાં કોઇને મળવાનો અમારે ત્યાં શિરસ્તો નથી. ચીઠ્ઠી મૂકીને જાઓ તો?

સુંદરબાઇ—મારે એને મળવું જ જોઇએ એવું છે. (જરા તાકીને જોઇ રહે છે)

મગનલાલ—શિરસ્તા વિરૂદ્ધ? મારો કોઇ ઓળખીતો મળવા આવ્યો હોય તોયે શું? એ ચાલે જ નહીં.

સુંદરબાઈ—બરાબર છે, સાહેબ!

મગનલાલ—અને તમે તો ફક્ત એક કારકુનને મળવા આવેલાં છો!

સુંદરબાઇ—હા, સાહેબ, પણ મળ્યા વગર ચાલે તેમ નથી.

મગનલાલ—(જરા મક્કમ બનીને) પણ આ તો સોલીસીટરની પેઢી છે, બાઇ, તમે એને ઘેર જઇને મળો.

સુંદરબાઇ—એ ઘેર નથી.

મગનલાલ—(અકળાઇને) તમારો એ સગો થાય?

સુંદરબાઇ—ના, સાહેબ!

મગનલાલ—(મુંઝાયલા અવાજે) તો હું શું કરૂં? પણ અહીં તો ન મળી શકાય.

સુંદરબાઇ—ત્યારે મારે કરવું શું?

મગનલાલ—એ હું કેમ જાણું?

[ટપુ પાછો આવે છે ને બાજે બારણેથી બાહર જાય છે. જતાં-જતાં મગનલાલ તરફ આંખથી સ્હેજ ઇશારો કરે છે, બારણું જરા ખુલ્લું રાખે છે.]

એમ ન ચાલી શકે. બિલકુલ ચાલે નહીં. અમારા સાહેબોમાંથી કોઇ આવે તો કેવું દેખાય?

[બહાર જવાના બારણાની બહાર જરા ગડબડ સંભળાય છે. ટપુ બારણામાંથી અંદર ડોકાય છે.]

ટપુ—અંહી બેત્રણ બચ્ચાંઓ આવેલાં છે.

સુંદરબાઇ—એ મારાં બચ્ચાં છે, ભાઇ!

ટપુ—જરા હબડાવું?

સુંદરબાઇ—તોફાન નહીં કરે—સાવ ન્હાનાં છે. (મગનલાલ તરફ જાય છે.)

મગનલાલ—તમે ઓફીસનો વખત ન રોકો. જુઓ, અત્યારે પણ અમારે એક કારકૂન ઓછો તો છે જ.

સુંદરબાઇ—પણ આ જીવનમરણનો સવાલ છે.

મગનલાલ—(ઉશ્કેરાઇને) જીવનમરણનો સવાલ?

ટપુ—(બારણામાંથી ડોકું કાઢીને) આ આવ્યા રઘુનાથરાવ.

[રઘુનાથ બાહરને બારણેથી દાખલ થાય છે. એ જુવાન છે. દેખાવે નમ્ર છતાં કંઇક ચિંતાતુર જણાય છે. એનો પોષાક સાદો છતાં સ્વચ્છ છે. ઉમર આશરે ત્રીસેક વરસની છે. કારકુનના ઓરડાનાં બારણાં પાસે પહોંચી એ જરા અચકાતો ઉભો રહે છે.]

મગનલાલ–વારૂ, એક મિનિટમાં વાત પતાવી દેજો. આ બધું અમારા શિરસ્તા વિરુદ્ધ થાય છે. (કાગળીયાનો થોકડો લઈને સાહેબોના ઓરડામાં જાય છે.)

સુંદરબાઈ–(ધીમે અવાજે ઝડપથી) પાછો એણે પીધો છે, રઘુનાથ! કાલે રાત્રે એ મારું ગળું કાપવા તૈયાર થઈ ગયેલો એ ભાનમાં આવે તે પહેલાં હું છોકરાંઓને લઈને નીકળી આવી–તમને શોધતી શોધતી.

રઘુનાથ–વારૂ, બધું તૈયાર છે.

સુંદરબાઇ–આજે જ સાંજે?

રઘુનાથ–હું ટિકીટ લઈ આવ્યો છું. બંદર પર બરાબર સાડાપાંચ વાગે આવી પહોંચજો. જો, ભૂલતાં નહીં. જો કોઈ પૂછે તો કહેવાનું કે આપણે ધણીધણીઆણી છીએ. (એની સામે એક કરૂણ દૃષ્ટિ ફેંકે છે.) સુંદર!

સુંદરબાઇ–તમને ખરેખર ભય લાગે છે આમ નાસી જવામાં!

રઘુનાથ–સામાન તૈયાર છે ને! અને છોકરાંઓ પણ?

સુંદરબાઇ–સામાન તો બધો જ ઘેર રાખી મૂકવો પડ્યો. ફક્ત આ એક થેલો લઈ આવી શકી. બીજું લેવા જાત તો એ જાગી ઉઠત, અને હવે મારાથી ઘરની અંદર જવાય નહીં.

રઘુનાથ–ત્યારે એ પૈસા નકામા ખરચાયા એવું થયું. તમારે કેટલા જોઈશે–હમણાં?

સુંદરબાઇ–વીસ રૂપીઆ ચાલશે. એટલા બસ થશે, કેમ!

રઘુનાથ–ક્યાં જવું છે તે કોઈને કહેવાનું નથી. (સ્વગત) આ બધું ક્યારે પતી જાય!

સુંદરબાઇ–ગભરાતા હો તો હજુ માંડી વાળજો. ભલે એ મને મારી નાખે, પણ તમને હું મુશ્કેલીમાં મૂકવા નથી ઇચ્છતી.

રઘુનાથ–ના, ના. જવું જ જોઈએ. મને કશાની પરવા નથી–ફક્ત તારે જ ખાતર.

સુંદરબાઇ–એમ નહીં. જરા પણ સંકોચ લાગતો હોય તો કહી દેજો.

રઘુનાથ–હવે પાછાં પગલાં ભરાય એમ નથી. આ ત્રીસ રૂપીઆ રાખો: સાડા પાંચ વાગે–ગોવાની આગબોટ–ટિકિટ ઓફીસ પાસે–બરાબર. ધ્યાનમાં રાખો. સુન્દર! આ બધું તારે ખાતર. તારે ખાતર હું શું ન કરૂં?

[એને નજીક ખેંચીને જોરથી એનો હાથ દબાવે છે ક્ષણવાર બન્ને જણાં એમ જ ઉભાં રહે છે. મગનલાલ પાછા આવતાં તરત જ બન્ને છૂટાં પડે છે. સુંદરબાઈ બાહર જાય છે. મગનલાલ ધીમે ધીમે પોતાની ખુરસી પર ગોઠવાય છે.]

મગનલાલ–આ ઠીક ન કહેવાય, રઘુનાથ!

રઘુનાથ–સાહેબ, એવું ફરીવાર બનવા નહીં પામે.

મગનલાલ–ઓફીસનો દુરૂપયોગ થયો ગણાય.

રઘુનાથ–બરાબર છે. સાહેબ!

મગનલાલ–આ તો મને એમ લાગ્યું કે બાઈ કંઈક મુઝવણમાં છે, વળી સાથે છોકરાં છે, એટલે મેં દયા ખાધી. પણ બાઈ માણસોય જરા સમજવું જોઈએ. જુઓ, આ "ભામિની ભૂષણ"નો પહેલો ભાગ મારી પાસે પડ્યો છે (ખાનામાંથી ચોપડી કાઢે છે) તે એને વાંચવા આપજો.

રઘુનાથ–ભલે સાહેબ (મગનલાલ ચોપડી આપે છે તે લે છે.)

મગનલાલ–અને જુઓ, નાના સાહેબ આવે એ પહેલાં પૂછી લઉં. દાઉદ રજા ઉપર ગયો ત્યારે એણે અધુરૂં મૂકેલું પેલું પત્રક તમને પૂરું કરવા આપેલ છે તેનું કંઈ થયું? કેટલા દિવસ થયા?

રઘુનાથ–સાહેબ, એક દિવસ રાહ જુઓ. કાલે બરાબર પુરૂં કરી દઈશ.

મગનલાલ–પણ દાઉદને ગયાને આજે સાત દિવસ થયા. હવે નહીં ચાલે, રઘુનાથ,

ખાનગી કામ માટે ઓફીસનું કામ રઝળવા ન દેવાય. બાઇ તને મળવા આવ્યાની વાત નહીં કરું, પણ...

રઘુનાથ–તમારી મહેરબાની, સાહેબ! (પોતાના ઓરડામાં જાય છે.)

[મગનલાલ એની તરફ જરા તાકી રહી, પછી માથું હલાવી, પોતાને કામે વળગે છે, દિનકરરાવ દેસાઇ બહારથી દાખલ થાય છે. એ ૩૫ વરસનો સોહામણો જુવાન છે એણે અંગ્રેજી ઢબનો પોષાક પહેરેલો છે. ચહેરા ઉપરથી એ આનંદી સ્વભાવનો અને દયાળુ દેખાય છે]

દિનકરરાવ–સાહેબજી, મગનલાલ!

મગનલાલ–સાહેબજી, દિનકરભાઇ!

દિનકરરાવ–બાપાજી આવેલા છે કે?

મગનલાલ–મોટા સાહેબ તો અગીઆર વાગ્યાના આવી ગયા છે.

દિનકરરાવ–હું જરા આજે પેલું કલાપ્રદર્શન જોવાં ઉપડી ગયેલો.

મગનલાલ–એમ કે? હં. બરાબર. પછી આ પેલું હીરાચંદવાળું ખત અને કાગળીયાં વકીલને મોકલી આપવાનાં છે?

દિનકરરાવ–બાપાજી શું કહે છે?

મગનલાલ–એમને મેં એવી નાની બાબત માટે તસ્દી આપી નથી.

દિનકરરાવ–સંભળાવવું સારું.

મગનલાલ–વાત બહુ સાધારણ છે. એની ફી પણ નહીં જેવી જ મળે એવું છે. મને એમ કે તમે જ પતાવશો.

દિનકરરાવ–બાપાજીનો મત પૂછો. હું જવાબદારી ન લઉં.

મગનલાલ–જેવી મરજી. બીજું, પેલા મકાનમાં માલ રાખવા બાબતનો કેસ. ખતમાં એ વિશે ચોકખું લખેલું છે, એનું શું કરવાનું છે?

દિનકરરાવ–મને એ ખ્યાલમાં છે. પણ એનો ઇરાદો એ જાતનો જણાતો નથી.

મગનલાલ–ઇરાદાનો વિચાર આપણે કરવાનો ન હોય. કાયદો આપણી બાજુએ છે.

દિનકરરાવ–મને એ ગમતું નથી.

મગનલાલ–(સહેજ હસીને) કાયદાની સામે થવાનું આપણું કામ નહીં. મોટા સાહેબ એવી વાતોમાં વખત નહીં ગુમાવે.

[ઠાકોરરાવ દેસાઇ પોતાના ઓરડામાંથી આવે છે. એ જરા ઠીંગણા કદના છે. લાંબો ડગલો, સુરતી પાઘડી અને ચશ્મા એ તેનો પોષાક છે. માથાના ને મુછોના વાળ સફેદ છે.]

ઠાકોરરાવ–આવ્યો, દિનકર?

દિનકરરાવ–હા, બાપાજી.

મગનલાલ–(હાથમાંના કાગળો તરફ જરા ચશ્માંમાંથી નજર કરીને) આ હીરાચંદવાળા ખતના કાગળીયાં માટેની સૂચના જરા રઘુનાથને લખાવી લાવું. (રઘુનાથના ઓરડામાં જાય છે.)

દિનકરરાવ–પેલો ચાલના હકનો કેસ-એનું કેમ છે?

ઠાકોરરાવ–ચલાવવો જ જોઇશે. હ, તેં મને કાલે કહ્યું હતું ને પેઢીની મીલકત ચાર હજાર ઉપરની છે?

દિનકરરાવ–હા, બરાબર છે.

ઠાકોરરાવ–(બેંકની પાસ બુક હાથમાં પકડીને) આમાં ત્રણ હજાર એકસો નવ છે તે પછી કોઇ ચેક કાઢ્યો નથી. ચેક બુક લાવ જોઇએ.

[દિનકરરાવ મેજ પાસે જઇ ખાનામાંથી ચેક બુક લાવે છે]

ઠાકોરરાવ–અરધીયામાં રકમ ટપકાવ જોઉં! સાતસો પચાસ, એકસો પાંચ, તેરસો રૂપીઆ સાત આના, એકસો પચીસ, છસો અગીઆર એક હજાર એકસો સાત, બસો વીસ, બરાબર!

દિનકરરાવ–(માથું હલાવીને) કોણ જાણે કેમ, પણ મેં ખાતરી કરી હતી કે ચાર હજાર ઉપરાંત સીલક છે.

ઠાકોરરાવ–ચેકબુક લાવ તો! (ચેક બુકના અરધીયાં તપાસે છે) આ એક હજાર એકસો સાત ક્યારે ઉપાડેલા?

દિનકરરાવ–કોણે ઉપાડ્યા છે?

ઠાકોરરાવ–તેં જ તો!

દિનકરરાવ–(ચેક બુક તપાસવા લે છે) સાતમી જુલાઈ। તે દહાડે હું દસ્તુરજીવાળા કેસ સંબંધે તપાસ કરવા સુરત ગયેલો–ગયા પહેલાંના શુક્રવારે–અને મંગળવારે હું પાછો આવેલો. આપને યાદ હશે. ના, બાપાજી, મેં એકસો સાતનો ચેક લખેલો. ફક્ત એકસો સાતનો. મારું જતાં આવતાંનું ભાડું અને પરચુરણ ખર્ચ. પચાસ રૂપીઆ ત્યાં આપવાના હતા.

ઠાકોરરાવ–(ગંભીરપણે) એ એક હજાર એકસો સાત વાળો ચેક જોઈએ. (પાસ બુકના પુંઠાનાં કવરમાંથી ચેકના કાગળીયાં બહાર કાઢે છે) બરાબર જણાય છે. આમાં એક સો સાતનો ચેક છે જ નહીં. બહુ ખોટું. એ વટાવવા કોણ ગયેલું?

દિનકરરાવ–હું યાદ કરી જોઉં. હું તે દિવસે સૂરજભાઈવાળા નિલનાં કામમાં હતો. માડીના વખત વચ્ચે બે કલાકનો ગાળો હતો. મેં ચેક મગનલાલને આપેલો.

ઠાકોરરાવ–આ અક્ષર તારા છે! આ હજાર?

દિનકરરાવ–(બારીકીથી જોઈને) આ અક્ષર મારા નહીં. આ મારો વળાંક જ નથી.

ઠાકોરરાવ–(મગનલાલને રઘુનાથવાળા ઓરડામાંથી પાછા ફરતા જોઈને) આમને પૂછીએ. મગનલાલ, જરા આમ આવો તો! બરાબર યાદ કરીને કહેજો. ગયા પહેલાંના શુક્રવારે દિનકર સુરત ગયેલો ત્યારે એને મારે એક ચેક વટાવ્યાનું યાદ આવે છે?

મગનલાલ–હો,હો! એકસોસાત રૂપીઆનો.

ઠાકોરરાવ–હવે જુઓ (એને ચેક આપે છે)

મગનલાલ–ના, ના, એ તો એક સો સાત રૂપીઆનો જ હતો. મને બધું યાદ છે. મારી ચ્હા મેં એ વખતે મંગાવેલી. મને ગરમાગરમ ચ્હા પીવાની ટેવ છે. મેં એ ચેક આપ્યો દાઉદને અને તેને બેંક પર દોડાવ્યો. એ લાવ્યો દસ દસની દસ નોટ અને સાત રોકડા. દિનકરભાઈ, તમારે ગાડીવાળાને આપવા માટે થોડું પરચુરણ જોઈતું હતું, ખરું? (કાંઈ સમજાતું નથી એવું બતાવતા અવાજે) લાવો જોઈએ મારી પાસે. કદાચ તમારી યે કૈં ભૂલ થતી હોય. (દિનકરરાવ પાસેથી ચેક બુક અને પાસ બુક બન્ને લે છે.)

દિનકરરાવ–ભૂલ લાગતી નથી.

મગનલાલ–(ચેક તપાસીને) નવાઈ જેવું લાગે છે.

ઠાકોરરાવ–તમે એ દાઉદને આપેલો અને દાઉદ વળતે સોમવારે મક્કા જવા ઉપડી ગયો. આમાં કંઈક ગોટાળો લાગે છે, મગનલાલ!

મગનલાલ–હાસ્તો; ચોકખી બદમાશી જ. ના, ના, પણ કંઈક ભૂલ થાય છે.

ઠાકોરરાવ–તો તો ઠીક.

મગનલાલ–હું ઓગણત્રીસ વરસથી આ પેઢીમાં કામ કરું છું એ દરમ્યાન એક વાર પણ આવું બન્યું હોય એમ મને યાદ નથી.

ઠાકોરરાવ–(ફરીથી ચેક અને અરધીયાં તપાસતાં) જરા હોંશિયારીવાળું કામ તો ખરું. અને દિનકર, ચેકમાં આગળપાછળ કોરી જગ્યા ન રહેવા દેવી એવી તને પણ ચેતવણી મળે છે.

દિનકરરાવ–(જરા ચીડાઈને) પણ તે દિવસે હું એટલી બધી ઉતાવળમાં હતો!

મગનલાલ–આ તો મને પણ મુંઝવણમાં નાંખે છે.

ઠાકોરરાવ–અરધીયામાં પણ ફેરફાર કર્યો છે. બહુ ઉંડી બદમાશી–રીતસરની. દાઉદ મક્કા કયી સ્ટીમરમાં ગયો હશે?

મગનલાલ–એ તો સ્ટીમર કંપનીના ટાઇમટેબલમાં જોઇએ તો જણાય

ઠાકોરરાવ–જ્યાં હોય ત્યાંથી પોલીસને ખબર આપીએ–એને કબજે કરે.

મગનલાલ–બીચારાની ગરીબડી બૈરી! મને એ છોકરા માટે લાગણી છે. અરે, પણ આ પેઢીમાં આવુ?

દિનકરરાવ–હું બેંકમાં જઇને કેશિયરને પૂછુ?

ઠાકોરરાવ–એને અહીં જ બોલાવી લાવ અને પોલીસ સ્ટેશન પર ટેલિફોન કર.

દિનકરરાવ–સાથેસાથ?

[દિનકરરાવ બાહર જાય છે, ઠાકોરરાવ ઓરડામાં આમતેમ આંટા મારે છે મગનલાલ લમણું પર હાથ કાળે છે]

ઠાકોરરાવ–મગનલાલ, માણસની નીતિની પણ કીમત હોય છે. શુ કહો છો?

મગનલાલ–હુ સમજ્યો નહીં, સાહેબ!

ઠાકોરરાવ–તમને બરાબર (પિછાનતુ ન હોય એ માણસ તમારી વાત માનવા તૈયાર ન થાય.

મગનલાલ–બરાબર છે (હસે છે–પછી જરા ગભીર બનીને) પણ મને એ દાઉદની દયા આવે છે. મને એના પર હેત છે, સાહેબ!

ઠાકોરરાવ–જબરી તકલીફ ઉભી કરી.

મગનલાલ–આપને ઉપાધિમા નાખ્યા. બધુ કામ રીતસર ચાલતુ હોય એમાં આવી તકલીફ આવી પડે! આજે તો ખાવાનુ નહીં ભાવે મને.

ઠાકોરરાવ–એટલે સુધી, મગનલાલ?

મગનલાલ–આપ પણ વિચારમાં પડી ગયા છો. (જરા ધીમે અવાજે) એ લલચાયો હશે–તક જોઇને.

ઠાકોરરાવ–હજુ એટલો ચોક્કસ મત ન બધાય. હજુ આપણે તહોમત સાબીત નથી કર્યું.

મગનલાલ–આના કરતાં તો મારો એક માસનો પગાર મે ગુમાવ્યો હોત તો મને ઓછુ લાગત.

ઠાકોરરાવ–કેશિયર તરત આવે તો સારૂં.

મગનલાલ–આવવો જ જોઇએ આ ઘડીએ.

ઠાકોરરાવ–આ પેઢીમાં આવી બદમાશી! આ મને એક આઘાત છે, મગનલાલ.

(પોતાના ઓરડાના બારણાં તરફ જાય છે)

ટપુ–(ધીમેથી દાખલ થઇ મગનલાલને ધીમે અવાજે કહે છે) પાછી એ આવી છે, મગનભાઇ સાહેબ, રઘુનાથને કૈંક કહેવાનુ રહી ગયું છે

મગનલાલ–(વિચારમાંથી જાગીને) એ નહીં બની શકે. એને રવાના કરી દે.

ઠાકોરરાવ–શું છે?

મગનલાલ–કઇ નહીં સાહેબ, એ તો અમસ્થી વાત. (ટપુને) લે, હુ જ આવું. (ઠાકોરરાવ પોતાના ઓરડામાં જાય છે એ જોઇને બાહર જવાના બારણાં પાસે જઇને) જુઓ, હવે એ નહી બને. હમણાં કોઇને અહિ આવવાનું નથી.

સુંદરબાઇ–એક મિનિટ પણ નહીં, સાહેબ?

મગનલાલ–એ બિલકુલ નહીં બને. જરા યે નહી જો બહુ જરૂરી કામ હોય ત બાહર–નીચે–રાહ જુઓ. રઘુનાથ હમણા ચ્હા પીવા હોટેલમા જશે

સુંદરબાઇ–સારૂ સાહેબ.

[દિનકરરાવ કેશીઅરને લઇને પાછો આવે છે અન્દર આવતાં સુન્દરબાઇ તેને સામી મળે છે]

મગનલાલ–(કેશિયરને) સાહેબજી, મિ. ગોપાલરાવ, (દિનકરરાવને) મોટા સાહેબ અંદર

છે. (દિનકરરાવ અંદરના ઓરડામાં જાય છે.) બહુ ખરાબ કિસ્સો બની ગયો છે, ગોપાલરાવ, આપને તસદી આપ્યા વિના છૂટકો નહોતો.

ગોપાલરાવ–મને એ એક બરાબર યાદ છે. તદ્દન રીતસરનો ચેક હતો.

મગનલાલ–બેસોને, ગોપાલરાવ! જુઓને, આમ તો હું મુઝાઉં એવો નથી. પણ આ પેઢી પર આવું બને એ ઠીક નહીં એ તો ખરું. માણસો સીધા ચાલતા હોય, ખાઇ પીને મજા કરતા હોય, તો શું વાંધો આવે?

ગોપાલરાવ–બરાબર છે.

મગનલાલ–નાના સાહેબ હજુ જુવાન આદમી રહ્યા. મેં અગાઉ પણ એમને અનેક વાર કહેલું કે ચેકમાં આગળ પાછળ જગ્યા ન રાખવી, પણ એ તો રાખવાના જ.

ગોપાલરાવ–મને એનો ચહેરો બરાબર યાદ છે—એ વટાવવા લાવ્યો હતો એ કારકૂનનો. જુવાનીઓ છે.

મગનલાલ–મને લાગે છે કે તમારી રૂબરૂ હું એને પૂછી શકીશ નહીં—સાચી વાત કહું તો.

[ઠાકોરરાવ અને દિનકરરાવ તેમના ઓરડામાંથી આવે છે.]

ઠાકોરરાવ–સાહેબજી, ગોપાલરાવ! તમે મને અને દિનકરને તો બરાબર ઓળખો છો—અને મગનલાલને પણ. બહાર અમારો ટપુ બેઠો છે એને પણ જોયો ને? એ ચારમાંથી કોઇ નહોતું ને?

(ગોપાલરાવ હસીને માથું નકારમાં હલાવે છે.)

મહેરબાની કરી થોડીવાર બેસો તો. મગનલાલ, તમે જરા તેમની સાથે વાતમાં રહો. (રઘુનાથના ઓરડા તરફ જાય છે.)

મગનલાલ–એક વાત પૂછી લઉં સાહેબ, આપ એ કારકૂનને ગભરાવવા તો નથી માંગતા ને? એ તો ઘડીકમાં ગભરાઇ જાય તેવો છે, હો!

ઠાકોરરાવ–પણ વાતનો પૂરેપૂરો તાગ તો લેવો જ જોઇશે. તમને અને રઘુનાથને બન્નેને શંકામાંથી મુક્ત કરાવવા જ જોઇએ.

મગનલાલ–(જરા મોળાશથી) એ તો થઇ પડશે, સાહેબ, પણ આજે એક વાર તો એ ગભરાઇ ગયેલો. એને ફરી વાર ગભરાવવો ઠીક નથી.

ઠાકોરરાવ–રીતસરનું બધું કરવું જોઇએ. આવા કામમાં એવી ગણતરીઓ કરવા ન બેસાય. તમે જરા વાતમાં બેસો.

(રઘુનાથના ઓરડાનું બારણું ઉઘાડે છે) પેલા હીરાચંદવાળા ખતનાં કાગળીઆં લાવો તો, રઘુનાથ.

મગનલાલ–(મોટે અવાજે) શેર બજારમાં જાઓ આવો છો કે ગોપાલરાવ!

(ગોપાલરાવની નજર રઘુનાથના બારણાં તરફ છે. એ જવાબ નથી આપતો.) મારે થોડાક શેર કાઢી નાંખવાના હતા. જરા જોતા રહેશો તો.

રઘુનાથ–(કાગળીઆ સાથે બાહર આવીને) તૈયાર છે, સાહેબ.

ઠાકોરરાવ–(કાગળીયાં લઇને) બહુ સારૂં, ચાલો.

રઘુનાથ–બીજું કંઇ, સાહેબ?

ઠાકોરરાવ–ના, જાઓ.

(રઘુનાથ પોતાના ઓરડામાં પાછો જાય છે. ઠાકોરરાવ ગોપાલરાવ તરફ નજર ફેંકે છે. ગોપાલરાવ હકારમાં માથું હલાવે છે.) ખરેખર? ખાતરીથી? ત્યારે અમારો વહેમ ખોટો?

ગોપાલરાવ–મને શંકા નથી. એ મને ઓળખી ગયો છે. હવે એ ઓરડા બાહર નાસી તો નહીં છૂટે ને?

મગનલાલ–ફક્ત એક બારી છે અને આ તો નીચે મજલો છે.

[રઘુનાથના ઓરડાનું બારણું ધીમેથી ઉઘડે છે, અને એ તૈયાર થઇને બહાર જવા નીકળે છે.]

ઠાકોરરાવ-(શાંતિથી) ક્યાં ચાલ્યા, રઘુનાથ?

રઘુનાથ-ચ્હા પીવા હોટેલમાં, સાહેબ.

ઠાકોરરાવ-જરા રોકાઓ તો-થોડીવાર. આ ખત બાબત મારે જરા વાત કરવાની છે.

રઘુનાથ-ભલે, સાહેબ. (પાછો ઓરડામાં જાય છે.)

ગોપાલરાવ-મારી જરૂર પડે તો હું સોગન ઉપર કહેવાને તૈયાર છું કે એ ચેક વટાવવા આ જુવાન મારફત જ આવેલ. મને બરાબર યાદ છે કે બપોરના નાસ્તા પહેલાં એ ચેક મારી પાસે છેલ્લો આવેલો. એને આપી એ નોટોના નંબર પણ આ રહ્યા-સો સોની દસ નોટો-દસ દસની દસ અને સાત રોકડા. (ગજવામાંથી એક કાગળ કાઢે છે.) વારુ, સાહેબજી!

ઠાકોરરાવ-ભલે, સાહેબજી, ગોપાલરાવ

ગોપાલરાવ-સાહેબજી, મિ. મગનલાલ.

મગનલાલ-(બેધ્યાનપણે) હો, સાહેબજી, સાહેબજી.

(ગોપાલરાવ-જાય છે, મગનલાલ મુંઝાઇને ખુરસી પર બેસી રહે છે.)

દિનકરરાવ-હવે શું કરવાનું છે?

ઠાકોરરાવ-એને બોલાવીએ અને ચેક અને અરધીયું બતાવીએ.

મગનલાલ-હજુ મને સમજાતું નથી. મને તો લાગે છે કે પેલો દાઉદ...

ઠાકોરરાવ-એ જણાઇ આવશે.

દિનકરરાવ-જરા રહો, બાપાજી, તમે વિચાર કરી જોયો?

ઠાકોરરાવ-એને બોલાવો.

મગનલાલ-(મુશ્કેલીથી ઉઠીને રઘુનાથના ઓરડાના બારણા તરફ જાય છે.) જરા બાહર આવ તો, રઘુનાથ.

(રઘુનાથ આવે છે.)

રઘુનાથ-આવ્યો, સાહેબ.

ઠાકોરરાવ-(એકાએક તેની પાસે ચેક ધરી રાખીને) આ ચેક પારખો છો, રઘુનાથ!

રઘુનાથ-ના, સાહેબ.

ઠાકોરરાવ-તપાસી જુઓ-ગયા પહેલાંના શુક્રવારે તમે એ વટાવવા ગયેલા.

રઘુનાથ-હા, હા, સાહેબ, બરાબર. મને દાઉદે એ વટાવવા આપેલો.

ઠાકોરરાવ-બરાબર. અને તમે નાણાં દાઉદના હાથમાં આપેલાં!

રઘુનાથ-હા, સાહેબ.

ઠાકોરરાવ-દાઉદે એ તમને વટાવવા આપેલો ત્યારે બરાબર આ મુજબ હતો?

રઘુનાથ-હા, સાહેબ, મારો એવો ખ્યાલ છે.

ઠાકોરરાવ-પણ દિનકરભાઇએ તો એકસો સાતનો ચેક લખેલો, એ ખબર છે?

રઘુનાથ-ના, સાહેબ. એક હજાર એક સો સાત.

ઠાકોરરાવ-ફક્ત એક સો સાત, રઘુનાથ।

રઘુનાથ-(ધીમે અવાજે) મને કંઈ સમજાતું નથી, સાહેબ.

ઠાકોરરાવ-બન્યું છે એવું કે ચેકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એ ફેરફાર તમે કર્યો કે દાઉદે એ જ નક્કી કરવાનું રહે છે.

રઘુનાથ-મેં...મેં...

મગનલાલ-વિચારી જુઓ—યાદ કરી જુઓ.

રઘુનાથ-(સ્વસ્થતાથી) મેં ફેરફાર કર્યો નથી, સાહેબ.

ઠાકોરરાવ-ચેક દિનકરભાઇએ મગનલાલને એક વાગે આપ્યો. એ વખત મગનલાલને ચ્હા પીવાનો હતો.

મગનલાલ-એટલે મારાથી નીકળાય એમ નહોતું.

ઠાકોરરાવ–બરાબર. એટલે મગનલાલે એ ચેક દાઉદને આપ્યો. તમે એ બરાબર એક ઉપર પંદર મિનિટે વટાવ્યો. એ એટલા ઉપરથી જણાય છે કે કેશિયર ગોપાલરાવ કહે છે કે તેના બપોરના નાસ્તા પહેલાં એ ચેક એની પાસે છેલ્લો આવેલો.

રઘુનાથ–બરાબર, સાહેબ. દાઉદ પરદેશ ઉપડી જવાનો હતો એટલે તેના કેટલાક દોસ્તો એ વખતે તેને પાર્ટી આપવાના હતા. એટલે એ ચેક તેણે મને આપેલો.

ઠાકોરરાવ–ત્યારે તમે દાઉદ પર તહોમત મૂકો છો?

રઘુનાથ–એ હું ન જાણું. મને આમાં કંઈ ગમ પડતી નથી.

[દિનકરરાવ ઠાકોરરાવની પાસે જઈને એને ધીમેથી કંઈક કહે છે.]

ઠાકોરરાવ–અને બીજે દહાડે, શનિવારે તો દાઉદ અહીં આવ્યો નથી, ખરું ને?

મગનલાલ–(રઘુનાથને મદદગાર થવાના હેતુથી) ના, સોમવારે તો એ મુંબઈ છોડી ગયો.

ઠાકોરરાવ–ત્યારે અહીં તો આવ્યો નથી, ખરું ને, રઘુનાથ!

રઘુનાથ–(ધીમે અવાજે) ખરી વાત, સાહેબ.

ઠાકોરરાવ–બરાબર. ત્યારે આ અરધીયાંની અંદરે મંગળવારે અથવા તે પછી એકસો સાતના એક હજાર એકસો સાત થયા તે માટે તમારો શો ખુલાસો છે?

મગનલાલ–(ચમકીને) એમ કેમ?

[રઘુનાથ ટટ્ટાર રહેવા પ્રયત્ન કરે છે, પણ એને સમજાઈ ગયું છે કે મામલો હાથમાંથી ગયો છે.]

ઠાકોરરાવ–વાત દીવા જેવી દેખાય છે, મગનલાલ; દિનકર સુરતથી મંગળવારે પાછો ફર્યો ત્યાં સુધી ચેક બુક તેની પાસે જ હતી. આ બધું જોતાં, રઘુનાથરાવ! તમે હજુ પણ ચેકમાં અને અરધીયાંમાં ફેરફાર કર્યાનો ઇનકાર કરો છો?

રઘુનાથ–ના, ના, સાહેબ, બરાબર. એ મેં કરેલું છે. મેં જ કરેલું છે. હું એકરાર કરું છું.

મગનલાલ–(લાગણીવશ અવાજે) ભલા ભગવાન! આ તેં શું કર્યું!

રઘુનાથ–મને પૈસાની બહુ જ જરૂર હતી, સાહેબ! શું કરું છું તેનું મને ભાન ન રહ્યું.

મગનલાલ–પણ એટલાં માટે તને આવું કરવાનું સુઝ્યું?

રઘુનાથ–(હાંફતે અવાજે) કેમ સુઝ્યું એ હું પણ નથી સમજતો, સાહેબ. ઘડી વારની ઘેલછા હતી એ સાહેબ!

ઠાકોરરાવ–એ ઘડી બહુ લાંબી ચાલી, રઘુનાથ, (અરધીયાં પર આંગળી ઠપકારીને) ચાર દિવસ તો ખરી જ.

રઘુનાથ–સાહેબ, હું સોગન ઉપર કહું છું કે મેં શું કરી નાંખ્યું તેનું મને લાંબા વખત સુધી ભાન ન રહ્યું અને પછી મારામાં હિમ્મત આવી. હવે સાહેબ, દરગુજર કરો. હું એ રકમ મારા પગારમાંથી હપ્તે હપ્તે ભરી આપીશ. હું બંધાઉં છું.

ઠાકોરરાવ–તમારા ઓરડામાં જાઓ.

[રઘુનાથ કમામણે ચહેરે પોતાના ઓરડામાં જાય છે. થોડીવાર શાંતિ ફેલાય છે.]

ઠાકોરરાવ–આથી માઠું બીજું શું બની શકે?

મગનલાલ–કાયદાનો આવો ભંગ! અને તે પણ આ પેઢીમાં!

દિનકરરાવ–હવે શું કરશું?

ઠાકોરરાવ–બીજું શું થાય? રીતસર કામ ચલાવો.

દિનકરરાવ–પણ આ એનો પહેલો અપરાધ છે.

ઠાકોરરાવ-(માથું હલાવીને) મને એ વિષે શક છે, આ તો કોઇ અનુભવી બદમાશનું કામ છે.

મગનલાલ-સંયોગોને લીધે એ કદાચ લલચાયો હશે.

ઠાકોરરાવ-જીંદગી પોતેજ એક મોટી લાલચ છે.

મગનલાલ-બરાબર. પણ હું છેવટી બાબતની વાત કરું છું. સાહેબ, સવારે એને મળવા એક બાઇ આવેલી.

દિનકરરાવ-મને હમણાં સામી મળી એ જ હશે. એની બૈરી છે?

મગનલાલ-ના, ના. કૈં સગી પણ નથી, પણ પરણેલી છે ખરી.

દિનકરરાવ-તમે કેમ જાણ્યું?

મગનલાલ-છોકરાં સાથે લાવેલી. એમને બાહર રાખીને આવેલી—અલબત્ત.

ઠાકોરરાવ-ત્યારે તો વાત વધુ પડતી જ.

દિનકરરાવ-આપણે એને સુધરવાની એક તક આપીએ. હું તો એમ ઇચ્છું.

ઠાકોરરાવ-હું એને આવી બદમાશી માટે માફ ન કરી શકું. એની ગણતરી કેટલી ઉંડી હતી! જો વાત બાહર આવે તો બધો કસુર દાઉદ ઉપર ઢોળી દેવાય. એ તો ઠીક જ થયું કે ચેકબુક તારા ખીસામાં જ રહી ગઇ.

દિનકરરાવ-પણ લાલચ તો ઘડીભરની જ ખરી. એને આગળથી તૈયારી કરવાનો વખત નહોતો મળ્યો.

ઠાકોરરાવ-સારો માણસ ઘડીભરની લાલચને વશ ન બને. એ તો લુચ્ચો જ છે. પૈસા હાથમાં આવે એવી તક હોય તો ચોક્ખો રહી જ ન શકે. એની આંખો જ કહી આપે છે ને.

દિનકરરાવ-(સુક્કા અવાજે) આગળ એ જણાયલું નહીં.

ઠાકોરરાવ-મેં એવા ઘણાને જોયા છે-આટલાં વરસમાં. પૈસાથી દૂર રાખો ત્યાં સુધી બહુ સારા લાગે. પણ એક જ કસોટી આવે કે થયું. ટકી જ શકે નહીં ને.

દિનકરરાવ-પણ એને સખત મજૂરી મળશે કે શું?

મગનલાલ-અરે કેદખાનું! એનાથી ભગવાન બચાવે!

ઠાકોરરાવ-(અચકાતે અવાજે) એને બચાવ વાનો કોઇ રસ્તો મને સુઝતો નથી. પેઢીમાં તો હવે એને રખાય જ નહીં. નીતિ તો બાઇ, પહેલી.

મગનલાલ-બેશક, નીતિ તો પહેલી જ.

ઠાકોરરાવ-અને એના ચારિત્ર્યની માહિતી ન હોય તેવા માણસો વચ્ચે એને છુટો ફરવા દેવો એ પણ ન બને. સમાજનો પણ આપણે વિચાર કરવો જોઇએ ને?

દિનકરરાવ-પણ એને જીવનભરની કાળી ટીલી આપવી?

ઠાકોરરાવ-કૈં મેલી વાત ન હોત તો કદાચ એને એક તક આપવાનો વિચાર કરી શકાત. પણ આની તો વાત વધારે બગડેલી જણાય છે.

મગનલાલ-હું એમ નક્કી ન કહી શકું. ફક્ત સંજોગો એવા જણાય છે.

ઠાકોરરાવ-એ એકનું એક જ. પોતાના માલિકોને લુટતાં એનું રુંવાડું પણ ફરકયું નહીં અને બધો અપરાધ એક નિર્દોષ માણસ પર ઢોળી નાખવાની એની ચાલબાજી હતી. આમાં કાયદેસર કામ ન ચલાવીએ તો બીજું કરવું શું એ જ સમજાતું નથી.

દિનકરરાવ-પણ એનું ભવિષ્ય ન બગડે એ માટે...

ઠાકોરરાવ-(કટાક્ષથી) એમ વિચારીએ તો તો કોઇ માણસ ઉપર કોઇ દિવસ કાયદો લગાડવો જ ન જોઇએ.

દિનકરરાવ–મને એ વાતથી ત્રાસ થાય છે.

મગનલાલ–આપણને કંઈક રક્ષણ તો જોઈએ જ ને?

ઠાકોરરાવ–હવે આ બધી નકામી વાતો થાય છે.

(પોતાના ઓરડા તરફ જાય છે.)

દિનકરરાવ–બાપાજી, એની જગ્યાએ હું હોઉં તો?

ઠાકોરરાવ–એ વિચાર, કરવાની મારામાં શક્તિ નથી.

દિનકરરાવ–એને કેવી જરૂર પડી હશે એનો ખ્યાલ આપણને ન આવી શકે.

ઠાકોરરાવ–જરૂર હોય કે ન હોય. જે માણસ આવો ગુન્હો કરવાની શક્તિ ધરાવતો હોય તે તો એ બંધ કરવાનો જ. અને જે ન કરે તે કદિ ન જ કરે.

દિનકરરાવ–પણ હવે ફરીથી એ એવું નહીં કરે.

મગનલાલ–હું એની સાથે જરા મસલ્હત કરી જોઉં. આપણે એની સામે સખત પગલાં નહીં લઈએ.

ઠાકોરરાવ–હવે બસ, મગનલાલ, મેં તો નક્કી કરી રાખ્યું છે. બીજો માર્ગ નથી. (પોતાના ઓરડામાં જાય છે.)

મગનલાલ–(કંઈક વસવસા સાથે) બરાબર છે, દિનકરભાઈ, મોટા સાહેબની વાત બરાબર છે. એમને વાજબી લાગે એ મને પણ વાજબી લાગે છે.

દિનકરરાવ–ઘેર ગયું તમારું વાજબી. મગનલાલ, તમે મને કાં ટેકો નથી આપતા? તમારી લાગણી પણ...

મગનલાલ–(બે વિચારો વચ્ચે અથડાય છે) મને શું લાગણી થાય છે એ હું જ જાણું છું.

દિનકરરાવ–પછી આપણે પસ્તાઈશું.

મગનલાલ–એ કેવું કામ કરે છે તેનો જરા વિચાર એણે કર્યો હોત!

દિનકરરાવ–(કડવાશથી) "દીનપણું છે પરમ દયાનું પાત્ર જો! મોટો એ અધિકાર તમારો માનવી!"

મગનલાલ–ચાલો, હવે દિનકરભાઈ, આમાં લાગણીને સ્થાન નથી. આપણે બુદ્ધિપૂર્વક વિચાર કરવો ઘટે.

[રૂમાલથી ઢાંકેલી રકાબી સાથે ટપુ ઓરડામાં દાખલ થાય છે]

ટપુ–તમારી ચ્હા આવી છે, મગનલાલભાઈ.

[ટપુ રકાબી ટેબલ ઉપર મૂકે છે, છુપી પોલીસ ખાતાનો અમલદાર કાવસજી બાહરના ઓરડામાં થઈને અંદર આવે છે. કાવસજી કદે ઠીંગણો, મજબૂત બાંધાનો માણસ છે. એનો પોષાક અરધો અંગ્રેજી–પારસી ઢબનો છે.]

કાવસજી–બી. ડીવિઝનમાંથી છુપી પોલીસનો સારજંટ–મારૂં નામ કાવસજી.

દિનકરરાવ–બહુ સારૂં, હું મોટા સાહેબને ખબર કરૂં છું.

[દિનકરરાવ જાય છે, ઠાકોરરાવ થોડીવારે બાહર આવે છે.]

ઠાકોરરાવ–મિ. કાવસજી, (મગનલાલના દયામણા ચહેરા સામે જોઈને) હું બહુ દિલગીર છું. આગળ પગલાં ભર્યા વિના ચાલે તેમ હોત તો બહુ સારૂં થાત. પણ ચાલે તેમ નથી. (ટપુને) એ બારણું ઉઘાડ. (ટપુ ચમકીને, ગભરાઈને રઘુનાથના ઓરડાનું બારણું ઉઘાડે છે.) બાહર આવો, રઘુનાથ!

[રઘુનાથ લપાતો લપાતો બાહર આવે છે, ઠાકોરરાવ ઇશારો કરે છે અને કાવસજી એનો હાથ પોતાના મજબૂત હાથમાં પકડે છે.]

રઘુનાથ–(પાછો હટવાની કોશિશ કરતો) નહીં સાહેબ, નહીં, મને...

ટ્રોત્સ્કીસ્ટ પક્ષ, ગણતંત્ર પક્ષ, જનતા પક્ષ, ખેડુત–મઝદુર પક્ષ, વગેરે છે.

શીતલ સ્થલો

નૈનીતાલ : કુમાન પર્વતપર આવેલ આ સ્થળ એક સુંદર સરોવરના કિનારા ઉપર વસેલું છે. સમુદ્રની સપાટીથી ૬૩૫૦ ફુટ ઉપર આવેલું આ સ્થલ ઉન્હાળાની ગરમીમાં શીતલતા માટે આદર્શ છે. નોર્ધર્ન રેલ્વેના કાયાગોદમ સ્ટેશનથી ૨૨ માઇલના અંતરે આવેલું છે.

મસુરી : હીમાલયના દક્ષિણ વિસ્તારમાં દેહરાદુનથી મોટર રસ્તે ૧૪ માઇલ દુર આવેલું આ સ્થળ સમુદ્રની સપાટીથી ૬૬૦૦ ફુટ ઉંચે આવેલું છે.

લેંડસડાઉન : મસુરી અને નૈનીતાલની અધવચમાં આવેલ આ સ્થળ ગઢવાલ તહેસીલમાં આવેલું છે. સમુદ્રની સપાટીથી ૬૦૬૦ ફુટ ઉંચું છે.

અલમોડા :–કુમાન પર્વત પર સમુદ્રની સપાટીથી ૫૫૦૦ ફુટ ઉંચે આવેલું છે. અંહીથી હિમાલયના ઉંચામાં ઉંચા શિખરો નજરે પડે છે. નજીકમાં નજીકનું રેલ્વેનું સ્ટેશન કાથગોદમ છે.

ભોવાલી : નૈનીતાલથી ૭ માઇલના અંતર પર આવેલું અને સમુદ્રની સપાટીથી ૫૬૦૦ ફુટ ઉંચે આવેલા આ શીતલ સ્થલમાં ક્ષયના દર્દીઓ માટેનું આરોગ્યગૃહ આવેલું છે. હિમાલયમાં પાકતા અનેક વિખ્યાત ફળોનું અંહી મોટું બજાર છે.

ચેરાપુંજી : શિલોંગની દક્ષિણે ૩૦ માઇલના અંતર પર આવેલા આ સ્થળમાં દુનિયાના કોઇ પણ સ્થલ કરતાં વધુ વરસાદ (વરસે સરેરાશ ૪૨૬ ઇંચ) પડે છે. સમુદ્રની સપાટીથી તેની ઉંચાઇ ૪૪૫૫ ફુટ છે. નજીકનું રેલ્વે સ્ટેશન ૬૯ માઇલના અંતર પર આવેલું પાંડુ નામનું છે.

મુક્તેશ્વર : કુમાન પર્વતમાં આવેલા આ અતિ સુંદર સ્થલમાં ભારત સરકારની પશુ-ઓનાં દર્દો માટેના ઇલાજોની શોધખોળની પ્રયોગશાલા આવેલી છે.

રાણીખેત : કાથગોદમના રેલ્વે સ્ટેશનથી ૫૦ માઇલ અને નૈનીતાલથી ૪૦ માઇલના અંતર પર આવેલું અને હિમાલયના બરફનું દર્શન કરાવતું આ રમણીય સ્થલ સમુદ્રની સપાટીથી ૬૧૦૦ ફુટ ઉંચું છે.

પીંડારી ગ્લેશીયર (બરફનો પહાડ) :– દુનિયાભરમાં પ્રખ્યાત શીતલ સ્થલ છે. અલમોડાથી મોટર રસ્તે અંહી પહોંચતાં પાંચ દિવસ લાગે છે. હિમાલયના હૃદય–પ્રદેશ પર આવેલું આ સ્થલ સ્વિત્ઝરલેંડના પ્રખ્યાત જંગ ફ્રાઉ કરતાં પણ વધારે ભવ્ય છે.

આબુ પર્વત : આબુ રોડના રેલ્વે સ્ટેશનેથી અંહી પહોંચતાં મોટર માર્ગે ૫૦ માઇલનો ચકરાવો લેવો પડે છે. જૈનોનું આ તીર્થસ્થલ છે. સમુદ્રની સપાટીથી ૪૫૦૦ ફુટ ઉંચે આવેલ આ પર્વત ઉપર દેલવાડાના પ્રસિદ્ધ દેવળો જૈન પદ્ધતિની કલા કારીગરીના રમણીય નમુનાઓ તરીકે જોવા લાયક છે.

બેંગલોર : ટેકરી પર આવેલું આ શીતલ સ્થલ આખા દેશમાં હવા ખાવાનું સૌથી મોટું શહેર છે. સમુદ્રની સપાટીથી ઉંચાઇ ૩૦૦૦ ફુટ.

કુનુર : મદ્રાસ રાજ્યમાં નીલગીરી પર્વત પર સમુદ્રની સપાટીથી ૬૭૪૦ ફુટ ઉંચે આવેલું છે.

ગુલમર્ગ : શ્રીનગરથી ૩૦ માઇલના અંતર પર આવેલું કાશ્મીરનું આ એક અતિ રમણીય શીતલ સ્થલ છે. પૈડાંવાળા જોડા પહેરીને બરફમાં ઘસરવાની મોજ માટે એ જાણીતું છે.

ડેલહાઉસી: પઠાણકોટ રેલ્વે સ્ટેશનથી મોટર માર્ગે ૫૧ માઇલના અંતર પર આવેલું અને સમુદ્રની સપાટીથી ૭૮૬૭ ફુટ ઉંચું છે.

દાર્જીલીંગ: માઉંટ એવેરેસ્ટ અને કંચિનજંગાના બરફથી છવાયલા હિમાલયના શિખરોનું દર્શન સમુદ્રની સપાટીથી ૭૮૬૭ ફુટ ઉંચે આવેલા આ સ્થલ પરથી થઇ શકે છે. કલકત્તાથી ૩૬૯ માઇલ દૂર છે. ત્યા ચ્હાના બગીચાઓની સંખ્યા ઘણી મોટી છે.

કાલીમ્પોંગ: સમુદ્રની સપાટીથી ૪૦૦૦ ફુટ ઉચે આવેલું છે. સુલીગુરીના રેલ્વે સ્ટેશનથી મોટર રસ્તે ૪૧ માઇલના અંતર ઉપર છે.

કોડાઇ કનાલ: દક્ષિણ ભારતમા આવેલુ આ સ્થલ મદુરા જીલ્લાના પુલની પર્વત ઉપર સમુદ્રની સપાટીથી ૭૦૦૦ ફુટ જેટલુ ઉંચે છે.

કસૌલી: કાલકાની ખીણ ઉપર અને કાલકા સ્ટેશનથી ૨૨ માઇલના અંતરે આવેલુ સમુદ્રની સપાટીથી ૬૨૦૦ ફીટ ઉંચું છે. અંહી પેસ્ચર ઇન્સ્ટીટ્યુટ નામની દેશની પ્રખ્યાત વૈજ્ઞાનિક પ્રયોગશાલા છે.

કુલુ અને કાંગરાની ખીણ: હિમાલયના ધૌલાધાર વિસ્તારને તળીએ આવેલો આ પ્રદેશ ચ્હાના બગીચાઓ અને ફળોની પેદાશ માટે વિખ્યાત છે. ખીણનો પ્રદેશ હોવા છતા સમુદ્રની સપાટીથી ૪૭૦૦ ફુટ ઉંચો છે. આ પ્રદેશના પ્રત્યેક ગામમા જુદા જુદા દેવોની પૂજા થતા હોવાથી એ "દેવોની ખીણ"ના નામે ઓળખાય છે.

ઉટાકામંડ: દક્ષિણ ભારતનું સહુથી મોટુ શીતલ ટેકરી પરનું આ સ્થલ નીલગીર પર્વતના હૃદય પ્રદેશમાં આવેલુ છે અને સમુદ્રની સપાટીથી તેની ઉંચાઈ ૭૫૦૦ ફુટ જેટલી છે.

મહાબળેશ્વર: મુંબઇ પ્રદેશનું મુખ્ય શીતલ હવાનું સ્થળ સમુદ્રની સપાટીથી ૪૫૦૦ ફુટ ઉંચે અને પુના સ્ટેશનથી મોટરરસ્તે ૭૫ માઇલના અંતર ઉપર આવેલું છે.

માથેરાન: મુંબઇની નજીકમાં નજીકની આ શીતલ ટેકરી સમુદ્રની સપાટીથી ફક્ત ૨૬૫૦ ફુટ ઉંચે આવેલી છે.

પચમારી: મધ્ય પ્રદેશમાં હોશંગાબાદમાં સેંટ્રલ રેલ્વેના પીપરીયા સ્ટેશનથી ૩૨ માઇલના અંતર ઉપર આવેલ આ સ્થલ સમુદ્રની સપાટીથી ૩૫૦૦ ફુટની ઉંચાઇ પર આવેલું છે. "પાચ મારહી" (પાંચ ઝૂંપડાં) ઉપરથી તેનું નામ પચમારી પડેલું છે. આ પાંચ ઝૂંપડાં પાંચ ગુફાઓના બનેલાં છે અને એમ માનવામાં આવે છે કે એ ગુફાઓમાં પૂર્વ કાલમાં પાંચ પાંડવોનો વાસ હતો.

રાંચી: રાંચીના રેલ્વે સ્ટેશન નજીક સમુદ્રની સપાટીથી ૨૧૦૦ ફુટની ઉંચાઇએ આવેલું છે.

શિલોંગ: આસામ સરકારનું આ મુખ્ય મથક ખાસી અને જૈન્તી નામની ટેકરીઓ પર આવેલું છે. સમુદ્રની સપાટીથી ૪૯૮૦ ફુટ ઉંચું છે.

શિમલા: હિમાલયના નીચાણના પ્રદેશમાં એક ટેકરી ઉપર આવેલું આ શીતલ સ્થાન સમુદ્રની સપાટીથી ૭૦૦૦ ફુટ ઉચે આવેલું છે. કાલકા અને શિમલા વચ્ચેની પર્વત પરની રેલ્વે રસ્તે ત્યાં પહોંચી શકાય છે. અગાઉ બ્રિટિશ હાકેમોને માટે ઉન્હાળામાં હવા ફેર માટેનું આ સ્થળ હતું. હવે તે હિમાચલ પ્રદેશનું પાટનગર છે.

(અપૂર્ણ)

જંગીસ ખાનનું સ્વપ્ન

દિલ્હીમાંથી પાકીસ્તાન ચાલ્યા ગયેલા મહાન મોગલ શહાનશાહતના છેલ્લા નબીરાની કથા

સાક્ષર બહેરામજી મલબારીએ "સગાં દીઠા મેં શાહ આલમનાં, ભીખ માગતાં શેરીમાં" એ પંક્તિ લખી તે અગાઉ ખરેખાત તેમણે શાહ આલમના કોઇ સગાંને શેરીમાં ભીખ માગતો દીઠો હશે કે નહીં એ કહેવું મુશ્કેલ છે, પણ ભારતના સમર્થ અને સર્વ સત્તાધીશ શહેનશાહો અકબર, શાહજહાં અને આલમગીરના વંશજોને હજુ હમણાં સુધી દિલ્હીના વતનીઓએ અજ્ઞાત અને ગરીબ અવસ્થામાં જીવન વીતાડતા જોયા હતાં એ તો અદ્યતન ઇતિહાસની હકીકત છે.

ભારતના એ મહાન પાદશાહોનો મિરઝા ફરીદુદ્દીન નામનો ૫૭ વરસની વયનો એક વંશજ આજ સુધીની જીંદગી મોગલોના પાટનગર દિલ્હીમાં વીતાડીને હમણાં બે એક માસ ઉપર જ ભારતને છેલ્લી સલામ કરીને પોતાના કુટુંબ કબીલા સાથે પાકીસ્તાન ચાલ્યો ગયો છે. તૈમુર અને બાબર જેવા વિખ્યાત વિજેતાઓ અને બલવાન બાદશાહોના આ વંશજ તરફ કીર્તિ અને નસીબની દેવીઓએ કદી નજર કરીનહોતી અને આ દેશમાંથી તેની હમેશ માટેની વિદાયની નોંધ કોઇ અખબાર-નવેશોએ પણ લીધી હોય એવું જણાયું નથી.

ભાગ્યના પલટાઓ થતા ન હોત અને શહાનશાહતો કાલક્રમે નાબુદ થતી ન હોત તો જે માનવી કદાચ આજે દિલ્હીના તખ્તે તાઉસ ઉપર બેસીને અરબો અબજ જેટલી વસતિવાળા અખંડ હિન્દુસ્તાનનો ચક્રવર્તી શહેનશાહ હોત તે કોઇને ખબર પણ ન પડે એવી રીતે, આપણી કહેવતમાં કહે છે કે "માખણમાંથી મોવાળો નીકળી જાય" એ રીતે ભારતમાંથી ચુપચાપ નીકળી ગયો છે.

જેના પૂર્વજો લાખો રૂપીઆની કીંમતના હીરા, મોતી, માણેક અને ઝરીઆન વસ્ત્રો પહેરીને ફરતા, એવા એ ફરીદુદ્દીને જીંદગીના સુખીમાં સુખી ગણાતા સમયમાં ભારત સરકારની કચેરીમાં એક પટ્ટાવાળાના કરતાં ઉંચો ઓદ્દો ભોગવ્યો નહોતો. લાખો માનવીઓ ઉપર સત્તા ચલાવનાર મહાન અકબરનો એ વંશજ કુડીબંધ અમલદારો અને કારકૂનોના હુકમો ઉઠાવતો હતો. તાપથી કાળી પડેલી ચામડી અને ખાડા પડી ગયેલા ગાલવાળા, પૈસાની પાંચ વાળી દેશી બીડીઓ પીને સંતોષ માનનારા એ શાહી નબીરામાં શહેનશાહોના જીરસાનું નામનિશાન પણ કદી નજરે પડયું નહોતું.

જિન્દગીના સારામાં સારા ગણાય એવા અરસામાં ફરિદુદ્દીનને માસિક ૭૫ રૂપીઆનો દરમાયો મળતો હતો. અને બે વરસ પહેલાં ૫૫ વરસની ઉમરે સરકારી નોકરીમાંથી એને નિવૃત્તિ મળી ત્યારે તેને "પેન્શન"ની જે મામુલી રકમ મળવા લાગી તેમાં પોતાનો ને કુટુંબનો ગુજારો કરવાનું કામ ફરિદુદ્દીનને માટે અશક્ય બની ગયું હતું. ભારતના જે પાટનગરમાં તેનો જન્મ થયો હતો અને જ્યાંથી તેના પૂર્વજોએ આ ઉપખંડ જેવા

મુંબઈ રાજ્યનું સર્વથી મોટું પુસ્તકાલય

રૉયલ એસિયાટિક સોસાયટીની ૧૫૦ વરસની સાહિત્ય સેવા

(મૂલ અંગ્રેજીમાં લેખકઃ શ્રી. ડી. જી ટેંડુલકર)

રૉયલ એસિયાટિક સોસાયટીનાં નામે ઓળખાતી આપણા દેશની એક જાણીતી અને પુરાતન સંસ્થાની હયાતિના ૧૫૦ વરસ ગયા માસમાં પૂરાં થયાં. દેશમાં જ્ઞાન અને વિદ્યાનો પ્રચાર કરવામાં આ સાર્ધ શતાબ્દિ દરમિયાન સોસાટીએ ઘણું તારીફ લાયક અને સફળ કામ કરી બતાવ્યું છે. આજ સુધીની પોતાની સિદ્ધિઓ માટે સંસ્થા ગર્વ લઇ શકે તેમ છે.

આ સંસ્થાની શરૂઆત કરનારા પૌર્વાત્ય સાહિત્યમાં રસ લેનારા એવા કેટલાક અંગ્રેજ વિદ્વાનો અને અભ્યાસીઓ હતા. પરેલમાં હાલ જે મકાનમાં હાફકીન ઇન્સ્ટીટયુટ આવેલી છે ત્યાં પહેલાં સરકારી મહેલ (ગવર્નરનું રહેઠાણ) હતો. ત્યાં સને ૧૮૦૪ ના નવેમ્બર મહીનાની ૨૬ મી તારીખે [illegible] [illegible] પહેલા "લીટરરી સોસાયટી [illegible] કમરામાં બેચેન સંસ્થાની [illegible] જે તલ્વાર વડે હુમાયુ એ [illegible] રસ્તો કરીને ગુમાવેલું તખ્ત પાછું મેળવ્યું હતું તે તલ્વાર બહાદુરશાહે મેજર હડસનને ચરણે ધરી દીધી.

હડસને બહાદુરશાહને જીવતદાન આપ્યું પણ તેની સાથેના તેના બે પુત્રો અને એક પૌત્રને મારી નાખ્યા. પણ તેથી મોગલ વંશનો અંત ન આવ્યો કેમકે બાદશાહના કુલ ૧૪ પુત્રોમાંના બાકીના ૧૨ નાસી છૂટયા હતા.

બહાદુરશાહને પદભ્રષ્ટ કરીને રંગુન મોકલી દેવામાં આવ્યો અને ત્યાં પાંચ વરસ કેદમાં ગુજારીને ૧૮૬૨ ની સાલમાં એ મરણ પામ્યો. તેના જે ૧૨ પુત્રો પકડાતા બચી ગયા હતા તેમાંના કેટલાક દિલ્લીમાં પાછા આવ્યા અને બાકીનાનું શું થયું તેનો કશો પતો લાગ્યો નહીં. અજ્ઞાત અવસ્થામાં એ મરી ગયા હશે. છેક હમણાં સુધી તેના ત્રણ પૌત્રો ફરિદદ્દીનની સાથે જ દિલ્લીમાં રહેતા હતા.

જે જે અંગ્રેજી શબ્દોના ભારતની જુદી જુદી ભાષામાં પર્યાયો મળી શકે તેમ હતા તેવા શબ્દોની એક યાદી છપાવવામાં આવી. ત્યાર પછી એનાથી પણ વધારે મહત્ત્વનું એવું પૂર્વના દેશોના મહાન ગ્રંથોનાં અંગ્રેજી ભાષાંતરો કરવાનું કામ સંસ્થાએ હાથમાં લીધું અને "સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ" અને "બીબ્લીઓથેકા ઇંડીકા" જેવી બે મહાન ગ્રંથમાલાઓ જગતને પ્રાપ્ત થઇ. આ બન્ને ગ્રંથમાલાઓમાં પૂર્વના દેશોના અનેક ધર્મોના સાંપ્રદાયિક પુસ્તકો જેવાં કે વેદો, પુરાણો, અવસ્થા, કુરાન, ધમ્મપદ, ગુરૂગ્રંથ ઇત્યાદિના સુંદર અંગ્રેજી ભાષાંતરો જગત [illegible] સમક્ષ મૂકવામાં આવ્યાં [illegible]લામીઓને પહેરવાની [illegible] ઉપર ઝરીનું ભરતકામ કરવાનો ધંધો કરતો હતો. એના એક પૂર્વજ ઔરંગઝેબે એવી ટોપીઓ બનાવીને એક આખી આરસપહાણની મસ્જીદ બનાવવા જેટલું ધન પેદા કર્યું હતું. પણ અલ્લાહઉદ્દીનને તો પોતાના રોજગારમાંથી ધન ભૂજ મળતું અને મોજ મુદ્દલ નહોતી મળતી. એનાં પોતાનાં બૈરી છોકરાંના ગુજરાનનો આધાર પણ મોટે ભાગે એના બાપની કમાણી ઉપર જ રહેતો. મોગલો પોતાના વંશની શરૂઆત જંગીસખાનથી થયેલી ગણે છે. મધ્ય એશિયાના મહાન વિજેતા એ જંગીસખાને કાસ્પીઅન સમુદ્રથી સિંધુ નદી સુધી અને વોલ્ગા નદીથી ચીનની મહાન દીવાલ સુધી લડાઇ અને નાશ ફેલાવી દીધા હતા. એની હાજરીમાં ચીન, ઇરાન, આર્મેનીઆ, સિરીઆ, અરબસ્તાન, ગ્રીસ, રશિયા, પોલેંડ અને હંગરી જેવા દેશોના બાદશાહો અને શહેનશાહો થરથરતા.

પણ એ જંગીસખાનનો સીધો વંશ જ અલ્લાહઉદ્દીનનો પાંચ વરસની ઉમરનો બેટો

પહેલા હિંદી સભ્ય બન્યા. એમની પાછળ અનેક જાણીતા હિંદી વિદ્વાનો સંસ્થામાં જોડાયા જેમાં ડૉ. ભાઉ દાજી, શ્રી. મંડલિક, શ્રી. જગન્નાથ શંકરશેઠ, સર કાવસજી જહાંગીર, શેઠ પ્રેમચંદ રાયચંદ, સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર, શ્રી. ભગવાનલાલ ઈંદ્રજી, ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે અને ન્યાયમૂર્તિ તેલંગ મુખ્ય હતા.

સંસ્થાની બહુ મુલ્યવાન મિલ્કતમાં આજના તેના આશરે ૨ લાખ જેટલાં પુસ્તકોમાંથી ભરેલું પુસ્તકાલય મુખ્ય છે. આમાંનાં અનેક પુસ્તકો અત્યારે અપ્રાપ્ય બની ગયેલાં છે અને ભારતને લગતા વિષયો પરનાં પુસ્તકોની સંખ્યા ઘણી મોટી છે. આ ઉપરાંત સંસ્થામાં અનેક પત્રો અને માસિકોની સંખ્યાબંધ ફાઇલો મોજુદ છે. "ટાઇમ્સ ઓફ ઈંડિઆ" નામનું પત્ર પહેલું પ્રસિદ્ધ થયું ત્યારથી આજ સુધીની સંપૂર્ણ ફાઇલો અને લંડનના "ટાઇમ્સ"ની સને ૧૮૦૧ થી શરૂ થતી ફાઇલો પુસ્તકાલયમાં મોજૂદ છે. આજે આ પુસ્તકાલયમાં દુનિયાભરના દેશોમાંથી કુલ ૭૩૦ પત્રો, સામાહિકો માસિકો વગેરે આવે છે.

૧૪ મી સદીની હસ્તપ્રતો

સંસ્થા પાસે કેટલીક અપ્રાપ્ય એવી હસ્તલિખિત પ્રતો છે જેમાં પ્રખ્યાત અંગ્રેજ કવિ દાંતેનાં લખેલ "ડીવાઇન કોમેડી" નામનાં પુસ્તકની કવિના હસ્તાક્ષરમાં લખેલી ૧૪ મી સદીની એક પ્રત છે. આ સિવાય ૧૬૨૩ માં પ્રસિદ્ધ થયેલ શેક્સપીઅરના નાટકોનું પ્રથમ પુસ્તક જેમાં કવિની તસ્વીર અને તેના ૩૬ નાટકો આવી જાય છે તે પણ આ પુસ્તકાલયમાં છે, જેમાં એ નાટકોમાં ભૂમિકા ભજવનારા કલાકારોના નામ આપેલાં છે. અત્યારે આ પુસ્તકની કીમત પોણા ચાર લાખ રૂપીઆ જેટલી અંકાય છે. આ દુષ્પ્રાપ્ય વસ્તુઓ પુસ્તકાલયમાં બહુ જતનથી સંભાળી રાખવામાં આવે છે.

પુસ્તકાલયને અનેક ગ્રંથોની હસ્તલિખિત પ્રતો ઘણા વિદ્વાનો તરફથી ભેટ મળેલી છે જેની સંખ્યા ૨૫૦૦ જેટલી છે. એમાંની ઘણીખરી સંસ્કૃત પુસ્તકોની હસ્તપ્રતો છે. એ સિવાય ઘણા વિદ્યાપ્રેમીઓએ પુસ્તકાલયને વખતોવખત નાણાંની પણ ઉદાર મદદ આપ્યા કરી છે. જુનાં પુસ્તકોને ફરી બંધાવવાનાં ખર્ચ માટે મુંબઇ સરકાર હાલ પુસ્તકાલયને દર વરસે ૧૦,૦૦૦ રૂપીઆ આપે છે.

પ્રાચીન સિક્કાઓનો સંગ્રહ

પુસ્તકો ઉપરાંત આ પુસ્તકાલયમાં ૧૦૦૦૦ જેટલા પ્રાચીનકાળના સિક્કાઓનો સંગ્રહ છે, જેમાં શહેનશાહ અકબરના યુગની ૫ તોલા સોનાના વજનની એક મહોર છે. અને ૧૮૮૨ ની સાલમાં સોપારા ગામમાંથી મળી આવેલ ઇસ્વી સનનાં ૧૦૦ માં વર્ષનાં મનાતાં બુદ્ધ યુગના અવશેષોથી ભરેલી એક પેટી આ પુસ્તકાલયની એક મગરૂબ મિલ્કત મનાય છે. પેટીની ઉંચાઇ ૧૮ ઇંચની છે અને તેમાં એક ત્રાંબાનું કાસ્કેટ છે, જેની ફરતી બબ્બે ઇંચને આંતરે બુદ્ધની નાની નાની ત્રાંબાની આઠ પ્રતિમાઓ છે.

આ પુસ્તકાલયમાંથી જરૂરી સાહિત્ય મેળવીને અનેક વિદ્વાનોએ અનેક મહાગ્રંથો રચ્યા છે. મહામહોપાધ્યાય શ્રી પી. વી. કાણે જેવા વિદ્વાને છેક ૧૯૧૪ ની સાલથી આ પુસ્તકાલયનો લાભ લઇને પુરાતત્વની ઘણી કીંમતી શોધખોળ કરી છે.

રૉયલ એસિયાટિક સોસાયટીની મુંબઇની શાખાનું આ પુસ્તકાલય યુરોપ-અમેરિકાનાં મોટાં શહેરોનાં પ્રચંડ પુસ્તકાલયોને મુકાબલે ઘણું ન્હાનું કહી શકાય તેવું છતાં આપણા દેશનાં સહુથી મોટાં પુસ્તકાલયોમાં તેની ગણના થઇ શકે તેવું છે અને મુંબઇમાં વસનારાઓ તેમજ મુંબઇની મુલાકાતે આવનારાઓએ એકવાર અવશ્ય જોઇ આવવા જેવું છે.

("ટાઇમ્સ ઓફ ઇંડીઆ"ની પરવાનગીથી).

— પાનાં ૫૦ ઉપરના કોયડાઓના ઉકેલ —

૧. શરાબના વેપારીની વાત સાચી હતી. ખાલી બાટલીની કીમત ફક્ત ૨ાા રૂપીઆ થાય અને શરાબની કીમત ૪૨ાા રૂપીઆ, એટલે કે ખાલી બાટલીની કીમત કરતાં ૪૦ રૂપીઆ વધારે.

૨. મોટરનો વેપારી સાચો હતો. જે ગાડીના વેચાણમાં તેને ૨૫ ટકાનો નફો થયો તે તેણે ૮૦૦ રૂપીઆમાં લીધેલી (૮૦૦+૨૫ ટકા, એટલે કે ૨૦૦=૧૦૦૦). જે બીજી ગાડી ઉપર તેને ૨૫ ટકાનું નુકસાન થયું તે તેણે ૧૩૩૩ રૂપીઆની લીધેલી (૧૩૩૩–૨૫ ટકા, એટલે કે ૩૩૩=૧૦૦૦). વેપારીએ બેઉ ગાડીઓની મળીને ખરીદ કીમત ૨૧૩૩ રૂપીઆ ચુકવેલી અને વેચાણ કીમતના તેને ૨૦૦૦ રૂપીઆ મળ્યા એટલે ૧૩૩ રૂપીઆનું તેને ચોખ્ખું નુકસાન થયું.

૩. ચાર ભાઈઓ અને ત્રણ બહેનો. ચારમાંથી કોઈ પણ એક ભાઈને બીજા ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો છે (બેઉ સરખા) જ્યારે ત્રણમાંથી કોઈ પણ એક બ્હેનને બીજી બે બ્હેનો અને (તેનાથી બમણા) ચાર ભાઈઓ છે.

૪. આમા એક નરી બનાવટ છે એક ઈંચમાં આવતા આંકાઓની સંખ્યાને લાખ્યા સાથે કશી લેવા દેવા નથી પીન રેકર્ડની આસપાસ ફરતી જ નથી ફક્ત રેકર્ડ પીન ફરતી ફરે છે પીન રેકર્ડના મધ્યભાગ તરફ જાય છે તે સિવાય તે સ્થિર રહે છે એટલે કે પીન ૬–(૨+૧)=૩ ઈંચ ફક્ત ચાલે છે આખી રેકર્ડના ડાયામિટર (વ્યાસ)નો અર્ધો ભાગ એટલે ૬ ઈંચ, એમાંથી બાદ અંદરના લેબલવાળા ભાગનો અરધો વ્યાસ એટલે બે ઈંચ અને બહારની કીનારીનો એક ઈંચ મળી કુલ ત્રણ ઈંચ. બાકી રહ્યા ૩ ઈંચ.

૫. મલ્લાજીની ભુલ હતી એને ફક્ત ૧૦૦ રૂપીઆનું જ નુકસાન થયું હતું એણે ઘરાકને ૨૦ રૂપીઆ પાછા આપ્યા અને દરાનીને ૧૦૦ રૂપીઆ આપ્યા એનો સરવાળો ૧૨૦ રૂપીઆ થાય એ ખરી વાત પણ દરાની પાસેથી તેને ૧૦૦ રૂપીઆ મળ્યા હતા એ પણ ગણતરીમાં લેવા જોઈએ એણે ૮૦ રૂપીઆ જોડાની કીમતના ને વીસ રૂપીઆ ઘરાકને રોકડા આપ્યા તે જ તેણે ગુમાવ્યા.

मधुमती



કરેલું નથી. પ્રત્યેક દાનની પાછળ કોઈને કોઈ લાભ મેળવવાનો તારો હેતુ હતો. એ લાભ મળશે એવી પાકી ખાતરી કરી લીધા પછી જ તેં એ દરેક દાન કરેલું છે. એનો જે બદલો તને જોઈતો હતો તે પૃથ્વી ઉપર તને મળી ચૂક્યો છે એટલે હવે તને આ લોકમાં કશું મળવાનું બાકી રહેતું નથી. ફક્ત તેં જેટલી ઇમારતો પૃથ્વી ઉપર બંધાવી તેટલી તને અંહી મળશે."

"ત્યારે સ્વર્ગમાં કેવા માણસોને દાખલ કરવામાં આવે છે?" નન્દકિશોરે પૂછ્યું.

"જેણે બદલાની કોઈ જ આશા રાખ્યા વિના કે બદલા માટેનો કરાર કર્યા વિના ભલાં કામ કર્યાં હોય તેવાઓને. નન્દકિશોર! તારું દફતર તારે જોવું હોય તો ફરીથી જોઈ જા. એવું કોઈ કામ તેં કદી કર્યું હોય તો તે તેમાંથી શોધી કાઢ. જો એ જડી આવશે તો તને હું ખુશીથી સ્વર્ગમાં જવાની રજા આપીશ."

યમરાજ એમ કહીને ખુલ્લા દરવાજામાંથી અંદર ચાલ્યા ગયા અને તેમની પાછળ દરવાજો બંધ થઈ ગયો.

સર નન્દકિશોર માથું ખજવાળતા ઉભા રહ્યા. એણે પોતાની યાદદાસ્તને કસવા માંડી. કોઈપણ પ્રકારના બદલાની આશા વિના કે બદલો મળવાનો કરાર કર્યા વિના એક પણ ભલું કામ પોતે કર્યું હોય તેવું તેને યાદ ન આવ્યું.

એ ત્યાંથી એકલા ધીમે પગલે પાછા ફર્યા. ફરતા ફરતા પાછા પૃથ્વી ઉપર પહોંચ્યા.



છાપાનો ટુકડો નન્દકિશોરે હાથમાં લઈ વાંચવા માંડ્યો.

એ વખતે સાંઝ પડી ગઈ હતી. સર નન્દકિશોર સમુદ્ર કિનારે જઈ એક બાંક પર બેસી હવા ખાતા વિચારે ચડી ગયા.

પવનનો એક સપાટો આવ્યો અને એના જોરે એક કાગળનો ટુકડો ઉડતો ઉડતો આવીને નન્દકિશોરના પગ સાથે વીંટળાયો. એ ટુકડો એણે હાથમાં લીધો. વરસો પહેલાં છપાયલા કોઈ રોજીંદા અખબારના પાનાંનો એ રદ્દી ટુકડો હતો. નન્દકિશોરે એમાં છાપેલી વિગતો વાંચવા માંડી. એમાં એક જાહેરખબર છપાયલી હતી: "શાર્કસ્કીનના સુટ અને નેકટાઈ કોલરવાળા, અર્ધી સફેદ મુછવાળા એક ઉંચા, ગોરા અને પ્રભાવશાળી દેખાતા જે શ્રીમંત ગૃહસ્થ ગયા બુધવારે માટુંગામાં સર નન્દકિશોરનાં મકાનમાં ત્રીજે માળે અમારે ઘેર આવેલા તે ગૃહસ્થે અમારા પુત્રની જીંદગી બચાવી છે. અમારા ઉપર કરેલા ઉપકારનો અમારી શક્તિ મુજબ બદલો વાળવાની અમારી ઇચ્છા છે. જો તે ગૃહસ્થ અમને પોતાનું નામ સરનામું જણાવશે તો ઘણી મહેરબાની થશે."

એ જાહેરખબર નન્દકિશોરે ફરી ફરીને વાંચી. એકાએક તેને ભૂતકાળનો એક બનાવ યાદ આવી ગયો:

૧૯૪૨ ની સાલ ચાલતી હતી. જાપાને શત્રુરાજ્યો સાથે ભળી જઈને લડાઈમાં ઝંપલાવ્યું હતું. જાપાની વિમાનો બ્રહ્મદેશમાં કહેર વરતાવીને કલકત્તા સુધી પહોંચી ગયા હતા. કોઈ પણ દિવસે એ વિમાનો મુંબઈ ઉપર

બોમવર્ષા ચલાવશે એવો ભય ઉભો થયો હતો. મુંબઇ શહેર ખાલી થવા લાગ્યુ હતું. જેનાજેનાથી બન્યું તે બધા પુરુષોએ પોતાનાં બૈરીબચ્ચાંઓને 'દેશ'માં મોકલી આપ્યા હતા. સર નન્દકિશોર જાપાનીઓના બોમ-મારામાંથી બચવા માટે પોતાનો લાનોલીના બંગલે રહેવા ચાલ્યા ગયા હતા અને અવાર નવાર ત્યાંથી કામ પ્રસંગે મુંબઇ આવતા હતા.



"મારા ડાકટરને જરા ટેલીફોન કરશો ? છોકરાની હાલત ખરાબ છે."

એકવાર સંધ્યાકાળ થઇ ગયા પછી કોઇ કામે એ બહાર નીકળેલા ત્યારે માટુંગા પાસેથી પસાર થતાં એક મોટાં મકાન પાસે એણે પોતાની મોટર થોભાવી. એ મકાન એની માલિકીનું હતું. ચાર માળની એ ઉંચી અને લાંબી પહોળી ઇમારતમાં બબ્બે ઓરડી-ઓનાં જોટામાં મધ્યમ વર્ગના બસોએક ભાડુતો વસતા હતા.

મોટરમાંથી નીચે ઉતરી નન્દકિશોરે પોતાની એ જબરદસ્ત ઇમારત સામી નીચેથી ઉપર સુધી નજર ફેરવી. ભોંયતળીયાની દુકા-નોમાં ઝાંખી ઝાંખી વિજળીની બત્તીઓ બળતી હતી. ઉપરના બધા માળ પરની ઘણીખરી બારીઓ બંધ હતી. જે થોડી ખુલ્લી હતી તેની પાછળ અંધકાર છવાઇ રહેલો હતો. છેક ત્રીજે માળે એક બારીમાંથી વહેતો ઝાંખો પ્રકાશ રસ્તા પર પડતો હતો.

નન્દકિશોર એ મકાનના ત્રણ દાદર ચડી ગયા. ખુલ્લી બારીવાળા એ બ્લોકનો દરવાજો પણ અરધો ખુલ્લો હતો. એ ઘરમાં નન્દકિશોર ધીમે પગલે દાખલ થયા.

અંદર જતાં એક દયાજનક દૃશ્ય તેની નજરે પડયું. સાત આઠેક વરસની ઉમરનો એક છોકરો પથારીમાં પડયો હતો. એક પુરુષ અને એક સ્ત્રી ઉદાસ ચહેરે એના બીછાનાની બેઉ બાજુએ બેઠેલા હતા. એ તેના માતાપિતા હશે એવું અનુમાન સહજ હતું.

"અહિં કોણ રહે છે ?" નન્દકિશોરે મકાન માલિકની અદાથી પૂછ્યું.

"મારૂં નામ જયંતિલાલ ભટ્ટ" પેલા પુરુષે જવાબ આપ્યો.

"તમારા ઘરમાં કોઇ બીમાર છે ?"

"આ છોકરાને સખત તાવમાંથી સનેપાત જેવું થઇ ગયું છે. એના જોરમાં એ ઉઠી ઉઠીને નાસવા લાગે છે. એને પકડી રાખવાનું અમારે બેઉને પણ મુશ્કેલ પડી જાય છે."

"તમારા કોઇ પડોશી કે મિત્રો નથી ? કોઇ સગા નથી ?" નન્દકિશોરે પૂછ્યું.

"પડોશીઓ, મિત્રો, સગાં, બધા જ મુંબઇ છોડીને ચાલ્યા ગયા છે. આ મકાનના આ

ભાગમાં અમારું કુટુંબ એક જ બાકી રહી ગયું છે, બીજા ભાડુતો દેશમાં ચાલ્યા ગયા છે."

"તમને હું કોઇ રીતે મદદગાર થઇ શકું તેમ હોય તો..." નન્દકિશોરે કહ્યું.

"જી, હા. આપ એક કામ કરી શકશો? અમારા ડાક્ટરનો આ ટેલિફોન નંબર છે, નીચે ઇરાનીની હોટેલમાં ટેલિફોન છે, આપ જો કૃપા કરીને ડાક્ટરને ટેલિફોન કરો અને જલદી અંહી આવે એમ કહો તો મોટી મહેરબાની. હું નીચે સુધી જતાં પણ ડરું છું. રખેને એટલી વારમાં છોકરો સનેપાતના આવેશમાં ઉઠીને ન.સે ને બારીએથી પડતું મુકવા જાય તો એને એની મા એકલી કદાચ રોકી ન શકે, એ બ્હીકે હું નીચે સુધી જઇ શકતો નથી અને આસપાસમાં કોઇ પડોશી પણ નથી કે જેને આ કામ સોંપી શકાય. આપને ઇશ્વરે જ અંહી મોકલ્યા લાગે છે. આપને અંહી મારું કે કોઇ બીજા ભાડુતનું કામ હતું?"

નન્દકિશોરે કહ્યું, "નહીં હું તો તમારી ઉઘાડી બારી અને એમાં બળતી બત્તી જોઇને સહજ કુતુહલથી અંહી આવી ચડયો છું. બ્લેક આઉટના કાયદાનો ભંગ કરીને તમે બત્તી આવી રીતે રાખશો તો ગુનાહમાં આવી જશો એ ખબર છે ને?"

"આ ચિંતામાં અમને એ ખ્યાલ ન રહ્યો હું એનો ઉપાય કરીશ."

નન્દકિશોરે એ છોકરાની હાલત જોઇ. હાલત ખરાબ હતી છોકરો એ વખતે તો જંપેલો હતો પણ એના ચહેરા ઉપર મોતની નિશાનીઓ બેસી ગઇ હતી.

ઝડપથી દાદર ઉતરીને એ નીચેની ઇરાનીની હોટેલમાં ગયા. પેલા ભાડુતે તેના હાથમાં આપેલી ચીઠીમાં ડાક્ટરનું નામ અને ટેલીફોન નંબર હતા તે જોઇ તેણે ટેલિફોનનું ડાયલ ફેરવ્યું. ડાક્ટરને કહ્યું, "તમે જેમ બને તેમ જલદી આવો. છોકરાની હાલત બહુ ખરાબ છે."

પછી નન્દકિશોર મોટરમાં બેઠા. મોટર ચાલવા લાગી. એકાદ માઇલ જેટલે ગયા પછી ચાર રસ્તાઓના ચોક પાસે ટ્રાફીક ખાતાંના પોલીસના સિપાઇની ઇશારતથી મોટર ઉભી રહી. ઝાંખા પ્રકાશમાં નન્દકિશોરે રસ્તા ઉપર નજર કરીઃ પોતાની મોટર જ્યાં ઉભી હતી તે જ ઠેકાણે, રસ્તાને છેવાડેના એક મકાનના ભોંય તળીઆના ઉંચા ઓટલાવાળા એક ઓરડાના દરવાજા પર એક પાટીયું લગાડેલું હતું તેના ઉપર લખેલું નામ તેના વાંચવામાં આવ્યું. "ડૉક્ટર મનહરરાય દેસાઇ, એમ. બી. બી. એસ." નન્દકિશોરને યાદ આવ્યું કે ઇરાનીની હોટેલમાંથી જેને તેણે ટેલિફોન કરેલો તે ડાક્ટરનું નામ મનહરરાય દેસાઇ અને સરનામું એ જ સ્થળનું હતું.

એકાએક મોટરનો દરવાજો ખોલી એ બહાર નીકળ્યા અને ડૉક્ટર મનહરરાય દેસાઇનાં દવાખાનામાં ગયા. ડૉક્ટર પોતાના મેજની સામે ખુરસી પર બેઠા હતા. દીવાલની પાસેના બાંક પર છ સાત દરદીઓ બેઠેલા હતા.

"ડૉક્ટર દેસાઇ," નન્દકિશોરે કહ્યું, "થોડીવાર પહેલાં તમને એક ટેલિફોન મળ્યો હતો ખરો?"

"હા, જયંતિલાલ ભટ્ટ તરફથી. હું આટલા દરદીઓને પતાવીને ત્યાં જવાનો છું."

" તો તો બહુ મોડું થઇ જશે, ડાક્ટર," નન્દકિશોરે કહ્યું, "તમારા આ દરદીઓ થોડીવાર રાહ જોઇ શકશે, પણ પેલો છોકરો રાહ જોઇ શકે તેમ નથી. એની હાલત ઘણી ગંભીર છે અને તત્કાલ સારવાર માગે છે. તમે બીજું બધું કામ પડતું મુકીને હમણાં જ ત્યાં પહોંચો. મોડું કરશો તો કદાચ બહુ મોડું થઇ જશે."

"જારૂ, સાહેબ," નન્દકિશોરનાં વચનો, રૂવાબ અને પ્રભાવની ડાક્ટર ઉપર ઘણી ઉંડી અસર થઇ હતી. "દસેક મિનિટમાં અંહી બસ આવી પહોંચવી જોઇએ. મારા દવાખાનાં પાસે જ ઉભી રહે છે. હું તરત એમાં બેસી જઇશ."

"મારી મોટર છે, ડાક્ટર," નન્દકિશોરે કહ્યું, "તે લઇ જાઓ. ત્યાં ઉતરીને ગાડી પાછી મોકલી આપજો. હું તમારા દવાખાનાં-માં જ એટલીવાર મોટરની રાહ જોઇશ. પણ તમે હવે હમણાં જ જાઓ."

ડાક્ટરે ખભા પર કોટ નાખ્યો અને હાથમાં બેગ લઇને નીચે ઉતરી, નન્દકિશોરે બતાવેલી મોટરમાં બેઠક લીધી. "ડ્રાઇવર, ડાક્ટર સાહેબને આપણે હમણાં ગયા હતા એ ઘર પાસે છોડીને તરત ગાડી પાછી લાવ" એણે ડ્રાઇવરને આજ્ઞા આપી.

એ પછી શું બનેલું તેને નન્દકિશોરને કશી ખબર નહોતી. ચાર પાંચ દહાડા પછી તેના ડ્રાઇવરે તેના હાથમાં એક જાહેર ખબર ઉપર નિશાની કરેલું અખબાર મુક્યું અને કહ્યું, "શેઠ સાહેબ! આ જાહેર ખબર આપને લાગુ પડતી હોય એમ જણાય છે."

ઝડપથી એના ઉપર નજર ફેરવી જઇને નન્દકિશોરે કહ્યું, ઠીક! "એવાઓના ઉપકાર સ્વીકારવાની મને વળી ક્યાં ફુરસદ છે?" છાપું એણે ડ્રાઇવરને પાછું આપ્યું.

એ જાહેરખબર પાંચ વરસ પછી ઉડતી ઉડતી રદ્દી કાગળના ટુકડામાં ફરી વાર નન્દ-કિશોરની નજરે પડી.

બાંક ઉપરથી નન્દકિશોર ઉભા થયા. પોતાની પાસે પડેલું ચોપડાઓ અને ફાઇલોનું ને દસ્તાવેજોનું દફતર પહેલાં તો દરિયામાં પધરાવી દીધું. પોતે પહેલાં જે રસ્તેથી પોતાને તેડવા આવનાર સાથીની સાથે ગયા હતા ને એકલા પાછા આવ્યા હતા તે રસ્તો તેમને પરિચિત હતો. એ રસ્તે ચાલીને એ ફરીથી પેલા દરવાજા પાસે પહોંચ્યા. દરવાજો બંધ હતો. નન્દકિશોરે એ ખખડાવ્યો. ધર્મ-રાજ બહાર આવ્યા.

"ઓહો! તું પાછો આવ્યો કે? તારું દફતર ક્યાં ગયું?" ધર્મરાજે એને પૂછ્યું.

"જ્યાં જવું જોઇતું હતું ત્યાં" કહીને નન્દકિશોરે પોતાના હાથમાંનો પેલો અખબારનો ટુકડો ધર્મરાજને આપ્યો, "મને યાદ આવ્યું. મેં મારી જીંદગીમાં બદલાની આશા રાખ્યા વિના કે અગાઉથી કરાર કર્યા વિના એક સુકૃત્ય કરેલું યાદ આવ્યું. એ સુકૃત્યથી જેને સુખ થયું હશે તે માણસનો ઉપકાર સ્વીકારવાની પણ મેં દરકાર નથી."

"તારૂં એ સુકૃત્ય આમ તો બહુ મોટું નહોતું, નન્દકિશોર" ધર્મરાજે કહ્યું, "ડાક્ટરને ટેલિફોન કરીને જ તું રહી ગયો હોત તો તો એ બહુ મોટી વાત નહોતી. પણ એના દવાખાનાં પાસે આવતાં આગ્રહ કરીને ડાક્ટરને તેં તત્કાલ દરદી પાસે મોકલ્યો ને તે માટે તારી મોટર આપી એ બહુ મોટી વાત હતી. તેં એમ ન કર્યું હોત અને ડાક્ટર ફક્ત અરધો જ કલાક મોડો પહોંચ્યો હોત તો એ છોકરાને એ ઉગારી શક્ત નહીં."

"આ એક સુકૃત્યના ફળ રૂપે મને સ્વર્ગમાં પ્રવેશ મળે ખરો?" નન્દકિશોરે પૂછ્યું.

"નિઃશંક. આ દરવાજામાંથી વગર સંકોચે ચાલ્યો જા," ધર્મરાજ હસીને બોલ્યા, "અંદર આવેલું સ્થલ સ્વર્ગ છે."

નન્દકિશોર દરવાજો વટાવી અંદર ગયા ને એકાએક તેનો પગ દરવાજાની લીસી ફરસ-બંધી પરથી લસર્યો. એક આંચકા સાથે એ જમીન પર પડી ગયા. એ જ વખતે તેની આંખો ખુલી ગઇ. નન્દકિશોરનું સ્વપ્ન પુરું થયું.

બીજે દહાડે સવારનો નાસ્તો પતાવ્યા પછી સર નંદકિશોરે તરત જ પોતાના સેક્રેટરીને બોલાવ્યો. અને કહ્યું, "નવીનચંદ્ર, આજે આઝાદીના ઉત્સવની રજા છે એ હું જાણું છું, છતાં તમારે કેટલુંક જરૂરી કામ કરવાનું છે એ પતાવ્યા વિના હું તમને જવા નહીં દઉં."

"હું તૈયાર છું, સાહેબ."

"તો જુઓ, લખી લો. એક કાગળ નામદાર સરકારના ચીફ સેક્રેટરીને લખીને જણાવો કે હું મારા બધા ઇલ્કાબ ખિતાબ પાછા વાળું છું. મારા બધા ચાંદ રીબન્સ, પીન્સ વગેરે તમામ ઘરેણાં અને ઇલ્કાબના કાગળો એ સાથે પાછા મોકલી આપો."

"જી."

"પછી જેટલી જેટલી સંસ્થાઓ મારા નામથી ઓળખાય છે તે બધી જ સંસ્થાઓના ટ્રસ્ટીઓને કાગળો લખી નાખો કે સંસ્થાઓનાં નામમાંથી મારું નામ કાઢી નાખે. એ માટે જે ક્રિયાવિધિ કરવાની હોય તેનું કામ સત્વર હાથ ધરે. નોંધ કરી?"

"હા, જી, પછી?"

"અને પછી આ પેટીઓમાં જેટલી ફાઇલો, ચોપડા, ડાયરીઓ અને દસ્તાવેજો છે તે બધાને બગીચાના એક ખુણામાં લઈ જઈ, ઢગલો કરી, એ ઢગલાને દીવાસળી ચાંપી દો. એમાંથી એક ટુકડો પણ બચવો ન જોઈએ."

"વારુ, સાહેબ."

"બસ એટલું કરી લીધા પછી તમને આઝાદીની રોશની જોવા જવાની ઇચ્છા હોય તો જવાની છુટ છે. તે પછી આજે મારે તમારું કશું કામ નથી."

જગતનું પાટનગર રોમ:

ઇતિહાસની આગ ઉપર સર્વદા સળગતો ચરૂ

પ્રાચીન કાળના ભારતમાં કવિઓ પોતાનાં કાવ્યોમાં અને પંડિતો પોતાનાં પુસ્તકોમાં જ્યારે ભારતવર્ષ વિશે લખતા ત્યારે સમસ્ત જગત ભારતવર્ષમાં જ પર્યાપ્ત થયેલું માની લેતા. ભારતના રાજાને પૃથ્વી-પતિ તરીકે ઓળખવામાં આવતો અને ભારતનું પાટનગર પૃથ્વી આખીનું પાટ-નગર લેખાતું. છેક મોગલાઈના યુગ સુધી પણ હિન્દુસ્તાનના શાહાનશાહને જહાંપનાહ (સમસ્ત જગતનો રાજા) આલમપનાહ, વગેરે વિશેષણોથી સંબોધન કરવામાં આવતું.

એવી જ રીતે પ્રાચીન કાળમાં યુરોપીઅન પ્રજા આખી પૃથ્વીની મર્યાદા યુરોપમાં જ પર્યાપ્ત થઇ ગયેલી માનતી અને ઇટલીના પાટનગર રોમને તેઓ જગતનું પાટનગર ગણતા. રોમ યુરોપનું સહુથી પ્રાચીન મહા-નગર છે. રોમનો ઇતિહાસ રોમાંચક છે. રોમના પાદશાહો એક યુગમાં જગતના સહુથી મોટા સત્તાધારીઓ, સમૃદ્ધિવાન, વૈભવશાલી અને વિલાસી પાદશાહો હતા.

અંગ્રેજીમાં એક કહેવત છે કે Rome was not built in a day. એનો અર્થ એ થાય છે કે ઉતાવળે આંબા પાકે નહીં. અને વાસ્તવમાં રોમ એક દહાડામાં બંધાયુ નથી. રોમને બંધાતાં પૂરાં બે હજાર વરસ લાગેલાં. ઇશુ ખ્રિસ્તના અવતાર પહેલાં અને તે પછી-પણ રોમમાં "પેગાન"ને નામે ઓળખાતી પ્રજાની વસતિ હતી અને તે પછી વખત જતાં રોમ ખ્રિસ્તી સંપ્રદાયનું જગત ભરમાં સર્વથી મોટું કેન્દ્રસ્થાન બની રહ્યું. રોમનાં ખંડેરો અને રોમની આજની મોજૂદ ઇમારતોમાં અનેક રાજાઓના વિજયો અને અનેક માંધાતાઓના નિરંકુશ વિલાસોનો ઇતિહાસ ભરેલો પડ્યો છે.

રોમના ઉદ્ભવને વિશે એવી એક દંતકથા પ્રચલિત છે કે ઇસુ ખ્રિસ્તની પૂર્વે ૭૫૩ મા વરસમાં રેમસ અને રોમ્યુલસ નામના બે ભાઇઓએ એની સ્થાપના કરેલી. એ બન્ને ભાઇઓ વરૂડી (વરૂની માદા)નું દૂધ પીને ઉછરેલા હતા અને પોતાની એ પોષક માતાનું ઋણ વાળવા માટે તેમણે આખા રોમ નગરમાં વરૂડીના સંખ્યાબંધ પુતળાંઓ ઉભાં કર્યાં હતાં. યુદ્ધો અને ખુનરેજીથી ભરેલાં રોમન ઇતિહાસના ૨૦૦૦ વરસો સુધી વરૂડીનું એ દૂધ રોમન પ્રજાના લોહીમાં વહેતુ રહ્યું અને તેઓ કદિ શાંતિથી રહી શકયા નહીં.

એ લોહી આજે પણ હજુ રોમના કેટલાક શહેરીઓની નસોમાં વહેતું હોય એમ જણાય છે, જેના પ્રતાપે તેઓ ધોળે દહાડે, જગતના એ પાટનગરની બજારોમાં ફરતી પરદેશી, પ્રવાસી રૂપસુંદરીઓની સાથે સજ્જનને ન છાજે તેવી ચેષ્ટાઓ કરતા માલમ પડે છે. સને ૧૯૩૯ ની સાલમાં વાયા કોંડોટી નામે ઓળખાતા રોમના એકના ભરચક રાજમાર્ગ ઉપરથી સાડીમાં સજ્જ થયેલી એક હિંદી સ્ત્રી ચાલી જતી હતી તેને જોઇને બે ઇટાલીઅન છોકરાઓ "બેલા બામ્બીના" (મુંબઇની સુંદરી) એ શબ્દો પોકારીને એને વળગી પડયા અને એમાંના એકે એને ઓઠ ઉપર ચુંબન કર્યું અને બીજાએ તેની સાડી ઉંચી કરીને તેના પગ ઉપર ચુમી કરી. એ યુવતીની સાથે હિંદી સરકારનો એક વૃદ્ધ નિવૃત્ત અમલદાર હતો તે આ દસ્ય જોઇને પુતળાંની પેઠે સ્તબ્ધ બની ગયેલો.

"સીઝર"ના નામે ઓળખાતા રોમના પાદશાહોની અને તરેહ તરેહના જંતરમંતર અને જાદુ વિદ્યા જાણનારા ધુતારાઓની આ નગરીમાં ફ્રાન્સ અને બ્રિટન જેવા દેશોના

વિજેતા એવા જુલીઅસ નામના એક સીઝરને રોમન લોકોએ તલવાર વડે કાપી નાખેલો. એ સીઝરના વારસો એ વખતે મિસરની નાગણ જેવી મહારાણી કલીઓપેટ્રાની સાથે પ્રણય ખેલતા હતા અને એ નાગણના ઝેરી ડંખો સહન કરવામાં મોજ માણતા હતા. આ નગરી ઉપર ઇસ્વી સન ૩૭ થી ૪૧ સુધી કેલીગુલા નામનો એક શાહાનશાહ રાજ્ય કરી ગયો. એને માનવીઓને તરેહ તરેહની શારીરિક વેદના થતી જોવામાં અને તેમનું લોહી વહેતું જોવામાં મોજ આવતી. પ્રજાની ફરીઆદો સાંભળવા માટે તેણે પોતાના ઘોડાની



બધા જ કિલ્લાઓનો ઇતિહાસ લોહીના અક્ષરે લખાયલો હોય છે, પરંતુ રોમના આ સંત એંજેલોના કિલ્લામાં એક વાર ફિરસ્તાઓનો વાસ હતો એમ કહેવામાં આવે છે.

મંત્રી તરીકે નિમણૂક કરી હતી! એ જ નગર ઉપર સને ૫૪ થી ૬૮ સુધી નીરો નામનો એક બીજો સીઝર રાજ્ય કરી ગયો. તેણે પોતાની માતાની હત્યા કરી, બીજી અનેક સ્ત્રીઓની હત્યા કરી, ખ્રીસ્તીઓ તેમ જ બીન ખ્રીસ્તી રોમનો સર્વેની ઉપર શરીરકષ્ટોની રાક્ષસી લીલા વર્તાવી, રોમ નગરને આગ લગાડી અને નગર બળતું હતું ત્યારે વીણા વગાડીને નાચ કરેલો. આખરે એ આત્મ-હત્યા કરીને મુવો. આવા દુષ્ટ સીઝરોના વિરોધમાં રોમ પર માર્કસ ઓરેલિયસ જેવો મહાન તત્વવેત્તા સીઝર પણ રાજ્ય કરી ગયો છે અને જગતના સાહિત્યમાં અમર બની ચુકેલા એવા તત્વજ્ઞાનથી ભરપૂર મહાનિબંધો લખીને જનતાના જ્ઞાન માટે વારસામાં મૂકી ગયો છે.




ખ્રિસ્તી ધર્મની સ્થાપના થયાં પહેલાં રોમન પ્રજા 'પેગાન'ને નામે ઓળખાતી અને પંચ મહાભૂતોની પૂજા કરતી. એ પ્રજા શરાબ પીતી છતાં પાણીની પુજા કરતી. પિયાઝા નાવોના નામે ઓળખાતો પાણીનો એક ફુવારો ઉપરનાં ચિત્રમાં નજરે પડે છે

રોમનું કૉલેઝિયમ

ઇસુ ખ્રિસ્તના વધ પછીના ૮૦ માં વરસમાં રોમમાં જગતભરનું સહુથી વિશાળ, છાપરાં વગરનું સભાગૃહ–કૉલેઝિયમ બાંધવામાં આવ્યું. આ ઇમારતનો વિસ્તાર ૬૦૦ ફુટની લંબાઇ અને ૫૩૦ ફુટની પહોળાઇ રોકતો હતો. એને ૮૦ દરવાજા હતા. એમાં એક વાર ૫૦૦૦૦ રોમન શહેરીઓ તમાશા જોવા એકઠા મળતા. ધરતીકંપો, આગો અને દુશ્મનોના ઘેરાઓના માર ખાઇ ખાઇને આ ઇમારત આજે ખંડેર જેવી બની ગઇ છે. એના એક વખતના પર્વત જેટલા પત્થર અને આરસ પહાણમાંથી આજે અરધા પણ બાકી નથી રહ્યા. લુટારાઓએ એ ઇમારતને તોડી, અમીર ઉમરાવો પોતાના મહેલો બાંધવા માટે એમાંથી પત્થરો ઉઠાવી ગયા અને ખ્રિસ્તીઓના ધર્મગુરૂ પોપની પેઢંપરાએ કૉલેઝિયમના રંગમંચની અંદરનો તમામ આરસ ઉઠાવી જઇને તેના વડે ખ્રિસ્તી દેવળોમાં શણગાર કરાવ્યા.

રોમનું આ કૉલેઝિયમ જગતના ઇતિહાસમાં માનવીઓનું લોહી વહેવરાવનારૂં મોટામાં મોટું મેદાન બની ચુકેલું છે. એનો ઉપયોગ અનેકવાર યુદ્ધો માટેના કિલ્લા તરીકે, મરકીના ઉપદ્રવ સમયે ઇસ્પીતાલ તરીકે, મધ્ય યુગમાં પ્રણયના નાટકોની રંગભૂમિ તરીકે અને નેપોલીઅનની અશ્વશાળા તરીકે થઇ ચુકેલો છે. હર સાલ દુનિયાભરમાંથી રોમ જોવા આવનારા અગણિત પ્રવાસીઓને માટે કૉલેઝિયમ સદા કાલ એક પ્રબલ આકર્ષણ બની રહેલું છે.



રોમ ખ્રિસ્તી સંપ્રદાયનું સર્વથી મહાન તીર્થસ્થાન છે એટલે એમાં સાધુઓ અને સાધ્વીઓનાં અનેક મઠો ખડા છે. રોમના એક ઉપનગરમાં આવેલો સંત બેનિડીક્ટનો મઠ આ ચિત્રમાં નજરે પડે છે.

એ કોલેઝિયમનાં વિશાળ ભોંયરાઓ એકવાર દ્વંદ્વ યુદ્ધ માટે તૈયારી કરી રહેલા યોદ્ધાઓ (ગ્લેડીએટર)ના શસ્ત્રોના ખણખણાટ અને ભયંકર મનુષ્યાહારી પશુઓનાં અવાજથી ગાજી રહેતાં. આ પ્રચંડ ઇમારત બાંધવાની શરૂઆત વેસ્પેશીયન નામના સીઝરે કરેલી (ઇ. સ. ૬૯ થી ૭૯) અને ટાઇટસ નામના તેના વારસે તેનું બાંધકામ પુરૂં કર્યું (ઇ. સ. ૭૯ થી ૮૧). એને બાંધતાં ચાર વરસ લાગ્યાં હતાં અને એ કામ માટે પાદશાહ ટાઇટસે યારૂશલેમ ઉપર વિજય મેળવ્યા પછી ત્યાંથી કેદ કરીને આણેલા ૧૨૦૦૦ યહુદી સિપાહીઓની મજુરીનો ઉપયોગ કરવામાં આવેલો. ઇમારત ચણાઇ રહ્યા પછી એમાંના અનેક યહુદીઓને હિંસક પશુઓની સાથે યુદ્ધ ખેલાવીને મારી નાખવામાં આવેલા. ટાઇટસના આ રાક્ષસી વિજયના સ્મારક રૂપે બંધાયેલ "ટાઇટસની કમાન"ને નામે ઓળખાતા કોલેઝિયમના એક વિભાગ નીચેથી ચાલવામાં આજે પણ કેટલાક ધર્મચુસ્ત યહુદીઓ પાપ માને છે.

કોલેઝિયમના ૮૦ પ્રવેશદ્વારોમાં ૭૬ જાહેર જનતાને માટે હતા. શાહાનશાહનું પ્રવેશદ્વાર નિરાળું હતું અને દેવોને અર્પણ થઇ ચુકેલી વેસ્ટલ વર્જિન્સ (દેવળની બ્રહ્મચારિણીઓ) માટે વળી એક અલગ પ્રવેશદ્વાર હતું. એક દ્વાર "મૃત્યુના દરવાજા"ના નામે ઓળખાતું અને મેદાનના ખેલોમાં મરણ પામતા માનવીઓ અને પશુઓના શબોને ત્યાંથી ખેંચી લઇ જવાતાં હતાં.




ખ્રિસ્તી સંપ્રદાયમાં "સંતો" તરીકે ઓળખાતા બધા જ મહાન માનવીઓના નામે દેવળો બાંધવાનો રિવાજ છે. નવું દેવળ બંધાય ત્યારે તેઓ કોઇ નવો "સંત" શોધી કાઢે છે. આ દેવળ 'સંત મેરી મેજોર નાં દેવળ" તરીકે ઓળખાય છે.

ઉમરાવો અને અમીરો માટે એમાં અલગ અલગ બેઠકો (આજના આપણા થીએટરોમાં હોય છે તેવી 'બોક્સ') રહેતી. સ્ત્રીઓને માટે ઉપરના માળ પર અલગ બેઠકો રાખવામાં આવતી. શાહાનશાહની બોક્સ જે સ્થલે હતી તે સ્થલ 'પોડીઅમ'નાં નામે ઓળખાતું. જે યોદ્ધાઓને સિંહ કે આખલા સાથે કુસ્તી કરવાની હોય તે દાવમાં ઉતરતાં પહેલાં ઉંચે બેઠેલા પાદશાહને જમીન સુધી ઝુકીને નમન કરતા અને મોટેથી બોલતા "સીઝરને અભિનંદન! મોતના મ્હોંમાં પ્રવેશ કરવાને તૈયાર એવા અમે તને નમન કરીએ છીએ."

આવા યોદ્ધાઓ તરીકે ઘણે ભાગે લડાઇમાં પકડાયલા કેદીઓ, ગુલામો અને ગુનેહગારોની પસંદગી કરવામાં આવતી. રોમનોએ અન્ય દેશો સાથે યુદ્ધો કરીને એટલા બધા વિજયો મેળવેલા કે કોલેઝિયમના રણમેદાનમાં દુનિયાની જુદી જુદી પ્રજાઓના અનેક ગ્લેડીએટરો (યોદ્ધાઓ) હાજર થતા.


દ્વંદ્વયુદ્ધમાં કોઇ યોધ્ધો ઘવાઇને જમીન પર પડે ત્યારે પ્રેક્ષકોની દયા માગવા માટે એક આંગળી ઉંચી કરતો. જો પ્રેક્ષકો એની જિન્દગી બચાવી લેવા ઇચ્છે તો હવામાં સફેદ રૂમાલો ફરકાવે પણ જો તેને પૂરો કરાવવા ઇચ્છતા હોય તો "ઓકસીડ" "ઓકસીડ" (મારો, મારો) કરીને બુમો પાડતા



પરદેશી મુસાફરો પાસેથી પૈસા પડાવવામાં રોમન લોકો ભારે કાબેલ છે અને એ કામ તેઓ ખૂબ વિનયથી, નરમાશથી અને મુસાફરોને ખૂબ આરામ અને સગવડો આપીને કરે છે. મુસાફરોને શહેરમાં ફરવા માટે બસ-ગાડીઓનો એક મોટો કાફલો હમેશાં તૈયાર રાખવામાં આવે છે અને તે બધી ગાડીઓ સેંટ પિટર્સ સ્કેવરના નામે ઓળખાતાં સ્થળેથી ઉપડે છે.

અને જમણા હાથનો અંગુઠો જમીન તરફ નીચો વાળતા. એ જોઈને પાદશાહ હુકમ આપે એટલે જીતેલો યોધ્ધો પેલા ભોંયે પડેલા પોતાના હરીફ પર હુમલો કરી તેનો જીવનનો દીવો હોલવી નાખતો. એના શબને એક મોટા હુકમાં ભરાવીને "મૃત્યુના દરવાજા"-માંથી ખેંચી લેવામાં આવતું.

માનવીઓનાં આવાં દ્વંદ્વયુધ્ધો ઉપરાંત વિવિધતાને ખાતર સિંહ, વાઘ, રીંછ, હાથી અને હીપોપોટેમસ જેવા વિકરાળ પ્રાણીઓ સાથે માનવીનાં યુધ્ધો પણ ગોઠવવામાં આવતાં. રોમમાં એક સમયે દોઢ લાખ યુવાનો બેકાર રખડતા હતા અને બીજા દોઢ લાખ માણસો બપોરે કામકાજ છોડી દઈને તેમની સાથે મળી જતા. આ ત્રણ લાખ માણસો રોજ કોઈને કોઈ તોફાનો કરવાની યોજનાઓ ઘડતા, એટલે પાદશાહોને એ લોકોને મફત ખોરાક આપવો પડતો તે ઉપરાંત તેમને મનોરંજન પણ પુરૂં પાડવું પડતું. રોમને ઇસ્વી સન પૂર્વે વરસમાં કુલ ૫૯ તહેવારો પાળતા અને ઇસ્વી સનનાં ૪૧ થી ૪૫ વર્ષો દરમીઆન તહેવારોની સંખ્યા વધીને ૧૫૯ની થઈ. આમાંથી પૂરા ૯૩ દિવસો કોલીઝિયમમાં યુદ્ધો ખેલાતા. ધીમે ધીમે યુદ્ધોના દિવસોની સંખ્યા વધવા લાગી અને પાદશાહ ટ્રાજને એકવાર પોતાના એક વિજયના ઉત્સવ નિમિત્તે લાગલાગટ ૧૨૩ દિવસ સુધી એ ખુનરેજી ચાલુ રાખેલી તેમાં દસ હજાર પશુઓ અને દસ હજાર માનવીઓનાં લોહી વહેવરાવવામાં આવ્યાં હતાં.



જગતભરમાં પ્રખ્યાતિ પામેલું રોમનું સેંટ પિટરનું દેવાલય. પોપનો મહેલ વેટીકાન તેની આસપાસ બાંધવામાં આવેલો છે. આ દેવાલયનો પ્રચંડ ઘુમટ "આજ સુધી નહીં બંધાયલો દુનિયાનો મોટામાં મોટો ઘુમ્મટ" તરીકે ઓળખાય છે.

કેટલીકવાર તો મેદાનમાં હિંસક જાનવરોને એકઠા કરીને હથીઆર વિનાના સ્ત્રી-પુરુષોને કેવળ ફાડી ખાવા માટે તેમની વચ્ચે છુટ્ટા મુકી દેવામાં આવતાં અને પાદશાહ, તેની રાણી, અમીરા, ઉમરાવો, "પવિત્ર કુમારિકાઓ" અને નગરજનોની ૫૦,૦૦૦ માણસોની મેદની એ ભયંકર દશ્ય જોઇને રાચી રહેતી.

આ ખુનરેજી ઘણા વર્ષો સુધી ચાલી. આખરે એકવાર તાલમાચુસ નામના સાધુથી આ ભયંકર હત્યા સહન ન થઇ શકવાથી એક દહાડા એ મેદાનમાં કુદી પડયો અને એ ખૂનરેજી બંધ કરવા માટે પ્રેક્ષકાને વિનતિ કરવા લાગ્યો. પ્રેક્ષકોએ તેના ઉપર પથરા ફેંકીને તેને મારી નાખ્યા. તે પછી ઇસ્વી સન ૪૦૪ માં પાદશાહ હોનોરીઅસે એક શાહી ફરમાન મારફતે માનવ હિંસાની આ ભયંકર લીલાને સદાને માટે બંધ કરાવી.

વરસો સુધી ખ્રિસ્તી પાદરીઓ અને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓને "નાસ્તિક" ગણીને મોતની સજા ફરમાવનારા રોમન રાજ્ય ઉપર પાદશાહ કોન્સ્ટેન્ટાઇનના અમલમાં ખ્રિસ્તી સંપ્રદાયનું વર્ચસ્વ સ્થપાયું અને જુના "પેગાન" મંદિરો ખ્રિસ્તી દેવળોમાં ફેરવાઇ ગયાં. સને ૪૯૮ થી ૫૨૪ સુધીના પોપ સીમેકસે રોમમાં "વેટિકાન" નામે ઓળખાતું પોપનું નિવાસસ્થાન બંધાવ્યું. ત્યારથી દુનિયાભરના ખ્રિસ્તીઓના સહુથી વડા ધર્મગુરુનો એ મહેલ દુનિયાભરનો મોટામાં મોટા મહેલ બની રહ્યો છે. આજ સુધીમા ૨૦૦ ઉપરાત પોપ એમાં વસી ચુકયા છે. એ મહેલ આજે "વેટિકાન નગર"ના નામે ઓળખાય છે. એનો વિસ્તાર ૧૦૮ એકરનો છે. એ મહેલમાં ૧૪૦૦ ઓરડા છે, અનેક પુસ્તકાલયો, સંગ્રહાલયો અને કલાકારીગિરીના પ્રદર્શનો છે. એનાં ચિત્રાલયોમાં રાફેલ, ડીવીન્સી, માઇકલૅંજેલો અને ગીઓટા જેવા જગવિખ્યાત ચિત્રકારોનાં અનેક ચિત્રો શોભી રહેલાં છે.

સેંટ પિટરનું દેવળ

ઇસુ ખ્રિસ્તના સહુથી વડા મનાતા શિષ્ય સેંટ પિટરનું રોમમાં દેવળ છે. એની ઉંચાઇ ૪૦૫ ફીટની છે. એ દેવળ ઉપરનો ઘુમટ "આજ સુધી કોઇથી નહીં વિંધાયલા એવા જગતના મોટામાં મોટા પરપોટા" તરીકે ઓળખાય છે.

રોમમાં જોવાલાયક સ્થળોનો પાર નથી. સેંટ પિટરના દેવળનો ઘુમટ, વેટિકાનના બાગ બગીચા, કોલેઝિયમનું ખંડેર, આરસનાં બાંધેલી અનેક પ્રાચીન ઇમારતોના ખંડેરો, દેવળો, કમાનો, ફુવારાઓ વગેરે માનવીની કલા અને કારિગીરીના અગણિત નમુનાઓ વડે રોમ બે હજાર ઉપરાંત વર્ષોથી દુનિયાનું એક અજબ નગર બની રહેલું છે.

ભવ્ય ઇમારતોને ઇટાલીઅન ભાષામાં "પાલાઝો" કહે છે. આવો એક "પાલાઝો કરીરીનેલ" એક વાર રોમના પોપનું નિવાસ સ્થાન હતો, તે પછી એમાં રોમના પાદશાહો રહેતા અને હાલ તેમા ઇટાલીનો પ્રેસીડંટ (પ્રમુખ) વસે છે. મુસોલીનીએ પોતાની મહત્તા વધારવા માટે પાલાઝો ફારનેસ અને પાલાઝો વેનેઝીઆ નામનાં બીજાં બે ભવ્ય મહાલયો બંધાવેલા તે પણ જોવાલાયક છે.

રોમનો શરાબ અને સુંદરીના શોખીન હોય છે. સ્વાદુ ભોજનના પણ તેઓ તેટલા જ શોખીન હોય છે. પરિણામે રોમમાં આજે ૫ ડીલક્સ (સર્વોત્તમ), ૨૩ પહેલા વર્ગની, ૫૦ બીજા વર્ગની, ૪૧ ત્રીજા વર્ગની અને ૨૬ ચોથા વર્ગની મળી કુલ ૨૪૫ આલિશાન હોટેલો અને શરાબખાનાંઓ ધમધમી રહેલાં છે. આખું વરસ રોમમાં અનેક રંગભૂમિઓ અને નાટકશાલાઓમાં નાટકો અને નાચસંગીતના જલસાઓ ચાલતા જ રહે છે. રમતગમતના શોખીનો માટે ગોલ્ફના મેદાનો, ઘોડાદોડની શરતો (જે આખું વરસ

ચાલે છે) અને ટેનસની અને ફુટબોલની "ટુર્નામેંટો" હમેશાં ચાલતી જ રહે છે.

પરદેશી મુસાફરોનો પ્રવાહ રોમ જોવાને માટે રોજરોજ વહેતો જ રહે છે. ૧૯૫૩નાં એક જ વરસમાં ૭૬,૮૧,૯૭૦ મુસાફરોએ રોમની મુલાકાત લીધેલી અને ઇટાલીના દ્રવ્ય ભંડારમાં દોઢ અબજ રૂપીઆ એમના ખીસામાંથી ઠલવાયા હતા. રોમ જગતભરના ખ્રિસ્તીઓનું તીર્થસ્થળ છે અને લાખો યાત્રાળુઓ વેટિકાન જોવા માટે અને પોપના દર્શન માટે દુનિયાને ખુણેખુણેથી રોમમાં આવતા રહે છે.

રોમથી ૨૦ માઇલના અંતર ઉપર દરિયા કાંઠે બે હવા ખાવાનાં સ્થળો આવેલાં છે– ઓસ્ટીઆ અને ફ્રેગેન. વિજળીક ટ્રેનોમાં બેસીને રોમન શહેરીઓ ત્યાં જાત જાતના વિલાસો માણવા જાય છે. થોડા વખત પહેલાં જ ઓસ્ટીઆના સમુદ્રકાંઠા ઉપર વિલ્મા મોંટેસી નામની એક સુંદરીનું અર્ધ નગ્ન શબ મળી આવેલું. એના આશક "માર્કિસ" ઉગો મોંટાનાને હાથે એક પ્રણયલીલામાં એનાં જીવનનો અંત આવેલો. ઉગોની એક બીજી માશુકે અદાલતમાં જુબાની આપતી વખતે કહેલું કે ઉગો ત્યાંની એક વૈભવશાળી હોટેલમાં પ્રણયલીલાના "તમાશા"ઓ ગોઠવતો તેમાં રાજ્યના પ્રધાનો અને પોપના તબીબો ભાગ લેવા આવતા.

ઇટાલી ઉપર આજે ક્રિશ્ચન ડેમોક્રેટીક પાર્ટીની હકુમત ચાલે છે. સેલ્બા નામનો એ પક્ષનો નેતા આજે ઇટાલીનો પંતપ્રધાન છે અને ઇનૉડી તેનો પ્રેસિડેંટ છે.

ભવ્ય ઇતિહાસથી ભરેલાં આ "જગતનો પાટનગર"ના વતનીઓની નસોમાં આજે પણ રેમસ અને રોમ્યુલસને દૂધ પાઇને ઉછેરનાર વરુડીનું દૂધ ઉછળી રહેલું જોવામાં આવે છે.

અ મા રા   મે ઘા ણી ભા ઇ

લેખાંક ૩ જો

લેખકઃ-શ્રી કપિલ ઠક્કર, એમ. એ.

"ચિત્ર-વિચિત્ર" નાટકમાં જયંતની ભૂમિકા આવી કુશલતાથી ભજવનાર એથી તદ્દન જૂદા જ પાત્રની ભૂમિકા પણ એવી જ કુશલતાથી ભજવી શકે છે એ જાણવાનો પ્રસંગ પણ એ નાટકે આપ્યો. "ચિત્ર-વિચિત્ર" સળંગ નાટક નહોતું. વિવિધ પ્રકારના ચુંટી કાઢેલા કેટલાક પ્રસંગો એમાં રજુ કરવામાં આવેલા. એ અરસામાં 'બંકીમનિબંધમાલા' સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી ગુજરાતીમાં પ્રકટ થયેલું તેમાંથી "કમલાકાંતની જુબાની"વાળું અદાલતનું દૃશ્ય અમે પહેલી વાર તખ્તા ઉપર રજુ કરેલું અને અમારા એક સાથી સ્વ. ભાઇ નર્મદાશંકર જાનીએ કમલાકાન્તની ભૂમિકા ઘણી સરસ ભજવેલી.

એવા અન્ય પ્રસંગોમાં સ્વ. અમૃત કેશવ નાયકની મશહૂર નવલિકા "એમ. એ. બનાકે ક્યું મેરી મીટ્ટી ખરાબ કી?"માંથી દંભી અને ગંજેડી સાધુ તુલારામ પટવારીના અખાડાવાળા પ્રસંગને પણ તખ્તા ઉપર રજુ કરવામાં આવેલો. એમાં તુલારામની ભૂમિકા મેઘાણીભાઇએ ભજવેલી અને એમાં એમની નાટ્યકલા વિશિષ્ટ રૂપે ખીલી નીકળી હતી. કથાનો નાયક માણેકચંદ તુલારામના અખાડામાં આવે છે ત્યારે "તું કોણ બાપા?" કહીને તુલારામ એને ઓળખતો છતાં ન ઓળખવાનો ઢોંગ કરે છે; આસપાસ તુલારામના બીજા સાથીઓ બેઠેલા છે; ભાંગ ઘુંટાય છે; ચલમો ફુંકાય છે; ગંગા-જમનાની રંગત ગવાય છે અને માણેકચંદનો જવાબ મળતાં, બને ત્યાં સુધી પદ્યમાં જ વાતો કરવાને ટેવાયલો તુલારામ "

"ગોવિંદાનો ચિરંજીવી ને
માણેક તારૂં નામ!"

એમ લલકારી માણેકચંદ પાસે ભેટ માગે છે અને ભેટ આપવાની પોતાની અશક્તિ જાહેર કરનાર માણેકચંદને

"એમ. એ. થઇને મિત્રવર,
બ્હાનાં ન ખોટાં લાવશો!
લાહોર લૂટી લાવીઆ,
ધન વિપ્ર આગળ વાવશો!"



એવા શુદ્ધ કવિતાના એ ચરણો શિઘ્ર રચી શકવા માટે ગૌરવ લઇ રહ્યા છે એ આખા પ્રસંગની રજુઆત કલાની દૃષ્ટિએ મૌલિક અને અજોડ હતી અને તુલારામ જેવા પાત્રની ભૂમિકા આ રીતે ભજવી શકાય તેનો ખરો ખ્યાલ આપનારી હતી. એ નાટ્યપ્રયોગો ભજવાયા પછી જ અમને ખબર પડી કે

અમસરામાં મેઘાણીભાઈના મિત્રોનું એક મંડલ દર વરસે એવા નાટ્ય પ્રયોગો ભજવતું અને મેઘાણીભાઈ એમાં આગેવાનીભર્યો ભાગ લેતા.

એ ભૂમિકામાં તુલારામ પટવારીને એમના ચેલાઓ અને શાગિર્દો "ગુરુજી" કહીને બોલાવતા હતા. એ નાટ્ય પ્રયોગોમાં કામ કરનારા હાઈસ્કૂલ–કૉલેજના પચાસેક વિદ્યાર્થીઓ તે પછી ઘણો વખત મેઘાણીભાઈને "ગુરુજી" તરીકે સંબોધન કરતા.

ભાવનગરની સનાતન ધર્મ હાઈસ્કૂલમાં મેઘાણીભાઈએ શિક્ષકની નોકરી એક વરસની બંધણીથી સ્વીકારી હતી અને શાળાના સમયનો અરધો વખત જ કામ કરવા માટે પગાર પણ નિયત ધોરણ કરતાં થોડો ઓછો લેતા. બાકીના સમયમાં તેમને એમ. એ. ની પરીક્ષા માટે વાંચવાની ઇચ્છા હતી. અમારી સાથે દોઢેક મહીનો રહ્યા પછી એમણે પોતાનું અલાયદું રહેઠાણ અને રસોડું શરૂ કરવાનું નક્કી કર્યું. અમારા ઘરની નજીકમાં જ શ્રી. ગોપાલજી ઓધવજી ઠક્કરનું ત્રણ મજલાનું એક વિશાલ મકાન ખાલી પડેલું હતું. ગોપાલજીભાઈ સનાતન ધર્મ સ્કૂલના એક માલિક હતા (અને હજુ પણ છે) અને મેઘાણીભાઈ માટે બીજા ઘણાઓની પેઠે એમને પણ બહુ આદર હતો. એમણે એ મકાનનો મેઘાણીભાઈ ઇચ્છે એટલો ભાગ તેમને વાપરવાની રજા આપી અને મેઘાણીભાઈએ ત્યાં વસી, હાથે રાંધીને જમવાનું શરૂ કર્યું. એક દિવસ પોતાની બનાવેલી રસોઈ જમવા એમણે અમને સહુને નોતરેલા, પણ પછીથી એટલો બોજો એકલે હાથે ઉપાડી શકે એમ ન લાગવાથી સ્ત્રી–મહેમાનોએ રસોઈનાં કામમાં એમને મદદ કરી અને એ સાદું જમણ બહુ યાદગાર બની ગયેલું. એ રીતનું જ જીવન ગાળવાના એ વખતે એમના મનોરથ હતા. હાથે રાંધવું, હાથે જ કપડાં ધોવા, એકલા જ રહેવું અને અભ્યાસ કરવો.

અમારા થિઓસોફિસ્ટ બંધુ શ્રી. વેણીશંકર ગોવર્ધનરામ ભટ્ટ એ સમયે ભાવનગરના ઉદિચ્ય વિદ્યાર્થી ભવનના માનદ ગૃહપતિ હતા. તેઓ એક જાણીતા સમાજ સેવક છે. તખ્તેશ્વર મહાદેવના મંદિરવાળી ટેકરીની તળેટીમાં વિદ્યાર્થી ભવનનું મકાન હતું. એમણે મેઘાણીભાઈને સૂચના કરી કે "મને મારા આ કાર્યમાં મદદ કરવા મારી સાથે આવીને રહો. મારે ત્યાં ઘણી જગ્યા છે. તમારા માતા–પિતાને પણ ઇચ્છો તો બોલાવીને અંહી રાખી તમારું સ્વતંત્ર નિવાસસ્થાન ચલાવી શકશો. મારા વિદ્યાર્થીઓને તમારી સોબતથી બહુ લાભ થશે." મેઘાણીએ એ માગણીનો સ્વીકાર કર્યો. થોડા વખત પછી એમના એજન્સીના પોલીસ ખાતાંની લાંબી નોકરીમાંથી નિવૃત્ત થયેલા પિતા કાલિદાસભાઈ, માતા ધોળીમા, નાનાં બ્હેન લાભુ બ્હેન અને નાનકડો ભાઈ બાબુ એ સહુ ભાવનગર આવીને તેમની સાથે રહેવા લાગ્યા.

કાલિદાસ મેઘાણીએ ત્રીસ પાંત્રીસ વરસ કાઠિયાવાડ એજન્સીના પોલીસ ખાતાંમાં ગાળેલા અને એ દરમ્યાન તેઓ ઘણા અંગ્રેજ અને હિંદી પોલીસ અમલદારોના સંસર્ગમાં આવેલા. એમના અનુભવો "સોરઠ, તારા વહેતાં પાણી"માં ઠેકઠેકાણે વર્ણવેલા પડેલા છે. ઝવેર મુખી નામના ભાવનગરના એક કણબી એજન્સી પોલીસના એક નામચીન ફોજદાર હતા. એ દિવસોમાં બહારવટીઆઓની વાતો જાણવાનું કુતુહલ અમને જાગેલું નહીં, એટલે એમના અનુભવો એમને જ મ્હોંયે સાંભળવાનો લ્હાવો અમે ગુમાવ્યો. નહીં તો એમની પાસે એ કથાઓ અને આપવીતીઓનો ખજાનો ભરેલો હતો. ઝવેર ફોજદાર કાલિદાસ જમાદારના ઉપરી અમલદાર હતા. એ અમલદારને વિશેની ઘણી વાતો એ પછી નામદાર દરબારશ્રી વાજસુરવાળા પાસેથી સાંભળેલી અને નિવૃત્તિ કાળમાં

ભાવનગરમાં વસતા ઝવેર મુખીને પણ મેં જોયેલા ખરા. માનવીનું હૈયું કેટલું કઠણ અને ઘાતકી બની શકે છે એ એમની કથામાંથી સમજાયલું. મારો એવો ખ્યાલ છે કે કાલિદાસભાઇના ઝવેર ફોઝદાર ઉપરી હતા એની યાદગીરી તરીકે તેમણે પોતાના ત્રીજા પુત્ર (મેઘાણીભાઇ)નું નામ ઝવેરચંદ પાડેલું.

એ અરસામાં ભાવનગરમાં ફરી એક વાર મરકી ચાલી અને દરબારશ્રી વાજસુરવાળાના બોલાવ્યા અમે સહુ સ્થલફેર માટે હડાળા રહેવા ગયા. હડાળા એ દરબારશ્રીના તાલુકાનાં સાત ગામો માંહેનું એક, કુંકાવાવ અને બગસરાની અધવચ્ચે આવેલું ગામ છે. તાલુકાનું મુખ્ય ગામ બગસરા છોડીને દરબારશ્રી વાજસુરવાળાએ બે હજાર માણસની વસતિ વાળાં ગામડાંને પોતાના કાયમી નિવાસ માટે પસંદ કરેલું અને આખા કાઠિયાવાડમાં અનેક રીતે મશહૂર બનાવેલું. દરબારશ્રી કાઠિયાવાડમાં ઘણે ભાગે "હડાળા દરબાર"ને નામે જ ઓળખાતા. બગસરામાં તો કાઠીઓના તાલુકાઓમાં સામાન્ય રીતે બનતું તેમ ચાર ભાગદાર દરબારો હતા પણ "હડાળા દરબાર" તો એક જ થઇ ગયા. એમના પહેલાં કે પછી કોઇ "હડાળા દરબાર" નહોતા અને નથી. થિઓસોફીના અભ્યાસ વર્ગો સતત ૩૫ વરસ સુધી પોતાને આંગણે ચલાવીને અને ડૉ. એની બેસંટ જેવી જગતવિખ્યાત વિભૂતિને પોતાને આંગણે નોતરીને દરબારશ્રીએ હડાળાનું ગૌરવ ખૂબ વધારી મુક્યું હતું.

મેઘાણી ભાઇનું વતન બગસરા. દરબારશ્રી સાથેનો તેમનો વિદ્યાર્થીકાળનો પરિચય ગ્રેજ્યુએટ થયા પછી વધારે નિકટનો બન્યો. અમે હડાળામાં રહ્યા તે દરમ્યાન દરરોજ તેઓ ૭ માઇલ ચાલીને બગસરાથી હડાળા આવતા અને અમને સાથ આપતા. આ અરસાની એક દુઃખદ કથા, જેમાં સૂક્ષ્મ આંદોલનો ઝીલવાની મેઘાણીભાઇની એ સમયની શક્તિનું મને ભાન થયેલું, તેની વિગતો હવે પછી ઉતારીશ. (ચાલુ)

સૌરાષ્ટ્રમાં સ્ત્રી-શિક્ષણની નવી સંસ્થા

છાત્રાલયની સગવડ સાથનું મહિલા મહાવિદ્યાલય

[ગત વર્ષના ડીસેંબર માસની ૬ ઠી તારીખે પોરબંદરમાં શ્રી. મહિલા મહા વિદ્યાલય નામની સ્ત્રી શિક્ષણની એક નવી સંસ્થાનો શિલારોપણ વિધિ સૌરાષ્ટ્રના પંત સચીવ અને મહાસભાના નિયુક્ત પ્રમુખ શ્રી. ઉછરંગરાય ઢેબરના હાથે કરાવવામાં આવ્યો હતો.

પોરબંદરમાં આર્યકન્યા ગુરૂકુલ નામની એક સ્ત્રી શિક્ષણની સુંદર સંસ્થા છેલ્લાં ૧૮ વરસથી ચાલે છે. તેના સ્થાપક અને સ્ત્રી શિક્ષણના વિકાસ માટે અર્ધા કરોડ જેટલી નાદર રકમના દાતા જાણીતા ઉદ્યોગપતિ શ્રી. નાનજીભાઇ કાલિદાસ મહેતાનાં મનમાં છેક પ્રાથમિકથી માંડીને કોલેજની છેલ્લી શ્રેણી સુધીનું શિક્ષણ આપીઃશકે તેવી એક સંપૂર્ણ સંસ્થા પોરબંદરમાં ચાલુ કરવાનો ઘણા વખતથી મનોરથ હતો. આર્યકન્યા ગુરૂકુલમાં મેટ્રીક-એસ. એસ. સી-ની કક્ષા સુધીનું શિક્ષણ અપાય છે. આ નવી થનાર સંસ્થામાં હાલ કોલેજની પ્રથમ અને દ્વિતીય શ્રેણી (ફર્સ્ટ યીઅર અને ઇંટરમિડીએટ)નું શિક્ષણ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. વખત જતાં એને વિકસાવીને સ્નાતિકા (ગ્રેજ્યુએટ) થતાં સુધીનાં સંપૂર્ણ શિક્ષણ માટે પ્રબંધ કરવાની સ્થાપકની યોજના છે. આમ પોરબંદરમાં સ્ત્રી-શિક્ષણની એક સ્વયંસંપૂર્ણ સંસ્થા તૈયાર થઇ ગઇ છે. એની સ્થાપના પાછળનો મૂળ ઉદ્દેશ શો છે તે જાહેર જનતાના લક્ષમાં લાવવા માટે નીચેનું નિવેદન સ્થાપકો તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.]

અઢાર વર્ષ પહેલાં જ્યારે પોરબંદરમાં આર્ય કન્યા ગુરૂકુલની સ્થાપના કરવામાં આવી તે વખતે કન્યાઓ છાત્રાલયમાં રહીને શાળામાં અભ્યાસ કરી શકે તેવી સંયુક્ત સગવડવાળી સ્ત્રીકેળવણીની કોઇ પણ સંસ્થા સૌરાષ્ટ્રમાં હસ્તીમાં નહોતી. અઢાર વરસના અરસામાં આર્ય કન્યા ગુરૂકુલનો ઘણો જ સરસ વિકાસ થયો છે. હાલ એ ગુરૂકુલમાં રહીને ૩૫૦ ઉપરાંત બ્રહ્મચારિણીઓ અભ્યાસ કરે છે. બીજી ૧૫૦ કન્યાઓની અરજીઓ જગ્યાને અભાવે સ્વીકારી શકાઇ નથી. આ હકીકત સંસ્થાની વધતી જતી લોકપ્રિયતાનો સરસ પુરાવો છે.


આ સંસ્થા માટે અમોએ રૂપીઆ ૨૫ લાખનું ટ્રસ્ટ કરેલું છે. સંસ્થામાં રહેતી પ્રત્યેક કન્યા પાસેથી ખોરાક, કપડાં, પુસ્તકો ઇત્યાદિ તમામ ખર્ચ માટે માસિક રૂા. ૩૫) લેવામાં આવે છે અને ખર્ચમાં ખૂટતી બાકીની (આશરે રૂા. ૨૫) જેટલી રકમ સંસ્થાના ભંડોળની આવકમાંથી આપવામાં આવે છે. શિક્ષણ માટે કશી જ ફી લેવામાં આવતી નથી. સંસ્થા કોઇના તરફથી દાન સ્વીકારતી નથી અને સરકારી ગ્રાંટ પણ સ્વીકારતી નથી.

પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના જંગલોમાં વસતા ભારતીય બંધુઓની પુત્રીઓ છાત્રાલયમાં વસીને અભ્યાસ કરી શકે તેવો કોઇ પ્રબંધ એ પ્રદેશોમાં નથી. વડોદરાના આર્યકન્યા ગુરૂકુલની વિદ્યાર્થિનીઓ ૧૯૩૫ ની સાલમાં આફ્રિકાના પ્રવાસે ગયેલી તે વખતે વડોદરાના જેવું ગુરૂકુલ સૌરાષ્ટ્રમાં સ્થાપવામાં આવે એવી માગણી ત્યાં વસતા સૌરાષ્ટ્રીઓ તરફથી કરવામાં આવેલી. એવી સંસ્થા સૌરાષ્ટ્રમાં સ્થાપવામાં આવે તો પોતાની પુત્રીઓને શિક્ષણ માટે ત્યાં મોકલવાની ઇચ્છા પણ અનેક માવતરો તરફથી વ્યક્ત કરવામાં આવેલી. એ ઉપરથી પૂજ્ય મહાત્મા ગાંધીજી અને ભક્ત સુદામાના જન્મસ્થાન પોરબંદરમાં આ ગુરૂકુલ સ્થાપવાનું નક્કી થયું. આફ્રિકા

જતી આવતી સ્ટીમરો પોરબંદર નાંગરે છે તેથી કન્યાઓના વાલીઓને પોતાની કન્યાઓને અહીં મોકલવાની તેમજ જતાં આવતાં મળવાની અનુકુલતા મળે એ હેતુથી પોરબંદરને પસંદ કરવામાં આવેલું

આ ગુરુકુલમાં કોઈ પણ કન્યાને દાખલ કરવામાં ન્યાતજાત, ધર્મ કે રંગનો ભેદભાવ રાખવામાં આવતો નથી મુસ્લીમ કન્યાઓ પણ આ સંસ્થામાં રહીને અભ્યાસ કરે છે. હાલમાં આફ્રિકા અને અન્ય પરદેશોની ૧૧૫ કન્યાઓ આ સંસ્થામાં છે કુલ સંખ્યાની ૨૦ ટકા જેટલી કન્યાઓ મુંબઈની છે મુંબઈમાં અભ્યાસ માટે વિપુલ સાધનો હોવા છતાં આ કન્યાના વાલીઓની આ સંસ્થા પ્રત્યે કેટલી શ્રદ્ધા છે તે આ ઉપરથી જણાશે પોતાની પુત્રી શાળાના શિક્ષણ ઉપરાંત સારા સંસ્કાર પ્રાપ્ત કરે અને આદર્શ ગૃહિણી અને માતા બને તેવી સર્વે માતપિતાની અભિલાષા હોય છે તે અભિલાષા પૂર્ણ કરવામાં આ સંસ્થા કેટલો ફાળો આપે છે તે સંસ્થાની એક વાર મુલાકાત લેવાથી બરાબર જોઈ શકાય છે સંસ્થામાં ભણતી બ્રહ્મચારિણીઓને અભ્યાસ ઉપરાંત રમત ગમત, વ્યાયામ, સંગીત, શીવણ લલિતકલાઓ વગેરેનું ઉચ્ચ શિક્ષણ આપવાનો પ્રબંધ કરવામાં આવેલો છે. ગુજરાતી ત્રીજા ધોરણથી શરૂ કરીને છેક એસ એસ સી સુધીના વર્ગો ચાલે છે તે પછી પણ જે બ્હેનો ઇચ્છે તેઓ સ્નાતિકા સુધીનો અભ્યાસ કરી શકે તેવો પ્રબંધ છે અન્ય વિષયો સાથે ગુજરાતી, અંગ્રેજી, હિંદી અને સંસ્કૃત એ ચાર ભાષાઓનું શિક્ષણ અત્રે આપવામાં આવે છે સંસ્થાની શાળાનાં છેલ્લાં બે વર્ષોના પરિણામો નીચે મુજબ આવેલાં છે –

સને ૧૯૫૩ એસ એસ સી ૮૩ ટકા, રાષ્ટ્રભાષા ૮૪ ટકા સને ૧૯૫૪ એસ એસ સી ૭૯ ટકા, રાષ્ટ્રભાષા ૯૨ ટકા સને ૧૯૫૨ સંગીત ૧૦૦ ટકા ડ્રોઈંગ ૯૨ટકા સને૧૯૫૩ સંગીત ૧૦૦ ટકા, ડ્રોઈંગ ૯૨ ટકા



શ્રીમાન નાનજીભાઈ કાલિદાસ મહેતા સભાને ઉદ્દબોધન કરી રહ્યા છે

આવા ઉત્તમ પરિણામો સંસ્થાની સરસ શિક્ષણ પ્રણાલિને આભારી છે. ઘણા શિક્ષણશાસ્ત્રીઓ, કેળવણીકારો અને ભારતના મહાન પુરુષોએ આ સંસ્થાની મુલાકાત લઈ તેને માટે ઉત્તમ અભિપ્રાયો આપેલા છે કન્યાઓ માટે આવી ભવ્ય સંસ્થાઓ ભારતભરમાં બહુજ ઓછી હોઈ તેમને જવલ્લેજ જોવા મળે છે તેવો તેમના અભિપ્રાયોનો પ્રધાન સુર હોય છે પોરબંદર પૂજ્ય ગાંધીજીની જન્મભૂમિ હોવાથી અનેક મહાપુરુષોને અહીં આવવાનું બને છે ત્યારે પૂજ્ય બાપુજીના સ્મારક કીર્તિ મંદિરની સાથોસાથ તેઓ આ સંસ્થાને પોતાની મુલાકાતનો અવશ્ય લાભ આપે છે

બાળપણથીજ સારા સંસ્કારો પડે અને સચ્ચારિત્ર્યનું ઘડતર થાય તે આશયથી સંસ્થામાં

વસતી કન્યાઓ સવારસાંજ ધાર્મિક ક્રિયા–પ્રાર્થના કરે તેવો આ સંસ્થામાં નિયમ રાખવામાં આવેલો છે. સઘળા આશ્રમવાસીઓ સવાર સાંજ પ્રાર્થના કરે એવો આગ્રહ પૂજ્ય ગાંધીજી પણ રાખતા. તેમના આશ્રમમાં આવી પ્રાર્થના ફરજીઆત હતી અને હજુ પણ છે. બાપુજી ગમે તે સ્થળે પ્રવાસમાં હોય તો પણ પ્રાર્થનાનો ક્રમ કદી ચૂકતા નહીં અને તેમની પ્રાર્થના સભાઓમાં હજારો માણસો એકત્ર થતા એ હકીકત જગતવિદિત છે. માણસને સંસ્કારી બનાવવા માટે, સાચે માર્ગે લઈ જવા માટે અને તેનું આત્મબળ જાગ્રત કરવા માટે ઈશ્વર પ્રાર્થના એક સબળ હથિયાર છે એવી પૂજ્ય બાપુજીની દૃઢ માન્યતા હતી. બધી જ શિક્ષણ સંસ્થાઓમાં પ્રાર્થના આવશ્યક હોય છે તે મુજબ અમે પણ અમારી સંસ્થામાં તેને આવશ્યક ગણી સ્થાન આપેલું છે અને તેને પરિણામે સંસ્થાની કન્યાઓ શ્રદ્ધાળુ અને ભાવનાશીલ બનતી જોવામાં આવે છે એવો અમારો અનુભવ છે.

પોરબંદર આર્યકન્યા ગુરૂકુલની યથાવત્ સ્થિતિ વિશે આટલું કહ્યા પછી હવે મહિલા મહા વિદ્યાલયનો વિચાર કરીએ. સૌરાષ્ટ્રમાં રાજકોટ ભાવનગર અને જુનાગઢમાં ઉચ્ચ કેળવણી માટે કોલેજો છે, પરંતુ પોરબંદર અને તેની આજુબાજુનો પ્રદેશ સૌરાષ્ટ્રના ખુણામાં આવેલો હોઈ કેળવણીમાં પછાત રહી ગયેલો છે. એથી શિક્ષણનો આ દીવડો અંહી પ્રકટાવવાની અમે અભિલાષા સેવી છે. આ મહિલા મહાવિદ્યાલય માટે રૂપીઆ ૧૫ લાખનું અમે એક ટ્રસ્ટ કરેલું છે. આ મહા વિદ્યાલય ચાલુ વર્ષના જુન માસથી શરૂ થશે. એમાં હાલ તુરત શિક્ષણ તદ્દન મફત આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીની પાસેથી માસિક ફી રૂા. ૪૫) લેવાનું ઠરાવવામાં આવ્યું છે, જેમાં આર્યકન્યાગુરૂકુલમાં રહેતી કન્યાઓની પેઠે બધા ખર્ચનો સમાવેશ થઈ જાય છે. ખર્ચમાં ખુટતી રકમ ટ્રસ્ટની આવકમાંથી પુરી કરવામાં આવશે. છાત્રાલય માટે બીજા કોઈની પાસેથી કશી જ સહાય લેવાની હાલમાં ઇચ્છા નથી. કોલેજ વિભાગમાં સરકાર તરફથી નિયમાનુસાર મળતી ગ્રાંટ લેવામાં આવશે.



પ્રસિદ્ધ વિદુષી કુ૦ સવિતાબ્હેન નાનજીભાઈ મહેતા પ્રવચન કરી રહ્યાં છે.

છાત્રાલયમાં વસતી વિદ્યાર્થિનીઓને ધાર્મિક ક્રિયા–પ્રાર્થના કરવી જોઈશે. પરંતુ ફક્ત અભ્યાસ પુરતી જ કોલેજમાં આવનારી બ્હેનોને માટે એવો કોઈ ક્રમ ફરજીઆત નથી. તેઓ ગુજરાત યુનિવરસીટીના અભ્યાસક્રમ અનુસાર કોલેજમાં હાજરી આપીને અભ્યાસ કરી શકશે.

કોલેજોમાં સહશિક્ષણનો પ્રશ્ન હાલના વાતાવરણમાં ચર્ચાસ્પદ બની રહેલો છે. કેટલીક કન્યાઓના વાલીઓ પોતાની પુત્રીઓને

છોકરા — છોકરીઓ સાથે અભ્યાસ કરતા હોય તેવી સંસ્થાઓમાં મોકલવા રાજી નથી હોતા. આથી એવી કન્યાઓ ઉચ્ચતર શિક્ષણથી વંચિત રહી જાય છે. આવી કન્યાઓ માટે આ મહિલા મહાવિદ્યાલય આશીર્વાદરૂપ નીવડશે એમ અમે માનીએ છીએ આફ્રિકા ઇત્યાદિ પરદેશોમાથી અભ્યાસ કરવા આવવા ઇચ્છતી કન્યાઓ છાત્રાલયમાં રહીને અભ્યાસનો લાભ લઇ શકશે એમ અમારું માનવું છે. સહશિક્ષણ સામે જેમને વિરોધ ન હોય તેઓ ખુશીથી પોતાની પુત્રીઓને અન્ય કોલેજોમા મોકલી શકે છે. પરંતુ આ સંસ્થામાં રહેનારી કન્યાઓ પ્રફુલ્લ ચિત્તે અને કશા સંકોચ વિના ઉચ્ચ કેળવણી લઇ શકે એવો અભિલાષ આ સંસ્થા સેવે છે. આ કથનથી આ સંસ્થા સ્થાપવાનો અમારો ઉદ્દેશ સ્પષ્ટ થશે એવી આશા રાખીએ છીએ.



શિલારોપણનો મંગલ વિધિ પતી ગયા પછી - શ્રીમાન નાનજીભાઇ પંતસચીવ શ્રી. ઢેબરનું મોઢું મીઠું કરાવે છે.

લિ. રાજરત્ન નાનજીભાઇ કાલિદાસ મહેતા
મહિલા મહાવિદ્યાલય ટ્રસ્ટ વતી—મંત્રી.

—માત્ર ટાઇપરાઇટરોની ચાવીઓ દબાવનારા અને હવે પછીની બસ કે ટ્રેન કેટલા વાગે ઉપડે છે ને સિનેમાનો બીજો ખેલ કેટલા વાગે શરૂ થાય છે તેનાજ વિચારમાં મગ્ન રહેનારા માણસો ઉપર આધાર રાખીને તમે જીવન ગાળી શકશો ખરા?

—પોતાનામાં છુપાઇ રહેલી કોઇક તાકાત બહારના સંયોગો કરતાં જરૂર વધારે બલવાન છે એવું માનવાનું સાહસ કરનારા માણસો સિવાય બીજા કોઇએ હજુ સુધી દુનિયામાં કોઇ ગણનાલાયક કામ કરી બતાવ્યુ નથી.

—પોતે જે માનતો હોય તે કહેવાનો દરેક માણસને હક છે એ વાત આપણે જરૂર સ્વીકારીએ છીએ-ફક્ત કહેનાર માણસ જે કહે છે તે ખરેખાત માનતો હોય તો.

—તમારી પાસે વાત કરવા આવનાર માણસ જે વાત કહે તેની સત્યતા વિશે જો તેનાં મનમાં પ્રતીતિ હશે તો તે તમારા ઉપર છાપ પાડયા વિના રહેશે નહીં

—માણસ એ એકજ એવુ પ્રાણી છે કે જે એમ કહે છે કે "હું પ્રાણી નથી"

—માનવીનું મગજ એક અતિ આશ્ચર્ય ભરેલી ચીજ છે. માણસનો જન્મ થાય તે ક્ષણથીજ મગજ કામે લાગી જાય છે અને જાહેર સભામાં એ પહેલીવાર ભાષણ કરવા ઉભો થાય ત્યાં સુધી કદિ કામ કરતું અટકતું નથી.

મૃત્યુના મુખમાં ૨૬ દિવસ

લડાઇઓના વૃત્તાંતો સદા રોમાંચકારી હોય છે. એનો રોમાંચ ભયંકર હોય છે. મહાભારત કે રામાયણના યુદ્ધની, પાણીપત કે પ્લાસીના યુદ્ધની કે જગતના બીજા કોઇ પણ મહાન યુદ્ધની વાતો આપણે ઇતિહાસમાં વાંચીએ છીએ ત્યારે રણભૂમિ પરના યોદ્ધાઓનાં શૌર્યની અને પરાક્રમોની વાતોથી આપણને રોમાંચ થાય છે. પણ આજનાં યુદ્ધોમાં એ પ્રકારનાં શૌર્ય અને પરાક્રમોની જરૂર પડતી નથી. આજે તો યુદ્ધોનાં વર્ણનોમાં કેવલ સંહારોની જ વાતો હોય છે—ભયંકર શસ્રો વડે એકી સાથે હજારો અને લાખો માનવીઓની હિંસાની જ કથાઓ હોય છે.


એવા સંહારોમાંથી ઉગરી જનારા સૈનિકોના અને સૈનિકોની સાથે સાથે કોઇ કોઇ વાર યુદ્ધના મેદાનથી સદા વેગળા રહેનારા એવા નિર્દોષ શહેરીઓના પણ જે હાલ થાય છે તેનાં વૃત્તાંતો યુદ્ધોના ઇતિહાસમાં જોવા મળતા નથી.

અંહી એવી એક વિરલ કથા આલેખવામાં આવેલી છે. એ કથાનો લેખક વોલ્ટર ગિબ્સન નામનો એક બ્રિટિશ સૈનિક છે. જે વૃત્તાંત તેણે આલેખ્યો છે તે બન્યો ત્યારે તેની ઉમર ફક્ત ૨૮ વરસની હતી. લડાઇ પુરી થયા પછી આ વૃત્તાંતમાં જેનું નામ આવે છે એ મેજર એંગસ મેકડોનલ્ડ નામના એક ઘણાં ઉંચા દરજ્જાના અંગ્રેજ લશ્કરી અમલદારના મોત વિશે અદાલતમાં તપાસ ચાલી તે વખતે વોલ્ટર ગિબ્સને એના મૃત્યુના સાક્ષી તરીકે જુબાની આપી હતી. એણે જે હકીકત અદાલતમાં રજુ કરી તે અતિ કરૂણ હતી. એ સાંભળીને એક પત્રકારે તેને એ આખો વૃત્તાંત લખી આપવાની વિનતિ કરી. ગિબ્સનનો લખેલો એ વૃત્તાંત "લંડન સન્ડે એક્સપ્રેસ" નામના અંગ્રેજી અખબારમાં પ્રસિદ્ધ થયેલો તેમાંથી તેના સાર રૂપ ગુજરાતી ભાષાંતર અંહી રજુ કર્યું છે.

માનવીની જીજીવિષા કેટલી પ્રબલ હોય છે અને એ જીજીવિષા કસોટીને પ્રસંગે કેવું ભયંકર સ્વરૂપ ધારણ કરે છે તેનું રૂંવાડા ઉભાં કરે તેવું વર્ણન આ લેખમાં બહુ જ સચોટ ભાષામાં કરવામાં આવેલું છે.

સને ૧૯૪૨ ના માર્ચ મહીનાની ૯ મી તારીખની મધરાત થતાં પહેલાં દસ મિનિટે 'રોઝબૂમ" નામની આગબોટને એક ટોરપીડો (વિનાશિકા)નો ધક્કો લાગ્યો.

અમે તે પહેલાં ત્રણ દિવસે સુમાત્રાના પેડાંગ બંદરેથી ઉપડ્યા હતા. અમારા કાફલામાં ૫૦૦ માણસો હતા. સિંગાપુરના બચાવ માટે રાખવામાં આવેલા લશ્કરના અમલદારો, અંગ્રેજી નોકરો અને તેમનો પરિવાર અને બીજા થોડા નિર્વાસિતો એમાં આવી જતા હતા. અમારાં એ જહાજનું નામ "રોઝબૂમ" હતું.



ધડાકો થયો ત્યારે હું તૂતક ઉપર ઉંઘતો હતો અને અવાજથી જાગી ગયો ત્યારે મને માલમ પડયું કે જહાજ એક તરફ એટલું બધું નમી ગયું હતું કે તૂતકની કીનારી લગભગ પાણીની સપાટી પર પહોંચી ગઇ હતી. બચાવનો

કોઇ ઉપાય હતો જ નહીં એટલે મેં પાણીમાં ભુસકો માર્યો એ વખતે મારે કાને જાતજાતની ચીસો અથડાવા લાગી: "અરે મેક, તું કયાં છે?" "જૉક! તુ જૉક તો નહીં?"

પાણીમાં લાકડાના એક મોટા ટુકડાને એક છેડે વળગી રહેલો એક માણસ મેં દીઠો. એના શરીર ઉપર એક પણ વસ્ત્ર નહોતું. મેં એને પૂછ્યુ, "આ લાકડાનો બીજો છેડો હું પકડી લઉં તો તમને કંઇ વાંધો છે?" એણે જવાબ આપ્યો, "ખુશીથી, દોસ્ત, ખુશીથી પકડી લે."

એકાદ કલાક સુધી એ લાકડાને વળગીને અમે પાણીમાં આમતેમ ઝીંકાતા રહ્યા. તે પછી એક જીવનનૌકા (લાઇફ બોટ)માં ઉભેલા કેટલાક માણસોના ભયગ્રસ્ત ચહેરાઓ અમારી નજરે પડવા લાગ્યા. એ હોડીમા દાખલ થવા માટે માણસો જે ધમપછાડા કરી રહ્યા હતા તે જોઇને કંપારી છૂટે એવુ હતુ થોડીવાર પછી મને ને મારા સાથીને પણ કોઇએ એ હોડી ઉપર ખેંચી લીધા. તે ક્ષણથી માંડીને પૂરા ૨૬ દહાડા સુધી એ હોડી મારું નિવાસસ્થાન બની રહી. એ ૨૬ દહાડા મને અનંત કાલ જેવા લાંબા લાગ્યા હતા.

અમારી એ હોડીની લંબાઇ ૨૮ ફુટની અને વધુમાં વધુ પહોળાઇ ૮ ફુટની હતી. એની કીનારી પાણીના સપાટીથી ફક્ત થોડા જ ઈંચ ઉપર હતી. પ્રભાત થતાં એમને માલમ પડ્યુ કે વધુમા વધુ ૨૮ માણસોનો સમાસ કરી શકે તેવડી એ હોડીમાં અમે ૮૦ માણસો ખડકાયા હતા જેમાંના ઘણા ખરા ઉભેલા જ હતા–એકના ચહેરા સામે ચહેરો રાખીને અથવા એકની પીઠ સાથે પીઠ ઘસાય એ રીતે. જરા પણ હલી ચલી શકાય એટલી જગ્યા જ ન હોતી રહી. આ ઉપરાંત હોડીની કીનારીને વળગીને બીજા ૫૫ માણસો પાણીમાં તરતા આવતા હતા.

હું હોડીના છેવાડાના ભાગમાં હતો. મારી બાજુમાં જ અમારા જહાજ "રોઝબૂમ"નો લાલ ચહેરાવાળો ડચ કમાન ઉભેલો હતો. અમારી નજીકમાં ૧૧ મી ઇંડીઅન ડીવિઝન નો સરદાર બ્રિગેડીઅર "આર્ચી" પેરિસ ઉભેલો હતો. એનાં શરીર પર ફક્ત એક ખમીસ બાકી રહેલું હતું.

અમારી એ હોડીમાં ત્રણ સ્ત્રીઓ હતી. રૂપાળા ચહેરાવાળી અને વાત્સલ્યની રેખાઓવાળી એક બાઇ સિંગાપોર ખાતેનાં બાંધકામ ખાતાંના ઉપરી અમલદારની પત્ની હતી. એનુ નામ હતું મિસીસ નન. બીજી સ્ત્રી એક ડચ અમલદારની ત્રીસેક વરસની વયની પત્ની હતી. ત્રીજી એક પાતળી કાઠીની ચીનાઇ સ્ત્રી હતી. એનું નામ ડોરીસ લીમ. બ્રિટિશ માહિતી ખાતાંમાં એ નોકરી કરતી હતી. હોડીના મધ્યભાગમાં બાર જાવાનીઝ ખલાસીઓ બેઠેલા હતા.

છેડે ઉભેલા બ્રિગેડીઅરે બૂમ પાડીને અમારા સર્વેનું ધ્યાન ખેંચ્યું. અમે જે લોકોએ ભારતીય લશ્કરમાં નોકરી કરી હતી તે બધા એ બ્રિગેડીયરને બબ્બે લડાઇઓમાં લડી ચૂકેલા એક બહાદુર સૈનિક તરીકે ઓળખતા હતા. એની કારકીર્દિ ઉજળી હતી. થાકથી લોથપોથ થઇ ગયેલો છતાં એ ટટાર ઉભો હતો. ખમીસની ચાળથી નીચેના તેના પગ ખુલા હતા. જાણે કે કવાયતના મેદાન ઉપર સિપાહીઓને હુકમ આપતો હોય એવી અદાથી એણે કહ્યુ, "આપણો કમાન આ હોડીનો પણ કપ્તાન બને છે. આપણામાં શિસ્ત સાચવવાની જવાબદારી હુ મારે માથે લઉ છું. તમે બધા બ્રિટિશ સિપાહીઓ છો એ હું જાણું છું અને આ વખતે બ્રિટિશ સિપાહીનું ખમીર બરાબર બતાવશો એવી મને ખાતરી છે. આપણને મદદ આવી મળે ત્યાં સુધી સાચા સિપાહીઓ તરીકેના તમારી વર્તણુકમાં કુદલ ફેરફાર થવા ન દેતા."

એ પછી એણે અમારે માટે રોજનું રેશન (સીધું) નક્કી કરી આપ્યું - જેની જાહેરાત સાંભળીને અમારાં દિલમાં ડખકો જ પડી ગયો. સવારે સૂર્યોદય થતાં દરેકને એક મોટો ચમચો ભરીને પાણી અને રાતે એક ચમચો ડબ્બાનું દૂધ અને એવડો જ ચમચો પાણી! આ ઉપરાંત દરરોજ વારા ફરતી બાર બાર માણસોની વચ્ચે બાર આઉંસ (૩૦ તોલા) માંસનો એક ડબ્બો વહેંચવામાં આવશે એમ જણાવવામાં આવ્યું. ડચ અમલદારની પત્નીની પાસે તેની હેંડબૅગ હતી, એમાંથી કોણ જાણે કેવી રીતે છુપાવી રાખેલો એક મોટો ચમચો તેણે કાઢ્યો. અમારી પાસેનું પાણી ચાલે ત્યાં સુધી એ ચમચો એ પાણીની માપબંધી માટે વપરાવાનો હતો.

હોડીમાં જામેલી ગીરદી કમી કરવા માટે એવું ઠરાવવામાં આવ્યું કે કોઈ રીતની ઇજા ન થઈ હોય તેવા દરેક મરદે વારાફરતી ચાર ચાર કલાક પાણીમાં ઉતરીને હોડીને વળગી રહીને તરતાં આવવું.

તે દહાડે સાંઝ પડતાંમાં ઇંડીઅન આર્મી ઑર્ડનન્સ કોર (હિંદી લશ્કરના તોપખાનાની ટુકડી)નો લેફ્ટનંટ કર્નલ ડગલાસ અમારી હોડીમાં આવી પહોંચ્યો. તે એક તરાપા ઉપર તરતો આવેલો અને એ તરાપો અમારી હોડી તરફ ઘસડાઈ આવ્યો હતો. એના જ્ઞાનતંતુઓ તૂટી જવાની તૈયારીમાં હતા. એણે અમને વાત કરી કે એના તરાપા ઉપર જીંદગીના છેલ્લા શ્વાસો લઈ રહેલી એક ગોરી સ્ત્રી હતી, જેનો એક પગ ધડાકામાં કપાઈ ગયો હતો, અને આર્ગાઇલ્સનો મેજર એંગસ મેકડોનલ્ડ પણ હતો. મેકડોનલ્ડની પાસે બ્રાંડીનો એક શીસો રહી ગયેલો તેમાંથી પોતાની તરસ છીપાવવા માટે તેણે આખો દિવસ બ્રાંડી પીધે રાખ્યો હતો. સમુદ્રની ગરમીમાં એ બ્રાંડીની અસર તેના ઉપર ભયંકર નિવડી હતી.

ડગલાસે કહ્યું, "એંગસ મેકડોનલ્ડ દીવાના માણસની પેઠે બકવાદ કરી રહ્યો છે. એ મને તરાપા ઉપરથી પાણીમાં ફેંકી દેવાની કોશિશ કરતો હતો એટલે તેને છોડીને હું અહીં ચાલ્યો આવ્યો છું."

એ બોલતો ગયો તેમ તેમ તેનો અવાજ તીવ્ર થવા લાગ્યો અને આખરે એના બોલવામાં પણ કશી સરખાઈ ન રહી. એ એક વાક્ય અંગ્રેજીમાં બોલે તો બીજું ઉર્દુમાં બોલે. અમારી હોડીમાંથી કોઈ બોલી ઉઠયું, "આપણી હોડીને એ ડુબાવે તે પહેલાં તેને પાણીમાં જ પધરાવો." બીજી ક્ષણે કોઈ માણસ પાણીમાં ફેંકાયાનો ધબાકો સંભળાયો.

બીજે દહાડે સવારે એંજીનીયરોના મેજર નોએલ કોરીએ એવી દરખાસ્ત કરી કે હોડીની અંદરની ગીરદી ઓછી કરવા માટે પોતે બીજા કેટલાક સાથીઓની મદદ વડે એક તરાપો બનાવવા માગતો હતો. અમારા જહાજ "રોઝબુમ"ના ઘણા ટુકડાઓ દરિયામાં તરી રહ્યા હતા તેમાંથી તેણે એક સાલપાંખડા જેવો તરાપો બનાવ્યો પણ ખરો. અમારાં પહેરેલાં કપડાંના લીરા અને દરિયામાંથી એકઠા કરેલા સાઇસલના રેસાઓ વડે એ તરાપાને અમારી હોડીની સાથે બાંધવામાં આવ્યો. એ તરાપા ઉપર ૨૦ માણસો જઈ બેઠા ત્યારે તેઓ બધા કમર સુધી પાણીમાં ડુબી રહે તેટલો એ તરાપો ઉંડો ઉતરી ગયો.

તે પછીના ત્રણ દિવસમાં તરાપા પરથી એક પછી એક માણસ પાણીમાં સરકતો ગયો. છેલ્લે કોરી એકલો જ બાકી રહ્યો અને તે પણ જીવતા માણસ કરતાં મુરદા જેવો વધારે લાગતો હતો. તેના શરીરનો કમરની ઉપરનો ભાગ સૂર્યના તડકાથી કાળો પડી ગયો હતો અને પગ પાણીમાં પલળી પલળીને સડી ગયા હતા. પેરિસના કહેવાથી કોરીને અમારી હોડીમાં લઈ લેવામાં આવ્યો અને તે જ રાતે એ મરણ પામ્યો.

થોડા દિવસમાં ભૂખની પીડા વધવા લાગી, પણ તે પછી ખોરાક નહીં મળવાને કારણે અમારી ભૂખ મરી ગઈ. પણ તરસ તો વધતી જ ચાલી. આખો વખત બધા માણસો પોતાના હોઠ ચાટયા કરતા હતા પણ આખરે તરસની સામે બધા જ હારી ગયા. દરિયાનું પાણી કોઈએ પીવું નહીં એવી અમને મના કરવામાં આવેલી છતાં રાતને વખતે ઘણા માણસો ચોરીછુપીથી ખારૂં પાણી પી લેતા. પછી તો બધાએ મનાઈ હુકમની પરવા કર્યા વિના છડેચોક દરિયાનું પાણી પીવા માંડયું. ખારૂં પાણી પુષ્કળ પીધાથી કેટલાક માણસો એક એવી મૂર્છામાં પડી જવા લાગ્યા કે જે મૂર્છા ફરી વળતી જ નહીં. એમાંથી કોઈ શુદ્ધિમાં આવે તો તે પાગલ બની જતો.

સૂર્યના સખત તડકાને લઈને અમારાં માથાં ઉપર ફોલ્લાઓ ઉઠવા લાગ્યા એટલે સહુના શરીર ઉપર જે કપડાં હતાં તે ફાડી ફાડીને એના લીરા પાણીમાં ભીંજવીને સહુ માથા ઉપર મૂકવા લાગ્યા. પણ ખારાં પાણીને લઈને ફોલ્લાની વેદના ઉલટી બમણી થઈ પડી.

ધીમે ધીમે અમને બધાને જાત જાતની ભ્રમણાઓ થવા લાગી. આવી ભ્રમણાઓનો પહેલો શીકાર ગોર્ડન હાઈલેંડર્સનો એક કાળો સારજંટ બન્યો. એક દહાડે સવારે એ બોલી ઉઠયો, "હવે ઝાઝી વાર નહીં લાગે, કેમ? ઉડતી હોડી હમણાં પાછી આવવી જોઈએ."

"વળી ઉડતી હોડી કઈ?" મેં પૂછયું.

"કેમ, કાલે રાતના આવી હતી તે જ તો" તેણે કહ્યું, "પેલી હોડી, સ્ત્રીઓને ઉઠાવીને પાછી ઉડી ગઈ તે."

એક સિપાહી હોડીની કીનારી પરથી નીચો નમીને દરિયાનું પાણી પીવા લાગ્યો અને બોલી ઉઠયો, "આ પાણી મીઠું છે! ખરેખર આ મીઠું પાણી છે!"

મને પણ ધોળે દહાડે અને જાગ્રત અવસ્થામાં સ્વપ્નો આવવા લાગ્યાં–ખાણીપીણીની મિજલસો અને મિત્ર મંડળીઓના સંમેલનોના સ્વપ્નો. અને એ સ્વપ્નોમાંથી ચાલતી હોડીનો કીચુડ કીચુડ અવાજ સાંભળીને હું જાગી ઉઠતો.

અમે હોડીમાં બેઠા તે વખતે અમારા વચ્ચે જે ભાઈચારો અને મિત્રભાવ હતો તે ધીમે ધીમે ઓસરવા લાગ્યો. અમે એક બીજાના ઉપર જાસુસી કરવા લાગ્યા. પહેલેથી જ કેટલાક માણસો અમારા ખાવાના સીધાં (રેશન) તરફ જાસુસી રાખતા જ આવેલા પણ જેઓ જાસુસી કરતા હતા તેઓ જ ખાઈ જતા હોય તો એમની ઉપર બીજું કોણ નજર રાખનાર હતું? રોજે રોજ પાણી અને દૂધ વહેંચાય ત્યારે અમારી હાલત મુરદું ફાલી ખાવા એકઠાં મળેલાં ગીધડાંઓ જેવી થઈ જતી.

અમારામાં અંદર અંદર દુશ્મની કેમ વધતી જતી હતી તેનો એક દાખલો આપું. એક સાર્જંટ મેજરને તરતાં આવડતું નહોતું તેથી તેનો પાણીમાં રહેવાનો વારો આવ્યો ત્યારે એને એક 'લાઈફ-બેલ્ટ' (બુચનો બનાવેલો પટ્ટો) આપવામાં આવેલો. એક બીજા એવા જ તરતાં નહીં આવડનાર માણસે તેની પાસે એ પટ્ટો માગ્યો, પણ સાર્જંટ મેજરે તે આપવાની ના પાડી અને જીંદગીની સાથેની જાણે કે એ પટ્ટો ઇશ્કી સાંકળ હોય તેવી હુજ્જતથી તેને એ વળગી રહ્યો. આખરે તે પટ્ટો તેની પાસેથી બળાત્કારે ખુંચવી લેવામાં આવ્યો. તે રાતે તેણે વેર લેવાનો નિશ્ચય જાહેર કર્યો. એ પછી કોઈએ એને સારી પેઠે માર માર્યો. બીજે દહાડે સવારે એ સારજંટ મેજર હોડીમાં નહોતો!

એની પેઠે રાતને વખતે બીજા માણસો પણ ધીમે ધીમે અદૃશ્ય થવા લાગ્યા.

અમારા બધાના મનમાં ઉંડે ઉંડે એક જ ખ્યાલ હતો કે દર એક માણસ ઓછો થાય તેટલા પુરતી હોડીમાં મોકળાશ વધતી જાય છે.

એ અરસામાં હોડીના વચગાળેના ભાગમાં બેસી રહેતા અને એક બીજાના કાનમાં ગુસપુસ વાતો કરતાં પાંચ માણસોની એક ટોળીની હીલચાલે તરફ અમારું લક્ષ ખેંચાયું. તેઓ આજુબાજુ જે રીતે આંખો ફેરવતા હતા તે જોતાં અમને લાગ્યું કે એમનો મનસુબો કૈંક નવાજૂની કરવાનો હોવો જોઇએ.

એક રાતે વાવાઝોડું થયું તેથી હોડીમાં ઘણું પાણી ભરાઇ ગયું. પાણી ઉલેચવામાં અમે કેટલાક માણસો તનતોડ જહેમત ઉઠાવી રહ્યા હતા તે વખતે અમારે કાને ચીસોનો અવાજ અથડાતો હતો. બીજે દહાડે સવારે હોડીમાંથી ૨૦ માણસો અદ્રશ્ય થઇ ગયેલા માલમ પડ્યા. એ જોઇને મને ખાતરી થઇ કે વચ્ચેના ભાગમાં બેસનારા પેલા પાંચ આદમીઓએ એક ખૂની ટોળી બનાવી હતી અને એવો નિશ્ચય કર્યો હતો કે બાકીના બીજા ભલે મરી જાય પણ પોતે પાંચ જણાએ તો કોઇ પણ જોખમે બચી જવું.

દિવસો વીતતા ગયા તેમ તેમ મામલો વધારે બગડતો ગયો. એકવાર વહાણનો અમલદાર બે દિવસ સુધી મૂર્ચ્છાવશ થઇને પડી રહ્યો. એના ચહેરા ઉપર ફોલ્લા ઉઠી આવ્યા હતા. એનું માથું એની પત્ની પોતાના ખોળામાં રાખીને ડચ ભાષામાં આશ્વાસનના શબ્દો બોલી રહી હતી. એક રાતે એ બાઇ બોલી ઉઠી, 'ને, ને,''–કેમ જાણે કે તેને સમજાવતી અને પટાવતી હોય! એકાએક તે ઉઠ્યો, બાઇનો હાથ છોડાવીને અંગ્રેજીમાં બૂમ પાડી ઉઠ્યો, "જઉં છું – તરવા જઉં છું... મદદ મેળવવા જઉં છું." એટલું બોલીને એ હોડીમાંથી પાણીમાં કુદી પડ્યો અને તરતો તરતો નજર બહાર નીકળી ગયો.

તેની પત્ની આખો દિવસ ધીમે સ્વરે કલ્પાંત કરતી બેસી રહી. સૂર્યાસ્ત થયે હોડીને જરા આંચકો લાગતો હોય તેવો અમને ભાસ થયો. એ સ્ત્રીએ દરિયામાં ભુસ્કો માર્યો હતો.

બ્રિગેડીયર પેરિસ ઘેનમાં પડી ગયો. એની દેખભાળ રાખવાનું કામ કેપ્ટન માઇક બ્લેકવુડ નામના એક સાથીએ સ્વેચ્છાથી પોતાને માથે ઉઠાવી લીધું હતું. પેરિસની તે એટલી બધી માવજત કરતો હતો કે પોતાના ભાગનો પાણીનો ચમચો પણ ઘણી વાર એ પેરિસને જ પાઇ દેતો. એક દહાડે બ્રિગેડીયર પેરિસ એકાએક ઘેનમાંથી જાગ્રત થઇને બ્લેકવુડને કહેવા લાગ્યો, "ચાલ દોસ્ત, આજે તો આપણે ક્લબમાં જઇને એકાદ શરાબની બાટલી પી આવીએ!"

જાણે કે સાંઝને વખતે લટાર મારવા નીકળેલા બે દોસ્તો વાત કરતા હોય તેવા મિજાજથી બ્લેકવુડે જવાબ આપ્યો, "જરા મોડેથી જઇશું સાહેબ! હમણાં નહીં."

તે પછી થોડીવારે બ્લેકવુડે ખબર આપ્યા કે બ્રિગેડીયર પેરીસ મરણ પામ્યો હતો. એનું શબ અમે હોડીમાંથી દરિયામાં સરકાવતા હતા તે વખતે બ્લેકવુડને યાદ હતા તેટલા દફનક્રિયા વખતે બોલવાના પવિત્ર મંત્રો એણે ઉચ્ચાર્યા. ફક્ત બ્રિગેડીયર એક જ અમારા સહુમાં એટલો પ્રીતિપાત્ર હતો કે એની અંતિમ ક્રિયા આ રીતે કરવાની હીમ્મત અમે માંડમાંડ બતાવી શક્યા. બીજા કોઇને અમે એ માન આપી શક્યા નહોતા.

બીચારો બ્લેકવુડ પણ પોતાના મિત્રના મરણ પછી એક જ દિવસ જીવ્યો. એ બેશુદ્ધ થઇને હોડીને તળીએ જઇ પડ્યો અને રાતમાં મરણ પામ્યો.

બ્રિગેડીઅરનાં મરણ પછી ફક્ત બે જ કલાકમાં ડચ કપ્તાનને તેના ઇજનેરે છાતીમાં છુરી ઘોંચી દીધી. અમે એક ચીસ સાંભળી,

ડચ ભાષામાં બે માણસોને ગાળાગાળી કરતા સાંભળ્યા અને કપ્તાનની પાસે કોઇ જઇ પહોંચે તે પહેલાં તો એંજીનીયરની છુરી એની પાંસળીઓ સુધી ઘુસી ગઇ હતી.

કોઇએ બૂમ પાડી, "એને પૂરો કરો!" અને એક માણસ ઇજનેરના શરીર ઉપર ઝીંકાયો ઇજનેર એ વખતે કપ્તાનના કબજામાં બાકી રહેલો ખોરાક (માંસના ડબ્બા) ઝુંટવવાની કોશિશ કરતો હતો. પેલા માણસના હુમલાથી એ નાઠો અને દરિયામાં જઇ પડયો.

આવા ઘણાક આત્મઘાતો થયા અને તે દરેકની પાછળ એકજ ભાવના કામ કરતી હતી. જે માણસ પાણીમાં કુદી પડવાનો નિશ્ચય કરતો તેના મનમાં એવો વિચાર આવતો કે બાકીનાઓને બચી જવાનો થોડો ઘણો પણ સંભવ છે ખરો. એટલે જેટલો ખોરાક હાથમાં આવે તેટલો ઉઠાવીને એ દરિયામાં ફેંકવા લાગતો અને છેલ્લે છેલ્લે હોડીને બને તેટલી વાંકી વાળીને અંદર પાણી ભરાઇ જાય તેવી પણ કોશિશ કરતો. મરતાં મરતાં યે એને બીજાઓ જીવી જાય એ ગમતું નહીં!

તારીખ ૭ મીને રવિવારની સાંજે અમારા મીઠા પાણીનો છેલ્લો શીશો ખલાસ થઇ ગયો.

તે દહાડે લેફ્ટેનંટ કર્નલ જી. એ. પામરે અમારી સમક્ષ એક ટૂંકું પ્રવચન કર્યું. "હવે આપણી જિંદગી ટકી રહે એવી મને બહુ આશા લાગતી નથી. મિસીસ નન કહે છે કે હવે આપણે ઇશ્વરને યાદ કરીએ. એ પ્રાર્થના કરવા માગે છે."

કોણ જાણે કેવી રીતે–ઇશ્વર જાણે ક્યાંથી–પણ હોડીમાંથી એક બાઇબલ (ખ્રીસ્તીઓનું ધર્મ પુસ્તક) નીકળી આવ્યું. એનાં ઘણાં પાનાં ફાટી ગયાં હતાં અને બચ્યાં હતાં તે પાણીમાં ભીંજાઇ ગયાં હતાં. સૂર્યના તાપથી કાળા પડી ગયેલા ચહેરાવાળી મિસીસ નન ઉભી થઇ. એનો અવાજ થાક અને તરસને લઇને ઘણો જ ધીમો પડી ગયો હતો અને તરડાઇ જતો હતો. એણે બાઇબલ ખોલીને મોટેથી વાંચવા માંડયું, અને પછી "પ્રભુ તું મારો સાથી!" એ પ્રાર્થના ગાવા માંડી ત્યારે અનેક સંકટોમાંથી ત્રાસી ગયેલા અને જિન્દગી બચાવવા માટે મરણીયા બનેલા એ વિવિધ દેશોના, વિવિધ ભાષાઓ બોલનારા, વિવિધ રંગના માણસોનો શંભુમેળો પ્રાર્થનામાં સૂર પૂરાવવા લાગ્યો!

એ પ્રાર્થના થઇ તે દહાડે અમે પચાસેક માણસો હોડીમાં બાકી રહ્યા હોઇશું. એ પછી ઝડપથી માણસો ઓછા થવા લાગ્યા.

એક દહાડે સવારે પામર અદૃશ્ય થયેલો હતો. પોતાના હોઠ પણ હલાવવાને અશક્ત બની ગયેલી મિસીસ નને મને કહ્યું, "પામરનું ખૂન કરવામાં આવ્યું છે, મેં ખૂનીઓને દીઠા છે." હોડીના મધ્ય ભાગમાં દુષ્ટ ચહેરાવાળા અને ધમકી આપી રહ્યા હોય તેવા દેખાવવાળા પેલા પાંચ આદમીઓ બેઠેલા હતા. તે દહાડે મિસીસ નન પણ બેભાન બની ગઇ અને ફરી શુદ્ધિમાં આવી જ નહીં.

પેલી ખુનીઓની ટોળી હવે ખુલ્લા મેદાનમાં આવી. એકાએક તેના માણસો એક જવાન સિપાહીના ઉપર પાછળથી કુદી પડ્યા અને માંસના ખાલી થયેલા ડબ્બાનું ધારદાર પતરૂ તેમણે તેની ગરદન ફરતું ફેરવી દીધું. વૉરંટ ઓફિસર મેકેન્ઝીએ એ જોઇને મને કહ્યું, "તને નથી લાગતું કે આપણને બધાને આ લોકો મારી નાખશે? એ માણસો હોડીનો કબજો પોતાના હસ્તક લઇ લેવા માગે છે."

મે મનથી વિચાર કર્યો કે આપણે પણ જેવાની સાથે તેવા થવું. મેં મેકેન્ઝીને પૂછ્યું, "એ ટોળીને દરિયામાં ફેંકી દેવાના નેક કામમાં આપણામાંથી કેટલા શામિલ થશે?"

રાતનું અંધારું થયે મેકેન્ઝીએ એક પછી એક બધાઓને પૂછવા માંડયું અને પછી

મને કહ્યું કે એ ટોળકીનો અંત લાવવા માટે ૧૪ માણસો તૈયાર છે. અમે બધા એકઠા થઈને એ પાંચ માણસોની ટોળી ઉપર તૂટી પડ્યા. અમને જોઈને એમાંના એક જણે "પેલા લોકો આવે છે" કહીને કાચની એક બાટલી કાઢી. આરજાઈલ્સવાળા ડ્રમર હાઈડે એ છલાંગ મારી અને પેલાએ તેના માથા ઉપર બાટલી પછાડી. બીજા બે જણાએ તેને પકડીને દરિયામાં ફગાવી દીધો. એ પછી અમે બધાએ તેમના ઉપર હુમલો કર્યો. હોડીને તળીએ અમારી વચ્ચે સારી પેઠે ઝપાઝપી ચાલી. એક પછી એક એ પાંચેને અમે એટલી ઝડપથી દરિયામાં ફેંક્યા કે બધાનો જાણે એકી સાથે જ નિકાલ કરી નાખ્યો હોય એમ લાગ્યું. એમાંના ત્રણે હોડીની કિનારી પર હાથ મૂકીને ફરી અંદર આવવાની કોશિશ કરવા માંડી. અમે નિર્દય બનીને હલેસાં રાખવાના લોખંડના કડાં વડે તેમનાં આંગળાં છુંદી નાખ્યાં.

એ પછી અમે વીસેક માણસો બાકી રહી ગયા. મને ચોક્કસ ખબર નથી—પણ એટલા હશે. સૂર્યના તાપથી અને ખારાં પાણીથી અમારાં શરીર ઉપરનાં રહ્યાં સહ્યાં કપડાંના પણ લીરા થઈ ગયા હતા અને આખરે અમે સહુ નવસ્ત્રા બની ગયા. શરીર પર ઠેકાણે ઠેકાણે અમને બધાને પાઠાં પડી ગયા અને અંદરનું માંસ સડવા લાગ્યું.

એ પછી જે બનાવો બન્યા તેનું મને બહુ જ ઝાંખું સ્મરણ છે, પણ એટલું યાદ છે કે એક દહાડે વરસાદ આવ્યો અને એક દહાડે અમે પંખીઓ પકડ્યાં હતાં. ઘણીવાર અમે આકાશમાં વાદળાં દીઠેલાં. એ હમણાં વરસવા લાગશે એવી આશામાં અમે મ્હોં ખુલ્લાં રાખીને રાહ જોતા રહેતા પણ પછી વાદળાં બીજી જ દિશામાં વરસવા ચાલ્યાં જતાં જોઈને અમે હતાશ થઈ જતા. પણ આખરે એક દહાડે તો ધોધમાર વરસાદ વરસ્યો. મેં કહ્યું કે પહેલવહેલાં તો આપણી પાસેની જે ચાર પાણીની બાટલીઓ છે તે પૂરેપૂરી ભરી લીધા પહેલાં કોઈએ પાણી પીવું નહીં. હોડીને તળીએ વરસાદનું એકઠું થયેલું પાણી ઘણું ગંદુ લાગતું હતું છતાં એનાથી અમે અમારા બાટલાઓ પહેલા ભરી લીધા. એ પછી અમે ધરાઈ ધરાઈને વરસાદનું પાણી પીધું.

આશરે બારેક પંખીઓ એકવાર આકાશમાંથી ઉતરી પડયાં, અમારી ફરતા ચક્કર મારવા લાગ્યાં અને પછી હોડીમાં, અમારા માથાં ઉપર અને ખભા ઉપર બેસી ગયાં. અમે બધા થોડી વાર તો સ્થિર થઈને બેસી રહ્યા. પછી બધાએ એકી સાથે હાથ ઉઠાવ્યા અને પંખીઓને પકડી લીધાં. સાત પંખીઓ હાથમાં આવ્યાં તેને અમે ચીરી નાખ્યાં અને તેમનું કાચું માંસ ભુખ્યા વરૂઓની પેઠે અમે ખાઈ ગયા.

આમને આમ કલાક પછી કલાક અને દિવસ પછી દિવસ વીતવા લાગ્યો. અમે બધા બોલવાની તાકાત પણ ગુમાવી બેઠા હતા. દરિયાના પાણીના અવાજ અને હોડીના કીચુડાટ સિવાય બીજો કોઈ સ્વર કાને પડતો નહોતો. કોઈ બોલે નહીં, બેઠું હોય, ત્યાંથી હલે પણ નહીં. આખરે એમ કરતાં કરતાં અમારામાંથી ફક્ત સાત જણા બાકી રહી ગયા—એક ડોરીસ લીમ, એક સિપાહી, ચાર જાપાનીઝ અને હું.

મારી તંદ્રામાંથી મને એક વાર પેલા સિપાહીએ ઢંઢોળીને કહ્યું, 'જૉક, જૉક, મને મદદ કર, જૉક!'

પેલા ચારમાંના બે જાપાનીઝ એના માથા ઉપર હલેસાં રાખવાના કડાં પછાડતા હતા. એક ત્રીજા જાપાનીઝે ડબ્બાનું પતરું કાપી લઈને ધારદાર છુરી જેવું હથિઆર બનાવેલું તે તેની ગરદન પર ધરી રાખ્યું હતું. એ લોકો ખરેખાત પાગલ બની ગયા હતા.

તે રાતે ચારમાંનો એક જાવાનીઝ મરી ગયો. રાતના અંધારામાં હું ચાર પગે ચાલતો ચાલતો હોડીને તળીએ પહોંચ્યો અને હલેસાં મારનારા જેટલાં કર્યાં હાથમાં આવ્યા તે બધાં એકઠાં કરીને મેં દરિયામાં ફેંકી દીધા. હવે જો પેલા જાવાનીઝનો ઇરાદો મારી કે ડોરિસ ઉપર હુમલો કરવાનો હોય તો તે માટે તેમને બીજા હથીઆર શોધવા પડે તેમ હતું.

અમે આખો દિવસ અમારી આંખો એ ત્રણ જાવાનીઝ તરફ માંડીને જ બેસી રહેતાં પણ રાતે અમે આંખો ખુલ્લી રાખી શકતાં નહોતાં. એક રાતે મારી કોણી પાસે કશીક હલચલ થતાં હું આંચકા સમેત ઉંઘમાંથી જાગી ઉઠ્યો. મારી પાસે એક જાવાનીઝ ઉભો હતો. એ હસતો હતો અને ફરી ફરીને એની ભાષામાં એકનો એક શબ્દ બોલી રહ્યો હતો. એ શબ્દનો અર્થ "જમીન" થતો હતો એમ મને સમજાયું ત્યારે મેં બાજુ ફરીને નજર કરી ત્યાં મને ખુદ અંધકાર કરતાં યે વધારે અંધારો એવો એક પરછાયો નજરે પડયો.

અમે પાંચે જણા હોડીના કીનારાને વળગી રહ્યા. જે દેખાય છે તે ખરેખાત જમીન છે એવું માનતાં પણ અમે ડરતાં હતાં. અને પછી તો સમુદ્રના મોજા કાંઠા સાથે અથડાઇને પાછા વળવાનો અવાજ અમે સ્પષ્ટ સાંભળ્યો. જમીન સાચેસાચ આવી પહોંચી હતી!

અમે એ લાઇફ બોટમાં ૨૬ દિવસ ગાળ્યા હતા અને એક હજાર માઇલનો પંથ કાપ્યો હતો. જે ટાપુ ઉપર અમે ઉતર્યા તેનું નામ સિપોરા હતું અને સુમાત્રાથી એ ૬૦ માઇલના અંતર ઉપર આવેલો હતો. ત્યાં અમે છ અઠવાડિયાં સુધી મલાયાના એક ગામડાંમાં રહ્યાં તેટલામાં જાપાનીઓ ત્યાં પહોંચી ગયા અને અમને પકડીને કેદીઓની છાવણીમાં લઇ જઇ પુરી દેવામાં આવ્યા.

આ બધી વાતોમાં એક વાત મને બરાબર યાદ રહી ગઇ છે. એક દહાડે મલાયા લોકો મારી પાસે એક અરીસો લઇ આવ્યા. મેં એમાં જોયું તો સામે કોઇ હિંદી ફકીરના જેવો અસ્તવ્યસ્ત, કાળો, ગાલના હાડકા ઉંચા ઉપસી આવેલો એક ચહેરો દેખાયો. એના ઉપર દાઢી મુછ અને માથા પર વાળના ઝાંખરા વધી વધીને તેની ગુંચ પડી ગયેલી હતી. એ ચહેરાવાળાં શરીરમાં માંસ હતું નહીં, એ શરીરની ચામડી કાળી શાહી જેવી બની ગઇ હતી અને પાંસળીઓ પાસેના ભાગમાં દાઝી ગઇ હતી. આગમાંથી જાણે કે કોઇએ લાખંડનો અરધો બળેલો ને મરડાઇ ગયેલો ટુકડો ખેંચી કાઢ્યો હોય એવું એ શરીર દેખાતુ હતું.

અરીસો નીચે મૂકીને મેં ડોરીસ લીમની સામે જોયું ને ડોરીસે મારી સામે જોયું. અમારા જહાજ સાથે ટોરપીડો અથડાઇ તે ક્ષણ પછી તે વખતે પહેલી જ વાર એનાં મ્હોં ઉપર હાસ્ય રમવા લાગ્યું.

અમે જીવી ગયાં હતાં!

[ગુજરાતી અનુવાદ કરનાર—ડૉ. દિલીપકુમાર રા. ઠક્કર, એમ. ડી. જીંજા (યુગાંડા)]

—જે કામ કરવા માટે પગાર આપવામાં આવતો હોય તેનાં કરતાં વધારે કામ જે માણસ કરતો નથી તે મળતા પગારને માટે પણ લાયક નથી.

—અબ્રાહામ લિંકન

એક અજોડ પત્ર

છેલ્લી દસ મિનિટ થયા ભુરાભાઇના હાથમાં એક પત્ર હતો. હતો તો નિર્જીવ કાગળ, પણ એ જાણે કે એક જીવતો જીવ હોય એમ ભુરાભાઇ એને પંપાળતા હતા અને સાથે સાથે પોતાની લાક્ષણિક અને સૂત્રાત્મક શૈલીએ એ પત્ર વિષે પતંજલિ ભગવાનના યોગસૂત્રોની બરાબરી કરે એવા અને જેનું ઊંડાણ માપવા માટે લાંબા નિદિધ્યાસનની આવશ્યકતા રહે એવાં વાક્યો એક પછી એક બોલ્યા કરતા હતા.

"આ એક પત્ર નથી. આ તો તવારીખનું એક જ્વલંત અને અમર પાનું છે. એમાં એક આત્મકથા સમાયેલી છે. એ પત્ર પરના અક્ષરો એ બારાખડીના અક્ષરો નથી. જીવતા હૃદયનાં ધબકારા છે."

"કોઇ પ્રેમપત્ર છે?" મેં પૂછ્યું.

"બસ! પૂછી પૂછીને પૂછ્યું ત્યારે તમારી કલ્પના પ્રેમપત્ર સુધી જ પહોંચી? ધાર્યું જ હતું કે આ પ્રશ્ન તમે પૂછશો."

"કોનો છે?" મારા મિત્ર રતિભાઇએ પ્રશ્ન કર્યો.

"પુનર્જન્મ પામેલા એક પાપી મનુષ્યનો."

"જરા સ્પષ્ટતા કરો તો ઠીક થાય." મારા બીજા મિત્ર મનુભાઇ અમારી વ્હારે ધાયા.

"એક કેદીનો પત્ર છે. એકવારના કેદીનો."

"રાજ્યદ્વારી કેદીનો કે અમસ્થા કેદીનો?" મેં પ્રશ્ન કર્યો. તરતજ મને યાદ આવ્યું કે મારી ઉતાવળમાં કેદીઓના "રાજ્યદ્વારી" અને "અમસ્થા" એવા મેં પાડેલા બે વિભાગોના પરિણામે ભુરાભાઇ મને એક લાંબું પ્રવચન આપશે. પરંતુ સુભાગ્યે મારો ડર ખોટો કર્યો.

"આ પત્ર એક વખતના અડંગ ચોરનો છે." ભુરાભાઇ સામા રસ્તા પર આવી રહ્યા હતા.

"કોના પર લખાયો છે? તમારા પર?"

"એક સંત પર લખાયો છે." ભુરાભાઇ વળી પાછા ગુંચવાડો વધારતા બોલ્યા.

આજથી પચીસેક સાલ પહેલાં કોઇએ આ વાક્ય સાંભળ્યું હોત તો એનો એ એક જ અર્થ કરત. પણ સંત શબ્દ ૧૯૪૨ ના જાન્યુઆરી માસમાં ક્રાન્તિના ઘણા ઘા ખાઇ ચૂક્યો હતો. આ કારણે ભુરાભાઇના વાક્યમાં પેઠેલો સંત અમારા મનોચક્ષુ સમક્ષ કોઇ સ્પષ્ટ ચિત્ર નીપજાવી ન શક્યો.

"એ સંત ક્યાં છે?" મેં પૂછ્યું.

"જેલમાં—સંતો જ્યાં હોવા જોઇએ ત્યાં. નવ વરસની સખત મજૂરી સાથેની સજા ભોગવે છે."

"રાજ્યદ્વારી કેદી છે?"

"કેદીઓના એ વર્ગો હવે રહ્યા નથી. રહી શકે નહિ. હું તો બધા જ કેદીઓને રાજ્યદ્વારી કેદીઓ જ ગણું છું."

"મતલબ કે આ કેદી, સંત—જેના પર આ પત્ર આવ્યો છે તે—કોઇ ફોજદારી ગુનાહની સજા ભોગવે છે. એમ જ ને?"

"એમ ખરું અને ખરું નહિ પણ" દુનિયાના અનેક સળગતા પ્રશ્નોને ઠારી શકે એવું એક સૂત્ર ભુરાભાઇના મુખમાંથી નીકળી ચૂક્યું.

રતિભાઇ, મનુભાઇ અને હું ત્રણે ઉમરમાં ભુરાભાઇથી ઠીક ઠીક નાના હતા અને એમનું માન રાખતા હતા. પરંતુ એમની આ રીતથી અમારી ધીરજ ક્યારની ખૂટી ગઇ હતી. અલબત્ત આ રીતે વાત કરવામાં એમનો મૂળ ઉદ્દેશ અમારી જિજ્ઞાસાને તીવ્ર બનાવવાનો હતો પરંતુ આ પ્રયોગ વધારે વાર ચાલુ રહે તો અમારી અતિ તીવ્ર બનેલી જિજ્ઞાસાનું, બહુ ભૂખ્યા થયેલાની ભૂખ મરી જાય તે રીતે, અધઃપતન થવાનો ભય હતો. આ ભય સ્પષ્ટ કરવાની મને જરૂર લાગી તેથી મેં કહ્યુ, "ભુરાભાઇ, તમે આમ તુટક તુટક વાક્યો બોલી અમને ટળવળાવો નહિ. અમે શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ કે તમારી પાસેના પત્રમાં કશુંક જાણવા જેવું અને ઉપયોગી તત્ત્વ હશે જ. કૃપા કરી અમને એ બરાબર સમજાવો અને શક્ય હોય તો એ પત્ર પણ અમને વંચાવો. અગત્યની ન હોય એવી બાબતમાં પડતા તમને અમે કદી જોયા જ નથી. અમારી જિજ્ઞાસા ઘણી જ તીવ્ર બની છે."

"સાંભળો ત્યારે, આજથી બે અઢી વરસ પહેલાં દિનેશચંદ્ર જોશી નામના એક ગ્રેજ્યુએટ યુવાનને નવ વરસની આકરી સજા થયેલી તેનો કિસ્સો યાદ છે?"

હું અખબારમાં કામ કરતો હતો એટલે મને એ કિસ્સો બરાબર યાદ હતો. દિનેશ જોશી એક ખાનદાન કુટુંબનો નબીરો હતો પરંતુ ખોટા ચેકો, ઉઠાવગીર વિમા કંપનીઓ, બનાવટી ફંડફાળા વગેરે અનેક કામોને પરિણામે એના પર સંખ્યાબંધ કેસ થયેલા અને એને જેલમાં જવું પડેલું.

"દિનેશચંદ્ર જોશી પર ખોટા ચેકના વગેરે અનેક આરોપો હતા. અત્યારે મને એ બરાબર યાદ નથી પરંતુ એને નવ વરસની સજા થયેલી એ મને ખબર છે. અને એ સજા પણ તે તદ્દન નિર્દોષ હોવા છતાં થયેલી એ પણ હવે મને ખાતરી થઇ છે." ભુરાભાઇએ સ્પષ્ટતા કરી.

દિનેશ પરના આરોપોની સ્પષ્ટ સ્મૃતિ ન હોવા છતાં એના નિર્દોષપણા પરત્વે આવો છાતીઠોક અભિપ્રાય આપતા ભુરાભાઇ હવે વધારે અકળ લાગ્યા. અમે એકબીજાની સામે જોયું.

"દિનેશ જોશી નિર્દોષ હતો?" બીજું કાંઇ ન સૂઝવાથી વાતનો પ્રવાહ આગળ ચાલે એ હેતુથી મેં પ્રશ્ન કર્યો.

"આ પત્ર એ કહી જશે. ગુલામીને માટે ન્યાય હોતો નથી એ સત્યની આ પરથી સચોટ ખાતરી મળે છે. સ્વરાજ્ય મળ્યા પછી આપણે અત્યારની ન્યાય કોર્ટોને નાબૂદ કરવી પડશે.

"નાબૂદ" શબ્દ સાંભળતા હું જરા મુંઝાયો. સ્વરાજ્ય મળે પછી શું શું નાબૂદ કરવાનું છે એ બાબતની સવિસ્તર અને સટીક યાદી ભુરાભાઇ પાસેથી મેં અનેક વાર સાંભળી હતી. ભુરાભાઇ એ નાબૂદીની યોજનાઓ સમજાવવા માંડે તો પત્રની વાત કદાચ અદ્ધર લટકી રહે એવી પૂરી દહેશત હોવાથી અમે ત્રણે યુક્તિપ્રયુક્તિથી ભુરાભાઇને પ્રસ્તુત બાબત પર લાવ્યા.

"ત્રણ વર્ષની સજા ખાઇને છૂટેલા એક કેદીએ આ પત્ર દિનેશ જોશી પર લખ્યો છે." છેવટે ભુરાભાઇએ પ્રકાશ પાડયો.

"દિનેશ જોશી તો હજી જેલમાં જ છે ને?" મેં પૂછ્યું.

"બીજે ક્યાં હોય? બાપડો મજૂરી ખેંચતો હશે, માર ખાતો હશે, ચક્કીએ કે ઘાણીએ જોડાતો હશે. તદ્દન નિર્દોષ છે. આ પત્ર જ બોલશે. આ પત્ર નથી પણ એક નવલકથા છે. તોફાને ચડેલા મહાસાગરમાં ખડક પર અડગ ઊભેલી એક દીવાદાંડી છે. બળબળતી રેતીના રણમાં આવેલો એક શીતલ રણદ્વીપ છે."

ભુરાભાઇની ઉપમાઓ કાવ્યની નજીક ને નજીક પહોંચતી ગઇ ત્યારે કોણ જાણે કેમ મારા મનમાં મારા ગામની શાકપીઠના કાછીઆઓ મોટી બૂમો પાડી, સંગીતમય સ્વરે કરીને સાકરના લાડવાની, ગુવારને રેશમના દડકાની અને પપૈયાને હાફુસ કેરીની ઉપમા આપતા તે યાદ આવ્યું. ભુરાભાઇની અને મારા ગામમાં મેં બચપણમાં સાંભળેલા આ કાછીયાઓની વચ્ચેનું સામ્ય હું મનમાં બેસાડતો હતો ત્યાં ભુરાભાઇએ મારી સામે જોઇ કહ્યું: "અખબારના પાનાં પર આ પત્ર ચમકે તો સનસનાટી ફેલાવી દેશે."

એટલું બોલી ભુરાભાઇએ છેવટે એ પત્ર મારા હાથમાં આપ્યો. ઉપર ઉપરથી જોતાં લાગ્યું કે પત્ર તદ્દન ગામઠી જેવી અણઘડ ભાષામાં લખાયેલો હતો.

"મોટેથી વાંચો. સૌ સાંભળીએ. હું પોતે વાંચત, પણ જ્યારે જ્યારે હું એ વાંચું ત્યારે મારૂં હૈયું ભરાઇ આવે છે."

મેં પત્ર વાંચવો શરૂ કર્યો.

"વકીલ સાઇ દીનુભાઇની સેવામાં—

મારો કાગળ મળે તારે તમને નવાઇ લાગશે. મારે હવે બહુ સારૂ ચાલે છે તે તમને લખી જણાવુ છું. હું જ્યારે જેલમાં હતો તારે તમે મને બહુ સારી સારી વાતો કહેતા ઇ વખતે તો તમારી વાત મને ગળે નોતી ઉતરતી અને તમે બોલતા તારે હું તમને મનમાં ગાળ પણ દેતો પણ પાછુ રાતે સુતી વખતે મનમાં આવતુ કે તમે માનસ નથી પણ દેવતા છો ને ભગવાન છો. તમારી શીખામણ માની તી પછી બીડી છોડી દીધી ને જેલમાં છેલા તણ મઇના બીડી પીધી નોતી. નકરતો પેલા પેલા અભરામ વાડર પાહેંથી બીડી માગીને પીતો. બે વરસ લગણ તમે મને બહુ ભણાવ્યો ને તમારે પરતાપે લખતા શીખ્યો. તમને તો સરકારે નવ વરસની મજુરી આપી છે ને તમે કાંઇ ગુનો કર્યો નોતો તોય મન વાળતા કે ગયા જલમના પાપ હશે અને રોઇદી મન રોવચલા નઇ ને ભગવાનને બાજી બળાવી મન આનંદમાં રાખતા. ઇ વાત પછી મને બેઠી કે તમે અમથા અમથા મજુરી ભોગવો છો ને હું તો મોટો પાપી તણ વરસમાં છુટી ગયો. જેલમાંથી નીકળી દરવાજે જ તમારી શીખામણ પરમાણે ચાલવાના સોગન ખાધા. મારી મજુરીના પાંચ રૂપિયા જ મારી પાહેં હતા કારણ કે અભરામ વાડરે ચા બીડી ને પાનના પૈસા એમાંથી લઇ લીધાતા. અભરામને મનમાં મેં ગાળ ચોપડાવી પણ પાછો વળી તમારી શીખામણ પરમાણે ચાલ્યો ને ભગવાનને પારથના કરી કે અભરામભાઇને બુધિ આપજે. ટેશન પર મેં એક શેઠીયાનુ ગજવુ કાતર્યું અને એક પાકીટ હાથ કર્યું પણ પાછો તમારી શીખામણ યાદ કરી શેઠીયા પછવાડે હાલ્યો ને ઇ ગાડીમા ચડતોતો તારે પુછી લેધુ કે શેઠીયાભઇ તમારૂ કાંઇ ખોવાય છે એમ પૂછી પાકીટ એના હાથમાં સુપાત કર્યું. ઇણે ઇનામ આપવાની વાત કાઢી પણ હું બીકથી ભાગી ગયો. મંદીરે જઈ ટોપી ઉતારી ભગવાનની પારથના કરી ને ભગવાનના મોંમાં તમારૂ મોં દેખાણુ. દીનુભાઇ મારી પાહેં પાંચ રૂપિયા હતા તીમાં આઠ દી કાઢ્યા તારે છો આના બાકી હતા પણ મેં કોઇના ગજવા કાતર્યાં નથી. બીજે દી ચા પીધી તારે ચાર આના હતા ઇ વખતે પાછી પારથનાં કરી કે હે ભગવાન મરી જઇશ તો પણ ચોરી નથી કરવી. હું મારવો હોય તો મારજે ને તારવો હોય તો તારજે. તી પછી બારના રસ્તાપર હાલતોતો તારે એક શેઠીયાની ગાડીનો ઘોડો તોફાને ચડેલો તે મારામાર ભાગતોતો ને ગાડીમાંથી શેઠીયો કુદીને વાહેં દોડતોતો પણ બારે ડોલે વાહેં રઇ ગયો ને ગાડીમાં બઉ છોકરા રોતાતા તીમાં મેં દોડીને ઘોડાને પકડી પાડયો નકર ગાડી ભાંગી જાત. શેઠીયાએ મને પચાસ રૂપિયા ઇનામના આપ્યા. મેં કીધું રૂપિયા પાછા લ્યો ને ખુશી હો તો નોકરી આપો. શેઠીયો કહે ઘોડા જાળવતા

"ભરી હૃદયમાં નરી સરલતા, અમી જીભમાં" એ પંક્તિથી શરૂ થતા આ સૉનેટે અને અન્ય કવિઓના કાવ્યોએ પણ જનતાનું સારું ધ્યાન ખેંચ્યું. ચતુર જેવા એક ચોરી–લબાડીમાં કુશળ અને રીઢા થયેલા માણસને આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચાડનાર દિનુભાઈની આધ્યાત્મિક ઉચ્ચતા માટે લોકોને ખરેખર અને વાજબી રીતે ઉચ્ચ મત બંધાયો. આ કાર્યમાં મારો ફાળો નાનોસૂનો નહોતો તેથી મને પણ ઊંડો આત્મસંતોષ થયો.

આ પ્રમાણે જનતામાં જે મત કેળવાયો તેને કારણે થોડી સભાઓ પણ ભરાઈ. દિનેશ જોશીને છોડી મૂકવાની માગણી કરતા ઠરાવો *થયા. પગલાં સમિતિઓ* નીમવામાં આવી.

આમ વાતાવરણ ગરમ હતું એટલામાં જેલના સુપરિન્ટેન્ડેન્ટ તરફથી અખબારોમાં પ્રસિદ્ધ કરવા માટેનો એક પત્ર અમને મળ્યો. એ પત્ર નીચે મુજબ હતો.

"અત્રેની જેલમાં નવ વરસની સખત મજુરી સાથેની સજા ભોગવી રહેલા દિનેશ જોશીની બાબતમાં કેટલાંક અખબારોમાં હમણાં હમણાંમાં આવેલાં લખાણો પર મારું ધ્યાન ખેંચવામાં આવતાં એ બાબતમાં થોડા ખુલાસા કરવા જરૂરી લાગે છે. એક તો એ કે જેલમાં પત્રોની આવજાવ ખાસ સંયોગોમાં અને ચોક્કસ નિયમોને અનુસરીને જ થવા દેવામાં આવે છે. અત્રે આવતા અને અત્રેથી જતા પત્રોની નોંધ રાખવામાં આવે છે તે તપાસતાં કહેવાતા ચતુરનો કોઈ પણ પત્ર મજકૂર દિનેશ જોશી પર આવ્યાનું જણાતું નથી. બીજું એ કે અખબારમાં છપાયેલા પત્રના લખાણનો બારીકીથી અભ્યાસ કરતાં એમાંના શબ્દો શિક્ષિત માણસના ન હોય એમ લાગે છે છતાં લખાણની શૈલી કદાચ કોઈ સારા શિક્ષિત માણસની હોય એમ લાગે છે. ત્રીજું એ કે મજકૂર દિનેશ જોશીને લોહીના કોગળા થયાનો બનાવ કદી બન્યો નથી અને અત્રે તેની તંદુરસ્તી દાખલ થતી વખતે હતી તે કરતાં વધારે સારી છે. છેવટની અને સૌથી વધારે અગત્યની વાત એ છે કે ચતીયો ઉર્ફે *ચતુર કે ચતુરભાઈ ઉર્ફે ચતરભજ* એવા નામનો કોઈ પણ કેદી આ જેલમાં કદી હતો જ નહિ.

"આશા છે કે આ ખુલાસાઓ પછી મજકુર પત્રને કેટલું વજન આપવું એ જનતા સમજી શકશે."

આ ખુલાસો, અલબત્ત, અમે તાબડતોબ છાપવા માટે કંપોઝ વિભાગમાં મોકલી આપ્યો. આમ છતાં અમારા મનનું સમાધાન થયું નહિ એટલે અમે ગાડી મોકલી ભુરાભાઈને અમારી ઑફિસે બોલાવ્યા અને એમને આ લખાણ વિશે વાત કરી.

"નર્યું જુઠાણું, નરી બનાવટ" ભુરાભાઈએ તરવાર કાઢી "સાબિત કરી આપીશ. છપાવો એ કમબખ્તનો ખુલાસો. પછી જોઈ લઈશ. ભલે મને પણ જેલમાં મોકલે."

'એમ ઉતાવળા ન થઈ જાઓ, ભુરાભાઈ, જરા નિરાંતે વાત કરીએ. તમને આ પત્ર ક્યાંથી મળ્યો?"

"દિનુભાઈ પાસેથી."

'કઈ રીતે?"

"પેલી સત્સંગ–મંડળવાળી બ્હેનો જેલમાં સ્ત્રી–કેદીઓને ભજન સંભળાવવા અને ઉપદેશ આપવા જાય છે ને? તેમાંની એક બ્હેન પાસેથી."

"એ પત્ર જે કવરમાં આવ્યો હશે તે કવર ક્યાં? તમારી પાસે છે?"

"એ બ્હેન પાસેથી કવર વગર જ આવેલો. કવરનું શું કામ છે?"

"આપણા અતિ ઉત્સાહમાં આપણે એક અગત્યનો મુદ્દો ભૂલી ગયા છીએ. ચતુરે આ કાગળ ક્યાંથી લખ્યો છે, કઈ તારીખે લખ્યો છે, આપણા શહેરમાંથી લખ્યો છે કે બીજા

શહેરમાંથી, ચતુર ક્યાં છે, ક્યા શેઠને નોકરી કરે છે, એમાંની કોઇ બાબતની ણે તપાસ કરી નથી. એ માટે પ્રથમ તો ા કવર પરની પોસ્ટલ તારીખવાળી છાપ ા જોઇએ. મને હવે લાગે છે કે બીજાં કબારોએ ચતુરનો પત્તો મેળવવા પ્રયાસ કરી પરંતુ તેઓ એમાં નિષ્ફળ ગયા હશે."

ભૂરાભાઇ ઊંડા વિચારમાં પડયા.

"અને ભુરાભાઇ," અમારા તંત્રીએ ચલાવ્યું, તુરનો પત્તો ન મળે ત્યાં સુધી આ વાત ાપણે બીજી કઇ રીતે સાબિત કરી શકીએ?"

"ચતુર હોવો જ જોઇએ. એનો પત્તો ળવો જ જોઇએ. દિનુભાઇ છે, પત્ર છે, ત્રમાંની જીવનકથા છે, તો પછી ચતુર કેમ હોય? અને જો ચતુર ન હોય તો આ ત્રની હસ્તી જ કેમ સંભવે?"

અમારી ચર્ચાને અંતે અમે ચતુરનો પત્તો મેળવવા માટે પ્રયાસ કરવાના નિશ્ચય પર આવ્યા. આ પ્રયાસ ચાલતા હતા એટલામાં પેલો સરકારી ખુલાસો બધાં જ અખબારોને છાપવો પડ્યો. કોઇ પણ તંત્રીની એ ખુલાસા પરત્વે કાંઇ જ કહેવાની હિંમત નહોતી. અમારા પર ઘણા પત્રો આવ્યા. પેલા કવિનો પણ એક પત્ર હતો તેમાં આવો સરસ પૃથ્વી છંદ અને આવું ભાવનાવાળું સોનેટ નકામું લખાયું તે માટે ઊંડું દુઃખ વ્યક્ત કરી અમને અમારા કામકાજમાં વધારે બાહોશી અને સાવચેતીથી ચાલવાની ડંખભરી સૂચના હતી.

ચતુરની તપાસમાં અમે ઘણી ચીવટથી અને મૂંગે મોઢે લાગી રહ્યા હતા. એકવાર ચતુરનો પત્તો મળે તો પછી બીજી બધી બાબતોને પહોંચાશે એમ માની અમે શહેરના કેટલાયે તબેલાઓ તપાસી જોયા. બીજી ઘણી રીતે તપાસ કરી જોઇ અને ઘણા દિવસો ગાળ્યા. આ દરમ્યાન અમારા તંત્રીને એક વાત સૂઝી. મને બોલાવી પેલી સત્સંગ મંડળની બ્હેનોનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરવાનું એમણે સૂચન કર્યું.

થોડીઘણી મહેનત પછી મેં તેઓનો પત્તો મેળવ્યો. બિચારાં ભલાભોળાં અને પ્રૌઢ ઉમરના બ્હેનો હતાં. જેલમાં–ખાસ કરીને સ્ત્રી કેદીઓને–અવારનવાર ભજનો વગેરે સંભળાવવા અધિકારીઓની ખાસ રજાથી તેઓ જતાં. તેમાંના એક આગેવાન બહેને મને છેવટનો ખુલાસો આપ્યો.

"અમે એકવાર અમલદારોની રજા લઇ પુરુષ કેદીઓનો વૉર્ડ જોવા ગયેલાં એ વખતે દિનેશભાઇએ એ પત્ર અમારાં ઉમાબેનના હાથમાં આપેલો અને 'જાણવા જેવું છે' એટલું કહેલું. ઉમાબેન દિનેશભાઇનાં દૂરદૂરનાં સગાં છે."

"જેલના કોઇ અમલદારો ત્યાં હતા નહિ?"

"હોય ખરા, પણ અમારા પર એવું કડક ધ્યાન ન રાખે."

"વારૂ. પછી શું થયું?"

આજુબાજુ જોઇ એ બ્હેને જરા વધારે ધીમે અવાજે મને કહ્યું, "ઉમાબેન જરા દોઢડાહ્યાં છે. એમણે એ પત્ર ભુરાભાઇને પહોંચાડયો."

"એના પરનું કવર ક્યાં ગયું?"

"કવર હશે જ નહિ."

"કેમ? કવર હોવું જ જોઇએ."

"સાંભળો તો ખરા. અખબારોમાં જ્યારે આ પત્ર છપાયો ત્યારે એ બાબત જેલમાં પૂછપરછ થઇ હતી. અખબારમાં પત્રની છબી આવી હતી ને? તેમાંના અક્ષર દિનેશભાઇના અક્ષરને બરાબર મળતા આવતા હતા એમ સાબિત થયું."

"એટલે કે........"

"એટલે કે પત્ર દિનેશભાઇએ પોતે જ લખેલો હતો. સારું થયું કે જેલના અધિકા-

રીઓએ એ વાતને આગળ વધવા ન દીધી, નહિ તો ઉમાબેનને અને અમારે જવાબ દેવો પડત. એમ તો બાપડા અમલદારો સારા માણસો છે હો."

"તમને કોઇએ કાંઇ પૂછ્યું ન્હોતું?"

"કાંઇ જ નહિ. અમે પણ કાંઇ બોલ્યાં નથી. પણ આ વાત બહાર પાડશો નહિ."

એ બ્હેનનો આભાર માની એમની રજા લઇ, ઓફીસમાં જઇ તંત્રીશ્રીને મેં ખબર આપ્યા કે દિનેશ પોતે જ ચતુર હતો, એટલું જ નહિ પણ ઘણો જ ચતુર હતો.

ભુરાભાઇને આ બાબતની જાણ થઇ ત્યાર પછી એમનુ મારી સાથે મળવાહળવાનું ઘણું ઓછું થઇ ગયેલું પણ એકાદ માસના પુખ્ત વિચાર પછી એમણે એવો અભિપ્રાય આપેલો કે "દિનેશ જોશીએ છૂટી જવા માટે કે પોતાની સજા ઓછી કરાવવા માટે આ કારસ્થાન કર્યું હશે."

મેં કહેલું, "અથવા કદાચ આપણને સૌને ઉલ્લુ બનાવી મજા કરવાનો પણ એનો ઉદ્દેશ હશે. એણે પણ જેલમાં પેલા અભરામ વોર્ડર મારફત છાપાં મંગાવીને તો વાંચ્યા જ હશે ને?"



આલમગીરનો ડંકો

મોગલ હકુમતના સમયની એક રસમય વાર્તા

[બાબરથી આલમગીર સુધીના જે છ મોગલ પાદશાહો દિલ્હીના તખ્ત ઉપર રાજ્ય કરી ગયા તે બધા અસાધારણ બુદ્ધિશક્તિવાળા લોકોત્તર માનવીઓ હતા. એ પ્રત્યેકમાં એવી કોઇ કોઇ વિરલ વિશિષ્ટતાઓ હતી કે એ વડે તેઓનાં નામ સહસ્રાબ્દિઓ સુધી ભારતના ઇતિહાસમાં ચિરંજીવ રહી જશે. એ બધામાં રાજ્યખટપટ, કુનેહ, દુરંદેશી, કાવતરાં વગેરેમાં આલમગીર સહુથી વધારે પાવરધો હતો. ઉપરાંત જીવનની સાદાઇ, ધર્મમાં શ્રદ્ધા, રણમેદાનમાં શૌર્ય અને જોખમ ખેડવાની બહાદુરી, અને પોતાનાં કામમાં અથાક પરિશ્રમ અને ખંત આલમગીરમાં અસાધારણ પ્રમાણમાં ભરેલાં હતાં. વિરોધીઓ અને દુશ્મનોને દાવપેચથી હંફાવવા માટે એ કેવી યુક્તિ-પ્રયુક્તિઓ કરી શકતો તેનું એક સરસ દ્રષ્ટાંત આ વાર્તામાંથી મળી આવે છે.]

ઇસ્વી સન ૧૭૧૫ ની સાલની વાત છે.

ગરીબપરવર ખાજા મોઇનુદ્દીન ચીસ્તીની અજમેરમાં આવેલી દરગાહના વિશાળ ચોગાનમાં આસમાનમાંથી જાણે કે કોઇ વિશિષ્ટ પ્રકારની ચાંદની રેડાઇ રહી હતી. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ એ ચોગાનમાં બે ત્રણ જગ્યાએ યાત્રાળુઓનાં છૂટાછવાયાં નાનાં મંડળો વાતો કરતાં બેઠેલાં જોવામાં આવતાં હતાં. દરગાહથી દૂરના ભાગમાં શહેનશાહ ફરૂખસીયરના લશ્કરના ચાર મોગલ સિપાહીઓ કોઇએક વૃદ્ધ અફઘાન સાથે વાતો કરતા બેઠા હતા. સિપાહીઓએ ઠંડીથી બચવા માટે એક નાનું તાપણું સળગાવેલું હતું. રાત્રિનો ત્રીજો પ્રહર ચાલતો હતો તેમ છતાં સિપાહીઓ જાગતા જ હતા કેમકે વહેલી સવારે તેઓને દિલ્હી તરફ જવાનો વિચાર હતો. ઉપરાંત અજમેર આવતા રસ્તામાં સાથે થઇ ગયેલા અફઘાન બુઝુર્ગ સાથે વાતો કરવામાં રંગ આવ્યો હતો. બુઝુર્ગ અફઘાનિસ્તાનના ગીલઝાઇ મુકામેથી ગરીબનવાઝ ખાજાપીરની દરગાહના દર્શન કરવા ખાસ આવ્યો હતો. યુવાન મોગલ સિપાહીઓ એની સાથે રાજકારણ ચર્ચી રહ્યા હતા. પટણાનો સુબેદાર હુસેનઅલી અને અલ્હાબાદનો સુબેદાર અબ્દુલ્લાહ એ બે ભાઇઓએ મળી ઔરંગઝેબના મરણ પછી ચાલતી અંધાધુંધીનો લાભ લઇ પૂતળા જેવા ફરૂખસીયરને ગાદી પર બેસાડ્યો હતો. અબ્દુલ્લાહ પોતે વઝીર બન્યો હતો અને પોતાના ભાઇને સેનાપતિ બનાવ્યો હતો: આ બધી બાબતોની વિગતવાર માહિતિ મોગલ યુવાનો બુઝુર્ગ અફઘાનને આપી રહ્યા હતા.

"હકૂમતે હિન્દુસ્તાનમાં બે સૈયદો પોતે ધારે એને પાદશાહ બનાવી શકે એવો વખત આવ્યો છે એમ ને?" ગંભીર અવાજે વૃદ્ધ અફઘાને પૂછ્યું, "તો પછી મજકૂર સૈયદ ભાઇઓ પોતે જ કેમ તખ્તે તાઊસ પર નથી બેસી જતા?"

"એમાં એક ભેદ છે ખાન સાહેબ," એક યુવાન બોલ્યો.

"શો ભેદ?"

"આ બન્ને સૈયદ ભાઇઓ એકબીજાની એટલી બધી અદેખાઇ કરે છે કે એક શહેનશાહ થાય તો બીજાથી તે દેખી ખમાય નહિ. આ કારણે તેઓએ ગાદી પર પોતાના હાથ નીચે

રહે એવા પાદશાહને બેસારી અંદરના ઝગડાને ટાળ્યો છે. બન્ને ભાઇઓની સત્તા એક સરખી જ છે."

બુઝુર્ગ અફઘાને આ સાંભળી એક સ્મિત કર્યું. લગભગ સીત્તેર સાલ વટાવી ગયેલા એ ઝઇફની શ્વેત દંતપંક્તિ તાપણાના પ્રકાશમાં મોતીઓની હાર જેવી ચમકી ઊઠી.

"ત્યારે તો શહેનશાહ આલમગીર મરહૂમ પછી તખ્તે તાઊસ પર બેસનારે બીજાઓની દયા પર જ આધાર રાખવો પડે છે એમ જ ને? માત્ર આઠ વરસમાં આટલો બધો ફેરફાર? સાંભળવા પ્રમાણે આલમગીર પાદશાહના મરણ પછી આ ત્રીજો પાદશાહ છે."

"એમ જ. શહેનશાહ આલમગીરે કેટલાં વરસ રાજ્ય કર્યું?"

"પચાસ વરસ. જબરી કુનેહ હતી એ પાદશાહમાં."

"આપ એમના લશ્કરમાં ક્યાં સુધી હતા?"

"મને નોકરી છોડ્યે દસેક વરસ થયાં. ત્યારનો હું મારા વતનમાં જ છું. આ દરગાહમાં બરાબર પાંત્રીસ વરસ પહેલાં આવી જ એક રાત્રિયે આવ્યો હતો."

"યાત્રાએ આવ્યા હતા?" એક યુવાને પૂછ્યું.

"ના. ખાસ શાહી કામે. જો તમને નિંદર ન આવતી હોય તો મારો એ અનુભવ કહું."

"આભાર થશે, ફરમાવો" કહી એક યુવાને તાપણામાં બે લાકડાં મૂક્યાં. બીજા ત્રણે યુવાનો પોતાનાં આસનો સ્હેજસ્હાજ ફેરવી વાત સાંભળવા એકાગ્ર બન્યા. બુઝુર્ગ અફઘાને બે ત્રણ વાર સમુદ્રીણ જેવી પોતાની શ્વેત દાઢી પર હાથ ફેરવી વાત શરૂ કરી:

આજથી બરાબર પાંત્રીસ સાલ પહેલાં હું દિલ્હી હતો. એ વેળા મરહૂમ પાદશાહના લશ્કરો દિલ્હીથી દૂર હતાં. માત્ર સાતસોએક અહાદીસનું ખાસ લશ્કર દિલ્હીમાં હતું. અમે અમારી છાવણીમાં જ રહેતા. આસદખાન અમારો સરદાર હતો.

એ અરસામાં પાદશાહ આલમગીરે મને એકવાર પોતાની હજુરમાં બોલાવ્યો. સાંજનો વખત હતો. મઘરીબની નમાઝ પૂરી કરી શહેનશાહ બેઠા હતા. તદ્દન સફેદ કપડાંમાં સજ્જ થયેલા અને સાદાઇમાં ઓપી રહેલા હિન્દુસ્તાનના પાદશાહ પાસે મેં કુરનિશ બજાવી ત્યારેમારા હૃદયમાં આનંદ માતો નહોતો. સામાન્ય રીતે અફગાનિસ્તાના સિપાહીઓ પર શહેનશાહને વિશ્વાસ ન હતો. અફગાનિસ્તાન સાથે થયેલાં બખેડાઓ પછી શાહી લશ્કરમાં બહુ થોડા અફઘાનો હતા. મારે અહીં હિન્દમાં રહેવાનું કારણ એ હતું કે મારા વતનમાં મારા પિત્રાઇઓ સાથેના કજીયાને પરિણામે ત્યાં મારી સલામતી નહોતી. આથી હું જેમ તેમ કરી મારા મનને મનાવી અહીં હિન્દુસ્તાનમાં ટકી રહ્યો હતો. આમ છતાં અફઘાનો પર મોગલોનો પૂરો વિશ્વાસ ન હોવાથી હું મનમાં બેચેન રહ્યા કરતો. એટલે પાદશાહ આલમગીરે જ્યારે મને ખાસ મળવા બોલાવ્યો ત્યારે મને ઘણો આનંદ થાય એ સ્વાભાવિક હતુ.

"તમે જ મુમતાઝખાન લોહાની કે?" પાદશાહે ગરૂડ જેવી તીણી આંખોથી મને માપી લેતાં પ્રશ્ન કર્યો.

"હા, પનાહેઆલમ, આ ખાકસાર એ નામથી ઓળખાય છે."

"ગીલઝાઇના છો ને?"

"હા નામવર."

"અફસોસ, આજને વખતે મારા લશ્કરમાં પુરતા પ્રમાણમાં અફઘાન સિપાહીઓ હોત તો પહાડી મુલકમાં રાજપુતોનો સામનો વધારે સારી રીતે થઇ શકત. પરંતુ અફઘાનો સાથેનો મારો સંબંધ ખુશહાલખાનના પકડાયા પછી તંગ જ રહ્યો છે. જેવી અલ્લાહની મરજી. વારુ, પણ તમે તો છો ને! મારે તમને એક ખાસ

કામ સોંપવું છે. ખાસ તેમ જ જોખમી. તમે તૈયાર છો?"

"ફરમાવો નામવર, ખાકસાર તૈયાર છે."

"આ એક રૂક્કો પહોંચાડવાનો છે—શાહઝાદા મહમ્મદ અકબરને, અજમેર."

"ભલે નામવર."

"અજમેર પાસે, એટલે કે પુષ્કર પાસે સરોવરને કિનારે ત્રીસ હજાર રાજપુતોની ફોજ પથરાયેલી પડી છે. તેની વચ્ચે થઈને માર્ગ કરી શકશો?"

"જરૂર પડશે તો એમ પણ બેશક કરીશ."

"જરૂર પડે કે ન પડે, તમારે બીજા કોઈ પણ રસ્તે જવું જ નહિ. મારો ખાસ હુકમ છે કે તમારે આ રાજપુત સૈન્યની વચ્ચેથી જ તમારો રસ્તો કરવો. એમાં જરા પણ ફેરફાર ન થવો જોઈએ. એટલું જ નહિ પણ તમારે અહીંથી વહેલી સવારે ઉપડી જવાનું છે અને અહીંથી નારનોલ પહોંચી ત્યાંથી જયપુરનો રસ્તો લેવાનો છે. જયપુરથી કિશનગઢ જવું. ત્યાંથી પુષ્કર તરફ જવું. સંભર સરોવરની પૂર્વ બાજુનો રસ્તો તમારે લેવો પડશે. પુષ્કર કે પછી અજમેર શરીફમાં શાહઝાદા અકબરનો મુકામ છે. કિશનગઢથી પુષ્કર સુધીમાં દુશ્મનો પથરાયેલા છે. તેઓની વચ્ચે થઈને તમારે રસ્તો કરવાનો રહેશે. બરાબર સમજાયું ને?"

"હા નામવર, અહીંથી નારનોલ, જયપુર, કિશનગઢ, પુષ્કર અને અજમેર શત્રુઓની વચ્ચે થઈને."

"સુબ્હાનઅલ્લાહ! તમારી યાદદાસ્ત તારીફને લાયક છે, ખાનસાહેબ. હવે આજે સુતાં પહેલાં આસદખાનને મળી તમારે જોઈતી વસ્તુઓની સગવડ કરી લેજો. લ્યો, આ રૂક્કો, શાહઝાદા અકબરને મારી દુઆ સાથે પહોંચાડજો. ખુદા હાફિઝ! ખુદા તમારું રક્ષણ કરે."

"ફીઅમાનુલ્લા" કહી ખુદાના રક્ષણમાં મારો અતૂટ વિશ્વાસ જાહેર કરી મેં રજા લીધી. આસદખાન પાસે જઈ એક સારો ઘોડો અને એક સોનામોહોરની થેલી, જે તેણે મારે માટે તૈયાર રાખ્યાં હતાં તે, સંભાળી લીધાં અને સવારે નીકળતાં પહેલાં સંપૂર્ણ આરામ લઈ શકાય એ હેતુથી બીજી કેટલીક આવશ્યક તૈયારી કરી જેમ બને તેમ વહેલો હું નિદ્રાને શરણે ગયો.

બીજે દિવસે વહેલી સવારે કડકડતી ઠંડીમાં હું મારી છાવણી છોડી નારનોલ તરફ જવા નીકળ્યો. શહેનશાહે મને કોઈ છાનેછૂપે રસ્તે શાહઝાદાને પત્ર પહોંચાડવાને બદલે શત્રુઓની વચ્ચેથી જવાનું કેમ કહ્યું હશે એ બાબત મને સમજાતી નહોતી. પણ મને લાગ્યું કે મારી બહાદુરી માપવાનો જ આ એક નુસખો હશે. શાહઝાદા અકબરને અને શહેનશાહને છેલ્લા થોડા દિવસો થયા અણબનાવ થયાની વાત અમારી છાવણીમાં ચાલતી હતી. અકબર રાજપુતોની સાથે કેમ પડેલો હશે એ પ્રશ્ન મને દિલ્હી છોડયા પછી જ ઉદ્ભવ્યો. શું રાજપુતોએ અકબરને ઘેરી લીધો હશે?...એમ જ હોવું જોઈએ...ગમે તેમ હોય પણ મારે મારી ફરજ બજાવવાની છે. આવા આવા વિચારો સાથે હું દિલ્હીથી નારનોલ તરફના રસ્તા પર ઠંડી ઊડી જાય એ હેતુથી મારતે ઘોડે જઈ રહ્યો હતો એટલામાં મારી આગળ સામાન્ય ઝડપે જતો એક ઘોડેસ્વાર મારા જોવામાં આવ્યો. જરા વધારે ઝડપ કરતાં થોડીવારમાં હું તેને પહોંચી ગયો ત્યારે મને માલૂમ પડયું કે મજકૂર ઘોડેસ્વાર અમારી જ અહાદીસ છાવણીનો પરવીઝ મૈમંદી હતો. આ ફરાની સરદાર પણ નારનોલને રસ્તે જ જતો હતો. અમે બન્ને એકબીજાથી ઠીક ઠીક પરિચિત હતા એટલે અમે સાથે જ આગળ જવાનું નક્કી કર્યું.

આડીઅવળી વાતો કર્યા પછી અમે એકબીજાનું નારનોલ તરફ જવાનું કારણ જાણવા યત્ન કરવા લાગ્યા. પરવીઝ મૈમંદી મારા

પ્રવાસનું કારણ જાણવા જેટલો ઉત્સુક હતો એટલો જ એને વિષે જાણવા હું પણ ઉત્સુક હતો. મારી વાત મેં એને કહી ત્યારે બદલામાં એની પાસેથી જાણવાનું મળ્યું કે એ પોતે પણ એક શાહી રૂક્કો શાહઝાદા અકબરને પહોંચાડવા જતો હતો. અલબત્ત, પરસ્પરની વાતથી અમને બન્નેને જરા અચંબો થયો પણ શહેનશાહ આલમગીર જરા વહેમી સ્વભાવના હતા. આ રીતે એકની પાછળ બીજાને મોકલવાની એમની ટેવ મશહૂર હતી એટલે અમે માન્યું કે બેવડે દોરે કામ કરવા માટે એમણે અમને બન્નેને એક પછી એક રવાના કર્યા હશે.

મૈમન્દી સરદારે મને બીજી પણ કેટલીક માહિતીઓ આપી.

"છાવણીમાં એવા સમાચાર આવ્યા છે કે શાહઝાદા અકબરે શહેનશાહની સામે બળવો કર્યો છે. આસદખાનનો કારકુન મારો મિત્ર છે. કેટલાક શાહી રૂક્કાઓ તેના વાંચવામાં આવ્યા છે તે પરથી તેણે મને બધી માહિતી આપી છે. કદાચ શહેનશાહત બદલાય એવો મામલો છે."

"ત્યારે અકબર અને રાજપુતો અજમેર પાસે પડેલા છે તે મિત્રો તરીકે જ ને?"

"એમ જ હશે. અકબરને મૂળમાં તો, રાજપુતોને ડુંગરોમાં નસાડી, પાદશાહે દેવબારી અને ચિતોડનાં થાણાં સોંપ્યાં હતાં. પણ રાજપુતોએ અકબરને ઘણો ત્રાસ આપ્યો અને અકબર નાલાયક પુરવાર થયો એટલે એ થાણાં શાહઝાદા આઝમને સોંપી શહેનશાહે અકબરની અજમેર ખાતે બદલી કરી."

'એ જરા નામોશી જેવું ગણાય.'

"અકબરને એમાં નામોશી લાગી જ હશે. અજમેર આવ્યા પછી મારવાડના રાજપુતોએ રાઠોડ દુર્ગાદાસની સરદારી નીચે અકબરને ત્રીસ હજારનું લશ્કર આપવાના કરાર કર્યા. કહે છે કે અકબર સોજન મુકામે ગાદીનશીન પણ થયો છે. એક રૂક્કામાં એવી પણ માહિતી આવી છે કે ચાર કાઝીઓના મત પ્રમાણે ઔરંગઝેબ આલમગીર ઇસ્લામના કાનૂન વિરુદ્ધ વર્તન કરતા હોઇ તેને પદભ્રષ્ટ તરીકે જાહેર કરવામાં આવેલ છે."

"આટલી બધી હદ સુધી વાત આગળ વધી છે?"

"હા. અજમેરના ફોઝદાર તહવ્વુરખાનને અમીર-ઉલ-ઉમ્રા ઇલકાબ મળ્યો હતો. ઉપરાંત તેને સાત હજાર ઘોડેસ્વારોની મનસબદારી પણ મળી હતી."

"મળી હતી, કે મળી છે? માફ કરજો, આકા મૈમન્દી સાહેબ, પણ અમારું અફઘાનોનું ફારસી ભાષાનું જ્ઞાન ઘણું ઓછું હોય છે. શું આપની કહેવાની એ મતલબ છે કે તહવ્વુરખાનને આપેલી મનસબદારી અકબરે પાછી લઇ લીધી છે?"

"તહવ્વુરખાનને પરમ દિવસે કતલ કરવામાં આવ્યો.

"ક્યાં?"

"પાદશાહના ખાનગી મુલાકાતના ઓરડાની બહાર, દિલ્હીમાં જ."

"તહવ્વુરખાન દિલ્હી શી રીતે આવ્યો?"

"એના સસરા ઇનાયતખાને પોતાના તરફથી એક રૂક્કો લખી એને કહેવરાવેલું કે જો તું સીધો પાદશાહને શરણે નહિ આવે તો તારા દિલ્હી ખાતેના કુટુંબીઓ અને તારી ઓરતની સલામતી ભયમા છે. આ વાંચી એ તત્કાળ દિલ્હી આવ્યો. પણ શહેનશાહ પાસે જતાં પહેલાં તરવાર છોડવામાં કાંઇક આનાકાની થઇ અને સાદતખાનના ચાર હબસીઓ એના પર તુટી પડયા."

"આ વાત છાવણીમાં ક્યાંયે સાંભળી નથી."

"આ બધી વાતો ખાનગી છે. અત્યારે શહેનશાહ આલમગીર પાસે માંડમાંડ સાતસો

ઘોડેસ્વારો હતી. જો અકબર અને રાજપુતો મળી અત્યારે હલ્લો કરે તો શું થાય?"

"બાકીના લશ્કરો ક્યાં છે?"

"અમુક લશ્કર શાહઝાદા મુઆઝિમ સાથે રાજસમુદ્રવાળા ભાગમાં છે. બીજો મોટો ભાગ શાહઝાદા આઝમ સાથે મેવાડમાં છે. શાહઝાદા અકબર સાથે અજમેરમાં હતું તે સૈન્ય તો બળવામાં શામેલ છે."

આ રીતે રાજકારણની, છાવણીઓની અને ત્યાર પછી પરસ્પરના હૃદયની વાતો કરતા રસ્તામાં એકાદ બે જગ્યાએ જરાતરા રોકાઇ અમે નારનોલ પહોંચ્યા. એક બાબત તમને કહેતાં ભૂલી ગયો. નારનોલથી અમારે જુદા પડવાનું હતું કેમકે પાદશાહે મને જે માર્ગે જવાનો હુકમ આપ્યો હતો તેથી તદ્દન જુદા જ માર્ગે પરવીઝ મૈમન્દીને જવાનો હુકમ હતો. મારે નારનોલથી જયપુર જવાનું હતું. જ્યારે એને નારનોલથી સુજાનગઢ, પરબતસર અને સંભરની પશ્ચિમ થઈ પુષ્કર અને અજમેર જવાનું હતું.

એકબીજાનો સંગાત અમને એટલો બધો ગમી ગયો હતો કે પાદશાહના હુકમને અવગણીને પણ સાથે જવાનુ ઘડીભર તો અમને મન થઇ ગયું પણ એમ કરવામાં ઘણું જોખમ હતું. વળી પાદશાહ પ્રત્યે એમના હુકમનો અનાદર કરી બેવફા બનવાની હલકાઇ કરવાની પણ અમારી ઇચ્છા ન થઇ એટલે મૈમન્દીએ નારનોળથી સુજાનગઢનો અને મેં જંગલો તરફ થઇને જતો જયપુરનો રસ્તો લીધો. જુદા પડતી વેળા, પાછા અજમેરમાં મળશું એવી અમારા બન્નેના મનમાં આશા હતી.

ઘણી મુશ્કેલી વેઠી ચોથે દિવસે હું જયપુર થઇ કિશનગઢ પહોંચ્યો. પુષ્કર તરફ જતાં એક મોટી ટેકરી પર ચડી મેં જોયું તો ટેકરીની પેલી બાજુથી છેક પુષ્કર પાસેના સરોવર સુધી રાજપુતોની રાવટીઓ પથરાયેલી હતી. આ રાવટીઓની વચ્ચે થઇને મારે મારે રસ્તો કરવાનો હતો. થોડો આરામ કરી કિશનગઢથી સાથે લાવેલું ખાણું પ્રથમ તો એક ઝાડ નીચે બેસી મેં ધરાઇને ખાઇ લીધું. કેમકે હવે પછી ફરી નિરાંતે ખાવાની તક મળે એવો સંભવ મારું કાર્ય પુરું થાય ત્યાં સુધી ઓછો જ હતો. થોડી વિશ્રાન્તિ લઇ મેં સૈન્યની વચ્ચે મારો રસ્તો કરવા માંડયો.

રાજપુતો આમ તો સજ્જ હતા, છતાં તેઓ ઘણી નિરાંતથી બેઠેલા દેખાતાં હતા. સવારનો સમય હતો. રાવટીઓની બહાર બે-પાંચની મંડળીઓ તાપણે તાપી ઠંડી ઉડાડતી હતી. બધા મારી સામે જોઇ રહેતા, પણ મને કોઇ કંઇ પૂછતું નહિ. મને લાગ્યું કે આમને આમ ચાલશે તો સહેલાઇથી અકબર પાસે પહોંચી જઇ શકાશે.

થોડે દૂર ગયા પછી એક યુવાન રાજપુત મારા જોવામાં આવ્યો. એનો ચહેરો મેં ક્યાંક જોયેલો છે એવી સ્મૃતિ થવાથી મેં એની સામે વારંવાર નજર કરી મારી યાદદાસ્તને તાજી કરવા પ્રયત્ન કર્યો. તરત જ મને યાદ આવ્યું કે એ યુવાનને મેં પંદરેક દિવસ અગાઉ દિલ્હીની બજારમાં જોયો હતો, એટલું જ નહિ પણ એણે મને રસ્તો પૂછ્યો હતો અને અમે થોડી વાતો પણ કરી હતી. આ વાત યાદ આવતાં જ હું ઘોડા પરથી નીચે ઉતર્યો અને તેની પાસે ગયો. તરત જ તેણે મારી સામે આવી પૂછ્યું, "ઓળખાણ પડી ને?"

"અલબત્ત," મેં કહ્યું, "પહેલાં યાદ આવતું નહોતું; પણ હવે બરાબર યાદ આવ્યું. આપણે દિલ્હીની બજારમાં મળ્યા હતા. તે દિવસે તમે મને રસ્તો પૂછ્યો હતો, આજે હું તમને રસ્તો પૂછું?"

"કઇ બાજુ જવું છે?"

"શાહઝાદા મહમ્મદ અકબર પાસે."

"શહેનશાહ મહમ્મદ અકબર ગોરગાની કહો,"

"કેમ વારુ ?"

"શાહઝાદાની ગાદીનશીની થઇ ચૂકી છે. ઔરંગઝેબને પદભ્રષ્ટ કરવામાં આવેલ છે. તમે ક્યાંથી આવો છો ? દિલ્હીથી કે ?"

"હા."

"તો પછી તમને આગળ વધવા દેવામાં નહિ આવે. માફ કરજો."

"પણ મારે શાહઝાદા સાથે અગત્યનું કામ છે."

"શહેનશાહ કહો."

મારું લોહી તપી આવ્યું.

"શહેનશાહ દિલ્હીમાં બિરાજે છે, બીજા કોઇ શહેનશાહને હું પીછાનતો નથી."

"અમે પીછાન કરાવીશું. મારી સાથે ચાલો."

"હું આમ સીધો જ જવા માગું છું."

પાસે આવતા ચાર રાજપુતોને જોઇ એણે આંખથી એક ઇશારત કરી એટલે એ ચારે જણા મારા ઘોડાની ફરતા ઊભા રહ્યા. સામે થવામાં જોખમ હોવાથી મેં રાહ જોવાનો વિચાર કર્યો અને એટલું જ કહ્યું, "યાદ રાખજો કે તમે શહેનશાહ આલમગીરના ખાસ માણસ સાથે રમત રમી રહ્યા છો."

"આલમગીર નામનો એક શહેનશાહ દિલ્હીની ગાદી પર થઇ ગયો અને એની હકૂમતનો ઘણો નામોશી ભરેલો અંત આવ્યો. હવે એના ખાસ માણસો રહ્યા જ નથી. તમે આ રાવટીમાં બેસો. તમારી ફરતી ચોકી રહેશે. રાઠોડ દુર્ગાદાસ તમારું શું કરવું તે નક્કી કરશે."

વધારે ચર્ચા કરવામાં કાંઇ સાર નીકળે એવી આશા ન રહેવાથી હું રાવટીમાં પેઠો. મારાં હથિયારો લઇ લેવામાં આવ્યા અને મોરી ફરતો પહેરો ગોઠવવામાં આવ્યો. હથિયારો કબ્જે લેતી વેળા કોઇએ મારા અંગની તપાસ ન કરી, જેથી શાહી રુક્કો મારી પાસે જ રહ્યો. રાવટીમાં પેસી પ્રથમ તો મે થોડો આરામ લેવા નિશ્ચય કર્યો. મારે માટે જે ખોરાક લાવવામાં આવ્યો તે મેં ખાધો અને છેલ્લા ચાર દિવસના ઉજાગરા અને થાક ઉતારવાના હેતુથી બધી ચિંતા બાજુએ મૂકી હું નિદ્રામાં પડયો.

સ્વપ્નમાં મારા માદરે વતનના કોહીસ્તાનની ખીણોમાંનાં અખરોટ અને અંજીરનાં વૃક્ષોથી ભરપૂર બગીચાઓમાં હું ફરી રહ્યો હતો ત્યાં ઓચિંતા કોલાહલે મારી આંખ ઉઘાડી નાખી. આખું રાજપૂત લશ્કર કૂચ કરવા માટે ખડે પગે થઇ રહ્યું હોય એવો મને ભાસ થયો. હું જે રાવટીમાં બેઠો હતો તે રાવટી પણ કાઢીને સંકેલી લેવામાં આવી. મારી હાજરીની કોઇને કશી જ પડી ન હોય તેમ સિપાહીઓ ચાલવા લાગ્યા. હું જોતો રહ્યો અને જોતજોતામાં ત્રીસેક હજારનું આખું લશ્કર કૂચ કરી ગયું અને અરવલ્લીને રસ્તે પડયું. એકાએક આમ થવાનું કાંઇ જ કારણ હું કલ્પી ન શકયો. બેચાર સવારોને પૂછતાં તેઓએ જવાબ આપવાની દરકાર ન કરી પણ કશોક દગો રમાયો છે એવી મતલબની વાતચીત ઠેરઠેર સંભળાતી હતી.

ઘણી શોધ ચલાવ્યા પછી મને શાહઝાદા અકબરના તંબુનો પત્તો મળ્યો. પાસે ચોકી કરતા સિપાહીઓ મને માનભેર અંદર લઇ ગયા. શાહઝાદા અકબર અને રાઠોડ દુર્ગાદાસ ગંભીર વદને તંબુમાં બેઠેલા મારા જોવામાં આવ્યા. કુરનિશ બજાવી શાહી રુક્કો મેં શાહઝાદાને આપ્યો.

"શહેનશાહે આ રુક્કો આપને હાથોહાથ પહોંચાડવા મને ફરમાન કર્યું હતું તે બજાવું છું."

અકબરે રુક્કો વાંચવા માંડયો. થોડી જ લીટીઓ વાંચી હશે ત્યાં તો એનો ચહેરો લાલચોળ થઇ ગયો. એણે રાઠોડ દુર્ગાદાસ સામે જોઇ કહ્યું, "આપનું લશ્કર એકાએક

કેમ નાઠું તેનો ભેદ કદાચ આમાંથી મળે.'' પછી એણે પ્રશ્નો કરવા માંડયા.

"દિલ્હીથી આવો છો ?"

"હા, નામવર"

"અફઘાન છો ?"

"હા, જી."

"ગીલઝાઇના કે ?"

"હા જી,"

"એકલા જ છો ?"

"અત્યારે તો એકલો જ છું પણ મારી સાથે એક બીજો કાસદ શહેનશાહે રવાના કરેલ હતો. શાયદ તે આપને મળ્યો હશે" અથવા હવે પછી ટૂંક સમયમાં મળશે.''

"બીજો કાસદ ? તમારી સાથે જ હતો ?"

"હા નામવર, નારનોલ સુધી. ત્યાંથી અમે જુદા પડયા."

"એ કાસદ રાજપુતોના હાથમાં પરબતસર ખાતે પકડાઇ ગયો તે જ હશે." રાઠોડ દુર્ગાદાસે વચ્ચે બોલતા કહ્યું, "ઇરાની હતો કે ?"

"હા જી, ઇરાની હતો."

"કાળી દાઢી, લાંબા વાળ, કાળી આંખો, નાજુક બાંધો અને ગોરો વાન: એની નિશાનીઓ એની કહી શકાય કે ?"

"હા જી, એ જ પરવીઝ મૈમન્દી"

"નામની તો ખબર નથી, વારૂ. તમારી બન્નેની પાસે એક જ જાતના રૂક્કાઓ હતા ?" શાહઝાદાએ પૂછ્યું.

"કદાચ હશે."

"રાઠોડજી ! સાંભળો, મારા વાલિદે મરહૂદ શું લખે છે તે......પ્યારા બેટા, રાજપુતોને તેં આબાદ ફસાવ્યા છે તે બદલ તેને મુબારકબાદી આપું છું. અજમેર સુધી તો તું તેઓને લાવ્યો. હવે જરા વધારે બનાવટ અજમાવી એ કાફરોને દિલ્હી સુધી લલચાવી લઇ આવ એટલે અહીં આપણા સંકેત મુજબ આપણે બન્ને તેઓનો ઘડો લાડવો કરીએ.

"આવો જ કાગળ બીજા કાસદ પાસે હશે અને તે રાજપૂતોના હાથમાં સપડાઇ ગયો ત્યારે સૈન્યના સિપાહીઓએ એ કાગળ વાંચ્યો હશે અને તેઓએ આપ નામવર પર ગુસ્સે થઇ આપનો સાથ છોડી જવાનું નક્કી કર્યું હશે." દુર્ગાદાસે ગંભીર અવાજે આખી પરિસ્થિતિની સમજ આપી.

"એમ જ. એમ જ. એ બુઢ્ઢા શયતાનની ફરેબી જાળમાં ત્રીસ હજારનું સૈન્ય સપડાઇ ગયું. પણ આ અફઘાનને તો જીવતો જવા નહિ દઉં," કહેતાં જ શાહઝાદાએ તરવાર કાઢી.

દુર્ગાદાસે શાહઝાદાનો હાથ પકડી રાખ્યો અને કહ્યું, "ખામોશ ! એ તો ચિઠ્ઠીનો ચાકર છે. એને આ મેલી રમતની ખબર હોત તો એ રૂક્કો અહીં ન લાવત. એ એક મૂર્ખ પઠાણ છે. ખરી રીતે તો એણે એ રૂક્કા સહિત રાજપૂતો પાસે પકડાઇ જવું જોઇતું હતું. જાણી જોઇને એ રૂક્કો એણે રાજપુતોના હાથમાં પડવા દેવો જોઇતો હતો."

"મેં શાહી ફરમાનનો બરાબર અમલ કર્યો છે." મેં કહ્યું.

"તો હવે અહીંથી જા. તારૂં કાળું કર." શાહઝાદાએ ત્રાડ પાડી.

"શહેનશાહને શું જવાબ આપો છો ?"

"સદ હજાર લ્યાનત, ધિક્કાર હજો એ શહેનશાહને."

"બીજું કાંઇ ?"

"બીજું એ કે જો હવે વધારે વખત તું અહીં ઊભો રહીશ તો હું તારા ટુકડા કરી નાખીશ. માટે તું અહીંથી જા." કહી શાહઝાદાએ તરવાર કાઢી.

હું પાછો ફરી ગયો.

ત્રીજે દિવસે મારતે ઘોડે હું શહેનશાહ આલમગીર પાસે પહોંચ્યો. મેં અકબરને રૂક્કો પહોંચાડયો એ બીના સાંભળી શહેનશાહ બોલ્યા,

"તમે ખરેખર મૂર્ખ છો. જો રૂક્કો પહોંચાડવો જ હોત જો હું તમને રાજપુતોની વચ્ચે થઇને જવાનો હુકમ શા માટે આપત? તો તો હું તમને છૂપે રસ્તે અને છૂપે વેષે જવા ન કહેત?"

"ત્યારે મારે શું કરવાનું હતું?"

"પરવીઝ મૈમન્દીએ કર્યું તે. તમારે રૂક્કા સહિત રાજપુતોના હાથમાં સપડાઇને એ રૂક્કો રાજપુતોના હાથમાં પડવા દેવાનો હતો. પરવીઝ મૈમન્દી એ બરાબર સમજ્યો હતો અને એણે મારું કામ સફળતાથી પાર ઉતાર્યું. બાકી ખાન સાહેબ, તમારા જેવા બીજા ઉલ્લુઓ જ મારા લશ્કરમાં હોત તો તો મારું રાજ્ય કયારનુંએ કાફરોના હાથમાં ચાલ્યું ગયું હોત."

"શહેનશાહે આલમ, ખાકસાર એક સિપાહી છે. ફરીથી મારી પાસેથી કામ લેવું હોય તો મારી આરઝૂ છે કે મને નામવર શહેનશાહ સ્પષ્ટ હુકમ આપે. ખાકસાર મોગલ નથી, એટલે આંટીઘુંટીની વાત કરતાં સીધી વાત જ કરવાનું......"

"બસ કરો, જાઓ. આમદખાન પાસેથી તમારે માટે રાખેલો પોષાક અને થેલી લઇને તમારી છાવણીમાં જઇ આરામ કરો. અલ્લાહે તમને આરામનો સમય આપ્યો છે.

× × ×

"એવા હતા અમારા શહેનશાહ આલમગીર," મંદ સ્મિત કરતાં બુઢ્ઢો અફઘાન બોલ્યો. "પંદર લીટીના એક પત્રથી ત્રીસ હજારની સેનાને એમણે નસાડી હતી."

"આરે કુનેહનું કામ કહેવાય." એક યુવાન બોલ્યો, "પણ ખાનસાહેબ, પછી શાહઝાદા અકબરનું શું થયું?"

"એને રાઠોડ દુર્ગાદાસે શિવાજીના દીકરા શંભાજીની પાસે મોકલી આપ્યા. ત્યાંથી પણ એને નાસવું પડયું. ૭ વરસ પછી શાહઝાદા ઇરાનમાં હતા અને ત્યાં જ એમનો ઇન્તકાલ થયો એમ સાંભળ્યુ છે. બાકી અલ્લાહ જાણે."

આસમાનમાં જેમ જેમ સિતારાઓ એક પછી એક બૂઝાતા જતા હતા તેમ ખાજાપીરની દરગાહના આંગણામાં જલતી તાપણીના તીખારાઓ પણ બૂઝાતા જતા હતા. સામેની મસ્જીદમાંથી નમાઝ માટેની અઝાન થઇ.

વાતચીત બંધ રાખી, બધી તાજુબી મનમાં સમાવી દઇ ચારે યુવાનો અને પાંચમો વૃદ્ધ લોહાની અફઘાન પરવરદિગારની પ્રાતઃ પ્રાર્થના કરવાની તૈયારીમાં પડયા.

—દોડવાની અનેક હરીફાઇઓમાં મોટાં ઈનામો જીતી જનાર એક ખેલાડી પોતાની તાકાતની બડાઇઓ હાંકતો હતો. એ સાંભળીને સ્થુલ શરીરવાળા એક ઠીંગણા શ્રોતાએ કહ્યું, "આપણે હરિફાઇ કરીએ. તારે મને શરૂઆતમાં તારા કરતાં ત્રણ ફુટ આગળ જવા દેવો. જો તું જીતી જાય તો મારે તને સો રૂપીઆ આપવા. શરત એટલી કે હરીફાઇ માટેનુ મેદાન મારે પસંદ કરવું."

"કબુલ" ખેલાડીએ કહ્યું, "તું જીતી જાય તો મારે તને પાંચસો રૂપીઆ આપવા. હવે મેદાનનું નામ કહે."

"પેલી બગીચામાં ઉભી છે તે નીસરણી."

મારી કેફિયત

એક મૃતાત્માની કહાણી

"આજે મારે એક લેખ લખીને મોકલ્યા વગર ચાલે એમ નથી. કાલે સવારે દસ વાગ્યાની ટપાલમાં એ રવાના થવો જ જોઇએ," હર્ષાએ પોતાનો છેવટનો નિર્ણય અમને સંભળાવી દીધો અને પછી જરા નરમ અવાજે અને એક સ્મિત સાથે ઉમેર્યું, "અલબત્ત પૂર્ણિમાની ચાંદનીમાં ફરવાનો શોખ તો મને પણ છે; પરંતુ આજે હું લાચાર છું એટલે મને માફ કરશો. તમે બન્ને ખુશીથી જાઓ. મારે કદાચ દોઢ બે સુધી જાગવું પડશે."

હર્ષા અમારી મહેમાન હતી. એની ઇચ્છા મુજબ એને એનો લેખ લખવા માટે ઘેર જ રહેવા દઇ અમે બન્ને ફરવા ગયાં. લગભગ અગિયારને શુમારે અમે પાછાં ફર્યાં ત્યારે હર્ષાના ઓરડામાંના મેજ પર બત્તી બળતી હતી અને બારીના સફેદ પરદા પર માથું નમાવી લખવામાં પ્રવૃત્ત હર્ષાનું છાયાચિત્ર દેખાતું હતું. ગુચ્છાદાર વાંકડિયા વાળ, આંખની પાંપણો, અણીશુદ્ધ નાક અને હોઠ તથા હડપચીની સુડોળ અને નમણી રેખાઓ જાણે કોઇ સિદ્ધહસ્ત કલાકારે ચીતરી હોય એવી પરદા પર રમી રહી હતી.

એ હૃદયંગમ છાયાચિત્ર જોઇને અમને પતિપત્નીને ખાતરી થઇ કે હર્ષા લખવામાં મશગૂલ છે. એટલે એના કામમાં ભંગ ન પડે એવા હેતુથી અમે એને બોલાવી નહિ.

હર્ષા મારી પત્નીની દૂરની સગી અને નાનપણની સખી હતી. મારી પત્નીના આમંત્રણથી તે પખવાડીયું થયાં અમારી સાથે રહેવા આવી હતી. સ્ત્રીઓ માટેના એક સાપ્તાહિકની કોલમો ભરવાનું કામ કરતી હર્ષા પોતાને એક ઉચ્ચ પ્રકારની 'લેખિકા માની રહી હતી; જો કે એનાં લખાણોમાં ખાસ આકર્ષક તત્ત્વ ભાગ્યે જ જોવામાં આવતું. મારી મહેમાન થઇ ત્યારથી એના લખેલા લેખો મારે વાંચવા પડતા. અમે ફરીને આવ્યાં અને એને લખતી જોઇ ત્યારે જ મારા મનમાં વિચાર આવ્યો હતો કે સવારે ચા પીતી વેળા એ મને અચૂક કહેશેઃ "ભાઇ, આ લેખ ટપાલમાં રવાના કરું છું, પણ એ પહેલાં જરા એના પર નજર ફેરવી જશો? અને પછી મને તમારો જે અભિપ્રાય હોય તે સંકોચ વગર કહેજો."

પરંતુ મારી આ ધારણા સાચી ન પડી કેમકે બીજે દિવસે સવારે અમે નીચેની વરન્ડામાં ચા પીવા બેઠાં ત્યારે હર્ષા હજી પોતાના બિછાનામાંથી ઊઠી પણ ન હતી. ગઇ રાતના ઉજાગરાને કારણે એ મોડી ઊઠશે એમ સમજી અમે એની રાહ જોયા વગર જ ચા પાણીથી પરવાર્યાં. હું સવારનું છાપું વાંચતો બેઠો. સાડા આઠ થઇ ગયા છતાં હર્ષા પથારીમાં જ હતી. મારી પત્ની એના ઓરડામાં જઇ તરત જ પાછી આવી અને મને ઉપર આવવા કહ્યું. અમે ઉપર ગયાં અને જોયું તો મેજ પર બત્તી હજુ પણ બળતી હતી. મેજના પાયા પાસે, મેજ નીચે, ખુરસી નીચે અને આજુબાજુ કેટલાંક લખેલાં પાનાંઓ વિખરાયેલાં પડયાં હતાં. મેજ પાસેની મોટી આરામ ખુરસી પર હર્ષા ઘસઘસાટ ઊંઘતી હતી. એ ઊંઘમાં હોય એના કરતાં ઘેનમાં હોય એવો એનો દેખાવ લાગતો હતો.

મને જરાતરા અજાયબી તો લાગી, પરંતુ વ્યવસ્થા માટેની મારી અતિશય ચીવટે પ્રથમ તો મને એ અસ્તવ્યસ્ત પાનાંઓને થોકડીમાં ગોઠવી દેવા પ્રેર્યો. બત્તી ઓલવી, હર્ષાના લખાણવાળાં પાનાંની થોકડી કરી મેજ પર મૂકી હર્ષાને તે પોતાની મેળે ઊઠે

નહિ ત્યાં સુધી સુવા દેવી એવા ઇરાદાથી હાથ વડે મેં મારી પત્નીને ઇશારો કર્યો. ઓરડા બહાર જઇ હું દાદર સુધી પહોંચ્યો હઇશ ત્યાં તો મે એનો અવાજ સાંભળ્યો, "કાં બ્હેનબા, ઊઠો છો ને? નવ વાગવા આવ્યા."

હર્ષા ઊઠીને નીચે આવી ત્યારે એ ઘણી જ થાકેલી અને બેચેન હોય એવી દેખાતી હતી. આરામચેરમાં સુઇ રહેવાથી શરીર અકડાઇ જવાને કારણે આમ હશે એમ મેં માન્યુ. માંડમાંડ પોણાદસને શુમારે હર્ષા સ્વસ્થ થઇ ચા પીવા બેઠી. રજાનો દિવસ હતો અને રસોઇ શરૂ થવાને વાર હતી તેથી અમે પણ તેની સાથે ફરી એક વાર ચા પીવા બેઠાં.

"રાત્રે બહુ લખી નાખ્યું હર્ષાબેન?" મેં પ્રશ્ન કર્યો.

હર્ષા જાણે કશુંક યાદ કરવા મથતી હોય એમ લાગ્યું.

"આરામ ખુરસીમાં જ સુઇ ગયાં હતાં? કયાં સુધી લખ્યુ ? કેટલા વાગે સુતાં હતાં? દસની ટપાલમાં લેખ રવાના કરવો હતો એ પણ ભૂલાઇ ગયું કે?"

હર્ષાએ થોડીવાર સુધી મૌન રાખ્યું. ઘણી મથામણને અંતે ચાનો પ્યાલો મેજ પર મૂકતાં તે બોલી, "હું લખવા બેઠી તો હતી, પણ કાલે તો કેમે કર્યા કંઇ વિચારો આવેજ નહિ. એકાદ બે વાક્યો લખ્યાં પણ એ ઘણાં જ કઢંગાં હતાં. મેજપર અર્ધો કલાક બેસી જ રહી અને પછી સુઇ જ ગઇ. તમે ફરીને કયારે પાછાં આવ્યાં તેની પણ મને ખબર ન રહી. અને આરામચેરમાંજ સુઇ ગઇ હતી તે તો સવારે ઊઠી ત્યારે જ ખબર પડી."

નવાઇ પામતા મેં કહ્યું, "અમે લગભગ અગિયારેક વાગે પાછાં ફર્યાં ત્યારે તો તમે લખતાં હતાં."

"એમ શી રીતે બને?"

"તમારા ઓરડાના મેજ પર લખેલાં કાગળો પડયા છે ને? અમે ફરીને આવ્યાં ત્યારે બારીના પરદા પર તમારું છાયાચિત્ર દેખાતું હતું. તમારી મેજ પરની બત્તી બળતી હતી."

"કેટલા વાગે?"

"લગભગ અગિયારને શુમારે."

"નવાઇ જેવું કહેવાય. ખરી રીતે મે કાંઇ જ લખ્યું નથી."

"શુ કહો છો! બત્તી તો સવાર સુધી બળતી જ હતી. તમારા કાગળો મેજ પાસે અસ્તવ્યસ્ત પડેલા હતા."

"લખેલા કાગળો?"

"લખેલા જ તો. હજી હમણાં જ તમે સુતાં હતાં ત્યારે મેં મેજ પર ગોઠવીને મૂકયા. તમે જોયા નથી?"

હર્ષા વિમાસણમાં પડી. એટલામાં મારી પત્ની જલ્દીથી ઉપર ગઇ અને હર્ષાના ઓરડામાંથી એ કાગળોની થોકડી લઇ આવી અને બોલી, "તમારું રાતનું લખાણ આ રહ્યું."

હર્ષાએ એ કાગળો હાથમા લીધા અને આમતેમ ફેરવ્યા. થોડીવારે તે બોલી, "છે તો મારા જ અક્ષરો, પણ વળાંક જરા જુદો કેમ આવ્યો હશે? આ મેં લખ્યું નથી. છતાં......આમાં શું સમજવું?" વળી પાનાંઓ આમતેમ ફેરવતાં ફરી બોલી, "આમાં મથાળે નંબર કરેલા નથી. હું કદી નંબર કર્યા વગર લખતીજ નથી."

"આ લેખ તમારો ખરો કે નહિ?"

"આ તો કોઇ વાર્તા જેવું લખાણ છે. હું તો ગઇ કાલે ત્યકતાઓના ધર્મ વિષે લખવાનો વિચાર કરતી હતી–મારા અઠવાડિક માટે. હું વળી વાર્તાઓ કયારે લખું છું?'

પ્રથમ નાના અને નજીવા દેખાતા બનાવે જોતજોતામાં ભારે ઊંડાણવાળા કોયડાનું સ્વરૂપ ધારણ કર્યું. હું વિચારમાં પડી ગયો.

હર્ષાએ અર્ધી પીધેલો ચાનો પ્યાલો ક્યારનો મેજ પર જ પડી રહ્યો હતો. હાથમાના પાનાં આમથી તેમ ઉલટાવતી એ મુંઝાતી બેઠી હતી. એટલામાં એક પાનું હાથમાં આવતાં એ બોલી ઊઠી, 'જુઓ આ મારાં વાક્યોવાળું પાનું. ત્રણેક વાક્યો છે અને પછી એક નવું મથાળું આવે છેઃ 'મારી કેફિયત' અને એક વાર્તા શરૂ થતી હોય એવું લાગે છે."

"મને આપો તો એ પાનાં ક્રમવાર ગોઠવવાનો પ્રયત્ન કરું."

અર્ધાએક કલાકની મહેનત પછી મેં એ પાનાંઓને ક્રમસર ગોઠવ્યાં. દરેક પાના પરના છેલ્લા શબ્દની મદદથી તેની પછીનું પાનું તેનાં યોગ્ય અનુસંધાનો શોધી શોધીને હું ગોઠવતો ગયો. દરમ્યાન મારી પત્ની ફરીથી ચા ગરમ કરીને લાવી અને હર્ષાએ તે પીધી.

"ચાલો હવે આપણે આ લખાણ વાંચી જઈએ. તમે વાંચો છો કે હું વાંચું?"

'તમે જ વાંચોને. મને તો કાંઈ જ ગમ પડતી નથી."

"પહેલાં પાના પર તમારા ત્યક્તાવાળા લેખનાં વાક્યો છે. જુઓ,

"ત્યક્તાઓનો પ્રશ્ન આપણા સમાજમાં એક ખરેખરો સળગતો પ્રશ્ન છે—માત્ર સળગતો જ નહિ પણ ઘણાને સળગાવતો એવો પ્રશ્ન છે. આ વિષે આપણે ગંભીરપણે વિચાર કરવો જોઈએ......

"અહીં તમારું લખાણ ઓચિંતું અટકે છે અને અચાનક એક નવું મથાળું શરૂ થાય છેઃ "મારી કેફિયત."

"કેફિયત શબ્દ હું કદી વાપરતી નથી."

"અહીં અક્ષરોનો વળાંક પણ, તમે કહો છો તેમ, જરાતરા બદલાયેલો ગણાય. જુઓ હવે હું એ ભાગ વાંચું છું:

'મારી કેફિયત'

'ઘણા લાંબા સમયથી મારી કેફિયત કહેવાની મારી તીવ્ર ઇચ્છા હતી તે આજે અનાયાસે બર આવે છે.

આજે મારે જે કહેવાનું છે તે કહી નાખું છું.

'અમે બન્ને મિત્રો—હું અને અચલ—રજાના દિવસો ગાળવા એક ગામડામાં ગયા હતા. અચલના મામાનું એ ગામ. એના મામા કે બીજું કોઈ ત્યાં હતું નહિ એટલે ગામડાનું એ નાનું ધાટીલું અને માટીનું ચણેલું 'આખું' મકાન અમારા કબજામાં હતું. અમે બન્ને વાંચનના શોખીન હતા. અમારા વિચારોમાં ઘણું સામ્ય હતું અને અમારી વાતો ખૂટતી જ નહિ. ઉનાળાનો સમય હતો. સવારે વહેલા ઊઠી અમે ફરવા જતા. તડકો થયા પહેલા પાછા આવી વાંચન અને વાતો કે મનનમાં પરોવાતા. રસોઇ અને પરચુરણ કામકાજ ગામની એક બાઇ કરતી. રોજ સાંજે અમે ગામ પાસેની નદીના કોરા રેતાળ પટમાં બેસતા. ઉનાળો હોવાથી નદીમાં જરા પણ પાણી નહોતું. નદીનો પટ ઘણો વિશાળ હતો. લગભગ અર્ધો ફર્લાંગથી વધારે હશે. નદીના પટમાં બેસી અમે રોજ સૂર્યાસ્ત નિહાળતા.

ગામની વસતિ ભાગ્યે જ અઢીસો માણસની હશે. વાતાવરણ ઘણું જ શાંત હતું એ કારણે જ અમે રજાના દિવસો ગાળવા આ જગ્યા પસંદ કરી હતી.

આ દિવસો દરમ્યાન મેં અને અચલે બહુ બહુ વાતો કરી નાખી. છેક બાળપણથી માંડીને અત્યાર સુધીના અનુભવો વિષે, અમારા આદર્શો વિષે, ભવિષ્યના જીવન વિષે, લગ્ન વિષે, ક્વચિત રાજકારણ વિષે અને અમારા પોતાના સંયોગો વિષે અમે ચર્ચા કરતા. ખાસ કરીને સાંજની વેળા નદીના પટમાં બેઠા હઇએ ત્યારે તો અમે ખૂબ વાતો કરતા. રેતાળ પટને પેલે પારથી પાછાં ફરતાં ગાયોના

ધણુને અમે રોજ નિહાળતા. સાંજને વખતે ક્દીક જ ગામનાં માણુસો એ તરફ આવતાં.

ઉનાળો વીતવા આવ્યો.

અમારો સાંજનો નદીમાં બેસવાનો ક્રમ ચાલુ જ હતો.

જે દિવસે અમે વાદળાંની પ્રથમ હરોળને આકાશમાં જોઇ તે દિવસે અમને ખૂબ આનંદ થયેલો એ મને બરાબર યાદ આવે છે. પછી તો આકાશ વખતોવખત કાળાં વાદળથી આચ્છાદિત રહેવા લાગ્યું.

જે દિવસની વાત હું કહેવા માગું છું તે દિવસે સાંજે છએક વાગ્યા પછી અમે નદીના પટમાં જવા માટે નીકળ્યા. મને બરાબર સાંભરે છે કે તે દિવસે બપોરે અચલે એક સુંદર અંગ્રેજી કાવ્ય વાંચ્યું હતું—એડગર ઍલન પો નામના કવિનું 'ધ રેવન' નામનું કાવ્ય. એ કાવ્યની વાત કરતા અમે આગળ ચાલ્યા. રસ્તામાં મને વિચાર થયો કે એ કાવ્ય નદીના પટમાં બેની સાથે વાંચીએ તો કેમ? અચલે કહ્યું, "હું ઘરે પાછો જઇ એ પુસ્તક લઇ આવું. દરમ્યાન તું આગળ જા. મારે દૂધવાળાનું પણ જરા કામ છે તે પણ કરતો આવું અને પુસ્તક પણ લેતો આવું."

અચલ પાછો ફર્યો અને હું નદીના પટ તરફ ગયો. પટની વચ્ચોવચ જઇને એકલો બેઠો. દૂર દૂર કોઇ જગ્યાએ વરસાદ પડયો હોય એવી સૌરભની ઝડી હવામાંથી આવી રહી હતી. એ સૌરભ મારે માટે એક કેફ જેવી હતી. હું નદીની રેતીમાં સૂતો અને મારા હૃદયમાં ઉત્પન્ન થયેલી ગૂઢ ઊર્મિઓને કારણે અત્યાનંદમાં આવી ગયો. મારી વિચાર-સૃષ્ટિમાં હું ઘણો દૂર નીકળી ગયો અને સમયનું પણ મને ભાન ન રહ્યું. અચાનક અચલ હજી કેમ નહિ આવ્યો હોય એ વાતની સ્મૃતિ થતાં જ હું બેઠો થયો અને કાંઠા પર નજર કરી તો અચલ હાથમાં પુસ્તક લઇ દોડતો આવતો હતો અને એની પાછળ બીજા ચાર માણુસો દોડી રહ્યાં હતાં. મને જોઇને તરત જ તેઓએ બૂમ પાડી: "આ તરફ આવતા રહો, જલ્દી દોડો, હડી કાઢો, પાણીનો ઘોડો આવે છે."

મને આમાં કાંઇ જ ગમ ન પડી. આ લોકો અચલની પાછળ શા કારણે દોડતા હશે તે હું ન સમજ્યો. હજી હું ઊભો થાઉં ત્યાં બીજી જોરદાર બૂમ આવી, "એ ભાઇ, વાર ન કરો: દોડો, દોડો, અહીં આવતા રહો. પાણી આવે છે. તણાઇ જશો, દોડો."

મેં સામે નજર કરી તો નદીમાં પાણી પૂરવેગે દોડયું આવતું હતું.

હવે હું સમજ્યો. અચલ ઊભો હતો તે બાજુ હું દોડવા લાગ્યો, પણ રેતીમાં ઝડપથી દોડી શકાયું નહિ. માંડ વીસેક ડગલાં માંડયાં હશે ત્યાં તો ઉપરથી આવતું પાણી લોખંડની એક પ્રચંડ પાટની માફક મારી સાથે ભયંકર જોરથી અફળાયું.

પહેલા તો હું ફેંકાઇ ગયો અને પાણી સાથે તણાઇ જઇશ એવું લાગ્યું, પણ પછી એ જોરથી વહેતાં પાણીમાં પણ હું દોડી શક્યો અને સામે કાંઠે પહોંચી ગયો. એટલી વારમાં તો નદી બન્ને કાંઠે છલકાઇ ગઇ હતી.

ખરેખર એ એક જોવાલાયક અને લાંબો સમય યાદ રહી જાય એવું દૃશ્ય હતું. જે નદીમાં થોડી જ પળો પહેલાં રેતી હતી તેના બન્ને કાંઠા હવે પાણીથી છલકાઇ રહ્યાં હતા. પાણી પ્રચંડ જોરથી આગળ ધપ્યે જ જતું હતું અને છતાં ખૂબી એ હતી કે એ જગ્યાએ બિલકુલ વરસાદ ન હતો. આ પાણી દૂર દૂરથી આવતું હશે. થોડા સમય સુધી કુદરતનું એ ભીષણ છતાં હૃદયને ગમે એવું દૃશ્ય જોતો ઊભો જ રહ્યો. પાણી પર ઝાડની મોટી ડાળીઓ પણ વચ્ચે વચ્ચે તરતી દેખાતી હતી. આવે વખતે સામી બાજુ રહી ગયેલાં ઢોર કે ગામનાં માણુસોનું શું થશે એ વિચાર મને

આવ્યો. મેં સામે કાંઠે નજર કરી પણ મને કોઈ માણસ નજરે ચડયું નહિ.

"સારું થયું કે હું દોડીને આ બાજુ આવી શકયો અને બચી ગયો, નહિતર આવા જોરવાળા પાણીમાં હું તણાઈને કયાં જાત? મારા શું હાલ થાત? અચલનું શું થાત?" આવા અનેક વિચારો મારા મનમાં વિજળીની ઝડપે આવ્યા અને ગયા. આ પાણીમાં તરવાનો વિચાર માત્ર કરવો અશકય હતો છતાં પણ કોઈક ચમત્કારથી હું બચી ગયો એ બાબતની મને નવાઈ લાગી.

એ દૃશ્યને પેટ ભરીને જોઈ લીધા પછી મેં અચલ પાસે જવા નદી તરફ પીઠ ફેરવી.

અચલ અને તેની સાથેના પેલા ચાર જણ તો કાંઠાથી દૂર ઊભા હતા. હું તેઓની પાસે જતો હતો એટલામાં મારા એક બીજા મિત્ર અરુણને મેં મારી પાસે જ ઊભેલો જોયો. અરુણ મને મારા બધા મિત્રોમાં સૌથી વ્હાલો હતો. એ ત્યાં કયાંથી આવ્યો હશે એ વિષે મારા મનમાં પ્રશ્ન જ ન થયો! મે એને કહ્યું, "પાણીનો માર તો બહુ જ જોરથી લાગ્યો પણ મને જરા પણ ઈજા ન થઈ. જાણે કે શરીરને કશું જ ન થયું હોય એવું લાગે છે."

"આવા પ્રસંગે એમ જ બને છે," કહી અરુણે એક મંદ સ્મિત કરી મારા ખભા પર પોતાનો હાથ મૂકયો. એ હાથના સ્પર્શે મારા મનમાં અજબ શાંતિ આવી. એ અનુભવ અપૂર્વ હતો. આ પ્રકારની શાંતિ મેં જીવનમાં પ્રથમવાર જ અનુભવી.

અચલ અને પેલા ચાર જણા વાત કરતા હતા. અચલ પાણીના પૂરને જોઈને ઘણો જ બેબાકળો થઈ ગયેલો લાગતો હતો. તેઓ મોટેથી વાતો કરી રહ્યા હતા.

"તણાઈ ગયો."

"ભૂંડી થઈ. હવે પત્તો ન લાગે."

"કેમ રીતે નહિ?"

"પાણીનો લોઢ વાગતાં જ હાડકાં ભાંગી જાય. એમાં તો હાથીનું પણ જોર ન ચાલે."

"થોડોક ફેર પડયો. આપણે જરા વહેલા પહોંચી ગયા હોત તો બચી જાત."

"હવે શું થશે?"

"ભૂંડી કરી નાખી."

આ સાંભળી મને નવાઈ લાગી. શું આ લોકો મને જોઈ નહિ શકતા હોય? મેં બૂમ પાડી કહ્યું, "અચલ, હું આ ઊભો!"

મારી વાત કોઈએ સાંભળી હોય એવાં ચિહ્નો દેખાયાં નહિ.

તરત જ મને એક બીજી વાત યાદ આવી. મારી પાસે ઊભેલો અરુણ તો છએક માસ પહેલાં દરિયામાં ન્હાતાં ડૂબીને મરણ પામેલો હતો! એ અહીં કયાંથી?

"અરુણ, તું તો દરિયામાં ડૂબી ગયેલો હતો. તું પાછો કયાંથી આવ્યો? તું તો....."

"મરણ પામેલો. સાચી વાત હું મરણ પામેલો છું. અને તું પણ હમણાં જ નદીમાં ડૂબીને મરણ પામ્યો છે."

* * * * * *

હું વાંચી રહ્યો. હર્ષા અને મારી પત્ની એક ધ્યાનથી સાંભળી રહ્યાં હતાં. પુરું કર્યા પછી હું બોલ્યો, "હર્ષાબ્હેન, આ લખાણ તમારું નથી. આ શૈલી જુદી જ છે."

"હું તો કહું છું કે આ લખાણ મેં નથી લખ્યું."

"પણ ત્યારે આ લખાયું શી રીતે?" મારી પત્નીએ પ્રશ્ન કર્યો.

"આનો એક જ અર્થ હોઈ શકે. કોઈક મૃત આત્માએ ગઈ રાત્રે હર્ષાબેન લખવા બેઠાં ત્યારે એના શરીરનો કબજો લઈ એમના હાથે આ લખાણ લખાવ્યું હશે. અક્ષરો હર્ષા બ્હેનના છે પણ વળાંકમાં સ્હેજસ્હાજ ફરક છે એ પણ એ જ કારણે. એનો અર્થ એ કે

મૃત આત્મા હર્ષાબેનના શરીરનો કબ્જો લઈ શકે છે."

"વળગાડ" કહીને મારી પત્ની આગળ ન બોલી. એ શબ્દ બોલવામાં કાંઇ ભૂલ કરી નાખી હોય એમ એને લાગ્યું.

"આ એક પ્રકારનો વળગાડ કહી શકાય ખરો."

"હવે મને એક બાબત યાદ આવે છે," હર્ષાએ કહ્યું, "હું લખવા બેઠી ત્યારે પહેલાં બે વાક્યો લખતાં જ હું ખૂબ બેચેન જેવી થઇ ગઇ હતી અને પછી મને ખૂબ થાક લાગ્યો હોય એવી પણ સ્મૃતિ થાય છે. ઊંઘમાંથી જગાડી ત્યારે મને કાંઇ જ યાદ નહોતું."

"આ તો એક સરસ વાર્તા થઇ," મારી પત્નીએ કહ્યું.

હર્ષાના શરીરમાં પ્રવેશ કરનાર એ મૃત-આત્મા સંબંધે કાંઇ જ હકીકત મળે એવું કશું જ એ કેફિયતમાં નહોતું તે ઘણી જ દિલગીરીની વાત છે. એમાં માત્ર બે નામોનો ઉલ્લેખ હતો-અચલ અને અરુણ. ગામના નામનો પણ ઉલ્લેખ નહોતો. માત્ર નદીવાળું ગામ છે એટલી માહિતી હતી. જો વિશેષ માહિતી હોત તો આ સંબંધે કાંઇક તપાસ કરી શકાત પણ એને અભાવે માત્ર એ કેફિયતથી જ સંતોષ માનવાનો રહે છે.

છ ન્સા ફ

ભજવી શકાય તેવું સામાજિક નાટક

પાત્રપરિચય

ઠાકોરરાવ દેસાઇ—	—	સોલીસીટર } ઠાકોરરાવ એન્ડ કું૰ સોલીસીટર્સની પેઢીના ભાગીદારો
દિનકરરાવ દેસાઇ—	—	સોલીસીટર તેનો પુત્ર
મગનલાલ— —	—	મજકુર પેઢીનો મેનેજર
રઘુનાથ — —	—	મજકુર પેઢીનો કારકૂન
ટપુ — —	—	ઓફીસનો નોકર
કાવસજી — —	—	છુપી પોલીસનો અમલદાર
ગોપાળરાવ —	—	બેંકનો કેશિયર
સુંદરબાઇ કામદાર—	—	એક સ્ત્રી

ઉપરાંત — ન્યાયાધીશ, વકીલો, કેદખાનાના અમલદારો, સીપાહીઓ, કેદીઓ, ડાક્ટર વગેરે વગેરે.

(ડીસેમ્બર ૧૯૫૪ ના અંકથી ચાલુ)

અંક બીજો

સમયઃ—પહેલા અંક પછી ત્રણ માસ વીત્યા બાદ, એક બપોરે.

સ્થળઃ— ન્યાયમંદિર.

(બેરીસ્ટરો, સોલીસિટરો, વર્તમાન પત્રોના પ્રતિનિધિઓ, કોર્ટના પટાવાળાઓ અને જ્યુરીના ગૃહસ્થોથી ઓરડો ભરેલો છે. કેદીના પાંજરામાં રઘુનાથરાવ ઉભેલો છે. એની આસપાસ પોલીસના બે સિપાઇઓ એની ચોકી કરવા માટે ખડા છે, પણ કેદી તરફ તેમનું ખાસ લક્ષ નથી. રઘુનાથની બરાબર સામે ન્યાયમૂર્તિનું ઉંચુ આસન આવેલું છે જેના પર, આસપાસના બધા ઘોંઘાટથી પર અને બેપરવા દેખાતા ન્યાયાધીશ બિરાજેલા છે. સરકારી વકીલ પાકટ ઉમરના, જરા કઠોર દેખાતા ચ્હેરાના વકીલના પોશાકમાં વકીલોની ખુરસીઓની હારમાં ઉભેલ છે. બચાવ પક્ષનો વકીલ, બેરિસ્ટર વ્યાસ, જુવાન, ઉંચો અને પાતળો માણસ છે. પ્રેક્ષકોમાં ઠાકોરરાવ અને દિનકરરાવ સોલિસીટરો અને મગનલાલ નજરે પડે છે. બેની જુબાની લેવાઇ ગઇ છે. પરદો ઉપડે છે ત્યારે ડીટેક્ટીવ કાવસજી સાક્ષીના પીંજરામાંથી બહાર નીકળતો જણાય છે.)

સરકારી વકીલ—નામદાર કોર્ટ અને જ્યુરીના ગૃહસ્થો! મારો કેસ અહિં પૂરો થાય છે. (બેસે છે)

બેરીસ્ટર વ્યાસ—(ઉઠીને ન્યાયાધીશને નમન કરીને) નામદાર કોર્ટ અને જ્યુરીના ગૃહસ્થો! તહોમતદારે ચેકમાં ફેરફાર કર્યો એ હકીકત ખોટી ઠરાવવા હું પ્રયત્ન નહિ કરૂં. હું આપને એટલું જ બતાવવા પ્રયત્ન કરીશ કે એ વખતે એના મગજની સ્થિતિ બરાબર નહોતી. અને એવી માનસિક હાલતમાં કરેલ કાર્ય માટે એને જવાબદાર લેખી શકાય નહિ. હું આપને એટલું બરાબર બતાવી આપીશ કે એ કાળે એ એવી માનસિક વ્યથાથી પીડાતો હતો કે જેને પરિણામે એનું મગજ સ્થિર નહોતું. એ એક થોડા સમયની ઘેલછા હતી. નામદાર કોર્ટ અને જ્યુરીના ગૃહસ્થો! તહોમતદાર ફક્ત ત્રેવીશ વરસની ઉમ્મરનો છે. આ કાર્ય એનાથી કયા સંજોગોમાં બન્યું એ બતાવવા માટે હું એક સ્ત્રીને જુબાની આપવા માટે બોલાવીશ. જો

સ્ત્રીના જીવનના કરુણ પ્રસંગો અને એ અત્યંત કંગાળ અને દુ:ખી જીવનમાંથી એને કોઈ પણ ઉપાયે, કોઈ પણ ભોગે, કોઈ પણ જોખમે, છોડાવવાનો તહોમતદારનો નિશ્ચય, એ સર્વ આપ એ સ્ત્રીના મુખેથી જાણી શકશો. આ સ્ત્રી તરફ એનો ધણી એવું ખરાબ, એવું હલકું, એવું ઘાતકી વર્તન રાત્રિ દિવસ ચલાવ્યા કરે છે કે જેના પરિણામે એની જીંદગી અકારી થઈ પડે છે. તહોમતદાર રઘુનાથરાવ આ બધું રાત્રિ દિવસ જોયા કરે છે. બાઈના તરફ ઉચ્ચ પ્રકારના સ્નેહને લીધે, ખરાં હૃદયની લાગણીને પરિણામે એને એ ત્રાસમાંથી મુક્ત કરવા એ યોજના ઘડે છે. કોઈ પણ પુરુષના હાથમાંથી—પછી તે ગમે તેવો હોય તો પણ—તેની સ્ત્રીને મુક્ત કરવા પ્રયત્ન કરવો એ વાજબી છે કે નહીં એ ચર્ચામાં હું નહિ ઉતરું. એક નિરંતર દુભાતી સ્ત્રી તરફ એક સહૃદય યુવાનની ભાવના એ વસ્તુને આપ સૌ બરાબર સમજી શકશો. વળી આપ સૌ જાણો છો કે આવા નશાબાજ, હૃદય વગરના અને રાક્ષસ જેવા પતિના હાથમાંથી પણ કાયદેસર કોઈ સ્ત્રી મુક્ત થઈ શકતી નથી. હિન્દુ કાયદો છુટાછેડાના હક્કો સ્વીકારતો નથી.

ન્યાયાધીશ—મી. વ્યાસ! તમારા કેસની સાથે છુટાછેડાની વાતને કશો સંબંધ છે?

બેરિસ્ટર વ્યાસ—આપ નામદારને હું હમણાં જ બતાવી શકીશ કે મારા કેસને એવો સંબંધ છે. હું એમ કહેવા માંગુ છું કે છુટાછેડાના કાયદાને અભાવે એ બાઈને માટે જીવન પર્યંત પોતાના નિર્દય ધણી સાથે જે કંઈ સહન કરવું પડે એ મુંગે મોઢે સહન કરીને રહેવાનું સ્વીકારવાનો એક જ માર્ગ રહ્યો. એમ ન કરે તો પોતાનાં બચ્ચાંઓ સાથે કોઈ સ્થળે નાસી જવાનું સાહસ ઉઠાવવું જોઈએ. એવી સામાન્ય કેળવણીવાળી અને કશા હુન્નરઉદ્યોગના શિક્ષણ વગરની સ્ત્રી પોતાનું અને પોતાનાં બે બાળકોનું પોષણ કરવા જેટલું કમાઈ શકે એ સહેલું નથી. આખરે એવી સ્ત્રીઓને પોતાનું શીયળ વેચવાનો માર્ગ સ્વીકારવો પડે છે.

ન્યાયાધીશ—મી. વ્યાસ, તમે બહુ દૂર નીકળી જાઓ છો.

વ્યાસ—હું મારા મુદ્દા પર તુરત આવું છું સાહેબ!

ન્યાયાધીશ—હું એમ જરૂર ઇચ્છું છું.

વ્યાસ—આ પ્રમાણે એ બિચારી સ્ત્રી પાસે આટલા માર્ગ ખુલ્લા હતા. એ બધાથી બચવા માટે એની એકની એક આશા હતી તોહમતદાર રઘુનાથરાવ પર. રઘુનાથનો એની તરફ પવિત્ર પ્રેમ હતો. એ પ્રેમ બહુ ઉચ્ચ પ્રકારનો પ્રેમ હતો.—એ માટે સુંદરબાઈ કામદાર પોતે જ આપને કહી શકશે. મુંબઈથી નાસી જવું અને કોઈ દૂરના અજાણ્યા સ્થળે જઈને જીવન શરૂ કરવું અને દરમ્યાન કંઈ મુશ્કેલી આવે તો પતિપત્ની તરીકે પોતાની ઓળખ આપવી, એ યોજનાનો ક્રમ હતો. મારા વિદ્વાન મિત્ર એમાં કદાચ અનીતિ જોશે, કદાચ એમ કહી શકશે કે કાયદો હાથમાં લેવાનો કોઈને અધિકાર નથી. એ બધી વાતો સ્વીકાર્યા પછી તોહમતદાર અને સુંદરબાઈ કામદારે આ નિશ્ચય કર્યો એ વાત મારે જણાવવાની રહે છે. હવે, આ કામ માટે પૈસા જોઈએ, અને એમની પાસે પૈસા હતા નહિ. તા. ૭મી જુલાઈને દિવસે આ ચેકમાં ફેરફાર કરવામાં આવ્યો. મારો અસીલ આ કાર્ય માટે કેટલો જવાબદાર અથવા બિનજવાબદાર ગણી શકાય તે બતાવવા માટે હવે હું મારા સાક્ષીઓ જે કહે તે સાંભળવાને આપ સાહેબોને વિનંતિ કરીશ. મગનલાલ સૂર્યશંકર.

(મી૦ વ્યાસ હાથમાં કાગળ પકડી રાખી આસપાસ નજર રાખતા ઉભા રહે છે. મગનલાલ સાક્ષીના પીંજરામાં આવી ઉભા રહે છે. અને નિયમ મુજબ સોગત આપવામાં આવે છે.)

વ્યાસ-તમારું નામ શું?

મગનલાલ-મગનલાલ સુર્યશંકર.

વ્યાસ-તોહમતદાર જે સોલીસીટરોની પેઢીમાં કારકુન હતો તે પેઢીમાં તમે મેનેજર છો?

મગનલાલ-જી, હા.

વ્યાસ-તોહમતદાર કેટલો વખત ત્યાં નોકરીમાં હતો?

મગનલાલ-બે વરસ-રહો, જરા ભુલ થઈ, બે વરસમાં સત્તર દિવસ ઓછા.

વ્યાસ-એ બધો વખત એ તમારી નજર નીચે જ હતો?

મગનલાલ-રવિવાર અને તહેવારો સિવાય.

વ્યાસ-બરાબર છે. આ બે વરસ દરમ્યાન તમને તોહમતદારનું સામાન્ય ચારિત્ર્ય કેવું લાગેલું?

મગનલાલ-(જ્યુરી તરફ ફરીને જરા ધીરે અવાજે) બહુ મજાનો, મીઠા બોલો જવાનીયો. મારે એને કંઈ કહેવુંજ નહોતું પડતું. આ કામ એણે કર્યું એ જાણી મને તો બહુ જ નવાઈ લાગેલી જો!

વ્યાસ-એની પ્રમાણિકતા ઉપર શંકા લઈ જવાનું કશું કારણ કોઈ વખત એણે આપેલું?

મગનલાલ-નહિ જ. અમારી પેઢી પર અપ્રમાણિકતા ચાલી જ શકે નહિ ને!

વ્યાસ-જ્યુરીના ગૃહસ્થો એ વાતની બરાબર કદર કરી શકશે, મિ. મગનલાલ.

મગનલાલ-પ્રમાણિકતા તો પહેલી વાત-બધા ધંધામાં અને બધી નોકરીમાં.

વ્યાસ-તમે એનું ચારિત્ર્ય સર્વ રીતે શંકા વગરનું હતું એમ કહી શકશો ને?

મગનલાલ-(ન્યાયાધીશ તરફ ફરીને) જરૂર, જરૂર. આ બન્યું ત્યાં સુધી અમે સૌ હળીમળીને આનંદ કરતા. આ બનાવથી હું બહુ ગભરાઈ ગયેલો.

વ્યાસ-હવે તા. ૭ મી જુલાઈની સવારની વાત કરીએ-જે દિવસે આ ચેકમાં ફેરફાર થયો. તમે તે દિવસે તોહમતદારની રીતભાતમાં કશો ફેરફાર જોઈ શક્યા હતા?

મગનલાલ-મારો અભિપ્રાય પૂછો તો તે દિવસે તેનું ચિત્ત બરાબર ઠેકાણે નહોતું.

ન્યાયાધીશ-એને ચિત્તભ્રમ થઈ ગયેલું એવું સૂચન કરવા માગો છો?

મગનલાલ-ચિત્ત બરાબર ઠેકાણે નહોતું.

ન્યાયાધીશ-જરા વધારે સ્પષ્ટ રીતે કહો.

વ્યાસ-(નરમાશથી) જરા વધારે સરલતાથી કહો ને મિ. મગનલાલ.

મગનલાલ-(જરા ખોટું લાગ્યું હોય એમ) મારા મત મુજબ એ જરા વ્યગ્ર જણાતો હતો. જ્યુરીના ગૃહસ્થો મારું કહેવું બરાબર સમજી શકશે.

વ્યાસ એમ માનવાને તમને શું કારણ મળ્યું હતું? કહેશો?

મગનલાલ-જરૂર. હું મારી બપોરની ચા હંમેશા ઓફીસમાં મંગાવું છું. ચાની સાથે પુરી, બટેટા-કે એવું કંઈક-વખત બચે એટલા માટે. તે દિવસે ચા આવી તે જ વખતે નાના સાહેબ દિનકરરાવે મને ચેક આપ્યો. હવે મને ચા ગરમાગરમ પીવાની આદત છે એટલે હું ગયો કારકુનના ઓરડામાં અને બીજા કારકુન દાઉદને ચેક વટાવી લાવવા માટે આપ્યો. એ વખતે રઘુનાથ આમતેમ આંટા મારતો હતો. મેં એને કહ્યું "આ કંઈ ચોપાટીનો દરિયો નથી, હો, રઘુનાથ."

વ્યાસ-અને એણે શું જવાબ આપ્યો તે યાદ છે?

મગનલાલ-હા, એણે કહ્યું "દરિયો હોત તો બહુ સારું થાત." મને એ સાંભળીને બહુ નવાઈ લાગેલી.

વ્યાસ-બીજું કંઈ ખાસ ધ્યાન ખેંચે એવું બનેલું?

મગનલાલ–હા, એના ડગલાનાં બટન ઉઘાડાં હતાં. મને એ ગમે નહિ. મેં તેને કહ્યું. "તમારા ડગલાનાં બટન ખુલ્લાં છે."

વ્યાસ–એણે શો જવાબ આપ્યો?

મગનલાલ–મારી સામે તાકી રહ્યો. એ ઠીક નહિ.

ન્યાયાધીશ–તાકી રહ્યો એમાં અસાધારણ શું હતું?

મગનલાલ–એની આંખમાં કંઈક વિચિત્ર હતું–એની નજરમાં. હું બરાબર એ સમજાવી ન શકું.

વ્યાસ–અગાઉ એની આંખમાં તમે કદી એવું જોયેલું કે?

મગનલાલ–કદી નહીં. જોયું હોત તો હું જરૂર સાહેબોને ખબર કરત. અમારા ધંધામાં એવી વિચિત્ર વાત ન ચાલે.

ન્યાયાધીશ–ત્યારે એ પ્રસંગે તમે તમારા સાહેબોને ખબર કરેલી કે?

મગનલાલ–મારી વાતનો આધાર મળે એવા પુરાવા વગર હું તેમને તસ્દી આપવા નહોતો માંગતો.

વ્યાસ–પણ તમારા મગજ પર આ વાતે અસર કરેલી એ તો ખરું ને?

મગનલાલ–જરૂર, અને કારકુન દાઉદ હાજર હોત તો એ પણ એમ જ કહેત.

વ્યાસ–બરાબર છે. પણ એ અંહી હાજર નથી એટલે શું થાય? હવે જે દિવસે આ વાત બહાર આવી તે દિવસ માટે શું કહી શકશો? એ અઢારમી તારીખે બનેલું.

મગનલાલ–(કાન પર હાથ મૂકીને) જરા મોટે અવાજે બોલો, સાહેબ.

વ્યાસ–એ વાત પકડાઇ તે પહેલાં, તે દિવસે તમારું ધ્યાન કશાંથી ખેંચાયેલું?

મગનલાલ–હા સાહેબ, એક સ્ત્રીથી.

ન્યાયાધીશ–આ વાતને શું સંબંધ છે મિ. વ્યાસ?

વ્યાસ–તોહમતદારે જે માનસિક સ્થિતિમાં આ કાર્ય કર્યું એ હું બરાબર બતાવવા માગું છું.

ન્યાયાધીશ–એ હું બરાબર સમજુ છું પણ એણે એ કામ કર્યાને ઘણા દિવસો થઇ ગયા હતા.

વ્યાસ–બરાબર, નામદાર, પણ મારા મુદ્દા સાથે એને સંબંધ છે.

ન્યાયાધીશ–વારૂ.

વ્યાસ–તમે કહ્યું કે એક સ્ત્રી. તમે એમ એમ કહેવા માગો છો કે એ તમારી પેઢી પર આવેલી?

મગનલાલ–હા.

વ્યાસ–શા માટે?

મગનલાલ–રઘુનાથને મળવા આવેલી. એ બહાર ગયેલો.

વ્યાસ-તમે એને મળેલા?

મગનલાલ–હું એને મળેલો.

વ્યાસ–એ એકલી જ આવેલી?

મગનલાલ–હવે મને તમે મુશ્કેલીમાં મૂકો છો. મને ઓફીસના નોકરે જે કહેલું તે જુબાનીમાં કેમ કહેવાય?

વ્યાસ–બરાબર છે, મિ. મગનલાલ, બરાબર છે.

મગનલાલ–પણ હવે જુવોને, એ વાતનો પણ રસ્તો કરીએ. ત્રીજા માણસે પૂછેલા સવાલના જવાબમાં એણે કહેલું, "એ મારાં છે, સાહેબ"

ન્યાયાધીશ–"એ" કોણ? "શું" મારા છે?

મગનલાલ–એનાં છોકરાં–એ બહાર હતાં.

ન્યાયાધીશ–એ તમે કેમ જાણ્યું?

મગનલાલ-એ ન પૂછો નામદાર, નહિ તો મેં સાંભળેલી વાત મારે કહેવી પડશે અને એ ચાલે નહિ.

ન્યાયાધીશ–(હસીને) તમારી ઑફીસના છોકરાએ એમ જણાવેલું ને?

મગનલાલ–એમ જ.

વ્યાસ–હવે હું આટલું જાણવા માગું છું, મિ. મગનલાલ. રઘુનાથને મળવાની માગણી કરતાં એ બાઈ એવું કંઈ બોલેલી કે જે તમને ખાસ યાદ હોય?

મગનલાલ–એણે કહેલું, "આ જીવન મરણનો સવાલ છે."

જ્યુરીનો આગેવાન–એ બાઈ આ પ્રમાણે બોલેલી?

મગનલાલ–(માથું હલાવી હા કહીને) આવા શબ્દો આપને કોઈ કહે તો ઠીક ન લાગે.

વ્યાસ–અને એ બાઈ ત્યાં હતી તે દરમ્યાન રઘુનાથ પાછો આવેલો? (મગનલાલ માથું હલાવી હા કહે છે). અને એને મળીને એ ચાલી ગયેલી?

મગનલાલ–એ ચોક્કસ ન કહેવાય. એને ચાલી જતાં મેં જોઈ ન હતી.

વ્યાસ–ત્યારે હજી સુધી એ ત્યાંજ છે?

મગનલાલ–(હસીને) નહિ જ.

વ્યાસ–બસ, એટલુંજ મિ૰ મગનલાલ. (બેસે છે)

સરકારી વકીલ–(ઉભા થઈને) તમે કહો છે કે ચેકમાં ફેરફાર કર્યો તે સવારે તહોમતદારનું મન વ્યગ્ર હતું. એટલે તમે શું કહેવા માંગો છો?

મગનલાલ–એ હું બરાબર સમજાવું. કોઈ કુતરાનો માલિક ગુમ થઈ ગયો હોય તેને તમે જોયો છે? એ પ્રમાણે એ ચારે બાજુ ચકળ વકળ જોયા કરતો હતો.

સરકારી વકીલ–બરાબર, તમે કહ્યું છે કે તેની નજરમાં કંઈક વિચિત્ર હતું. એ વિચિત્રનો અર્થ શું? કંઈક અસામાન્ય કે એવું કંઈ?

મગનલાલ–હા, વિચિત્ર.

સરકારી વકીલ–બરાબર, પણ તમને જે વિચિત્ર લાગે તે મને ન લાગે, અથવા, જ્યુરીના ગૃહસ્થોને પણ ન લાગે. એની આંખોમાં ભય હતો, કે શરમ હતી, કે ઝનુન હતું કે શું હતું?

મગનલાલ–એ બહુ મુશ્કેલ છે સાહેબ, મેં એક શબ્દ વાપર્યો છે. હવે આપ મારી પાસે બીજો શબ્દ વપરાવવા માગો છો.

સરકારી વકીલ–(મેજ પર હાથ પછાડીને) વિચિત્રનો અર્થ ચિત્તભ્રમ કરો છો?

મગનલાલ–ચિત્તભ્રમ નહિ, વિચિત્ર.

સરકારી વકીલ–ઠીક. હવે તમે કહ્યું છે કે એના ડગલાનાં બટન ખુલ્લાં હતાં. એ દિવસે તાપ બહુ હતો?

મગનલાલ–હા, મને એવું યાદ છે.

સરકારી વકીલ–અને તમે કહ્યા પછી એણે બટન બીડેલાં કે?

મગનલાલ–હા, મને એમ સાંભરે છે.

સરકારી વકીલ–આને તમે ચિત્તભ્રમ કહી શકો?

(બેસી જાય છે. મગનલાલ જવાબ આપવા મોઢું ખુલ્લું રાખી ઉભા રહે છે).

વ્યાસ–ઉતાવળે (ઉભા થઈને) આવી અવ્યવસ્થિત હાલતમાં તમે એને અગાઉ કદી જોએલો કે?

મગનલાલ–કદી નહિ. એની ટાપટીપમાં કદી ખામી દેખાઈ નથી.

વ્યાસ–બસ, એટલું ચાલશે.

(ન્યાયાધીશ અથવા જ્યુરીના ગૃહસ્થો કંઈ પૂછવા માગતા હોય તો તેમને તક આપવાની ખાતર મગનલાલ આસપાસ નજર ફેરવે છે. કોઈ કંઈ પૂછવા માગતું નથી એમ જણાયા પછી તે હાકારરાવ અને વિનકારાવની પાસે જઈ ખુરસી પર બેસે છે).

સુંદરબાઇ કામદાર–(સુંદરબાઇ કામદાર આવીને સાક્ષીના પાંજરામાં ગંભીરપણે ઊભી રહે છે. એને સોગન આપવામાં આવે છે).

તમારું નામ શું?

સુંદરબાઈ–સુંદરબાઇ કામદાર.

વ્યાસ–તમારી ઉમ્મર?

સુંદરબાઇ–છત્રીશ વરસ.

વ્યાસ–તમે પરણેલા છો, અને તમારા ધણી સાથે રહો છો, ખરું? જરા મોટે અવાજે બોલો.

સુંદરબાઇ–ના, જી. ગયા જુલાઇ માસ પછી નહિ.

વ્યાસ–તમારે છોકરાં છે?

સુંદરબાઇ–જી, હા. બે છોકરાં.

વ્યાસ–હજી એ તમારી સાથે જ રહે છે?

સુંદરબાઇ–જી, હા.

વ્યાસ–તમે તોહમતદારને પીછાણો છો?

સુંદરબાઇ (રઘુનાથ સામે જોઇને) હા.

વ્યાસ–તમારે તેની સાથે કેવા પ્રકારનો સંબંધ હતો?

સુંદરબાઇ–અમે મિત્રો હતાં.

ન્યાયાધીશ–મિત્રો?

સુંદરબાઇ–(સરળતાથી) સ્નેહીઓ, સાહેબ.

ન્યાયાધીશ–તમે કયા અર્થમાં એ શબ્દ વાપરો છો?

સુંદરબાઇ–અમારો એક બીજા તરફ સ્નેહ છે.

ન્યાયાધીશ–હા– પણ...

સુંદરબાઇ–ના સાહેબ, બીજું કશુ નહિ– હજી લગી...

ન્યાયાધીશ–(સુંદર અને રઘુનાથ તરફ આંખો ફેંકીને) હજી લગી,–હં, ઠીક.

વ્યાસ–તમારો ધણી શું કામ કરે છે?

સુંદરબાઇ–એક વેપારી પેઢી તરફથી ગામેગામ મુસાફરી કરે છે.

વ્યાસ–અને તમારું લગ્નજીવન કેવા પ્રકારનું હતું?

સુંદરબાઇ–(માથું હલાવીને) એ વાત કહી જાય તેમ નથી, સાહેબ.

વ્યાસ–તમારો ધણી તમારી તરફ ગેરવર્તન ચલાવતો કે શું?

સુંદરબાઇ–મારો પહેલો છોકરો જન્મ્યો ત્યારથી.

વ્યાસ–કઇ જાતનું?

સુંદરબાઇ–એ કેમ કહું? દરેક જાતનું.

ન્યાયાધીશ–આ સવાલ જવાબ મારે બંધ કરવા પડશે, સમજ્યા?

સુંદરબાઇ–(રઘુનાથ તરફ હાથ કરીને) આણે મને એ દુઃખમાંથી મુક્ત કરવાનું નક્કી કર્યું. અમે કરાંચી નાસી જવાનાં હતાં અને ત્યાંથી આફ્રીકા.

વ્યાસ–બરાબર, અને કેમ ન ગયા?

સુંદરબાઇ–હું એની ઓફીસની બહાર ઉભેલી દરમ્યાન એને કેદ કરી લઇ ગયા. મારાં હૃદયના કટકા થઇ ગયા–એ જોઇને.

વ્યાસ–ત્યારે એને કેદ કરવામાં આવેલ એ વાત તમે જાણો છો?

સુંદરબાઇ–હા, જી. એ પછી હું પાછી ઓફીસ પર ગયેલી અને (મગનલાલ તરફ જોઇને) આમણે મને બધી વાત કહેલી.

વ્યાસ–હવે, તમને સાતમી જુલાઇ, શુક્રવાર સ્મરણમાં છે?

સુંદરબાઇ–હા.

વ્યાસ–શા કારણે?

સુંદરબાઇ–મારા ધણીએ તે સવારે મારું ગળું દાબીને લગભગ મારી નાખેલી.

ન્યાયાધીશ–લગભગ મારી નાખેલી? હાથથી ગળું દાબીને?

સુંદરબાઇ–હા, નામવર, હું મહામુસીબતે નાસી છૂટેલી. હું સીધી મારા મિત્ર પાસે ગયેલી. એ વખતે આઠ વાગ્યા હતા.

ન્યાયાધીશ–સવારના આઠ? એ વખતે તમારો ધણી પીધેલો તો ન હોઈ શકે.

સુંદરબાઇ–એ કંઇ હમેશાં પીધેલો હોય ત્યારે જ આમ બનતું એવું નથી.

વ્યાસ–તમે કેવી હાલતમાં હતા?

સુંદરબાઇ–બહુ નાલાશીભરી હાલતમાં, સાહેબ, મારા કપડાં ફાટી ગયેલાં અને મારો શ્વાસ પુરો ચાલતો નહોતો.

વ્યાસ–અને તમે એ બધી વાત તમારા મિત્રને કહી?

સુંદરબાઇ–હા. હવે એમ થાય છે કે ન કહી હોત તો બહુ સારૂં થાત.

વ્યાસ–એથી એ ઉશ્કેરાયેલો?

સુંદરબાઈ–ભયંકર રીતે.

વ્યાસ–તમને કદી એકાદ એક બાબત એણે વાત કહેલી?

સુંદરબાઇ–કદી નહીં.

વ્યાસ–એણે તમને કદી પૈસા આપેલા?

સુંદરબાઇ–હા.

વ્યાસ–ક્યારે? યાદ આવે છે?

સુંદરબાઇ–વળતે દિવસે–શનિવાર–આઠમી તારીખે મારે માટે અને છોકરાઓ માટે કપડાં વગેરે સામાન ખરીદવા માટે–મુસાફરીની તૈયારી કરવા માટે.

વ્યાસ–આથી તમને નવાઇ લાગેલી કે? આ પૈસા આપ્યા તેથી?

સુંદરબાઇ–હા, કારણ કે જે સવારે મારા ધણીએ મને મરણતોલ કરી તે સવારે તે રડેલો, અને બોલેલો કે મને લઇ જવા માટે તેની પાસે પૈસા ન હોતા. પછી મને એણે કહ્યું કે એનો એકાદ દાવ સીધો પડી ગયો હતો.

વ્યાસ–અને તમે એને છેલ્લાં ક્યારે મળેલા?

સુંદરબાઇ–ગિરફતારીની સવારે. એ દિવસે અમે ઉપડી જવાનાં હતાં.

વ્યાસ–બરાબર, હવે શુક્રવાર અને એ દિવસની વચ્ચે તમે મળેલાં કે નહિ? (સુંદરબાઇ માથું હલાવી હા કહે છે) એનું વર્તન એ દિવસોમાં કેવું હતું?

સુંદરબાઇ–જાણે તદ્દન મુંગો–એક શબ્દ પણ ભાગ્યે જ બોલે.

વ્યાસ–જાણે કંઇ અસામાન્ય વાત બની ગઇ હોય એમ? (સુંદરબાઇ 'હા' કહે છે) સારી કે નરસી, કે કેવા પ્રકારની?

સુંદરબાઇ–જાણે કોઇ આફતનું વાદળ એના પર ઝઝુમી રહ્યું હોય એમ.

વ્યાસ–(અચકાઇને) તમારો તોહમતદાર તરફ બહુ સ્નેહ હતો?

સુંદરબાઇ–(નીચું જોઇને) હા.

વ્યાસ–અને તમારા તરફ એનો પણ એવો જ ભાવ હતો?

સુંદરબાઈ–(રઘુનાથ તરફ જોઇને) હા, છે.

વ્યાસ–ત્યારે હવે તમે એટલું કહી શકશો કે તમારા જીવનની વેદના અથવા વ્યથાની વાત સાંભળી તેનાં મગજનું સમતોલપણું ગુમાવી બેસે, અને એના પર પણ એનો કાબુ ન રહે?

સુંદરબાઇ–બરાબર છે.

વ્યાસ–કદાચ ભાન પણ ગુમાવી બેસે?

સુંદરબાઇ–ઘડીભર એમ પણ બની જાય ખરૂં.

વ્યાસ–એ શુક્રવારે સવારે એ બહુ ઉશ્કેરાઇ ગયેલો? કે શાંતિ જાળવી રહેલો?

સુંદરબાઈ–ભયંકર રીતે ઉશ્કેરાએલો. એને મારી પાસેથી જવા દેવાની મારી છાતી ચાલતી નહોતી.

વ્યાસ–હજી પણ તમારો તેના તરફ સ્નેહ છે ખરો?

સુંદરબાઇ–(રઘુનાથ તરફ જોઇને) મારી ખાતર એણે જીન્દગી રદ બાતલ કરી નાખી!

વ્યાસ–બસ, સુંદરબાઇ, મારે એટલું જ પૂછવાનું હતું. (બેસે છે. સુંદરબાઇ ગંભીર બેપરવાઇથી પીંજરામાં ઉભી રહે છે).

સરકારી વકીલ (જરા લાગણી દેખાડતા અવાજે) સાતમી તારીખ અને શુક્રવારે તમે તેનાથી જુદાં પડયાં ત્યારે એનું મગજ ખસી ગયેલું હતું એવું તમને લાગેલ નહિ, કેમ?

સુંદરબાઇ–ના, જી.

સરકારી વકીલ–બસ. મારે બીજો સવાલ પૂછવાનો નથી.

સુંદરબાઇ–(જ્યુરી તરફ જરા ઝુકીને) મેં પણ એની ખાતર એમ જ કર્યું હોત–જરૂર.

ન્યાયાધીશ–જરા સમજો. તમે જણાવ્યું કે તમારું ગૃહજીવન સુખી નહોતું. એમાં દોષ બન્ને પક્ષનો હશે ને?

સુંદરબાઇ–મારો દોષ માત્ર એટલો જ કે હું એને નમતું આપું નહિ. એવા માણસને શા માટે નમતું આપવું?

ન્યાયાધીશ–તમે તેની આજ્ઞા ઉઠાવતાં નહિ?

સુંદરબાઇ–(પ્રશ્ન જરા ઉડાવીને) હું હંમેશાં એની ઇચ્છા સમજી લઇને એ મુજબ બધું તૈયાર રાખતી.

ન્યાયાધીશ–તમે તોહમતદારને મળ્યાં ત્યાં સુધી, કાં?

સુંદરબાઇ–ના, એ પછી પણ.

ન્યાયાધીશ–હું એટલા માટે પૂછું છું કારણ કે મને જણાય છે કે તોહમતદાર સાથેના સ્નેહની વાતમાં તમે ગૌરવ માનતા હો તેમ જણાય છે.

સુંદરબાઇ–હું–હું એમ માનું છું. મારા જીવનમાં હવે એ જ બાકી રહે છે.

ન્યાયાધીશ–(ફરી નજર કરીને) બહુ સારું, હવે તમે જઇ શકો છો. (સુંદરબાઇ રઘુનાથ તરફ નજર નાખી, આસપાસ જોઇ, સાક્ષીઓની સાથે જઇ બેસે છે.)

વ્યાસ–નામવર, હવે હું તોહમતદારને તપાસવા માગું છું. (રઘુનાથરાવ આરોપીના પીંજરામાંથી સાક્ષીના પીંજરામાં આવી ઉભો રહે છે. તેને સોગન આપવામાં આવે છે.)

વ્યાસ–તમારું નામ?

રઘુનાથ–રઘુનાથરાવ શ્રીધર.

વ્યાસ–ઉમ્મર?

રઘુનાથ–ત્રેવીસ વરસ.

વ્યાસ–તમે લગ્ન નથી કર્યાં? (રઘુનાથ માથું હલાવી 'ના' કહે છે.) તમે છેલ્લા સાક્ષીને કેટલા વખતથી પિછાણો છો?

રઘુનાથ–૭ માસથી.

વ્યાસ–તમારા અને તેના સંબંધની તેણે કહેલી હકીકત સાચી છે?

રઘુનાથ–હા.

વ્યાસ–તમારો તેના તરફનો પવિત્ર હૃદયનો સ્નેહ હતો?

રઘુનાથ–હા.

ન્યાયાધીશ–એ પરણેલી સ્ત્રી છે એમ તમે જાણતા હતા છતાં પણ?

રઘુનાથ–એ મારા હાથની વાત નહોતી, નામવર.

ન્યાયાધીશ–હાથની વાત નહોતી એટલે!

રઘુનાથ–મારું દિલ મારો હાથમાં નહિ. (ન્યાયાધીશ જરા ખભા મરડે છે.)

વ્યાસ–તમને તેની સાથે ઓળખાણ ક્યાંથી થઇ?

રઘુનાથ–મારી એક પરણેલી બહેન છે તેની મારફત.

વ્યાસ–એના ધણી સાથે એ સુખી હતી કે નહિ તે મારે તમે કશું જાણેલું?

રઘુનાથ–એ હમેશનો કલેશ હતો.

વ્યાસ–તમે એના ધણીને ઓળખો છો?

રઘુનાથ–એની મારફત જ મેં એને ઓળખેલો. એ એક રાક્ષસ છે.

ન્યાયાધીશ–આ જાતની, હાજર ન હોય એવા માણસો માટેની, ટીકા નહીં ચાલી શકે.

વ્યાસ–(નમીને) બરાબર નામવર. (રઘુનાથને) તમે આ ચેકમાં ફેરફાર કર્યાનું કબુલ કરો છો? (રઘુનાથ માથું હલાવી 'હા' કહે છે).

વ્યાસ–શુક્રવાર તા૦ ૭ મી જુલાઈના દિવસે શું બન્યું તે બરાબર યાદ કરીને જ્યુરીના ગૃહસ્થોને કહો.

રઘુનાથ–(જ્યુરી તરફ ફરીને) હું સવારે નાસ્તો લેતો હતો ત્યાં તે આવી. એના કપડાં ફાટેલાં હતાં, એનાથી પુરો શ્વાસ પણ લેવાતો નહોતો. એનાં ગળાં પર નખૂનાં નિશાન અને લોહીના ડાઘ હતા. એનાં હાથ પર ઉઝરડા હતા અને ચહેરા પર ઠેકઠેકાણે લોહી દેખાતું હતું. એ જોઈને હું ચમકી ગયો. એણે મને બધી વાત કરી. એ સાંભળી મને-મને-શું-શું થઈ આવ્યું હશે એ મારાથી કહેવાતું નથી. (એકદમ સ્વસ્થ થઈને) આપે એ જોયું હોય અને મારા જેવી આપની લાગણી હોય તો આપને પણ એવું જ થાય.

વ્યાસ–બરાબર.

રઘુનાથ–મારે ઓરીસે જવાતું હતું એટલે એ મારી પાસેથી ગઈ. ફરીથી એનાં પર એવો ત્રાસ એ વર્તાવશે અને હું કંઈ કરી શકતો નથી એ વિચારે મારું મગજ બમાવી મૂક્યું. કોઈ કામમાં મારો જીવ પરોવાયો નહિ. હું કશું વિચારી જ શકતો નહોતો. હું સ્થિર બેસી શકતો નહોતો. બસ, આમ તેમ આંટા જ ફરતો હતો. દાઉદે મને ચેક આપ્યો અને કહ્યું, "તારે આવવું જ છે તો આ જરા બહાર જવાનું કામ ઠીક પડશે." પછી આરા હાથમાં ચેક આપ્યો. એની સાથે કોણ જાણે કેમ મને એ વિચાર આવ્યો એ હું સમજી શકતો નથી કે આમાંથી એક હજાર મળી જાય તો બધી મુસીબતનો પાર આવે. મેં શું કર્યું તેનું મને ભાન નથી. કેશીયરને ચેક આપ્યો અને એણે પૂછયું. 'કેટલા રૂપીઆ?' ત્યારે મને સમજાયું. હું નાણાં લઈને બહાર આવ્યો. ઘડીભર એમ થયું કે ટ્રામની વચ્ચે આવી જીવ ખોઈ નાખું. પૈસાનો ઘા કરીને ફેંકી દઉં: પણ એને બચાવી શકાશે એ વિચારે મને પ્રેરી રાખ્યો. અલબત્ત ટિકિટ માટે ખરચેલા પૈસા અને સામાન વગેરે લેવામાં થયેલ ખર્ચ એ તો સૌ નકામું ગયું. જેટલાં નાણાં હાથમાં હતાં એટલા તો મેં ભરપાઈ કર્યાં છે. પણ નિરંતર વિચાર આવ્યા કરે છે કે આ કામ મારાથી બન્યું જ કેમ! (હાથ મસળતો ઉભો રહે છે)

વ્યાસ–તમારી ઓરીસથી બેંક કેટલે દૂર છે?

રઘુનાથ–માંડ બસો પગલાં હશે.

વ્યાસ–દાઉદે તમને ચેક આપ્યો અને તમે તે વટાવ્યો. એ બેની વચ્ચે કેટલો વખત ગયો હશે?

રઘુનાથ–ચાર મીનીટથી વધારે નહિ. હું આખે રસ્તે દોડતો હતો.

વ્યાસ–આ ચાર મીનીટમાં શું બન્યું તે તમને યાદ નથી?

રઘુનાથ–હું દોડતો હતો એટલું હું જાણું છું.

વ્યાસ–ચેકમાં 'એક હજાર' એટલા શબ્દો ઉમેર્યાનું સાંભરે છે?

રઘુનાથ–ખરેખર; એ પણ સાંભરતું નથી. (વ્યાસ બેસે છે. સરકારી વકીલ ઉભા થાય છે).

સરકારી વકીલ–પણ તમે દોડતા હતા એ તો સાંભરે છે ને?

રઘુનાથ–બેન્કમાં પહોંચ્યો ત્યારે હું હાંફતો હતો.

સરકારી વકીલ–અને ચેક બદલ્યાનું નથી સાંભરતું?

રઘુનાથ–(ધીમેથી) ના સાહેબ.

સરકારી વકીલ–મારા વિદ્વાન મિત્ર આ પ્રકરણને જે પવિત્ર પ્રેમની રોમાંચક કથાનું સ્વરૂપ આપે છે એ બાદ કરીએ તો નાણાં ઉચાપત કરવાની બદદાનત સિવાય આને બીજું શું કહી શકાય? બોલો!

રઘુનાથ–સાહેબ, તે સવારથી હું તદ્દન રઘવાયો થયેલો હતો.

સરકારી વકીલ–હવે જુવો તો મુળ ચેકના અક્ષર અને તમે લખેલા 'એક હજાર' વચ્ચે એટલી બધી સમાનતા હતી કે બેંકનો કેશીયર પણ છેતરાય, ખરું ને?

રઘુનાથ–એ ફક્ત અકસ્માત હતો.

સરકારી વકીલ–નવાઇ જેવો અકસ્માત તો ખરો. અને અરધીયામાં આ ફેરફાર ક્યારે કર્યો?

રઘુનાથ–(નીચું જોઇને) બુધવારે સવારે.

સરકારી વકીલ–એ પણ અકસ્માત હતો કાં?

રઘુનાથ–(ધીમેથી) નહિ.

સરકારી વકીલ–એ કામ કરવાની તમો તક શોધ્યા કરતા હશો કાં?

રઘુનાથ–(બહુ જ ધીમેથી) હા.

સરકારી વકીલ–એ કામ તમે કર્યું ત્યારે પણ તમારું મગજ ઉશ્કેરાયેલું હતું એમ તો ન કહી શકો ને?

રઘુનાથ–હું ઘેરાયેલો હતો.

સરકારી વકીલ–પકડાઇ જવાની બીકથી?

રઘુનાથ–હા.

ન્યાયાધીશ–તમને એમ સુઝેલું ખરું કે તમારા સાહેબો પાસે સાચી વાત કબુલ કરી દેવી અને પૈસા તેમને સોંપી દેવા એ જ તમારે માટે સાચો માર્ગ છે?

રઘુનાથ–હું બીતો હતો.

સરકારી વકીલ–અલબત્ત તમે એ બાઇને નસાડી જવાની તમારી યોજનાનો અમલ કરવા માગતા હતા.

રઘુનાથ–જ્યારે મેં આટલું જોખમ ખેડ્યું હતુ એનું મને ભાન થયું ત્યારે એનો કશો ઉપયોગ ન થાય એ વાત મને ભયંકર લાગી.

સરકારી વકીલ–કારકુન દાઉદ પરદેશ ઉપડી જવાનો હતો. ચેક બદલ્યાની વાત બહાર આવે તો બધી શંકા એને માથે જાય એવું તમે નહિ ધારેલું?

રઘુનાથ–કામ તો ક્ષણ માત્રમાં બની ગયેલું. એ વિચાર મને પાછળથી આવ્યો.

સરકારી વકીલ–અને ખ્યાલ આવ્યો છતાં પણ એ શંકા ટાળવાનો વિચાર તમે કરેલો નહિ?

રઘુનાથ–(ગંભીરપણે) મારો ઇરાદો એવો હતો કે પરગામ ઉપડી ગયા પછી એક પત્ર લખી આ ખુલાસો કરવો. પૈસા પણ હું પાછા ભરી આપત.

ન્યાયાધીશ–પણ દરમ્યાન તમારો નિર્દોષ સાથી બિચારો નાહકનો સંડોવાત અને હેરાન થાત એ ખ્યાલ આવેલો?

રઘુનાથ–એ તો બહુ દૂર હતો, નામવર! મને એમ હતું કે સમય ઘણો છે. આટલી વ્હેલી એ વાત બહાર આવશે એવો મને ખ્યાલ નહોતો.

વ્યાસ–આપ નામદારને હું યાદ આપવા રજા લઉં છું કે દાઉદ પરદેશ ઉપડી ગયો ત્યાં સુધી ચેકબુક મી૰ દિનકરરાવના કબજામાં હતી. એટલે શંકા શરૂઆતથી જ તોહમતદાર પર આવત. દાઉદ પર શંકા આવવાનો અવકાશ નહોતો જ.

ન્યાયાધીશ–સવાલ એ છે કે આ શંકા પોતાના પર આવશે અને દાઉદ પર નહિ આવે એવી તોહમતદારને ખાતરી હતી? (રઘુનાથ તરફ જોઇને કડકાઇથી) દાઉદ

પરદેશ ઉપડી ગયો ત્યાર પછી પણ ચેકબુક મિ૰ દિનકરરાવ પાસે હતી એવી તમને ચોક્કસ માહિતી હતી?

રઘુનાથ-હું-હું-ધારતો હતો કે......

ન્યાયાધીશ-સ્પષ્ટ કહો, હતી કે ન હતી?

રઘુનાથ-ના, નામવર, એ જાણવાનું કશું સાધન મારી પાસે ન હતું.

ન્યાયાધીશ-તમારો મુદ્દો ટકી શકતો નથી, મિ૰ વ્યાસ!

(વ્યાસ નમન કરી બેસી જાય છે).

સરકારી વકીલ-આ જાતની રીતભાત અગાઉ તમે કોઈ વખત બતાવેલી કે?

રઘુનાથ-નહિ સાહેબ.

સરકારી વકીલ-અને એ દિવસે બપોરે પાછું તમે નિયમસર કામ કરી શકેલા કેમ?

રઘુનાથ-હા. મારે નાણાં પહોંચાડવાનાં હતાં.

સરકારી વકીલ-એટલે કે એકરો સાત રૂપીયા. એ ખ્યાલ તમને બરાબર હતો. અને છતાં ચેકમાં ફેરફાર કર્યાનું સ્મરણ તમને નથી. (બેસે છે.)

રઘુનાથ-સાહેબ! હું ઘેલો ન બની ગયો હોત તો એ ચેકમાં ફેરફાર કરત જ નહિ.

વ્યાસ-પાછા ફરતાં પહેલાં તમે નાસ્તો લીધેલો કે?

રઘુનાથ-એ આખો દિવસ મેં કશું યે ખાધું નહોતું. અને આખી રાત જંપ્યો નહોતો.

વ્યાસ-પણ ચેક વટાવ્યાવાળી ચાર મીનીટમાં શું બન્યું એ તમને યાદ નથી. તમને એ સમય દરમ્યાન કશાની યાદ નહોતી?

રઘુનાથ-(વિચારીને) મને ફક્ત મિ. મગનલાલના ચહેરાનું એ વખતે સ્મરણ થયું હતું.

વ્યાસ-મિ. મગનલાલના ચહેરાને શું નિસ્બત છે આની સાથે?

રઘુનાથ-ખાસ કશી નહિ.

વ્યાસ-ઑફીસમાંથી તમે નીકળ્યા તે વખતે એ સ્મરણ થયું હશે.

રઘુનાથ-હા, અને આખે રસ્તે. હું દોડતો હતો દરમ્યાન.

વ્યાસ-અને બેંકમાં કેશીયરે પૂછયું, "કેટલા રૂપીઆ?" ત્યાં સુધી એ ચાલ્યું હશે.

રઘુનાથ-હા, એ વખતે મને ભાન આવતું હોય તેમ લાગ્યું, પણ પછી બાજી હાથમાં નહોતી.

વ્યાસ-બસ. અહીં બચાવપક્ષની જુબાની પુરી થાય છે, નામદાર.

(ન્યાયાધીશ માથું હલાવે છે. રઘુનાથ પાછા આરોપીના પાંજરામાં જાય છે. મી. વ્યાસ પોતાની નોંધ એકઠી કરીને બચાવપક્ષ તરફનું ભાષણ શરૂ કરે છે)

નામદાર કોર્ટ અને જ્યુરીના ગૃહસ્થો! આ મુકદ્દમામાં જે બચાવ રજુ કરવામાં આવ્યો છે તેની હાંસી કરી નાખવાનો મારા વિદ્વાન મિત્રે પ્રયત્ન કર્યો છે; અને હું પણ આપને શરૂઆતમાંજ જણાવીશ કે તોહમતદાર પોતાના કૃત્ય માટે જવાબદાર હાલતમાં નહોતો એ જાતની જે જુબાની મેં આપની પાસે રજુ કરી છે એ સ્વીકારવાને આપ તૈયાર ન હો તો મારામાં આપના પર બીજી રીતે કશી અસર કરવાની શક્તિ નથી. જે ઘડીએ તોહમતદારે આ કૃત્ય કર્યું તે વેળા એ લાગણીના એટલા સખત, એટલા સતત આવેશ નીચે રહેલો હતો કે એનું માનસ અને એનું ચારિત્ર્ય એ બન્ને પર પડદો પડી ગયેલો. અને ફક્ત ટૂંક વખતની ઘેલછા જ કહી શકાય. મારા મિત્ર કહેશે કે આ આખા બનાવની આસપાસ એક અદ્ભુત, પવિત્ર, નિઃસ્વાર્થ સ્નેહની વાર્તા ઉભી કરવાનો મેં

પ્રયત્ન કર્યો છે. એવું કશું નથી. બધી જાતના ગુનાહોની પાછળ માનવજીવનની એક આવેશ ભરેલી બાજુ ખડી હોય છે. આ ગુનાહ પાછળ કયો આવેશ છુપાયેલો હતો એ બતાવવા ઉપરાંત મેં કશુંયે કર્યું નથી. ગૃહસ્થો, આપણે બહુ સુધરેલા, સંસ્કારી જીવનવાળા સમયમા રહીએ છીએ અને એક માનવી બીજા કોઇ તરફ કોઇ પણ જાતનું ઘાતકી વર્તન બતાવે એ પ્રસંગ આપણને બીજી કશી નિસ્બત ન હોય તો પણ આઘાત આપનારો થઇ પડે છે. હવે જો કોઇ સ્રીના તરફ આપણો શુદ્ધ હ્રદયનો સ્નેહ હોય અને એના તરફ આવું અમાનુષી વર્તન બતાવાતુ આપણે જોઇએ તો આપણને શું શું ન થાય? અને તોહમતદારની માફક એક ત્રેવીસ વરસનો યુવાન એવા એક પ્રસંગથી શું શું લાગણી ન અનુભવે? આપ એમ ન માની શકો કે બિલકુલ ઉદાસીન વૃત્તિથી એ એવો પ્રસંગ પસાર થવા દઇ શકે. પીંજરામાં ઉભેલા કેદીના ચહેરા તરફ આપ જરા નજર કરો આપને જણાશે કે એ ચહેરામાં કઠોરતાની રેખાઓ નથી. એ ચહેરો કોઇ પ્રકારની બદચાલની સાક્ષી આપતો નથી. લાગણીને વશ સહેલાઇથી થઇ જાય એવો એક માનવી એ ચહેરો બતાવે છે. હુ એમ કહેવાનો પ્રયત્ન નહિ કરૂં કે એ લાગણીના ઉભરામાં એણે કરેલું કાર્ય સ્તુત્ય અથવા પ્રમાણિક છે; હું આપને એટલું જ કહેવા માગું છું કે એક અપરાધી તરીકે એ શિક્ષાને પાત્ર હોય તેના કરતાં એક દરદી તરીકે એ દવા અને સારવાર માટે વધારે લાયક છે. હું સમજું છુ કે આ જાતની ઉદારતાનો ખોટો ઉપયોગ થવાનો ઘણો અવકાશ રહે છે. એ વાત આપ આપની વિવેકબુદ્ધિથી નક્કી કરી શકશો. આ મુકદમામાં કેદીને આવી ઉદારતાનો લાભ મળે તે બહુ સ્થાને ગણાશે એમ હુ માનુ છું. મેં તોહમતદારને પ્રશ્ન પૂછેલો આપને યાદ હશે.

"આ ચાર મિનિટ દરમ્યાન તમને શું વિચાર આવેલો?" એણે જવાબ આપેલો, "મને ફક્ત મગનલાલના ચહેરાનો જ વિચાર આવ્યો હતો." આવો જવાબ કોઇ માણુસ બનાવી કાઢી શકે જ નહિ. એ જવાબમાં રજેરજ સત્ય ભરેલું છે. જે બાઇ પોતાની જીન્દગી પર એક જાતનું જોખમ ખેડીને આપની પાસે જુબાની આપવા આવેલ તેની અને તોહમતદારની વચ્ચેનો ઉચ્ચ પ્રકારનો સ્નેહ આપ જોઇ શક્યા છો. જે દિવસે એણે આ કાર્ય કર્યું તે દિવસની તેના અંતરની વેદના આપ બરાબર સમજી શકયા હશો. પછી તો એ એક ક્ષણમાં શું બન્યું એનું એને ભાન નથી. એ ક્ષણમાં ખંજર હ્રદયમાં ઉતરી જાય અને મૃત્યુ નિપજાવે; ભરેલું પાત્ર એક ક્ષણ ઉધુ વાળો અને ટીપું પણ પાણી તેની અંદર ન રહે. કર્યું ન કર્યું કરવાને જીવનમાં કોઇ સમય નથી એ બહુ દયાજનક વાત છે. એક ક્ષણમાં એ ચોકમાં ફેરફાર થયો અને વટાવાયો પછી? પછી બધું મૃત્યુની શક્તિનું સ્વરૂપ લ્યે છે. એ ચાર મિનિટમાં એને માટે કદાચ કેદખાનાના કઠોર દરવાજા ઉઘડી જાય છે. એ પછીનાં તેનાં કૃત્યો એના મનની ફક્ત નબળાઇ જ બતાવે છે. ગુનોહ કબુલ કરી દેવાની હિમ્મતની ખામી; અરધીયામાં ફેરફાર, નાસી જવાની તૈયારી; એ બધાં માનસની નબળાઇનાં સ્વરૂપો જ છે. એક કમનસીબ માણુસ આ રીતે વિના કારણે એક પછી એક જાળમાં ગુંચવાતો જાય છે. પણ આવા પ્રકારની મનની નબળાઇને કારણે જ એક મનુષ્ય હમેશ માટે સમાજમાંથી પોતાનુ સ્થાન ગુમાવી બેસે એ આપને ઠીક લાગે છે? તોહમતદાર જેવા અનેક માનવીઓને કાયદો આ પ્રમાણે હમેશાં કચરી નાખતો હશે અને એ ફક્ત એક જ કારણથી કે આપણે આવા માણુસોને દવાને લાયક દર્દી તરીકે પિછાનવા તૈયાર નથી. જો આપ તોહમતદારને ગુનેહગાર ઠરાવશો તો એ

ગુનેહગાર વર્ગમાં હજી સુધી નથી ભળ્યો પણ હવે ભળશે. આપણે એને એ રીતે ગુનેહગાર બનાવી શકશું. હું આપને વિનતિ કરીને કહું છું કે એના કપાળ પર જીવનની કાળી ટીલી ચોંટે એવી જાતનો નિર્ણય આપ ન આપશો. ગૃહસ્થો! ઇન્સાફનું યંત્ર એકવાર ગતિમાં મુકાયું પછી શું નથી કરી શકતું? આ યુવાન માણસ, ફક્ત નબળાઇના જ અપરાધ માટે, એક એવા સ્થળમાં એ યંત્રવડે ફેંકાઇ જાય કે જ્યાંથી પાછા ફરવાનો ભાગ્યે જ અવકાશ રહે. હું આપને વિનવીને કહું છું કે એને જીવનમાં રહેવા માટે એક તક આપો. ચાર મિનિટની ઘેલછાને કારણે એની જીન્દગી કચરી ન નાંખો. એને આ ઘડીયે જ બચાવી લેવાય. એને કેદખાને ધકેલી દેશો તો પછી જીવનભર એનો ઉદ્ધાર નથી. એણે અત્યાર સુધી જે જે સહન કર્યું છે તે લક્ષમાં લ્યો. એના અપરાધ કરતાં એ દસગણું ભયંકર છે. બે માસ તો આ તપાસને કારણે એણે કેદખાનામાં ગાળ્યાં છે. એટલું પુરતું નથી! શું એ કદી એ વાત ભુલી જશે? ઇન્સાફના રથના પૈંડા નીચે એ પુરતો કચરાયો છે. અત્યારે કચરાય છે. ભવિષ્યમાં હજી એને કચરાતો રાખવાની આપની વૃત્તિ નહિ થાય એવી મને ખાતરી છે.

(બ્યાસ બેસે છે. જ્યુરીના ગૃહસ્થો એક બીજાની સામે નજર કરે છે. સરકારી વકીલ ઉભા થઇ એક સ્થળે નજર બરાબર ગોઠવે છે અને પછી જ્યુરી તરફ ફરીને ભાષણ શરૂ કરે છે.)

સરકારી વકીલ—નામદાર કોર્ટ! જ્યુરીના સદ્‌ગૃહસ્થો!

આ મુકદમામાં હકીકત માટે મતભેદ નથી અને મારા વિદ્વાન મિત્રે રજુ કરેલો બચાવ એવો નિર્મળ છે કે હું સાક્ષીઓની તપાસની વિગતમાં ઉતરવાનું વ્યાજબી માનતો નથી. ટુંક સમયની ઘેલછાને બચાવમાં મુદ્દા તરીકે મુકવામાં આવી છે. આ જાતનો બચાવ તૈયાર કરવાની કશી જરૂર અને સમજાતી નથી આપને પણ એ કદાચ સમજાઇ હશે નહિ. અપરાધ સ્વીકારી લેવો અને કોર્ટની દયા માગવી એ વધારે સારો માર્ગ હતો. એ માર્ગ લેવાને બદલે મારા મિત્ર આ બનાવને કંઇક રોમાંચક, કંઇક કરૂણ અને લાગણીભર્યું સ્વરૂપ આપવા માટે એક સ્ત્રીને સાક્ષી તરીકે લઇ આવે છે. મારા વિદ્વાન મિત્રને આ ગોઠવણ માટે હું મુબારકબાદી આપું છું. એ રીતે એણે મુખ્ય મુદ્દાની હકીકત મુખ્ય વ્યક્તિ પાસે રજુ કરાવી છે. ગૃહસ્થો! મને આશા છે કે જો આપ આ સર્વ બનાવનો મુળ હેતુ સમજી શક્યા હશો તો બીજી બધી વાત સમજાવવી સહેલી છે. (જરા કઠોર હાસ્ય હસે છે). હવે આ ઘેલછાનો બચાવ જરા તપાસી જોઇએ. સાક્ષી બાઇ તોહમતદારના બચાવમાં જેટલું કહી શકાય એટલું કહે એમ આપ સમજી શકશો. એ કહે છે કે સવારે જ્યારે તોહમતદાર એની પાસેથી વિદાય થયો ત્યારે એનામાં ઘેલછા નહોતી. પેઢીના મેનેજર મિ. મગનલાલ કહે છે કે એનું વર્તન તે દિવસે જરા વિચિત્ર હતું. એ ઘેલો બની ગયેલો એવી વાત એ કહી શકેલ નથી. બેંકનો કેશીયર પોતાની જુબાનીમાં કહે છે કે ચેક વટાવ્યો ત્યારે તોહમતદારનું વર્તન તદ્દન રીતસરનું હતું. એક માણસ એક પર દસ મિનિટે પુરી શુદ્ધિમાં હોય; એક પર પંદર મિનિટે પુરી શુદ્ધિમાં હોય, એ ફક્ત એક અપરાધનો બચાવ કરવા ખાતર એ બન્નેના વચલા ગાળામાં ઘેલો બની જાય એ વાત આપને કેવી લાગે છે? આથી વધારે દલીલમાં ઉતરવાની મારી ઇચ્છા નથી. મારા મિત્રે આપને ઘણી ઘણી વાતો કહી નાંખી છે-બહુ સુંદર ભાષામાં એ વાતો કહી છે. લાગણી, ઉચ્ચ સ્નેહ, લાલચ, એ બધાને એમણે એક પછી એક તપાસ્યા છે. મારે બહુ થોડું કહેવાનું છે. આ જાતનો ગુનો કાયદામાં સ્પષ્ટ

ગંભીર મનાય છે. બીજા નિર્દોષ માણસ પર આ ગુનાહની જવાબદારી આવી પડે એ જાતની શકયતા અને એક વિવાહિત સ્ત્રી સાથેનો તોહમતદારનો સંબંધ એ બન્ને હકીકતો પણ આપે ધ્યાનમાં લેવા યોગ્ય છે. મને શંકા નથી, ગૃહસ્થો ! કે આપ સર્વાનુમતે તોહમતદારને 'ગુનેહગાર' ઠરાવશો.

(આસપાસ બધે નજર ફેંકતા બેસી જાય છે).

ન્યાયાધીશ-(જ્યુરીના ગૃહસ્થો તરફ રહેજ ખુરસી ફેરવીને) જ્યુરીના ગૃહસ્થો ! આપ સૌએ આપની પાસે પડેલી જુબાની અને તેના પરની ટીકા ધ્યાનથી સાંભળેલ છે. જે મુદ્દા આપને તપાસવાના રહે છે એ આપની પાસે સ્પષ્ટ મુકવાનું હવે મારૂં કાર્ય છે. ચેક પર અને અરધીયા પર તોહમતદારે ફેરફાર કર્યો એ હકીકત સ્વીકારાઇ છે. બચાવમાં એવુ કહેવાયું છે કે એ કાર્ય એણે કર્યું ત્યારે એ જવાબદાર માનસિક સ્વસ્થ હાલતમાં નહોતો. આના અનુસંધાનમાં આપે જુબાની સાંભળી છે, અને તોહમતદારને દીવાના જેવી હાલતમાં હોવાનું માની શકાય કે નહીં તે મારેની દલીલોનો તોલ કરવાની હાલતમાં આપ છો. જો આપ એ હકીકતનો સ્વીકાર કરો તો આપ તોહમતદારને "ગુનેહગાર પણ પાગલ" ઠરાવી શકો છો. એની માનસિક હાલતનો ખ્યાલ કરવામાં આપ એ ગુનોહ કરતાં પહેલાં અને પછી એની સ્થિતિ અને આપની પાસે પડેલી સુંદરબાઇ કામદાર અને મેનેજર મગનલાલ અને કેશીયર ગોપાળરાવની જુબાનીની તુલના કરશો. જો આપ એવી સમજ પર આવો કે તોહમતદારે આવી એકાદ યોજના અગાઉથી નક્કી કરી રાખેલી હતી, તો પાગલપણાનો બચાવ ઉભો ન રહી શકે. આપને નિર્ણય પર આવવામાં તોહમતદારની ઉમ્મર, અથવા સંયોગોથી ઉભી થતી લાલચ વગેરે વાતોનો વિચાર કરવાનું કશું કારણ નથી. એને આપ "ગુનેહગાર પણ પાગલ" ઠરાવવાના નિર્ણય પર આવો તો એ સમયે એની માનસિક હાલત એવી હતી કે જેને લીધે એને દીવાનાશાળામાં મોકલવાની જરૂર પડે, એવું ચોક્કસ કરશો. (અટકે છે. જ્યુરીના ગૃહસ્થો મસલત કરવા માટે બીજા ઓરડામાં જવું કે નહિ તે માટે વિચાર કરતા હોય તેવું જોઇને) આપ મસલત કરવા માટે હવે જઇ શકો છો.

(જ્યુરી ન્યાયાસનને પાછલે બારણેથી જાય છે. કેદી પોતાના સોલીસીટર લેઈ મોટેથી વાત કરે છે કોર્ટમાં રહેજ ઘોંઘાટ જણાય છે)

વ્યાસ-નામવર ! તોહમતદાર મારી મારફત આપને બહુ આગ્રહપૂર્વક વિનતિ કરવા રજા માગે છે કે આપ છાપાંના પ્રતિનિધિઓને એવી તાકીદ આપશો કે જુબાની આપવા આવેલ બાઇનું નામ કોઇ પણ સંયોગોમાં જાહેરમાં આવે નહિ. જો એમ નહિ બને તો એને માટે પરિણામ બહુ ગંભીર આવવા સંભવ છે.

ન્યાયાધીશ-(રહેજ હસીને પણ મક્કમતાથી) મી૦ વ્યાસ, તમે પોતે જ બચાવનો એવો માર્ગ લીધો છે કે જેને પરિણામે એને અહીં હાજર થવું પડયું છે.

વ્યાસ-આપ નામવર એમ ધારો છો કે એ વગર હું બધી હકીકત પૂર્ણ રીતે રજુ કરી શકયો હોત ?

ન્યાયાધીશ-વારૂ, ઠીક.

વ્યાસ-સાહેબ બાઇને માટે ખરેખર જોખમ સમાયેલું છે, નામવર !

ન્યાયાધીશ-એ બધું ફકત તમારા શબ્દો પરથી જ મારે માનવાનુ રહે છે.

વ્યાસ આપની કૃપા. હું ફકત સત્ય જ તેજ કહુ છું.

ન્યાયાધીશ-આ કોર્ટમાં કોઇ પણ સાક્ષીનું નામ છુપાવવામાં આવે એ વાત મારા

નિયમની વિરુદ્ધ જાય છે. (પ્રથમ વ્યાસ તરફ અને પછી સુંદરબાઇ તરફ નજર કરીને) હું તમારી અરજ વિચારીશ. એ માટેના સંયોગો મારે ધ્યાનમાં લેવાના રહેશે. તોહમતદારની વતી ખોટી સાક્ષી પુરવા એ આવેશ ન હોય એ પણ મારે જોવાનું રહે છે.

વ્યાસ–નામવર!

ન્યાયાધીશ–હું કશું એવું સૂચન કરવા માગતો નથી, મી. વ્યાસ. હાલ તુરત એ ચર્ચા બંધ રાખો.

(જ્યુરીના ગૃહસ્થો પાછા આવીને પોતાને સ્થાને બેસે છે.)

કોર્ટનો કારકુન–જ્યુરીના ગૃહસ્થો! આપ આપના નિર્ણયમાં એકમત છો?

જ્યુરીનો આગેવાન–એકમત.

કોર્ટનો કારકુન–આપનો નિર્ણય "ગુનેગાર"નો છે કે "ગુનેહગાર, પણ પાગલ"નો?

જ્યુરીનો આગેવાન–અમે એકમતે "ગુનેહગાર" ઠરાવીએ છીએ.

(ન્યાયાધીશ માથું હલાવે છે. તોહમતદાર સ્થિર બેસી રહે છે.)

વ્યાસ–(ઉભા થઇને) આપ નામવર શિક્ષા ફરમાવો એ પહેલાં એક એ વાત કહેવાની રજા આપશો. તોહમતદારની વય અને ગુનાહના સંયોગો માટે હું જે કહી ગયો છું એમાં કશો વધારો કરવાનો મને અવકાશ છે?

ન્યાયાધીશ–હું નથી ધારતો, મી. વ્યાસ.

વ્યાસ–જો એમ હોય તો આપ નામવર મારી વાત ધ્યાનમાં રાખશો. (બેસે છે.)

ન્યાયાધીશ–(કારકુનને) તોહમતદારને સંભળાવો.

કારકુન–તોહમતદાર રઘુનાથ, તમારા પર ખોટી રીતે નાણાં ઉચાપત કર્યાનું તોહમત સાબીત થાય છે. તમને કાયદેસર શિક્ષા થાય એ સામે કંઇ કહેવાનું છે?

(રઘુનાથ માથું હલાવી ના કહે છે.)

ન્યાયાધીશ–તોહમતદાર રઘુનાથરાવ, તમારા પરના આરોપની વાજબી તપાસ કરવામાં આવી છે. અને બનાવટી રીતે નાણાં ઉચાપત કરવાનો અપરાધ તમે કર્યાનું વાજબી રીતે સાબીત થાય છે. તમારા બચાવમાં એવું કહેવામાં આવ્યું છે કે જે ઘડીએ તમે આ ગુન્હો કર્યો ત્યારે તમારૂં ચિત્ત સ્થિર નહોતું. જે સંયોગોથી તમારૂં ચિત્ત વ્યગ્ર બનેલું તે માટેની હકીકત અને પુરાવો રજુ કરવાનું પણ તમારા વકીલે યોગ્ય માન્યુ છે. છતાંયે આ આખા મુકદમા દરમ્યાન એણે તમારે માટે દયાની માગણી ચાલુ રાખી છે. દયા ઉત્પન્ન કરી શકાય એવી જાતની સાક્ષી પણ અહીં રજુ કરવામાં આવી છે. આ માર્ગ વાજબી હતો કે નહિ તે હું કહી શકતો નથી. તમને એક ગુન્હેગાર કરતાં એક નબળા મનના દરદી તરીકે ગણવાની માંગણી પણ કરવામાં આવી છે. અને આ જાતની માંગણી રજુ કરતી ઇન્સાફની ગતિ ગુનેહગારો પેદા કરવામાં સહાય કરે છે એવું બતાવવા પણ પ્રયત્ન થયેલો છે. આ જાતનો બચાવ ધ્યાનમાં લેવા પ્હેલાં મારે કેટલાક મુદ્દાઓ તોળવાના રહે છે. તમારો અપરાધ ગંભીર પ્રકારનો છે. ચેકના અંકોમાં તમે ફેરફાર કર્યો એ હકીકત તમારી આવા ગુનાહ કરવાની શક્તિની સાબિતી આપે છે. એક નિર્દોષ માણસને તમે જોખમમાં મુકવા તૈયાર હતા. એ વાત બહુ ઉંડા પ્રકારની આવડત અને ગણતરી બતાવે છે. ઉપરાંત તમારૂં અનુકરણ કરવા બીજા માણસો લલચાય નહિ તે જોવાનું કામ પણ ઇન્સાફનું છે. બીજી બાજુએ જોતાં અત્યાર સુધીના તમારા ચારિત્ર્ય સામે કશો આક્ષેપ કરવામાં આવ્યો નથી. તમે જુવાન માણસ છો અને બચાવની હકીકત મુજબ અમુક લાગણી ઉશ્કેરનારા સંયોગોમાં તમે આ કાર્ય કરેલું છે. હું ઇચ્છું છું કે-ઇન્સાફ અને સમાજ-એ બન્નેનું હિત ધ્યાનમાં રાખીને તમારા તરફ

ઉદારતા બતાવી શકું. એ નિર્ણય પર આવતા પહેલાં મારે ચોક્કસ હકીકતો ધ્યાનમા લેવી રહે છે. તમે એક સૉલીસીટરની પેઢીમાં કારકુન છો, એટલે કાયદાની દૃષ્ટિએ આ ગુનાહની ગંભીરતા તમારા ધ્યાન બહાર હોઇ શકે નહિ. તમારી લાગણીના આવેશમાં તમે તણાઇ ગયેલા એવુ કહેવામાં આવ્યું છે. સુંદરબાઇ કામદાર સાથેના તમારા સબંધની વાત તમારા બચાવ રૂપે મૂકવામાં આવેલ છે. આ વાત કેવા પ્રકારની છે? તમે એક યુવાન અને એ એક વિવાહિત યુવતી–જેનુ લગ્નજીવન સુખી નથી–એક બીજાના પ્રેમમા પડો છો. આ પ્રેમ અનીતિમય છે કે નહિ તે હજી હુ સમજી શકયો નથી, પણ એમ થવાની તૈયારી હતી એ વાતમાં કશી શંકા નથી. એક કાયદેસર પરણેલી સ્ત્રીને અનીતિને માર્ગે લઇ જવાની બધી તૈયારી થઇ ચુકી હતી એ હકીકત તરફ ચુકાદો આપતી વખતે મારાથી દુર્લક્ષ થઇ શકે નહિ. તમને થયેલી શિક્ષા પુરતી છે એવુ કહેવામાં આવ્યુ છે. હું એ વાત સમજી શકતો નથી. કાયદો અચળ અને આપણા સર્વ કરતાં મહાન છે. એના રક્ષણ નીચે આપણે સર્વે છીએ. મારૂં કાર્ય એનો અમલ કરવા પુરતુ જ છે. તમારો અપરાધ ગંભીર પ્રકારનો છે સમાજના હિતની ખાતર કાયદાનો અમલ વાજબી રીતે કરવો એ હું મારી ફરજ સમજું છુ. હુ તમને ત્રણ વરસની સાદી કેદની શિક્ષા ફરમાવુ છુ.

(રઘુનાથ આ આખું ભાષણ ધ્યાનથી સાભળી રહેલો છે પુરૂં થતા એ માથું ઢાળી નાખે છે સુંદરબાઇ ખુરશી ઉપરથી ચમકી ઉઠે છે અને બહાર જવા ચાલે છે, કોર્ટમા ખળભળાટ થાય છે)

ન્યાયાધીશ–(છાપાના પ્રતિનિધિઓને) વર્તમાન પત્રોના પ્રતિનિધિઓને મારે જણાવવાનું છે કે આ કેસમાં જે બાનુ સાક્ષી. આવેલ છે તેનું નામ જાહેર કરવાનું નથી. (છાપાવાળાઓ નમન કરે છે.)

(સુંદરબાઇ ગભરાયેલી રઘુનાથને લઇ ગયા એ માર્ગે જવા ચાલે છે તેને) તમે સમજ્યાં? તમારૂ નામ બહાર નહિ આવે.

મગનલાલ–(સુંદરબાઇને) સાભળો, ન્યાયમૂર્તિ તમને કહે છે.

(સુંદરબાઈ પાછી ફરી બન્ને તરફ જરા તાકે છે પછી જાય છે.)

ન્યાયધીશ–આજે હું બીજો કેસ શરૂ કરીશ. વકીલોને બોલાવો.

કારકુન–(પટાવાળાને) એડવોકેટ ચંદ્રશંકર. (પટાવાળો બૂમ પાડે છે–"એડવોકેટ ચંદ્રશંકર– એડવોકેટ ચંદ્રશંકર...")

[પડદો પડે છે.]

અંક ૨ જો સમાપ્ત [ચાલુ]

—પુસ્તકો ઘરની દીવાલ પરના અરિસાઓની પેઠે ઘરનાં સુંદર રાચરચીલાંની ગરજ સારી શકે છે. અરીસામાં આપણે વખતોવખત નજર નાખીએ છીએ પણ તેનો સ્પર્શ જવલ્લે જ કરીએ છીએ. એવી જ રીતે ઘણા માણસો ઘરના કબાટમાં ભરેલાં પુસ્તકો તરફ વારંવાર નજર નાખે છે પણ તેનો સ્પર્શ જવલ્લે જ કરે છે. પણ પુસ્તકોનો ઉપયોગ એ નથી. પુસ્તકો પર તો નિર્દય મારો ચાલવો જોઇએ. એ ઘરમાં ગમે ત્યાં આમ તેમ પડેલાં હોવાં જોઈએ, ખુરસી પાસે, બીછાનાં પાસે અને હીંચકા ઉપર–ટુંકામાં જરાકજ હાથ લંબાવતાં તરત હાથમાં આવે એ રીતે પુસ્તકો રાખવા એજ તેનો ખરો ઉપયોગ છે પુસ્તકો વાંચન માટે છે, દર્શન માટે નહીં.

નવચેતન

ઉત્કૃષ્ટ સાહિત્યનું સચિત્ર માસિક



બાંકો રાસ બિલાસ બન્યો ઓર
બાંકી બની શ્રી રાધા પ્યારી

પુસ્તક ૧ : ફેબ્રુઆરી ૧૯૫૫ અંક ૪થો

ઉત્કૃષ્ટ સાહિત્યનું
સચિત્ર માસિક

તંત્રી
રામુ પરમાનંદ ઠક્કર

ચિત્રકારો
શ્રી. જગુ પીઠવા
શ્રી દિલીપ બક્ષી

વર્ષ ૧ લું
અંક ૪ થો
ફેબ્રુઆરી ૧૯૫૫

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૧૦
પરદેશોમાં શી. ૨૦
છુટક નકલની
કીંમત રૂ. ૧
અથવા શીલીંગ ૨

દફતરનું સરનામું:
૩૫, બાપુભાઇ વશી રોડ,
વિલેપારલે, મુંબઇ નં. ૨૪

અનુક્રમણિ

આફ્રિકા ખાતેના એજંટ
Mrs. Rama D. Thakkar
c/o Dr. D. R. Thakkar, M.D.,
P. O. Box No. 147,
JINJA (Uganda)

ઉપરને સરનામે લવાજમ ભરીને ગ્રાહક થઈ શકાશે. નવજીવનની નકલો પણ તેમની પાસેથી મળી શકશે.

મુદ્રક અને પ્રકાશક: રામુ પરમાનંદ ઠક્કર
મુદ્રણ અને પ્રકાશનસ્થાન: "ગુજરાતી" પ્રિંટીંગ પ્રેસ
૩૦૮, બઝારગેટ સ્ટ્રીટ, રીઝર્વ. બેંકની પાછળ,
કોટ, મુંબઇ

પુસ્તક ૧ લું] ફેબ્રુઆરી ૧૯૫૫ [અંક ચોથો

॥ ॐ ॥

भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवान्सस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

માતાનું ઋણ

કર્ણોપકર્ણ ચાલી આવતી આ એક દંતકથા છે કે પૂર્વ કાલમાં ભારતવર્ષમાં તીર્થભૂમિ વારાણસીમાં એક અતિ શ્રીમંત, શીલવાન, ધર્માનુરાગી, ગોબ્રાહ્મણ-પ્રતિપાલ શ્રેષ્ઠી (શેઠ) વસતો હતો. એણે ખેતી, વ્યાપાર અને વહાણવટા દ્વારા અનગળ લક્ષ્મી સંપાદન કરી હતી અને વિશાલ પૃથ્વીનો એ સ્વામી બન્યો હતો. જગત આખાનો પ્રવાસ કરીને તેણે દેશેદેશમાં પોતાની શાખ બાંધી હતી અને દેશેદેશમાંથી લક્ષ્મી કમાઇને જમા કરી હતી. એની પાસે જેટલું દ્રવ્ય હતું એટલું જગતમાં બીજા કોઇ માનવી પાસે નહોતું. મોટા મોટા સામ્રાજ્યોના રાજવીઓ કરતાં પણ એ અધિક શ્રીમંત હતો એટલે લોકો એને જગત-શ્રેષ્ઠી —જગત શેઠ—ના નામે ઓળખતા હતા.

જગતશેઠ પૂર્વજન્મોના સારા સંસ્કારો લઇને અવતરેલો પુરુષ હોવાથી ઘણી લક્ષ્મી સંપાદન કર્યા પછી તેનું ચિત્ત પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તરફ વળ્યું. એણે વિદ્વાન અને પંડિત બ્રાહ્મણોને બોલાવી તેમની પાસે વેદ અને શાસ્ત્રો-પુરાણોનો અભ્યાસ કર્યો અને તેથી એનાં આંતરચક્ષુ ખુલી ગયાં. એણે વિચાર કર્યો કે આત્માનું આખરી લક્ષ્ય મોક્ષ છે. पुनरपि मरणं पुनरपि जननं पुनरपि जननीजठरे शयनम् । એ ચકાવામાંથી આખરે આત્મા મુક્ત થાય એ જ તેની પરમ ગતિ છે. એ ગતિ જો એક જન્મમાં પ્રાપ્ત થઇ શકે તેમ હોય

તો ફરી ફરીને આ પૃથ્વી ઉપર અવતાર શા માટે ધારણ કરવો ? અનગળ દ્રવ્યનો સ્વામી જો હું મારા દ્રવ્ય વડે એટલું પણ સિદ્ધ કરી ન શકું તો પછી એ દ્રવ્ય શા કામનું છે ?

વિચાર કરીને એણે દેશભરમાંથી વિદ્વાન અને બહુશ્રુત એવા વેદશાસ્ત્રોના જ્ઞાતા બ્રાહ્મણોને તેડાવ્યા. એ બ્રાહ્મણોની એક સભા ભરીને તેમની પાસે પ્રશ્ન મૂકયો, "અહો બ્રહ્મ દેવતાઓ ! મારી ઇચ્છા આ જન્મે જ મારા આત્માનો મોક્ષ સાધવાની છે. જન્મમરણના ફેરામાંથી મારે આ જન્મે જ મુક્તિ મેળવવી છે. આ હેતુ જે રીતે સાધી શકાય તે રીતે સાધવાની મારી તૈયારી છે. આપ સર્વે ધર્મના અને શાસ્ત્રોના જાણકાર છો. આપ સહુ વિચાર કરીને, વેદ-શાસ્ત્રોનાં પ્રમાણો જોઇને મને બતાવો કે મારી એ ઇચ્છા શી રીતે પાર પડે. આપના પરિશ્રમના બદલા રૂપે હું આપ સર્વેને આપ માંગશો તેટલું ધન આપીશ."

એકત્ર થયેલા બ્રાહ્મણો જેટલા વિદ્વાન હતા તેટલા જ દરિદ્ર પણ હતા. છતાં સર્વે અનેક વિદ્યાઓના જાણકાર હતા. ચારે વેદના મંત્રો કડકડાટ બોલી જનારાઓ પણ તેમાં હતા. જ્યોતિષ અને આયુર્વેદમાં અતિ પ્રવીણ એવા વિદ્વાનો પણ તેમાં હતા. એમાં થોડાક ધન અને ઐહિક સુખની સ્પૃહા વિનાના હતા પણ ઘણાની દાઢ જગતશેઠના દ્રવ્યથી ડળકી હતી. જગતશેઠ પ્રસન્ન થાય તો જીવનભરનું દળદર ફીટી જાય એટલું દ્રવ્ય આપે એમ તેઓ સમજતા હતા.

સર્વે બ્રાહ્મણોએ એકઠા મળીને સાત દિવસની પરિષદ ભરી. શ્રુતિઓ, સ્મૃતિઓ અને પુરાણોનાં પાનાંઓ ઉથલાવ્યાં. ઉગ્ર ચર્ચાઓ કરી અને મત, મતાંતરોની આપલે કરી. છેવટે એ સર્વેએ એક નિર્ણય કર્યો અને એ નિર્ણય જગતશેઠને જણાવવા માટે આઠમે દહાડે ફરીથી એ સર્વે જગતશેઠ સમક્ષ હાજર થયા. એમનામાં જે સહુથી વયોવૃદ્ધ અને સહુથી વિશેષ વિદ્વાન વિદ્યાપતિ નામના પંડિત હતા તેમણે જગતશેઠને કહ્યું, "હે શ્રેષ્ઠિ, અમે સહુએ સાત દિવસ સુધી તમારા પ્રશ્ન ઉપર વિચારણા કરી છે. અમારામાંના કેટલાક સકલ-શાસ્ત્ર વિશારદ છે. એમણે તમારા પૂર્વ જન્મોનો ઇતિહાસ પણ શોધી કાઢયો છે અને અમે એવા નિર્ણય ઉપર આવેલા છીએ કે અમારા કહેવા પ્રમાણે જો તમે યજ્ઞયાગાદિ કરો અને દ્રવ્યદાન, ગોદાન, ભૂમિદાન અને અન્ન વસ્ત્રોનાં દાન કરો તો આ લોક સાથેના સકલ ઋણાનુબંધથી મુક્ત થઇને મરણ પછી મોક્ષ પ્રાપ્ત કરી શકો તેમ છો."

"આપ જેમ આજ્ઞા કરો તેમ કરવાને હું તૈયાર છું" જગતશેઠે કહ્યું.

"કેવલ ઋણાનુબંધ જ આત્માને ફરી ફરીને આ લોકમાં માનવશરીર ધારણ કરવાની ફરજ પાડે છે." વિદ્યાપતિએ કહ્યું, "અમને માલમ પડયું છે કે

પૂર્વ જન્મોનું કોઇ ઋણાનુબંધ હવે તમને બંધન કરતું નથી. કેવલ આ જન્મે તમે જેના જેના ઋણમાં આવ્યા છો તે બધાનું ઋણ ચૂકવી આપો અને આજ પછી કોઇનું નવું ઋણ ન કરો તો તમે આ જન્મને અંતે જ મોક્ષ પ્રાપ્ત કરી શકો."

"કહો, બ્રહ્મદેવો! એ કાર્ય શી રીતે સિદ્ધ થાય?"

"દાનથી. તમારાં ધન વડે તમે અનેક યજ્ઞો કરો, અન્નક્ષેત્રો સ્થાપો, ગોચર માટે પૃથ્વીનું દાન કરો, ગુરુકુલો સ્થાપો, પાઠશાલાઓ સ્થાપો, ધર્મશાલાઓ અને જલાશયો બંધાવો. એથી તમે સર્વના ઋણમાંથી મુક્ત થશો. પછી બાકી રહેશે કેવલ તમારા પિતા અને માતાનું ઋણ."

"એમાંથી મને મુક્તિ શી રીતે મળે?"

"શાસ્ત્રોમાં એનું પણ વિધાન છે. માતાપિતાનાં રૂડી રીતે શ્રાદ્ધ કરો, તેમનાં નામથી દાન આપો, તેમના નામ અમર રહે એવાં સ્મારકો બંધાવો."

જગશેઠે એ સર્વે વિદ્વાન બ્રાહ્મણોને પોતાને ઘેર જ રોકી લીધા અને તેમની સહાય વડે અનેક યજ્ઞો કર્યા, તેમણે કહ્યું તે પ્રમાણે નાના પ્રકારનાં દાન આપ્યાં અને એક જ વરસના અરસામાં અનેક દેવમંદિરો, અન્નક્ષેત્રો, જલાશયો, ધર્મશાલાઓ, પાઠશાલાઓ ઇત્યાદિ બંધાવ્યાં. ગોચર માટે વિશાલ જમીન દાનમાં આપી.

એ પછી એમણે ગંગા કિનારે પિતૃશ્રાદ્ધ કર્યું. અનેકવાર બ્રહ્મભોજન કરાવ્યાં, દરિદ્રોને અને અભ્યાગતોને ખોબે ખોબે દ્રવ્ય આપ્યું, વસ્ત્રો આપ્યાં, અનાજ આપ્યું. પિતાના નામથી તેમણે મહાલય જેવું એક દેવમંદિર બંધાવ્યું. અને તેના નિભાવ માટે એક કોટિ સુવર્ણમુદ્રા અલગ કાઢી આપી.

અનેક વિદ્યાઓના જાણકાર બ્રાહ્મણો ત્યાં વરસ દિવસથી મુકામ માંડીને બેઠા હતા. તેમાંના એક યોગવિદ્યાપારંગતે જગતશેઠના પિતાના આત્માનું પરલોકમાંથી આવાહન કર્યું. અંતરીક્ષમાં રહીને એ આત્માએ વાણી ઉચ્ચારી, "હે પુત્ર તારાં સત્કાર્યો, ધર્માચરણ અને અપૂર્વ દાનપ્રવાહ વડે તને હું મારા ઋણમાંથી મુક્ત આપું છું."

પછી બાકી રહ્યું માતાનું ઋણ. બ્રાહ્મણોએ શ્રેષ્ઠીને કહ્યું, "હે ધર્મપરાયણ શ્રેષ્ઠિ, જગતમાં સહુથી મોટામાં મોટું ઋણ માતૃઋણ મનાય છે. એમાંથી મુક્ત થવા માટે તમારે આજ સુધી નથી કર્યાં એવા યજ્ઞો, દાન અને તપ કરવાં પડશે."

"હું એને માટે તૈયાર છું, પણ મને મોક્ષ જોઇએ."

બ્રાહ્મણોએ ફરી વાર જગતશેઠ પાસે અનેક યજ્ઞો કરાવ્યા, ઉદાર દાનો દેવડાવ્યાં અને વિધિપુરઃસર માતૃશ્રાદ્ધ કરાવ્યું. એ પછી તેમણે કહ્યું, "શ્રેષ્ઠિ, પાંચ કોટી સુવર્ણમુદ્રાનું ખર્ચ કરીને એક વિશાલ મંદિર બંધાવો. એમાં દેવનું સ્થાપન કરો, બ્રાહ્મણો અને અભ્યાગતો એમાં રહી શકે તેવો પ્રબંધ કરાવો, વિદ્યાર્થીઓ એમાં રહીને અભ્યાસ કરી શકે અને પ્રવાસીઓને એમાં આશ્રય અને અન્ન મળે એવો પ્રબંધ કરો. એ પછી સંકલ્પ કરીને એ મંદિર માતાજીને સમર્પણ કરો. તમે માતાના ઋણમાંથી એ રીતે મુક્ત થશો."

બ્રાહ્મણોએ કહ્યું હતું તેથી અધિક જગતશેઠે કરી બતાવ્યું. પાંચ વરસે એવું મંદિર બંધાઇને તૈયાર થયું. મહાયજ્ઞ કરીને તે મંદિરના ઉદ્‌ઘાટનનો વિધિ કરવામાં આવ્યો.

સમસ્ત વારાણસીની વિશાલ વસતિ એ સમારંભ જોવા એકત્ર થઇ હતી. મંદિરની સન્મુખે ઉભા કરવામાં આવેલા એક વિશાલ મંડપમાં સમર્પણનો સંકલ્પ કરવાનો વિધિ થતો હતો. નગરના રાજવી અને તેના મંત્રીઓ, સમસ્ત દેશના શ્રેષ્ઠીઓ, અસંખ્ય બ્રાહ્મણો, અન્ય નગરવાસીઓ તેમ જ પરગામથી આવેલા યાત્રાળુઓની ઠઠ જામી હતી. પૂજાવિધિ પૂરો થયો અને સુવર્ણના રત્નજડિત બાજઠ પર બેઠેલા જગતશેઠે વેદીના અગ્નિમાં છેલ્લું શ્રીફલ હોમીને વિદ્યાપતિએ બોલાવ્યો તે પ્રમાણેનો સંકલ્પ મંત્ર ઉચ્ચાર્યો. મૃત માનવોના આત્માઓનું આવાહન કરનાર યોગી બ્રાહ્મણે જગતશેઠની માતાના આત્માને અંતરીક્ષમાં બોલાવ્યો. અને એકાએક એક ચમત્કાર થયો. પેલું વિશાલ મંદિર ઉભું હતું તેની નીચેની જમીન એક પ્રચંડ કડાકા સાથે ફાટી. જોત જોતામાં એ આખું મંદિર તેના ઉંચા શિખરો અને ભવ્ય ઘુમટો સહિત પૃથ્વીના પેટાળમાં પેસી ગયું અને ફાટેલી પૃથ્વી પાછી સમથલ બની ગઇ.

દિગ્મૂઢ બની ગયેલી લોકમેદની ભય અને કુતુહલથી નિઃશબ્દ બનીને ઉભેલી હતી તેવામાં અંતરીક્ષમાંથી વાણી સંભળાઇ: "હે મૂર્ખશિરોમણિ જગતશેઠ! તને એવું કોણે શીખવ્યું કે માનવી એની માતાના ઋણમાંથી દ્રવ્ય ખરચીને મુક્ત થઇ શકે? કયા શાસ્ત્રોમાં, કોણે એવું લખ્યું છે? તને સલાહ આપનારા આ બ્રાહ્મણોએ એ કોની પાસેથી જાણ્યું?

–"યાદ રાખજે કે જીવનનાં સર્વે ઋણોમાં એક માતાનું ઋણ જ એવું છે કે જેનો બદલો કોઇ માનવીએ આજ સુધી વાળ્યો નથી અને ભવિષ્યમાં કોઇ વાળી શકશે નહીં. અને માતા એવા કોઇ બદલાની આશા પણ રાખતી નથી. એ ઋણ ચુકવી આપવા માટે હોતું પણ નથી. માતા પોતાના સંતાનને માટે જે કૈ કરે છે તેનો કશો બદલો મળે એવી એના મનમાં ઇચ્છા જ હોતી નથી."

ઉડી જા

શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીનું
એક ભૂલાઇ જતું અનુપમ કાવ્ય

ઉડી જા તું ગાફેલ ગાભરા, તારે અંતરે શી આંટી રહી?



તારી પાંખ પ્રૌઢ થઇ હવે,
યશવાણીઓ કાવ્યો કવે,
રહી રિદ્ધિ કર જોડી નવે,
તો યે શી આસક્તિ રહી?
ઉડી જા૦—

આ તો જાળ સ્વાર્થની છે રચી,
કામ ક્રોધ કોટ રહ્યા મચી,
ખોઇ શુદ્ધિ લાખ ગયા પચી,
પણ ખોઇ તે ફરી ના મળી.
ઉડી જા૦—



દેખે નારીમય કે સોને ઘડયું,
કૈં જીભ, લર; નયને અડયું,
કોઈ કયાં અને કોઇ કયાં પડયું
પણ વાત તો કંઇની કંઇ.
ઉડી જા૦—



છે તું અન્ય કોઇની શોધમાં?
તો તો ધૂળ પડી તુજ બોધમાં
નિજ રૂપથી બીજું શોધ મા
સર્વ એ જ છે વિસર્યા અહીં.
ઉડી જા૦—

હતો બાલ તો સુધું ભાસતું;
વધ્યાં વર્ષ, જ્ઞાન મળ્યું ઊંધું,
પરભાવ મન બનીયું કૂડું,
મળે બાલપણ પાછું ક્યાં જઇ!
ઉડી જા૦—





નશો પ્રેમનો જે ઘુંટી પીએ
તેને રંગ નિત્ય નવા જડે,
તે બ્રહ્માંડમાં નિજાનન્દ લે,
એ ખુમારી તુજ નયને ચડી.
ઉડી જા૦—

પોથી વિશ્વની ભણી ભૂલ તું
પળિયાં છતે બન બાલ તું.
ખરી મસ્તી એ સુખડું ખરૂં
પછી પાપ-પુણ્ય આડે નહીં.
ઉડી જા૦—



આલ્બર્ટ એડવર્ડ

"મહત્તાનાં બંધનો" તોડનાર પાટવીકુમાર, સમ્રાટ અને પછી ઉમરાવ!

ઇસ્વી સન ૧૯૩૬ ના જાન્યુઆરીની ૧૦ મી તારીખે ગ્રેટ બ્રિટનના બાદશાહ અને હિન્દુસ્તાનના શાહાનશાહ ૫ મા જ્યોર્જનું અવસાન થયું ત્યારે બ્રિટિશ સામ્રાજ્ય વિસ્તાર, સત્તા, લક્ષ્મી અને પ્રભાવમાં ઉચ્ચતાના શિખર પર પહોંચેલું હતું. જગતના મહારાજ્યોનો આજ સુધીમાં જે ઇતિહાસ લખાયો છે તેમાં કોઇ કાળે કોઇ મહારાજ્ય એ અરસાના બ્રિટિશ સામ્રાજ્ય જેટલું વિસ્તૃત અને સત્તાવાન ન હોતું. આખી પૃથ્વીના છઠ્ઠા ભાગ જેટલા વિસ્તારમાં એનો વાવટો ફરકતો અને "બ્રિટિશ સામ્રાજ્ય પર કદી સૂર્યાસ્ત થતો નથી" એ સૂત્ર એ સમયે સત્ય હતું.

એ મહારાજ્યના "વિંડઝર"ના નામે ઓળખાતા રાજવંશીઓ અનગળ લક્ષ્મીના સ્વામીઓ હતા. દ્રવ્યથી ખરીદી શકાય તેવા દુન્યવી સુખ–સગવડો અને વૈભવ વિલાસનાં સર્વ સાધનો એમને સુલભ હતાં.

રાજા ૫ મા જ્યોર્જના અવસાનને દિવસે એમનો જ્યેષ્ઠ પુત્ર, બ્રિટિશ સામ્રાજ્યનો "પ્રિન્સ ઓફ વેલ્સ"ને નામે ઓળખાતો ૪૨ વરસનો પાટવીકુમાર, આલ્બર્ટ એડવર્ડ એ સામ્રાજ્યના તખ્તનો અધિકારી બન્યો.

આવરદાનો પાંચમો દસકો શરૂ કરી ચુકેલો એ શાહજાદો એ વખતે અપરિણીત હતો. રાજવંશમાં અનાદિ કાલથી એક એવો શિરસ્તો ચાલતો આવે છે કે ગાદીવારસનું લગ્ન તેની ઉમરની પહેલી વીશીની અંદર કે મોડામાં મોડું બીજી વીશીની શરૂઆતમાં જ થઇ જવું જોઇએ જેથી એ પીઢ વયે પહોંચે તેટલામાં તેનો વારસ પુખ્ત ઉમરે પહોંચી જાય અને પોતાની જવાબદારીઓ સમજવા લાગે. પરંતુ રાજકુમાર આલ્બર્ટ એડવર્ડ કોઇ અગમ્ય કારણે પીઢ વયનો થતાં સુધી પરણ્યા વિના જ રહી ગયેલો. કુંવારો રાજા ગાદી ઉપર બેસે એવો બનાવ ઇંગ્લેંડના અતિ લાંબા ઇતિહાસમાં એ પૂર્વે ક્વચિત જ બન્યો હશે.

આલ્બર્ટ એડવર્ડ આઠમા એડવર્ડનું નામ ધારણ કરીને ગાદી ઉપર તો બેઠો પણ વિધિપુરઃસર એની તાજપોશી કદી થઇ જ નહીં. તાજપોશી ન થાય ત્યાં લગી રાજા કે રાણીની છાપના સિક્કા પડે નહીં, કરન્સી નોટો કે ટપાલની ટિકીટો છપાય નહીં એવો શિરસ્તો ચાલતો આવે છે એ મુજબ આઠમા એડવર્ડની છાપના સિક્કા પડયા જ નહોતા કે નોટો છપાઇ નહોતી. (જો કે એની છાપની ટપાલની ટિકિટો ઇંગ્લેંડમાં છપાયલી તે મેં જોઇ છે.)

પોતાની તાજપોશી થાય તે પહેલાં જ જગતના એ સર્વથી સમર્થ અને સમૃદ્ધ સામ્રાજ્યના એ રાજવીએ ગાદીનો ત્યાગ કર્યો એ ચક્રવર્તી સમ્રાટ સને ૧૯૩૬ ના ડીસેંબરની ૧૨ મી તારીખે મધરાત પછી બે વાગે પોતાનું વિશાલ સામ્રાજ્ય, બચપણનું ને યુવાવસ્થાનું ઘર, હેતાળ અને બાજરમાન માતા, ત્રણ નાના ભાઇઓ, ભાભીઓ અને એક બ્હેનના વ્હાલસોયા કુટુંબને છોડીને દેશવટે જતો હોય એમ ચુપચાપ, વિદાયગીરીના કશા ભભકા કે સમારંભ વિના એક નૌકામાં બેસીને લંડનનો કિનારો છોડી ગયો.

આ બનાવ બન્યાને હજુ બે દસકા પણ પુરા થયા નથી. અત્યારે હવે આપણો દેશ

ગ્રેટ બ્રિટનની હકુમતમાંથી મુક્ત થયો છે એટલે એના રાજવંશીઓના અંગત ઇતિહાસમાં કે જાહેર જીવનમાં આપણને ખાસ રસ ન હોય એ બનવાજોગ છે, પણ જે કાળે એ બનાવ બન્યો તે કાળે આઠમો એડવર્ડ ભારતનો શાહાનશાહ હતો. એના રાજ્યત્યાગમાં એ વખતે ૩૫ કરોડ ભારતવાસીઓને પણ ઓછો વધતો રસ હતો.

એ રાજ્યત્યાગ એણે "મહત્તાનાં બંધન" તોડવા માટે કરેલો. રાજવંશીઓનું લગ્ન રાજવંશમાં જ થાય એવી દુનિયાના દેશેદેશમાં અસલવારીથી ચાલી આવતી રસમ છે. તેમાં પણ રાજ્યના પાટવીકુમાર અને ગાદીવારસનું અને રાજાનું લગ્ન તો રાજવંશની કુંવરી સાથે જ થવું જોઇએ એવો ગ્રેટ બ્રિટનમાં તો કાનૂન છે. આઠમો એડવર્ડ રાજા બન્યો તે પહેલાંથી તેને આમ વર્ગની એક અમેરિકન સ્ત્રી સાથે પ્યાર બંધાયો હતો અને એની સાથે લગ્ન કરવાની એની ઇચ્છા હતી. પણ એ ઇચ્છા પાર પાડવામાં રાજ્યના કાનૂનનો ભંગ થતો હતો અને એ ભંગ કરવાની તો ચક્રવર્તી સમ્રાટને પણ છૂટ ન હોતી! એટલે એની પાસે બે માર્ગો રહ્યા—કાં તો તેણે પોતાની પસંદગીની સ્ત્રી સાથે લગ્ન કરવાનો ખ્યાલ છોડી દેવો અથવા તો એ લગ્ન કરવું હોય તો ગ્રેટ બ્રિટનનું તખ્ત છોડી દેવું. એણે એ બીજો માર્ગ પસંદ કર્યો. અને એ વિરાટ સામ્રાજ્યનું તખ્ત એણે છોડી દીધું. એની સાથે અમર્યાદ સત્તા, અનગળ લક્ષ્મી અને વિપુલ સુખ સગવડો પણ એણે છોડી દીધાં.

એની એ કથા રોમાંચક છે, પણ અંહી એ આલેખવાનો આશય નથી. એની વાત વળી કોઇ વાર ફરીથી. અંહી તો હું આજે એ ચક્રવર્તિ સમ્રાટ પાટવી કુમાર હતો તે વખતે આજથી ૨૬ વરસ પહેલાં તેની સાથે થયેલા મારા થોડા પરિચયની એક નાનકડી કથા આલેખવા માગું છું.

અંહી હું એ પ્રસંગ આલેખું છું તે મારી પોતાની કોઇ મહત્તા ગાવા માટે નહીં. મારાં જીવનના ઘણા પ્રસંગો મને ભવ્ય લાગતાં હોય તે બીજાઓને કદાચ ક્ષુલ્લક લાગે. પણ "નવજીવન"નાં પાનાં કંઇ એના પ્રકાશન માટે નથી. હું એ પત્રનો તંત્રી છું એ કારણે આપવડાઇની કે અંગત વાતો એમાં લખવાનો મારો કોઇ હક્ક નથી. એની વાતો કદી એમાં લખવી જ નહીં એવો મારો સંકલ્પ છે. મારી અંગત વાતોમાં "નવજીવન"ના વાંચનારાઓને રસ ન હોય એ હું સમજું છું.

પણ હું તો અંહી એક મહાન માનવીની મહત્તાનો મને થયેલો અનુભવ આલેખી રહ્યો છું એટલે આ લેખમાં પહેલા પુરુષ એક વચનનો ઉપયોગ અનિવાર્ય બને છે.

"નવજીવન"ના ડીસેંબર ૧૯૫૪ના અંકમાં "મહત્તાનાં બંધન" નામના મારા લેખમાં "રોમન હોલીડે" નામની એક અમેરિકન ફિલ્મની વાર્તા મેં ઉતારી હતી તે વખતે મારા જીવનનો એ એક દુર્લભ અનુભવ મારા મનમાં ઘોળાઇ રહ્યો હતો અને ગ્રેટ બ્રિટનના એ વેળાના પ્રિન્સ ઓફ વેલ્સ આલ્બર્ટ એડવર્ડની મધુર આકૃતિ મારી કલ્પનામાં રમી રહી હતી.

એ શાહઝાદાને પહેલેથી જ "મહત્તાનાં બંધન" આકરાં લાગતાં હતાં. એણે પોતાની આત્મકથા લખી છે એ વાંચી જવા જેવી છે. એમાં એણે એ વાત પણ લખી છે. બાદશાહી ખાનદાનના સભ્યોને જે કેટલાક કડક યમ-નિયમો પાળવા પડે છે તેના તરફ તેને અણગમો હતો અને એમાંના બની શકે તેટલા નિયમોનો એ ઘણી વાર ભંગ કરતો. એના જેવા મહાન માનવીને તો પોતાના ઘરની ચાર દીવાલોની અંદર પણ કડક શિષ્ટાચારો પાળવા પડે અને ઘરની બહાર નીકળે ત્યારે તો લગભગ યંત્ર જેવું જ જીવન જીવવું પડે છે. પ્રસંગે પ્રસંગે મુકરર કરેલો જ પોષાક

પહેરાય; જુદાજુદા માણસો સાથે જુદી જુદી રીતે જ વાત થાય; શબ્દો પણ જોખી જોખીને બોલવા પડે; મ્હોં ઉપર કૃત્રિમ હાસ્ય આણીને અણગમતા માણસો જોડે પણ મીઠાશથી વાત કરવી પડે; અમુક કામ કરવાની ઇચ્છા થાય તો પણ એ ન કરાય; અમુક ઠેકાણે ફરવા જવું હોય તો પે ન જવાય: એ બધાં મહત્તાનાં આકરાં બંધનો હોય છે. એમાંના ઘણાં બંધનો એને ગમતાં નહોતાં. કશા અર્થ કે હેતુ વગર પરંપરાથી ચાલી આવતી કેટલીક રૂઢિઓ અને કૃત્રિમ શિષ્ટાચારોનો ભંગ કરવામાં તેને મોજ પડતી. ગાદી ઉપર બેઠા પછી બાદશાહ તરીકે પણ એણે એવા ઘણા રૂઢિભંગ કરી લોકોને ચકિત કરેલા અને રૂઢિના પૂજારીઓને ચીડવેલા.

સને ૧૯૨૧ની આખરમાં પાટવીકુમાર આલ્બર્ટ એડવર્ડ ભારતના પ્રવાસે આવેલો ત્યારે મુંબઇમાં લોકોનાં ટોળાંઓમાં ઉભા રહીને મેં એને દૂરથી વારંવાર દીઠો હતો. એની એ મુલાકાત વખતે આપણે હાલ જેને આઝાદ મેદાન કહીએ છીએ એ મેદાનમાં ચતુરંગી ક્રિકેટ મેચ ચાલતી હતી. પોતાના અનુચરો જોડે રાજકુમાર એક દહાડો એ મેચ જોવા ગયો. યુરોપીઅન જીમખાનાના "પેવિલીઅન"માં બેસીને એ રમત નિહાળી રહ્યો હતો ત્યાંથી એકાએક ઉભો થયો. સીધો રમત રમાતી હતી તે "પીચ" ઉપર પહોંચ્યો, એક ખેલાડી રમતમાં હતો તેનું બેટ એણે માગી લીધું અને દડો ફેંકનારે એની તરફ દડા ફેંક્યા. શાહજાદાએ એ બે ત્રણ દડા ફટકા લગાવીને મેદાનમાં દડતા મુકયા. હજારો માણસોની તાળીઓ અને હર્ષનાદ વડે મેદાન ગાજી ઉઠયું!

એ વખતે ગાંધીજીની સલાહ-સૂચના અનુસાર ભારતવાસીઓને શાહઝાદાની મુલાકાતનો "બહિષ્કાર" કરવાનો હતો. એના જલુસ-સરઘસોમાં ભાગ ન લેવો, એ જોવા પણ ન જવું અને એના માનમાં જે સત્કાર-સમારંભો થાય તેમાં કોઇ ભારતવાસીએ હાજરી ન આપવી એવી એ બહિષ્કારની મુરાદ હતી. એ મુરાદ મુંબઇમાં તો બર આવી નહોતી. શાહઝાદાના જલુસ-સરઘસો જોવા માટે હજારો મુંબઇગરાઓ રાજમાર્ગો પર ટોળે મળતા. કોઇ સમારંભમાં નોતરવામાં આવેલ એક પણ ભારતવાસી ગેરહાજર રહ્યો નહોતો. એ બહિષ્કારનો જે એક જ લાભ મુંબઇને મળ્યો તે એ કે શહેરીઓમાં અંદર અંદર ઝગડા, મારામારીઓ અને રમખાણો થયાં, થોડાક નિર્દોષ શહેરીઓ લુંટાયા, ઘાયલ થયા કે જીવના પણ ગયા અને આપણા જ હિંદીઓની દુકાનો હિંદી ગુંડાઓએ લુંટી.

શાહઝાદાની મુલાકાતનો બહિષ્કાર કરવામાં ગાંધીજીનો આશય ભલે સારો હશે, પણ હું એ બહિષ્કારમાં માનતો ન હોતો. બ્રિટિશ હકુમત આપણને ભલે ન હોતી જોઇતી, છતાં એ હકુમતનો આપણો ભાવિ શાહાનશાહ એ વેળા યે તો આપણો મહેમાન થઇને આવ્યો હતો—કેવલ પોતાના પિતાનું વિશાલ સામ્રાજ્ય નજરે જોવા માટે જ. એ મહેમાન તરફ મ્હો મચકોડવામાં આપણી સજ્જનતા ન હોતી—સભ્યતા નહોતી. આપણી લડત હતી બ્રિટિશ પાર્લામેંટ સાથે-બ્રિટનના બાદશાહ સાથે તો નહીં જ અને રાજા સાથે લડત હોય તો યે શું થયું? દુશ્મનનો દીકરો પણ મહેમાન થઇને આવે ત્યારે તો તેનો રૂડો સત્કાર કરવો એ ભારતવાસીઓની પરાપૂર્વથી ચાલી આવતી પ્રણાલિકા છે. અને એ રાજા કે એનો પાટવી કુમાર બેમાંથી કોઇ આપણો દુશ્મન તો નહોતો જ! હું તો એ વેળાએ મુંબઇના લાખો સામાન્ય અને ગરીબ શહેરીઓના જેવો એક ઉછરતો યુવાન શહેરી હતો. શાહઝાદાના જલુસ-સરઘસો કે સત્કાર સમારંભોમાં મને કોઇ નોતરે એમ હતું નહીં. મારા અભિપ્રાયની તે વેળાના રાજ્યદ્વારીઓને કશી કીમત નહોતી (અને આજે પણ નથી)

એટલે બહિષ્કારનો મારો વિરોધ અર્થ વગરનો હતો. પણ મને તો ઇંગ્લૅંડના રાજા અને રાજકુટુમ્બીઓ પ્રત્યે આદરભાવ હતો અને આજે પણ છે. *यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा । तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥ એ ગીતા વાક્ય સચું માનીને રાજા-રાણી કે તેના પરિવારને હું લોકોત્તર વર્ગમાં ગણનારો છુ. લોકોના ટોળામાં ધક્કા મુક્કી ખાતાં ખાતાં દૂર ઉભા રહીને એ શાહઝાદાને જોવા એ પણ હુ જીવનનો એક લ્હાવો ગણતો હતો.

એ પછી સાત વરસે મને એ શાહઝાદાના પ્રત્યક્ષ પરિચયનો અણધાર્યો લાભ મળી ગયો. સને ૧૯૨૮ ના નવેંબર મહિનામાં હું પૂર્વ આફ્રિકાના ઉગાંડા પ્રદેશમાં જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર શેઠ શ્રી નાનજી કાલિદાસ મહેતાના લુગાઝી નામના ગામમાં આવેલા ખાંડના કારખાનામાં નોકર હતો. એ અરસામાં રાજકુમાર આલ્બર્ટ એડવર્ડ, પ્રિન્સ ઓફ વેલ્સ, એ પ્રદેશની મુસાફરીએ આવેલો. એ પ્રદેશ પર પણ ત્યારે બ્રિટિશ હકુમત હતી અને આજે ય છે. ત્યાં એની મુલાકાતનો બહિષ્કાર કરનાર કોઇ નહોતું. એ પ્રવાસમા રાજકુમાર મોટર માર્ગે કંપાલાથી જીંજા જાય ત્યારે રસ્તે આવતા લુગાઝીમા રોકાય અને પોતાનુ ખાંડનુ કારખાનું જુએ એવી શેઠશ્રી નાનજીભાઇની ઇચ્છા હતી અને ઉગાંડાના ગવર્નરે તેમની એ માગણી મંજૂર રાખી હતી. એ મુજબ સને ૧૯૨૮ ના નવેમ્બર મહિનાની એક સવારે ૧૧ વાગવાના શુમારે (મને આજે એ તારીખ ચોક્કસ યાદ નથી) રાજકુમાર પોતાના રસાલા સાથે લુગાઝીમાં મારા શેઠના એ ખાંડના પ્રચંડ કારખાનાની સામે આવેલી ઓફીસના મકાનને આંગણે આવી ઊભો. રસાલામાં એક તો ઉગાંડાનો ગવર્નર હતો રાજકુમારના અનુચરોમાં બ્રિટનના બે મોટા ઉમરાવો હતા, પૂરા પાંચ હાથ લાંબા, પીઢ વય વટાવી ગયેલા, દમામદાર, અમીરી પોષાક પહેરેલા એવા એ ઉમરાવો લક્ષ્મી અને વૈભવમાં આપણા એ વખતના ઇંદોરના હોલ્કર કે વડોદરાના ગાયકવાડની તોલે આવે એવા હતા. જેમની ખિદમતમાં સેંકડો ચાકર-નફરો ઉભા રહેતા હશે એવા એ બ્રિટિશ ઉમરાવો બ્રિટિશ મહારાજ્યના ભાવિ પાદશાહની ખિદમતમાં ખડે પગે ઊભા રહેતા. એમના મ્હોં ઉપર અને સમગ્ર દિદારમાં બ્રિટિશ હકુમતનો પ્રભાવ તરવરતો હતો.

પણ રાજકુમાર પોતે તો એકાદ વિદ્યાર્થીના જેવો સાદો, સરલ, નિરાડંબરી, સોહામણો, હસમુખો અને વાતોડીઓ યુવાન! એના સત્કાર માટે અમે કોઇ મોટા ભભકો કે શણગાર કર્યો ન હોતા. ઓફીસના મોટા મકાનમાં શેઠશ્રી નાનજીભાઇની બેઠકનો જે ઓરડો હતો તેમાં ફક્ત થોડા સોફા ખુરસીઓ વગેરે ગોઠવેલા. મહેમાનદારીમાં ચ્હા, કેક-બિસ્કીટ અને સિગરેટ સિવાય બીજું કશુ પીરસવાનુ ન હોતુ.

પહેલાં રાજકુમાર ખાંડનું કારખાનુ જોવા જાય એવો કાર્યક્રમ રાખવામાં આવેલો. પ્રચંડ એંજીનોના કર્કશ અવાજમાં ચાલી રહેલા, ઉકળતા શેરડીના રસની વિચિત્ર વાસવાળા, સાંકડા રસ્તા અને સાંકડી સીડીઓવાળા એ કારખાનાના ખુણે ખુણે એ રાજકુમાર ફરી વળ્યો. શેરડી પીલાય ત્યાંથી માંડીને તૈયાર ખાંડ ગુણીમાં ભરાય ત્યાં સુધીનો તમામ યાંત્રિક વિધિ એણે રસથી નિહાળ્યો. એક મોટી નીકમાંથી શેરડીના રસનો ધોધ વહી જતો હતો એ નીક પાસે નીચા નમીને રાજકુમારે પોતાના હાથની અંજલિમાં લઇને થોડો રસ ચાખી પણ લીધો!

*કીર્તિમંત, પ્રભાવશાળી અને સત્તાશીલ એવા પ્રત્યેક પ્રાણીમા મારા તેજનો અંશ રહેલો છે એમ તું સમજજે. (ગીતા-અ ૧૦, શ્લો. ૪૧)

કારખાનાંમાંથી બહાર નીકળતાં ખુલ્લા મેદાનમાં ચરી રહેલા બે અશ્વો રાજકુમારની નજરે ચડયા. તરત એણે એક અશ્વની પાસે પહોંચી જઈ એના ઉપર સ્વારી કરી. બીજા અશ્વ ઉપર ઉગાંડાના ગવર્નરને બેસવું પડયું. શાહજાદાએ પોતાનો ઘોડો તબડાવી મુકયો અને પંદરેક મિનિટ સુધી કારખાનાની આસપાસના હરિયાળા પ્રદેશમાં પ્રદક્ષિણા કરી. એના અનુચર ઉમરાવો ચકિત થઈને ઉભા ઉભા એ દશ્ય જોઇ રહ્યા. ઘોડેસ્વારીની મોજ માણીને રાજકુમાર પાછો ફર્યો ત્યારે બધા મહેમાનો અંદર આવ્યા. શેઠ શ્રી. નાનજીભાઈ, તેમના કારખાનામાં કામ કરતા અંગ્રેજ, સ્કોટ અને વેસ્ટ ઈંડીઅન ઇજનેરો–કારીગરો અને તેમની પત્નીઓ, તેમના બેરિસ્ટર શ્રી. વાવાભાઈ નટવરલાલ પારેખજી અને પેઢીના બીજા થોડા અમલદારો સાથે હું પણ મેજબાનીમાં શામેલ હતો. કશા શિષ્ટાચાર વિના શાહજાદાએ એક સાદા સોફા પર બેસીને ચ્હા પીધી, કેક-બિસ્કીટ ખાધા અને સીગરેટ સળગાવીને પીધી, બધો વખત એ હસતે મ્હોંયે સહુની સાથે વાત કરતો જતો હતો.

એ વખતે એક યાદગાર પ્રસંગ બની ગયો. મુલાકાતની યાદગીરીમાં રાજકુમારને ભેટ આપવા માટે શેઠશ્રી નાનજીભાઈએ એક સુંદર અને કલામય કાસ્કેટ તૈયાર કરાવ્યું હતું. અબનુસના લાકડાની ચાંદીના પતરે જડેલી બેઠક ઉપર બે અર્ધ ગોલાકાર નાનકડા સરસ દંતૂશળો અને તે બેની વચ્ચે ચાંદીના સળીયા આરપાર કાઢીને એક શાહમૃગનું ઇંડું મુકેલું એવું આફ્રિકાની અજાયબીઓનું બનેલું એ મોંઘું કાસ્કેટ એક લંકાવાસી કારીગરે ખાસ જહેમત ઉઠાવીને તૈયાર કરેલું હતું. એના ઉપર એક ચગદું કોતરીને મુકેલું હતું એમાં લખ્યું હતું કે "નામદાર પ્રિન્સ ઓફ વેલ્સની ઉગાંડા શુગર ફેકટરીની મુલાકાતની યાદગીરીઃ શ્રી. નાનજી કાલિદાસ મહેતાની સાદર ભેટ." પાછળથી સત્તાવાર રીતે એમ કહેવામાં આવેલું કે રાજકુમાર કોઈ વ્યક્તિ તરફથી ખાનગી ભેટ સોગાદ સ્વીકારી શકે નહીં. બ્રિટિશ લોકશાસનમાં તો ખુદ સમ્રાટને પણ કડક કાયદા કાનૂન અનુસાર જ વર્તવું પડે છે ને ! શ્રી. નાનજીભાઈને એથી થોડી નિરાશા થયેલી. એમણે એ કાસ્કેટ પોતાની બેઠકના ઓરડાના એક તરફના ખુણામાં પડેલી એક ઉંચી તીજોરી ઉપર મુકાવી રાખેલું.

એ તીજોરી પાસે હું જઈ ઉભો એટલામાં શાહજાદાની ચપલ આંખો ફરતી ફરતી એ કાસ્કેટ ઉપર પડી. એણે પૂછ્યું, "પેલી શી ચીજ છે?" મેં જવાબ આપ્યો, "નામદાર, એ એક સુંદર કારીગરીનું કાસ્કેટ છે. એમાં હાથીના દંતુશળ અને શાહમૃગનું ઇંડું છે..."

"જોઉં, જોઉં, અંહી લાવો તો." રાજકુમારે કહ્યું.

મેં હીમ્મત કરીને કહ્યું, "આ કાસ્કેટ આપની આજની મુલાકાતની યાદગીરીમાં-આપને ભેટ આપવા માટે ખાસ બનાવવામાં આવેલું..."

"તો પછી મને એ તમે આપતા કાં નથી?" રાજકુમારે હસીને પૂછયું.

સહુ સ્તબ્ધ બની રહ્યા, કાસ્કેટ ઉચકીને મેં રાજકુમારના સોફાની સામે પડેલી એક ટીપાઈ ઉપર ગોઠવ્યું. શાહજાદાએ એ જોયું. તેના ઉપરના ચગદામાં કોતરેલું લખાણું વાંચ્યું અને કહ્યું, "વાહ! કેવું કલામય કાસ્કેટ છે!" પછી પોતાનાથી થોડે દૂર અદબ વાળીને ઉભેલા પોતાના એક ઉમરાવ અનુચર સામે જોઇને કહ્યું, "માઈ લોર્ડ! આ લઇ લો, આપણી મોટરમાં મુકાવો."

ઉમરાવે માથું નમાવી રાજકુમારની આજ્ઞાનો અમલ કર્યો. યુગાંડા શુગર ફેક્ટરી ઉપર રાજકુમારે અરધો કલાક રોકાવું એવો કાર્યક્રમ હતો પણ ઘોડેસ્વારીમાં, કારખાનામાં શેરડીના રસનું

ગ્રાબખું પીવામાં, ચ્હા પીવામાં અને વાતો કરવામાં સવા દોઢ કલાક ક્યાં નીકળી ગયો તે ખબર જ પડી નહીં! વિદાય આપતી વખતે શેઠ શ્રી નાનજીભાઈની પુત્રીએ (હવે ખ્યાત-નામ વિદુષી કુ. સવિતા બ્હેન-જેની ઉમર એ વખતે માંડ દસેક વરસની હશે) શાહઝાદાના કપાલમાં કંકુનો ચાંદલો કરી, ચોખા ચોડયા અને ગળામાં હાર પહેરાવ્યો ત્યારે "હિંદની પ્રણાલિકા!" કહીને એ મીઠાશથી હસી રહ્યો અને એ મંગલ વિધિ માટે ભારતના એ ભાવી સમ્રાટે એ નાનકડી કુમારિકા સામે માથું નીચું નમાવ્યું!

વેવિશાળ, લગ્ન વગેરે માંગલિક પ્રસંગોએ આજના આપણા "સુધરેલા" યુવાનોના કપાળમાં કંકુનો ચાંદલો થાય કે તરતજ તેઓ એ રૂમાલથી લુછી નાખે છે. બ્રિટનના શાહઝાદાના કપાળ પરનો એ ચાંદલો એ બપોરનું ખાણું લેવા માટે ૨૨ માઈલ દૂર આવેલા જુનાં શહેરમાં પહોંચ્યો. ત્યાં સુધી તો એમનો એમ હતો એવી કેટલાક જુંનાવાસીઓએ તે સાંઝે મને વાત કરેલી!

ઓરીસના પગથીયાં ઉતરતાં પહેલાં સર્વેની સાથે રાજકુમારે હસીને "શેકહેંડ" કરી. થોડે દૂર ઉભેલી મોટરમાં બેસવા જતાં એના એક પગના મોજાનું ગાર્ટર ઢીલું પડી ગયું હશે એ તેણે શિષ્ટાચાર કે મહત્તાની કશી પરવા કર્યા વિના વાંકા વળીને ઉંચું ચડાવ્યું! એક ચતુર ફોટોગ્રાફરે એ દૃશ્યની તસ્વીર પણ ઝડપી લીધી હતી.

ચક્રવર્તી સમ્રાટ થવાને સરજાયલા એ હસમુખા અને નિરાડંબરી યુવાનનો એ વખતનો પોષાક પણ અત્યંત સાદો અને લાપરવાઈથી પહેરેલો હતો. એ પોષાક પાટવી કુમારનો નહીં પણ એક સામાન્ય અંગ્રેજ શહેરીનો હતો. સાદા કાપડનો બનાવેલો સુટ, સાદી નેકટાઈ અને માથે ખાકી રંગની સાદી હેટ. એ કૈં હિન્દુસ્તાનની કોઈ રિયાસતનો મહારાજા કે પાટવી કુમાર થોડો જ હતો કે રેશમ મખમલ અને કિનખાબ કે ઝરીના વસ્ત્રો કે હીરા મોતીના ઘરેણાં પહેરીને પોતાની લક્ષ્મીનું પ્રદર્શન કરે!

શાહઝાદાને મેં નજરે દીઠો-નજીકથી દીઠો અને કલાકેક તેની સન્મુખ પસાર કર્યો. એની વાતો સાંભળી, એનું મુક્ત હાસ્ય સાંભળ્યું. રમતીયાળ નિશાળીઆ જેવી એની ચેષ્ટાઓ જોઈ અને એ બધામાં એની સાદાઈની સાથે મને એની સાચી મહત્તાની ઝાંખી થઈ. વિભૂતિમત્તત્ત્વં શું કહેવાય તેનો આછો ખ્યાલ આવ્યો.

છેક એ વખતે પણ કર્ણોપકર્ણ ચાલતી આવેલી એવી વાતો મેં તેને વિશે સાંભળેલી કે આલ્બર્ટ એડવર્ડની ઇચ્છા કોઇ મહારાજ્યની શાહઝાદી સાથે નહીં પણ પોતાની પસંદગીની આમ વર્ગની કોઈ યુવતીની સાથે લગ્ન કરવાની છે. એ વખતે તો એ કેવલ લોકવાયકાઓ હતી. એની ભાવિ પત્ની વૉલીસ વૉરફિલ્ડ સીમ્સન સાથે તેની પહેલી મુલાકાત તો એ પછી ત્રણ વરસે થયેલી. એવું પણ મેં સાંભળેલું અને કોઇ કોઇ છાપાં-પત્રોમાં વાંચેલું પણ ખરું કે શાહઝાદાને રાજ્યદારી ભભકા, કડક શિસ્ત, ખોટો આડંબર વગેરે "મહત્તાનાં બંધન" તરફ ભારે નફરત હતી. પ્રત્યક્ષ પરિચયે એ બધી વાતો મને સાચી લાગી. એણે પોતાની આત્મકથા લખી છે તેમાં પણ આ વાતનો એણે ખુલ્લો એકરાર કરેલો છે.

એના ગાદી ત્યાગનો કિસ્સો જગતના ઇતિહાસમાં ચિરંજીવ રહી જાય તેવો એક રોમાંચક પ્રસંગ છે. "નવજીવન"ના પાનાં પર એ કોઈ વાર ઉતારવાની મારી ઇચ્છા છે.

ઉપર લખેલા પ્રસંગની કેટલીક તસ્વીરો મારી પાસે મોજૂદ છે અને તેમાંથી બ્લોક બનાવીને આ લેખમાં છાપવાની મને મરજી હતી. પણ એ તસ્વીરો કોઈ અણઘડ ફોટો-

આફરે પાડેલી છે અને ૨૬ વરસના અરસામાં જુની અને ઝાંખી થઇ ગઇ છે. એના બ્લોક બનાવ્યા પણ એ છાપમાં સ્પષ્ટ ઊઠે એવા થયા નહીં એટલે છાપી શકાયા નથી એ વાતનો મારા મનમાં અફસોસ રહી જાય છે. સામાન્ય અને ગરીબ માણસોને જેમ કોઇ કોઇવાર મોટાઇ બતાવવાનું, શ્રીમંતો અને અમીરો સાથે હળવા મળવાનું અને બીજા માણસો પાસેથી માનપાન મેળવવાનું મન થઇ આવે એવી રીતે સત્તા, ધન કે કીર્તિ વડે મહાન બનેલા માનવીઓને છેક સામાન્ય માનવીઓના જેવું સાદું જીવન માણવાની ઇચ્છા થઇ આવે એ તદ્દન સ્વાભાવિક છે. પણ એવાઓને "મહત્તાનાં બંધન" બાંધી રાખે છે. ઘણું ખરું એમને માનવી તરીકે નહીં પણ યંત્રો તરીકે જીવન જીવવું પડે છે. એમના દિલની સ્વાભાવિક વૃત્તિઓ અને ઇચ્છાઓ પણ તેમને ઘણીવાર પોતાની મહત્તાને કારણે દબાવી દેવી કે મારી નાખવી પડે છે.

પણ જેનામાં એ બંધન તોડવાની તાકાત હોય તેવા માનવીઓ પોતાની સાદગી અને કૃત્રિમ દમામના અભાવ વડે ઉલટા વધારે ભવ્ય અને વધારે મહાન બને છે. તેમને જ્યારે લોકમતના ડર વિના કે પ્રોટોકોલભંગના ભય વિના એવા બંધનો તોડવાનો મોકો મળે ત્યારે તેઓ ખરેખર ખુશ થાય છે અને એટલા પુરતો માથાં ઉપરથી કોઇ મોટો બોજો ખસી ગયો હોય એવી રાહત અનુભવે છે.

મહાન વ્યક્તિઓ તરીકે ગંભીર ચહેરો રાખીને ફરવામાં, હાસ્ય અને શબ્દોની પણ માપબંધી પાળવામાં, શરીરને કષ્ટ આપે તેવાં વસ્ત્રો પહેરવામાં અને સમારંભોમાં પુતળાંની પેઠે આવવા જવામાં, બેસવામાં, ઉઠવામાં, બોલવામાં અને ડોકું ધુણાવવામાં એમને એમની મહત્તાનો ખ્યાલ રાખવો પડે છે. પણ એ ખ્યાલ એમને સુખદ નથી હોતો. પરંતુ એવી મહાન વ્યક્તિઓ જ્યારે એ મહત્તાનો બોજો માથા પરથી ઉતારીને લાખો શિષ્ટ અને સંસ્કારી નાગરિકોની પેઠે મન ફાવે તેવા માણસો સાથે હળે મળે, વાતો કરે, આપમેળે ઠીક પડે ત્યાં ફરે હરે અને અન્ય માનવીઓના આનંદવિનોદ કે રમતગમતમાં ભાગ પડાવે ત્યારે જીવનની એટલી ક્ષણો તેમને માટે ખરેખર સુખદ બની રહે છે. મહત્તાનાં બંધનો જીવનભર કોઇને મીઠાં ન લાગે.

રામુ પરમાનન્દ ઠક્કર



અન્યની સ્વતંત્રતા છીનવી લઇ
પોતાની સ્વતંત્રતા સાચવનાર

બ્રિટિશ સામ્રાજ્યનું પાટનગર

લંડન

બ્રિટિશ પ્રજા સ્વતંત્રતાને ચાહનારી છે. ઇસ્વી સન પૂર્વે ૫૫ની સાલમાં જ્યારે બ્રિટન ઘોરો જંગલી અવસ્થામાં હતા; જમીન પર વગર પાયે ઉભા કરેલા ગોળાકાર ઝુંપડાઓમાં વસતા; શરીરે છુંદણાં પડાવતા અને એક કુટુંબના બે ચાર પુરૂષો વચ્ચે એક જ સ્ત્રી પરણતા તે વખતે પણ તેમના ઉપર આક્રમણ કરનાર રોમના મહાન બાદશાહ જ્યુલીઅસ સીઝરને તેમણે બ્રિટિશ કિનારા પરથી પાછો હાંકી મૂકેલો.

બીજે વરસે સીઝર પોતાના લશ્કરમાં હાથીઓ લઇને બ્રિટન ઉપર ફરીથી ચડી આવ્યો અને એ પ્રચંડ પ્રાણીઓને જોઇને બ્રિટિશ લોકો ગભરાઇ ગયા. સીઝરે એમના ઉપર વિજય મેળવ્યો પણ એ વિજય મેળવીને જ્યારે સીઝર પાછો રોમ પહોંચ્યો ત્યારે બ્રિટનની એક તસુ જેટલી જમીન પણ તેના કબજામાં રહી નહોતી.

સીઝર બ્રિટનનો કિનારો છોડી ગયો ત્યારથી માંડીને આજ સુધીનો એ દેશનો ઇતિહાસ બ્રિટિશ પ્રજાની બે ખાસિયતો બતાવી આપે છે: પોતાની અને પોતાના દેશની સ્વતંત્રતા અખંડ રાખવા માટે સદા લડતાં રહેવું અને દુનિયા આખીની બીજી પ્રજાઓને પોતાના પગ તળે રાખવા માટે સામ, દામ, ભેદ અને દંડ એ ચારે ઉપચારો અજમાવતાં રહેવું. પોતાની સ્વતંત્રતા અખંડ રાખવા માટે અને બીજાઓની સ્વતંત્રતા છીનવી લેવા માટે સતત લડતા રહેતા બ્રિટિશ લોકોએ એક વાર એવડું મોટું સામ્રાજ્ય જમાવ્યું કે જેના કોઇ ને કોઇ વિસ્તાર પર દિવસ રાત ચોવીસે કલાક સૂર્ય સદા તપતો જ રહેતો.



"ટ્રફાલગર સ્કવૅર"ને નામે ઓળખાતો લંડનનો જગવિખ્યાત ચોક અને તેમાંનું મહાન અંગ્રેજ નાવિક-સેનાપતિ લૉર્ડ નેલ્સનનું બાવલું.

"બ્રિટિશ સામ્રાજ્ય ઉપર કદિ સૂર્યાસ્ત થતો નથી." એમ એક વાર કહેવાતું, પણ આજે એ દાવો ચાલી શકે તેવું રહ્યું નથી.

દુનિયાની અનેક પ્રજાઓને ગુલામીમાં બાંધી રાખનાર આ સામ્રાજ્યના હૃદય સરખું તેનું પાટનગર લંડન આખી દુનિયામાં સહુથી નાનામાં નાનું શહેર છે. એનો વિસ્તાર ફક્ત એક ચોરસ માઇલનો અને વસતિ ૫૨૬૮ માણસોની છે. પણ લંડન શહેરની સાથે લંડન પ્રગણું જોડાઇ ગયેલું છે. એમાં ૨૮ જીલ્લાઓ છે અને તેનો વિસ્તાર ૧૧૬ ચોરસ માઇલનો અને વસતિ ૩૩,૪૮,૩૩૬ માણસોની છે. આ ઉપરાંત બીજા ૮૩,૩૬,૧૩૭ માણસો ૬૯૨ ચોરસ માઇલના વિસ્તારવાળા ગ્રેટર લંડન (બૃહદ્ લંડન)માં વસે છે જ્યાં દર ચોરસ માઇલ દીઠ ૧૨૦૦૦ માણસોની ગીચ વસતિ છે. આ બૃહદ્ લંડન એ જ આજનું ખરું લંડન નગર છે અને તેનું મહત્ત્વ અનુપમ છે.

ઇસુ ખ્રિસ્તના જન્મ પહેલાંની આઠમી સદીના પ્રારંભમાં લુડ નામના એક રાજાએ "લીન્ડીન" નામના નગરની સ્થાપના કરી. એ લીન્ડીનમાંથી રોમનોનું "લૉંડીનીયમ" અને આજની બ્રિટિશ પ્રજાનું લંડન બનતાં પૂરાં ૨૭૦૦ વરસ લાગ્યાં છે.

૬૯૨ ચોરસ માઇલના વિસ્તારવાળું આજનું એ લંડન 'બ્રિટિશ કોમનવેલ્થ' (બ્રિટિશ રાષ્ટ્ર સમૂહ) ઉપર હકુમત ચલાવે છે. સામ્રાજ્ય (એંપાયર) મટીને રાષ્ટ્રસમૂહ (કોમનવેલ્થ) બનેલી બ્રિટિશ સત્તાનો વિસ્તાર દુનિયાના જુદા જુદા દેશોમાં મળીને કુલ ૧ ૨૯, ૯૩, ૨૭૭ ચોરસ માઇલ જેટલી પૃથ્વી ઉપર પથરાયલો છે અને ગોરી, પીળી, ઘંઉવરણી અને કાળી એવા જુદા જુદા રંગની કુલ ૬૧, ૯૧, ૭૮, ૮૨૨ માનવીઓની બનેલી જુદી જુદી પ્રજાઓનું ભાગ્યવિધાન વધતે ઓછે અંશે એના હાથમાં છે. ૧૦ લાખ ચોરસ માઇલના વિસ્તારનું અને ૩૬ કરોડ ૭૦ લાખની વસતિવાળું ભારત હવે પ્રજાસત્તાક બનવાથી બ્રિટિશ મહારાણી ઇલીઝાબેથ બીજીને સામ્રાજ્ઞી તરીકે સ્વીકારતું નથી. પરંતુ બ્રિટિશ રાષ્ટ્રસમૂહ (કોમનવેલ્થ).નું ભારત અંગભૂત છે એટલે એ રાષ્ટ્રસમૂહની સર્વોપરિ સત્તાધીશ તરીકે રાણીની સત્તાનો એ સ્વીકાર કરે છે અને માટે જ એ રાણીની તાજપોશી વખતે ભારતના પંત સચીવ પંડિત જવાહરલાલ નહેરૂ સામ્રાજ્યના રસાલામાં શામિલ થયા હતા.

"ઑક્ટોપોસ" નામનું એક આઠ પગવાળું જલચર પ્રાણી દરિયામાં રહે છે. પોતાના શિકારને એ પ્રાણી પોતાના એ આઠ પગની અંદર જકડી લે છે. સ્વતંત્રતાની પરમ ઉપાસક ગણાતી બ્રિટિશ પ્રજા એ આઠપગાં ઑક્ટોપોસની માફક પોતાના વિશાલ સામ્રાજ્ય ઉપર પોતાની પક્કડ જમાવી રાખે છે. એના એ આઠ પગમાં વહાણવટું, હુંડીઆમણુ, વેપાર, શરાફી, વીમો, સંસ્થાનિક વહીવટ, લશ્કર અને ગોરી પ્રજાની સંસ્કૃતિનો દાવો ગણાવી શકાય. ૭,૭૨,૧૦૦ ખાકી પોષાકવાળા ખુશ્કી સીપાહીઓ, સફેદ પોષાક પહેરનારા ૧,૬૯,૫૦૦ ખલાસી સૈનિકો અને *આસમાની રંગનો પોષાક પહેરનારી ૩,૮૯,૬૦૦* ની હવાઇ સેનાના જોર ઉપર તેના આ આઠ પગ મુસ્તાક છે. આ વિવિધ રંગના પોષાકોનાં જોર ઉપર ગુલામોના વેપારના પ્રતિક સમો યુનિયન જેક (બ્રિટિશ વાવટો) દુનિયાના અનેક દેશોના દૂર દૂરના ખુણાઓ ઉપર ફરકતો રહે છે.

ટેમ્સ નદીના મુખથી અંદરના ભાગમાં આશરે ૪૦ માઇલ દૂર વસેલા લંડન શહેરના બારામાં વરસ દહાડે ૬ કરોડ ટન જેટલા માલની હેરફેર થાય છે. ટેડીંગ્ટનથી માંડીને ટીલબરીની ગોદીઓ સુધીના ૬૯ માઇલના વિસ્તારના લંડનના બારામાં દર મહિને ૭૦૦ જહાજો નાંગરે છે અને દુનિયા આખીના


મળીને ૩૦૦ જુદાં જુદાં બંદરો તરફ ઉપડી જાય છે.

લોહી અને આંસુની કથા

આ મગરૂર અને મહત્ત્વના સ્થાન પર પહોંચતાં લંડનને ચડતી પડતીના અને સુખ દુઃખના અનેક ચકરાવાઓમાંથી પસાર થવું પડયું છે. સને ૧૬૬૫ માં લંડનમાં જીવલેણ મરકી ફાટી નીકળી તેમાં એક જ વરસમાં ૭૫૦૦૦ માણસો મરી ગયાં. બીજે વરસે, ૧૬૬૬ માં શહેરમાં એક મોટી આગ લાગી તેમાં ૧૩૨૦૦ મકાનો બળીને રાખ બની ગયાં. છેલ્લા વિશ્વયુદ્ધ દરમીઆન ૧૯૪૦ અને ૧૯૪૪ માં જરમનીના હજારેક વિમાનોએ લંડન ઉપર દરોડા પાડેલા અને તેમની બોમ-વર્ષાએ શહેરની ૬૩૪ એકર જેટલી જમીનને સપાટ કરી નાખેલી. શહેરનાં કુલ મકાનોમાંથી ૩૩ મા ભાગના જે મકાનો જરમનોની બોમવર્ષાથી જમીનદોસ્ત થયાં કે ખંડાયાં તેમાં અનેક વેપારીઓની પેઢીઓ, પુસ્તક પ્રકાશન ખાતાંઓ, અખબારોની કચેરીઓ, દુકાનો અને શૃંગારગૃહો આવી ગયેલાં. લંડનના દીવાને આમ (હાઉસ ઑફ કૉમન્સ) અને સેંટ પૉલના દેવળને પણ એનાથી ભારે નુકસાન થયેલું.

છતાં લંડનની ઐતિહાસિક ઇમારતો અને સ્મારકો એ બોમવર્ષામાંથી પણ સલામત બચી ગયાં. એ જોવાને માટે આવતા અમેરિકનોના ડૉલર, રશિયનોના રૂબલ અને હિંદીઓના રૂપીઆમાંથી લંડન હરસાલ અનગળ કમાણી કરે છે.

હિન્દીઓ હવે લંડન જાય છે અભ્યાસ કરવા માટે, પરિષદોમાં હાજરી આપવા




લંડનની ઇતિહાસ-પ્રસિદ્ધ તુરંગ "ટાવર ઑફ લંડન" જ્યાં અનેક રાજવંશીઓનાં માથાં ધડથી જુદાં કરવામાં આવેલાં. રાજા ૮ મા હેનરીની બે રાણીઓનો શિરચ્છેદ આ તુરંગમાં કરવામાં આવ્યો હતો.

માટે, શરાબ પીવા માટે, શરાબખાનાંઓ અને હોટેલોમાં નોકરી કરતી છોકરીઓ સાથે લગ્ન કરવા માટે અથવા તો વેપાર ધંધાની કોઇ ચાલબાજી અજમાવવા માટે લડાઇના અરસામાં આયર (આયર્લેંડ) થી ઇંગ્લેંડમાં નીલનની બનાવટના મોજા દાણચોરીથી લઇ જવાનું કામ મુખ્યત્વે હિંદી કાળા બજારીઆઓએ કરેલું. સ્વતંત્રતાની પહેલાના યુગમાં બંગાળી બાબુઓ અને રાજકુમાર પારસીઓ બ્રિટિશ લોકોની રહેણીકરણી શીખવા માટે લંડન જતા પરંતુ સદા ઓઠ વચ્ચે ચીરૂટ રાખીને બોલતા ચર્ચીલે "અર્ધનગ્ન ફકીર" તરીકે ઓળખાવેલા ગાંધીજી જે દિવસે લંગોટ પહેરીને ગોળમેજી પરિષદમાં બેઠા તે દિવસથી લંડનવાસી હિંદીઓએ લંડનને ભારતની સ્વતંત્રતાની લડતનું એક કેન્દ્ર બનાવી દીધું સર સોરાબજી સકલાતવાળા, રજનિ પામ દત્ત અને વી કે કૃષ્ણમેનને એ લડતમાં ઘણો ફક્કડ ભાગ ભજવેલો. છેલ્લી બે પેઢીઓ ઉપરાંતથી આપણા ઘણાખરા નામાંકિત તબીબો અને ધારાશાસ્ત્રીઓ પોતાનો ધંધો લંડનથી શીખીને આવતા અને સ્વદેશમાં આવીને લોકોના ખીસા ઉપર ધારદાર કાતર ચલાવતા આવ્યા છે.

લંડનમાં જોવા જેવું

પહેલી નજરે તો લંડનમાં કશું ખાસ જોવા જેવું લાગે નહીં એવું એ શહેર ગૂઢ છે વાદળા પાછળ છુપાતો રહેતો સૂર્ય, ધુમ્મસ અને ધુમાડો, શરદી અને વરસાદ અને સદા દોડધામમાં જ પ્રવૃત્ત એવા તેના વતનીઓવાળું લંડન મુસાફરની આંખને એકાએક આશ્ચર્યથી આંજી નાખે એવું નથી પણ લંડનમાં રહેતા રહેતા હરકોઇ માણસને એની સાથે એવી પ્રીતિ બંધાઇ જાય છે કે પછી એ શહેર છોડવું ગમતું નથી ભૂતકાળ અને વર્તમાનકાળ, સંતો અને પાપીઓ, બાદશાહ અને બેકાર, પ્રાચી




દુનિયાના દેશદેશમાંથી લુંટીને આણેલી અગણિત અમુલ્ય વસ્તુઓનું સંગ્રહાલય—બ્રિટિશ મ્યુઝીયમ. એ લુંટનો માલ લઇ જનારા મજુરોને "સનદી અમલદારો"ને નામે ઓળખવામાં આવતા હતા.

નતા અને નવીનતા, સુંદરતા અને બદસૂરતી એવા પરસ્પર વિરોધી દ્વંદ્વો લંડનમાં સદા સાથે વસી રહેલાં નજરે પડે છે.

એનાં જોવા લાયક સ્થળોમાં પહેલું તો "ટાવર ઑફ લંડન" (લંડનની પ્રખ્યાત તુરંગ) ગણાવી શકાય. આ તુરંગમાં "ટાવર-ગ્રીન" નામે ઓળખાતા વિભાગમાં રાજા આઠમા હેનરીની બે રાણીઓ–આન બુલીન અને કેથેરાઇન હાવર્ડ–"નવ દહાડાની રાણી"ના નામે ઓળખાતી લેડી જેન ગ્રે, અને રાણી ઇલીઝાબેથ ૧ લીનો પ્રિયતમ અર્લ ઑફ ઇસેક્સ જેવાનો શિરચ્છેદ કરવામાં આવેલો. "ટાવર હિલ" નામના એક બીજા વિભાગમાં "મનોરાજ્ય" નામનું જગત પ્રસિદ્ધ પુસ્તક લખનાર સર ટોમસ મુર, અર્લ સ્ટ્રેફર્ડ અને સર વૉલ્ટર રેલે જેવા નામાંકિત માણસોનાં માથાં ધડથી જુદાં કરવામાં આવેલાં. "બ્લડી ટાવર" નામે ઓળખાતા એક ત્રીજા વિભાગમાં બે શાહજાદાઓ (જેમાં એક ગાદીવારસ હતો)નાં તેમના સગા કાકાએ ખૂન કરાવેલાં અને "વેકફિલ્ડ ટાવર"માં રાજા ત્રીજા રીચર્ડે ઇંગ્લેંડની પ્રખ્યાત શાળા ઇટનના સ્થાપક રાજા ૬ ઠ્ઠા હેનરીને ખંજર ભોંકીને મારી નાખ્યો હતો.

વેસ્ટમિન્સ્ટર એબીના નામે ઓળખાતી લંડનની જગવિખ્યાત ઇમારતમાં બ્રિટિશ રાજા–રાણીઓની તાજપોશી થાય છે. એ જ ઇમારતના એક ભાગમાં ૨૮ રાજવંશીઓનાં શબ દાટવામાં આવેલાં છે. બીજા એક વિભાગમાં ચોસરથી ટેનિસન અને જોનસનથી બ્રાઉનીંગ સુધીના મહાન ગણાઇ ગયેલા કવિઓ અને સાહિત્ય સ્વામીઓનાં શબો દાટેલાં છે.

આ જ વેસ્ટમિન્સ્ટર એબીના સભાગૃહમાં રાજા રીચર્ડ બીજાને પદભ્રષ્ટ કરવામાં આવેલો.



બેંક ઑફ ઇંગ્લંડ। અંગ્રેજો પોતાનાં લોકશાસક અંતઃકરણને અંહી થાપણ રૂપે મૂકીને ત્હાં ઉપર ફેરીઆનો મુરકેરાટ લઇને જગત જીતવા નીકળા પડે છે.


પ્રહેલા ચાર્લ્સને મોતની સજા ફરમાવવામાં આવેલી, ઓલીવર ક્રોમવેલનો શિરચ્છેદ કરવામાં આવેલો અને ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યના એક ઘડવૈયા વૉરન હેસ્ટીંગ્ઝ પર ખટલો ચલાવવામાં આવેલો.

વેસ્ટમિન્સ્ટરનો વિસ્તાર

વેસ્ટમિન્સ્ટર એબીના એક વિભાગમાં બ્રિટિશ પાર્લામેંટની બન્ને સભાઓ–ઉમરાવ સભા અને આમસભા–ની બેઠકો મળે છે. ઉમરાવોની સભામાં ૭૭૫ પાર્થિવ (ગૃહસ્થ) ઉમરાવો અને ૨૬ આધ્યાત્મિક (ધર્મગુરૂ) ઉમરાવો અને આમની સભામાં પ્રજાએ ચુંટી કાઢેલા ૬૨૫ પ્રતિનિધિઓ બેસે છે. ૧૧૦૦ ઓરડાવાળી અને અવરજવર માટે બે માઇલ જેટલા વિસ્તારના રસ્તાઓ વાળી આ ઇમારત ઘણી ભવ્ય અને દમામદાર છે અને તેને માથે "બીગ બેન"ના નામે ઓળખાતા લંડનના જગવિખ્યાત ઘડીઆળનો ઉંચો મીનારો છે. આ ઘડીઆળના ગોળ ચહેરા (ડાયલ)નો વ્યાસ (ડાયામિટર) ૨૨॥ ફુટનો છે, તેનો કલાકનો કાંટો ૯ ફૂટ લાંબો અને મિનિટનો કાંટો ૧૧ ફુટ લાંબો છે. એ ઘડીઆળના ટકોરા મારતો ઘંટ આખા બ્રિટનમાં મોટામાં મોટો છે અને તેનું વજન ૧૩॥ ટનનું છે.

લંડનની બીજી મગરૂર ઇમારત સેંટ પૉલનું દેવળ. ૩૬૫ ફુટનો એનો ઘુમટ છે. આ દેવળ બાંધતાં લંડનના પ્રખ્યાત ઇજનેર સર ક્રિસ્ટોફર રેનને ૩૫ વરસ લાગેલાં. ૮૭૪૦૦ ચોરસ ફુટના વિસ્તારની જમીન પર બાંધેલું આ દેવળ બ્રિટનનાં મોટામાં મોટાં દેવાલયોમાં બીજે નંબરે આવે છે.

બ્રિટિશ સામ્રાજ્યના રાજવીઓનું નિવાસ-સ્થાન બકીંગહામ પેલેસ ૪૦ એકરના વિસ્તારમાં પથરાયલું છે અને તેની અંદર તળાવો અને ટેકરીઓ પણ આવેલાં છે. એ મહેલમાં રાજા–રાણીના વસવાટના ઓરડાઓમાં અમૂલ્ય અને અનુપમ ચિત્રો, બારી-બારણાંઓના ભભકાદાર પરદા અને અન્ય કીમતી શણગાર છે.



"બીગ બેન" ઘડીઆળનો મિનારો અને વેસ્ટમિન્સ્ટરનો એક વિભાગ. આ બે ઇમારતો જગતભરમાં વિખ્યાત બનેલી છે. જરમનોનાં વિમાનો બીગ બેન પર બોમ વરસાવી શક્યાં નહોતાં. એના ઘડીઆળનો વ્યાસ ૨૨॥ ફુટનો છે.

રાજા રાણીના વસવાટ માટેનો એક બીજો મહેલ સેંટ જેમ્સના મહેલનાં નામે ઓળખાય છે. શાહી દરબારો હમેશાં એ મહેલમાં ભરાય છે.

શહેરની બીજી શાનદાર ઇમારતોમાં લોર્ડ મેયરનો મહેલ "મેન્શન હાઉસ", બી. બી. સી. (રેડીઓ સ્ટેશન)નું જહાજના આકારનું મકાન, ટ્રાન્સપોર્ટ હાઉસ અને બેંક ઓફ ઇંગ્લેંડનું મકાન ગણાવી શકાય. જોવા લાયક અન્ય સ્થળોમાં લંડનનું સ્ટોક એક્સચેંજ (શેર બજાર–જ્યાં સ્ત્રીઓને જવાની મના છે) અને રોયલ એક્સચેંજ અને *લોઇડઝનું જગવિખ્યાત મકાન છે, જ્યાં રોજેરોજ સમુદ્રની છાતી પર રમતા ૩૦૦૦ જહાજોની હીલચાલના સમાચાર પહોંચતા રહે છે. બેંક ઓફ ઇંગ્લેંડ, સ્ટોક એક્સચેંજ અને લોઇડઝ મળીને લંડનને પાઉન્ડ, શિલીંગ અને પેન્સનું પાટનગર બનાવી રહ્યાં છે.


લંડનનાં પ્રખ્યાત સ્મારકોમાં આલ્બર્ટ મેમોરીઅલ પીકાડેલી ખાતેનું એરોસ (કામદેવ)નું પૂતળું, રાણી એનનું ૩૮૫ ફુટની ઉંચાઇનું બાવલું ૩૫૦૦ વરસ પર બંધાયેલી "ક્લીઓપેટ્રાઝ નિડલ" અને અશ્વારૂઢ રાજા પહેલા ચાર્લ્સનું બાવલું ખાસ જોવા લાયક છે.

આખી જીંદગી સુધી ફર્યા કરીએ તોયે રોજ કૈં ને કૈં નવું જોવાનું મળ્યા કરે એવા લંડન શહેરના રાજમાર્ગો પર જુદા જુદા અનેક ધંધાદારીઓનાં બજારો જામી પડેલાં છે.

ભવ્ય ભોજનાલયો

ભોજનાલયો, ઉપાહારગૃહો અને હોટેલોની લંડનમાં કોઇ તંગી નથી. સ્વાદુ ભોજન અને બાદશાહી સગવડો માટેની ભભકાદાર હોટેલોમાં ડોરચેસ્ટર, ક્લેરીજ, સેવોય, મેફેર, સ્ટ્રેંડ, પેલેસ, ઓસ્કનોવર, બરકલી, રીટ્ઝ અને રીજેંટ

* લોઇડ્ઝ વિશે આ અંકમાં એક જુદો લેખ પ્રસિદ્ધ થયો છે તે વાંચો.



સેંટ પોલનું દેવળ. ૩૫૫ ફુટનો તેનો ઘુમટ છે. કાળા ઘુમટની ફરતા સફેદ કાંગરાવાળી આ ઇમારત બાંધતાં ૩૫ વરસ લાગ્યાં હતાં.

પેલેસનાં નામ જગવિખ્યાત છે. શુદ્ધ હિંદી ભોજન માટે વીરાસ્વામીની ખાણાવળ પણ દુનિયાભરમાં જાણીતી છે.

લંડનનું બીલીન ગેટ નામનું બજાર ઈ. સ. પૂર્વે ૪૦૦ ની સાલમાં બીલીન નામના એક રાજાએ સ્થાપેલું મનાય છે. અંહી એક વરસમાં ૩ લાખ ટન જેટલી મચ્છી વેચાય છે. સ્મીથફિલ્ડનું માંસ બજાર ૧૦ એકરના વિસ્તારમાં પથરાયલું છે અને તેમાં વરસ દહાડે ૫ લાખ ટન માંસ અને મરઘાં બતકાનું વેચાણ થાય છે. પેટીકોટ લેનમા આવેલાં છાપરા વગરના (ઓપન એર) બજારમાં અને કાઈડ કેલેડોનીઅન બજાર (આપણી ગુજરીઓ જેવી)માં રોજેરોજ હજારો નાની મોટી ચીજોનાં વેચાણ-ખરીદી ચાલતાં જ રહે છે.

શહેરમાં નાટક, નૃત્ય અને સંગીત માટેની રંગભૂમિવાળા ૫૦ કલાભવન (થીએટર) છે. એમાં સેડલર વેલ્સ, વિંટર ગાર્ડન, ગેરીક, ઓલ્ડ વિક ગ્લોબ, ડ્રિરી લેન અને કોવેંટગાર્ડન એટલાં પ્રખ્યાત છે.

લંડનના બ્રિટિશ મ્યુઝીઅમના પુસ્તકાલયમાં ૫૦ લાખ પુસ્તકો છે. ૬૦ લાખ પુસ્તકોવાળી લંડન લાયબ્રેરી દુનિયાભરનું મોટામાં મોટું પુસ્તકાલય છે. આંધળાઓ આંગળીઓ ફેરવીને વાંચી શકે તેવી લિપિમાં છાપેલાં ૩ લાખ ૧ હજાર પુસ્તકો સાથનું નેશનલ લાઈબ્રેરીને નામે ઓળખાતું એક બીજું પુસ્તકાલય લંડનમાં છે.

કલાના શોખીનો માટે લંડનમાં બ્રિટિશ મ્યુઝીઅમ, વિકટોરીઆ એંડ આલ્બર્ટ મ્યુઝીઅમ, ટેટ ગેલેરી, લંડન મ્યુઝીઅમ, ઇંપીરીઅલ મ્યુઝીઅમ અને નૅશનલ પોર્ટ્રેટ ગેલેરી (ચિત્રાલય) છે અનેક દેશોમાંથી લૂટીને આણેલાં અસંખ્ય રત્નો, ચિત્રો અને કલાકારીગરીના અગણિત નમુનાઓ આ સંગ્રહાલયોમાં ભરચક પથરાયલા પડયા છે. લૂટનો એ માલ હવે બ્રિટિશ સામ્રાજ્યની મિલકત બની ગયો છે.

શહેરમાં હરવા ફરવા માટે "ટયુબ"ના નામે ઓળખાતી ભૂગર્ભ રેલ્વે ઉપરાંત ઓમની-બસ, ટ્રોલી બસ અને મોટરોનો ગંજાવર કાફલો છે. ટયુબ રેલ્વેના ડબ્બાઓની સંખ્યા ૪૦૮૫ છે અને ૮૨૧૩ ઓમનીબસ અને ૧૭૭૦ ટ્રોલી બસ છે. એ ચલાવવા માટે ડ્રાઇવરો, કંડકટરો અને ઇન્સ્પેકટરોની ૯૭૧૩૨ માણસોની એક મોટી ફોજ કામ કરે છે જેમાં ૧૦૨૮૩ સ્ત્રીઓ છે. રોજેરોજ આશરે ૧ કરોડ માનવીઓ આ બધા વાહનોમાં ૨૦૦૦ ચોરસ માઇલના વિસ્તારમાં મુસાફરી કરે છે.

બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં અગાઉ બ્રિટન ઉપર સમાજવાદી સરકારની હકુમત હતી. તેણે વાહનવ્યવહાર, કોલસાની ખાણો, વીજળી અને ગેસ ઉપર સરકારની માલિકી સ્થાપી અને બેંક ઓફ ઇંગ્લંડનો વહીવટ સરકારને હસ્તક મેલ્યો. પંત પ્રધાન એટલીની દોરવણી નીચેની સમાજવાદી સરકારે દસ લાખ નવાં મકાનો બાંધ્યાં અને લોકોને મફત તબીબી સારવાર અને વીમાનો પ્રબંધ કરી આપ્યો. તેના પછી સર વિન્સ્ટન ચર્ચીલની આગેવાની નીચેની "કૉન્ઝરવેટીવ" સરકારના અમલમાં કેન્યા, યુગાંડા, મલાયા અને બીજા. કેટલાક બ્રિટિશ સંસ્થાનોમાં ગડબડ શરૂ થઈ. સમાજવાદી સરકારે ભારત, પાકીસ્તાન, બ્રહ્મદેશ લંકા અને પેલેસ્ટાઇનને બ્રિટિશ હકુમતમાંથી મુક્તિ અપાવી.

લંડન જગતનું એક મહાનગર છે એ જ્ઞાન તો લંડન જઈ આવેલા આછકલા અને રોફમારુ હિંદીઓ આપણને રોજેરોજ આપતા રહે છે. "હું જ્યારે લંડનમાં હતો" એમ બોલીને જ્યારે તેઓ કોઇ વાતની શરૂઆત કરે છે ત્યારે એટલું ભૂલી જાય છે કે લંડનમાં લાખો ઉંદર પણ વસે છે અને હજારો ઉંદર હરસાલ જહાજમાં વસીને લંડનની મુસાફરી કરે છે.



ભયંકર બિલાડો

(૧) છાપાંની એક કાપલી

મારી જૂની ફાઈલોમાં હું રેસના મેદાનોમાં જતો તે દિવસોની છાપાંઓની કેટલીક કાપલીઓ મોજૂદ છે જેમાં ઇ. સ. ૧૯૨૭ ની સાલની એક કાપલી હજી પણ એક ફાઈલમાં જળવાઇ રહી છે. એ વખતના રેસના શોખીનોને એ બનાવ હજી પણ યાદ હશે. ખાન-બહાદૂર મહોબતખાન, જેના મરણનો એ કાપલીમાં ઉલ્લેખ છે, એને ઓળખનારા ઘણા રેસના રસિયાઓ અત્યારે પણ હશે અને તેઓની એને માટેની સ્મૃતિ નીચેની કાપલીથી તાજી થશે.

તા. ૧૩ મી ઓગસ્ટ ૧૯૨૭

"અમોને જણાવતાં ઘણીજ દિલગીરી થાય છે કે ટર્ફ ક્લબના એક આગેવાન સભ્ય, પ્રસિદ્ધ શિકારી અને ઉમદા ગૃહસ્થ ખાન-બહાદૂર મહોબતખાન સાહેબનું આજે વહેલી સવારે તારાપોર પાસેની એમની જાગીરમાં આવેલા બંગલા ખાતે મરણ નીપજ્યું છે. વધારે દિલગીરીનું કારણ એ છે કે ખાનબહાદૂરનું મરણ એક વિચિત્ર પ્રકારના અકસ્માતથી નીપજ્યું છે. દુનિયાના જુદા જુદા ભાગોમાંથી જાતજાતનાં જાનવરો એકઠાં કરવાનો મરહૂમનો શોખ જાણીતો હતો. મજકૂર જાનવરોમાં પુમા અથવા હાઓના જાતનો બ્રાઝીલનો એક જંગલી બિલાડો હતો. આ બિલાડો રાક્ષસી કદનો અને ભયંકર હતો. એની સંભાળ લેવાનું કામ મરહૂમ પોતાને હાથે જ કરતા. આ બનાવ કઇ રીતે બન્યો તેની પૂરી માહિતી હજી મળી શકી નથી પણ ગમે તે કારણે આ રાક્ષસી બિલાડો વિફરવાથી એણે ખાન-બહાદૂર મહોબતખાન પર હલ્લો કર્યો અને પરિણામે તત્કાળ એમનું મોત નીપજ્યું એટલી માહિતી મળે છે. ખાન બહાદૂર સાથે એમના પિતરાઇ ભાઇ દિલાવરખાન પણ એ વેળા હતા અને તેઓ પણ આ હલ્લાનો ભોગ બની જાત પરંતુ સારે નસીબે તેઓ બચી ગયા છે; જો કે તેઓ દવાખાનામાં છે અને તેઓની હાલત તદ્દન સલામત હોવાનું કહી શકાય એમ નથી.

"મરહૂમ મહોબતખાનને સરકારે ગયે વરસે જ ખાન બહાદૂરનો માનવંતો ખિતાબ આપ્યો હતો. એમના અકાળ અને દુઃખદ અવસાનથી ટર્ફ ક્લબને, હિન્દની શિકારી આલમને, અને પ્રાણી-વિદ્યામાં રસ લેતા મંડળોને ભારે ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે."

સીધી અને સ્વાભાવિક દેખાતી આ હકીકત પાછળ જે ગંભીર અને કરપીણ વાસ્તવિકતા છુપાયેલી છે, તેનાથી જાહેર જનતા આજ સુધી અજાણી જ રહી છે. એ હકીકતની મને રજેરજ માહિતી છે. આજસુધી હું એ જાહેર

કરી શકું એમ નહોતું પરંતુ જે જે વ્યક્તિઓને મેં મૌન રહેવાનું વચન આપ્યું હતું તેમાંની એક પણ આજે હયાત નથી એટલે મને લાગે છે કે આ આખો ઇતિહાસ જાહેર કરવામાં હવે વાંધા જેવું નથી. મારી જાણ મુજબ ખાનબહાદૂરના કુટુંબમાં હવે કોઇજ હયાત નથી. કદાચ કોઇ દૂરદૂરનું સગું હોય તો પણ આ હકીકત એ વાંચે એવો સંભવ નથી. અને કદાચ એવા કોઇના વાંચવામાં આ હકીકત આવે તો પણ એ વ્યક્તિ સત્ય કહેનારને વિશાળ દિલથી ક્ષમા કરશે એવી આશા સાથે એ આખો કરુણ ઇતિહાસ હું અત્રે રજુ કરવાની હિંમત કરૂં છું.

(૨) ખાન બહાદૂરનો મહેમાન

દિલાવરખાન અને ખાનબહાદૂર મહોબતખાન બન્ને પિત્રાઇ ભાઇઓ હતા. મહોબતખાનને પિતા તરફથી વારસામાં સારી જમીન જાગીર મળી હતી પણ દિલાવરખાનના પિતાની હયાતી દરમ્યાન જ તેની બધી જમીન જાગીર ગિરો મૂકાઇ ગઇ હતી. આ રીતે મહોબતખાનની આર્થિક સ્થિતિ સારી હતી. જમીન—જાગીરના વહીવટમાંથી થતી આવક ઉપરાંત શિકારી તરીકેની એની ખ્યાતિ અને શરતના ઘોડાઓએ પણ એની સ્થિતિ સદ્ધર કરવામાં સહાયતા કરી હતી.

આ બન્ને પિત્રાઇ ભાઇઓના વડીલોમાં એક દૂરના કાકા હયાત હતા. આ કાકાએ પોતાની યુવાનીમાં જ પોતાની વારસાગત જમીન વેચી, એમાંથી મળેલાં રોકડ નાણાં મુંબઇમાં મકાનો અને દુકાનોમાં રોક્યાં હતાં. એ મકાનો અને દુકાનોનો સારો દસકો આવવાથી પોતાના રોકાણનો આ કાકાને ઘણો સારો લાભ મળ્યો હતો. આ નિ:સંતાન અને અતિશય લોભી વૃદ્ધનો અઢળક વારસો કદીક પોતાના હાથમાં આવશે એવી મારા મિત્ર દિલાવરખાનને આશા હતી. એક રીતે જોઇએ તો આ આશાતંતુ જ એને કોઇપણ હિતકારક પ્રવૃત્તિ ન કરવા દેવા માટે કારણભૂત હતો. કાકાના મરણની ઘડી અને દિલાવરખાનની ગરીબીના અંત વચ્ચેની શરત બે કાચબાઓ વચ્ચેની ધીમી શરત જેવી લાંબા સમયથી ચાલ્યા કરતી હતી. એ દરમ્યાન દિલાવરખાન દેવામાં ઊંડો ને ઊંડો ઉતરતો જ ગયો. મુંબઇવાળા વૃદ્ધ કાકાને કરેલી અનેક કાકલુદીઓ વૃથા ગઇ..તેની પાસેથી દિલાવરખાનને એક પાઇ પણ મળી નહિ. દિલાવરખાનના ઘરમાંથી એની યુવાન પત્નીનાં કિંમતી આભૂષણો, કિંમતી ધાતુનાં કલાત્મક વાસણો, હાથીદાંતની કારીગરીવાળી ચીજો, અને કિંમતી રાચરચીલું જાણે કે પોતાના શીલને ભોગે પણ પોતાના માલિકને બચાવવા માગતાં હોય એ રીતે પરદો છોડી લીલામગૃહો અને અન્ય સ્થળે પોતાનાં રૂપનું પ્રદર્શન કરી કરીને સૌથી વધારે કિંમત આપનારની સાથે જઇ વસવાટ કરવા નીકળવા લાગ્યાં. વિલીનીકરણમાં ભળેલા કોઇ રાજ્યના સરકારી ભાગે આવેલા ભવ્ય અને સુશોભિત મકાનમાં પછાત વર્ગોના વિદ્યાર્થીઓને છાત્રો તરીકે ગોઠવવામાં આવે એ રીતે, દિલાવરખાનની સોનાની સિગારેટ-કેસમાં પૈસાની આઠવાળી બીડીઓ ગોઠવાવા લાગી. પણ એ બીડીઓને એ જગ્યા ફાવી નહિ એટલે એ સોનાની કેસ પણ ગઇ.

આ રીતે કેન્દ્રમાંથી બહાર ફેંકાતા અને ઝડપમાં વધતા જતા વંટોળિયાની માફક એની ઋદ્ધિસિદ્ધિની નિશાનીઓ ચારે તરફ ભાગવા લાગી ત્યારે દિલાવરખાને પોતાના પિત્રાઇ ભાઇ મહોબતખાન પાસે જઇ રાહત માગવા કમર કસી. એ મતલબનો એક પત્ર પણ એણે લખ્યો. પત્રનો તારથી જવાબ આવ્યો.

ખાન બહાદૂર મહોબતખાનની જાગીર તારાપોરથી ત્રણેક માઇલ દૂર આવેલી હતી. ઘોડાદોડની શરતના દિવસો બાદ કરતાં મહોબતખાન પોતાની જાગીરમાં જ રહેતો. આજુબાજુ ભરચક વાડીઓ, ખેતરો વગેરે હતાં. ઘોડા-

ઓને કેળવવા માટે તબેલાઓ અને એક મેદાન હતું. દેશપરદેશથી પોતાના શોખ ખાતર એકઠાં કરેલાં વિવિધ જાનવરો પણ મહોબતખાન આ જાગીરમાં જ રાખતો. પોતે એક સામાન્ય કદના પરંતુ અદ્યતન સાધનોવાળા બંગલામાં રહેતો.

સ્ટેશનેથી ઉતરી મહોબતખાને મોકલેલી ઘોડાગાડીમાં બેસી દિલાવરખાન જ્યારે પોતાના ભાઇને બંગલે પહોંચ્યો ત્યારે ભાઇ અને ભાભી એનું સ્વાગત કરવા બંગલાના દરવાજા બહાર ઊભાં હતાં. ભાભીનાં ચહેરા પર ખાસ ઉત્સાહનાં ચિહ્નો દેખાતાં નહોતાં પણ ભાઇના પ્રેમનો દિલાવરખાનને સારો અનુભવ થયો. "તું અહીં વહેલો આવ્યો હોત તો બધી મુશ્કેલીનો વહેલો પાર આવી જાત" એવું વાક્ય શરૂઆતની વાતોમાં જ મહોબતખાને પોતાના ગરીબ પિત્રાઇને કહ્યું તે પરથી દિલાવરખાનના માથા પરની અર્ધી ચિંતા ઓછી થઇ ગઇ.

તે જ દિવસે જમવા બેસતી વેળા દિલાવરખાનને એની ભાભીના વિચિત્ર વલણનો વધારે કડવો પરિચય થયો. એક નાનકડા ડાઇનીંગ રૂમમાં મેજ પર એ ત્રણે જણાં જમવા બેઠાં હતાં. મહોબતખાનનો એક વૃદ્ધ નોકર ઝડપથી અને હુશિયારીથી પીરસવાનું કામ કરી રહ્યો હતો. ભોજનના આખા ક્રમ દરમ્યાન ભાભીના મોઢામાંથી પંદરેક શબ્દો ભાગ્યે જ બહાર પડયા હશે. મહોબતખાન દુનિયાના ઘણા ભાગોમાં ફરેલો અનુભવી, રીઢો શિકારી તેમજ બહુશ્રુત માણસ હતો. એની વાતો એના મેજ પર પીરસાયેલી વાનીઓ જેવી જ વિવિધ, પરિપક્વ અને સ્વાદિષ્ઠ હતી. બ્રાઝીલ, આફ્રીકા અને ગીરનાં જંગલોની, એબિસીનીયાની તેમજ વિવિધ રાની પશુપંખીઓ અને મનુષ્યોની એણે કરેલી વાતો ઘણી જ સુદાસરની, રસિક અને પ્રવાહિતાવાળી હતી.

ભોજનને અંતે યુરોપી ક્રમ મુજબ ફળો આવ્યાં. તે પછી એક ખાસ પ્રકારની ચીરૂટ લઇ આવવાનું સંભરતાં મહોબતખાન જરાવાર બહાર ગયો. એ ગયો કે તરત જ ભાભીની જીભ ઉઘડી:

"સાંજે સાડાસાતે તારાપોરથી ગાડી ઉપડે છે."

દિલાવરખાનના માથા પર ઓચિંતો કોઇએ એક મોટો પથ્થર પડતો મૂક્યો હોય એવું એને લાગ્યું. માંડમાંડ સ્વસ્થ રહી એ બોલ્યો:

"તેથી શું?"

"એમ કે તમે એમાં જ પાછા જાઓ."

"પણ મારે અહીં અગત્યનું કામ છે."

"તમે બેવકૂફ છો. હું કહું છું કે આજે સાંજે જ રવાના થઇ જાઓ."

"કાંઇ કારણ?"

"કારણ? કારણ એ જ કે મારી એવી મરજી છે બસ. તમે આજ સાંજે જ અહીંથી રવાના થઇ જાઓ."

હાથમાં ચીરૂટનો ડબ્બો લઇને બારણામાં ઊભેલા મહોબતખાને છેલ્લું વાક્ય સાંભળ્યું. એ અંદર આવ્યો. ચીરૂટનો ડબ્બો મેજ પર મૂકતાં બોલ્યો, "દિલાવર, તું દસેક મિનિટ બહાર જા." દિલાવરખાન અવાક્ પૂતળા જેવો બહાર ગયો. બહારની વરંડામાં ઊભા રહી દસેક મિનિટ સુધી એણે અંદરના ઓરડામાં થતી વાતચીતનો આછો ધ્વનિ સાંભળ્યો. ઘડીક ક્રોધ, ઘડીક ધમકી, વળી આજીજી અને સમજાવટ, વળી આશ્વાસન વગેરેની સુરાવટ એ વાતચીતમાંથી નીકળતી હોય એમ એને લાગ્યું. દસ મિનિટ પછી મહોબતખાને એને ફરી અંદર બોલાવ્યો. મહોબતખાન બહાર ગયો. વળી ભાભીએ નીચું મ્હોં રાખી કહ્યું, "તમારા ભાઇએ મને તમારી માફી માગવાનું ફરમાન કર્યું છે. હું તમારી માફી માગું છું."

"અરે, એવુ તે હોય? મારી શી ને વાત શી? મારા મનમાં કંઈ જ નથી." એવા પ્રેમભર્યા શબ્દો દિલાવરખાન બોલી રહ્યો હતો ત્યાં તો ભાભીએ ઊંચે જોયું. જો દૃષ્ટિમાં માણસને બાળી નાખવાની શક્તિ ઈશ્વરે મૂકી હોત તો એની આંખોના પ્રભાવથી દિલાવરખાન આખો સળગી જાત એવી એની દૃષ્ટિ હતી. "બેવકૂફ, ગમાર" એ બે વિશેષણોનો ઘા કરી ઝીક ભરેલી નાજુક સપાટોના ચટક ચટક અવાજ તથા રેશમી ઇજારના ક્રોધભર્યા ફડફડાટ સાથે એ ઓરડો છોડી ચાલી ગઈ.

એ ગયા પછી મહોબતખાન અંદર આવ્યો. મેજ પરથી ચીરૂટનો ડબ્બો હાથમા લેતાં એણે દિલાવરખાનને પૂછ્યું; "એણે તારી માફી માગી ને?"

"હા. પણ એવી શી જરૂર હતી?"

"હુ ઘણોજ દિલગીર છુ" હાથમાંની ચીરૂટ સળગાવી દમ ખેંચતો મહોબતખાન બોલ્યો, "બહાર વરંડામાં ચાલ. હું તને સમજાવુ."

બહારના વરંડામાં ચીરૂટ પીતાં પીતાં ઇઝીચેરમાં પડ્યા પડ્યા બન્ને ભાઈઓ વચ્ચે આખા બનાવની ચોખવટ થઈ. મહોબતખાને ખુલાસો કર્યો: "તારી ભાભી અંદરખાનેથી મારા અનેક પાળેલા જાનવરો જેવુ જ એક જાનવર છે. એના સ્વભાવમાં અદેખાઈ ઘણી જ છે. હુ અને એ બેજ આખો વખત સાથે રહીએ અને ત્રીજુ કોઈપણ વચ્ચે ન જ આવવુ જોઈએ એવી એની ઇચ્છાને હુ બનતી મહેનતે સંતોષું છુ. પણ દરેક વાતને હદ હોવી જોઈએ ને? એના સ્વભાવની આ એક વિચિત્રતા બાદ કરતાં એના જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાં છે. પણ હું તને પગે પડીને વિનવુ છુ કે તારા મનમા કાંઈ લાવતો નહિ."

દિલાવરખાન ગળગળો થઈ ગયો. પોતાના મનમા જરા પણ ડંખ નથી એવી ખાતરી આપી એણે ધીમે ધીમે વાત ફેરવી પોતાની કફોડી આર્થિક હાલતની વાત છેડી

"પણ એની શી ઉતાવળ છે? હમણાં તું થોડા દિવસ નિરાંતે અહીં રહે તો ખરો, તું જેમ કહીશ તેમ કરી આપવાની હુ ખાતરી આપુ છુ. પછી શુ છે? વારુ આપણા વૃદ્ધ કાકાના વારસા બાબત તને કેવીક આશા છે? એમની તબિયત ગંભીર છે એવા ખબર મળ્યા છે."

"એમની તબિયત તો હુ-છેક નાનો હતો ત્યારથી ગંભીર જ રહી છે. હવે તો કદાચ મારી પોતાની તબિયત ગંભીર થવાનો સમય આવે તો ના નહિ." સ્હેજ હસતાં દિલાવરખાને ઠરી ગયેલી ચીરૂટને ફરી સળગાવતાં કહ્યું. "ગમે તેમ હોય, પણ હુ તારે માટે સારી વ્યવસ્થા કરી આપીશ." કહી મહોબતખાને બીજી વાતો ઉપાડી

તેજ સાંજે મહોબતખાને દિલાવરખાનને પોતાના પાળેલાં જાનવરો બતાવ્યાં. શાહમૃગ, જીરાફ, ઝીબ્રા, ગેંડા, હરણો, એકાદ કાંગારુ, સસલાં, ચિત્તા વગેરે વિવિધ પ્રાણીઓ માટે જુદી જુદી ખાસ જગ્યાઓ હતી. આ ઉપરાત પક્ષીઓ માટે એક ખાસ વિભાગ હતો. આ બધાના નિભાવ માટે મહોબતખાનનું સારો એવો ખર્ચ લાગતો હોવો જોઈએ એમ ધારી દિલાવરખાને સ્હેજ પૂછપરછ કરી.

"ખરેખર તમારો આ શોખ ઘણો ભોગ માગતો હશે."

"એક રીતે ભોગ તો ખરો જ. પણ સાથે એ મારી કમાણીનું પણ સાધન છે. ઘણાં રજવાડા અને સંગ્રહાલયો મારી પાસેથી જાનવરો અને પક્ષીઓ ખરીદ પણ કરે છે. જેમકે ગઈ સાલ જ એક કાંગારુ મેં મુંબઈનાં રાણીબાગમાં મોકલ્યો. હવે મારી પાસે એક જે કાંગારુ છે જે માદા છે. આવતે મહિને ઓસ્ટ્રેલિયાથી મેં મંગાવેલો કાંગારુ આવી

જશે. આ ઉપરાંત હરણો, સસલાં અને પક્ષીઓની–ખાસ કરીને સફેદ કબૂતરોની તો–ખૂબ માગણી રહે છે."

બધાં પ્રાણીઓના નિરીક્ષણ દરમ્યાન દિલાવરખાન જોઈ શક્યો કે ભયંકર હિંસક પશુઓ મહોબતખાનની હાજરીમાં એનાથી ભયભીત હોય એ રીતે વર્તતાં. એ પ્રાણીઓ પાસે જતો ત્યારે મહોબતખાનની આંખોનો રંગ બદલાઈ જતો અને એ હિંસક રાની પશુઓ કરતાં પણ વિશેષ હિંસક અને રાની હોય એવું લાગતું.

છેક સાંજ પડતાં મહોબતખાન બોલ્યો, "હવે તને મારું સર્વશ્રેષ્ઠ જવાહિર બતાવું–મારો બ્રાઝીલીઅન બિલાડો."

"બિલાડો?"

"એને બિલાડો કહે છે પણ ખરી રીતે એ નામ એને શોભતું નથી. એને પુમા અથવા હોએનાં પણ કહે છે. એ નામો અશાસ્ત્રીય છે. વસ્તુતઃ એ બિલાડાની જ એક જાત છે."

મહોબતખાન એક અલગ બાંધેલા ઓરડા તરફ ગયો. દિલાવરખાન એની પાછળ પાછળ ચાલ્યો. ઓરડાને એક ઓસરી હતી. ઓરડાનું કળવાળું બારણું મહોબતખાને પોતાની કૂંચીથી ખોલ્યું. બન્ને જણાં અંદર પેઠાં. ઓરડો બે ભાગમાં વહેંચાયેલો હતો. વચ્ચોવચ સળિયા-વાળી મજબૂત જાળીનું એક પાર્ટીશન હતું. આ જાળીના પાર્ટીશનની ઊંચાઈ આઠેક ફૂટ હશે. ઉપરાંત એ આઠ ફૂટની ઊંચાઈએ પાર્ટીશનથી સહને પાછળની દિવાલ સુધી અર્ધા ઓરડામાં સળિયાની એક છત કરી લેવામાં આવી હતી. વસ્તુતઃ અર્ધા ઓરડામાં આઠ ફૂટ ઊંચું અને છતવાળું એક પાંજરું જ હતું. બાકીનો ભાગ ખાલી હતો.

સળિયાઓની પાછળ ફરસબંધીવાળી ભોંય પર બ્રાઝીલીયન બિલાડો સૂતેલો હતો. તે મહોબતખાનનો એક અવાજ સાંભળી ઊભો થયો. બિલાડો ચકચકતા કાળા રંગનો હતો. એટલે દૂરથી પણ એની રેશમ જેવી સુંવાળપ જોનારને જાણે કે સ્પર્શ કરી જતી હતી. નાકના ટેરવાથી માંડીને પૂંછડીના છેડા સુધીનું એનું કદ પૂરાં અગિયાર ફૂટનું હતું. પાતળી કમર, ભરપૂર રૂંવાટી, નાજુક છતાં અખૂટ તાકાતથી ભરેલાં અંગો અને એ બધાં ઉપરાંત એની જાદુગર જેવી અને ભયાનક દેખાતી છતાં પણ મુગ્ધ કરી દેતી આંખોએ દિલાવરખાનને સ્તબ્ધ કરી દીધો.

"કેમ? છે ને અસલ જવાહિર? બ્રાઝીલના જંગલનું રત્ન છે. મેં બ્રાઝીલમાં એની માનો શિકાર કર્યો હતો. એ વેળા આ બચ્ચું એક નાનકડા કાળા ઊનના દડા જેવડું લાગ્યું હશે. અને આજે?" મહોબતખાન બોલી રહ્યો હતો ત્યાં બિલાડાનું સમગ્ર શરીર ખેંચાયું અને કોઈક પ્રવાહી વસ્તુ રેડાઈ રહી હોય એવી ચુપચાપ ગતિથી બિલાડો સળિયા પાસે આવ્યો. મહોબતખાને સળિયાઓ વચ્ચે રાખેલો હાથ ચાટવા માંડ્યો.

"હું એકલો જ આ હિંમત કરી શકું છું. મારો નોકર અલાદાદ જો કે ઘણો બહાદુર છે પણ આ બિલાડાથી એ પણ ડરે છે," મહોબતખાને બિલાડાના માથા પર હાથ ફેરવતાં કહ્યું.

થોડીવાર પછી બન્ને જણા બહાર આવ્યા. ઓસરીમાં એક નાનું ટાંકું હતું તેમાંથી બિલાડા જોગ ખોરાકનો જથ્થો કાઢી મહોબતખાન વળી અંદર ગયો. સળિયાઓમાંથી એ ટુકડાઓ ફેંકતો ગયો અને બિલાડો ખાતો ગયો.

"હજી એણે માણસનું લોહી ચાખ્યું નથી. એકવાર એ ચાખે તો પછી એની ભયંકરતા હદ વટાવી જાય."

બન્ને વળી બહાર નીકળ્યા. બહાર આવી મહોબતખાને બારણું સાવચેતીપૂર્વક બાંધ્યું

કર્યું. પછી દિવાલમાંથી નીકળતા એક કડાને ખેંચ્યું એટલે અંદરનું સળિયાવાળું પાર્ટીશન બહાર આવવા લાગ્યું.

"ઓહો! આ ચોકઠું ખસી શકે છે?" દિલાવરખાને પૂછ્યું.

"હા. આખું ચોકઠું જમીનમાં ધીંસી પાડી બહાર ખેંચી શકાય એવું કરાવ્યું છે. હવે બિલાડો આખા ઓરડામાં ફરી શકશે. ખાધા પછી એ ખૂબ મોટા આંટા મારશે."

"આ ચોકઠાને અડીને સળિયાની છત શા માટે બાંધી છે?"

"એનું કારણ એ કે આ ચોકઠું આઠ જ ફૂટ ઊંચું છે. જો ઉપરની છત ન હોય તો તો ચોકઠું કૂદીને બિલાડો ઓરડાના બન્ને ભાગમાં આવજા કરી શકે અને ચોકઠાની બીજી બાજુ ઊભેલાનો કોળિયો જ કરી જાય."

× × ×

પોતાની જિંદગીના આખરી દિવસોમાં દિલાવરખાનને શેતરંજ રમવાનો ઘણો શોખ હતો. હું લગભગ રોજ તેની સાથે શેતરંજ રમતો. શેતરંજના બે લાગલાગટ ખેલાડીઓ વચ્ચે એક પ્રકારની ગૂઢ મિત્રાચારી જામે છે. આનું કારણ એ છે કે સામાવાળો ખેલાડી કઈ ઢબે અને શી ગણતરીથી વિચાર કરી રહ્યો છે એ સમજવા પ્રત્યેક ખેલાડી એકાગ્રતાપૂર્વક ચિંતન કર્યા કરતો હોય છે. આમ એકબીજાના મનમાં પેસી એની સાથે તદાકાર થવાના અભ્યાસને કારણે હંમેશ સાથે બેસી શેતરંજ રમ્યા કરનારનાં મન એક થાય છે.

અમારી પરિપક્વ મૈત્રીના એ કાળમાં દિલાવરખાને આ બધી વાતો મને કહેલી. એ ઉપરાંત મારી હાજરીમાં કેટલાંક અન્ય આપ્તજનોને પણ એણે એ વાતો કહી હતી. મને લાગે છે કે દિલાવરખાનની પાસેથી આ રીતે સાંભળેલી એ વાતનો બાકી રહેલો ભાગ એના પોતાના જ શબ્દોમાં રજૂ કરું તો ઠીક થશે.

(૩) દિલાવરખાનની કેફિયત

એ રાની બિલાડાની નરી જાયંકરતામાં પણ કોઈએક પ્રકારનું ગૂઢ આકર્ષણ હોય એમ મને લાગ્યું. તે રાત્રે સૂતાં સૂતાં મને એ બિલાડાના જ વિચારો આવ્યા કર્યા. એ મને મારી નાખવા આવતો હોય અને મારાં ભાભી મને બચાવવા દોડતાં હોય એવાં સ્વપ્નાં પણ મને આવી ગયાં.

બીજે દિવસે સવારે ચા પીતી વેળા મહોબતખાને મને પોતાના અનુભવની ઘણી ઘણી વાતો કહી. દર ત્રણ ત્રણ કલાકે મહોબતખાન પર કોઈક તારો આવ્યા કરતા હતા. મેં ધાર્યું કે એ તારો એના આહડેના કે ઘોડાદોડની શરતમાં રસ લેનારાઓના હશે. ત્રીજો, ચોથો અને પાંચમો દિવસ એમને એમ જ, ખાવાપીવામાં, ફરવામાં અને વાતોમાં ગયા. ભાભીના સ્વભાવમાં આ દરમ્યાન વિશેષ કડવાશ નહોતી જણાતી, પરંતુ મારી હાજરી એમને અરુચિકર હતી એ તો સ્પષ્ટ જણાઈ આવતું હતું.

છઠ્ઠે દિવસે સાંજે આકાશમાં વાદળાં એકાએક ચડી આવ્યાં અને ગાજવીજ શરૂ થઈ. રાત્રે અમે જમ્યા પછી બહારના વરંડામાં બેઠા ત્યારે થોડો થોડો વરસાદ શરૂ થયો. અમારી ચીરૂટોનો ક્રમ ચાલુ હતો. એ વેળા મેં મન મજબૂત કરી મારી તમામ આર્થિક હાલતનો ચિતાર મહોબતખાનને કહી સંભળાવ્યો. મારી ગિરો મૂકેલી જમીન, દરદાગીના, મારું દેવું, વ્યાજ વગેરે બાબતોની તેમ જ કાયદાની કેટલીક આંટીઘૂંટીની મેં એને સમજ પાડી. મારી વાત પૂરી થઈ રહી ત્યારે રાતના સાડાબાર વાગ્યા હતા. મહોબતખાને કહ્યું:

"આ બધી બાબતોની નોંધ સવારે કાગળ પર કરી મને આપી દેજે એટલે આવતી કાલે બપોરે જ હું આખરી ફેંસલ કરી દઈશ."

આ સૂચના મને પણ ગમી.

"આવી હવા હોય ત્યારે આપણા બિલાડાને ખૂબ જાળવવો પડે છે. અત્યારે મારે ત્યાં જવું પડશે. તું સાથે આવીશ?"

"ખુશીથી."

"ઠીક ત્યારે. આપણે અવાજ કર્યા વગર જ જઈએ. બધા સૂઈ ગયા છે." કહી એક મીણબત્તીવાળું ફાનસ લઈ એ ઉભો થયો. અમે બન્ને બિલાડાવાળા ઓરડા તરફ ચાલ્યા. સાધારણ વરસાદ ચાલુ હતો.

બારણું ઉઘાડી અમે અંદર ગયા પછી મહોબતખાને બત્તી મારા હાથમાં આપી કહ્યું, "જરા બત્તી રાખ તો. હું બહારથી ખાવાનું લઈ આવું." બત્તી હાથમાં લઈ હું ઊભો. મહોબતખાન બહાર ગયો. બત્તીની ખરી જરૂર તો બહાર જ હતી એમ મને લાગવાથી હું તેની પાછળ જવાનો વિચાર કરતો હતો ત્યાં તો ઓરડાનું બારણું બહારથી બંધ થઈ ગયું!

"મહોબતખાન!" મારાથી ચીસ પડાઈ ગઈ, "આવી મશ્કરી ન કરો, હું આનું કારણ સમજી શકતો નથી."

"થોડા વખતમાં સમજાશે." બહારથી અવાજ આવ્યો.

"શું સમજાશે? બારણું ખોલો." મેં જોરથી બૂમ પાડી. બારણા પર હાથ પછાડ્યો. પગથી લાતો મારી. બહારથી એક અટ્ટહાસ્ય સંભળાયું.

એ જ વખતે ઓરડાના બે ભાગ વચ્ચેનું જાળીનું ચોકઠું બહાર સરકવા લાગ્યું!

હાથમાંનો દીવો નીચે મૂકી મારા સમગ્ર બળથી હું જાળીના સરકતા ચોકઠાને વળગી રહ્યો પણ એ તો મને ખેંચતું સરસરાટ ચાલ્યું.

હું જોરથી બૂમો પાડવા લાગ્યો: "મહોબતખાન, ભાઈ, મેં તમારું શું બગાડ્યું છે? મારે તમારી પાસેથી કંઈ જ જોઈતું નથી. હું અહીંથી સીધો જ ઘરે ચાલ્યો જવા તૈયાર છું. મને બહાર કાઢો." હું બોલતો રહ્યો અને આખું ચોકઠું બહાર નીકળી ગયું.

બહારની વરંડામાં મહોબતખાનના પગલાં સંભળાયાં. એ ચાલ્યો જતો હતો. વધારે શોર પાડવાનો કંઈ જ અર્થ ન હતો.

દીવામાં જે મીણબત્તી હતી તે ઘણી નાની હતી અને લાંબો વખત ચાલે એવી ન હતી. જાળીનું પાર્ટીશન ખસી જવાથી હવે આખા ઓરડામાં હું અને વિકરાળ રાની બિલાડો બે જ રહ્યા હતા. બિલાડો એક ખૂણામાં સૂતો હતો. કદાચ એ બત્તીના પ્રકાશથી ડરતો હશે એમ મને લાગ્યું.

હવે તો મોત મારી સામે જ હતું.

પચીસ મિનિટમાં દીવામાંની મીણબત્તી ઓલવાઈ જશે. બીજી પાંચ મિનિટમાં મારા જીવનની જ્યોત પણ ઓલવાઈ જશે એ વિચારે મેં એક ભયાનક ધ્રૂજારી અનુભવી. ઘડીભર મને મારી ઓરત અને મારો પાંચ વરસનો પુત્ર યાદ આવી ગયાં. છુટા પડતી વેળા મારા પુત્રે મને જે જે ચીજો લેતા આવવાની કહી હતી એની યાદી મારા મગજમાંથી સડસડાટ પસાર થઈ ગઈ. એની કાળી જાદુભરી આંખો મારાં મનચક્ષુ સમક્ષ તરવરતી હતી એટલામાં બિલાડો ઊભો થયો. એની બે ભયંકર આંખો અંધારામાં તગતગતી હતી.

મારે માટે એક ઉપાય હતો તે મને સૂઝ્યો. અર્ધા ઓરડામાં આઠ ફૂટ ઉંચી જાળીની એક છત હતી. એ છત પર ચડી જવાથી થોડું રક્ષણ મળશે એમ ધારી આગળના સળિયા પકડી હું ઉપર ચડી ગયો. દીવો પણ ઉપર લેતો ગયો. છેવટની ઘડીએ એ કાચથી મઢેલું ખાલી ફાનસ બિલાડાના મોઢા પર ફેંકીને થોડોઘણો બચાવ કરી શકાય એમ હતું. એના ઘાથી કદાચ બિલાડાની આંખો ફૂટી જાય. આ છતરૂપી મેડા પર ચડી એના એક ખૂણામાં

હું સંપાયો એજ વખતે બિલાડો પોતાની જગ્યાએથી બહાર આવ્યો અને એક છેડેથી બીજે છેડે આંટા મારવા લાગ્યો

છેક મોડે મોડે મને પ્રાર્થના કરવાનું સુઝ્યું.

થોડીવાર રહીને બિલાડો એક જ કુદકે ઉપર આવ્યો. એ છતની બરાબર મધ્યમા પડ્યો. ખુણામાંથી એની આંખો સામે તાકીને મે ફ્રાનસનો ઘા કર્યો. ફૂટતા કાચનો અવાજ થયા એ સાથે જ બિલાડાએ એક ભયંકર અવાજ કર્યો. મારૂ નિશાન આબાદ હતું. વળી છત પરની જાળીના સળિયાની પહોળાઇને લઇને એને ચાલવુ ફાવ્યુ નહિ હોય. એ ઠેકીને પાછો નીચે ઉતરી ગયો. ભયંકર અવાજો સાથે એ જોરથી નીચે આંટા દેવા લાગ્યો

મારી વિચારશકિતમાં આ કટોકટીની પળે અસાધારણ તીવ્રતા આવી. બહાર ખૂબ વરસાદ પડતો હતો અને અસાધારણ તોફાન હશે એમ હુ કલ્પી શક્યો. ઓરડા વચ્ચેની સરકતી જાળી ખસી શકે છે કે નહિ એ એકવાર ફરી અજમાવી જોવાનો મે નિર્ધાર કર્યો છત પર સૂતાં સૂતાં ખસતો ખસતો ઘણીવારે હુ આગળના ખૂણા પર આવ્યો. નીચે હાથ નાખી જાળીના છેડાનું લાકડું જરા ખેચ્યુ. જાળી સહેલાઇથી અંદર સરકી. હવે મને ખાતરી થઇ કે જાળીને બહાર અટકાવવાનુ કાઇજ સાધન નહોતુ જાળીને માત્ર ખેંચવાથી તે અંદરથી બહાર અને બહારથી અંદર લાવી શકાતી હતી. આ બાબત મને પહેલેથીજ સૂઝી હોત તો કેવું સારૂં થાત! પણ હજી સમય હતો છતના આગળના ભાગમા સૂતા સૂતાં ધીમે ધીમે હુ જાળી સરકાવતો ગયો અને સાથે સાથે મારા શરીરને પણ ખસેડતો ગયો જાળીને અને ભીંતને દોઢેક ફૂટનુ છેટુ રહ્યું એટલે મેં નીચે કૂદકો માર્યો.



એની આંખો સામે તાકીને મે ફ્રાનસનો ઘા કર્યો

બિલાડો એ વેળા બહારના ભાગમાં હતો હુ અંદર પેસવા જાઉ એ પહેલાં વિજળીની ઝડપે કૂદી એણે મારા પગની પીંડી તોડી નાખી, પણ હુ અંદર પેસીને જાળી બંધ કરી શક્યો ખરો બિલાડો બહાર રહી ગયો મારી પીંડીમાંથી જુદો પડી ગયેલો એક મોટો લોચો પણ બહાર જ રહ્યો

મારા પગમાથી ધખધખાટ લોહી વહેવા લાગ્યુ હુ ખમીસ અને સુરવાલભર જ હતો. ખમીસ કાઢી મે પગે પાટો બાંધ્યો. મને ખૂબ ચક્કર આવવા લાગ્યાં. બહાર ગાજવીજ અને તોફાન ચાલુ હતાં. બેભાન અવસ્થામાં હુ કેટલા કલાક રહ્યો એની મને ખબર નથી.


જ્યારે મારી આંખ ઉઘડી ત્યારે બહારના વરંડામાં મેં કોઇનાં પગલાં સાંભળ્યાં. અજવાળું થયું હતું. બારણું ઉઘડયું અને મહોબ્બતખાન અંદર આવ્યો. હજી એ પૂરો બારણામાં પેઠો ન પેઠો ત્યાં તો બિલાડો એની ઉપર કૂદ્યો.

"મારા પ્યારા બચ્ચા, મારા પ્યારા બચ્ચા, આ શું? દગો...અલ્લાદાદ...પિસ્તોલ..." આટલા શબ્દો બોલ્યો ન બોલ્યો ત્યાં તો બિલાડાએ મહોબ્બતખાંનને ચૂંથી નાખ્યો.

અલ્લાદાદ પિસ્તોલ લઇને આવ્યો ત્યારે હું ફરીથી બેભાન થઇ ગયો.

× × ×

હું દવાખાનામાં જાગ્યો ત્યારે મારો એક પગ અર્ધો કાપી નાખવામાં આવ્યો હતો.



બીલાડો ઠેકીને પાછો
નીચે ઉતરી ગયો

મારી સાથે વાત કરવાની કોઇને રજા નહોતી. મારી સ્મૃતિ કામ કરતી ન્હોતી.

થોડે દિવસે મારી પત્ની અને પુત્રને મેં જોયાં. બીજે દિવસે સાંજે એક ગૃહસ્થ મને મળવા આવ્યા.

જરાતરા આડીઅવળી વાત કરી એ ગૃહસ્થે મને કહ્યું, "મી૦ દિલાવરખાન, હું તમારા કાકાનો વકીલ છું. ડોક્ટરની રજાથી તમને મળવા આવ્યો છું. પ્રથમ તો મારે તમને તમારા કાકાના અવસાનના માઠા ખબર આપવાના છે."

આ વાક્યની મારા પર કંઇ ખાસ અસર ન થઇ પણ મારી સ્મૃતિ તાજી થઇ. જરાવાર રહી વકીલે આગળ ચલાવ્યું, "મારે તમને એક મુબારકબાદી આપવાની છે. તમારા કાકાના આખરી વીલ મુજબ તેનો તમામ વારસો તમને મળે છે."

આ વાતની મારા પર અસર થઇ. ધીમે ધીમે હું એનો અર્થ સમજ્યો. એ દરમ્યાન એક ડોક્ટર મને તપાસી રહ્યો હતો. મને તપાસી રહ્યા પછી એણે વકીલને પોતાની વાતચીત ચાલુ રાખવા સૂચના આપી.

"મારા કાકા કયારે ગુજરી ગયા?"

"તમારા પર બિલાડાએ હલ્લો કર્યો તે દિવસે સવારે."

આ સાંભળી મારું મૂઢ મન કંઇક જાગ્રત થયું. ઘણી વાર સુધી હું આંખો મીંચી શાન્ત પડયો રહ્યો. એ દરમ્યાન હું મહોબ્બતખાનને ગામ ગયો ત્યારથી માંડીને હું બિલાડાના હલ્લાથી બેભાન બન્યો ત્યાં સુધીની આખી હકીકત મારા મનમાં આછરતાં પાણીની જેમ સ્થિરતાથી ગોઠવાઇ ગઇ.

"મહોબ્બતખાન કયાં છે?" મેં પૂછયું.

"ગુજરી ગયા. બિલાડાના હલ્લા પછી તરત જ એનું મરણ થયું."

થોડીવાર રહી મેં વકીલને પૂછ્યું.

"હું ગુજરી ગયો હોત તો કાકાનો વારસો કોને મળત?"

"મહોબતખાનને જ મળત. તમારા પછીના સૌથી વધારે નજીકના સગા એ છે."

હવે મને બધો ભેદ સમજાયો. મહોબતખાન મને મારી નાખી કાકાનો વારસો લેવા માગતો હતો. મુંબઈથી વારંવાર આવતા તાર મારફત કદાચ એને કાકાની તબિયતના ખબર મળતા હશે. મેં એની સાથે ગાળેલા છેલ્લે દિવસે સવારે જ એને એક તાર મળ્યો હતો. કદાચ એ તાર કાકાના મરણના સમાચારનો હશે અને એ માટે જ એ રાતના એણે મને આ રીતે મારી નાખવાની યોજના કરી હશે

બીજે દિવસે મારાં ભાભીએ મારી મુલાકાત લીધી. એણે કાળાં વસ્ત્રો પહેર્યાં હતાં. એ ટૂંકી મુલાકાત દરમ્યાન અમારી વચ્ચે બહુ થોડી જ વાતચીત થઇ પણ એથી મારી બધી શંકાઓ સાચી ઠરી. ખરેખર મહોબતખાનને તે દિવસે સવારે જ તારથી કાકાના મરણના સમાચાર મળ્યા હતા.

"એ બહુ રાક્ષસી આદમી હતા," ભાભીએ કહ્યું, "મારથી બની શક્યું એટલું તો મેં તમને સમજાવ્યું હતું, પણ પછી તો મારે કેદી જેવી અવસ્થા જ હતી. નહિ તો હું તમને ચેતવણી આપત. મારા દુઃખનો પણ હવે અંત આવ્યો છે. હું મારે પિયર જઇ બાકીની જિંદગી ગુજારવાની છું." આટલી ટૂંકી વાત હું એની પાસેથી સમજી શક્યો.

મારે પગે જિંદગીની ખોડ રહી અને જ્યારે હું બેઠો થયો અને મેં પહેલીવાર કાચમાં જેયું ત્યારે મને ખબર પડી કે મારા બધા વાળ સફેદ થઇ ગયા હતા!

લગ્નની વીશી

ચીનના સાહિત્યની એક લોકકથા

["લંકાની લાડી અને ઘોઘાનો વર" એ આપણી પ્રચલિત ગુજરાતી કહેવત જૂના કાળમાં આપણા દેશના લોકોનો પરદેશોના વતનીઓ સાથે કેવો વ્યવહાર ચાલતો હતો એ બતાવનારી છે તેવી જ રીતે એ કહેવત ઉપરથી એટલું પણ જણાય છે કે એક બીજાથી દૂર દૂરના દેશોમાં વસનારા, એકબીજાની હસ્તીથી પણ અજાણ અને અકસ્માત એક બીજાને મળી જતાં યુવાન અને યુવતી વચ્ચે લગ્નની ગાંઠ બંધાઇ જાય છે. લગ્ન માટે અનુકૂલ સાથી મળવાનો આધાર પુરુષાર્થ ઉપર નહીં પણ પ્રારબ્ધ ઉપર રહે છે એ માન્યતા દુનિયાભરમાં સર્વત્ર પ્રચલિત છે. આ માન્યતાને પુષ્ટિ આપનારી નીચેની રોમાંચક કથા જગતવિખ્યાત ચીનાઇ પંડિત અને લેખક લીન યુટાંગના સંપાદન તળે પ્રસિદ્ધ થયેલા "ચીનની વિખ્યાત ટુંકી વાર્તાઓ" નામના પુસ્તકમાંથી મળી આવી છે.]

વેઇ કુ લગ્ન કરવા ઇચ્છતો હતો અને તે માટે એક સારી કન્યાની શોધમાં હતો પણ આજ સુધી તેની શોધ નિષ્ફળ નિવડી હતી કેમકે તેને, પોતાને પસંદ પડે, તેવી વિશિષ્ટ લાયકાતવાળી કન્યા જોઇતી હતી. સને ૮૦૭ માં એ શીંધો તરફ પ્રવાસે જતો હતો.ત્યારે રસ્તામાં શુંગચેંગના દક્ષિણ દરવાજાની બહાર એક વીશીમાં રાતવાસો રોકાયો. એને કોઇએ એવી બાતમી આપેલી કે કુળ–કુટુંબ અને સામાજિક પ્રતિષ્ઠામાં એના પોતાના સમોવડીયા ગણાય એવા પાન નામે ઓળખાતા એક કુટુંબની કન્યા લગનને લાયક ઉમરની થઇ હતી અને તે રાતે જ એક લગનના દલાલે એ સગપણ નક્કી કરી આપવા માટે બીજે દહાડે સવારે લુંગશીંગના દેવળમાં તેને મળવાનો વાયદો કર્યો. પાન કુટુંબ શ્રીમંત હતું અને એ કન્યાની સુંદરતા સુવિખ્યાત હતી એટલે એની સાથેના સગપણના સંભવથી ખુશીમાં આવી ગયેલા વેઇને રાતભર ઉંઘ આવી નહીં અને મળસ્કે એ વહેલો ઉઠી ગયો. શૌચ–સ્નાનથી પરવારીને એણે કપડાં પહેર્યાં અને પેલા લગ્નના દલાલને મળવા માટે એ વીશીમાંથી બહાર નીકળ્યો. એ વખતે પ્રભાત થવાને ઘણી વાર હતી અને ફીક્કા આકાશમાં હજુ બીજના ચંદ્ર જેવડો પાછલી રાતનો ચંદ્ર પ્રકાશતો હતો. જ્યારે તે ઠરાવેલા સ્થળ પર પહોંચ્યો ત્યારે તે દેવળના પગથીયાં પર તેણે એક વૃદ્ધ પુરુષને બેઠેલો જોયો. ચંદ્રના એટલા ઝાંખા પ્રકાશમાં એ વૃદ્ધ એક ચોપડી વાંચી રહ્યો હતો. તેની બાજુમાં જમીન ઉપર એક નાનકડી થેલી પડેલી હતી.

એ બુઢ્ઢો આટલા મોટા મળસકામાં શું વાંચતો હશે એ જાણવાનું કુતૂહલ થવાથી વેઇએ તેની પાછળ જઇ તેના ખભા ઉપરથી ડોકું લંબાવી ચોપડી ઉપર આંખો ઠેરવી પણ તેમાં તેને સમજ પડે એવું કશું લાગ્યું નહીં. એણે પ્રાચીન અને અર્વાચીન સઘળી લિપિઓનો અને સંસ્કૃતનો સુદ્ધાં અભ્યાસ કરેલો હતો, પરંતુ એ પુસ્તક કઇ લિપિમાં લખાયલું હશે તેની તેને સમજ પડી નહીં.

"કાકાજી, આપને એક સવાલ પુછું?" એણે પેલા વૃદ્ધની સામે આવીને કહ્યું, "આપ આ કયું પુસ્તક વાંચી રહ્યા છો? મારો એવો ખ્યાલ હતો કે દુનિયામાં જેટલી લિપિઓ પ્રચલિત છે તેટલી બધી હું વાંચી જાણું છું પણ મેં આવી લિપિ હજુ સુધી ક્યાંયે જોઇ નથી."

"તેં ક્યાંથી જોઇ હોય?" પેલા વૃદ્ધે હસીને કહ્યું, "તારા જાણવામાં હશે તેમાંની કોઇ ભાષામાં આ પુસ્તક લખાયલું નથી."

"તો એ કઈ ભાષા છે?"

"તું મર્ત્ય માનવી છે અને આ પુસ્તક તો ભૂતોની દુનિયાનું છે."

"તો પછી તમે ભૂત હોવા જોઈએ! તમે અંહીં શા માટે આવ્યા છો?"

"હું અંહીં શા માટે ન આવું? તું જરા વધારે વહેલો નીકળી પડયો છે. અત્યારે હજુ રાત પૂરી થઈ નથી અને પ્રભાત થવાને વાર છે એવે વખતે જે રાહદારીઓ જોવામાં આવે છે તેમાં અરધા માનવીઓ છે અને અરધા ભૂતો છે. અલબત્ત તને એ બે વચ્ચેનો ભેદ પરખાશે નહીં. મને માનવીઓને લગતી એક બાબતનું કામકાજ સોંપવામાં આવેલું છે અને જે જે માણસોની સાથે મારે લાગતું વળગતું હોય તેમનાં નામ અને ઠામ ઠેકાણું મેળવી જોવા માટે મારે રાતભર ફરતા ફરવું પડે છે."

"માનવીઓની કઈ બાબત સાથે તમને લાગેવળગે છે?"

"લગ્ન."

વેઈ કુને હવે એ વૃધ્ધની વાતમાં રસ પડવા લાગ્યો. "મને જોતું કામ હતું તે જ માણસ મળી ગયો" એણે કહ્યું, "માફ કરજો, પણ મને તમારી જ સલાહની જરૂર છે. મને લગ્ન કરવાની મરજી છે પણ મારા સમોવડીઆ કુટુંબની કન્યા શોધવામાં આજ સુધી મને સફળતા સાંપડી નથી. ખરી વાત કહું તો હું અત્યારે એ જ કામ માટે અહીં આવી ચડયો છું. પાન કુટુંબની એક કન્યા ઘણી રૂપાળી, સંસ્કારી અને ગુણવાન છે અને એની સાથે મારું સગપણ થાય એવો સંભવ છે. મને કહો, આ કામમાં મને ફત્તેહ મળશે ખરી?"

"તારું નામ અને સરનામું મને કહે." વૃધ્ધે કહ્યું.

વેઈ કુએ તેને પોતાનું નામ અને સરનામું જણાવ્યું. એ પછી વૃધ્ધે પોતાના હાથમાંના પુસ્તકનાં પાના ઉથલાવીને થોડી વાર પછી વેઈ કુની સામે જોઈને કહ્યું, "મને લાગે છે કે આમાં તને ફત્તેહ નહીં મળે. તને ખબર તો હશે કે સ્ત્રી–પુરૂષો વચ્ચેના તમામ લગ્નસંબંધો સ્વર્ગમાં જ નક્કી કરવામાં આવે છે અને તે બધાની નોંધ આ પુસ્તકમા કરવામાં આવે છે. એ જોતાં મને એમ જણાય છે કે તારી ભાવિ પત્ની અત્યારે ફક્ત ત્રણ વરસની છે. એ જ્યારે સત્તર વરસની થશે ત્યારે તેની સાથે તારું લગ્ન થશે. માટે તું નાહક ચિંતા કરતો નહીં."

"ચિંતા ન કરું! તમે શું કહો છો? હજુ બીજા ૧૪ વરસ સુધી મારે કુંવારા જ રહેવું પડશે એમ?"

"સંજોગો તો એવા દેખાય છે."

"અને પેલી પાન કુટુંબની કન્યા સાથે મારું સગપણ નક્કી નહીં થાય?"

"એમ જ."

એ વૃદ્ધની વાત માનવી કે નહીં તે વેઈ નક્કી કરી ન શક્યો, છતાં તેણે પૂછ્યું, "તમારી પેલી થેલીમાં શું છે?"

"એમાં હીરની લાલ દોરીઓ છે" બુઢ્ઢાએ જવાબ આપ્યો અને તેના મ્હોં ઉપર બ્હાલભર્યું સ્મિત છવાઈ રહ્યું. "મારું એજ કામ છે, સમજ્યો? પહેલાં તો જે જે સ્ત્રી અને પુરૂષ લગ્નની ગાંઠથી જોડાવાના છે તેમનાં નામ હું મારા આ પુસ્તકમાં લખી લઉં છું અને પછી જ્યારે એ રીતે જોડાવાને સરજાયેલા કોઈ છોકરા અને છોકરીનો જન્મ થાય ત્યારે રાતને વખતે હું જઈને એમના બેઉ પગ એવી હીરની દોરી વડે બાંધી દઉં છું. એક વાર એ ગાંઠ બંધાઈ જાય (અને હું એ ગાંઠ બહુ જ મજબૂત બાંધું છું) પછી એ બેઉને કોઈ જુદાં પાડી શકે જ નહીં. એમાંથી એક ભલે ગરીબને ઘેર જન્મેલું હોય અને બીજું તવંગરનું સંતાન હોય; ભલે એ બન્નેની વચ્ચે

હજારો માઇલનું અંતર હોય; ભલે એ બન્નેના કુટુંબો વચ્ચે દુશ્મની કે વેરભાવ હોય છતાં એ બન્ને જણા પતિ પત્ની બનવાના એ ચોક્કસ. એમાં તેમનાથી કશો ફેરફાર થઇ શકે જ નહીં ને!"

"તમે મારા પગ તો હીરની એ દોરીથી બાંધી લીધા હશે એમ હું માની લઉં?"

"હા સ્તો."

"અને મારી પત્ની થવાને સરજાયલી પેલી ત્રણ વરસની ઉમરની બાળકી ક્યાં છે?"

"એ તો બજારમાં શાકભાજી વેચનારી એક બાઇની પાસે રહે છે. અંહીથી એ દૂર નથી અને એ બાઇ રોજ સવારે બજારમાં આવે છે. જો તને એને જોવાની મરજી હોય તો મારી સાથે તું સવારે બજારમાં ચાલજે, હું તને એ બાઇ અને એ છોકરી બતાવીશ."

એટલામાં સવાર પડવા આવી અને પેલા જે લગ્નના દલાલે વેઇને મુલાકાતનો વાયદો આપેલો તેનો હજુ પત્તો ન હોતો એટલે પેલા વૃધ્ધે તેને કહ્યું, "એની રાહ જોવાનો કશો અર્થ, નથી એ તને હવે માલમ પડયું હશે."

થોડી વાર એ બન્ને જણા વાતે વળગ્યા તેમાં વેઇને જણાયું કે વૃદ્ધ પુરુષ બહુ મજેનો માણસ હતો. એ વૃધ્ધે એને કહ્યું કે "મને મારાં કામમાં ખૂબ મોજ પડે છે. એ કામ અતિશય વિચિત્ર છે. હીરની એક નાનકડી દોરી કેવો ચમત્કાર કરી શકે છે એ જોવા જેવું છે. એ પછી છોકરો છોકરી મોટા થતા જાય તેમ તેમ હું તેમની દિલચાલ જોતો રહું છું. બન્ને જણાં પોતપોતાના માવતરને ઘેર મોટાં થતાં જાય છે અને ક્યારેક તો એકને બીજાની હસ્તીની માહિતી પણ હોતી નથી, પણ જ્યારે વખત પાકે છે ત્યારે તેઓ બેઉ અમે તે રીતે મળી જાય છે અને પરસ્પરને પ્રેમ કરવા લાગે છે. જો કોઇ બીજી છોકરી કે બીજો છોકરો એ બેની વચ્ચે આવે તો એના પગ પેલી હીરની દોરીમાં અટવાઇ જાય છે અને ગુલાંટ ખાઇને આખરે એ આપઘાત કરીને મરે છે. આવું તો મેં ઘણાયે કિસ્સામાં બનતું જોયું છે."

તેઓ બેઠા હતા ત્યાંથી બજાર બહુ જ નજીક હતું અને ત્યાં લોકોની અવરજવર જામવા લાગી હતી.

"ચાલ, મારી સાથે ચાલ્યો આવ," વૃદ્ધ પુરુષ માથું હલાવીને બોલ્યો અને નીચે પડેલી થેલી હાથમાં લઇને ઉભો થયો.

જ્યારે તેઓ બજારમાં આવી પહોંચ્યા ત્યારે વૃદ્ધે એક દુકાન પર બેઠેલી એક બુઢ્ઢી; ગંદી દેખાતી બાઇ તરફ આંગળી ચીંધી. એ બાઇના વાળ વેરવિખેર હતા અને કપડાં ફાટયાં તૂટયાં હતાં. શાક વેચતી વેચતી એ ખોળામાં પડેલા એક બાળકને પંપાળતી જતી હતી. એની આંખોમાં મોતીઓ આવેલો હોવાથી એ સ્પષ્ટ દેખી શકતી પણ નહોતી.

"જો પેલી રહી એ બાઇ. એના ખોળામાં જે છોકરી છે તે તારી પત્ની થવાની છે."

વેઇએ એ સાંભળીને મોટે અવાજે વૃદ્ધને એક બે ગાળો ચોપડી દીધી. "તું શું બકી રહ્યો છે, બુઢ્ઢા! મારી આવી મશ્કરી ન હોય" એમ કહીને વૃદ્ધની સામે તેણે એક રોષભરી નજર ફેંકી.

"નહીં, હું તને ખાતરી આપું છું કે એ છોકરી બહુ ઉજળું નસીબ લઇને અવતરેલી છે. એ તારી સાથે લગ્ન કરશે, સુખચેનથી રહેશે અને એક એવા પ્રતાપી પુત્રની માતા થશે કે જે પુત્રની કીર્તિ વડે એ જતે વખતે ઉંચો દરજ્જો સંપાદન કરીને ઉમરાવબાનુ જેવી બનશે."

વેઇએ હાડકાં ચામડાંના માળખા જેવી પેલી બુઢ્ઢી તરફ ફરી નજર કરી અને તેનું દિલ નિરાશાથી ભાંગી ગયું. વૃદ્ધ પુરુષની વાત વિશે એ વધુ ચર્ચા કરવા ઇચ્છતો હતો

પણ જ્યારે તેણે પોતાની આંખ એના તરફ ફેરવી ત્યારે એ વૃદ્ધ ત્યાંથી અદશ્ય થઇ ગયો હતો.

જ્યારે વેઇ પાછો પોતાને ઘેર ગયો ત્યારે ઘણો જ નિરાશ બની ગયો હતો. પેલા જે લગ્નના દલાલે તેને મળવાનો વાયદો આપ્યો હતો તે દેખાયો જ નહીં અને પેલા બુઢ્ઢા "ભૂત"ની વાત માનવી કે નહીં એ વિશે તેના મનમાં સંશય પેઠો હતો. એણે મનથી વિચાર કર્યો કે "હું વિદ્વાન્ આદમી છું અને કદાચ મને કોઇ ઉંચા કુટુંબની કન્યા નહીં મળે તો નાટકોમાં કામ કરનારી કોઇ રૂપાળી નટીને હું રખાત તરીકે પણ રાખી લઇશ." જેમ જેમ એ વિચારે ચડતો ગયો તેમ તેમ પેલી ગંદી, કંગાલ છોકરી તરફ તેને વધારે નફરત ઉપજવા લાગી. એની સાથે પોતાનું લગ્ન થાય એ ખ્યાલ જ તેને હસવા જેવો લાગ્યો પણ એ બધી વિચારમાલામાં એ એટલો અટવાઇ ગયો કે રાતભર એને ઉંઘ ન આવી.

બીજે દહાડે સવારે એક નોકરને સાથે લઇને એ બજારમાં ગયો. એણે નોકરને કહ્યું, "પેલી બુઢ્ઢીના ખોળામાં જે છોકરી સુતેલી છે તેને તું મારી નાંખે તો હું તને ખૂબ પૈસા આપું." થોડી વાર પછી બુઢ્ઢીએ છોકરીને ખોળામાંથી નીચે ઉતારીને પોતાની બાજુમાં સુવાડી. એ તકનો લાભ લઇને પેલા નોકરે ખીસામાંથી છરો કાઢ્યો, જઇને છોકરી ઉપર છરાનો ઘા કર્યો અને પછી નાસવા માંડયું. છોકરી રડવા લાગી અને બુઢ્ઢીએ બૂમ પાડી "ખૂન! ખૂન!" અને આખા બજારમાં એકાએક સનસનાટી ફેલાઇ ગઇ. લોકોનું ટોળું એકઠું થવા લાગ્યું તેનો લાભ લઇને વેઇ અને તેનો નોકર બન્ને ત્યાંથી છટકી ગયા.

"કામ પતાવ્યું?" વેઇએ નોકરને પૂછયું.

"ના" નોકરે જવાબ આપ્યો, "છરી બરાબર તાકીને હું મારવા જતો હતો તેવામાં એકાએક છોકરીએ પડખું ફેરવ્યું. મને લાગે છે કે ભમરની ઉપરના ભાગમાં કપાળ ઉપર જખમ લાગ્યો છે."

વેઇ તરત જ એ શહેરમાંથી નાસી છુટયો અને થોડા વખત પછી એ વાત ભુલાઇ ગઇ.

એ પછી એ દેશના પાટનગરમાં રહેવા લાગ્યો અને લગ્નના પ્રયાસમાં તેની છેલ્લી દરખાસ્ત નિષ્ફળ નીવડવાથી તેણે મનથી પરણવાનો ઇરાદો જ માંડી વાળ્યો. પણ ત્રણેક વરસ પછી સમાજમાં સારી પ્રતિષ્ઠા ધરાવતા ટાન કુટુંબની એક કન્યા સાથે તેનું સગપણ થયું. એ છોકરી સારી પેઠે ભણેલી હતી અને તેના રૂપની બધે તારીફ થતી હતી. લોકો વેઇને અભિનંદન આપવા લાગ્યા અને લગ્નની તૈયારીઓ થવા લાગી તેવામાં એક દહાડે અચાનક તેને પેલી છોકરીએ આપઘાત કર્યાના દુઃખદ સમાચાર મળ્યા. એ છોકરી એક બીજા યુવાન સાથે પ્રેમ કરતી હતી.

એ પછી બે વરસ સુધી વેઇએ પરણવાનો ખ્યાલ જ છોડી દીધો. એ વખતે તેની ઉંમર અઠ્ઠાવીસ વરસની થઇ ચુકી હતી અને પ્રતિષ્ઠિત કુટુંબની કોઇ છોકરી સાથે લગ્ન કરવાનો વિચાર તેણે બદલી નાખ્યો હતો. એક વાર એ એક ગામડાંમાં ગયો અને ત્યાં દેવાલય પાસે ઉભો હતો તેવામાં એક ખેડૂતની છોકરી તેની નજરે પડી અને એ છોકરી તરફ તેને પ્યાર ઉત્પન્ન થયો. એવી જ રીતે એ છોકરીના દિલમાં પણ વેઇ તરફ પ્યાર થયો. તરત જ એ બન્નેએ સગપણ કરી લીધું અને પછી વેઇ તેને માટે કપડાં અને ઘરેણાં ખરીદવા માટે શહેરમાં ગયો. એ લઇને વેઇ પાછો આવ્યો ત્યારે તેને માલમ પડયું કે એની એ વિવાહિતા યુવતીને કોઇ આકરું દરદ લાગુ પડયું હતું. એ સાજી થાય ત્યાં સુધી રાહ જોવાને

પોતે તૈયાર હતો પરંતુ એની માંદગી તો વધતી ચાલી અને એક વરસ સુધી ચાલતી રહી તેટલામાં એ છોકરીના માથા પરના બધા વાળ ખરી ગયા અને એ આંખે આંધળી બની ગઈ. પછી તેણે વેઈની સાથે લગ્ન કરવાની ના પાડી અને કહ્યું, "તમને ગમે તેવી તમારે લાયકની કોઈ બીજી કન્યા શોધી કાઢજો."

પણ એવી કન્યા મળતાં મળતાં વળી કેટલાંક વરસો વીતી ગયાં, પછી જે છોકરી તેને મળી તે યુવાન હતી, રૂપાળી હતી અને વાચન અને સંગીતની ભારે શોખીન હતી. એની સાથે પ્યાર કરનારો બીજો કોઈ હરીફ પણ હતો નહીં એટલે વેઈએ તરત જ એની સાથે સગપણ કરી લીધું. લગ્ન થવાને ત્રણ દિવસની વાર હતી તેવામાં એ છોકરી શહેરની ફુટપાથ પર ચાલતાં ચાલતાં ઠેસ લાગવાથી પડી ગઈ અને તરત જ મરણ પામી. વેઈને લાગ્યું કે ભાગ્યદેવી એની મશ્કરી ઉડાવી રહી છે.

તે પછી વેઈ કુ પ્રારબ્ધવાદી બની ગયો. એણે મનથી સ્ત્રીનો વિચાર જ છોડી દીધો. શિયાંગચાઉ શહેરમાં જઈને તેણે એક નોકરી શોધી કાઢી અને એકનિષ્ઠાથી પોતાનું કામ કરવા માંડ્યું. લગ્નનો ખ્યાલ જ તેણે મનમાંથી કાઢી નાખ્યો. પણ એનાં કામથી એનો ઉપરી અમલદાર (જે શહેરનો ન્યાયાધીશ હતો) એટલો બધો ખુશ થઈ ગયો કે એણે પોતાની ભત્રીજીનું વેઈ સાથે સગપણ કરવાની દરખાસ્ત મૂકી.

એ વાત છેડવામાં આવી ત્યારે વેઈ કુને દુઃખ થયું. એણે ન્યાયાધીશને કહ્યું, "આપની ભત્રીજીનું સગપણ આપ મારા જેવા મોટી ઉમરના માણસ સાથે શા માટે કરવા માગો છો? આપને નથી લાગતું કે હવે પરણવા જેવડી ઉમર હું વટાવી ગયો છું!"

પણ ન્યાયાધીશે તેના ઉપર દબાણ કર્યું એટલે આખરે વેઈએ તેને નમતું આપ્યું. છતાં એ સગપણમાં તેને રસ કે ઉમંગ નહોતો રહ્યો. લગ્નનો દિવસ આવ્યો ત્યાં સુધી તેણે કન્યાને જોવાની પણ દરકાર કરી નહીં. એને એટલી ખબર હતી કે કન્યા યુવાન છે અને એટલેથી એને સંતોષ હતો. લગ્ન પછી તેને માલૂમ પડ્યું કે છોકરી પત્ની તરીકે બધી રીતે સારી અને વખાણવા જેવી હતી.

વેઈની એ પત્ની માથાના વાળ હમેશાં એવી રીતે હોળતી કે જમણી બાજુનું તેનું લમણું વાળના ગુચ્છા નીચે ઢંકાયલું જ રહે. આમ વાળ હોળવાથી એની સુંદરતા દીપી ઉઠતી હતી, પરંતુ એ રીત તેને જરા વિચિત્ર લાગવા માંડી. વેઈને પોતાની પત્ની તરફ અતિશય પ્રેમ હતો તેથી એ વિશે એ કશું બોલતો નહીં, પણ લગ્ન થયાને થોડા મહીના વીત્યા પછી એણે એકવાર હેતથી પત્નીને પૂછ્યું, "તારા વાળના ગુચ્છા તું આમ જમણી બાજુ આટલા નીચા શા માટે રાખે છે? અલબત્ત, એ ખરાબ લાગે છે એમ હું કહેવા નથી માગતો, પણ કોઈ કોઈ વાર તને બીજી રીતે સેંથો પાડવાનું મન નથી થતું!"

એની પત્નીએ વાળના એ ગુચ્છા ઉંચા કરીને વેઈને કહ્યું, "અંહી જુઓ." વેઈએ નજર કરી તો ત્યાં એક ઉંડા ઘાની નિશાની માલૂમ પડી.

"આ જખમ તને કેવી રીતે થયો?"

"હું ત્રણ વરસની બાળકી હતી ત્યારે એ જખમ થયેલો. મારા બાપુ નોકરી કરતા કરતા કચેરીમાં જ મરણ પામેલા અને તે જ વરસમાં મારી મા અને મારો એકનો એક ભાઈ બેઉ મરી ગયાં. એ પછી મારી ધાવે મને ઉછેરવા માંડી. સંજોગમાં મારા બાપુની કચેરીની નજીકમાં દખણાદા દરવાજા પાસે અમારું ઘર હતું અને મારી ધાવ તેના આંગણામાં શાક ભાજી વાવતી ને બજારમાં જઈને વેચતી. એક દહાડે, કંઈ કારણ વગર કોઈ ગુંડો ત્યાં આવી ચડ્યો અને તેણે મારૂં

ખૂન કરવાની કોશિશ કરી. અમારે કોઇ સાથે દુશ્મની નહોતી છતાં આવુ કરપીણુ કામ કરવા કોણ તૈયાર થયું હશે તે વિશે મારી એ ધાવને ભારે વિમાસણ થઇ પડી. એ ગુંડો મારૂં ખૂન તો કરી ન શક્યો પણ મારા કપાળ ઉપર હમેશને માટે જખમની નિશાની મૂકતો ગયો છે એને હુ હમેશાં મારા વાળના ગુચ્છા વડે ઢાંકી રાખું છું."

"તારી એ ધાવ લગભગ આંધળી જેવી હતી?"

"હા. તમને એ શી રીતે ખબર પડી?"

"એ ગુંડો હું જ હતો. કેવી અજબ વાત! નસીબમાં જે લખેલું હતું તે મુજબ જ બધું આખરે બન્યું છે"

એ પછી બરાબર ૧૪ વરસ પહેલા પેલા વૃધ્ધ પુરુષ સાથે થયેલી મુલાકાતથી માંડીને પોતાની બધી વાત વેઇએ પત્નીને કહી સંભળાવી. પછી એની પત્નીએ કહ્યું કે "જ્યારે હુ છ કે સાત વરસની થઇ ત્યારે મારા કાકાને સંગચેગમાં મારી ભાળ લાગી અને કાકા મને અહીં શિઆંગચોમાં પોતાની સાથે રહેવા માટે તેડી લાવ્યા."

એ સાંભળીને વેઇના મનમાં ખાતરી થઇ કે બધાં જ લગ્નો સ્વર્ગમાં નક્કી થાય છે એ પેલા બુઢ્ઢાની વાત ખરી છે. તે પછી પત્ની તરફનો તેનો પ્રેમ ખૂબ વધવા લાગ્યો.

જતે વખતે એમને ત્યાં એક પુત્રનો જન્મ થયો. એનું નામ કુન પાડવામાં આવ્યું. કુન ભણી ગણીને તૈયાર થયો તે પછી તાઇયુઆન શહેરમાં તેની ન્યાયાધીશ તરીકે નિમણુક થઇ. એ પછી દીકરાની બાહોશી તથા સુવાસને લઇને તેની માતાને સરકાર તરફથી એક માનવંતો ખિતાબ આપવામાં આવ્યો.

વખત જતાં સુ ગચેંગના ન્યાયાધીશે આ આખી વાત એક વાર સાંભળી અને આ રોમાંચક બનાવ તેના પોતાના શહેરમાં બનેલો હોવાથી વેઇ કુ પહેલીવાર કન્યા જોવા નીકળ્યો ત્યારે જે વીશીમાં રાતવાસો રહેલો તે વીશીનું તેણે "લગ્નની વીશી" એવું નામ પાડ્યું.

—જુઠું બોલનાર માણસોને પણ એવી ભાષાનો ઉપયોગ કરવો પડે છે કે જેમાં તેઓ હીંમતથી વાત કરી શકે.

—વૈદ્યો, હકીમો અને તબીબોમાં કોઇનામાં જાદુઇ કે દૈવી શક્તિ હોતી નથી એ સત્ય હમેશાં યાદ રાખવા જેવું છે

—માણસના જીવનમા જે કઇ બને છે તે બધું અણધાર્યું જ બનતુ હોય છે. ખાતરી કરી જોજો.

—બધા જ માણસોને ઘણી મોટી ઉમર થતાં સુધી જીવવાની ઇચ્છા હોય છે, પણ કોઇને ઘરડું થવુ ગમતું નથી.

—કોઈ પણ વસ્તુના કદ ઉપરથી તેની તાકાતનુ માપ કાઢવાની ભૂલ કરતા નહીં. સ્ત્રીના હાથનો અંગુઠો ઘણો નાજુક હોવા છતાં તેની નીચે ઘણીવાર એક સમર્થ પુરુષ દબાઇ રહેલો હોય છે.

—દુ:ખ, આફત, સંકટ, બીમારી વગેરે કષ્ટો તો હરકોઈ માણસ જરૂર પડતાં સહન કરી શકે છે. માણસનાં ચારિત્ર્યની ખરી કસોટી એ કષ્ટોથી નથી થતી. એ કસોટી કરવી હોય તો તેને સત્તા આપી જોજો.

—તમને નાણાં ધીરનાર માણસ હમેશાં તમારી પોતાની હાલત જાણવા આતુર હોય છે—તમારા પૂર્વજોની નહીં.

યોગીનો અદ્‌ભૂત ચમત્કાર

[ભારતમાં વસતા યોગીઓ વિશે યુરોપ અમેરિકાની ગોરી પ્રજાને જે ખ્યાલ છે ત કેવો ખોટો છે તે બતાવવા માટે નીચેનો લેખ વીલીઅમ ટર્નર નામના એક અંગ્રેજે લખીને એડીનબરોથી પ્રકટ થતા "ચેમ્બર્સ જર્નલ" નામના વિખ્યાત અંગ્રેજી માસિકમાં પ્રસિદ્ધ કરાવ્યો હતો. અંહી તેનું ગુજરાતી રૂપાંતર રજુ કરવામાં આવે છે]

યુરોપ અને અમેરિકા એ બન્ને ખંડોની પ્રજાઓમાં ભારતની યોગવિદ્યા વિશે ખૂબ રસ અને કુતૂહલ પેદા થવા લાગ્યાં છે પણ ત્યાંના સામાન્ય માણસોને એ યોગવિદ્યા શું છે તે વિશે સાચો ખ્યાલ હોતો નથી. હવામાં દોરડું ઊભું રાખીને તેના ઉપર છોકરાને ચડાવી પછી અદૃશ્ય કરી દેવો અથવા જમીન ઉપર માથું મૂકીને હવામાં પગ રાખી કલાકો સુધી ઉભા રહેવું કે અગ્નિની પથારી પર ચાલવું એને તેઓ યોગ સમજે છે. ભારતના કેટલાક ઢોંગીઓ આવા ચમત્કારો કરી જાણનારા હોય છે એ હકીકત એ બેઉ ખંડોમાં સારી પેઠે ફેલાયલી છે.

અલબત્ત યોગની આ કલ્પના ખોટી છે પરંતુ જે યુરોપીઅનો કે અમેરિકનોએ ભારતમાં વરસો સુધી વસવાટ કર્યો છે તેમાંથી પણ સાચા યોગીની સાથે સહવાસમાં આવેલ માણસો કોઈ જવલ્લે જ જોવા મળે છે.

સાચા યોગીઓ શહેરોમાં વસીને યોગવિદ્યાની શાળાઓ ચલાવી તેમાંથી કમાણી કરનારા નથી હોતા. એમનો પત્તો મેળવવા માટે તો એકાંત જંગલો અથવા હિમાલયની બરફની ગુફાઓ ઢૂંઢવી પડે છે.

એવાં સ્થળોમાં વસનારા યોગીઓની જીવનની જરૂરતો ઓછામાં ઓછી અને સાદામાં સાદી હોય છે અને એ પૂરી પાડવા માટે ફક્ત એકાદ ચેલાને સાથે રાખીને એવા યોગીઓ, પોતાનો સમય નિદિધ્યાસન કે સમાધિમાં વ્યતીત કરતા હોય છે. તેઓ બરફમાં વસવા છતાં શરીરે વસ્ત્ર પણ પહેરતા નથી અને લાંબે લાંબે અંતરે ફક્ત થોડા કંદમૂળ કે ફળ ખાઈને દેહ ટકાવી રાખે છે.

આવા યોગીઓ પંચમહાભૂત (પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને વાયુ) ઉપર ભારે કાબુ ધરાવનારા હોય છે અને પશ્ચિમના અતિ આગળ વધેલા "સાયન્સ" (વિજ્ઞાન)ના જોરે જે કેટલાક કામો હજુ પણ થઈ શકતાં નથી તેવાં કામો તેઓ પોતાના યોગબળ વડે આસાનીથી કરી શકે છે એવી માન્યતા યુરોપ-અમેરિકામાં પ્રચલિત થતી જાય છે અને તેના દાખલાઓ પણ ઘણીવાર મળી રહે છે.

તેઓ પાણી ઉપર ચાલી શકે છે, હવામાં ઉડી શકે છે, અસાધ્ય દરદો મીટાવી શકે છે અને સૈકાઓ સુધી પોતાની જીંદગી લંબાવી શકે છે અને શરીરને યુવાન, સશક્ત અને તંદુરસ્ત રાખી શકે છે.

આવા એક યોગીનો મને પરિચય થયેલો છે. એ સ્વામી ઈશ્વરના નામે ઓળખાય છે. એમણે દુનિયાના દેશોદેશમાં વારંવાર પ્રવાસો કરેલા છે. કોઈ કોઈ ઠેકાણે લોકો એમને બીજા નામે પણ ઓળખે છે.

મને એમની પહેલી મુલાકાત ગોદાવરી નદીના કિનારા પાસે આવેલા હૈદરાબાદના બિઝન હોલ જીલ્લાને નામે ઓળખાતા પ્રદેશમાં થયેલી. આ પ્રદેશ બહુધા જંગલ જેવો છે અને તેમાં "રેડી"ના નામે ઓળખાતી એક

કોમનો વસવાટ છે. આ કોમના માણસો છેક ૧૯૩૩ની સાલ સુધી હાથમાં તીરકામઠાં રાખીને જંગલી પશુઓનો શીકાર કરી તેમના ઉપર નિર્વાહ ચલાવતા પણ ખેતી કરતાં શીખેલા નહીં. હવે તેઓ જરા વધારે સારું જીવન જીવતાં શીખતા જાય છે.

એ વખતના હૈદરાબાદના જંગલ ખાતાના ડીરેક્ટર–જનરલ મરહુમ હમીદ યાર જંગની સાથે ફરતાં ફરતાં એક વરસે નાતાલના દિવસે મને એ પવિત્ર પુરુષની મુલાકાત થયેલી.

એનાં શરીર પર એક પણ વસ્ત્ર નહોતુ અને જમીનમાંથી નીકળેલી સરવાણી જેવા બરફ જેવા શીતલ પાણીના એક ઝરામાં એ સુતેલા પડયા હતા. શરીરે એ ઉંચા, કદાવર બાંધાના અને હૃષ્ટપુષ્ટ દેખાતા હતા.

ત્યાંના વતની રેડી લોકો અને તેલુગુ બોલનારા જંગલ ખાતાના ત્યાં કામ કરતા મજુરોને એ યોગી પ્રત્યે અતિશય ભક્તિભાવ હતો અને તેમના ચરણસ્પર્શ કરવા એ તેઓ અનુપમ સદ્‌ભાગ્ય ગણતા. એ લોકોએ અમને ખાતરીથી જણાવ્યું કે યોગી કદી કશું ખાતા નહોતા અને ખોરાકની તેમને જરૂર પણ નહોતી. પણ જ્યારે અમે તેમની સાથે વાત કરી ત્યારે તેમણે બહુ જ નરમાશથી અમને કહ્યું કે લાંબે લાંબે અંતરે પોતે છાસ અને ફળોનો આહાર કરતા હતા. વાત-વાતમાં અમને એમ પણ માલમ પડયું કે સ્વામી ભારતની એક વિદ્યાપીઠના પદવીધર હતા, અંગ્રેજી ઘણું સરસ બોલતા હતા અને પોતે જંગલમાં આમ એકાંતમાં શા માટે રહે છે એવા અમારા પ્રશ્નના જવાબમાં પ્રખ્યાત અંગ્રેજ કવિ વર્ડઝવર્થનાં કાવ્યો-માંથી ટાંચણો આપતા હતા.

પોતાની યોગવિદ્યાના પ્રભાવે તેમણે એટલો અસીમ અપરિગ્રહ સાધ્યો હતો કે કોઇ પણ યુરોપીઅન તો એથી દંગ થઇ જાય. રેડી લોકો પહેરતા એવી લંગોટી પણ સ્વામીજીના શરીર પર નહોતી અને તેઓ તદ્દન નગ્ન શરીરે ફરતા હતા. આવા લોકોને ભારતમાં "દિગંબર"ના નામે ઓળખવામાં આવે છે.

લોકો કહેતા કે સ્વામીજીમાં અસાધ્ય અને ભયંકર દરદો મિટાવવાની અદ્‌ભૂત શક્તિ છે અને પશુ પંખીઓની સાથે તેમને એટલી નિકટની મિત્રતા છે કે એ પ્રાણીઓ સ્વામીજીની ભાષા સમજી શકે છે અને તેમના કહેવા પ્રમાણે કરે છે.

અમે શીકાર કરવા નીકળેલા પણ શિકાર કોઇ હાથ લાગ્યો નહીં એટલે થાકીને અમે અમારા મુકામ પર પાછા ફરતા હતા. અમારી નજીકમાં જ જંગલી કુતરાઓનું એક ટોળું ફરતું હતું તેનાથી ડરીને બીજા પ્રાણીઓ નાસી ગયેલાં એ વાત માલમ પડવાથી અમારી નિરાશામાં અમને કશો દિલાસો મળે તેવું નહોતું.

એવામાં એક કઠિયારાએ આવીને અમને ખબર આપી કે એ જંગલી કુતરાઓ એક સાબરની જોડીની પાછળ પડ્યા હતા અને સાબરની એ જોડીએ તેમના હુમલામાંથી બચવા માટે નજીકના એક તળાવમાં આવેલા એક ટાપુ ઉપર આશરો લીધો હતો. એ સાંભળીને અમે એ તરફ દોડયા અને જંગલી જાનવરોના જીવનમાં ભજવાતા એ નાટકનાં રોમાંચક દૃશ્યો અમારા જોવામાં આવ્યાં.

સાબર બે નહીં પણ ત્રણ હતાં. મોટા અણીદાર શીંગડાવાળો એક પડછંદ નર, સાથે એની માદા અને એક તેમનું બચ્ચું હતું. બહુ દોડી દોડીને તેઓ થાકી ગયેલાં જણાતાં હતાં અને તળાવના કાંઠાથી વીસેક વારના અંતર પર આવેલા એક રેતીના ઢગલાના બનેલા ટાપુને તેમણે પોતાનું આશ્રયસ્થાન બનાવ્યું હતું.

અમે ફરિ ઉભીને જોવા કર્યું. પહેલાં એક કુતરો પાણીમાં તરીને તે ટાપુ પર પહોંચ્યો કે તરત જ બહાદુર નર–સાબરે પોતાના શીંગડા વડે તેને પાણીમાં પાછો પછાડયો. બીજા એક કુતરાના પણ એવા જ હાલ થયા. પણ તેટલી વારમાં માદા–સાબર ઉપર પડખેથી ત્રણ ચાર કુતરાઓ ધસી ગયા અને તેમણે એને નીચે પટકી નાખી.

અમે આ લડાઇ અટકાવવા માટે અમારી બંદુકો ઉંચકવાની તૈયારી કરતા હતા તેવામાં અમારી જમણી બાજુએ આવેલી વૃક્ષોની ઘટામાંથી એ ઉંચા, નવસ્ત્રા યોગી બહાર નીકળી આવ્યા અને સાબર અને કુતરા વચ્ચે ચાલતું યુદ્ધ થોડીવાર નિરખી રહ્યા.

એ પછી તેમણે એક વિચિત્ર અને કંપાયમાન અવાજ કર્યો એ સાંભળીને લડતાં પ્રાણીઓ તરત થંભી ગયાં. કુતરાઓએ પોતાનાં માથાં નીચાં નમાવી દીધાં અને નર સાબર સ્તબ્ધ થઇને ઉભો રહ્યો.

સ્વામી ઇશ્વર એ પછી કમર સમાણા પાણીમાં ચાલીને પેલા ટાપુ પર પહોંચ્યા. અમે ઉંચે શ્વાસે તેમના સામું જોઇ રહ્યા. ત્યાં જઇને તેમણે ધીમા, મધુર સ્વરે કંઇક ઉચ્ચારો કર્યા તે પણ અમને સંભળાયા.

તરત જ પેલા જંગલી કુતરાઓનો સરદાર ત્યાંથી ચાલવા લાગ્યો અને તેની પાછળ તેના સાથીઓએ પણ ચાલતી પકડી અને થોડી વારમાં જ તે બધા આસપાસની ગીચ ઝાડીમાં અદ્રશ્ય થઇ ગયા.

ધમણની માફક શ્વાસોચ્છવાસ લેતા ઉભેલા સાબરના શરીર પર સ્વામીએ ધીમેથી હાથ ફેરવ્યો. પછી નીચે પડેલી માદા સાબરની ગરદન પર અને પીઠ પર તેમણે હાથ ફેરવ્યો. સાથે સાથે તેઓ ધીમે સ્વરે કોઇ મધુર શબ્દો પણ બોલતા જતા હતા. તરત જ સાબરની માદા પગ ઉપર ખડી થઇ ગઇ.

એ પછી સ્વામીનું ઉંચું શરીર સાબરનાં બચ્ચાં તરફ નમ્યું પણ એમનો વળાંક જોતાં અમને ખાતરી થઇ ગઇ કે એ બચ્ચાંને એ બચાવી શકે તેમ નહોતા. થોડી વાર સુધી તેમણે સાબરની એ જોડીના શરીરે નરમાશથી હાથ ફેરવ્યા કર્યો અને પછી એ બન્ને જાનવરોની સાથે સ્વામી પાણીમાં ઉતર્યા. એક બાજુ નર સાબર, બીજી બાજુ માદા અને વચ્ચે સ્વામીજી એમ ચાલતાં ચાલતાં એ બે જાનવરોને એક સાનવી જ્યારે કાંઠે આવી પહોંચ્યા ત્યારે અમે આશ્ચર્યમૂઢ બનીને ઉભા હતા. સાબરની માદાની પીઠ પર કુતરાઓના દાંતની નિશાનીઓ ચોખ્ખી દેખાતી હતી.

અમારા તરફ નજર પણ કર્યા વિના સ્વામી એ બન્ને પ્રાણીઓને સાથે લઇને જંગલની ગાઢી વૃક્ષરાજીમાં ગાયેબ થઇ ગયા.

આ સ્વામીના પરચાનો એક બીજો વૃત્તાંત એક ખ્રિસ્તી મિશનરી, પોલીસ ખાતાના એક સબ ઇન્સ્પેકટર અને મદ્રાસ સરકારના શિક્ષણ ખાતાના એક અમલદાર એ ત્રણ જણા પાસેથી જાણવા મળેલ છે.

દક્ષિણના પોલાવરમ શહેરની નજીક આવેલા એક મંદિરના ખંડેરમાં સ્વામીનો વાસ હતો, એ મંદિરમાં પુરાતત્વને લગતી કશીક શોધખોળનું કામ ચાલતું હતું અને તેને અંગે મજુરો ઉપર દેખરેખ રાખનારો એક ગોરો અમલદાર ત્યાં મુકામ નાખીને પડેલો હતો. તેની સાથે તેની સ્થુલ શરીરની અને દમામદાર પત્ની પણ હતી.

આ ગોરી જોડી મધ્ય યુરોપના નિર્વાસિતોની હતી. એ લોકો આશ્રય શોધવા ભારતમાં આવી ચડેલા અને પેલા "સાહેબ"ને નાના દરજ્જાની સરકારી નોકરી મળી ગઇ હતી. આપણે તેને મિ. શેકસના નામથી ઓળખીશું, જોકે એનું ખરું નામ બીજું હતું. હવે અત્યારે એ જોડું ભારતમાં છે પણ નહીં.

એક દહાડે સવારે પીપળાના એક મોટા ઝાડની એક નીચી ડાળી ઉપર બેઠેલો એક મોટો વાંદરો ગામડાંના લોકોના જોવામાં આવ્યો. ઝાડ ગામની એક સાંકડી ગલ્લીના નાકા ઉપર આવેલું હતું. એ વાંદરો લાંબી પુંછડીવાળો લંગુરની જાતનો હતો અને એવા વાંદરા દક્ષિણ ભારતના જંગલોમાં ઠેર ઠેર જોવા મળે છે. એ બીચારો પોતાના ટોળાથી જુદો પડી ગયેલો અને માંદો દેખાતો હતો. લોકોએ તેને ખાવાનું આપવા માંડયું તે તેણે લીધું નહીં અને ગામડાંનાં જાણકાર લોકો તેના દિદાર જોઈને કહેવા લાગ્યા કે વાંદરાનું મોત નજીક આવેલું જણાય છે.

એ આખો દિવસ વાંદરો એ ઝાડ ઉપર જ રહ્યો. બીજે દહાડે પેલા નવરસ્રા સ્વામી એ ગામડામાં આવી ચડ્યા અને લાગલા જ એ વાંદરા પાસે પહોંચ્યા. એમને જોઈને વાંદરો ઝાડ પરથી નીચે ઉતરીને રસ્તા પર આવ્યો અને સ્વામીએ પોતાની સાથે આણેલા કેટલાક લીલા રોપા એને ખાવા આપ્યા તે વાંદરાએ ખુશીથી ખાધા.

થોડીવારમાં જ એ દશ્ય જોવા માટે ગામડાંના લોકોનું ટોળું એકઠું થયું. એ પ્રદેશમાં વનસ્પતિશાસ્ત્રના એક પ્રવીણ જાણકાર તરીકે સ્વામીની ખ્યાતિ ખૂબ ફેલાયલી હતી. એટલામાં એક મોટરના ભુંગળાનો અવાજ સાંભળીને લોકો ચમકી ગયા. મોટર નજીક આવી ત્યારે તેમને માલમ પડયું કે ગામના પાદરે થાણું નાંખીને પડેલા મિ૦ શેકસ અને તેમની જાડા શરીરવાળી મડમ એમાં બેઠેલાં હતાં. લોકોએ તરત જ ખસીને મોટર માટે રસ્તો કર્યો પણ યોગીનું એ તરફ મુદ્દલ ધ્યાન નહોતું. એ તો પેલા માંદા લંગૂરની માવજતમાં મશગૂલ હતા. એ એવી રીતે રસ્તાની વચ્ચે બેઠેલા હતા- કે મોટર આગળ વધી શકે તેમ નહોતી એટલે શેકસ સાહેબે અધીરાઈથી ગાડીમાંથી નીચે ઉતર્યા. એના હાથમાં નાનકડી વાંસની લાકડી હતી તે વડે તેણે સ્વામીના ખભા ઉપર જોરથી એક ફટકો માર્યો.

યોગી શાંતિથી ઉભા થયા અને મોટર તરફ અને તેના માલિક તરફ જોવા લાગ્યા. એ જ વખતે પેલા ગોરા સાહેબને અને તેની મડમને પહેલી જ વાર ભાન થયું કે તેમની સામે ઉભેલા એ પુરુષના શરીર ઉપર એક પણ વસ્ત્ર ન હોતું!

પશ્ચિમની સંસ્કૃતિના રંગે રંગાયલા એ ગોરા સાહેબની નજરમાં એ એક ભયંકર અસભ્યતા હતી! એનો મિજાજ હાથમાં રહ્યો નહીં અને પોતાની લાકડી વડે તેણે સ્વામીના નગ્ન શરીર ઉપર ગમે તેમ ફટકા ઝીંકવા માંડયા. એ જોઈને આજુબાજુ ઉભેલા ગામડીઆ લોકો સ્તબ્ધ થઈ રહ્યા. જેને તેઓ અતિ પૂજ્ય પુરુષ માનતા હતા તેવા એ પવિત્ર સ્વામી પ્રત્યેના આવા વર્તાવને લઈને એ લોકો એ ગોરા સાહેબ–મડમ ઉપર તૂટી પડવાને તૈયાર થઈ ગયા.

પણ યોગીના મ્હોં ઉપર એક પણ રેખા બદલાઈ નહીં. પોતાના હાથથી ઈશારત કરીને ગામલોકોને તેમણે શાંત રહેવાની સૂચના કરી. પછી તેમણે એ લોકોને બે શબ્દો બોલીને ઠંડા પાડયા. પછી પેલા માંદા વાનરને હાથના ટેકા વડે ઉભો કરીને પીપળાના ઝાડ ઉપર ચડવામાં મદદ કરી અને એ પછી જાણે કે કશું જ ન બન્યું હોય તેમ પોતાની સ્વાભાવિક ગતિએ લાંબી લાંબી ફાળો ભરતા સ્વામી પેલા મંદિરના ખંડેરમાંના પોતાના મુકામ તરફ ચાલતા થયા.

ગામ લોકોને તેમણે જે વાત કહેલી તે એવી હતી કે "મુકાદમ સાહેબને ગુસ્સો ઉપજે એવું કશું જ કરતા નહીં. એ આદમીને ચોવીસ કલાકની અંદર જ એના કામનો પૂરે-

પૂરો બદલો મળી રહેશે અને તમારી આંખે તમે એ જોઈ શકશો.''

બીજે દહાડે સવારે કુતૂહલથી પ્રેરાઈને ગામની લગભગ આખી વસતિ ગામના એ લાંબામાં લાંબા રસ્તાના એક છેડે એકઠી થઈ ગઈ. એ વખતે પોતાના કોઈ કામના નિમિત્તે પોલીસ ખાતાનો એક સબ-ઇન્સ્પેક્ટર ત્યાં આવી ચડેલો. સાથોસાથ તેલુગુ શાળાઓની મુલાકાતે નીકળેલો એક શાળાઓનો ઇન્સ્પેક્ટર પણ એ જ ગામની નિશાળ જોવાને આવી ચડેલો હતો.

દસ વાગ્યાને શુમારે રોજના નિયમ પ્રમાણે પેલો ગોરો મુકાદમ પોતાની મોટરમાં આવી ચડ્યો. તેની બાજુમાં તેની મડમ બેઠેલી હતી. પોતાની કચેરીની બહારના ભાગમાં આવેલા ઝાડના ઘટા નીચે તેણે પોતાની મોટર ઊભી રાખી. મડમ એમાંથી બહાર નીકળી. એના હાથમાં બજાર ખરીદી માટેની એક નાનકડી ટોપલી હતી અને બહાર નીકળીને તેણે પોતાની છત્રી ઉઘાડી માથે ઓઢી લીધી. પોલીસ ઇન્સ્પેક્ટરને આગલે દિવસે બનેલા બનાવની બધી માહિતી મળી ચૂકી હતી તેથી તેણે પેલી મડમને ગામની ગલીઓમાંથી એકલા ન જવાની શીખામણ આપવા માંડી પણ તેણે તો ગુમાનથી જવાબ આપ્યો કે "મારી જાતનું જતન કરતાં મને બરાબર આવડે છે. અહીં એક માણસની પાસે ઊંચી ક્લાસની મરઘીઓ છે અને મારે તેને ત્યાંથી ઈંડા લેવા જવું છે." એ ચાલવા લાગી ત્યારે આખા રસ્તા પર બીજો કોઈ રાહદારી નજરે પડતો નહોતો. આશરે ત્રણસો વાર જેટલી લાંબી શેરી પાર કરીને તે નાકા પરથી બીજી દિશામાં વળી ત્યાં સુધી લોકો તેની તરફ જોઈ રહ્યા.

સમય વીતવા લાગ્યો અને મડમને ગયાને પાએક કલાક થયો હશે તેટલામાં અણુતરીબાજ લોકો બોલવા લાગ્યા કે સ્વામીએ આપેલી ચોવીસ કલાકની મુદત પુરી થવા આવી છે. એટલામાં ગલીને બીજે છેડેથી શોરબકોર સંભળાવા લાગ્યો. બચ્ચાંઓનો ઘોંઘાટ અને તીણા અવાજવાળી સ્ત્રીઓની ચીસો કાને પડવા લાગી.

થોડી વારમાં લોકોનું એક ટોળું ગલીના બીજા છેડા તરફથી નજીક આવતું નજરે પડ્યું. તેને મોખરે બાળકો ઘડીકમાં એક બાજુ તો ઘડીકમાં બીજી બાજુ દોડતા હતા એટલે બધી ધમાલ અને ઘોંઘાટનું કારણ શું છે તે સહેલાઈથી સમજાય તેમ નહોતું.

એટલામાં મડમ સાહેબની ચમકતા રંગની છત્રી નજરે પડી એટલે લોકોને ખ્યાલ આવી ગયો કે બધી ધમાલનું કારણ એ મેમ સાહેબ જ હતાં. એના માથા ઉપર છત્રી એમ ને એમ હતી, હાથમાંની પેલી નાની ટોપલી પણ ખાલી જ હતી પણ મેમ સાહેબ તેમની માએ જન્મ આપ્યો તે વખતે તેમની જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિમાં હતાં–એના શરીર પર એક પણ વસ્ત્ર નહોતું।

યુવાન વયની અને સપ્રમાણ શરીરવાળી સ્ત્રીનો નગ્ન દેહ જોનારને કદાચ કલાની દૃષ્ટિએ આકર્ષક કે મોહક લાગે, પણ પીઠ વયે પહોંચેલી અને ચરબીના લોચાથી નમી પડેલા અંગોવાળી એ સ્ત્રી નગ્નાવસ્થામાં બીભત્સ લાગતી હતી. પગમાં જાણે કે મણ મણની બેડીઓ પોરી હોય એવી ધીમી ચાલે એ બીચારી ચાલતી હતી અને તેનો ચહેરો અરધી ઊંઘે જાગી ઉઠેલા માણસના જેવો વ્યાકુલ લાગતો હતો.

લોકોનું ટોળું નજીક આવ્યું ત્યારે તેનો ઘોંઘાટ સાંભળીને શેઠસ પોતાની કચેરીમાંથી બહાર નીકળ્યો અને તેણે પોતાની આંખે જે બીભત્સ દૃશ્ય જોયું તેનાથી તેનું માથું નીચું નમી ગયું. એકદમ દોડી જઈને તે પોતાની બૈરીને ખેંચી લાવ્યો અને ઉતાવળે ઉતાવળે તેને મોટરમાં ધકેલી દીધી.

અ મા રા મે ઘા ણી ભા ઇ

લેખાંક ૪ થો

લેખકઃ-શ્રી કપિલ ઠક્કર, એમ. એ.

સને ૧૯૧૭ ના અંત ભાગમાં ભાવનગરમાં મરકીના ઉપદ્રવના સમયમાં અમારો હડાળામાં નિવાસ અને એ દિવસોનાં અન્ય સ્મરણો આલેખું એ પહેલાં "હડાળા દરબાર"નો થોડો પરિચય કરી લેવાની જરૂર છે. મેઘાણીભાઇના ઘડતરમાં જે વ્યક્તિઓએ જાણ્યે-અજાણ્યે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેમાં દરબારશ્રી વાજસુરવાળા સાહેબનું નામ મોટું છે. કાઠિયાવાડની એક વિચક્ષણ અને પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે પણ એ જાણવા જેવા હતા.

દરબારશ્રી વાજસુરવાળાને સાહિત્યરસિક ગુજરાતે "કલાપી"ના એક અતિ નિકટના મિત્ર તરીકે પિછાન્યા હતા. "કલાપી"થી ઉમરમાં તેઓ એકાદ વર્ષે મોટા. એમનો જન્મ સંવત ૧૯૨૯ના માઘ શુદિ બીજને દિવસે થયેલો અને સંવત ૨૦૦૯ ના ચૈત્ર વદિ નોમને દિવસે ૮૦ વરસની વયે એમણે ગામતરૂ કર્યું. સાત વરસની ઉમરે એમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં પ્રવેશ કર્યો અને ૧૧ વરસ એ કોલેજમાં ગાળ્યાં. એ કોલેજના પ્રથમ પ્રિન્સીપાલ સ્વ. ચેસ્ટર મેકનોટનના એ પ્રિય શિષ્ય હતા અને એ ભલા અને વિદ્વાન પ્રિન્સીપાલે જે સસ્કારો એમનામાં રેડ્યા તે તેમણે જીવનભર સાચવ્યા અને વિકસાવ્યા હતા. "કલાપી"ના નામે ગુજરાતી સાહિત્યમાં પ્રખ્યાત બનેલા લાઠીના ઠાકોર સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ એમના પછી બે વરસે એ કોલેજમાં દાખલ થયેલા અને આઠેક વરસ ત્યાં રહી તેમણે અભ્યાસ કરેલો. એ દરમ્યાન એમની વચ્ચે જે ગાઢી મિત્રતા બંધાઇ તેનો અંત સને ૧૯૦૦ ની સાલના જુનની ૧૦ મી તારીખે ૨૬ વરસની વયે "કલાપી"ની વિદાય સાથે આવ્યો.

"કાશ્મીરનો પ્રવાસ" નામના "કલાપી"ના હાલ અપ્રાપ્ય લેખમાં જેમને ગીગાવાળાના નામે ઓળખાવવામાં આવ્યા છે તે જ હડાળા દરબારશ્રી વાજસુરવાળા.

સૌરાષ્ટ્રનું એકમ થયા પહેલાં કાઠિયાવાડમાં જે મોટાં કાઠી રાજ્યો કહેવાતાં તેમાં જસદણ, થાણા દેવડી, વડીઆ, જેતપુર, બીલખાં અને બગસરાની રિયાસતો ગણાવી શકાય. બગસરાના ચાર ભાગદાર દરબારોમાં એક દરબાર વાજસુરવાળા. બગસરાનો નિવાસ છોડીને ત્યાંથી પચેક માઇલના અંતર પર આવેલા પોતાના એક ગામ હડાળામાં એમણે રહેવાનું પસંદ કર્યું અને એકમ થતાં સુધી ત્યાં જ નિવાસ કર્યો. એકમ થયા પછી એમણે વડીઆમાં નિવાસ રાખ્યો અને એમનો દેહાંત પણ વડીઆમાં જ થયો.


"કલાપી" વાજસુરવાળા અને વડીઆના દરબાર. સ્વ. બાવાવાળાની ત્રિપુટી વચ્ચે ગાઢ મિત્રતા હતી. ત્રણેના જીવનમાં ધર્મભાવના જાગ્રત હતી અને ત્રણે ય થિઓસોફીના રંગે રંગાયલા. દરબાર બાવાવાળા સાહેબ ૧૯૩૦ ની સાલમાં દ્વારકાંથી દરિયા રસ્તે મુંબઇ જતાં સ્ટીમરમાંથી ગુમ થયા. એ પછી વાજસુરવાળાનું એકાકી જીવન તેત્રીસ વરસ સુધી લંબાયું.

હડાળાની વસતિ હજાર-બારસો માનવીની. એમાં એકાંત સમય ગાળવા માટે એમની પાસે પાંચેક હજાર શ્રેષ્ઠ પુસ્તકોનું એક પુસ્તકાલય હતું. ખેતીવાડીના પ્રયોગો કરવા માટે જમીન હતી. સંગીતનો એમને ભારે શોખ હતો. પોતે ગાઇ શકતા નહીં, પણ દિલરૂબા, હારમોનિયમ, સિતાર, તબલાં વગેરે વાદ્યો ઉપર ઘણો સારો કાબુ ધરાવતા અને દેશભરના સારા ગણાતા શાસ્ત્રીય સંગીત-

કારોનો એમને સાથ મળતો. પ્રખ્યાત સંગીત-શાસ્ત્રી રાવસાહેબ પીંગળે છેવટનાં વરસોમાં હડાળામાં વસેલા અને એમનો દેહાંત પણ ત્યાં જ થયેલો.

હડાળાની વસતિ માટે દરબાર શ્રી ડૉક્ટર, વૈદ અને હકીમ બની શક્યા હતા. સવાર, બપોર, સાંઝ, ગમે તે ટાણે ગામમાંથી કે આજુબાજુનાં ગામડાંઓમાંથી એમની પાસે દરદીઓ આવ્યા કરતા. એમને તપાસી તેઓ દવા આપતા અને અનેકના દરદો મિટાવતા. માંદા બળદના માલિકો પણ પોતાના જાનવરને લઇ આવતા અને એમને માટે પણ દરબારશ્રી પાસેથી દવા મળતી. છેવટનાં વરસોમાં એમણે હોમીઓપથી અને બાયો-કેમીસ્ટ્રીનો અભ્યાસ કરેલો અને એ દવાઓનો તેઓ છૂટથી ઉપયોગ કરતા. દરદી એમની પાસે ન આવી શકે તો એને ઘેર જવામાં એમને ન્હાનમ નહોતી લાગતી. એ કામ માટે તેઓ અંત્યજવાસમાં પણ આંટો મારી આવતા.

છપ્પનીઆના દુકાળના વરસમાં એમણે પોતાનાં ગામોની વસતિની રાહત માટે સુંદર કામ કરેલું. કાઠિયાવાડ એજન્સીના ગોરા અમલદારોની સાથે તાલુકાના કામકાજને અંગે એમને નિકટના સંબંધમાં અને ક્યારેક ઘર્ષણમાં આવવું પડતું. પણ એ ગોરા અમલદારોને પણ એમની શક્તિઓની સારી પિછાન થઇ હતી. ૧૯૦૯માં પોરબંદરના મહારાણા ભાવસિંહજીનું અવસાન થયું. એમના વારસ શ્રી. નટવરસિંહજી એ વખતે સગીર હતા. સરકાર તરફથી એમની સગીર અવસ્થા દરમ્યાન રાજ્ય વહીવટ માટે ગોઠવણ કરવામાં આવી ત્યારે સિનીઅર એડમિનિસ્ટ્રેટર તરીકે દરબાર વાજસુરવાળાની પસંદગી કરવામાં આવેલી એ હોદ્દા પર તેઓ ચાર વરસ રહેલા.



દરબારશ્રી વાજસુરવાળા

૧૯૧૬ માં તેમણે હડાળામાં ઉન્હાળાની રજાઓ દરમ્યાન થિઓસોફીના અભ્યાસ માટેનો એક વર્ગ ચલાવવાની શરૂઆત કરી, વરસમાં એક વાર અને કોઇ વાર બે વાર પંદર દિવસ સુધી ગુજરાત-સૌરાષ્ટ્ર અને મુંબઇના થિઓસોફિસ્ટો અને થિઓસોફીના સિદ્ધાંતો સાથે સહાનુભૂતિ ધરાવનારા કેટલાંક ભાઇઓ-બ્હેનો હડાળામાં એમના મહેમાન બનતાં અને સમુહ જીવન ગાળતાં. આ પ્રથા લગભગ ૩૫ વરસ સુધી એકધારી ચાલુ રહી. મહેમાનોની સંખ્યા સરેરાશ ૨૫ થી ૩૫ સુધીની રહેતી. એક વરસે તો એ સંખ્યા ૧૦૦નો આંકડો વટાવી ગઇ હતી.

આ વર્ગમાં ભાગ લેનારા મહેમાનો રાત્રિના ભોજન પછી વાર્તાલાપ માટે એકઠા મળતા ત્યારે એમની સમક્ષ દરબારશ્રી કોઇવાર કાઠિયાવાડની લોકકથાઓ કહી સંભળાવે, જેમની પાસેથી એ ક્યાં સાહિત્ય

તેમણે મેળવેલું એ લોકસાહિત્યના નિષ્ણાત ચારણો હતા. વાર્તા કહેવાની શૈલી દરબારશ્રીને બરાબર પચી ગઈ હતી. અને એમનો ભંડાર પણ વિપુલ હતો. એમને મુખેથી એ વાર્તાઓ અને દુહાઓ સાંભળવા એ એક લ્હાવો હતો. એમાંથી કોઈ વાર્તા ભાગ્યે જ ગ્રંથસ્થ થયેલી હતી. આવું સાહિત્ય કાઠિયાવાડમાં પડેલું છે એ જ્ઞાન પણ એ વખતે પહેલી જ વાર થયું.

સારા સારા ભજનિકો, ચારણ–બારોટો, કથાકારો વગેરે એમને આશરે આવીને રહેતા. એમની વિદ્વત્તા અને અતિથિ સત્કારની નામના અને કાઠિયાવાડ આખામાં એક સહૃદય માનવી અને બાહોશ રાજપુરુષ તરીકેની કીર્તિ ઠીક ઠીક પ્રસરેલી હતી. એમની મુલાકાત લેનારાઓ એ મુલાકાતમાં ગૌરવ માનતા.

હડાળાના પાદરમાં એક નદી વહે છે અને નદીને સામે કાંઠે જરા ઉંચાણવાળી જમીન પર થિઓસોફીકલ સોસાયટીના "લૉજ"નું આશ્રમના નામે ઓળખાતુ એક મકાન આજે પણ બિસ્માર હાલતમાં ઉભું છે. એ મકાનના ચોગાનમાં "વજસુરેશ્વર મહાદેવ"નું એક નાનકડું પણ રળીઆમણું શિવાલય છે. વાજસુરવાળા અને સુરસિંહજીની મિત્રતાનું એ પ્રતીક છે. એમના દરબારગઢની અંદર પણ રાધાકૃષ્ણનું એક નાજુક સુન્દર મંદિર છે. સૌરાષ્ટ્રનું એકમ થવાના પરિણામે જેને જેને કૈંક સોસવું પડયું હોય તેમાં આ બે મંદિરો અને એ આશ્રમનો સમાવેશ કરી શકાય.

આવા આ હડાળા ગામમાં દરબારશ્રી વાજસુરવાળા આવું એકાંત જીવન ગાળતા. સવારના પાંચ વાગ્યાથી રાતના દસ સુધી એમનો નિયત જીવનક્રમ ચાલુ રહેતો. માંસાહાર અને શરાબ છપનીઆના દુકાળ પછી એમણે સદાને માટે તજેલા. દિવસમાં દસ બાર વખત ચ્હા પીવાની એમને આદત હતી અને એક વાર ભોજન લેવાની.

એમનો પોષાક એકધારો કાઠિયાવાડી હતો. માથા પર બગસરાની શાળનો હાથવણાટનો સાફો, અંગ ઉપર લાંબુ અચકન અથવા ગળાબંધ કોલરનો હાફકોટ અને નીચે ચુડીદાર સુરવાલ. પ્રિન્સીપાલ ચેસ્ટર મેકનોટનની રાજકુમારોને એવી સલાહ હતી કે તમારો સુંદર અને મરદાનગીભર્યો કાઠિયાવાડી પોષાક કદિ છોડતા નહીં અને અંગ્રેજોનું પોષાકમાં અનુકરણ કરતા નહીં. દરબારશ્રી વાજસુરવાળાએ જીવનભરમાં એક દિવસ પણ પોતાનો આ કાઠિયાવાડી પોષાક બદલ્યો ન હોતો.

સૌરાષ્ટ્રની સંસ્કૃતિના પ્રતીકસમા એ માનવી મેધાણીભાઈના દરબાર હતા. મેધાણીભાઈ બી. એ. થયા પછી એ દરબાર–રૈયતનો સંબંધ વધારે નિકટનો બન્યો અને મિત્રતાના સ્વરૂપમાં પલટાયો. એમને એમ સમજાયું કે આ માનવી પાસે આટલું સાહિત્ય પડેલું છેઃ "આવો સાંભળો, લખી લ્યો અને પ્રસિદ્ધ કરો" એવું એ સામેથી નિમંત્રણ કરે છેઃ આવા તો કૈંક ભંડારો કાઠિયાવાડમાંથી મળી શકે. આને જ મારું જીવનકાર્ય કાં ન બનાવી લઉં?

અને સોરઠી લોકસાહિત્યનું સંશોધન એમનું જીવનકાર્ય બને એવો સંકલ્પ હડાળામાં જ લેવાયો. આમ દરબારશ્રી વાજસુરવાળા એમના પ્રથમ ગુરૂ બન્યા.

અમારા કુટુંબનો નામદાર દરબારશ્રી સાથેનો સંબંધ સને ૧૯૧૬ ના થિઓસોફીના પ્રથમ અભ્યાસવર્ગ વખતથી શરૂ થયો. મેધાણીભાઈને યાદ કરતાં એમને પ્રસંગોપાત્ત આ સ્મરણોમાં યાદ કરવાના રહે છે. એવી વ્યક્તિઓનાં સ્મરણો એક લ્હાવો છે અને એક પ્રકારનું શ્રાધ્ધ પણ છે.

[ક્રમશઃ]

દીટડે ચબૂક



બ્રિટિશ હકુમતની સ્થાપના થઇ તે પહેલાં આપણે ત્યાં ઘણાં મોટાં મોટાં શહેરો ફરતા કોટ કે કિલ્લા હતા. તેવો એક કોટ ભાવનગરની ફરતો યે હતો. એ કોટને ચાર દિશાએ ચાર દરવાજા હતા, જેમાં પૂર્વ તરફનો દરવાજો રૂવાપરીના દરવાજાને નામે ઓળખાતો, કેમકે તે દરવાજાની બહાર નીકળતાં રૂવાપરી નામની એક દેવીના મંદિરે જવાનો રસ્તો આવતો.

આજે એ કોટ નથી, એના દરવાજા નથી, છતાં જે સ્થળે એકવાર દરવાજા હતા તે સ્થળોનાં નામ એનાં એ રહી ગયાં છે. રૂવાપરીનો દરવાજો જે સ્થળે હતો તે ચોક આજે પણ રૂવાપરીના દરવાજાના નામે જ ઓળખાય છે.

એ "દરવાજા"ની અંદરની સાંકડી સડક ઉપર બન્ને બાજુએ શ્રીમંત નાગરોના અને વણિકોના બબ્બે ત્રણ ત્રણ માળના ઉંચા મકાનો છે. એમાં ઉત્તર બાજુએ ભોંયતળીઆ ઉપર બે મજલાવાળું એક લીલા રંગના થાંભલાવાળું મકાન આજે પણ અડીખમ ઉભું છે. એ મકાનના ભોંયતળીઆ પર એક મોટી ચોપડીઓની દુકાન છે. એ દુકાનના સ્થાપક અને અસલ માલેકનું નામ હતું અબ્દુલહુસેન આદમજી. એ જાતે વ્હોરો હતો.

દુકાન મકાનને ભોંયતળીએ આવેલી છે, પણ એ ભોંયતળીયું યે જમીનથી આશરે સાડા ચાર-પાંચ ફુટ જેટલું ઉંચું અર્થાત્ એટલો ઉંચો એ દુકાનનો ઓટલો. એ ઓટલાની પહોળાઇ માંડ ત્રણ ફુટની અને લંબાઇ છએક ફુટની હશે. ઓટલા ઉપર ચડવાને માટે પત્થરની એક ચાર પાંચ પગથીયાની નાનકડી સીડી ને સીડીને છેડે દુકાનમાં જવાનો એક દરવાજો. બીજો દરવાજો એ ઓટલા ઉપર પડે.

એ ઓટલાની દીવાલની લાગોલગ એક સંબગોળ તકીઓ નાખીને તેને અઢેલીને દુકાનનો માલિક અબ્દુલહુસેન એક મેલી દાટ અને ઘણાં કાણાં પડી ગયેલી જાજમ પર બેસતો. એની સામે દેશી વેપારીઓની પેઢીમાં કામ કરનારા મહેતા મુનિમો વાપરે છે તેવું એક આનાવાળું ઢાળવું મેજ—બેઠી આંકોડ જેવું પડ્યું રહેતું. એ મેજ ઉપર કાળી રુશનાઇ ભરેલો એક પિત્તળનો ખડીઓ અને એક બે કલમો અને ચામડાના પુંઠામાં બાંધેલો અમદાવાદી કાગળનો એક મોટો બધો ચોપડો પડેલો હોય.

અબ્દુલહુસેનનો પોષાક શુદ્ધ વહોરાશાહી. પહોળી મ્હોંયની ઘુંટી સુધી પહોંચતી ઇજાર, ઉપર કસવાળું, ગોઠણથી નીચે પહોંચતું અંગરખું અને માથે વહોરાશાહી પાઘડી. ત્રણે કપડાં એક જ સરખા સફેદ કાપડમાંથી બનાવેલાં અને ધણી બાગે તો સ્વચ્છ જોવામાં આવતાં: અબ્દુલહુસેન કદે પાતળો, બહુ ઉંચો યે નહીં ને બહુ નીચો યે નહીં. એની મુછો ભરાવદાર અને દાઢી લાંબી હતી. મેં એને પહેલો જોયો સને ૧૯૦૫ કે ૧૯૦૬ માં. એ વખતે એ દાઢી મુછમાં સફેદ વાળ દેખાવા શરૂ થયા હતા. એની આંખો

પેંડા જેવી ગોળાકાર હતી અને એના ઉપર એ સફેદ પોલાદની ફ્રેમના ચસ્મા પહેરતો.

એની એ દુકાનની સ્થાપના ક્યારે થઈ હશે એ તો હું નથી જાણતો પણ મોટેરાંઓ પાસેથી મેં વાત સાંભળેલી કે ઇસુની ૧૯ મી સદીના આઠમા નવમા દસકામાં અબ્દુલહુસેન એક સાધારણ ફેરીઓ હતો અને આંકની ચોપડી, દેશી હીસાબ, ગજરામારૂની વાર્તા, ગુલબકાવલીની વાર્તા, સદેવંત સાવળીંગાના દશ અવતારની વાર્તા, શુકનાવળી, વગેરે એ વખતમાં પૈસે બે પૈસે વેચાતી ચોપડીઓની ફેરી કરતો એમાંથી ધીમે ધીમે ભજનસાગર અને જે મંગળા હાથીની વાર્તા જેવી બબ્બે આનાની ચોપડીઓ વેચતો થયેલો. ને ધીમે ધીમે તેણે દુકાન નાંખેલી. એ દુકાન દહાડે દહાડે જામતી ગઇ. અને થોડા વરસ પછી તો અબ્દુલહુસેન ભાવનગરના સર્વથી મોટા "બુકસેલર એન્ડ સ્ટેશનર" તરીકે ને પછીથી "પબ્લીશર" તરીકે આખા શહેરમાં પ્રખ્યાત થયો. મુંબઇના જાણીતા પુસ્તકપ્રકાશકો અને વિક્રેતાઓ—ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, એન એમ. ત્રિપાઠી, શંભુભાઇ આત્મારામ સગુણ, રામચંદ્ર ગોવિંદ ઉપરાંત મેકમિલન અને લોંગમેન્સ ગ્રીન જેવી જગવિખ્યાત અંગ્રેજ પેઢીઓ સાથે અબ્દુલહુસેનનો વહેવાર બંધાયલો. એની દુકાનમાં પાઇની એના હીસાબે મળતી સ્લેટપેનથી માંડીને સવા રૂપીઆની કંપાસ બોક્સ સુધીની તમામ સ્ટેશનરી અને આંકની ચોપડીથી માંડીને મહાભારત અને યોગવાસિષ્ટ, શેક્સપીઅર, શાહનામા અને ગુલિસ્તાન સુધીની ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત અને ફારસી ચોપડીઓના ઢગલે ઢગલા નજરે પડતા. દુકાનથી થોડે દૂર આવેલી તેની ચોપડીઓની વખારમાં લાખેક રૂપીઆની કીંમતની ગણાય તેટલી ૨૦ થી ૨૫ હજાર ચોપડીઓનો ગંજ અબ્દુલહુસેનની જાહોજલાલીના સમયમાં ખડકાયલો રહેતો.

એના ઘરાકોમાં એકડા ઘુંટતા વિદ્યાર્થીથી માંડીને શહેરની કાલેજના પ્રિન્સીપાલ સુધીના તમામ શિક્ષિતોનો સમાવેશ થતો. ૧૮૮૦–૮૫ થી માંડીને ૧૯૨૦–૨૫ સુધીના ચાર દસકામાં આખા ભાવનગરમાં એક પણ ભણેલો શીખેલો માણસ એવો ન મળે કે જેણે અબ્દુલહુસેનને જોયો જાણ્યો ન હોય અને તેની દુકાનેથી એકાદ ચોપડી પણ ખરીદ કરી ન હોય.

વહેલી સવારે અબ્દુલહુસેનની દુકાન ખુલે અને ઓટલા ઉપર પેલી મેલી ડાંટ જાજમ પથરાય, તકીઓ મુકાય ને ઢળતું મેજ ગોઠવાય. ત્યાર પછી અબ્દુલહુસેન એ ઓટલા પર આસન જમાવે તે બપોર બાર વાગ્યાની તોપ ફુટે ત્યાં સુધી ત્યાં જ બેસી રહે.

ને એટલી વારમાં એને ત્યાં તરેહ તરેહના ઘરાકો આવી ચડે. નિશાળીઆઓ, કાલેજીઅનો, પંડિતો, શાસ્ત્રીઓ, કવિઓ, લેખકો, કાલેજના પ્રોફેસરો અને નિશાળના મહેતાજીઓ જાતજાતનાં પુસ્તકો લેવા અબ્દુલહુસેનની દુકાને આવે. અબ્દુલહુસેન એમાંથી ઘણાખરાંના નામ, બાપનાં નામ અને અટક સુદ્ધાં જાણે. દરેક ઘરાકને જે ચોપડી જોઇએ તે એની દુકાનમાંથી મળી રહે.

બપોર પછીના વખતમાં કોઇ ચાલાક વિદ્યાર્થી નિશાળમાંથી કોઇની ચોરી આણેલી કે પોતે ભણી ચુકયો હોય એવી ચોપડી વેચવા પણ આવી ચડે. અબ્દુલહુસેન એની સાથે સોદો કરે ને રૂપીઆની ચોપડી ચાર આનામાં ખરીદ કરી લે.

એની દુકાનમાં એના "એસિસ્ટંટ" તરીકે તેના બે દીકરા કામ કરે—ફીદાભાઇ અને નાનાભાઇ. બન્ને જવાન, ખડતલ, મીઠાબોલા અને મહેનતુ. વહેલી સવારથી બપોર સુધી બન્ને જણા ખડે પગે કામ કરે.

ઓટલાને અઢેલીને બેઠેલા અબ્દુલહુસેનના મ્હોંમાંથી એક પછી એક હુકમ છૂટતો જાય

"ફીદાભાઇ, આને એક નેસફિલ્ડનું ગરામર આપજે," "નાનાભાઇ, એક ગુજરાટીનું મહાભારત લાવજે," "એક માર્ગો પડેસીસ," "એક લેમ ટેલ (લેમ્બ્ઝ ટેઇલ્સ)" "એક ગોખલે એરીથમેતીક," "કમલાશંકરનું વ્યાકરણ," "સરસ્વતીચંદરના ચાર ભાગ" "વિકાર ઓફ વેકફીલ્ડ" વગેરે અનેક પુસ્તકોનાં નામ એ બોલતો જાય અને ફીદાભાઇ ને નાનાભાઇ એવડી મોટી દુકાનમાં ઉપરા સાપરી ગોઠવેલી ચોપડીઓના જુદા જુદા ઢગલાઓમાંથી માગેલી ચોપડી પલવારમાં હાજર કરે.

અબ્દુલહુસેનના અનેક ઘરાકોમાં રોકડા પૈસા આપીને ખરીદી કરનારા થોડા. મોટા ભાગના ઘરાકો ઉધાર ખરીદી કરે. એકાદ બે ચોપડી ખરીદનારો કોઇ ક્યારેક જ ચડી આવતો ઘરાક પૈસા રોકડા આપી દે, પણ નિશાળ કે કોલેજમાં જોઇતા સઘળા પાઠ્ય પુસ્તકોની ટીપ લઇને આવેલો વિદ્યાર્થી કે આઠ દસ ચોપડીઓ લેવા આવેલ મહેતાજી અથવા મોટી કીંમતનું એક જ પુસ્તક લેવા આવેલ બેસ પાઘડી પહેરનારો શહેરનો કોઇ ગૃહસ્થ ઘરાક રોકડા પૈસા ન આપે. એવા બધાની ખરીદી અબ્દુલ હુસેન પોતાના મેજ ઉપર રાખેલા પેલા મોટા ચોપડામાં ટપકાવી લે. અને એ નોંધ પુરી થાય ત્યાં નીચે ઘરાકની સહી લે. બીલ કે કેશ મેમો બનાવવાની રસમ એના જમાનામાં હતી નહીં. મુદતે મુદતે એ ઘરાકોને આંકડો મોકલી આપે તેમાં ફક્ત લેણી રકમ જ બતાવેલી હોય—બીજી વિગતો ન હોય. વિગતો જોવી હોય તે દુકાને જઇને જોઇ આવે.

એક સવારે અબ્દુલહુસેનની દુકાનના એ ઓટલા ઉપર અને ઓટલાની નીચેના રસ્તા ઉપર આઠ દસેક ઘરાકો ઉભા હતા. રોજના નિયમ પ્રમાણે અબ્દુલ હુસેન ઓટલે બેઠો બેઠો એક પાછી એક હુકમ છોડયે જતો હતો ને ઘરાકો સાથે માથાફોડ કરતો જતો હતો.

"ફીદાભાઇ, આને એક નવલ ગરબાવલી" "એ કોને બારે લખવી છે?" "રોકડા પઇસા લાઇવોછ? નઇ ટો પાછો જા." "આને એક ચડના મીનીંગ" "એક હસમરકંડ" "એક આય વલેની એલજીબ્રા" "એક ચોકીની નોત," "એક વિકાર વેકફીલ્ડ—નોતવાલી જોઇએ કે એકલી તેકસ? આ લઇ જા, આ રીબેરોની નોતવાલી." "નાનાભાઇ, એક ડવેની ગાઇદ" એમ એક પછી એક વાક્યો વ્હોરાજીના મુખમાંથી સરતા જાય.

કોઇ વિદ્યાર્થી ખીસાખરચી મેળવવા માટે એકાદ જૂની ચોપડી વેચવા આવેલો હોય તેની સાથે વ્હોરાજી મસલ્હત કરતા હોયઃ "તન આના આપીસ, સંટોકરા! (વિદ્યાર્થીનું ખરૂ નામ સંતોકરામ) ટારે પેસાય ટો આપીજા." સંતોકરામ આઠ આના માગે એટલે વળી વ્હોરાજી આગળ વધેઃ "હું જાનુછ કુંએ આ ચોપરી કાંસી ટકરાલીસ ટે. પોલીસને સોંપીસ કુને." સંતોકરામ જરા તરા કરી જાય, પૈસાની જરૂર હોય એટલે દોઢ રૂપીઆની ચોપડી પાંચ આનામાં આપી દે. પછી એના ઉપર અબ્દુલહુસેન પોતાની કલા અજમાવે. ચોપડીમાં જે જે ઠેકાણે માલિકનું નામ હોય તે રબ્બર વડે ભુંસી નાખે, ફાટેલાં પાનાં કાગળની ચબરખીઓ ચોટાડી સરખાં કરે ને પછી એક રૂપીએ વેચે.

"નાનાભાઇ, આને એક કલાપી આપજે."

"નઇ ચાલે, સવા રૂપીઆમાં પાઇ ઓછી નઇ."

"લોંગમેન્સવાળાની હજુ આવી નઠી. આ એનો કાગલ જો—પરમડારે પારસલ આવસે, જા," "મારવીનની નોત કોની જોઇએ?" વગેરે વાક્યપરંપરા અબ્દુલહુસેનના મુખમાંથી વહી રહી હતી. એવામાં ભાનુશંકર માસ્તર દુકાને આવી ચઢ્યા.

"કાં, અબ્દુલહુસેન, તમારો આંકડો કેટલો થાય છે?" ઓટલા પર ચડી, વ્હોરાજીના

મેજની સામેની બાજુ પર ઉભા રહીને ભાનુશંકરે પૂછ્યું.

"આવો", ચસ્મા નાક પર જરા નીચા ઉતારી, ઉપરથી ડોળા ફેરવતાં અબ્દુલહુસેને ભાનુશંકર માસ્તર સામે નજર કરી. માસ્તર એના વરસોના જૂના ઘરાક અને વ્હોરાજી એને એ હોપ સીરીઝની પહેલી ચોપડી લેવા આવતા ત્યારના ઓળખે. દર વરસે દીવાળી ટાંકણે એ હીસાબ ચોકખો કરીને આંકડો ચુકવી દેવા આવે.

"પૈસા આપવા છે કે ખાલી આંકરો જોઇ ચાલટાં થવું છે?" વ્હોરાજીએ પૂછ્યું.

"ના, ના. હીસાબ ચુકતે કરી નાંખવો છે."

"એસ ટારે સામ્બો."

એમ કહીને વોરાજીએ બીજાં કામ પડતાં મુકી ખાતાવહી ખોલી, ભાનુશંકર માસ્તરનું ખાતું કાઢ્યું.

"માગસર વદ બીજ ને ગરેઉ–લખ. મારગોપડેસિકા એક, સારા છ આના..."

"છ આના" ભાનુશંકરે કહ્યું.

"અરે, હમનાં ટો લખ, પછી સરવાલા ઉપર હું ટુને થોરૂં ઘનું કાપી ડઇસ."

"હં ચાલો."

"માગસર વદ આઠમ ને બુઢ...યાગ્નવલક્ય સમૃટિ, તન રૂપીઆ બાર આના, જુલીઅમ સીઝર નોતવાલું, સવા રૂપીઓ, કુતપતી એક, એક આનો, લઇખું?"

"બરાબર. ચાલો આગળ."

"ફાગન સુડ બારસ ને મંગલ. ગોખલે એરીઠમેતીક એક રૂપીઓ છ આના, પઢીઆરનું સરગનું વિમાન, દોર રૂપીઓ, સસ્ટા સાહિતનું શાટી પરવ દોર રૂપીઓ, દશ્કે ચબૂક સવા રૂપીઓ..."

"ઉભા રહો, શું? છેલ્લું શું, અબ્દુલહુસેન?"

"દશ્કે ચબુક, સવા રૂપીઓ."

"એ શું?"

"સું, સુ, વલી? દશ્કે ચબુક."

"હું એવી કોઇ ચોપડી લઇ ગયો નથી."

અબ્દુલહુસેને મોટો રોજ મેળ કાઢ્યો, એમાંથી ફાગણ શુદ બારશ ને મંગલવારનું પાનું ખોલ્યું અને કહ્યું,

"અરે, જોં, ટુંએ આમાં સઇ કીઢેલી છે. નઇ સું લઇ ગીઓ?"

"પણ વ્હોરાજી, દશ્કે ચબુકને હું શું કરૂં?"

"ટે હું સું જાનું કે સું કરે ટે? હું ટો ટું ચોપરી લઇ ગીઓ એટલું જાનું. ને વલી ટારી સઇ બી છે."

ભાનુશંકર માસ્તર વિચારમાં પડયા. "દશ્કે ચબુક" તેમને કોઇ ફારસી કે ઉર્દૂ ચોપડીનું નામ લાગ્યું. માસ્તરની સાત પેઢીમાં કોઇ ફારસી કે ઉર્દૂ ભણેલું નહોતું.

છતાં નીચે પોતે સહી કરેલી એ વાત પણ સાચી હતી.

"અબ્દુલ હુસેન, આ ચોપડી મેં લીધેલી નથી." આખરે ભાનુશંકરે કહ્યું.

"ટારે મારો ચોપરો ખોટો એમ? ડું એ નઇ લીઢેલી ટો ચોપરામાં આવી કંસી? ને ટુંએ સઇ કંસી કીઢી?"

"સહી બરાબર છે, પણ આ ચોપડી કોઇ બીજાના ખાતાની ઉતાવળથી તમે મારે નામે મૂકી દીધી હશે ને મેં જોયા વગર જ સહી કરી દીધી હશે."

"એવાં બાનાં નઇ ચાલે, ભાનુસંકર! ટારે જોઇએ ટો આનો ઓછો આપજે, ચાલ. પન ચોપરી ટુંએ લીધેલી છે. કેમ, કીકાભાઇ ટુંને યાડ છે કે? આ ભાનુને એક "દશ્કે ચબુક" આપેલી ટે?"

"હા, રે હા," કીકાભાઇએ સાક્ષી પૂરી, "અંઇ હટી નઇ ટે હું વલી વખારેસી લઇ આવેલો."

"બરાબર, ચાલ લખ આગળ નવલ ગ્રંથાવલી પહેલો ભાગ..."

"પણ આ ઇસ્કે ચમુકનું શું?"

"ટારે માફાફેર કરવી હોય ટો બપોર પછી આવજે. અટ્યારે ઘરાગીના વખતે મને ફુરસત નહી."

"પણ અબ્દુલહુસેન, મારી વાત તો સાંભળો. મારાં ઘરમાં કોઇને ઉર્દૂ કે ફારસી નામેય વાંચતાં આવડતું નથી તો પછી એ ચોપડી હું કોને માટે લઇ ગયો હોઉં?"

"અરે, અક્કલના ઓટમીર! ઉર્દુ ફારસીની કાં મોકાણ માંડે છે?"

"પણ એવી ચોપડી મારે શા કામની?"

"ટને કીઢું કોને કે એ ફારસી કે ઉર્દુ છે?"

"ત્યારે?"

"અરે ભલા આડમી એ ટો અંગરેજી ચોપરી છે."

'અંગ્રેજી? 'ઇસ્કે ચમુક' અંગ્રેજી ચોપડી!"

"હો, હા, સાડી સાત વાર અંગરેજી."

"તમારી પાસે બીજી છે?"

"સટાવન પરી હસે."

"મને એક બતાવશો?"

"હા, નાનાભાઇ, એક ઇસ્કે ચમુક લાવજે તો."

નાના ભાઇએ એક અંગ્રેજી ચોપડી લાવીને હાજર કરી. ભાનુશંકર માસ્તરે એ જોઇ. વોશિંગ્ટન અર્વિંગની લખેલી "સ્કેચ બુક" (Sketch Book) હતી.

"આ તો સ્કેચ બુક છે" ભાનુશંકરે કહ્યું.

"ટો હું બીજું કહુછ! ઇસ્કે ચમુક ટો હું એ ફલાકથી બોલુંછ."

અલબત્ત, ભાનુશંકર માસ્તરે પોતાની યાદીમાં લખી લીધુ "ઇસ્કે ચમુક સવા રૂપીઓ."

એ ભલા ભોળા, નિખાલસ અને હેતાળ બુઢ્ઢા બુકસેલર અબ્દુલહુસેનને ગુજરી ગયે પચીસેક વરસ થયા હશે. એના બન્ને જુવાન દીકરા બાપની હયાતિમાંજ ગુજરી ગયા પછી એને ધંધામા રસ રહેલો નહી ને ચાલતો વેપાર એણે 'ગુડવીલ'થી વેચી નાખ્યો. આજે એ દુકાન ઉપર માલિકી બીજાની છે, છતાં પાટીયું 'અબ્દુલહુસેન આદમજી'નાં નામનું છે. અને એ ભાનુશંકર માસ્તર આયુષના સાતમાં દસકામાં હજુ યે હયાત છે.

—તમારા ઘરનો નંબર લખો. એના બમણાં કરો. એમાં ૫ ઉમેરો. પછી એ સંખ્યાને ૫૦ થી ગુણો. એમાં તમારી ઉમરનો આંકડો ઉમેરો. તે પછી એ સંખ્યામાં ૩૬૫ ઉમેરો. પછી એ સરવાળામાંથી ૬૧૫ બાદ કરો. જે જવાબ આવશે તેમાં પહેલો તમારા ઘરનો નંબર હશે ને પછી તમારી ઉમરનો આંકડો હશે.

—વધારેમાં વધારે વાણિસ્વાતંત્ર્ય આપવામાં વધારેમાં વધારે સલામતી રહેલી છે. બેવકૂફ માણસને વધુમાં વધુ ભાષણ કરવા માટે ઉત્તેજન મળવું જોઇએ, જેથી પોતાની બેવકૂફી એ પોતે જ બોલીને જાહેર કરી શકે. —વુડ્રો વિલ્સન

—ગમે તેટલા સંકટો વચ્ચે પણ જીવન જીવી ન શકાય તેટલું ખરાબ બનતું નથી અને ગમે તેવા સુખો વચ્ચે પણ જીવન સહેલાઇથી જીવી શકાય તેવુ સારૂં બનતું નથી. —ગ્રેબિયલ હીરટ્ટર

પરદેશવાસી ગુજરાતીઓ

તેમના વસવાટના દેશો વિશેની રસપ્રદ માહિતી

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં સમુદ્રગમનનો નિષેધ છે એવી એક માન્યતા ચાલી આવે છે છતાં એ નિષેધ હોય તો પણ જમાનાઓ થયાં હિન્દુઓ એનો ઇનકાર કરતા આવ્યા છે એ હકીકત છે. વેદો અને પુરાણોમાં સમુદ્રના પ્રવાસોની વાતો છે. અને ઇતિહાસ લેખનની જ્યારથી શરૂઆત થઇ ત્યારથી ભારતના હિંદુઓ દરિયા ખેડતા આવ્યા છે એવું ઇતિહાસોમાંથી જાણવા મળે છે.

આપણા ગુજરાતીઓ અને તેમાં યે વિશેષે કરીને સૌરાષ્ટ્રવાસીઓ તો સૈકાઓ થયાં વહાણવટું કરતા આવેલા છે અને પરદેશોમાં વસવાટ પણ કરતા આવ્યા છે. દુનિયાનો કોઇ દેશ આજે એવો નથી કે જ્યાં ગુજરાતીઓનો વસવાટ ન હોય. નવજીવનના પ્રથમ અંક (નવેંબર ૧૯૫૪)માં પરદેશોમાં વસતા હિંદીઓને વિશે થોડી વિગતો આપવામાં આવી હતી. ભારતની બહારના બીજા પરદેશોને મુકાબલે હિંદીઓની મોટામાં મોટી વસતિ પૂર્વ આફ્રિકામાં જામી પડેલી છે. એમાં એકલા ગુજરાતી-સૌરાષ્ટ્રીઓની જ વસતી સર્વે હિંદીઓમાં મોટી છે. પૂર્વ આફ્રિકાના વિવિધ પ્રદેશોના વિકાસ અને ખીલવણીમાં હિન્દીઓનો જબરદસ્ત ફાળો છે અને તેમાં ગુજરાતીઓનો હીસ્સો નાનો સુનો નથી.

પૂર્વ આફ્રિકામાં આપણા એ દેશબંધુઓની સામાજીક, આર્થિક અને રાજ્યદ્વારી હાલત કેવી છે, તેમની રહેણી કરણી કેવા પ્રકારની છે અને ત્યાં તેમનું ભાવિ કેવું છે તે વિશે સ્વદેશવાસી ગુજરાતીઓને બહુ જ ઉપરછલ્લું જ્ઞાન છે. આપણા રા લાખ જેટલા દેશબંધુઓ જે પ્રદેશમાં વસે છે તે વિશે આપણને ઘણી વિશેષ માહિતી હોવી જોઇએ. એ માહિતી "નવજીવન"ના વાંચનારાઓને આપવાના આશયથી આ લેખમાળાનો બીજો હફતો અંહી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

"બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા"ના નામે ઓળખાતા પૂર્વ આફ્રિકામાં ચાર પ્રદેશોનો સમાવેશ થાય છે. તેમાં કિનિયા, ઉગાંડા અને ટાંગાનીકા એ ત્રણ પ્રદેશોનો એકંદર વિસ્તાર અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસના વિસ્તાર કરતાં અરધો છે. "ઝાંઝીબાર પ્રોટેકટરેટ"ના નામે ઓળખાતા ચોથા પ્રદેશમાં ઝાંઝીબાર (જંગબાર) અને પેમ્બા નામના બે ટાપુઓનો સમાવેશ થાય છે.

આ ચાર પ્રદેશોમાં ટાંગાનીકા સર્વથી મોટો છે અને કુલ વિસ્તારના અરધા ભાગ કરતા થોડો વધારે છે. એનું ક્ષેત્રફળ ૩,૬૩,૦૦૦ ચોરસ માઇલનું છે. એનાથી નાના પ્રદેશ કિનિયાનું ક્ષેત્રફળ ૨,૨૫,૦૦૦ ચોરસ માઇલનું અને ઉગાંડાનું ક્ષેત્રફળ ૯૪,૦૦૦ ચોરસ માઇલનું છે. ઝાંઝીબારનો ટાપુ ફક્ત ૬૪૦ ચોરસ માઇલના વિસ્તારનો છે ને તેની ઉત્તરે ૨૫ માઇલના અંતર પર આવેલા પેમ્બાના ટાપુનો વિસ્તાર ૩૮૦ ચોરસ માઇલનો છે.

સને ૧૯૧૪-૧૮ના વિશ્વયુદ્ધ અગાઉ ટાંગાનીકા જરમન હકુમતનું સંસ્થાન હતું. યુદ્ધ દરમીઆન એનો કબજો બ્રિટિશ, હિંદી અને દક્ષિણ આફ્રિકાના લશ્કરોના હાથમાં આવ્યો અને સને ૧૯૧૯ માં રાષ્ટ્રસંઘે એનો વહીવટ ગ્રેટ બ્રિટનને સોંપ્યો. આજે ટાંગાનીકાનો વહીવટ ગ્રેટ બ્રિટન પોતાના સંરક્ષણમાં સોંપાયલી "ટ્રસ્ટની મિલ્કત" તરીકે કરે છે.

પૂર્વ આફ્રિકાના મોટામાં મોટા શહેરનું નામ નાઇરોબી. કિનિયાનું એ પાટનગર છે. એની કુલ વસતિ ૧,૩૪,૦૦૬ માણસોની છે તેમાં ૧૦,૦૦૦ યુરોપીઅનો, ૪૪,૦૦૦ એસિયાવાસીઓ અને ૮૦,૦૦૦ આફ્રિકનો છે.

એનાથી બીજે નંબરે પૂર્વ આફ્રિકાનું બંદર મોમ્બાસા આવે છે. કિનિયાનું એ મુખ્ય

અંદર છે અને ઘણું પ્રાચીન શહેર છે. એની વસતી અત્યારે ૧,૦૨૦૦૦ માણસોની છે.

ટાંગાનીકાના પાટનગર દારેસલામની સ્થાપના જરમન લોકોએ ઓગણીસમી સદીના અંતભાગમાં કરી. તેની વસતિ ૬૦૦૦૦ માણસોની છે.

ઉગાંડાની સરકારની રાજધાનીનું નામ છે એંટેબી. વિક્ટોરીઆ સરોવરના કાંઠા ઉપર વસેલું આ શહેર પૃથ્વીની મધ્ય રેખા ઉપર આવેલું છે. તેમાં ૮૦૦૦ની વસતિ છે. ઉગાંડામાં મોટામાં મોટું અને વેપારવણજમાં મહત્વ ધરાવતું શહેર કંપાલા છે જે એંટેબીથી ૨૧ માઇલ દૂર આવેલું છે. તેની વસતિ ૬૦૦૦૦ની છે. ઝાંઝીબાર પ્રોટેક્ટરેટનું પાટનગર ઝાંઝીબાર ટાપુ ઉપર આવેલું ઝાંઝીબાર શહેર છે. એની ૪૫૦૦૦ની વસતિમાં અરધી વસતિ આફ્રિકનોની અને બાકીની આરબ અને હિંદી પ્રજાની છે. થોડા બ્રિટિશ સરકારી અમલદારો પણ ત્યાં સહકુટુંબ વસે છે.

મીઠા પાણીના મોટાં સરોવરો

પૂર્વ આફ્રિકામાં દુનિયાભરના કેટલાંક મોટામાં મોટા મીઠા પાણીનાં સરોવરો આવેલાં છે. એમાં સહુથી મોટાં વિક્ટોરીઆ સરોવરનો વિસ્તાર ૨૬૨૦૦ ચોરસ માઇલનો છે. ટાંકાનીકાની દક્ષિણે ન્યાસા નામનું એક બીજું સરોવર છે જેનો વિસ્તાર ૧૪૨૦૦ ચોરસ માઇલનો છે અને વાયવ્ય દિશાએ ટાંગાનિકા અને બેલ્જીઅમ કોંગોની વચ્ચે ટાંગાનીકા નામનું એક બીજું સરોવર છે જેનો વિસ્તાર ૧૨૭૦૦ માઇલનો છે. આ સરોવર લંબાઇમાં દુનિયામાં મોટામાં મોટું છે (૪૨૦ માઇલ) આ ઉપરાંત કિનીઆમાં રૂડોલ્ફ સરોવર આવેલું છે જેનો ઉત્તર તરફનો છેડો છેક ઇથીઓપીઆ સુધી લંબાયલો છે.


આ સિવાય બીજાં પણ અનેક સરોવરો પૂર્વ આફ્રિકામાં આવેલાં છે જેથી આ દેશને મીઠાં પાણીની કોઇ વાર તંગી ભોગવવી પડે તેમ નથી. પૂર્વ આફ્રિકામાં કોઇ મોટી નદીઓ નથી. વિક્ટોરીઆ સરોવર ઉપર આવેલા જીંજા નામના શહેર પાસેથી નાઇલ નદી એ સરોવરમાંથી નીકળે છે અને ઉત્તર તરફ કીઓગા સરોવર અને સુદાનના આલ્બર્ટ સરોવરને રસ્તે થઇને મિસરમાં ભૂમધ્ય સમુદ્રમાં સમાઇ જાય છે.

ઉંચામાં ઉંચા પર્વતો

આખા આફ્રિકા ખંડમાં જે ઉંચામાં ઉંચા ત્રણ પર્વતો છે તે બ્રિટિશ પૂર્વ આફ્રિકામાં આવેલા છે. ટાંકાનીકામાં આવેલો. કીલીમાંજારો પર્વત ૧૯૫૬૫ ફુટ ઉંચો છે, કિનિયામાં આવેલો કિનિયા પર્વત ૧૭૦૮૬ ફીટ ઉંચો છે અને ઉગાંડાની પશ્ચિમ સરહદ પર રૂવેંઝોરી વિસ્તારમાં આવેલા સ્ટેનલી પર્વત (જે ચંદ્રમાના પર્વતને નામે ઓળખાય છે)ની ઉંચાઇ ૧૬૭૯૪ ફુટની છે. આ ત્રણે પર્વતોના શિખરો સદાકાળ બરફથી ઢંકાયલા રહે છે.

બ્રિટિશ સામ્રાજ્યના અનેક સંસ્થાનો છે, પરંતુ ગોરી પ્રજાના વસાહતીઓની સહુથી મોટી સંખ્યા પૂર્વ આફ્રિકામાં વસે છે અને તેમાંનો મોટો ભાગ કિનિયા અને ટાંકાનીકામાં સ્થિર થયેલો છે. પહેલા વિશ્વયુદ્ધ પછી ખેતી કરવાના આશયથી કિનિયામાં વસવાટ કરવા ઇચ્છતા અંગ્રેજોને બ્રિટિશ સરકારે પુષ્કળ સહાય અને સગવડો આપવા માંડી. ઉગાંડામાં યુરોપીઅનોની માલિકીની જમીનજાગીરો બહુ થોડી છે અને આફ્રિકાના લોકોને પરદેશીઓને જમીન વેચવાની કાયદેસર મના ફરમાવવામાં આવી છે. ઝાંઝીબારમાં યુરોપીઅનોની વસતિ બહુ જુજ છે.

પૂર્વ આફ્રિકાની કુલ વસતિ આશરે ૧ કરોડ ૭૦ લાખની છે જેમાં સ્વાભાવિક રીતે જ આફ્રિકનોની વસતિ મોટામાં મોટી છે. પણ આ સંખ્યામાં ૫૩૦૦૦ યુરોપીઅનો, (જેમાંના ૩૭૦૦૦ એકલા કિનિયામાં જ છે) અને ૨,૮૦,૦૦૦ એસિયાવાસીઓ (હિંદી, આરબ અને ગોવાનીઝ) નો પણ સમાવેશ થાય છે,



જીંજાના બંદરે વિક્ટોરીઆ સરોવર પર સૂર્યાસ્તનું દૃશ્ય. અહીં એક "બોટ ક્લબ" આવેલી છે જેમાં યુરોપીઅનો, હિંદીઓ અને આફ્રિકનો હરકોઈ વગર રંગભેદે સભાસદ થઈ શકે છે. આ સરોવરની દુનિયાનાં મોટામાં મોટાં સરોવરોમાં ગણતરી થાય છે. કિનિયા, ઉગાંડા અને ટાંગાનિકા એ ત્રણે પ્રદેશો આ સરોવર વડે જોડાયલા છે. એના પાણી ઉપર મોટી મોટી આગબોટો માલ અને મુસાફરની લાવલઈજા કરે છે. હીપોપોટેમસ અને મગર જેવાં જલચરોની એમાં મોટી વસતિ છે. ત્રણે પ્રદેશના રહેવાસીઓ પીવા માટે તેમજ ન્હાવા ધોવા વગેરે માટે આ સરોવરનાં પાણીનો ઉપયોગ કરે છે.

આમાંથી ૭૦ લાખની વસતિ એકલા ટાંગાનિકામાં છે. કિનિયામાં આફ્રિકન લોકોની વસતિ ૫૦ લાખ કરતાં થોડી વધારે અને ઉગાંડામાં ૫૦ લાખ કરતાં થોડી ઓછી છે. ઝાંઝીબારની વસતિ ૨,૬૦,૦૦૦ માણસોની છે.

આફ્રિકન લોકોમાં જુદી જુદી ૨૨૦ જેટલી કોમો છે. એ દરેક કોમની ભાષા અથવા બોલી જુદી જુદી હોય છે. પરંતુ સ્વાહિલી (જેનું ખરું નામ કિસ્વાહિલી એટલે સમુદ્રકાંઠાની ભાષા છે) નામની ભાષા કિનિયા અને ટાંગાનિકામાં વસતી ઘણી ખરી કોમો સમજે છે.

હિંદીઓ પૂર્વ આફ્રિકાને કિનારે ઘણાં વરસોથી વેપાર કરતા આવ્યા છે પરંતુ આજના હિંદીઓમાં મોટો ભાગ ગઈ સદીના છેલ્લા દસકામાં બાંધવામાં આવેલી કિનિયા–ઉગાંડા રેલ્વેમાં મજૂરી કરવા માટે ગયેલા હિંદી મજૂરોના વંશજોનો છે. તેઓ દુકાનદારી, વેપાર અથવા લુહારી, સુતારી વગેરે

કારીગરીનું કામ કરનારા છે અને ઘણે ભાગે શહેરોમાં વસે છે

પૂર્વ આફ્રિકાનો સહુથી સમૃદ્ધ દેશ ઉગાંડા છે. આખા બ્રિટિશ રાષ્ટ્રસમુહમા ઉગાંડામાં કૉફીની પેદાશ વધુમાં વધુ પ્રમાણમાં થાય છે. પૂર્વ આફ્રિકામાં એકંદરે વરસ દહાડે ૫૦૦૦૦ ટન જેટલી કૉફી ઉત્પન્ન થાય છે અને દુનિયાભરમાં કૉફી ઉત્પન્ન કરનારા દેશોમાં તેનો નંબર ૬ ઠો આવે છે.

રૂની પેદાશ પણ ઉગાંડામા મોટા પ્રમાણમાં થાય છે. બ્રિટિશ રાષ્ટ્ર સમુહમાં રૂની પેદાશમા પહેલો નંબર ભારતનો અને બીજો ઉગાંડાનો આવે છે.

ઉગાંડા

ભૂમધ્ય રેખા ઉપર આવેલા પૂર્વ આફ્રિકાના પ્રદેશમાં દરિયા કાંઠાથી આશરે ૫૦૦ માઇલના અંતર ઉપર આવેલો દેશ ઉગાંડા એક અજબ અને અનેક પરસ્પર–વિરોધી તત્ત્વોથી ભરપૂર ભરેલો પ્રદેશ છે.

એ દેશની અજાયબીઓ જોતા પાર આવે એવું નથી પરદેશી મુસાફરો હજુ સુધી એના ચારે ખુણાઓ પર ફરી વળ્યા નથી. ઉગાંડાના જેવા ફલદ્રુપ દેશો દુનિયામાં બીજે જૂજ જોવા મળે છે. એની પશ્ચિમ દિશાએ સદા ધુમસથી ઘેરાયલો અને બરફથી છવાયલો સ્ટેનલી પર્વત (ચંદ્રમાનો પર્વત) આવેલો છે. પૂર્વે વાદળોને ભેદી રહેલો એલ્ગન નામનો પર્વત છે. એની દક્ષિણે વિક્ટોરીઆ નામનુ મીઠા પાણીનું વિશાલ સરોવર છે (વિસ્તાર ૨૬૨૦૦ ચોરસ માઇલ) અને આ ત્રણેની વચ્ચેના નીલમ જેવી નીલવર્ણી પૃથ્વીના વિસ્તાર પર અનેક નદીઓ અને સરોવરો, હાથી અને જંગલી ભેંસ, હરણા અને સાબર, ઝિબ્રા, ગેંડા, સિંહ અને ચિત્તાઓના વસવાટથી ભરેલા ગાઢાં જંગલો પથરાયલાં છે.

ઉત્તરે સુદાન, પશ્ચિમે બેલ્જીયન કોંગો, પૂર્વે કિનિયા અને દક્ષિણે રૂવાંડા અરૂંડી અને ટાંગાનિકાની વચ્ચે આવેલા ઉગાંડાનો વિસ્તાર ૯૪૦૦૦ ચોરસ માઇલનો છે. ઉત્તરથી દક્ષિણ સુધીની વધુમાં વધુ લંબાઇ ૪૦૦ માઇલની અને પૂર્વ–પશ્ચિમ વચ્ચેનું વધુમાં વધુ અંતર ૩૫૦ માઇલનું છે. દેશના કુલ વિસ્તારનો સાતમો ભાગ પાણીથી ભરેલો છે.

પૃથ્વીની મધ્ય રેખા ઉપર આવેલો ઉગાંડા દેશ સમુદ્રની સપાટીથી ઘણે ઉંચે હોવાથી તેની હવા સમશીતોષ્ણ, ઘણી જ સુંદર અને તંદુરસ્તી આપનારી છે. બેરોમિટરનો પારો કદિ ૮૫ ડીગ્રીથી ઉપર જતો નથી ને ૬૦ ડીગ્રીથી નીચે જતો નથી. વરસાદ લગભગ બારે માસ પડતો હોવાથી દેશ લીલોછમ અને ફળ, ફુલ, વનસ્પતિ, ધાન્ય, રૂ, કૉફી, સાઇસલ વગેરે ધરતીની પેદાશોથી ભરચક ભરેલો રહે છે.

ઉગાંડાની વસતિ આશરે ૫૨ા લાખ માણસોની–તેમાં મોટો ભાગ ત્યાંના મૂળવતની આફ્રિકનોનો. ૫૦,૦૦૦ એસિયાવાસી અને ૭૦૦૦ યુરોપીઅનોનો તેમાં સમાવેશ થઇ જાય છે. તેનું પાટનગર એંટેબી અને એની વસતિ ૮૦૦૦ની. વેપારવણજનું કેન્દ્ર કંપાલા અને તેની વસતિ ૪૦૦૦૦. બીજું ઝડપથી પ્રગતિ કરતુ જતું મોટું શહેર જીંજા.

ઉગાંડાની સાથે પરદેશીઓનો પરિચય શરૂ થયાને બહુ વરસ નથી થયાં. નાઇલ નદીનું મૂળ શોધવા નીકળેલા સ્પીક અને ગ્રાંટ નામના બે અંગ્રેજ સાહસિકો સને ૧૮૬૨માં આજના કંપાલાની નજીક આવેલા બુગાંડાના કબાકા (બાદશાહ)ની માલિકીના મુટેસા શહેરમાં પહોંચેલા. ઉગાંડામાં પરદેશીઓનો એ પહેલો પગપેસારો. એને હજુ ૧૦૦ વરસ પણ પૂરાં થયા નથી.

ઉગાંડાના ચાર પ્રાંતોમાં સહુથી મોટાનું નામ બુગાંડા એના વતનીઓ બગાંડાને નામે

ઓળખાય છે અને એની ભાષાનું નામ છે લુગાંડા. બુગાંડા ઉપરાંત બીજા ત્રણ પ્રાંતોમાં પૂર્વ તરફના પ્રાંતમાં બુસોગા અને મબાલે આવી જાય છે. પશ્ચિમ તરફના પ્રાંતમાં બુન્યોરો, ટોરો, અંકોલે અને કીગેઝીનો સમાવેશ થાય છે અને ઉત્તર પ્રાંતમાં અચોલી, લાંગો, કારામોજા અને પશ્ચિમ નાઇલ પ્રદેશ આવી જાય છે.

ઉગાંડાના આર્થિક વિકાસની શરૂઆત કેનિયા-ઉગાંડા રેલ્વે બંધાઇ ત્યારથી થવા લાગી. ત્યાંના વતનીઓને એ પછી ખ્યાલ આવ્યો કે રૂની ખેતીનો વિકાસ કરવામાં દેશની ભાવિ આબાદી સમાયલી છે. આજે ઉગાંડાની સમૃદ્ધિ મોટે ભાગે ત્યાંના આફ્રિકન ખેડુતોને હાથે ઉત્પન્ન થતા રૂની પેદાશને આભારી છે. રૂ ઉપરાંત કૉફીએ પણ ઉગાંડાની સમૃદ્ધિમાં ભારે ફાળો આપેલો છે.

ઉગાંડાની આફ્રિકન પ્રજાના નિર્વાહનો મુખ્ય આધાર ખેતી ઉપર છે અને ત્યાંની જમીન એટલી ફલદ્રુપ છે કે ઘણા લાંબા સમય સુધી ખેતી વડે ત્યાંની પ્રજાનો ગુજારો ચાલયા જ કરશે. છતાં હવે ઉગાંડામાં ઉદ્યોગોની ખિલવણી પણ મોટા પ્રમાણમાં થવા લાગી છે. વિજળીક શક્તિ અને વ્યવહારના સુલભ સાધનો એ મુખ્ય ઉદ્યોગો છે. નાઇલ નદીના મૂળ પાસે આવેલા જીંજા શહેરમાં બે કરોડ અને વીસ લાખ પાઉંડને ખર્ચે એક હાઇડ્રો-ઇલેક્ટ્રીક સ્કીમનું કામ હાલ ચાલી રહેલું છે. અને રેલ્વેનો વિસ્તાર કંપાલાની પશ્ચિમ તરફ રૂવેંઝોરો સુધી લંબાવવાની યોજના ગતિમાં છે. એંટેબી ખાતે દુનિયાભરના દેશોમાંથી આવતાં વિમાનો ઉતરી શકે તેવડું મોટું વિમાન મથક બાંધવામાં આવેલું છે અને આખા ઉગાંડામાં મળીને ૧૧૦૦૦ માઇલના વિસ્તારની પાકી સડક છે જેના ઉપર મોટર-ગાડીઓ ખૂબ ઝડપથી અને વગર તકલીફે પ્રવાસ કરી શકે છે.

ઉગાંડામાં સહુથી મોટું અને વેપારવણજના કેન્દ્ર સમું શહેર કંપાલા ઉંચી નીચી પહાડીઓની હારમાળા ઉપર બાંધવામાં આવેલું જગતના સુંદર શહેરોમાંનું એક છે. કંપાલામાં અનેક મોટી મોટી ઇમારતો છે. મોટાં કારખાનાંઓ અને ઑફીસો, નિશાળો, કૉલેજ, દવાખાનાં, હોટેલો અને વસવાટનાં મકાનો પાછળ આશરે દોઢ કરોડ રૂપીઆ ખરચાયા છે અને તે પણ છેલ્લા દસકા-દોઢ દસકામાં જ. છેલ્લા વિશ્વયુદ્ધ પહેલાં કંપાલાની વસ્તિ ફક્ત ૮૦૦૦ ની હતી તે આજે વધીને પંદર વરસમાં ૪૦૦૦૦ જેટલી થઇ છે. એમાં ૧૭૦૦૦ આફ્રિકન, ૧૭૦૦૦ એસિયાવાસી અને ૪૨૫૦ યુરોપીઅનોનો સમાવેશ થાય છે.

કંપાલા ઉગાંડાના હૃદય સમું છે. ઉગાંડાના ૧૧૦૦૦ માઇલના વિસ્તારના પાકા રસ્તાઓ, સ્ટીમરો અને સ્ટીમલોંચના પ્રવાસ માટેનો ૧૪૦૦ માઇલનો જલમાર્ગ, અને જીંજાથી નાઇરોબી થઇને મોંબાસા સુધી પહોંચતી ૮૭૯ માઇલ રેલ્વેની સડક એ બધાની શરૂઆત કંપાલાથી થાય છે. કંપાલા અને ઉગાંડાના હવાઇ મથક એંટેબી વચ્ચેનું અંતર મોટરમાં અરધા કલાકના પ્રવાસ જેટલું છે. વિક્ટોરીઆ સરોવર પર તરતી સ્ટીમરો કંપાલાના પોર્ટ બેલ નામના બંદરે નાંગરે છે. શહેરની ફરતી ચારે તરફ કપાસ પીલવાની જીનરીઓ, કૉફીનાં કારખાનાંઓ અને ચ્હા અને સિગારેટનાં કારખાનાંઓ આવેલાં છે. સમુદ્રની સપાટીથી કંપાલા ૩૮૦૦ ફુટની ઉંચાઇએ આવેલું છે.

કંપાલાના જોવા લાયક સ્થળોમાં લુગાર્ડ્ઝ ફોર્ટને નામે ઓળખાતો એક કિલ્લો છે. આ કિલ્લા ઉપર સને ૧૮૯૦ માં કેપ્ટન લુગાર્ડ નામના અંગ્રેજ સૈનિકે પહેલવહેલો ઇંપીરીઅલ બ્રિટિશ ઇસ્ટ આફ્રિકા કંપનીનો વાવટો ફરકાવેલો અને તે પછી ત્રણ વરસ બાદ એ જ કિલ્લા ઉપર બ્રિટિશ સામ્રાજ્યનો યુનીઅન

એક કરતો થયો. આને લગતો એક શિલાલેખ કિલ્લા ઉપર મોજુદ છે.

લુબીરી નામે ઓળખાતું યુગાંડાના કબાકાનું નિવાસસ્થાન કંપાલામાં મેંગો હીલના નામે ઓળખાતી ઉંચી ટેકરી પર આવેલું છે. એની નજીકમાં એક સભાગૃહ છે જ્યાં યુગાંડાની ધારાસભા (ગ્રેટ લુકીકો)ની બેઠકો ભરાય છે. શહેરની નજીક આવેલી કસુબી નામની એક ટેકરી પાસે ત્રણ કબાકાઓ (રાજા)ની કબરો આવેલી છે–મુટેસા (૧લો), માંગો અને સર દાઉદી ચ્વાની આ કબરો ખુલ્લા મેદાનમાં છે અને તેની નજીકમાં એ રાજાઓની "વિધવા"ઓનાં ઝૂંપડાં આવેલા છે. ત્યાં રહીને તેઓ દિવસ રાત એ કબરોની ચોકી કરે છે.

નબીરેંબેનું દેવળ કંપાલાના ખ્રીસ્તીઓ માટેનું ભવ્ય ધર્મ મંદિર છે. એનો ભવ્ય ઘુમટ લંડનના પ્રખ્યાત સેંટ પોલના દેવળના ઘુમટની ઝાંખી કરાવે તેવો મોટો છે. ૧૯૧૩ની સાલમાં શરૂ કરવામાં આવેલું તેનું બાંધકામ ૧૯૧૯ માં પૂરૂ થયેલું. નબીરેમ્બે નામની ટેકરી ઉપર બંધાયલા આ દેવળનુ નામ પણ સેંટ પોલનું દેવળ છે. એ ટેકરી ઉપર એની પહેલાં ત્રણ બીજાં દેવળ બંધાઇ ચુકેલા જેમાંનું પહેલું સુરંગ મુકીને ઉડાવી દેવામાં આવ્યું હતું, બીજું તોડી પાડવામાં આવેલું અને ત્રીજું આગમાં નાશ પામેલું. આ દેવળ પ્રોટેસ્ટંટ ખ્રીસ્તીઓનું છે. કેથોલિક સંપ્રદાયના ખ્રીસ્તીઓનું દેવળ રૂબાગા દેવળના નામે ઓળખાય છે અને તે રૂબાગા નામની ટેકરી ઉપર આવેલું એક ભવ્ય મકાન છે.

નામીરેમ્બે રોડ નામે ઓળખાતા રસ્તા ઉપર નામદાર આગાખાનના અનુયાયી ઇસ્માઇલી ખોજાઓનું જમાતખાનું આવેલું છે. કીબુલી હીલ નામની ટેકરી ઉપર ઇસ્લામીઓની મોટી મસ્જીદ છે.

મકેરેરે હીલ નામની ટેકરી ઉપર પૂર્વ આફ્રિકાની સહુથી પહેલી યુનિવરસીટી કોલેજ આવેલી છે જે મકેરેરે કોલેજના નામે ઓળખાય છે અને જુદા જુદા છ દેશોના આફ્રિકન વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરે છે.

ઉગાંડા મ્યુઝિયમને નામે ઓળખાતું એક સરસ સંગ્રહાલય પણ કંપાલામાં છે જેમાં ૪૦૦૦ ઉપરાંત વસ્તુઓ જોવા મળે છે.

પૂર્વ આફ્રિકાને લગતી વિશેષ માહિતી હવે પછીના અંકોમાં રજુ કરવામાં આવશે.

—ચીનાઇ કહેવત:—એક કલાકનું સુખ ભોગવવું હોય તો શરાબ પીઓ. ત્રણ દહાડાનું સુખ ભોગવવુ હોય તો લગ્ન કરો. આઠ દહાડાનું સુખ માણવું હોય તો પાળેલા ડુક્કરને મારી તેનું માંસ ખાઇ જાઓ, પણ જીંદગીભરનું સુખ જોઇતુ હોય તો બાગબાન બનો.

—ધન કે અન્ય સંપત્તિ પ્રાપ્ત કરનાર માણસને જગત માન આપતું નથી. તેનું દાન કરતારને જ હમેશાં માન મળે છે.

—પુરૂષ ઘરની બહાર નીકળવાની તૈયારી કરતી વખતે મનમાં એવો વિચાર કરે છે કે પત્નીની પાસે શું બ્હાનું બતાવવુ અને સ્ત્રી એ વખતે એવો વિચાર કરે છે કે કપડાં કેવાં પહેરવાં!

—ગમે તેટલાં તોફાન અને વાવાઝોડામાં ઘડીઆળ જેમ પોતાની જગ્યાએ સ્થિર રહીને ચાલ્યા કરે છે તેવી જ રીતે શાંત અને સ્વસ્થ ચિત્તવાળા માણસો સદ્દભાગ્યથી ઉશ્કેરાઇ જતા નથી કે દુર્ભાગ્યથી ગભરાઇ જતા નથી પણ પોતાના સ્થાન પર સ્થિર રહીને પોતાની ગતિએ કામ કરતા રહે છે.

"લોઇડ્ઝ ભરી આપશે"

['નવજીવન'ના આ અંકમાં લંડન વિશેનો એક લેખ અન્યત્ર પ્રસિદ્ધ થાય છે એમાં "લોઇડ્ઝ'ને વિશે ઉલ્લેખ છે. વહાણો અને આગબોટોનો વીમો ઉતારનારી આ પેઢી દુનિયાભરની મોટામાં મોટી અને માતબર પેઢી છે. એનું નામ જગવિખ્યાત છે અને એને વિશેની કેટલીક માહિતી વાંચનારને રસપ્રદ થઇ પડે તેવી છે.]

"ફ્લોરીડાના કાંઠા ઉપર ભારે વાવાઝોડું થયું અને હજારો માણસો ઘરબાર વગરના બની ગયા: જાપાનમાં ધરતીકંપ થવાથી કોબે શહેર ભાંગી ગયું: મોંબાસાના કિનારા નજીક લાખો રૂપીઆનો માલ ભરેલી બે આગબોટ ડૂબી ગઇ: શિકાગોની એક બેંકમાં દસ લાખ ડોલરનો ગોટાળો થયો: ડરબનથી ઉપડેલી પી. એંડ ઓ. કંપનીની એક આગબોટ ૨૦ લાખ પાઉંડની કીંમતની સોનાની લગડીઓ સહિત રસ્તામાં ગુમ થઇ: મુંબઇની ગોદીમાં થયેલા ધડાકામાં મણમણના વજનની ૫૦ સોનાની લગડીઓ ઉડી ગઇ..."

છતાં એથી કોઇને કશુંજ આર્થિક નુકસાન થયું નહીં. લોઇડ્ઝે બધા પૈસા ચૂકવી આપ્યા.

એ લોઇડ્ઝ કોણ છે? શું છે?

લોઇડ્ઝ એટલે વીમો. જગતના ઇતિહાસમાં આજ સુધીમાં જાણવામાં આવેલી મોટામાં મોટી, અદ્વિતીય અને સમૃદ્ધમાં સમૃદ્ધ પેઢી એટલે લોઇડ્ઝ.

આખા ઇંગ્લેંડના વેપારવણજ, હુન્નર-ઉદ્યોગો, વહાણવટું અને બેંકો વગેરેની પાછળ લોઇડ્ઝનું પીઠબળ છે. એ બધાંની આબાદી અને ઉન્નતિમાં લોઇડ્ઝનો ભારે હિસ્સો છે. ઇંગ્લેંડ; તેના તમામ સંસ્થાનો અને કબજાના દેશોમાં સર્વત્ર લોઇડ્ઝના એજંટો મોજૂદ હોય છે.

લોઇડ્ઝની લક્ષ્મી કુબેર ભંડારીના ભંડાર સમી અનગળ મનાય છે. અને "લોઇડ્ઝ એટલે સલામતી" એ માન્યતા જગતના ખુણેખુણે લગભગ સાડાત્રણ સદીથી વ્યાપી રહેલી છે. ચીનાઓ, જાપાનીઓ, અમેરિકનો અને હિંદીઓ સુધ્ધાં પોતાના તમામ વેપારવણજની સલામતી લોઇડ્ઝની શાખ ઉપર નિર્ભર ગણે છે. કોઇ કોઇ વાર તો વીમાની પોલીસી પણ કઢાવ્યા વિના માત્ર એક કાગળની કાપલી ઉપર લોઇડ્ઝની સહીના આધારે તેઓ લાખો રૂપીઆનું જોખમ ખેડીને નિરાંતે ઉંઘી શકે છે.

છતાં, આ લોઇડ્ઝ ખરેખર શું છે એ વિશેની ખરી માહિતી બહુ ઓછા માણસોને હશે.

લોઇડ્ઝના ૧૪૦૦ સભાસદો છે; અને ૨૦૦૦ ઉપરાંત ભાગીદારો, ઉપ-સભ્યો અને પ્રતિનિધિઓ છે. એ સર્વે એ પેઢીની અભેદ્ય દીવાલોની અંદર રહીને મગરૂબીથી પોતાનું કામ કર્યે જાય છે. એક નિશાળમાં ભણતા વિદ્યાર્થીઓ વચ્ચે જે જાતની બીરાદરી બંધાય તેવી બીરાદરીના જુસ્સાથી એ સહુ આવડી જબરદસ્ત પેઢીનો વહીવટ ચલાવી રહ્યા છે.

લોઇડ્ઝ પોતાના કામકાજની કોઇ જાતની જાહેરાત ઇચ્છતી નથી. કોઇ છાપાં કે વર્તમાનપત્રોમાં એની જાહેર ખબર જોવા નહીં મળે. તેની શક્તિ અને સમૃદ્ધિનાં મૂળ જરૂરીઆતની જમીનમાં બહુ ઉંડા રોપાયેલાં છે. ઇંગ્લેંડને લોઇડ્ઝ વગર એક મિનિટ ચાલે તેમ નથી. તેના વેપારીઓને, કારખાનાં-દારોને, વહાણવટીઓને અને મધ્યમ વર્ગનાં ઘરબારીઓને,—ટુંકામાં દરેક અંગ્રેજને લોઇડ્ઝે

વિના ચાલે તેમ નથી. આટલું જ એને માટે પૂરતું છે.

અને છતાં, પોતાની આ અસલી મહત્તા અને અખૂટ સમૃદ્ધિ વિશે એક હરફ પણ એ પેઢી જાહેરમાં કદી ઉચ્ચારતી નથી. તેના એક અતિ મોટા જવાબદાર સભાસદે એક વાર કહેલું કે "અમારી પોતાની મહત્તાનાં બણગાં ફૂંકવાં એ અમારી નીતિથી વિરુદ્ધ છે."

આ લોઇડ્ઝ કેવી રીતે હસ્તીમાં આવી? એની સ્થાપના કેટલી મુદ્દતથી થઇ?

આજથી આશરે ૩૫૦ વરસ પહેલાં લંડનમાં 'લોમ્બાર્ડ' સ્ટ્રીટ નામના એક લત્તામાં એડવર્ડ લોઇડ નામનો એક માણસ એક સાધારણ કૉફીની હોટેલ ચલાવતો હતો. એના ઘરાકોમાં મોટો ભાગ વહાણના કપ્તાનો—માલમો અને ખલાસીઓ અને એ વહાણોમાં માલ ભરીને મોકલનારા વેપારીઓનો હતો. એ બધાની બેઠક એ હોટેલમાં રહેતી.

દરિયાઇ સફર એ જમાનામાં બહુ જોખમી ગણાતી અને વહાણો ડૂબી જવાના ભયે અનેક વેપારીઓ, પરદેશોમાં મોટી કમાણીની ખાતરી હોવા છતાં, માલની નિકાસ કરતા ડરતા. ઇંગ્લંડનો નિકાસ વેપાર એ કારણે બહુ સંકુચિત રહેલો. એડવર્ડ લોઇડની એ હોટેલમાં આવરોજાવરો રાખનારા કેટલાક શ્રીમંત ગ્રાહકોને એ મુશ્કેલીનો તોડ કાઢવાની જરૂર લાગી. એ લોકોએ મસલત કરીને એવી દરખાસ્ત રજૂ કરી કે વીમાના "પ્રિમીઅમ" રૂપે અમને અમુક રકમ આપવામાં આવે તો પરદેશ નિકાસ કરવામાં આવતા તમામ માલનું જોખમ અમે અમારે માથે ઉઠાવી લઇએ. એ દરખાસ્ત તરત જ ઉપાડી લેવામાં આવી અને એ લોકોને પોતાની આ યોજનામાં એટલી બધી સફલતા મળી કે તેમણે માથે લીધેલા જોખમોના રીતસર દસ્તાવેજ કરી આપવા માંડ્યા. આ દસ્તાવેજ એટલે વીમાની "પોલીસી" એ પોલીસીનો ઉદ્દેશ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યો.

"વીમાની પોલીસી લેવાથી ફાયદો એ થાય છે કે કોઇપણ વહાણ કે તેની અંદરનો માલ ડૂબે તો તે નુકસાન થોડા માણસોને માથે ભારે બોજારૂપ બનવાને બદલે ઝાઝા માણસોને માથે હળવા પ્રમાણમાં વહેંચાઇ જાય છે."

આ રીતે એડવર્ડ લોઇડની હોટેલના છાપરા તળે જે વીમો ઉતારવાની પેઢીની સ્થાપના થઇ અને ધીમે ધીમે ખીલવણી થઇ તેની સાથે લોઇડને પોતાને કશી નિસ્બત હતી કે કેમ એ જાણવામાં આવ્યું નથી. જો હોય તો તેનું નામ જે રીતે અમર થયું છે તે વળતર જેવું તેવું નથી.

આજથી ત્રીસેક વરસ ઉપર પણ સરકારી ટપાલખાતું સરકારી કાગળો "લોઇડ્ઝની કૉફીની હોટેલ"ના સરનામે મોકલતું.

થોડાં જ વરસમાં લોઇડ્ઝના વધતા જતા વહીવટ માટે લોંબાર્ડ સ્ટ્રીટની એ કૉફીની હોટેલ બહુ નાની પડવા લાગી એટલે વીમો ઉતરાવનારા તેના ઘરાકો, વેપારીઓ અને વહાણવટીઓએ એકઠા મળીને એક બીજું વધારે સગવડવાળું મકાન ભાડે રાખ્યું. વહાણોનો વીમો પોતાને માથે લેવા તૈયાર હોય તેવા માણસોને પાળવાના કેટલાક અતિ કડક નિયમો ઘડવા માટે એક સમિતિ ચૂંટી કાઢવામાં આવી અને તે સમિતિએ એવા નિયમો ઘડી પણ કાઢ્યા.

આજ દિન સુધી "લોઇડ્ઝ"ને નામે ઓળખાતી આ સંસ્થાએ કોઇ પેઢી કે કંપનીનું સ્વરૂપ લીધું નથી. એને "લીમીટેડ" બનાવવામાં આવી નથી. એના કોઇ ડીરેક્ટરો નથી કે શેરહોલ્ડરો નથી. તેનો દરેક સભાસદ પોતપોતાનો કારોબાર ધંધો બીજા બધા સભાસદોથી સ્વતંત્ર રીતે ચલાવી શકે છે. એ સર્વે સભાસદોની ઉપર તેમની પોતાની જ ચૂંટી કાઢેલી કારોબારી સમિતિ દેખરેખ રાખે

છે અને કોઈ પણ સભાસદની કોઈ પણ કારવાઈથી લોઇડ્ઝની ઉજળી આબરૂને જરા સરખી પણ આંચ ન આવે તે માટે ચંપતી કાળજી રાખે છે.

લોઇડ્ઝનો કુદકે ને ભૂસકે ઉદય થવા લાગ્યો. બ્રિટિશ વેપાર અને ઉદ્યોગોની આસપાસનાં બંધનો જાણે કે તૂટી ગયાં અને બ્રિટિશ બનાવટનો માલ દુનિયાભરનાં બજારોમાં ઠલવાવા લાગ્યો. એમ તેવા પોચા હૈયાના કે નાહિમ્મત માણસોને પણ પોતાનો માલ વહાણમાં ભરીને દરિયામાં વહેતો મૂકવામાં આંચકો ન રહ્યો. તેને હૈયે ધરપત પેઠી કે "લોઇડ્ઝ ભરી આપશે"

લોઇડ્ઝ વીમો આ રીતે ઉતારે છે: ધારો કે તમે એક લાખ રૂપીઆના માલનો વીમો ઉતરાવો છો. લોઇડ્ઝ તેનું અમુક પ્રિમિયમ ઠરાવી, વસૂલ કરી, તમને માલની 'પોલીસી' કાઢી આપે. પછી એક રૂપીઆમાં ચાર આની, બે આની, એક આની કે અરધી આની એમ નાના મોટા હિસ્સે એ વીમો પોતાના દસ, વીસ, પચીસ કે પચાસ સભાસદોમાં ફાળવી આપે; જો તમારો લાખ રૂપીઆનો માલ ડૂબે તો એ દસ, વીસ, પચીસ કે પચાસ સભાસદો પોતાને ફાળે પડતા ભાગે નુકસાન ભરી આપે.

કોઈ વાર સભાસદ પોતાનો ફાળો ન ભરે અને લોઇડ્ઝની શાખ નબળી ન પડે તેટલાં ખાતર એની સમિતિએ એવો નિયમ કર્યો કે દરેક સભાસદ વિમાનો જેટલો હિસ્સો પોતાને ફાળે લેવા તૈયાર હોય તેટલી રકમ તે પેઢીમાં અમાનત મૂકે. લોઇડ્ઝની આ અમાનતની રકમ ધીમે ધીમે વધવા લાગી અને અત્યારે ૨ કરોડ પાઉન્ડ જેટલી થઈ ચૂકી છે. એ અમાનતનો ઉપયોગ જ્યારે કોઈ પણ સભાસદ પોતાના હિસ્સે આવતી નુકસાનની રકમ ન ભરે ત્યારે જ કરવામાં આવે છે. પણ તે એક છેલ્લામાં છેલ્લા ઉપાય તરીકે જ. વસ્તુતઃ તો આ અમાનતમાંથી નાણાં ખેંચવાનો વખત આવતો જ નથી; કેમકે પેઢી પાસે તે સિવાય બીજા અમર્યાદ સાધનો હંમેશાં હાજર હોય છે.

લોઇડ્ઝના સભાસદોમાં ઇંગ્લેંડના અતિ પ્રતિષ્ઠિત અને તવંગર માણસોનો સમાવેશ થાય છે. એ પ્રત્યેક સભાસદ જરૂર પડે ત્યારે પોતાની અંગત મિલ્કતની છેલ્લામાં છેલ્લી પાઈ લોઇડ્ઝને ભરી આપવાને કાયદેસર બંધાયલો હોય છે.

આમ સેંકડો મોટા જાગીરદારો, અમીરો, વેપારીઓ, શરાફો, દુકાનદારો વગેરેની આંકડાથી ન ગણી શકાય તેટલી સંયુક્ત મિલકત વસ્તુતઃ જ્યારે જોઈએ ત્યારે લોઇડ્ઝને મળી શકે તેમ છે. ઇંગ્લેંડના દરેકે દરેક વિભાગમાં વહેતી સોનાની નસો લોઇડ્ઝના હૃદયને ધબકાવી રહી છે.

એટલું પણ બસ ન હોય તેમ તેનો દરેકે દરેક સભાસદ પોતાની જવાબદારીમાં કદી કાચો ન પડે તે માટે એક વિશેષ બેબાંધરી પણ રાખવામાં આવેલી છે. દરેક સભાસદના નામ ઉપર, તેને મળતા પ્રિમીઅમના ફાળાના પ્રમાણમાં બીનદરીયાઈ જોખમની પોલીસીઓ કાઢવામાં આવેલી હોય છે. કાચો પડનાર સભાસદના ફાળાની રકમ એ પોલીસી વટાવીને પણ વસુલ કરવામાં આવે છે.

લોઇડ્ઝની મહોર-છાપ ઉપર કાઢવામાં આવેલી કોઈપણ પોલીસી કદી કાચી પડે એ શબ્દશઃ અશક્ય જ છે. એકાદ બે વાર તેના કોઈ કોઈ સભાસદો પોતાની જવાબદારી અદા કરવામાં કાચા પડયાનો કિસ્સાઓ બન્યા છે ખરા, પણ તેમની સહીવાળી પોલીસી ધરાવનારા ગ્રાહકોને એ વાતની ખબર સુદ્ધાં પડવા પામી નથી.

ઘણાં વરસો સુધી લોઇડ્ઝની પેઢી લંડનના રૉયલ એક્સ્ચેંજના મકાનમાં બેસતી, પણ સને ૧૯૨૮ની સાલમાં પોતાના મહાન નામને છાજે એવું આલિશાન મકાન નવેસરથી બંધાવીને ત્યારથી તે પેઢી તેમાં બેસે છે. દુનિયાભરના

ભવ્ય અને સુંદર મકાનોમાં લોઇડ્ઝના આ નવા મકાનની ગણતરી થાય છે.

લોઇડ્ઝની મુખ્ય સંસ્થામાંથી અગણિત નાની મોટી શાખા-સંસ્થાઓ ઉત્પન્ન થઇ છે. "લોઇડ્ઝ લીસ્ટ" એ ઇંગ્લેંડનું જુનામાં જુનું વર્તમાનપત્ર છે. લોઇડ્ઝના જહાજોના "રજીસ્ટર"માં દુનિયાભરની એકે એક આગબોટનું નામ, તેનું વજન, માપ, અંદરનો વિસ્તાર ને વર્ગીકરણ તેમજ તેને લગતી દરેક ઝીણી મોટી વિગત ફકરાવાર લખેલી હોય છે.

એના "બ્લુ લીસ્ટ" (દરીઆઇ યાદી)માં દરિયાની સપાટી પર તરતું એકે એક જહાજ ક્યારે ક્યાં છે તેની રોજેરોજની માહિતી લખેલી હોય છે.

દુનિયાભરમાં ઠેર ઠેર વસતા તેના અનેક એજંટો તરફથી રોજે રોજ મળતી માહિતી ઉપરાંત નિરંતર લખાતા જતાં ચોપડાઓ ઉપરથી કોઇ પણ જહાજ કોઇ પણ દિવસે કોઇ પણ ક્ષણે કયા સમુદ્રમાં કયે સ્થળે છે તેની પલવારમાં ખબર મળી શકે છે.

લોઇડ્ઝની કચેરીના નોટીસ બોર્ડ ઉપર સેંકડો તારો ફરફરતા હોય છે. ચોકોહામામાં આગ થઇ અને લોઇડ્ઝને તરત જ ખબર મળી જ છે. સમુદ્રના દૂર દૂરના કોઇ ભાગમાં એકાદ જહાજ તોફાનમાં અટવાયું અને લોઇડ્ઝને તરત જ સમાચાર મળ્યા જ હોય. અકસ્માતોની વિગતો લખી રાખવાના તેના ચોપડામાં જે સાદી હકીકતો લખાય છે તે કોઇ પણ વર્તમાનપત્રમાં આવતા સમાચારોનાં મથાળાં કરતાં વધારે સનસનાટી ભરેલી હોય છે.

કોઇ જહાજ સંકટમાં સપડાય કે તરત જ એનો વળી નવેસરથી વીમો ઉતારવાનું કામ શરૂ થાય છે, અને જહાજ ખરેખાત ડૂબી ગયાના ખબર મળે તે પછી પણ તેનો વીમો ઉતારવાનું કામ ચાલુ જ રહે છે અને ઘણીવાર તો સેંકડે ૯૦ ટકા જેટલા વધારાની રકમનો પણ વીમો લેવાય છે!

"ઇજીપ્ટ" નામનું એક જહાજ કરોડોની કીંમતની સોનાની લગડીઓ સાથે ઉશાંટ પાસે ડૂબી ગયું. એક સોમવારને દહાડે લોઇડ્ઝની કચેરી પર આ સમાચાર આવ્યા. બુધવારને દહાડે કરોડોની કીંમતના એ જહાજના વીમાના દાવાઓ ચુકવાઇ ગયા. આટલી ઝડપથી આટલી મોટી રકમ ચુકવી શકે તેવી બીજી કોઇ પેઢી દુનિયાભરમાં નથી. અને છતાં આટલી રકમ ચુકવી આપતાં લોઇડ્ઝનું રૂંવાડું પણ ફરક્યું નહોતું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એ વીમો એક ચોકખે ચોકખું સાહસ હતું. એનું પ્રિમીઅમ સો પાઉન્ડે નવ પેન્સ જેટલું (રૂપીએ કૈ પાઇ છેટલું) જ ઠરાવેલું. એ જહાજ ડૂબ્યું અને લોઇડ્ઝે પૂરી કીંમત ભરી આપી!

અને થોડા વખત પછી એ જહાજમાંનું તમામ સોનું દરિયાને તળીએથી લોઇડ્ઝને હાથ લાગ્યું!

દર વરસે લોઇડ્ઝની પેઢી ઉપર પ્રિમીઅમની આવકના દસ કરોડ પાઉન્ડ ચાલ્યા આવે છે. જેમને નુકસાન વેઠવું પડ્યું હોય તેવા પોલીસી હોલ્ડરોને નુકસાન ભરપાઇ કરી આપવામાં આમાંથી લાખો પાઉન્ડ ચાલ્યા પણ જાય છે.

લોઇડ્ઝને ત્યાં જેટલી રકમનો વીમો ઉતરાવવામાં આવેલો હશે તેનો અંદાજ સુદ્ધાં કાઢવો એ માનવીની શક્તિની બહારની વાત છે. એડવર્ડ લોઇડની કોફીની હોટેલની હસ્તીને પરિણામે આજે લગભગ આખા જગતના મોટા વેપારીઓ, વહાણવટીઓ અને જહાજોના માલિકો, શરાફો અને છેક સામાન્ય સ્થિતિના માણસો સુદ્ધાં પોતપોતાના ધંધા રોજગાર મુદ્દલ ભય વિના, નચિંત બનીને વગર જોખમે ચલાવી રહ્યા છે. તેમના મનમાં ખાતરી છે કે નુકસાન થશે તો લોઇડ્ઝ ભરી આપશે.

ઇન્સાફ

ભજવી શકાય તેવું સામાજિક નાટક

પાત્રપરિચય :

ઠાકોરરાવ દેસાઇ— —	સોલીસીટર } ઠાકોરરાવ એન્ડ કું૦ સોલીસીટર્સની પેઢીના ભાગીદારો
દિનકરરાવ દેસાઇ— —	સોલીસીટર } તેનો પુત્ર
મગનલાલ— — —	મજકુર પેઢીનો મેનેજર
રઘુનાથ — — —	મજકુર પેઢીનો કારકુન
ટપુ — — —	ઓફીસનો નોકર
કાવસજી — — —	છુપી પોલીસનો અમલદાર
ગોપાળરાવ — —	બેંકનો કેશિયર
સુંદરબાઇ કામદાર— —	એક સ્ત્રી

(જાન્યુઆરી ૧૯૫૫ ના અંકથી ચાલુ)

અંક ત્રીજો

સમય–બે વરસ વીત્યા બાદ માર્ચ મહિનાની એક સવારે દસ વાગવાની લગભગ.

સ્થળ–દિનકરરાવ ઠાકોરરાવ સોલીસીટરોની ઓફીસમાં મેનેજર મગનલાલનો ઓરડો.

(ટપુ ઓફીસનાં બારણાં ઉઘાડી, મગનલાલના ટેબલ પર કાગળો ઠીકઠાક કરે છે. વચમાં થોડી થોડી વારે એક કાચમાં પોતાનો ચહેરો નિહાળે છે. દરમ્યાન સુંદરબાઇ કામદાર બહારને બારણેથી દાખલ થઇને મગનલાલના ઓરડાના ઉંબરા પર આવી ઉભી રહે છે. એના સામાન્ય રીતે ગંભીર વદન પર સ્હેજ ઉન્માદ અને ઉશ્કેરાયેલ લાગણીની છાપ જણાય છે.)

ટપુ–(સુંદરબાઇને એકાએક જોતાં ચમકીને) અરે! તમે વળી આજે ક્યાંથી?

સુંદરબાઇ–આવી ચડી.

ટપુ–ઓફીસમાં હું એકલો જ છું. શેઠ સાહેબોને એમ વહેલા આવી પહોંચવાની કશી ઉતાવળ નહિ, પણ ખરેખર તમે છેલ્લાં આવ્યાં હતાં એ વાતને બે વરસ થયાં (સ્હેજ ગભરાઇને) આટલો વખત શું કરો છો?

સુંદરબાઇ–દિવસ પૂરા કરું છું.

ટપુ–(લાગણીથી) મગનભાઇ સાહેબને મળવું હોય તો હમણાંજ આવી પહોંચવા જોઇએ. એ તો વખતસર આવવાવાળા–લગભગ–પણ આપણો ભાઇબંધ તો હવે બહાર આવી ગયો હશે ને? એની મુદત તો ત્રણ મહિના પહેલાં ખલાસ થઇ ગઇ. ખરું ને? (સુંદરબાઇ હા કહે છે) મને બહુ દુઃખ થયેલું હો! મને પૂછો તો મોટા સાહેબે ભૂલ કરી નાખેલી. એવું કરવાનું ન હોય.

સુંદરબાઇ–ખરું છે.

ટપુ–માણસ ભૂલ કરે. એક વખત તો એને ચેતવણી આપી સુધારવો જોઇએ. અને સાહેબે ભૂલ કરી તો નામદાર કોર્ટે એ ભૂલ સુધારવી જો'તી હતી. એ બધા કાયદા હાથમાં લઇને બેસે એટલે લાગણી શું કહેવાય એ ન સમજે, પણ આપણા જેવા માણસો સમજે, હો!

(સુંદરબાઇ સ્હેજ હસે છે.)

તમારા પર તો એ લોકો તે દિવસ લોહી-તરસ્યા વરુની માફક તૂટી પડેલા. બસ, લોહીનું ટીપેટીપું ચૂસી લેવું. અને પછી કહેશે કે તમે દુબળા કેમ પડી ગયા! હું તો એવું એવું બહુ જોતો આવ્યો છું ને! કંઇ કહેવાની

વાત નથી. હવે, ત્યાં, આ આઠ દિવસ પહેલાં જ મોટા સાહેબ……

(મગનલાલ તેના ઓરડામાં આવી પહોંચે છે. જરા ઉત્સાહમાં હોય તેમ જણાય છે).

મગનલાલ-(બેસ અને પાઘડી ઉતારતા) અરે! તમે ક્યાંથી? (ટપુને બહાર જવાની ઇશારત કરે છે) ઓળખાતાં નથી. બે વરસ થયાં. મને મળવા આવ્યાં છો? બેસો. શું કહેવાનું છે? બાળગોપાળ મજામાં છે?

સુંદરબાઇ-ઠીક છે. પણ હું ત્યાં ને ત્યાં હવે રહેતી નથી.

મગનલાલ-(સ્હેજ ચમકીને) પણ ઘરસંસાર તો સુખમાં ચાલે છે ને?

સુંદરબાઇ-મારા ધણી સાથે તો મારાથી ન રહેવાયું.

મગનલાલ-કંઇ સાહસ તો નથી કર્યું ને, બાઇ? સાહસ કર્યું હોય તો તો બહુ જ ખોટું.

સુંદરબાઇ-છોકરાઓને મારી સાથે રાખું છું.

મગનલાલ-તમે આવ્યાં એ સારૂં કર્યું. રઘુનાથના કંઇ ખબર? કેદમાંથી છૂટયા પછી ક્યાં છે?

સુંદરબાઇ-કાલે જ મારો એની સાથે અચાનક ભેટો થઇ ગયેલો.

મગનલાલ-ખુશીમાં છે?

સુંદરબાઇ-(જરા ઉશ્કેરાઇને) કંઇ કામ મળતું નથી. એની સામે જોઇ શકાય એવું નથી. ફક્ત હાડકાં અને ચામડી બાકી રહ્યાં છે.

મગનલાલ-(સાચી લાગણીથી) શું વાત કરો છો? એ તો બહુ જ માઠા ખબર. પણ છુટયા પછી એ લોકોએ એને કંઇ કામ નહિ શોધી આપેલું?

સુંદરબાઇ-ત્રણ અઠવાડીયાં કામ પર રહ્યો. ત્યાં તો વાત બહાર આવી ગઇ.

મગનલાલ-એને માટે મારાથી શું બને એ મને સુઝતું નથી. ખોટી ઉડાવવાની વાતો કરવાની મને ટેવ નથી.

સુંદરબાઇ-પણ એની એવી હાલત તો મારાથી જોવાતી નથી.

મગનલાલ-(સુંદરબાઇના શરીર સામે નિહાળીને) એના સગાંઓ તો હવે એનો હાથ ઝાલે એવું નથી. પણ એ રસ્તા પર ચડે ત્યાં સુધી તમે એને માટે કંઇક જરૂર કરી શકો.

સુંદરબાઇ-હવે નહિ. હું કરી શકી હોત, પણ એ હવે નહિ બને.

મગનલાલ-સમજાયું નહિ. શા માટે?

સુંદરબાઇ-(મગરૂબીથી) મેં એને જોયો અને ત્યારથી બધી વાત બદલાઇ ગઇ.

મગનલાલ-(જરા શંકાથી ચમકીને) જો બાઇ, હું તો કુટુંબવાળો માણસ રહ્યો. મને એવી આડીઅવળી વાતો સાંભળવી ન પોસાય. હવે મારે બહુ કામ છે.

સુંદરબાઇ- હું તો ક્યારની યે મારે પિયર ચાલી ગઇ હોત, પણ કામદાર સાથે મેં આ લગન એ બધાની મરજી વિરૂદ્ધ કરેલાં, એ વાત એ લોકો ભૂલી શક્યા નથી, અને હું પણ વરવાળી બૈરી છું. પરણી ત્યારે તો નાની હતી. કામદાર અમારે ઘેર મુસાફરીમાં ફરતા ફરતા આવી પહોંચતા. એ વખતથી હું એમનામાં જ મારૂં જગત જોતી.

મગનલાલ-મને તો એવી આશા હતી કે તમે મને છેલ્લાં મળ્યાં ત્યાર પછી તમારું બાકું ઠીક ઠીક ગબડતું હશે.

સુંદરબાઇ-પણ હું શું કરૂં? એનો ત્રાસ તો દિવસે દિવસે વધતો જ ગયો. એણે મારી કાયાને ભાંગી નાખી તો ય હું સહન કરતી રહી. પણ પછી છોકરાઓ પર ત્રાસ વરસાવવો શરૂ કર્યો. મારાથી એ ન ખમાયું. હવે તો એ મરવા પડયો હોય ને, તો ય એનું મોઢું જોવા એના ઘરમાં પગ ન મૂકું.

મગનલાલ-(આ પ્રવાહને કેમ અટકાવવો એ નથી સમજાતું એટલે મુંઝાઇને) આપણાથી એવાં હૃદયવિહોણા ન થવાય એ તો સમજો છો ને?

સુંદરબાઇ-(બળતે હૈયે) આદમી જ્યારે એવો હેવાન બને ત્યારે-(શાન્ત ઉભી રહે છે.)

મગનલાલ-બરાબર, બરાબર, પણ પછી તમે કંઇ ધંધો કર્યો કે? પછી નિર્વાહ માટે શું કર્યું?

સુંદરબાઇ-એનું એ અસલનું કામ. દડીઓ બનાવીને વેચવાનું. મારા પૈસાનું સુતર લઇ આવું, આખો દિવસ અને રાતના બાર વાગ્યા સુધી સંચો ચલાવી દડીઓ બનાવું અને વેચું. હંમેશના બાર આના નફો રહે. નવ માસ આમ ચલાવ્યું. (જરા ઉશ્કેરાઇને) એ તે કંઇ મારૂં કામ છે? એવી મજુરી મારે માટે ન હોય. એથી મરવું સારૂં.

મગનલાલ-અરે ભલી બાઇ! એવી ઘેલી વાતો તે કરાય?

સુંદરબાઇ-એમાં છોકરાંઓનું પેટ પણ કેમ ભરૂં? એને કોઇ વખત મેં ભુખ્યા રાખ્યા નહોતા. પછી હું નકોર બની ગઇ. થવાનું હોય તે થાય. મારૂં શરીર સહી શકે એવું નથી.

મગનલાલ-પણ પછી શું વિચાર્યું?

સુંદરબાઇ-એ બધી વાતોમાં કંઇ માલ નથી, સાહેબ. પોતાનું માન સચવાય એવાં કામ સારાં પણ એ બધી વાતો તમને કહીને શું ફાયદો? મને એમ હતું કે રઘુનાથ કોઇ દિવસ હવે દેખાવાનો જ નથી પણ ફક્ત અકસ્માતથી જ રાણીના બાગમાં એ મને મળી ગયો. અમે એક બાંકડા પર બેઠા. એણે એની બધી વાતો કહી બતાવી. મગનલાલ ભાઇ! એનો એક અપરાધ જતો કરો. એને ફરીથી એક તક ન આપો?

મગનલાલ-ત્યારે તમો બન્ને બેકાર છો? એ તો બહુ જ ભયંકર.

સુંદરબાઇ-અહીં ને અહીં એને માટે ગોઠવણ થાય નહિ? એમાં ક્યાં શોધવા જવું પડે એમ છે?

મગનલાલ-પેઢીની શાખને હલકી પાડે એવું કશું અમારાથી ન થાય.

સુંદરબાઇ-મારાથી તો બીજી કોઇ જગ્યાએ પૂછવા જવાય એવું નથી.

મગનલાલ-હું સાહેબોને વાત કરી જોઇશ. પણ મને લાગતું નથી કે આવા સંયોગોમાં એ લોકો કબુલ કરે. મારા માન્યામાં આવતું નથી.

સુંદરબાઇ-એ મારી સાથે આવેલો છે. નીચે રસ્તા પર ઉભો છે.

મગનલાલ-(જરા ગભરાઇને) બોલાવ્યા વગર એનાથી ન આવી શકાય. અમારે ત્યાં એક જગ્યા ખાલી છે, પણ મારાથી કશું કહેવાય નહિ.

સુંદરબાઇ-એને નવી જીન્દગી આપ્યાનું પુન્ય થશે.

મગનલાલ-મારાથી બનતું હું કરીશ. પણ કોઇ જાતની ખાતરી ન આપું. એને કહો કે વાત કોઇ પણ પ્રકારનું સ્વરૂપ પકડે એ પહેલાં મારી પાસે ન આવે. તમારૂં સરનામું? ૪૭, દાદારામની ચાલી, પરેલ? એનું એ જ છે ને? લખી લીધું, હવે તમે જઇ શકો છો.

સુંદરબાઇ-પ્રભુ તમારૂં ભલું કરો.

(બારણા સુધી જઇ, કંઇક કહેવા માટે પાછી વળે છે, પણ વળી પાછી ફરી ચાલી જાય છે).

મગનલાલ-(રૂમાલથી કપાળ અને મ્હોં લુછે છે અને ટકોરી વગાડે છે. ટપુ તરત હાજર થાય છે.) પેલો ગુલાબચંદ ફરીથી આજે કારકુનની જગ્યા માટે જવાબ માગવા આવવાનો છે કે?

ટપુ–હા, મગનલાલ સાહેબ.

મગનલાલ–એને જરા હમણાં અદ્ધર રાખવાનો છે. મને મળવા એને ન મોકલવો.

ટપુ–શું કહું, સાહેબ, એ આવે ત્યારે?

મગનલાલ–કંઈક બનાવી કાઢજે ને! તને સૂઝે તેવું. ચોક્ખી ના નથી કહેવાની.

ટપુ–આપની તબીયત સારી નથી એવું કહીશ. બરાબરને?

મગનલાલ–ના, ના, કહે જે કે આજે મળવા નવરાશ નથી.

ટપુ–એને લટકાવી રાખવો છે એટલું જ ને? બરાબર. એ તો હું જોઈ લઈશ.

મગનલાલ–શાબાશ. અને જો, તુ રઘુનાથને તો ઓળખે છે ને? એને કદાચ હું મળવા બોલાવું, એવે વખતે એની સાથે બરાબર વર્તજે. એને જરાયે માઠું ન લાગે એ જોજે.

ટપુ–એમાં હરકત ન આવે સાહેબ.

મગનલાલ–બરાબર. પડેલાને પાટુ ન મારીએ. બને તો હાથનો ટેકો આપીને ઉભો કરીએ. આ શીખામણ હંમેશાં ધ્યાનમાં રાખવા જેવી છે.

ટપુ–મોટા સાહેબો એને પાછો નોકરીમાં લેવાનું કબુલ કરશે એવું તમને લાગે છે, મગનલાલભાઈ સાહેબ!

મગનલાલ–એ મારાથી કહેવાય .નહિ. (બહારને બારણેથી કોઈક દાખલ થયું એવું લાગવાથી) કોણ છે ત્યાં?

ટપુ–(બહાર ડોકું કાઢીને) સાહેબ, એ તો રઘુનાથરાવ આવ્યા!

મગનલાલ–(જરા ચીડાઈને) બહુ કરી. એ બાઈએ બહુ છૂટ લીધી. એને કહેજે કે બીજે કોઈ દિવસ આવે. મારાથી એમ તો...

[રઘુનાથ દરમ્યાન દાખલ થઈ જાય છે. એ કૂબળો પડી ગયેલો છે. એની આંખો તેજ વગરની ફિક્કી જણાય છે. કપડાં જુનાં અને ધાટધુટ વગરનાં છે. એ આવે છે એટલે ટપુ એને સલામ કરી બહાર ચાલ્યો જાય છે]

મગનલાલ–આવો, આવો રઘુનાથરાવ. જરા વહેલા આવ્યા. પણ ફિકર નહિ. આવો, હાથ મિલાવો. એ બિચારીનો વાંક નથી. એને બહુ ફિકર થાય છે.

[રઘુનાથ મગનલાલના પગ પાસે સ્હેજ નીચો વળી જાય છે, પછી સાહેબોના ઓરડા તરફ નજર કરે છે.] ના, ના, હજી એ કોઈ આવ્યા નથી, બેસો. આવ્યા છો ત્યારે તમારા ખબર અંતર જરા કહો. બોલો, તબીઅત કેમ છે?

રઘુનાથ–જુઓ છો ને? કેમ લાગે છે? મારે શું કહેવાનું રહે છે?

મગનલાલ–બરાબર, બરાબર. હવે જુઓને, આ વાતમાં તો જે રીતસરનું થતું હશે તે હું કરીશ. હું તો, તમે જાણો છો ને, કે સીધો, સરળ માણસ રહ્યો. એટલે આડા રસ્તા લેવાનું મારું કામ નહિ, પણ મેં સુંદરબાઈને વચન આપ્યું છે કે મોટા સાહેબ સાથે હું વાત કરીશ. અને એ વચન હું પાળવાનો.

રઘુનાથ–મને એક તક આપી જુઓ, મગનલાલભાઈ! આગલી વાતો ભૂલી જાઓ, એ બધો હિસાબ તો મેં ચૂકવી આપ્યો. હજાર ગણો બદલો વાળી આપ્યો. કેદખાનાવાળા બોલતા હતા કે હું છુટ્યો ત્યારે મારું વજન વધેલું. પણ એ લોકોને મારું મગજ, અને મારું હૈયું જોખતાં ન આવડે. (છાતી પર હાથ મૂકી હસે છે) કાલ રાત સુધી તો મને એમ જ લાગતું હતું કે આ ભાગ બધો ખાલી જ છે.

મગનલાલ–(ચિન્તાથી) હૃદયનો રોગ તો થયો નથી ને?

રઘુનાથ–શરીરનો કશો રોગ એ લોકોને લાગ્યો જ નથી.

મગનલાલ—પણ એકાદ જગ્યા પણ તમારે માટે શોધી કાઢેલી નહિ?

રઘુનાથ—હા, હા, એ થોડો વખત ચાલ્યું. માણુસો બહુ સારા પણ એટલામાં એકાએક બીજા કારકુનોને મારી બધી વાતની ખબર પડી ગઈ પછી ત્યાં કેમ ટકી શકાય? પછી બીજી નોકરી પણ તુરત મેળવી. પણ લાંબુ ચાલ્યું નહિ.

મગનલાલ—કેમ? શું હરકત આવી?

રઘુનાથ—તમારી પાસે બનાવટી વાતો શું કામ કરવી, મગનલાલભાઈ! મને લાગે છે કે હું ચારે કોરથી જાણે કોઈક વસ્તુથી ઘેરાયેલો છું, અને છુટવાના વલખાં મારું છું. જાણે કોઈ જાળ ન વીંટાઈ હોય! એક તરફથી કાપું તો બીજી તરફથી મજબુત થાય. મારા પ્રમાણપત્રો માગ્યા. હું છેતરી શક્યો હોત પણ અંદરનો વલવલાટ મને ઝંપવા નથી દેતો. હું તો ત્યાંથી એ ભાગ્યો. (મેજ પર માથું ઢાળી નાખે છે).

મગનલાલ—મને બહુ લાગી આવે છે. મારું હૈયું બળે છે. તમારી બ્હેનો તમારે માટે કશું કરી શકે એમ નથી?

રઘુનાથ—એકને ક્ષય લાગુ પડયો છે અને બીજી...

મગનલાલ—હા, હા, મને એ કહેતી હતી, કે એના ધણી સાથે તમારે બરાબર નથી.

રઘુનાથ—છતાં એને ઘેર હું જઈ આવ્યો. એ લોકો વાળુ કરવા બેસતા હતા. મારી બહેન મને મળવા ઉઠતી હતી, પણ વરની આંખ જોઈને પાછી બેસી ગઈ. એનો ધણી મને પૂછે છે, "કેમ આવ્યા છો?" હું એ અપમાન ગળી ગયો, અને બોલ્યો, 'કાં, મને મળવા યે નહિ ઉઠો?' એણે કહ્યું, "જુવો, રઘુ, આપણે સીધી વાત કરી લઈએ. તમે આવશો એ મને ખબર હતી. મેં નક્કી કરી રાખ્યું છે. હું તમને ત્રણસો રૂપીઆ આપું પણ તમારે તરત આફ્રિકા ચાલ્યા જવું એવી શરત." મેં જવાબ આપ્યો "એ તો કાયમ માટે કાઢવાનો બહુ સારો ઉપાય. પણ તમારા રૂપીઆ રાખો. મારે જરૂર નથી." હું જઈ આવ્યો છું. ત્યાં જઈ આવ્યા પછી ભાઈબંધી પણ ભારે પડે એવું છે.

મગનલાલ—બરાબર છે. પણ હું ત્રણસો રૂપીઆ આપું તો લ્યો ખરા કે નહિ? કોઈ જાતની શરત વગર. એમાં શું વાંધો?

રઘુનાથ—પણ મને એ લોકોએ ઘરમાં આશરો ય ન આપ્યો.

મગનલાલ—પણ એની ચિન્તા ન કરવી.

રઘુનાથ—છેલ્લું અઠવાડિયું ત્રણ રાતો તો બાગમાં બાંકડા પર સુઈને વીતાડયું. બાગમાં સુવું એ કંઈ બાગમાં ફરવા જવા જેવું નથી પણ એને મળ્યો ત્યારથી મારામાં નવું જીવન આવ્યું છે. બસ, એ આધારે જ જાણે હું જીવતો હોઉ એવું મને ચોક્કસ લાગે છે. કેવું પવિત્ર!

મગનલાલ—અમને બધાને તમારે માટે બહુ લાગણી છે એવું જરૂર માનજો.

રઘુનાથ—એ તો મને પણ સમજાય છે. મારે માટે બહુ દિલગીરી થાય છે. પણ મારા જેવા બદમાશનો સાથ હવે કોણ કરે?

મગનલાલ—રાખો, રાખો હવે રઘુનાથ, એવાં નામો ન બોલીએ. જરા મરદ બનો.

રઘુનાથ—પોતાના પગ પર ઉભા રહેવાની તાકાત હોય તો જરૂર મરદ બની શકાય. મારી સ્થિતિમાં નહિ. એ તો જેને વિતતી હોય તે સમજે.

મગનલાલ—ના, ના. તમારું બને એટલું સારું જ કરવા બધા લોકો પ્રયત્ન કરશે. કોઈ તમારું બુરું નહિ કરે એટલી ખાતરી રાખજો.

રઘુનાથ—એ તો હું ય સમજું છું. કોઈ નુકસાન તો ન જ કરે. પણ લોકોની

નજરમાં હલકા પડયા એ તો પડયા જ. એ જાતની લાગણી જ મને કચરી રહી છે. હું એ જાણું છું.

મગનલાલ–એવી લાગણીથી દબાવું નહિ. સૌ સારા વાનાં થશે. જુવો, હવે હું તક શોધતો રહીશ. સાહેબો જરા ખુશ મિજાજમાં હશે એવે વખતે વાત કાઢીશ. (દરમ્યાન ઠાકોરરાવ અને દિનકરરાવ આવી પહોંચે છે)

મગનલાલ–(જરા ચમકે છે). આટલા વહેલા આપ આવશો એવું નહિ ધારેલું. હું આ જુવાન સાથે જરા વાતમાં હતો. ઓળખો છો એને?

ઠાકોરરાવ–(જરા ગંભીરપણે નજર માંડીને) બરાબર; કેમ છો રઘુનાથરાવ?

દિનકરરાવ–(જરા અચકાતા હાથ લાંબો કરીને) બહુ આનંદ થયો, રઘુનાથરાવ!

રઘુનાથ–(હાથ મિલાવતાં) આપની કૃપા સાહેબ!

મગનલાલ–સાહેબ, મારે જરા વાત કરવાની છે, આપની સાથે. (રઘુનાથને) તમે જરા કારકુનના ઓરડામાં બેસો તો, ત્યાં કોઇ નથી. રઘુનાથની બધી હકીકત આપને નિવેદન કરવાની છે. એ પુરેપુરો પસ્તાયો છે. પણ કદાચ એનો વિશ્વાસ કોઇ ન કરે. એનો દિદાર એની સ્થિતિ કહી આપે છે. એને પુરૂં ખાવાનું ય નથી મળતું.

ઠાકોરરાવ–ખરેખર, મગનલાલ?

મગનલાલ–હવે મારે આપને કહેવાનું એટલું જ કે, એને પુરેપુરી શીખામણ મળી ચુકી છે. આપણે એની બધી વાત બરાબર જાણીએ છીએ. આપણે એક કારકુનની તુરત જરૂર છે. એક ઉમેદવાર આંટા ખાય છે પણ હજી મેં હા કે ના નથી કહી.

ઠાકોરરાવ–કેદમાં જઇ આવેલો કાચીય પાછો આપણી ઓફીસમાં કારકુન થાય? એ તે કેમ બની શકે, મગનલાલ?

દિનકરરાવ–ઇન્સાફના રથનાં પૈડાં હજી એના પર ફર્યા કરે છે. કેવું ભયંકર!

ઠાકોરરાવ–જે થયું છે એમાં મારી કશી યે જવાબદારી નથી. પણ બહાર આવ્યા પછી આટલો વખત એ શું કરતો હતો?

મગનલાલ–એકાદ બે ઠેકાણે નોકરી મળેલી પણ એ ટકી શકયો નહિં. એને એમ જ લાગ્યા કરે છે કે આખી દુનિયા એની સામે આંગળી ચીંધ્યા કરે છે.

ઠાકોરરાવ–એટલું મન નબળું. મને તો પહેલેથી જ એ નબળો માણસ લાગતો આવ્યો છે.

દિનકરરાવ–હું માનું છું કે એને ટેકો આપીને ઉભો કરવો એ આપણી ફરજ છે.

ઠાકોરરાવ–ફરજ તો કોણ જાણે. એ બધી જવાબદારી એની હતી.

દિનકરરાવ–બધી જવાબદારી એકને માથે નાખવાની રીત કોઇ પણ પસંદ કરે નહિ.

ઠાકોરરાવ–દિનકર! તારે પણ એકલે હાથે બધી જવાબદારીઓ ઉઠાવવા માટે તૈયાર થવાનું છે.

દિનકરરાવ–એ જવાબદારી જુદી, બાપાજી, અને આ જુદી.

ઠાકોરરાવ–છતાં મગનલાલ, હું નઠોર હૈયાનો નથી બનવા માગતો.

મગનલાલ–તો બહુ સારૂં, સાહેબ! એ બિચારો ચારે બાજુએથી ઘેરાયેલો છે. એની હાલત દયાજનક છે.

ઠાકોરરાવ–પણ પેલી બાઇ કયાં છે–જેની સાથે એ બંધાયેલો હતો? એના જ જેવી એક બાઇને હમણાં મેં નીચે રસ્તા પર જોઇ.

મગનલાલ–ત્યારે તો સાહેબ! એ એ જ બાઇ. એ બન્ને જણાં પાછાં મળ્યાં છે.

ઠાકોરરાવ–બાઇ એના ધણીની સાથે રહે છે?

મગનલાલ—ના, જી.

ઠાકોરરાવ—ત્યારે તો રઘુનાથ એની સાથે રહેતો હશે, નહિ?

મગનલાલ—એ તો કોણ જાણે? એ જાણવાનું આપણું કામ નથી.

ઠાકોરરાવ—એ આપણું કામ નહિ તો કોનું? એને નોકરીમાં આપણે રાખવો છે.

મગનલાલ—એ બાઇ અહિંયા આજે આવેલી હતી.

ઠાકોરરાવ—મને શંકા હતી જ. ના, ના, દિનકર, એ વાત વિચારવા જેવી નથી. એ બન્નેનું પરદા પાછળનું જીવન એવું ને એવું હશે. આપણે એ માણસ ન ખપે.

મગનલાલ—આપની મુશ્કેલી હું સમજું છું.

દિનકરરાવ—એના ખાનગી જીવન સાથે આપણે શી નિસ્બત છે?

ઠાકોરરાવ—અરે એવું તે હોય? એ બધા ગોટાળા ચોક્ખા કરે પછી જ આપણે એનો વિચાર કરી શકીએ.

દિનકરરાવ—બિચારો!

મગનલાલ—આપ એને નોકરીમાં રાખવા તૈયાર છો? તો પછી હું એને એ બધી વાતો સમજાવું.

ઠાકોરરાવ—હું પાછો એને નોકરીમાં લઇશ. અને એની સાથે બધા ખુલાસા પણ હું જ કરી લઇશ.

દિનકરરાવ—બાપાજી, આપ ધારશો તો એને આજથી જ નવું જીવન આપી શકશો.

(મગનલાલ રઘુનાથને લઇ આવે છે. રઘુનાથ શાન્ત, ગંભીર હસો રહે છે).

ઠાકોરરાવ—જુવો, રઘુનાથરાવ! દિનકરનો અને મારો વિચાર થયો છે કે તમને ફરીથી એ તક આપવી. પણ એ પહેલાં મારે તમને બે વાતો કહેવાની રહે છે. પહેલાં તો એ કે તમે અમારા જુલમનો ભોગ થઇ પડેલા છો એવો ખ્યાલ મનમાં હોય તો તે બિલકુલ દૂર કરી નાખો. કોઇ પણ આદમી સામાજીક નીતિનો છડે-ચોક ભંગ કરીને તદ્દન છુટી જાય એ માન્યતા ખોટી છે. સમાજ પોતાનું રક્ષણ નહિ કરે તો બીજું કોણ કરશે? એ એક વાત તમારે બરાબર સમજી લેવી.

રઘુનાથ—બરાબર છે સાહેબ! પણ એ માટે મારે પણ કંઇક કહેવાનું છે.

ઠાકોરરાવ—બોલો.

રઘુનાથ—કેદખાનામાં એ માટે મેં બહુ વિચારો કરેલા.

મગનલાલ—બરાબર, બરાબર.

રઘુનાથ—ત્યાં અનેક કોટિના ગુનેહગારો હતાં. અને ત્યાં મને એમ સમજાયું કે પહેલી વખતે અમને જુદી જાતનું વર્તન મળ્યું હોય અને કેદખાનામાં મોકલવાને બદલે અમને બધાને કોઇક અમને સંભાળી શકે એવા માણસના હાથમાં મૂક્યા હોય, તો જેલમાં જનારાની સંખ્યા ચોથા ભાગની થઇ જાય.

ઠાકોરરાવ—એ માટે મને શંકા નથી, રઘુનાથ.

રઘુનાથ—એ તો મારી માહિતીની વાત છે ને, સાહેબ!

ઠાકોરરાવ—અરે ભાઇ, પણ શરૂઆત કોણે કરેલી એ તો વિચારો!

રઘુનાથ—મારો ઇરાદો અપ્રમાણિક નહોતો.

ઠાકોરરાવ—પણ તમારું કાર્ય તો એવું હતું જ.

રઘુનાથ—(કેદખાનાના જીવનની સ્મૃતિની કડવાશથી) મને ઇનસાનમાંથી રેઢિયાળ કરી નાંખ્યો. હવે હું આગલો રઘુનાથ નથી.

ઠાકોરરાવ—અમને આમાં અન્યાય થાય છે, રઘુનાથ?

મગનલાલ—સાહેબ, એને બરાબર કહેતાં આવડતું નથી.

રઘુનાથ—ના, મગનભાઇ, હું એમ જ કહેવા માંગું છું.

ઠાકોરરાવ—હવે એ બધી વાતો ભુલી જાઓ, રઘુનાથ. ભવિષ્યનો જ વિચાર કરો હવે,

રઘુનાથ–(આતુરતાથી) બરાબર, સાહેબ, પણ કેદખાનું એ શું વસ્તુ છે એનો આપને ખ્યાલ ન હોય. (હૈયા પર હાથ મૂકીને) એ અહિંયાં ઘર કરી બેસે છે.

મગનલાલ–(ઠાકોરરાવને ધીમેથી) એને પોષણની જરૂર છે, સાહેબ.

ઠાકોરરાવ–(રઘુનાથને) બરાબર, ભાઇ, પણ એ બધું ભુલાઇ જશે. એનું ઓસડ ફક્ત સમય.

રઘુનાથ–એમ બને તો બહુ સારૂં, સાહેબ!

ઠાકોરરાવ–(નરમાશથી) બનશે જ. ફક્ત હવે તમારૂં કામ એ જ છે કે એ ભુતકાળ પર પરદો ઢાંકી દેવો, અને નવેસરથી આબરૂદાર જીવન શરૂ કરવું. અને મારી બીજી વાત એ જ માટેની છે. પેલી બાઇ, જેની સાથે તમારે નાતો બંધાયેલો, એની સાથે કશી પણ નિસ્બત ન રાખવાનું તમારે અમને વચન આપવું. નવું જીવન શરૂ કરવામાં એવો સંબંધ ચાલુ હોય તો બધી રીતે નડતર રૂપ થાય.

રઘુનાથ–(એક પછી એક બધાના ચહેરા સામું તાકે છે) પણ સાહેબ... પણ સાહેબ... એ સંબંધના દિલાસાથી તો મેં મારા કેદખાનાના દિવસો પુરા કર્યા. અને એણે...એણે પણ એ આશાએ જીવન નભાવ્યું. અને અમે તે પછી પહેલાં મળ્યાં તો ફક્ત કાલે જ સાંજે.

ઠાકોરરાવ–એ તો ઠીક નહિ, રઘુનાથ, તમે પોતે જ વિચાર કરશો તો સમજશો કે અમારાથી એ બધી વાતોઉપર ઢાંકપીછોડો ન થઇ શકે. સરળ જીવન ગાળવાની ખાતરી આપો અને કાલથી નોકરીમાં દાખલ થઇ જાઓ.

રઘુનાથ–(એકાએક નિશ્ચય પર આવીને) એને મારાથી નહિ છોડી શકાય. ના સાહેબ, એ નહીં બની શકે. મારા સિવાય એને બીજો કોઇ આધાર નથી અને મારે પણ એના વગર કોણ છે!

ઠાકોરરાવ–હું દિલગીર છું, રઘુનાથ. પણ મારે મારા નિશ્ચયને વળગી જ રહેવું જોઇએ. લાંબે ગાળે તમને બન્નેને એમ લાગશે કે તમારૂં હિત એથી સચવાયું છે. આ સંબંધ ચાલુ રાખવાથી કશો ફાયદો નથી. તમારી બધી વિપત્તિનું મુળ એમાં જ છે ને?

રઘુનાથ–પણ સાહેબ, એ બધી વિપત્તિ વેઠી; દુનિયામાંથી રદ બાતલ થઇ ગયાં; ઇનસાનનો હેવાન બની ગયો; એ બધુ એને માટે.

ઠાકોરરાવ–એ સ્ત્રીમાં સ્ત્રીપણું હશે તો એ પોતે જ તમારા હિતની ખાતર તમારા માર્ગમાંથી ખસી જશે. તમારી પડતીમાં તો એ રાજી નહી જ હોય? હા, જો એની સાથે તમે લગ્ન કરી શકો એ બને એવું હોત તો જુદી વાત.

રઘુનાથ–એ મારા હાથની વાત ન રહી. એ બિચારી છુટાછેડા મેળવી શકી હોત તો ય કંઇ નહોતું. એના ધણીના ત્રાસમાંથી તો છુટત. પણ એ તો કાયદાની વાતો રહી. હવે તો એને કોઇ થોડા પૈસાની મદદ આપે તો પણ બસ. (દિનકરરાવ સામું જુવે છે.)

મગનલાલ–(દિનકરરાવ બોલતા અચકાય છે એ જોઇને) એ બધી ગોઠવણો અમારાથી ન થાય. એ તો લાંબી વાતો થાય છે.

રઘુનાથ–મારા ગયા પછી એને ત્રાસ આપવામાં એ માણસે કશું બાકી નહિ રાખ્યું હોય. આખરે એનું ઘર છોડી ગઇ.

દિનકરરાવ–તમારી દરખાસ્તનો અમલ કરવા મારો વિચાર થાય છે, રઘુનાથ, પણ એની વ્યવસ્થા કેમ થઇ શકે?

રઘુનાથ–સહેલાઇથી, સાહેબ! (ઉતાવળે બારી પાસે જઇને નીચે નજર કરે છે) એ અહિં જ છે સાહેબ, નીચે રસ્તા ઉપર. એને ઉપર બોલાવું? એની સાથે વાત કરશો!

(દિનકરરાવ મુંઝવણમાં મગનલાલ અને ઠાકોરરાવની સામે જુએ છે)

ઠાકોરરાવ–હા, હા, ભલે આવે, બોલાવો. (રઘુનાથ બારી બહાર ડોકાઇ નીચે નિશાની કરે છે.)

મગનલાલ–સાહેબ, ઉતાવળા થવાનું કામ નથી. મને એમ જણાયું છે કે રઘુનાથની ગેરહાજરીમાં એ બાઇનું વર્તન કેવું હતું એ જરા વિચારવા જેવું છે. એના ધણીનું ઘર એ છોડી ગઇ, અને પછી કોઇ ઠેકાણે સ્થિર રહીને નોકરી કે ધંધો કર્યો નથી.

(રઘુનાથ બારી તરફથી પાછો આવે છે. ટપુ બારણું ઉઘાડી અંદર આવે છે).

ટપુ–સાહેબ, સુંદરબાઇ કામદાર અંદર આવવા માગે છે.

ઠાકોરરાવ–આવવા દે.

(સુંદરબાઇ અંદર આવીને રઘુનાથની બાજુમાં ઊભી રહે છે. ટપુ બારણું બંધ કરી બહાર જાય છે).

જુઓ, મીસીસ કામદાર, આપણે કેટલીક વાતોનો નીવેડો લાવવાનો છે. એમાં તમારા અભિપ્રાયની જરૂર છે. મેં સાંભળ્યું છે કે તમે રઘુનાથને આજકાલમાં જ ફરીથી મળ્યા.

સુંદરબાઈ–ફક્ત કાલે સાંજે–રાણીબાગમાં.

ઠાકોરરાવ–એણે અમને બધી વાતો કરી છે. અમને ખરેખર બહુ લાગી આવે છે. એ જીન્દગી નવેસરથી શરૂ કરવાની કબુલાત આપે એ શરતે મેં એને ફરીથી નોકરીમાં લેવાનું નક્કી કર્યું છે. હવે એ જરા હિમ્મતનું કામ છે, મીસીસ કામદાર.

સુંદરબાઇ–વાજબી કહો છો, સાહેબ.

ઠાકોરરાવ તમે તો એના હિતમાં જ રાજી હોઇ શકો, મીસીસ કામદાર.

સુંદરબાઇ–એનું હિત સંભાળવામાં હું કાંઇ બાકી નહીં રાખું. એની દરેક જાતની હું સંભાળ લઇશ.

ઠાકોરરાવ–એની સંભાળ લેવાનો–એનું હિત જાળવવાનો–તમારી પાસે એક જ માર્ગ છે, મીસીસ કામદાર. એનાથી તદ્દન અલગ બની જાઓ.

રઘુનાથ–(ઉતાવળો) અમારી વચ્ચેનો સ્નેહ પવિત્ર છે, સાહેબ–એમાં કોઇ શંકા ન લાવી શકે. તે દિવસે કોર્ટમાં મેં એ જ વાત કરી હતી. અને ત્યાર પછી અમે પાછા કાલે સાંજે જ ફરીથી મળ્યાં હતાં.

સુંદરબાઇ–એ વાત સાચી છે, સાહેબ.

રઘુનાથ–(સુંદરબાઇને) ન્હાના સાહેબ એમ કહે છે કે તમારૂં જીવન સુખી થાય એને માટે એ ગોઠવણ કરશે. તમારા ધણીના કબજામાંથી તમને છુટાં કરવાની પણ વ્યવસ્થા કરી શકશે.

મગનલાલ–એ શી રીતે બને, રઘુનાથ?

રઘુનાથ–અમારો સંબંધ પવિત્ર છે. અમારે કશું છુપાવવાનું નથી. પુછો એને–હું ગયા પછી બે વરસે કાલે અમે અકસ્માત જ પહેલી વાર મળી ગયાં. પણ એ બે વરસ એણે મારા પર બધી ગણતરીઓ બાંધીને માંડ પુરાં કર્યાં છે. અને હું પણ એને એક પણ દિવસ ભુલી શક્યો નથી.

ઠાકોરરાવ–અને હવે તમારે પરસ્પર સમજણ પર આવી જઇને જુદા પડી જવું. રઘુનાથ, મીસીસ કામદાર તમારૂં હિત સમજે છે. તમે એનું હિત જાણો છો.

સુંદરબાઇ–હું એની બરાબર સંભાળ લઇ શકીશ સાહેબ, અત્યારે એની સ્થિતિ—

રઘુનાથ–હજી આપને શંકા રહે છે સાહેબ? અને હવે આટલું આટલું વીત્યા પછી હું એનો ત્યાગ કરી દઉં? હું આપને વચન આપું છું કે......

ઠાકોરરાવ – હિમ્મત રાખો, રઘુનાથ, મીસીસ કામદારના જેટલી હિમ્મત તો રાખો! આ તો તમારા નવા અવતારની તૈયારી કરવાની છે.

રઘુનાથ–હજી હમણાં તો અમને મદદ કરવાની વાતો આપ કરતા હતા! સુંદરબાઇ, તમે શું કહો છો?

દિનકરરાવ-(ઠાકોરરાવને) બાપાજી!

ઠાકોરરાવ-રઘુનાથ, તમને હું ફરી તક આપું છું. જાઓ, તમારા બન્નેના ભવિષ્યના જીવન માટે તમે નક્કી કરી લેજો. મારે એ માટે કશું જાણવાનું નથી.

રઘુનાથ-પણ આમાં ઘણી ગેરસમજ થાય છે. આપ કોઇ મારું અંતર વાંચી શકતા નથી. આપ અમારી વાતો બરાબર સમજી લ્યો.

મગનલાલ-બહાર કોઇ આવ્યું જણાય છે. રઘુનાથ, તમે અને સુંદરબાઇ કારકુનના ઓરડામાં જાઓ. શાન્તિથી વિચાર કરી, મગજને બરાબર સ્થિર કરી આવો.

(બન્ને જણ ઇચ્છા વિરૂધ, અંદર જાય છે. રઘુનાથના ચંપલ બ્હાર પડી રહે છે)

ઠાકોરરાવ-એ કોણ આવેલું છે? એને ઝટ પતાવો.

ટપુ-(બહારને બારણેથી દાખલ થઇને) સાહેબ! છુપી પોલીસવાળા સારજંટ કાવસજી આવે છે.

કાવસજી-(ટપુની બરાબર પાછળ દાખલ થઇ) માફ કરજો સાહેબ, આ દખલ કરવા માટે. બે વરસ પહેલાં આ જ ઓરડામાંથી મેં આપના એક કારકુનને કબજે કરેલો.

ઠાકોરરાવ એનું શું છે મિ. કાવસજી?

કાવસજી-કદાચ આપની પાસેથી એનો પત્તો મળી શકે એમ માની અહિં આવ્યો છું.

(બધા શાન્ત ઉભા રહે છે.)

મગનલાલ-એની હિલચાલ તપાસતા રહેવાની જવાબદારી અમારી નથી, મી. કાવસજી!

ઠાકોરરાવ-એનું શુ કામ પડયું છે?

કાવસજી-હમણાં હમણાંમાં એણે પોલીસ ચોકી ઉપર હાજરી નોંધાવી નથી.

દિનકરરાવ-એવો હુકમ છે કે શુ?

કાવસજી-એનું ઠામ ઠેકાણું અમારે જાણતા રહેવું જોઇએ. છતાં અમે દરકાર ન કરત. પણ તાજેતરમાં બનાવટી પ્રમાણપત્રથી નોકરી મેળવવાનો એણે પ્રયત્ન કર્યાની ગંભીર વાત બહાર આવી છે. માટે હવે એને હાથ કરવો જ રહ્યો.

(ફરીથી શાન્તિ ફેલાય છે ઠાકોરરાવ અને મગનલાલ એક બીજા સામું જોયા કરે છે.)

મગનલાલ-મિ. કાવસજી, આજે અમે બહુ જ કામમાં છીએ. ફરીથી એકાદવાર આવશો તો અમને માહિતી હશે એટલી પુરી પાડશું.

ઠાકોરરાવ-કાયદાને મદદ કરવી અમારી ફરજ છે. પણ આ કામ મારું નથી, મિ. કાવસજી, મને લાગે છે કે એને શોધવામાં તમારે અમારી સહાય ન માગવી.

(એ બોલે છે તે દરમ્યાન રઘુનાથનાં ચંપલ પર એની નજર પડે છે. એનો ચહેરો જરા લેવાય છે. કાવસજી ડીટેકટીવની દૃષ્ટિથી વસ્તુસ્થિતિ સમજે છે,)

કાવસજી-બહુ સારું, સાહેબ! પણ મારે આપને ચેતવવા જોઇએ કે એ ડામીજને આશરો આપવો...

ઠાકોરરાવ-હું કોઇને આશરો આપતો નથી. પણ જે ખુલાસાઓ કરવાની અમારી ફરજ નથી એ અમારી પાસેથી અહીં આવીને તમે ન માગી શકો.

કાવસજી-તસ્દી માફ કરજો, સાહેબ.

મગનલાલ-અમને માહિતી હોત તો જરૂર આપત એમાં તો તમને શંકા નથીને, મિ. કાવસજી? ચાલો સાહેબજી.

(કાવસજી જાય છે. પણ બહાર જવાના રસ્તાનું બારણું ઉઘાડવાને બદલે કારકુનના ઓરડામાં જવાનું બારણું ઉઘાડે છે)

મગનલાલ-(ઉતાવળે) એ બારણું નહિ, પેલી બાજુનું, પેલી બાજુનું.

[કાવસજી કારકુનના બારણામાં જાય છે અંદરથી અવાજ સંભળાય છે. સુંદરબાઇ-"કબુલ કરી લ્યો, રઘુનાથ" રઘુનાથ-"એ કદી ન બને" સુંદરબાઇ "એ કોણ આવ્યું?" કાવસજી અંદર જાય છે. બહાર બધા સ્તબ્ધ ઉભા રહે છે]

કાવસજી-(અંદર) આઇ, તમે દૂર ઊભી જાઓ. (રઘુનાથનું કાંડું પકડી બહાર લાવે છે.)

દિનકરરાવ-આ વખતે એને જતો કરો મી૦ કાવસજી.

કાવસજી-એ મારા હાથની વાત નહિ, સાહેબ.

રઘુનાથ-(સ્હેજ કઠોર હસીને) બહુ સારું થયું.

(સુંદરબાઇ તરફ નજર ફેંકે છે. પછી ઉતાવળે બહારના બારણાંથી બહાર જાય છે. કાવસજી એની પાછળ ધસડાય છે)

દિનકરરાવ-એનું જીવન ખતમ થયું. ઇન્સાફના રથનાં પૈડાં હવે એને હમેશાં કચર્યા કરશે.

(નીચે પથ્થરની સીડી પર પગનો અવાજ આવે છે. થોડી વારે એક ભારે ધડકાર કરતો અવાજ જોરથી સંભળાય છે અને કાવસજીના શબ્દો કાને આવે છે. 'યા ખુદા, એ શું કર્યું !' ટપુ બહાર દોડે છે. દિનકરરાવ અંદરના ઓરડામાં નજર કરે છે).

દિનકરરાવ-(ચમકીને) અરે! મીસીસ કામદાર બેભાન પડેલ છે.

(મગનલાલની મદદથી એને બહાર ઉપાડી લાવે છે)

દિનકરરાવ-કોલન વોટર છે કે, મી૦ મગનલાલ ?

ઠાકોરરાવ-લાવો ઉતાવળ કરો, અને ગરમ કોફીનો એક કપ મંગાવો.

(ટપુ અને કાવસજી હાંફતા હાંફતા બોલતા ઉંચકી દાખલ થાય છે.)

ઠાકોરરાવ-(આગળ ધસીને) એ શું વળી ?

(બહારના મેજ ઉપર બેઉ ઉતારે છે. સુંદરબાઇ સિવાય બધા એ મેજની આસપાસ ઉભા રહે છે.)

કાવસજી-એણે ઠેકડો માર્યો-એની ગરદનનું હાડકું ભાંગી ગયું છે.

દિનકરરાવ-અરે ભગવાન!

કાવસજી-મારા કબજામાંથી છુટવાનો ખ્યાલ એ ઘેલછા જ કહેવાય. એને નાસવાની કશી જરૂર ન હોતી. થોડા માસમાં તો એ પાછો છુટી આવત.

દિનકરરાવ-(કડવાશથી) બસ એટલું જ કે ?

ઠાકોરરાવ-કેવું સાહસ! કેવી ઘેલછા! હવે કોઇ ડોક્ટરને બોલાવવા દોડો. ટપુ, જાઓ અને એક ડોળી મંગાવો! (કાવસજી જાય છે. સુંદરબાઇ ભાનમાં આવતાં ભયભીત દેખાય છે, એ બીતી બીતી ટેબલ તરફ જાય છે.)

દિનકરરાવ-(ચમકીને) ઓ... એ તરફ જુઓ. (ત્રણે જણા ખસે છે. સુંદરબાઇ ટેબલ પર રઘુનાથના શરીર પર ઢળે છે.)

સુંદરબાઇ-આ શું? એનો શ્વાસ ચાલતો નથી! એની ગરદન નમી પડેલી છે! રઘુ... ઓ...મારા રઘુનાથ!

(બહારના બારણામાં માણસો ઉભેલા દેખાય છે, એને જોઇને ચમકીને ઉભી થાય છે) નહિ, નહિ, હવે નહિ, હવે જાઓ. હવે એનામાં જીવ નથી રહ્યો. (માણસો પાછા હઠે છે.)

મગનલાલ-(ધીમેથી આગળ આવે છે) બસ, સુંદરબાઇ, બધી રમત પુરી થઇ! હવે એને કોઇ હાથ નહિ લગાડી શકે. રઘુનાથ રઘુનાથને આશરે ગયો.

[સુંદરબાઇ પુતળાની માફક ઉભી રહે છે. પોતાની કોઇ મોંઘી મિલ્કત લુંટાઇ ગઇ હોય, એમ મગનલાલ નીચે નમી જોયા કરે છે]

[પરદો પડે છે.]

સંપૂર્ણ

અલ મુત્ત આલી

[સર એડવિન આર્નોલ્ડ કૃત
Pearls of Faith
(ઇમાનનાં મોતી) ઉપરથી]

આપણી પવિત્ર કિતાબમાં એવું લખાયલુ છે કે ખુદાના એક ફિરસ્તાને-એક આસમાની કાર્યકર્તાને-પૃથ્વી ઉપર કશુંક કાર્ય બજાવવાનું હતું. હઝરત મૂસા (અ.)એ એને અરજ ગુઝારીઃ "મને તારી સાથે આવવાની રજા આપ જેથી ખાલિક પોતાના મખલૂકો સાથે કેમ કામ કરે છે એની માહિતી મળે." ફિરસ્તાએ કહ્યું, "તમને મારી સાથે આવવાનું પરવડશે નહીં. મારા કામની તુલના કરવાની તમારામાં શક્તિ નથી. છતાં પણ જો આવવું જ હોય તો મને કશા સવાલ જવાબ ન કરજો. હું જે કરૂં તે ફક્ત નિહાળ્યાં કરજો. પછી હું તમને બધું સમજાવીશ."

દરિયા કાંઠે એક વહાણ તરતું હતું. ફિરસ્તાએ એનાં પાટિયાં ઉપર કુહાડાથી ઘા કર્યા અને કેટલાંક પાટિયાં તોડી નાખ્યાં. મૂસા (અ.) બોલ્યાઃ "નાવિકો ડૂબી જશે. આ તો બહુ વિચિત્ર કામ કહેવાય."

ફિરસ્તો બોલ્યો, "મેં નહોતું કહ્યું કે તમને મારી સાથે પરવડશે નહીં? પણ હવે ખામોશ રહેજો."

આગળ ચાલતાં એમને એક આરબ છોકરો મળ્યો. ફિરસ્તાએ અદૃશ્ય રહીને એના ચહેરા ઉપર ફૂંક મારી. એથી એનું ગરમ લોહી થીજી ગયું. એક દર્દભરી ચીસ પાડીને એ છોકરો ઝમીન પર પડયો. એનો આત્મા શરીરમાંથી ઉડી ગયો. મૂસા (અ.) એ પ્રશ્ન કર્યો "નિર્દોષ માનવીઓ, જેણે કશો ગુનાહ કર્યો નથી, એવાઓના તું પ્રાણ હરે છે? આ તો સહન ન થઇ શકે."

ફિરસ્તાએ કહ્યું, "હું નહોતો કહેતો? મારી સાથે તમારો મેળ મળશે નહીં. હવે સવાલો ન પૂછતા."

પછી તેઓ એક ગામડાંમાં પહોંચ્યા. ત્યાં એક કંગાલ ઝૂંપડા જેવું ઘર ઉભું હતું. એની ફરતી એક વાડી હતી. એ વાડીની ફરતી કાંટાની વાડ હતી. ઘર બિસ્માર હાલતમાં હતું.

ફિરસ્તાએ એ પડું પડું થઇ રહેલા મકાનને પાડી નાખ્યું. એની ઇંટો, ચુનો અને નળિયાં નીચે પડયાં. ગરીબ લોકોએ ગુઝારા માટે ઉગાડેલા શાકના વેલાઓ, તડબુચ, સાકરટેટી, તુવેર વગેરે કચડાઇને નાશ પામ્યા.

મૂસા (અ.) એ પૂછ્યું "આ બદકામ કરવા માટે તને કેટલી મઝદૂરી મળવાની છે?"

ફિરસ્તાએ જવાબ વાળ્યો, "હવે આપણે જૂદા પડીએ તો સારૂં. પણ તમે જે વસ્તુઓ સમજી શક્યા નથી અને જેને બનતી જોવાનું તમે સહી શક્યા નથી એ તમને સમજાવું. મારો માલિક કોઇ પણ પ્રકારના દોષથી પર છે એની તમને ખાતરી કરાવું.

"મેં જે વહાણ ભાંગ્યું એ એના માલિકોને રોજી આપનારૂં હતું. એક હાકેમ એ રસ્તેથી પસાર થયો અને જે જે સાજાં સારાં વહાણો જોવામાં આવે એને કબજે કરવાનો એણે હુકમ કર્યો. પણ એ વહાણ ભાંગેલું હોવાથી તેને કબજે કરવામાં આવ્યું નહીં. એના માલિકો બચી ગયા અને એમની રોજીનું સાધન ચાલુ રહ્યું.

"હવે પેલા આરબ જવાનની વાત કહું. બે માસ દરમ્યાન એ એના ભાઇનું ખૂન કરવાનો હતો. એ ભાઇનું જીવન એની કોમ માટે વધારે ઉપયોગી છે. ખૂન કરવા તૈયાર થયેલો જવાન મનસ્વી અને મિજાજી હતો. એ મરણ પામ્યો, પણ ખૂનના ગુનાહમાંથી ઉગરી ગયો.

"હવે આ ઝૂંપડાની વાત સમજો. બે ભલા જવાનો ત્યાં વસતા હતા. એમનો પિતા ખુદાનો પૂજારી હતો. આ પથરાઓ નીચે એ પિતાએ એક ખઝાનો દાટેલો છે, જે આ ફરઝંદોની માલિકીનો છે. આ મકાન ફરીથી ચણતાં એ ખઝાનો એમના હાથમાં આવશે અને એમના કુટુંબમાં ખુશીખુશી છવાઇ રહેશે.

"પણ હવે મારી સાથે તમે મુસાફરીમાં આગળ વધશો નહીં. કારણ કે તમે સમજતા નથી કે હું જે કરૂ છું તે ખુદાના ફરમાનને અનુસરીને કરૂં છુ. હું તો એના હાથનુ એક હથિયાર માત્ર છું."

દેશદર્શન

[ભારતવર્ષ દુનિયાનો એક અતિ મહાન અને અન્ય દેશોથી અનેક રીતે નિરાળો દેશ છે. દેશ એટલો મોટો છે કે એ આખો જોવાનું પણ બહુ ઓછા માણસોથી બની શકે છે. દેશના ઇતિહાસ, ભૂગોળ, વેપારવણજ, હુન્નર ઉદ્યોગ અને રાજ્ય વ્યવસ્થાને વિશે નાની મોટી સેંકડો રસભરી વિગતોથી પ્રત્યેક શિક્ષિત હિંદીએ વાકેફ રહેવું જોઇએ. પ્રતિ માસે "નવજીવન"માં આવી કેટલીક વિગતો રજુ કરવામાં આવે છે.]

ભારતના મોટા પુલો

	લંબાઇ(ફુટ)
સોન નદી ઉપરનો પુલ	૧૦૦૫૨
ગોદાવરીનો પુલ	૯૦૯૬
મહાનદીનો પુલ	૬૯૧૨
હાવરાનો પુલ (સને ૧૮૪૩)	૨૧૫૦
જુબીલી પુલ (નયહટી)	૧૨૧૩
મેઘના નદીનો પુલ	૧૨૩૧
ડફરીન પુલ, બનારસ (સને ૧૮૮૭)	૩૫૧૮
તાપી નદીનો પુલ (૧૮૭૨)	૨૫૫૬
ઇઝ્રત પુલ, અલ્લાહાબાદ (૧૯૧૨)	૬૮૩૦
નૈનું પુલ, અલ્લાહાબાદ (૧૮૬૫)	૩૨૩૫
જમના નદીનો પુલ, દિલ્હી (૧૮૬૬)	૨૬૪૦
માંલવીઆ પુલ, બનારસ (૧૮૮૭)	...
સતલજ નદીનો પુલ	૪૨૧૦
એલેકઝાંડ્રા પુલ (ચીનાબ નદી પર)	૯૦૮૮
નર્મદા નદીનો પુલ (૧૮૮૧)	૪૬૮૭
હુગલી નદીનો પુલ	૧૯૧૩

※

મોટાં શહેરો વચ્ચેનું અંતર
(રેલ્વે રસ્તે)
(માઇલમાં)

	મુંબઇથી	કલકત્તાથી	મદ્રાસથી
આગ્રા	૮૩૫	૭૯૦	૧૨૩૯
અમદાવાદ	૩૦૬	૧૩૨૮	૧૧૦૦
અલ્લાહાબાદ	૮૪૫	૫૧૨	૧૪૮૪
અંબાલા	૯૮૪	૧૦૨૫	૧૪૮૧
બેંગલોર	૭૪૫	૧૨૪૫	૨૨૨
મુંબઇ	...	૧૨૨૩	૭૯૪
કલકત્તા	૧૨૨૩	...	૧૦૩૨
કાનપુર	૮૪૦	૬૩૦	૧૬૦૨
દાર્જીલીંગ	૧૬૧૧	૩૮૮	૧૪૨૦
દીબ્રુગઢ	૨૦૫૧	૮૨૮	૧૮૬૦
ગયા	૧૦૫૭	૨૯૨	૧૩૨૪
હૈદરાબાદ (દખ્ખણ)	૪૯૧	૯૮૭	૩૭૩
જબલપુર	૬૧૬	૭૩૩	૧૨૬૩
જોધપુર	૧૨૦૬	૧૧૩૧	૧૫૮૦
મદ્રાસ	૭૯૪	૧૦૩૨	...
લખનૌ	૮૮૫	૬૧૬	૧૩૮૬
મદુરાઇ	૧૦૯૯	૧૩૩૭	૩૦૫
મથુરા	૬૬૮	૮૨૩	૧૨૭૨
નાગપુર	૫૨૦	૭૦૩	૬૮૨
પુના	૧૧૯	૧૩૪૨	૬૭૫
રાંચી	૧૪૪૭	૨૫૧	૧૨૯૩
સહરાનપુર	૯૭૪	૯૩૮	૧૪૩૦
ત્રીચીનાપલી	૧૦૦૩	૧૨૪૧	૨૦૯
વિશાખાપટ્ટમ	૧૨૭૭	૧૫૧૫	૪૮૩
શિમલા	૧૩૦૧	૧૩૪૨	૧૭૯૮

※

હિમાલયના શિખરો

(ફુટમાં ઉંચાઇ)

એવરેસ્ટ	૨૯૦૦૨
કે–૨	૨૮૨૫૦

૨. ઇસ્ટર્ન	૫૬૭૫
૩. નોર્થ ઇસ્ટર્ન	૪૭૨૯
નોર્થઈસ્ટર્નની શાખાઓ { ચપરમુખ–સીલઘટ	૫૧
{ કટાખલ–લાલબઝાર	૨૩
૪. નોર્ધર્ન	૫૯૯૫
(નોર્ધર્નની શાખા રૂપર–નાગલ ડામ)	૩૪
૫. સધર્ન	૫૮૩૭
(આ રેલ્વેની ૯ જુદી જુદી શાખાઓ છે જેનો કુલ વિસ્તાર ૧૯૦ માઇલ જેટલો છે.)	
૬. વેસ્ટર્ન	૫૬૩૧

બીજો વર્ગ

૧. બારસી લાઇટ	૨૦૩
૨. શહાદ્રા–સહરાનપુર લાઇટ	૯૩

ત્રીજા વર્ગમાં કુલ ૧૪ રેલ્વેઓ છે જેમાં મોટામાં મોટીની લંબાઇ ૬૫ માઇલની અને નાનામાં નાનીની ૩ માઇલની છે. આ ૧૪ રેલ્વેઓની મળીને એકંદર લંબાઇ ૪૬૧ માઇલની છે. આમ ૧ લા વર્ગનો વિસ્તાર ૩૩૫૮૨ માઇલનો, બીજા વર્ગનો ફક્ત ૨૯૬ માઇલનો ને ત્રીજા વર્ગનો ૪૬૧ માઇલનો મળી દેશભરમાં એકંદરે ૩૪૩૩૯ માઇલની લંબાઇના રેલ્વેના પાટા હસ્તીમાં છે. છતાં આખા એશિયા ખંડમાં આપણા દેશનો રેલ્વે વિસ્તાર મોટામાં મોટો છે. આ રેલ્વેઓ પાછળ અત્યાર સુધીમાં ૮ અબજ રૂપીઆનું ખર્ચ કરવામાં આવ્યું છે. હવે બધી જ રેલ્વેઓ ઉપર માલિકી ભારત સરકારની થઇ ચુકી છે અને ૭૭૭ માઇલનો વિસ્તાર બાદ કરતાં બાકીના ૩૩૫૬૨ માઇલની સઘળી રેલ્વેઓ પર વહીવટ પણ સરકારનો જ ચાલે છે.

ભારતનો રેલ્વે વિસ્તાર લંબાઇમાં દુનિયા ભરના દેશોમાં ચોથે દરજ્જે આવે છે. અમેરિકા, રશિયા અને કેનેડા એ ત્રણ દેશોનો રેલ્વે વિસ્તાર આપણા કરતાં મોટો છે.

ભારતમાં રેલ્વે સ્ટેશનોની સંખ્યા ૭૨૦૦૦ની છે. ભારતમાં પહેલી રેલ્વે સને ૧૮૫૩ના એપ્રિલની ૧૬ મી તારીખે મુંબઇથી કલ્યાણ સુધી ૩૨ માઇલના અંતર પર ચાલી હતી.

રેલ્વેની કુલ આમદાનીનો ૯૦ ટકા જેટલો હીસ્સો ત્રીજા વર્ગના મુસાફરો તરફથી મળે છે.

વિજળીથી ચાલતી પહેલી રેલ્વે ટ્રેન સને ૧૯૨૫ની સાલમાં વિક્ટોરીઆ ટરમીનસ (બોરીબંદર–મુંબઇ) અને કુરલા વચ્ચે ચાલી હતી. હાલ મુંબઇ, પુના અને મદ્રાસ એ ત્રણ શહેરોમાં વિજળીક ટ્રેન ચાલે છે. આખા દેશમાં વિજળીક રેલ્વેનો કુલ વિસ્તાર ૨૪૦ માઇલથી વધારે નથી

ભારતની ઘણીખરી મોટી રેલ્વેઓના બે પાટા વચ્ચે સાડાપાંચ ફુટનું અંતર હોય છે. દુનિયાભરમાં નાંખવામાં આવેલા રેલ્વેના પાટાઓમાં આ અંતર મોટામાં મોટું છે.

આપણી રેલ્વેઓ બધી મળીને વરસ દહાડે ૧ કરોડ ટન જેટલો કોલસો બાળે છે.

—"તમે પોપટ શા માટે પાળો છો?" એક યુવાને એક વૃદ્ધને પૂછ્યું. વૃદ્ધે જવાબ આપ્યો, "એટલાં માટે કે મને પોપટનું બોલવું ગમે છે. ઇશ્વરે જેને વાણી આપી છે એવાં બધાં પ્રાણીઓમાં પોપટ એક જ એવું પ્રાણી છે કે જે પોતે સાંભળ્યું હોય તેટલું જ બોલીને સંતોષ માને છે અને તેમાં પોતાના તરફથી કશો ઉમેરો કરતો નથી"

પણ



ઉત્કૃષ્ટ સાહિત્યનું
સચિત્ર માસિક

તંત્રી
રામુ પરમાનંદ ઠક્કર

વર્ષ ૨ જું
અંક ૫ મો
માર્ચ ૧૯૫૫

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૧૦
પરદેશોમાં શી. ૨૦
છુટક નકલની
કીંમત રૂ. ૧
અથવા શીલીંગ ૨

દફતરનું સરનામું:
૩૫, બાપુભાઇ વશી રોડ,
વિલેપારલે, મુંબઇ નં. ૨૪

મુદ્રક અને પ્રકાશક:
રામુ પરમાનંદ ઠક્કર.
મુદ્રણ અને પ્રકાશનસ્થાન:
"ગુજરાતી" પ્રિંટીંગ પ્રેસ
૩૦૮, બઝારગેટ સ્ટ્રીટ, રીઝર્વ
બેંકની પાછળ, કોટ, મુંબઇ ૧

અનુક્રમણિકા

આફ્રિકા ખાતેના એજંટ
Mrs. Rama D. Thakkar
c/o Dr. D. R. Thakkar, M.D.,
P. O. Box No. 147,
JINJA (Uganda)
ઉપરને સરનામે લવાજમ ભરીને ગ્રાહક થઈ શકાશે. નવજીવનની નકલો પણ તેમની પાસેથી મળી શકશે.

પુસ્તક ૧ લું] માર્ચ ૧૯૫૫ [અંક પાંચમો

॥ ॐ ॥

भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवान्सस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ભારતભાગ્યવિધાતા—કોણ ?

"જનગણમન-અધિનાયક જય હે, ભારત ભાગ્યવિધાતા !" એ પંક્તિથી શરૂ થતું કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું એક બંગાલી ગીત આપણું રાષ્ટ્રગીત બન્યું છે. આપણી રાષ્ટ્રભાષા તો હિંદી કરી છે, એટલે ખરી રીતે આપણું રાષ્ટ્રગીત પણ રાષ્ટ્રભાષામાં રચાયલું હોવું જોઈએ. છતાં એ વાત આપણે જતી કરીએ. ૩૬ કરોડની વસતિવાળા આ દેશમાં ૧૫ કરોડ જેટલા માણસો હિંદી ભાષાભાષી છે, જેમાં અનેક પ્રખર વિદ્વાનો અને મહા કવિઓ છે એમ કહેવાય છે, છતાં એ ભાષામાં આજ સુધી કોઈએ એવું કાવ્ય રચ્યું નથી કે જેને આપણે આપણું રાષ્ટ્રગીત બનાવી શકીએ. આ હકીકત હિંદી ભાષાનું દારિદ્રય સૂચવે છે કે રાષ્ટ્રગીત પસંદ કરનારાઓનો પ્રમાદ સૂચવે છે એ તો ઈશ્વર જાણે! પણ ઘણા માણસોને વિમાસણ કરાવે તેવો એક પ્રશ્ન એ છે કે કવિ રવીન્દ્રનાથ ટાગોરે

આ કાવ્યમાં જેને "ભારતભાગ્યવિધાતા" (ભારતના ભાગ્યનો-નસીબનો-ઘડનાર) કહીને સંબોધન કર્યું છે તે કોણ છે? આજે જ્યારે આપણે એ રાષ્ટ્રગીત ગાઈએ છીએ ત્યારે તેમાં કોને સંબોધન કરીએ છીએ?

આ સવાલ કોઈને પૂછીશું તો પહેલો જવાબ મળશે, "ઇશ્વર." એ કાવ્યમાં આપણે ઇશ્વર પ્રાર્થના કરીએ છીએ એવું આપણને કોઈ સમજાવશે.

પણ ઇશ્વર કેવલ ભારતના જ ભાગ્યનો વિધાતા નથી. ઇશ્વર તો સમસ્ત જગતનો, અરે, ત્રિલોકનો, ૧૪ બ્રહ્માંડોનો ભાગ્યવિધાતા છે. ઇશ્વરને માત્ર "ભારતભાગ્યવિધાતા" કહીને સંબોધન કરવું એ તો તેની શક્તિની મર્યાદા બાંધવા જેવું થાય. રવીન્દ્રનાથ જેવો મહાન કવિ ઇશ્વરને એ રીતે સંબોધન ન કરે. સામાન્ય માનવીઓ પણ જ્યારે ઇશ્વરની પ્રાર્થના કરે છે ત્યારે તેને સકલ સૃષ્ટિના સ્વામી અને સર્વ શક્તિમાન પ્રભુ તરીકે સંબોધન કરે છે. પછી કવિ એવી ભૂલ કેમ કરી શકે?

ત્યારે એ કાવ્યમાં સંબોધન કોને કરવામાં આવ્યું છે?

અનુમાનો ભલે ગમે તેટલા થાય, પણ હકીકત એ છે કે એ સંબોધન એક બ્રિટિશ બાદશાહ અને ભારતના શાહાનશાહ મરહૂમ જ્યોર્જ ૫ માને કરવામાં આવેલું છે.

કવિએ આ કાવ્ય સને ૧૯૧૧ માં જ્યારે સમ્રાટ ૫ મા જ્યૉર્જનો દિલ્લીમાં રાજ્યાભિષેક થયો તે પ્રસંગે તેને સંબોધન કરીને રચેલું. એ આખું કાવ્ય આજે પણ બહુ થોડા ભારતવાસીઓ જાણતા હશે, પણ જેઓ જાણતા હશે તેઓ જોઈ શકશે કે તેની પ્રત્યેક કડીમાં એ જ સૂર નીકળે છે. દાખલા તરીકે બીજી કડીમાં બે પંક્તિઓ છે:-હિંદુ, બૌદ્ધ, શીખ, જૈન, પારસીક, મુસલમાન, ખ્રિસ્તાની, પૂરબ પશ્ચિમ આસે (આવે) તવ સિંહાસન પાસે." જેનો અર્થ એવો થાય કે દેશના વિવિધ ધર્મો પાળનારી તમામ પ્રજા ચારે દિશામાંથી તારા સિંહાસન પાસે આવે છે. સિંહાસન કેવલ રાજાઓને જ હોય છે.

એ પછી પણ કોઈના મનમાં કશી શંકા રહી જતી હોય તો તે એ કાવ્યની છેલ્લી પંક્તિથી સર્વથા નિર્મૂલ થાય છે. છેલ્લી પંક્તિ છે:-' જય જય જય હે જય રાજેશ્વર, ભારત ભાગ્યવિધાતા." રાજેશ્વર એટલે રાજાઓનો રાજા-શાહોનો શાહ-શાહાનશાહ.


રવીન્દ્રનાથ જેવા સ્વદેશાભિમાની અને રાષ્ટ્રવાદી કવિ પરદેશી હકુમતના સમ્રાટને ઉદ્દેશીને આવું પ્રશસ્તિ કાવ્ય રચે નહીં એવી દલીલ સ્વાભાવિક છે. પણ એ દલીલ ખોટી છે. આ કાવ્ય કવિએ ૧૯૧૧ની સાલમાં રચેલું. એ વખતે ભારતમાં પરદેશી શાસન સામે કચવાટ તો ચાલતો હતો પણ કોઈએ બળવો પોકાર્યો નહોતો. રાષ્ટ્રભાવનાનો ઇજારો રાખી બેઠેલી ગણાતી ઇંડીઅન નૅશનલ કૉંગ્રેસની દરેક બેઠકમાં પણ એ સમયે બ્રિટિશ

સમ્રાટ અને બ્રિટિશ સરકાર પ્રત્યે ભારતની વફાદારીનો ઠરાવ સહુ પહેલો પ્રમુખસ્થાનેથી પસાર કરવામાં આવતો.

ટાગોર કુટુંબ તો અસલવારીથી બ્રિટિશ હકુમતનું કૃપાપાત્ર એની સેવાઓના બદલામાં બ્રિટિશ સરકાર તરફથી ટાગોર કુટુંબને જમીન-જાગીર અને ઇનામ અકરામો મળેલાં. એ કુટુંબના ઘણા નબીરાઓ બ્રિટિશ સરકારમાં ઉંચા હોદ્દાના અમલદારો હતા. ખુદ કવિને પણ એ જ બ્રિટિશ સરકારે "સર"નો ખેતાબ આપેલો. "સર"નો ખેતાબ–નાઇટહુડ-બ્રિટિશ સરકારે કદી કોઇ રાષ્ટ્રવાદી કે સ્વાતંત્ર્ય માટે લડનાર નરવીરને આપ્યો નથી એ તો જાણીતી વાત છે. એ ખેતાબ ફક્ત સરકારના ખુશામતીઆઓ, વફાદાર સેવકો, મોટા અમલદારો અને સરકારને નમીને ચાલનારાઓ અને તેનું સાર્વભૌમત્વ સ્વીકારનારાઓને જ અપાતો એ પણ એટલી જ જાણીતી વાત છે. ટાગોર કુટુંબની ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે રવીન્દ્રનાથ પણ એક વેળા તો ભારત પર શાસન કરતી બ્રિટિશ હકુમતના એક વફાદાર શહેરી અને પ્રશંસક હતા એ વાતમાં બે મત નથી. એમને મળેલું "નાઇટહુડ" એ હકીકતની પ્રતીતિ છે.

કવિમાં રાષ્ટ્રભાવના, બ્રિટિશ હકુમત પ્રત્યેનો અણગમો, ભારતની સ્વતંત્રતા માટેની કામના, સ્વદેશી પ્રત્યેનો પ્રેમ એ બધી લાગણીઓ તો ત્યાર પછી ઘણે વખતે જોવામાં આવેલી. નાઇટહુડનો પોતાનો ઇલ્કાબ કવિએ ૧૯૨૦ માં ગાંધીજીની "અસહકાર"ની લડત દરમીઆન છોડયો. સ્વદેશાભિમાનની કવિમાં કોઇ કસર નહોતી, છતાં સ્વદેશાભિમાન કાયમ રાખીને પણ બ્રિટિશ હકુમત પ્રત્યેની વફાદારી બતાવવામાં કશી અયુક્તિ ગણાતી નહોતી. રાનડે, ગોખલે, દાદાભાઇ, ફિરોઝશાહ વગેરે એવા જે સ્વદેશાભિમાની નરવીરો હતા અને તેઓ બધા જ બ્રિટિશ હકુમતને વફાદાર હતા. કવિ પૂર્વાવસ્થામાં એ જ કક્ષામાં હતા. એટલે તેમણે શહેનશાહ ૫ મા જ્યોર્જના રાજ્યાભિષેક પ્રસંગે તે સમ્રાટને ઉદ્દેશીને પ્રશસ્તિનું કે પ્રાર્થનાનું કાવ્ય રચ્યું હોય તેમાં કશી જ નવાઇ નથી. ઉત્તરાવસ્થામાં સરકાર સાથે અસહકાર કરીને જીંદગીભર ગરીબી વેઠનાર આપણા મહાન ગુજરાતી કવિ ન્હાનાલાલે પણ એ રાજ્યાભિષેક પ્રસંગે સમ્રાટને ઉદ્દેશીને "રાજ રાજેન્દ્રને" નામનું એક પ્રશસ્તિ–પ્રાર્થનાનું મહાકાવ્ય રચેલું:

નવાઇ તો ફક્ત એટલી જ છે કે જે સામ્રાજ્ય આપણે માથેથી ઉડી ગયું છે તેના એક ભૂતપૂર્વ પાદશાહને સંબોધન રૂપે રચાયલું કાવ્ય આજે આપણું રાષ્ટ્રગીત બન્યું છે અને તે પણ રાષ્ટ્ર ભાષામાં રચાયલું નથી! નવાઇ તો એટલી જ છે કે જે કરોડો ભારતવાસીઓ આજ રોજ રોજ એ રાષ્ટ્રગીત ગાય છે તેમાંથી કોઇને એ ખબર નથી કે એ ગીતમાં પોતે કોને સંબોધન કરી રહ્યા છે! આ ગીતને રાષ્ટ્રગીત તરીકે પસંદ કરનારા દેશના મોટામાં મોટા મુત્સદ્દીઓ, પંડિતો, વિદ્વાનો, કવિઓ, સાક્ષરો અને રાજપુરુષોને પણ કદાચ એ પ્રશ્ન નહીં ઉઠયો હોય કે "ભારતભાગ્યવિધાતા" તરીકે સંબોધન કોને કરવામાં આવ્યું છે–એ જ મોટામાં મોટી નવાઇ છે.



તમારા રાસ

[મજનૂ]

(૧)

ઘડી, નયનો થકી નયનો મિલાવો
તમોને એક પૂછું વાત છાની,
કદિ દિલ ચ્હાય તો અમ સાથ આવો
સદા ભટકી રહેલાં ઓ ગુમાની!
કહો ક્યાં છે તમારી રાજધાની?

તમારા મહેલ ક્યાં? આવાસ ક્યાં? જયના મિનારા ક્યાં?
તમારા ગુલશનો ક્યાં? દિવ્ય સાગર ક્યાં? કિનારા ક્યાં?

(૨)

તમે અમને કુમબોસી શીખાવી
અને કદમો નથી કૈં સ્થિર કીધા,
અમોને ઇશ્કની રીતો બતાવી
ધબકતાં અંતરોનાં દાન દીધાં
જહેરભર્યા જામ આપ્યાં એમ પીધાં

છતાંયે દૂર રહીને સ્નેહનાં ઝરણાં વહાવો છો!
અને "અંતર વસું છું હું" સખુન એવા કહાવો છો!

(૩)

ગુલોના ગાલમાં નજરે પડો છો
ફરો છો ગાન કોકિલનાં હૃદયમાં
અમારા દર્દમાં સાથે રડો છો
સુકોમળ કર ધરો છો ઘોર ભયમાં
ઉભી સાથે પરાજય ને વિજયમાં

કદિ પ્રકટી રહો છો મયપરસ્તો સાથ મસ્તીમાં!
કદિ ઝબકી રહો છો મંદિરોની બુતપરસ્તીમાં!

(૪)

તમારૂં નૃત્ય દેખી મેઘ નાચ્યો,
તમારા ગાલની સુરખી નિહાળી
ગુલોઝરતા ઉષાનો રંગ રાચ્યો;
ઘનોમાં ફરતી ઝબૂકે વીજ ભાળી
તમારી મસ્ત ઘેરી આંખ કાળી.
તમારાં હાસ્ય ખીલ્યાં સુરધનુના સાત રંગોએ!
તમારાં લાસ્ય ઝીલ્યાં સાત સાગરના તરંગોએ!

(૫)

રૂપેરી ચંદ્રિકાની નાવડી પર
ગીન વ્યોમસાગરમાં તરો છો;
અમારાં સ્વપ્નમાં પ્રકટી ઘડી ભર
વિસારેલાં સ્મરણ તાજાં કરો છો
જીવનમાં જ્યોતના જલ્વા ભરો છો.
સુણું છું આપનાં પગલાં ગગનભરના સિતારા પર,
અને પડઘા ગણું છું સર્વદા અંતર અમારાં પર!

(૬)

ભરી બ્રહ્માંડને બાકી રહ્યા છો,
વિરાટોમાં વસો છો દેહ ધારી.
ગગનના ગોખથી તાકી રહ્યા છો
અમારી નાચતી ધરતી બીચારી
ધરી કરમાં સુગંધી પુષ્પક્યારી.
અગ્નિના ઓઢણા ઓઢી ભયંકર નૃત્ય નાચો છો!
અખિલ ખડો ધ્રુજાવી, ખેલ ખેલી, આપ રાચો છો!

(૭)

તમારાં સ્નેહમંદિર ક્યાં રચાયાં?
તમારી આંખને ઇશારે
ક્યા હૈયે તમારાં ગીત ગાયાં?
અખિલ અવનિ તણા સાગરકિનારે
સમર્પણના સનાતન એકતારે?
મને કહેશો, જરા દિલબર! તમારા વાસ ક્યાં છાયા?
સકલ બ્રહ્માંડમાં હરદમ, તમારા રાસ મંડાયા!



હું માનું છું કે-

નિવેદક

મુંબઇના વૈષ્ણવ સંપ્રદાયના
મોટા મંદિરના આચાર્ય
ગોસ્વામિ શ્રી. દીક્ષિતજી મહારાજ
મુંબઇ.

૧. પુરૂષમાં વખાણવા લાયક સદ્ગુણ કયો? (પરિસ્થિતિ વિચારકતા તથા પ્રામાણિકતા)

परिस्थिति विचारकता तथा प्रामाणिकता।

૨. સ્ત્રીમાં વખાણવા લાયક સદ્ગુણ કયો? (વાત્સલ્ય)

वात्सल्य

૩. જીંદગીની ખરેખરી સફળતા શામાં? (બ્રહ્મપ્રાપ્તિમાં)

ब्रह्मप्राप्तिमाँ।

૪. આપનો પ્રિય વિનોદ કયો? (દાર્શનિક આલોચન)

दार्शनिक आलोचन

૫. આપનું મનગમતું ફૂલ કયું? (ગુલાબ)

गुलाब

૬. આપનો પ્રિય લેખક કયો? (શ્રી. વેદાન્તદેશિક તથા શ્રી. કાલિદાસ)

श्रीवेदान्तदेशिक तथा श्री कालिदास।

૭. આપનું પ્રિય પુસ્તક કયું? (શ્રીમદ્ભાગવત)

श्रीमद्भागवत।

૮. આપનો મુદ્રાલેખ:

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन

૯. સહી

गो. दीक्षित.

["માણુસને આખરે જમીન કેટલી જોઇએ?" એ શીર્ષક નીચે પ્રખ્યાત રશિયન ફિલસુફ, સંત અને લેખક કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોયે લખેલી એક સુંદર વાર્તાનો અનુવાદ અંહી રજુ કરવામાં આવે છે "લોભને થોભ નથી" એ કહેવત પ્રમાણે માણસ આખી દુનિયાની દોલતનો સ્વામી થવા ઇચ્છે, પણ જેમ એને વધુ દોલત મળે તેમ વિશેષ મેળવવાની તેના મનમાં તૃષ્ણા જાગે છે. છતાં આખરે તો માનવીને ફક્ત ૭ ફુટ કરતાં વધારે જમીનની જરૂર પડતી નથી એ સત્ય સાબીત કરીને લેખકે આ વાર્તામાં જેટલું હોય તેટલામાં સંતોષ માનવાની વૃત્તિની હીમાયત કરી છે.]

માગો તેટલી જમીન



રશિયન વાર્તા

મૂળ લેખક—
કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોય

શહેરમાં રહેનારી એક મોટીબહેન એક વાર ગામડાંમાં રહેતી પોતાની નાની બહેનને મળવા ગઇ. મોટીબહેનનો વર વેપારી હતો અને નાની બહેનનો વર ખેડુત હતો. બેઉ બ્હેનો ચ્હાપીતી પીતી વાતે વળગી ત્યારે મોટી બહેને પોતાના શહેરી જીવનની બડાઇઓ હાંકવા માંડી. શહેરમાં રહેવાની સગવડો, આરામ, ખાવા પીવા માટે મળતી અવનવી મીઠી વાનીઓ, પોતાનાં છોકરાંઓને પહેરવા મળતાં સુન્દર વસ્ત્રો, હરવા ફરવાની ને સિનેમા જોવાની મોજ વગેરેનું તેણે વર્ણન કરવા માંડ્યુ.

એ સાંભળીને નાની બહેન ખીજાઇ ગઇ. એણે પોતાના ગ્રામ્ય જીવનની તારીફ કરવા માંડી અને વેપારીની પત્નીની જીંદગીમાં કશી જ મજા નથી એમ કહીને ખરેખરાં સુખ શાંતિ તો ખેડુતનાં જીવનમાં છે એમ કહેવા માંડ્યું. એણે કહ્યું "બ્હેન, તારી ને મારી સ્થિતિની અદલાબદલી કરવાનું તું કહે તો મને એ મંજુર નથી. અલબત્ત અમારા ગામડામાં જીવન એકધારૂં અને સાદું છે એ વાત ખરી. અમારા જીવનમાં ઉશ્કેરાટ કે સનસનાટી જેવુ કશું હોતુ નથી. પણ તમારે તો આવું ખરચાળ જીવન જીવવા માટે બહુ મોટો વેપાર ખેડવો પડે અથવા તો પૈસે ટકે બરબાદ પણ થઇ જવું પડે. 'વેપારમાં નુકસાન નફાનો મોટો ભાઇ છે' એ કહેવતની તો તને ખબર હશે. આજે તમે શ્રીમંત હો, પણ કાલે કદાચ રસ્તે રખડતા પણ થઇ જાઓ. પણ અમારા ગામડાની વાત જુદી છે. ખેડુતનું પેટ ભલે ફુલેલુ નથી હોતુ પણ લાંબુ હોય છે એનો અર્થ એ કે ખેડૂત કદી

શ્રીમંત ભલે ન થાય પણ જરૂર પુરતું તો તેને હમેશ મળી રહે છે.

એ સાંભળીને મોટી બહેન છેડાઇ પડી. "જરૂર પુરતું તું કોને કહે છે? આ તારા ઢોર ઢાંખરામાં બધું આવી ગયું! તારી પાસે મારાં જેવાં સરસ કપડાં છે ખરાં? તમે ગમે તેટલી મજુરી કરો તોયે આખરે ગાર માટીના ઝૂંપડામાં જ રહેવાના ને એમાં જ મરવાના. ને તમારી પછી તમારા છોકરાંઓની પણ એ જ દશા. તમે કોઇ વાર ઉંચા આવો જ નહીં ને!"

નાની બહેને કહ્યું, "વાત એમ નથી બહેન, ભલે અમે સાદાઇથી રહેતા હઇશું, પણ અમારી જમીન તો અમારા હાથમાં છે, અને અમારે કોઇની ખુશામત કરવી પડતી નથી કે લાચારી ભોગવવી પડતી નથી. તમે લોકો શહેરમાં એક બીજાને મળીને કુથલી કર્યા કરો છો. આજે તમારી હાલત બહુજ સારી હોય પણ તમારા ધણીના મનમાં કોઇ હરામ ચસકો પેસે ને એ જુગારી કે શરાબી બની જાય તો તમારૂં કુટુંબ દુઃખી દુઃખી થઇ જાય. મારી વાત ખોટી છે!"

બેઉ બ્હેનો વચ્ચેની આ વાતચીત નાની બહેનનો વર પાખોમ સઘડી પાસે બેઠો બેઠો સાંભળતો હતો તે વચ્ચે બોલી ઉઠયો, "વાત ખરી છે. છેક બચપણથી હું ધરતી માતાને ખેડતો આવ્યો છું એટલે કોઇ જાતના ખોટા વિચારો કરવા માટે મને ફુરસદ જ મળી નથી. મારી મુશ્કેલી ફક્ત એટલી જ છે કે મારી પાસે જમીન બહુ થોડી છે. મને જો વધુ જમીન મળી જાય તો પછી હું કોઇની પરવા કરૂં નહીં—ખુદ શયતાનની પણ નહીં."

બન્ને બ્હેનોએ ચ્હા પી લીધી, કપડાં અને ઘરેણાં વિશે થોડી વાત કરી, પછી ચ્હાનાં વાસણ માંજી નાખ્યાં અને પછી બેઉ સુવા ચાલી ગઇ.

એ વાત ચાલી એટલો વખત શયતાન પેલી સઘડીની પાછળ છુપાઇ બેઠો હતો અને તેણે વાત સાંભળી લીધી હતી. ખેડુને જ્યારે વધારે જમીન માટેની પોતાની ઇચ્છા જાહેર કરી ત્યારે શેતાન ખૂબ રાજી થયો. તેણે મનથી વિચાર કર્યો, "સરસ વાત છે. હું તને હવે બરાબર દાવમાં લઇશ. હું તને ખૂબ મોટી જમીન અપાવીશ અને પછી એ બધી જ તારી પાસેથી લઇ લઇશ."

એ ખેડુતના ઘરની નજીકમાં એક મોટો જમીનદાર રહેતો હતો ને તેની પાસે લગભગ ૩૦૦ એકર જેટલી જમીન હતી. પહેલાં તો જમીનદારને બીજા ખેડુતો સાથે સારો બનાવ હતો પણ તેણે જમીનની સંભાળ માટે એક કડક સ્વભાવનો મુકાદમ રાખ્યો અને તે મુકાદમે આજુબાજુના ખેડુતોને પજવવા માંડયાં. પાખોમ ગમે તેટલી કાળજી રાખે તો પણ કોઇ વાર તેનો એકાદ ઘોડો (રશિયામાં ખેતી માટે ઘોડાનો ઉપયોગ થાય છે) એ જમીનદારના ખેતરમાં ઘુસી જઇને તેના ચણા ખાઇ જાય, કે તેની કોઇ ગાય જમીનદારના ખેતરનું ઘાસ ચરી આવતી. આવું બને ત્યારે પેલો જમીનદારનો મુકાદમ જાનવરોને ડબામાં પૂરતો ને તેના માલિક પાસેથી દંડ વસુલ કરતો.

પાખોમને વારે વારે એવો દંડ ભરવો પડે ત્યારે પોતાનો ખીજવાટ એ ઘરનાં માણસો ઉપર ઉતારતો ને તેમને મારતો. આખરે એક વાર આ મુશ્કેલીનો અંત આવતો દેખાયો: જમીનદારે પોતાની જમીન વેચવા કાઢી અને પેલા મુકાદમે એ ખરીદી લેવાની તૈયારી કરવા માંડી. એ વાત ગામમાં ફેલાઇ ત્યારે બધા ખેડુતોને બહુ ચિંતા થવા લાગી. એમણે મળીને વિચાર કર્યો કે જો મુકાદમ જમીન ખરીદી લેશે તો પહેલાંના કરતાં પણ આપણને વધુ હેરાન કરશે. માટે આપણે બધા મળીને એ જમીન થોડી થોડી લઇ લઇએ તો બધાને સુખ થાય.

એમ નક્કી કરીને ગામનો મુખી ખેડુત થોડા બીજા ખેડુતોને સાથે લઇને જમીનદારને મળવા ગયો અને તે બધાએ મળીને જમીન

["માણસને આખરે જમીન કેટલી જોઈએ?" એ શીર્ષક નીચે પ્રખ્યાત રશિયન ફિલસુફ, સંત અને લેખક કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોયે લખેલી એક સુંદર વાર્તાનો અનુવાદ અહીં રજુ કરવામાં આવે છે "લોભને થોભ નથી" એ કહેવત પ્રમાણે માણસ આખી દુનિયાની દોલતનો સ્વામી થવા ઈચ્છે પણ જેમ એને વધુ દોલત મળે તેમ વિશેષ મેળવવાની તેના મનમાં તૃષ્ણા જાગે છે. છતાં આખરે તો માનવીને ફક્ત છ ફુટ કરતાં વધારે જમીનની જરૂર પડતી નથી એ સત્ય સાબીત કરીને લેખકે આ વાર્તામાં જેટલું હોય તેટલામાં સંતોષ માનવાની વૃત્તિની હીમાયત કરી છે.]

માગો તેટલી જમીન



રશિયન વાર્તા

મૂળ લેખક—
કાઉન્ટ લીઓ ટોલ્સ્ટોય

શહેરમાં રહેનારી એક મોટી બહેન એક વાર ગામડામાં રહેતી પોતાની નાની બહેનને મળવા ગઈ. મોટી બહેનનો વર વેપારી હતો અને નાની બહેનનો વર ખેડુત હતો. બેઉ બહેનો ચ્હાપીતી પીતી વાતે વળગી ત્યારે મોટી બહેને પોતાના શહેરી જીવનની બડાઈઓ હાંકવા માંડી. શહેરમાં રહેવાની સગવડો, આરામ, ખાવા પીવા માટે મળતી અવનવી મીઠી વાનીઓ, પોતાનાં છોકરાંઓને પહેરવા મળતાં સુન્દર વસ્ત્રો, હરવા ફરવાની ને સિનેમા જોવાની મોજ વગેરેનું તેણે વર્ણન કરવા માંડ્યું

એ સાંભળીને નાની બહેન ખીજાઈ ગઈ, એણે પોતાના ગ્રામ્ય જીવનની તારીફ કરવા માંડી અને વેપારીની પત્નીની જીંદગીમાં કંઈ જ મજા નથી એમ કહીને ખરેખરાં સુખ શાંતિ તો ખેડુતનાં જીવનમાં છે એમ કહેવા માંડ્યું. એણે કહ્યું: "બહેન, તારી ને મારી સ્થિતિની અદલાબદલી કરવાનું તું કહે તો મને એ મંજુર નથી, અલબત્ત અમારા ગામડામાં જીવન એકધારૂં અને સાદું છે એ વાત ખરી. અમારા જીવનમાં ઉશ્કેરાટ કે સનસનાટી જેવું કશું હોતું નથી. પણ તમારે તો આવું ખરચાળ જીવન જીવવા માટે બહુ મોટો વેપાર ખેડવો પડે અથવા તો પૈસે ટકે બરબાદ પણ થઈ જવું પડે 'વેપારમાં નુકસાન નફાનો મોટો ભાઈ છે' એ કહેવતની તો તને ખબર હશે. આજે તમે શ્રીમંત હો, પણ કાલે કદાચ રસ્તે રખડતા પણ થઈ જાઓ. પણ અમારા ગામડાની વાત જુદી છે ખેડુતનું પેટ ભલે ફુલેલું નથી હોતું પણ લાંબુ હોય છે એનો અર્થ એ કે ખેડુત કદી

મહેમાનની વાત સાંભળીને પાખોમનાં દિલમાં તોફાન જાગ્યું. તેણે મનથી વિચાર કર્યો કે "હું બેવકૂફ છું કે ઘર આંગણે પડી રહ્યો છું. અંહી તે શી મઝા છે? જમીન પણ થોડી ને કમાણી પણ થોડી. હું આ જમીન ને ઘર વેચી નાખું ને આ મુસાફર કહે છે ત્યાં જઇને ખેતી કરું તો શું ખોટું? એકવાર જઇને એ જમીન જોઇ આવું તો ખરો જ."

એટલે, ઉન્હાળો આવતાં પાખોમ મુસાફરીએ નીકળ્યો. વોલ્ગાથી સમારા સુધી આગબોટમાં મુસાફરી કરીને એ સોએક માઇલનો પગપાળો પ્રવાસ કરી આખરે પેલા પ્રદેશમાં પહોંચ્યો. ત્યાંનુ જે વર્ણન તેણે સાંભળેલું તેવું જ દૃશ્ય તેણે નજરે દીઠું. ત્યાં બધા ખેડુતોને માથા દીઠ ત્રીસ ત્રીસ એકર જમીન મફત મળેલી હતી અને તેની આવક ઉપર સહુ સુખચેનથી ગુજારો કરતા હતા. ત્યાંના મુખીએ પાખોમને રૂડો આવકાર આપ્યો. વળી પૈસા ખરચીને કોઇ વધારે જમીન લેવા માગે તેને વધુ જમીન પણ ખુશીથી મળતી હતી એમ તેને કહેવામાં આવ્યું.

આ બધી માહિતી મેળવીને પાખોમ પાછો પોતાને ઘેર પહોંચ્યો. ઘેર પહોંચીને તેણે પોતાની જમીન વેચવા માંડી અને ધીમે ધીમે જમીન, ઘર અને ઢોરઢાંખર બધું સારે નફે વેચી નાખ્યું. એ પછી થોડે વખતે તે પોતાના કુટુંબ કબીલા સાથે પેલા નવા પ્રદેશમાં ઉપડી ગયો.

ત્યાં આવતાં જ ત્યાંના મુખીએ તેનું નામ પોતાના દફતરમાં દાખલ કરી દીધું અને તેના કુટુંબના એકેક માણસ દીઠ ત્રીસ એકરને હીસાબે કુલ ૧૫૦ એકર જમીન તેને મફત આપવામાં આવી. વતનનાં ગામમાં હતી તે કરતાં તેની આ નવી જમીન બમણી થઇ. વળી એ જમીન પણ ભારે ફળદ્રુપ હતી. પાખોમે ત્યાં પોતાને માટે નવું ઘર બાંધ્યું અને પહેલાંના કરતાં દસ ગણા વધુ સુખચેનથી જીંદગી શરૂ કરી. જમીનમાં અનાજ પણ પુષ્કળ થતું અને ઘાસચારો પણ પુષ્કળ થતો એટલે પાખોમે ઘણા ઢોર પણ રાખી લીધાં.

શરૂ શરૂમાં તો એને બધું બહુ સારૂં લાગ્યું પણ વખત વહેતો ગયો તેમ જમીન તેને નાની પડવા લાગી. બીજા ખેડુતો સફેદ તુર્કી ઘંઉનું વાવેતર કરતાં હતા. એવું વાવેતર કરવાની તેને પણ મરજી થઇ પણ તેને જે જમીન મળેલી તે ઘંઉના વાવેતર માટે અનુકુલ નહોતી. ઘંઉ માટે જરા કઠણ જમીન જોઇએ અને કઠણ જમીનના ઘરાકો ઝાઝા હોવાથી એ સહેલાઇથી મળે તેમ નહોતી. પહેલે વરસે તો પોતાની જમીનમાં પાખોમે ઘઉં વાવ્યા ને તેના પાકમાંથી તેને સારી કમાણી થઇ, પણ બીજે વરસે એ જમીનમાં ઘંઉ વાવી શકાય તેમ નહોતું કેમકે ઘઉંનો એક પાક લીધા પછી જમીનને બીજે વરસે ખાલી રહેવા દેવી પડે છે. એટલે તેને વધુ જમીનની જરૂર જણાઇ અને એક વરસના પટે તેણે ઘંઉના વાવેતર માટે ચાલે એવી વધારાની જમીન ભાડે લીધી. એમાં ઘંઉ વાવીને પાખોમે મબલખ પાક ઉપજાવ્યો અને સારા પૈસા પેદા કર્યા. પણ એ જમીન પોતાના ઘરથી આશરે પાંચ માઇલ જેટલી છેટલી હતી એટલે એને ત્યાં આવવા જવામાં મુશ્કેલી પડવા લાગી. એ મુશ્કેલી ટાળવા માટે વળી એણે મુકામ બદલ્યો અને એ નવી જમીનમાં જઇને ધામો નાખ્યો. પાંચ વરસ સુધી તેણે એમાં ઘંઉનું વાવેતર કરીને ઘણો પૈસો પેદા કર્યો. પણ વરસો વરસ જમીન પટ્ટેથી લેવી એ તેને ઠીક લાગ્યું નહીં. એણે મનથી વિચાર કર્યો કે કોઇ ઠેકાણે મોટી જાગીર વેચાતી મળતી હોય તો આખે આખી ખરીદ કરી લેવી, જેથી હમેશને માટેની ચિંતા ટળી જાય.

એવામાં એક પરદેશી વેપારી ત્યાં આવી ચડયો. એણે પાખોમને વાત કરી કે "બશ્કિર પ્રદેશમાં મેં હમણાં જ ફક્ત ૧૦૦૦ રૂબલમાં ખાસ્સા ૧૫૦૦૦ એકર જમીને

વેચાતી લીધી છે. ત્યાં જમીન પાણીને મુલે વેચાય છે. ફક્ત ત્યાંના માણસોને થોડી ભેટ સોગાદની ચીજો આપીએ તો જોઇએ તેટલી જમીન તેઓ આપી દે છે. મેં ફક્ત ૧૦૦ રૂબલની ચીજો વહેંચી અને થોડાક શોખીનોને વોડકા (રશિયાનો લોકપ્રિય શરાબ) પાયો એટલે મને તો એક રૂબલમાં ૧૫ એકર જમીન મળી ગઇ. જુઓ હું તમને એનું વેચાણ ખત પણ બતાવું. બધી જમીન નદી કાંઠે આવેલી છે અને એટલી રસાળ છે કે ન પૂછો વાત. વળી ત્યાંના લોકો પણ ભારે રાંક અને નરમ સ્વભાવના. તમને એમની પાસેથી જે જોઇએ તે મફતમાં મળી શકે તેવું છે."

પાખોમે વિચાર કર્યો કે અંહી ફક્ત ૧૫૦૦ એકર પટ્ટે લેવામાં હજાર રૂબલ આપવા પડે છે ને છતાં જમીન ઉપર માલિકી તો મારી નહીં જ. એના કરતાં તો એટલી રકમમાં કાયમને માટે માલિકીની જમીન મળી જતી હોય તો શું ખોટું?

આવો વિચાર કરીને પાખોમે પેલા વેપારીને બશ્કિર પ્રદેશમાં જવાનો રસ્તો પૂછયો અને જોઇતી માહિતી મેળવી લીધા પછી એણે વળી પ્રવાસની તૈયારી કરવા માંડી. ત્યાં લઇ જવા માટે એણે પહેલાં તો નજીકના શહેરમાં જઇ એક ન્હાની પેટી, થોડી વોડકાની બાટલીઓ અને બીજી ભેટ આપવા લાયક ચીજોની ખરીદી કરી લીધી. એ પછી પોતાના એક નોકરને સાથે લઇને પાખોમ બશ્કિર તરફ ઉપડી ગયો. પોતાની ગાડીમાં રોજ ૨૫ માઇલ જેટલો પંથ કાપતાં સાતમે દહાડે એ બેઉ જણા એ નવા પ્રદેશમાં પહોંચ્યા. ત્યાં જઇને જોતાં પેલા વેપારીએ જે વર્ણન કરેલું તે બધું સાચું લાગ્યું. ત્યાંના લોકો ઝૂંપડાઓમાં રહેતા હતા. જમીન ઘણી હતી પણ તેઓ તેને ખેડતા નહીં. તેઓનો ગુજારો દૂધ અને માંસ ઉપર ચાલતો હતો. દુધાળાં જાનવરો ઘણાં હતાં અને તેમના ચારા માટે ઘાસ જોઇએ તેટલું મળી રહેતું. લોકો એટલા આળસુ હતા કે તેમને કશી મહેનત કરવી ગમતી જ નહીં. અને બધા જ લગભગ અભણ હતા પણ સ્વભાવે માયાળુ અને મહેમાનદારીમાં ઉદાર હતા. તેઓની ભાષા જુદી હતી. (રશિયા ભારતની પેઠે ઘણો મોટો દેશ છે અને ત્યાં પણ આપણા દેશની પેઠે અનેક જુદી જુદી ભાષાઓ બોલાય છે) તેથી પાખોમને એક દુભાષીઆની મદદ લેવી પડી. એની મદદ વડે પાખોમે ત્યાંના લોકોને પોતાનો જમીન ખરીદવાનો ઇરાદો જણાવ્યો અને તે સાંભળીને એ જંગલી જેવા લોકો રાજી રાજી થઇ ગયા. પાખોમને બધા વારાફરતી ભેટી પડયા અને એક મોટા ઝૂંપડામાં લઇ જઇને તેને માટે જાજમ પાથરી ઉપર તકીઆ ગોઠવીને પાખોમની સરભરા માટે ચ્હા, ચીઝ વગેરે રજુ કરવામાં આવ્યાં.

પાખોમે બદલામાં પોતાની સાથે આણેલી ચીજો ગામલોકોમાં વહેંચવા માંડી. એ પછી બશ્કિરી લોકોએ થોડીવાર અંદર અંદર મસલત કરવા માંડી. આખરે તેમણે નિર્ણય કરીને એ નિર્ણય પાખોમને કહી બતાવવાની દુભાષિયાને રજા આપી.

દુભાષિયાએ પાખોમને કહ્યું, "અંહીના ગામલોકો તમને મળીને ખૂબ રાજી થયાં છે. મહેમાનની મરજી સાચવવી એ અમારા લોકોનો ચાલ્યો આવતો રિવાજ છે. તમે અમને આપેલી ભેટ સોગાદના બદલામાં તમે જે માગો તે આપવા અમે તૈયાર છીએ."

પાખોમે જવાબ આપ્યો, "મારે તો તમારી પાસેથી થોડી જમીન ખરીદવી છે. મારા વતનમાં મારી પાસે પુરતી જમીન નથી અને છે તેટલી ખેડાઇ ચુકેલી છે. તમારી પાસે તો અંહી અનગળ જમીન પડેલી છે ને બધી વળી કુંવારી જમીન છે ને ભારે રસાળ છે. આવી જમીન મેં જીંદગીમાં બીજે ક્યાંક દીઠી નથી."

પાખોમની વાત દુભાષિયાએ ગામલોકોને કહી બતાવી તે પછી તેમણે વળી અંદર અંદર

ફરીથી મસલત કરવા માંડી. આખરે તેમણે ફરીવાર પોતાની વાત પાખોમને કહી બતાવવાની દુભાષિયાને આજ્ઞા કરી.

દુભાષિયાએ કહ્યું, "તમારી માયા મમતાના બદલામાં અમે તમારી માગણી કબુલ કરીએ છીએ. તમને જેટલી જોઈતી હોય તેટલી જમીન આપવા અમે તૈયાર છીએ. કેટલી જોઈએ તેનું હવે તમે જ નામ પાડો."

પાખોમ જવાબ આપે તે પહેલાં વળી લોકોમાં કંઈક ગડબડ શરૂ થઈ અને પાખોમે તે વિશે દુભાષિયાને પૂછ્યું ત્યારે જવાબ મળ્યો કે "અહીંના કેટલાક માણસો એમ કહે છે કે આ બાબતમાં ગામના પટેલની સલાહ લેવી જોઈએ. બીજાઓ એમ કહે છે કે એમાં પટેલને પૂછવાની કશી જરૂર નથી. એ વિશે બે પક્ષમાં તકરાર ચાલે છે."

બરાબર એ જ વખતે ગામનો પટેલ પોતાની ગાડીમાં બેસીને ત્યાં આવી ચડયો. બધા લોકોએ તેનો ઉભા થઈને સત્કાર કર્યો અને દુભાષિયાએ પાખોમને તેની ઓળખાણ કરાવી. પાખોમે તરત જ પોતાના સામાનમાંથી સારામાં સારી ચીજો કાઢીને પટેલની પાસે હાજર કરી દીધી ને વધારામાં પાંચ રતલ ચ્હાની પણ તેને ભેટ ધરી. પટેલે ઉપકાર માનીને એ ચીજો સ્વીકારી લીધી. પછી તેણે એક ઉંચે બેસણે પોતાની બેઠક લીધી અને ગામલોકો તેની સાથે વાતે વળગ્યા. એ બધી વાતો પુરી થઇ એટલે પટેલે રશિઅન ભાષામાં પાખોમને કહ્યું, (પાખોમની ભાષા રશિયન હતી અને પટેલ એ જાણતો હતો) "ઠીક છે, અમારી પાસે જમીનનો કાંઈ તોટો નથી. તમને જે ઠેકાણે અને જેટલી જોઈએ તેટલી જમીન પસંદ કરી લો."

"તમારો ઉપકાર," પાખોમે કહ્યું, "તમારી પાસે તો જમીન ઘણી છે, પણ મને એ બધી ક્યાં જોઈએ છે? મને તો મારા ખપ પુરતી જોઈએ. ફક્ત મને એટલું જ કહો કે મને કઈ જમીન આપશો, એટલે એમાંથી મને જોઈએ તેટલી જમીનનું હું માપ કાઢી લઉં. પછી એના વેચાણનું આપણે ખત કરીએ. આખરે તો જીવન-મરણનો માલિક એકલો ઇશ્વર જ છે અને તમે બધા ભલા માણસો છો છતાં પાકું વેચાણખત કરવું સારું કે ભવિષ્યમાં તેની માલિકી બાબત તમારા ને મારા બાળબચ્ચાં વચ્ચે ઝગડો ન થાય."

પટેલે હસીને જવાબ આપ્યો, "ખત પત્ર કરવાનો અમે રિવાજ રાખ્યો જ નથી: અમે તો મોંઢેથી બોલીએ એ જ અમારું ખતપત્ર. અમે કદી બોલ્યું ફેરવતા નથી."

પાખોમે કહ્યું, "તમારી વાત સાચી હશે પણ મને એક વેપારી મળ્યો હતો તેણે મને તમારી સાથે થયેલું વેચાણખત બતાવેલું. તો મને પણ એવું વેચાણખત કરી આપો તો સારી વાત."

એ સાંભળીને પટેલે કહ્યું, "ભલે, તમારો આગ્રહ હોય તો મને વાંધો નથી. અમારે ત્યાં અહીં એક આદમી લખી વાંચી જાણનારો છે. અને શહેરમાંથી દસ્તાવેજનો કાગળ હમણાં મંગાવી લઈએ."

"પણ તમારી જમીનની કીંમત કેટલી છે એ તો કહો!" પાખોમે કહ્યું.

"જમીનની કીંમત એક દિવસના ફક્ત ૧૦૦૦ રૂબલ."

પાખોમને એમાં કંઇ સમજ પડી નહીં. એક દિવસના એક હજાર રૂબલનો હીસાબ તેને સમજાયો નહીં.

"એમાં એકર કેટલા આવે?" એણે પૂછ્યું.

"અમે એકરનો હીસાબ ગણતા નથી" પટેલે જવાબ આપ્યો, "અમે તો દનિયાને હીસાબે જમીન વેચીએ છીએ. તમે એક આખા દિવસમાં જેટલી જમીન પર ચાલો તેટલી જમીન તમારી. અમારું તો એ માપ. અને એટલી જમીનની કીંમત ફક્ત ૧૦૦૦ રૂબલ."

પાખોમ તો એ સાંભળીને સ્તબ્ધ બની ગયો. થોડી વાર પછી એ બોલ્યો, "એક દિવસમાં તો માણસ ઘણા એકર ચાલી નાખે."

પટેલે ફરી હસીને કહ્યું, "તો જેટલું ચાલે તેટલી જમીન એને મળે. એમાં ફક્ત એક શરત છે. તમે જે ઠેકાણેથી ચાલવા માંડો તે જ ઠેકાણે દિવસ પૂરો થતાં પહેલાં પાછું પહોંચી જવું જોઈએ. જો એમાં મોડું થાય તો તમારા હજાર રૂબલ ગયા સમજવા."

"વારુ, પણ એ જગ્યા તમે કેવી રીતે પસંદ કરો છો?" પાખોમે પુછ્યું.

"એ સ્થળ તમે પસંદ કરો. અમે થોડાક માણસો ત્યાં જઈને બેસીશું. તમે ત્યાંથી ચાલવા માંડો અને ગોળાકારમાં ચાલો. તમારી પાછળ પાછળ અમારા બે ત્રણ જુવાનિયાઓ પણ ઘોડે બેસીને ચાલશે અને તમે કહેતા જશો ત્યાં ત્યાં ખુંટા ખોડતા જશે. એ પછી એ ખુંટાઓ ખોડેલા હશે તેટલા વિસ્તારમાં હળ ફેરવવામાં આવશે. તમે ફાવે તેટલો મોટો ચકરાવો ફરી આવો—ફક્ત સૂરજ આથમે તે વખતે જ્યાંથી નીકળો તે સ્થળે પાછા આવી જવું જોઈએ. એટલા વખતમાં જેટલી જમીનમાં તમે ફરતા ફરી વળો તેટલી બધી જમીન તમારી."

પાખોમે તરત જ એ કરાર મંજૂર કરી લીધો. બીજે દહાડે સવારે પ્હો ફાટતાંમાં જ પાખોમે ચાલવાની શરૂઆત કરી દેવી એમ નક્કી થયું. પછી એકઠા મળેલા બધા ગામડીઆઓ વાતે વળગ્યા, ચ્હા પીતા ગયા, ખાણું ખાતા ગયા અને એમાં ને એમાં મધરાત થઈ ગઈ. આખરે મંડળી મોડેથી વીખરાઈ ત્યારે એવું નક્કી થયું કે નદીને કિનારે એક મોટું વડલાનું ઝાડ છે ત્યાં બધાએ સવારે વહેલાં એકઠા થવું.

પાખોમ પથારીમાં પડ્યો પણ તેને ઉંઘ આવી નહીં. એના મગજમાં તો પેલી હજારો એકર જમીન રમી રહી હતી. "કાલે તો હું મોટી જમીનનો માલિક બનવાનો. એક દિવસમાં તો હું ખુશીથી પંદર માઇલ ચાલી શકું અને એટલામાં તો ૩૦ હજાર એકર જેટલી જમીન ફરતો ફરી વળું. પછી મારે કોઈની તાબેદારી ભોગવવાની રહેશે નહીં. ખાસા મોટા બળદની બે જોડી રાખીને ને મજુરો રાખીને હું ખેતી કરીશ. સારી જમીન હશે તેમાં અનાજ વાવીશ ને બાકીની જમીનમાં ઢોરઢાંખર માટે ઘાસ થશે."

આમ વિચાર કરતાં કરતાં સ્હાપરે તેની આંખો થોડીવાર મળી ગઈ. એટલામાં તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેને પહેલાં એક ખેડુત જેવો આદમી દેખાયો. એ આદમીને પોતે અગાઉ ક્યાંક દીઠેલો છે એવો ખ્યાલ આવતાં પાખોમ વિચાર કરવા લાગ્યો ત્યારે એને યાદ આવ્યું કે વોલ્ગા નદીને સામે કિનારે કુટુંબના દરેક માણસ દીઠ ત્રીસ એકર જમીન મફત મળવાની વાત કરનારો જે ખેડુત તેને મળેલો તે જ એ હતો. એની સાથે પોતે વાત કરવા જાય છે એટલામાં એ ખેડુતની આકૃતિ બદલાઈ જતી લાગી. અને એ માણસ એક વેપારી જેવો દેખાવા લાગ્યો. પાખોમે એને તરત ઓળખી કાઢ્યો. થોડા જ દિવસ ઉપર જે વેપારીએ તેને બશ્કિર પ્રદેશમાં મફત મળતી જમીનની વાત કરેલી તે જ એ વેપારી હતો! પાખોમ તેની સાથે વાત શરૂ કરે તેટલામાં તો વળી એ વેપારીની આકૃતિ પણ બદલાવા લાગી અને થોડી વારમાં તો તેના માથા પર શીંગડાં અને પગમાં ખરીઓ દેખાવા લાગી. [ખ્રિસ્તી લોકો શેતાનની આકૃતિની જે કલ્પના કરે છે તેમાં તેને માથે શીંગડા ને પગમાં ખરીઓ હોય છે.] એ આકૃતિ પાખોમની સામે જોઈને હસવા લાગી. પાખોમ મનથી વિચાર કરવા લાગ્યો કે એ માણસ એમ હસતો શા માટે હશે! એના તરફથી નજર ફેરવી લઈને પાખોમે બાજુમાં જોયું તો ત્યાં તેને એક બીજો માણસ નજરે પડ્યો. એના શરીર

ઉપર ફક્ત એક પહેરણુ અને ચડ્ડી બે જ વસ્ત્રો હતાં અને તેના પગમાં જોડા નહોતા. એ માણસ જમીન પર ચત્તો પાટ સુતેલો હતો અને તેનો ચ્હેરો રૂની પુણી જેવો સફેદ દેખાતો હતો. જરા વધારે બારીકાઇથી નજર કરતાં પાખોમને માલૂમ પડયું કે એ સુતેલો માણસ પોતે જ હતો!

એકાએક ઝબકીને પાખોમ સ્વપ્નમાંથી જાગત થઇ ગયો. એ વખતે પરોઢીયું થવા આવ્યું હતું. પાખોમે તૈયારી કરવા માંડી અને પોતાની સાથે આવવા માટે પેલા ગામડીઆ લોકોને ઉંઘમાંથી જગાડવા માંડયા.

જાગીને પાખોમે પોતાની ગાડી જોડાવી. ગામડીઆ લોકો આળસ મરડીને ઉઠયા ને થોડી વારમાં પટેલ પણ આવી પહોંચ્યો. બધાએ સાથે મળીને થોડો નાસ્તો કર્યો અને પછી ચ્હા બનાવવા માંડી. પણ પાખોમને એ બધું ગમ્યું નહીં. તેને એક એક મિનિટની કીમત હતી. જેટલો વહેલો એ ચાલવા માંડે તેટલી વધારે જમીન ફરી વળાય એવી તેની ગણતરી હતી. વિલંબ થાય એ તેને પરવડે તેમ ન હોતું. એટલે તેણે વખત ગુમાવ્યા વિના પેલા વડના ઝાડ તરફ ચાલવા માંડવાની દરખાસ્ત કરી અને પટેલ અને ગામલોકો પણ કોઇ ગાડીમાં બેસીને તો કોઇ ઘોડા ઉપર બેસીને તેની સાથે નીકળી પડયા.

સૂર્યના પહેલાં કિરણો દેખાવાની તૈયારીમાં હતાં તે વખતે તેઓ બધા વડના ઝાડ પાસે આવી પહોંચ્યા. ત્યાં જઇને પટેલે પાખોમને આજુબાજુના વિસ્તારમાં પથરાયલી અમાપ જમીન બતાવી. "આ બધી જમીન અમારી માલિકીની છે. અંહીથી જે દિશા તરફ જવાની તમને મરજી થાય તે દિશામાં ચાલવા માંડો."

એમ કહીને પટેલે પોતાના માથા પરથી ટોપી ઉતારીને જમીન પર ચત્તી મુકી. "આ ટોપી આપણું નિશાન. તમારા પૈસા એમાં મૂકો, અને તમે ચાલશો તેટલો વખત તમારો આ નોકર એ પૈસાની નજર રાખશે. આ નિશાનથી તમે ચાલવાની શરૂઆત કરો અને પાછા આ નિશાન પાસે જ આવી જજો. જેટલી જમીન ફરતા તમે ગોળ ફરી વળશો તેટલી જમીન તમને મળી જશે."

પાખોમે ખીસામાંથી પૈસા કાઢીને પેલી ટોપીમાં નાખ્યા. પછી તેણે ડગલો ઉતાર્યો, જાકીટ ઉતાર્યું અને પાટલુન ઉતારી અંદરની અરધી ચડ્ડી અને ખમીસ જ શરીર પર રહેવા દીધાં. પેટ ઉપર તેણે પોતાનો પટ્ટો કસીને બાંધ્યો, પાંઉનો એક મોટો ટુકડો ખમીસના ખીસામાં મૂકયો અને પાણીનો ભરેલો સીસો ચામડાને પટ્ટે બાંધીને ખભે નાખ્યો. થોડીવાર કઇ દિશાએ જવું તે વિશે તેણે મનથી વિચાર કર્યો અને પછી નિશ્ચય કર્યો કે જમીન બધે જ સરખી છે એટલે પૂર્વ દિશામાં જવું ઠીક છે. જેવો સૂર્ય આકાશમાં પૂરેપૂરો દેખાયો કે તરત જ તેણે ચાલવા માંડયું. ત્રણ બશ્કિરી ઘોડેસ્વારો ધીમી ગતિએ તેની પાછળ પડયા.

શરૂઆતમાં તો પાખોમ બહુ ધીમે નહીં ને બહુ ઉતાવળે નહીં એવી મધ્યમ ગતિથી ચાલવા લાગ્યો. અરધો માઇલ ચાલ્યા પછી તેણે એક જગાએ એક ખુંટો નખાવ્યો. થોડે દૂર જઇને વળી એ જ પ્રમાણે બીજો ખુંટો નખાવ્યો. બે એક માઇલ પહોંચ્યો તેટલામાં સુરજનો ધીમો તાપ શરૂ થવા લાગ્યો. એ પછી વળી બીજા બે માઇલ જેટલે જઇને એ થોડીવાર ઉભો રહ્યો. સુરજનો તાપ ધીમે ધીમે આકરો થવા લાગ્યો હતો. પાખોમ ભુખ્યો થયો હતો. એણે મનથી વિચાર્યું, "ચોથા ભાગની મજલ તો કપાઇ ગઇ. હજુ ત્રણ આવડી મજલ કરવાની રહી. હજુ હમણાં દિશા બદલવાની જરૂર નથી." ચાલવામાં સરલતા પડે એટલા માટે તેણે પગમાંથી જોડા કાઢી નાખ્યા. "બીજા ચાર માઇલ જઇને પછી હું દિશા બદલી પાછો ફરવાની શરૂઆત કરૂં." એમ મનથી નક્કી કર્યું પણ જેમ જેમ એ આગળ વધતો ગયો તેમ તેમ વધુ ને વધુ સારી જમીન દેખાવા લાગી. એટલે એ સીધો ને સીધો જ ચાલતો ગયો.

આખરે તેણે દિશા બદલી. એને આખું ચક્કર પુરું કરવાનું હતું અને તે પણ સૂર્યાસ્ત પહેલાં, એટલે લાચારીએ એણે વળાંક લીધો.

એ વખતે સુરજનો તાપ ઉગ્ર બનવા લાગ્યો હતો. તરસ લાગવાથી પાખોમે પોતાના શીસામાંથી થોડું પાણી પીધું અને ત્યાં વળી તેણે એક ખુંટો નખાવ્યો. ચાલતાં ચાલતાં મધ્યાહ્ન થયો ત્યારે તેને કકડીને ભૂખ લાગી. એટલે તેણે થોડીવાર આરામ લઇને પાસેના પાઉંમાંથી એક ટુકડો ખાધો. એ વખતે તેને એટલો બધો થાક લાગ્યો હતો કે થોડીવાર નીચે બેસવાનું મન થઇ ગયું પણ તેણે મનથી વિચાર કર્યો કે જો હવે હું બેસીશ તો મને લાંબા થઇને સુવાનું મન થશે અને સુઇશ તો ઉંઘ આવી જશે એટલે થોડીવાર એ થાક ખાવા માટે ઉભો રહ્યો અને પાછો ચાલવા લાગ્યો. થોડીવાર તો એને ચાલવું સહેલું લાગ્યું કેમકે ખાવાથી એના શરીરમાં શક્તિ આવી હતી, પણ તે પછી સૂરજનો તાપ વળી વધારે આકરો લાગવા માંડ્યો. સુરજ પશ્ચિમ દિશા તરફ નમતો ગયો તે વખતે પાખોમ ખૂબ થાકી ગયો, છતાં તેણે મનથી વિચાર કર્યો, "એકાદ કલાકનું જ હવે કષ્ટ વેઠવાનું છે. પછી તો આખી જીંદગી સુધી મોજ કરવાની છે."

આશરે દસેક માઇલ ચાલ્યા પછી તેણે દિશા બદલવાનો વિચાર કર્યો તેવામાં ત્યાં વળી તેની નજર જમીનના એક સરસ ટુકડા ઉપર પડી. "આવો સોનાનો ટુકડો શી રીતે છોડી દેવાય! જરા વારમાં એટલું તો ચલાઇ જશે" એમ માનીને એ ટુકડો પણ તેણે પોતાની સફરમાં લઇ લીધો અને ત્યાં ખુંટા ખોડાવીને એણે પાછા ફરવા માંડ્યું. પછી ઝડપથી પોતાના નિશાન તરફ પહોચી જવાના ઇરાદાથી તેણે ટુંકામાં ટુંકો રસ્તો પસંદ કર્યો. એ રસ્તો ખડાખડીઆવાળો હતો છતા એણે ...આમ પર્યાલોચન કર્યો કે સપાટ રસ્તે જઇશ નહીં. એના મગજમાં તો એ જ, પણ નિશાન પર વખતસર પહોંચી ન શકાય તો બધી મહેનત ને પૈસા બરબાદ થાય. મળી છે તેટલી જમીન ઘણી છે એમ માનીને તેણે પગને કષ્ટ આપીને પણ એ ખરાબ કેડો જ પસંદ કર્યો.

એ વખતે તેણે જોયું કે સૂરજ ઝડપથી પશ્ચિમ દિશા તરફ નમતો જતો હતો. એણે મનથી વિચાર કર્યો, "મારી ગણતરીમાં ભૂલ તો નહીં થઇ હોય? શું હું એટલો બધો દૂર નીકળી ગયો છું કે સૂર્યાસ્ત પહેલાં નિશાન પર નહીં જ પહોંચાય? હજુ તો પંથ લાંબો જણાય છે ને હું તો થાકીને લોથ થઇ ગયો છું. પણ વાંધો નહીં. આટલી મહેનત ને આટલા પૈસા નકામા તો નથી જવા દેવા. હવે તો ઉતાવળે પગલે ચાલવા જ માંડવું જોઇએ."

એણે ચાલવાને બદલે દોડવા માંડ્યું. એના પગમાં ચીરા પડવા લાગ્યા અને એમાંથી લોહી વહેવા માંડ્યું. છતાં એની પરવા કર્યા વિના એણે દોડવાનું ચાલુ રાખ્યું. ધીમે ધીમે બોજો હળવો કરવા માટે તેણે જોડા, પાણીની બાટલી અને માથા પરની ટોપી એક પછી એક ફગાવી દીધાં. છતાં એના મનમાં ભય પેઠો કે સૂરજ આથમતાં પહેલાં મુકામ પર પહોંચાશે નહીં. પસીનાથી તેનું ખમીસ અને ચડ્ડી તેના શરીરને ચોંટી ગયા, એને ગળે તરસને લઇને કાચકી બાઝી ગઇ, છાતીમાં તો જાણે કે ધમણ ચાલવા લાગી અને હૃદયના ધબકારા હથોડાની જેવું જોર કરવા લાગ્યા. પગ તો જાણે કે શરીરથી જુદા પડી ગયા હોય એમ આમ તેમ ટાંટા પડવા લાગ્યા. એણે મનથી માની લીધું કે જમીન તો નહીં મળે, પણ હવે તો તેને જીંદગી બચાવવાની ચિંતા પેઠી.

એટલામાં તેણે પેલા ઝાડ નીચે બેઠેલા બશ્કિરીઓના હસવાનો અવાજ સાંભળ્યો એ લોકો પાખોમને જોઇને તાળીઓ પાડવા ને હર્ષના પોકાર કરવા લાગ્યા હતા. એ

સાંભળીને પાખોમમાં નવું જોમ આવ્યું. પોતાનામાં હતી તેટલી બધી તાકાત એકઠી કરીને તેણે દોડવાનું ચાલુ રાખ્યું અને થોડીવારમાં તો એ મુકામની બહુ નજીક આવી ગયો. એ વખતે ત્યાં બેઠેલા બશ્કિરીઓ લાંબા હાથ કરીને તેને આવકાર આપતા જણાયા. જમીન પર પડેલી પેલી ટોપી એની નજરે દેખાઈ. તેની નજીક પટેલ બેઠેલો હતો. તેણે મનથી વિચાર કર્યો, "ચાલો, હવે તો હું મોટી બધી જમીનનો માલિક બન્યો ખરો!"

એણે આથમતા સૂરજ સામે છેલ્લી વાર નજર કરી. હવે એ સુરજને ડુબવાને થોડી જ વાર હતી. અને છેલ્લો મરણીઓ પ્રયાસ કરીને પાખોમ જેવો નિશાન પર પહોંચ્યો તે જ ઘડીએ સુરજનો લાલ ગોળો દેખાતો બંધ થયો.

પણ ત્યાં પહોંચતાની સાથે જ પાખોમ ગુલાંટ ખાઈને જમીન પર પડી ગયો અને પડતાં પડતાં તેણે પોતાના હાથ લાંબા કરીને પેલા ૧૦૦૦ રૂબલ ભરેલી ટોપી હાથમાં પકડી લીધી!

પટેલ બોલી ઉઠ્યો, "જવાન! શાબાસ છે તને. તેં તો ઘણી બધી જમીન કબજે લીધી!"

પાખોમનો નોકર દોડીને પોતાના શેઠ પાસે આવી પહોંચ્યો. એણે પાખોમને ઊભો કરવાની કોશિશ કરવા માંડી; પણ પાખોમના મ્હોંમાંથી લોહીના કોગળા નીકળી પડ્યા અને બીજી જ ક્ષણે એ મુરદું થઈને પડ્યો!

એ જોઈને તેનો નોકર દિગ્મૂઢ બની ગયો. પેલો પટેલ તો 'જાણે કંઈ જ ન બન્યું હોય તેમ પોતાની જગ્યાએ બેઠો બેઠો હસી રહ્યો હતો.

આખરે પટેલ ત્યાંથી ઉઠ્યો, તેણે નજીકમાં પડેલી એક કોદાળી જમીન પરથી ઉઠાવી અને પાખોમના નોકર તરફ ફેંકીને કહ્યું, "હવે એને દાટી દેજે."

બધા બશ્કિરીઓ ઉઠીને ચાલતા થયા. પાખોમનો નોકર એકલો જ બાકી રહી ગયો. એણે પાખોમના શરીરનું માથાથી પગની પાનીઓ સુધીનું માપ લઈને એટલા માપનો ૭ ફુટનો એક ઉંડો ખાડો ખોદ્યો અને તેમાં પાખોમનું મુરદું દાટી દીધું.

આખરે એને ફક્ત ૭ ફુટ જમીનની જ જરૂર હતી!



ઓળખો છો!

માઓ ત્સે તુંગ



= વર્તમાન ચીનનો ભાગ્યવિધાતા =

જગતમાં સર્વથી મહાન સત્તાશાળી ગણાતી વ્યક્તિઓમા આજે ચીનની સામ્યવાદી સરકારના પ્રમુખ માઓ ત્સે–તુંગનુ નામ બહુ ઉચે સ્થાને આવી ચૂકેલુ છે. આ મહાપુરુષ રશિયાની સફર કરીને ત્યાની સામ્યવાદી સરકારના પ્રમુખ મરહુમ સ્તાલીન સાથે રાજ્યદ્વારી કરારો કરી આવ્યો તે પછી તેના લશ્કરો દક્ષિણ એશિયાનાં રાજ્યોની સરહદો તરફ ગતિ કરતાં રહ્યાં છે રશિયાનો સ્તાલિન જેટલી વસતિ ઉપર હકુમત ભોગવતો હતો તેનાં કરતાં બમણી વસતિ ઉપર આજે માઓ ત્સે-તુંગની હકુમત ચાલે છે'

ચાલુ સદીની શરૂઆતનાં વરસોમા માઓ હુનાન નામના ચીનના એક ખૂણાના પ્રદેશમા રહેતા એક ખેડુતનો બાળક હતો. વરસના ત્રણસો ને પાંસઠ દિવસ એ પોતાના બાપના ખેતરોમા કચવાતે મને મજૂરી કરતો લાખો ચીનાઈ બાળકો આવી મજુરી કરતા હોય છે એ જોતા માઓની હાલત એવાં બાળકો કરતા ખાસ જુદી નહોતી

પણ એક વાતમા એ બીજા બાળકોથી ઘણો જુદો પડી આવતો હતો એણે પોતાના બાપની સામે બળવો કર્યો. એનો બાપ એક ચતુર, કડક અને ગણતરીબાજ આદમી હતો અને એની આખી જીંદગી પોતાની જમીનમા એકેક એકરનો ઉમેરો કરી કરીને એનો વિસ્તાર વધારવામા વીતી હતી.

જ્યારે મજુરો રાખી શકે એવી તેની આર્થિક હાલત સારી થઇ ત્યારે એ મજુરોના ખોરાકમાં માઓનો બાપ દરેકને એક મહિને માત્ર એક ઇંડું આપતો પણ માંસ તો કદી જ નહોતો આપતો એટલો એ કંજુસ હતો. અને પોતાના દીકરાઓને તો માંસ કે ઇંડાં એમાંથી કશું જ આપતો નહીં, (એડગર સ્નો નામના એક અંગ્રેજને માઓએ પોતે આ વાત ૪૦ વરસ બાદ કરેલી) પણ ઉલટો એમને નિર્દય માર મારતો.

દસ વરસની ઉમરે માઓ ઘર છોડીને નાસી ગયો, પણ તેને પકડીને પાછો ઘેર લાવવામાં આવ્યો. તેર વરસની ઉમરે તેણે આપઘાત કરવાની ધમકી આપી.

પોતાના વતન હુનાન પ્રદેશમાં વારંવાર પડતા દુષ્કાળોમાં લોકોની વિટંબણાઓ માઓએ દીઠી. જે ખેડુતો બળવો કરે તેમનાં માથાં કાપીને વાંસ ઉપર લટકાવવામાં આવેલાં તેણે પોતાનાં ગામડાંમાં પોતાની આંખે દીઠાં. બહુ ગરીબ ગામડીઆંઓએ એક વાર માઓના બાપના અનાજના કોઠારો ઉપર ધાડ પાડી. એ વખતે માઓના દિલમાં લાગણીના બે બલવાન પ્રવાહો વહેવા લાગ્યા. એકમાં તેના પિતા પ્રત્યેનો ઉગ્ર તિરસ્કાર હતો—બીજામાં પેલા ગરીબ ખેડુતો પ્રત્યે સહાનુભૂતિ હતી.

માઓના બાપના મનમાં દીકરાને માટે મોટી મોટી ઉમેદો હતી એટલે જ્યારે પોતે પૈસા ખરચી શકે તેવી સ્થિતિમાં આવ્યો ત્યારે તેણે માઓને ચીન દેશમાં ચાલતી આવતી પ્રણાલિકા મુજબનું ભણતર ભણવા મોકલ્યો. ૧૮ વરસની ઉમરનો માઓ વિદ્યાર્થી અવસ્થામાં હતો તે અરસામાં ૧૯૧૧ ની સાલમાં ચીનમાં બળવો ફાટી નીકળ્યો. માઓ ફરી વાર ઘરમાંથી નાઠો અને બળવાખોરોની સાથે શામિલ થઇ ગયો. ફરી પાછો એણે અભ્યાસ શરૂ કર્યો ત્યારે તેણે પોતાની સરદારી નીચે દેશની સેવા કરવાને ઉત્સુક એવા યુવાનોનું એક નાનકડું મંડલ સ્થાપ્યું. આ યુવાનોએ જાતજાતના કડક પ્રયોગો કરીને પોતાનાં શરીર કસવા માંડ્યાં. તેઓ ખુલ્લા ખેતરોમાં દોડતા, બરફ જેવા ઠંડા પાણીમાં તરતા અને ખુલ્લા મેદાનોમાં સુઇ રહેતા.

માઓએ એ વખતથી જ જિંદગીની ગંભીરતા પિછાની લીધી. એણે વર્તમાનપત્રો વાંચવા માંડ્યા અને રૂસો, જૉન સ્ટુઅર્ટ મિલ અને એડમ સ્મિથ જેવા મહાન ક્રાંતિકારી લેખકોનાં પુસ્તકોના ચીનાઇ તરજુમા વાંચી કાઢ્યા.

પચીસ વરસની ઉમરે તેણે અભ્યાસ પૂરો કર્યો ત્યારે તેનું મગજ અવનવા વિચારોથી છલકાઇ રહ્યું હતું. એ વખતે માઓ ચીનના પાટનગર પેકીંગમાં પહોંચી ગયો. ત્યાં તેને નૅશનલ લાઇબ્રેરીમાં એક મદદનીશની નોકરી મળી ગઇ, પગાર તો ફક્ત નામનો જ હતો પણ તેને જે જોઇએ તે પુસ્તકો વાંચવા મળતાં અને તે તેણે વાંચી નાખ્યાં. પરિણામે એ નોકરીમાં માઓનું મગજ જેવું થવું જોઇએ તેવું પરિપક્વ બન્યું.

૧૯૧૮ થી ૧૯૨૦ સુધીમાં પોતે એ લાઇબ્રેરીમાં કામ કર્યું તેટલામાં માઓએ કાર્લ માર્ક્સનાં તેજસ્વી લખાણોનો અભ્યાસ કરી લીધો. અનેક બળવાખોર માનવીઓનાં મન ઉપર એ પુસ્તકોએ જે અસર કરી છે તેવી અસર માઓના મન ઉપર પણ થઇ. એનાથી એના મનની તમામ શંકાઓ ટળી ગઇ અને જીવન કોઇ મહા જોરાવર હેતુ માટે છે એ જ્ઞાન પ્રાપ્ત થયું.

વિદ્યાર્થી અવસ્થામાં તરૂણો અને યુવાનો રાજ્યદ્વારી વિષયોની જે ચર્ચાઓ કરે છે તેમાં ગરમી અને ઉશ્કેરાટ ઘણા હોય છે, પણ તેનું પરિણામ કશું જ આવતું નથી. માઓએ એ નિષ્ફળ ચર્ચાઓ છોડી દીધી અને લગ્ન કરી લીધું. તે પછી તેણે ચીનાઓનાં જીવનની મહાન છતાં અણુસરખી દુનિયા ઉપર એક પ્રબલ છાપ પાડવાનો નિશ્ચય કરીને જીવનમાં ઝંપલાવ્યું.

કામ કરવાને નારાજ છતાં ના પાડવાને અશક્ત એવા સ્વભાવના એ ખેડુતના છોકરાને આત્મજ્ઞાન થઇ ગયું. એણે પોતાની જાતને પિછાની લીધી. અને એને માલમ પડયું કે એ જાત ભારે મજબૂત હતી–ભારે બલિષ્ઠ હતી. તે પછીની તેની ૩૫ વરસની જિન્દગીમા માઓએ ઘણું શરીરકષ્ટ સહન કર્યું છે, ઘણાં જોખમો અને ભયનાં પ્રસંગો વેઠયા છે, તંગી જાણી છે, અનંત પરિશ્રમ કર્યો છે અને કોઇવાર ધનની પુષ્કળ છુટ તો કોઇ વાર પાઇ પાઇ માટે વલખાં મારવાં પડે એવી ચડતી પડતી પણ વેઠી છે. છતાં એ બધા સમયમાં તેણે કદી પોતાનો નિશ્ચય બદલ્યો નથી કે કોઇવાર એમાંથી એ ડગ્યો પણ નથી.

એ સત્તા સમાલી શકે એવો માનવી બન્યો છે અને એકવાર તેણે જે પિતાની સામે બળવો કરેલો. તે પિતાની જેવો જ હવે એ બની ગયો છે. તેના બાપે જેમ એકર એકર કરીને પોતાની જમીન વધારી હતી તેમ તેના જેવાજ ચતુર, કડક અને એકમાર્ગી માઓએ પોતાના સામ્યવાદી વિસ્તારો વધારી દીધા છે. એમ કરવામાં તેને પોતાને કે બીજા હરકોઇને કેટલુ સોસવુ પડે છે તેની માઓએ કદી પરવા કરી નથી.

માઓ સિવાયના બીજા બધા જ સામ્યવાદી અગ્રણીઓનો ઇતિહાસ એવો છે કે સત્તા હાથમાં આવતાં પહેલાં તેઓ આખો વખત કાવતરાંઓ કર્યા કરતા અને ચળવળો ચલાવ્યા કરતા. પણ ચીન દેશ એટલો વિશાલ છે અને તેમાં અંધાધુંધી એટલી બધી ફેલાઇ ગઇ હતી કે વિચક્ષણ બુદ્ધિવાળા માઓએ ક્રાંતિ આણવાનું કામ પોતાની એક વિશિષ્ટ રીતે જ હાથ ધર્યું. એ કામની શરૂઆત તેણે પોતાના વતનના પ્રદેશ હુનાનમાંથી કરી. ત્યા તેણે ખેડુતોની મંડળીઓ સ્થાપી અને પછી તેમને કહ્યું કે સર્વવ્યાપી બળવાની રાહ જોયા વિના તમે દરેક તમારા હાથમાંની જમીન કબજે કરી લો. જરૂર પડે તો બચાવ કરવા માટે તેણે એ ખેડુતોને બંદુકો પુરી પાડી.

શરૂ શરૂમાં તેણે સહકારી ખેતીનો અખતરો કરી જોયો પણ એ પદ્ધતિ લોકોને ગમી નહીં તેમજ વ્યવહારમાં પણ ચાલી શકી નહીં એટલે તેણે ફ્રાન્સના પ્રખ્યાત બળવાની પદ્ધતિ પર કામ લેવા માંડયું. ફેર એટલો કે તેનાં તમામ કામમાં સામ્યવાદી પક્ષની રાજ્યદ્વારી સત્તા સર્વોપરિ રહે છે. આ સામ્યવાદ રશિયાના જૂનવાણી સામ્યવાદ કરતાં જરા જુદી જાતનો છે, છતાં એના વડે માઓ ત્સે–તુંગ આખી ચીનાઇ પ્રજાનાં હૃદયો જીતી ગયો છે.

માઓ ત્સે–તુંગ જેમ એક આપબળે બનેલો સામ્યવાદી છે તેવો જ આપબળે બનેલો ચીનનો સત્તાધીશ છે. યુરોપ આખામાં બીજા જે જે સામ્યવાદી સત્તાધીશો છે તે બધાને (માર્શલ ટીટો સુદ્ધાં) રશિયાના સામ્યવાદનું શિક્ષણ મળેલુ છે અને એ શિક્ષણ તેમણે રશિયાના પાટનગર મોસ્કોમાં રહીને મેળવેલું છે. પણ માઓ ત્સે–તુંગ તો ૧૯૫૦ ની સાલમા ફક્ત પહેલીજ વાર મોસ્કો ગયેલો અને તે પણ મરહુમ સ્તાલીનની સાથે તેના એક સમોવડીઆ તરીકે વાટાઘાટો કરવા માટે.

રશિયન બળવાના સર્જનહારો લેનીન અને ટ્રોટસ્કીએ પોતાનાં જીવનના ઘડતરનાં વરસો વતનથી દૂરના દેશોમાં ગાળેલાં. માઓના મુખ્ય મદદનીશોને પણ એવો જ અનુભવ થયો છે. તેનો મુખ્ય પ્રધાન ચાઉ–એન–લાઇ ફ્રાન્સમાં અભ્યાસ કરતો હતો તે સમયે સામ્યવાદી બન્યો હતો. તેના સેનાપતિ ચુ તેહને રાજકારણનું તેમ જ લશ્કરી વહીવટનું જ્ઞાન જરમનીમાં મળેલુ.

પણ માઓએ પોતે કદી ચીનની બહાર પગ મુકયો નહોતો. ૧૯૨૭ ની સાલમાં પોતે વિદ્યાર્થી હતો ત્યારે તેને પરદેશ જવાનો એક મોકો મળેલો પણ તેનો તેણે ઇનકાર કરેલો. મરહુમ સ્તાલીન પણ રશિયાની સરહદ છોડીને કદી બહાર નીકળ્યો નહોતો.

ચીનમાં સામ્યવાદી પક્ષની સ્થાપના ૧૯૨૧ માં થઈ ત્યારથી જ માઓ એમાં જોડાયો હતો. એ વખતે તેની ઉમર ૨૮ વરસની હતી. ૧૯૨૨ થી ૧૯૨૭ સુધીનાં ક્રાંતિનાં વરસોમાં રશિયન સંલાહકારોની શીખવણી મુજબ ચાલતા અને ચ્યાંગ કાઈ શેકની કુમિટાંગની સાથે મળીને કામ કરતા કમ્યુનિસ્ટ પક્ષના હાથમાં કુલ સત્તા આવી પડવાનો મોકો આવ્યો તે વખતે માઓ પોતાના વતન હુનાનમાં જ બેઠો બેઠો ત્યાંના અને આસપાસના પ્રદેશોના ખેડૂતોમાં સંગઠન કરવાના કામમાં પરોવાયલો હતો.

૧૯૨૭ ની સાલમાં સામ્યવાદીઓને માથે એક મોટી આફત આવી પડી. ચ્યાંગ કાઈ શેક એકાએક તેમની સામે ફરી બેઠો અને તેમના ઉપર કહેર વરતાવવા લાગ્યો. એની કતલબાજીમાંથી બચ્યા તે બધા જ પક્ષના આગેવાનો અંહી તંહી છુપાઈ ગયા. એ વખતે રાજ્યદ્વારી ઉથલપાથલના કેંદ્રસ્થાનથી દૂર દૂર બેઠેલા માઓએ પોતાના ખેડૂતોના સંઘના માણસોને હથીઆરો આપ્યાં અને પોતાની "રાઈફલ હીલચાલ" શરૂ કરી દીધી. એમાં એને વારંવાર સખત છક્કડો ખાવી પડી અને એક વાર તો નાસીને દક્ષિણ ચીનમાં ભરાઈ જવું પડેલું અને ત્યાં પણ નાસભાગની જીંદગી ગાળવી પડતી. પણ તે પછી માઓએ એક ભારે ચમત્કાર કરી બતાવ્યો. કિઆંગશી પર્વતના વિસ્તારમાં માઓએ સામ્યવાદી રાજ્ય અમલની સ્થાપના કરી દીધી.

એ વખતે કેંટોન અને શાંગહાઈમાં ભુગર્ભમાં રહીને કામ કરી રહેલા સામ્યવાદી પક્ષના અગ્રણીઓએ માઓનો ઇનકાર કર્યો અને સામ્યવાદી પક્ષમાં એ જે જે હોદ્દાઓ ધરાવતો હતો તેના ઉપરથી તેને બરતરફ કરવામાં આવ્યો. છતાં માઓએ પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી અને આખરે જ્યારે તેને સંપૂર્ણ ફતેહ મળી ત્યારે પક્ષના આગેવાનોએ જ એનું નેતૃત્વ મને-કમને નમીને સ્વીકારી લીધું.

એ અરસામાં, સને ૧૯૨૮માં, ચુ તેહ માઓનાં સાથમાં ભળ્યો અને એ માઓના લશ્કરનો સેનાપતિ બન્યો. એ બન્નેએ મળીને પોતાના ડુંગરાળ સિપાહીઓને હથીઆરો, ખોરાક અને કપડાં પૂરાં પાડવાની વ્યવસ્થા કરી અને એ પછી બેઉ જણા દેશમાં ધીમે ધીમે પોતાની સત્તા વિસ્તારતા ગયા.

એમને હરાવતાં ચ્યાંગ કાઈ-શેકને પાંચ વરસ લાગ્યાં, પણ તેઓ ચ્યાંગના હાથમાં તો કદી આવ્યા જ નહીં. પોતાનો તમામ સરંજામ અને યંત્રણાઓ સાથે ઉઠાવીને માઓએ ૬૦૦૦ માઈલની લાંબી કુચનો આરંભ કર્યો અને તેના અનુયાયીઓ તેની પાછળ ઉપડ્યા. એ કુચ ચીન અને ચેનાનની આરપાર થઈને છેક વાયવ્ય પ્રદેશમાં થંભી. અને એ ચાલી તેટલો વખત માઓ ખેડુતોને જમીન આપતો જતો હતો—એટલે કે જમીન ખેડનારા ખેડુતો એ જમીન પર પોતાનો કબજો જમાવતા જતા હતા. એ જ્યાં જ્યાં ગયો ત્યાં બધે જ તેણે આ જાતના જમીનનાં બળવા કરાવ્યા. અને પાછળથી ચ્યાંગનાં લશ્કરો ત્યાં પહોંચી વળીને ખેડુતોને જોરજુલમથી દબાવી દેતા અને કતલ પણ કરી નાખતા.

આ રીતે હજારો ખેડુતોની હત્યા થઈ રહી હતી એ વાત માઓના જાણવામાં હશે જ પણ સાથોસાથ એને એટલી પણ ખાતરી હતી કે પોતાનાં કૃત્યથી એ આખા ચીનના તમામ ખેડૂતોનાં દિલમાં પોતાની ફતેહને માટેની વાંછના ફેલાવતો જતો હતો.

મૃત્યુને બહુ મહત્ત્વ આપતાં માઓ શીખ્યો નથી. સને ૧૯૨૭ થી ૧૯૩૭ ના દસ વરસ સુધી ચાલેલા ચીનના આંતરવિગ્રહમાં બંને પક્ષે અગણિત હત્યાઓ થઈ હતી. માઓની પહેલી પત્ની કુમિટાંગને હાથે ફાંસીના માંચડે મરણ પામેલી અને ૬૦૦૦ માઈલની ઐતિ-

હાસિક કુચ દરમીઆન તેની બીજી પત્ની પણ મરણ પામી.

આમ છતાં જ્યારે ચીન ઉપર જાપાને આક્રમણ કર્યું ત્યારે માઓએ ચ્યાંગ કાઇ-શેકને સંયુક્ત મોરચો રચવાની દરખાસ્ત કરી હતી. અને એવો સંયુક્ત મોરચો રચાવા છતાં ચીનની અંદર સામ્યવાદની સત્તાનો વિસ્તાર વધારવાનુ કામ તો તેણે ચાલુ જ રાખ્યુ હતું.

એ પછી માઓ અને ચ્યાંગ વચ્ચે સુલેહ સંપ કરાવવામાં જ્યોર્જ માર્શલને કેવી રીતે નિરાશા મળી અને તક જોઇને માઓએ આખા ચીન ઉપર પોતાની સત્તા શી રીતે જમાવી દીધી એ બધી ગઇ કાલના ઇતિહાસની બીનાઓ છે. આજે ૬૨ વરસની ઉંમરનો માઓ-ત્સે-તુંગ સત્તાના ઊંચામાં ઉંચા શિખર ઉપર બિરાજી રહેલો છે.

માઓના અમલમાં ચાલી રહેલ ચીનનું રાજ્યતંત્ર પૂર્વ-યુરોપના દેશોના સામ્યવાદી રાજયતંત્ર કરતાં જૂદા પ્રકારનું છે. પૂર્વ યુરોપના દેશો પર તો રશિયાએ વિજય મેળવીને ત્યાં સામ્યવાદની સત્તા જમાવી છે પણ માઓની સત્તા ચીનના આંતર વિગ્રહ અને બળવાના વિજયનું પરિણામ છે.

આજે પણ માઓનાં વર્તન કે આદતોમાં કશો ફરક પડયો નથી. હુનાનના એક ખેડુત તરીકે જેવી જિંદગી એ પહેલાં ગાળતો તેવી જ આજે ગાળે છે. હુનાનના ખેડુતોને ખોરાકની ચીજોમાં લાલ મરી નાખવાનો શોખ હોય છે, તેવો જ શોખ માઓને આજે પણ છે. માઓનું જીવન ઘણી રીતે મરહુમ સ્તાલીનને મળતું આવે છે. માઓને પહેલેથી જ પોતે કરેલા નિર્ણયોને વળગી રહેવાની આદત છે ને બીજાઓના આદેશો એને મંજૂર નથી. માઓ એ એક જ એવો સામ્યવાદી છે કે જેણે સામ્યવાદી પક્ષની શિસ્તને કદી નમતું આપ્યું નથી.

એક પાદરી એક વાર કોઈ કામે એક મોટી બેંકના મેનેજરને મળવા ગયો. એ બેંકના દરવાજામાં દાખલ થયો ત્યારે સામેથી આવતો એક જુવાન તેના જોવામાં આવ્યો. એનો ચહેરો પડી ગયેલો હતો અને આંખમાં આંસુ હતાં. એણે પાદરીને નમન કર્યું. પાદરીએ તેને તેના દુઃખનું કારણ પૂછ્યું. "મારી એક ભૂલ માટે મને નોકરીમાથી હમણાં જ રજા મળી છે. મેં ભૂલની માફી માગી અને બેંકને થયેલુ નહિ જેવું નુકસાન ભરી આપવાની તૈયારી બતાવી તો પણ કંઇ વળ્યું નહીં." પાદરીએ તેને દિલાસાના બે શબ્દો કહ્યા.

મેનેજર જોડેની પોતાની વાતચીત પતાવી લીધા પછી પાદરીએ તેને કહ્યું."મેનેજર સાહેબ! હું અંહી આવતો હતો ત્યારે મને તમારી બેંકનો એક નોકર મળ્યો એ બીચારો પોતાની નોકરી જવાથી રડતો હતો."

"પણ તેણે ભૂલ કરેલી એ આપ જાણો છો?" મેનેજરે કહ્યું.

"હા, અને એટલું પણ જાણું છું કે એ ભૂલ માટે એણે માફી માગી છે, અને ફેરી ભૂલ ન કરવાની ખાતરી આપે છે અને બેંકને જે કંઇ થોડું નુકસાન થયુ હોય તે ભરી આપવાની તૈયારી બતાવે છે.''

"પણ પાદરી સાહેબ, બેંકના મેનેજરથી કોઇનો ગુન્હો માફ થઇ શકે જ નહીં એવો કાયદો છે. હું એને માટે દિલગીર છુ પણ હું તેને માફ કરી શકતો નથી" મેનેજરે કહ્યું

પાદરીએ હસીને કહ્યું "એ જોતાં આપને નથી લાગતું, મેનેજર સાહેબ, કે હું ને તમે બેઉ બહુ જ નસીબદાર અને સુખી માણસો છીએ!"

"શી રીતે?"

"એટલા માટે કે ઇશ્વર કોઇ બેંકનો મેનેજર નથી."

ભારતની સંસ્કૃતિના પ્રાચીન મિત્ર દેશ ઇન્ડોનેશિયાનું પ્રાણવાન પાટનગર

જાકાર્તા

પંડિત નહેરૂ જે જે પ્રદેશની મુસાફરી કરે તે પ્રદેશ વિશે ભારતવાસીઓનાં લોકોનાં જ નહીં પણ દુનિયાભરની પ્રજાનાં મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. એ નિયમ પ્રમાણે, જ્યારથી પંડિતજી ઇંડોનેશિયાના પાટનગર જાકાર્તાનો પ્રવાસ કરી આવ્યા ત્યારથી એ દેશ અને તેના પાટનગર વિશે ઘણા માણસો કંઈક જાણવાને આતુર રહેતા થયા છે.


ભારત જેમ ૧૯૪૭ માં અંગ્રેજી હકુમતમાંથી મુક્ત થયું તેમ ઇંડોનેશિયા ડચ સત્તાની હકુમતમાંથી ૧૯૪૯ માં મુક્ત થયું અને ત્યારથી ઇંડોનેશિયાના પ્રજાસત્તાકનો જન્મ થયો છે. ડચ હકુમત દરમીઆન આજના આ પ્રજાસત્તાકના પાટનગરનું નામ બટેવિઆ હતું. હવે તે નામ બદલીને જાકાર્તા પાડવામાં આવ્યું છે. આ જાકાર્તા શહેરમાં થોડા સમય પહેલાં એશિયાની પાંચ મહાપ્રજાઓ—ભારત, ઇંડોનેશિયા, પાકીસ્તાન, બ્રહ્મદેશ અને લંકા—ના મુખ્ય પ્રધાનોની પરિષદ મળી હતી અને તે પરિષદે પૂર્વમાં આવેલા બીજા ૩૦ આઝાદ દેશોના પ્રતિનિધિઓને એપ્રિલ માસમાં મળનાર આફ્રો-એશિયન પરિષદમાં બોલાવવાનું નક્કી કર્યું છે.

સિંગાપુરથી અગ્નિકોણમાં ૫૮૦ માઇલના અંતર પર જાકાર્તા નામની નદીના બન્ને કિનારાઓ પર પથરાઇ રહેલું અને જાવાના અખાત ઉપર સત્તા જમાવી રહેલું જાકાર્તા શહેર ઇંડોનેશિયાનું અવ્વલ નંબરનું શહેર છે. ઇંડોનેશિયા આશરે નાના મોટા ૩૦૦૦ ટાપુઓનો બનેલો દેશ છે, અને એ ટાપુઓ ૩૦૦૦ માઇલની લંબાઇ અને ૧૩૦૦ માઇલની પહોળાઇમાં પૃથ્વીની મધ્ય રેખાના માર્ગમાં વિસ્તરેલા પડેલા છે.


જાકાર્તા ૨૦૦૦ વરસનું જુનું શહેર છે, પણ વયમાં જેટલું વૃદ્ધ છે તેટલું જ જુસ્સામાં એ યુવાન છે. એની સંસ્કૃતિ પ્રાચીન છે, પણ એની દૃષ્ટિ અર્વાચીન છે. એનો ભૂતકાલ રોમાંચક છે પણ ભવિષ્ય વેગવંતું છે. જાકાર્તા જેવું ઉંઘરાટું તેવું જ જવાલામુખીની પેઠે ઉકળી રહેલું શહેર છે. એ જ્વાલામુખી કોઇ વાર કોઇ ધરતીકંપની અસરથી ફાટી ઉઠે એવી શક્યતા છે. રાજ્યદ્વારી ધડાકા માટે ત્યાંની ૯૨ ટકા જેટલી મુસલમાનોની વસતિ ગમે ત્યારે દારૂગોળો સળગાવે એવો ડર છેક નાખી દેવા જેવો નથી.

ઇંડોનેશિયાની વસતિ આઠ કરોડની છે. એની પ્રજા શરીરે તંદુરસ્ત અને ખડતલ છે. દુનિયાના મોટામાં મોટા દેશોમાં ઇંડોનેશિયાનો નંબર ૬ ઠો આવે છે અને ઇસ્લામી દેશોમાં તો એ સર્વથી મોટો છે. વસતિના ૯૨ ટકા જેટલા માણસો મુસલમાન છે. ૧૯૫૪ ના મે મહિનાની ૧૨ મી તારીખે ઇંડોનેશિયાના પ્રજાસત્તાકમાં જે છેલ્લી ચુંટણીઓ થઇ તેમાં ૬ કરોડ માણસોએ મત આપ્યા હતા એ ઉપરથી એટલું તો સહેજે જોઇ શકાય કે એ દેશ જાગ્રત અને પોતાનું હિત સમજનારો દેશ છે. એની એ જાગ્રતિ માટે તેણે તેના ડચ હાકેમોનો આભાર માનવો જોઇએ. એ ડચ હાકેમોની આપખુદ સત્તા એ દેશ ઉપર બહુ લાંબો વખત ચાલેલી અને તેટલા અરસામાં તેની પ્રજા આળસ અને ઉંઘ ઉડાડીને પોતાની પ્રગતિ માટે તૈયાર થઇ ચુકી હતી.

૩૩૦ વરસ સુધીની ડચ હકુમત દરમીઆન જાકાર્તા બટેવિયાના નામે ઓળખાતું અને હવે તેનું જે જુનું અને સાચુ નામ હતુ તે તેણે ફરીથી ધારણ કરી લીધુ છે પણ ત્યાંના જાવા નિઝ લોકોને નામનો કોઇ ખાસ મોહ નથી રામાયણમાં આ ટાપુનું જે વર્ણન આવે છે તેમાં વાનરરાજ સુગ્રીવે તેને "યવદ્વીપ" તરીકે વર્ણવેલો છે અને મહાન મુત્સદ્દી



ભારત અને ઇંડોનેશિય વચ્ચેની જુની મિત્રતાનું પવિત્ર સ્મારક
આ હિંદુ મંદિર પ્રમ્બાનનમા આવેલું છે પ્રમ્બાનનનું બીજું નામ લોરો જોંગ્રાગ છે



"બાટિક"ને નામે ઓળખાતી પદ્ધતિથી બનાવવામાં આ.વેશ પોતાના જ દેશમાં બનેલા કાપડમાં સુસજ્જિત ઇંડોનેશિયાની અર્વાચીન યુવતી.

કૌટિલ્યે પોતાના "અર્થ શાસ્ત્ર" નામના પ્રખ્યાત પુસ્તકમાં જાવાને "સુવર્ણકુડ્ય"ના નામે ઓળખાવેલો છે. યુરોપીઅનોએ એનું નામ જાકાર્તા પાડ્યું અને "પૂર્વ પ્રદેશના વેનિસ" તરીકે તેની કીર્તિ ફેલાવી, કેમકે જાકાર્તામાં પણ વેનિસની પેઠે નહેરો અને પુલો ઘણા છે. છેલ્લા વિશ્વયુદ્ધ દરમીઆન જાકાર્તા ઉપર અંગ્રેજો અને જાપાની બન્ને પ્રજાઓએ ઘણા ફટકા મારેલા પણ તેના નિશાન હવે રહ્યા નથી. તેમજ ડચ હકુમતના કબજામાંથી છૂટવા માટેની લડતમાં તેણે જે જખમે ઝીલ્યા હતા તેના ઘા પણ હવે તો રૂઝાઇ ગયા છે. જાકાર્તા એક નિત્ય ફુલતું ફાલતું શહેર છે અને તેમાં આવી વસનારા બધાને આશરો આપે છે. આજથી ૨૫ વરસ પહેલાં તેની વસતિ ૪,૩૫,૧૮૪ માણસોની હતી તે આજે વધીને ૨૮ લાખની થઇ છે.

ઝડપથી ફાલતું નગર

આમ જાકાર્તા બહુજ ઝડપથી ફાલતું જાય છે અને તેનો વિસ્તાર વધતો જતાં ત્યાં અનેક ઇમારતોનું બાંધકામ સતત ચાલતુંજ રહે છે. જુનાં મકાનો તોડી નવાં બાંધવાનું અને જુના નામ બદલીને નવાં નામ પાડવાનું કામ જાકાર્તામાં જોરમાં ચાલે છે, અને નામ બદલાતાં એની સૂરત પણ બદલાઇ ગઇ છે. કેબાયોરાન નામના તેના ઉપનગરમાં આજે સરકાર તેમજ કારખાનાંદારો પોતાના નોકરોને માટે રહેવાનાં મકાનો બંધાવી રહ્યા છે અને તેમાં પાંચ લાખ કુટુંબોનો સમાવેશ કરવાની ગણતરી કરવામાં આવી છે. ખુદ જાકાર્તાની અંદર તો ચોમાસામાં ફુટી નીકળતા બિલાડીના ટોપની પેઠે નવાં નવાં મકાનો રોજે રોજ ઉભાં થતાં જાય છે. ડચ હકુમત દરમિયાન જાકાર્તા ત્રણ ભાગમાં વહેંચાયલું હતું: જુનું શહેર તાંજોંગ, પ્રિઓકનું બંદર, જેમાં જાવાનિઝ, ચીનાઓ અને આરબોની વસતિ હતી અને આજનું અર્વાચીન ઉપનગર વેલ્ટેવ્રેડન. જુનાં શહેરના રસ્તાઓ સીધા અને પહોળા હતા અને તેનાં મકાનો

સુંદર હતાં પણ ફક્ત એક ચીનાઓના વસવાટ-વાળો ભાગ આખા શહેરની સુંદરતામાં એબ લગાડનારો હતો. વેલ્ટેવ્રેડનમાં સરકારી કચેરીઓ, વેપારી પેઢીઓ, હોટેલો, કલબો અને થિએટરો વગેરે આવેલાં હતાં. એનાં મકાનો ડચ પ્રજાની બાંધણીનાં હતાં—માથે બદામી રંગના નળીયાવાળાં છાપરાં અને બારીઓમાં હીરાના આકારના ચાર ખુણીઆ કાચવાળાં.

હવે તો જાકાર્તાનો વિસ્તાર ચારે દિશામાં વધતો જાય છે તેથી પહેલાના જેવા વિભાગો હવે રહ્યા નથી. ૧૮ મી સદીના યુગના ડચ બાંધણીનાં મકાનોની વચ્ચે વચ્ચે આજે હવે પશ્ચિમની અર્વાચીન કલા કારીગરીવાળાં મકાનોના સુંદર નમુનાઓ, ઝળહળતી મસ્જીદો અને ચીનાઇ છાપરાંવાળાં મકાનો જોવા મળે છે.

પહેલાં જાકાર્તાની દુકાનોમાં મોટે ભાગે યુરોપના દેશોમાંથી આવતી શોભા-શણગાર અને રમકડાંની ચીજો નજરે પડતી, પણ હવે ત્યાંની સ્વતંત્ર પ્રજાની દુકાનોમાં દેશની પ્રાચીન કલા અને કારીગરીના નમુનાઓ જોવા મળે છે. યુરોપના યંત્રવાદ અને કારખાનાંઓની વચ્ચે પણ એ પ્રાચીન કળા આજ લગી એવી ને એવી ટકી રહેલી છે. ઇંડોનેશિયાની ખાસ વખાણવા લાયક બનાવટોમાં "બાટીક" નામે ઓળખાતા વિવિધરંગી સરોંગ (કમર પર પહેરવાનું વસ્ત્ર) અને લાકડા ઉપરનું જાવાનું કોતરકામ દુનિયાભરમાં જાણીતું છે. "વાયંગ" નામના પુતળાંઓ અને પંડાનુસ વૃક્ષના પાંદડાઓમાંથી બનાવવામાં આવતી "પાયોંગ" નામે ઓળખાતી છત્રીઓ, કોટા ગેડે અને કેંડારીના સુન્દર કોતરકામવાળ



ઇંડોનેશિયામાં જેવું સુંદર વણાવટનું કાપડ થાય છે તેવી જ સુંદર એ કાપડ વેચનારી યુવતીઓ પણ હોય છે. મુસાફર ઘરાકો એવી કાપડની દુકાનમાં એ બેહના આકર્ષણથી ખેંચાઇ આવે છે.


ચાંદીનાં વાસણો અને જોગ્જા અને સોલોમાં બનતી ચામડાંની અનેક આકર્ષક બનાવટો ઇંડોનેશિયાની પ્રાચીન કારીગરીના ઉત્તમ નમુનાઓ છે.

આજથી કેટલાક વરસો પહેલાં જાકાર્તાની નજીકના પ્રદેશમાંથી સંસ્કૃત ભાષામાં મોટા પત્થર ઉપર કોતરેલા ચાર શિલાલેખ મળી આવ્યા હતા. એમાં ઇસ્વી સનની પાંચમી સદીમાં તરૂમાના પૂર્ણવર્મા નામે ઓળખાતો રાજા પશ્ચિમ જાવા ઉપર રાજ્ય કરતો હતો એવું લખેલું છે. ઇંડોનેશિયાનો ભારત સાથેનો સંબંધ સ્થાપિત કરનારો આ જુનામાં જુનો શિલાલેખ છે. તે સિવાય મધ્ય જાવામાં કેટલાક બીજા શિલાલેખો મળી આવેલા છે જેના ઉપરથી ત્યાં આઠમી સદીમાં હિંદુઓનું રાજ્ય ચાલતું હતું અને એ રાજ્યમાં પ્રજા બહુ સુખી હતી એવું માલમ પડે છે. આ શિલાલેખમાં ભગવાન શંકરનું આ પ્રમાણેનું વર્ણન કરેલું છે:

"દુનિયાના અંધકારમાં સૂર્ય જેવા પ્રકાશમાન, અને ગંગાના નીર વડે સદા ભીની રહેતી જટામાં મણિની પેઠે ચંદ્રને ધારણ કરનાર."

ભારત સાથેનો સંબંધ

નૃત્યકારો વડે પ્રખ્યાત થયેલા બાલી નામના ઇંડોનેશિયાના ટાપુમાં આજે પણ શંકરનું ઘણું મહત્ત્વ છે. એ એક જ ટાપુમાં આજે પણ પ્રાચીન સમયની હિંદુ પ્રણાલિકા મુજબ પુરોહિતો, ક્રિયાવિધિઓ અને નર્તિકાઓ નજરે પડે છે. જે દેશની પ્રજામાં



ઇંડોનેશિયાની પ્રજાને મહાભારતના નાયક અર્જુન માટે ભારે માન છે. મહાભારત પરથી રચવામાં આવેલા અર્જુનની ભૂમિકાવાળા એક નાટકનું દૃશ્ય અહીં નજરે પડે છે. પ્રખ્યાત બાલી નૃત્યકારો એ નાટક ભજવે છે.

૯૨ ટકા મુસનમાનો છે અને બાકીના ૮ ટકામાં હિંદુ, બુદ્ધિસ્ટ અને ખ્રિસ્તીઓ પણ આવી જાય છે ત્યા હિંદુ ધમનું આ વર્ચસ્વ આશ્ચર્ય પમાડનારૂં ગણાય શિવનાં મંદિરો બાલીમા 'જંડી'ના નામે ઓળખાય છે ડીગ પ્રદેશમા, વોનોસોગો નકુી નજીક અને પ્રાબાનનમાં અનેક શિવાલયો આવેલા છે ખુ જાવામાં પણ પચુાતગણ અને માલગમાં શિવના મંદિરો છે

શિવથી બીજુ સ્થાન બુદ્ધનુ આવે છે. બુદ્ધિસ્ટ કળાનું એક મોટુ કેન્દ્ર જાવામાં આવેલુ છે શૈલેન્દ્ર વંશના એક રાજાએ ૯મી સદીમાં બંધાવેલું બોરોબુદીર નામનું આ કલાધામ "પત્થરમાં આલેખાયની બુદ્ધ સંપ્રદાયની ચોપડી'ના નામે પ્રસિદ્ધ છે એની ઉંચાઈ ભવ્ય છે અને તેના મુખ્ય મંદિરની આસપાસ અનેક અગાસીઓ અને ગેલેરીઓ બાંધેલી છે જેનો વિસ્તાર આશરે ૩ માઇલ જેટલો થાય છે અને તેમા પથરમા કોતરેલી અનેક પ્રતિમાઓ છે જેનાં નામ પણ આજે જગતમા કોઇ જાણતુ નથી એવા શિલ્પીઓએ જગતપ્રખ્યાત જાતક કથાઓ (બુદ્ધના પૂર્વ જન્મની વાર્તાઓ) પત્થરમા મૂર્તિમંત કરેલી છે અને સાથે સાથે બુદ્ધના સંપ્રદાયના ધર્મ-પુસ્તકોનાં સૂત્રો પણ પત્થરમા કોતરેલાં છે

ઇંડોનેશિયામા ઇસ્લામે અરબસ્તાનમાંથી નહી પણ ભારતમાંથી પ્રવેશ કર્યો છે ગુજરાતના હિંદીઓ પોતાની સાથે ત્યા ઇસ્લામને લઈ ગયા એ ધર્મનો પ્રચાર રાજાઓએ નહી પણ વેપારીઓએ અને આમ વર્ગના માણસોએ ત્યાં કરેલો ઇસ્લામને કદી હિન્દુ સંપ્રદાય કે બુદ્ધ સંપ્રદાય સાથે અથડામણ થઇ નથી ઇસ્લામનો પ્રચાર કરનારાઓએ ઇંડોનેશિયાની કલાકારીગરી કે હુન્નરઉદ્યોગો



ઇંડોનેશિયાના ગ્રામ્ય વિસ્તારમા ખેતી મોટા પાયા ઉપર થાય છે. ત્યા ચોખા અને બીજા અનેક ધાન્યોની પુષ્કળ પેદાશ થાય છે.


ઉપર કદી હાથ નાખ્યો નથી. ઇસ્લામે પોતાની શીલ્પકળા ઇંડોનેશિયામાં ચાલુ કરી. તે સિવાય પ્રજા જીવનમાં તેનો બીજો કશો ફાળો નથી. એટલું જ નહીં પણ ઇસ્લામનો પ્રચાર કરનારા મૌલવીઓએ પોતાનાં કામમાં હિન્દુઓના "છાયા નાટ્ય"નો પણ સારી પેઠે ઉપયોગ કર્યો છે.

સને ૧૯૨૭માં કવિ રવીન્દ્રનાથ ટાગોર ઇંડોનેશિયાની મુલાકાતે ગયા ત્યારે જાવામાં એક મુસ્લીમ રાજવીના મહેલમાં ગયા હતા. એ મહેલની દીવાલોમાં રામાયણમાંથી કોતરી કાઢેલાં કેટલાંક દૃશ્યો તેમના જોવામાં આવ્યાં. પોતાના પ્રવાસ વર્ણનમાં કવિએ આ વાત લખી છે અને સાથે એમ પણ લખ્યું છે કે "ઇંડોનેશિયાના મુસલમાનો હિંદુઓનાં મંદિરો વિશેની બધી જ વિગતો જાણતા હોય છે."

હિંદુ સંસ્કૃતિનાં સીમાચિહ્નો

જાવા, બાલી, સુમાત્રા વગેરે ઇંડોનેશિયાના ઘણા ટાપુઓમાં ચાલતાં ચાલતાં હિંદી મુસાફરને ભારત, સંસ્કૃત સાહિત્ય, અને હિંદુ અને બૌદ્ધ સંપ્રદાયોનું સ્મરણ થયાં કરે છે, છતાં એક વાત ખાસ યાદ રાખવાની છે કે ઇંડોનેશિયાની પ્રજાએ એ બધા ઉપર પોતાના વ્યક્તિત્વની પાકી મહોર છાપ મારેલી છે. ભારતની શિલ્પકલા કે પુતળીઓનું નૃત્ય, ચિત્રો કે લોકકથા એ બધામાં તેઓએ પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વના ઘેરા રંગો પૂર્યા છે.

આજની ઇંડોનેશિયન પ્રજા પોતાના ભૂતકાળના વારસાનો બરાબર લાભ ઉઠાવી રહી છે. બીજાઓ પ્રત્યે સહિષ્ણુતા અને સહજીવનના સિદ્ધાંતો તેણે સ્વીકાર્યા છે. ત્યાંના એક જાણીતા સરકારી તબીબ ડૉ. વહીદીન સુદીરો



જાકાર્તામાં બ્રિટિશ અને અમેરિકન-બનાવટની મોટરો પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. ઉપરનાં ચિત્રમાં શહેરના મધ્ય ભાગના એક રસ્તાનું દૃશ્ય જોવા મળે છે.

હુસોદાએ નોકરીમાંથી ફારેગ થયા પછી "બુદી ઉતોમો" નામે ઓળખાતી એક રાષ્ટ્રીય હીલચાલ શરૂ કરી (જેના અર્થ થાય છે દૈવી પ્રયાસ) અને પ્રેસિડંટ સોકર્નો અને ડૉ. હાટ્ટાએ "પારટાઇ નેસીઓનેલ ઇંડાનેશિયા" નામના એક નવા પક્ષની આજથી ત્રીસેક વરસ ઉપર સ્થાપના કરી, ત્યારથી તે પ્રજાએ "વિવિધતામાં એકતા"ના સિદ્ધાંત ઉપર રાષ્ટ્રીય પ્રવૃત્તિની શરૂઆત કરી. આજે એ તેમનો રાષ્ટ્રીય મુદ્રાલેખ બની રહ્યો છે. તેમની ભાષામાં એ મુદ્રાલેખ "ભુનેકા ટંગાલ ઇકા" એ શબ્દોમાં લખાય છે. તેમનું રાષ્ટ્ર ચિહ્ન ગરૂડ પક્ષી છે અને તે પક્ષીના પંજામાં આ મુદ્રાલેખ બરાબર ચીટકી ગયો છે. ગરૂડ પક્ષી ભગવાન વિષ્ણુનું વાહન છે છતાં ભારતમાં આજે તેનું મહત્ત્વ સૈકાઓ થયાં ભુલાઇ ગયું છે પરંતુ ઇંડોનેશિયાએ એ પક્ષીને પોતાના રાષ્ટ્રચિહ્ન તરીકે અપનાવ્યું છે. આ પક્ષીની બન્ને પાંખમાં ૧૭ પીંછા અને પુંછડીમાં ૮ પીંછા રાખવામાં આવેલાં છે. સને ૧૯૪૫ ના ઑગસ્ટની ૧૭ મી તારીખે ઇંડાનેશિયાના આગેવાનોએ પોતાના દેશને પ્રજાસત્તાક બનાવવાની જાહેરાત કરી. એ તારીખની યાદગીરી રૂપે ગરૂડની દરેક પાંખમાં ૧૭ પીંછા મુકવામાં આવેલા છે આ પ્રજાએ પોતાના જીવનના પાંચ સિદ્ધાંતો સ્વીકારેલા છે—ઇશ્વરમાં શ્રદ્ધા, (એના નિશાન રૂપે તારો છે) માનવતા, (નિશાન સાંકળ) રાષ્ટ્રભાવના, (નિશાન વડનું ઝાડ) પ્રજાની સાર્વભૌમ સત્તા (નિશાન ભેંસનું માથું) અને સામાજિક ઇન્સાફ (નિશાન ચોખા અને કપાસ). આ પાંચ સિદ્ધાંતો "પંજશીલા"ના નામે ઓળખાય છે અને ઇંડાનેશિયાના રાષ્ટ્રવાદીઓની એકતા તેની આસપાસ ગુંથાયલી છે. આજની તેની સરકાર આ "પંજશીલા"ના પાયા ઉપર પ્રજાની નવરચના કરી રહી છે. પંડિત નહેરૂએ પણ તાજેતરમાં આપણા દેશને માટે "પંચશીલા"ની જાહેરાત કરી છે તેને માટેનીપ્રેરણા તેમને ઇંડોનેશિયાના આ "પંજશીલા"એ આપેલી હોય એમ માની શકાય.

ફાલતો જતો વેપાર

લડાઇ પહેલાં આખી દુનિયામાં ઉત્પન્ન થતાં વનસ્પતિના તેલનો ત્રીજો ભાગ ઇંડોનેશિયા ઉત્પન્ન કરતું હતું. સાઇસલનો પણ ત્રીજો ભાગ ત્યાંથી આવતો. દુનિયાભરની ચ્હાની પેદાશમાં પાંચમો ભાગ તેનો હતો અને મરીની પેદાશમાં ⅘ જેટલી પેદાશ એ દેશની હતી. લડાઇ અને બળવાનાં વરસોમાં એ દેશનો પરદેશનો વેપાર અસ્તવ્યસ્ત થઇ ગયો, પણ આજે પાછી એની પેદાશો દુનિયાના બજારોમાં વહેતી થઇ ગઇ છે.

૧૯૩૯માં ઇંડાનેશિયાની રબરની નિકાશ ફક્ત ૪,૨૧૦૦૦ ટનની હતી તે ૧૯૫૦માં વધીને ૬,૪૨૦૦૦ ટન ઉપર પહોંચી. ટીનના પતરાંની નિકાશ ૧૯૩૮ માં ૨૯૭૨૮ ટનની હતી તે ૧૯૫૦ માં વધીને ૩૨૧૦૨ ટન પર પહોંચેલી. ઇંડાનેશિયાનો વેપાર કેટલી ઝડપથી આગળ વધતો રહ્યો છે તે આ એક વાત ઉપરથી માલમ પડે છે કે ૧૯૪૬ માં એ દેશની કુલ નિકાશ ૩,૫૫.૧૨૮ ટન માલની થયેલી અને તેની કીંમત ૧૫ કરોડ ૪૭ લાખ રૂપીઆ (ઇંડાનેશિયામાં ચલણી સિક્કો રૂપીઆને નામે ઓળખાય છે—જે ભારત સાથેના તેના સંસર્ગની એક વધુ નિશાની પુરી પાડે છે) હતી. ૧૯૫૩ માં માલની નિકાશ તેના કરતાં સાડાત્રણ ગણી થઇને ૧ કરોડ, ૨૨ લાખ, ૯૨ હજાર, ૫૭૯ ટન પર પહોંચી અને તેની કીંમત ૭૧ કરોડ રૂપીયા જેટલી ઉપજી હતી.

આજે ઇંડાનેશિયાની હાલત તેના પડોશી દેશો ઇંડા-ચાઇના અને મલાયા કરતાં ઘણી વધારે સંગીન છે અને આ દેશ દુનિયાભરના દેશોની પ્રગતિમાં રસ લઇ રહ્યો છે.

એના વડા-પ્રધાન અલી શાસ્ત્રોમીજોજોએ પ્રથમ કોલંબોમાં ને પછીથી બોગોરમાં મળેલી પરિષદોમાં જે ભાગ ભજવી બતાવ્યો તેનાથી ઇંડાનેશિયાનું નામ આજે દુનિયાભરમાં ગાજતું થઇ ગયું છે.

રાજવીઓનો સંધ્યાકાળ



ભારત ઉપર આશરે ૨૦૦ વરસ સુધી હકુમત ભોગવ્યા પછી અંગ્રેજો સને ૧૯૪૭ના ઑગસ્ટ મહિનાની ૧૫ મી તારીખે ભારતમાંથી રાજીખુશીથી ચાલ્યા ગયા ત્યારથી ભારત અને પાકીસ્તાન બન્ને દેશોની સરકારોએ પોતપોતાના પ્રદેશમાંના "દેશી રાજા"ઓની આમદાની અને સત્તા ઉપર કુહાડા મારવા શરૂ કર્યા અને એ કામ હજુ સુધી ચાલુ જ છે.

પરિણામે. અનેક રાજાઓને પોતાના હાથીઓ વેચવા પડયા છે, ગવૈયાઓની મંડળીઓને ને નર્તકાઓને રૂખસદ આપવી પડી છે અને મહેલોનો નિકાલ કરી નાખવો પડયો છે.

પોતાને જ્યારે પણ પૈસાની જરૂર પડે ત્યારે રિયાસતની તિજોરીમાંથી જોઇએ તેટલા પૈસા ઉપાડવાને ટેવાયલા અગાઉના રાજાઓ આઝાદી પહેલાં જે રીતે જીવવાને ટેવાયલા હતા તે રીત હવે તેમને પરવડતી નથી. એક વાર જે મહારાજાઓની દુનિયાભરના મહાશ્રીમંતોમાં ગણના થતી હતી તેમને પણ પોતાના ખર્ચમાં ભારે કાપકુપ કરી નાખવી પડી છે.

નિઝામ, મહારાજા, મહારાણા, ખાન, નવાબ, શેખ, ઠાકોર, દરબાર, વગેરે જુદાં જુદાં નામે ઓળખાતા આ બધા રાજાઓ કૈં બહુ ગરીબ બની ગયા છે એમ નથી. અલબત્ત, એમાંના ઘણા પહેલાના જેવા વૈભવથી રહેતા નથી–રહી શકતા નથી, છતાં સામાન્ય માણસોને મુકાબલે તેમનું જીવન હજુ યે બેશક સુખસગવડો અને આરામથી ભરપૂર ભરેલું છે.

દાખલા તરીકે નિઝામની પછી જેનો ત્રીજો દરજ્જો આવે છે એ વડોદરાના ગાયકવાડ અને બીકાનેરના મહારાજા જેવા રાજવીઓને પોતાની ખાનગી મિલ્કતમાંથી આજે પણ દરસાલ આશરે ૪ કરોડ રૂપીઆ જેટલી આમદાની મળે છે.

એમ કહેવાય છે કે હૈદરાબાદના નિઝામ પોતાના મેજ ઉપર કાગળો દબાવવા માટે પહેલ પાડયા વિનાના એક મોટા હીરાનો ઉપયોગ કરતા હતા. એક વાર એક અંગ્રેજ મુત્સદ્દીએ નિઝામના એક અમલદારને એ વાત સાચી કે ખોટી છે એમ પૂછયું ત્યારે

એ અમલદારે હસીને જવાબ આપેલો કે "નહીં, એ હીરા નથી, ફક્ત નીલમ છે."

આઝાદી પહેલાંના ભારતમાં નાની મોટી મળીને ૫૬૨ રિયાસતો હતી અને તેના ૫૬૨ રાજવીઓ હતા. કાશ્મીર અને હૈદરાબાદ જેવી યુરોપના અક્કેક દેશ જેવડી મોટી રિયાસતોથી માંડીને મુંબઇના રાણીબાગ જેટલી નાનકડી જાગીરો એમાં આવી જતી. એના ઉપર હકુમત ભોગવનારા તમામ રાજવીઓ પોતપોતાનાં રાજ્યમાં સરમુખ્ત્યાર હતા.

આ રાજવીઓને આજે ભારત સરકાર ઠરાવેલાં સાલીયાણાં આપે છે પણ પહેલાં તેઓ પોતાની પ્રજા પાસેથી જે મહેસુલ અને કરવેરા ઉઘરાવતા તે બધા બંધ થયા છે. અને પરિણામે એ આવક પર નભતા તેમના મોજશોખમાં અને વૈભવવિલાસોમાં પણ ઘણો ઘટાડો થઇ ગયો છે એ તદ્દન સ્વાભાવિક છે.

પરંતુ આઝાદી પહેલાંના ભારતમાં ભારતના મોટા મોટા રાજા-મહારાજાઓ કઇ રીતની જીંદગી ગાળતા અને કેવા કેવા વૈભવો ભોગવતા તેનો ખ્યાલ કરોડો ભારતવાસીઓમાંથી પણ બહુ ઓછા માણસોને હશે. બ્રિટિશ હકુમતના જમાનામાં એવા ઘણા મહારાજાઓના મહેલો વૈભવ અને ભભકામાં એકબીજાની સરસાઇ કરતા. આપણે સિનેમાના પરદા પર હોલીવુડમાં બનેલી કેટલીક અમેરિકન ફિલ્મો જોઇએ છીએ તેમાં પ્રાચીન યુગના રાજાઓના મહેલનાં જે દશ્યો બતાવવામાં આવે છે તે તો બનાવટી સાધનો વડે ઊભાં કરવામાં આવેલાં હોય છે. પણ ભારતના ઘણા રાજા-મહારાજાઓના મહેલો એવા સાચા ભભકાથી ભરેલા રહેતા.

એમની એ જમાનાની રહેણી પણ ભારે દબદબા ભરેલી હતી. અનેક રાજાઓના નોકરોને રાજાની હાજરીમાં કમર સુધી વાંકા વળીને નમન કરવું પડતું અને બહાર જતી વખતે રાજાને પુંઠ ન બતાવાય એ માટે પાછે પગે ચાલવું પડતું. રાજાઓના ખર્ચાળપણાને કોઇ હદ નહોતી. એકવાર એક મહારાજાએ કેટલાક મહેમાનોને પોતાના મહેલમાં જમવા નોતરેલા એ વખતે દરેક મહેમાનની ખાણાની રકાબીની બાજુમાં પોતાનું નામ કોતરેલી અક્કેક નક્કર સોનાની બનાવટની સિગરેટ-કેસ મૂકવામાં આવી હતી. એક મહારાજાને ત્યાં લગ્ન પ્રસંગે જે શણગાર કરવામાં આવેલો તેમાં એવી રચના કરવામાં આવી હતી કે મહેમાનો અંદર પ્રવેશ કરે ત્યારે મંડપમાં ખડી કરેલી કમાનોમાંથી દુનિયાભરનાં ઊંચામાં ઊંચા અત્તરોની સુગંધથી ભરેલી હવાની મોજ માણતા જાય. અંદર એક મોટો ફુવારો બનાવવામાં આવેલો હતો તેમાં પાણીને બદલે શેમ્પેન નામના દારૂની સેરો છુટતી હતી!

ભારતના છેલ્લા ગવર્નર-જનરલ લૉર્ડ માઉન્ટબેટન એક વાર એક મહારાજાના મહેમાન બનેલા ત્યારે તે મહારાજાએ તેમના સ્વાગત માટે કરેલી ગોઠવણ જોઇને છક થઇ ગયા હતા. સાધારણ રીતે બધા જ મહારાજાઓ આજના વૈજ્ઞાનિક યુગની સર્વ યાંત્રિક સગવડો પોતાના મહેલમાં રાખતા હતા, પણ આ મહારાજાને જુદો જ શોખ હતો. એનો મહેલ એક ઊંચી ટેકરી પર બાંધેલો હતો અને ટેકરીને તળીયેથી લૉર્ડ અને લેડી માઉન્ટબેટનને પાલખીઓમાં બેસાડીને ઉપર લઇ જવામાં આવ્યાં હતાં.

મહેલની અંદર વિજળીના પંખા હતા, પણ એ ચાલતા નહોતા. તેને બદલે ભોજન વખતે ભારે કીંમતના પોષાક પહેરેલા નોકરો હાથમાં મોટા મોટા પંખાઓ લઇને મહેમાનોની પાછળ ઊભા હતા અને આસ્તે આસ્તે એ પંખાઓ હલાવી વાયુ ઢોળતા હતા.

લૉર્ડ માઉન્ટબેટન તો બ્રિટિશ સામ્રાજ્યના બકીંગહામ પેલેસથી માંડીને વડોદરાના ગાયકવાડના મહેલ સુધીના અનેક મહેલોથી પરિચિત હતા છતાં આ મહારાજાની મહેમાનદારી

જોઈને એ છક થઈ ગયેલા અને બોલી ઊઠેલા કે "અરેબીઅન નાઇટસની વાર્તાઓમાં વાંચેલા વર્ણનો અહીં હું નજરે જોઈ રહ્યો હોઉં એવું લાગે છે."

પોતાના મિત્રો, ઉમરાવો, આશ્રિતો અને મહેમાનોને તેમજ અંગ્રેજ હાકેમોને એ મહારાજાઓ જે ભેટસોગાદ આપતા તેમાં પણ ભારે હરીફાઈ ચાલતી. બ્રિટિશ વાઇસ-રૉયોને ભેટો આપવામાં એમણે બધા મળીને કરોડો રૂપીઆ ખરચી નાંખ્યા હશે, પરંતુ એક મહારાજા બીજાને ત્યાં મહેમાન થાય ત્યારે એ મહેમાનને જે વસ્તુઓની ભેટ અપાતી તે તો અત્યારે ઘણા યે મહારાજાઓ પાસે અમૂલ્ય ખજાના રૂપે સંગ્રહાલયોમાં પડી છે અને તેને રાખવા માટે મજબૂત ભોંયરાઓ બંધાવી તેના રક્ષણ માટે હથીઆર-બંધ ચોકીદારો નભાવવા પડે છે.



પોતાને ત્યાં કુંવરનો જન્મ થયો તેની ખુશાલીમાં એક મહારાજાએ એક કરોડ રૂપીઆનું ખર્ચ કરીને પોતાના અનેક નોકરોને મકાનો અને મોટરોની બક્ષિસ આપેલી. એક અમલદારને મોટી હવેલી, અરધું ગામ અને બે નવી "બ્યુક" મોટરો મળેલી. એક અંગ્રેજ મુત્સદ્દીએ એ વખતે કહેલું કે સામાન્ય માણસ જેમ પોતાના મિત્ર કે મહેમાનને સિગરેટ પીવા આપે એવી રીતે એ મહારાજાએ એ વખતે જેને તેને મોટરો આપી દીધી હતી.

જયપુરના મહારાજાને પોલોની રમતનો ભારે શોખ. એ શોખ પોષવા માટે તે ખાસ પસંદ કરેલા ૧૩૦ ટટ્ટુઓ રાખતા. ૧૯૫૦ માં તેની સંખ્યા ઘટીને ૯૦ની થઈ ગયેલી અને આજે કદાચ ૪૦ની યે માંડ રહી હશે. તવંગર મહારાજાઓના આશ્રયને અભાવે ભારતમાંથી કદાચ પોલોની રમત જ ધીમે ધીમે નાબુદ થઈ જશે એવો એ રમતના રસિયાઓને ભય લાગવા માંડયો છે

હૈદરાબાદના નિઝામની પોતાની ખાનગી દોલત કેટલી હશે તેનો અંદાજ કોઈ કાઢી શક્યું નથી, છતાં આશરે એ દસ અબજ રૂપીઆ જેટલી અંકાય છે. એની પાસે જેટલાં મોતી છે એ મોતી વડે આખો એક તરવાનો હોજ ભરાઈ જાય એમ કહેવામાં આવે છે. છતાં નિઝામ પોતે બહુ સાદાઈથી રહેનારા આદમી છે અને દુનિયાના સહુથી તવંગર છતાં સહુથી કરકસરીયા આદમી તરીકેની તેની કીર્તિ જગતમાં જાણીતી છે. કહેવાય છે કે એક વાર પોતાની પાસેના મોતીના સંગ્રહની કીંમત આંકવા માટે નિઝામે મોતીના નિષ્ણાત એવા એક યુરોપીઅનની નિમણુંક કરેલી. થોડા દિવસ પછી એ નિષ્ણાતને નિઝામે પૂછયું કે "તમારૂં કામ પૂરૂં કરતાં કેટલો વખત લાગશે?" નિષ્ણાતે જવાબ આપ્યો, "આશરે બે વરસ." કહેવાય છે એ જવાબથી નિઝામ ચોંકી ઊઠયા અને બોલ્યા, "એટલી લાંબી મુદત સુધી મને તમારો પગાર શી રીતે પરવડે?"

જુના વખતના મોગલ બાદશાહો ઉન્હાળામાં કાશ્મીરની હવા ખાવા જતા ત્યારે સાથે ત્રણ ત્રણ લાખ માણસોનો રસાલો લઈ જતા. એ વખતે મુસાફરીનાં વાહન, તાર–ટપાલ, ટેલિફોન વગેરે આજના જેવાં સાધનો નહોતાં. સાધારણ મુસાફરીમાં પણ એમના રસાલામાં તોપો, હાથી, ઘોડા, લશ્કરો અને નોકરો મળીને હજારો જાનવરો અને પચીસ ત્રીસ હજાર માણસો રહેતા. આપણા આ યુગના

મહારાજાઓને મોટા રસાલાની જરૂર પડતી નહીં, પરંતુ કોઇ મોટા મહારાજા પોતાના સમોવડીયા બીજા મહારાજાને ત્યાં જાય ત્યારે ૧૦૦ થી માંડીને ૫૦૦ સુધી માણસોનો રસાલો સાથે લઇ જાય એવું તો ઘણીવાર બનતું. આવા રસાલામાં મહારાજાની રખાતોનો ને નર્તકીઓનો પણ સમાવેશ થઇ જતો.

પોતાની જવાનીમાં હૈદરાબાદના નિઝામ એકવાર રામપુરના નવાબના મહેમાન થયેલા તે વખતે ત્યાં એક જ રાત રોકાવાના હતા છતાં સાથે પોતાના ઝનાનખાનાની ૨૦૦ ઓરતોને લઇ ગયેલા. એમણે કહેલું કે "આ બીચારી સ્ત્રીઓને બહાર હરવા ફરવાનો મોકો ક્યારેક જ મળે છે. મને લાગ્યું કે સાથે લઇ જઉં તો એમને પણ થોડી મુસાફરીની મોજ મળે."

નિઝામ હૈદરાબાદની બહાર જવલ્લે જ નીકળતા. બે એક વરસ પહેલાં પહેલી જ વાર વિમાનમાં બેસીને એ મુંબઇ આવેલા ત્યારે સાથે ઝનાનખાનામાંથી ૪૦ ઓરતોને લઇ આવેલા અને મુંબઇ રહ્યા તેટલો વખત એમને માટે પીવાનું પાણી રોજેરોજ વિમાન માર્ગે હૈદરાબાદથી મુંબઇ આવતું.

નિઝામ પોતાની મુસાફરી માટે પોતાની એક આખી ખાનગી ટ્રેન રાખતા. તેમાં ન્હાવાની ઓરડીમાંના સાધનો પણ સોનાને પતરે મઢેલા રહેતાં. પણ એ ટ્રેનમાં બેસીને એમણે હૈદરાબાદ રાજ્યની બહાર કદી મુસાફરી કરેલી નથી. બીજા અનેક મહારાજાઓ દેશ વિદેશમા પુષ્કળ મુસાફરીઓ કરતા અને તે પણ ઘણે ભાગે મોટરમાં જ.

રોલ્સ રોયસ નામની બનાવટની મોટરો બધા જ મહારાજાઓને ખુબ પસંદ પડતી. એવી મોટરોનો કેટલાક મહારાજાઓને ત્યાં મોટો કાફલો રહેતો અને તેના નવા નવા 'મોડેલ" નીકળતા જાય તેમ તેમ એ કાફલો વધતો જતો. એક વાર રોલ્સ રોયસનું એક નવું મોડેલ તૈયાર થયું ત્યારે એક મહારાજાએ એ મોડેલની જેટલી ગાડીઓ મળી તેટલી બધી જ ખરીદી લીધેલી કેમકે દુનિયામાં બીજા કોઇ પણ માણસ પાસે પોતાના જેવી મોટર હોય એવી એ મહારાજાની ઇચ્છા ન હોતી।

આવી રોલ્સ રોયસ અને ખાનગી રેલ્વેઓમાં બેસીને અનેક મહારાજાઓ વખતો વખત દિલ્હી, મુંબઇ, કલકત્તા વગેરે શહેરોમાં ફરવા જતા. અનેક મહારાજાઓને ઇંગ્લેંડમાં પણ પોતાની માલિકીના મહેલો હતા. ઉપરાંત ભારતમાં જેટલી જેટલી શીતળ ટેકરીઓ છે ત્યાં ત્યાં પણ તેમના મહેલો હતા અને દિલ્હી અને મુંબઇ જેવા શહેરોમાં યે મહેલો હતા તે હજુ પણ છે.

શિયાળાના બે મહિના દરમીઆન દિલ્હીની હવા બહુ જ ખુશનુમા રહે છે એ વખતે બ્રિટિશ હકુમતના જમાનામા અનેક મહારાજાઓ દિલ્હીમાં ધામો નાખતા. બ્રિટિશ વાયસરોયો એ રાજાઓને મ્હોંયે ચડાવતા, લાડ લડાવતા અને તેમની ભારે સરભરા કરતા. ભારતની પ્રજામા જાગેલા આઝાદીના જુવાળને પાછો વાળવામાં તેમને એ રાજાઓની મદદની અપેક્ષા રહેતી.

ઝરી ભરેલાં વસ્રો અને રત્નોથી ઝળહળતી પાઘડીઓ પહેરીને, ગળામાં હીરા, મોતી અને નીલમ માણેકના મોટા મોટા હારવાળા એ મહારાજાઓ દિલ્હી શહેરમાં ફરતા જોવામાં આવતા. કોઇ વાર એકાદ મહારાજાને કોઇ હોટેલમાં ખાણું લેવાની મરજી થાય તો તે દહાડે હોટેલમાં બીજા કોઇ ઘરાકને આવવાની મનાઇ કરવામાં આવતી. મહારાજાના નોકરો હોટેલનો કબજો લઇ લેતા અને મહારાજાની પોતાની જ જમવાની રકાબીઓ, છરીકાંટા અને ચાયના પ્યાલા વગેરે મહેલમાંથી હોટેલમાં લઇ જવામાં આવતા.

દુકાનદારોને એ જમાનામાં મહારાજાઓ પાસેથી સારો તડાકો પડતો. તેઓ પોતાના માલની કીંમત મહારાજાઓ જેવા ઘરાક માટે બમણી કે ત્રણગણી કરી નાંખતા. મહારાજાઓને મનથી કીંમતની તો કોઇ ગણતરી જ નહોતી. વરસો પહેલાં એક વાર ભારતના હાલના પ્રધાન મંડળના એક મોટા ઓધ્ધેદારે એક મહારાજાને કાપડની એક જ દુકાનમાંથી એકી સાથે ૪ લાખ રૂપીઆનું કાપડ ખરીદતા આંખે જોયેલા. ફરી વાર તેણે એ જ મહારાજાને એક બંદુકની દુકાનમાં દીઠેલા ને મહારાજાએ એ દુકાનદારને અઢી લાખ રૂપીઆની બંદુકો પુરી પાડવાની વરદી આપેલી.

શેંપેનના ફુવારા ઉડાડનારી અને સોનાનાં પતરે મઢેલા ન્હાવાના "ટબ" વાપરનારી, બાર પંદર મહેલો અને કુડીબંધ રોલ્સ રોયસના માલિકોની આ જમાત ઘણા વરસો સુધી ટકી રહી પણ આખરે ફક્ત ૨૦ મહિના જેટલા ટુંકા અરસામાં તેના જીવનમાં પણ પરિવર્તન આવી ચૂક્યું અને એ જમાતમાંથી કેટલાક તો તદ્દન ખરી પણ ગયા છે.

આઝાદી પહેલાંના યુગમાં જે રાજા પોતાના રાજ્યની કુલ આવકમાંથી અરધો ભાગ લોકોપયોગી કામમાં ખરચે તે ઉદાર ગણાતો, અને આજે એ યુગમાં મહારાજાઓ જેટલું ખર્ચ કરતા તેના વીસમા ભાગની પણ આમદાની મેળવનારાઓ ભાગ્યવાન ગણાય છે.

આ સ્થિતિપલટો હરકોઇ માણસ નરી આંખે જોઇ શકે તેવો પ્રકટ છે. આજે દિલ્હીમાં એ મહારાજાઓનો ભભકો જોવા મળતો નથી. આજે મહારાજાઓ દિલ્હી જાય છે તે ફક્ત રાજ્ય વહીવટને લગતી વાતોની ચર્ચા કે વાટાઘાટ કરવા માટે જ. ઘણે ભાગે તેઓ યુરોપીઅન પોશાકમાં જ ફરે છે અને જાહેરમાં ભાગ્યે જ નજરે પડે છે. આજના લોકશાસનના યુગમાં તેમનો અસલનો રજવાડી ઠાઠમાઠ જોઇને લોકો હસે એ એક વાત, પણ એવા ઠાઠમાઠ માટે તેમની પાસે હવે નાણું પણ રહ્યું નથી એ બીજી વાત છે.

ઘણાખરા મહારાજાઓ હવે ખરીદી કરવા માટે છુપે વેશે નીકળે છે. મુસાફરીમાં દસથી વધારે માણસોનો રસાલો કોઇ ભાગ્યે જ રાખે છે. કેટલાક મહારાજાઓ હજુ દિલ્હીમાં એકાદ બે મોટરો રાખે છે ખરા પણ તેનો ઉપયોગ જેટલો બને તેટલો ઓછો કરે છે.

ઘર આંગણે હજુ તેઓ ઠીક ઠીક વૈભવમાં રહે છે પણ પોતાના "બજેટ"માં એમને બધાને કાપકુપ કરવી પડી છે. ઘણાખરાઓને ઝાઝા મહેલોનો નિભાવ પરવડ્યો ન હોવાથી તેમાંના કેટલાકોએ પોતાની મહેલાતો સરકારને સોંપી દીધી છે અને એ મહેલોમાં હોટેલો ચાલુ થઇ ગઇ છે.

નવી દીલ્હીમાંના પોતાના મહેલો પરદેશોના એલચીખાતાંઓને વેચી નાખવા માટે અનેક મહારાજાઓ આતુર છે પણ એની જમીન ઉપરની માલિકી ભારત સરકારની હોવાથી આવા વેચાણમાં સરકારની મંજૂરી મેળવતાં મુશ્કેલી પડે છે.

ઘણા મહારાજાઓ જાત જાતની મુશ્કેલીઓમાં મુકાઇ ગયા છે. એક તો આમદાની ઘટી ગઇ અને બીજી બાજુ મોટા મોટા ઝનાનખાનાં અને "દાદીઓ" અને "સાસુઓ"ની ફોજ તો નિભાવવી જ રહી.

અને કોઇ પણ મહારાજાનું ભાવિ આજના કરતાં મુદ્દલ વધારે ઉજ્જ્વલ નથી રહ્યું.

આજની સરકારે આ બધા મહારાજાઓ સાથે કરેલા કરારો બરાબર પાળવામાં આવે છે, પણ પાંચપચીસ વરસે સરકાર બદલાય ત્યારે પણ એ કરારો ચાલુ રહેશે એવી કોઇ બાંહેધરી નથી.

મોટા કે નાના બધા જ રાજામહારાજાઓએ હાથીઓ વેચી નાખ્યા છે અને નર્તકીઓ અને ગવૈયાઓને રૂખસદ આપી દીધી છે. હાથી વરસ દહાડે આઠ દસ હજાર રૂપીઆનું ખરચ માગે અને આજે મહારાજાઓને માટે આઠ દસ હજાર રૂપીઆ પણ મોટી વાત થઇ પડી છે, કેમકે વરસે આઠ દસ કે પંદર કરોડની આમદાની ધરાવતા મહારાજાઓને આજે ભારત સરકારના પંદર કે વીસ લાખ રૂપીઆના સાલીયાણા ગનીમત માનવા પડે એવો વખત આવી ગયો છે!

—કુંવારા અને પરણેલા માણસોના જીવનમાં સરવાળે બહુ ફેર પડતો નથી પરણેલા માણસને પોતાની મુશ્કેલીઓમાં ભાગ પડાવનાર એક સાથી મળે છે એ ખરી વાત, પણ પરણેલા માણસની મુશ્કેલીઓ કુંવારા માણસના કરતાં બમણી હોય છે એ જોતાં સરવાળે બધુ સરખું થઇ રહે છે

—યૌવન જીવનનો એ કાળ છે કે જે વખતે માણસો એમ માને છે કે પોતે બીજા કોઇની પણ શીખામણ સાંભળવા માટે જોઇએ તે કરતાં ઘણા મોટા થઈ ગયા છે!

—ખૂબ મહેનત કરીને અને એટલા પૈસા બચાવજો. પછી તમે ઘરડા થાઓ ત્યારે તમને એવી અનેક ચીજો મળશે કે જેનો ઉપભોગ ફક્ત જુવાન માણસો જ કરી શકે.



મોટું એટલે કેટલું મોટું?

માનો કે તમારી પાસે એક અબજ રૂપીઆ છે. તમારા મનમાં એક એવો વિચિત્ર ફાંટો આવે છે કે જેને લઇને એ અબજ રૂપીઆ વગર વ્યાજે કે વગર કમાણીએ તમે કોઇ નુકસાનકારક ધંધામાં રોકો છો. એ ધંધો એવી ખોટમાં ચાલે છે કે તેમાં તમારી મુડીના રોજ ૧૦૦૦ રૂપીઆનું નુકસાન થાય છે, છતાં ધંધો ચાલતો રહે છે. એ હીસાબે તમારી એક અબજ રૂપીઆની મુડી ખલાસ થતાં કેટલાં વરસ લાગે તે જાણો છો?

બે હજાર સાતસો ને ચાલીસ વરસ. હીસાબ કરી જોજો.

હવે, એમ માનો કે તમારી ઉમર સત્તર વરસની છે અને તમે આજથી એકથી એક અબજ સુધીના આંકડા ગણવા માંડો છો. એક સેકંડે એક આંકડો બોલતા જાઓ છો ને વચ્ચે બિલકુલ અટકતા નથી. અલબત્ત, આ કામ એક માણસથી બને નહીં, પણ તમારા જેવડા બીજા ૧૭-૧૭ વરસના બે તરૂણો-તમને એમાં સાથ આપે ને દરેક જણ રોજના પૂરા આઠ આઠ કલાકને હીસાબે ગણતો જાય તો એક અબજના આંકડે પહોંચતાં તમારી ઉમર કેટલી થાય એ ખબર છે?

લગભગ ૪૯ વરસની. હીસાબ કરી જોજો.

તમારી ફાઉન્ટન પેન છે ને? એને જો એક અબજ ગણી મોટી કરવામાં આવે તો કેવડી થાય એ ખબર છે? એની લંબાઇ ૯૫૦૦૦ માઇલની અને ઉંચાઇ ૮૦૦૦ માઇલની થાય. એનાં ઢાંકણમાં આશરે ૭૯૦૦ માઇલના વ્યાસ (ડાયામિટર)વાળી આખી પૃથ્વી ખુશીથી સમાઇ જાય.

આ અબજની રકમ આમ તો બહુ મોટી નથી. ગણિતની ટુંકી સંજ્ઞામાં લખવી હોય તો $૧૦^{૯}$ લખાય. (એટલે કે ૧×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦) એકને ૧૦ વડે ગુણતાં ૧૦ આવે ને ૧૦ ને ૧૦ વડે ગુણતાં ૧૦૦ થાય. એ રીતે નવ વાર દસથી ગુણતાં એકની સંખ્યા અબજને આંકડે પહોંચે. છતાં એ આંકડો કેટલો મોટો થાય છે તેનો ખ્યાલ ઉપરના દાખલાઓથી આવી શકશે.

પણ એનાથી પણ વધારે મોટા રાક્ષસી આંકડાઓ જોવા જેવા છે. દાખલા તરીકે અમુક કદ અને અમુક જાડાઇના એક કાગળના બે ટુકડા કરો અને પછી એ બેના ચાર સરખા ટુકડા કરો અને ચારના આઠ કરો એવી રીતે ૫૦ વખત અરધા અરધા ટુકડા કરતા જાઓ. દરેક વખતે કાગળના ટુકડાની સંખ્યા બમણી થતી જશે. આમ ૫૦ વાર ટુકડા કરતાં એનો ઢગલો કેટલો મોટો થાય અને એ માટે કેવડો કાગળ જોઇએ એનો હીસાબ કરી જોજો. ધારો કે દરેક ટુકડો એક ચોરસ ફુટના ૩ જા ભાગ જેટલો એટલે કે ૯ ઇંચ ચોરસ માપનો બનાવવો હોય તો ૫૦ વાર અરધા અરધા ટુકડા કરવા માટે મૂળ કેવડો કાગળ જોઇએ?

જવાબ આપણા માનવામાં ન આવે એવો છે, છતાં એ સાચો છે. તાળો મેળવી જોજો. ૨ ને ૨ વડે ૫૦ વાર ગુણવાના છે. $(૨^{૫૦})$ અને એ ગુણાકાર થાય છે ૧,૧૨૫,૮૯૯,૯૦૬,૮૪૨,૬૨૪. કુલ એટલા ટુકડા થાય. દરેક ટુકડાનું માપ ૯ ચોરસ ઇંચનું હોય તો મૂળ કાગળ ૩૭૫,૨૯૯,૯૬૮,૯૪૭,૫૪૧ ચોરસ ફુટ અથવા ૧૩,૦૦૦,૦૦૦ ચોરસ માઇલના માપનો જોઇએ—પૃથ્વીના સુકા વિસ્તારના ચોથા ભાગ જેટલો.

હવે એના કરતાં પણ એક મોટી રાક્ષસી સંખ્યા જોઇએ. એ એટલી મોટી છે કે કોઇ

ગણતરીમાં કામ લાગી શકે જ નહીં. છતા ફક્ત ત્રણ નવડા વડે એ રકમ લખી શકાય ૯⁹⁹ એટલે કે ૯ ને ૯ વડે ૯૯ વાર ગુણવો. આ ગુણાકાર જો આપણે સાધારણ રીતે લખીએ છીએ એવડા કદના આંકડામા લખીએ તો એની લંબાઇ ૧૦૦૦ માઇલની થાય. એને સાધારણ રીતે વાચના એક અઠવાડિયુ લાગે. એ આંકડો શુ થાય તેની તો કોઇને ખબર નથી પણ તેની શરૂઆત ૪૨૮,૧૨૪,૭૭૩ ..થી થાય છે અને છેલ્લે ૮૯ આવે છે.

આખી દુનિયામાં જેટલાં પરમાણું છે (અને તેનો સરવાળો વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે ૮૦ આંકડાનો થાય છે) તેની સખ્યા કરતા ઉપરનો ગુણાકાર ૪૦ લાખગણો થાય છે.

(આપણે ત્યાં અભણ માણસો સાધારણ રીતે લાખ સુધીની સંખ્યા જાણતા હોય છે. ભણેલા ગણેલાઓ કરોડ કે વધી વધીને અબજ સુધીની સંખ્યા જાણે છે. પરંતુ સંસ્કૃત ગણિતમાં એકડા ઉપર ૧૭ મીંડાં ચડે ત્યાં સુધીની સંખ્યાના નામ પાડવામાં આવેલા છે જે દુનિયાના બીજા કોઇ દેશના ગણિતમા જોવા મળતા નથી. એ નામો આ પ્રમાણે છે, એકડા ઉપર એકેક મીંડું વધતું જતાં મૂળ રકમ દસ ગણી થાય અને તેવી પ્રત્યેક દસ ગણી રકમના એ નામો અનુક્રમે આપેલાં છે.

એક, દશ, શત, (સો) સહસ્ર, (હજાર) અયુત, (દસ હજાર) લક્ષ, પ્રયુત, (દસ લાખ–મિલીઅન) કોટિ, અર્બુદ, (દસ કરોડ) અબ્જ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, અન્ત્ય, મધ્ય, પરાર્ધ, પરાર્ધના આંકમાં એકડા ઉપર ૧૭ મીંડા ચડેલાં હોય છે.)

અ મ ર મ ઠ

ભજવી શકાય તેવું દ્વિઅંકી નાટક

[અવેતન નાટ્યકારોએ આ નાટક ઘણે સ્થળે ભજવી બતાવ્યું છે અને પ્રેક્ષકોને એ ગમ્યું છે. અવેતન કલાકારોએ આ નાટક ભજવવા માટે લેખક કે પ્રકાશકની પરવાનગી માગવાની જરૂર નથી. નાટકના પાત્રોના વિગતવાર વર્ણન આપવામાં આવ્યા નથી તેમ જ તખ્તાની રચના વિશે કશી સૂચના આપવામાં આવી નથી તેનું કારણ એટલું જ કે વાંચનારાઓને એ બધી વિગતો નાટક વાંચતા સહેજે ખ્યાલમાં આવી જાય એટલી સરળ છે એટલે એવી ઝીણી ઝીણી વિગતો લખીને વધારે જગ્યા રોકવાની જરૂર જણાઇ નથી. જે કોઇ અવેતન કલાકારો આ નાટક ભજવવા ઇચ્છતા હોય તેઓ પાત્રોની ઉંમર, વેશભુષા, વ્યક્તિત્વ અને તખ્તાની રચનાને લગતી સર્વે વિગતો સહેલાઇથી નક્કી કરી શકે તેમ છે.]

અંક ૧ લો

પ્રવેશ ૧ લો

[સ્થલ: પ્રભાનગરનો એક રસ્તો]

(ધનંજય અને બે શહેરીઓ વાતો કરતા કરતા દાખલ થાય છે.)

૧ લો શહેરી–આ જમાનામાં હવે કેમ જીવી શકાય? દેવમંદિરમાં અસ્પૃશ્યો દાખલ થશે ત્યારે પ્રભુ ક્યાં બીરાજશે?

૨ જો શહેરી–અને ઝૂંપડાંમાં વસતા ભીખારીઓ તેમની જમીન મઠના અધિકારીઓને સોંપવાની ના પાડશે તો દેવનું મહત્ત્વ ક્યાં સુધી ટકશે?

૧ લો શહેરી–એ અમરનાથ અને તેના શાગિર્દોને જબરદસ્તીથી દૂર કરવા જોઇએ. મઠમાં એ લોકોનો પગ ન જોઇએ. મઠની જમીનમાં તેઓ ચાલીયે ન શકે. પ્રભાનગરની હદમાંથી જ એમને વીણી વીણીને બાતલ કરવા જોઇએ.

(દિનેશ દાખલ થાય છે.)

દિનેશ–આ ચમત્કાર તો, ભાઇ, અજબ! બસ બધે સ્થળે ફૂલ જ ફૂલ. આખા મંદિરમાં ફૂલ. એક બાળક આજે અમરનાથની સાથે મંદિરમાં આવ્યો એને પગલે પગલે ફૂલ વેરાતાં જાય. તમે સાંભળ્યું, ભાઇ? મેં તો નજરે જોયું. નહીં તો હું માનું નહીં એવી વાતોને.

ધનંજય–ખરેખર! મને ખબર નથી. તો શું એ લોકકથાઓની વાત સાચી પડી? એ જમાનો આવી પહોંચ્યો? તો તો હવે યુગ પલટાય, એ વાત સાચી?

૧ લો શહેરી–શી લોકકથાઓ વળી? તમે શી વાતો કરો છો? મગજ તો સ્થિર છે ને?

ધનંજય–મારા બાલપણમાં એક વૃદ્ધ પુરુષને મ્હોંયે એક વાત મેં સાંભળેલી. તેમણે પણ એ વાત તેમના વડવાઓ પાસેથી સાંભળેલી એમ કહેતા. હવે તો એ વાત લોકોના સ્મરણમાં પણ કદાચ નહીં રહી હોય પણ બાલપણની એ સ્મૃતિ હું વિસારી નથી શકેલો.

૨ જો શાહેરી–પણ વાત શી છે એ કહેશો?

ધનંજય–કહેવાય છે કે મઠનો ઉદ્ધાર જેને હાથે નિર્માયો હશે અને જેના ઉપર એ મહાકાર્યની પસંદગી ઉતરશે એ વ્યક્તિ જ્યારે મઠમાં, એ પસંદગી પછી પહેલી વાર, દાખલ થશે ત્યારે તેને પગલે પગલે ફૂલ ખરશે.

દિનેશ–ત્યારે તો ખરેખર એ પસંદગી ઉતરી ચૂકી. અને તે પણ પેલા અમરનાથને હાથે. હવે શું થાય?

૧ લો શાહેરી–મને એવી વાતોમાં વિશ્વાસ નથી. મઠના અધિકારીઓ એ વાત જાણતા પણ નથી. અને એમનાથી વધારે બીજું કોણ જાણે છે?

દિનેશ–કહેવાય છે કે અમરનાથ એમનાથી પણ વધારે જાણે છે. એ અમરનાથ તો ગરીબોનો બેલી બન્યો છે. એનો શબ્દ સામાન્ય માણસોના સમૂહમાં વિજળી જેવી અસર કરે છે. હું તો, ભાઈ, સાંભળેલી વાતો કહું છું.

ધનંજય–તારી વાત સાચી છે. હું અમરનાથનો અનુયાયી તો નથી, પણ મને એના કાર્યની મહત્તા સમજાય છે. એની આંખમાં ભાવિનાં સ્વપ્નો ભરેલાં છે, એના દિલમાં દયાનો સાગર ઉછળે છે, એના શબ્દો વાતાવરણને ધ્રુજાવે છે. સાચે જ, એને હાથે જાણે કે કોઈ મહાકાર્ય થવાનું નિર્માયું હોય એમ મને તો લાગે છે. કોઈ કોઈ વાર તો મને મન થઈ જાય છે કે એનો શિષ્ય બની જાઉં. પણ આ સમાજની નિંદાનો અને મઠના અધિકારીઓની લાલ આંખનો બહુ ભય લાગે છે.

૧ લો શાહેરી–આ સામેથી આવે છે તિમિર અને બીજ–મઠની સત્તાના અધિકારીઓ. એમને એ વાત કહે. અને કહેજે કે અમરનાથ લોકહૃદયનો માલિક છે.

(તિમિર અને બીજ સામેથી આવે છે.)

બીજ–શું કરો છો તમે લોકો અહીં? કોની વાત કરો છો?

૧ લો શાહેરી–એ તો આ ભાઈ અમરનાથની વાતો કરતા હતા. અમે તો કહ્યું કે અમારો ધર્મ મઠના અધિકારીઓ સમજાવે તે. તો પણ એ તો કહે છે કે અમરનાથ તેમનાં કરતાં વધારે જાણે છે.

તિમિર–કોણ કહે છે? (દિનેશને) તું કહે છે? તું એમ માને છે? તને વળી એવા વિચારો કરવાની ફુરસદ ક્યારે મળી?

દિનેશ–અરે બાપુ, હું તો મારું ફૂલ શોધવા નીકળ્યો હતો. આપે તે દિવસે કહેલું તે પ્રમાણે મંદિરમાં શોધ કરવા ગયો. ત્યાં તો બસ ફૂલના ઢગલે ઢગલા. પગલે પગલે ફૂલ. શું સુંદર બાલક! શું સુંદર દૃશ્ય! આજે મંદિરમાં પ્રકાશ જોયો, પણ મારું ફૂલ મને ન મળ્યું એટલે આ તરફ શોધવા નીકળી પડ્યો.

તિમિર–તું અમરનાથને ઓળખે છે?

દિનેશ–અમરનાથને કોણ નથી ઓળખતું! આપ જેવા મોટા અધિકારીઓ પણ હવે એને પિછાનવાની દરકાર કરો છો ત્યારે હું તે કોણ કે એને ન ઓળખું?

બીજ–બરાબર છે. અમે એને બરાબર ઓળખ્યો છે. અને આટલી બધી ઓળખાણ પછી હવે એને મળવાની પણ ઇચ્છા થઈ છે. મઠના અધિકારીઓએ એનો ન્યાય કરવાનું નક્કી કર્યું છે.

ધનંજય–એણે શું કર્યું છે?

તિમિર–એણે શું નથી કર્યું? એણે જાહેર લૂટ કરી પ્રભુજીને સમર્પણ થયેલી ભેટનો ભીખારીઓના પગ લુછવામાં ઉપયોગ કરી મઠનું અપમાન કર્યું છે. એણે મઠનો વિસ્તાર વધારવામાં આડખીલી નાખી છે. મઠમાં જેને પગ મૂકવાનો અધિકાર નથી એવા માણસોને એ મંદિરમાં ઉપાડી લાવ્યો છે. લોકોને એણે ઉશ્કેર્યા છે કે મઠની મિલકત ગરીબો માટે ઉદ્યોગો વધારવામાં અને વિદ્યાર્થીઓની કેળવણી

પાછળ વપરાવી જોઇએ. એવાં એવાં તો અનેક પાખંડો ઊભાં કરીને એણે ધર્મનો દ્રોહ કરવાનો પ્રયત્ન કર્યો છે. એનો ન્યાય થવો જ જોઇએ.

દિનેશ—એના સાથીઓ કોણ છે? એમનો પણ ન્યાય સાથે જ થવો જોઇએ, નહીં?

તિમિર—એવા નિર્માલ્ય માણસો તરફ નજર નાખવાની અધિકારીઓને આજે ફુરસદ નથી.

૧ લો શહેરી—પણ મહાશય, એ નિર્માલ્ય માણસોમાંથી બીજા અમરનાથ ઉભા નહીં થાય તેની ખાતરી શી? એ આખી ટોળીને વિખેરી નાખવાની જરૂર છે એમ આપને નથી લાગતું?

તિમિર—મહંતનું ગૌરવ અને અધિકાર સચવાય એટલાં પૂરતું જ અમારું તો કર્તવ્ય છે. અમે કંઈ લોકકલ્યાણ અને આત્માના ઉદ્ધારની વાતોમાં નથી પડતા. મઠની સમૃદ્ધિ અને સ્થિતિ જળવાય એ જ અમારે તો જોવાનું.

દિનેશ—મારાથી આવી અઘરી વાતો સમજાય નહીં, બાપું, હું તો મારું ફૂલ શોધવા નીકળ્યો હતો પણ અંહી તો પ્રકાશની ઝાંખી યે થઇ નહીં.

તિમિર—ચાલો, હવે તો અમરનાથને પકડી મંગાવવાનો મહંતજીએ તુરત જ હુકમ કરવો પડશે. આપણે જઇને બંદોબસ્ત કરીએ, નહીં તો તોફાન વધતું જશે. ચાલો, હવે વાતો નહીં કરો. વિખરાઇ જાઓ.

(તિમિર અને બીજા એક દિશામાં અને બન્ને શહેરીઓ બીજી દિશામાં જાય છે.)

દિનેશ—(ધનંજયને) તમને આ વાતો સમજાઇ? એમાં કંઈ રસ પડ્યો ખરો?

ધનંજય—હું તો મહાસાગરમાં ઝોલાં ખાતા વહાણ જેવો છું. મને આવી વાતો તોફાને ચડાવે, પણ તે ક્યાં સુધી? ઘડીભર એમ થઇ આવે કે જાણે હું અમરનાથનો શિષ્ય બની જાઉં. પણ મને એની કશી ખબર પડે નહીં. એની વાતો મને સમજાય નહીં, એટલે આખરે હું તો જ્યાં છું ત્યાં જ રહી જાઉં.

દિનેશ—સાંભળો. તમે પૂછો છો માટે કહું છું. અમરનાથનો હું શિષ્ય છું, સેવક છું અને તેના મંડળનો અંતર્ગત છું. તમે એને જાણવા માગો છો. તમને શ્રદ્ધા છે, જિજ્ઞાસા છે. મારી સાથે ચાલો. આ જીવનનો હોમ કરી દેવાની કોઇ કોઇ વાર માણસને ઇચ્છા થઇ આવે છે તે ઘડી તમારે માટે આવી પહોંચી છે. ચાલો, હું તમને સમજાવું અને મારા ગુરુના દર્શનની યાત્રાએ લઇ જાઉં.

ધનંજય—ચાલો ત્યારે, હવે વિલંબ અને વિચાર નથી કરવો.

(બન્ને જાય છે.)

*

પ્રવેશ ૨ જો

[સ્થળ—અમરનાથના ઘરનો એક ઓરડો. ઓરડામાં એક તરફની દીવાલ પાસે એક ખાટલામાં કુમાર સુતેલો છે. અમરનાથ એક ખુરસી પર બેઠો બેઠો પુસ્તક વાંચી રહેલો છે. પુસ્તક વાંચતો વાંચતો એ એકાએક ઊભો થઇ ઓરડામાં આંટા મારવા લાગે છે.]

અમરનાથ—કંઈ સમજાતું નથી. આ જીવનનો કોયડો ઉકેલવાના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. છતાં એ ગૂઢ શક્તિ મારી પાસે આ કાર્ય કરાવી રહી છે પણ તે મને ક્યાં ખેંચી જાય છે તે ખબર પડતી નથી. આકાશમાં કોઇ વાર ચંદ્રમા સોળે કળાએ પ્રકાશતો હોય અને કોઇ વાર ગાઢ અંધકાર ફેલાઇ જાય એમ મારા હૈયામાં યે કોઇ ઘડીએ કોઇ અજબ જ્યોત પ્રકાશી રહે છે ને કોઇ વાર એક કિરણ પણ ન મળે. ખેંચાઉં છું, પણ કોણ ખેંચી રહ્યું છે એ સમજાતું નથી. (કુમારની પાસે જઇને) કુમાર! તને મારી પાસે કોણે મોકલ્યો? મારી મોહક ભાવનાના ભરતી ઓટ ચડાવવા-ઉતારવાની તો તારી ઇચ્છા નથી ને? દ્વિજેન્દ્ર કહે છે કે

પ્રભુ જેવી કોઇ બીજની હસ્તી જ નથી. અને છતાં પ્રભુના ફિરસ્તાની માફક એ ભલાં કાર્યો કરતો જ જાય છે. એમાં ખરું શું હશે?

કુમાર-(નિદ્રામાં) આવતી પૂર્ણિમાની મધરાતે તને એ સમજાશે. પૂર્વ દિશામાં જ્યાં પગ લઇ જાય ત્યાં જજે, જ્યાં પગ અટકે ત્યા ઊભો રહેજે. ભૂલીશ મા.

અમરનાથ-કુમાર! જાગે છે, કુમાર! શું કહે છે? (તેની નજીક જાય છે) કુમાર તો ગાઢ નિદ્રામાં છે. ત્યારે એ કોણ બોલ્યું? આવતી પૂર્ણિમાની મધરાતે? (વિચારમાં પડે છે) ના, એ ભ્રાંતિ ન હોય. અને હોય તો યે શું? (અટકીને) પણ એ પહેલાં ઘણું કરવાનું બાકી છે. પેલો લક્ષ્મીનારાયણ શેઠ પોતાના નોકરોને ભૂખે મારે છે અને મઠના મંદિરમાં પ્રસાદનો ઢગલો કરે છે. એ બીચારા નોકરોને માટે કૈંક કરવુ જોઇએ, અને મઠની અંદર દ્રવ્ય ખડકાતું જાય છે એનો ઉપયોગ થતો નથી. એનુ શુ કરવુ? લોકોના ઘરમાં ખાવા અનાજ છે કે નહી એ તો કોઇ જોતું જ નથી અને મહંતનો લાગો તો આપ્યેજ છૂટકો. (અટકીને) આ બધા વિચારો કરતા મુઝાઇ જવાય છે. શું કરવુ, શુ ન કરવું એ સમજાતું નથી.

(બહારથી અવાજ સંભળાય છે-"મંગલ મંદિર ખોલો, દયામય, મંગલ મંદિર ખોલો" અને બીજી ક્ષણે દિનેશ અને ધનંજય ઓરડામા દાખલ થાય છે.)

ધનંજય-અમરનાથ, મહારાજ! મારો ઉધ્ધાર કરો. હું આપને ચરણે છું. (પગે પડે છે.)

અમરનાથ-ઉઠ, ઉઠ, ભાઇ તું કોણ છે? ઉભો થા. જો, માનવી માનવીને પગે ન પડે. એ એનો અધિકાર નથી. (હાથને ટેકે તેને ઉભો કરે છે) અને હુ તે કોણ માત્ર? જો, આપણે હાથ મીલાવીએ. (હાથ મીલાવતાં બન્ને જણા એક બીજાની સામુ તાકી રહે છે) જ્યાં મિત્રભાવે બે હાથ મળે છે ત્યાં એક ત્રીજો હાથ તેના ઉપર છાયા કરે છે. એ ત્રીજો હાથ પ્રભુનો. કહે, ભાઇ, તારે માટે હુ શું કરી શકું?

ધનંજય—મહારાજ, મને આપનો શિષ્ય બનાવો.

અમરનાથ-ભાઇ, હું મહારાજ નથી, ગુરુ નથી. મારે શિષ્યો નથી. મિત્રો છે, બંધુઓ છે. તું મારો બંધુ બનીશ?

ધનંજય-આપ બનાવશો તો બનીશ.

અમરનાથ-મારો બંધુ એટલે જગતનો બંધુ. એ બની જા એટલે મારું જીવનકાર્ય તને સમજાશે. આ મારા સાથી સાથે અમારા મંડળમાં આવજે. તને હું ત્યાં બધું યે સમજાવીશ. (સ્વગત) આ વળી શા માટે? (વિચાર કરે છે.)

[મઠના બે ચોપદારો દાખલ થાય છે.]

અમરનાથ-આવો, કોણ છો તમે?

૧ લો ચોપદાર-અમરનાથ કોનુ નામ?

અમરનાથ-મારૂં નામ અમરનાથ.


૧ લો ચોપદાર-તુંજ અમરનાથ કે? ગુરુજીએ અમને ફરમાન કર્યું છે કે તને પકડીને ધર્મસભામાં હાજર કરવો.

અમરનાથ-શા માટે તેમને મારી જરૂર પડી?

૨ જો ચોપદાર-એ કૈં અમને ખબર નથી. અમારૂં કામ તો તને પકડીને ગુરુજીની સમક્ષ હાજર કરવાનું છે. તું અમારો કેદી છે.

ધનંજય-ખબરદાર! અમરનાથ તમારા કેદી? તમે એને હાથ લગાડી શકો ખરા? તે પહેલાં તો હુ તમને એઉને ધૂળ ચાટતા કરી દઇશ. (ચોપદારો તરફ ધસે છે.)

અમરનાથ-(વચ્ચે પડીને) ધીરા પડ, ધનંજય, તારાથી એવું ન થાય. અમરનાથના સાથીને આવું વર્તન ન છાજે. એ પણ આપણા બંધુઓ જ છે ને? અને એ બીચા-



મારી કબર અંહીયા કરી ત્યાં કોઇને સુવાડજો
હું જ્યાં દટાઉં ત્યાં ફૂલોને વેરશો કોઇ નહીં
—કલાપી.

રાએ શું કરી શકે? (ચોપદારોને) ચાલો ભાઈઓ, મહંતની સત્તામાં રહું છું ત્યાંસુધી એમનો હુકમ માનવાને તૈયાર છું. હું તૈયારી કરી લઉં એટલો વખત ઊભા રહેશો?

૧ લો ચોપદાર–બહુ વાર ન કરતો.

અમરનાથ–ભલે, બહુ વાર નહીં કરૂં. (દિનેશ તરફ જોઈને) દિનેશ, મને ખબર નથી કે મહંત મને શા માટે બોલાવે છે. પણ કદાચ પાછા મળવાનો સમય ન રહે તો આવતી પૂર્ણિમા પછી સાતમે દિવસે સંકેતસ્થાને મળજે. (ધનંજય તરફ ફરીને) ભાઈ, તું મને આજે શોધતો આવ્યો, પણ હું તો જાઉં છું. દ્વિજેન્દ્રને પણ મળી શકાયું નહીં. કુમાર, હું જાઉં છું, બાપુ, (કુમારના કપાળ પર હાથ ફેરવે છે અને પગનો સ્પર્શ કરે છે) આ પગલીઓમાંથી મંદિરના ચોગાનમાં ફૂલ ખર્યાં એનો અર્થ શો હશે? (કુમાર જાગ્રત થાય છે) કુમાર, હું જાઉં છું મહંતની ધર્મસભામાં. મને કહેણ આવ્યું છે. તારા પિતા પણ ત્યાં હશે.

કુમાર–ઓહો! મને નિદ્રામાં જાણે એક સ્વપ્ન દેખાયું. જાણે મારા પિતા મને તમારી પાસેથી ઝૂટવી લેવાને હાથ લંબાવી રહ્યા છે અને મઠનો મહંત મારી સામે ડોળા ઘુરકાવી રહ્યો છે. અને તમે જાણે મારાથી દૂર નાસી જાઓ છો. ન જતા, અમરનાથ, મારા પિતા પાસે તમે ન જતા.

૧ લો ચોપદાર–(બીજા ચોપદારને) આ લક્ષ્મીનારાયણ શેઠનો પુત્ર?

૨ જો ચોપદાર–હા, પણ એને સાથે લાવવાનો હુકમ નથી. ચાલ, અમરનાથ, જલદી કર.

અમરનાથ–આવું છું. સીધો જ ચાલું છું. (કુમારને ભેટે છે) કુમાર, હું પાછો ન વળું તો તને મારો મિત્ર દ્વિજેન્દ્ર સંભાળી લેશે. એને પ્રભુમાં શ્રદ્ધા નથી, પણ પ્રભુનાં બાળકોને એ ચાહે છે. છોડી દે (કુમાર તેને વળગી રહે છે) હું હમણાં પાછો આવીશ. અને ન આવું તો યે મારો અને તારો સાથ કયાં જમાનાઓનો છે! મને ભૂલી જજે.

(ચોપદારો સાથે અમરનાથ જાય છે. બીજાઓ બીજી દિશામાં જાય છે.)

*

પ્રવેશ ૩ જો

[મઠની ધર્મસભાનો ઓરડો: મહંત આવીને એક ઊંચા આસન પર બેસે છે, હુકો પીકારાય છે, પાસે લક્ષ્મીનારાયણ, તિમિર, બીજ અને પાછળ બે નોકરો ઊભેલા છે. અમરનાથની બન્ને બાજુએ એકેક ચોપદાર ઊભેલો છે.]

મહંત–અમરનાથ તું જ કે?

બીજ–મહારાજ પાસે માથું નમાવ.

અમરનાથ–મારૂં માથું જેની પાસે નમે એ મને હજુ મળેલ નથી. છતાં પે, ધર્માધિકારી છો એટલે વંદન કરૂં છું. મારૂં નામ અમરનાથ.

મહંત–તારી સામે અમારા હુકમો તોડવાના અને મઠના રિવાજો સામે થવાના આરોપ છે. તારો શો બચાવ છે?

અમરનાથ–આપ પૂછશો તેનો જવાબ આપીશ.

લક્ષ્મીનારાયણ–મહારાજ! પહેલાં મારા બાળકનું પૂછો.

મહંત–આ લક્ષ્મીનારાયણ શેઠનો દીકરો તેં ઝૂટવી લીધો છે?

અમરનાથ–ઝૂટવ્યો નથી. એ વાતનો હું ઇન્કાર કરૂં છું. મને પ્રથમ જોતાંજ બાળક મારી પાસે ચાલ્યો આવ્યો–જેમ જન્મથી ઘેટાંના ટોળામાં રહેલું સિંહનું બચ્ચું સિંહને પહેલીવાર જોતાં ટોળું છોડી આવે તેમ. એ બાળક તમારી ટોળીનો નથી. એ મારા સંઘનો છે. મારો એના ઉપર કશો અધિકાર નથી. આત્માની ઓળખાણ છે. હું લુટારો નથી.

મહંત–તેં એક અધિકાર વિનાના બાલકને આ મંદિરમાં દાખલ કરી દેવસ્થાન અપવિત્ર કર્યું છે.

અમરનાથ–પ્રભુના મંદિરમાં દાખલ થવાનો અધિકાર પ્રભુએ સર્વને આપેલો છે, અને એ અધિકાર ખૂંચવી લેવાની, હજારો મહંતો એકઠા થાય તો યે, તેમને સત્તા નથી મળતી. એ બાલક પ્રભુના દર્શન માટે ટળવળતો હતો. એના જેવા બીજા સેંકડો બાળકો અહીં આવી શકે અને એ બીચારો બહાર ટળવળે એ દૃશ્ય મારાથી ન જોવાયું. હજાર પાંખડીવાળા સુરજમુખીમાંથી એક પાંખડી તોડીને દૂર ફેંકી દેવાય તો એ ફૂલની શોભા ભલે ન ઘટે, પણ એ પાંખડીને શું શું થતું હશે તેનો વિચાર કદી કર્યો છે, મહાશય?

મહંત–દેવમંદિરને સમર્પણ થયેલ ભેટ તેં જબરદસ્તીથી લૂટી લીધેલી છે.

અમરનાથ–હા, મેં દેવને અર્પણ કરવાનો પોષાક લૂટી લીધો છે, પણ તે ગરીબોના ઘા રૂઝાવવા માટે. મેં મંદિરનો પ્રસાદ લૂટ્યો છે, પણ તે ભૂખ્યાઓની ભૂખ તૃપ્ત કરવા માટે. મહાશય, ગરીબ માણસોને શરીર ઢાંકવા પુરતા અને લોહી તરબોળ અંગોને લુછવા પુરતા કપડાના ટુકડા યે ન મળે, એમનાં બાલકો ભૂખથી તરફડે અને આપના મઠમાં કપડાં અને ખોરાકના ગંજ ઠલવાય એ કયા પ્રભુનો આદેશ છે? અને આપના હુકમથી આપના નોકરો ગરીબ લોકોને લોહી લુહાણ કરે એની સારવારમાં દેવને અર્પણ થયેલાં વસ્ત્રો વપરાય એથી વધારે રૂડું શું!

બીજ–પ્રભુ, એ હમેશા લોકોને ઉશ્કેરે છે કે મઠનું દ્રવ્ય એ જાહેર મિલ્કત છે અને આપનો તેના પર હક્ક નથી. કાલે સવારે એ મઠ પર હલ્લો કરશે તો?

અમરનાથ–બરાબર છે. લોકોનાં બાલકો અજ્ઞાન, અંધકાર અને ભૂખમરામાં ટળવળે; એમના પર મહામારી અને દુકાળોના પંજા ફરી જાય; એમનું જીવન મૃત્યુ સમાન બને; અને આપ અહીં આપના વિલાસો, શોખ અને વિષયોના આનંદમાં મશગુલ રહો એ કયા અધિકારના જોરે! અને કઇ મહેનતથી આપ એ પૈસા કમાવા ગયા હતા? એ ધન લોકોનું છે ને લોકો તેના વારસ છે.

તિમિર–આને આપની ગાદી પર બેસાડો, પ્રભુ! એને સત્તાનો શોખ લાગ્યો જણાય છે.

અમરનાથ-મને આપની સત્તા ન ખપે, મહાશય. હું તો જેના હાથમાં સત્તા છે તેને સન્મતિ ઇચ્છું છું ઘણાં વરસો મેં એકાંતમાં ને ચિંતનમાં ગાળ્યાં. મારું આ જીવનક્ષેત્ર નહોતું. એક દિવસ મેં દરિદ્રતા અને અજ્ઞાનના અંધકારની બૂમ સાંભળી. મારો આત્મા કાળી ઉઠ્યો. હું બહાર નીકળ્યો, મેં વસ્તુસ્થિતિ જોઇ; ગરીબોના આંસુ લુછ્યાં; અશક્તોને હીમ્મત આપી; પણ મને લાગ્યું કે આપની સહાય વિના એ સઘળું નિષ્ફળ છે. આજે આપની મુલાકાતનું મને માન મળ્યું. ચાલો, મહારાજ! આપના સિંહાસનથી નીચે ઉતરો. મારી સાથે આવો–હું આપને લોકહૃદયના તખ્ત ઉપર બેસાડી દઉં.

મહંત–અમે તારી સલાહ નથી માગતા. તને અમે અમારી હકુમત નીચેના પ્રદેશમાંથી દૂર કરીએ છીએ. અમારા માર્ગમાં તું આડો ન આવતો. અમારી સત્તાની તને ખબર છે! અમારી આંખમાં તો તારા જેવા પામર માટે દયા જ ભરેલી છે. નહીં તો તને શાપ આપીને ભસ્મ કરતાં શી વાર! પણ, જા, ચાલ્યો જા. તારા જેવા નરકના જીવો સાથે વાત કરવામાં અમારી શોભા નહીં.

અમરનાથ-ભલે, જાઉં છું, મહારાજ! પણ પાછો આવીશ. આપનો અને આપના મઠનો ઉદ્ધાર કરવાને એક વાર પાછો આવીશ. અને મારી પાછળ આવે છે એક, જેના ચરણની ધૂળ માથે ચડાવવાને આપ કે હું એમાંથી કોઇ લાયક નથી. એ ઉદ્ધારી લેશે

આપને અને આપના આખા સંઘને. આંખ હોય તો જોજો! કાન હોય તો સાંભળજો! જાઉં છું.

તિમિર–ચાલ્યો જા. આ મંદિર આજે બરાબર સાફ કરાવી નાખજો. મહારાજ, આપને બહુ તસ્દી પડી હશે. નિજ મંદિરમાં પધારો અને આરામ કરો.

મહંત–(ગભરાયેલો) આરામ મળશે? આના શબ્દો મને હાડોહાડ ઉતરી ગયા છે. એ શું સાચું કહે છે? (સિંહાસન પરથી નીચે ઉતરે છે.)

તિમિર–પ્રભુ! પ્રભુ!

મહંત–પહેલાં એને મારી પાસેથી દૂર કરો. (અમરનાથ સામે જોઇને) તું કોણ છે? શા માટે પ્રભાનગરમાં આવ્યો છે? મને તારૂં મ્હોં ફરીથી ન બતાવતો. ચાલ્યો જા. (નોકરને) મારાથી આનો તાપ સહન થતો નથી. એને દૂર લઇ જાઓ! (અમરનાથને) કહે, કહે, મારી સામે ગરૂડના જેવી તીક્ષ્ણ આંખે તાકે છે કેમ? (માણસોને) એને લઇ જાઓ. પ્રભાનગરની હદ બહાર ધકેલી દો. ધર્મનો નાશ થતો અટકાવો. (માણસો અમરનાથને હાથ પકડીને લઇ જાય છે) જરા રહો! ઉભો રહે! તારી પાછળ એ કોણ આવે છે? કહે, કહે, કોની ઇચ્છાથી તું પ્રભા-નગરમાં આવ્યો?

અમરનાથ–મહારાજ જવા દો એ વાત: આજે તો જાઉં છું. ફરીથી આવીશ ત્યારે સમજાવીશ. આ ખુશામતીઆઓને દૂર કરો. મહની દીવાલોની બહાર જરા નજર કરતાં શીખો. એક દિવસ, જ્યારે આ સત્તા હાથમાં નહીં હોય ત્યારે, બધો હીસાબ આપવો પડશે. પ્રભુની ઘંટીઓ બહુ ધીમે દળે છે પણ બહુ બારીક દળે છે. વાદળ ઘેરાય છે. એક વિજળીના કડાકાની જ રાહ છે. હું જાઉં છું.

(અમરનાથ જાય છે.)

મહંત–એને ફરી બોલાવો. એનો તાપ મારાથી નથી જીરવાતો પણ એના શબ્દો સાંભળવા ગમે છે. તિમિર, બીજ, નારાયણ, એ શું કહે છે તે સમજ્યા? મારાથી આ નથી સમજાતું.

(નીચે પડે છે. માણસો તેને ઘેરી વળે છે. ધીમે ધીમે પરદો પડે છે.)

અંક ૧ લો સમાપ્ત



ઉગતી પ્રજા પર સીનેમાની અસર

રાજ્યસભામાં થયેલી મહત્વની ચર્ચા

સિનેમા ફિલ્મો બનાવવાનો ઉદ્યોગ ભારતમાં શરૂ થયાને ૪૨ વરસ થવા આવ્યાં. આપણા દેશમાં જ સિનેમાની ફિલ્મો બનવા લાગી તે અગાઉ પરદેશોમાંથી અને મુખ્યત્વે અમેરિકામાંથી આવતી ફિલ્મો આપણા દેશમાં બતાવવાની શરૂઆત ચાલુ સદીની શરૂઆતના વર્ષોમાં થયેલી. એ જોતાં સિનેમાના પરદા સાથેનો ભારતવાસીઓનો પરિચય લગભગ ૫૦ વરસ જેટલો જૂનો થયો છે એમ કહી શકાય.



એ ૫૦ વરસ જેટલી લાંબી મુદતમાં સિનેમાના ચિત્રોની ભારતની પ્રજા ઉપર કેવી અસર થઇ છે, તેનાથી શો લાભ થયો છે કે શું નુકસાન થયું છે તેનો વિચાર હવે ઘણા વિચારકો અને દેશના અગ્રણિઓ કરવા લાગ્યા છે. આમ તો સિનેમા ફિલ્મો વિશે છુટાછવાયાં મતપ્રદર્શનો હમેશાં થતાં જ રહ્યાં છે, રાજ્યતંત્ર ચલાવનારાઓએ વખતોવખત સિનેમા ઉદ્યોગના સંચાલન અને ફિલ્મોના વસ્તુ વિષયને લગતા કાયદા કાનૂન પણ ઘડયા છે, જુના કાયદાઓમાં વખતો વખત ફેરફારો કર્યા છે અને નવા કાયદાઓ અમલમાં મૂકયા છે. પરંતુ સિનેમા ફિલ્મોની પ્રજાજીવન ઉપર અને પ્રજાના ઘડતર ઉપર પડતી અસર વિશે દેશનું રાજ્યતંત્ર ચલાવનારાઓએ સંગઠિત પ્રધાન રૂપે, ગંભીર સ્વરૂપમાં ચર્ચા વિચારણા કરી હોય તેવો પ્રસંગ આપણા દેશને સ્વતંત્રતા મળ્યા પછી સાડાસાત વરસે પહેલી જ વાર હેક હમણાં ત્રણેક માસ ઉપર જ બની ગયો.

સને ૧૯૫૪ ના ડીસેંબર મહિનાની ૧૦ મી તારીખે ભારતની રાજ્યસભામાં બેસનારા ૩૬ કરોડ ૭૦ લાખ ભારતવાસીઓના ૨૧૯ પ્રતિનિધિઓએ સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો :

"અનિચ્છનીય ફિલ્મોનાં પ્રદર્શનના પરિણામે આપણા દેશની નીતિના ધોરણો ઉપર ઘણા મોટા પ્રમાણમાં (માઠી) અસર થાય છે એવો આ સભાનો અભિપ્રાય છે અને (તથી) એવી પરદેશી કે સ્વદેશી ફિલ્મોનું પ્રદર્શન બંધ કરવા માટે જરૂરી લાગે તેવાં પગલાં કાયદો ઘડીને યા બીજી કોઇ રીતે લેવાની આ સભા સરકારને ભલામણ કરે છે.

"સાથોસાથ શિક્ષણાત્મક તેમજ મનોરંજક ફિલ્મોના ઉત્પાદનને ઉત્તેજન તેમજ સહાય આપવી જોઇએ એવી પણ આ સભા ભલામણ કરે છે."

ઉપલો ઠરાવ રાજ્ય સભાની બેઠકમાં શ્રીમતી લીલાવતી મુનશીએ પેશ કર્યો હતો. એ ઠરાવ પર જે ચર્ચા થઇ તેમાં ૧૬ સભાસદોએ પોતાના વિચારો દર્શાવ્યા હતા અને માહિતી અને આકાશવાણી ખાતાના પ્રધાને પણ એ ચર્ચામાં ભાગ લીધો હતો. આ સોળ સભ્યોમાં

નવ કોંગ્રેસ પક્ષના, બે ડેમોક્રેટિક પક્ષના, એક કમ્યુનિસ્ટ, એક રિપબ્લીક પક્ષના, એક સ્વતંત્ર સભાસદ પંડિત હૃદયનાથ કુંઝરૂ અને એક સરકાર નિયુક્ત સભાસદ શ્રી. પૃથ્વીરાજ કપુર આવી જાય છે.

તારીખ ૯ મી ડીસેમ્બર ૧૯૫૪ ના રોજ આ ઠરાવ પેશ કરતાં શ્રીમતી લીલાવતી મુનશીએ કહ્યું કે "આ એક એવો વિષય છે કે જેમાં સાબૂત વિચારશક્તિવાળા આપણા દેશના અસંખ્ય ભાઈઓ અને બ્હેનોને ખૂબ રસ છે. આજકાલના તરુણો અઠવાડિયામાં વારંવાર ન જોવા જેવી ફિલ્મો જોવા જાય છે અને દેશમાં વધતું જતું ગુન્હાખોરીનું પ્રમાણ ફિલ્મોને આભારી છે ને તેમાંયે ખાસ કરીને તરુણ વયના માણસોને હાથે થતી ગુન્હાખોરીના મૂળમાં એ અનિચ્છનીય ફિલ્મો રહેલી છે એમ કહેવામાં આવે છે. મને લાગે છે કે અઠવાડિયે એક જ વાર નહીં પણ બે કે ત્રણ વાર ફિલ્મ જોવા જવા ઇચ્છતા હોય તેવા તરુણો (અને તરુણીઓ) દરેકે દરેક કુટુંબમાં મળી આવશે. દેશમાં ચારે તરફ સિનેમાના થીએટરોની સંખ્યા પણ વધતી જાય છે અને હવે તો દૂર દૂરના ગામડાંઓમાં પણ સિનેમા થીએટરો બંધાવા લાગ્યાં છે. આમ, સિનેમા દેશમાં ભલાઈ કે બુરાઈ બેમાંથી ગમે તે એકના પ્રચાર માટેનું ભારે જોરાવર સાધન બની ગયો છે અને એ રીતે સ્થિર થઈ ગયો છે. સિનેમામાં એક આખી પ્રજાનું ભાવિ સુધારવાની તાકાત છે તેવી જ રીતે બગાડવાની પણ શક્તિ છે. સિનેમામાં કામ કરતા નટ અને નટીઓ યુવાન પ્રજાના મન ઉપર ભારે અસર કરી રહ્યા છે એ આપણે ઘણીવાર જોયું છે. એ નટ–નટીઓ જ્યારે જાહેરમાં હાજર થાય છે ત્યારે તેમનો ખૂબ સત્કાર થાય છે અને તેમને ઘણું માન મળે છે. કોઈ કોઈ વાર તો દેશમાં ઉંચામાં ઉંચો હોદ્દો ધરાવનાર અથવા ઉત્તમમાં ઉત્તમ ગણાતી વ્યક્તિના કરતાં પણ સિનેમાના નટ–નટીઓને વધારે આદરમાન મળે છે. તેઓ જ્યાં જાય ત્યાં લોકોનાં ટોળાં એમને ઘેરી વળે છે અને તેઓ ફિલ્મોમાં જે કંઈ કરતા હોય છે તેનું યુવાન સ્ત્રી–પુરુષો અનુકરણ કરે છે.

"અમારી કોલેજમાં ભણતા એક વિદ્યાર્થીનો આઠ વરસની ઉંમરનો એક ભાઈ છે તે એક વાર ઘરમાંથી ૨૫ રૂપીઆ ઉઠાવીને ચાલ્યો ગયો. તેની શોધખોળ થઈ પણ પત્તો લાગ્યો નહીં. પણ બે દહાડા પછી પાછો એ આપમેળે ઘેર આવ્યો અને પૂછપરછ કરતાં તેણે કહ્યું કે "સિનેમાની ફિલ્મો જોવામાં અને દિલીપકુમારના જેવા વાળ કપાવવામાં મેં ૨૫ રૂપીઆ ખરચી નાખ્યા છે."

"મુંબઈમાં હું ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે કામ કરતી હતી ત્યારે તરુણ વયના ગુનેહગારોને માટેની અદાલતમાં આવા બીજા કિસ્સાઓ પણ મારી પાસે આવતા. શહેરમાં એકાદ કોઈ ફિલ્મ થોડા દિવસ ચાલુ થયા પછી પોલીસ જે કેટલાક છોકરાઓને પકડી આણીને ચોરી કે એવા કોઈ બીજા ગુન્હા માટે અદાલતમાં રજુ કરે ત્યારે તેમને પૂછતાં એક જ જવાબ મળતો કે 'અમે ફલાણી ફલાણી ફિલ્મમાં આવું જોયેલું.' મારો એવો ખ્યાલ છે કે અશોકકુમાર નામના એક અભિનેતાએ એક ફિલ્મમાં ચોરી કરેલી. એ ફિલ્મ પરદા પર રજુ થયા પછી જે ઘણા તરુણ છોકરાઓને અદાલતમાં રજુ કરવામાં આવેલા તેમને પૂછતાં તેઓએ એક જ જવાબ આપેલો કે આવું ચોરીનું કામ તેમણે એ ચોક્કસ ફિલ્મમાં પહેલી વાર જોયેલું.

ફિલ્મો ગુન્હાખોરી શીખવે છે

"એક મિત્રે મને આવા ઘણા કિસ્સાઓ કહી બતાવેલા તેમાં એક વાત એવી હતી કે એક ફિલ્મમાં એક દૃશ્ય આવતું હતું કે એક ધુતારો રસ્તા પરથી એક બચ્ચાંને ઉઠાવીને ઝવેરીની દુકાન ઉપર જાય છે અને ત્યાંથી ઝવેરાત

ખરીદ કરે છે. પછી 'હમણાં હું આના પૈસા લઇ આવું છું એટલો વખત મારું આ બચ્ચું અંહી રાખી જઉં છું. તેની સંભાળ રાખજો' એમ કહીને ઝવેરાત લઇને ચાલ્યો જાય છે. પાછળથી ઝવેરીને ખબર પડે છે એ બચ્ચું પેલા ધરાકનું નહોતું. આ ચિત્ર શહેરમાં રજુ થયા પછી થોડા જ દિવસોમાં આવો એક બનાવ સાથેસાથ બની ગયો અને છાપાંઓમાં તેની વિગતો પણ રજુ થઇ હતી. સ્વાભાવિક રીતે કોઇકના મનમાં એવો ખ્યાલ આવ્યો હશે કે જો સિનેમાની ફિલ્મમાં આવી બનાવટ થઇ શકતી હોય તો વાસ્તવિક જીવનમાં પણ કેમ ન થઇ શકે? અને તેણે એ કરી પણ બતાવી.

"આવા તો અનેક દાખલાઓ આપી શકાય તેમ છે. તાજેતરમાં જ આપણે વિનયનગરમાં થયેલા એક કરપીણ ખૂનની વાત સાંભળી છે. એ ખૂનમાં કેટલાક જુવાનિયાઓ સંડોવાયલા હતા. છાપાંઓમાં આવા ગુન્હાઓની વાતો રોજે રોજ પ્રસિદ્ધ થાય છે. એક એવી બીજી વાત કહું. કોલેજમાં ભણતા બે યુવાનો હતા તેઓ બન્ને એક પોલીસ ઇન્સ્પેક્ટરની દીકરીની પાછળ પડેલા. પોલીસ ઇન્સ્પેક્ટરે એ બેઉને તેમની વર્તણૂક તરફ અણગમો દર્શાવી છોકરીનો પીછો છોડી દેવાની સલાહ આપી. બે કલાક પછી એ છોકરાઓ પચાસ માણસોનું ટોળું લઇને પાછા આવ્યા અને તેમણે પેલા પોલીસ ઇન્સ્પેક્ટર ઉપર મારો ચલાવ્યો, જેને પરિણામે એ બીચારો ઇન્સ્પેક્ટર મરણ પામ્યો. આવા આવા ઘણા ગુન્હાઓના અહેવાલો છાપાંઓમાં રોજ છપાય છે.

"દીવાલો કેવી રીતે ચડવી, તીજોરીઓ કેવી રીતે તોડવી અને ઘર કેમ ફાડવાં એ શીખવનારી ફિલ્મો પણ મેં જોઇ છે. હું જ્યારે ફિલ્મ સેન્સરના મધ્યસ્થ મંડળમાં સભાસદ હતી ત્યારે મેં આ વિશે પ્રધાન મંડળને કાગળો પણ લખેલા.

"પ્રેક્ષકોનાં ટોળાં જમાવવાના આશયથી ફિલ્મોમાં છોકરીઓના શરીરના અંગોનું ઘણું જ અયોગ્ય પ્રદર્શન થતું મેં જોયું છે. એવી ઘણી ફિલ્મો હોય છે કે જે માબાપ અને બાળકો સાથે બેસીને જોઇ શકતા નથી. સહુથી મોટી ખરાબી તો એ છે કે આવી ફિલ્મોની અસર એકલા છોકરાઓ ઉપર જ થાય છે એવું નથી. છોકરીઓ ઉપર પણ તેની બુરી અસર થાય છે. ફિલ્મની નટીઓના જેવો રૂપનો ભભકો કરવાના આશયથી અથવા એવી સાડી પહેરવાના કે એમના જેવી ટાપટીપ કરવાના મોહથી નાલાયક માણસોની સોબતમાં રાતના મોડેથી ફરતી છોકરીઓની વાતો મારે કાને આવી છે. હું બહુ લંબાણ નહીં કરું, છતાં એક વિશેષ દાખલો આપું. થોડાં વરસ ઉપર મેં એક ફિલ્મ જોયેલી તેમાં એક પ્રતિષ્ઠિત ન્યાયાધીશના ઘરમાં એક સ્ત્રીને "હુલા હુલા" નૃત્ય કરતી બતાવવામાં આવી હતી. કોઇ પણ હિંદી ન્યાયાધીશના ઘરમાં એક હિંદી સ્ત્રી આવું નિર્લજ્જ નૃત્ય કરે એવી કલ્પના પણ આપ કોઇ કરી શકો ખરા?

"ટુંકામાં બધી વાત ઘણી સૂગ ઉપજાવનારી અને વિનાશક છે. આપણા છોકરાઓ અને છોકરીઓને ભ્રષ્ટ કરે અને માનવી માનવી વચ્ચેના સંબંધોનો આખો પાયો હલાવી નાખે એવી ફિલ્મો બનાવતા અને બતાવતા રહેવાની આપણા ફિલ્મ ઉદ્યોગને છૂટ મળતી રહેશે તો ટૂંક વખતમાં જ એને માટે આપણે પસ્તાવાનો વખત આવશે."

પરદેશી ચિત્રો—ભયંકર

બીજે દહાડે તારીખ ૧૦ મી ડીસેંબરે શ્રીમતી લીલાવતી મુનશીએ પોતાનું અધુરું રહેલું ભાષણ પૂરું કરતાં કહ્યું કે "કાલે હું જે બોલેલી તે ઘણું ખરું હિંદી ફિલ્મોને ઉદ્દેશીને બોલેલી પણ એ બધી વાતો પરદેશી ફિલ્મોને પણ એટલી જ હદે લાગુ પડે છે—કદાચ વધારે પ્રમાણમાં,

કારણ કે પરદેશી ફિલ્મો વધારે સારા કળા કૌશલ્યથી અને ભભકાથી બનાવવામાં આવે છે. ભભકેદાર પરદેશી ફિલ્મોનું આપણો હિંદી ફિલ્મ ઉદ્યોગ અનુકરણ કરે છે અને તેને લઇને ગુન્હાખોરી અને અનીતિને ઉત્તેજન આપનારી હિંદી ફિલ્મો આપણે ત્યાં રજુ થાય છે.

"જુના વખતમાં આપણું સેન્સર બોર્ડ ગમે તેવી અનિચ્છનીય પરદેશી ફિલ્મોને પણ રજુ થવા દેતું. ગુન્હાખોરીનાં ચિત્રો, ખૂન અને ત્રાસનાં ભયંકર દૃશ્યોવાળાં ચિત્રો અને આંખને આંજી દે તેવાં રૂપપ્રદર્શનનાં પરદેશી ચિત્રો ઉપર કશો પ્રતિબંધ નહોતો. એ વખતે હિંદી ચિત્રો બનાવનારાઓએ એવી દલીલ કરેલી કે 'અમારી બાજુના જ થીએટરમાં તમે આવાં પરદેશી ચિત્રો ચાલવા દો છો, તો પછી અમને એવાં ચિત્રો રજુ કરવાની શી રીતે ના પાડી શકો? એમ કરવાથી અમારો ધંધો પડી ભાંગે ને બધી કમાણી એ પરદેશી ચિત્રોવાળા ઘસડી જાય છે.' એમની આ દલીલ વાજબી હતી. ભૂતકાળમાં સેન્સર બોર્ડે આ વિષયમાં શું કર્યું એ કહેવાની મારી ઇચ્છા નથી. હવે તો સેન્સર બોર્ડની રચના નવેસરથી કરવામા આવી છે, તેના સભ્યો બદલાઇ ગયા છે અને નવા સભ્યો તેમના કામમાં વધારે રસ લેતા થયા છે. આ બધી વાત બહુ લાંબી છે અને જાણવા જેવી છે પણ તે કહેવાનો આ પ્રસંગ નથી.

"પરદેશી ફિલ્મોમાં ભયંકર ગુન્હાઓ, ગર્ભ જમાતો (ગુંડા-મવાલી, ડાકુ, ચોર વગેરેની)નાં દૃશ્યો, અર્ધનગ્ન નૃત્યો અને આવેશભર્યાં ચુંબનો પરદા પર બતાવવામાં આવે છે. પહેલાં એક એક હિંદી ફિલ્મમાં નર્તકીના ધંધનું દૃશ્ય આવતું અને હવે હિંદી ફિલ્મોમાં પણ ફક્ત પરદેશી ચિત્રોમાં જ જોવા મળે એ જાતનાં નૃત્યોનાં દૃશ્યો અને ભૂગર્ભમાં વસતી હલકટ જમાતોના જીવનનાં દૃશ્યો રજુ કરવામાં આવે છે. આપણી દેશી ફિલ્મો પરદેશી ફિલ્મોની નકલ કરવા લાગી છે અને કદાચ પ્રેક્ષકો હવે જીવનમાં એ ફિલ્મોની નકલ કરવા માંડશે કેમકે તેઓ એમ માનતા થશે કે ફિલ્મમાં જે બતાવવામાં આવે છે - તે આદર્શ જીવતનો નમુનો છે.

"આપણાથી આવાં પરદેશી ચિત્રો ચાલવા દેવાશે? આપણે રશિયા અને ચીન જેવા અનેક પરદેશોની તારીફ કરીએ છીએ. આપણે ત્યાંથી અનેક પ્રતિનિધિ મંડળો એ દેશોની સફરે જઇ આવ્યા છે. આમાંનો કોઇપણ દેશ પોતાની પ્રજાને માટે ઠીક ન લાગતાં હોય તેવાં કોઇ પરદેશી ચિત્રો પોતાની પ્રજાને બતાવશે ખરો? ફક્ત એક આપણો જ દેશ એવો છે કે જ્યાં ગમે ત્યાંથી ગમે તેવી ફિલ્મ આવી શકે છે અને આપણે એ ફિલ્મનું પ્રદર્શન થવા દઇએ છીએ.

"આ ઉપરાંત વળી ફિલ્મના પોસ્ટરો પણ તમે જ્યાં જાઓ ત્યાં તમારી સામે ખડાં જ હોય છે. અને વધારામાં છાપાંઓમાં પ્રસિદ્ધ થતાં "કૉમિક" (રમુજી સચિત્ર વાર્તાઓ) પણ તરૂણ વયના છોકરા-છોકરીઓ રસથી વાંચે છે. આવા કૉમિકની માઠી અસર હવે પશ્ચિમના દેશોમાં માલમ પડવા લાગી છે. તરૂણ વયના માણસોમાં વધતી જતી ગુન્હાખોરી આવા "કૉમિક", ફિલ્મ અને ટેલિવિઝનનું પરિણામ છે એવી ચર્ચા હવે ઇંગ્લેંડ અને અમેરિકામાં થવા લાગી છે. પોતાની ઉગતી પ્રજાને એ બધાં સાધનો વિનાશને માર્ગે લઇ જઇ રહ્યાં છે એમ હવે એ દેશો સમજતા જાય છે. આપણે પણ આ દિશામાં બહુ મોડું થઇ જાય તે પહેલાં કશુંક કરવું ઘટે.

"હું એમ પૂછું છું કે દુનિયામાં બીજો કોઇ એવો દેશ હશે કે જે પ્રજાની નીતિને નુકસાનકારક હોય એવી ફિલ્મોનું પ્રદર્શન

થવા દેતા હોય? પણ આપણે ત્યાં તો એવાં અસંખ્ય ચિત્રો–દેશી કે પરદેશી–રોજે રોજ લોકોનાં માનસ અને ચારિત્ર્ય ઉપર માઠી અસર ફેલાવતાંજ જાય છે. આ માઠી અસરને આવવા દેવા માટે આપણે આપણાં બધાં જ દરવાજા ખુલ્લા રાખીએ છીએ અને પછી લોકોને સુધારવા માટે ભાષણો આપીએ છીએ અને આશ્રમો ખોલીએ છીએ અને સામાજીક સુધારણાને નામે લાખો રૂપીઆનું ખર્ચ કરીએ છીએ. પણ આ બધો બગાડો થતો અટકાવવા માટે આપણે કશું જ કરતા નથી.

"જુદા જુદા દેશોમાં લોકોની રહેણીકરણી જુદી જુદી હોય છે. એક દેશમાં જે જાતનું વર્તન સામાન્ય ગણાતું હોય તે બીજા દેશમાં ચોંકાવનારૂં ગણાય. દાખલા તરીકે આપણા સમાજમાં ઉમર લાયક થયેલી છોકરીને બાપ કે ભાઇ ચુંબન કરે એ વાત જ આપણા ખ્યાલ બહારની છે પણ બીજા કેટલાક દેશોમાં એ વાત તદ્દન સાધારણ ગણાય છે. આવાં કૃત્ય સામે વાંધો લઇ શકાય એવું નથી, પરંતુ ફિલ્મોમાં જે આવેશમય ચુંબનો જોવામાં આવે છે તે કાચી વયના પ્રેક્ષકનાં મન ઉપર બહુ મજબૂત અસર કરે છે. પરદેશી ચિત્રોમાં પ્રેમ–પ્રણયનાં દૃશ્યો અને લગ્નની પ્રથમ રાત્રિનાં દૃશ્યો બહુ ખુલ્લી રીતે બતાવવામાં આવે છે. આવાં દૃશ્યો તરૂણ પ્રજાને ઉશ્કેરનારાં છે. એ કોઇ રીતે ઇચ્છવાયોગ્ય ન કહેવાય.

"આવું કોઇ ચિત્ર ગામડાંમાં બતાવવામાં આવે ત્યારે ગામડીઆ લોકો એમ માની બેસે છે કે સુધરેલા ગણાતા સમાજમાં આવું ચાલતું હશે. એટલે એ પણ સુધરેલામાં ગણાવા માટે એવું આચરણ કરતાં શીખે છે. જો ફિલ્મ ચિત્રોમાં આવી વિનાશક શક્તિ હોય તો એ ચિત્રોની એ શક્તિનો રચનાત્મક ક્ષેત્રમાં ઉપયોગ કરવાથી સમાજને ઉંચો આણવામાં કેટલી બધી સમજ થઇ જાય!

"અલબત્ત, બધીજ ફિલ્મો ખરાબ હોય છે એમ મારૂં કહેવું નથી. ઘણી પરદેશી તેમજ દેશી ફિલ્મો સારી પણ હોય છે. આપણે જો આપણા દેશનું નવસર્જન કરવું હોય તો તે કામમાં ફિલ્મ ઉદ્યોગ મોટો ફાળો આપી શકે તેમ છે. લોકોને માટે કશું મનોરંજન ન હોવું જોઇએ એવું હું કહેતી નથી. પણ મનોરંજન માટે બીજા અનેક વિષયો છે. એકવાર આપણે ત્યાં થયેલા ફિલ્મ મહોત્સવમાં મેં રશિયા, જાપાન અને બીજા પરદેશોમાંથી આવેલી ઘણી ફિલ્મો જોઇ હતી. એ બધી ઘણીજ મનોરંજક અને શિક્ષણપ્રદ હતી."

"મારે એક વાત સ્પષ્ટ કરવી જોઇએ કે લોકોના આનંદ વિનોદની સામે મને કશો વિરોધ નથી. ફક્ત આસપાસ જે બની રહ્યું છે તેજ હું વર્ણવી રહી છું. નાની વયના બાલકો અને તેમની વર્તણુક સાથે એક સ્ત્રી તરીકે મને નિસબત છે. બે વરસ સુધી મેં સેન્સર બૉર્ડ ઉપર રહીને તેના કામનો થોડો અનુભવ લીધેલો છે અને એ બૉર્ડ ફિલ્મોને પ્રદર્શન માટે કેવી રીતે મંજૂરી આપે છે તે હું જાણું છું. બૉર્ડના કેટલાક નિયમો બહુ જ સરસ છે પણ તેનો અમલ જોઇએ તેવી રીતે થતો નથી. મારો કહેવાનો મુદ્દો એટલો જ છે કે સરકારે આ બાબતમાં એક ચોક્કસ નીતિ નક્કી કરવી જોઇએ.

માહિતી અને આકાશવાણી ખાતાના પ્રધાને આ સભામાં વારંવાર એમ જાહેર કર્યું છે કે એ નિયમોનો અમલ કરવાની તેમના હાથમાં સત્તા નથી. ગુન્હો થાય ત્યારે તેની સામે પગલાં લેવાની સરકારના હાથમાં સત્તા છે, પણ ગુન્હા થતા અટકાવવાની સત્તા ન હોય એ બહુ વિચિત્ર લાગે છે. એ પ્રધાનને વધારે સત્તા જોઇતી હશે તો આ સભા એવી સત્તા તેને આપશે એવી મને ખાતરી છે. મને ઉમેદ છે કે સભાના સર્વે સભાસદો આ બાબત પર પૂરતું લક્ષ આપશે અને

ગંદવાડથી ભરેલી ફિલ્મોનું પ્રદર્શન અટકાવવા માટે જે કરવુ ઘટે તે કરી છુટશે.”

શ્રીમતી લીલાવતી મુનશીના આ ઠરાવના અનુમોદનમાં શ્રીમતી ડૉ. સીતા પરમાનંદ, પંડિત હૃદયનાથ કુંઝરૂ, પ્રોફેસર આર. ડી. દિનકર, શ્રી. એચ. ડી. રાજા, મિસીસ વાયોલેટ આલ્વા શ્રી. ટી એસ. પટ્ટાભિરામ, શ્રીમતી શારદા ભાગવત, શ્રીમતી કે. ભારતી, શ્રી. કિશનચંદ અને શ્રી. ગોવિંદ રેડી એટલા જુદા જુદા પક્ષોના પ્રતિનિધિઓએ પણ લગભગ આના જ અર્થના ભાષણો કર્યાં હતાં. એ પછી માહિતી અને આકાશવાણી ખાતાના પ્રધાન ડૉક્ટર કેસકરે સેન્સર બૉર્ડની કામગીરીનો વિગતવાર ખ્યાલ આપીને કહ્યું હતુ કે “સમાજ જેને અનિચ્છનીય કે વાંધા ભરેલા ગણતો હોય તેવા દશ્યો સિનેમાના પરદા પર રજુ થવા ન જોઇએ એ જોવાની સરકારની ફરજ છે. દેશી અને પરદેશી ફિલ્મો વચ્ચે સેન્સરશીપની કાર્યવાહીમાં જે ફરક રાખવામાં આવેલો છે તે કમી કરવાની કોશિશ થઇ રહી છે અને ભવિષ્યમા જે ધોરણે દેશી ફિલ્મો મંજૂર કરવામાં આવે છે તે જ ધોરણે પરદેશી ફિલ્મોને પણ પ્રદર્શનની મંજુરી અપાય એવો નિયમ થઇ જશે.”

ભારતનું હજુ એટલું સદ્ભાગ્ય છે કે શૃંગારરસ કે પ્રણયરસને નામે અને કલાને નામે અશ્લિલ અને બીભત્સ ચિત્રોનાં થઇ રહેલાં પ્રદર્શન તરફ મોડે મોડેથી પણ આપણા દેશના વહીવટદારોની નજર પડી છે ખરી. પણ હજુ લાંબા વખત સુધી તેઓ આ ખરાબી અટકાવી શકશે કે કેમ તે જોવાનું બાકી છે.

અલકમલકની વાતો

સામ્રાજ્યના રક્ષકો

લંડનની પ્રખ્યાત ઐતિહાસિક ઇમારત* ટાવર ઓફ લંડનમાં 'રેવન'ના નામે ઓળખાતા મોટા કાગડાની જાતના છ પક્ષીઓનો નિવાસ છે. આ છ પક્ષીઓ બ્રિટિશ સામ્રાજ્યના રક્ષકો છે એવી એક માન્યતા પરાપૂર્વથી ચાલી આવે છે અને એ પક્ષીઓ પણ જાણે કે આખું બ્રિટિશ સામ્રાજ્ય એમના બાપદાદાની મિલ્કત હોય એવી ખુમારીથી રહેનારા છે. દેશ પરદેશથી લંડન જોવા આવતા મુસાફરો તરફ તેઓ સખત અણગમો બતાવે છે અને મુસાફરોના ભોમીઆઓની સામે કા, કા, અવાજ કરીને તેમને હેરાન કરી મૂકે છે. ટાવરની બારીઓમાં લગાડેલા કાચની ફરતી લાંપી તેઓ પોતાની ચાંચ વડે ખોદી નાખે છે, નીચેની જમીન ઉપરની હરીયાળી ફેંદી નાખે છે, કુતરાઓ અને બીલાડાઓ ઉપર હુમલા કરે છે અને નાનાં બાળકોના હાથમાંથી પીપરમેંટ ચોકલેટ વગેરે ઝૂટવી લે છે, અને છતાં આવાં તોફાની પક્ષીઓને ત્યાંથી દૂર કરવાની કોઇની તાકાત નથી. એ ઇમારતમાં રહેવાનો તેમનો પરાપૂર્વથી અધિકાર સ્થપાઇ ચૂકયો છે.

સત્તરમી સદીના અરસામાં ઇંગ્લેંડના રાજા બીજા ચાર્લ્સને લોકનાયક ઓલીવર ક્રોમવેલની સાથે ઝગડો ચાલતો હતો તે સમયે આ જાતનાં પક્ષીઓનું એક જુથ ટાવરમાં ઘર કરીને રહેતું હતું અને ત્યારથી ત્યાં રહેવાનો તેના વંશવારસોનો હક્ક સ્થપાઇ ગયો છે.

*ટાવર ઓફ લંડન વિશે વિશેષ વિગત નવજીવનના ફેબ્રુઆરી માસના અંકમાં પ્રસિદ્ધ થઇ છે તે વાંચી જવો.

એમ કહેવાય છે કે એક રાતે ટાવર ઉપર હુમલો થવાનો હતો તે વિશેની એ પક્ષીઓએ પહેરેગીરોને ચેતવણી આપેલી તેથી પહેરેગીરો સાવધ બની ગયા અને હુમલાનો સામનો કરી શકયા. તે દિવસે એ પક્ષીઓ ઉપર બાદશાહની મહેરબાની ઉતરી. ત્યારથી દેશમાં એવી એક માન્યતા ફેલાવા લાગી કે જો એ પક્ષીઓ ત્યાંથી ચાલ્યાં જાય તો બ્રિટિશ સામ્રાજ્ય તૂટી પડે. એટલે છ રેવન પક્ષીઓને માટે ટાવર ઓફ લંડનમાં હમેશને માટે નિવાસસ્થાન નક્કી થઇ ગયું. એ છ પક્ષીઓની પાંખો કાપી નાખવામાં આવે છે જેથી તેઓ ઉડી શકે નહીં. એ પક્ષીઓનાં નામ ટાવરના પહેરેગીરોના નામની યાદીમાં લખવામાં આવે છે.

એમનું એ સ્થાન વારસાગત નથી. પરહેજીમાં રાખેલાં પક્ષીઓને બચ્ચાં થતાં નથી. એક રેવન મરી જાય તો તેની જગ્યાએ બીજું કોઇ પણ રેવન લાવીને રાખવામાં આવે છે. કુલ છ પક્ષીઓ હમેશાં હોવાં જોઇએ એટલોંજ નિયમ પાળવામાં આવે છે. આ પક્ષીઓની સલામતી માટે (અને સાથોસાથ બ્રિટિશ સામ્રાજ્યની સલામતી માટે) ટાવરના ગવર્નર હસ્તક એમની દેખભાળ રાખવા માટે એક ખાસ "રેવન માસ્ટર"ની નિમણુંક કરવામાં આવે છે. દરેક પક્ષીના ખોરાક માટે ટાવરના ખર્ચના બજેટમાં અઠવાડિયાના બે શીલીંગ અને ચાર પેન્સની જોગવાઇ કરવામાં આવે છે.

અંગ્રેજ પ્રજા માને છે કે સામ્રાજ્ય સલામત રાખવા ખાતર આટલું ખર્ચ ભારે પડે એવું નથી!

*

ઝૂલા ક્લબ

અમેરિકામાં આવેલા કનેક્ટીકટ રાજ્યમાં સ્ટેમ્ફર્ડ શહેરમાં ટોમસ એડવર્ડ સેઇક્સ નામનો એક વેપારી છે. તેણે પોતાની ઓફીસના એક ઓરડામાં એક વિચિત્ર પ્રકારની ક્લબ ચાલુ કરી છે. એ ક્લબનું નામ છે "સીટીંગ, સ્ટાર્ટીંગ એન્ડ રોકીંગ ક્લબ" (બેસવું, શરૂ કરવું અને ઝુલવું). એ ક્લબના ૨૦૦૦ જેટલા સભાસદો છે જેમાં બે સિનેમા "સ્ટાર," એક છાપાંનો તંત્રી, ટેલિવિઝન અને રમત ગમતના મેદાનોના આગેવાનો છે અને બીજા સામાન્ય વર્ગના માણસો છે. એ ક્લબની કદી કોઇ સભાઓ મળતી નથી કે એમાં કોઇ જાતની ચર્ચાઓ થતી નથી. ક્લબના સભાસદોને ફક્ત એક જ કામ કરવાનું હોય છે. દિવસમાં દરરોજ થોડી મિનિટ સુધી એક ઝુલા ખુરસીમાં બેસીને આપમેળે હીંચકા ખાવા એ સિવાય તેમને માથે બીજી કોઇ જવાબદારી પણ હોતી નથી.

એકવાર સેઇક્સ પોતે પરગામ ફરવા ગયેલો ત્યાં એને એક જુની ઝૂલા-ખુરસી મળી ગઇ. એમાં બેસીને ઝૂલા ખાવાથી એના જ્ઞાનતંતુઓને આરામ મળ્યો, મગજ શાંત થયું અને દિલમાં ઉલ્હાસ આવ્યો. તેજ ક્ષણે તેણે મનથી નિશ્ચય કર્યો કે ઝૂલા-ખુરસીનો એ ઉપયોગ એક ક્લબ કાઢીને તેના સભાસદોમાં પચલિત કરવો. એ વાતની જાહેરમાં જાણ થતાં સેઇક્સના ઉપર સભાસદ થવાને આતુર એવા અગણિત માણસોની અરજીઓ આવવા લાગી.

આખરે સેઇક્સે નવી અરજીઓ લેવી જ બંધ કરી. એણે કહ્યું, "નવા સભાસદોના કાર્ડ તૈયાર કરવામાં મારે એટલો બધો વખત ગાળવો પડે છે કે મને પોતાને જ ઝૂલવાની નવરાસ રહેતી નથી."

*


દરદીને જોયા વિના ઉપચાર કરનારો તબીબ

પારીસની નજીક આવેલા ચેલે નામના એક ગામડામાં આલ્બર્ટ એંડ્રી નાસ્ટ નામનો એક આંધળો તબીબ છે. ડાક્ટરની ડીગ્રી મેળવ્યા પછી તેણે દસ વરસ સુધી પોતાનો ધધો ચલાવ્યો તે પછી એની આંખો જવાથી એણે ધંધો છોડી દીધો, પણ તે છતાં તેનો એક જુનો દરદી તેની પાસે આવ્યો ત્યારે ડાક્ટર નાસ્ટ આંખો વિના પણ પોતે તેના દરદની ચિકિત્સા કરી શક્યો. એ ઉપરથી તેણે ધંધો ચાલુ રાખવાનું નક્કી કર્યું. છેલ્લા ૨૪ વરસથી એ આંધળો તબીબ પોતાનું કામકાજ હજુ પણ કરતો રહ્યો છે અને ચેલેના લોકોની એનામાં અતિશય શ્રદ્ધા જામી ગઇ છે.

પોતાની સહાય માટે ચાર સ્ત્રીઓની ડૉ૰ નાસ્ટ મદદ લે છે. એક એની પત્ની, એક એની સેક્રેટરી, નામે સુઝાન લુડીન, એક સુયાણી અને એક નર્સ. એ નર્સ છેલ્લા ૨૫ વરસથી ડાક્ટરની સાથે કામ કરે છે. એ દરદીને "જોવા" જાય ત્યારે તેની પત્ની અને તેની સેક્રેટરી હમેશાં તેની સાથે જાય છે; એનો હાથ પકડીને એ બન્ને દરદીને તપાસવામાં તેને મદદ કરે છે. તેને જોઇતાં હથીઆરો આપે છે અને દરદીના ચહેરા કે શરીર પરથી રોગનાં જે લક્ષણો જણાય તે તેને કહી સંભળાવે છે. નર્સ અને સુયાણી પણ એટલી કાબેલ બની ગઇ છે કે એમની મદદ વડે ફક્ત એક શસ્ત્રક્રિયા સિવાયના બીજા બધા જ ઉપચારો એ અંધ તબીબ સહેલાઇથી કરી શકે છે. આ તબીબ બધાં દરદોની દવા કરનારો હોવા છતાં તેનો ખાસ વિષય પ્રસૂતિનો છે અને એ જે પ્રસૂતિગૃહ ચલાવે છે તેમાં અત્યાર સુધીમાં ૪૦૦૦ બાળકોનો જન્મ થઇ ચૂક્યો છે।

મહત્તાનું બંધન તોડનાર

સમ્રાટ આઠમો એડવર્ડ



[અપર માતાને પિતાએ આપેલા વચનને ખાતર શ્રી. રામચંદ્રજી ૧૪ વરસના વનવાસે ગયેલા. દુન્યવી સત્તા અને સમૃદ્ધિના ત્યાગનું એ એક અનુપમ દૃષ્ટાંત મનાય છે. શ્રી રામચંદ્રજી તો ઇશ્વરાવતાર ગણાય છે અને એમની સાથે કોઇ સામાન્ય માનવીની સરખામણી કરીએ તો ધર્મશીલ હિન્દુઓનું મન દુભાવનારી વાત બની જાય. આ કથાના નાયક બાદશાહની શ્રી રામચંદ્ર જોડે સરખામણી કરવાનો કોઇ આશય પણ નથી. પણ એનો ત્યાગ રામચંદ્રજીના ત્યાગ કરતાં ઘણો મોટો છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. જે હેતુથી રામચંદ્રજીએ મહાત્યાગ કરેલો તેના મુકાબલે આ ત્યાગનો હેતુ કદાચ નિર્માલ્ય લાગે પણ તેથી ત્યાગનું પ્રમાણ ઓછું નથી થતું. રામચંદ્રજી તો માત્ર એક અયોધ્યા નગરીના જ રાજા હતા, લંકા તો એમણે પછીથી જીત્યું. પણ શાહનશાહ આઠમો એડવર્ડ જગતના ઇતિહાસમાં આજ સુધી કોઈએ ભોગવ્યું નહીં હોય એવા એક વિશાલ સામ્રાજ્યનો ચક્રવર્તી સમ્રાટ હતો. રામચંદ્રજીનો ત્યાગ ફક્ત ૧૪ વરસ માટે જ હતો-આનો ત્યાગ જીવનભરનો છે. ઇતિહાસમાં જેમ બીજા રામચંદ્રજી થયા નથી તેમ બીજો એડવર્ડ આલ્બર્ટ પણ આજ સુધીના ઇતિહાસમાં થયો નથી.]

'નવજીવન'ના ફેબ્રુઆરીના અંકમાં બ્રિટિશ સામ્રાજ્યના એક વેળાના ચક્રવર્તી સમ્રાટ આઠમા એડવર્ડને વિશે એક અંગત સંસ્મરણ આલેખ્યું હતું. એ લેખમાં એ બાદશાહના પ્રણયના કિસ્સા વિશે અને તેને પરિણામે તેણે આપેલા અમર્યાદ સત્તા, અનગળ દ્રવ્ય અને અનેક સુખસગવડોના સ્વૈચ્છિક બલિદાન વિશે લખવાનો વાયદો આપ્યો હતો.

કેવલ એક સ્ત્રીના પ્રેમને ખાતર આવડો મોટો ભોગ આપનાર માનવીને દુનિયાના શાણાઓ બેવકૂફ માને. વ્યવહારકુશલ માણસો એમ પણ કહે કે એવો કોઇ પણ ભોગ આપ્યા વિના પણ એ પોતાની પસંદગીની સ્ત્રી સાથે લગ્ન કરી શકે તેમ હતો. એમ કરવાથી એને તખ્ત છોડવું પણ ન પડત. એવું કહેનારાઓ પણ નીકળશે કે કોઇ રાજકુમારી જોડે લગ્ન કરી લઇને પોતાની પ્રેયસીને વગર પરણેલી ઉપપત્ની તરીકે રાખીને આઠમો એડવર્ડ સુખેથી જીંદગી ગુજારી શકત. રાજા-મહારાજાઓ તો એવું કરતા જ આવ્યા છે.

આવો કોઈ વચલો રસ્તો કાઢવાની એને સલાહ પણ આપવામાં આવેલી. બ્રિટિશ સામ્રાજ્યનો વહીવટ ચલાવનાર પ્રધાનમંડળના વયોવૃદ્ધ, અનુભવી, કસાયલા અને કુશલ મુત્સદ્દીઓએ સુદ્ધાં એવો કોઈ વચલો રસ્તો તેને માટે કરી આપવાની તૈયારી પણ બતાવી હતી. પણ એવો કોઈ માર્ગ જો એ બાદશાહે સ્વીકાર્યો હોત તો એને માટે દુનિયાના કોઈ સર્જનને માન ઉપજત નહીં. એનો પ્યાર ભલે પાર્થિવ હશે છતાં એનો આત્મા મહાન છે. એને એટલું જ્ઞાન હતું કે એક સામ્રાજ્યના શહેનશાહ તરીકે પોતે જે કોઈ કાર્ય કરે તે પોતાની પ્રજાને માટે દૃષ્ટાંત રૂપ બને અને પ્રજાને માટે કોઈ બુરું દૃષ્ટાંત બેસાડવામાં એ પોતાની મહત્તાનો વિનાશ માનતો હતો. મહારાજા સયાજીરાવ ગાયકવાડ પોતાના રાજ્યમાં બહુ પત્નીવ્રતના રિવાજનો નિષેધ ફરમાવે અને તેનો જ પુત્ર છડેચોક એ નિષેધનો ભંગ કરે છતાં તે ભંગની શિક્ષામાંથી છટકી જાય એવું ભારતમાં બને. ઇંગ્લંડના બાદશાહથી એ ન બને. માનવીનું સ્થાન જેમ સમાજમાં મોટું તેમ તેની જવાબદારી પણ મોટી હોય છે પણ એ જવાબદારી સમજનારા મોટા માણસો વિરલ હોય છે. આઠમો એડવર્ડ એવો એક વિરલ માનવી છે.

વાલિસ વૉરફિલ્ડ સિમ્પ્સન નામની સ્ત્રી સાથે શાહઝાદા એડવર્ડ આલ્બર્ટને પહેલો પરિચય ૧૯૩૧ ના શિયાળામાં થયેલો. એ વખતે શાહઝાદાની ઉમર ૩૭ વરસની હતી. પહેલા જ પરિચયે એનાં હૃદયમાં એ સ્ત્રીનું આકર્ષણ થયું. એ વખતે એ સ્ત્રી બીજા પુરુષની પરણેલી પત્ની હતી.

એ આકર્ષણ ઉત્તરોત્તર વધતુ ગયું. મુલાકાતના પ્રસંગો વધતા ગયા—કોઈવાર ખાસ ઉભા કરવામાં પણ આવતા અને આખરે એનાં દિલમાં એ સ્ત્રીનું સ્થાન નિશ્ચિત થઈ ગયું. એની સાથે લગ્ન કરવાનો એણે મનથી નિશ્ચય કરી લીધો.

એ લગ્ન કરવા માટે સહુથી પહેલાં તો તેને તેના પિતા—શહાનશાહ ૫ મા જ્યોર્જની પરવાનગી મેળવવી જોઈએ. તે પછી બ્રિટિશ પાર્લામેંટની પણ પરવાનગી મેળવવી જોઈએ. આ બેમાંથી એકેની પરવાનગી પોતાને મળવાની નથી એ વિશે તેના મનમાં ખાતરી હતી. કદાચ બીજી બાબતોમાં છુટછાટ મેલવામાં આવે (જો કે એ પણ અશક્ય હતું) તો પણ ત્રાીસ સિમ્પ્સન પરણી ચુકેલી સ્ત્રી હતી અને પાટવી કુમારની પત્ની બનવા માટે તેને લગ્નવિચ્છેદ (છુટાછેડા) કરવો પડે તેમ હતો. લગ્નવિચ્છેદ કરીને આવેલી કોઈ પણ સ્ત્રી સાથે બ્રિટિશ રાજવંશના કોઈ કુમારનું લગ્ન કરવાની પરવાનગી બાદશાહ આપે એ કલ્પના જ થઈ શકે તેવી નહોતી.

આમ છતાં, રાજકુમારે એકવાર પોતાના પિતા સાથે એ વિષયની ચર્ચા કરવાનો વિચાર તો કરેલો. પણ એ કામ સહેલું નહોતું. જે બાબતમાં પોતાનું ધાર્યું થનાર નથી જ એ બાબતની ચર્ચા કરવાથી આખરે સાફ નકાર જ મળવાનો હોય તો એવી ચર્ચા કરવાનું કોઈ જ સમજદાર માણસને ગમતુ નથી. રાજકુમારે એ ચર્ચા કરવાનું મુલતવી જ રાખ્યું અને એ માટે એને કદી મોકો મળ્યો જ નહીં. બાદશાહના પોતાના મનમાં પણ એ અવિવાહિત વારસને માટે ચિંતા રહ્યા કરતી. વંશવેલો ચાલુ રાખવાને ખાતર રાજકુમારે હવે વેળાસર લગ્ન કરી લેવું એવી આડકતરી સૂચનાઓ બાદશાહે અને મહારાણીએ પણ વખતો વખત કરેલી, પણ "ગોઠવણી"નું લગ્ન કરવા માટે રાજકુમાર તૈયાર જ નહોતો. આવી ને આવી અસ્થિર સ્થિતિમાં દિવસો અને વરસો પણ પસાર થઈ ગયાં અને એક દહાડો એકાએક એડવર્ડ આલ્બર્ટને માલૂમ પડયું કે પિતાના અવસાનને પરિણામે પોતે બ્રિટિશ સામ્રાજ્યનો પાટવીકુમાર મટીને બાદશાહ બન્યો છે.

-જે લગ્નને માટે પાટવીકુમારને બ્રિટિશ પાર્લામેંટની સંમતિ મળવાની આશા નહીં જેવી જ હતી એ લગ્નની પરવાનગી બાદશાહને મળે એવો તો મુદ્દલ સંભવ નહોતો. આઠમા એડવર્ડને માથે એક તરફથી રાજ્યવહીવટનો બોજો આવી પડયો અને બીજી તરફથી મનનો ઉદ્વેગ તો ચાલુ જ હતો. એની માનસિક વિટંબણાઓ અને ચિંતાઓ કેટલી તીવ્ર હશે એનો બીજાં કોઇને ખ્યાલ આવી શકે નહીં.

કેટલીક વાતો લોકો જાણતા હોય છે પણ જાહેરમાં બોલી શકતા નથી હોતા. વાલીસ સિમ્સન સાથેની બાદશાહની ગાઢ બનતી જતી મિત્રતાની વાતો બ્રિટિશ પ્રજાજનોમાં ફેલાવા લાગી હતી પણ એની જાહેર ચર્ચા કરવાની કોઇની હીમ્મત ચાલતી નહોતી. એ ચર્ચા અમેરિકન છાપાંઓએ ઉપાડી. વાલીસ સિમ્સને પોતાના પતિથી છુટા છેડા મેળવવા માટે અદાલતમાં દાવો દાખલ કર્યો. એ દાવાની વિગતો અમેરિકન છાપાંઓમાં છપાવા લાગી. અમેરિકાના છાપાંવાળાઓને બ્રિટિશ સમ્રાટને વિશે લખવામાં કશો સંકોચ રાખવાની જરૂર નહોતી. એ દાવાની વિગતો સાથે શહેનશાહ આઠમા એડવર્ડનું નામ પણ તેમણે છાપાંઓમાં સંડોવવા માંડયું. અને એ અમેરિકન છાપાંઓ બ્રિટનમાં પણ પહોંચતા.

બ્રિટિશ પ્રજામાં ખળભળાટ શરૂ થયો– બ્રિટનની પાર્લામેંટમાં સવાલ જવાબ થવા લાગ્યા; પ્રધાનમંડળમાં ચિંતા વ્યાપી ગઇ; ધર્મગુરુઓ ચોંકી ઉઠયા.

અને આખરે એક દહાડે બ્રિટનના તે વેળાના વડા પ્રધાન મિ. બાલ્ડવિને બાદશાહની મુલાકાત માગી અને એ મુલાકાતમાં આડી અવળી વાતો કર્યા પછી વાલીસ સિમ્સનના છુટાં છેડા માટેના ખટલાની વાતોની ચર્ચા થઇ.

આખરે એ ખટલાનો ચુકાદો આવી ગયો. ૧૯૩૬ના ઓકટોબર મહિનામાં વાલીસ સીમ્સનને છુટા છેડા માટેની પરવાનગી મળી ગઇ પણ તે પછી ૭ મહિના પહેલાં એ લગ્ન કરી શકે તેમ નહોતી. વહેલામાં વહેલી એ ૧૯૩૭ ના એપ્રિલમાં પરણી શકે. બાદશાહની તાજપોષીની ક્રિયા માટે ૧૯૩૭ ના મે ની ૧૨ મી તારીખ નક્કી કરવામાં આવી હતી. તાજપોષી થતાં અગાઉ તેને પોતાનો છેવટનો નિર્ણય લેવા માટે પુરતો સમય હતો. બાદશાહે રાજકાજ ઉપર ગંભીર લક્ષ આપવા માંડયું.

નવેંબરની ૩ જી તારીખે બાદશાહે પહેલી જ વાર બ્રિટિશ પાર્લામેંટની બેઠક ખુલી મુકવાની દબદબાભરી ક્રિયા કરી. બ્રિટનના બાદશાહનાં જીવનમાં મોટામાં મોટો પ્રસંગ તાજપોષીનો અને તેનાથી બીજે દરજ્જે આવે એવો મોટો પ્રસંગ પાર્લામેંટની બેઠક ખુલી મુકવાનો હોય છે. એ પ્રસંગે બાદશાહ પૂરા શાહી ઠાઠમાઠ અને ભભકાથી એ ક્રિયા કરે છે. એ પોતાનો રાજમુકુટ તાજપોષી વખતે પહેરે છે તે સિવાય માત્ર પાર્લામેંટની બેઠક ખુલી મુકવાની ક્રિયા વખતે જ પહેરે છે.

બાદશાહે પોતાની આત્મકથામાં લખ્યું છે કે એ પ્રસંગ એને માટે એક કપરી કસોટી જેવો નીવડયો હતો. ઉમરાવ સભાનું એ વખતનું દૃશ્ય બ્રિટિશ સામ્રાજ્યની અતુલ સત્તાને શોભે તેવું હતું. રાજ્યના મહામંત્રીઓ, ઉમરાવો, ધર્મગુરુઓના દબદબાભર્યા પોષાકો એ સભાની ભવ્યતામાં ઉમેરો કરતા હતા. આવા ઠાઠમાઠ તરફ શહેનશાહને હમેશાં અણગમો હતો. માથા પર અઢી રતલના વજનના સોનાના હીરાજડીત મુકુટનો બોજો ઉપાડીને કોઇએ લખી આપેલું ભાષણ વાંચવું એ એને મનથી એક નાટકી તમાશા જેવી ક્રિયા લાગી હતી. એ લખે છે કે "ખાસ પ્રસંગે જ પહેરવામાં આવતા અને બાકીનો વખત સંભાળીને સાચવી રાખવામાં આવતા એ ઉમરાવોનાં વસ્ત્રોમાંથી જંતુનાશક ગોળીઓ (જેને આપણે ડામરની ગોળીઓ કહીએ છીએ)ની વિચિત્ર વાસથી હું ગુંગળાતા

માડ્યો હતો. એ વાસ ઉબકો આણે એવી લાગતી હતી અને તખ્ત ઉપર બેઠા બેઠા મારી છાતીમા જાણે ધમણ ચાલી રહી હોય એવું લાગતુ હતુ."

આ તો એક આડકથા થઇ અને તે આડમા એડવર્ડની પ્રકૃતિનો પરિચય આપવા પુરતી જ લખી છે.

આખરે એ દિવસ આવી પહોંચ્યો કે જ્યારે વડા પ્રધાન બાલ્ડવિનને બાદશાહે સાફ શબ્દોમાં સંભળાવી દીધુ કે "વાલીસ સિમ્સનને ફરી લગ્ન કરવાની કાયદો પરવાનગી આપે કે તરતજ હું તેની સાથે લગ્ન કરવા માગું છુ. તખ્ત ઉપરનો મારો અધિકાર કાયમ રાખીને એ લગ્ન કરી શકું તો વધારે સારી વાત. એમ થશે તો હુ હાલ છુ તે કરતાં પણ વધારે સારો રાજા નીવડીશ અને વધારે સુખી થઇશ. પણ જો સરકારને આ લગ્ન સામે વાંધો હોય તો હુ ગાદીનો ત્યાગ કરવાને પણ તૈયાર છુ."

વડા પ્રધાનને આ વાત કહેવી એ સહેલું કામ નહોતુ, પણ એથી વધારે મુશ્કેલી તો એ વાત પોતાની માતાને કહેવામા હતી. છતાં આખરે બાદશાહે એ હીમ્મત પણ કરી. બાદશાહી ખાનદાનમા કુટુબના સભ્યો એક બીજાને રોજે રોજ કે ગમે ત્યારે મળી શકતા નથી. એવી મુલાકાતો માટે અગાઉથી ખાસ કાર્યક્રમો ગોઠવવા પડે છે. એક વાર બાદશાહ પોતાની માતા અને બ્હેનની સાથે રાતનું ભોજન લેવા ગયા તે વખતે તેમણે પોતાના મનની મુરાદ જાહેર કરી. સાથે સાથે તેમણે માતાને વિનંતિ કરી કે 'એકવાર વાલિસ સિમ્સનને તમને મળવા માટે લઇ આવવાની મને રજા આપો. તમ એને જોશો–મળશો તો મારા એના તરફના પ્યારની કદર કરી શકશો."

અલબત્ત, એ પરવાનગી બાદશાહને મળી નહીં! બ્રિટનની મહારાણી અને રાજકુમારી બ્રિટનના બાદશાહની ભાવિ પત્નીને પોતાની સમક્ષ હાજર થવા દેવા તૈયાર નહોતા. એમના મોભાને એ છાજતુ નહોતું!

બ્રિટિશ પ્રધાનમંડળમાં હવે બાદશાહનાં લગ્નની વાતો ગંભીરપણે ચર્ચાવા લાગી. રાજ્યના એક મંત્રીએ બાદશાહને એવી પણ સલાહ આપી કે લગ્ન છ એક માસ સુધી તો થઇ શકે તેમ હતું જ નહીં માટે હમણાં એ વિશે વિચાર ન કરવો. એક વાર તાજપોષી થઇ જવા દેવી અને તાજપોષી થઇ ગયા પછી પ્રજાજનો પોતાના નવા રાજાથી સારી પેઠે પરિચિત થઇ જાય ત્યાર બાદ વાતાવરણ થંડુ પડી ગયા પછી રાજાએ પોતે પોતાને ગમે તે સ્ત્રી સાથે લગ્ન કરવાના હકનો સવાલ ઉઠાવવો.

પણ રાજાને એ વાત મંજૂર નહોતી. બ્રિટિશ બાદશાહની તાજપોષીની ક્રિયા એ એક ધાર્મિક સંસ્કાર છે. એ પ્રસંગે કેટલાક ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. બ્રિટનનો બાદશાહ "ધર્મનો સંરક્ષક" કહેવાય છે અને તાજપોષી વખતે એને ઇંગ્લેંડમાં ચાલતા ધર્મના ફરમાનોને વળગી રહેવાના સોગન લેવા પડે છે. એ ધર્મના ફરમાનોમાં લગ્ન-વિચ્છેદ (છુટાછેડા)ની મનાઇ કરવામાં આવેલી છે. એટલે એ સોગન લીધા પછી છુટાછેડા લીધેલી સ્ત્રી સાથે પરણવું એમાં ધર્મનો દ્રોહ હતો–રાજાની ફરજનો દ્રોહ હતો. બાદશાહે નિર્ણય કર્યો કે જે થવાનું હોય તે ભલે થાય પણ લગ્ન તો તાજપોષી પહેલાંજ થઇ જવુ જોઇએ.

એક રાજપુરુષે વળી વચલો રસ્તો શોધી કાઢ્યો. બ્રિટનના રાજકુટુંબમાં "મોર્ગેનેટિક" નામે ઓળખાતું લગ્ન કરવાની છુટ આપવામાં આવે છે. પોતાના કરતાં ઉતરતા દરજ્જાની સ્ત્રી સાથે શાહી ખાનદાનનો કોઇ પણ પુરૂષ એવું લગ્ન કરે તો એ લગ્ન કાયદેસરનુ ગણાય, પણ તેથી એની પત્નીને પતિના દરજ્જાનો હક મળતો નથી અને એવાં લગ્નથી થનાર

સંતાનો આમ કાયદેસરનાં સંતાનો ગણાય પણ તેમને પિતાના મોભા કે દરજ્જાનો વારસો મળે નહીં. આવું લગ્ન કરવાની બાદશાહને સલાહ આપવામાં આવેલી. આમાં એડવર્ડના પાંચમી પેઢીના એક પૂર્વજે એવું લગ્ન કરેલું પણ ખરું. બાદશાહને આ સલાહ ગમી નહીં છતાં એ વિશે એણે વડા પ્રધાનનો અભિપ્રાય પૂછ્યો. વડા પ્રધાને એ વાત પ્રધાનમંડળ પાસે મૂકી. પ્રધાનમંડળે નિર્ણય કર્યો કે રાજાની પત્ની કાં તો રાણી બની શકે અથવા તો રાજા તખ્તનો ત્યાગ કરે. ત્રીજો કોઈ માર્ગ જ નથી.

પ્રધાન મંડળ સાથે વડા પ્રધાન મારફતે બાદશાહની વાટાઘાટ ઘણો વખત ચાલુ રહી. ઇંગ્લૅંડનો રાજા તખ્તનો ત્યાગ કરીને ચાલ્યો જાય એ ફક્ત એક વ્યક્તિગત બીના નહોતી. એનાં એ કૃત્યથી સામ્રાજ્યમાં ખળભળાટ વ્યાપી રહે એ ભય હતો. છતાં વડા પ્રધાન બાલ્ડવિનના મનમાં એક વાત નક્કી હતી. લગ્ન વિશે જો બાદશાહ પોતાનો વિચાર બદલે નહીં તો એણે રાજ્યત્યાગ કરવો જ જોઈએ. એવી બાલ્ડવિને બધી જ મંત્રણા ગોઠવી રાખી હતી.

આ બધો વખત બાદશાહની વાલીસ સિમ્સન સાથેની મુલાકાતો ચાલુ હતી. વાલીસ સિમ્સન બાદશાહના મહેલમાં જ મહેમાન તરીકે રહેતી હતી. આખરે જ્યારે છેવટનો નિર્ણય લેવાનો સમય આવ્યો ત્યારે બાદશાહે વાલીસ સિમ્સનને ફ્રાન્સ તરફ રવાના કરી દીધી.

દરમીઆન આ પ્રશ્નની ગંભીરતા દહાડે દહાડે વધતી જતી હતી. બાદશાહના મિત્રો અને મંત્રીઓ તેને જાત જાતની સલાહ આપવા લાગ્યા હતા. બ્રિટનના આજના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચીલ પણ એ સલાહકારોમાંના એક હતા.

પણ બ્રિટિશ સામ્રાજ્યના ધુરંધરોને કોઈ વચલો માર્ગ આખરે ન સુઝ્યો તે ન જ સુઝ્યો. બાદશાહનો નિશ્ચય અડગ હતો અને પ્રધાનમંડળનો નિર્ણય પણ અડગ બન્યો. બાદશાહ ભલે વાલીસ સિમ્સન સાથે લગ્ન કરે, પણ તે પહેલાં તેણે પોતાના બાદશાહ તરીકેના રાજીનામા ઉપર સહી કરવી જોઈશે!

અને આખરે સને ૧૯૩૬ ના ડીસેંબરની દસમી તારીખે સવારે બાદશાહે રાજીનામા ઉપર પોતાની સહી મુકી. એ પ્રસંગની ગંભીરતાનો જવલ્લે જ કોઈને ખ્યાલ આવી શકે. શાહી મહેલમાં સવારના નાસ્તાને વખતે રાજીનામાને લગતા દસ્તાવેજો બાદશાહના મેજ પર મૂકવામાં આવ્યા હતા. સવારે દસ વાગે બાદશાહના ત્રણે નાના ભાઈઓ મહેલમાં હાજર થઈ ગયા. એમની હાજરીમાં બાદશાહે એ કાગળો પર સહી કરી. એ પછી ત્રણે ભાઈઓએ વારા ફરતી એના ઉપર પોતપોતાની શાખ કરી. બાદશાહ ઓરડામાંથી બહાર નીકળીને બહારની તાજી હવા લેવા ગેલેરીમાં ચાલ્યા ગયા.

બપોરે એ દસ્તાવેજો હાથમાં લઈને વડા પ્રધાન બાલ્ડવિન પાર્લામેંટની ઓફિસમાં હાજર થયો.

વાત પતી ગઈ!

બાદશાહે વડા પ્રધાન પાસે એવી ઇચ્છા વ્યક્ત કરી કે બીજે દહાડે રાતના સ્વદેશ છોડીને ચાલ્યા જાય તે પહેલાં રેડીઓ ઉપરથી પોતે એક ભાષણ કરવા માગતા હતા. આ દરખાસ્ત પ્રધાનમંડળ પાસે મુકવામાં આવી ત્યારે કેટલાકને એ રુચી નહોતી. ખુદ રાણી-માતાએ પણ બાદશાહને એવું ભાષણ ન કરવાને સમજાવેલા, પણ બાદશાહનો નિશ્ચય મક્કમ હતો. એમને કોઈ દેશનિકાલ થયેલા માનવીની પેઠે ચુપચાપ ઇંગ્લેંડમાંથી ચાલ્યા જવાની મરજી નહોતી.

પોતે લખેલા એ ભાષણની નકલ પહેલી બાદશાહે વિન્સ્ટન ચર્ચીલને બતાવી. વિન્સ્ટન ચર્ચીલ તે વખતે બાદશાહ સાથે છેલ્લું ખાણું લેવા ખાસ નિમંત્રણથી આવ્યા હતા. એ ખાણાં વખતે આઠમો એડવર્ડ ચિંતિ

સામ્રાજ્યનો રાજા મટી ગયો હતો અને એ વાતથી ચર્ચીલ જેવા જમાનાના ખાધેલ મુત્સદ્દીની આંખોમાં પણ આંસુ આવેલાં! ભાષણની એ નકલ પ્રધાનમંડળની મંજૂરી માટે મોકલવામાં આવેલી. સમ્રાટનું એ યાદગાર ભાષણ આ પ્રમાણે હતું:—

"ઘણા લાંબા સમય પછી આખરે મારા પોતાના તરફથી થોડા શબ્દો બોલવાની મને આજે તક મળે છે.

"કોઈ વાત છુપી રાખવાની મારી મરજી હતી જ નહીં, પરંતુ સામ્રાજ્યના બંધારણ અનુસાર આજ પહેલાં મારાથી આ વાતો બોલી શકાય તેવું નહોતું.

"થોડા કલાક પહેલાં રાજા અને શહેનશાહ તરીકેની મારી છેલ્લી ફરજ મેં બજાવી લીધી છે અને હવે મારા ભાઈ, ડયુક ઑફ યૉર્ક, મારા સ્થાન ઉપર આવે છે તેથી તેમના પ્રત્યેની મારી વફાદારી જાહેર કરવી એ મારી પહેલી ફરજ બને છે. હુ ખરા જીગરથી મારી એ વફાદારી જાહેર કરું છું.

"તખ્તનો ત્યાગ મારે શાં કારણોથી કરવો પડયો એ તો તમે બધા જાણો છો, પરંતુ હું તમને એક વાત કહેવા માગું છું કે એ પગલું લેવાનો નિર્ણય કરવામાં જે દેશ અને જે સામ્રાજ્યની પહેલાં પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે અને તાજેતરમાં રાજા તરીકે મેં ૨૫ વરસ સુધી સેવા કરી છે તે દેશ અને તે સામ્રાજયનું મને વિસ્મરણ થયું નથી.

"છતાં મારી આ વાત તમે સાચી માનજો કે જે સ્ત્રી પ્રત્યે મને પ્રેમ છે તેની મદદ અને તેના સહારા વગર રાજા તરીકેની મારી ભારે જવાબદારીઓ ઉઠાવવાનું અને ફરજો અદા કરવાનું કામ જે રીતે થવું જોઈએ એ રીતે થવું અશક્ય છે એમ મને માલમ પડયું છે. અને તમે એટલુ પણ જાણી લેજો કે મેં જે નિર્ણય કર્યો છે તે મારો પોતાનો—મારા એકલાનો જ કરેલો નિર્ણય છે. આ વાત એવી હતી કે એની તુલના મારે મારી મેળે જ કરી લેવી જોઈએ. જે બીજી વ્યક્તિને આ વાત સાથે સંબંધ છે તેણે છેલ્લી ઘડી સુધી કોઈ જુદો જ માર્ગ લેવા માટે મને સમજાવ્યા કર્યો છે. પણ મેં તો મારી જીંદગીનો આ ગંભીરમાં ગંભીર નિર્ણય કરી નાખ્યો છે અને એ કરવામાં એક જ વાતનો વિચાર કર્યો છે કે એ નિર્ણય આખરે બધાને માટે ઉત્તમ છે.

"એ નિર્ણય મારે માટે થવો જોઈએ તે કરતાં ઓછો મુશ્કેલ થયો છે તેનું એક કારણ એ છે કે સામ્રાજ્યના ચાલુ જીવન અને પ્રગતિમાં જરા જેટલી પણ અડચણ ન આવે એ રીતે મારો નાનો ભાઈ મારું સ્થાન તરત જ સંભાળી લેનાર છે એ વિશે મને ખાતરી છે. એને આપણા દેશના જાહેર વહીવટની સરસ તાલીમ મળેલી છે અને એનામાં ઉમદા સદ્ગુણો છે. ઉપરાંત તમારામાંના અનેકની પેઠે ઈશ્વરે એને એક અદ્વિતીય સુખ આપેલું છે જે સુખથી હુ આજ સુધી વંચિત રહી ગયો છું— એ ભાઈ પત્ની અને બાળબચ્ચાંવાળા એક સુખી ગૃહસ્થ છે.

"રાજ્યના પ્રધાનો અને ખાસ કરીને મિ૦ બાલ્ડવિને મારા તરફ પુરતી લાગણી દર્શાવ્યા કરી છે, મારી અને તેમની વચ્ચે તેમ જ મારી અને પાર્લામેંટની વચ્ચે રાજ્યનાં બંધારણ અને પ્રણાલિકાને લગતા કોઈ પણ મુદ્દા ઉપર કદી કશો મતભેદ થયો નથી. મારા પિતાએ રાજ્યનાં બંધારણને માન આપવાની જે તાલીમ મને આપી છે તેના પ્રતાપે એવો કોઈ મતભેદ હુ કદી ઉભો ન જ થવા દઉં.

"હું પ્રિન્સ ઑફ વેલ્સ બન્યો ત્યારથી અને પછી જ્યારે તખ્ત ઉપર બેઠો ત્યાર પછી પણ હું જ્યાં જ્યાં વસ્યો છું ને જ્યાં જ્યાં મેં મુસાફરીઓ કરી છે ત્યાં તમામ વર્ગના માણસોએ મારા તરફ અત્યંત માયા અને મમતા બતાવી છે. એ માટે હુ તેમનો આભાર માનું છું.

"હવે હું જાહેર જીવનમાંથી સર્વથા મુક્ત થઉં છું અને મારા ઉપરનો બોજો નીચે મૂકી દઉં છું. મારી માતૃભૂમિમાં કદાચ લાંબા વખત સુધી હું પાછો નહીં આવું, પણ બ્રિટિશ પ્રજા અને બ્રિટિશ સામ્રાજ્યના ભાવિમાં હું હમેશાં ઊંડો રસ લેતો રહીશ અને ભવિષ્યમાં એક પ્રજાજન તરીકે મારી અંગત સેવાઓની નામદાર શહેનશાહને કોઈ વાર જરૂર પડશે તો તે વખતે એવી સેવા કરવાનું હું ચૂકીશ નહીં.

"અને હવે આપણને બધાને એક નવો રાજા સાંપડે છે.

"હું એ રાજાને ને તમને સહુને—તેની પ્રજાને ખરા જીગરથી સુખ અને આબાદી ઇચ્છું છું.

"તમારા સહુના ઉપર ઈશ્વરના આશીર્વાદ હજો.

"ઈશ્વર રાજાની રક્ષા કરો!"

રાત્રે એ ભાષણ રેડીઓ ઉપરથી બોલી ગયા પછી બાદશાહ મધરાત સુધી પોતાના ભાઈઓની પાસે રહ્યા અને તે પછી શરાબની છેલ્લી પ્યાલીઓ પીને બાદશાહ પોતાના અંગત મંત્રી વોલ્ટર મોંક્ટનની સાથે ભાઈઓથી જુદા પડયા. બાદશાહ લખે છે કે "મહેલના દરવાજા સુધી મારા ત્રણે ભાઈઓ મને વળાવવા આવ્યા. હું અગાઉ મુસાફરીએ જતો ત્યારે પણ તેઓ એવી જ રીતે મને વળાવવા આવતા, પણ તે રાત્રે મેં મારા નાનાભાઈ બર્ટી—બાદશાહ જ્યૉર્જને એક પ્રજાજન તરીકે નમન કર્યું અને મારો નાનોભાઈ બોલી ઊઠ્યો "અરે અરે, આમ ને હોય! આવું કદી બને ખરું"!

"પણ એ બની ગયું હતું. બધી વાત પતી ગઈ હતી."

ઇંગ્લંડના ઇતિહાસમાં એક Old Pretender (મોટા ગળેપડુ)ની વાત આવે છે. એ માણસનો એવો દાવો હતો કે પોતે ઇંગ્લંડના રાજકુટુંબનો નબીરો છે અને રાજગાદીનો વારસ છે.

સમ્રાટ એડવર્ડ ૮ મા જ્યારે નિશાળમાં અભ્યાસ કરતા હતા ત્યારે એક વાર ઇતિહાસનું પુસ્તક વાંચતા હતા. એમના દાદા સમ્રાટ ૭ મા એડવર્ડે એમને પૂછ્યું, "શું વાંચો છો બેટા?" રાજકુમારે કહ્યું: "ઇતિહાસ વાંચું છું દાદાજી." "ઇતિહાસમાં કોની વાત વાંચો છો?" દાદાએ પૂછ્યું. "મોટા ગળેપડુની" જવાબ આપ્યો.

'એ મોટો ગળેપડુ કોણ હતો?" સમ્રાટે પૂછ્યું અને રાજકુમારે જવાબ આપ્યો "એ માણસ એવો દાવો કરતો હતો કે પોતે ઇંગ્લંડના બાદશાહી કુટુંબનો નબીરો છે" "એમ?" દાદાએ પૂછ્યું. 'ત્યારે એ રાજકુટુંબનો નબીરો હતો ખરો કે?" રાજકુમારે જવાબ આપ્યો "ના જી. એ રાજાનો પુત્ર નહોતો. એ તો ફક્ત એક સદ્‌ગૃહસ્થનો દીકરો હતો!"

ઘડપણ કોણે મોકલ્યું?

[બુઢ્ઢા માણસોને વેઠવી પડતી અનેક મુશ્કેલીઓ વર્ણવીને કોઇ કવિએ ઉપર લખેલી પંક્તિથી શરૂ થતું એક કાવ્ય લખેલું છે તે આજે પણ ઘણા વૃદ્ધોને આપણે ગાતા સાંભળીએ છીએ. બધા જ માણસોને ઘણી લાંબી જીંદગી ભોગવવાની ઇચ્છા હોય છે, પરંતુ કોઇને બુઢ્ઢા થવું ગમતું નથી. પણ બુઢાપો—વૃદ્ધાવસ્થા—ઘડપણ એ એક એવી અવસ્થા છે કે એમાંથી લાંબી જીંદગી ભોગવનાર કોઇ માણસ જવલ્લે જ બચી શકે છે. એક અનુભવી અને ચિંતનશીલ વૃદ્ધ પુરુષે એ વિશે દર્શાવેલા વિચારો જાણવા જેવા છે.]

કહેવાય છે કે માનવીનું આયુષ્ય ત્રણ કોડી અને દસ વરસનું પુરતું ગણાય. ૭૦ વરસની જીંદગી આજના યુગમાં ટુંકી ન ગણાય. હું અત્યારે ૭૦ વરસની એ મર્યાદા વીતાવી ચુક્યો છું અને કસરત કરવી બંધ કરીને હવે મેં દવાની ગોળીઓ લેવા માંડી છે.

"વૃધ્ધોની એકાકુ મંડળી"ના સભાસદ થવાની મારામાં હવે પૂરેપૂરી લાયકાત આવી ગઇ છે એમ મને લાગે છે.

પારણાંમાંથી શરૂ થતી જીવનની લાંબી સફર તરફ પાછળ નજર નાખતાં ઘણીવાર માણુસના મનમાં એવો વિચાર થઇ આવે છે કે જીવનનો હેતુ શો હશે! માણસના જીવનની શરૂઆત પેટના દુઃખાવા સાથે થાય છે ને તેનો અંત લકવા કે સંધિવાથી આવે છે. માણુસ દુનિયામાં આવે છે ત્યારે તેના મ્હોંમાં દાંત હોતા નથી ને વૃદ્ધ માણસો દુનિયામાંથી વિદાય થાય ત્યારે પણ દાંત વિનાના હોય છે. માણસની જીંદગીની શરૂઆત ઝૂલતા પારણામાં થાય છે ને તેનો અંત ઝૂલતી ખુરશીમાં કે હીંચકા ઉપર આવે છે. જન્મથી માણસના મ્હોંમાં દુધની બાટલી મુકવામાં આવે છે ને મરતી વખતે બીડી કે સિગરેટ હોય છે. જીવનની શરૂઆતમાં બાલક પરાધીન અને પરાશ્રયી હોય છે–આપમેળે કૈં પણ કરવાને અશક્ત હોય છે–અને વૃદ્ધાવસ્થામાં પણ ઘણે ભાગે તેની હાલત અશક્તિને કારણે એવી જ પરાધીન બની જાય છે. જીવનની સફરના છેલ્લા થોડા માઇલ માણુસને ખડખડ ગાડીમાં બેસીને પુરા કરવાના રહે છે.

વૃદ્ધ માણુસનું જીવન ભાવિની આશાઓ કરતાં ભુતકાળની યાદગીરીઓમાં વધારે પરોવાયલું રહે છે, કેમ કે એને માટે ભાવિની આશાઓ–ઉમેદો બહુ બાકી રહેતી નથી. પોતાને ક્યાં જવાનું છે તેની એ બહુ ચિંતા નથી કરતો, પણ અત્યાર સુધીમાં ક્યાં ક્યાં જઇ આવ્યો છે તેનો હમેશાં વિચાર કર્યા કરે છે. જીવનમાં સાંપડેલા સુખના પ્રસંગો ફરી ફરી યાદ કરીને એ પ્રસન્ન થાય છે. પોતે કરેલાં સારાં અને મોટાં કામો યાદ કરવામાં એને મોજ આવે છે અને ક્યારેક એનાથી વધારે સારાં ને વધારે મોટાં કામ ન થઇ શક્યાં તેનો પસ્તાવો પણ થાય છે.

ભૂતકાળમાં વીતી ગયેલી જીંદગી યાદદાસ્તમાં ફરીથી જીવનારો માણુસ પોતાને જીવનમાં સાંપડેલી સફલતાઓ અને સિદ્ધિઓ યાદ કરી કરીને ખુશ થાય છે પણ સાથોસાથ તેને જીંદગીમાં થઇ ગયેલી ભૂલો પણ યાદ આવે છે. એ ભૂલો કેવી ભયંકર હતી તેનું ખરું જ્ઞાન માથાના વાળ સફેદ થયા પછી

જે વિચારશક્તિ ખીલે છે તેનાથી જ થાય છે. ન કરવા જેવાં કેટલાંક કામ કરી બેઠાનો એ વખતે અફસોસ થવા લાગે છે. વગર મહેનતે અને વગર ખર્ચે લાભ મળી જાય છે એમ માનીને જે કેટલાંક કામ કર્યાં હોય અને તેમાં પાછળથી એવો અનુભવ થયો હોય કે મહેનત અને ખર્ચ બેઉ બરબાદ ગયા છે એ બધું યાદ આવે છે. ઘણી યે વાર આપણે જીંદગીમાં કલ્પી લીધેલી મુસ્કેલીઓ કે આફતોથી મુંઝાઈ જઈએ છીએ પણ હકીકતમાં એવી મુસ્કેલીઓ કે આફતો કદી આવતી જ નથી. જ્યારે બીજી તરફ સાચી મુસ્કેલીઓ અને આફતો તરફ આપણે બેદરકારી બતાવીએ છીએ. આવા બધા વીતી ગયેલા પ્રસંગો વૃદ્ધાવસ્થામાં માણસને યાદ આવે છે.

જે વખતે મ્હોં બંધ રાખવાની જરૂર હોય તે વખતે આપણે બોલી ઉઠીએ છીએ; કશા મહત્ત્વની ન હોય તેવી નિર્માલ્ય બાબતો વિશે આપણે આપણા મિત્રો સાથે નાહક દલીલબાજીમાં ઉતરી જઈને એમની દોસ્તી ગુમાવી બેસીએ છીએ; એવી દલીલો કરીને ફક્ત એક જ વાત શીખીએ છીએ કે આપણા મિત્ર સાથે આપણે બધી રીતે મતભેદ છે અને સરવાળે એટલું જ સાબીત કરી શકીએ છીએ કે માણસ બહુ જ સહેલાઈથી બેવકૂફ બની શકે છે. આ બધી વાતો વૃદ્ધ વયે માણસને ફરી ફરીને યાદ આવે છે.

વૃદ્ધાવસ્થા કેવળ જીંદગીનાં વરસોના સરવાળાથી નથી આવતી, પણ માણસનાં લક્ષણો વડે આવે છે. ૧૮ વરસનો ખચ્ચર ૬૫ વરસના માણસ કરતાં વધારે બુઢ્ઢો ગણાય, છતાં એ ઉમરે માણસને જેટલી અક્કલ આવવી જોઈએ તેના કરતાં ૧૮ વરસના ખચ્ચરમાં વધારે અક્કલ હોય છે. એ ખચ્ચર સમજે છે કે પેટ ભરાઈ ગયા પછી વધારે ખાવાની જરૂર નથી, જ્યારે માણસ પૂરું પેટ ભરાયા પછી પણ ખાવાની શરૂઆત કરે છે! વૃદ્ધાવસ્થાનાં ખરાં લક્ષણો કેવાં હોય તેનો જરા વિચાર કરીએ. ઘણાં વરસોથી તમે જેમને ઓળખતા હો એવા તમારા બે મિત્રોની એક બીજાની સાથે નવેસરથી ઓળખાણ કરાવવાનો પ્રસંગ આવે ત્યારે તેમાંના એકનું નામ તમે ભૂલી ગયા હો; તમારી પત્ની તમને ટપાલમાં નાખવા માટે કાગળ આપે ને ઘેર આવતી વખતે બજારમાંથી સાકર લેતા આવવાનું કહે, પણ કાગળ તમારા ખીસામાં જ રહી જાય અને સાકરને બદલે તમે વટાણા વ્હોરી લાવો; પત્નીની વરસગાંઠ અને તમારા લગ્નની તિથિ તમને યાદ ન રહે; છત્રી કે રેનકોટ ક્યાં મુક્યા છે તે સાંભરે નહીં; તમારા દીકરાના સંતાનોનાં નામ યાદ રહે નહીં; કઈ તારીખ થઈ તે જોવા માટે દિવસમાં દસ વાર કેલેંડરમાં નજર કરવી પડે; ઘર કે ઓફીસનો ટેલિફોન નંબર ભૂલી જાઓ: એ બધાં વૃદ્ધાવસ્થાનાં લક્ષણો છે.

કોઈ માણસની સાથે તમે વાત કરો ત્યારે એ જવાબમાં વારંવાર "હેં?" કરીને બોલવા લાગે તો સમજવું કે એની વૃદ્ધાવસ્થાની શરૂઆત થઈ ગઈ છે. બહેરાપણું પણ વૃદ્ધાવસ્થાનું લક્ષણ ગણાય પણ કેટલીકવાર બહેરાપણું ખામીને બદલે આશીર્વાદ રૂપ થઈ પડે છે. પાડોશીનો છોકરો આખો વખત હારમોનિયમ, ગ્રેમોફોન કે રેડીઓ વગાડ્યા કરતો હોય ત્યારે બહેરાપણાની મઝા સમજાય છે. લાંબાં લાંબાં અને અર્થ વગરનાં ભાષણો કરનારા "નેતાઓ"ના ત્રાસમાંથી પણ બહેરાપણું બચાવી લે છે.

નબળી આંખ માટે ચશ્માનો ઉપયોગ ન જ કરવો એવી કેટલાક ઘરડા થતા જતા માણસો હઠ પકડે છે. પણ જ્યારે કાગળ ઉપરનાં અક્ષરો ગોળ ગોળ ચકરડાં જેવા લાગવા માંડે, મોટર હાંકતી વખતે રસ્તે ચાલતો બેલ કુતરા જેવો દેખાય, થાળીમાં પીરસેલી ખોરાકની વાનીઓ સ્પષ્ટ ન ઓળખાય, અને બુશકોટ પહેરેલો લાંબા વાળવાળો છોકરો છોકરી છે એવી ભ્રમણા થાય ત્યારે આખરે

બુઢ્ઢો માણસ ચશ્મા વાપરવા લાગે છે. પણ ચશ્મા લીધા પછી વળી એક નવી આફત શરૂ થાય છે. તેના કાચ લુછીને સ્વચ્છ રાખવા પડે છે અને જ્યારે જોઈતા હોય ત્યારે ચશ્મા સહેલાઈથી જડતા નથી–અને આખા ઘરમાં શોધવા પડે છે.

બુઢાપાની અસર શરીરના લગભગ બધા અવયવો અને ઇન્દ્રિયો ઉપર થાય છે. પણ ફક્ત એક નાક ઉપર થતી નથી. નાક શરીરનું એક બહુ વિલક્ષણ અંગ છે. એનો ઉપયોગ શ્વાસ લેવામાં અને વાસ પારખવામાં થાય છે, પણ તે સિવાય નાકનો બીજો પણ ઉપયોગ છે. નાક સલામત રાખવા માટે આબરૂ–ઇજ્જત સલામત રાખવી પડે છે.

શરીરના એક બીજા અંગ પર પણ બુઢાપાની ખાસ અસર થતી નથી. તે અંગ મોઢું. મોઢું માણસના શરીરનું એક ભારે ચમત્કારી અંગ છે. આખા શરીરનાં બીજાં બધાં અંગો કરતા વધારે કામ એને કરવું પડે છે, તેથી એને ઘસારો પણ વધારે લાગવો જોઈએ પણ હકીકતમાં બીજાં બધાં અંગો કરતાં મોઢાની શક્તિ છેક છેલ્લે સુધી ટકી રહે છે–ઊલટી, વૃદ્ધાવસ્થામાં એની શક્તિ વધારે સતેજ થાય છે. એના ઉપયોગ પણ ઘણી જાતના છે. સિગરેટ કે ચલમ પકડવા માટે, બનાવટી દાંતનું ચોકઠું પહેરવા માટે, અને ગપ્પાં મારવા માટે વગેરે અનેક કામ માટે મોઢાનો ઉપયોગ કરી શકાય છે.

બુઢાપાનો અંત તો ફક્ત મોતથી જ આવે છે, પણ તેની શરૂઆત ક્યારથી થાય છે એ કહેવું મુશ્કેલ છે. કોઈ એમ માને છે કે ચ્હેરા ઉપર કરચલીઓ પડવા લાગે, વાળ સફેદ થવા લાગે અને દાંત એક પછી એક પડવા લાગે ત્યારથી બુઢાપો શરૂ થયો સમજવો. કેટલાક એમ માને છે કે પરિચિત માણસોનાં નામ અને ચહેરા પણ ભુલી જઈએ એટલી હદ સુધી યાદદાસ્ત નબળી પડે એ બુઢાપાની નિશાની સમજવી. કોઈ એમ કહે છે કે ટાંટીયા ઢીલા પડે અને કાન નબળા પડે ત્યારે ઘડપણ આવ્યું જાણવું. પણ એ બધી બુઢાપાની ચોક્કસ નિશાનીઓ ન ગણાય. જ્યારે નાચ–રંગ, નાટક–સિનેમા અને તમાશાઓનું આકર્ષણ આપમેળે ઘટી જાય ત્યારે બુઢાપાની શરૂઆત ચોક્કસ સમજી લેવી.

"જીવનની વસંતે યુવાન માણસનું ચિત્ત પ્યારના વિચારોમાં પરોવાય છે" એવી એક કવિની ઉક્તિ છે. પણ બુઢા માણસનું ચિત્ત તો આછા કપડાં પહેરવાના ખ્યાલમાં રમવા લાગે છે. કોઈ કોઈ વાર બુઢાપામાં લોહીનું દબાણ વધી જાય ત્યારે કોઈ માણસ એવા ખોટા ખ્યાલમાં રહી જાય છે કે દિલમાં પ્યારનો આવેશ ઉભરાયો છે!

જીંદગીનો ઘણોખરો સમય ધન કમાવામાં ગાળનારા અસંખ્ય પુરૂષો જીંદગીની મોજ અને આરામ ભોગવવાનું કામ ઘરડા થતાં સુધી મુલતવી રાખે છે અને પછી તેઓ એટલા બુઢ્ઢા બની જાય છે કે કોઈ જાતની મોજ ભોગવવાને લાયક જ નથી રહેતા! પૈસા પેદા કરવા માટે માણસ પોતાની તંદુરસ્તી અને સુખ સગવડનો જે ભોગ આપે છે તેનો બદલો કામધંધામાંથી ફારેગ થયા પછી મોટી ઉમરે કોઈને કદી મળતો જ નથી. "હમણાં વખત છે–કમાઈ શકાય તેટલું કમાઈ લઈએ" એમ કહેનારા માણસો જ્યારે કમાવાને અશક્ત થાય ત્યારે પોતે કરેલી કમાણીનો પોતાના સુખ–સગવડ માટે ઉપયોગ કરી શકતા નથી એ સ્થિતિ દયાજનક તો ખરી. ઝૂંપડા જેવા ઘરમાં રહેનારો ગરીબમાં ગરીબ માણસ શરીરની તમામ શક્તિઓ ખોઈ બેઠેલા શ્રીમંતમાં શ્રીમંત વૃદ્ધ કરતાં વધારે સુખી હોય છે - એ સાચી વાત છે. જ્યારે શરીર અટકે અને કામધંધો છોડી દેવો પડે ત્યારે પોતાની પાસે ગમે તેટલું ધન હોય તો પણ એ ધનના ઉપયોગથી પોતાને જે સુખ કે જે આનંદ જોઈએ તે મળે એમ નથી એ

સત્ય જ્યારે માણસને સમજાય ત્યારે તેને જરૂર આઘાત લાગે છે.

જવાની અને પીઢ ઉમરમાં ઘણા માણસોનાં મનમાં ઘણા ઘણા શોખ હોય છે. સફર કરવાની, રમતો રમવાની, વાંચવાની, પરોપકારનાં કામ કરવાની વગેરે ઘણી ઘણી ઉમેદો પણ મનમાં હોય છે. પણ "અત્યારે તો પૈસા કમાવાનો વખત છે" એમ માનીને એ બધી ઉમેદો પુરી કરવાનું અને બધાં શોખ માણવાનું તેઓ બહુ મોડે સુધી મુલતવી રાખે છે. અને પછી જ્યારે એ માટે તેમને નવરાશ મળે છે ત્યારે બુઢાપાને લઇને તેમની એ ઉમેદો બર આવી શકતી નથી અને એ શોખ પુરા થઇ શકતા નથી.

આમ બુઢાપામાં તકલીફ ઘણી છે તે સાથે તેના લાભ પણ ઓછા નથી. બુઢ્ઢા માણસ તરફ લોકો દિલસોઝી અને ઉદારતા બતાવે છે. એની આઠ દિવસની દાઢી વધેલી હોય, એનો ડગલો કોથળા જેવો હોય, સોફા કે ખુરસી પર બેસતી વખતે એ પગની પલાંઠી મારીને બેસતો હોય, સિગરેટની રાખ ગમે ત્યાં ફેંકે કે પાનની પીચકારી ગમે ત્યાં મારે તો કોઇ એ માટે એને રોકતું નથી. કહેલી વાત કે સોંપેલું કામ બુઢ્ઢો આદમી ભૂલી જાય તો તે માટે તેને ઠપકો મળતો નથી. જાહેર સભાઓમાં બુઢ્ઢો માણસ ખુશીથી ઉંઘી શકે છે. અને ચીન કે ભારત જેવા દેશમાં તો બુઢ્ઢા માણસો જુવાન લોકોના માન અને પૂજ્યભાવના અધિકારી ગણાય છે. ૮૦ વરસની અંદરના બુઢ્ઢાઓ ચાહે તેવું જુઠું પણ બોલી શકે છે અને ૮૦ વરસની ઉપરના બુઢ્ઢાઓ ગમે તેવા ફડાકા મારી શકે છે. અને લોકો તે હસીને નભાવી લે છે.

બુઢ્ઢા માણસોને સમાજમાં પણ બીજાઓના જેવો શિષ્ટાચાર કે શિસ્ત પાળવાની જરૂર રહેતી નથી. ખાણું ખાતી વખતે રકાબીમાંની ચીજો કપડાં પર પડે અને રૂમાલને બદલે ધોતીયાથી હાથ લુછાય તેનો બુઢ્ઢા માણસને માટે કોઇ વાંધો ગણાતું નથી. બુઢ્ઢો પુરુષ એકલું ધોતીયું પહેરીને ઉઘાડે શરીરે બજારમાં ફરતો હોય તો પણ તેમાં તેની અસભ્યતા ગણાતી નથી.


બુઢ્ઢાઓના સ્વભાવમાં પણ તરેહ તરેહની વિચિત્રતાઓ જોવા મળે છે. કેટલાક વૃદ્ધો સુખી અને આનંદી સ્વભાવના હોય છે ને કેટલાક સાધુઓના જેવું જીવન ગાળતા હોય છે. કેટલાક બુઢ્ઢાઓ હેતાળ અને ઉદાર દિલના હોય છે ને કેટલાક વળી ઘણા જ સ્વાર્થી અને કંજુસ પણ હોય છે.

એકંદરે બુઢાપા વિશે બહુ ગંભીર વૃત્તિ ન રાખીએ તો એ અવસ્થા ખાસ ખરાબ નથી. બુઢાપો એ કોઇ ચેપી દરદ નથી અને પ્લેગ કે શીતળાના દરદીને બીજા માણસોથી દૂર રાખવામાં આવે છે એવી રીતે બુઢ્ઢાઓને જવાનોથી અલગ રાખવામાં આવતા નથી એ તેમના ઉપર ઇશ્વરનો ને સમાજનો એક અહેસાન છે. જેને એક વાર શીતળા નીકળી ચુકયાં હોય તેને ફરીથી નીકળતાં નથી. એવી જ રીતે બુઢાપો પણ જીંદગીમાં એકવાર આવી ગયા પછી ફરીથી આવતો નથી. અને માંદગી જેમ બધી એક સામટી વેઠવી પડે છે તેમ બુઢાપો એક સામટો વેઠવો પડતો નથી. એની મુસ્કેલી ફક્ત રોજેરોજની અને થોડી હોય છે.

માણસની રીતભાત, વર્તન અને ચારિત્ર્ય ઉપર પણ બુઢાપાની સારી અસર થાય છે. જવાનીમાં ગુન્હાખોર હોય એવો માણસ બુઢાપામાં કાયદાને માન આપનારો અને સહુની સાથે સજ્જનતાથી વર્તતો બની જાય છે "પાકતાં લીંબોળી પણ મીઠી થાય" એ કહેવત ઘણાખરા બુઢ્ઢા માનવીઓના કિસ્સામાં સાચી પડે છે. બુઢાપામાં બધા માણસો ભલે પવિત્ર ન બની શકે છતાં નિર્દોષ તો બની જ જાય છે. કેમ કે બીજાઓને ઇજા કરવાની કે બીજાઓનું બુરું કરવાની તેમની ઘણીખરી શક્તિ નાશ પામે છે. બુઢાપો આવતાં બધા જ માણસોના

દિલમાં રહેલી બુરાઇ આપમેળે ચાલી નથી જતી, પણ એ બુરાઇનો અમલ કરવાનુ તેમને માટે જરૂર મુશ્કેલ થઇ પડે છે. બુરાં કામ કરવામા જવાન માણુસને જે મોજ આવે છે અથવા જેવો ઉશ્કેરાટ મળે છે તેવી મોજ અને તેવો ઉશ્કેરાટ વૃદ્ધાવસ્થામાં નથી મળતા. ધર્મશાસ્ત્રોમા જે કેટલાક દોષોથી દૂર રહેવાની આજ્ઞાઓ કરવામાં આવી છે તે બધી જ આજ્ઞાઓ બુઢ્ઢાઓ કુદરતી રીતે જ પાળતા થઇ જાય છે.

આખરે, વૃદ્ધાવસ્થાને કમનસીબી જેવી ગણુવી કે આશીર્વાદ રૂપ માનવી એ સવાલ તો ઊભો જ રહે છે. મારો એને માટે આ જવાબ છે કે જો માણુસ સ્વભાવે ખુશમિજાજ હોય, હસી શકતો હોય, ગાઇ શકતો હોય અને સીસોટી વગાડી શકતો હોય; એનામાં વિનોદવૃત્તિ ટકી રહી હોય; પોતાની શારીરિક અને માનસિક નિર્બલતા હસી ટાળી શકતો હોય તો તેની ભલે ગમે તેટલી ઉમર થાય તો પણુ તેને માટે બુઢાપો આશીર્વાદ સમાન છે. પણ જે બુઢ્ઢાના ઓઠ પરથી મુસ્કેરાટ ચાલ્યો ગયો હોય તેને માટે બુઢાપો એક કમનસીબી જ ગણુવી. એ બાબતમાં એક બહુ સાદી વાત ધ્યાનમાં રાખવાની છે તે એટલી જ કે તમને ન ગમતી હોય એવી કોઇ પણુ ચીજ તમારી પાસે આવી પડે અને તેનાથી તમે છુટી શકો તેમ ન હો તો તે ચીજને પ્યારથી રાખતા શીખો. બુઢાપો પણુ એવી એક અવસ્થા છે. તમને એ ગમતો નહીં હોય, છતાં એનાથી તમે છુટી શકો તેમ નથી એમ સમજીને તેને હસીને, હેતથી વેઠી લેતાં શીખજો.



નારી વિહોણો દેશ

જ્યાં છેલ્લા હજાર વરસથી જંગલી પક્ષીઓની માદાઓ સિવાય નારી જાતિનાં કોઈ પણ પ્રાણીનો પગસંચાર થયો નથી અને જ્યાં આજે વસી રહેલા ૫૦૦૦ માનવીઓ કેવળ પુરુષ વર્ગના જ છે.

(મૂળ અંગ્રેજીમાં લેખક: જીરાલ્ડ વી. કુસ)

જ્યાં પુરુષનો પગ કદી પડે નહીં એવા સ્ત્રીરાજ્ય કામરૂ દેશની દંતકથાઓ આપણે ત્યાં સારી પેઠે પ્રચલિત છે. પરંતુ એવો દેશ ખરેખાત કોઈ વાર દુનિયાના કોઈ પ્રદેશમાં હશે કે નહીં એ વિશે કોઈ ચોકકસ કહી શકે નહીં. કદાચ હોય પણ ખરો, કેમ કે આજે પણ આપણી દુનિયામાં એક એવો પ્રદેશ મોજૂદ છે કે જેમાં છેલ્લા એક હજાર વરસ થયાં કદી કોઈ સ્ત્રીનાં પગલાં પડેલાં નથી!

આ પ્રદેશમાં પૂરા પાંચ હજાર માણસોની વસતિ છે અને પાંચે પાંચ હજાર પુરુષો છે। એક પણ સ્ત્રી નહીં.

એટલું જ નહીં, પણ ત્યાંના ખેતરોમાં ચરતા તમામ મેંઢાઓ પણ નર છે, જાનવરો બધાં જ બળદ છે (એક પણ ગાય નહીં), પાળેલા હંસ પણ બધાં નર હંસો છે અને બીલાડાઓ છે પણ બીલાડી એક પણ નથી! માત્ર વગડાઉ પંખીઓનાં બચ્ચાંઓમાં નર અને માદા એ બેઉ જાતિનાં પક્ષીઓ જોવામાં આવે છે.

એ પ્રદેશમાં ઘરરખુ ગૃહિણીઓ, કન્યાઓ કે નારીજાતિનું કોઈ બાલક સુદ્ધાં કોઈના જોવામાં આવ્યું નથી. શહેરના બગીચાઓમાં અને લતા મંડપોમાં અથવા ગામડાની ગલ્લીઓમાં ત્યાં કોઈએ સ્ત્રીનાં મુક્ત હાસ્યનો પડઘો કદી સાંભળ્યો નથી. વસ્તુતઃ એ પ્રદેશમાં હાસ્યનો અવાજ જવલ્લેજ સાંભળવા મળે છે.



એમ ન માનતા કે માનવીઓની વસતિ વિના ના કોઈ રણના પ્રદેશની આ વાત છે, જ્યાં કોઈ રડયાખડયા બે પાંચ દસ પુરુષો રહેતા હશે. ના, ના,

આ અદ્ભુત પ્રદેશનું નામ છે એથોસ. એનું સત્તાવાર નામ "એથોસ પર્વતનો પવિત્ર સંઘ" છે. એક મોટા દેશની અંદર આવેલા આ નાનાં દેશની પોતાની સરકાર છે અને દુનિયાના બીજા કોઈ પણ દેશની સરકારના કરતાં એ સરકાર વધારે લાંબા વખતથી સત્તા ભોગવતી આવી છે.

એ દેશની સરહદ ઉપર પોલીસનો પહેરો રાખવામાં આવે છે અને પોલીસની જુદી જુદી ફરજોમાં એક એવી ફરજનો પણ સમાવેશ થાય

છે કે એ પ્રદેશમાં "મુસલમાનો, વરૂઓ અને સ્ત્રીઓ"ને પેસવા દેવા નહીં.

આ દેશને મહેસુલની કોઇ ઉપજ નથી. પોતાના વિસ્તારની બહારની દુનિયાની પ્રજાઓ તરફથી મળતી સ્વૈચ્છિક રોકડ રકમ સિવાય તેની બીજી કોઇ આવક નથી. એના મોટા ભાગના વતનીઓ પૈસાની કમાણી થાય એવું કોઇ કામ જ કરતા નથી.

યુરોપમાં આવેલ પ્રખ્યાત ગ્રીસ દેશમાં સાલોનિકા વિસ્તારની પૂર્વે આશરે ૧૦૦ કીલોમીટરના અંતર પર ત્રણ સાંકડા દ્વીપકલ્પો આવેલા છે. તે ત્રણેના ખુણાઓ ઇજીયન સમુદ્રમાં પડે છે.

આ ત્રણમાં છેલ્લા દ્વીપકલ્પનું નામ છે એથોસ. એની લંબાઇ ૪૦ કિલોમીટર અને પહોળાઇ સાત કિલોમીટર જેટલી છે. આ સામુદ્રધુની આમ તો સપાટ છે પણ તેના દક્ષિણ વિસ્તારમાં આશરે ૨૦૦૦ મીટરની ઊંચાઇનો (૭૫૦૦ ફુટ) એક શુદ્ધ આરસનો પર્વત આવેલો છે. એ પર્વતના શિખર ઉપરનો પ્રદેશ ઘણો જ ખાડાખડીઆવાળો છે. એ પર્વતની ઉપર ઠેર ઠેર વીસેક જેટલી સાધુઓની જમાતો વસે છે. એ બધા સાધુઓ "ઇસ્ટર્ન ઓર્થોડોક્સ" સંપ્રદાયના સાધુઓના નામે ઓળખાય છે. અને તેઓ મધ્યકાલીન યુગમાં બાંધેલા પાકી બાંધણીના જાડી દીવાલોવાળા મઠમાં રહે છે. આ મઠોની ફરતા જુના વખતની રિયાસતોમાં હતા તેવા કિલ્લાઓ બાંધવામાં આવેલા છે. એક જમાનામાં એ કિલ્લાઓ નાની મોટી રિયાસતોની માલિકીનાં હતા.

આ બધાં મકાનો બહુ મોટાં છે. એમાં એકને તો આઠ માળ છે અને એકનો વિસ્તાર ઓરસ ચોરસ બે માઇલ જેટલો છે. ઇસ્વી સન ૯૦૦ અને ૧૧૦૦ વચ્ચેની બે સદીઓમા આ મકાનો પ્રાચીન બાઇઝેંટીયમના શહેનશાહોના ખજાનામાં વધી પડેલા ધન વડે બાંધવામાં આવેલાં. સિમોન પેટ્રા નામનો એમાંનો એક મઠ કેવલ પર્વતના એક શિખર માંજ બાંધવામાં આવેલો છે અને તેનું છાપરૂ વાદળાઓમાં ઢંકાઇ રહે એટલું ઉંચું છે.

બહારની દુનિયા સાથેના સર્વ પ્રકારના દૈહિક અને આધ્યાત્મિક સંસર્ગથી અલિપ્ત રહેનારા લાંબી દાઢીવાળા આ સાધુઓ એ પ્રદેશના મુખ્ય વતનીઓ છે. દસમી દસમી સદીના સમયથી આ સંઘના સાધુઓએ દુનિયાથી દૂર એકાંતવાસ સ્વીકાર્યો છે. આજ્ઞાધીનતા (ઇશ્વરની), પવિત્રતા (ચારિત્ર્યની) અને ગરીબી એ ત્રણ તેમના જીવનની પ્રતિજ્ઞાઓ હોય છે. અને સ્ત્રી જાતિનો તો વિચાર સુદ્ધાં મનમાં ઉપજવા ન દેવો એ તેમનો સહુથી કડક નિયમ હોય છે.

આ સાધુઓના પૂર્વજોએ ઘડેલા કાનૂન મુજબ કેવળ પુરુષોના જ કિલ્લા સમા એ સ્થાનની પવિત્રતાને અભડાવનાર ગણાતી સ્ત્રી જાતિના કોઇપણ પ્રાણીને ત્યાં પ્રવેશ કરવાની મનાઇ ફરમાવવામાં આવેલી છે.

આ એથોસ દેશ આટલી સદીઓની ઉથલપાથલમાં પણ એવો ને એવો અખંડ રહી ગયો છે એ જગતના ઇતિહાસનો એક ચમત્કાર છે. ઇ. સ. ૯૦૦ ની સાલમાં બાઇઝેન્ટીયમ (હાલ જેનો ઇસ્તંબુલમાં સમાવેશ થઇ જાય છે) આખા ખ્રિસ્તી સામ્રાજ્યમાં એક ભારે મોટું, સત્તાવાન અને મહત્ત્વનું શહેર હતુ. એના વતનીઓ અતિશય ધાર્મિક વૃત્તિના હતા અને એમાંના કેટલાક આ માયાવી દુનિયા અને દુન્યવી લાલચોને તજીને એથોસના ખાડાટેકરાવાળાં જંગલોમાં રહેવા ચાલ્યા ગયા. ત્યાં તેમણે પોતાનું એક નવું સંસ્થા ઉભું કર્યું અને અખંડ ટકી રહે એ પવિત્રતા અને ભક્તિના પાયા ઉપર સંસ્થાન જમાવ્યું.

એ સંઘના પહેલા સાધુઓએ બાંધકામકારીગીરીની અજાયબી સમા એ મઠો બાંધવ માંડયા. બાઇઝેંનટાઇનના રાજવીઓએ ઘણ પ્રજાઓ પર જીત મેળવી તેમનું અનગળ ધન

ભજે કર્યું હતું તેમાંથી ઘણાં દ્રવ્યનો ઉપયોગ આ અજાયબ ઇમારતોની શોભા અને પાછળ થયો છે.

નક્કર સોનાનાં બનાવેલા અને મૂલ્યવાન હીરા માણેકથી મઢેલા ઘુમ્મટો એ મઠોની ચિત્રામણ-વાળી છતોમાં ઝૂલતા. યજ્ઞની વેદીઓમાં અગ્નિ પ્રકટતો ત્યારે તેની આજુબાજુ જડેલા મણિઓ ઝગારા મારતા. આ એકાંત જંગલમાં લક્ષ્મી તો જાણે કે વહાણોનાં વહાણ ભરીને ઠલવવામાં આવી હતી.

એ પહેલા સાધુઓ પોતાની સાથે બીજું પણ ઘણું ઘણું દ્રવ્ય લાવેલા. ઇસુની ચોથી, પાંચમી અને છઠ્ઠી સદીમાં લખાયેલ ખ્રિસ્તી ધર્મગ્રંથ બાઇબલની હસ્તલિખિત પ્રતો તેઓની પાસે હતી અને તે ઉપરાંત એ જમાનાના યુરોપમાં લખેલા જ્ઞાન અને સંસ્કૃતિથી સમૃદ્ધ અનેક ગ્રંથો એથોસના એ ભક્ત સાધુઓએ આજ સુધી સાચવી રાખેલા છે. એ દ્રવ્ય, એ રત્નો, એ સુવર્ણ અને એ ગ્રંથો ઉપર એ સાધુઓ ખૂબ કડક ચોકીપહેરો રાખે છે. ૧૪ મી સદીના અરસામાં એકવાર ઇજીયન સમુદ્રના કેટલાક ચાંચીયાઓએ એ દ્વીપકલ્પ પર લૂંટ ચલાવેલી, પણ તેના વિપુલ ખજાનામાંથી લુટારાઓ ફક્ત બહુ જ જુજ મતા હાથ કરી શક્યા હતા. એવી જ રીતે પહેલા વિશ્વયુદ્ધ દરમીઆન કેટલાક જરમન લશ્કરીઓએ પણ એ ખજાના ઉપર હાથ ચલાવેલો અને તેઓ કેટલી લુંટ કરી શક્યા હતા તે જણાયું નથી પણ એમ માનવામાં આવે છે કે ૧૪ મી સદીના પેલા ચાંચીઆઓ કરતાં તેઓને વિશેષ સફળતા મળી નહોતી.

આશરે ૧૦૦૦ વરસ થયાં સ્ત્રી જાતની સોબતથી સદા દૂર રહેનારા અને બાળકોના દર્શનથી પણ વિમુખ રહેનારા એ સાધુઓ શું કરતા હશે? કેવી રીતે જીવન ગાળતા હશે! આ પ્રશ્નનો જવાબ મુશ્કેલ છે. જે માણસો સ્વેચ્છાથી પોતાની જીંદગી આવા કબ્રસ્તાન જેવા પ્રદેશમાં વીતાવવા આવ્યા જાય છે તેમની પ્રકૃતિના પુરા અભ્યાસ વિના એનો જવાબ આપી શકાય નહીં.

એમાંના કેટલાક ખરેખરા ધાર્મિક વૃત્તિના ત્યાગી પુરુષો અને પાપથી ભરેલી દુનિયામાંથી પુણ્ય શોધવા નીકળી પડેલા હોય છે. બીજા કેટલાક ભિન્નભિન્ન હેતુઓથી ત્યાં જઇને વસેલા હોય છે. પણ તેઓ બધા જ એક વાતમાં સમાન છે—સ્ત્રીજાતિ પ્રત્યે એ સહુના દિલમાં નફરત હોય છે.

કોઇ મુસાફરને એ પ્રદેશમાં જવું હોય તો તેને માટે બહુ ખટપટ કરવી પડે છે, ગ્રીસની સરકાર પહેલેથી જ એથોસના વિચિત્ર કાયદા કાનુનને માન આપતી રહેલી છે ને આજે પણ માન આપે છે અને કોઇપણ સ્ત્રીને એ પ્રદેશની મુલાકાતે જવાની કદી પરવાનગી આપતી નથી.

(આ લેખનો લેખક કહે છે કે) ઉલા વિશ્વ-યુદ્ધ અગાઉ હું એ પ્રદેશમાં ગયેલો તે વખતે મારા પાસપોર્ટમાં મારે કેટલાક ખાસ "વિસા" મેળવવા પડેલા. જ્યારે હું એથોસની સરહદ પર પહોંચ્યો ત્યારે મારી ખુબ બારીક તપાસ કર-વામાં આવેલી. એટલું જ નહીં પણ મારા સામાનમાં કોઇપણ સ્ત્રી-ઉપયોગી ચીજ છે કે કેમ તેની ખાતરી કરવા માટે સામાન પણ ફેંદી ફેંદીને તપાસવામાં આવેલો. આખરે મને અંદર જવાની રજા મળી અને હું એ દેશના પાટનગર કારીયેસમાં પહોંચ્યો.

એ શહેર એની જેવડાં ગ્રીસના બીજા શહેરોને બહુધા મળતું આવે છે. એમાં દુકાનો છે, બજારો છે, વખારો છે. અને એક ટપાલ ઓફીસ પણ છે. વાહનોની અવરજવર ઉપર પોલીસના માણસો અંકુશ રાખે છે. પણ જ્યાં જઇએ ત્યાં લાંબા, ઝૂલતા અંચળા પહેરેલા દાઢીવાળા સાધુઓ જ મુખ્યત્વે નજરે પડે છે. કોઇ એકાદ સાધુ પણ દેખાય ને ક્યારેક એમની મંડળી પણ નજરે પડે. તેઓ શહેરમાં આંટી તંડી ફરતા હોય છે, કદી

હસતા નથી, અને એકબીજાની સામે નજર પણ કરતા નથી

આપણા ઉપર તેમની નજર કદાચ પડી જાય તો પણ જાણે કે આપણામા તેમને કશો જ રસ ન હોય એ રીતે તેઓ જોઇ રહે છે આપણને એમ જ લાગે કે એ લોકો જીવતા જાગતા માણસો નથી પણ જીવ વિનાના શરીરો જ છે.

એવુ કહેવામા આવે છે કે નારી જાતિને ધિક્કારનારા આ સાધુઓએ ત્રીસ પેઢીઓ થયા કદી પાણીના સ્પર્શ વડે પોતાના શરીરને અભડાવ્યુ નથી આ વાત સાચી હોય કે ખોટી એ મને ખબર નથી એટલે લખતા જરા સંકોચ થાય છે છતાં સાંભળી એવી લખુ છુ.

મને કેગ્લાક મઠ જોવાનો પણ મોકો મળેલો અને હુ આંખે જોયેલી વાત લખુ છુ કે સામાન્ય કદના એક ઓરડા જેટલી જગ્યામા મે જેટલુ નક્કર સોનુ અને મૂલ્યવાન રત્નો દીઠા તેમાથી દુનિયાની એકાદ મોટી લડાઇનો આખો ખરચ નીકળી રહે એટલા પૈસા ઉપજે. ત્યાંના દરેક દેવળમા જ્યારે અગણિત મીણબત્તીઓ સળગાવવામા આવે છે ત્યારે એ દેવળનો દેખાવ દંતકથાઓમા આવતી દોલતના ખજાનાથી ભરેલી ગુફાઓ જેવો બની જાય છે. દુશ્મનોએ કેદ પકડેલા કોઇ મહારાજાને છોડાવવા માટે જોઇએ તેટલુ દ્રવ્ય તેમાંના અહીંક રત્નમાથી ઉપજી શકે!

આ સાધુઓ દિવસનો ઘણો ખરો સમય અને અરધી રાત પ્રાર્થના કરવામાં અને અટપટી ક્રિયા વિધિઓમા ગાળે છે, માનવવંશના ઘણા અભ્યાસીઓએ એથોસના નિવાસીઓનાં જીવનનો અભ્યાસ કર્યો છે અને તેઓ એમ માને છે કે સાધુઓના સામ્રાજ્ય સમા એ દેશમા ખરાબી પેસવા લાગી છે અને ત્યાં વસતા પાચ હજાર સાધુઓ કુદરતથી વિરોધી જીવન જીવી રહ્યા છે

સામાન્ય માણસને આ વાત તરત ગળે ઉતરી જાય એવી છે પણ હું એ વિષે મત આપવા માગતો નથી મને તો એ દેશની સરહદમાં પ્રવેશ કર્યો તે ક્ષણથી જ એમ થવા માંડ્યુ કે હું ક્યારે મારી રોજની દુનિયામાં પાછો ફરૂ! ભલે મારી દુનિયા ગમે તેવી સડેલી હોય પણ મને આ સાધુઓની પવિત્ર દુનિયામાં ગુંગળામણ થવા લાગેલી

બહુ જ ટુંક સમયમા મારી આંખો સ્ત્રીના દર્શન માટે આતુર થવા લાગી અને વાની બાળકોનુ મુક્ત હાસ્ય સાંભળવાની મને તાલાવેલી લાગી બીજુ કૈ નહીં તો એકાદ મરઘી અને તેનાં નાનકડાં બચ્ચાંઓ જોવા મળે તોયે ગનીમત એવુ મારા મનમાં થઇ આવ્યુ એથોસનુ વાતાવરણ ભક્તિથી ભર્યુ છે અને એ પ્રદેશમાં અનગળ ધન ભરેલુ છે છતાં મને તો લાગ્યુ કે એથોસ જીવતે મુવેલા માનવીઓની વસતિનો દેશ છે

જીંદગીનો ખરેખરો અને સંપૂર્ણ હેતુ જેઓ સમજતા નથી તેવા માણસોને મનથી એક હજાર વરસ થયા ચાલ્યા આવતા આવા સાધુઓના સંઘની હસ્તી ટકી રહે કે નષ્ટ થાય તેની કશી જ કીંમત નથી

(લંડનના "વીકએન્ડ" મેગેઝિન ઉપરથી)



ચ્હાનો પહેલો પ્યાલો

[જેણે જીંદગીમાં કોઈ વાર ચ્હા ન પીધી હોય એવા માણસો આજે ભારતભરમાં બહુ અલ્પ સંખ્યામાં મળશે. કરોડો ભારતવાસીઓને માટે ચ્હા આજે ખોરાકની ગરજ સારી રહેનારૂં પીણું બની ગઈ છે. કરોડો માનવીઓને રોજ સવારે પહેલી ચ્હા પીવા જોઈએ છે. ચ્હા પીવાથી માણસની તંદુરસ્તી પર ખરાબ અસર થાય છે, ચ્હા શરીરને નુકસાન કરે છે વગેરે દલીલો આજે પણ હજુ ચાલુ છે છતાં તેની પરવા કરવાવાળા માણસો બહુ જ ઓછા છે. એ ચ્હાનો પહેલો પ્યાલો કોણે અને ક્યારે પીધો એ વિશેની રસમય માહિતી અને ચ્હાનો આજ સુધીનો ઇતિહાસ અહીં રજુ કરવામાં આવે છે.]

વિલાયતમાં ૧૮ મી સદીના અરસામાં ચ્હાને એક અનિષ્ટ વસ્તુ ગણવામાં આવતી હતી. "એ અનિષ્ટનો મક્કમ હાથે અને નિશ્ચયપૂર્વક સતત વિરોધ થવો જોઈએ" એમ માનવામાં આવતું હતું. એ સમયના એક આગેવાન શહેરી લૉર્ડ પ્રેસિડેંટ ફાર્બ્સે એક એવો કાયદો ઘડાવવાની કોશિશ કરેલી કે ચ્હાનો ઉપયોગ ફક્ત શ્રીમંતો અને અમીર ઉમરાવોથી જ થઈ શકે કેમકે કામદાર અને મજુરી વર્ગના માણસોના ચારિત્ર્ય ઉપર ચ્હાની અસર નુકસાનકારક થાય છે. જૉન વેસ્લી નામના પ્રખ્યાત ખ્રિસ્તી ધર્મગુરૂએ ચ્હાને "વિષમય પીણું" કહીને ધર્મ અને નીતિના સિદ્ધાંતો ઉપર તેનો પ્રકટ વિરોધ કર્યો હતો.

ચ્હાની કિંમતમાં હંમેશાં સાતત્ય જળવાય અને ખરીદદારોની માગણીના પ્રમાણમાં વધઘટ થયા જ કરી છે. કીંમત વધે ત્યારે આપણે તેની સામે બળાપો કરીએ છીએ અને પછી ચ્હાનો પ્યાલો પીને બળાપો શાંત પાડીએ છીએ! પરંતુ આપણને અત્યારે જે પીણું તદ્દન નિર્દોષ દેખાય છે તે પદાર્થ ચ્હાને માટે મોટી લડાઈઓ લડવામાં આવી છે, દરોડા પાડવામાં આવેલા છે અને માણસો શહીદ થયા છે એ વાત બહુ જ ઓછા માણસો જાણતા હશે.

સત્તરમી સદીમાં લંડનમાં ચ્હા એકવાર ૨ પાઉંડ, ૧૮ શીલીંગ અને ૪ પેન્સના રતલના ભાવે વેચાતી હતી (એટલે અત્યારના ચલણને હીસાબે લગભગ ૪૯ રૂપીઆ થાય.) આટલી મોંઘી કીંમતની ચ્હા મધ્યમ વર્ગના માણસને પરવડી શકે જ નહીં એટલે એ અરસામાં ઇંગ્લેંડમાં દાણચોરીથી ચ્હા દાખલ થવા લાગી અને પરિણામે આખા ઇંગ્લેંડમાં જેટલી ચ્હા ખપતી હતી તેના બે તૃતીયાંશ ભાગ જેટલી દાણચોરીથી આવતી હતી એવો અંદાજ કાઢવામાં આવ્યો હતો.

ચ્હાની પહેલી શોધ કોણે કરી એ વિષે જાતજાતનાં અનુમાનો કરવામાં આવે છે, પણ ચીનના ઇતિહાસમાંથી એવી એક વાત સાંપડે છે કે ઇસ્વી સન પૂર્વે ૨૭૩૭ની સાલમાં ચીનનો શહેનશાહ શેન–નંગ એકવાર પોતાનું પીવાનું પાણી ગરમ કરતો હતો. એ માટે ચુલામાં એ જે બળતણ બાળતો હતો તેની એક ડાળી ઉપરથી થોડાં પાંદડાં એ પાણીમાં ખર્યાં અને તેમાંથી ઘણી સરસ અને મીઠી ખુશબુ આવવા લાગી. શહેનશાહે એ પાણી પીધું. દુનિયાના ઇતિહાસમાં એ પહેલવહેલો ચ્હાનો પ્યાલો હતો.

ચ્હા પીવાની પ્રથા જાપાનમાં ઇ. સ. ૮૦૦ની સાલથી પ્રચલિત થવા લાગી અને ધીમે ધીમે ચ્હા ચીન અને જાપાન બન્ને દેશોમાં રાષ્ટ્રીય

પીણું બની ગઈ. પશ્ચિમના દેશોમાં ચ્હા પહેલી લઈ જનાર આદમી ગ્યામ્બાતિસ્તા રેમુશીઓ નામનો એક યુરોપીઅન વિદ્વાન હતો. એણે પ્રવાસનાં પુસ્તકો લખેલાં છે. તેમાં એક ઠેકાણે ૧૫૫૯માં ચ્હાનો પહેલો પ્યાલો પીનારા એક ઇરાની વેપારીની વાત લખેલી છે.

યુરોપમાં ચ્હાનો પહેલો પ્રવેશ સને ૧૬૧૦ માં થયો. એ ચ્હા મેકાવથી જાવા અને જાવાથી હોલેંડ રવાના કરવામાં આવી હતી. ચ્હાની તમામ આયાત એ વખતે ડચ લોકો (હોલેંડના વતનીઓ) કરતા પણ સને ૧૬૧૮માં ચીનથી રવાના થયેલી ચ્હાની પહેલી વણઝાર જમીન માર્ગે રશિયા પહોંચી. ૧૬૬૦ની સાલમાં ચ્હા ઇંગ્લેંડમાં પહોંચી અને સેમ્યુઅલ પેપીસ નામના એક અંગ્રેજે તેનો પહેલો પ્યાલો પીધો. સને ૧૬૮૦માં ફ્રાન્સમાં માદામ દ સેવાઇન નામની એક બાનુએ ચ્હાનો પહેલો પ્યાલો અંદર દુધ નાખીને પીધો અને કાર્ડિનલ મેઝેરીને તેનું અનુકરણ કરીને પોતાનો લકવો મટાડવા માટે ચ્હા પીવા માંડી.

આમ્સ્ટરડેમ (હોલેંડ)માં એ વખતે ચ્હાની કીંમત રતલના ૩ શીલીંગ ૪ પેન્સ (આશરે ૨॥ રૂપીઆ) જેટલી પડતી હોવા છતાં બીજા દેશોમાં ચ્હા રતલના ૩ પાઉન્ડ (લગભગ ૪૦ રૂપીઆ)ને ભાવે વેચાતી પણ સત્તરમી સદીની આખરમાં તેનો ભાવ ઘટીને ૧૩ શીલીંગ ઉપર ગયેલો અને બજારોમાં ચ્હા ભરપૂર ભરેલી રહેતી.

૧૮મી સદીમાં ઇંગ્લેંડમાં એક રાષ્ટ્રીય પીણાં તરીકે ચ્હા પ્રચલિત થઇ ગઇ. એની સામે વિરોધ પણ ઘણો હતો. "શેતાનની સોબત કરાવે એવા ઉકાળા" તરીકે ચ્હાનો વિરોધ કરનારાઓની સામે ડૉ. જોનસન જેવો પ્રખર વિદ્વાન ચ્હાનો મોટામાં મોટો પ્રશંસક બની ગયો હતો.

ઇંગ્લેંડમાં ધીમે ધીમે કૉર્નવોલ, ડોરસેટ અને કેંટના સમુદ્ર કિનારાઓ દાણચોરીથી આવતી ચ્હાના અડ્ડાઓ જેવા બની ગયા હતા. સરકાર પણ એ દાણચોરી અટકાવવામાં અસમર્થ નીવડી. દાણચોરીનો માલ સંઘરવા માટે દેવળોના કબ્રસ્તાનોનો ઉપયોગ થવા લાગ્યો. એકવાર એક દાણચોરનું મહેસુલ ખાતાના એક અમલદારની બંદુકની ગોળીથી મોત થયું ત્યારે એ દાણચોર શહીદ બની ગયો અને તેનું નિર્દયતાથી ને દગાખોરીથી ખુન કરવામાં આવ્યું છે એવો પોકાર ઉઠ્યો હતો.

એ પછી ઇસ્ટ ઇંડિયા કંપનીને ચ્હાના વેપારનો ઇજારો અપાયો તેનાથી ઘણી ઉથલપાથલ મચી ગઇ પણ ચ્હા રૂપી અગ્નિના તણખા વડે સળગી ઉઠેલું અમેરિકાનુ સ્વાતંત્ર્ય યુદ્ધ એનાથી પણ મોટી આફતરૂપ બની ગયું અને એ લડાઇમાં અમેરિકા બ્રિટિશ હકુમતમાંથી મુક્ત થયું.

એ બધો વખત ચ્હાનો પ્રચાર વધતો જ જતો હતો અને વધુ ને વધુ લોકો ચ્હા પીતા થતા જતા હતા. ૧૯મી સદીની પહેલી પચીસીની આખરમાં ચ્હાએ અંગ્રેજોના રોજીંદા જીવનમાં એક ટંકના ખાણાંનું સ્થાન પ્રાપ્ત કર્યું. રાણી વિક્ટોરીઆના રાજ્ય અમલ દરમીઆન ઇંગ્લંડમાં લોકજીવનમાં "બપોરની ચ્હા"નો રિવાજ જડ ઘાલી બેઠો અને (આપણા દેશમાં અગાઉ ગામડાંઓમાં રાત અને બપોરની વચ્ચે "રોંઢો" કરવાનો રિવાજ હતો તેવી રીતે અત્યારે ઇંગ્લેંડમાં ગરીબ તવંગર સઘળા વર્ગોમાં બપોરની ચ્હા પીવાનો રિવાજ પ્રચલિત છે અને અંગ્રેજ લોકો ચ્હાની સાથે અલ્પાહાર પણ લેતા હોય છે) વખત જતાં બ્રિટિશ ઇસ્ટ ઇંડીઆ કંપનીને આપેલો ચ્હાના વેપારનો ઇજારો રદ કર્યો અને ચ્હાનું બજાર પોતાને હાથ કરી લેવાના ઉદ્દેશથી અમેરિકનોએ ઝડપી વહાણો બાંધવા માંડયાં અને તે વહાણો "ટી કલીપર"ના નામે ઓળખાતાં થયાં. અંગ્રેજોએ પણ તેમની હરીફાઇમાં એવાં જ "ટી કલીપર" વહાણો બાંધ્યાં અને આ બે પ્રજાઓ વચ્ચે ચીનથી કેંટન નદીથી પોતપોતાના

દેશ સુધીના પ્રદેશમાં ચ્હાની આયાતની ઇજારાશાહી છેક ૧૯મી સદીની અધવચ સુધી ચાલુ રહી. ઈ. સ. ૧૮૮૩ની સાલમાં ચ્હાના વાવેતરનો ચીનનો ઇજારો બંધ થતાં ભારતમાં તે સમયના ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેંટીંકની સૂચના અનુસાર ચ્હાનું વાવેતર શરૂ થયું. લંકા અને જાવામાં પણ ચ્હાનો પ્રવેશ થયો અને છેક ૧૯૦૨ની સાલમાં પૂર્વ આફ્રિકામાં ચ્હાનું વાવેતર શરૂ થયું.

આ અરસામાં લગભગ આખી દુનિયાની પ્રજામાં ચ્હા પીવાની તલપ ઉગ્ર બની ચૂકી હતી. બ્રિટનના વડા પ્રધાન ગ્લેડસ્ટન ચ્હાના એક મોટા બંધાણી હતા એમ કહેવાય છે. રાત્રે સૂતી વખતે એ પોતાની સાથે ગરમ ચ્હાની ભરેલી એક કાચની બાટલી રાખતા અને તેના વડે શરીર પર શેક કરતા તેમ જ અંદરનું પ્રવાહી પીને તલપ પણ તૃપ્ત કરતા.

સને ૧૯૧૪–૧૮નાં વિશ્વયુદ્ધ દરમિયાન ચ્હાના ઉદ્યોગને ફટકો સહેવો પડેલો પણ સને ૧૯૩૨ની સાલમાં ચ્હાની ખપત કરતાં તેની પેદાશ વધી પડી, જેથી ચ્હાના વેપારને સ્થિર કરવા માટે ૧૯૩૩માં આંતરરાષ્ટ્રીય ચ્હા કરાર (ઇંટરનૅશનલ ટી ઍગ્રીમેંટ) કરવામાં આવ્યો, વળી બીજા વિશ્વયુદ્ધ દરમીઆન ચ્હાની પેદાશમાં ઘટ આવી અને તેની માપબંધી થઇ (ઇંગ્લેંડમાં–આપણા દેશમાં નહીં) પણ એ અરસામાં ચ્હા ફક્ત એક પીણું કરતાં ઘણી વધારે મૂલ્યવાન ચીજ બની ગઇ. હવાઇ બોમમારા દરમીઆન ઘણા માણસોને ચ્હાના પ્યાલાથી સ્ફૂર્તિ અને રાહત મળવા લાગી અને લશ્કરો "ચ્હાના પ્યાલા ઉપર જ યુદ્ધ ખેલતા હતા" એવી કહેવત સર્વત્ર પ્રચલિત થઇ ગઇ.

આજે ચ્હાની માગણી કરતાં પેદાશ ઓછી છે, કેમકે લડાઇએ કરેલા વિનાશને કારણે તેની ખેતીમાં ઓટ આવી ગઇ છે. પણ થોડા જ વખતમાં દુનિયાભરનું માનીતું પ્રવાહી પુરું પાડનારી ચ્હા વડે દુનિયાંના બજારો છલકાઇ જશે એવી ગણતરી કરવામાં આવે છે.

—બીજાઓની ભૂલો ઉપરથી શીખામણ લેજો. જીંદગી એટલી લાંબી નથી કે બધી જ ભૂલો તમને પોતાને કરી જોવાનો વખત મળે.

—હવે પછીની પ્રજાને ભરવા માટે સરકાર જે ભયંકર કરજ કરી રહી છે તેનો ખ્યાલ કરી જોશો તો બાળક જન્મતાંની સાથેજ શા માટે રડવા લાગે છે તે પ્રશ્નનો જવાબ મળી જશે.

—ગઇ કાલે પોતે જે વાતોની આગાહી કરેલી તે આજે કેમ નથી બની તેનું કારણ જે આવતી કાલે શોધી કાઢે છે તેનું નામ અર્થશાસ્ત્રી

—નીચે પડેલા માનવી ઉપર કદી પ્રહાર કરતા નહીં. એવા પ્રહારથી એ કદાચ પાછો ઉભો થાય એવો ભય રહેલો હોય છે.

દેશદર્શન

[ભારતવર્ષ દુનિયાનો એક અતિ મહાન અને અન્ય દેશોથી અનેક રીતે નિરાળો દેશ છે. દેશ એટલો મોટો છે કે એ આખો જોવાનું પણ બહુ ઓછા માણસોથી બની શકે છે. પણ એના ઇતિહાસ, ભૂગોળ, વેપારવણજ, રાજ્યવ્યવસ્થા, ઇત્યાદિ વિષયોની કેટલીક મહત્ત્વની વિગતોથી પ્રત્યેક હિંદીએ વાકેફ રહેવું જ જોઇએ. પ્રતિ માસે "નવજીવન"માં આવી કેટલીક વિગતો રજુ કરવામાં આવે છે.]

ભારતની વસતિ

ઇ. સ. ૧૯૫૧ માં થયેલા છેલ્લા વસતિપત્રક મુજબ ભારતની કુલ વસતિ ૩૫,૬૮,૨૯,૪૮૫ ની છે. હવે આ વસતિ વિભાગવાર કેટલી છે તે જોઇએ. પહેલાં ભૌગોલિક વિભાગ પ્રમાણે જોઇએ.

પ્રદેશ	પુરૂષો	સ્ત્રીઓ	કુલ
ઉત્તર ભારત	૩,૩૦૯૮,૬૬૬	૩,૦૧,૧૬,૮૭૬	૬,૩૨,૧૫,૭૪૨
પૂર્વ ભારત	૪,૬૩,૪૩,૮૭૮	૪,૩૭,૮૬,૩૨૮	૯,૦૧,૩૦,૨૦૬
દક્ષિણ ભારત	૩,૭૮,૨૨,૫૪૨	૩,૭૭,૭૮,૨૬૨	૭,૫૬,૦૦,૮૦૪
પશ્ચિમ ભારત	૨,૦૯,૮૨,૨૮૧	૧,૯૬,૭૮,૮૩૪	૪,૦૬,૬૧,૧૧૫
મધ્ય ભારત	૨,૬૪,૯૭,૫૨૪	૨,૫૭,૭૦,૪૩૫	૫,૨૨,૬૭,૯૫૯
વાયવ્ય પ્રદેશ	૧,૮૫,૬૯,૭૨૮	૧,૬૪,૦૨,૮૬૯	૩,૪૯,૭૨,૫૯૭

વહીવટની સરલતા માટે ભારતને જુદાં જુદાં ૨૮ રાજ્યોમાં વહેંચી નાખવામાં આવેલું છે. આમાં ૯ રાજ્યો अ વર્ગનાં, ૬ ब વર્ગનાં, ૧૦ क વર્ગનાં અને ૨ ड વર્ગનાં છે. આવા પ્રત્યેક રાજ્યનો ક્ષેત્રફલ વિસ્તાર અને વસતિ નીચે પ્રમાણે છે:—

अ વર્ગ	ક્ષેત્રફળ ચોરસ માઇલ	પુરૂષો	સ્ત્રીઓ	કુલ.
આસામ	૮૫,૦૧૨	૪૮,૧૨,૧૬૬	૪૨,૩૧,૫૪૧	૯૦,૪૩,૭૦૭
બિહાર	૭૦,૩૩૦	૨,૦૨,૨૩,૬૭૨	૨,૦૦,૦૨,૨૭૨	૪,૦૨,૨૫,૯૭૪
મુંબઇ	૧,૧૧,૪૩૪	૧,૮૬,૧૪,૮૬૨	૧,૭૩,૪૧,૨૮૮	૩,૫૯,૫૬,૧૫૦
મધ્ય પ્રદેશ	૧,૩૦,૨૭૨	૧,૦૬,૬૨,૮૧૨	૧,૦૫,૮૪,૭૨૧	૨,૧૨,૪૭,૫૩૩
મદ્રાસ	૧,૨૭,૭૯૦	૨,૮૪,૧૯,૦૦૩	૨,૮૫,૯૬,૯૯૯	૫,૭૦,૧૬,૦૦૨
ઓરિસા	૬૦,૧૩૬	૭૨,૪૨,૮૯૨	૭૪,૦૩,૦૫૪	૧,૪૬,૪૫,૯૪૬
પંજાબ	૩૭,૩૭૮	૬૭,૮૬,૯૩૪	૫૮,૫૪ ૨૭૧	૧,૨૬,૪૧,૨૦૫
ઉત્તર પ્રદેશ	૧,૧૩,૪૦૯	૩,૩૦,૯૮,૬૬૬	૩,૦૧,૧૬,૮૭૬	૬,૩૨,૧૫,૭૪૨
પશ્ચિમ બંગાળ	૩૦,૭૭૫	૧,૩૩,૪૫,૪૪૧	૧,૧૪,૬૪,૮૬૭	૨,૪૮,૧૦,૩૦૮
કુલ	૭,૬૬,૫૩૬	૧૪,૩૨,૦૬,૬૫૧	૧૩,૫૫,૯૫,૮૮૯	૨૭,૮૮,૦૨,૫૪૦

ખ વર્ગ				
હૈદરાબાદ	૮૨,૬૬૮	૯૪,૩૧,૦૬૨	૯૬,૨૪,૦૪૬	૧,૮૬,૫૫,૧૦૮
મધ્ય ભારત	૪૬,૪૭૮	૪૧,૩૩,૦૭૫	૩૮,૨૧,૦૭૯	૭૯,૫૪,૧૫૪
મહીસુર	૨૯,૪૮૯	૪૬,૫૭,૪૦૯	૪૪,૧૭,૫૬૩	૯૦,૭૪,૯૭૨
પેપ્સુ	૧૦,૦૭૮	૧૮,૯૪,૮૪૪	૧૫,૯૮,૭૪૧	૩૪,૯૩,૬૮૫
રાજસ્થાન	૧,૩૦,૨૯૭	૭૯,૬૧,૬૭૩	૭૩,૨૯,૧૨૪	૧,૫૨,૯૦,૭૯૭
સૌરાષ્ટ્ર	૨૧,૪૫૧	૨૦,૯૪,૪૪૨	૨૦,૪૨,૯૧૭	૪૧,૩૭,૩૫૯
ત્રાવણકોર-કોચીન	૯,૧૪૪	૪૬,૨૦,૮૦૩	૪૬,૫૯,૬૨૨	૯૨,૮૦,૪૨૫
કુલ	૩,૨૯,૦૧૫	૩,૪૭,૯૩,૩૦૮	૩,૩૦,૯૩,૧૯૨	૬,૭૮,૮૬,૫૦૦
ક વર્ગ				
અજમેર	૨,૪૧૭	૩,૬૦,૨૩૬	૩,૩૩,૧૩૬	૬,૯૩,૩૭૨
ભોપાલ	૬,૩૭૮	૪,૩૭,૬૩૫	૩,૯૮,૮૩૯	૮,૩૬,૪૭૪
બિલાસપુર	૪૫૩	૬૪,૭૩૮	૬૧,૩૬૧	૧,૨૬,૦૯૯
કુર્ગ	૧,૫૮૬	૧,૨૫,૩૨૭	૧,૦૪,૦૭૮	૨,૨૯,૪૦૫
દિલ્હી	૫૭૮	૯,૮૬,૫૩૮	૭,૫૭,૫૩૪	૧૭,૪૪,૦૭૨
હીમાચલ પ્રદેશ	૧૦,૪૫૧	૫,૧૪,૭૬૫	૪,૬૮,૬૦૨	૯,૮૩,૩૬૭
કચ્છ	૧૬,૭૨૪	૨,૭૨,૯૭૭	૨,૯૪,૬૨૯	૫,૬૭,૬૦૬
મણિપુર	૮,૬૨૮	૨,૮૩,૬૮૫	૨,૯૩,૯૫૦	૫,૭૭,૬૩૫
ત્રિપુરા	૪,૦૩૨	૩,૩૫,૫૮૯	૩,૦૩,૪૪૦	૬,૩૯,૦૨૯
વિંધ્ય પ્રદેશ	૨૩,૬૦૩	૧૮,૩૨,૯૪૦	૧૭,૪૧,૭૫૦	૩૫,૭૪,૬૯૦
કુલ	૭૫,૩૫૦	૫૨,૧૪,૪૩૦	૪૭,૫૭,૩૧૯	૯૯,૭૧,૭૪૯
ડ વર્ગ				
આંદામાન-નીકોબાર	૩,૨૧૫	૧૯,૦૫૫	૧૧,૯૧૬	૩૦,૯૭૧
સીક્કીમ	૨,૭૪૪	૭૨,૨૧૦	૬૫,૫૧૫	૧,૩૭,૭૨૫
કુલ	૫,૯૫૯	૯૧,૨૬૫	૭૭,૪૩૧	૧,૬૮,૬૯૬
ઉપસંહાર				
અ વર્ગ	૭,૬૧,૫૩૬	૧૪,૩૨,૦૬,૬૫૧	૧૩,૫૫,૯૫,૮૮૯	૨૭,૮૮,૦૨,૫૪૦
ખ વર્ગ	૩,૨૯,૦૧૫	૩,૪૭,૯૩,૩૦૮	૩,૩૦,૯૩,૧૯૨	૬,૭૮,૮૬,૫૦૦
ક વર્ગ	૭૫,૩૫૦	૫૨,૧૪,૪૩૦	૪૭,૫૭,૩૧૯	૯૯,૭૧,૭૪૯
ડ વર્ગ	૫,૯૫૯	૯૧,૨૬૫	૭૭,૪૩૧	૧,૬૮,૬૯૬

સમસ્ત ભારતમાં મળીને ધર્મવાર વસતિ નીચે પ્રમાણે છેઃ—

હિંદુ — ૩૦,૩૧,૮૬,૯૮૬
શીખ — ૬૨,૧૯,૧૩૪
જૈન — ૧૬,૧૮,૪૦૬
બુદ્ધિસ્ટ — ૧,૮૦,૭૬૭
જરથોસ્તી— ૧,૧૧,૭૯૧
મુસલમાન— ૩૫૪,૦૦,૧૧૭
ખ્રીસ્તી — ૮૧,૫૭,૭૬૫
યાહુદી — ૨૬,૭૮૧
અન્ય ધર્મો— ૧૭,૦૯,૦૪૫

[ભાગલા પહેલાં દેશમાં મુસલમાનોની વસતિ આશરે ૧૦ કરોડની હતી. મુસલમાનોએ પોતાને માટે પાકીસ્તાનનું નવું રાજ્ય સ્થાપ્યું ત્યાર પછી પણ આજે તેમાંથી ત્રીજા ભાગ ઉપરાંતની વસતિ તો ભારતમાં જ રહી છે અને મુસલમાનોની વસતિ ભારતમાં હિંદુઓ કરતાં બીજે નંબરે આવે છે એ વાત ખાસ લક્ષમાં રાખવા જેવી છે. આજે પણ દેશમાં દર ૭ હિંદુ દીઠ એક મુસલમાનની વસતિ મોજુદ છે.]

આપણા દેશની આવડી મોટી વસતિમાં ભણેલા માણસોની સંખ્યા કેટલી છે તેના આંકડા જોઈને ચોંકી ન જતા! નીચે જે સંખ્યા આપી છે તેમાં ડૉ. રાધાકૃષ્ણન જેવા જગવિખ્યાત વિદ્વાનથી માંડીને ફક્ત પોતાની સહીજ માંડ કરી શકતા હોય તેવા બધાજ ભણેલાઓ આવી જાય છે.

પ્રત્યેક રાજ્યની વસતિના પ્રમાણમાં કુલ આવા ભણેલા ગણેલા પુરૂષો અને સ્ત્રીઓના ટકા કેટલા છે તે અંહી બતાવવામાં આવ્યું છેઃ—

રાજ્ય	પુરૂષો	સ્ત્રીઓ	કુલ ટકા.
ઉત્તર પ્રદેશ	૧૭.૪	૩.૬	૧૦.૮
બિહાર	૨૦.૬	૩.૭	૧૨.૨
ઓરિસા	૨૭.૩	૪.૫	૧૫.૮
પશ્ચિમ બંગાળ	૩૪ ૭	૧૨.૭	૨૪.૫
ચંદ્રનગર	૫૨.૫	૨૯.૧	૪૨.૩
આસામ	૨૭.૧	૭.૮	૧૮.૧
મણિપુર	૨૦.૮	૨ ૪	૧૧.૪
ત્રિપુરા	૨૨.૩	૮.૦	૧૫.૫
સીક્કીમ	૧૨.૮	૧.૩	૭.૩
મદ્રાસ	૨૮ ૬	૧૦.૦	૧૯.૩
મહીસુર	૩૦.૦	૧૦.૨	૨૦.૩
ત્રાવણકોર–કોચીન	૫૫.૨	૩૭.૭	૪૬.૪
કુર્ગ	૩૪.૦	૯.૦	૨૭ ૨
મુંબઇ	૩૫.૫	૧૨ ૯	૨૪.૬
સૌરાષ્ટ્ર	૨૬.૩	૧૦.૫	૧૮.૫
કચ્છ	૨૪.૪	૧૦.૨	૧૭.૧
મધ્ય પ્રદેશ	૨૧.૯	૫ ૦	૧૩.૫
મધ્ય ભારત	૧૭ ૪	૩.૭	૧૦.૮
હૈદરાબાદ	૧૫.૧	૩.૦	૯.૨
ભોપાલ	૧૨.૩	૩ ૯	૮.૨
વિંધ્ય પ્રદેશ	૧૦.૯	૧.૧	૬.૧
રાજસ્થાન	૧૩.૭	૨.૬	૮.૪
પંજાબ	૨૨.૦	૯.૪	૧૬.૧
પેપ્સુ	૧૭.૭	૫.૨	૧૨.૦
અજમેર	૨૯.૧	૧૦.૩	૨૦.૧
દિલ્લી	૪૩.૦	૩૨.૩	૩૮.૪
હીમાચલ પ્રદેશ અને વિલાસપુર	૧૨.૬	,૨.૪	૭.૭
આંદામાન નીકોબાર	૩૪.૨	૧૨.૩	૨૫.૮
સમસ્ત ભારત	**૨૪.૯**	**૭.૯**	**૧૬-૬**

આખા દેશમાં ભણેલા માણસોનું પ્રમાણ ત્રાવણકોર કોચીનમાં સહુથી મોટું છે (પુરૂષો ૫૫.૨ ટકા અને સ્ત્રીઓ ૩૭.૭ ટકા) અને વિંધ્ય પ્રદેશમાં સહુથી ઓછું છે (પુરૂષો ૧૦.૯ ટકા અને સ્ત્રીઓ ફક્ત ૧.૧ ટકા). મુંબઇ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જ્યાં મુખ્યત્વે ગુજરાતીઓની વસતિ છે ત્યાં પણ ભણેલાઓનું પ્રમાણ મુંબઇમાં સેંકડે ફક્ત ૩૫ ટકા પુરૂષો અને ૧૨ ટકા સ્ત્રીઓ કરતાં વધારે નથી!

અં સ્સં મી અ

સર એડવિન આર્નોલ્ડકૃત
Pearls of Faith
(ઇમાનનાં મોતી) ઉપરથી

જલાલુદ્દીન રૂમીએ પોતાની મસનવીમાં આ કથા લખી છે: યમનમાંથી એક આદમી—ગરીબ અને જૈફ—હજને કારણે મક્કા શરીફમાં આવ્યો. એ બીચારો ડુંગરાળ પ્રદેશમાં રહેનારો અભણ અને અબુધ ભરવાડ હતો. નિયમ મુજબની હજની દરેક વિધિ તો એણે પૂરી કરી. નમ્ર ભાવે તેણે અહેરામનો સીવણ વગરનો જામો ધારણ કર્યો. નિયમ મુજબ તેણે વુઝુ કર્યું. કાબાના સિયાહ સંગને ચુંબન કર્યું અને પછી ઝડપથી તેણે કાબાની ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને ફરી ચાર વખત ધીમી ગતિથી તેણે તવાફ કરી. મુલ્લાએ તેને આ રીતરસમો શીખવી હતી અને એમ કરવું જોઈએ એટલું એ સમજતો હતો.

પણ જ્યારે તેણે એ પવિત્ર સ્થાન પાસે ઘુંટણીએ પડીને પ્રાર્થના કરવાનું શરૂ કર્યું ત્યારે એનું અંતર અંદરથી વલોવાઈ જવા લાગ્યું. ખુદાને માટેનો પ્રેમ એના હૈયામાં ઉછળી રહેલો હતો, પણ પ્રાર્થનામાં શું બોલાય તેની એને ખબર નહોતી.

એ બોલ્યો, "ઓ મારા માલિક! ઓ રબ! તું ક્યાં ભટકે છે? તારા ચહેરાના મને દિદાર આપ. મારે તારી પૂજા કરવી છે. અંતરથી હું તારો ખાદિમ છું. ખાદિમની રીતે મારે તારી ખિદમત ગુઝારવી છે. હું તારાં પગરખાં સીવી આપું? તારા વાળમાં સુગંધી તેલ નાંખી આપું? મને તારા મેલા જામા ધોવા દે. મારી બકરીઓનું દૂધ હું તને હંમેશાં આરોગવા માટે ધરાવીશ. તું ક્યાં છુપાઈ રહેલો છે? મારો પ્રેમ એટલો બધો ઉછળે છે કે તારા હાથને હું બોસા કરી લઉં. તારા કદમની હું ચંપી કરું એવું મને મન થાય છે.

"મને એવી ખાહેશ છે કે તારા સોનેરી આસમાનમાં, તારા આફતાબની પાસે, તારાં વાદળાંઓએ બિછાવેલી ઊનની જાજમ પર તું આરામ કરે તે પહેલાં તારી ખાબગાહ હું વાળી ઝૂડીને સાફ કરું. અરે મારા આનંદ! મારા બાદશાહ!"

એ પાક ઇબાદતગાહમાં લોબાનનો ધુપ કરનારા સેવકોએ આ વાક્યો સાંભળ્યા અને તેઓ બોલ્યા: "અરે કુત્તા! શાં નિન્દાવાક્યો તું બકી રહેલો છે? કોને સંબોધીને તું આ બધું કહે છે? જે ખુદાને તું આ સંભળાવે છે તેને શું તારા ખોરાકપોષાકની ઝરૂરત છે? શું તેને તારા જેવા હાથપગ છે? તારા જેવું રૂપ કે આકાર છે?

શું તું હેવાનના ટોળાનો રખેવાળ આ સખુનો સર્વશક્તિમાન ખુદાને સંબોધી રહેલો છે? તને તો પથરાઓ મારી મારીને તારો નાશ કરીએ તેને જ તું લાયક છો! તું શાપિત છે, નજીસ છે, ચાલ્યો જા. આ પાક દીવાલોની અંદર તારાં પગલાં ન હોય."

શરમિન્દગીથી માથું નમાવીને એ બીચારો ભરવાડ ચાલવા લાગ્યો પણ આપણા પયગંબર સાહેબની નજરે આ બધું જોવામાં આવ્યું. કરુણા નીતરતી નજરથી એમણે એ આદમી તરફ જોયું અને નાઝુક હાસ્ય કર્યું. પછી એને હાંકી કાઢવા તૈયાર થએલાઓને એમણે સંભળાવ્યું: "તમે લોકો જ્યારે આ પવિત્ર ઇબાદતગાહની બહાર દૂર દેશાવરમાં નમાઝ અદા કરો છો ત્યારે તમારો ચહેરો કઈ દિશા તરફ રાખો છો?" દરેકે જવાબ આપ્યો, "કાબા મુકદ્દસ તરફ."

"અને આ દીવાલોની અંદર હાજીઓની માફક તમે પ્રાર્થના કરો છો ત્યારે મક્કા શરીફ કઈ તરફ આવેલું હોય છે?" તેમણે ફરી પૂછ્યું.

"અંહી તો બધું જ પવિત્ર છે અને કોઈ પણ દિશામાં ફરીએ એ બધું અંહિ તો સરખું જ છે." ફરી જવાબ મળ્યો.

"તમારી વાત વાજબી છે. કાઅબાની અંદર માનવીઓ ગમે તે-દિશામાં ફરે તે સરખું છે અને એ જ મુજબ ખુદાના પ્રેમના સ્વરૂપ જેવી આ પાક જગ્યામાં સખુનો એ ખાલી શ્વાસ છે અને ઇમાનની જ અંહિ કીમ્મત છે. આ સાદા દિલવાળા ભરવાડની ઇબાદત ખુદાના કાનમાં તમારી પ્રાર્થના કરતાં વધારે સાફ સંભળાઇ છે. એ ભલે જાહિલ હોય છતાં એના શબ્દો એના અંતરમાંથી આવતા હતા, ફક્ત ઝબાનમાંથી નહીં. ખુદાના આ ગરીબ ભક્ત માટે મારી બાજુમાં જગ્યા કરો. કાલી ઘેલી ભાષામાં પ્રેમના શબ્દો બોલતા બાલકને માતા જેમ ગોદમાં લે છે એમ આવા આદમીઓની સાદી, સરલ ઇબાદતના સખુનો સાંભળવા ખુદાના કાન હમેશાં ખુશ હોય છે. એવા માણસોનું સ્થાન હરકોઇની બાજુમાં ગૌરવ આપનારું હોય છે."

અને સૌએ શરમથી શિર ઝૂકાવ્યાં!

મૌનની મહત્તા

સવાર, સાંજ, રાત શબ્દથી ગળું તાણી
એક ગર્દભને શીખવતો હતો પંડિત, વાણી
કહે શરાબી, "કાર્ય સિદ્ધિ થશે, આપ, યદિ,
મહાત્મ્ય મૌનનું રાસભ કનેથી લ્યો જાણી."

નવજીવન

એપ્રિલ ૧૯૫૫

રૂા. ૧ અથવા શિ.



ઉત્કૃષ્ટ સાહિત્યનું
સચિત્ર માસિક

તંત્રી
રામુ પરમાનંદ ઠક્કર

વર્ષ ૧ લું
અંક ૬ ઠો
એપ્રિલ ૧૯૫૫

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૧૦
પરદેશોમાં શી. ૨૦

પુર્વ આફ્રિકાના એજંટ
Mrs. Rama D. Thakkar
P. O. Box No. 147,
JINJA
(Uganda–East Africa)
એ સરનામે લવાજમ ભરીને
ગ્રાહક થઈ શકાશે.

દફતરનું સરનામું:
૩૫, બાપુભાઇ વશી રોડ,
વિલેપારલે, મુંબઇ નં. ૨૪

અનુક્રમણિ

મુદ્રક અને પ્રકાશક: રામુ પરમાનંદ ઠક્કર,
મુદ્રણ અને પ્રકાશનસ્થાન: "ગુજરાતી" પ્રિંટીંગ પ્રેસ
૩૦૮, બઝારગેટ, સ્ટ્રીટ, રીઝર્વ બેંકની પાછળ,
કોટ, મુંબઇ

પુસ્તક ૧ લું] એપ્રિલ ૧૯૫૫ [અંક ૭ મો

॥ ॐ ॥

भद्रं कर्णेभिः शृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवांसस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

મૌનનું મહત્ત્વ

ગ્રીસના વિશ્વવિખ્યાત ફિલસૂફ પિથાગોરાસનો એક એવો નિયમ હતો કે પોતાને ત્યાં જે નવો શિષ્ય આવે તેને પહેલાં પાંચ વરસ સુધી એ સંપૂર્ણ મૌન પાળવાની તાલીમ આપતો. તેના આ વિચિત્ર નિયમનું એકવાર કોઈ મિત્રે કારણ પૂછ્યું ત્યારે પિથાગોરાસે ઉત્તર આપ્યો કે "જે માણસ સતત પાંચ વરસ સુધી મૂંગો રહી શકે તેને પછીના જીવનમાં મોઢું બંધ રાખવાની એવી સરસ આદત પડી જાય છે કે ખાસ જરૂર ન હોય ત્યારે એ કદી મોઢું ખોલતો નથી."

શરીરની વિવિધ ઇન્દ્રિયો ઉપર સંયમ કેળવનારા ઘણા માણસો જોવા મળે છે, તેમાં જીભ ઉપર સંયમ રાખનારાઓ બહુ જ ઓછા જોવા મળે છે. જેઓ જીભ પર સંયમ રાખવાનો યત્ન કરે છે, તેમાંના ઘણાં જીભનું કામ કલમ વડે કરતા હોય છે.

શબ્દો જ્યાં સુધી મ્હોંમાંથી છુટે નહીં ત્યાં સુધી એના ઉપરનું સંપૂર્ણ સ્વામિત્વ તમારૂં પોતાનું છે. પણ એકવાર શબ્દો મ્હોંમાંથી બહાર નીકળી ગયા પછી તમારા ઉપર એમનું સ્વામિત્વ સ્થપાય છે. ધનુષ્યમાંથી છુટેલા બાણની પાછળ દોડીને તેને પકડી લેવાની શક્તિ મહા બળવાન વીર ભીમસેનમાં હતી એમ કહેવાય છે. પરંતુ મ્હોંમાંથી નીકળી ગયેલા શબ્દો અન્યના કાને પડે તે પહેલાં પાછા ખેંચી લેવાની શક્તિ ઈશ્વરે કોઈ પ્રાણીને આપી નથી.

બોલવું જોઈએ એવે વખતે ન બોલનાર માનવી ક્યારેક પોતાને નુકસાન કરે છે; ક્યારેક બીજાઓને પણ નુકસાન કરી બેસે છે; પરંતુ ન બોલવું ઘટે તેવે વખતે બોલી ઉઠનાર માનવી તો હમેશાં નુકસાન જ કરે છે—કાં તો પોતાને, કાં તો બીજાને અને કોઈ વાર બન્નેને.

બોલવાની જરૂર જ ન હોય, અથવા બોલ્યા વિના ચાલી શકે તેમ હોય તેવે વખતે મૌન રાખવાની જો બધા જ માણસો આદત પાડી શકે તો દુનિયાના અરધાં દુઃખો આપમેળે ઓછાં થઇ જાય. કવેળાયે અને જરૂર વિના બોલાયેલા થોડા શબ્દોને પરિણામે નાના નાના કલહ કંકાસોથી માંડીને ભયંકર યુધ્ધો સરજાયાની વાતોથી ઇતિહાસનાં પાનાં ભરપૂર ભરેલાં પડયાં છે. "સદા સત્ય જ બોલવું અને સદા પ્રિય લાગે તેવુ જ બોલવું અને સત્ય પણ અપ્રિય લાગે તેવું હોય તો ન બોલવું" એવું એક શાસ્ત્રવચન છે, પણ સત્ય સદા જ પ્રિય લાગે એવું હોતું નથી. માટે જ્યારે સત્ય બોલવુ જ પડે એવો કસોટીનો સમય આવે ત્યારે એ અપ્રિય હોય તો યે શાસ્ત્રવચનની ઉપેક્ષા કરીને ય બોલવુ જોઇએ, પરંતુ કશા હેતુ વિના, સ્વાર્થ વિના, કેવળ બોલવા ખાતર જ કે અન્યને સારું લગાડવા ખાતર ઇરાદાસર ખોટું બોલવાથી તો સર્વદા દૂર જ રહેવું ઇષ્ટ છે.

મનમાં વિચાર આવે કે તરત જ એ બોલી નાખવામાં ડહાપણ નથી. એ વિચાર પાછળથી બદલાઇ પણ જાય. વચન કે વાયદો વગર વિચાર્યે આપી દેવામાં સત્યનું સેવન નથી, કેમકે વચન કે વાયદાનુ હમેશાં પાલન થશે જ એવી ખાતરી એ આપનારને હોતી નથી.

અને મૌનની સહુથી વિશેષ જરૂર તો ભાવિમાં કરવાનાં કામ પરત્વે છે. "આમ થશે; આમ કરવું છે, આમ થવાનુ છે" વગેરે વાતો મનમાં રાખી મુકનાર માણસ સહુથી શાણો ગણાય છે. એ થયા પછી જગત જોઇ શકે છે કે કશું બોલ્યા વિના કામ કરનારે કામ કરી બતાવ્યું છે, પણ પહેલેથી જાહેરાતો કરી દીધા પછી જ્યારે તેનો અમલ થાય નહીં ત્યારે તે જાહેરાતો કરનાર જગતની હાંસીનું અને ક્યારેક તિરસ્કારનું પણ પાત્ર બને છે.

મૌનનું આ મૂલ્ય સમજવાની આજે જો કોઇને સહુથી વિશેષ જરૂરત હોય તો તે આપણા દેશના વહીવટદારોને છે. સ્વતંત્રતાના નવા જુસ્સામાં તેમને તરેહ તરેહની જાહેરાતો કરવાની અને જાતજાતનાં વચનો આપવાની આદત પડી ગઇ છે. એમની નિષ્ઠા બુરી નથી એ સહુ કબુલ કરે છે. જે બોલે છે તે કરી બતાવવાની એમના મનમાં વૃત્તિ હોય છે એ પણ સ્વીકારી લઇએ. પણ તેમની ગણતરી પાકી હોતી નથી. પોતાની પાસેનાં સાધનો અને માનવીઓની તાકાતનું તેમને સાચું જ્ઞાન હોતું નથી. એથી એમનાં વચનો વારંવાર ખોટાં પડે છે ને તેઓ જનતાની હાંસીનાં પાત્રો બને છે.

"અમે આમ કરવાના છીએ" એવું બોલતાં પહેલાં જો તેઓ મૌનની તાકાત પીછાની લે અને જે કરવાનું હોય તે કરી બતાવે તો પછી "અમે આ કર્યું છે" એવું બોલવાની તેમને જરૂર પણ નહીં રહે—કેમકે જે થયું હશે તે જગત પોતાની આંખે જોઇ લેશે.



ખૂબ જગતમાં ખેલી!

રચનાર
ગઢવી પિંગલસી પાતાભાઇ
ભાવનગરના સ્વર્ગસ્થ રાજકવિ

આ દેહ બની અલબેલી રામ,
ખૂબ જગતમાં ખેલી.

વ્હાલીડા મારા! નહીં રે એ તાપમાં તપેલી.
એ તો શીતલ છાંય વસેલી, રામ!
ખૂબ જગતમાં ખેલી.

વ્હાલીડા મારા! નહીં રે એ કષ્ટમાં કસેલી.
એ તો રસબસ રંગમાં રહેલી, રામ!
ખૂબ જગતમાં ખેલી.

વ્હાલીડા મારા! નહીં રે પુરાણી થયેલી.
એ તો નિતનિત બની નવેલી, રામ!
ખૂબ જગતમાં ખેલી.

વ્હાલીડા મારા! પિંગલ કહે વાત છેલ્લી.
એને જલતી જોઇ અકેલી, રામ!
ખૂબ જગતમાં ખેલી.



હું માનું છું કે-

નિવેદક
શેઠ વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ
અમદાવાદ

૧. પુરૂષમાં વખાણવા લાયક સદ્ગુણ કયો? હિંમત

૨. સ્ત્રીમાં વખાણવા લાયક સદ્ગુણ કયો? વાત્સલ્ય

૩. જીંદગીની ખરેખરી સફળતા શામાં? બીજાને સુખ આપવા

૪. આપનો પ્રિય વિનોદ કયો? વાંચન

૫. આપનું મનગમતું ફૂલ કયું? ચંપો

૬. આપનો પ્રિય લેખક કયો? ખાસ કોઈ નથી

૭. આપનું પ્રિય પુસ્તક કયું? રાઈનો પર્વત

૮. આપનો મુદ્રાલેખ: કરો કર્તવ્ય ના ડરો

૯. સહી વિદ્યાબહેન ર. નીલકંઠ

મેઘરાજનો મહેમાન

ચીનની એક સુંદર લોકકથા

["લગ્નની વીશી" નામની એક ચીનાઇ લોકકથા "નવજીવન"ના ફેબ્રુઆરીના અંકમાં છાપવામાં આવેલી તે ઘણા વાંચનારાઓને બહુ ગમી ગંઇ હતી. એ જોઇને એક બીજી ચીનાઇ લોકકથા અંહી રજુ કરવાનું મન થાય છે. આ વાર્તા લી પુ ચેન નામના ચીનના એક પ્રાચીન પંડિતની લખેલી છે. પ્રખ્યાત ચીનાઇ ફિલસુફ અને લેખક લીન યુટાંગે આ વાર્તાનો અંગ્રેજીમાં અનુવાદ કરેલો છે.]

ચીનના ઇતિહાસમાં પ્રખ્યાત થઇ ગયેલો મહાન સેનાપતિ લી સીંગ જ્યારે જવાન હતો અને કોઇ તેને ઓળખતું નહોતું તે વખતે તેને હુઓના પર્વતોમાં શીકાર કરવાનો ભારે શોખ હતો. એ પર્વતોની આસપાસના પ્રદેશમાં વસતા ગામડીઆ લોકોને એ ખૂબ પરિચિત થઇ ગયો હતો. કદે ઉંચો, દેખાવે સ્વરૂપવાન અને સ્વભાવે મીઠો હોવાથી એ સહેલાઇથી બધાનો મિત્ર બની જતો અને લોકો એને ચાહતા. શીકારે નીકળે ત્યારે કોઇ વાર બપોરનું કે રાતનું ખાણું ખાવા માટે એ એક ચોક્કસ ગામડામાં જતા. એ ગામડાનો મુખી તેને જ્યારે એ આવે ત્યારે ભોજન આપતો અને કોઇ વાર રાતે બહુ મોડું થઇ ગયું હોય ને લી સીંગ શહેરમાં પહોંચી શકે તેમ ન હોય ત્યારે તેને ત્યાં રાતવાસો રહેવાની પણ સગવડ કરી આપતો. મુખી પૈસેટકે સુખી હતો અને મહેમાનદારીમાં ઉદાર હતો. લી પાસેથી એ પૈસા કદી લેતો નહીં, છતાં જ્યારે જરૂર પડે ત્યારે લીને ગરમાગરમ ભોજન અને આરામભર્યું બીછાનું પુરૂં પાડતો. એથી એ બેઉ જણા વચ્ચે સારી દોસ્તી બંધાઇ ગઇ હતી.

એક દહાડે શીકારે નીકળતાં લીએ હરણાંનું એક ટોળું દીઠું અને તેનો પીછો પકડયો. લી ઘોડેસ્વારીમાં કાબેલ હતો એટલે ટેકરાઓ અને ખાણો ઝડપથી વટાવતો ગયો, ને કેટલીક વાર તો એ ટોળાને શોધી કાઢવા માટે છેક ટેકરીના મથાળા સુધી ચડી જતો. પણ પેલું હરણાંનું ટોળું એને છેતરી ગયું. પાંચસો ફુટના અંતર પર ચાલી રહેલું કોઇ પણ પ્રાણી બરાબર દેખી શકે તેવી લીની આંખો સાબુત હતી અને જેનો પીછો પકડે તેને છોડી દે એવો એ કાચો શીકારી નહોતો. એટલે એ આખો દહાડો પોતાના શીકારની શોધમાં એકથી બીજી ટેકરી પર ભટકતો રહ્યો અને એમ કરતાં કરતાં સંધ્યાકાળ વીતી ગયો અને અંધારૂં છવાઇ ગયું. એ વખતે લી સીંગ પોતાનો રસ્તો ભૂલી ગયો હતો અને જંગલમાં પોતે ક્યાં આવી પડયો છે તેનો તેને ખ્યાલ રહ્યો નહોતો. એક તો એ થાકીને લોથ થઇ ગયો હતો અને વળી શીકાર નહીં મળવાથી નિરાશ થયેલો હતો. એણે જેમ તેમ કરીને રસ્તો શોધવા એ અજાણ્યા પ્રદેશમાં ભટકવા માંડયુ એવામાં સારા નસીબે એક નાના ડુંગરાની ટોચ ઉપરથી આવતા બત્તીના પ્રકાશ ઉપર તેની નજર પડી. એણે જોઇ લીધું કે અરધા કલાકમાં એ ઠેકાણે પહોંચી જવાય તેમ છે. રાતવાસો કરવાની ત્યાં સગવડ મળશે એવી આશા રાખીને તેણે પોતાનો ઘોડો એ દિશામાં મારી મુકયો.

જ્યારે એ ટેકરીની ટોચ પર પહોંચ્યો ત્યારે ત્યાં એક મોટો મહેલ તેની નજરે

પડયો. એ મહેલની ચારે બાજુ સફેદ પથ્થરની એક ઉંચી વંડી બાંધી લીધેલી હતી અને તેનો દરવાજો લાલ પથ્થરનો બનાવેલો હતો. એણે દરવાજે જઇને સાંકળ ખખડાવી અને જવાબની રાહ જોતો ઉભો. ઘણીવાર થયા પછી એક નોકરે આવીને દરવાજાની બાજુની એક નાની બારી ખોલી અને પૂછ્યું "કોનું કામ છે?" લીએ જવાબ આપ્યો, "હું શીકારે નીકળ્યો હતો ને ભૂલો પડી ગયો છું. આજની રાત માટે તમારી મહેમાનદારીની માગણી કરવા અંહી આવી ચડયો છું."

નોકરે જવાબ આપ્યો, "હું દિલગીર છું, પણ તમારી માગણી સ્વીકારવાનું બને તેમ નથી. ઘરના મરદો બધા બહાર ગયેલા છે ને ઘરમાં બાઇ સાહેબ એકલાં જ છે."

"કૈં નહીં, તમે મારી વિનંતિ બાઇ સાહેબને પહોંચાડશો ખરા?" લીએ પૂછયું.

નોકર અંદર ગયો ને થોડી જ વારમાં પાછો આવીને બોલ્યો, "અંદર આવો. બાઇ સાહેબ પહેલાં તો તમને આવવા દેવા નારાજ હતાં પણ તમે ભૂલા પડેલા છો એમ જાણીને તેમણે ફરીથી વિચાર કરી જોયો અને કહે છે કે રાતવાસો રહેવા માટે તમને એક ઓરડો કાઢી આપશે."

તે પછી નોકર લીને મહેલના એક મોટા દીવાનખાનામાં લઇ ગયો. એ દીવાનખાનામાં કાચના ફાનસ અને ઝુમ્મરોની રોશની હતી અને અમીરોના ઘરમાં જોવા મળે એવું ઘણું બીજું રાચરચીલું નજરે પડતું હતું. થોડીવારમાં એક નોકરાણીએ ત્યાં આવીને તેને કહ્યું, "બાઇ સાહેબ અંહી આવે છે."

તરત જ પચાસેક વરસની ઉમરની, દેખાવે જાજરમાન અને દમામદાર અને કાળાં વસ્ત્રો પહેરેલી એક સ્ત્રી ત્યાં આવી પહોંચી. એનાં વસ્ત્રો રંગે કાળાં છતાં ઉંચામાં ઉંચા રેશમનાં હતાં અને એના અંગ ઉપર ઉંચી કારીગરીનાં મૂલ્યવાન આભૂષણો હતાં. લીએ તેને નમન કરીને પોતે આપેલી તકલીફ માફ કરવાની વિનંતિ કરી.

"આજ રાતે મારા બેટાઓ બહાર ગયેલા છે એટલે સામાન્ય રીતે તો હું કોઇ મહેમાનને બોલાવું નહીં. પણ આવી અંધારી રાતે તમે ભૂલા પડેલા છો, એમ જાણીને તમને અંહીથી પાછા કાઢતાં મારું દિલ ચાલ્યું નહીં." બાઇએ કહ્યું. તેના શબ્દો અને અવાજ કોઇ રાણી કે અમીરજાદીને છાજે તેવા સંસ્કારી હતા. એ અવાજમાં સુખી સંતાનોની માતા અને સદ્‌ગૃહસ્થના ઘરની ધણીયાણીની મીઠાશ નીતરતી હતી. એના સફેદ થવા આવેલા વાળ પણ સુંદર લાગતા હતા.

થોડી વારે લીને સાદું પણ સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું. ભોજનમાં મુખ્યત્વે માછલી જ હતી. ખાણું કાચના વાસણોમાં પીરસવામાં આવ્યું હતું અને તે ખાવા માટેની સળીઓ (ચીના લોકો પોતાનું ખાણું વાંસની લાંબી અણીદાર સળીઓ—ચોપસ્ટીક—વડે ખાય છે) હાથીદાંતની બનાવેલી હતી.

ખાણું પુરું થયે બાઇએ લી સીંગની રજા માગી અને કહ્યું, "તમને થાક ઘણો લાગ્યો હશે અને આરામની જરૂર હશે. તમને કોઇ ચીજ વસ્તુની જરૂર પડે તો તે માટે મારી નોકરાણીઓ અંહી હાજર છે."

લીએ ઉભા થઇને પોતાની મેજબાન બાનુનો આભાર માન્યો. જવાબમાં બાઇએ મીઠાશથી કહ્યું, "રાતમાં કદાચ કૈંક ઘોંઘાટ થવાનો સંભવ છે, પણ એથી તમારી ઉંઘમાં ખલેલ નહીં પડે એવી આશા રાખું છું."

એ સાંભળીને લીને અચંબો લાગ્યો હોય એવા તેના મોં ઉપરના ભાવ જોઇને બાઇએ કહ્યું "મારા બેટાઓ ઘણીવાર અડધી રાતે પાછા આવે છે અને આવે ત્યારે ખૂબ ઘોંઘાટ કરી મૂકે છે. તમને એ કહેવાનો હેતુ એટલો જ છે કે એવો કોઇ ઘોંઘાટ થાય તો તમે ચમકી ન જતા."

લી એ જવાબ આપ્યો, "હું નહીં ચમકી જઉં." એના બેટાઓ કેટલી ઉંમરના હતા, શું ધંધો કરતા હતા, વગેરે વિગતો પૂછવાનું એને મન થયું પણ પછી એને લાગ્યું કે એટલી બધી જિજ્ઞાસા બતાવવી એ ઠીક નહીં.

થોડી જ વારમાં બે નોકરાણીઓ સ્વચ્છ, મુલાયમ ગાદલું, ચાદર, ઓશીકાં અને ઓઢવાનું લઈને આવી પહોંચી અને લી નું બીછાનું તૈયાર થઈ ગયું. તે પછી તેની બધી જરૂરીઆતો બરાબર પુરી પાડવામાં આવી છે તેની ખાતરી કરીને નોકરાણીઓ ચાલી ગઈ અને જતાં જતાં તેમણે ઓરડાનો દરવાજો બંધ કર્યો.

બીછાનું મજેનું, હુંફાળું હતું અને આખા દિવસની રખડપટ્ટીથી લી સીંગ થાકી ગયેલો હતો. પણ તેને ઉંઘ આવી નહીં. એ મનથી વિચારે ચડી ગયો કે દુનિયાના માનવીઓથી આટલે દૂર એકાંતમાં વસનારા અને રાતને વખતે કામ કરનારા આ લોકો કોણ હશે! એનું આખું શરીર થાકી ગયું હતું અને ઉંઘની તેને ઘણી જ જરૂર હતી છતાં આ વિચારે એને જાગતો રાખ્યો. પોતાના શીકારના ઉપર સચોટ નિશાન તાકવા માટે શીકારી જેમ શાંત થઈને બેસી રહે છે એમ લી સીંગ પણ હવે શું બને છે તે જોવા માટે બીછાનામાં જાગતો પડી રહ્યો.

મધરાત થવા આવી ત્યારે મહેલનો દરવાજો કોઈ જોરથી ઠોકતું હોય તેવો અવાજ તેને કાને અથડાયો. તે પછી તરત જ તેણે બારી ખુલવાનો અવાજ સાંભળ્યો અને કોઈની સાથે ધીમે અવાજે વાત કરતા નોકરનો અવાજ પણ સાંભળ્યો. એ પછી તેને નોકરના પગલાં મહેલની ઓસરી તરફ આવતા સંભળાયાં અને પેલી બાનુને પોતાના ઓરડામાંથી બહાર નીકળતી સાંભળી. બહાર નીકળીને એણે નોકરને પૂછ્યું, "શી વાત છે?"

"એક આદમી આ પયગામ લઈને આવ્યો છે અને કહે છે કે સંદેશો બહુ જ જરૂરી છે." નોકરે જવાબ આપ્યો, "મોટા કુમાર સાહેબને આ પર્વતની આસપાસના સાત માઈલના વિસ્તારમાં વરસાદ વરસાવવાનો એમા હુકમ કરવામાં આવ્યો છે અને મળસ્કું થતાં પહેલાં વરસાદ બંધ થઈ જવો જોઈએ એવું ફરમાન છે. સાથોસાથ એમ પણ કહેવામાં આવ્યું છે કે પાકને કોઈ રીતે નુકસાન ન પહોંચે એ ખ્યાલ રાખીને બહુ વરસાદ વરસાવવાનો નથી."

બાઈએ ઝડપથી, પણ જરા ઉશ્કેરાટથી કહ્યું, "મારાથી આમાં શું થાય? બન્ને બહાર ગયેલા છે અને આટલી મોડી રાતે એમને તેડાવવા પણ શી રીતે? અને આ કામ માટે મારાથી બીજા કોઈને તો મોકલાય નહીં."

એક નોકરાણી આ સાંભળીને બોલી ઉઠી, "આપણા મહેમાનને આ કામ ન સોંપાય? આદમી કદાવર છે અને વળી શીકારી પણ છે. એનો ઘોડો પણ ફક્કડ છે."

બાઈને આ સૂચના એકદમ ગમી ગઈ. એણે લીના ઓરડાનું બારણું ખખડાવ્યું અને પૂછ્યું, "તમે જાગો છો કે?"

લીએ જવાબ આપ્યો, "ફરમાવો. આપની કોઈ પણ સેવા માટે હું તૈયાર છું."

"તો મહેરબાની કરી બહાર આવો. મારે તમારી સાથે થોડી જરૂરી વાત કરવી છે."

લી બીછાનામાંથી ઉઠયો અને તરત જ બહારની ઓસરીમાં આવ્યો. બાઈએ તેને કહ્યું, "જુઓ, આ ઘર બીજા સાધારણ માનવીઓના ઘર જેવું નથી. તમે મેઘરાજના ઘરમાં આવી ચડ્યા છો. હમણાં જ મારા ઉપર સ્વર્ગમાંથી એક હુકમ આવી પડ્યો છે કે હમણાંથી શરૂ કરીને મળસ્કું થતાં સુધી વરસાદ વરસાવવાનો છે. અને એ કાર્ય માટે મોકલી શકાય એવો કોઈ માણસ અહીં મારી પાસે નથી. મારો મોટો બેટો પૂર્વ દેશના સમુદ્રમાં આવેલા એક ટાપુ ઉપર એક લગ્નમાં હાજરી

આપવા ગયો છે ને નાનો બેરો તેની બહેનની સાથે લાંબી મુસાફરી પર ઉપડી ગયો છે. એ બધાં અહીંથી હજારો માઇલ દૂર છે અને અત્યારે એમાંના કોઇને વખતસર સંદેશો પહોંચાડી શકાય તેમ નથી. તમે આટલું કામ કરવાની મહેરબાની કરશો? વરસાદ વરસાવવો એ અમારું કામ છે અને જો આ ફરમાનનો અમલ નહીં થાય તો મારા બેટાઓને તે માટે સજા થશે.'

આવી વિચિત્ર માગણી સાંભળતાં લીના હર્ષનો પાર રહ્યો નહીં, "આપની કોઇ પણ સેવા ઉઠાવવામાં મને ઘણો જ આનંદ થશે, બાનુ, પરંતુ આ વાત મારી સત્તા અને મારા અનુભવની બહારની છે. મને લાગે છે કે વરસાદ વરસાવવા માટે મારે ઉડીને વાદળાંની પેલી પાર જવું પડશે."

"તમને સારા ઘોડા ઉપર સ્વારી કરતાં તો આવડતું જ હશે."

"બેશક."

"તો એટલું જ બસ છે. તમારે બીજું કશું કરવાનું નથી. હું તમને આપું એ ઘોડા ઉપર તમારે સ્વાર થઇને (તમારા પોતાના ઘોડા ઉપર નહીં) હું કહું તે પ્રમાણે કરવાનું છે. વાત તદ્દન સહેલી છે."

એ પછી બાઇએ કાળા કેશવાળીવાળો એક પાણીદાર ઘોડો મંગાવ્યો અને તેના ઉપર જીન અને લગામ વગેરે સ્વારીનો સામાન મુકાવ્યો. પછી તેણે વરસાદ માટેના પાણીથી ભરેલી એક નાની શીશી લીના હાથમાં મુકીને કહ્યું, "આ શીશી ઘોડાના જીનના આગળના ભાગમાં લટકાવી રાખજો.

"આ દેવતાઇ ઘોડો છે" બાઇએ કહ્યું, "એની લગામ ઢીલી પકડજો અને એને જ્યાં જવું હોય ત્યાં જવા દેજો. એને બહુ ન દોડાવતા. ક્યાં જવાનું છે તે એને ખબર છે. જ્યારે એ પોતાની ખરીઓ વડે જમીન ખોદવા લાગે ત્યારે આ શીશીમાંથી ફક્ત એક જ ટીપું એની કેશવાળી ઉપર નાંખજો. એથી વધારે નહીં–એ વાતનું ખાસ ધ્યાન રાખજો."

લી તરત જ એ દેવતાઇ ઘોડા ઉપર ચડી બેઠો ને ઘોડો ચાલતો થયો. ઘોડાની ઝડપી છતાં સ્થિર ગતિ જોઇને એને આશ્ચર્ય થયું. થોડી વાર પછી એ જરા વધારે ઝડપે દોડવા લાગ્યો. છતાં તેની ગતિની સ્થિરતા એક સરખી જ રહી અને લીને એવો ભાસ થયો કે પોતે ઉંચે ચડી રહ્યો છે. આસપાસ નજર કરતાં એને માલુમ પડ્યું કે પોતે ઠેઠ વાદળાંઓ ઉપર ચડી ચુક્યો છે. એના શરીર પર ઝડપથી વાતો થંડો, ભીનો વાયુ જોરથી અથડાવા લાગ્યો અને નીચે વીજળીના ચમકારા અને વાદળાંનો ગડગડાટ શરૂ થઇ ગયાં. જ્યારે જ્યારે ઘોડો થંભી જઇને ખરીઓ પછાડે ત્યારે પોતાને આપવામાં આવેલી સૂચના મુજબ લી તેની કેશવાળી ઉપર પેલી શીશીમાંના પ્રવાહીનું એક ટીપું નાખતો જતો હતો. થોડી વાર પછી વાદળાંઓ ફાટ્યાં અને વીજળીના ચમકારા થવા લાગ્યા ત્યારે લીને પોતે વારંવાર રાતવાસો રહેતો હતો એ ગામડું નજરે પડ્યું. એણે મનથી વિચાર કર્યો, "આ ગામડાંના માણસોને ને તેના બુઢ્ઢા મુખીને મેં વારંવાર ઘણી તકલીફ આપી છે. તેમની મહેમાનદારીનો બદલો મેં હજુ આપ્યો નથી. હવે એને માટે મને મોકો મળી ગયો છે, વરસાદ વરસાવવાની મને તાકાત મળી ગઇ છે. કાલે મેં તેમના ખેતરોમાં પાક સુકાતા જોયા હતા, એ બીચારાઓને થોડો વધારે વરસાદ આપું."

આમ વિચાર કરીને એ ગામ માટે તેણે ઘોડાની કેશવાળી ઉપર શીશીમાંથી વીસ ટીપાં નાખ્યાં અને ત્યાં મુશળધાર વરસાદ વરસતો જોઇને એ ખૂબ રાજી થઇ ગયો. કામ પતાવી લઇને લી પાછો પેલા મેઘરાજના મહેલ પર આવી પહોંચ્યો.

એ વખતે તેની મેજબાન બાનુ ઓસરીમાં એક ખુરસી પર બેઠી બેઠી રડી રહી હતી.

લીને જોતાં જ એ બોલી ઉઠી, "તમે કેવી ભયંકર ભૂલ કરી નાખી છે! મેં તમને કહ્યું હતું કે પાણીનું ફક્ત એક જ ટીપું નાખવાનું છે છતાં તમે અરધી શીશી ઢોળી નાખી. તમને ખબર નથી કે આ શીશીનું એક ટીપું જમીન ઉપર એક ફુટ જેટલો વરસાદ વરસાવે છે, તમે કેટલાં ટીપાં નાખ્યા છે?"

મનથી પસ્તાવો કરતાં કરતાં લીએ શરમાઇને જવાબ આપ્યો, "ફક્ત વીસ જ."

"ફક્ત વીસ! વીસને તમે ફક્ત કહો છો? એક રાતમાં આ ગામડામાં વીસ ફુટ વરસાદ પડે તો શું થાય એનો તમને ખ્યાલ આવે છે? તેના બધા જ માણસો અને તમામ ઢોરઢાંખર ડૂબી જાય. આ વાતની સ્વર્ગમાં ફરિયાદ કરવામાં આવશે જ અને આ ભયાનક આફતની જવાબદારી મારા બેટાઓને માથે આવી પડશે.

"હું તમને ઠપકો આપવા નથી માગતી, કેમકે તમને આ વાતની પહેલેથી ખબર નહોતી. પણ મને ભય લાગે છે કે મારો ધણી મેઘરાજ જ્યારે ઘેર આવશે ત્યારે તમારી હાલત ઠીક નહીં રહે. માટે તમે હમણાં જ અંહીથી રવાના થઇ જાઓ તો ઠીક એવી મારી સલાહ છે."

થોડી વાર પછી બાઇએ તેને કહ્યું, "તમે મારું કામ કર્યું છે તેનો મારે તમને બદલો આપવો જોઇએ. ભૂલ મારી જ હતી. ઘેર આવેલા મહેમાનને મારે અરધી રાતે ઉંઘમાંથી જગાડવો નહોતો જોઇતો. અંહી આવા એકાંત સ્થળમાં મારી પાસે તમને આપવા જેવી કોઇ મૂલ્યવાન ભેટસોગાદ તો નથી, પણ હું તમને મારા નોકરોમાંથી બે નોકરો બતાવું, તે બેમાંથી ગમે તે એકને અથવા જોઇએ તો બન્નેને તમે ગુલામ તરીકે લઇ જઇ શકો છો."

બાઇની બે બાજુએ ઉભેલા બેઉ નોકરો તરફ લીએ નજર કરી. પૂર્વ તરફ ઉભેલો નોકર ભલો અને નમ્ર દેખાતો હતો. પશ્ચિમ દિશાએ ઉભેલો માણસ ખડતલ અને કસરતી શરીરવાળો હતો છતાં દેખાવમાં જરા કરડો લાગતો હતો.

નોકર હોય તો કામમાં લાગે અને વળી એ રાત્રે પોતાને થયેલા અલૌકિક અનુભવની યાદ હમેશાં તાજી રહે એમ સમજીને લીએ પેલી બાનુએ કરેલી દરખાસ્ત સ્વીકારી લીધી. 'હું એકને લઇ જઉં" તેણે કહ્યું.

થોડી વાર લીએ મનથી વિચાર કરવા માંડ્યો. નમ્ર દેખાતો આદમી બુદ્ધિશાળી અને ગમી જાય તેવો જણાતો હતો, પણ શીકારમાં એ કદાચ બહુ ઉપયોગી નિવડે એવો નહોતો. એટલે આખરે લીએ પેલા કરડા દેખાવના મજબુત અને ખડતલ આદમીની પસંદગી કરી.

પોતાની મેજબાન બાનુનો ઉપકાર માનીને લી ત્યાંથી નીકળી ગયો. બહાર નીકળીને તેણે એ મહેલ તરફ ફરી નજર કરી ત્યારે તેને માલમ પડ્યું કે એ મહેલ ત્યાં હતો નહીં–ગાયેબ થઇ ગયો હતો. પોતાની પાછળ પાછળ ચાલ્યા આવતા નોકરને એનો ભેદ પૂછવા માટે તેણે પાછળ નજર કરી ત્યાં તો એ નોકર પણ ગાયેબ થઇ ગયો હતો!

વખત જતાં લી સીંગ ચીનનો એક મોટો સેનાપતિ બન્યો અને તેણે ઘણાં યુદ્ધોમાં વિજય મેળવીને ટંગ વંશનું રાજ્ય સ્થાપવામાં સરસ ફાળો આપ્યો. એ રાજ્યનો બાદશાહ તેનો મિત્ર હતો અને તેની એણે ઘણાં વરસ સુધી સેવા કરી પરંતુ તેને કદી મંત્રી, પ્રધાન, વઝીર કે બીજા કોઇ મોટા સનદી અમલદારનો હોદ્દો મળ્યો નહીં. એનું કારણ એ હતું કે તેણે પેલા ભલા, નમ્ર અને વિનયવાન નોકરને પસંદ નહોતો કર્યો. ત્યારથી ચીનમાં એક એવી કહેવત પ્રચલિત થઇ છે કે સારા સેનાપતિઓ (ડુંકવાન પ્રદેશ–પશ્ચિમ દિશા) તરફથી આવે છે અને સારા પ્રધાનો પૂર્વ દિશા (મધ્ય પ્રદેશ)માંથી આવે છે. જો લીએ બેઉ નોકરોની માગણી કરી હોત તો એ રાજ્યનો સેનાપતિ પણ બનત અને મુખ્ય પ્રધાન પણ બનત.

અલક મલકની વાતો

દયાની દેવી

પેનીસીલવાન્નીઆના કોર્નવેલ્સ હાઇટસ નામે ઓળખાતા પ્રદેશમાં ત્યાંના અસલ વતનીઓ (જે. ઇંડીઅનને નામે ઓળખાય છે)ના (શિક્ષણ, વિકાસ અને સંસ્કારના ઘડતર માટે ખ્રિસ્તી સાધ્વીઓ (સીસ્ટર્સ)નો એક સંઘ કામ કરી રહેલો છે. આ સંઘનું નામ "ઓર્ડર ઓફ સિસ્ટર્સ ઓફ ધી બ્લેસેડ સેક્રામેન્ટ ફોર ઇંડીઅન્સ" છે. આ સંઘ અમેરિકાના એ પ્રદેશમાં વસતા કાળી અને લાલ ચામડીવાળા હબસી લોકોનાં શ્રેય–કલ્યાણ માટે સેવાભાવે કામ કરે છે. (જેમ આપણા દેશમાં ખ્રિસ્તી મિશનરીઓ કામ કરે છે તે પ્રમાણે)

સને ૧૮૯૧ની સાલમાં આ સંઘમાં કેથેરાઇન ડ્રેક્સેલ નામની એક ગોરી અમેરિકન બાનુ જોડાઇ. એ બાઇ અમેરિકાના એક મોટા અને તવંગર શરાફ કુટુંબની દીકરી હતી. એના બાપનું નામ હતું ફ્રાન્સીસ એ. ડ્રેકસેલ. સને ૧૮૮૫માં એ દોઢ કરોડ ડોલર (આશરે રૂપીઆ સાડાસાત કરોડ)ની દોલત મૂકીને મરણ પામ્યો હતો. કેથેરાઇન ડ્રેક્સેલ પોતાની યુવાવસ્થામાં પોતાની બ્હેનો સાથે નેબ્રાસ્કા પ્રદેશમા મુસાફરીએ ગયેલી ત્યારથી તેને "ઇંડીયન" નામે ઓળખાતા એ પ્રદેશના હબસીઓના જીવનમાં રસ પડવા માંડયો હતો. એ જંગલી, વહેમી અને અજ્ઞાની પ્રજાને ઉંચે આણવા માટે પરોપકારી સંસ્થાઓ (મિશન) સ્થાપવાની તેની માગણી મંજુર રાખીને તેના બાપે એ માટે ખોબા ભરી ભરીને પૈસા આપવા માંડેલા.

બાપના મરણ પછી સને ૧૮૮૯ માં કેથેરાઇન "દયાની દેવીઓ" (સીસ્ટર્સ ઓફ મર્સી)ના નામે ઓળખાતા સંઘમાં સભ્ય તરીકે દાખલ થઇ અને બે વરસ પછી તેણે સાધ્વી (નન) તરીકેની પાકી દીક્ષા લીધી, અને પોતાની અઢળક દોલત "સિસ્ટર્સ ઓફ ધ મોસ્ટ બ્લેસેડ સેક્રામેંટ" નામનો એક નવો સેવાસંઘ સ્થાપવામાં ખરચી નાખી.

એ વખતે તેની મિલ્કતમાંથી તેને વરસ દહાડે ત્રણ લાખ ને સાઠ હજાર ડોલર (આશરે ૧૮ લાખ રૂપીઆ)ની આમદાની મળતી હતી. આમાંથી પોતાના ખર્ચ માટે એ દરરોજનો અરધો ડોલર (અઢી રૂપીઆ) એટલે વરસ દહાડે ફક્ત ૯૦૦ રૂપીઆ વાપરતી અને બાકીના ૧૭ લાખ, ૯૯ હજાર ને ૧૦૦ રૂપીઆ પોતાના સેવા કાર્યમાં ખરચતી.

આજે એ સંઘ તરફથી ખાસ્સી ૨૩ નિશાળો ચાલે છે અને આખા અમેરિકામાં રોમન કેથોલીક સંપ્રદાયના હબસીઓ માટેની એકની એક યુનિવરસીટી (કેલીફોર્નીઆની સેંટ ઝેવિયર્સ યુનીવરસીટી) એ સંઘ તરફથી ચાલે છે. ઉપરાંત એ સંઘ તરફથી ૬૫ મઠ ચાલી રહ્યા છે જેમાં વસતી સાધ્વીઓની કુલ સંખ્યા ૪૦૦ જેટલી છે.

વૃદ્ધાવસ્થાને કારણે પોતે શરીરશ્રમ માટે છેક અશક્ત બની ગઇ ત્યાં સુધી મધર કેથેરાઇન (ખ્રિસ્તીઓ ચોક્કસ સંપ્રદાયની સાધ્વીઓને "મધર"–માતા–ના વિશેષણથી જ ઓળખે છે) પોતાના મઠમાં પોતાનું બધું જ ઘરકામ હાથે જ કરતી.

મરણ વખતે તેની ઉમર ૯૫ વરસની હતી અને તેણે પોતાની જીંદગી દરમીઆન અમેરિકાના ૨૧ રાજ્યોમાં કુલ ૨૪ પાદરીઓની હકુમતવાળા વિસ્તારોમાં પોતાની સેવાનો વિસ્તાર કર્યો હતો ! એનું મૃત્યુ હજુ ગયે જ મહિને થયું. જીવતી હતી ત્યારે એ

"દુનિયાની સર્વથી તવંગર સાધ્વી" તરીકે ઓળખાતી હતી!

ને એ તવંગર સાધ્વી પોતાના ગુજારા માટે રોજના ફક્ત ૨।। રૂપીઆ ખરચતી!

*

ધનકુબેર રોથ્સચાઈલ્ડ

ભારતમાં આપણે નિઝામ, બીરલા, ટાટા, અને ગાયકવાડ જેવા ધનપતિઓની સંપત્તિની વાતો સાંભળીએ છીએ, પણ યુરોપ અને અમેરિકાના ધનપતિઓની લક્ષ્મીની વાતો સાચી માનતાં મુશ્કેલી પડે તેવી હોય છે. એમાંની એક આ વાત છે. બેરન લુઇ દ રોથ્સચાઇલ્ડ નામનો ઑસ્ટ્રીઆનો એક તવંગર શરાફ બે મહિના પહેલાં ૭૨ વરસની ઉમરે હૃદયરોગની બીમારીથી જેમેઇકામાં મરણ પામ્યો. આ લક્ષ્મીપુત્ર ઑસ્ટ્રીઆની સરકારનો શાહુકાર હતો. ૧૯૩૧ની સાલમાં સરકારને ભારે ભયંકર નાણાંભીડ આવી પડી ત્યારે તેમાંથી ઉગરવા માટે રોથ્સચાઇલ્ડે પોતાની ખાનગી મુડીમાંથી સરકારને એક કરોડ ડોલર (પાંચ કરોડ રૂપીઆ) ધીરેલા.

બીજા વિશ્વયુદ્ધ દરમીઆન હીટલરના માણસોએ રોથ્સચાઇલ્ડને કેદ પકડયો હતો અને કેદમાંથી છુટવા માટે તેની પાસેથી બે કરોડને દસ લાખ ડોલર (સાડાદસ કરોડ રૂપીઆ)ની રકમ "ઓકાવવામાં" આવેલી.

મરહુમ રોથ્સચાઇલ્ડ ધંધે શરાફ છતા લલિત કલાઓ અને રમતગમતનો ભારે શોખીન હતો. સને ૧૯૩૭ માં હોલીવુડમા "ધ હાઉસ ઓફ રોથ્સ્ચાઇલ્ડઝ" (રોથ્સ્ચાઇલ્ડ ખાનદાનની પેઢી) નામની એક ફિલ્મ બનાવવામાં આવેલી જેમાં જ્યોર્જ આરલિસ નામના જાણીતા નટે મુખ્ય ભૂમિકા ભજવી હતી. યહુદી શરાફોની આ જગવિખ્યાત પેઢીની સ્થાપના આજથી આશરે ૨૦૦ વરસ પહેલાં મેયર આમશેલ રોથ્સચાઇલ્ડ નામના પુરૂષે ફ્રાંકફોર્ટ-ઓન-ધ-મેન નામના શહેરમાં કરેલી. આ પેઢીનું સ્થાન બસ્સો વરસ સુધી યુરોપના ધન-કુબેરોમાં એકસરખું મોખરે રહ્યા કર્યું છે.


*

દેહ કરતાં યે લાંબા વાળ!

સંગીત ગૃહોમાં ગીતો ગાઇને રોજી મેળવનારી અમેરીકાની પ્રખ્યાત ગાયિકા મિસ બ્લાંક થેબોમની ઉંચાઇ ૫ ફુટ ૬।। ઇંચની છે અને તેના માથાના વાળની લંબાઇ ૫ ફુટ ૮ ઇંચની એટલે કે તેના આખા શરીરના માપ કરતાં દોઢ ઇંચ વધારે છે. એકવાર એ એક નાટકમાં ભૂમિકા ભજવતી હતી તેમાં એક દૃશ્યમાં એને જમીન પર બેસવાનું અને પછી યોગ્ય વખતે ઉભા થવાનું હતું. એ દૃશ્યમાં એની સાથે કામ કરનાર પુરૂષ નટનો પગ અજાણતા મિસ થેબોમના જમીન પર પથરાયલા વાળ પર પડી ગયો અને ચાલતા નાટકે એ બોલી ઉઠી, "મહેરબાની કરીને મારા વાળ પરથી ઉતરી જા, નહીં તો મારાથી ઉભું નહીં થવાય."

૧૮ મી સદીમાં પોલેંડમાં વસતી એક ખેડુત સ્ત્રીના વાળ ૧૨ ફુટ અને ૧ ઇંચ લાંબા હતા. એ બાઇ ૫૨ વરસની ઉમરે પહોંચી ત્યાં સુધી એના વાળની લંબાઇ વધતી રહી હતી ને પછી અટકી ગઇ હતી.

લાંબા વાળ સ્ત્રીઓની ખુબસુરતીમાં ઉમેરો કરનારી કુદરતની એક અણમોલ બક્ષેસ છે, અને ભારતની સુંદરીઓના લાંબા વાળની પરાપૂર્વથી પ્રશંસા થતી આવી છે. પરંતુ આજે યુરોપીઅન સ્ત્રીઓની દેખાદેખીથી આપણા દેશમાં પણ શહેરવાસીની "સુધરેલી" યુવતીઓને પુરૂષોની પેઠે વાળના ચોટલા કપાવી નાખવાનો નાદ લાગતો જાય છે!



અહંકારના પરાજયનું મહાન સ્મારક ટોકિયો

સ્વભાવે મગરૂર છતાં વર્તનમાં અતિ વિનયશીલ એવા ૭૫,૨૩,૯૯૪ માનવીઓની વસતિવાળું જાપાનનું પાટનગર ટોકયો જગતની એક મહાન પ્રજાના ઇતિહાસમાં પ્રથમ પરાજયના સીમાસ્તંભ સ્વરૂપે ખડું છે. સુલેહ-શાંતિની વાતો કરી રહેલા અને ભીષણ લડાઇઓ લડી રહેલા આજના જગતમાં વિજય અને પરાજય એ માનવીની હયાતીના ઇતિહાસમાં ફક્ત વિરામચિહ્નો જેવાં બની રહ્યાં છે. માનવીનો સત્તાલોભ વધે કે ઘટે તે અનુસાર અને વિજેતાઓ નવા દેશો જીતવા નીકળી પડે તેની સાથે સાથે સ્વતંત્ર દેશો અને સ્વતંત્ર પ્રજાઓ ઉપર પરદેશીઓની હકુમત જામે છે અને પરદેશીઓની હકુમત ભોગવતા પરતંત્ર દેશો અને પરતંત્ર પ્રજાઓ તેમાંથી મુક્ત બની સ્વતંત્ર થતાં જાય છે. પરાજય તો કોઇને ગમતો નથી, ને તેમાં પણ જ્યારે કોઇ મગરૂર પ્રજાને ફક્ત પોતાની હસ્તી ટકાવી રાખવાનો હક્ક મેળવવા ખાતર જ પોતાની મગરૂરી ગીરો મૂકીને પરદેશી સત્તા પાસે માથું નમાવવું પડે ત્યારે એ પરાજય ભારે દુઃખદ બની રહે છે.

"ઇશ્વરના બાદશાહી પુત્ર" (દાઇ નીપોન તેઇકાકુ તેનો) તરીકે ઓળખાતા, ૨૬૧૫ વરસથી એકસરખી ચાલી આવતી બાદશાહી વંશપરંપરાના નબીરા અને પ્રથમ પાદશાહથી સીધા વંશમાં ઉતરી આવેલા ૧૨૪ મા રાજવી, જેને કાવ્યની ભાષામાં 'મિકાડો'ના નામથી ઓળખવામાં આવે છે એવા શાહાનશાહ હીરોહીટોએ આજથી દસેક વરસ પહેલાં ટોકયો રેડીઓ ઉપરથી શરણાગતિની જે જાહેરાત કરેલી તેમાં જાપાનની સાડા આઠ કરોડની મગરૂર પ્રજાની ૨૬૧૫ વરસની ગૌરવવંતી અને શાંતિમય કારકીર્દિમાં પહેલી જ વાર પરાજયના સૂરોની કડવાશ નીતરતી જણાઇ હતી. જાપાનની મગરૂબીના આ મહાન બલિદાનનું બીજ સને ૧૯૪૧ ના ડીસેંબરની ૭ મી તારીખે 'પર્લ હાર્બર'ના નામે ઓળખાતા બંદર ઉપર રોપાયલું. અભિમાન અને સત્તાના જોરથી ઉન્મત્ત બનેલા જાપાને તે દિવસે અન્ય દેશો પર હકુમત જમાવવાની આકાંક્ષાથી એ બંદર ઉપર આક્રમણ કર્યું. અને તે પછી ત્રણ વરસ સુધી જાપાની પ્રજા ઘણા દેશોમાં તલ્વાર વીંઝતી અને આગ ફેલાવતી ફરી વળી. ચીન, બ્રહ્મદેશ, મલાયા અને ફિલીપાઇન્સ ઉપરાંત પાસિફિક સમુદ્રમાંના અન્ય ઘણા ટાપુઓમાંના નાના મોટા પ્રદેશો ઉપર જાપાને પોતાની હકુમત સ્થાપી. વંશ-પરંપરાથી વિજયશીલ અને હસમુખી મનાતી જાપાની પ્રજાએ દુનિયાના બીજા દેશોને પરાસ્ત કરવા માટે ધારણ કરેલી રાક્ષસી વૃત્તિ જોઇને થોડો વખત તો આખી દુનિયા ધ્રુજી ઉઠી હતી. ભારતની ભૂમિ પર જ્યારે કલકત્તા અને વિશાખાપટ્ટનમાં જાપાની બોમ

શહેર ઉપર બીજો બોમ (પ્લુટોનિયમ બોમ) ફેંકાયો. આ બોમથી ૨૬,૨૩૮ માનવીઓ સાફ થઇ ગયા અને ૪૩,૦૬૦ ઘવાયા જાપાનીઓએ આકડાઓના સરવાળા–બાદબાકી ગુણાકાર વગેરે કરવા માટે જે યંત્રો બનાવ્યા છે તે આ મુરદાઓની ગણતરી કરવા માટે પુરાં પડે તેમ નહોતાં, એટલે જાપાનના ભાગ્યવિધાતાએ જોઇ લીધું કે હવે શૂરાતનને બદલે શાણપણ બતાવવાનો સમય પાકી ગયો છે

બીજે જ દિવસે ઓગસ્ટની ૧૦મી તારીખે જાપાનના શાહાનશાહે શરણાગતિની શરતો માટે માગણી કરી તારીખ ૨જી સપ્ટેમ્બરના દિવસે "મીસોરી" નામના લશ્કરી જહાજમાં જાપાનની શરણાગતિના દસ્તાવેજ ઉપર સહીસિક્કા થયા અને આમ




૨૧૦ એકરના વિસ્તારવાળો ટોકયોનો યુએનો પાર્ક રજાના દિવસે ઉજાણીઓ માટે નીકળી પડતી મંડળીઓનું સહુથી પ્રિય સ્થળ છે, અહીં એવી એક મંડળી "પિકનીક"ની મોજ ઉડાવી રહેલી દેખાય છે.

રિકન સેનાપતિ જનરલ મેક આર્થરે જાપાનનો "કબજો લેવા" જાપાનની ભૂમિ પર પોતાના વિજયી પગલાં માંડયાં, એ વખતે જાપાનમાં ૨૦ લાખ નાનાં બાળકો માવિહોણાં બની ગયાં હતાં તેમણે કદી માતાના દૂધનો સ્વાદ જાણ્યો નથી!

વિજય અને રાજ્યવિસ્તાર માટે જાપાને જે ભયંકર કોશિશ કરેલી તેની તેને બહુ આકરી કીમત ચૂકવવી પડી. ૧૮,૬૪,૭૧૦ જાપાની સૈનિકોનું એ કોશિશે બલિદાન લીધું અને તે ઉપરાંત બીજા લાખો માણસો ઘવાઈને અપંગ થયા તે તો જુદા. પોતાના દેશની જમીનનો ૪૫ ટકા જેટલો વિસ્તાર જાપાનીઓ ખોઈ બેઠા અને એ પ્રાચીન પ્રજાનું અભિમાન અને સ્વતંત્રતા જનરલ મેકઆર્થરના જોડાની એડી તળે દબાઈ ગયાં!

તે પછી જાપાનના શાહાનશાહ, "ઈશ્વરના બાદશાહી પુત્ર"માં ઈશ્વરનો અંશ અને



જાપાનમાં વિશાળ રેલ્વે માર્ગો છે. આ ચિત્રમાં એક જાપાની રેલ્વે ટ્રેન જોવા મળે છે. ટોકિયોમાં મુંબઈના જેવી વિજળીની ટ્રેનો ચાલે છે.

દૈવી શક્તિઓ રહેલાં છે એવો જાપાનમાં પરાપૂર્વથી ચાલ્યો આવતો દાવો ઉડી ગયો. જાપાનના વહીવટ માટે ૧૯૪૬માં નવેસરથી જે બંધારણ ઘડવામાં આવ્યું તેમાં બાદશાહને "રાજ્યના અને પ્રજાની એકતાના એક પ્રતીક" તરીકે સ્વીકાર કરવામાં આવ્યો અને તેનું સ્થાન "સાર્વભૌમ પ્રજાની ખુશી ઉપર નિર્ભર" રહે એમ ઠરાવવામાં આવ્યું.

એ નવા બંધારણ મુજબ સને ૧૯૫૩ના એપ્રિલની ૧૯ મી તારીખે જાપાનમાં નવેસરથી ચુંટણીઓ થઇ તેમાં લીબરલ પક્ષના ૨૩૪, પ્રોગ્રેસિવ પક્ષના ૭૬, રાઇટવિંગ સોશલ ડેમોક્રેટિક પક્ષના ૬૬, લેફ્ટવિંગ સોશલ ડેમોક્રેટિક પક્ષના ૭૨, સામ્યવાદી ૧, બીજા નાના નાના પક્ષોના ૬ અને સ્વતંત્ર ઉમેદવારોમાંથી ૧૧ મળીને ૪૬૬ સભાસદોની બનેલી નવી જાપાની ડાયેટ (પાર્લમેંટ–મુખ્ય ધારાસભા) અત્યારે એ દેશ ઉપર શાસન ચલાવે છે. તેનો પહેલો મુખ્ય પ્રધાન શિગેરૂ યોશિદા હતો પરંતુ પછીથી તેનો મુખ્ય હરીફ અને ડેમોક્રેટિક પક્ષનો આગેવાન ઇચીરો હાટોયામા અત્યારે જાપાનનો મુખ્ય પ્રધાન છે.

આવી મહાન પ્રજાના એ પ્રાચીન દેશના ઇતિહાસની ઘડીઆળની શીશીમાં રેતીની કણીઓ ઝડપથી સરકી રહી છે અને મળેલા પરાજયે જાપાની પ્રજાનું જીવન નવી રીતે ઘડવા માંડ્યું છે. એ નવા ઘડતરમાં તેના માનુષી શાહાનશાહમાં આજ સુધી થતું આવેલું દિવ્યતાનું–ઐશ્વર્યનું–આરોપણ અદૃશ્ય થયું છે. એ બાદશાહની એકલાની સર્વોપરિ હકુમતને સ્થાને આજે જાપાનમાં લોકશાસનની સ્થાપના થઇ ચુકી છે. સાથોસાથ દેશના ધર્મનું સ્વરૂપ પણ ઘણે અંશે બદલાઇ ગયું છે. અન્ય ધર્મોના અનુયાયીઓને હવે જાપાનમાં અગાઉની પેઠે શિંટો–મંદિરોમાં પૂજા–પ્રાર્થના કરવાની ફરજ પાડવામાં આવતી નથી. એ પ્રતાપ મેકઆર્થરના શાસનનો ગણી શકાય. આજે ત્યાંના ત્રણ મુખ્ય ધર્મો–શિંટો, બૌદ્ધ અને ખ્રિસ્તી–ના અનુયાયીઓ કશી રોકટોક વગર પોતપોતાના અંતરને રૂચે તે ધર્મ પાળી શકે છે. પ્રજાના અંતરની આ રૂચિ પણ એક મોટી ભુલભુલામણી જેવી છે, કેમકે શિંટો ધર્મના જુદા જુદા ૨૦૦ સંપ્રદાયો જાપાનમાં ચાલે છે, બૌદ્ધ ધર્મના પણ પુરા ૨૦૭ પેટા સંપ્રદાયો છે અને ખ્રિસ્તી ધર્મના ૧૭ નિરાનિરાળા સંપ્રદાયો મોજૂદ છે. આ બધા જ સંપ્રદાયોમાં પોતપોતાની જમાત વધારવા માટેની હરીફાઇ પણ હંમેશાં ચાલતી જ રહે છે.

સને ૧૨૭૧ માં પ્રખ્યાત જગતપ્રવાસી ઇટાલીઅન મુસાફર માર્કો પોલોએ જગતને "ઝિપાંગુ" નામે ઓળખાવેલા જાપાનનું પાટનગર ટોકયો ૭૯૬॥ ચોરસ માઇલનો વિસ્તાર ધરાવતું દુનિયાભરનું ચોથું મોટામાં મોટું શહેર છે. ૭૧,૨૩,૯૫૬ માનવીઓની વસતિવાળું ટોકયો માનવસંખ્યાના પ્રમાણમાં ન્યુયોર્ક અને લંડન પછી ત્રીજે નંબરે આવે છે. પૂર્વ અને પશ્ચિમની પ્રજાઓના સંગમ સ્થાન સમું ટોકયો જગતનું એક પ્રચંડ બજાર છે અને એની શિકલ પશ્ચિમની હોવા છતાં એનો આત્મા પૂર્વના સંસ્કારોથી ભરેલો છે.

રાહદારીઓની સગવડ માટે જમીનના પેટાળમાં બાંધવામાં આવેલા ભૂગર્ભ માર્ગોવાળા ટોકયોના રાજમાર્ગો ઉપર રોજે રોજ ૧,૪૦,૦૦૦ વાહનો ફરતાં ફરે છે અને એ બધાની ઝડપ અને ધમધમાટ જોતાં સહેજે માલમ પડી આવે છે કે જાપાનની પ્રજા આજે ઝડપભેર પોતાના દેશની નવરચના કરી રહી છે.

નીતિ અને ચારિત્ર્ય

ટોકયોની જાપાની પ્રજા દેશના બીજા વિસ્તારોની પ્રજા કરતાં અનેક રીતે નિરાળી જ છે. ટોકયોમાં જે "ફેશન" શરૂ થાય તેનો

આખા દેશમાં પ્રચાર થાય છે. ટોકયોમાં જે વિચારસરણી શરૂ થાય તે આખા દેશમાં ફેલાય છે. કોઇપણ નવા વિચારની, નવા રિવાજની, નવી રૂઢિની શરૂઆત ટોકયોમાં જ થાય છે અને સુકી વાદળી જેમ પાણી ચુસી લે તેમ ટોકયોના વતનીઓ એને ઝીલી લે છે. આમ ટોકયોનું જીવન સદા બદલાતું રહે છે અને આજે અમેરિકન પ્રજાના સંસર્ગના પરિણામે તેના થોડા સંસ્કારો પણ ટોકયોની પ્રજામાં ઉતરતા આવતા દેખાય છે.

નીતિ, ચારિત્ર્ય અને સભ્યતા વિશેના ખ્યાલો દુનિયાભરની પ્રજાઓમાં એક બીજીથી જુદા અને ક્યારેક તો પરસ્પરવિરોધી પણ હોય છે. માનવના નગ્નદેહનું અન્ય માનવીઓને પ્રદર્શન કરવું એ તો દુનિયાની લગભગ બધીજ સુધરેલી પ્રજાઓમાં અસભ્ય ગણાય છે છતાં યુરોપ અને અમેરિકાની જગતમાં સહુથી સભ્ય ગણાતી પ્રજાઓમાં હવે નગ્નતાવાદનો પ્રચાર થવા લાગ્યો છે અને દેહને નગ્ન રાખવામાં માનનારાઓના મંડળો સ્થપાય છે ને સંસ્થાનો પણ રચાય છે। જાપાનીઓ અમેરિકન હકુમત તળે આવ્યાં તે અગાઉ પણ તેમને નગ્નતા સામે ખાસ નફરત ન હોતી. કોબે નામના જાપાનના પ્રખ્યાત શહેરથી ૨૦ માઇલના અંતર પર આવેલા આરીમાના ગરમ પાણીના ઝરાઓમાં અસલવારીથી શરીર પર એક નામનું યે વસ્ત્ર પહેર્યા વિના સ્ત્રીઓ અને પુરૂષો સાથે જ સમૂહ-સ્નાનની મોજ માણતા આવ્યા છે. શહેરવાસી માનવીઓને પોતાનું નગ્ન શરીર જાહેરમાં બતાવવાની મના છે; છતાં રેલ્વેની



જાપાનની પાર્લામેંટ-ડાયેટ-નું મકાન. જાપાનના પ્રજાજનો પોતાના દેશના કાયદાકાનુનને નમીને ચાલનાર ચિરતપ્રિય લોકો છે.

મુસાફરીમાં રાતને વખતે સૂઇ જતાં પહેલાં જાપાની મુસાફરો–સ્ત્રીઓ તેમજ પુરુષો–તદ્દન નગ્ન બનીને વસ્ત્રો બદલવામાં કશો સંકોચ કે શરમ ગણતા નથી. કોઇ પરદેશી મુસાફર તેમની સાથે એક જ ડબ્બામાં મુસાફરી કરતો હોય તો એ આવું દૃશ્ય જોઇને ચોંકી ઊઠે ખરો!

ચારિત્ર્ય અને નીતિ પરત્વે જાપાની પ્રજામાં કશું વધારે પડતું ચોખલિયાપણું જોવામાં આવતું નથી. એ વિશે તેમણે ખોટાં જાળીઓ કે ખોટા પરદા ખડા કર્યા નથી. પોતાના દેવમંદિરોમાં રહેલી દેવોની મૂર્તિઓને જેટલી પવિત્ર ગણીને તેમની પૂજા કરે છે તેટલી જ પવિત્રતા તેઓ માનવીના શરીરની પણ ગણે છે અને એ શરીરને પૂજાપાત્ર ગણે છે.

જાપાની પ્રજાના ચારિત્ર્યનો સાચો ખ્યાલ તો એ દેશનાં વેશ્યાગૃહો આપી રહે છે. કોઇ ભડકશો નહીં. આપણા અને અન્ય બીજા ઘણા દેશોમાં વેશ્યાઓના ધામ રોગ, ગંદવાડ, બીભત્સતા અને માનવીના અધમમાં અધમ વિકારો અને વાસનાઓના અખાડા જેવા હોય છે. પણ જાપાનમાં તો "ગેઇશા" ને નામે ઓળખાતી ત્યાંની વારનારીને વેશ્યા કહેવી એ પણ પાપ કરવા જેવું લાગે. વેશ્યા પ્રત્યે ભલે આપણે ગમે તેટલી નફરત કે ઘૃણા બતાવીએ, છતાં વેશ્યા દરેક સમાજનું આવશ્યક તેમ જ અનિવાર્ય અંગ છે એ વાત સ્વીકાર્યા વિના છુટકો નથી. એ સ્વીકાર્યા પછી જાપાને પોતાના સમાજમાં "ગેઇશા" ને જે સ્થાન આપ્યું છે તે જોતાં આપણા દેશમાં પ્રાચીન કાળમાં વારાંગના અને ગણિકાનું સમાજમાં જે વિશિષ્ટ સ્થાન હતું તે યાદ આવે તેવું છે.

વેશ્યાવૃત્તિના કઠોર પ્રશ્નને હલ કરવામાં જાપાને નીતિ અને ચારિત્ર્યની ઊંચામાં ઊંચી ભાવનાઓ બતાવી આપી છે.

આપણા દેશમાં વેશ્યા સમાજના તિરસ્કાર, નફરત અને ઉપેક્ષાનું પાત્ર ગણાય છે. સમાજનો બહિષ્કાર પામેલી એ પતિતાઓ તરફ શિષ્ટ ગણાતો સમાજ નાકનું ટિચકું ચડાવે છે. પણ જાપાનમાં એમના તરફ એવો વર્તાવ રાખવામાં આવતો નથી. ટોકિયોમાં યોશીવારા નામે ઓળખાતા લત્તામાંની ગેઇશા સ્ત્રીઓને સમાજના એક સુંદર અને ઉપયોગી અંગ તરીકે ગણવામાં આવે છે. પુરુષમાં રહેલ કામવાસનાના અતિરેકના કઠિન પ્રશ્નનું જાપાને સમજપૂર્વક અને તંદુરસ્તીને બાધ ન આવે એ રીતે સરસ નિરાકરણ કર્યું છે. એ ગેઇશા સ્ત્રીઓની રોજ રોજ સવારે નિષ્ણાત અને પ્રમાણિક તબીબો શારીરિક તપાસ કરે છે અને જે રોગરહિત જણાય તેમને જ પોતાનો ધંધો કરવાની પરવાનગી મળે છે. પ્રાચીન ભારતમાં ગણિકાઓ દેશની સભ્યતા અને સંસ્કારોની શિક્ષિકાઓ ગણાતી તેવી રીતે આજના જાપાનની ગેઇશાઓ પણ તે દેશની પુરાતન સંસ્કૃતિની પ્રચારિકાઓ મનાય છે. વેશ્યાવૃત્તિ વડે ગુજારો ચલાવતી એ સ્ત્રીઓ સમાજના બહિષ્કારને પાત્ર નથી મનાતી. જો કોઇ ગેઇશા અમુક વખત પછી પોતાનો એ ધંધો કરવા માટેના કરારમાંથી છુટી થાય અને એને લગ્ન કરવાની ઇચ્છા થાય તો મોટા મોટા રાજદ્વારીઓ, વેપારીઓ અને લશ્કરી અમલદારો પણ તેની સાથે લગ્ન કરવામાં શરમ કે હીણપત ગણતા નથી. એવી રીતે પરણીને પત્ની બનેલી ગેઇશાને સમાજમાં તેના મોભાને અનુરૂપ આદરમાન પણ ખુશીથી આપવામાં આવે છે. એમનો ભૂતકાળ કોઇ યાદ કરતું નથી.

જાપાનની આ સુંદર, સંસ્કારી અને નાજુક ગેઇશા સંસ્થા ઉપર અમેરિકન સૈનિકોએ કેવી પાશવતા બતાવી હશે તેનો વિચાર કરતાં કંપારી છુટે એવું છે.

જાપાનની ગેઇશામાં અંતરની ઉર્મિ અને આધ્યાત્મિક લાગણીઓનો જે વારસો પરા-

પૂર્વથી ચાલ્યો આવે છે તેને સમજવા જેટલી સામાન્ય અમેરિકન પુરૂષમાં બુદ્ધિ હોતી નથી. બનવા જોગ છે કે એ નાજુક રમકડા જેવી પુતળીઓના ઉપર અમેરિકનોએ પોતાની નરી પાશવતા ચલાવીને એમની તમામ નઝાકત અને સંસ્કારિતા ચુંથી પણ નાખી હોય!

ફરીથી ઊંચે આવશે

લડાઇએ સરજેલા વિનાશને પરિણામે ટોકિયોમાં ૪૦ લાખ ટન જેટલાં ખંડેરો અને ભંગાર ખડકાયા હતા પરંતુ સખત શ્રમ કરવાને ટેવાયેલા ઉદ્યોગી જાપાનીઓ બહુ જ ઝડપથી પોતાના એ મહાન નગરની નવરચના કરવામાં પરોવાઇ ગયા છે અને શહેરની નિત્ય વધતી જતી વસતિનો સમાસ કરવા માટે સંખ્યાબંધ નવાં મકાનો બાંધી રહેલા છે.

ટોકિયોમાં મુસાફરને માટે જોવાં લાયક સ્થળોમાં સહુ પહેલાં તો ૨૫૦ એકરમાં પથરાયલો શાહાનશાહનો મહેલ આવે છે. એ મહેલની આસપાસ ચોતરફ જે ખાઇ પથરાયલી છે તેમાં કાર્પ અને ગોલ્ડફિશ નામની પુષ્કળ માછલીઓ છે. એ મહેલમાં જાપાનનો શાહાનશાહ હીરોહીટોનો નિવાસ છે. હવે એનામાં દિવ્યતાનું આરોપણ કરવામાં આવતું નથી. એકવાર એ બાદશાહ એટલો પવિત્ર માનવામાં આવતો હતો કે તેના કોઇ પ્રજાજનથી તેની સામે આંખ માંડીને જોઇ શકાય નહીં! ભુલેચુકે જો કોઇ આમ પ્રજાજનની નજર બાદશાહ ઉપર પડી જાય તો તેને આત્મહત્યા કરવી પડે એવો રિવાજ હતો. બાદશાહ રસ્તાપરથી પસાર થાય તેટલો વખત રાહદારીઓ જમીન પર આંખો માંડીને અવનત શરીરે ઉભા રહેતા. આજે હવે એ સ્થિતિ નથી રહી.

શાહાનશાહ હિરો હીટો શરીરવિજ્ઞાન શાસ્ત્રનો સારો અભ્યાસી છે અને કવિ છે. એણે રચેલાં અનેક કાવ્યો પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં છે અને શરીરવિજ્ઞાન શાસ્ત્ર ઉપર પણ તેણે પુસ્તકો રચ્યાં છે.

જોવા લાયક બીજું સ્થળ ૨૧૦ એકરના વિસ્તારમાં પથરાયલો યુએનો પાર્ક નામનો બગીચો છે. આ બગીચામાં ટોકિયોનું નૅશનલ મ્યુઝીઅમ (અજાયબ ગૃહ–સંગ્રહ સ્થાન)




જાપાનમાં "નોહ" અને "કાબુકી" એવા બે પ્રકારના નાટકો ચાલુ છે. કાબુકી નાટકોમાં સંગીત નૃત્ય અને સંવાદોની ખૂબ રમઝટ હોવાથી એ વધારે લોકપ્રિય બનેલાં છે. ઉપરના ચિત્રમાં એક વિશાળ થીએટરમાં ભજવાતા કાબુકી નાટક જોતા બેઠેલા પ્રેક્ષકો નજરે પડે છે.

આવેલ છે. ચિત્રકલાના પ્રદર્શન રૂપી ફાઇન આર્ટ ગેલેરી પણ ત્યાં જ છે. ઉપરાંત વૈજ્ઞાનિક સંગ્રહસ્થાન, યુએનો પુસ્તકાલય, પ્રાણીસંગ્રહસ્થાન (ચીડીયાં ખાનુ), ટોશુગુનું મંદિર અને કાનેઇનો ૫ માળનો ભવ્ય પેગોડા (મંદિર) પણ આ બગીચામાં જ છે.

મેજીના પ્રખ્યાત મદિરની બહારના ૧૨૦ એકરના વિસ્તારનો બગીચો રમતગમતના મોટા મેદાન તરીકે વપરાય છે. બેઝ બોલ નામની રમત જોવા આવનારા ૬૦૦૦૦ પ્રેક્ષકોનો સમાવેશ થઇ શકે તેવી ત્યા સગવડ છે. એ સિવાય ત્યાં કસરતશાળા અને અખાડો છે, તરવાનો હોજ છે અને મલ્લ કુસ્તી માટેનુ મેદાન પણ છે.

ધામિક વૃત્તિવાળા માનવીઓ માટે જાપાનમાં જુદા જુદા સ્થળોમાં કુલ ૬,૧૦,૪૩૧ શિંટો-મદિરો છે. એકલા ટોકયોમાં જ ૧,૦૬,૬૩૪ બૌદ્ધ મદિરો આવેલા છે. આમા યાશુકિનિ મંદિર, કેનોન મદિર (દયાની દેવીનું મંદિર) અને શાહાનશાહ મુત્સુહીટોનુ મદિર એ ત્રણ ખાસ જોવા લાયક છે.

કલા અને મનોરંજનના શોખીનોને માટે તો ટોકયો એક નાનકડા સ્વર્ગ જેવુ શહેરછે. ત્યાનુ કાબુકી થીએટર (રંગભૂમિ) શહેરના ઇતિહાસના એક પરાપૂર્વથી ચાલ્યા આવતા સીમારતંભ સમુ ગણાય છે. નોહ અને કાબુકીને નામે ઓળખાતાં જગવિખ્યાત જાપાની નાટકો અંહી ભજવાય છે. પુતળાં નાટ્યો (જેમાં માનવીઓ પુતળાંજેવા સ્વાંગસજી તખ્તા પર રજુ થાય છે) અર્વાચીન પદ્ધતિનાં નૃત્યો, પાશ્ચાત્ય જાઝ અને રેવ્યુ વગેરે નાટ્ય, સંગીત અને નૃત્યના પ્રયોગો વડે ટોકયોની રાત્રિઓ આનંદ અને વિનોદની સ્વપ્નસૃષ્ટિથી ભરપૂર ભરેલી રહે છે.



સમુરાઇ
પ્રાચીનકાળનો જાપાની યોદ્ધો

ટોકયોમાં દસ હજાર શરાબખાનાં છે અને તેમાં આશરે એકાદ લાખ જાપાની સુંદરીઓ મહેમાનોની ખિદમત કરતી હોય છે. આ ઉપરાંત થાકેલા શરીરને તાજગી આપવા માટે અંગમર્દન (માલીશ) માટેના અસંખ્ય "મસાજ" પણ જાપાનની દરેકેદરેક હોટેલમાં આવેલા હોય છે.

સુંદર સ્ત્રીઓ વાળો જાપાન એક અતિ સુંદર દેશ છે અને એની પ્રજા આખા દિવસની ક્ષણે ક્ષણ સખત પરિશ્રમ કરનારી છે. તેમના ઉદ્યોગી, સંસ્કારી અને મીઠાશથી નીતરતા ઉપયોગી જીવનનુ કેન્દ્રસ્થાન ટોકયો છે. એ દેશની સાડા આઠ કરોડની ઉદ્યોગી પ્રજા ફરી એક વાર ઊંચે આવવા માટે તનતોડ મહેનત કરી રહી છે. તેમના રાષ્ટ્રધ્વજમાં પ્રભાતના લાલ ચોળ સૂર્યનું બિમ્બ આવેલું છે. એ ઉગતા સૂર્યના બિમ્બની પેઠે જાપાની પ્રજાના મ્હોં ઉપર પણ ફરી કોઇ વાર સત્તા અને મગરૂબીની અસલની લાલી છવાઇ રહેશે.

જન્મસંયમ પ્રવૃત્તિની જનેતા

માર્ગરેટ સેંગર



સંતતિનિયમન, કુટુંબનિયોજન, ગર્ભનિરોધ વગેરે શબ્દો સાંભળીને આજે આપણા દેશમાં ઘણા માણસો ચોંકી ઉઠે છે, પરંતુ યુરોપ, અમેરિકા, જાપાન ઈત્યાદિ વિજ્ઞાન, તણીકી અને સંસ્કારમાં આગળ વધેલા દેશોમાં આજે કુટુંબ-નિયોજનની પ્રવૃત્તિ રાષ્ટ્રના નવઘડતરમાં અગ્રસ્થાન ધરાવતી થઇ છે. આમ છતાં આજથી ૪૩ વરસ પહેલાં અમેરિકામાં જન્મસંયમની વાતો કરનાર એક નર્સ માર્ગરેટ સેંગરને પોતાની કલ્યાણકારી પ્રવૃત્તિનો પ્રચાર કરવામાં કેટલી મુશ્કેલી પડેલી તે નીચેના લેખમાંથી જાણવા મળે છે.

સને ૧૯૧૨ની સાલની આ વાત છે.

અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં ગ્રાંડસ્ટ્રીટ નામના એક લત્તામાં એક ચાલી જેવા મોટા મકાનની બે ઓરડીઓમાં વસતો અને મોટર-ખટારો હાંકીને ગુજારો કરતો જેક શાક્સ નામનો એક જુવાન પોતાનાં કામ પરથી પરવારીને રાતને વખતે ઘેર આવ્યો ત્યારે તેના ત્રણ નાનાં બચ્ચાં હીબકાં ભરી ભરીને રડતાં હતાં અને તેની જુવાન પત્ની જમીન પર પડી પડી કોઇ અસહ્ય દરદથી લોચતી હતી. શાક્સે તરત નજીકમાં રહેતા એક ડાક્ટરને તેડાવ્યો. ડાક્ટર આવી પહોંચ્યો અને સાથે સાથે રાતા રંગના વાળવાળી એક જુવાન નર્સને તેડતો આવ્યો. પેલી જુવાન સ્ત્રીની તપાસ કરતાં એ બન્નેને માલુમ પડયું કે આપમેળે ગર્ભપાત કરવાની કોઈ દવા લીધાને પરિણામે એ બાઇની તબીયત ગંભીર-લગભગ ભયંકર-થઇ પડી હતી.

એ બાઇની જીંદગી બચાવવા માટે એ ડાક્ટરે અને નર્સે મળીને ઘણી જહેમત ઉઠાવી અને તેમની લાંબી માવજતને પરિણામે આખરે ઘણા દિવસે બાઇ સાજી થઇ. સાજી થયા પછી તેણે ડાક્ટરને આજીજી કરીને પૂછ્યું "ડાક્ટર સાહેબ! હવે વધારે બચ્ચાં ન થાય એવો કોઇ ઉપાય મને બતાવશો? અત્યારે છે તેટલાંનું ભરણપોષણ કરવાનું પણ અમારાથી બનતું નથી."

ડાક્ટરે પોતાના ખભા ઉંચા કરી કરડાકીથી જવાબ આપ્યો, "તમારા ધણીને ઘરની ઉપરની અગાસીમાં સુવાની સલાહ આપો!"

ડાક્ટરની સાથે આવેલી રાતા વાળવાળી એ નર્સનું નામ માર્ગરેટ સેંગર હતું. પોતાની બેગ ઉઠાવીને એ તે દહાડે શાક્સના ઘરમાંથી નીકળી ત્યારે આંખમાં આવતાં આંસુ ખાળી રાખવાનું તેને બહુ મુશ્કેલ લાગ્યું.

૧૯૧૨ ની સાલમાં જન્મ-સંયમ (Birth Control) જેવા શબ્દો કોઇ જાણતું નહોતું. એ શબ્દોની શોધ કરનાર અને એ પ્રયોગનો સમજપૂર્વક ઉપયોગ કરી આખા જગ-

તમાં તેનો પ્રચાર કરનાર માર્ગરેટ સેંગરને પણ દુનિયામાં કોઈ એ વખતે ઓળખતું નહોતું. તેનો પતિ વિલીઅમ સેંગર મકાનો બાંધવાનો અને તેના નકશા બનાવવાનો ધંધો કરતો હતો ને તેમાંથી મુશ્કેલીએ ગુજારો ચાલે એટલું માંડ કમાતો. એ દંપતીને ત્રણ બાળકો હતાં અને પાંચ માણસોના એ કુટુંબનો ગુજારો ચલાવવા માટે માર્ગરેટે ન્યુયોર્કના લોઅર ઈસ્ટ સાઈડ નામે ઓળખાતા વિસ્તારમાં વસતા ગરીબ કુટુંબોમાં નર્સનો ધંધો કરવા માંડેલો.

એ લત્તામાં વસતી સ્ત્રીઓમાં સગર્ભાવસ્થા સર્વદા ચાલુ રહેતી. માબાપને પોષવા ભારે પડે એવાં બચ્ચાંઓના જન્મ, અને શરીરે ઘસાઈ ગયેલી અને અકાળે વૃદ્ધ અને અશક્ત થઈ ગયેલી માતાઓની હાલતથી નીપજતી કરુણતા એ રોજરોજ પોતાની આંખે નિહાળતી. ત્રીજું કે ચોથું બાળક થઈ ગયા પછી એ લત્તામાં વસતા બધાં જ દંપતીઓને સગર્ભાવસ્થાનો ભય રાત દિવસ ભડકાવી મૂકતો હતો.

માર્ગરેટ સેંગરને ઘણી સ્ત્રીઓ કરગરીને કહેતી, "મને એ છુપો કીમીઓ બતાવો! શેઠીઆ લોકોની સ્ત્રીઓ જે કીમીઓ અજમાવે છે તે મને શીખવો!" એ શબ્દો સાંભળીને માર્ગરેટનું દિલ દ્રવી જતું પણ તેને સ્પષ્ટ જવાબ આપવો પડતો કે "એવો કોઈ કીમીઓ હું જાણતી નથી." આથી ઘણી સ્ત્રીઓનાં *મનમાં એમ થતું કે નર્સ ઉપાય જાણે છે* પણ જે ખોબો ભરીને પૈસા આપે તેને જ બતાવતી હશે.

જેક શાકસને ઘેર પોતે પહેલીવાર ગયેલી તેને હજુ છ મહિના નહોતા થયા તેટલામાં પાછી ફરીવાર માર્ગરેટ સેંગરને તે જ ઘેરથી બોલાવવામાં આવી. એ વખતે શાકસની પત્નીની જીંદગી બચાવી શકાય એવી સ્થિતિ રહી નહોતી. કોઈ ઊંટવૈદ્ય પાસેથી લીધેલી ગર્ભપાતની સસ્તી દવાના ઉપચારને પરિણામે એ બીચારી ગરીબ સ્ત્રી માર્ગરેટ સેંગર ત્યાં પહોંચી તે પછી દસ જ મિનિટમાં મરણ પામી.

તે રાતે માર્ગરેટ સેંગરે ઘેર આવીને પોતાની નર્સની બેગ અભરાઈ પર મુકી દીધી અને ત્યાર પછી કદી તેણે એ બેગ ખોલી નથી. એણે મનથી વિચાર કર્યો કે પેલી ગરીબ સ્ત્રીઓ જે "છુપા કીમીઆ"ની વાતો કરતી હતી તેવા કીમીઓ નહીં પણ એવું કોઈક વૈજ્ઞાનિક સાધન દુનિયામાં જરૂર હોવું જોઈએ. એ સાધન શોધી કાઢવાનો અને દુનિયાને તેનો લાભ આપવાનો તેણે નિશ્ચય કર્યો.

માર્ગરેટનો પિતા માઈકલ હેનેસી હીગીન્સ આયર્લેંડનો વતની હતો. શરીરે ખડતલ હતો, એને માથે રાતા વાળ હતા અને સલાટનો ધંધો કરતો હતો. સ્વભાવે બળવાખોર છતાં દિલથી ફિલસુફ જેવો હતો. એન પરસેલ હીગીન્સ નામની માર્ગરેટની મા ૧૧ બચ્ચાંઓની માતા બનવાને કારણે લાગુ પડેલા ક્ષયરોગથી અકાળે વૃદ્ધ થઈ ચુકી હતી અને એ મરણ પામી ત્યારે તેના ઘરમાં દુઃખની જે છાયા છવાઈ રહી, તે ફરી હટી જ નહીં. માઈકલ હીગીન્સ તે પછી હમેશાં ઉદાસ રહેવા લાગ્યો અને ચિંતનશીલ બની ગયો. ભાંડુઓ એકબીજાથી જુદાં પડવા લાગ્યાં. યુવાન વયે પહોંચેલી માર્ગરેટને તબીબીનો અભ્યાસ કરવાની ઇચ્છા હતી પણ એ બની શકે તેવું ન લાગવાથી એણે નર્સની તાલીમ લીધી.

શાકસની પત્નીનું દુઃખદ મૃત્યુ જોયા પછી માર્ગરેટે નર્સનો ધંધો છોડી દીધો. તેણે શહેરનાં જુદાંજુદાં પુસ્તકાલયોની મુલાકાત લેવા માંડી અને તબીબી વિદ્યાને લગતાં પુસ્તકો વાંચી તેમાંથી *ગર્ભનિરોધ-(Contraception)*ને લગતું સાહિત્ય ખોળવા માંડ્યું પણ તેવું તેને ક્યાંયે મળ્યું નહીં. એણે જાણીતા તબીબોની મુલાકાત લઈ તેમને પૃચ્છા કરવા માંડી. એ તબીબોએ તેને નિરાશ કરી મૂકી. "તમે દારૂગોળા સાથે ખેલ ખેલી રહ્યાં છો

જાઈ," તેઓ કહેતા, "ગર્ભનિરોધ સરકારી કાયદા મુજબ નિષિદ્ધ છે અને તમે એવો કોઈ પ્રયોગ કરશો તો કેદમાં જવું પડશે."

માર્ગરેટે એ કાયદાનો અભ્યાસ કર્યો ત્યારે તેને માલૂમ પડ્યું કે ગર્ભનિરોધને લગતી માહિતી અશ્લીલ અને હલકટ સાહિત્યમાં ગણવામાં આવેલી હતી અને તેનો પ્રચાર કરવાની કાયદામાં સખત મના હતી. કાયદો તોડનારને માટે બહુ આકરી સજા નક્કી કરવામાં આવી હતી. ન્યુયોર્કની "દુર્ગુણો પર અંકુશ મેલનારી મંડળી"ના વડા એંટની કોમ્સ્ટોકે એ કાયદાને અમેરિકાના ઘણાં ખરાં રાજ્યોની કાયદાપોથીમાં દાખલ કરાવી દીધો હતો અને સને ૧૮૭૩માં આખરે કોંગ્રેસના એક કાનૂન તરીકે એ કાયદો આખા દેશમાં સર્વવ્યાપી બન્યો હતો.

આ આવરણોથી માર્ગરેટ મુંઝાણી નહીં. ઉલટો એ જોઈને એનો નિશ્ચય વધારે પ્રબલ બન્યો. ન્યુયોર્કમાં શક્ય તેટલાં સાધનો માટેની તપાસ નિષ્ફળ નીવડ્યા પછી પોતે પોતાના પતિ અને ત્રણ બાળકોને સાથે લઈને માર્ગરેટ માલ લઈ જનારી એક આગબોટમાં બેસી યુરોપ તરફ ચાલી નીકળી. ત્યાં તેને ફ્રાન્સમાં આશાનું પહેલું કિરણ નજરે પડ્યું. ફ્રાન્સમાં જમાનાઓ થયાં ગર્ભનિરોધનાં સાધનો સ્ત્રીઓ જાણતી હતી અને દરેક માતા એ સાધનોનું પોતાની દીકરીને જ્ઞાન આપતી હતી. એમાંનાં ઘણાં ખરાં સાધનો "ઘરગથ્થુ" કહી શકાય તેવાં હોવા છતાં આજના જમાનાના આગળ વધેલા વિજ્ઞાનના હીસાબે પણ આશ્ચર્યકારક કહી શકાય તેવાં અસરકારક હતાં.

માર્ગરેટ ફ્રાન્સથી પાછી અમેરિકા ગઈ અને ત્યાં જઈને તેણે "બળવાખોર સ્ત્રી" નામનું એક નાનકડું માસિક પત્ર પ્રસિદ્ધ કરીને કોમ્સ્ટોકના કાયદા ઉપર પહેલો પ્રહાર કર્યો. એ માસિકમાં "જન્મસંયમ" (birthcontrol) શબ્દનો તેણે પહેલી વાર ઉપયોગ કર્યો. ગર્ભનિરોધને લગતી કોઈ માહિતી એનાથી કાયદા પ્રમાણે એ માસિકમાં પ્રસિદ્ધ કરી શકાય તેમ નહોતું પણ તેની વિરુદ્ધ જે કાયદો હસ્તીમાં હતો તે કાયદા સામે તેણે સખત પ્રહારો કરવા માંડ્યા. સરકારે "બળવાખોર સ્ત્રી" નામના માસિકની નકલો ટપાલ મારફતે લઈ જવાની મના ફરમાવી. એ પછી એવી અફવા ઉડી કે એંટની કોમ્સ્ટોકની ઉશ્કેરણીથી દોરવાઈને અમેરિકાના ડીસ્ટ્રીક્ટ એટર્ની (જીલ્લા વકીલ) એ માર્ગરેટ સેંગર પર કામ ચલાવી તેને કેદમાં મોકલવાની તૈયારીઓ કરવા માંડી છે. એની ઉપર તહોમત મુકવામાં આવ્યું અને ખટલો બહુ ઝડપથી ચલાવી ફેંસલો બને તેટલો જલદી આપવામાં આવનાર છે એવી તેને ચેતવણી પણ મળી ગઈ.

માર્ગરેટને કેદનો મુદ્દલ ભય નહોતો. પણ તેણે નક્કી કર્યું કે "બળવાખોર સ્ત્રી" નામના માસિકમાં જે કૈં ઉપરછલ્લી થોડીઘણી માહિતી આપેલી હતી તેના કરતાં થોડું વિશેષ સ્પષ્ટ અને મૂળભૂત જ્ઞાન ફેલાવીને તેને માટે સજા ખમવી એ વધારે ઠીક છે, એથી તેને પોતાને ગર્ભનિરોધ (Contraceptive) વિશે જે કૈં થોડું જ્ઞાન હતું તે ઉપરથી બહુ જ સાદી ભાષામાં તેણે "મર્યાદિત કુટુંબ" (Family Limitation) નામની એક નાનકડી ચોપડી લખી કાઢી.

પણ એ ચોપડી છાપવી શી રીતે? કોઈ પણ પુસ્તકપ્રકાશક તો એને અડકવા પણ તૈયાર નહોતો. એક તો એટલે સુધી પણ કહ્યું કે "આવી ચોપડી છાપું તો મારે સીધા *સિંગસિંગની સુરંગમાં જ જવું પડે." છતાં આખરે એક હિંમતવાન માણસ મળ્યો ખરો. એણે પોતે પોતાને હાથે ચોપડીના છાપકામ માટે બીબાં ગોઠવ્યાં અને રાતને વખતે તેના

*સિંગસિંગની જેલ અમેરિકાની સહુથી મોટી અને સહુથી કડક જેલ તરીકે પ્રખ્યાત છે અને મોટા અપરાધ કરનારા ભયંકર કેદીઓને ત્યાં મોકલવામાં આવે છે.

માનાં છાપવા માંડયાં. એની નકલો તૈયાર થઇ કે તરત આખા દેશમાં જુદાં જુદાં સ્થળોમાં થોકડીબંધ મોકલી દેવામાં આવી પણ માર્ગરેટ તરફથી સૂચના મળે નહીં ત્યાં સુધી એ થોકડીઓ ખોલવી નહીં અને નકલો કાઢીને આપવી નહીં એવી સૂચના સર્વત્ર મોકલી આપવામાં આવી. એ પછી માર્ગરેટ ફરી યુરોપ જવા માટે બોટમાં બેઠી અને તેજ દહાડે તેણે "મર્યાદિત કુટુંબ" નામની પોતાની એ ચોપડીની નકલો ન્યાયખાતાના વડા તરફ મોકલી આપી અને કહેવડાવ્યું "મારો મુદ્દો હું આ ચોપડી મારફતે રજુ કરું છું. એની સામે તમારાથી જે થાય તે કરી લેજો."

ચોપડીની નકલો જાહેરમાં વહેંચાતાં ચોતરફ સનસનાટી વ્યાપી ગઇ. લોકો અકેક નકલ લઇને તેની હાથના અક્ષરે નકલો કરવા લાગ્યા અને એ નકલો સ્ત્રીઓમાં એક બીજીને વહેંચાવા લાગી. ગરીબ તેમજ તવંગર વર્ગની સ્ત્રીઓ એને માટે એકસરખી પડાપડી કરવા લાગી. આમ મૌનના પરદામાં પહેલું બાંકોરૂં પડી ચુકર્યું।

યુરોપની સફર કરતાં કરતાં માર્ગરેટને એમ્સ્ટરડામ શહેરમાં ડૉક્ટર એલેટા જેકબ્સ નામની એક બાનુ તબીબની મુલાકાત થઇ ગઇ. એ બાઇએ છેક ૧૮૮૦ ની સાલમાં એ શહેરમાં ગર્ભનિરોધના ઇલાજો કરનારું એક "ક્લિનીક" (સારવારખાનું) ચાલુ કર્યું હતું અને તેનો લાભ મફત આપવામાં આવતો હતો. એ પછી તો નેધરલેંડઝ પ્રદેશમાં ઠેરઠેર એવા ક્લિનીક ચાલુ થઇ ગયા હતા. માર્ગરેટને આ બાનુ ડાક્ટર પાસેથી ઘણી જાણવાજોગ માહિતી મળી ગઇ.

એ દેશમાં ગર્ભનિરોધના પ્રયોગ ખૂબ પ્રચારમાં હોવા છતાં સને ૧૯૧૪–૧૮ ના પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાંના ૩૦ વરસમાં નેધરલેંડઝની વસતિમાં ઉલટો ઉમેરો થયો હતો એ આશ્ચર્યની વાત લાગે. પણ ગર્ભનિરોધનું ખરું સ્વરૂપ સમજતાં એમાં નવાઇ લાગવી ન જોઇએ. હકીકતમાં ત્યાં મરણ પ્રમાણમાં ઘણો મોટો ઘટાડો થયો હતો. નાના બાળકો અને યુવાન માતાઓના મરણની સંખ્યા ઓછી થઇ ગઇ હતી. જે બાળકો ઉછરતાં હતાં તે પહેલાંના બાળકો કરતાં વધારે તંદુરસ્ત અને વધારે સશક્ત નીવડતાં હતાં. આ બધી બાબતો ઉપરથી માર્ગરેટ સેંગરને પહેલી જ વાર એક મહત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયું કે કુટુંબ–મર્યાદામાં બે બાળકોના જન્મ વચ્ચેનો ગાળો જ સહુથી મહત્ત્વનું તત્ત્વ છે.

એ જોઇને અમેરિકામાં પણ જન્મસંયમ માટેના ક્લિનીકો સ્થાપવાનાં સ્વપ્નો માર્ગરેટના મનમાં ઘડાવા લાગ્યાં. પણ તે પહેલાં તો તેને રાજ્યના કાનૂન સામે લડત લડવાની બાકી હતી. લડવાની સંપૂર્ણ તૈયારી કરીને જ્યારે માર્ગરેટ પાછી ન્યુયોર્કમાં આવી ત્યારે ત્યાં વસ્તુસ્થિતિ ઘણી પલટાઇ ગઇ હતી. ત્યાંના છાપાંઓમાં "જન્મસંયમ" વિશે ખૂબ ચર્ચાઓ ચાલી રહેલી હતી અને સરકારી વકીલ માર્ગરેટની સામેનો મુકદમો ચલાવવા માગતો નહોતો. એ મુકદમાની વારંવાર મુદતો નાખવામાં આવી અને આખરે ૧૯૧૬ માં અદાલતના હુકમથી એને રદ કરવામાં આવ્યો.

આમ માર્ગરેટનો એક રીતે વિજય થયો પણ તે વિજય ખાલી હતો. એને તો સરકારી કાનૂનમાં ધરમૂળનો ફેરફાર કરાવવો હતો. એટલે તેણે હોલેંડ (નેધરલેંડઝ)માં જોવા ક્લિનીક ચાલતાં જોયાં હતાં એવું એક ક્લિનીક ચાલુ કર્યું અને તેમાં ખુલ્લે ખુલ્લા ગર્ભનિરોધના નુસખાઓ સ્ત્રીઓને આપવા માંડયા. માર્ગરેટની ઇચ્છા કાયદાને માન આપવાની હતી અને નીતિના નિયમો પણ જળવાઇ રહે એવો તેનો આગ્રહ હતો એટલે પોતાના ક્લિનીક ઉપર દેખરેખ રાખવા માટે પૂરી લાયકાતવાળા અને પરવાનાવાળા એક તબીબની નિમણૂંક કરવાનો એણે નિશ્ચય કરેલો,

પરંતુ તેની હીલચાલ તરફ પૂરી સહાનુભૂતિ બતાવનારા અને ઘણા હીમ્મતવાન કહી શકાય તેવા તબીબોને પણ કાનૂનનો ડર લાગ્યો. એટલે આખરે બ્રુકલીન નામના ગીચ પણ ગરીબોના વસવાટવાળા લત્તામાં એક નાનકડી એવી દુકાનમાં થોડો ભાગ ભાડે રાખી માર્ગરેટ અને એથેલ નામની તેની બ્હેને મળીને અમેરિકાનું પહેલું ગર્ભનિરોધક ક્લિનીક ચાલુ કર્યું. એની બ્હેન એથેલ નર્સના ધંધા માટેનો સરકારી પરવાનો ધરાવતી હતી. આ ક્લીનીકમાં રોજેરોજ સંખ્યાબંધ સ્ત્રીઓ આવવા લાગી. એમની એ બ્હેનો શારીરિક તપાસ કરતી અને પછી તેમને ગર્ભનિરોધને માટે આવશ્યક માહિતી આપતી. આ ક્લિનીક ચાલુ થયા પછી દસમે દહાડે એના ઉપર કાયદાનો હથોડો ઝીંકાયો.

"જાહેર જનતાને માટે અળખામણી" એવી સંસ્થા ચલાવવાનો અને ન્યુયોર્કના "પિનલ કોડ"નો (ગુન્હાખોરીને લગતો કાયદો) ભંગ કરવાનો માર્ગરેટ અને એથેલ ઉપર આરોપ મુકવામાં આવ્યો. "પીનલ કોડ"ની એક એવી કલમ હતી કે ગર્ભનિરોધને વિશે કોઇ પણ માહિતી કોઇ માણસ બીજા માણસને આપી શકે નહીં. બન્ને બહેનોને એક મહિનાની સાદી કેદની સજા કરવામાં આવી. એ સજામાં એથેલે ભૂખમરાની હડતાલ જાહેર કરી. એ આખી બીનાએ આખા અમેરિકા દેશમાં સનસનાટી ફેલાવી દીધી.

કાયદામાં એક છટકબારી હતી. "રોગના ઇલાજ તરીકે અથવા રોગ અટકાવવા માટે" તબીબોને પોતાના દરદીઓને ગર્ભનિરોધને લગતી માહિતી આપવાની છુટ હતી. કેદની મુદ્દત પુરી થયા પછી માર્ગરેટે તબીબોને આ વિશેની તાલીમ આપવામાં ચિત્ત લગાડયું પણ તબીબો એ જ્ઞાન મેળવવા માટે તૈયાર નહોતા!

તે પછી સને ૧૯૨૩માં માર્ગરેટે ડૉ. હાના એમ. સ્ટોન નામની એક બાનુ તબીબની દેખરેખ નીચે ફરીવાર "ક્લિનીકલ રીસર્ચ બ્યુરો" (તબીબી તપાસ સંસ્થા) નામથી ગર્ભનિરોધ માટેના નવા ક્લિનીકની સ્થાપના કરી. તેણે પહેલા જ વરસમાં ૯૦૦ સ્ત્રીઓની સારવાર કરી. એટલામાં આખા દેશમાંથી ધંધાદારી તબીબો પણ ગર્ભનિરોધ માટે "સેંગર પદ્ધતિ"ના નામથી ઓળખાતા ઇલાજોની તાલીમ લેવા માટે એ ક્લિનીકમાં આવવા લાગ્યા. એ પછી તો જન્મસંયમની હિલચાલ મજબૂત બની બેઠી. માર્ગરેટને એ વિષય ઉપર ભાષણો આપવા માટે ઠેકઠેકાણેથી નિમંત્રણો મળવા માંડયાં. એવી સભાઓમાં ઘણી વાર તોફાન પણ થતાં. ન્યુયોર્કના ટાઉન હોલમાં મળેલી એક એવી સભા વિખેરી નાખવા માટે પોલીસની મદદ લેવી પડેલી.

માર્ગરેટ સેંગરે અમેરિકન બર્થકંટ્રોલ લીગ (જન્મસંયમ સંઘ) નામની સંસ્થા સ્થાપી. તેની દેશના લગભગ બધાં જ રાજ્યોમાં શાખાઓ ખોલવામાં આવી અને તેના ક્લિનીકલ રીસર્ચ બ્યુરોના ધોરણે ચાલતા ગર્ભનિરોધક ક્લિનીકોની સંખ્યા ઝપાટાબંધ વધતી ચાલી. વસતિના વધારાના પ્રશ્ન ઉપર ચર્ચાઓ કરવા માટે આંતરરાષ્ટ્રીય પરિષદો મળવા લાગી અને આર્થિક,સામાજિક તેમજ આરોગ્યના દૃષ્ટિબિંદુઓથી આ પ્રશ્નનો ગંભીરપણે વિચાર કરતી થઇ. આમાંની ઘણીખરી સભાઓની યોજના માર્ગરેટ સેંગર પોતે જ કરતી.

અમેરિકામાં એ પછી ન્યુયોર્ક એકેડેમી ઓફ મેડીસીન તરફથી તબીબી ધંધાને માટે રીતસરનો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો કે "તબીબી કોલેજો અને ઇસ્પીતાલોના ક્લિનીકોમાં ગર્ભનિરોધને લગતી તાલીમ આપવી જોઇએ. એને માટે જુદા જુદા રાજ્યોના તથા મધ્યસ્થ સરકારના કાયદામાં જરૂરી લાગે તેવો ફેરફાર કરવો જોઇએ. જાહેર જનતાને ધંધાદારી તબીબો તરફથી સ્ત્રી-પુરુષના દૈહિક સંબંધોને લગતી તાલીમથી વંચિત રાખવી એ

મધ્યકાલીન યુગની રસમ છે.” આમ છતાં એ'ટની કોમ્સ્ટોક જે કાનૂન ઘડ્યો હતો તે તો સરકારી કાયદાપોથી પર ચાલુ જ હતો.

સને ૧૯૨૬ થી માંડીને દસ વરસ સુધી લાગલાગટ કોંગ્રેસની એકેએક બેઠકમાં એ કાયદામાં સુધારો કરવાને લગતા ખરડાઓ રજુ થતા રહ્યા અને એ ખરડાઓ કાં તો ઉડી જતા અથવા તો અભરાઈ પર ચડાવી દેવામાં આવતા. એ પછી આ મુઝવણનો અણધાર્યો નિકાલ આવી ગયો–પણ તે કાયદાથી નહીં, પણ અદાલતના એક ફેંસલાથી.

સને ૧૯૩૦ માં ઝૂરીચ ખાતે તબીબોની એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં જાપાની બનાવટના એક ગર્ભનિરોધક સાધનનું જાહેરમાં પ્રદર્શન કરવામાં આવ્યું. એ સાધનની કસોટી કરવા માટે તેને ન્યુયોર્કની કિલનીકલ રીસર્ચ બ્યુરો તરફ મોકલવામાં આવ્યું. જકાતખાતાએ એને ન્યુયોર્કમાં દાખલ થવા ન દીધું. એ પછી એવું જ એક બીજું સાધન ડૉ. હાના એમ. સ્ટોનના સરનામે રવાના કરવામાં આવ્યું. પરવાનાવાળા તબીબને એવી ચીજ મળવા દેવામાં જકાતખાતું વાંધો નહીં ઉઠાવે એમ માનવામાં આવ્યું હતું છતાં એમાં પણ જકાતખાતાએ વાંધો ઉઠાવ્યો. સરકારના એક કાનૂન મુજબ ગર્ભ રહેતો અટકાવે એવું કોઈપણ સાધન દેશમાં દાખલ કરવાની મનાઈ હતી.

આ ઉપરથી માર્ગરેટ અને તેના સાથીઓએ મોરીસ એલ. અર્નેસ્ટ નામના એક જાણીતા વકીલને રોકીને સરકારની સામે અદાલતમાં એક દાવો દાખલ કર્યો. ન્યુયોર્કની ફેડરલ અદાલતે જુના કાયદામાં થોડી છુટછાટ મેલવી જોઈએ એવો ફેંસલો આપ્યો. સરકારે આ ફેંસલાની સામે અપીલ કરી અને વડી અદાલતે એનો એવો ફેંસલો આપ્યો કે દરદીને જેનાથી લાભ થાય એવું પોતાને લાગે તેવી કોઈ પણ વસ્તુ તબીબને ટપાલ રસ્તે મંગાવવાની કે મોકલવાની સંપૂર્ણ છુટ છે. આમ માર્ગરેટ સેંગરનો વિજય થયો અને કોમ્સ્ટોકનો ઘડેલો કાનૂન કાયદાપોથી પર કાયમ રહેવા છતાં વ્યવહારમાં નિરર્થક બની ગયો.

જેક શાકસની પત્નીના નિર્જીવ દેહ પાસે ઉભા રહીને માર્ગરેટ સેંગરે મનથી જે નિશ્ચય કર્યો હતો તે વાતને એ વખતે ૨૫ વરસ વીતી ગયાં હતાં. છતાં હજુ એને ઘણું કામ કરવાનું બાકી હતું. ખાસ કરીને શોધખોળ અને શિક્ષણની દિશામાં ઘણું કામ બાકી હતું. એની લડતનો સહુથી કપરો સમય પસાર થઈ ગયો હતો.

માર્ગરેટ સેંગર આજે પણ હયાત છે અને આરીઝ પ્રદેશમાં આવેલા ટસ્કન શહેરમાં રહે છે. તેણે માનવજાતના કલ્યાણ માટે શરૂ કરેલી આ મહાન યોજનાનો જગતભરમાં જે વિકાસ થઈ રહ્યો છે તે ત્યાં બેઠી બેઠી એ જોયા કરે છે.

માર્ગરેટ સેંગર ભારત અને પૂર્વના અન્ય દેશોની મુલાકાત પણ લઈ ચૂકી છે. એ દેશોમાં જન્મ સંયમ અને ગર્ભ નિરોધના પ્રશ્નની કેટલી આવશ્યકતા છે તેનું પૂરેપૂરું જ્ઞાન તેણે મેળવ્યું છે. ૧૯૩૬માં એ ભારતમાં આવી ત્યારે ગાંધીજીએ એના પ્રચાર કાર્ય સામે વિરોધ દર્શાવ્યો હતો. પણ ૧૯૫૧ની સાલમાં પંત સચીવ નહેરૂએ ખુલ્લેખુલ્લી એવી જાહેરાત કરી કે ભારતમાં બેફામ વધતી જતી વસતીના કઠિન પ્રશ્નનો ઉકેલ ફક્ત જન્મ-સંયમથી જ આવી શકે તેમ છે. પંડિતજીની આ જાહેરાતથી માર્ગરેટ સેંગર અતિશય પ્રસન્ન થઈ હતી.

રાતા વાળવાળી, એકવડીયા શરીરવાળી એ નર્સે આમ ન્યુયોર્કની ગ્રાંડ સ્ટ્રીટમાંથી શરૂ કરેલો પોતાનો કલ્યાણકારી પ્રવાસ ખૂબ વિસ્તાર્યો છે અને એ પ્રવાસ તેણે ઘણોખરો કોઈના સાથ વિના એકલાં જ ખેડ્યો છે. એણે જે યુદ્ધ ખેલ્યું છે તેને માટે જગત તેનું ઋણી બન્યું છે.

૧૮૫૭ની ચીનગારીઓ :— ચીનગારી ૧ લી

નુરૂદીન વોરો

લેખક : ગુણવંતરાય આચાર્ય

સત્યને ખાતર મહાન પુરૂષો શહીદ થાય છે એ તો જગજાણીતી વાત છે. પરંતુ સત્યને ખાતર પોતાનું અણમોલ નેર ઘર શોધતું આવે તે જતું કરે અને સર્વ પ્રકારના અત્યાચારો સહન કરે એવા એક સામાન્ય માણસની આ સાચી બનેલી વાત છે. સત્યને ખાતર રાજા હરિશ્ચંદ્ર કે રાજા રામ કે ગાંધીજી જેવાએ સંકટો સહન કર્યાની ઘટનાઓ જાણીતી છે. અંહી તો કલાઈ પતરાંની દુકાનમાંથી આછો પાતળો રોટલો રળનાર એક સામાન્ય વોરાની કથા છે. સાથોસાથ ૫૭ ના સ્વાતંત્ર્ય યુધ્ધે ગુજરાતમાં જે આડકતરા ભોગો લીધા છે એવા એક ભોગની આ કહાણી છે. આ આખીયે કહાણી સરકારી દફતરમાંથી જ લેવામાં આવી છે.

૫૭ના સ્વાતંત્ર્ય વિગ્રહ જ્યારે શરૂ થયો ત્યારે ખંડેરાવ ગાયકવાડ વડોદરાની ગાદી ઉપર હતા. આજ સુધીમાં દેશી રાજ્યોના રાજકર્તાઓ સામે જેટલા જેટલા દોષારોપણ કરવામાં આવ્યાં છે, તે તમામ એક આ શાપિત યાદગીરીના જુલમગાર, અત્યાચારી ને હવસખોર રાજામાં એકઠા થયા હતા.

અંગ્રેજ સરકારની નજરમાં ખંડેરાવ મહારાજ સર્વગુણસંપન્ન હતા. કેમકે ખંડેરાવ મહારાજને એમના હવસ, એમની કુનાગીરી અને એમની હલકી મનોવૃત્તિના રંગરાગમાં રમ્યા પચ્યા રહેવા દેવામાં આવે એ ગણતરીએ મહારાજા ને એના ભાઉ ફણીકર અને ભાઉ સીંધિયા જેવા સલાહકારોએ રાજ્યના તમામ સાધન સરંજામો પ્રજાકીય સ્વાતંત્ર્ય માટેના '૫૭ના વિગ્રહ વેળાએ અંગ્રેજ સરકારને ચરણે ધરી દીધા હતા.

અને '૫૭ ના જંગમાં અંગ્રેજ સરકાર વતી વડોદરાની પલટનો ઝાંસી ને ગ્વાલિયર ને દિલ્હી ને લખનૌમાં લડી હતી.

ખંડેરાવ મહારાજને એક નાનો ભાઈ હતો. ઉમર આશરે વરસ વીસ. ભારે હોંસીલો, ઉમંગી ને પ્રજાકીય આંદોલનમાં અંગ્રેજવિરોધી ને પ્રજાની તરફદારી કરવાવાળો. એનું નામ મલ્હારરાવ.

લોકવાયકા એક હતી. તે સાચી ન હોવાનું કોઈ કારણ નહતું. '૫૭ના જંગનો એક અગ્રણિ નાયક તાત્યા ટોપી વડોદરા રાજ્યની હદમાં આવેલા પાદરા ગામમાં વસતો હતો. પિલાજીરાવ ગાયકવાડ અને ત્યાર પછી મધ્ય તે દક્ષિણ હિંદમાંથી જે મરાઠા કુટુંબો ગુજરાતમાં આવીને વસ્યાં હતાં એમાં તાત્યા ટોપીનું કુટુંબ પણ પાદરામાં આવી વસ્યું હતું.

મલ્હારરાવ ગાયકવાડ '૫૭ના સંગ્રામમાં પ્રજાની તરફદારી કરતા હતા. ગુજરાતમાંથી જે કોઈ પ્રજાપક્ષે લડવા જાય એના કુટુંબની દેખભાળ કરતા હતા. એમને મદદ કરતા હતા. ને સામાન્યતઃ એમના ડાયરામાં અંગ્રેજવિરોધી વાતો જ થતી હતી.

'૫૭નો સંગ્રામ ચાલતો હતો ત્યારે તો અંગ્રેજ સરકારનો રેસીડેન્ટ મલ્હારરાવની આ વાતો જાણવા છતાં ચૂપ બેઠો હતો. અગર સરકાર મલ્હારરાવને કાંઈક કરે ને સમસ્ત રાજકુટુંબ સરકાર વિરોધમાં જાય તો ! ને સરકારના '૫૭ના સંગ્રામના ઘાવ પડઘાવોથી ધણધણી રહેલા ગુજરાતમાં ને કાઠિયાવાડમાં મૂળુ માણેકે '૫૭ના સંગ્રામનો વાવટો ઉભો કર્યો હતો. એના પ્રત્યાઘાતથી સમસમી રહેલા સૌરાષ્ટ્રમાં અંગ્રેજ સરકારનું આસન ડોલ્યું હતું ને એને ખંડેરાવ ગાયકવાડના સાધનોની જરૂરત હતી.

એટલે સરકાર ચુપ રહી.

પરંતુ સંગ્રામ પૂરો થયો ને પ્રજામત પરાજિત થયો.

ને હવે અંગ્રેજ સરકારને—અંગ્રેજ રેસીડેન્ટને જુના હિસાબ નવેસરથી ચુકતે કરવાનો સમય મળ્યો.

ખંડેરાવ મહારાજ અપુત્ર હતા. એમની પાછળ રાજગાદીના વારસ મલ્હારરાવ હતા. મલ્હારરાવ ગાદી ઉપર આવે તો એમના અમલમાં ખંડેરાવ મહારાજ જેવો અંધાપો ચાલશે નહિ ને નહિ ચલે તો પોતાનાં આસનો ટકશે નહિ, એવી ભીતિ પણ ખંડેરાવના સલાહકારોને હતી.

એટલે અંગ્રેજ રેસીડેન્ટની નિગાહ નીચે ખંડેરાવના ખાસ હજૂરી ભાઉ ફણીકરે મલ્હારરાવ સામે ખંડેરાવ સમક્ષ એક રાજકીય ફરિયાદ કરી. ફરિયાદ એ હતી કે મલ્હારરાવે ખંડેરાવ મહારાજને ઝેર દેવાનું કાવતરું રચ્યું હતું. અંગ્રેજ રેસીડેન્ટ અને ભાઉ ફણીકર અને ભાઉ સીન્ધિયાએ ખંડેરાવ મહારાજને સમજાવ્યું કે આ કાવતરું સાચું છે. મલ્હારરાવનો ઇરાદો ખરાબ છે એ અમે જાણીએ છીએ. પણ એની જાહેર તપાસ થશે તો રાજકુટુંબની આબરૂ જાય. માટે આની જાહેર તપાસ ન કરવી પણ રજવાડી વટહુકમથી મલ્હારરાવને નજરકેદ રાખવા.

અંગ્રેજ રેસીડેન્ટે આ સલાહને પુષ્ટિ આપી.

એટલે ખંડેરાવ મહારાજના હુકમ નીચે મલ્હારરાવને નજરકેદ રાખવામાં આવ્યા. ને તે પણ પાદરામાં જ. સજા હતી જીંદગીભરની. એકાન્ત નજરકેદની. કોઇની યે મુલાકાત એને થવા દેવી નહિ. આપવી યે નહિ.

બાર વર્ષની એકાંત નજરકેદ પછી

મલ્હારરાવ ગાયકવાડને આમ એની ચોવીસ વર્ષની ઉમરમાં પાદરામાં નજરકેદ રાખવામાં આવ્યા. એકાંત નજરકેદ. કોઇની મુલાકાત નહિ. કોઇને ય હળવા મળવાનું નહિ. એક જ કમરામાં બાર વર્ષની નજરકેદ મલ્હારરાવે ભોગવી. એમની સજા જીવનભરની હતી.

કેસ ખાનગીમાં જ ચાલ્યો હતો ને ભાઉ સીન્ધિયાએ ચલાવ્યો હતો ને સજા પણ ભાઉ સીન્ધિયાએ કરી હતી. ખંડેરાવે એ મંજૂર રાખી હતી. જન્મભરની એકાંત નજરકેદની.

પરંતુ આ ધરતી ઉપર સદાકાળ સત્તાના તારલાઓ, સત્તાના લેભીઓ, સત્તાના લાલચુઓનું ધાર્યું થતું આવે છે એમ નથી. ક્યારેક ધાર્યું ધરણીધરનું યે થાય છે.

ને બાર વર્ષે આ એકાંત નજરકેદના દરવાજા અચાનક ખૂલ્યા.

ખંડેરાવ મહારાજ ઇ. સ. ૧૮૭૦ની સાલમાં એક સવારે એકાએક અવસાન પામ્યા. એમના મૃત્યુ પછી એમની અનેક રખાતોના અનેક છોકરાઓ રાજના હક દાવા કરતા થયા.

’પ૭ના સંગ્રામના ઉત્તરકાળની હવા ફરી ગઇ હતી. મલ્હારરાવને એકાંત નજરકેદ પછી સીધા વડોદરાના તખ્ત ઉપર આવી બેસવાની તક મળી. ભાઉ ફણીકર જાન લઇને નાઠો. અને ભાઉ સિન્ધીયાની માલ મિલકત જપ્ત કરીને એને મલ્હારરાવે અટકમાં લીધો.

પરંતુ ઠીક મથાળે કલકત્તાની અંગ્રેજ સરકારની રાજધાનીમાંથી વડોદરાના મલ્હારરાવ માટે ગઇ ગુજરી ભૂલી જવાની જે નીતિ અખત્યાર કરવામાં આવી હતી તે મુંબઇ સરકારને મંજૂર નહોતી. ખંડેરાવ ગાયકવાડના અત્યાચાર, અનાચાર અને હવસખોરી સાથે મુંબઇ સરકારના તે વખતના એટલા બધા અમલદારો સંડોવાયા હતા ને એટલા બધાને વડોદરામાં રંગરાગનો ઇજારો હતો ને એટલા બધાને ભાઉ ફણીકર ને ભાઉ સીન્ધિયા—મરહૂમ ખંડેરાવના બે ખાસ સલાહકારો—નો મીઠો સંબંધ હતો કે એમણે મલ્હારરાવને ઠરીને ઠામ ન જ બેસવા દેવાનો નિર્ણય કર્યો હતો.

એક નાલાયક માનવીને હવે યાદ કરવામાં આવે છે

એટલે મુંબઈ સરકાર. જેના હાથમાં વડોદરા રાજ્ય ઉપરની નિગેહબાની હતી ને જેના હાથમાં સરકારી રેસીડેન્ટની નિમણૂક હતી એણે એક સદંતર નાલાયક માનવીને કાયમી બરતરફીની કબરમાંથી ફરીને જીવતો કરીને વડોદરામાં રેસીડેન્ટ તરીકે મૂક્યો. એનું નામ કર્નલ ફેર.

આ કર્નલ ફેર પહેલાં મુંબઈ સરકારની નોકરીમાં સિંધ પ્રાંતમાં રેવન્યુ ખાતામાં હતો. ત્યાંથી એને કેટલાંક ખરાબ કામો માટે બરતરફ કરવામાં આવ્યો હતો.

ત્યારપછી આ નાલાયક માનવીએ સરકારની માફી માગી હતી. અને અનેક અરજ અહેવાલો પછી એને એક વધુ તક ને છેલ્લી તક આપવાનો મુંબઈ સરકારે સરકારી ગેઝેટમાં ઠરાવ પ્રગટ કર્યો. એને પેં-પૂરના મીરની રિયાસતમાં રેસીડેન્ટ તરીકે મૂક્યો હતો.

ત્યાં પણ આ માણસ ઠાવકો રહ્યો નહિ. છૂપો રહ્યો નહિ. શાંત રહ્યો નહિ. ને આખરે મુંબઈ સરકારે સરકારી ઠરાવ કર્યો કે: કોઈપણ જાતની સરકારી કામગીરી બજાવવાને માટે કે કોઈ જાતની એક સામાન્ય સંસ્કારી માનવી તરીકેની પોતાની જવાબદારીઓ સમજવાને માટે પણ આ માણસ નાલાયક છે. એટલે આ માણસને સરકારી નોકરીમાંથી કાયમને માટે બરતરફ કરવામાં આવે છે. ભારતમાં કોઈ પણ સ્થળે આ માનવીને નોકરી કે કામગીરી આપવામાં આવશે નહિ.

આવો ઠરાવ મુંબઈ સરકારે કર્નલ ફેર માટે કર્યો હતો. ને મુંબઈ સરકારની નોકરીમાંથી કાયમને માટે નાલાયક ઠરેલો ને ભારતમાં કોઈ પણ જગાએ કોઈ પણ કામગીરી બજાવવાને અપાત્ર મનાયેલો આ માણસ વિલાયતમાં પણ સરકારી કામગીરી માટે નાલાયક લેખાયો હતો. ને લંડનમાં શરાબી માનવી તરીકે જીવન વીતાવતો હતો. એ માણસને મુંબઈ સરકારે પાછો બોલાવ્યો ને વડોદરામાં એને મલ્હારરાવ ગાયકવાડની રિયાસતમાં રેસીડેન્ટ તરીકે નીમ્યો.

આ માણસને બરતરફી અને ગેઝેટમાં સરકારે જાહેર કરેલી નાલાયકીની ધારમાંથી શા માટે ફરીને જીવતો કરવામાં આવ્યો છે એ વાત એનાથી છાની નહતી—ને મલ્હારરાવના વિરોધીઓથી યે છાની ન હતી.

કર્નલ ફેરે આવતાંની સાથે ભાઉ ફણીકરને રેસીડેન્સીમાં વસવાટ આપ્યો ને કામગીરી પણ આપી.

દરમિયાન ખંડેરાવ મહારાજે પોતાની પાછળ જે અવ્યવસ્થા અને અંધેર મૂક્યાં હતાં એ ઉકેલવાને માટે મલ્હારરાવ ગાયકવાડે શ્રીયુત દાદાભાઈ નવરોજજીને વડોદરાના નાયબ દીવાનપદે સ્થાપ્યા હતા.

પહેલો ઘા નકામો ગયો

કર્નલ ફેરે ભાઉ ફણીકરની દોરવણી લીધી કે ભાઉ ફણીકરે કર્નલ ફેરની દોરવણી લીધી એ તો કહી શકાય એમ નથી.

પરંતુ કર્નલ ફેરે પોતાનો હોદ્દો સંભાળ્યાને હજી ૭ માસ પૂરા ન થયા ત્યાં પોતાનું પોત પ્રકાશ્યું.

ભાઉ ફણીકરે એક નિવેદન મારફત મલ્હારરાવ ગાયકવાડ ઉપર ગેરવહીવટના, અત્યાચારના, જુલમગારીના અને હવસખોરીના એમ જુદી જુદી કોટિનાં ઓગણીસ જાતનાં તહોમતો મૂક્યાં ને મલ્હારરાવને પદભ્રષ્ટ કરવાની માગણી કરી.

કર્નલ ફેરે એ નિવેદન લીધું. મુંબઈ સરકારને મોકલ્યું. પોતે રેસીડેન્ટ તરીકે કરેલી તપાસમાં ઉપરનાં બધાં તહોમતો સાચાં છે એવું પ્રમાણપત્ર મોકલ્યું. ને મલ્હારરાવને તાબડતોબ પદભ્રષ્ટ કરવાની હિમાયત કરી.

મુંબઈ સરકારે આ બધું કલકત્તા મોકલ્યું ને રેસીડેન્ટ કર્નલ ફેરનો મત પોતે પણ મંજૂર રાખે છે એમ જણાવીને પોતાના

તરફથી પણ મલ્હારરાવને તાબડતોબ પદભ્રષ્ટ કરવાની માગણી કરી.

આ કાવતરું આમ તો રેલને પાટે ચાલ્યું હતું. ને માત્ર કાગળો બનાવીને કાગળના ઘોડા ઉપરજ મલ્હારરાવને પદચ્યુત કરી શકાશે એવી ગણતરી રાખી હતી એ ઉંધી પડી. કર્નલ ફેર ને મુબઇ સરકાર એક બે વાત જાણતાં નહતાં.

એક વાત એ કે મલ્હારરાવ એમ કોઇથી દાબ્યો દબાય એવો માણસ નહોતો.

બીજી વાત એ હતી કે મલ્હારરાવના સલાહકારોમાં મુખ્ય સલાહકાર હતા એમના નાયબ દીવાન દાદાભાઇ નવરોજજી ને અંગ્રેજ અમલદારોની કે મુંબઈ સરકારની સામે કાયદેસર પડકાર કરતાં શ્રી. દાદાભાઇ આંચકો ખાય એમ નહોતા.

શ્રી. દાદાભાઇ નવરોજજીએ કર્નલ ફેર અને મુંબઇ સરકાર બેઉની રીતરસમ સામે સીધી કલકત્તામાં સખત ફરિયાદ કરી.

એમણે નિવેદન કર્યું કેઃ એક તો મલ્હારરાવને ગાદી ઉપર આવ્યે જ હજી માંડ બે વર્ષ જ થયાં છે એટલે એમની સામે જે આક્ષેપો કરવામાં આવ્યા છે એનું સોમા ભાગ જેટલુ પણ કરવાનો એમને સમય જ મળ્યો નથી—ને મળે નહિ.

ને બીજી વાત એ પણ શ્રી. દાદાભાઇએ કરી કે આ જે ઓગણીસ કોટિનાં તહોમતો નીચે મલ્હારરાવ સામે જુદા જુદા પ્રકારના બસો ને ચાલીસ જેટલાં આરોપો મુકવામાં આવ્યા છે એ બધા જ ખંડેરાવ ગાયકવાડના જ સમયના છે, ને એ તમામને માટે અસલ નિવેદન પેશ કરનાર ભાઉ ફણીકર પોતે જ જવાબદાર છે.

અને એમણે એ વાત પણ સ્પષ્ટ કરી દીધી કે આ આખું નિવેદન તેમ જ રેસીડેન્ટ અને મુંબઇ સરકારની નીતિ ઇરાદાપૂર્વકની બદદાનતથી ભરેલી છે. એનો સરકારી રાહે જો સ્પષ્ટ ઇન્સાફ નહિ મળે તો આ આખું ઢોંગ તેઓ પાર્લામેન્ટમાં તેમ જ અખબારો દ્વારા હિંદના લોકો સમક્ષ ખુલ્લું પાડશે.

આ પડકાર એટલો તો સ્પષ્ટ હતો, એટલો તો સીધો હતો કે મુંબઇ સરકારે તો રેસીડેન્ટને ઠપકો આપવાની ને પોતાનું નિવેદન પાછું ખેંચી લેવાની તત્પરતા બતાવી દીધી. પરંતુ શ્રી. દાદાભાઇને કોઇ સરકારી મહેરબાની મંજૂર ન હોતી. મલ્હારરાવ ગાયકવાડે સરકાર પાસેથી સ્પષ્ટ ઇન્સાફ માગ્યો.

એને પરિણામે ભારત સરકારને ઇ.સ. ૧૮૭૩ની સાલમાં મલ્હારરાવ ગાયકવાડની સામેના રેસીડેન્ટે કરેલા ગેરવહીવટના આક્ષેપોની તપાસ માટે એક સરકારી ન્યાયપંચ સર રીચર્ડ મીડના પ્રમુખપદ નીચે નીમવું પડયું.

આ તપાસપંચે તમામ કિસ્સાઓ તપાસ્યા. ભાઉ સીન્ધિયાની મિલકત જપ્ત કરવાનો અને એને અટકમાં રાખવાનો ગાયકવાડને હક્ક છે અને રજુ થયેલા દસ્તાવેજો ને એનો ભાઉ સીન્ધિયા તરફથી યોગ્ય ખુલાસો આપવાની અશક્તિ જોતાં ગાયકવાડે એમાં કશું જ ગેરવાજબી કર્યું નથી.

એ સિવાયના ઓગણીસ કોટિ નીચે આવતા બસો ને ચાલીસ તહોમતોમાંથી દરેક કોટિના આઠ આઠ દાખલાઓના પોતાના પુરાવાઓ પેશ કરવાની તપાસપંચે કર્નલ ફેરને આજ્ઞા કરી.

આઠ મહિનાની રોજેરોજની તપાસ પછી તપાસપંચે ફેંસલો આપ્યો કે ગાયકવાડ સરકાર મલ્હારરાવના ગેરશાસનનો એક પણ દાખલો પુરવાર કરવાને કર્નલ ફેર અશક્ત થયો છે ને આ બસો ચાલીસે ચાલીસ ગેરશાસનના દાખલાઓ ખરી રીતે તો ખંડેરાવ ગાયકવાડના જ શાસનકાળનાં છે, એમ ગાયકવાડ સરકારે પુરવાર કરી આપ્યું છે. સબબ પંચ ઠરાવે છે કે, કર્નલ ફેર જો ગાયકવાડ સરકારની નાલેશીના આ કાવતરામાં શામેલ ન હોય તો એના જેવા જવાબદાર હોદ્દાના અમલદારને માટે શોભે નહિ એટલી હદ સુધી મહારાજાના વિરોધીઓની જાળમાં એ આવી

ગયા છે. મહારાજા સદંતર નિર્દોષ છે. ને આ તપાસપંચમાંથી મહારાજા મલ્હારરાવ પોતાની પ્રતિષ્ઠાને જરાયે ડાઘ ન લાગે એવી રીતે નીકળી ગયેલા ઠરાવીએ છીએ.'

ત્રણ અંગ્રેજ ન્યાયાધીશો ને બે દેશી ન્યાયાધીશોનો આ સર્વાનુમત ફેંસલો હતો.

પાડાઓની લડાઇમાં એક બિચારૂં ઝાડવું

આ મોટા મોટા માણસોની મોટી મોટી લડાઇઓ—એક બાજુ મુંબઇ સરકાર ને મુંબઇ સરકારના અમલદારોનું પીઠબળ ધરાવતા અંગ્રેજ રેસીડેન્ટ, બીજી બાજુ મલ્હારરાવ ગાયકવાડ—અથડામણના નિશાનને માટે વડોદરાની રાજગાદી-એમાં આપણે જેની વાત કરવા માગીએ છીએ એ વોરો આવ્યો ક્યાં?

નુરદીન વોરો. વડોદરાની દાંડિયા બજારમાં નાનકડી હાટડી માંડીને બેસે ને પાઇ પૈસામાં કલઇ પતરાંનાં ડબ્બાને રેણ કરે કે ઢાંકણાં કાપી દે, એ મહારથીઓના જંગમાં એક રજ સમો ગણાય એવો—એ આમાં આવ્યો ક્યાં?

વાત એવી બની કે કર્નલ ફેરે મહારાજા સામે ઓગણીસ કોટિનાં જે તહોમતો મૂકયાં હતાં એમાં એક કોટિ એવી હતી કે મલ્હારરાવ ગાયકવાડ વસતિનાં માણસો પાસે કામ કરાવે છે, પણ એના પૈસા કોઇને આપતા નથી. એટલે કે રાજના રંગરાગ માટે ને પોતાના ઉપયોગ માટે લોકો પાસે એ મફત 'વેઠ' કરાવે છે ને 'ગુલામી' નભાવે છે.

ને એવા કિસ્સાઓમાંથી આઠ કિસ્સા કર્નલ ફેરને પંચ સમક્ષ તપાસ કરવાને માટે રજુ કરવાના હતા તેમાં કર્નલ ફેરે એક કિસ્સો આ કલઇપતરાની હાટડીવાળા વોરા નુરદીનનો મૂકયો હતો.

વોરાના દુર્ભાગ્યનાં પગરણ અંહીથી જ થયાં. સામાન્ય રીતે મલ્હારરાવ ગાયકવાડ તપાસપંચ સમક્ષ નિયમિત રીતે હાજરી આપતા પરંતુ એમને સખત તાવ આવ્યો ને ત્રણ ચાર દિવસ એ હાજર રહી શકયા નહિ.

એટલે નુરદીન વોરાએ શી સાક્ષી આપી ને શી વાત કરી એ એમણે સાંભળ્યું જ નહતું. ને આખી તપાસ દરમિયાન મહારાજા કોઇને મળતા નહિ ને કોઇની સાથે તપાસની વાત જ કરતા નહિ. એટલે એમને કોઇ કહેનાર નહતું. ને આમ પણ નુરદીન વોરો એટલો નાનો માણસ ગણાય કે એની જુબાનીમાં કોઇને હરખ શોક જેવું લાગવાનું શું હોય? એટલે મહારાજાને એની સાક્ષીની વાત બીજી કોઇ રીતે જાણવામાં આવી નહિ. આમ નુરદીનની બદકિસ્મતીના આકરા ગણેશ બેઠા.

જામનગરનાં ગુલાબજાંબુની કહાણી

નુરદીન વોરાએ પોતાની જે હકીકત હતી એ જ આવીને કહી. ને એ હકીકત આવી હતી.

ખંડેરાવ મહારાજ ઘણા શોખીન માણસ. વિલાસી પણ એટલા. એક રાતે એમના રાજમહેલમાં એમને માટે એમના પાસવાનોએ એક રંગીન મહેફીલ ગોઠવી. વડોદરા રાજ્યના જેટલા તાલુકા એ દરેક તાલુકામાંથી એક એક રંગીલી રમણી લાવીને એની સાથે ખંડેરાવ ગાયકવાડ ને એના પાસવાનો રાસલીલા રમે.

ભેગી જ્યાફત પણ કોઇ જાતભાતની કરાવી હતી. બરફી સુરતની, પણ સુરતમાંથી લાવવી. પેંડા મથુરાના, પણ મથુરાથી લાવવાના. ગાંઠિયા ભાવનગરના, પણ ભાવનગરથી લાવવાના ને ગુલાબજાંબુ જામનગરના, પણ જામનગરમાંથી જ લાવવાનાં.

માથે ઉભા રહીને એક ભરોસાનો માણસ માલ તૈયાર કરાવે ને એકએક શેરને હિસાબે તોળાવે. પછી એમાંથી કોઇ ખાઇ ન જાય, કોઇ એને જરા યે હાથ ન લગાડે એટલા માટે જેમ શેર શેર માલ તોળાતો જાય એમ સામે ને સામે જ પતરાનાં ડબ્બામાં મુકાતો જાય ને ત્યાં ને ત્યાં જ એને રેણ કરવાનું. નહિ તો વળી કોઇ એકાદ બરફીનો ટૂકડો કે એકાદ જાંબુ ખાઇ જાય તો!

આમાં બીજે ઠેકાણે બીજાઓ ગયા હતા. જામનગરનાં ગુલાબ જાંબુ લેવાને મહારાજાનો

મહેલનો શિલેદાર દામોદરપંત ગયેલો. ને ત્યાંને ત્યાં જ પતરાંના ડબ્બાઓને રેણ દેવાને પોતાની દુકાનેથી શેર શેરના ડબલાં તૈયાર કરીને, એનાં ઢાંકણાં તૈયાર કરીને જામનગરમાં ગુલાબજાંબુવાળાની હાટે ને હાટે જ એને રેણ દેવાને દામોદર પંત વડોદરાથી આ નુરદીન વોરાને લઇ ગયેલો.

આ વોરાના આ ડબલાંના ને આ રેણ કરવાની મજૂરીના પૈસા ચુકવાયા નહોતા.

આ વાત હતી જામનગરના ગુલાબ જાંબુની ને નુરદીન વોરાની. એ એણે કહી. વાત ખંડેરાવ મહારાજની હતી. મલ્હારરાવ મહારાજની નહોતી એ પણ એણે કહ્યું.

વડોદરામાં એક દિવસનું ભયરાજ

તપાસપંચનો ફેંસલો આવી ગયો ને મહારાજા નિર્દોષ ઠરીને છૂટ્યા.

ત્રેવીસ વર્ષની ઉંમરે એક કાવતરાંબાજથી મહારાજા નજરકેદ થયેલા. બાર બાર વર્ષની આકરી અને અનેક અપમાનોથી ભરેલી નજરકેદ એમણે ભોગવી હતી. ત્યાંથી સીધા રાજગાદી ઉપર આવ્યા. એ ગઇ ગુજરી ભૂલી જવા તૈયાર હતા. શ્રી. દાદાભાઇ નવરોજજી જેવા પ્રમાણિક ને બાહોશ અમલદારો એમણે ભરતી કર્યાં હતા.

છતાં કાવતરાંબાજો એમને જંપવા દેતા ન હતા. એ જ જમાત—જે જમાતે એમને નજરકેદ રાખ્યા હતા એ જ જમાત હજી પણ એમને સતાવતી હતી, નાસેશ કરતી હતી.

ને મહારાજા નિર્દોષ જાહેર થયા ત્યારે મલ્હારરાવનો પ્રતાપ એના પૂરેપૂરા ભયાનક સ્વરૂપમાં ભભૂકી ઉઠ્યો.

એમણે એમના સિપાહીઓને શિકારી કૂતરાઓની જેમ છોડી મૂક્યા. જે જે જેટલા માણસોએ ભાઉ ફણીકરને મદદ કરી હોય, જેટલા જેટલા માનવીઓએ તપાસપંચ સમક્ષ સાક્ષી આપી હોય, એ તમામને શિક્ષા કરો. એમની માલમિલકત જપ્ત કરો. જાહેરમાં ફટકા મારો.

એક દિવસ ને એક રાત વડોદરામાં નર્યું નીતર્યું ભયરાજ છવાઇ રહ્યું. મલ્હારરાવે મગજ ઉપરનો કાબુ જાણે ગુમાવી દીધો. એ જાતે હાથમાં કોરડો લઇને નીકળ્યા. પછી તો સિપાઇઓનું પૂછવું શું? ઘણાને માર પડ્યો. ઘણાની મિલકતો જપ્ત થઇ. વડોદરામાં જાહેર રસ્તા ઉપર નીકળવું કોઇને માટે સલામત ન રહ્યું.

ને એમાં નુરદીન વોરો બરાબર ઝડપાઇ ગયો. એના બાઇને ઉભી બજારે ફટકા મારીને લોહી લુહાણ હાલતમાં જાનથી મારી નાખવામાં આવ્યો. નુરદીનને ઉભી બજારે ફટકા મારવામાં આવ્યા. એ લોહી લુહાણ થયો. બેભાન થઇ ગયો. એના વાંસાની ખાલ આખી ઉતરી ગઇ.

એને ઘેર સિપાઇઓ પહોંચ્યા. ભયથી થરથરતી એની પત્ની ઉભી કચડીને મરી ગઇ. એનું એક બાળક પટકાઇને મરી ગયું. એના ભાઇનું ને એનું ઘર લૂંટાઇ ગયું.

ઉભી બજારે કોરડા ને ચાબૂક ને લાઠીઓ લઇને સિપાઇઓ નીકળી પડ્યા. જે આવે તેને મારવા, બાળવા ને ફટકારવા માંડ્યા. મલ્હારરાવનો કાળો કોપ હદ બહારનો થયેલો ને કોઇ એને મળવા ન જઇ શકે એવું થઇ ગયું.

આખરે દાદાભાઇ નવરોજજીએ પોતાનું રાજીનામું મોકલાવી આપ્યું ત્યારે મહારાજા ઠંડા થયા. એમણે દાદાભાઇને પોતાના દીવાન-પદે નીમ્યા. પોતે અફસોસ જાહેર કરીને [illegible]

કર્નલ ફેરની બરતરફી કે બદલી?

શ્રી. દાદાભાઇએ દીવાનપદે આવીને જેથી પહેલું કામ કર્નલ ફેરને વડોદરામાંથી [illegible] અપાવવાનું લીધું. કર્નલ ફેર એક સંગ્રામ [illegible] હતું એમ જાણવા જોવા પછી યે મુંબઇ સરકારે એને હજી વડોદરામાં કાયમ રાખ્યા હતા એમ નહિ, પણ ઉલટો ચોર કોટવાલને દંડે એમ તપાસપંચના ચુકાદા પછી મુંબઇ સરકારે મલ્હારરાવને

ફરિયાદની તપાસનો સાર્વભૌમ સત્તા તરીકે મુંબઇ સરકારને અબાધિત હક્ક છે ને એ હક્ક-વડોદરા રાજ્ય સાથેના સંધિખતમાંથી ફલિત થાય છે.

કર્નલ ફેરે એક રેસીડેન્ટ તરીકે મુંબઇ સરકારને–પોતાના ઉપરીને–કરેલો અહેવાલ એ રાજકીય દસ્તાવેજ છે ને એને પ્રકટ કરવાની પોતાની ફરજ નથી ને એ અહેવાલ ઉપર સાહેદના પીંજરામાં આવવાની પોતાની જવાબદારી નથી એવો દાવો કર્યો.

પરંતુ મુંબઇ સરકાર ને કર્નલ ફેરની ઉપરવટ તપાસ–પંચ આવ્યું. એ તપાસ પંચના સરનશીન હતા એ જ સર રીચર્ડ કૂાસ–જેણે કર્નલ ફેરની કાવતરાબાજી વિષે આગલા તપાસપંચમાં કડક નોંધ લીધી હતી.

હવે પોલીસ ગભરાઇ. મલ્હારરાવની હાડ વિરોધી મુંબઇ સરકાર જેને પ્રાથમિક સાચો માને એવો અહેવાલ તૈયાર કરવો એ એક વાત હતી ને જાહેર તપાસપંચ. ફોજદારી કાયદાની અન્વયે અદાલતી જાહેર તપાસ કરે એમાં પ્રાથમિક સાચા લાગે એવું તહોમતનામું ઘડવું એ બીજી વાત હતી.

જાહેર તપાસપંચ નિમાયું છે ને મહારાજાનો બચાવ કરવાને એક મોટા મશહૂર બારીસ્ટર આવવાના છે, એ વાત સાંભળીને સાક્ષીઓ નાસભાગમાં પડયા. કર્નલ ફેરનો બટલર, કર્નલ ફેરની આયા વગેરે નાસી ગયાં. ભાઉ ફણીકર નાસી ગયો. નવા રેસીડેન્ટ તરીકે સર લુઇ પેલી નામનો કાબેલ ને નિષ્પક્ષપાત અમલદાર આવ્યો હતો. એણે પોલીસે એકત્ર કરેલા પુરાવાઓ જોઇને તપાસ ચાલે ત્યાં સુધી મહારાજાના હાથમાંથી સત્તા ખૂંચવી લેવાના મુંબઇ સરકારના હુકમનો અનાદર કર્યો.

હવે કેસને મજબૂત કરવા, છેવટે સરકારની નાલેશી ન થાય એ રીતે પેશ કરવાને મુંબઇ સરકારે મુંબઇના તે વખતના પોલીસ કમીશનર સાઉટરને નીમ્યો.

બીચારા નુરૂદ્દીનની રામ કહાણીનો આરંભ

અને અંહીથી '૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામના આડકતરા શહીદ નુરૂદ્દીનની શહાદતનો આરંભ થાય છે.

મહારાજાએ ઝેર મેળવ્યું કયાંથી? કોઇ દાક્તરી અહેવાલ તો હતો નહિ. તો પછી એ ઝેર સોમલ જ હતું એમ કેમ કહેવાય? જે આપ્યું હતું એ ઝેર હતું એ કેમ કહેવાય?

આપેલી ચીજ ઝેર જ હતી ને ઝેર સોમલ જ હતું એટલું જો પૂરવાર થાય તો પોલીસની લાજ રહે. નહિ તો પહેલે જ દિવસે તપાસપંચ પોલીસનો કેસ ફેંકી દે.

ત્યારે અકબરખાનને નુરૂદ્દીન વોરો યાદ આવ્યો ને એ બિચારાની કારમી કમબખ્તી શરૂ થઇ.

અકબરખાનની ગણતરી એમ કે નુરૂદ્દીન વોરાને મલ્હારરાવને હસ્તે ઘણું સહેવું પડયું છે એનો ભાઇ મરી ગયો છે. નુરૂદ્દીનને પોતાને સખત માર પડયો છે. એની પત્ની ત્રાસથી આપઘાત કરી મરી ગઇ છે. એનું બચ્ચું પણ મરી ગયું છે. એની મિલકત પણ લુંટાઇ છે આખા વડોદરામાં મલ્હારરાવ તરફ વધારેમાં વધારે જો કોઇને દ્વેષ હોય તો તે નુરૂદ્દીનને હોવો જોઇએ છે.

એટલે એક દિવસ એની હાટડી ઉપર કામ કરતા નુરૂદ્દીનને અકબરખાને બોલાવીને એને કહ્યું: વડોદરાના મહારાજાએ સોમલ ઝેરનું પડીકું તારી પાસેથી લીધું હતું એમ તારે કહેવું. તારે એમ કહેવું કે મહારાજા એટલા જુલમગાર હતા કે મને એનો ડર હતો એટલે એમણે મને હુકમ કર્યો એટલે મે મારે ઘેરથી લાવી આપ્યું. તારે ઘેર કયાંથી આવ્યું એમ જો પૂછે તો કહેવું કે હું તો એ વખતે મહારાજાના જુલમથી ખૂબ ગભરાયેલો હતો. પણ મારા ભાઇના ઘર ઉપર મહારાજાએ જુલમ કર્યો હતો એવો મારા ઘર ઉપર કરે તો આપઘાત કરવાને કામ

લાગે એમ માની તે મારી પત્ની ક્યાંકથી લાવી હતી. ક્યાંથી લાવી એ મને ખબર નથી. પણ મરતી વખતે મારી બૈરી મને કહી ગયેલી કે મહારાજા બહુ જુલમ કરે તો તમને આપઘાત કરવા માટે ઝેરની પડીકી લાવી રાખી છે. એટલે મને ખબર હતી કે મારા ઘરમાં ઝેરની પડીકી છે. તે મહારાજાએ મને દમ ભરાવીને માગી એટલે મેં એમને આપી દીધી.

હું ખરબાદ બન્યો છું પણ
જૂઠું નહિ બોલું

નુરૂદ્દીને જૂઠું બોલવાની સાફ ના પાડી. ત્યાર પછી એના ઉપર કેવાં વીતક વીત્યાં હશે, ને કેવાં વીતવાનાં હશે એ માટે ખુદ તપાસ-પંચના આખરી ફેંસલામાં તપાસ-પંચના ન્યાયાધીશોનો ઉલ્લેખ છે એ પોતે જ કહેશે.

તપાસ-પંચના અહેવાલમાં નુરૂદ્દીન વહોરા અને એના ઉપર ગુજરેલા પોલીસ સીતમ સંબંધે લખેલા શબ્દો આ પ્રમાણે છેઃ

Here we have a good view of the subject of *the liberty* of the subjects, whether they are respectable tradesmen, when the Police choose to interfere with it.

He (Damodar) gives a long account of going to Nooruddin Borah. We can quite understand why he has fixed upon Nooruddin Vorah to tell a parcel of fables. He exepected Nooruddin would endorse him. Nooruddin, as will be rememberad, was one of the complainants against the Gaekwar. Before the Commission he complained of having been fined five thousand rupees unjustly and he also complained of a relative of his having been flogged to death. He was, is and might be well esteemed to be a bitter enemy of the Gaekwar. One can very well understand why it is that Damodar should have selected him as being the person to whom he approached for Arsenic. It occurred to him as it has occurred to men of little minds generally that this man would naturally be only too glad to obtain vengence. This is a man who is no friend of the Gaekwar. But he seems at the same time to be an honest man. And how has he been treated, because he refused to come up to what the Police demanded *of him?*

As confirmed by the director of investigations' statement he is kept in custody for months. According to Akbar Ali he is remitted to Prison because they cannot get anything whatever of him. And Akbarali with a smile, the very reverse of the benevolent, intimated in passing that there was something or other in reserve for him, that he would not at all like.

The Police have done all they could to him. They have tortured him but they connot make him give false evidence. *Bitter enemy as he is of the Gaekwar he is the one spot in this case in which adherence to truth has induced a man to suffer torture*

and degradation rather than be made an instrument of false charge against an innocent man even though a bitter enemy.

[અંહી આપણને પ્રજાજનોની સ્વતંત્રતાના વિષય ઉપર સારો પ્રકાશ સાંપડે છે. પોલીસ જ્યારે એ સ્વતંત્રતા ઉપર હાથ મારે ત્યારે આબરૂદાર વેપારીઓની પણ કેવી દશા થાય છે એ જાણવા મળે છે.

દામોદરે નુરૂદ્દીન વોરા સાથેની મુલાકાતનો લાંબો અહેવાલ આપેલો છે. જુઠાણાંની આખી ગાંસડી ખાલી કરાવવા માટે તેણે નુરૂદ્દીનની પસંદગી શા માટે કરી તે આપણે બરાબર સમજી શકીએ છીએ. એની એવી ગણતરી હતી કે નુરૂદ્દીન એની વાતને ટેકો આપશે. એ વાત યાદ હશે કે નુરૂદ્દીન પણ ગાયકવાડની સામેનો એક ફરી-આદી હતો. તપાસ પંચ સમક્ષ તેણે પોતાનો ગેરવાજબી રીતે પાંચ હજાર રૂપીઆ દંડ થવાની તેમજ તેના એક સગાને ફટકા મારીને પૂરો કર્યાની ફરિયાદ કરી હતી. એ ગાયકવાડનો એક કટ્ટો દુશ્મન હતો, છે અને હજુ પણ રહેશે એમ માની શકાય. સોમલની બાબતમાં દામોદરે એની પસંદગી શા માટે કરી હશે તે સહેલાઇથી સમજી શકાય તેવી વાત છે. નાના મનના માણસોને હમેશાં થાય એવી રીતે તેને પણ થયું કે આ વોરો પોતાનું વેર વાળવાની તક ઝડપી લેશે. આ આદમી ગાયકવાડનો મિત્ર નથી. પણ એ પ્રમાણિક માણસ જણાય છે, અને પોલીસે કહ્યા પ્રમાણે કરવાની તેણે ના પાડી એટલા માટે એના ઉપર કેવો જુલમ થયો છે એ જુઓ.

તપાસપંચના અધિકારીના નિવેદનથી એ વાતને ટેકો મળે છે કે નુરૂદ્દીનને મહિનાઓ લગી કેદમાં રાખવામાં આવ્યો છે. એની પાસેથી કશું મળ્યુ નહીં તેથી એને કેદમાંથી છોડયો એમ અકબરઅલી જણાવે છે. અને કરડા મુસ્કેરાટ સાથે અકબરઅલી સહેજ ઇશારારૂપે જણાવે છે કે નુરૂદ્દીનને માટે કોઇ એવી બાજી ગોઠવાઇ હતી કે જે એને બીલકુલ રૂચે એવી નહોતી.

પોલીસે એના ઉપર પોતાનાથી બનતુ બધું કર્યું છે. એને રીબાવ્યો છે છતાં એ આદમી પાસે ખોટી જુબાની અપાવી શકી નથી. ગાયકવાડનો કટ્ટો દુશ્મન.છતાં આ આખા મુકદમામાં એ એક એવો ઉજળો માણસ છે કે જેણે પોતાના કટ્ટા દુશ્મનને પણ નિર્દોષ માનવી તરીકે માન્ય રાખી તેના ઉપર ખોટું તહોમત મુકવાની બુરાઇ કરવાને બદલે સત્યને વળગી રહીને ત્રાસ, રીબામણી, જુલમ અને અપમાન સહન કરવામાં માણસાઇ માની છે.]

ઉજ્જવલ નામ અને પછી અંધકાર

કોઇ પણ એક સાહેદને માટે ફેંસલામાં આવા શબ્દો લખાય એ જગતભરની ફોજદારી અદાલતની તવારીખમાં અજોડ બહુમાન ગણાય. ને જેનાથી પોતાનું તો સર્વસ્વ ફના થયુ હતું એવા વેરીને માટે આવા સામાન્ય વર્ગમાંથી આવતા ઘરસંસાર માંડી બેઠેલા માનવીને માટે આટલી સત્યનિષ્ઠા એ પણ અદ્ભુત ગણાય.

નુરૂદ્દીન વહોરાની કથા એ ગુજરાતના સામાન્ય નાગરિકની ગૌરવ કથા છે. એક સામાન્ય કોટિનો માણસ પોતાના ઘરને ખૂણે કે હાટડીને થડે બેઠો બેઠો પણ સત્યને કેટલી વફાદારીથી વળગી રહી શકે છે એની એક સર્વ કાલ માટે અણમોલ પ્રેરક કથા છે.

પછી નુરૂદ્દીન વહોરાનું શું થયું એ ક્યાંય જાણવા મળતુ નથી. તપાસ-પંચના ફેંસલામાં એક ઉજ્જવલ આફતાબ તરીકે ચમકતો આ સિતારો પછી અંધકારમાં વિલીન થાય છે.

આજે આ નુરૂદ્દીન વોરાના કોઇ વંશવારસો છે કે નહિ એ મારી શક્ય એટલી તપાસ છતાં પણ જાણવા મળ્યું નથી.

પરંતુ જો કોઇ હો તો એમને આવા એક ઉજ્જવલ પૂર્વજને માટે મુબારકબાદ હો.

મોગલ યુગમાં ભારતની સમૃદ્ધિ

*નીચૈર્ગચ્છત્યુપરિ ચ દશા ચક્રનેમિક્રમેણ। એ કવિ કાલિદાસની ઉક્તિ પ્રમાણે જેમ માનવીના જીવનમાં વારાફરતી ચડતી પડતી આવ્યા કરે છે તેમ રાષ્ટ્રોના અને રાજ્યોના જીવનમાં પણ એવી જ ચડતી પડતી આવ્યા કરે છે. હજારો વરસ પહેલાં જ્યારે રોમ અને ગ્રીસનાં મહારાજ્યો સંપત્તિ, સમૃદ્ધિ અને સંસ્કારમાં યુરોપ આખામાં ટોચ ઉપર હતાં ત્યારે ઇંગ્લેંડ, ફ્રાન્સ અને જરમની જેવા રાષ્ટ્રોની પ્રજા જંગલી હાલતમાં જીવન જીવતી હતી. આજે ધન, વૈભવ, વિજ્ઞાન, હુન્નર–ઉદ્યોગો વગેરે અનેક બાબતોમાં અમેરિકા જગતભરમાં અગ્રણી દેશ છે પરંતુ આજથી હજારો વરસ પહેલાં એ બધા વિષયોમાં જ્યારે ચીન અને ભારત જેવા મહાન દેશો મોખરે હતા ત્યારે અમેરિકાની હસ્તીની પણ શિક્ષિત જગતને જાણ નહોતી થઇ। આખી દુનિયામાં આજે આપણો ભારત સહુથી દરિદ્ર દેશ છે. શિક્ષણમાં, સંસ્કારમાં, સંપત્તિમાં, સમૃદ્ધિમાં, કલા કૌશલ્યમાં, વેપાર–વણજમાં, હુન્નર ઉદ્યોગોમાં અને વિજ્ઞાનમાં તેનો દરજ્જો દુનિયાના સુશિક્ષિત અને સંસ્કારી ગણાતાં રાષ્ટ્રોમાં છેલ્લો છે. આજે આપણા સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીય સરકાર આપણા દેશને ઉંચે આણવા માટે તનતોડ જહેમત ઉઠાવી રહી છે. એનું પરિણામ કોઇ વખતે જરૂર સારૂં આવશે, એમ માનવાનું એક કારણ એ છે કે ભૂતકાળમાં ભારતે દુનિયાભરના શિરોમણિ દેશનો દરજ્જો ભોગવ્યો છે.

અને એ પણ કૈં રામાયણ–મહાભારતના જમાનાની વાત નથી. એ જાહોજલાલી દીઠાને હજારો વર્ષો નથી વીતી ગયા. આજથી ફક્ત ત્રણ જ સૈકા પહેલાં ભારતની જે સત્તા હતી, જે વૈભવ હતો, પ્રજામાં જે સુખ–શાંતિ અને આરામ હતાં, ધનધાન્યની જે વિપુલતા હતી અને રાજ્યસત્તાનો જે દોરદમામ હતો તેવાં જગતના તમામ દેશોના ઇતિહાસમાં કોઇક જ કાળે કોઇ દેશે ભોગવ્યાં હશે.

એ સમય હતો મોગલ સમ્રાટ શાહજહાનના રાજ્ય અમલનો. શાહજહાનના ચાર પૂર્વજો–બાબર, હુમાયુ, અકબર અને જહાંગીરે ઉત્તરોત્તર ભારતની હાલત સુધારી. એ પાદશાહોની સત્તા ઉત્તરોત્તર દેશમાં વિસ્તરતી ગઇ, એનાથી રાજ્યની આબાદી થઇ, પણ શાહજહાનના એ ચારે પૂર્વજોને પોતાની સત્તા દેશ ઉપર જમાવવા માટે મોટાં મોટાં યુધ્ધો લડવા પડેલાં. જીતેલા મુલ્કો સાચવવામાં, નવા મુલ્કો જીતવામાં અને એ રીતે વિસ્તરતા જતા રાજ્યને સ્થિર અને સમૃદ્ધ બનાવવામાં, નવા કાયદાકાનૂન ઘડવામાં, રાજ્યસત્તાની સમતુલા સાચવવામાં અને દેશમાં શાંતિ સ્થાપવામાં એમના અમલનાં ઘણાં વર્ષો વીતી ગયેલાં, તેથી દેશમાં નવી આબાદી અને નવી સમૃદ્ધિ ખડી કરવાનો તેમને બહુ વખત મળ્યો નહોતો.

એ સગવડ શાહજહાનને મળી ગઇ. શાહજહાનને પોતાના ૩૧ વરસના અમલ દરમીઆન કોઇ મોટી લડાઇઓ લડવી પડી નહોતી. કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કચ્છ લગીનો લગભગ આખો દેશ મોગલ હકુમતની છત્રછાયા તળે આવી ગયો હતો. પ્રજાનો મોટો ભાગ હિંદુ અને રાજ્ય મુસલમાનનું હોવા છતાં દેશમાં કોમી ઝઘડાઓનું નામનિશાન નહોતું. બાદશાહના ઉદાર દિલ ધર્મના કારણે પ્રજાજનો વચ્ચે કોઇ ભેદભાવ રાખતું નહોતું. રાજ્ય પાસે અખૂટ સમૃદ્ધિ હતી અને એ સમૃદ્ધિનો ઉપયોગ શાહજહાને એકથી એક ચડીઆતી એવી ભવ્ય ઇમારતો બંધાવવામાં અને મયુરાસન જેવાં

*ગાડાના પૈડાંના આરાની માફક ઉંચ નીચે જઇને પાછા ઉપર આવવું એ (માણસ)ની દશા છે.

કલા-કારિગીરીના અનુપમ નમુનાઓ બનાવવામાં કરવા માંડયો.

શાહજહાંનના રાજ્યઅમલના ૨૩ મા વર્ષમાં એટલે કે સને ૧૬૫૦માં રાજાને મહેસુલની આમદાનીમાં વીસ કરોડ રૂપીઆ મળતા. રૂપીઆની આજની કીંમત સાથે એ વખતના રૂપીઆની કીંમતની સરખામણી કરીએ તો આજને હીસાબે એ રકમ ખુશીથી બે અબજ રૂપીઆ ઉપરાંત થાય. ઉપરાંત દોલતાબાદ, તેલંગણ અને બાગલાના પ્રાંતોમાંથી દોઢ કરોડની બીજી આવક થતી. રાજ્યની માલિકીની જમીનમાંથી આવતી બાદશાહની પોતાની ખાનગી આવક ત્રણ કરોડ રૂપીઆની ગણાતી.

પોતાના રાજ્ય અમલના પહેલાં વીસ વરસમાં બાદશાહ શાહજહાંને સાડાચાર કરોડ રૂપીઆ રોકડા અને પાંચ કરોડ રૂપીઆની કીંમતની જુદી જુદી અનેક વસ્તુઓ મળી એકંદરે સાડા નવ કરોડ રૂપીઆ પોતાના ફરજંદો, બેગમો, વઝીરો, મિત્રો, આશ્રિતો વગેરેને પ્રસંગોપાત્ત ભેટ સોગાદ આપવામાં ખરચેલા. આ ઉપરાંત નીચેની યાદી પ્રમાણેની ભવ્ય ઇમારતો બંધાવવામાં તેણે ત્રણેક કરોડ રૂપીઆ ખરચ્યા હતાઃ—આગ્રામાં મોતી મસ્જીદ, રાજમહાલયો અને કિલ્લાના ભવ્ય બગીચાઓ વગેરે પાછળ રૂપીઆ ૬૦ લાખ, તાજમહાલ પાછળ રૂપીઆ ૫૦ લાખ; દિલ્હીમાં રંગમહેલો બંધાવવામાં રૂપીઆ ૫૦ લાખ અને જુમ્મા મસ્જીદ ઉપર રૂપીઆ ૧૦ લાખ; દિલ્હીના કિલ્લાની આસપાસની દીવાલ પાછળ રૂપીઆ ૪ લાખ, લાહોરમાં રાજ્ય મહાલયો, બગીચાઓ અને નહેર બંધાવવા માટે ૫૦ લાખ; કાબુલમાં મસ્જીદ, મહેલ, કિલ્લો અને શહેર ફરતી દીવાલ બંધાવવા માટે ૧૨ લાખ; કાસ્મીરમાં રાજ્ય મહાલયો અને બગીચાઓ પાછળ ૮ લાખ, કંદહારમાં કિલ્લો અને અજમેર તથા અમદાવાદમાં ભવ્ય ઇમારતો બંધાવવા માટે રૂપીઆ ૨૦ લાખ અને મખસીસપુરમાં એક શાહી મહેલ માટે ૬ લાખ અને યુવરાજ દારા શિકોહ માટે

એક અલગ મહેલ બંધાવવા પાછળ ૨ લાખ રૂપીઆ ખર્ચવામાં આવ્યા હતા.

પાદશાહે પોતાના ફરજંદોને બે કરોડ રૂપીઆની કીમતનું ઝવેરાત આપેલું છતાં તેની પોતાની પાસે બીજું પાંચ કરોડનું ઝવેરાત હતું. બાદશાહ જ્યારે દરબારમાં હાજરી આપે ત્યારે પોતાના મુકુટમાં, ગળામાં, હાથના કાંડાં બાવડાં અને આંગળીઓ પર અને કમર ઉપર મૂલ્યવાન રત્નજડિત આભૂષણો પહેરતો તેની કીમત ૨ કરોડ રૂપીઆની હતી. બાકીનું ઝવેરાત રાજ્યમહેલના જામદારખાનામાં *હથીઆરબંધ ગુલામોના સખત ચોકી પહેરા તળે સંરક્ષિત રાખવામાં આવતું.

પાંચ માણેક અને ત્રીસ મોતીનો એક સુંદર હાર બાદશાહ હમેશાં ગળામાં પહેરતો, તેની કીમત આઠ લાખ રૂપીઆ હતી. એ સિવાય એકસો પચીસ ગોળ માણેકના એવા બીજા બે હાર તેની પાસે હતા. બબ્બે મોતીની વચ્ચે એકેક માણેક ગુંથીને એ હાર બનાવવામાં આવેલા. હારના મધ્ય ભાગમાં આવેલા ૩૨ રતીના વજનના એક મોતીની કીમત ૪૦ હજાર રૂપીઆ હતી. આ હાર ગુંથવા માટે વાપરવામાં આવેલી એ દોરીઓની જ કીમત ૨૦ લાખ રૂપીઆ આંકવામાં આવતી. આ બધું ઝવેરાત બાદશાહ અકબરે વસાવેલું.

પણ એ હારોમાં હતા તેના કરતાં તો ઘણા વધારે પાણીદાર અને વધારે મુલ્યવાન જવાહરો બાદશાહના રાજમુકુટમાં નજરે પડતા. પોતાની તાજપોશીની સાલગ્રેહને દહાડે બાદશાહ એ તાજ ધારણ કરતો, તે શિરપેચમાં પાંચ મોટા કદના હીરા અને ૨૪ પાણીદાર મોતી હતાં. આમાં ૨૮૮ રતીના વજનના એક જ હીરાની કીમત બે લાખ રૂપીઆ હતી. આખા તાજની કીમત ૧૨ લાખ રૂપીઆની અંકાતી. સને ૧૬૪૪ના

કાગળ જુદા આ સિવાય કવર પેપર, મેનિફોલ્ડ પેપર, વૉલ પેપર, કારબન પેપર, દસ્તાવેજી પેપર, સીગરેટ પેપર અને ટ્રેસીંગ પેપર જેવી અગણિત બીજી કાગળની જુજની જાતો બની રહી છે.

કહેવાય છે કે આજના યુગમાં લશ્કરો પેટ ઉપર કુચ કરે છે (એટલે કે પેટ ભરાય તેટલું ખાવાનું મળે તો જ કુચ કરી શકે છે) તેવી જ રીતે આજની સરકારોનો વહીવટ કાગળ ઉપર ચાલે છે રાજ્યસત્તા માટે એક બીજી સાથે હરીફાઇ કરતા પક્ષો તોપના ગોળા કે બંદુકની ગોળીઓથી નહી પણ કાગળની ચબરખીઓના જોરે સત્તા હાથ કરે છે રણક્ષેત્રનું સ્થાન હવે મતપત્ર પેટી (બેલેટ બોક્સ) એ લીધું છે. મોટી મોટી ચુંટણીઓમા વિરોધી પક્ષો વચ્ચેની સાઠમારી કાગળ ઉપર જ ચાલે છે દેશદેશની લોકસભાઓ અને ધારાસભાઓનુ કામકાજ કાગળ ઉપર થાય છે, તેમની નીતિ કાગળ ઉપર ઘડાય છે, અને તેઓ જે કાયદા ઘડે છે તે કાગળ ઉપર ઘડાય છે. બહુજ ગંભીર રાજદ્વારી મામલાની વિગતો વ્હાઇટ પેપરને નામે ઓળખાતા સરકારી કાગળ ઉપર પ્રસિદ્ધ થાય છે અને સરકારના રોજેરોજના કામની યાદીઓ "ઓર્ડર પેપર" ઉપર લખાય છે.

પરંતુ કાગળના આ અનેક પ્રકારો અને અનેક ઉપયોગોથી તેનું જે મહત્ત્વ સ્થપાયુ છે તે કરતા ઘણું વધારે મહત્ત્વ તેને એ કારણે મળે છે કે કાગળે આજે આપણી લક્ષ્મીનું સ્થાન લીધુ છે. માટે જ આજના યુગનું "કાગળ યુગ" નામ વધારે સાર્થક બને છે ધાતુના સિક્કાઓ તો આજે ફક્ત પરચુરણ માટે જ કામ લાગે છે, પણ નાણાની મોટી રકમો માટે તો આપણને ફક્ત કાગળનો જ આશરો લેવો પડે છે. કાગળની સહુથી વિશેષ જરૂરીઆત તો એ કામમાં પડે છે. જો કાગળ ન હોય તો દુનિયાભરની આર્થિક હાલત કેવી બની જાય એ વિચાર પણ કરવા જેવો છે.

સુપ્ત ખૂની

ઉંઘમાં ને ઉંઘમાં ચાલનારા અને જાગૃત અવસ્થામાં કરી શકાય એવા કામ કરનારા માનવીઓ દુનિયામાં ફક્ત અણ્યામાંજ્યાં જ નથી. એવા કોઇ માનવી પોતાના મગજ ઉપર પોતાનો કાબુ ન હોય તેવી ક્ષણોમાં ગુન્હો કરી બેસે તો તેને તે માટે સજા થઇ શકે કે કેમ એ પ્રશ્ન ઉપર આ વાર્તા એક નવો જ પ્રકાશ પાડે છે.

રામકૃષ્ણ મજમુદારની વાતો જેવી આહ્લાદક અને જ્ઞાનથી ભરેલી હતી તેવું જ એમના મેજ પરનું ભોજન પણ આંખને અને સ્વાદને તૃપ્ત કરે એવું હતું. પણ ભોજન પુરૂં થતાં જ પોલીસના ચાર અડીખંમ માણસો આવીને રામકૃષ્ણ મજમુદારની ખુરસી પાછળ લશ્કરી અદાથી ઉભા રહ્યા ત્યારે મને જે નવાઇ લાગી તેનું વર્ણન થઇ શકે એમ નથી. પાંચેક મિનિટ પછી અમારો મિજબાન મારો મિત્ર જયચંદ્રની સામે ઘડીભર નજર મેળવી ઉભા થયા અને જેના પર વોરંટ બજાવવામાં આવ્યું હોય એવો કોઇ આરોપી પોલીસની સાથે ચાલે એવી અદાથી તે ચાર કોન્સ્ટેબલો સાથે ચાલ્યા ત્યારે મારો અચંબો વધ્યો. જયચંદ્ર બારી પાસે ગયો ત્યારે હું પણ તેની પાછળ ગયો અને અમે બંનેએ એક નાનકડી પોલીસ-વાનમાં બેસી એ પાંચેને રવાના થતા જોયા.

"ચાલો હવે આપણે પણ ઘર તરફ જઇએ." જયચંદ્ર કંઉ અવાજે બોલ્યો,

"આ શું કોઇ ખાસ યોજેલી મશ્કરી છે! મને કંઇક કહે તો ખરો." એવા મારા સવાલના જવાબમાં જયચંદ્રે મારો હાથ ઝાલી મને ધીમેથી ખેંચ્યો. અમે બંને રામકૃષ્ણ મજમુદારના ખાણાંના ઓરડામાંથી બહાર નીકળ્યા. બાજુના ઓરડામાં એમના મંત્રી જેવો દેખાતો એક યુવાન કેટલાક કાગળોને ફાઇલમાં વ્યવસ્થિત રીતે ગોઠવી રહ્યો હતો. જયચંદ્રે તેની સામે સ્મિત કર્યું અને કહ્યું "અમે હવે રજા લઇએ છીએ. પરમ દિવસે કદાચ હું પાછો આવીશ. સાહેબને વાત કરી રાખશો. ત્યાં સુધીમાં કદાચ ધારેલી વિગતો મેં મેળવી રાખી હશે એમ કહેજો."

"વારૂ આવજો" કહેતો એ યુવાન અમને બારણા સુધી વળાવવા આવ્યો. દાદર ઉતરી અમે નીચે ગયા ત્યારે શોફર ગેરેજમાંથી અમારે માટે એક કાર બહાર કાઢતો હતો. અમે કારમાં બેઠા અને કાર બહાર નીકળી કે તરત જ મહામહેનતે અત્યાર સુધી દાબી રાખેલી મારી જિજ્ઞાસા મેં જોરશોરથી વ્યક્ત કરી.

"હવે મને કાંઇ ખુલાસો મળશે ખરો? આ બધું શું નાટક છે? તું પોતે જાણે કે આ બધું શું અને કેમ બની રહ્યું છે તે જાણતો હોય એવું સાફ દેખાય છે. હવે જો મને કંઇક કહેવામાં આવે તો ઘણું ઠીક લેખાશે."

જયચંદ્ર ખડખડાટ હસ્યો: "માફ કરજે દોસ્ત. તને વખત હોય તો મારે ઘેર ચાલ. હું તને નિરાંતે બધી વાત સવિસ્તર રીતે કહું."

અમે બંને જયચંદ્રને ઘેર ઉતર્યા. જયચંદ્રના ઓશીસરૂમમાં મોટી આરામખુરસીમાં નિરાંતે સંબાવ્યા પછી સીગાર સળગાવીને મેં કહ્યું "ચાલ હવે શરૂ કર. મને બે કલાકની ફુરસદ છે."

"વાત એમ છે કે તું લાહોર ગયો ત્યાર પછી એટલે કે આજથી પાંચ વર્ષ પહેલાં અહીં એક નવાઇ ભરેલો કિસ્સો બની ગયો હતો. તેં પોતે વર્તમાનપત્રોનું વાંચન નિયમિત રીતે રાખ્યું હોત તો આજે તેં જે સવાલો મને પૂછ્યા અને જે જાતની મુખાંકૃતિ તેં ધારણ કરી તે તારે ન કરવી પડત."

તારી વાત ખરી છે. હું છાપાં વાંચતો જ નથી. હું મારી નવલકથા માટે પ્રાચીન ઇતિહાસનો અભ્યાસ કરવામાં એટલો લીન થયો છું કે અર્વાચીન જગત સાથેનો તમામ સંપર્ક હું ગુમાવી બેઠો છું. વારૂ પછી!"

"રામકૃષ્ણ મજમુદાર એક ડીટેક્ટીવ બહાદુર હતા."

"અત્યારે પોને શું કરે છે!"

"મારી વાત કેમસર સાંભળવી પડશે. ક્રમે ક્રમે બધું આવી રહેશે."

"વારુ હવે હું શાંતિથી સાંભળીશ. ચલાવ."

"ફરીથી કહું છું કે રામકૃષ્ણ મજમુદાર એક ડીટેક્ટીવ અમલદાર હતા. શહેરમાં થયેલા ઘણા ગુન્હાઓનો પત્તો તેમણે પોતાની કુનેહભરી પદ્ધતિથી મેળવી આપી પોતાના ખાતામાં સારો દરજ્જો અને માન મેળવ્યાં હતાં. એકાદ કેસની સાથે સતત લાગી રહીને એનો તાગ લેવામાં જે ધીરજ અને કાર્યદક્ષતા જોઈએ તે તેમનામાં સરસ રીતે ખીલેલી હતી.

"આજથી ચારેક વરસ પહેલાં શહેરમાં એક ખૂનનો કિસ્સો લોકોની જીભે ઘણો જ ચર્ચાનો હતો. અહીંની મશહૂર નર્તિકા મીનાક્ષીનું શબ જુહૂના દરિયાને કિનારે પડેલું જોવામાં આવ્યું હતું અને પોલીસને ખબર મળતાં જ એની તપાસ તાબડતોબ શરૂ થઈ હતી. મીનાક્ષી નવજવાન અને સુંદર સ્ત્રી હતી. લાખો પ્રેક્ષકો એની કળા ઉપર વારી જતા હતા. એક રાત્રે જુહૂના દરિયાને કિનારે લોકોની અવરજવર નહીં જેવી હતી તેવે ઠેકાણે કોઈએ તેના ગળામાં એક પાતળી દોરીનો ફાંસો દઈ તેનું ખૂન કર્યું. આ કિસ્સામાં પોલીસ લોકોની ટીકાને પાત્ર થાય એમ હતી એટલે એ કામ રામકૃષ્ણ મજમુદારને સોંપવામાં આવ્યું. એમની કાર્યપદ્ધતિ અજબ હતી. ઝીણામાં ઝીણી ચીજો, પગલાં, ધૂળ, રૂમાલ, જોડા, ચંપલ, પેન્સીલનો ટુકડો કે બીડીની રાખ વગેરેમાંથી એ કાંઈ ને કાંઈ હકીકત તારવતા. મીનાક્ષીના શબનો એમણે બારીક તપાસ કરી. આજુબાજુમાં પગલાંઓ છે કે નહીં એ તપાસ્યું. આંગળાં અને અંગૂઠાનાં નિશાનો જોયાં. ટૂંકમાં એક સારી ડીટેક્ટીવ વાર્તામાં આવે એવા બધા પ્રયોગો અજમાવ્યા. કેટલાયે માણસોની પૂછપરછ કરી. સેંકડો ટેકસીવાળાઓની તપાસ કરી. પણ એ બધી તપાસ પછી તેઓ જરા પણ આગળ વધી ન શક્યા.

"જે દોરીથી મીનાક્ષીને ગળે ફાંસો દેવામાં આવેલો તે દોરી ગુલાબી રંગની હતી. દોરી બહુ મજબૂત ન કહી શકાય તેવી હતી. ફાંસો દેતી વખતે દોરીનો એક છેડો તુટી ગયો હશે એમ લાગતું હતું. બાકી રહેલી દોરી મરનારના ગળાની આસપાસ વીંટાયેલી મળી આવી હતી. એ દોરી અને બીજી કેટલીક જરૂરી ચીજો રાખી લઈ મીનાક્ષીના શબને 'પોસ્ટ મોર્ટમ' કરાવી અગ્નિદાહ દેવા છુટ આપવામાં આવી. મીનાક્ષીની સ્મશાનયાત્રા કોઈ મોટા નેતાને પણ અદેખાઈ કરાવે તેવી ભવ્ય હતી. કલાકારોની પણ આપણો દેશ કદર કરી જાણે છે."

"ખાસ કરીને સ્ત્રી કલાકારોની" મેં કહ્યું.

"એમ હશે. ત્યાર પછી છાપાંઓએ શહેરની પોલીસ પર તડી વરસાવી. આવાં ખૂનો તો ઘણાં થાય છે પણ મીનાક્ષીનું ખૂન થાય એ લોકોને ખૂંચતું હતું. રામકૃષ્ણ મજમુદાર પોતાની ઢબે ચોક્કસ રીતે દરેક વિગતનો તાગ મેળવવા માટે પરિશ્રમ કરી રહ્યા હતા. પેલી દોરીના તુટેલા ટુકડા બાબતે પણ તેમણે ઘણી તપાસ કરી હતી. પણ કોણ જાણે કેમ, આ કિસ્સામાં એક પણ સહાયભૂત થાય એવી નિશાની નીકળી નહીં."

"પગલાં? પગલાં નહોતાં?" મેં પૂછ્યું.

"ખૂન થયા પછી દરિયાની ભરતી સહેજ સાજ ચડેલી તેથી પગલાં હશે તો ધોવાઈ ગયાં હશે.

"થોડા દિવસ પછી રામકૃષ્ણને દોરીના પેલા તુટેલા ટુકડાનો પત્તો મળ્યો."

"ક્યાંથી?"

"ગમે ત્યાંથી. વાતની મજા બગાડી ન નાખ. પત્તો મળ્યો એટલું જ હાલ સમજ. એકાદ દિવસના વિચાર પછી રામકૃષ્ણે ગુનેહગારને કોર્ટમાં હાજર કરવાનું બીડું ઝડપ્યું.

"તે દિવસે કોર્ટ ચીકાર ભરાઈ ગઈ હતી. આરોપી વગર વોરંટે કોર્ટમાં વખતસર હાજર થશે એવી જાહેરાત રામકૃષ્ણે કરી હતી. આ પ્રથમ

રીતસરની ન કહેવાય છતાં તે મંજુર રાખવામાં આવી હતી. હું મારા છાપાના પ્રતિનિધિ તરીકે ત્યાં હાજર હતો.

"મીનાક્ષી તરફના પોલીસ વકીલ તરીકે રામકૃષ્ણ પોતે જ હાજર થયા હતા. કેસની રજુઆત કરતાં જ એમણે કહ્યું, 'ન્યાયમૂર્તિ, ગઇ તારીખ સત્તરમીએ શહેરની મશહૂર નર્તિકા મીનાક્ષીનું જુહૂને કિનારે જે ખૂન થયું હતું તેનો આરોપી અહીં હાજર છે. હું એના પર ધારાસર કામ ચલાવવા આપને વિનંતિ કરું છું.'

'આરોપી ક્યાં છે? એનું નામ આપો.' ન્યાયાધીશે હુકમ કર્યો.

'આરોપી હું પોતે જ છું. મારું નામ રામકૃષ્ણ મજમુદાર. હું પોતે જ મારા પરનો કેસ સાબિત કરવા અહીં ઉભો છું.'

"કોર્ટમાંના લોકો પર વિજળી પડી હોત તો આટલો અચંબો ન ફેલાત. ન્યાયાધીશે કહ્યું 'કોઇ ડૉક્ટર હાજર છે? શ્રી રામકૃષ્ણ મજમુદારની તબિયત અસ્વસ્થ છે.'

'નાં જી. હું સંપૂર્ણ રીતે તંદુરસ્ત છું. ડૉક્ટરને બોલાવવાની જરૂર નથી.'

'શું તમે પોતે જ તમારા વિરુદ્ધ આરોપ મૂકી તે સાબિત કરવા માગો છો?' ન્યાયાધીશે પૂછ્યું.

'હા જી.'

'વારુ, તમારી રજુઆત કરો.'

'મીનાક્ષીના ખૂનની તપાસ કરવાનું મને સોંપવામાં આવ્યું હતું. મેં દિવસો સુધી મહેનત કરી ઝીણી ઝીણી વાતોની જે તપાસ કરી તેનો રેકર્ડ મારી પાસે મોજુદ છે. તે રેકર્ડ હું નામદાર કોર્ટ પાસે રજુ કરવાની રજા લઉં છું. એ પરથી આપ જોઇ શકશો કે તપાસ કરવામાં મેં ઘણો પરિશ્રમ લીધો છે. જે દોરી વડે મરનાર મીનાક્ષીને ગળે ફાંસો દેવામાં આવ્યો હતો તેનો એક ટુકડો મેળવવા માટે મેં અથાક શ્રમ લીધો હતો. એ ટુકડો મને મળી ન શક્યો. પંદરમ દિવસે જ્યારે હું મારા કપડાં ધોબીને ધોવા મોકલતો હતો ત્યારે મારા ગજવામાંથી એ દોરીનો તૂટેલો ટુકડો નીકળ્યો. આ ટુકડો મારા ગજવામાં કઇ રીતે આવ્યો એ હું તરત તો ન સમજી શક્યો.

'આ ટુકડો મારા ગજવામાં શી રીતે આવ્યો એ માટે મેં મારી પદ્ધતિ મુજબ તલસ્પર્શી તપાસ કરી. જેના ગજવામાંથી એ દોરીનો ટુકડો નીકળ્યો એના પર સજ્જડ વહેમ લાવવો જોઇએ એ ન્યાયે મેં મારી જાત પર વહેમ મૂક્યો અને મારી પોતાની બારીક તપાસ ચલાવી.'

"કોર્ટમાં જાણે કે લોકોનો શ્વાસોચ્છ્વાસ પણ આ કથન સાંભળીને વખતે બંધ હોય એટલી શાંતિ પથરાઇ ગઇ હતી. ન્યાયમૂર્તિ અધીં મીંચેલી આંખે રામકૃષ્ણ મજમુદારની વાત સાંભળી રહ્યા હતા. જરાવાર શાંત રહી રામકૃષ્ણે પોતાની હકીકત આગળ ચલાવી.

'મારી તપાસમાં મને માલુમ પડ્યું કે મને રાત્રે ઉંઘમાંથી ઉઠીને ચાલવાની ટેવ હતી. આજ સુધી મારી આ ટેવથી હું પોતે જ અજાણ હતો. પણ અમુક અમુક માણસોને પુછપરછ કરતાં મને માલુમ પડ્યું કે મારી આ ટેવની તેઓને ખબર હતી. આખી તપાસમાં જે રસિક વિગતો મને મળી છે તે સવિસ્તર લખીને મેં તૈયાર કરી છે. અત્યારે હું એમાં ઉતરીશ તો હું પોતે થાકી જઇશ, કેમકે છેલ્લા ચાલીસ કલાકથી ચાના એક પ્યાલા ઉપરાંત મેં કશું પોવણ લીધું નથી. ટુંકમાં કહું છું કે મીનાક્ષીના ખૂન ઉપરાંત બીજાં આઠ નવ ખૂન મેં પોતે જ કર્યાં છે એનો પુરાવો હું એકત્ર કરી શક્યો છું. ઉંઘમાં ઉઠું ત્યારે હું શયતાન બની જાઉં છું. મીનાક્ષીને હું નાનપણથી ઓળખતો હતો.'

અહીં રામકૃષ્ણે પાણીનો એક પ્યાલો મંગાવી ધીમે ધીમે પાણી પીધું. વળી થોડી વાર રહીને એમણે પોતાનું કથન આગળ ચલાવ્યું.

'મીનાક્ષીને હું ઓળખતો હતો. નૃત્યનો એને નાનપણથી શોખ હતો.' એ જાહેરમાં નૃત્ય કરે એ એના માતા–પિતાને પસંદ ન હતું. મને પણ એ ગમતું ન હતું. છતાં એણે તો પોતાનો જ માર્ગ લીધો. એ શહેરની માનીતી અને લાડકી નર્તિકા તરીકે પ્રસિદ્ધ થઇ છતાં મેં એનું એક પણ નૃત્ય જોયું નથી. એના કાર્યક્રમોના વર્તમાન પત્રોમાં વખાણ આવતા તે વંચાઇ ન જાય તે માટે હું એ પરથી નજર ખસેડી લેતો. એનાં સુન્દર ચિત્રો પણ વર્તમાનપત્રોમાં દેખાતાં તે પર કોઇવાર મારી નજર પડી જતી. પણ હું એને ભૂલી જવા મથતો. હું એને ભૂલી જ ગયો હતો...પણ આરી તપાસમાં મને સમજાયું કે મારી વિસ્મૃતિ માત્ર જાગ્રત અવસ્થા પુરતી જ હતી. ઉંઘમાં પડયા પછી તો મારી એ પરાણે સુવાડી દેવામાં આવેલી સ્મૃતિ અનેકગણા જોરથી મારી પાસે ઘણું ઘણું કરાવતી. મારા ઓરડામાંના એક કબાટના ખાનામાંથી મીનાક્ષીના સંખ્યાબંધ ચિત્રો, વર્તમાનપત્રોમાં એને માટે આવેલાં લખાણોની કાપલીઓ, એના પોતાના નાનપણમાં મારા પર લખેલા પત્રો વગેરે ઘણું ઘણું મને મળી આવ્યું.


ખૂનવાળી રાત્રે અમે કઇ રીતે મળ્યા એ હકીકત સવિસ્તર હું કહી શકું તેમ નથી. કદાચ મારી રાત્રિ દરમ્યાનની પ્રવૃત્તિઓમાં મેં પોતે જ એના પર એકાદ પત્ર લખીને એને જુહુને કિનારે મળવા બોલાવી હોય તો નવાઇ નહીં. પછી શું થયું તેની માત્ર કલ્પના જ થઇ શકે. જે ડગલામાંથી એ તુટેલી દોરીનો ટુકડો નીકળ્યો તે જ ગજવામાંથી રેતીના થોડા કણ પણ નીકળ્યા હતા. તે સાથે મીનાક્ષીના બે લાંબા, ચમકદાર કાળા વાળ પણ હતા. આથી વધારે પુરાવાની જરૂર ન હોય. છતાં મારી પાસે સવિસ્તર અને ખાતરી લાયક પુરાવા છે. આપ કાયદા મુજબ યોગ્ય વિધિ કરી મને યોગ્ય શિક્ષા કરશો એવી મને ખાતરી છે. હવે હું રાત્રે ઉંઘમાં ચાલનાર રામકૃષ્ણ મજમુદારને આપના હાથમાં સોંપું છું.'

"આવો વિચિત્ર કિસ્સો કદિ કોઇએ સાંભળ્યો કે વાંચ્યો નહોતો. કાયદાનાં પુસ્તકો લખનારાઓએ આ પ્રકારની શકયતા કદી પણ ખ્યાલમાં રાખી હોય એમ માનવાનું કારણ નથી. આખો કેસ ચાલ્યો તો ખરો. રામકૃષ્ણ મજમુદારને ફાંસીની સજા થાત, પણ પોલીસ ખાતાએ એના બચાવમાં રાખેલા બેરિસ્ટર તનાએ એવી દલીલ કરી કે ઉંઘમાં ચાલનાર માણસના સાબિત થયેલા ગુનાહો માટે જાગતા સજ્જન અને બાહોશ ડીટેકટીવ અમલદારને ફાંસી આપવી એ મુનાસબ નથી. વળી ઉંઘમાં ચાલનાર ગુનેહગાર રામકૃષ્ણને ફાંસી આપવાથી જાગ્રત અવસ્થાવાળા સજ્જન રામકૃષ્ણને પણ આપોઆપ ફાંસી મળતી હતી. આ મુંઝવણમાંથી ન્યાયમૂર્તિએ એવો માર્ગ કાઢયો કે પ્રત્યેક રાત્રિએ રામકૃષ્ણ મજમુદારને જેલમાં રાખવા અને સવારથી સાંજ સુધી–રાત્રિના ભોજન સુધી–એમને છૂટા રહેવા દઇ પોતાનું ઉપયોગી કાર્ય કરવા દેવું.

"ત્યારથી આજ દિન સુધી પ્રત્યેક રાત્રિએ ભોજન પછી પોલીસના માણસો આવીને રામકૃષ્ણ મજમુદારને મોટરવાનમાં બેસારી જેલમાં લઇ જાય છે. સવારે એ જ રીતે એને પાછા મૂકી જાય છે. રોજના આ ક્રમના જાણનારને એમાં કશું જ નવાઇ જેવું હવે લાગતું નથી. તને એ ક્રમ પહેલી વાર જોતાં જે નવાઇ લાગી તે સ્વાભાવિક હતી. એથી મને રમૂજ ઉપજે એટલા ખાતર મેં તને અગાઉથી કશું કહ્યું ન હતું."

"આભાર. હવે હું ઘરે જવાનો વિચાર માંડી વાળું છું. તારી રજા હોય તો આખી વાતના બીજા કેટલાક અગત્યના મુદ્દાઓની આપણે ચર્ચા કરીએ. મને ઉંઘ આવતી નથી."

આખી રાત અમારી વાતો ચાલી. સવારે હું ઘરે ગયો ત્યારે એક લાંબી નવલકથામાં બંધબેસતું થઇ રહે એવું સાહિત્ય મને પ્રાપ્ત થઇ ચૂકયું હતું.



આલમભરની સર્વથી સુંદર, કલામય અને ભવ્ય ઇમારત તાજમહાલના સર્જક, ભારતના સર્વથી સમૃદ્ધ અને સત્તાશાળી મોગલ સમ્રાટ શાહજહાનનું જહાંગીરની રાણી નૂરજહાનના ભાઇ અસફખાનની બેટી આર્જુમંદ બાનુ બેગમ સાથે સંને ૧૬૦૭માં સગપણ થયું તે વખતે શાહઝાદા ખુર્રમ (પાછળથી બાદશાહ શાહજહાન)ની ઊમર ફક્ત ૧૫ વરસની હતી. પાંચ વરસ પછી તેની શાદી કરવામાં આવી. આર્જુમંદબાનું બેગમ શાહઝાદા ખુર્રમથી ફક્ત ૧૪ માસ નાની હતી.

પિતાની સામે બળવો ઉઠાવી, તખ્તના સાચા હકદાર મોટાભાઇ ખુશરૂનો કાંટો પોતાના માર્ગમાંથી કાઢી નાખી, પરવીઝ અને શહરીયાર નામના બેઉ નાના ભાઇઓની હરીફાઇ ઉપર વિજય મેળવીને ખુર્રમ ભારતનો સમ્રાટ બન્યો અને તેણે શાહજહાન નામ ધારણ કર્યું. તેની પ્યારી પટ્ટરાણી આર્જુમંદબાનુ બેગમ મુમતાઝમહાલના નામે ઓળખાવા લાગી. તેમનું દંપતીજીવન સુખી હતું. મુમતાઝમહાલ ઉપરાંત શાહજહાનને બીજી બે મોગલ રાણીઓ પણ હતી, પરંતુ તેમાંની કોઇ ઉપર બાદશાહનું દિલ નહોતું. એની પ્રિયતમા અને સદાની સહચારિણી પત્ની તો મુમતાઝમહાલ જ હતી.

આ શાહી દંપતીનું સુખી પરણેલું જીવન ૧૯ વરસ સુધી ચાલ્યું તેટલામાં મુમતાઝમહાલને પેટે ૧૪ ફરઝંદો અવતર્યાં, તેમાંના ૧૪માં ફરઝંદની પ્રસુતિ વેળાયે લગભગ ૩૦ કલાક સુધી ભારે શરીરકષ્ટ ભોગવીને તારીખ ૭મી જુન ૧૬૩૧ના મંગળવારને દિવસે મુમતાઝમહાલનો જીવનદીપ બુઝાઇ ગયો.

પોતાની પ્યારી બેગમના મરણથી શાહજહાનને એટલો બધો આઘાત લાગ્યો કે એક આખા અઠવાડિયા સુધી તેણે મહેલના ઝરૂખામાં આવીને દર્શન આપવાનું પણ બંધ રાખ્યું. (મોગલ બાદશાહો હમેશાં વહેલી સવારે મહેલના ઉંચા ઝરૂખામાં બેસી પ્રજાજનોને દર્શન આપતા અને એ વખતે કેટલીક મહેરવાની દાદ ફરીઆદો પણ સાંભળતા અને અરજીઓ સ્વીકારતા) રાજકાજમાંથી તેનો રસ ઉડી ગયો અને લોકોમાં એવી અફવા પણ વહેતી

(૩) ગૌમેદ (Onyx) નામની એક ધાતુ ક્યાંથી લાવવામા આવેલી તેનો ઉલ્લેખ નથી.

(૪) નાઇલ નદીની ખીણોમાંથી આણેલ પતુંજ (Patunj)

(૫) બસરા અને ઓરમઝના સાગરોમાંથી આણેલ સોનેરી પત્થર (?) આ ક્યાંથી આવ્યો તેનો ઉલ્લેખ નથી.

(૬) જોધપુર પાસેના ડુંગરોમાંથી આણેલું ખતુ.

(૭) કુપાવ નામની નદીના ડુંગરાળ પ્રદેશમાંથી આણેલ અજુબા,

(૮) મક્કાનાનો આરસ,

(૯) બસરાનો મહીઆમા,

(૧૦) બનાસ નદીમાંથી આણેલ બાદલ નામનો પત્થર,

(૧૧) થીમેજથી આણેલ યામિની,

(૧૨) એટલાંટિક સમુદ્રમાથી આણેલ મુંગાહ,

(૧૩) ધોર-બંધનો પત્થર ઘોરી,

(૧૪) ગંડકી નદીનો પત્થર તમરાર,

(૧૫) બાલા બુધાન નામના ડુંગરમાથી આણેલ પત્થર બેરીલ,

(૧૬) સિનાઇ પર્વતનો પત્થર મુસાઇ,

(૧૭) ઇરાનમાથી આણેલ પોખરાજ,

(૧૮) ગ્વાલીઅરની નદીમાંથી આણેલ પત્થર ગાલી ચોટી, અને

(૧૯) આસન નદીમાંનો દાલચાના નામનો પત્થર.

મુમતાઝમહાલના મૃત્યુની ૧૨ મી સંવત્સરીને દિવસે બાદશાહે તાજમહાલની મુલાકાત લીધી તે પ્રસંગે આગ્રાની આજુબાજુના ૩૦ પરગણાં વક્ફ (સખાવત) તરીકે તાજમહાલના નિભાવ ખર્ચ માટે બાદશાહે બક્ષેસ આપ્યાં. ઉપરાંત વરસે એક લાખ રૂપીઆની મહેસુલની આવદાની આપતું નગરચીન નામનું એક આખું ગામ અને કેટલીક સરાઇઓ તેમજ નજીકમાં આવેલી દુકાનો પણ તાજમહાલના નિભાવ ખર્ચ માટે અને તેની સાફસુફી, દેખરેખ અને સંભાળ રાખવા નીમેલા માણસોના ગુજારા માટે બાદશાહે જુદી કાઢી આપી આ બધી ઇમારતોના ભાડાંમાંથી બીજા એક લાખ રૂપીઆની આમદાની થતી હતી.

આખા જગતની ભવ્યતમ ગણાતી ઇમારતોમાં તાજમહાલ આજે પણ અનુપમ ગણાય છે. એ ભવ્ય ઇમારતમા ભારતના એક વેળાના સર્વથી મહાન મોગલ સમ્રાટ શાહજહાનનું શબ પોતાની પ્રિયતમા મુમતાઝમહાલની ભવ્ય કબરની બાજુમાંજ એવીજ બીજી કબરમાં દફનાવવામાં આવેલું છે. આ નેક કામ તેના બેટા શાહાનશાહ આલમગીરે કરેલું છે.

સાધુ મહારાજની બક્ષિસ

[સાધુ સંતો અને યોગીઓના ચમત્કારોની અસંખ્ય વાતો આપણા પુરાણોમાં, ઇતિહાસોમાં અને લોકકથાઓમાં આલેખાયલી છે. આજે પણ આપણા દેશમાં એવા ચમત્કારો કરનારા સાધુ-સંતો ને યોગીઓ વસે છે એ વાત કદાચ આજના શિક્ષિત વર્ગના માનવામાં સહેલાઇથી ન આવે.

નીચેની વાર્તા હૈદરાબાદની નિઝામ કોલેજના એક માજી અંગ્રેજ પ્રિન્સીપાલ અને મદ્રાસ યુનિવરસીટીના અંગ્રેજી ભાષાના પરીક્ષક મિ. ડબલ્યુ ટર્નર, એમ.એ. નામના અંગ્રેજ વિદ્વાને લખેલી છે. એમણે આ વાર્તામાંના સાધુને નજરે દીઠેલા. અને ઘણીવાર તેમની મુલાકાત લીધેલી. એક સારા કુટુંબનો છોકરો એ સાધુનો ચેલો હતો. તેને તેના માબાપે સમજાવીને કોલેજમાં ભણવા મુકયો હતો. કોલેજમાં ભણીને એ છોકરાએ બી. એ. ની પરીક્ષા પસાર કરી. એ છોકરાએ મિ. ટર્નરને પોતાના જાતઅનુભવની આ વાત કહી બતાવેલી એમ તેઓ કહે છે.]

અનંત રેડ્ડી પાયમાલ થઇ ગયો હતો. એના ખેતરમાં ધસી આવેલા નદીના પૂર પાછા હટ્યા પછી પોતાને જે ભયંકર નુકસાન થઇ ચુક્યું હતું તેનો એણે અંદાજ કાઢવા માંડ્યો ત્યારે તેને ખાતરી થઇ ચુકી કે પાયમાલીમાં કશી જ મણા રહી નહોતી. પુષ્કળ મહેનત કરીને જે જમીનમાં તેણે મકાઇ વાવી હતી તેના ઉપર ગોદાવરી નદીનાં ધસી આવેલાં પાણી હજુ તદ્દન સુકાયાં નહોતાં. એ પવિત્ર નદી તેના ખેતરથી એક માઇલના અંતર પર હતી, પણ પૂરના પ્રવાહમાં એનાં પાણી ચોતરફ ફરી વળ્યાં હતાં. અનંત રેડ્ડીનું રહેવાનું ઝુંપડું નજીકની એક ટેકરી ઉપર આવેલું હોવાથી સુભાગ્યે બચી ગયું હતું.

પણ એ ભયાનક પૂરમાં તેના બે પાડા અને ચાર દુઝણી ગાયો તણાઇ ગઇ હતી. એ ઉપરાંત તેની પાસે ચોવીસ મજેની કાળી બકરીઓ હતી તેમાંથી ચારને અનંતની શાણી બૈરી ઝુંપડામાં લઇ ગયેલી તે બચી ગઇ પણ બાકીની ૨૦ પુરમાં તણાઇ ગઇ હતી.

અનંત રેડ્ડી જવલ્લે જ કોઇ વાર રડતો, પણ નદીના પૂરે કરેલી બરબાદી પછી જયારે એ ઝૂંપડાની બહાર આવીને, લમણે હાથ દઇ, પોતાના કીચડ ભરેલા ખેતર તરફ નજર માંડી રહ્યો ત્યારે તેની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં.

"અરે! ઇશ્વર! મારૂં તો સર્વસ્વ લુટાઇ ગયું. મેં એવાં તે શા પાપ કર્યાં હશે કે હું તદ્દન ભીખારી બની ગયો! મારા બાપના કે દાદાના વખતમાં ગોદાવરીના પાણી કદી આટલાં ઉંચા ચડેલાં મેં જોયાં-સાંભળ્યાં નથી. ને હું યે રોજ દેવપૂજા તો કરૂં છું, ઉપવાસ-એકટાણું કરૂં છું, દેવદેવીઓના તહેવારો પાળું છું છતાં મારી આ દશા! હવે તો રસ્તે રખડીને ભીખ માગવાનો વખત આવ્યો છે. એના કરતાં તો મરવું શું ખોટું!"

આમ બોલીને અનંત રેડ્ડી ડુસકાં ભરી ભરીને રડતો હતો તેવામાં ઝૂંપડામાંથી એની બૈરી બહાર આવી અને અનંતની બાજુમાં ઉભી રહીને તેના દુબળા, કાળા દેહ ઉપર

આંખો માંડી રહી. અનંતની બૈરી શરીરે હૃષ્ટપુષ્ટ હતી. એનો પહોળો, દમામદાર ચહેરો રંગે શ્યામ છતાં તેજસ્વી લાગતો હતો. એના નાકમાં એક મોટી રૂપાની વાળી લટકતી હતી, પગમાં રૂપાનાં વજનદાર સાકળાં અને પગની આંગળીઓમાં રૂપાનાં કરડા-અંગુઠીયાં હતાં. એની કેડે એણે એક તંદુરસ્ત બાળક તેડેલું હતું.

"આમ બાયલાની પેઠે રડવાથી શું વળવાનું છે ?" તેણે કહ્યું, "એના કરતાં તો ઉઠીને કામ કરવા કાં નથી માંડતા ? ખેતરમાં કચરો ભરાઈ ગયો છે તે સાફ કરો. જે થઈ ગયું તેનો અફસોસ હવે છોડી દો. પૈસા જોઈતા હશે તો મારા આટલા ઘરેણાં વેચવાથી મળી રહેશે."

"તું મૂર્ખ માણસની જેવી વાત ન કર, બાઈ !" અનંતે કહ્યું, "આપણે પાયમાલ બની ગયા છીએ. બીજી વાર વાવેતર તો કરી શકાય પણ મારે બિયારણ ક્યાંથી લાવવું ? મારા પાડા બચી ગયા હોત તો હું ફરી હળ પણ ચલાવી શકત. વળી જો આપણે જીવવું હોય તો ઓછામાં ઓછી એક ગાય અને છ બીજી બકરી તો જોઈએ જ. અને એટલેથી પણ વાત પતે એમ નથી. તને ખબર છે, લક્ષ્મી, દુર્ગાદાસ શાહુકાર પાસેથી મેં વ્યાજે નાણાં લીધેલાં છે ! એનું વ્યાજ ત્રણ દિવસમાં ભરી દેવાનો છેલ્લો વાયદો છે. જો આ વખતે એ વાયદો ચુકાય તો શાહુકાર જમીન પણ લઈ જશે."

આની સામે લક્ષ્મી કશું કહી શકે તેમ નહોતી. ભારતમાં શાહુકારોની સત્તા કેટલી પ્રબળ હોય છે તે લક્ષ્મી બરાબર જાણતી હતી. થોડીવાર ચુપ રહીને પાછી એ બોલી, 'તો તમે સાધુ મહારાજને જઈને કાં નથી મળતા ? ગયે વખતે આપણો નરસુ માંદો પડ્યો અને તેના બચવાની કોઈ આશા રહી નહોતી ત્યારે તમે મહારાજ પાસે ગયેલા ને મહારાજે એને સાજો કર્યો હતો એ ભૂલી ગયા ?"

"મને યાદ છે," અનંતે કહ્યું, 'સાધુ મહારાજ એવાં કામમાં બહુ ભલા છે, બહુ જ સારા છે, પણ અત્યારે તો આપણને રૂપીઆ આડસો રોકડા જોઈએ અને એવા સાધુઓ પાસે પૈસા નથી હોતા. આ બીચારા મહારાજ પાસે તો એક આખો રૂપીઓ પણ હોય એમ હું માનતો નથી."

વાત વાજબી હતી, છતાં લક્ષ્મી સ્ત્રી સ્વભાવ પ્રમાણે પોતાની હઠને વળગી રહી. એના મનમાં એવી કોઈ-પ્રેરણા થઈ આવી કે ઘેર બેસીને રડવા કરતાં સાધુ મહારાજને મળવાથી જરૂર કંઈક લાભ થશે. એટલે એણે એ વાતની જીદ પકડી અને આખરે અનંતને તેની હઠ પાસે નમવું પડયું. એણે ધોયેલું ધોતીયું પહેરીને પોતાના ઝૂંપડાથી ત્રણ માઈલના અંતર ઉપર આવેલી સાધુ મહારાજની પર્ણકુટી તરફ ચાલવા માંડયું.

અનંત રેડ્ડીની પેઠે આસપાસના બીજા ઘણા ખેડુતો પણ પૂરથી પાયમાલ થઈ ગયા હતા. રસ્તે જતાં એને જે જે માણસો સામા મળ્યા તે બધા એ જ કલ્પાંત કરતા હતા. બધાના પાક ધોવાઈ ગયા હતા અને ઢોરઢાંખર તણાઈ ગયાં હતાં. આખરે ખાડા ટેકરાવાળો એ ત્રણેક માઈલ લાંબો રસ્તો કાપીને અનંત રેડ્ડી સાધુ મહારાજના ગામડામાં પહોંચ્યો.

ગારમાટીથી ચણેલા અને તાડછાં વડે છાયેલા એવા વીસેક ઝુંપડાંવાળું એ એક નાનકડું ગામડું હતું. એમાં એક ટેકરી ઉપર એક પુરાણા મંદિરનું ખંડેર હતું. જુના વખતમાં ત્યાં કોઈએ પગથીયાં કરાવેલાં પણ એ તો તૂટી ગયાં હતાં. દેવો, માનવીઓ અને હાથીઓ વગેરે પ્રાણીઓની આકૃતિઓના કોતરકામ વાળી મંદિરની દીવાલો પણ ઠેર ઠેર તુટી ગઈ હતી અને તેના પત્થરો અહીં તહીં ઢગલો થઈને પડેલા હતા. આખા મંદિરમાં ફક્ત એક ઓરડો આખો રહી ગયો હતો અને તેના છાપરા ઉપર તાડછાં નાખીને છાયો

કરવામાં આવ્યો હતો. એ ઓરડામાં સાધુ મહારાજનો નિવાસ હતો.

અનંત રેડ્ડી ત્યાં પહોંચ્યો કે તરત સાધુએ ધીર-ગંભીર સ્વરે તેને પૂછ્યું, "આવ્યો કે અનંત રેડ્ડી! મને ક્યારનું મનમાં થયા કરતું હતું કે દુઃખ અને મુશ્કેલીથી ઘેરાયલો કોઈ માણસ અહીં આવી રહ્યો છે."

સાધુ અતિશય વૃદ્ધ હતા. એમના માથા પર બરફ જેવી સફેદ જટા અને એવી જ સફેદ લાંબી દાઢી હતી. એમનું વય કેટલા વરસનું હશે તે કહેવું મુશ્કેલ હતું છતાં શરીર કદાવર અને સશક્ત હતું. એમના આંખ-કાન તદ્દન સાબૂત હતાં. પદ્માસન વાળીને સાધુ એક જુના મૃગચર્મ પર બેઠેલા હતા. એમના શરીર ઉપર ફક્ત એક લંગોટી હતી. એમનું નાક ગરૂડના જેવું અણીદાર અને આંખો તીક્ષ્ણ અને ચળકતી હતી. અનંતે તેમની પાસે જઈ દંડવત્ પડી પ્રણામ કર્યા અને સાધુના ચરણને હાથ લગાડી એ હાથ આંખે લગાડ્યો.

સાધુએ નરમાશથી પૂછ્યું, "શી આફત આવી પડી છે, અનંત? બાળબચ્ચું તો કોઈ માંદું નથી ને? ના, પૂરમાં હેરાન થઈ ગયો જણાય છે. તારો પાક ને તારા જાનવરો પૂરમાં ખલાસ થઈ ગયાં છે ને તારે માથે દુર્ગાદાસ શાહુકારનું કરજ છે. ખરી વાત કે નહીં?"

સાધુની ચમત્કારિક શક્તિમાં અનંતને ભારે શ્રદ્ધા હતી. એણે કહ્યું, "ખરી વાત છે, મહારાજ!"

સાધુએ કહ્યું, "ચિંતા કરવાનું કશું કારણ નથી, અનંત, જા, મંદિરમાં જઈને પહેલાં પૂજા કરી લે. જો તને ભગવાનમાં શ્રદ્ધા હશે તો તારે કશી ફિકર કરવી નહીં પડે."

અનંતે ફરી માથું નમાવ્યું. અને હજુ પણ સાધુ મહારાજ કંઈક બોલે એવી આશામાં એ ત્યાં જ બેસી રહ્યો.

"ચાલ, હું પણ તારી જોડે જ મંદિરમાં આવું છું" સાધુએ કહ્યું, "મારો ચેલો દૂધ લેવા ગામમાં ગયો છે તેને ઘણી વાર થઈ પણ હજુ પાછો નથી આવ્યો. જો, આ એક ફક્કડ ચીજ છે" કહીને સાધુએ પોતાના ઓરડામાં પડેલી કેટલીક જુની પુરાણી વસ્તુઓના ઢગલામાંથી એક વાસણ ઉઠાવ્યું. "ઘેર લઈ જઈશ તો તારી બૈરી એ જોઈને ખુશ થઈ જશે."

આશરે છ એક ઈંચની ઉંચાઈનો એ એક વજનદાર ઘડો હતો. ઘણા વરસોથી કોઈના હાથ એને અડક્યા નહીં હોય એટલે ઘડો એટલો કાળો પડી ગયો હતો કે એ કઈ ધાતુનો બનાવેલો હશે એ કળવું કઠણ પડે તેમ હતું.

"આ ઘડો લક્ષ્મીને આપજે," સાધુએ કહ્યું. અને પોતાના ખભા પર અંચળો નાખ્યો. પછી સાધુ અને અનંત રેડ્ડી બન્ને જણા ટેકરીના ભાંગ્યા તૂટ્યા પગથીયાં પરથી નીચે ઉતરવા લાગ્યા.

અનંતને આમાં કંઈ સમજ પડી નહીં. સાધુ મહારાજ પ્રત્યે તેને ઘણું માન હતું, પણ પોતાની મુશ્કેલી સાફ શબ્દોમાં જણાવવાની તેનામાં હીમ્મત નહોતી. પૂજા કરવાની સલાહ એને મેલા ડાટ જેવા એક જુના ભંગાર જેવા ઘડાથી એ મુશ્કેલી ટળે એવી તેને મુદ્દલ આશા ન હોતી.

ટેકરી ઉતરીને બેઉ જણા નીચે આવ્યા ત્યારે નજીકમાં કશોક કોલાહલ થતો સંભળાયો. પાસેના ઝૂંપડાઓ નજીક જઈને જોતાં માલમ પડ્યું કે ખાકી કપડાંવાળો એક પોલીસ હવાલદાર એક સફેદ ગાયને તેના ગળામાંના દોરડા વડે પકડીને ઉભેલો હતો. તેની સામે એક ગરીબ, અર્ધનગ્ન ખેડૂત ભોંય પર ગુંઠણીયા વાળીને બેઠો હતો ને હવાલદારને કાલાવાલા કરતો હતો. થોડાક ગરીબ ગામડીઆ લોકો બાઘા જેવા બનીને આસપાસ ઉભા ઉભા જોઈ રહ્યા હતા.

હવાલદારે કઠોર સ્વરે બૂમ પાડી ખેડૂતને કહેવા માંડ્યું, "મેં તને અગાઉ ચેતવણી

આપી હતી. આજે આ ત્રીજી વાર તારી ગાય બંસીલાલ શેઠના બગીચામાં ઘુસી હતી. હવે એને ડબ્બામાં પૂર્યા વિના ચાલે તેમ નથી ને તારે ડબ્બા દંડના પાંચ રૂપીયા ભરવા પડશે."

એ ગાય જેટલી દુબળી હતી તેથી વધારે દુબળા દેહવાળો તેનો માલિક કાયદાના એ રક્ષક સામે જોઇને દીન ભાવામાં કરગરવા લાગ્યો, "હવાલદાર સાહેબ! દયા કરો. અને મહીને દહાડે પાંચ રૂપીઆની પણ કમાણી થતી નથી. જો મારી ગાય તમે લઇ જશો તો અમારે બધાને ભૂખે મરવું પડશે."

હવાલદારને એની આજીજી સાંભળીને જરા દયા આવી અને તેણે કહ્યું, "વારૂ, ઠીક છે. એક વાર વળી તને હું જતો કરવા તૈયાર છું. મને બે રૂપીઆ આપી દે તો તારી ગાયને છોડી દઉં."

એ વખતે ત્યાં ઉભેલા ટોળામાંથી પંદરેક વરસની ઉમરનો એક છોકરો બહાર ધસી આવ્યો અને હવાલદારની પાસે જઇને બોલી ઉઠયો, "જુઠ્ઠા, ચોર! ગાયને બંસીલાલના બગીચામાં લઇ જનારો તો તું જ હતો. મેં મારી સગી આંખે એ દીઠું છે. હવે તારે આ બીચારા કંગાલ માણુસ પાસેથી બે રૂપીઆ પડાવવા છે, ખરૂં ને?"

સાધુએ અનંત રેડ્ડીને કહ્યું, "આ છોકરો મારો ચેલો છે. હવે જે તાલ બને તે જોયા કરજે."

હવાલદારે એકદમ ગુસ્સામાં આવી જઇને એ છોકરાને કહ્યું, "મુગો રહે, નાલાયક છોકરા! મારી સામે આમ બોલતાં શરમ નથી આવતી? ઉભો રહે હમણાં હું તારા હાલ કરૂં છું એ જોજે." આમ કહીને હવાલદારે તેને એવા જોરથી ધક્કો માર્યો કે છોકરો ચક્કર ખાઇ ગયો અને એના હાથમાં દૂધની ભરેલી તાંબડી હતી તે નીચે પડી ગઇ. એ જોઇને સાધુ તેની મદદે ગયા, પણ હવાલદાર સાધુને હાથવડે ધક્કો મારીને પેલા છોકરાને પકડવા ગયો. સાધુ તરફ હવાલદારે જે તોછડાઇ બતાવી તે જોઇને ટોળામાં ઉભેલા માણુસો ચોંકી ઉઠયા. લોકો સાધુ તરફ બહુ જ પૂજ્ય ભાવ બતાવતા હતા. ખુદ હવાલદારે પણ જ્યારે ફરીથી તેમના સામે નજર કરી અને તેમની રૂપેરી દાઢી–જટા નિહાળી ત્યારે એ પણ જરા છોભીલો પડી ગયો. એ મનથી ડરી પણ ગયો કે ગામલોકો હમણાં પોતાના ઉપર હુમલો કરશે. લોકો અંદર અંદર ઘોંઘાટ કરવા લાગી ગયા હતા.

સાધુએ કહ્યું, "ભાઇઓ, શાંતિ રાખો. હવાલદારને કોઇ હાથ લગાડતા નહીં." એમના શબ્દો સાંભળીને ગામલોકો શાંત થઇ ગયા એટલે સાધુએ હવાલદાર સામું જોઇને સખ્તાઇથી કહ્યું, "હવાલદાર, તું જ્યાંથી આવ્યો ત્યાં પાછો જા, બાપુ, અંહીથી તને રૂપીઆ ખુપીઆ મળશે નહીં, પણ તારા બુરા કામનો તને બદલો જરૂર મળી રહેશે. કરેલાં કામોના પરિણામમાંથી કોઇ છટકી શકતું નથી એ યાદ રાખજે."

ધરતી માર્ગ દે તો અંદર સમાઇ જાય એવો શરમિંદો બનીને હવાલદાર ભુંડે મ્હોંએ ત્યાંથી ચાલતો થયો. એ પછી ચેલાએ પોતાની તાંબડી ઉઠાવી તેમાં નવું દૂધ ભરાવી લીધું અને ગામડીઆઓના નમસ્કાર ઝીલતા ઝીલતા ગુરૂ–ચેલો બન્ને મંદિર તરફ ચાલતા થયા. અનંત રેડ્ડીએ પણ પોતાના ઘરનો રસ્તો લીધો. હાથમાંના પેલા વજનદાર ઘડાનો ભાર લાગવાથી એ તેણે પોતાને માથે મૂક્યો. ચાલતાં ચાલતાં અનંત મનથી વિચાર કરવા લાગ્યો, "સાધુ બાબાએ પણ શી ભેટ આપી છે ને! મને તો પહેલેથી જ ખબર હતી કે એ બીચારા આવે વખતે કશા કામના નહીં. કુવામાં હોય તો હવાડામાં આવે ને! સાધુજીની પોતાની પાસે કાણી કોડી પણ ન હોય તો મને પૈસા ક્યાંથી આપવાના હતા! દુર્ગાદાસ શાહુકારનું વ્યાજ શી રીતે ભરવું એ મુંઝવણ તો એવી ને એવી જ ઉભી રહી!'

અનંત ઘેર પહોંચ્યો ત્યારે ખેતરમાંથી ઘણું ખરું પાણી સુકાઇ ગયું હતું અને કામઠી લક્ષ્મી ઝુંપડામાંથી કચરો સાફ કરી રહી હતી. અનંતે આવીને એને પોતાના "ધરમના ધક્કા"ની વાત કહી બતાવી. પણ સાધુ બાબા પાસે જવાથી કશું જ વળ્યું નથી એવા અનંતના નિરાશાભર્યા શબ્દો સાંભળીને લક્ષ્મીને મુદ્દલ નિરાશા ન થઇ. સાધુએ આપેલો ઘડો જોઇને લક્ષ્મી તો ઉલટી રાજી થયેલી દેખાઇ..

"તમને એથી વધારે શું મળવાનું હતું?" લક્ષ્મીએ પોતાના ધણીને કહ્યું, "સાધુબાબાએ તમને કહ્યું કે બધું ઠીક થઇ રહેશે ને કશી ચિંતા કરવાની જરૂર નથી એટલેથી તમને સંતોષ નથી? તમે એટલું તો સમજો છો ને કે એવા મોટા માણસો બોલે તે કંઈ ખાલી વાતો ન હોય. ઠીક થઇ રહેશે એમ કહે એટલે ઠીક થવાનું જ છે એટલો વિશ્વાસ રાખો. તમે શું એમ ધારતા હતા કે સાધુ બાબા તમને રૂપીઆની થેલીઓ બંધાવશે? તમારા પુરૂષોમાં તો અક્કલના જ વાંધા."

આમ કહીને લક્ષ્મીએ ઘડો હાથમાં ઉપાડયો અને એનું વજન જોઇને એ તરત બોલી ઉઠી, "ઘડો ઘણો ભારે છે. હું એને હમણાં માંજીને ચકચકાત કરી આપું. પછી આપણે એમાં દૂધ ભરશું."

અનંત રેડ્ડીને આમાં કશી સમજણ પડી નહીં. સ્ત્રીઓની અંધશ્રદ્ધા ઉપર અફસોસ કરતો એ કપડાં બદલીને કામે વળગ્યો. લક્ષ્મી માટી અને આંબલી લઇને એ ઘડો માંજવા બેઠી. અનંત બધો વખત દુર્ગાદાસ શાહુકારના વ્યાજના વિચારમાં જ સુઝાઇ રહેલો હતો. એવામાં એકાએક લક્ષ્મીએ તેને બૂમ પાડી, "જરા અહીં આવો તો!" ઘરમાં જઇને અનંત જુએ છે તો લક્ષ્મી એકી ટશે પેલા ઘડા તરફ નિહાળી રહી હતી.

"જુઓ, જુઓ, નાસ્તિક આદમી!" લક્ષ્મી બોલી ઉઠી, સાધુબાબાની બક્ષિસ તરફ નિહાળો. આવા રંગનું ને આટલા વજનનું આવું કોઇ ત્રાંબા પિત્તળનું વાસણ તમે કદિ જોયું છે?"

લક્ષ્મીએ એ ઘડા ઉપર વરસો થયા જામી ગયેલ માટી અને મેલ કાઢી નાખ્યા હતા. સાફ થયેલો ઘડો ચકચકીત પીળા રંગનો બની ગયો હતો. એ રંગ પિત્તળના જેવો તો નહોતો જ. અને પિત્તળનું વાસણ એટલું ભારે પણ હોય નહીં એમ તો અનંતને પણ કબુલ કરવું પડયું.

એ બોલ્યો, "તું કદાચ એમ માની બેઠી હોઇશ કે ઘડો સોનાનો છે. પણ એ વાતમાં કશો માલ નથી. જો આ ઘડો સોનાનો હોય તો આપણે તાલેવર બની જઇએ."

લક્ષ્મીએ જવાબ આપ્યો, "તમે સાધુ બાબા કરતાં તો વધારે ડાહ્યા નથી ને! ચિંતા કરતો નહીં એમ તમને ખાતરી આપ્યા પછી મહારાજ જો ફક્ત પિત્તળનો જ ઘડો આપે તો તેમાં આપણો શો દહાડો વળે? જાઓ, ઝટ શહેરમાં પહોંચો અને આ ઘડાની કીંમત કરાવો."

અનંતે મનમાં ને મનમાં પોતાની સ્ત્રીને બેવકૂફ કહી દીધી. એણે વિચાર કર્યો કે આ બૈરીની મૂર્ખાઇ ભારે પડી જવાની. છતાં એણે ફરીવાર ધોયેલું ધોતીયું પહેર્યું અને ઘડો ખભે લઇને એ મારાપેટ શહેર તરફ ચાલી નીકળ્યો. મારાપેટ ગોદાવરીમાંથી છુટી પડતી એક નાનકડી નદીના કીનારા પર તેના ઘરથી એકાદ ગાઉ જેટલે છેટે હતું. નદીના પૂરમાંથી એ શહેર ઉગરી ગયું હતું. અનંત રેડ્ડી ત્યાં પહોંચીને શહેરના જાણીતા સોની સોનારીલાલની દુકાને ગયો. સોનારીલાલ એક ધોતીયું પહેરીને ઉઘાડે શરીરે હાથમાં હથોડો લઇ એક ચાંદીનું સાંકળું ટીપતો હતો. એની દુકાનમાં અનંતે પગ મૂકયો એટલે સોનારીલાલ પોતાની જાડી ભમરવાળી ઝીણી આંખો વડે એના તરફ તાકી રહ્યો.

"આવો અનંત રેડ્ડી!" એણે કહ્યું, "તમે અહીં ક્યાંથી? શું આ ઘડો સાંધાવવા નીકળ્યા છો? ભલા આદમી, તો કંસારાની દુકાને જાઓ. આ તો સોનીની દુકાન છે." પણ, આટલું બોલીને સોનારીલાલે ઘડો હાથમાં લીધો કે તરત એની જીભ સીવાઈ ગઈ. થોડી વાર એ વાસણને હાથમા આમતેમ ફેરવીને એ બોલ્યો, "આ શી ચીજ છે, ભાઈ!"

આંખે ચશ્મા ચડાવીને સોનારીલાલે ઘડાને ફેરવી ફેરવીને તપાસી જોયો. એ પછી એના ઉપર તેણે તેજાબનું એક ટીપુ મુક્યું. પછી તેણે ઘડાને કાંટામાં મુકીને જોખ્યો અને વળી વધારે બારીકીથી નિહાળવા માંડ્યો. દરમ્યાન અનંત ખેડુ તો બીચારો બોલવાની યે હીમ્મત હારી જઈને મુગો મુગો બધું જોઈ જ રહ્યો હતો.

આખરે સોનીએ એ ઘડાને ફરી બરાબર ચકાસી જોયો અને હેતથી હાથમાં લઈને આમ તેમ ફેરવવા માંડ્યો. પછી એણે અનંતને પૂછ્યુ, "આ ક્યાંથી લઈ આવ્યો, ભાઈ! ઘડો ચોખ્ખા સોનાનો છે. કોઈનું દાટેલુ ધન તો હાથમાં નથી આવી ગયુ ને? કે પછી કોઈના ઘરમાં હાથ માર્યો છે?"

અનંતે શાંતિથી જવાબ આપ્યો, "સોનારીલાલ, ઘડો કોઈનો ચોર્યો યે નથી ને ક્યાંયથી ખોદી કાઢેલો પણ નથી. મારા હાથમાં એ સીધી રીતે આવ્યો છે. હવે કહો, એની કીંમત કેટલી થાય?"

"ઓછામાં ઓછા ત્રણ હજાર રૂપીઆ" સોનીએ કહ્યું, "જો મારી પાસે પૈસાની સગવડ હોય તો હું જ આ ઘડો ખરીદી લઉં. પણ આપણા શહેરમા આ ઘડો ખરીદી શકે એવો એક જ શ્રીમંત ફક્ત દુર્ગાદાસ છે. અલબત્ત, એ તને પૂરી કીંમત નહીં આપે, છતાં મારી સલાહ પૂછતો હો તો ત્રણ હજારમા સો બસો ઓછા મળે ત્યાં સુધી લઈ લેજે."

અનંત આ વાત સાંભળીને રાજી રાજી થઈ ગયો. એણે સોનીને કહ્યું, "મહાજન, તમે મારી જોડે આવો, હુ તમને સારી દલાલી આપીશ." આ વાત સોનારીલાલને રૂચી. બેઉ જણા ચાલતા ચાલતા બેઝ્રા બઝારમાં દુર્ગાદાસની દુકાને પહોંચ્યા. દુર્ગાદાસ દાણાનો વેપારી હતો ને સાથેસાથ ધીરધારનો ધંધો પણ કરતો. દુકાનમા એ જાડા શરીરવાળો વાણીઓ એક મેલી જાજમ ઉપર તકીઆને અઢેલીને બેઠેલો હતો. અનંત અને સોની ત્યા પહોંચ્યા એ જ વખતે સવારે સાધુ બાબાનું અપમાન કરનાર પેલો હવાલદાર પણ બીજી તરફથી એ જ દુકાને આવી ચડ્યો. એટલે પહેલાં તો શેઠ અને હવાલદારની વાતચીત પૂરી થાય ત્યાં સુધી એ ખેડૂત અને એ સોની દુકાનના ઓટલા ઉપર બેસી રહ્યા.

હવાલદારે વાત શરૂ કરી, "શેઠજી! આપે મને તેડાવ્યો એટલે હાજર થયો. બોલો, શી ફરમાશ છે?"

દુર્ગાદાસે મ્હોં પર ભાર રાખીને કહ્યું, "વાત બહુ ગંભીર છે, હવાલદાર, મારી દીકરીની પાછળ કોઈ ગુંડો પડેલો છે. છેલ્લા ત્રણ દિવસથી રોજ રાતે એ ગુંડો મારા ઘરની દીવાલ ચડીને ઉપર આવે છે અને મારી દીકરીના સુવાના ઓરડાની બારીમાં ઉભો રહે છે. મારી નાની દીકરી લીલાએ પણ એને દીઠો છે, કાલે તો વળી એણે લીલાની ઉપર એક ફૂલ ફેંક્યું હતુ!"

હવાલદારે મશ્કરીમાં જવાબ આપ્યો, "કદાચ કોઈ જુવાન આપનો જમાઈ થવા માગતો હશે"

'એમ હોય તો આ રસ્તો સારો નથી" દુર્ગાદાસે કહ્યું, "મને તો લાગે છે કે એ કોઈ ઉઠાઉગીર હોવો જોઈએ અને છોકરીના ઓરડા માંથી ચોરી કરવાનો એનો ઇરાદો હશે. મારા ઘર ફરતો તમારે મજબૂત પહેરો ગોઠવવો પડશે."

જરા વિચાર કરીને હવાલદારે કહ્યું, "જાલે, શેઠ, પહેરો તો ગોઠવી દઇશ. ચોકીદારને થોડી બક્ષિસ આપજો. ને વધારે સાવચેતી માટે તમે બે નોકરો પણ રાખી લો ને એમને હાથમાં લાઠી આપીને રાતે ઘર ફરતી ચોકી રાખવાનું કામ સોંપો. પેલો ગુંડો આવશે તો તેને એ લોકો બરાબર મેથીપાક જમાડશે."

શાહુકારે માથું ધુણાવીને હવાલદારની વાતને સંમતિ આપી. "વારુ, હવાલદાર, એ તો હું બંદોબસ્ત કરી લઇશ. પણ તમે આજથી જ તમારો માણસ અંહી ગોઠવી દેજો."

આટલી વાત થઇ રહી પછી હવાલદાર ચાલતો થયો એટલે વાણીઆએ પેલા બે જણને બોલાવ્યા. તોછડાઇથી એણે કહ્યું, "તારે વળી શું કામ છે, અનંત રેડ્ડી? મેં તને સાફ કહી દીધું છે કે આ વખતે હું તારું કોઇ બ્હાનું સાંભળવાનો નથી. આજે તારી પાસે વ્યાજના જ ખાલી બસોને દસ રૂપીઆ લેણા પડે છે. પૈસા લઇ આવ્યો છે!"

જવાબમાં ખેડૂતે પોતાના હાથમાંનો ઘડો શાહુકાર પાસે મૂક્યો અને કહ્યું, "એનાથી તો ઘણા વધારે પૈસા લઇ આવ્યો છું. મારે આ ઘડો વેચવો છે."

દુર્ગાદાસને પહેલાં તો અનંતનું બોલવું બરાબર સમજાયું નહીં. પછી એને એના ઉપર વહેમ ઉપજ્યો. પણ તેને પોતાને સોના રૂપાની થોડી પારખ ખરી અને વળી સોનારીલાલ સોનીના વચન ઉપર એને પૂરો વિશ્વાસ હતો. ઘડો જેમ જેમ એ નિરખતો ગયો તેમ તેમ એની આંખો ચમકવા લાગી. એ પછી એણે તેની કીંમત માટે વાટાઘાટ કરવા માંડી અને ઘણી માથાકુટ કર્યા પછી આખરે તેની કિંમતના છત્રીસસો રૂપીઆ આપવાની તેણે ખુશી બતાવી. અનંતે રૂપીઆ ગણી લીધા અને બારસો ને દસ રૂપીઆ દુર્ગાદાસને સામા ગણી આપીને તેનું પાઇએ પાઇનું કરજ ચુકતે કર્યું અને તેની પહોંચ લખાવી લીધી. સોનારીલાલને તેણે ૪૦ રૂપીઆ દલાલીના આપ્યા અને બાકીના રૂપીઆની નોટો સંકેલીને તેણે કમર ઉપર ધોતીયાની આંટીમાં ભરાવી દીધી. પછી અનંત જાણે હવામાં ઉડતો હોય એવી ખુશાલીથી ઘર તરફ ચાલતો થયો.

ઘરે જઇને એણે લક્ષ્મીની પાસે એ નોટોનો ઢગલો કરી દીધો. એના મનમાં હતું કે લક્ષ્મી એ જોઇને નાચવા માંડશે. પણ લક્ષ્મીને પૈસા જોઇને કશો ઉત્કેરાટ થયો નહીં. એ નોટો એણે એક જુના પતરાના ડાબલામાં ભરી લીધી, ડાબલો બંધ કરીને ઘરની ગાર-વાળી જમીનના એક ખુણામાં એક ખાડો ખોદી તેમાં ઉંડો દાટી દીધો ને પછી ખાડો પુરી દઇ ઉપર છાણ વડે લીંપણ કરી દીધું. પછી એ બોલી, "મને ખાતરી જ હતી કે સાધુબાબા આપણું કલ્યાણ કરશે."

તે દહાડે રાતે પેલો હવાલદાર પોલીસ-સ્ટેશનમાં કાથીના ભરેલા ખાટલા પર સુતો હતો પણ તેને ઉંઘ આવતી નહોતી. એના મગજમાં જાતજાતની વિચિત્ર કંપારીઓ આવવા લાગી અને શરીરમાં ધ્રુજારીઓ આવવા લાગી આખરે એણે પોતાના ખલતામાંથી એક દાબડી કાઢી, એમાંથી અફીણની બે નાનકડી ગોળીઓ લઇને મ્હોંમાં મૂકી. થોડીવારે અફીણની અસરથી એને ઘેન ચડવા લાગ્યું ને એને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું. (આ વાત એણે પાછળથી બીજાઓને કરેલી પણ કોઇએ માની ન હોતી). વાત એમ બનેલી કે સવારે અનંત રેડ્ડી અને સોનારીલાલને દુર્ગાદાસ શાહુકાર સાથે થયેલી વાત એણે બાજુમાં દીવાલને ઓથે છુપાઇને સાંભળેલી. સ્વપ્નામાં એની આંખો પાસે પેલો સોનાનો ઘડો રમવા લાગ્યો. પછી એણે દુર્ગાદાસ શાહુકારને ઘરની પાછળના વાડામાં એક ઉંડો ખાડો ખોદીને તેમાં એ ઘડો દાટતો દીઠો. એણે મનથી વિચાર કર્યો કે "ચોર આવે તો પહેલાં અંહી જ ખોદે એવે ઠેકાણે ઘડો દાટનારો શાહુકાર કેવો બેવકૂફ મજુનો!"

અમર– સમજાવો. એ સમજવા મેં બહુ વલખાં માર્યાં છે. છેવટે આજે, આટલે સમયે, એ મોંઘી ઘડી મને પ્રાપ્ત થઈ.

મહાત્મા– જ્યારે શિષ્ય તૈયાર થાય, ત્યારે ગુરુ દર્શન આપે છે. અત્યાર સુધી હું તારૂં જીવન તપાસી રહેલો. પ્રભાનગરમાં તારા છેલ્લા કાર્યથી તારી કસોટી થઈ ચુકી.

અમર– પ્રભાનગર અને આનંદમઠની આપને ખબર છે?

મહાત્મા–જગતભરમાં એવું એક મનુષ્ય નથી કે એવી એક સંસ્થા નથી, જેને અમારી યોજનામાં સ્થાન ન હોય, જે અમારા નકશાથી બહાર હોય. અમારો સંઘ એ મહાન યોજનાઓ યુગે યુગે ઘડી રહે છે અને એના સાધકોને દૂર રહીને પ્રેરે છે. તારો સાથી દ્વિજેન્દ્ર પ્રભુને નથી માનતો પણ એ અમારા કાર્યના ક્ષેત્રની બહાર નથી. એ પણ એક દિવસ આ સઘળું સમજશે. એ પણ અમારા સંઘનો છે.

જો, આ તપાસી જો. (એક કાગળ આપે છે.) તારૂં સ્થાન શોધી લે. એ શોધી લેવાનું તારૂં કાર્ય છે.

(અમરનાથ કાગળ તપાસે છે.)

અમર–પણ ગુરુદેવ, આ કુમારને હું આનંદમઠનો અધિષ્ઠાતા શી રીતે બનાવીશ? એ અધિકારીઓ બહુ પ્રબળ છે. કુમાર મારો બાળક નથી. બહુ વિરોધ થશે.

મહાત્મા– એ બધું યુદ્ધ તારે લડી લેવાનું. મારો હાથ તારી પાછળ સર્વદા ઉભો છે. (વાસા પર હાથ ફેરવે છે) સખત કસોટીમાંથી તારે નીકળવાનું છે. પણ એક વાત યાદ રાખજે. છેવટે વિજય તારો છે. હવે જા, ફરી અહીં આવવાની જરૂર નથી. જરૂર હશે ત્યારે હું હાજર થઈશ. જા, સાવધ!

(મહાત્મા જાય છે. અમરનાથ એ દિશામાં દંડવત્ પડી, ઉઠી ચાલવા લાગે છે)

પ્રવેશ ૨ જો

સ્થળ–નારાયણનું ઘર

પાત્રો : લક્ષ્મીનારાયણ અને તેના બે મિત્રો અને ત્રણ નોકરો

૧ લો નોકર–લક્ષ્મીનારાયણ શેઠ, હું તમારો એ પેઢીનો નોકર. આજ મારી ગરીબની રાવ સાંભળો. આ ત્રીસેં વરસમાં મેં તમારી વફાદારીથી નોકરી કરી છે.

લક્ષ્મીનારાયણ તારે ગરજ હતી ને નોકરી કરી છે. શું હું તને બોલાવવા આવ્યો હતો?

૧ લો નોકર–મારી ભૂલ થઈ. પણ આજે મારો ઘરમાં મંદવાડ છે, ઘરમાં દાણો નથી. દવા લાવવાના પૈસા નથી. મહેરબાની કરી એક દસ રૂપિયા ધીરો. હું મદદ નથી માગતો. હું નોકરી કરીને વાળી આપીશ.

૨ જો નોકર–હા સાહેબ, ખરૂં છે. અમારી ધા આપ ન સાંભળો તો કોણ સાંભળશે?

લક્ષ્મીનારાયણ–તારે વળી શું છે?

બીજો–મારો ભાઈ તમારા કારખાનામાં આજ પંદર વરસથી ચાકરી કરતો હતો. તેનો હાથ કામ કરતા કપાઈ ગયો. હવે એનાથી કામ નહિ બને. એને કંઈક જીવાઈ બાંધી આપો.

લક્ષ્મીનારાયણ–જીવાઈ બાંધી આપો! કહે ને કે બંગલો ચણાવી આપો! સાળા આવા ને આવા આખો દિવસ આવીને જીવ ખાય છે. પુરૂં ધરમ ધ્યાન પણ કરવા દેતા નથી.

૧ લો–પણ શેઠ, મારી ઘરવાળી મરી જશે. એક દસ રૂપિયા આપો. એનો જીવ ઉગરશે. આપ લાખોના પાળવાવાળા, આપની એઠમાંથી અમારી થાળી ભરાય. આપ આજે નાકારો કાઢશો તો અમે કેમ જીવશું?

નારાયણ–તારી બૈરી કાલ મરતી હોય તો આજ મરે. એમાં મારે ક્યાં નહાવા

જવું છે? અને તારો ભાઈ, હાથ કપાઈ ગયો હોય તો ભીખ માગે. મારા કારખાનામાં કામ કરતાં હાથ કપાયો એમાં મારે શું કરવું! મારો એકાદ સંચો ભાંગ્યો હશે તેની કીમત કોણ ભરી આપશે?

૧લો–શેઠ, તમે ધરમના થાંભલા છો. મઠમાં તમે અધિકારી, ગામમાં તમે શ્રીમંત, તમે હજારો રૂપિયાનો ધર્માદો કરો, તમારા પૈસાથી મહંત મહારાજ સુખમાં રહે અને આ જુનાં નોકરોના આટલાં કરગરણાં નહિ સાંભળો?

નારાયણ–હું ક્યાં મઠનો અધિકારી તારો બનાવ્યો બન્યો છું! મઠમાં રૂપિયા આપું છું તે મોક્ષ મેળવવા માટે. તમારા જેવાઓને આપે શું કલ્યાણ થવાનું છે? અને તને પૈસા આપું એ જાણશે યે કોણ?

૧લો નોકર–શેઠ આપની નામના તો જગજાહેર છે. આપ તો ભગત માણસ કહેવાઓ. આપ ક્યાં કીર્તિના ભૂખ્યા છો?

૨જો–અમારા જેવા ગરીબની આશિસ આપને સ્વર્ગે પહોંચાડશે.

નારાયણ–મને સ્વર્ગે પહોંચાડવો છે? એમ? મને સ્વર્ગે પહોંચાડવો છે? હજી તો હું જીવતો જાગતો તમારા જેવાને કાચા કરડી જાઉં એવો બેઠો છું. જુઓ મઠ સિવાય હું બીજે સ્થળે દાન દેતો નથી. છાપામાં નામ ન આવે એવી સખાવત હું કરતો નથી. અને તમારા જેવા ભિખારીઓ મરે કે જીવે એની મને દરકાર નથી. બસ, જાઓ, ચાલવા માંડો.

૧લો–અમે ક્યાં ચાલવા માંડશું શેઠ? આપ તરછોડશો તો કોણ અમને સંઘરશે! અમે કોઈ પાસે માગશું તો કહેશે કે લક્ષ્મીનારાયણ શેઠ જેવાના નોકર થઈને બીજાઓ પાસે શું કામ માગો છો?

નારાયણ–હા, તે કહેશે જ તો! લક્ષ્મીનારાયણ શેઠને આખી દુનિયા પીછાને છે. હું કોણ? હું આનંદ મઠનો સ્તંભ, હું વેપારનો રાજા, હું પ્રભાનગરનો આધાર. હું કોણ? મારી શ્રીમંતાઈ કોની પાસે છે? હું કોણ?

(નારાયણનો મિત્ર રાજેન્દ્ર આવે છે)

રાજેન્દ્ર–કેમ શેઠ, શું ધમાલ ચાલે છે?

નારાયણ–પધારો ભાઈ, જુઓને આ જંજાળમાંથી કંઈ છુટાય છે કે બે ઘડી સેવામાં યે ગાળીએ? હું તો તમે જાણો છો ને કે હવે સાક્ષીરૂપે રહું છું. મારું બધું ભગવચ્ચરણમાં સમર્પણ થઈ ચુક્યું છે. આ બે ઘડી કંઈ આવા ગરીબોની વાતો સંભળાય અને એવાની કંઈ ધરમ ધ્યાનમાં નજર પહોંચે એ સારૂ કોઈ વાર વાતો કરું. પણ માણસને કંઈ લોભની હદ હોય છે!

રાજેન્દ્ર–ભક્તિના કામમાં સંસારની વાતો ન હોય એલા, સમજ્યા? શેઠને કંઈ કોઈની પડી નથી. આ તો તમારા કલ્યાણ માટે બે ઘડી તમારી સાથે બેસે એમાં જંજાળની વાતો ન હોય.

નારાયણ–હું એ જ એમને સમજાવતો હતો કે આ શરીર આજ છે ને કાલ નથી. માટે જે કર્યું તે સાથે. ધરમના પોટલા બાંધી લ્યો. પણ આ તો બે દિવસ સાથે બેસવાના મળ્યા કે બસ માણસોને તો સ્વાર્થ સ્વાર્થ ને સ્વાર્થ. બીજી વાત જ નહીં. મને થયું કે મારા માણસો છે, એમનો ઉદ્ધાર કરું. ગુરુકૃપાથી આપણે તો ઊંચા ચડયા. પણ આવાને કાંઈ બોધ લાગે છે?

રાજેન્દ્ર–શેઠ, પણ શું છે?

નારાયણ–આ એક કહે છે કે મને બાયડી પરણાવી આપો અને બીજો કહે છે કે મારા ભાઈને નોકરીમાં રાખી દ્યો. અહીં તો જાણે પૈસાના ઝાડ ન ઉગતા હોય અને નોકરી જાણે ખાણમાંથી ન નીકળતી હોય।

નોકરો:–શેઠ, આપ આમ ફરી કાં જાઓ? આવું જૂઠું? આપ સતવાદી થઈને આવું બોલશો? અમે ક્યારે બાયડીની માગણી

અને બાલકો સાથે તો એ બાલક જ બની જાય છે.

દિનેશ–આજે તમે પ્રભાનગરની બહાર સિધાવો તે પહેલાં, અમરનાથ, એ દૃશ્ય એકવાર છુપી રીતે નીહાળતા જજો.

અરૂણ–તમારા ગયા પછી લોકલાગણીએ અજબ પલટો ખાધો છે. મહંતના જુલમોથી કંટાળેલા મજૂરો સડની સત્તાની સામે થવા એક પગે થઇ રહ્યા છે. તમે એક ઇશારો કરો તો મઠની દિવાલોના ટુકડેટુકડા કરીને ફેંકી દે એવું એમનું ઝનૂન છે.

દિનેશ–અને લક્ષ્મીનારાયણ શેઠ મંદિરના પૈસા પચાવી જવા માગે છે એ હકીકતે મઠના અધિકારીઓમાં પણ કુસંપ ઉભો કર્યો છે. રાજેન્દ્ર તો તેમના વિરૂદ્ધ ઉઘાડી રીતે વાતો કરે છે. મહંત એકાંત સેવે છે. તિમિર અને બીજા સલામતીના ઉપાયો શોધે છે.

ધનંજય–પ્રભાનગરનો અમીર વર્ગ શું કરવું એ વિચારમાં પડયો છે. મહંત અને મઠવાળાઓના અત્યાચાર અને જુલમથી એમની શ્રદ્ધા તો વરસો થયાં ડગી ગઇ છે. "આ નહીં તો બીજું શું?" એ વિચાર તેમને મુંઝવી નાંખે છે. કુમારની વાતો તેમણે પણ સાંભળી છે. પણ વહેમી ગણાઇ જવાની બીક અથવા બાળકમાં મહત્તા સ્વીકારવાની અનિચ્છા તેમને રોકી રાખે છે. વળી ગરીબ માણસો કદાચ તોફાન કરી ઉઠે તો તેમને પણ એના છાંટા ઉડે એ ભયથી એમને પણ આશ્વાસન આપતાં એ ડરે છે. હું તો આપને મળ્યો ત્યારથી આ પરિસ્થિતિનો અભ્યાસ કરી રહેલો છું.

અમર–ભાવિનો કોયડો ઉકેલવાની તક અને મારા એકાન્તવાસ દરમ્યાન મળી છે. એને આધારે હાલ તો મારે તમને એટલું જ કહેવાનું રહે છે કે જે બને છે તે એક મહાન યોજના પ્રમાણે બને છે અને આપણે સૌ એનાં સાધન માત્ર છીએ. ટૂંક સમયમાં જ એક એવો મહત્ત્વનો બનાવ બનશે જેને પરિણામે આ સૌ બળ એકત્ર થશે અને સઘળા વિરોધો તુટી પડશે. આ વાત સૌ શ્રદ્ધાથી સમજજો અને એટલું સહુ સંભાળજો કે કોઇ સ્થળે આનું પરિણામ અત્યાચાર કે ખુનખારીમાં ન આવે. આપણો વિજય લોહીના ટીપા વગરનો છે.

દ્વિજેન્દ્ર–અમરનાથ! તારી શ્રદ્ધા ફળીભૂત થાઓ, પણ આટલાં આટલાં વરસોથી અનેક માનવીઓનાં જીવનનાં બલિદાન અપાય છે એ કરતાં એક વારની હિંસા શું ખરાબ છે! મૃત્યુના પરદા પાછળ શું છુપાયું છે.એની કોઇને જાણ નથી. તો શા માટે જે પ્રયત્નથી મેળવી શકાય છે તેમાં આવાં બંધનો ઉભાં કરે છે!

અમર–દ્વિજેન્દ્ર, જ્યારે હું સમજ્યો નહોતો ત્યારે ય તારા આ વિચારોનો વિરોધ કરતો. હવે તો પ્રભુની યોજના મારી દૃષ્ટિ સામે દીવા જેવી સ્પષ્ટ ઉભી છે. એમાં શા માટે વિઘ્ન નાખું? ના, ના, હવે તો તારો માર્ગ ન સ્વીકારાય.

જરૂર સમજજો કે આ બધા ક્ષણભરનાં વિઘ્નો છે. અને આત્માના માર્ગમાં એ અંતરાય ન નાખી શકે. જ્યારે સંકટો આવે ત્યારે અનંતતાના વિચાર કરો અને આત્માનો વિકાસ તપાસો. ઘડીભરમાં એ વાદળ વીંખાશે. આશા રાખો અને કાર્ય કરો.

હવે આપણે છુટા પડીએ. મારે જવું જોઇએ. જતાં પહેલાં એકવાર કુમારને નીરખી લઉં. દ્વિજેન્દ્ર! તારે ઘેર જઇએ. પણ એ પહેલાં પ્રાર્થના કરીએ.

[સૌ પ્રાર્થના કરવા ઘુંટણીએ પડે છે.]

પ્રવેશ ૪ થો

(સ્થળ-મહંતનો ઓરડો)

[મહંત હાથમાં છરા સાથે પ્રવેશ કરે છે.]

મહંત–પ્રતિષ્ઠાની ખાતર જીવનમાં ઘણાં પાપો કર્યાં. આજે એ પ્રતિષ્ઠા મને એક છેલ્લું અને સૌથી ઘોર પાપ કરવા લઇ જાય છે.

મારા સુખ, ભોગ, વિલાસને માટે કુરબાન થયેલ અનેક સ્ત્રીઓનું શીલ, ગરીબોનો પૈસો, શ્રીમંતોની સેવા, એ સઘળું મારી આંખ પાસે નાચી રહે છે. પણ એમાં શું? મહંતની ગાદી એટલે ભક્તોના આત્મા પરનું સામ્રાજ્ય, અને એ સઘળું ન હોય તો જીવન શા માટે?

પણ અમરનાથના તે દિવસના શબ્દોએ મને નાહક ઘેલો બનાવ્યો. મારી પાછળ એની વાણીના પડઘા આટલા આટલા દિવસ ગાજી રહ્યા. જાણે આ બધું છોડી દઉં! જાણે છેવટનું એક પ્રાયશ્ચિત્ત કરી લઉં! અંતરમાંથી આવા અવાજો બહુ ઉઠયા, અને તેને દાબી રાખવા મેં દિવસો ગાળ્યા. એકાંતમાં રહ્યો, વૈભવો તજવા પ્રયત્ન કર્યો.

પણ મારું તો ગાદી માટે જીવન છે. જો આ નબળાઇ બતાવું તો મારી જેવા અનેક મહાધિકારી મહંતો માટે કેવો ખરાબ દાખલો બેસે! એ બીચારાઓ મને શાપ દેશે. એમનો આત્મા કકળી ઉઠશે. એના જવાબદાર મારે શા માટે બનવું? અને મેં પણ હજુ કયાં વૈરાગ્ય સેવ્યો છે?

કુમાર મઠનો ભાવિ અધિકારી છે એમ લોકલાગણી કહે છે. તે દિવસનો ચમત્કાર એ માન્યતાને અનુમોદન આપે છે. અને કુમાર છે માટે મારા પર આ આક્રમણો? માટે મારી વિરૂદ્ધ આ હાહાકાર! બસ હવે એક જ નિશ્ચય. એ કુમારને હંમેશને માટે મારા માર્ગમાંથી ફેંકી દઉં. છેવટનો એ જ નિર્ણય. ઘણાં ઘણાં પાપો આ હાથે કર્યાં—કરાવ્યાં છે. આજે ખૂન કરૂં. એ ખૂનમાં વર્તમાન અને ભવિષ્યના હજારોની પ્રતિષ્ઠા જળવાય છે. મારા માર્ગમાંથી મારા એ ઉગતા હરીફને એક કાંટાની માફક ફેંકી દઉં.

દ્વિજેન્દ્ર આજે ઘરમાં નથી. કુમાર એકલો છે. આ જ વખત, આ જ અનેરી તક. સેંકડો નરકવાસી મહંતના આત્માઓ! આજે તમારૂં સઘળું બળ, સઘળી પ્રેરણા મારા હૈયામાં અને હાથમાં મુકો! આજે જાઉં છું આપણી પરંપરાના ઉદ્ધારને કારણે.

(જાય છે.)

પ્રવેશ ૫ મો

સ્થળ—દ્વિજેન્દ્રના ઘરમાં કુમારનો ઓરડો

પાત્રો—કુમાર, આનંદ, જ્યોતીંદ્ર અને બીજા બાળકો. સર્વે સંગીતના સાજ સાથે ગાતા રમતા હોય છે.

કુમાર—આનંદ! હવે આપણે ફુલોની રમત રમીએ. તને બાળકના આત્માની ખબર છે? બાળકનો આત્મા એટલે ફુલ. બન્નેની આકાશ તરફ નજર. બન્ને સ્વર્ગના પડોશીઓ.

આનંદ—કુમાર! પણ ફુલો તો ચુંટાય અને વિંધાય, એમ બીચારાં બાળકો યે કચરાય અને પીસાય. અહીં તો જેમ માણસો ફુલોને બાંધીને અને વીંધીને હાર બનાવે, ગજરા બનાવે, બીછાનાઓ માટે જાળી બનાવે, એમ બાળકોને પણ પોતાના સ્વાર્થ માટે પોતાના મનમાન્યા ઘાટમાં ઘડે. અહીં બાળકને કોણ ગણે છે? તારી પાસે અમે તો એ સ્વર્ગ દેખીએ છીએ.

જ્યોતીંદ્ર—કુમાર! ત્યારે એવું કહોને, કે આપણે બધા કોઇ એકાન્ત વનમાં ચાલ્યા જઇએ. ત્યાં બસ ફુલોની રમતો રમીએ અને સ્વર્ગ સામે જોઇને આનંદ કરીએ. અહીં તો નથી ગમતું. જાણે કોઇ પરાણે બાંધી રાખતું હોય એવું લાગે છે.

કુમાર—(તેના મોં પર હાથ ફેરવીને) જ્યોતીન્દ્ર, આપણે તો અહીં જ સ્વર્ગ બનાવવું છે એ વાત કેમ ભૂલી ગયો? એક દિવસ આપણે આ બધું ફેરવી નાખશું. ફક્ત બાળકોની જ દુનિયા બનાવીશું. આપણે યે બાળક અને સૌ વૃદ્ધો પણ બાળક. બસ બધાં બાળક.

બધાં બાળકો—બસ બધાં જ બાળક ત્યારે તો બહુ મજા આવશે હો! આ મઠના મહંત પણ બાળક!

આનંદ—હા, પછી આપણે બધા તેની સાથે રમીશું. તેમનાથી બીશું નહિ હો! અને પછી તો મંદિરના દેવ પણ બાળક બનીને

હજાર ગણો પ્રબળ છે અને એની શક્તિ મારી પાછળ હશે ત્યાં સુધી આ સમશેરો અને ખંજરો ઘાસના તરણાં જેવાં નિર્બળ છે. (મહંત નમે છે.) ઉઠો, જાઓ, આ ગાદી હવે આપનાથી નહિ રોકાય. જગત્ વિશાળ છે. અહીં વસી આજથી નવું જીવન શરૂ કરો અથવા પ્રભાનગરની બહાર સીધાવો. ઉઠો, મહંત, બધું ભુલી જાઓ. હું આપનો દુશ્મન નથી.

ધનંજય–કુમાર! દયાને પાત્ર નથી આ મહંત!

દ્વિજેન્દ્ર–ખુનનો બદલો આપણાથી ખુનમાં ન લેવાય. કુમારને મેં બચાવ્યો. મહંતને હું બચાવું છું. તમારાથી ઘા ન થાય. સમશેરને મ્યાનમાં રાખો.

કુમાર–મને કોણે બચાવ્યો? દ્વિજેન્દ્રનાથે?

દ્વિજેન્દ્ર–તેં જોયું કુમાર, મેં બચાવ્યો.

કુમાર–ભૂલ થાય છે, દ્વિજેન્દ્ર. મને પ્રભુએ બચાવ્યો.

દ્વિજેન્દ્ર–પ્રભુએ બચાવ્યો? કયા પ્રભુએ?

કુમાર–જે પ્રભુ તમારી પાસે એક રમકડાની માફક આ સઘળું કાર્ય કરાવી રહેલ છે તેણે. હજી ન સમજાયું, દ્વિજેન્દ્રનાથ? મને તમારી પાસે કોણે મોકલ્યો?

દ્વિજેન્દ્ર–કોણે મોકલ્યો? અમરનાથે.

કુમાર–ફરી ભૂલ થાય છે. પૂછો અમરનાથને, તેની પાસે મને કોણે મોકલ્યો?

અમર–દ્વિજેન્દ્ર, મહંતના આત્માનો આજે ઉદ્ધાર થયો. હવે તું સાંભળ. અમરનાથને તેના ગુરૂ મળ્યા છે. તું સમજ કે ન સમજ, તારૂં યે સ્થાન જેમાં છે એ યોજનાને બળે હું પ્રભાનગરમાં આવ્યો. એને બળે હું કુમારને મળ્યો, તને મળ્યો; આ આત્મસમર્પણની બાજી રચાય છે. એને જ બળે કુમાર મઠનો મહંત બનશે. આજે આ બનાવથી એ છેલ્લો પરદો ખસી જાય છે. એ સઘળું કંઈ અકસ્માતથી થોડું જ થાય છે? વિચારી જો.

કુમાર–હું તો મારી આસપાસ એ અદૃશ્ય પ્રકાશ અને બળ લાંબા કાળથી અનુભવી રહેલ છું. મારું સ્થાન, મારું કાર્યક્ષેત્ર હું પીછાણું છું. એને માટે તૈયારી કરું છું. ભવિષ્યનો સંઘ સરજું છું. અને દિવસ અને રાત એ યોજનાના અમલ માટે માર્ગ સરળ કરું છું. સમજો દ્વિજેન્દ્રનાથ! હવે સમજવાનો સમય છે.

દ્વિજેન્દ્ર–ખરેખર! એવું હશે? કંઈ સમજાતું નથી. હશે કે ન હશે–મારું કાર્ય તો એ દિશામાં છે ને? સમજવા પ્રયત્ન કરીશ. પણ ચાલો, કુમાર મઠનો ભાવિ મહંત છે, તો હવે વિલંબ શા માટે? મહંત, તમે પણ ચાલો, વિદાય થાઓ તો ગાદી સોંપીને સીધાવો. રહો તો સેવક બનીને રહો. અત્યાર સુધી મોટા સેવક હતા, હવે નાના બનો. ચાલો.

(સહુ જાય છે)

પ્રવેશ ૬ ઠો

સ્થળ–રસ્તો

[રાજેન્દ્ર, બીજ, તિમિર અને દિનેશ વાતો કરતા દાખલ થાય છે.]

બીજ–ત્યારે શું મહંત ગાદી છોડી દે છે? આટલા દિવસના એકાન્ત પછી એમને એ સૂઝ્યું!

રાજેન્દ્ર–હા, ગાદી છોડે છે કે નહીં એ ખબર નથી. પણ લક્ષ્મીનારાયણ શેઠનો પુત્ર કુમાર ગાદી પર બેસશે. મારે હાથે જ હું એને ગાદી પર બેસારવાનો છું.

તિમિર–પણ, શા માટે? રાજેન્દ્રપ્રસાદ, આપ તો મઠના પરમ ભક્ત, આપને આવું શા માટે કરવું પડે છે?

દિનેશ–એ મને પૂછો, મહાશય. જાણે એમ બન્યું કે હું મારું કુલ શોધવા એક દિવસ દ્વિજેન્દ્રનાથને ઘેર પહોંચ્યો. ત્યાં શું જોયું, કહું? મહંત મહારાજ ત્યાં પધારેલા. કુમારને મળવા આવ્યા હશે. હાથમાં ખંજર

હતું. કહેતા હતા કે કુમારને મારે ગાદી પર બેસારવો છે. દરમ્યાન દ્વિજેન્દ્ર, અમરનાથ અને આ સેવક ત્યાં જઇ પહોંચ્યા એટલે એમની વાત માન્ય રાખી. પણ મારું ફુલ તો ન જ જડયું. એટલે હું તો નિરાશ થઇ આ તરફ આવ્યો.

રાજેન્દ્ર–સાંભળો, સ્પષ્ટ વાત કહું. મહંત કુમારનું ખુન કરવા ગયા અને પકડાયા. એમણે ગાદીત્યાગ કરવા વચન આપ્યું. એમને જીવતા છોડ્યા. હવે કુમારને ગાદી પર બેસારવાની બધી તૈયારીઓ હું કરી ચુકયો છું. આપનો જે અભિપ્રાય હોય તે જણાવો. કાં તો કુમારને સ્વીકારો નહીં તો ખસી જાઓ.

બીજ–પણ લક્ષ્મીનારાયણ શેઠ શું કહે છે? તેમને તો પૂછો. આ આવે શેઠ.

(લક્ષ્મીનારાયણ દાખલ થાય છે)

નારાયણ–ચાલો, રાજેન્દ્રપ્રસાદ પધારો છો ને? આજે મારો કુમાર મઠનો મહંત બને છે તેની તૈયારી કરવી છે.

રાજેન્દ્ર–શી તૈયારી કરો છો. શેઠ, હીસાબની?

લક્ષ્મી–તે દિવસે સાહેબ, તમે સમજ્યા નહિ. મને તો ખબર હતી કે મહંત નાસી જવાનો છે. અને મારી પાસેના પૈસા એને સોંપું એટલે એ લઇ જાય ને? સાહેબ, મહંતો તો આવે ને જાય, આપણાથી કંઇ એમ પૈસાની બરબાદી થાય છે? બાકી મારો કુમાર ગાદીએ બેસે ને મારે પૈસાને શું કરવા છે? (સ્વગત) હવે મઠનો કબજો શા માટે જવા દઉં? આજે આટલા આપી દઇશ તો કાલે આથી દસગણા આવશે. આપણે તો વેપારી રીતે જોવું. ધરમનો ય વેપાર અને મહંતનો ય વેપાર. (જાહેર) ચાલો, સાહેબો, કુમાર ગાદી પર બેસે એ ઘડીએ પાઇએ પાઇ આપને અથવા આપ કહો તેને સોંપી દઉં. ચાલો તિમિર, બીજ, પધારો છો ને?

બીજ–પધારો. હું પણ આવું. આખું પ્રભાનગર જે કરવા માગશે તેમાં મારાથી કેમ આડા અવાશે? અત્યારે તો ગામનાં શ્રીમંતો અને ગરીબો એ એક જ વાત બોલી રહેલા છે.

તિમિર–મારાથી નહિ અવાય. એ હું ન દેખી શકું. હું તો છું એમ જ રહીશ. નહીં જોવાય તો નાસી જઇશ, આપ સીધાવો. કુમારના પગમાંથી ફુલો ઝરે કે રત્નો ખરે. હું કોઇ પણ ફેરફાર જોવા તૈયાર નથી. હું તો જઇશ મારે માર્ગે. (જાય છે.)

દિનેશ–બીજમાં કંઇક પ્રકાશ ખરો, પણ તિમિરમાં એક કિરણ પણ કેમ પ્રવેશી શકે? ચાલો ભાઇઓ આજ તો મઠમાં મારા ફુલની છેલ્લી શોધ હુંય કરું. ત્યાં આજે તિમિર નહીં હોય. કદાચ જડી જાય.

(સૌ જાય છે)

પ્રવેશ ૭મો

સ્થળ–આનંદમઠનો ઓરડો

પાત્રો–કુમાર, અમરનાથ; દ્વિજેન્દ્ર, રાજેન્દ્ર, ધનંજય, અરુણ, દિનેશ, બીજ, લક્ષ્મીનારાયણ, મહંત, આનંદ

આનંદ–કુમાર, તું તો આજે ખરેખર મઠનો ગાદીપતિ બને છે. હવે અમારી સાથે તારે દોસ્તી રાખવી છે કે નહીં?

કુમાર–મારા મઠની ગાદી તો તમારો પ્રેમ છે. મારે તો આનંદ જોઇએ. તે ન હોય તો આનંદમઠનો શો ઉપયોગ?

રાજેન્દ્ર–અમરનાથ, પ્રભાનગરના નાગરિકોના નામથી આનંદમઠના અધિકારીઓના સહકારથી, અને પ્રભુની ઇચ્છાથી આજ કુમારને આનંદમઠની ગાદી પર બેસારું છું.

બીજ–આનંદમઠના અધિકારીઓ તરફથી કુમારનું મહંત તરીકે સ્વાગત હું કરું છું.

ધનંજય–પ્રભાનગરના શિષ્યવર્ગ તરફથી હું કુમારની મઠાધીશ તરીકેની ચુંટણીનો સ્વીકાર કરું છું

લક્ષ્મીનારાયણ–અને આ પ્રસંગે મારી પાસે જમા રહેલું મઠનું દ્રવ્ય હું મઠના નવા મહંતને પાછું સોંપું છું અને મઠની સંપત્તિની તમામ જવાબદારી મારે માથે લઈ એટલી સેવા મઠને અર્પણ કરવા અભિલાષા દર્શાવું છું. મારી સેવાનો સ્વીકાર કરશો.

અમરનાથ–કુમારને મઠનો અધિકારી બનાવવાની આમ સર્વે પક્ષની ઇચ્છાઓ અતિ આનંદદાયક છે. કુમાર મઠનો ભાવિ મહંત, એ તો ઇશ્વરનો સંકેત છે. પણ હજી એ સમય જરા દૂર છે. એ મહાભારત જવાબદારી લેવાની તૈયારી કુમાર કરે તે માટે તેણે કેટલીએક કસોટી, કેટલાએક તપમાંથી પસાર થવું પડશે. કુમાર એ તૈયારી કરી રહેલો છે. એ કાળ પુરો થશે ત્યારે આપની આ સેવા ઉઠાવવા એ તત્પર થશે. કુમાર આદર્શ મહંત બને, આનંદમઠનો ઉદ્ધાર કરે, એ એનું જીવન કાર્ય છે. એ પ્રભુનો આદેશ છે. ફક્ત જરા હજી અવધ બાકી છે.

દ્વિજેન્દ્ર–આજે મને સમજાય છે એ આદેશ. હું પણ સ્વીકારું છું અમરનાથનું સૂચન, અને કુમાર એ સર્વે જવાબદારીઓ સ્વીકારી લેવા તૈયાર થાય ત્યાં સુધી અમરનાથ એનો અને મઠનો રક્ષક બને, મઠના સઘળા દ્રવ્યનો કબજો એની પાસે રહે અને એના મંડળના માણસો એ કાર્યમાં સહાયભૂત થાય.

લક્ષ્મીનારાયણ–પૈસા સંબંધી બધી વ્યવસ્થાની જવાબદારી તો મેં ક્યારની સ્વીકારી લીધી છે ને? અમરનાથને એ ઉપાધિ શા માટે?

કુમાર–પિતાજી, મઠના પૈસાનો સંગ્રહ કરવાના અને ગંજ ખડકવાના દિવસો આજે પુરા થાય છે. આજથી મઠનો મહંત મહેલાતનો વારસી નથી રહેતો. આજથી મઠનો મહંત ભક્તોના ચરણસ્પર્શ નહિ સ્વીકારે. મઠનો કારભાર આજથી બદલાય છે. મઠની અને મઠની મિલ્કતની વ્યવસ્થા આજે નવેસરથી રચાય છે. એ યોજના અરૂણ વાંચી સંભળાવશે.

અરૂણ–મઠના નવા અધિકારી મંડળની આ જાહેરાત છે.

(૧) મઠની આવકનો ૧૦ મો ભાગ મઠના વ્યવહાર માટે વપરાશે અને એ દસમા ભાગનો દસમો ભાગ મહંત અંગત ખર્ચ માટે વાપરશે.

(૨) મઠના જમા થયેલ દ્રવ્યમાંથી એક પાઠશાળા, એક અનાથાશ્રમ, એક દવાખાનું અને જરૂર લાગે તેવી બીજી પરોપકારી સંસ્થાઓ ખોલાશે. અને મઠની ચાલુ આવક તેને નીભાવશે.

(૩) મઠના અધિકારીઓ અને મઠના વ્યવસ્થાપકો મઠના જ કાર્યમાં જીવન સમર્પણ કરશે અને પોતાને માટે કશો દ્રવ્યસંચય કરશે નહિ.

(૪) મઠના અને મંદિરના દ્વાર સર્વે માટે હમેશાં ખુલ્લાં રહેશે.

(૫) કુમાર મઠના મહંતનું સ્થાન સ્વતંત્ર રીતે સ્વીકારવા તૈયાર થાય ત્યાં સુધી અમરનાથ, દ્વિજેન્દ્ર અને રાજેન્દ્રપ્રસાદ મઠનો સર્વ અધિકાર પોતાના હાથમાં રાખશે અને હાલની પ્રથામાં યોગ્ય લાગે તે ફેરફાર કરી શકશે. અને મઠનું નવું નામ હવેથી "અમરમઠ" રહેશે. મઠના નવા મહંતની આ જાહેરાત છે.

લક્ષ્મીનારાયણ–(સ્વગત) મારૂં તો બધુંય જાય છે. કુમાર ગયો, પૈસો અપાઇ ગયો, અધિકાર ગયો. હવે મારા જીવનનો વ્યાપાર રમું. (જાહેર) અમરનાથ! મારૂં સઘળું દ્રવ્ય અને મારી મિલ્કત હું મઠને આજથી સમર્પણ કરૂં છું. અને મઠની સેવામાં જીવન ગાળવા ઇચ્છા રાખું છું. સ્વીકારશો?

દ્વિજેન્દ્ર–કુમારના પિતા તરીકે આપનું સ્થાન અમારી વચ્ચે ઊંચું અને અનેરૂં રહેશ.

મહંત–અમરનાથ! તારી ભવિષ્યવાણી આજે સાચી પડી. એ આવ્યો છે–મઠનો અને પ્રભાનગરનો ભાવિ ઉદ્ધારક, એનાં ચરણમાં હું મારૂં સ્થાન શોધી લઇશ. મારો આત્મા મેં એને વેચ્યો છે.

દિનેશ–અને મને આજે મારૂં ફુલ જડયું–મારો અને મઠનો ખોવાયેલો આત્મા આજે મને ફરી મળ્યો. મારૂં એ પુષ્પ હું કુમારને ચરણે અર્પણ કરૂં છું.

[હૃદયપર હાથ મુકીને કુમારના ચરણમાં નમે છે.]

[કુમારના ગળામાં સૌ હાર પહેરાવે છે. કુમાર સર્વેને નમે છે. મીઠા સંગીત સાથે પરદો પડે છે.]

સંપૂર્ણ



અ લ વ લી

[સર એડવિન આર્નોલ્ડકૃત Pearls of Faith (ઇમાનનાં મોતી) માંથી]

પોતાના વફાદાર સેવકોની નજીકમાં ખુદા હંમેશાં વસે છે, પણ પુરાણા કાળના એ સેવકો ખુદાની વધારે નજીક હતા.

તમે સાંભળી છે એ કથા, જે અલબૈઝવીએ હજરત ઇબ્રાહીમ અલૈ. ના સમયની વાત કહેતાં કહી છે. હજરત ઇબ્રાહીમ (અ.) ખુદાના દોસ્ત હતા, ખુદાના વહાલા હતા. અને એમની પ્રાર્થના સાંભળીને ખુદા પોતાના એ મિત્રને મદદ કરવા અને દિલાસો આપવા તૈયાર રહેતા.

કોઇ કોઇ વાર સ્વર્ગના ફિરસ્તાઓ પોતાની પાંખો સંકેલીને હજરત ઇબ્રાહીમ (અ.)ના તંબૂના બારણા પાસે મહોબ્બતને દાવે બેસતા અને એમની સાથે ગુફતગુ કરતા. વારંવાર અરણ્ય અને રણની કાંટાથી છવાયલી જમીન પર, ખુશ્ક માર્ગો પર અથવા પડઘા પાડતી ગુફાઓમાં ખુદાનો અવાજ કાનમાં ગુંજી ઊઠતો, અને માનવી માનવીની સાથે વાતો કરે તેમ અનેક ગૂઢ વાતો એમની વચ્ચે થતી.

હજરત ઇબ્રાહીમ (અ.) એ પોતાનો એકનો એક પુત્ર ખુદાના ફરમાનના જવાબમાં કુરબાન કર્યો અને પછી એ પુત્ર સંપૂર્ણ સહી સલામત હાલતમાં એમને પાછો મળ્યો અને એની જગ્યાએ પોતાના લાંબા શીંગડાંથી ટિંગાઇ રહેલો એક બકરો બલિદાન થયો. આ બનાવ મક્કા શરીફ પાસે, મીનાની ખીણમાં, સાબિટ પર બનેલો એવું નોંધાયલું છે. હજરત ઇબ્રાહીમ (અ.)નું ખંજર જે લોહીથી રંગાયું એ લોહી માટે એમને આંસુ નહોતાં સારવા પડયાં. આ કથા અલ બૈઝવીએ આપણને સંભળાવી છે.

દેશમાં દુકાળ પડયો અને હજરત ઇબ્રાહીમ (અ.) ને જેનું જેનું પોષણ કરવાનું હતું એ સહુ ભૂખથી રીબાવા લાગ્યા. ખલીલે (ખુદાના એ દોસ્તે) પોતાના દૂતોને મિસર તરફ પાઠવ્યા. ત્યાં વસતો હતો એક તવંગર અને માયાળુ જમીનદાર. નીલ નદીનાં કાંઠા ઉપર એનાં ભરચક ખેતરો હતાં. અનાજના ગંજ હતા. ઢોરોનાં ટોળાં હતાં.

સંદેશવાહકે એની પાસે જઇ અરજ ગુજારીઃ "અમારી ઝરાઅત અને ચરાગાહ પર દુકાળ પથરાયો છે. અમે ભૂખે મરીએ છીએ. હજરત ઇબ્રાહીમ (અ.) અને એમનો કબીલો કાળા સમયમાં નભી જાય એટલું અનાજ આપો. બાજરી આપો, ઘંઉ આપો, કઠોળ આપો. નાણુંના બદલામાં અપાય એટલું નાણું લઇને આપો. તમે અમારી હાલતમાં હો તો હજરત ઇબ્રાહીમ (અ.) તમને શું ન આપત ? એ વિચાર કરીને આપી શકાય તેટલું આપો."

જમીનદારે જવાબ આપ્યો, "તમે મારી પાસે વધુ પડતી માગણી કરો છો. સોનાના બદલામાં અપાય તેટલું આપું પણ દુકાળ તો અમારા ય મુલકમાં છે. અને તમારે માટે અમે કશું ફાજલ પાડી શકીએ એમ નથી. હજરત ઇબ્રાહીમ (અ.) અને તેમના ખાનદાનને પોષવા માટે અનાજ માગ્યું હોત તો અમારા જથ્થામાંથી અરધું તમારા થેલાઓમાં ભરી જવાનું હું તમને ફરમાવત. પણ હજરત ઇબ્રાહીમ (અ.) તો એવા આદમીઓને ખવરાવી દે છે કે જેની અમને કશી ગણતરી નથી. એ તો ખવરાવશે ભીખારીઓને, રણમાં રખડતા ભૂખ્યા વટેમાર્ગુઓને, કે જેની અમને કશી પરવા નથી. અમારે અનાજનો વધારો હોય તો અમારા મુલકમાં યે એવા અનેક રખડે છે. માટે વિદાય થાઓ, કોઇ બીજી જગ્યાએ જઇ તજવીજ કરો."

દૂતો પાછા હટયા. એક બીજાના ચહેરા સામે જોઇ કહેવા લાગ્યા, "ખાલી બારદાનો સાથે આપણે પાછા ફરશું તો આપણા માલિકનું ઇબાદત અને આરાધના માટે જગતમાં મશહૂર બનેલું નામ વગોવાશે. લોકો કહેશે કે હજરત ઇબ્રાહીમ (અ.) એ માગ્યું અને તેમને ન મળ્યું."

પછી, ગાઝાના સમુદ્રકાંઠે એકઠી થયેલી સફેદ રેતીથી એમણે એ કોથળાઓ ભર્યા અને એ ભાર લઇને તેઓ દુભાયેલે હૈયે કદેરના મુલકમાં પાછા ફર્યા, જ્યાં હજરત ઇબ્રાહીમ (અ.) એમની રાહ જોતા બેઠા હતા. તેમને એમણે ખાનગીમાં જણાવ્યુંઃ "બરફ જેવી સફેદ રેતીથી અમે આ થેલાઓ ભરી લાવ્યા છીએ. મીસરી જમીનદારે અમારી માગણીનો અસ્વીકાર કર્યો. એ કહે છે કે આપ તો રખડુ ભીખારીઓને અને રણવાસીઓને ખવ-રાવી દેશો. અને એવા તો એના મુલકમાં યે છે. અમને ખાલી હાથે પાછા ફરેલા જોઇ માણસો આપનું નામ વગોવે એવી દહેશતથી આ પ્રમાણે બારદાન ભર્યાં છે."

હજરત ઇબ્રાહીમ (અ.)નું દિલ દુભાયું. એમના કબીલાના માણસો, આવી પહોંચેલ ખોરાકમાંથી પેટ ભરવાની આશાએ, ટોળાબંધ આવતા હતા. એમાં ભૂખથી ઘેલી બનેલી માતાઓ હતી. એમની કેડ ઉપર ટળવળતાં બાળકો હતાં. હજરત ઇબ્રાહીમ (અ.) એમને જરૂર તૃપ્ત કરશે એવી આશા-ઉમેદ એમની આંખોમાં તરવરતી હતી.

એમને દેખીને હજરત ઇબ્રાહીમ (અ.)નું અંતર વલોવાઇ ગયું. એ મૂર્છા ખાઇ ગયા અને અચેતન માનવીની માફક જમીન પર પડયા. પણ એમનાં પત્ની બીબી સારા આ નિરાશ થઇ પાછા ફરેલા દૂતોની વાતથી અજાણ હતાં.

એમણે દાસીઓને ફરમાવ્યુંઃ "એક થેલો લઇ આવો, એનું મોઢું ખોલો અને રોટી બનાવવા માટે આટો મસળો."

એક થેલો ખોલવામાં આવ્યો. એમાંથી સમુદ્રની રેતીથી પણ વધારે સફેદ ત્રણ વાર ચાળણીમાંથી ચળાયેલો બારીક આટો નીકળ્યો. કથરોટમાં એ લોટ મસળવામાં આવ્યો. એમાંથી રોટલા વણાયા અને બળતા અગ્નિ પર એને શેકવા મૂકવામાં આવ્યા. શેકાતા રોટલાની વાસ આખી વસાહતમાં ફેલાઇ અને ચોતરફથી ટોળાંઓ ઉભરાવા લાગ્યાં—જેમ સંધ્યાકાળે બે ચાર ગાઉ ફરી ચરીને ખાવા ફરતાં ઢોર-વરોના ટોળાં પાણીના હવાડા પાસે ઉભ-રાય તેમ.

હજરત ઇબ્રાહીમ (અ.)ની મૂર્છા વળી. એમને રોટલાની વાસ આવી. એમણે આવીને પૂછ્યુંઃ "મારી સુકુળની નારી! આ લોટ ક્યાંથી પેદા કર્યો? શેકાતા રોટલાની વાસ આવે છે ને રોટલા તૈયાર થઇ ગયેલા જણાય છે."

બીબી સારાએ ઉત્તર વાળ્યોઃ "માલિક મહાન છે, પરવરદિગાર છે. ક્યાંથી લોટ આવ્યો એમ કાં પૂછો? આપના મિત્ર મિસરના જમીનદારે થેલાઓ ભરીને અનાજ મોકલાવ્યું છે એ કાં ભૂલી જાઓ!"

હજરત ઇબ્રાહીમ (અ.) જમીન પર નમ્યાં. એમણે ધીમા શબ્દોમાં પ્રાર્થના ગુજારીઃ "ના, ના," તેઓ બોલ્યા, "ના, ના. આ તો અલ્લાહના પ્યારા અને મહાન હાથોની મોક-લેલી બક્ષેસ છે. મિસરના જમીનદારનો પણ એ પરવરદિગાર, મારો માલિક, બાદશાહ, 'મિત્ર' અને મદદગાર છે. એણે આ મોકલ્યું છે. હવે સારી વસાહતનાં માનવીઓ ઉગરી જશે. ખુદાનો પારાવાર અહેસાન."

"આ રેડીઓમાં અવાજ શી રીતે આવતો હશે?" ઉસરદથી પહેલી વાર મુંબઇ આવેલા એક મહેમાને પોતાના યજમાનને પૂછયું.

યજમાને સમજાવ્યું. "જુઓને, એમ માનો કે એક ઘણો મોટો કુતરો છે જેની પુંછડી ઉસરદમાં છે ને મોઢું મુંબઇમાં છે. હવે તમે એ પુંછડી ઉસરદમાં દબાવો તો કુતરો મુંબઇમાં ભસે ખરો કે નહીં? રેડીઓનું કંઇક એના જેવું જ છે—ફકત વચ્ચે કુતરો નથી એટલો જ ફેર."

મુળજીભાઇ મધવાણી એન્ડ કું. લિ.

(યુગાંડામાં સ્થપાયેલી)

જોડાયલી સંસ્થાઓ

મધવાણીનગર શુગર વર્કસ લિ.

મધવાણી ઇંડસ્ટ્રીઝ લિ.

મુળજીભાઇ મધવાણી ઇન્વેસ્ટમેંટ કોરપોરેશન લિ.

રજીસ્ટર્ડ ઓફીસ
પી. ઓ. બોક્સ નં. ૫૪
જીન્જા (યુગાન્ડા)

મધવાણીનગરમાં શુગર ફેક્ટરી, સ્વીટ ફેક્ટરી, ઓઇલ મીલ, સોપ ફેક્ટરી અને રીફાઇનરી તથા હાઇડ્રોજન પ્લાંટ છે. ઓઇલ મીલ અને સોપ ફેક્ટરી પીલીટોકમાં પણ છે. બુબીંગા, મધવાણીનગરમાં જીનરી છે. નાકીગલાલા અને કન્સીરી એસ્ટેટમાં એટ્રેઓ રોડ તથા મીટથાના રોડ, સ્વેરામાં રૂના છોડો ઉગાડવામાં આવે છે તથા નાકીગલાલામાં રૂા બનાવાય છે.

શાખાઓ :—
કંપાલા—પી. ઓ. બોક્સ નં. ૬૪૮; નાઇરોબી—પી. ઓ. બોક્સ નં. ૧૨૦૩
મસાકા—પી. ઓ. બોક્સ નં. ૧૬; આરૂઆ—પી. ઓ. બોક્સ નં. ૧૬

— પાનાં ૫૦ ઉપરના કોયડાઓના ઉકેલ —

૧. શરાબના વેપારીની વાત સાચી હતી. ખાલી બાટલીની કીંમત ફક્ત રાા રૂપીઆ થાય અને શરાબની કીંમત ૪૨ાા રૂપીઆ, એટલે કે ખાલી બાટલીની કીંમત કરતાં ૪૦ રૂપીઆ વધારે.

૨. મોટરનો વેપારી સાચો હતો. જે ગાડીના વેચાણમાં તેને ૨૫ ટકાનો નફો થયો તે તેણે ૮૦૦ રૂપીઆમાં લીધેલી (૮૦૦+૨૫ ટકા, એટલે કે ૨૦૦=૧૦૦૦). જે બીજી ગાડી ઉપર તને ૨૫ ટકાનું નુકસાન થયું તે તેણે ૧૩૩૩ રૂપીઆની લીધેલી (૧૩૩૩–૨૫ ટકા, એટલે કે ૩૩૩=૧૦૦૦). વેપારીએ બેઉ ગાડીઓની મળીને ખરીદ કીંમત ૨૧૩૩ રૂપીઆ ચુકવેલી અને વેચાણ કીંમતના તેને ૨૦૦૦ રૂપીઆ મળ્યા એટલે ૧૩૩ રૂપીઆનું તેને ચોક્ખું નુકસાન થયું.

૩. ચાર ભાઈઓ અને ત્રણ બહેનો. ચારમાંથી કોઈ પણ એક ભાઈને બીજા ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો છે (બેઉ સરખા) જ્યારે ત્રણમાંથી કોઈ પણ એક બહેનને બીજી બે બહેનો અને (તેનાથી બમણા) ચાર ભાઈઓ છે.

૪. આમાં એક નરી બનાવટ છે. એક ઈંચમાં આવતા આંકાઓની સંખ્યાને દાખલા સાથે કશી લેવા દેવા નથી. પીન રેકર્ડની આસપાસ ફરતી જ નથી. ફક્ત રેકર્ડ પીન ફરતી ફરે છે. પીન રેકર્ડના મધ્યભાગ તરફ જાય છે તે સિવાય તે સ્થિર રહે છે. એટલે કે પીન ૬–(૨+૧)=૩ ઈંચ ફક્ત ચાલે છે. આખી રેકર્ડના ડાયામિટર (વ્યાસ)નો અરધો ભાગ એટલે ૬ ઈંચ, એમાંથી બાદ અંદરના લેબલવાળા ભાગનો અરધો વ્યાસ એટલે બે ઈંચ અને બહારની કીનારીનો એક ઈંચ મળી કુલ ત્રણ ઈંચ. બાકી રહ્યા ૩ ઈંચ.

૫. મલ્લાંજીની ભૂલ હતી. એને ફક્ત ૧૦૦ રૂપીઆનું જ નુકસાન થયું હતું. એણે ઘરાકને ૨૦ રૂપીઆ પાછા આપ્યા અને ઘરાનીને ૧૦૦ રૂપીઆ આપ્યા એનો સરવાળો ૧૨૦ રૂપીઆ થાય એ ખરી વાત પણ ઘરાની પાસેથી તેને ૧૦૦ રૂપીઆ મળ્યા હતા એ પણ ગણતરીમાં લેવા જોઈએ. એટલે ૮૦ રૂપીઆ જોડાની કીંમતના ને વીસ રૂપીઆ ઘરાકને રોકડા આપ્યા તે જ તેણે ગુમાવ્યા.

मधुमती



ઉત્કૃષ્ટ સાહિત્યનું
સચિત્ર માસિક

તંત્રી
રામુ પરમાનંદ ઠક્કર

ચિત્રકારો
શ્રી. જગુ પીઠવા
શ્રી દિલીપ બક્ષી

વર્ષ ૨ જું
અંક ૩ જો
જાન્યુઆરી ૧૯૫૫


વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૧૦
પરદેશોમાં શી. ૨૦
છુટક નકલની
કીંમત રૂ. ૧
અથવા શીલીંગ ૨

મુદ્રક અને પ્રકાશક:
રામુ પરમાનંદ ઠક્કર
મુદ્રણ અને પ્રકાશનસ્થાનઃ
"ગુજરાતી" પ્રિંટીંગ પ્રેસ,
૩૦૮, બઝારગેટ સ્ટ્રીટ,
રીઝર્વ બેંકની પાછળ,
કોટ, મુંબઈ.

અનુક્રમણિ

દફતરનું સરનામું:
૩૫, બાપુભાઇ વશી રોડ,
વિલે પારલે-મુંબઇ નં. ૨૪

આફ્રિકા ખાતેના એજંટ
Mrs. Rama D. Thakkar
c/o Dr. D. R. Thakkar, M.D.,
P. O. Box No. 147,
JINJA (Uganda)
ઉપરને સરનામે લવાજમ ભરીને ગ્રાહક થઈ શકાશે. નવજીવનની નકલો પણ તેમની પાસેથી મળી શકશે.



પુસ્તક ૧ લું] જાન્યુઆરી ૧૯૫૫ [અંક ત્રીજો

॥ ॐ ॥

भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः । भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरंगैस्तुष्टुवान्सस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

યોગીની યાચના

ગિરનારના એક શિખર ઉપર યોગીરાજ ભર્તૃહરિ પ્રભાતને સમયે વૃક્ષની છાયા નીચે બેસીને ઉદય પામતા સૂર્ય તરફ દષ્ટિ કરી, આસપાસનું સૃષ્ટિસૌંદર્ય નિરખી રહ્યા હતા. એવામાં એકાએક તેમની નજર પોતાનાં શરીર પર પહેરેલી વલ્કલની કંથા ઉપર પડી. કંથા જીર્ણ થઇ ગઇ હતી અને બે ત્રણ ઠેકાણેથી ફાટી ગઇ હતી. ભર્તૃહરિએ વિચાર કર્યો કે આ કંથાને જરા સાંધી લીધી હોય તો સારૂં.

વૃક્ષની એક સુકી ડાંખળી કાપીને તેને એક છેડેથી પત્થર સાથે ઘસી ઘસીને યોગીએ તેને અણી કાઢી અને બીજે છેડે એક બાવળની શૂળ વડે નાકું બનાવ્યું. વડવાઇના થોડા પાતળા રેસા એકઠા કરી તેને વણીને ભર્તૃહરિએ એક દોરી બનાવી. એ દોરી યોગીરાજે પેલા નાકામાં પરોવવાની કોશિશ કરવા માંડી, પણ નાકું નાનું પડ્યું. એને વધારે મોટું કરવાથી સોયો તુટી જવાનો ભય હતો. ભર્તૃહરિ વિમાસણમાં પડી ગયા.

ભગવાન શંકર એ સમયે સતી પાર્વતીની સાથે આકાશ વિહાર કરવા નીકળ્યા હતા. સતીની દૃષ્ટિ યોગીરાજ ભર્તૃહરિ ઉપર પડી. એણે ભગવાનને કહ્યું, "આ કોઇ પરમ તપસ્વી યોગી જણાય છે, ચાલો આપણે જઇને તેને મળીએ અને તેના મનની કોઇ વાંછના હોય તો તે આપ પૂરી કરો."

શંકરે કહ્યું, "સતિ! આ યોગી એકવાર એક મહાન રાજ્યનો રાજા હતો. અખૂટ લક્ષ્મી, અમાપ સત્તા, સુખ, વૈભવ, સુંદરીઓ અને યૌવનનો સ્વામી હતો. એ બધાને લાત મારીને હવે એ એવી સ્થિતિએ પહોંચેલો છે કે એને કોઇ વસ્તુની વાંછના જ નથી રહી. જીવનમુક્ત દશામાં જીવી રહેલો એ પરમ ત્યાગી આપણી પાસે શું માગવાનો હતો!"

પણ સતીએ આગ્રહ કર્યો, "નહીં સ્વામિ! આપે એને દીઠો છે અને જેના ઉપર આપની દૃષ્ટિ પડે તે માનવી સર્વ કલ્યાણનો અધિકારી બને છે."

શંકર–પાર્વતી ભર્તૃહરિની સામે આવી ઉભાં. ભર્તૃહરિએ એમના તરફ દૃષ્ટિ પણ ન કરી. એમનું ચિત્ત પેલા સોયામાં દોરી પરોવવામાં લાગેલું હતું.

"યોગી! અમે શંકર અને પાર્વતી તમને મળવા આવ્યા છીએ" ભગવાન શંકરે કહ્યું, "તમારા મનમાં કોઈ વાંછના હોય તો તે પૂરી કરવી એવી સતીના મનમાં ઇચ્છા થઈ આવવાથી અમે અંતરીક્ષમાં વિહાર કરતાં કરતાં અહીંઈને તમારી પાસે ઉતરી આવ્યા છીએ."

ભર્તૃહરિએ બેઠા બેઠા જ માથું નમાવી દેવયુગલને પ્રણામ કર્યા અને કહ્યું, "આપ બહુ જ રૂડા સમયે આવી પહોંચ્યા છો. મારી ફાટેલી કંથા સાંધવા માટે મેં આ સોયો ને દોરી તો તૈયાર કર્યાં છે, પણ સોયાના નાકામાં દોરી પરોવાતી નથી. આપ સાક્ષાત શંકર–પાર્વતી જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો કૃપા કરીને એવું કૈંક કરી આપો કે આ દોરી સોયામાં પરોવાઈ જાય. પછી કંથા તો હું મારી મેળે સાંધી લઈશ."

"તથાસ્તુ!" કહીને શંકર અને સતી પાછા અંતરીક્ષમાં અદૃશ્ય થઈ ગયાં અને યોગી રાજ ભર્તૃહરિ પ્રસન્ન થઈને કંથા સાંધવાના કામમાં પરોવાઈ ગયા!

ક્ષમા યાચના

—'નવજીવન'ના પ્રથમ અંક (નવેંબર ૧૯૫૪)માં છપાયલી ત્રણ તસવીરોમાંની બે (જેની નીચે કલાપીની કાવ્યપંક્તિઓ મૂકેલી) કુમારી મોહિની દીવાનની પાડેલી તસવીરો હતી. તેની નીચે ભૂલથી શ્રી. દિલીપ બક્ષીનું નામ મૂકાઈ ગયું હતું. —તંત્રી.

વિશદ ચિત્રકાર શ્રી. જગુ પીઠવા

"નવજીવન"ના આ અંકના મુખપૃષ્ટ ઉપરનું મનોહર ત્રિરંગી ચિત્ર ગુજરાતના વિશદ ચિત્રકાર શ્રી. જગુભાઈ પીડવાની પીંછીનું છે. ડીસેંબરના અંકના મુખપૃષ્ટ ઉપર પણ એમની જ પીંછીનું ચિત્ર હતું. ૨૬ વરસની વયના આ તરૂણ ચિત્રકાર સૌરાષ્ટ્રના મહુવા શહેરના વતની છે. તેમના પિતા શ્રી. હરજીવન પ્રાગજી પીઠવા એક પ્રખ્યાત શીલ્પી છે અને તેમના શીલ્પની કારીગરી છેક દિલ્હીની ભારતની લોકસભાના ભવ્ય પ્રાસાદ સુધી અને મુંબઈના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝીઅમ સુધી પહોંચેલી છે. શ્રી. જગુભાઈએ ચિત્રકલાનું શિક્ષણ મુંબઈના નૂતન કલામંદિર અને જે. જે. સ્કૂલ ઓફ આર્ટસમાં લીધેલું છે. સને ૧૯૫૦ માં એમને શોલાપુરના ચિત્ર પ્રદર્શનમાં ઉત્તમ ચિત્રકૃતિ માટે સોનાનો ચાંદ મળેલો. તે સિવાય તેમની બીજી કૃતિઓ માટે તેમને સ્કુલમાંથી અને જાહેર હરીફાઈઓમાં ઘણા ઇનામો મળ્યા છે. ફોટોગ્રાફીની કલામાં પણ તેઓ પ્રવીણ છે. ગુજરાતી વાંચનારાઓને "નવજીવન" દ્વારા આ તરૂણ ચિત્રકારની પીંછીનો પહેલી જ વાર પરિચય કરાવતાં આનંદ થાય છે.



હું માનું છું કે-

નિવેદક

શ્રીમાન ચુનીલાલ ભાઈચંદ મહેતા

અગ્રગણ્ય વ્યાપારી

અને

અર્થતંત્ર વિશારદ

મુંબઈ.

૧. પુરૂષમાં વખાણવા લાયક સદ્દગુણ કયો? ડહાપણ.

૨. સ્ત્રીમાં વખાણવા લાયક સદ્દગુણ કયો? સહન શીલતા

૩. જીંદગીની ખરેખરી સફળતા શામાં? સાદાઈ અને સમતાથી જીવન જીવવામાં

૪. આપનો પ્રિય વિનોદ કયો? સંગીત-

૫. આપનું મનગમતું ફૂલ કયું? કમળ

૬. આપનો પ્રિય લેખક કયો? ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી.

૭. આપનું પ્રિય પુસ્તક કયું? ગીતાજી

૮. આપનો મુદ્રાલેખ: વખતનો સદુપયોગ

૯. સહી ચુનીલાલ ભાઈચંદ મહેતા

ભિસ્તી અમીર:

બચ-એ-સાકા

વીસમી સદીના આગમનને દુનિયા આવકાર આપી રહી હતી એ જ અરસામાં અફગાનિસ્તાનના ડુંગરાળ પ્રદેશની એક ખીણમાં એક બુઢ્ઢા ભિસ્તીને ઘેરે એક બાળક જન્મ્યો. પિતાએ બાળકનું નામ રાખ્યું હબીબુલ્લાહ. પરંતુ ભિસ્તીનો પુત્ર હોવાથી લોકો એને બચ-એ-સાકા (ભિસ્તીપુત્ર) કહીને સંબોધતા. એને નાનપણથી જ મળેલ આ લોકમાન્ય ઇલ્કાબથી જ ઇતિહાસ એને ઓળખે છે. અમીરના લશ્કરમાં પણ એને એ જ સંજ્ઞાથી ઓળખવામાં આવતો. બહારવટે ચડ્યો ત્યારે અને પછીથી થોડા કાળ માટે અફગાનિસ્તાનની ગાદી પર આવ્યો ત્યારે પણ બચ-એ-સાકા તરીકે જ એ ઓળખાયો હતો.

અને આ બધો ઇતિહાસ બહુ જૂનો નથી. એ ઇતિહાસ બની ગયાને પૂરી એક પેઢી પણ વીતી નથી.

આઠ વરસના સાકાનું પહેલું પરાક્રમ, જેની તવારીખે નોંધ લીધી છે, તે પોતાના શિક્ષકને મારવાનું પરાક્રમ છે. શાળામાં સાકાને શિક્ષકે શારીરિક શિક્ષા કરી હશે. એના બદલામાં એણે સાથીઓના સરદાર બની, પેલા શિક્ષકને મસ્જીદમાં પૂરીને માર્યો અને વધારામાં એની દાઢી મુંડી નાખી. આ રીતે આઠ વરસની નાજુક ઉમરમાં એણે સરદારનું પદ પ્રાપ્ત કર્યું. આટલાથી સંતોષ ન પામતાં એણે મજકૂર શિક્ષકની વાડીમાંના દ્રાક્ષના વેલાઓ તોડી નાખ્યા, એના ઘરને આગ લગાડી અને પોતાના સાથીદારોને લઈ ટેકરીઓમાં જઈ રહ્યો.

અલબત્ત આ બધા તોફાની છોકરાઓને પકડવામાં આવ્યા અને સારી પેઠે મારવામાં આવ્યા. તેઓના સરદાર સાકાને કબરસ્તાન પર આવેલી એક કોટડીમાં પુરી રાખી ત્યાં જ મરવા દેવો એવો નિર્ણય કરવામાં આવ્યો; પણ ત્યાંથી એ નાસી છૂટ્યો અને સરહદ પરના કેટલાક ડાકુઓને જઈ મળ્યો.

આ ધાડપાડુઓ આવતા જતા કારવાંઓને લૂંટવાનો ધંધો કરતા. તેઓએ સાકાનો જાસૂસ તરીકે ઉપયોગ કરવા માંડ્યો. ગામડાંઓ તરફથી આવતી વણઝારો કયો માર્ગ પસંદ કરવાની છે એ કુનેહપૂર્વક જાણી લેવાનું કામ સાકા ઘણી કાળજીપૂર્વક અને પ્રસન્નતાથી કરતો.

પર્વતોમાં વસતા અફઘાનોના બાળકોને યુવાવસ્થા ઘણી ઝડપથી પોતાના કરી લે છે. સોળમે વર્ષે સાકા સ્વતંત્ર ધાડપાડુ તરીકે પોતાની ખાસ ટોળીના સરદાર તરીકે પોતાનો ધંધો ચલાવતો થઈ ગયો અને બે વર્ષ પછી તો આખા ઉત્તર વિભાગમાં એની હાક વાગતી થઈ.

એ વેળાનું અફગાનિસ્તાનનું રાજ્યતંત્ર ઘણું જ નબળું હોવાથી આ ટોળીઓ સામે એનું કશું ચાલતું નહિ. બે વારના સરકારી હુમલાઓને સાકાએ ખાળ્યા. બીજા હુમલા વેળા તેણે એકલાએ જ અઢાર જાન લીધા હતા.

૧૯૧૯ ની સાલમાં હિન્દની બ્રિટિશ સરકાર અને અફગાનિસ્તાન વચ્ચે એક લડાઇ થઇ અને છેવટે સમાધાન થયું. એ લડાઇ દરમ્યાન સાકાને પોતાના રાષ્ટ્રને માટે અંગ્રેજો સામે લડવાની વિનતિ કરવામાં આવી હતી. ગમે તેવો હતો પણ આ ભિસ્તી દેશદાઝ ધરાવતો હતો તેથી પોતાના દેશમાં ઊભી થયેલી આ કટોકટીની વેળાએ એણે લશ્કરમાં જોડાઇ જઇ કામ કરવાની તૈયારી બતાવી. અફઘાન સરકારે પણ ગઇ ગુજરી ભૂલી જઇ એની મદદ સ્વીકારી પરંતુ લડાઇને અંતે સમાધાન થયું અને અફગાનિસ્તાનના અમીર અમાનુલ્લાહ બ્રિટિશ લોકોના અને હિન્દના મિત્ર બન્યા ત્યારે સાકાને જે કાંઇ મળ્યું તેનાથી અસંતોષ હોવાથી ફરીથી તેણે પોતાનો વ્યવસાય આરંભ્યો. લશ્કરની રીતરસમથી

વાકેફ થયેલો સાકો વધારે ભયંકર બન્યો અને છેક પેશાવર સુધી ધૂમતો થયો. અમાનુલ્લાહ અને હિન્દની બ્રિટિશ હકૂમત વચ્ચે સુલેહ થઇ તે પહેલાં હિન્દમાં ખિલાફતની ચળવળ ચાલતી હતી. આ વેળા હિંદુઓ પણ મુસ્લીમોની ધાર્મિક અને ઘણી રીતે બેહૂદી ચળવળને સાથ આપી રહ્યા હતા. ગાંધીજીએ આ ચળવળમાં ઘણો આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો. કેટલાક નેતાઓ તો અમાનુલ્લાહ બ્રિટિશ લશ્કરને હરાવી હિન્દમાં આવે તો તેને આવકારો આપવા પણ ઉત્સુકતા દેખાડતા હતા. અફઘાનોના સદ્ગુણોની પ્રશંસા પણ થતી. પરંતુ અફઘાનિસ્તાન સાથેની બ્રિટિશરોએ કરેલી સુલેહ પછી આ રંગ ફેરવાયો.

આ અરસામાં પેશાવરની પેલી બાજુ ચાની હોટલો અને કાવાખાનાઓમાં ફરીફરી બચ-એ-સાકો પોતાના સાથીદારો એકઠા કરી રહ્યો હતો. બીજી બાજુ અફઘાનિસ્તાનમાં અમીર અમાનુલ્લાહે શાંતિપૂર્વક પોતાનું રાજ્ય આબાદ કરવાના પ્રયત્નો કરવા મંડિયા.

૧૯૨૭ ની આખર સુધીમાં સાકો પાસે હજારોની સંખ્યામાં માણસો એકઠા થઇ ગયા.

આ અરસામાં – ૧૯૨૭ ના ડીસેમ્બરની અધવચમાં – કાબુલના અમીર અમાનુલ્લાહ યુરોપની યાત્રાએ નીકળ્યા. એ વેળા પ્રથમ તેઓ હિન્દમાં આવ્યા. મુંબઇના રસ્તાઓ પર એમની તેમ જ એમનાં પત્નીની સવારી નીકળી હતી તે ઘણાને યાદ હશે. એ વેળા એમના પત્નીએ બુરખાના રિવાજને લગભગ તિલાંજલી આપેલી. આ શાહી યુગલે યૂરોપની યાત્રા દરમ્યાન પોતાના દેશ કાબુલમાં ઘણા ઘણા સુધારા કરવાના મનસૂબા ઘડ્યા હશે. પણ તેઓને ભાગ્યે જ ખબર હશે કે જ્યારે તેઓ યૂરોપની સફર કરતાં હતાં ત્યારે કાબુલના ઘણાયે જવાબદાર માણસો બચ-એ-સાકો સાથે વાટાઘાટ ચલાવી રહ્યા હતા.

યૂરોપની સફરેથી પાછા ફરીને અમીર અમાનુલ્લાહે હુકમ કાઢ્યો: "મારા રાજ્યમાં બુરખો ન જોઇએ. ઓરતોએ હવેથી ખુલ્લે મ્હોંયે ફરવાનું છે."

આ ફરમાન સંયોગો જોતાં ઘણું જ ઉતાવળું હતું. પ્રજા એ માટે તૈયાર ન હતી.

બીજું ફરમાન નીકળ્યું: "યૂરોપીયન પોષાકનું અનુકરણ કરવું અને જૂના નકામા રિવાજો છોડી દેવા."

પ્રજાને એક બીજો આંચકો લાગ્યો.

યૂરોપથી સાથે લાવેલાં સુશોભિત ચિત્રો વડે અમીર અમાનુલ્લાહે પોતાનો મહેલ સજાવ્યો. મુલ્લાઓ ઉશ્કેરાયા... મુલ્લાંઓ રાહણગાયાં.

ચિત્ર અને શિલ્પકળામાં લોકોએ મૂર્તિપૂજા–બુતપરસ્તી–જોઇ.

રાજ્યમાં અવ્યવસ્થા હતી. અમલદારો લાંચરિશ્વતમાં ડૂબાડૂબ હતા. લશ્કરના પગારો નિયમિત રીતે અપાતા ન હતા.

જોતજોતામાં શિનવારી–તાયફો અમાનુલ્લાહની સામે થયો. બચ-એ-સાકો આ તાયફાનું પીઠબળ હતો. શિનવારી તાયફાનો આ બળવો પૂર્વ વિભાગમાં થયો હતો. તે બાજુ કાબુલ સરકારે પોતાનાં લશ્કરો મોકલ્યાં. બચ-એ-સાકોએ કાબુલ સરકારને કહેવરાવ્યું: "મને પૂરતા પ્રમાણમાં રાઇફલો મળે તો હું બળવાને દબાવી શકું એમ છું." અલબત્ત એની આ વાત માનવામાં ન આવી. સાકોએ ઉત્તર તરફથી ખૂબ માણસો એકઠા કરી રાજધાની કાબુલ પર હલ્લો કર્યો. સઘળું શાહી લશ્કર શિનવારી–તાયફા સામે પૂર્વમાં લડી રહ્યું હતું. કાબુલમાં માંડ એંશી માણસો હતા કે જેઓના હાથમાં બંદૂકો દઇ શકાય! એક ભયંકર રાત્રે શહેરનાં માણસો લાચાર થઇને લૂંટારાઓને કબ્જે થવા તૈયાર થેઈ. સાકોએ કાબુલ શહેરની બહારના ભાગમાં

આવેલા શહેરઆરા નામના કિલ્લાનો કબજો લીધો. અમાનુલ્લાહની તોપો તેની સામે મંડાણી. ત્યાંથી છટકી સાકા બીજી બાજુએ ગયો. અને એક ઊંચી જગ્યાએથી શહેર પર હલ્લો માંડયો. સાકાના ઘણા માણસો છૂપે વેષે શહેરમાં પેઠા. અત્યાચારો ચાલ્યા, લોકોમાં અવ્યવસ્થા વધી, ઉશ્કેરણી ફેલાઇ અને અમીર પાસે લોકોએ માંગણી કરી: "રાણીને દેશનિકાલ ફરમાવો કેમકે આ બધા સુધારા તેને આભારી છે."

અમાનુલ્લાહે ગાદીત્યાગ કર્યો. કાબુલ છોડી કંદહારમાં નિવાસ કર્યો. બચ-એ-સાકા જોતજોતામાં અમીર હબીબુલ્લાહ બની ગાદીનશીન થયો. લગભગ એજ અરસામાં અમીર અમાનુલ્લાહે ઇટાલી તરફ પ્રયાણ કર્યું.

સાકાએ વેપારીઓ પાસેથી મારી ઝૂડીને પૈસા કઢાવવાનો ધંધો શરૂ કર્યો. શાહી મહેલમાંથી ચિત્રો અને પુતળાઓનો નાશ કરી પોતાની ધાર્મિક લાગણી સંતોષી. લોકોની ભયંકર કતલ ચાલી. પ્રધાનોએ સાકાને અવળે માર્ગે દોરવ્યો. "અમાનુલ્લાહની કાગળની નોટો ચાલતી તેમ મારા ચામડાના સિક્કા ચાલવા જોઇએ." એવી મહેચ્છાથી તેણે ચામડાના સિક્કા બનાવ્યા. આ સિક્કા પોતાના માણસોમાં વહેંચ્યા અને તેઓની પાછળ લશ્કરી સિપાહીઓ મોકલ્યા. તેઓને હુકમ હતો કે જે વેપારીઓ મજકૂર સિક્કા સ્વીકારવામાં આનાકાની કરે તેઓને ગોળીથી વીંધી નાખવા.

છેલ્લા ઉપાય તરીકે અમીર હબીબુલ્લાહના ભયંકર જુલમથી ત્રાસી ગયેલા લોકોએ ફ્રાન્સમાં બિમારીને ખાટલે સુતેલા નાદીરશાહ નામના અમાનુલ્લાહના એક માજી સિપહસાલારને કાબુલ આવી રાજ્ય સંભાળવાની વિનંતિ કરી. નાદીરશાહ પાસે નહોતો પૈસો કે નહોતું લશ્કર. છતાં એ બહાદૂર નર પોતાના દેશને આફતમાંથી ઉગારવા બિમારીનો ખાટલો છોડી હિન્દ રસ્તે કાબુલ પહોંચ્યો.

સાકાના હુકમો છૂટયા "નાદીરશાહની તરફેણ કરતો જે કોઇ દેખાય તેના આખા કુટુંબનો નાશ કરવા માંડો. જરૂર પડે તો ગામડાં બાળી નાખો."

સાકાના લશ્કરે ભયંકર કતલ ચલાવી. નાદીરશાહના સગાંઓ જેઓ કાબુલમાં હતાં તેઓને પકડીને કેદમાં રાખ્યાં. તેઓ પર જાત જાતના ત્રાસ ગુજરવા લાગ્યા.

દક્ષિણમાં નાદીરશાહના આગમનથી ઉત્સાહ ફેલાયો. નાદીરશાહ પાસે માણસો એકઠાં થવા લાગ્યાં. સાકાએ દક્ષિણના આ સામાન્ય રીતે મૂર્ખ ગણાતા લોકોને બીક લાગે એ હેતુથી તરત જ એક લશ્કર રવાના કર્યું, પણ મુન્ગલના મૂર્ખ ગણાતા લોકોને નાદીરશાહ પર અતૂટ વિશ્વાસ હતો. એક ભિસ્તી લૂંટારા કરતાં શાહી કુટુંબના એક અમીર પર વિશ્વાસ રાખવો એ વધારે યોગ્ય હતું એમ લોકોને લાગ્યું. દક્ષિણમાં પ્રથમ તો સાકાની હાર થઇ પછી કંદહાર પર એણે એક મોટું લશ્કર મોકલ્યું અને ભયંકર ખૂનરેજી ચલાવી. ચાર માણસોની ચામડી ઉતારી તેઓને મારી નાખવામાં આવ્યા. નાદીરશાહના માણસોનો પ્રયત્ન વૃથા ગયો. સાકા જીત્યો.

બીજા બે હુમલાઓમાં પણ સાકાની જીત થઇ. હજારોની કતલ થઇ. છેવટે નાદીરશાહના નાના ભાઇ શાહ વલીખાનના લશ્કરે સાકાને હરાવ્યો. શાહ વલીખાનના લશ્કરે સાકાના મહેલને ઘેરી લીધો ત્યારે મહેલમાં સાકા પોતાની અંગત મોજને ખાતર પોતાની નજર પાસે જ અમુક માણસોને રીબાવી રહ્યો હતો. શાહ વલીખાન એને કબ્જે કરે એ પહેલાં દીવાલમાં બાકું પાડીને એ નાઠો.

નાદીરશાહે કાબુલના અમીર બન્યા પછી ઘણી મહેનતે કોહીસ્તાનમાંથી સાકાને પકડાવ્યો. સિપાહીઓ જ્યારે એને ગોળીથી વીંધી નાખવા આવ્યા ત્યારે તેના છેલ્લા શબ્દો આ હતા: "મારે રાજા થવું હતું અને હું રાજા થયો."



←— ૫૬ —→

સર નન્દકિશોરને જ્યારે ૧૯૪૭ના ઓગસ્ટ મહીનાની ૧૫ મી તારીખે એક મિત્રે આવીને કહ્યું કે બ્રિટિશ શાહનશાહતે આપેલો કોઇ પણ ઇલ્કાબ–ખિતાબ કે ચાંદ હવે સ્વતંત્ર ભારતમાં કોડીની કીંમતનો પણ નહીં લેખાય ત્યારે સર નન્દકિશોર ખડખડાટ હસી પડયા. રાવ બહાદુરમાંથી દીવાન બહાદુર અને પછી આગળ વધીને કૈસરે–હિંદનો રૂપાનો ચાંદ, પછી સોનાનો ચાંદ, તે પછી સી. આઇ. ઇ.નો ખેતાબ અને છેલ્લે "નાઇટ–હુડ"–સરનો ઇલ્કાબ–મેળવવા માટે નન્દકિશોરે કેટલા કેટલા સરકારી અમલદારોની ખુશામત કરી હતી, કેટલાને કીંમતી ભેટસોગાદો આપી હતી, કેટલી "પાર્ટી" અને કેટલાં જમણ આપ્યાં હતાં, પહેલી અને બીજી બન્ને લડાઇઓ વખતે 'વૉર–ફંડ'માં કેટલાં નાણાં ભર્યાં હતાં અને સરકાર તરફથી ચાલતી જાહેર સંસ્થાઓમાં કેટલી સખાવતો કરી હતી એ બધાની રીતસર તૈયાર કરેલી યાદી એમના એક ખાસ ચોપડામાં રાખવામાં આવતી હતી અને તે એમણે એટલી બધી વાર વાંચી હતી કે ચોપડો જોયા વિના ગમે ત્યારે એને એ યાદ આવી જતી.

એણે મનથી વિચાર કર્યો, "તો શું આટલું બધું ખર્ચ, આટલી બધી જહેમત અને આટલી બધી ખુશામત અને સખાવત એ બધું એળે જવાનું? હવેથી શું હું સર નન્દકિશોર દિલ્લાવાળા, કે. સી. આઇ. ઇ. ને બદલે ફક્ત મિસ્ટર નન્દકિશોર કે મિ. દિલ્લાવાળાને નામે જ ઓળખાઇશ? એવું તે કૈં બને? ભલે ને સત્તા કોંગ્રેસના હાથમાં આવી પણ બ્રિટિશ સરકારે કરેલી નવાજેશો નવી સરકારથી ઝૂંટવી તો ન જ લેવાય ને!"

સર નન્દકિશોર વિચારે ચડી ગયા. "આ નવી સરકાર જો એવાં ફિતુર કરશે તો જતે દહાડે કદાચ મારી સ્થાપેલી બધી સંસ્થાઓનાં નામોમાંથી પણ મારાં નામ આગળનો 'સર'નો ઇલ્કાબ કઢાવી નાખશે. અને પછી મારા વંશવારસો શી રીતે જાણશે કે તેમનો એક પ્રતાપી પૂર્વજ નાઇટનો ઇલ્કાબ ધરાવતો હતો? આવું ન જ બનવા દેવાય. આપણે સ્વતંત્રતા મેળવી તે કૈં આપણું આજ સુધીનું કર્યું કારવ્યું ધૂળ મેળવવા માટે નથી મેળવી."

તે દિવસ આખો વખત સર નન્દકિશોર બેચેન રહ્યા. આઝાદીના ઉત્સવ નિમિત્તે બે ત્રણ સભાઓ અને જલસાઓમાં જવાનો કાર્યક્રમ તેણે તરત જ પોતાના સેક્રેટરીને સૂચના આપીને રદ કરાવ્યો. ઓફીસમાં તે દહાડે રજા હોવાથી કોઇ માણસો કામે આવે તેમ નહોતા એટલે ત્યાં જવાનો પણ કોઇ અર્થ નહોતો. રાત પડતાં સુધીનો વખત શી રીતે ગાળવો એની તેને મુઝવણ થઇ પડી. આખરે એને એક કામ સુઝી આવ્યું. એણે પોતાની ખાનગી તીજોરી ખોલી અને એમાંથી કેટલાક દળદાર ચોપડા અને કાંઇલો

બહાર કાઢ્યાં. પોતાની ત્રીસ વરસની ઝળકતી કારકીર્દિ દરમીઆન સર નંદકિશોરે કરેલી અનેક સખાવતોને લગતા તમામ કાગળીયાં, ઓચરીઆં, ટ્રસ્ટડીડ અને હીસાબને લગતા એ ચોપડા અને ફાઇલો હતાં. નન્દકિશોરે એને વારા ફરતી ઉથલાવીને વાંચવા માંડયાં.

એ કામમાં રાત પડી ગઇ તેનો પણ તેને ખ્યાલ ન રહ્યો. લેડી કિલ્લાવાળા તે રાતે સ્ત્રીઓની એક સભામાં પ્રમુખસ્થાન લેવા ગયાં હતાં, ત્યાંથી એક બેંક્વેટમાં જમવા જવાનાં હતાં અને છેક મધરાત પછી ઘેર આવવાનાં હતાં. છોકરાંઓ પણ એવાં જ કોઇ કાર્યક્રમોમાંથી પરવારીને છેક મોડેથી ઘેર આવવાનાં હતાં. ખાણાંના મેજ ઉપર જમનાર નંદકિશોર એકલા જ હતા. એને તે દહાડે ખાવામાં કશી મોજ ન પડી. ઝટઝટ ભોજન પતાવીને નન્દકિશોર પાછા અધુરાં મુકેલાં કામમાં પરોવાઇ ગયા અને એ કામ કરતાં કરતાં એને ક્યારે ઉંઘ આવી ગઇ તેનો તેને ખ્યાલ ન રહ્યો.

ઉંઘમાં નન્દકિશોરને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું. એ સ્વપ્ન આવું હતું:—

પોતે કોઇવાર ન જોયેલો એવો એક અજાણ્યો, વિચિત્ર દેખાવનો, ગોરો, ઉંચો, સોહામણો અને તેજસ્વી ચહેરાવાળો કોઇ માનવી એકાએક તેના પલંગ પાસે આવીને ઉભો અને કહેવા લાગ્યો, "નન્દકિશોર, હું મૃત્યુનો દૂત છું. તારી જિન્દગી પૂરી થઇ છે. હું તને પરલોકમાં લઇ જવા આવ્યો છું."

એ સાંભળીને નન્દકિશોર સફાળા પલંગમાં બેઠા થઇ, નીચે ઉતર્યા. પોતાને તેડવા આવનાર માણસને તેણે પૂછ્યું, "હું શું ખરેખાત મરી ગયો છું? મારે તમારી સાથે ક્યાં આવવાનું છે?"

"પરલોકમાં."

"પણ પરલોકમાં એટલે ક્યાં? સ્વર્ગમાં ને?"

"એ હું કેમ કહી શકું? એ પરલોક તે તમારી આ દુનિયા કરતાં હજાર ગણો મોટો પ્રદેશ છે. એમાં તારે માટે ક્યાં જગ્યા કરવામાં આવશે એ મને ખબર નથી. મારું કામ તો ફક્ત તને ત્યાં યમદેવ પાસે લઇ જવાનું છે. પછી તને ક્યાં મોકલવો તે તે ધર્મરાજ પોતે જ નક્કી કરશે."

"વારુ, તો એક જરી વાર ઉભા રહો. મને આ મારા બધા ચોપડાઓ અને ફાઇલો સરખાં કરીને બાંધી લેવા દ્યો. એની ત્યાં જરૂર પડશે."

"એની ત્યાં શી જરૂર પડશે?"

"એ તમે નહીં સમજો. મુવા પછી સ્વર્ગમાં જવાની મારી લાયકાત માટે કદાચ કંઈ મતભેદ ઉભો થાય તો એ દફતર તેનો નિકાલ કરવામાં કામ લાગશે."

કેટલીક ડાયરીઓ, બે ત્રણ મોટા ચોપડા અને કેટલીક ફાઇલો એકઠી કરી નંદકિશોરે તેનું એક પોટલું બાંધ્યું અને બીજા કેટલાક ફાઇલ-ચોપડા બગલમાં માર્યા. એ પછી પોતાને તેડવા આવનારની પાછળ પાછળ એણે ચાલવા માંડયું.

કયે રસ્તે થઇને કેટલું ચાલ્યા તેનો નન્દકિશોરને કશો ખ્યાલ રહ્યો નહીં પણ દસ મિનિટ કરતાં યે ઓછા વખતમાં પોતે કોઇ એક અજાણ્યા સ્થળમાં એક મોટા દરવાજા પાસે આવી ઉભા હોય એમ લાગ્યું. દરવાજા ઉપર બેઠેલા એક ભવ્ય અને તેજસ્વી દેખાતા પુરુષ તરફ આંગળી ચીંધીને તેના સાથીએ તેને કહ્યું, "ધર્મરાજ ત્યાં બેઠેલા છે. તારે એમની પાસે જવાનું છે."

નન્દકિશોરને પોતાની સામે આવી ઉભેલા જોઇને યમરાજ બોલ્યા, "તમારું જ નામ નન્દકિશોર?"

"જી, મહારાજ! સર નન્દકિશોર કિલ્લાવાળા, કે. સી. આઇ. ઇ."

યમરાજ હસ્યા. "વાહ, આ બધું સાથે શું લઇ આવ્યા છો?"

"મને મનમાં ભય હતો, મહારાજ! કે કદાચ મારાં જીવનમાં મેં કરેલી અનેક સખાવતોનો પાકો રેકર્ડ અંહી આપની પાસે ન હોય. તેથી હું તે રેકર્ડ સાથે લઇ આવ્યો છું. એમાં મેં આજ સુધીમાં કરેલી નાની મોટી અગણિત સખાવતોનો હીસાબ અને તેને લગતા કાગળો અને દસ્તાવેજો છે."

"એ અંહી શા માટે લાવ્યા?"

"એટલા માટે કે એ જોઇને આપ મને મારાં પુણ્યોના બદલામાં સ્વર્ગમાં પ્રવેશ કરાવો."

યમરાજ ફરીથી હસ્યા, "તારી એ બધી સખાવતોની નોંધ અંહી અમારે દફતરે થયેલી છે, નન્દકિશોર, અને તેના બદલામાં તારે માટેનું અંહીનું રહેઠાણ તૈયાર કરાવી રાખ્યું છે. દરવાજાની પેલી તરફ નજર કરી જો. તેં પૃથ્વી ઉપર બંધાવી તેટલી બધી જ ઇમારતો ત્યાં ખડી છે. તેમાંથી ફાવે તેમાં તું રહી શકીશ."

"વાહ! પ્રભુ! આપનો આભાર!" નન્દકિશોરે કહ્યું, "બધી જ ઇમારતોમાં સઘળી પૂરતી સગવડો છે ને!"

"કઇ જાતની?"

"ફરનીચર, રસોડાં, નોકર ચાકરો, વાહન, વગેરે વગેરે."

"એવું કશું જ ત્યાં નથી. ત્યાં કોઇનો વસવાટ પણ નથી."

"તો પછી એ સ્વર્ગ નથી એમ કહેવા માગો છો?"

"બરાબર. એ સ્વર્ગ નથી."

"એટલે એમ કે મારા જેવા મહાન દાનેશ્વરીને માટે સ્વર્ગમાં જગ્યા નથી?"

"એમ જ. તારાં કોઇ દાનની અંહી કોઇને કશી ખબર નથી."

"એ તો મને પહેલેથી જ લાગતું હતું. માટે જ હું મારું બધું દફતર સાથે લઇ આવ્યો છું ને! જુઓ હું આપને એની યાદી સંભળાવું. પહેલવહેલા તો મેં યુનિવરસીટીમાં પચાસ હજાર રૂપીઆ ભર્યા."

"બરાબર. તારે રાવબહાદુરનો ખિતાબ જોઇતો હતો તે માટે."

"નહીં, ખિતાબ તો મને પછી મળેલો. પછી મેં એક અનાથાશ્રમ બંધાવ્યું અને પછી એક વનિતાશ્રમ."

"જેને તું ખુલ્લી રીતે પોતાના ન કહી શકે તેવા કેટલાક છોકરાઓને ઠેકાણે પાડવા માટે તેં અનાથાશ્રમ બંધાવેલું અને બીજી વિધવાઓની સાથે તારા કુટુંબની વિધવાઓ અને જેને તું ખુલ્લી રીતે સાથે ન રાખી શકે તેવી બીજી સ્ત્રીઓ પણ રહી શકે એ માટે તેં વનિતાશ્રમ બંધાવ્યું. એના બદલામાં તને બીજા ઇલકાબો મળ્યા."

'ગરીબ વિદ્યાર્થીઓને મેં હજારો રૂપીઆની સ્કોલરશિપો આપી તે બધીની વિગત મારા ચોપડામાં લખેલી છે.'

"એટલા માટે કે એ વિદ્યાર્થીઓ ભણી રહ્યા પછી દસ દસ વરસ સુધી તું આપે તેટલા ટૂંકા પગારે તારા જુદાં જુદાં ખાતાંઓમાં નોકરીઓ કરે."

"મેં ચાર નિશાળો બંધાવી, એક કોલેજ, એક હોસ્પીટલ અને એક અંધશાળા."

"એવી શરતે કે એના બદલામાં સરકાર તરફથી તને લાખો રૂપીઆના કોન્ટ્રેક્ટો મળે."

"અને ઘવાયલા સૈનિકોની સારવાર માટે હજુ પાંચ જ વરસ પહેલાં મેં પાંચ લાખ રૂપીઆનું દાન કર્યું."

"અને એના બદલામાં નાઇટનો ખિતાબ લીધો." યમરાજે કહ્યું, "નન્દકિશોર! તારાં દાન અને સખાવતોનો સરવાળો મોટો છે. પણ એમાંથી કોઇ દાન તેં નિસ્વાર્થ ભાવે